મોડાસા નગરપાલિકાની કુલ વસ્તી	૫૪૧૩૫	
કુલ વોર્ડની સંખ્યા	૧૨	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૪૫૧૧	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૪૯૬૨ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૪૦૬૦
કુલ બેઠકોની સંખ્યા.	૩૬	
સ્ત્રી બેઠકો	૧૨	૧– બેઠક અનુસુચિત જાતિ –– બેઠક અનુસૂચિત આદિજાતિ ૧– બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસુચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસુચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી –– સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૭	
સામાન્ય બેઠકો.	૧૯	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૧૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૧૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૪૧૫૫	અનુસુચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૭૫૦	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૫	૫	૪૭૬૦	સામાન્ય	અનુસુચિત જાતિ	સામાન્ય
૬	૬	૪૫૩૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૭૦૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૭૨૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૪૪૭૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૪૪૫૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૧	૧૧	૪૪૬૫	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨	૧૨	૪૭૯૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
કુલ.		૫૪૧૩૫			

જી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 17 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY FEBRUARY 1, 2005 / MAGHA 12, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-Aand I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, અમદાવાદ, ૭મી જાન્યુઆરી, ૨૦૦૫.

તા. ૭ જાન્યુઆરી, ૨૦૦૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૧, ૨૦૦૫ અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવા અંગેની કાર્ય પધ્ધતિનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(GERC)
અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવા અંગેની કાર્ય પધ્ધતિ

વિનિયમો
જાહેરનામું : ૨૦૦૫ નું નં.૧

૨૦૦૩ના વીજ અધિનિયમની કલમ ૧૨૭ સાથે વાંચતા કલમ-૧૮૧ અન્વયે સોંપેલી સત્તાની રૂએ, અને તે બાબતમાં તેને સક્ષમ બનાવતી તમામ સત્તાઓ અન્વયે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, અહીં, અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવા અંગેની કાર્યપધ્ધતિની જોગવાઇ કરતાં નીચેના વિનિયમો ઘડે છે.

પ્રકરણ-૧
પ્રારંભિક

૧ **ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ :**

આ વિનિયમોને વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવાની કાર્યપધ્ધતિ),૨૦૦૪ કહેવાશે.

આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે. આ વિનિયમો, રાજપત્રમાં તે પ્રકાશિત થાય તે તારીખથી અમલમાં આવશે.

૨ **વ્યાખ્યા અને અર્થઘટન :**

૨.૧ આ વિનિયમોમાં, સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય નીચે મુજબ અર્થ થાય છે.

(ક) 'અધિનિયમ' એટલે વીજ અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬ મો)

(ખ) 'અપીલ અધિકારી' એટલે અધિનિયમની કલમ ૧૨૭ના પેટા-નિયમ(૧) અન્વયે ઠરાવેલા સત્તાધિકારી

(ગ) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

(ઘ) 'લાઇસન્સ' એટલે અધિનિયમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે વિતરણ લાઇસન્સ

(ચ) 'મહિનો' એટલે કેલેન્ડર પ્રમાણે મહિનો

(છ) 'વિનિયમો' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરવાની કાર્ય પધ્ધતિ) વોનોયમો, ૨૦૦૪

(જ) 'રાજ્ય અધિનિયમ' એટલે ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩

આ વિનિયમોમાં વાપરેલ અને વ્યાખ્યા નહીં અપાયેલ પરંતુ તે અન્વયે ઘડાયેલા અધિનિયમ કે રાજ્ય અધિનિયમ કે નિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દ પ્રયોગોના અર્થ, અધિનિયમ કે રાજ્ય અધિનિયમ કે આવા નિયમોમાં અપાયા મુજબના અર્થ રહેશે. અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમો કે અધિનિયમ કે રાજ્ય અધિનિયમ કે તે અન્વયે ઘડાયેલા નિયમોમાં ખાસ વ્યાખ્યા નહીં અપાયેલ પરંતુ, સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા અને રાજ્યમાં વીજ ઉદ્યોગને લાગુ પાડવાપાત્ર કોઇપણ કાયદા હેઠળ વ્યાખ્યા અપાયેલ શબ્દપ્રયોગોના અર્થ આવા કાયદામાં તેનો જે અર્થ કરાયો હોય તે રહેશે. ઉપરની બાબતોને આધીન રહીને, અહીં વાપરવામાં આવેલ પરંતુ વિનિયમો કે અધિનિયમ કે રાજ્ય

અધિનિયમ કે તે હેઠળ ઘડાયેલા નિયમોમાં કે સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બીજા કોઇપણ કાયદામાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા ન અપાઇ હોય તેવા શબ્દપ્રયોગોનો અર્થ સામાન્ય રીતે વીજ ઉદ્યોગમાં મુકરર કરાયા મુજબનો રહેશે. ધ બોમ્બે જનરલ ક્લોઝ એકટ, ૧૯૦૪, હાલના વિનિયમોના હેતુસર લાગુ પડશે.

૨.૨ અર્થઘટન :

આ વિનિયમોનું અર્થઘટન, સંદર્ભથી અન્યથા હોય તે સિવાય નીચે પ્રમાણે કરાશે.

(ક) એકવચન કે બહુવચનમાં આવતા શબ્દો, યથાપ્રસંગ અનુક્રમે બહુવચન કે એકવચન શબ્દનો સમાવેશ કરતા હોવાનું ગણવામાં આવશે.

(ખ) શબ્દો 'સમાવિષ્ટ' (include) કે સહિત (including), આવા શબ્દો પછી આયાત જેવા વાકયાંશો કે શબ્દો આવતા હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના, તેના પછી 'મર્યાદા વિના' અથવા 'પરંતુ ને મર્યાદિત નહીં' એવા શબ્દો આવતા હોવાનું ગણવામાં આવશે.

(ગ) 'વિનિયમો' બાબતમાં અહીં કરાયેલા ઉલ્લેખોનું અર્થઘટન (સંદર્ભો), અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદા અનુસાર પંચ દ્વારા વખતોવખત સુધર્યા કે બદલવામાં આવતા આ વિનિયમોના સંદર્ભ તરીકે કરવામાં આવશે.

(ઘ) શીર્ષકો સુગમતા માટે દાખલ કરવામાં આવ્યા છે અને તેને આ વિનિયમોના અર્થઘટનના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(ચ) વિવિધ કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને લગતા સંદર્ભોનું અર્થઘટન, યથાપ્રસંગ સંદર્ભ આપવામાં આવતા આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને એકત્રિત કરતી, સુધારણા કરતી કે બદલતી તમામ જોગવાઇઓના સમાવેશન તરીકે કરાશે.

પ્રકરણ-૨
અપીલ દાખલ કરવાની કાર્યપધ્ધતિ

૩ અપીલ દાખલ કરવી :

(ક) અધિનિયમની કલમ ૧૨૬ હેઠળ કરાયેલા આખરી હુકમથી નારાજ થયેલી વ્યકિતએ, હુકમ થયાના ૩૦ દિવસની અંદર અપીલ અધિકારી સમક્ષ અપીલ કરવી.

(ખ) આકારેલી રકમની એક તૃતીયાંશ રકમ રોકડમાં કે બેંક ડ્રાફટના સ્વરૂપે પરવાનેદાર પાસે ડીપોઝીટ ન કરાવવામાં આવે અને અપીલની સાથે આવી ડીપોઝીટનો દસ્તાવેજી પુરાવા જોડવામાં ન આવે ત્યાં સુધી કોઇ અપીલ ધ્યાનમાં લેવાશે નહીં.

INDEX

(ગ) અપીલ, અનુસંધાનમાં નિર્દિષ્ટ ફોર્મમાં (અપીલ- મેમોરેન્ડમ) બે નકલમાં કરવી.

(ઘ) અપીલ-અરજી (મેમોરેન્ડમ ઓફ અપીલ) પર અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીત પ્રમાણે સહી કરીને ખરાઇ કરવી.

૪ **અપીલ માટેની ફી :**

(ક) અપીલની સથે નીચે મુજબ ફી ભરવી.

ક્રમ નં.	આકારેલી રકમ	ફી
૧	રૂા.૧૦૦.૦૦ સુધી	રૂા.૧૦૦૦/-
૨.	રૂા.૧૦૦.૦૦થી ઉપર	રૂા.૨૫૦૦/-

(ખ) અપીલ અધિકારી નિર્દિષ્ટ કરે તેવા સ્વરૂપે ફી ભરવી.

૫ અપીલ અધિકારીએ, શકય હોય ત્યાં સુધી, અપીલ દાખલ કર્યાના ૧૨૦ દિવસની અંદર હુકમ કરી દેવો.

પ્રકરણ-૩
પ્રકીર્ણ

૬ **હુકમો અને માર્ગદર્શક સૂચનાઓ :**

વીજ-અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઇઓને આધીન રહીને, આયોગ, આ વિનિયમોના અમલ અને અનુસરવાની કાર્યપધ્ધતિ સંબંધમાં વખતોવખત હુકમો અને માર્ગદર્શક સૂચનાઓ આપશે.

૭ **સુધારો :**

આયોગ, આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં કોઇપણ સમયે ઉમેરો, ફેરફાર, પરિવર્તન, સુધારો કે સુધારો-વધારો કરી શકશે.

પી.એસ.શાહ
સચિવ

અમદાવાદ
૫ મી જાન્યુઆરી, ૨૦૦૫

INDEX

અનુસૂચિ

અપીલ-યાદી

(મેમોરેન્ડમ ઓફ અપીલ)

(બે નકલમાં)

વીજ અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૧૨૭ અન્વયે અપીલ અધિકારી સમક્ષ અપીલ

ના આખરી હુકમ સામે અપીલ
એ એફ ઓ નં ૨૦૦

નીચેનાની વચ્ચે :-

૧. અપીલ કર્તા
(ગ્રાહકનું પૂરું સરનામું તેમજ એસ સી નં. સર્વિસની કક્ષા) અને

૨. પ્રતિવાદી
(પ્રતિવાદીનું પૂરું સરનામું)
૧. પરવાનેદારનું નામ
૨. આકારણી અધિકારી
(હોદ્દો અને સરનામું)

વીજ અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૨૭ અન્વયે અપીલ :

૧. અરજદારની વિગતો
- ક. અરજદારનું પૂરું નામ
- ખ. અરજદારનું પૂરું સરનામું
- ગ. સંપર્ક કરવાનો હોય તે વ્યકિતનું નામ, હોદ્દો અને સરનામું
- ઘ. સંપર્ક નંબરો :
  - ટેલિફોન નંબર(રો) :
  - મોબાઇલ ફોન નંબર :
  - ફેકસ નંબર(રો)
  - ઇ-મેઇલ આઇ.ડી. :
- ચ. સર્વિસ નંબર :
- છ. સર્વિસની કક્ષા :

૨. **વિતરણ પરવાનેદારની વિગતો :**

- ક. સંબંધિત પેટા-પ્રભાગ/ સેકશન સકેરીનું સરનામું
- ખ. સંબંધિત પ્રભાગ / સર્કલ/ ઝોન કચેરીનું સરનામું

૩. સંબંધિત મકાનનું સરનામું

૪. કરાર કરેલ વીજભાર/ માંગ

INDEX

૫. સ્થાપિત મીટરની વિગતો
૬. નિરીક્ષણની તારીખ
૭. નિરીક્ષણ સમયે જોડાણ અપાયેલ વીજભાર
૮. આક્ષેપ કરાયેલ બિનઅધિકૃત વપરાશનું સ્વરૂપ
૯. કામચલાઉ આકારણી નોટિસની તારીખ
૧૦. કામચલાઉ આકારેલ રકમ
૧૧. કામચલાઉ આકારણી સામે અપીલ કરનારે નોંધાવેલ વાંધાની તારીખ
૧૨. આકારણી અધિકારી દ્વારા વાંધાની સુનાવણી તારીખ

અપીલના કારણો

૧.
૨.
૩.

(સંબંધિત હકીકતો અને રજૂઆતોનું સંક્ષપ્તિ વર્ણન કરીને અપીલ માટેનાં કારણો જણાવો)

અપીલ હેઠળની તકરારની રકમ રૂા..... છે અને ગુજરાત વીજ નિયંત્રક (અપીલ અધિકારી સમક્ષ અપીલ કરવાની કાર્યપધ્ધતિ) વિનિયમો, ૨૦૦૪ (૨૦૦૪ નો મો) ની ક્લમ ૧૨૭ અનુસાર રૂા..... ની ફી રોકડ/ ડીમાન્ડ ડ્રાફટ નં..... તા..... થી ચૂકવવામાં આવી છે.

વીજ- અધિનિયમ, ૨૦૦૩ની ક્લમ ૧૨૭(૫)વ્યે બંને પક્ષકારોની સંમતિથી આખરી હુકમ કરવામાં આવ્યો ન હતો.

અરજદારે, વીજ અધિનિયમ ૨૦૦૩ની ક્લમ ૧૨૭(૨) અનુસાર પરવાનેદારને તકરારી રકમના ૧/૩ની રકમ પેટે રૂા..... રોકડેથી/ ડીમાન્ડ ડ્રાફટ નં.....તા..... થી ચૂકવેલ છે. ચુકવણીનો પુરાવો જોડયો છે.

અરજ :

આથી અરજ કરવામાં આવે છે કે,.....

સહી/-
અરજદાર/ અપીલ કરનાર

ખરાઇ

હું.....અહીં એકરાર કરું છું કે, ઉપરના ફકરાઓમાં જે કહેવામાં આવ્યું છે તે મારી શુધ્ધબુધ્ધિથી જાણકારી અને માહિતી પ્રમાણે સાચું છે અને તે સાચું હોવાનું હું માનું છું.

ખરાઇ કરીને સહી કરી
અપીલ કરનારનું નામ અને સહી
સ્થળ : તારીખ :

(અધિકૃત સત્તાધિકારી સમક્ષ પ્રતિજ્ઞાપૂર્વક કહેવાનું – જેમકે નોટરી)

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 18 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY FEBRUARY 1, 2005 / MAGHA 12, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-Aand I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, અમદાવાદ, ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

તા. ૨૫ ઓગષ્ટ, ૨૦૦૪ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૨, ૨૦૦૪ કારોબાર વિનિયમોનું સંચાલનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ

સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

કારોબાર વિનિયમોનું સંચાલન

જાહેરનામા નં.૦૨/૨૦૦૪

વીજળી અધિનિયમ નિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો અધિનિયમ)ની કલમ ૧૮૧ અને ગુજરાત વીજળી ઉદ્યોગ (પુર્નરચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૨૪ મો અધિનિયમ) ના કલમ ૧૨ અન્વયે મળેલી સત્તા અને તેના દ્વારા તેને શકિતમાન બનાવતી તમામ સત્તાની રૂએ, ગુજરાત વીજળી નિયંત્રક આયોગ આથી નીચેના વિનિયમો ઘડે છે. આ વિનિયમો, ૬,જુલાઈ ૧૯૯૯ના ગેઝેટમાં જાહેરનામુ નં.જીઈઆરસી-૯૯/એડીએમ-૦૧/૧૯૭થી પ્રસિદ્ધ થયેલા "ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબારીનું સંચાલન) વિનયમો, ૧૯૯૯" તેના તમામ સુધારા સાથે વાંચતા રદ કરે છે.

પ્રકરણ-૨

વ્યાખ્યાઓ અને અર્થઘટનો

૨. વ્યાખ્યાઓ અને અર્થઘટન :

૨.૧ આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા જરૂરી ન હોય તો :

(ક) "અધિનિયમો" સંયુકતપણે વીજળી અધિનિયમ અને ગુજરાત વીજળી ઉદ્યોગ અધિનિયમનો નિર્દેશ કરે છે.

(ખ) "આયોગ" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

INDEX

(ગ) "સલાહકાર"માં જે આયોગના કર્મચારી ન હોય અને જેમને કોઈ વિશિષ્ટ જાણકારી, અનુભવ કે કૌશલ હોય તેવી કોઈ વ્યકિત, વ્યકિતઓની પેઢી,સંસ્થા કે મંડળનો સમાવેશ થાય છે.

(ઘ) "વીજળી અધિનિયમ" એટલે વીજળી અધિનિયમ,૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો અધિનિયમ).

(ચ) "ગુજરાત વીજળી ઉદ્યોગ અધિનિયમ" એટલે ગુજરાત વીજળી ઉદ્યોગ (પુર્નરચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩ નો ૨૪ મો અધિનિયમ).

(જ) "અધિકારી" એટલે આયોગના અધિકારી.

(ઝ) "દાદ અરજી" એટલે અને તેમાં તમામ દાદ અરજીઓ અને અપીલો તથા તેને લગતા રજૂ કરેલ અન્ય કાગળો અને દસ્તાવેજોનો સમાવેશ કરવામાં આવે છે અને શબ્દ "અરજદાર"નો તદઅનુસાર અર્થ કરવામાં આવશે.

(ટ) "કાર્યવાહી" એટલે તમામ પ્રકારની કાર્યવાહીઓ અને તેવાં અધિનિયમો હેઠળ જેમાં આયોગ તેનું કર્તવ્ય બનાવવાનું ઠરાવે તેવી તમામ કાર્યવાહીનો સમાવેશ થાય છે.

(ઠ) "વિનિયમો"નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કારોબારનું સંચાલન) વિનિયમો, ૨૦૦૪ એવો અર્થ થશે.

(ડ) "જવાબ"માં દાદ અરજીના જવાબમાં રજૂ કરેલ તમામ જવાબો, દલીલો, સમર્થક દલીલો અને અન્ય કાગળો તથા દસ્તાવેજોનો સમાવેશ થશે.

(ઢ) "સચિવ" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સચિવ.

વિનિયમોમાં ઉપયોગ કરેલ અને વ્યાખ્યા ન કરેલ પરંતુ અધિનિયમોમાં વ્યાખ્યા કરેલ શબ્દો અને શબ્દપ્રયોગોનો અધિનિયમોમાં તેમનો નીમેલો અર્થ રહેશે. તેમાં ઉપયોગ કરેલ પણ વિનિયમોમાં અથવા અધિનિયમોમાં વિશિષ્ટ રીતે વ્યાખ્યા ન કરેલ પણ સક્ષમ વિધાનમંડળે પસાર કરેલ અને રાજયમાં વીજળી ઉદ્યોગને લાગુ પડતા કોઈ કાયદા હેઠળ વ્યાખ્યા કરેલ શબ્દપ્રયોગ આવા કાયદામાં તેમને માટે નીમેલો અર્થ રહેશે. ઉપરને આધીન, અહીં ઉપયોગમાં લીધેલ પરંતુ આ વિનિયમોમાં અને અધિનિયમોમાં અથવા સક્ષમ વિધાનમંડળ દ્વારા પસાર કરેલ કોઈ કાયદામાં વિશિષ્ટ રીતે વ્યાખ્યા ન કરેલ શબ્દપ્રયોગોનો સામાન્ય રીતે વીજળી ઉદ્યોગમાં નીમેલો અર્થ રહેશે. ધ બોમ્બે જનરલ કલૉઝિઝ એકટ, ૧૯૦૪ પ્રર્વતમાન વિનીયમોના હેતુસર લાગુ પાડવામાં આવશે.

૨.૨ અર્થઘટન :

આ વિનિયમોના અર્થઘટનમાં, સંદર્ભથી અન્યથા કંઈ જરૂરી ન હોય તો :

(ક) એકવચન કે બહુવચનમાં શબ્દોમાં યથાપ્રસંગ, અનુક્મે બહુવચન અથવા એકવચનમાં સમાવેશ થયેલો ગણાશે.

(ખ) "સમાવેશ થાય છે" અથવા "સમાવિષ્ટ" શબ્દો સમાન અર્થસૂચવતા આવા શબ્દસમૂહ અથવા શબ્દો દ્વારા આવા શબ્દો અનુસરાય છે કે કેમ તે ધ્યાનમાં લીધા વિના "મર્યાદા વિના" અથવા "પરંતુ અમુક મર્યદા વિના" દ્વારા અનુસરાતા ગણવામાં આવશે.

(ગ) અહીં "વિનિયમ"ના ઉલ્લેખનો અમલમાં હોય કાયદા મુજબ આયોગે વખતો-વખત સુધારેલ કે ફેરફાર કરેલ તરીકે આ વિનિયમોના સંદર્ભ તરીકે અર્થ કરવામાં આવશે.

(ઘ) શિર્ષકો સગવડ ખાતર મૂકવામાં આવ્યાં છે, અને તેને આ વિનિયમોના અર્થઘટનના હેતુસર ધ્યાનમાં ન લેવાં.

(ચ) કાયદા, વિનિયમો અથવા માર્ગદર્શક સૂચનાઓનો ઉલ્લેખ કરેલ આવા કાયદા, વિનિયમો અથવા માર્ગદર્શક સૂચનાઓ, યથાપ્રસંગ, એકત્રિત કરતી, સુધારતી અથવા ફેરબદલ કરતી તમામ જોગવાઈઓ તરીકે અર્થ કરવામાં આવશે.

પ્રકરણ-૩

આયોગની કચેરી, કામકાજના કલાકો, બેઠકો અને ભાષા

૩. આયોગની કચેરી :

આયોગની કચેરીઓની જગ્યા આયોગે તેના વતી કરેલ હુકમ દ્વા આયોગ દ્વારા વખતોવખત નિર્દિષ્ટ કરવામાં આવશે.

૪. કામકાજના કલાકો :

અત્યથા સૂચવ્યા સિવાય, આયોગનું મુખ્ય મથક અને અત્ય કચેરીઓ દરેક કેલેન્ડર મહિનાના બીજા અને ચોથા શનિવાર, રવિવાર અને રાજય સરકારે નિર્દિષ્ટ કરેલી સરકારી રજાઓ સિવાય રોજ ખુલ્લી રહેશે. આયોગનું મુખ્ય મથક અને અન્ય કચેરીઓ આયોગ ઠરાવે તેવા સમયે ખુલ્લી રહેશે.

૫. ખુલ્લી રહેશે :

કોઈ દાદઅરજી કે જવાબ રજૂ કરવા સહિતત કોઈ કૃત્ય કરવા માટેના છેલ્લા દિવસે આયોગની કચેરી બંધ હોય ત્યારે અને તેના કારણે આવું કૃત્ય તે દિવસે ન કરી શકાય તો તે કચેરી ખુલ્લી હોય તે દિવસે કરી શકાશે.

INDEX

૬. બેઠકો :

બાબતોની સુનાવણી માટેની બેઠકો આયોગ, આયોગની મુખ્ય કચેરીએ અથવા આયોગે નિર્દિષ્ટ કરેલ અન્ય કોઈ સ્થળે દિવસે અને સમયે યોજી શકશે.

૭. ભાષા :

આયોગ અંગ્રેજીમાં કાર્યવાહી કરશે, સિવાય કે આયોગ કોઈ વ્યકિતીને ગુજરાતી કે હિંદીમાં વકીલાત કરવા કે કેસની રજૂઆત કરવા પરવાનગી આપે.

૮. કોઈ દાદઅરજી કે જવાબ આયોગ દ્વારા અંગ્રેજી અથવા ગુજરાતી ભાષા સિવાયની બીજી કોઈ ભાષામાં (આયોગ પરવાનગી આપે તો) સ્વીકારવામાં આવશે નહીં, સિવાય કે અંગ્રેજીમાં તેના તરજુમો રજૂ કર્યો હોય.

આવો અનુવાદ આયોગની મુનસફી પ્રમાણે ચલાવી લેવામાં આવશે.

૯. કાર્યવાહીનું કોઈ ભાષાંતર બંને પક્ષને મંજૂર હોય અથવા કોઈ એક પક્ષ તેને અંગ્રેજીમાં ભાષાંતર કરનાર વ્યકિતના પ્રમાણભૂલના પ્રમાણપત્ર સાથે રજૂ કરી શકશે, તેને આયોગ દ્વારા ખરા ભાષાંતર તરીકે સ્વીકારી શકાશે.

૧૦. યોગ્ય કેસોમાં આયોગ, આ હેતુસર આયોગ દ્વારા નામનિર્દેશ કરેલ અધિકારી કે વ્યકિત દ્વારા દાદઅરજીઓ કે જવાબો અંગ્રેજીમાં ભાષાંતર કરવા જણાવી શકશે.

પ્રકરણ-૪

આયોગનો સિક્કો

આયોગનો સિક્કો

૧૧ (૧) આ સિક્કો આયોગના સિક્કો છે તેમ દર્શાવતો અલગ સિક્કો રહેશે. સિક્કાની મુદ્રા પ્રમાણિત કરીને આયોગના રેકર્ડ પર રાખવામાં આવશે.

(૨) આયોગે કરેલ દરેક હુકમ કે પત્રવ્યવહાર, કાઢેલી નોટિસ કે મંજૂર કરેલ પ્રમાણિત નકલ પર આયોગના સિક્કાની છાપ લગાડવામાં આવશે અને નીમેલ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવશે.

પ્રકરણ-૫

ગ્રાહક મંડળોની સામેલગીરી

ગ્રાહક મંડળોની સામેલગીરી

૧૨ (૧) આયોગ સમક્ષની કોઈ કાર્યવાહીમાં ગ્રાહકોના કોઈ મંડળને અથવા અન્ય સંસ્થાપિત સંસ્થાઓ અથવા કોઈ જૂથને નિખાલસપણે ..... લેવા દેશે.

(૨) કાર્યવાહી સમયસર પૂરી કરવા માટે આયોગ ઉપર જણાવેલ મંડળો/જૂથોને એકબીજા સાથે જોડાવા જણાવશે, જેથી કરીને તેઓ એકત્રિત અને સહિયારા સોગંદનામાં, રજૂઆતો અને નિવેદન કરી શકશે.

૧૩ (૧) આયોગ તેમને યોગ્ય લાગે તેવા કોઈ અધિકારી કે બીજી કોઈ વ્યકિતને તેની સમક્ષની કાર્યવાહીમાં ગ્રાહકોના હિતનું પ્રતિનિધિત્વ કરવા અધિકૃત કરવા.

(૨) વળી, આયોગે ગ્રાહકોના હિતનું પ્રતિનિધિત્વ કરવા નીમેલા અધિકારી અથવા વ્યકિતને, આયોગને યોગ્ય જણાય તે પ્રમાણે કાર્યવાહીમાં એવા પક્ષકારો દ્વારા ફી, ખર્ચ અને કિંમત ચૂકવવા જણાવશે.

પ્રકરણ-૬

આયોગ સમક્ષ કાર્યવાહીને લગતા સામાન્ય નિયમો

આયોગ સમક્ષ કાર્યવાહી વગેરે

૧૪ (૧) આયોગને અધિનિયમો હેઠળનાં કર્તવ્યો બજાવવામાં યોગ્ય જણાય તે પ્રમાણે તેણે વખતો-વખત સુનાવણી, બેઠકો, ચર્ચા, સલાહ-મસલત, તપાસ, શોધ-તપાસ અને પરામર્શ યોજવી.

૧૫. આયોગ સમક્ષની તમામ કાર્યવાહી ભારતીય ફોજદારી કાયદા (૧૯૬૮ના અધિનિયમ)ની કલમ ૧૯૩ અને ૨૨૮ના અર્થમાં અદાલતી કાર્યવાહી ગણવામાં આવશે અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૩૪૫ અને ૩૪૬ના હેતુસર આયોગ દીવાની કોર્ટ ગણાશે.

બેઠકનું કોરમ અને સંચાલન

૧૬. આયોગ સમક્ષ કાર્યવાહી માટેનું કોરમ બે હશે.

૧૭. પ્રમુખ અથવા તે આયોગની બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તો આ અંગે પ્રમુખે નીમેલ અન્ય કોઈ સભ્ય અને એવા નીમેલા સભ્યની ગેરહાજરીમાં હાજર હોય તે સભ્યો દ્વારા તેમના પૈકી ચૂંટેલા કોઈ સભ્ય બેઠકમાં પ્રમુખપદ સંભાળશે.

૧૮. આયોગની કોઈ બેઠક સમક્ષ રજૂ થતા તમામ પ્રશ્નોનું હાજર હોય તે સભ્યોના બહુમતી મત દ્વારા અને મતદાન દ્વારા નિવારણ કરાશે અને સરખા મત પડે તે કેસમાં પ્રમુખ અથવા તેમની ગેરહાજરીમાં પ્રમુખપદ સંભાળનાર વ્યકિત બીજો અથવા નિર્ણાયક મત આપશે.

૧૯. ઉપરના ખંડ-૧૮માં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય દરેક સભ્ય એક મત આપી શકશે.

૨૦. આયોગ નીચેની શરતોને આધીન રહીને તાકીદની બાબતોનો પરિપત્ર કાર્યપદ્ધતિ દ્વારા નિકાલ લાવશે :

આયોગ કોઈ બાબતમાં તાકીદે નિકાલ લાવવો જરૂરી હોય તો આયોગની બેઠકમાં બાબત ચર્ચા માટે લાવવાને બદલે પ્રમુખ એમ ઠરાવે કે સભ્યોનો અભિપ્રાય મેળવવા બાબત પરિપત્રિત કરવી અને બધા સભ્યો સર્વસંમત હોય તો પ્રમુખ એમ વિચારે કે આયોગની બેઠકમાં ચર્ચા કરવી જરૂરી નથી,ત્યારે તે બાબતમાં ચર્ચા કર્યા વિના નિર્ણય લેવામાં આવશે.

સભ્યો સર્વસંમત ન હોય તો અથવા પ્રમુખ એમ વિચારે કે બેઠકમાં ચર્ચા કરવાનું જરૂરી છે, તો તે બાબત પર આયોગની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

સભ્યોની હાજરી અને મતદાન

૨૧. કોઈ સભ્ય નિર્ણય અંગે મત આપી શકશે નહીં, સિવાય કે આ બાબત અંગે આયોગની ખરેખર સુનાવણી દરમિયાન તે હાજર હોય.

રજુઆત માટેની સત્તા

૨૨. આયોગ સમક્ષની કાર્યવાહીના પક્ષકારે, આયોગ તેની સમક્ષ તેના વતી આયોગ વખતો-વખત તેને રજૂઆત કરવા અને કાર્ય કરવા અને વકીલાત કરવા નિર્દિષ્ટ કરે તે રીતે વકીલાત કરવાનું પ્રમાણપત્ર ધરાવતા કોઈ વૈદ્યાનિક વ્યાવસાયિક સંસ્થાના કોઈ સભ્યને અથવા એડવોકેટને અધિકૃત કરવા પક્ષકાર તેની જાતે આયોગ સમક્ષ હાજર થાય અથવા તેના/તેણીના કોઈ કર્મચારીને આયોગ સમક્ષ હાજર રહેવા, અને કાર્ય કરવા અને વકીલાત કરવા અધિકૃત કરશે. આયોગ વખતો-વખત શરતો નિર્દિષ્ટ કરશે, જેને આધીન રહીને પક્ષકાર આવા પક્ષકાર માટે રજૂઆત કરવા અને કાર્ય કરવા અને વકીલાત કરવા બીજી કોઈ વ્યકિતને અધિકૃત કરી શકશે.

કાર્યવાહી દાખલ કરવી

૨૩. આયોગ કોઈ કાર્યવાહી આપમેળે અથવા અસરકર્તા કોઈ વ્યકિતએ દાખલ કરેલી અરજી પરથી દાખલ કરી શકશે.

૨૪. કાર્યવાહી દાખલ કરવાની નોટિસ આયોગ કાઢી શકે છે, અસરકર્તા પક્ષકારને નોટિસ બજાવવા સામાપક્ષે કે અથવા તે જણાવે તે સ્વરૂપે અરજીના સમર્થનમાં જવાબ રજૂ કરવા માટે જરૂરી જણાય તેવા આદેશ અને સૂચનાઓ આપી શકશે.

આયોગ તેને યોગ્ય જણાય તો, તે સૂચવે તે રીતે કાર્યવાહીમાં સંડોવાયેલ મુદ્દાઓ અંગે ટીકા-ટિપ્પણ મંગાવીને અરજી અને / અથવા જવાબના પ્રકાશને માટે હુકમો આપી શકે.

૨૫. તપાસની નોટિસ આપતી વખતે, આયોગ, યોગ્ય કેસમાં, કેસમાં અરજદાર તરીકે બાબત રજૂ કરવા આયોગના અધિકારીને અથવા આયોગને યોગ્ય જણાય તેવી બીજી કોઈ વ્યકિતને નીમી શકશે.

આયોગ સમક્ષ દાદઅરજીઓ અને જવાબો

૨૬. (૧) આયોગ સમક્ષ રજૂ કરવી તમામ દાદઅરજીઓ અને જવાબો લેજર પેપરની એક બાજુ ચોખ્ખી રીતે ટાઈપ કરેલ, સાયકલોસ્ટાઈલ કરેલા કે છાપેલા અને સુવાચ્ય હશે અને દરેક પાના પર ક્રમ નંબર આપેલા હશે. શકય હોય ત્યાં, દાદઅરજીઓ અને જવાબો પણ સારી નકલ આયોગમાં રજૂ કરવી જોઈએ. દાદઅરજી કે જવાબની હકીકતત અલગ-અલગ ફકરામાં ક્રમ નંબર આપીને યોગ્ય રીતે વિભાજીત કરવી. આવી અરજીઓ અથવા જવાબો સાથે આયોગ નિર્દેશ કરે તેવા દસ્તાવેજો, સમર્થક માહિતી અને નિવેદનો રજૂ કરવાનાં રહેશે.

(૨) શકય હોય ત્યાં સુધી દાદઅરજી અને / અથવા જવાબ કેન્દ્રીય અધિનિયમ અને રાજય અધિનિયમની સુસંગત જોગવાઈઓને ઉલ્લેખ કરશે.

(૩) દાદઅરજી સિવાય કોઈ અરજી કે ફરિયાદ મળતાં આયોગને તેને દાદઅરજીમાં કે ફરિયાદમાં બદલવાની સત્તા રહેશે અને તેની કાર્યવાહી દાખલ કરશે અથવા એવી અરજી કે ફરિયાદ યોગ્ય પગલાં લેવા સંબંધિત પરવાનેદાર/ ઉપયોગકર્તાને મોકલી આપશે.

સામાન્ય શિર્ષકો

૨૭. આયોગ સમક્ષની તમામ દાદઅરજીઓ અને જવાબોમાં સામાન્ય શિર્ષકો આ સાથે જોડેલા નમૂન-૧ હેઠળ ઠરાવેલ ફોર્મ મુજબ કરવાના રહેશે. આવી દાદઅરજીઓ અને જવાબોને લગતી નોટિસો અને જાહેરાતો નમૂના-૧ પ્રમાણે હશે.

સમર્થનમાં સોંગદનામું

૨૮. (૧) દાદઅરજી અથવા જવાબના યથાપ્રસંગ, સમર્થનમાં સોગંદનામું સાથે જોડવું, જે આયોગના સચિવ અથવા નીમેલા એવા અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવશે. દરેક આવું સોગંદનામું નમૂના-૨માં હશે.

(૨) દરેક સોગંદનામું પહેલા પુરુષમાં કરવામાં આવશે અને તેમાં સાક્ષીનું પૂરું નામ, સરનામું, ઉંમર, વ્યવસાય અને તે કઈ હેસિયતમાં સહી કરે છે તે જણાવશે.

(૩) દરેક સોંગદનામું સ્પષ્ટપણે અને અલગ રીતે એવું નિવેદન કરશે કે સાક્ષીને જાણકારી અને સાક્ષી દ્વારા મળેલ માહિતી અને સાક્ષીની માન્યતા પ્રમાણે ખરી હોવાનું જણાવશે.

(૪) સોગંદ પર એકરાર કરનાર દ્વારા મળેલી માહિતી ખરી હોવાનું કોઈ નિવેદન સોંગદનામામાં કરવામાં આવે ત્યારે સોગંદનામું એકરાર કરનાર માને છે કે માહિતી સાચી છે એવું નિવેદન અને માહિતીનો આધાર દર્શાવતુ હોવુ જોઈએ.

૨૯. ભારતીય ફોજદારી કાયદા, ૧૮૬૦ની કલમ ૧૯૩ અનુસાર, જે કોઈ આયોગની કોઈ કાર્યવાહીમાં હેતુપૂર્વક ખોટો પુરાવો આપે અથવા કોઈ કાર્યવાહીમાં ઉપયોગમાં લેવાના હેતુથી ખોટો પુરાવો ઉભો કરે તો તે સાત વર્ષ સુધીની મુદત માટે દર્શાવેલી સજા અને દંડની શિક્ષાને પાત્ર બનશે.

દલીલોની રજૂઆત અને ચકાસણી વગેરે

૩૦. (૧) આયોગના સચિવને દાદઅરજી, અરજી કે અપીલ નીચેની જરૂરતો સંતોષે છે કે કેમ તે સુનિશ્ચિત કરવા તેની પ્રાથમિક ચકાસણી કરવા સત્તા આપવામાં આવશે.

(ક) દાદઅરજી, અરજી અથવા અપીલ અર્ધ-અદાલતી કાર્યવાહી પ્રકારને છાજે તેવી સુયોગ્ય ભાષામાં શબ્દબદ્ધ કરવામાં આવે છે અને તેમાં સરકારી, જાહેર અથવા ખાનગી ક્ષેત્રે કામે લગાડેલ કોઈ વ્યકિત કોઈ સંસ્થા કે એજન્સી સંબંધમાં કોઈ અણઘટના ઉલ્લેખ કરવામાં આવતા નથી, તે સરકારી, જાહેર અથવા ખાનગી ક્ષેત્રમાંથી કોઈ વ્યકિતગત કે અધિકારી/કામદાર વિરૂદ્ધ વ્યકિગત પ્રકારના આડકતરા દોષારોપણ અને આક્ષેપોથી પર હોય છે.

આવી દાદઅરજીઓ, અરજીઓ અથવા અપીલો યોગ્ય સુધારો કર્યા પછી જ નોંધવામાં આવે તે સચિવ સુનિશ્ચિત કરશે. સંબંધિત અરજદાર કે અપીલ કરનાર, આવો સુધારો કરવો જરૂરી છે તેવી સચિવ તરફથી નોટિસ મળ્યાના એક એક અઠવાડિયાની અંદર જરૂરી સુધારો ન કરે તો તે દાદઅરજી, અરજી કે અપીલ નોંધવામાં આવશે નહીં. આવી દાદઅરજી સબંધમાં કોઈ પત્રવ્યવહાર કે મૌખિક રજૂઆત આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં, સિવાય કે એ જ વિષય અંગે નવેસર દાદઅરજી, અરજી કે અપીલ સાથે આયોગ સમક્ષ હાજર થવામાંથી દાદઅરજી કરનાર, અરજદાર કે અપીલ કરનારનો હક તેમાં જણાવેલ કોઈ હકીકત જતો કરી શકશે નહીં.

(ખ) દાદઅરજી, અરજી કે અપીલ વીજળી અધિનિયમ, ૨૦૦૩, ગુજરાત વીજળી ઉદ્યોગ (પુર્નરચના અને વિનિયમ) અધિનિયમ અથવા જે હેઠળ તે રજૂ કરવામાં આવી હોય તેવા બીજા કોઈ કાયદાની જોગવાઈના ઉલ્લેખ દ્વારા સમર્પિત હોય તે સચિવ સુનિશ્ચિત કરશે.

(૧) આયોગના અધિકારક્ષેત્ર સાથે પ્રથમ દૃષ્ટિએ બિલકુલ સંકળાયેલ ન હોય તેવી કોઈ દાદઅરજી, અરજી કે અપીલ સચિવ નોંધશે નહીં. દાદઅરજી, અરજી કે અપીલ જે પ્રથમ દૃષ્ટિએ બીજા કોઈ અદાલતી કે અર્ધઅદાલતી સત્તાધિકારી સમક્ષ નિકાલબાકી હોય તેવી બાબતને લગતી કોઈ દાદઅરજી, અરજી કે અપીલ સચિવ નોંધશે નહીં. (આમ છતાં અરજદાર કે અપીલ કરનારને યોગ્ય જણાય તો આયોગ દ્વારા નિકાલ કરાવવા બાબત માટે માર્ગદર્શન મેળવવા સંબંધિત અદાલતી સત્તાધિકારીનો સંપર્ક સાધવાની છૂટ રહેશે).

(ઘ) કોઈ અદાલતી સત્તાધિકારી તરત સમજાઈ જાય કે એક જ વિષયવસ્તુ સંબંધી એક જ પક્ષકારો વચ્ચેની બાબત, દાદઅરજી, અરજી અથવા અપીલમાં ઉપસ્થિત થયા હોય તેવા જ વાસ્તવિક રીતે વિચારવાના મુદ્દા હોય તો સચિવ અરજી, દાદઅરજી કે અપીલ નોંધશે નહીં.

(ચ) એક જ પક્ષકારો વચ્ચે અને એક જ વિષયવસ્તુ સંબંધ ન્યાયનિર્ણય લેવાઈ ગયો હોય તેવી દાદઅરજી, અરજી કે અપીલમાં ઉભા થતા મુદ્દાઓ આયોગ સમક્ષની બીજી કાર્યવાહીમાં હોય તો તેવી દાદઅરજી, અરજી કે અપીલ સચિવ નોંધશે નહીં.

(૨) તમામ દાદઅરજીઓ અને જવાબો પાંચ નકલ સાથે રજૂ કરવાની રહેશે. આયોગ દ્વારા ઠરાવ્યા પ્રમાણેની ફી યથાપ્રસંગ દાદઅરજી કે અપીલ સાથે ચૂકવવાપાત્ર બનશે.

(૩) તમામ દાદઅરજીઓ અને જવાબોની નકલ, આયોગ સમક્ષ તે રજૂ કરવાની સાથો-સાથ કાર્યવાહીના બીજા તમામ પક્ષકારોને બનાવવાની રહેશે.

(૪) રજૂ કરેલ દાદઅરજી કે જવાબનો દરેક સેટ દરેક રીતે સંપૂર્ણ હોવો જોઈશે અને યથાપ્રસંગ દાદઅરજી કે જવાબના સમર્થનમાં વધારાની કોઈ માહિતી, દસ્તાવેજો કે નિવેદનો રજૂ કરી શકાશે નહી, સિવાયે કે આયોગની પૂર્વમંજૂરી મેળવી હોય.

(૫) ઉપરના ખંડ ૩૦(૨)માં દર્શાવ્યા પ્રમાણેની કોઈ વધારાની માહિતી, દસ્તાવેજો કે નિવેદનો દાદઅરજી કે જવાબનો પ્રકાર બદલે નહીં તેની પક્ષકારોએ ખાતરી કરવાની રહેશે. આવી કોઈ વધારાની માહિતી, દસ્તાવેજો કે નિવેદનો દાદઅરજી કે જવાબના પ્રકાર બદલી નાખે તો સંબંધિત પક્ષકારે યથાપ્રસંગ દાદઅરજી કે જવાબનો સુધારો દાખલ કરવાનો રહેશે.

૩૧. તમામ દાદઅરજીઓ અને જવાબો (મુખ્ય મથકે અથવા આયોગ દ્વારા નિર્દિષ્ટ કરેલ સમય દરમિયાન અને વખતો-વખત નિર્દિષ્ટ કરેલ કેન્દ્રોના બીજા રજૂ કરવાના કેન્દ્ર પર રૂબરૂમાં અથવા યોગ્ય રીતે અધિકૃત કોઈ વ્યકિત અથવા પ્રતિનિધિ દ્વારા રજૂ કરી શકાશે. દાદઅરજી અથવા જવાબ યથાપ્રસંગ ઉપર જણાવેલ સ્થળોએ આયોગને પહોંચ મળવાપાત્ર રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલી શકાશે. વકીલની તરફેણમાં વકીલાતનામું અને અધિકૃત એજન્ટ અથવા પ્રતિનિધિ દ્વારા દાદઅરજી અથવા જવાબ યથાપ્રસંગ રજૂ કરવામાં આવે તેવા પ્રસંગે એજન્ટ અથવા પ્રતિનિધિને અધિકૃત કરતો દસ્તાવેજ કેસના રેકર્ડ પર અગાઉ રજૂ કરાયો ન હોય તો દાદઅરજી અથવા જવાબ મળતાં યથાપ્રસંગ દાદઅરજી અથવા જવાબ સાથે રજૂ કરવાનો રહેશે.

૩૨. દાદઅરજીની અથવા જવાબ મળતાં યથાપ્રસંગ, દાદઅરજી અથવા જવાબ સ્વીકારવાના હેતુસર નીમેલા આયોગના અધિકારી દાદઅરજી અથવા જવાબ રજૂ કર્યા તારીખ તથા સ્ટેમ્પ લગાડીને મળ્યાની પહોંચ બતાવશે અને તે સ્ટેમ્પ તથા તારીખવાળી પહોંચ દાદઅરજી અથવા અથવા જવાબ રજૂ કરનાર વ્યકિતને મોકલી આપશે. દાદઅરજી અથવા જવાબ રજિસ્ટર્ડ ટપાલથી મળી હોય તો આયોગની કચેરી પર તે ખરેખર મળ્યાની તારીખ દાદઅરજી અથવા જવાબ રજૂ કર્યાની તારીખ ગણાશે.

૩૩. દાદઅરજીની રજૂઆત અને સ્વીકાર આયોગની કચેરીમાં આ હેતુસર રાખેલા રજિસ્ટરમાં યોગ્ય રીતે નોંધવામાં આવશે. આવું રજિસ્ટર આયોગ દ્વારા ઠરાવેલ નમૂના અને રીત પ્રમાણે રાખવામાં આવશે, તેમા દાદઅરજીનો ક્રમ નંબર, મળ્યા તારીખ, પક્ષકારોનાં નામ-સરનામાં, દાદઅરજીની ટૂંકી હકીકત દર્શાવવામાં આવશે. વળી તેમાં મળેલી માગણીય રાહત, વચગાળાની રાહત કોઈ હોય તો, તેનો આખરી નિકાલ થતાં નીકાલની તારીખ પણ દર્શાવવામાં આવશે.

૩૪. આયોગે ઘડેલા અધિનિયમો અને વિનિયમોની જોગવાઈઓ અને જરૂરિયાતો પૂરી ન પાડતી કોઈ દાદઅરજીની બાબતમાં સચિવ તેની નોંધણી કરવાનો ઈન્કાર કરી શકશે અને તેનો વાંધા ઉઠાવશે અથવા વાંધા હેઠળ તેને રાખશે અને આવો વાંધો ઉઠાવ્યાની તારીખથી ૧૦ દિવસની અંદર અથવા સચિવની સૂચના વધારેલી મુદતની અંદર અરજદારે અથવા જવાંબ આપનાર વ્યકિતને તે વાંધો દૂર કરવો પડશે, આપેલી મુદત દરમિયાન વાંધો દૂર કરવામાં નહીં આવે તો દાદઅરજી રદ કરવામાં આવશે.

૩૫. રજૂઆત અંગે સચિવના કોઈ હુકમથી નારાજ થયેલ વ્યકિત યોગ્ય આદેશો માટે આયોગના અધ્યક્ષ સમક્ષ બાબત મૂકવા વિનંતી કરી શકશે.

૩૬. અધ્યક્ષ અથવા આ હેતુસર અધ્યક્ષ તરીકે નીમેલ કોઈ વ્યકિત, પક્ષકારે રજૂ કરેલ દાદઅરજી મંગાવવા અને તેમને યોગ્ય જણાય તે પ્રમાણે દાદઅરજીની રજૂઆત અને સ્વીકાર સંબંધી સૂચનાઓ આપવા હકદાર રહેશે.

૩૭. ચકાસણી પરથી દાદઅરજીનો અસ્વીકાર થયો ન હોય અથવા અધ્યક્ષ દ્વારા કે આયોગના સભ્ય દ્વારા તેવો કોઈ આદેશ સુધારવામાં આવ્યો હોય તો તે દાદઅરજી ખંડ ૩૩માં જણાવ્યા પ્રમાણે આયોગે ઠરાવેલ રીતે યોગ્ય રીતે નોંધવામાં અને નંબર આપવામાં આવશે.

૩૮. દાદઅરજી અને જરૂરી તમામ દસ્તાવેજો રજૂ કરવામાં આવે અને ખામીઓ તથા વાંધાઓ કોઈ હોય તો, દૂર કરવામાં આવે અને દાદઅરજીની ચકાસણી કરવામાં આવી હોય તે નંબર આપવામાં આવે કે તરત જ દાદઅરજી આયોગ સમક્ષ પ્રાથમિક સુનાવણી અને દાખલ કરવા માટે મૂકવામાં આવશે.

૩૯. આયોગ પક્ષકારની હાજરી જરૂરી સમજયા વિના સુનાવણી માટે દાદઅરજી દાખલ કરી શકે છે. સંબંધિત પક્ષકારને સાંભળવાની તક આપ્યા વિના આયોગ દાખલ નહી કરવાનો આદેશ આપશે નહીં. આયોગને યોગ્ય જણાય તો દાદઅરજી દાખલ કરવા માટે તે ઈચ્છે તેવી વ્યકિત કે વ્યકિતઓને નોટિસ આપી શકશે.

૪૦. આયોગ દાદઅરજી દાખલ કરે તો પ્રતિવાદી અને અન્ય અસરકર્તા કે હિત ધરાવતી વ્યકિતઓને નોટિસ બજાવવા આયોગ સૂચવે તેવા સ્વરૂપે વિરૂદ્વમાં કે અરજીના સમર્થનમાં જવાબ રજૂ કરવા અને આયોગ કે બેન્ચ સમક્ષ સુનાવણી માટે દાદઅરજી રજૂ કરવા માટેના જરૂરી જણાય તેવા આદેશો કે સૂચનાઓ આપી શકશે.

આયોગે કાઢેલી નોટિસો અથવા સમન્સની બજવણી :

૪૧. (૧) આયોગે કાઢવાની કોઈ નોટિસ કે સમન્સ આયોગની સૂચના અનુસાર નીચે મુજબની કોઈ એક કે વધુ રીતે બજાવી શકાશે.

(ક) કાર્યવાહીના કોઈ પક્ષકાર દ્વારા આયોગે સૂચવ્યા પ્રમાણે બજવણી;

(ખ) સંદેશવાહક મારફત હાથ ડિલીવરીથી;

(ગ) મળ્યાની પહોંચ સાથે રજિસ્ટર્ડ પોસ્ટથી;

(ઘ) નોટિસ બનાવવાનું વાજબી રીતે વ્યવહારુ નથી એમ આયોગને જણાય તેવા કેસમાં છાપામાં જાહેરાત દ્વારા;

(ચ) આયોગ દ્વારા યોગ્ય જણાતી બીજી કોઈ રીતે;

(૨) આવા દરેક કેસમાં આવી સેવા / જાહેરાતનું ખર્ચ કોણ ભોગવશે તે નકકી કરવા આયોગ હકદાર રહેશે.

૪૨. કોઈ વ્યકિત પર બજાવવાની કે આપવાની નોટિસ કે સમન્સ, બજવણી માટે તેણે આપેલ સરનામે બજવણી લેવા તેને અથવા તેના અધિકૃત એજન્ટને અથવા વ્યકિત કે તેનો એજન્ટ સામાન્ય રીતે રહેતા હોય કે વેપાર ધંધો કરતા હોય કે ફાયદા માટે જાતે કામ કરતા હોય તે જગ્યાએ મોકલી શકાશે.

૪૩. આયોગ સમક્ષ કોઈ બાબત નિકાલબાકી હોય અને બજવણી કરવાની હોય તે વ્યકિતએ તેના કે તેણીના વતી એજન્ટ કે પ્રતિનિધિને તે બાબતમાં હાજર રહેવા અધિકૃત કર્યા હોય તેવા પ્રસંગે આવા એજન્ટ કે પ્રતિનિધિને દરેક બાબતમાં સંબંધિત પક્ષકાર વતી નોટિસ અને સમન્સની બજવણી લેવાનો યોગ્ય અધિકાર હોવાનું ગણાશે અને આવા એજન્ટ કે પ્રતિનિધિ પરની બજવણી જેના પર બજવણી કરવાની હતી તે વ્યકિત પર યોગ્ય બજવણી થયાનું ગણાશે.

૪૪. કાર્યવાહીના પક્ષકાર દ્વારા નોટિસ રૂબરૂમાં કે રજિસ્ટર્ડ ટપાલથી બજાવવામાં આવી હોય ત્યારે નોટિસ અને સમન્સ બજાવ્યાની તારીખ અને રખ દર્શાવતુ બજાવણીનું સોગંદનામું પક્ષકારે આયોગ સમક્ષ રજૂ કરવાનું રહેશે.

૪૫. કોઈ દાદઅરજી કે જવાબની જાહેરાત કરવી જરૂરી હોય તો તેની આયોગ ઠરાવે તે છાપામાં તેવા નમૂનામાં, તેટલી મુદત માટે અને સમયની અંદર જાહેરાત કરવામાં આવશે.

૪૬. નોટિસ, સમન્સ કે પ્રોસેસની બજવણી કે તેની જાહેરખબર કે જાહેરાત સંબંધી આયોગના વિનિયમો અથવા સૂચનાઓની જરૂરિયાતોનું ઉલ્લંઘન કરવામાં આવતાં, આયોગ તેમને યોગ્ય લાગે તે રીતે દાદઅરજી રદ કરી શકશે અથવા એવો બીજા આદેશ કે વધુ સૂચનાઓ આપી શકશે.

૪૭. કરવાની કોઈ બજાવણી કે જાહેરાત વ્યકિત નામ કે વર્ણનમાં કોઈ ખામીને કારણે રદબાતલ ગણાશે નહી, સિવાય કે આયોગને સંતોષ થાય કે આવી બજવણી બીજી રીતે પર્યાપ્ત છે અને કોઈ ખામી કે અનિયમિતતાને કારણે કોઈ કાર્યવાહી રદબાતલ કરી શકાશે નહીં, સિવાય કે વાંધો લેવામાં આવે તો આયોગ આવી ખામી કે અનિયમિતતા દ્વારા ખરેખર અન્યાય થયો હોવાનો અભિપ્રાય ધરાવે અથવા એમ કરવા માટે અન્યથા પૂરતાં કારણો હોય.

જવાબ, વિરોધ, વાંધા વગેરે રજૂ કરવા બાબત :

૪૮. તપાસની નોટિસ જેને અથવા દાદઅરજી બજાવવાની હોય તેવી દરેક વ્યકિત (જે હવે પછી પ્રતિવાદી તરીકે ઓળખાશે) જે અરજીનો વિરોધ કરવા માગતો હોય તે આયોગે નકકી કરેલ સમય અને નકલોની સંખ્યામાં જેના પર આધાર રાખતા હોય તેવાં જવાબ અને દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. રજૂ કરેલા જવાબમાં પ્રતિવાદી દાદઅરજીની તપાસની નોટિસમાં જણાવેલ હકીકત સ્પષ્ટપણે કબૂલ, નાકબૂલ કે ખુલાસો કરશે અને કેસના વાજબી નિર્ણય માટે તેને જરૂરી જણાય તેવી વધારાની હકીકત જણાવી શકશે આ જવાબ પર સહી કરી ખરાઈ કરવામાં આવશે અને દાદઅરજીની રીતે સોંગદનામા દ્વારા સમર્પિત કરવામાં આવશે.

૪૯. પ્રતિવાદી જવાબની એક નકલ તથા ખરી નકલ તરીકે યોગ્ય રીતે સાખ કરેલ દસતાવેજો સાથે અરજદારને અથવા તેના અધિકૃત પ્રતિનિધિને બજાવશે અને જવાબ રજૂ કરતી વખતે આવી બજવણી કર્યાનો પુરાવો આયોગની કચેરીમાં રજૂ કરશે.

૫૦. કેસના યોગ્ય નિર્ણય માટે જરૂરી જણાય તેવી વધારાની હકીકત પ્રતિવાદી જણાવે ત્યારે આયોગ પ્રતિવાદીઓએ રજૂ કરેલ જવાબ સામે પ્રત્યુત્તર રજૂ કરવા અરજદારને જણાવી શકશે. જવાબ રજૂ કરવા માટેની ઉપર જણાવેલ કાર્યપદ્ધતિ પ્રત્યુત્તર જરૂરી ફેરફાર સાથે રજૂ કરવા માટે લાગુ પડશે.

૫૧. (૧) જે હેતુસર (જવાબ મંગાવવા જેમને નોટિસ, સમન્સ વગેરે મોકલ્યાં છે તેવી વ્યકિતઓ સિવાયના) આપેલી જાહેરખબર અને જાહેરાત સંબંધમાં આયોગ સમક્ષ નિકાલ બાકી બાત અંગે વાંધો અથવા ટીકાટિપ્પણ રજૂ કરવા ઈચ્છતી દરેક વ્યકિત વાંધા અથવા ટીકાટિપ્પણનું નિવેદન તે હેતુસર ઠરાવેલ મુદતની અંદર તેના સમર્થનમાં દસતાવેજો અને પુરાવાની નકલો સાથે તે હેતુસર આયોગે નીમેલ કોઈ અધિકારીને સોંપશે.

(૨) અધિકારી તરફથી મળેલ અહેવાલ પરથી આયોગને એમ જણાય કે વ્યકિત કે અમુક વ્યકિતઓની સામેલગીરીથી કાર્યવાહી અને તે બાબતનો નિર્ણય લેવાનું સરળ બનશે તો આયોગ નોંધણી પ્રમાણપત્ર ધરાવતાં મંડળો, મંચો, સંસ્થાપિત સંસ્થાઓ સહિત એવી વ્યકિત કે વ્યકિતઓને આયોગ સમક્ષ કાર્યવાહીમાં ભાગ લેવાનું યોગ્ય જણાતાં તેમ કરવા રજા આપશે અથવા નિમંત્રણ આપશે.

(૩) આયોગે રજા અને / અથવા નિયંત્રણ આપ્યા વિના વંધો અથવા ટીકાટિપ્પણ રજૂ કરનાર વ્યકિત મૌખિક રજૂઆત કરવા કાર્યવાહીમાં ભાગ લેવા હકદાર બનશે નહીં. આમ છતાં, આયોગને યોગ્ય જણાય તે રીતે વાંધા અથવા ટીકાટિપ્પણ અંગે વિચાર કરવાની કાર્યવાહીના પક્ષકારોને તક આપ્યા પછી રજૂ કરેલ વાંધા અથવા ટીકાટિપ્પણ ધ્યાનમાં લેવા આયોગ હકદાર રહેશે.

બાબતની સુનાવણી :

૫૨. આયોગને યોગ્ય જણાય તેમ તે બાબતની સુનાવણીના તબકકા, રીત, સ્થળ, તારીખ અને સમય નકકી કરી શકાશે.

૫૩ (૧) આયોગ પક્ષકારોની દલીલો, અને તેના સમર્થનમાં સોગંદનામાં અને રેકર્ડ પરના પુરાવા પરથી બાબતનો ચુકાદો આપશે.

(૨) આયોગ પક્ષકારોને બાબતની દલીલો અથવા રજૂઆતની લેખિત નોંધ રજૂ કરવા સૂચવી શકશે.

વધારાની માહિતી, પુરાવો વગેરે મંગાવવાની આયોગની સત્તા :

૫૪. નીચેની બાબતો અંગે ૧૯૦૮ના દીવાની કાર્યવાહીના કાયદા હેઠળ દીવાની કોર્ટ વિહિત કર્યા પ્રમોની સત્તા આ વિનિયમો હેઠળ કોઈ તપાસ અથવા કાર્યવાહીના હેતુસર આયોગને સત્તા રહેશે, જેમ કે :

(ક) કોઈપણ વ્યકિત પર સમન્સ કાઢી તેને હાજર રહેવા ફરજ પાડવી અને સોંગદ પર તેને તપાસવો;

(ખ) પુરાવા તરીકે રજૂ કરવાપાત્ર કોઈ દસ્તાવેજ અથવા બીજી મહત્વની વસ્તુની શોધ કરાવવી અને રજૂ કરાવવી;

(ગ) સોંગદનામા પર પુરાવો મેળવવો

(ઘ) કોઈ અદાલત કે કચેરીમાંથી કોઈ સરકારી રેકર્ડ કે તેની નકલ પૂરું પાડવાનું ફરમાન કરવું.

(છ) તેના નિર્ણયો, સૂચનો અને આદેશોની સમીક્ષા

(ચ) સાક્ષી તપાસવા કે દસ્તાવેજો તપાસવા માટે કમિશન નીમવું

(જ) ઠરાવેલ બીજી કોઈ બાબત

(ઝ) આયોગે વિનિમય કે અન્યથા નિર્દેષ્ટ કરેલી બીજી કોઈ બાબત.

૫૫. આયોગ અથવા આયોગ દ્વારા આ અંગે ખાસ અધિકૃત કરેલ ગેઝેટેડ અધિકારીના દરજ્જાથી નીચે ન હોય તેવા કોઈ અધિકારી, તપાસની વિષયવસ્તુને લગતા કોઈ દસ્તાવેજ મળી આવશે તેમ માનવાને આયોગને કારણ હોય તેવા કોઈ મકાન કે જગ્યામાં પ્રવેશ કરી શકશે અને ૧૯૩૩ના ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ ૧૦૦ની જોગવાઈઓને આધીન રહીને એવો કોઈ દસ્તાવેજ કે તેનો ઉતારો કે તેમાંથી નકલ જપ્ત કરી શકશે.

આયોગને એમ માનવાને કારણ હોય કે તેની સમક્ષ નિકાલ બાકી રહેલી તપાસ કે કાર્યવાહીને સુસંગત કોઈ દસ્તાવેજનો નાશ કરવામાં, ખંડિત કરવામાં, ફેરફાર કરવામાં, બનાવટ કરવામાં અથવા છૂપાવવામાં આવી શકે તેમ છે તો તે ઉપર્યુકત સત્તાનો ઉપયોગ કરી શકશે.

અન્યને મુદ્દાઓનું પૂછાણ :

૫૬. (૧) કાર્યવાહીના ગમે તે તબકકે આયોગને યોગ્ય જણાય તેવી બાબતમાં આવા મુદ્દા કે મુદ્દાઓનું આયોગને નિષ્ણાત સલાહ કે અભિપ્રાય આપવાને લાયક જણાતી આયોગના અધિકારીઓ અને સલાહકારો સહિતની વ્યકિતઓને પણ તેમના પૂરતું મર્યાદિત નહી, પૂછાણ કરવા આયોગ હકદાર રહેશે.

(૨) તપાસના કોઈ સ્થળ કે સ્થળોની મુલાકાત લેવા અને સ્થળના અસ્તિત્વ અથવા સ્થિતિ અંગે અથવા તેમાની સગવડ વિશે અહેવાલ આપવા અધિકારીઓ અને સલાહકારો પૂરતું મર્યાદિત નહી પણ તેમના સહિત કોઈ વ્યકિતને આયોગ વખતો-વખત નીમશે.

(૩) આયોગને યોગ્ય જણાય તો, જેમને પૂછાણ કરેલ મુદ્દાઓ કે બાબતો અંગે તેમના જે તે અભિપ્રાય અને / અથવા રજૂઆત કરવા ઉપર ખંડ(૧) અને (૨) માં નીમેલ વ્યકિતઓ સમક્ષ હાજર થવા પક્ષકારોને સૂચવશે.

(૪) આવી વ્યકિતઓ તરફથી મળેલ અહેવાલ કે અભિપ્રાય કેસના રેકર્ડનો એક ભાગ બનશે અને પક્ષકારોને આયોગે નીમેલ વ્યકિત દ્વારા આપેલ અહેવાલ કે અભિપ્રાયની નકલો આપવામાં આવશે. પક્ષકારોને તે અહેવાલ કે અભિપ્રાયની તરફેણમાં કે વિરૂદ્ધમા તેમની કેફિયત રજૂ કરવાનો હક રહેશે.

(૫) બાબત અંગે નિર્ણય કરતી વખતે આયોગ વ્યકિત દ્વારા આપવામાં આવેલ અહેવાલ કે અભિપ્રાય, પક્ષકારો દ્વારા રજૂ થયેલ જવાબ યોગ્ય રીતે ધ્યાનમાં લેશે અને જરૂરી જણાય તો અહેવાલ કે અભિપ્રાય આપનાર વ્યકિતની આયોગ સમક્ષ તપાસણી કરશે.

(૬) આયોગને યોગ્ય જણાય તો, ગ્રાહકની તકરાર, પ્રતિબંધક અને અનુચિત વેપાર-પ્રથા અને પરવાનેદારોની બાબતોના સંચાલન અને વહીવટી અંગે પગલાં તેની અન્ય એજન્સીઓ અને સંસ્થાઓને બાબતમાં પૂછાણ કરી શકશે.

કોઈ પક્ષકાર હાજર ન રહે ત્યારે અનુસરવાની કાર્યપદ્ધતિ :

૫૭. અરજદાર અથવા પ્રતિવાદી રૂબરૂ હોય કે હાજર રહેવાનું આવશ્યક હોય અને રૂબરૂ હાજર ન થાય કે હાજર નહી રહેવા અંગે પૂરતું કારણદર્શવે નહી ત્યારે આયોગ :

(ક) તે અરજદાર કે ફરિયાદી હોય તો અરજી કે ફરિયાદી કાઢી નાખી શકશે અથવા

(ખ) તે સામાવાળા કે પ્રતિવાદી હોય તો એકતરફી કાર્યવાહી કરશે, અને કાયદો ન્યાય અને વાજબી હોય તે મુજબ જરૂરી આદેશ આપી શકશે.

પરંતુ, જો કે અરજદાર કે ફરીયાદી આવા સામાવાળા કે પ્રતિવાદીને સમન્સની બજવણી પુરવાર ન કરે ત્યાં સુધી આયોગ સામાવાળાને પ્રતિવાદી સામે એકતરફી કાર્યવાહી કરી શકશે નહી.

INDEX

આયોગના આદેશો :

૫૮. (૧) આયોગ સમક્ષ કેસની સુનાવણી પૂરી થતાં, અધ્યક્ષનું/સભ્યનું બનેલું આયોગ જેમણે કેસ સાંભળ્યો હોય તે ચુકાદો જાહેર કરશે.

(૨) સુનાવણી પછી તરત જ કે વ્યવહારુ હોય તેવા તરત ત્યારપછીના કોઈ દિવસે ચુકાદો જાહેર કરવામાં આવશે.

(૩) ચુકાદો જાહેર કરતી વખતે આયોગ દ્વારા તારીખ નાંખીને સહી કરવામાં આવશે અને એક વખત સહી કર્યા પછી તેમાં ફેરફાર કે ઉમેરો કરી શકાશે નહી, સિવાય કે તેમાં કોઈ કારકૂની કે આંકડાકીય ભૂલ હોય અથવા કોઈ અકસ્માત નજરચૂક કે છૂટી ગયેલ હોય કે ખંડ ૭૨ મુજબ ચુકાદાની સમીક્ષા કરતાં કોઈ ખામી જણાય.

(૪) ચુકાદામાં હીકતોનો ટૂકો અહેવાલ, તેના પર નિકાલ કરવા, નિર્ણયના મુદ્દાઓ અને આવા નિર્ણય માટેનાં કારણો આપવામાં આવશે.

૫૯. કેસમાં સુનાવણી પછી અને ચુકાદો કે નિર્ણય આપતી વખતે અધ્યક્ષ અથવા આયોગના કોઈ સભ્ય અસંમત થાય ત્યારે તે કારણો સાથે તેના અસંમત ચુકાદો આપશે. આયોગનો મોટાભાગનો અભિપ્રાય ચુકાદામાં આખરી હશે.

૬૦. આયોગે કાઢેલ કે જણાવેલા તમામ આદેશો અને નિર્ણયો સચિવ અથવા અધ્યક્ષ તેમના વતી સત્તા આપેલ કોઈ અધિકારીની સહીથી પ્રમાણિત કરવામાં આવશે અને તેના પર આયોગનો સત્તાવાર સિક્કો લગાવવામાં આવશે.

વચગાળાના હુકમો :

૬૧. કેસની હકીકતો અને સંજોગો ધ્યાનમાં રાખીને આયોગને યોગ્ય લાગે તેવો પ્રમાણે તેની સમક્ષની કોઈ કાર્યવાહી સુનવણી કે બાબતમાં વચગાળાનો હુકમ કરવાની સત્તા રહેશે.

પરવાનો, વિનિયમો અથવા અધિનિયમની શરતોના ભંગ માટે ખાસ જોગવાઈઓ :

૬૨. આયોગને તેના કબજામાંથી સામગ્રીના આધારે સંતોષ થાય કે -

(ક) પરવાનેદાર ભંગ કરે અથવા ભંય કરવાનો સંભવ હોય :

(૧) પરવાનામાં દર્શાવેલ કોઈ શરત; અથવા

(૨) મુકિત આપવા માટેની કોઈ શરત

અથવા

(ખ) પરવાનેદાર અથવા નિમાણ કરતી કંપની અધિનિયમો અથવા તે અન્વયે ઘડેલા નિયમો કે વિનિયમોની કોઈ જોગવાઈનો ભંગ કર્યો હોય કે કરવા સંભવ હોય ત્યારે આયોગ તે જોગવાઈ અથવા શરતનું પાલન સુનિશ્ચિત કરવાના હેતુથી જરૂરી હોય તે પ્રમાણેના આદેશથી સૂચનાઓ આપશે. આવી સૂચનાઓ આપતી વખતે આયોગે, કોઈ વ્યકિતને આવા ભંગને કારણે કેટલી ખોટ કે નુકસાન પહોંચ્યું છે તેનું પુરતું ધ્યાન રાખવાનું રહેશે.

૬૩. ઉપરના ખંડ ૬૨ અન્વયે હુકમ કરતાં પહેલાં આયોગ, આવા કોઈ ભંગ કે ભંગની શકયતા સંબંધમાં એવા પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપનીને યથાપંરસંગ તેની રજૂઆત કરવાની તક આપશે. આવી રજૂઆત સાંભળ્યા પછી, આયોગ જરૂરી હુકમો કરી શકશે, છતાં આવો કોઈ હુકમ કરતા પહેલાં આયોગ :

(ક) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલ રીતે સંબંધિત પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપનીને નોટિસ બજાવશે;

(ખ) આ બાબત અસર પામતી અથવા અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતઓના ધ્યાન પર લાવવાના હેતુથી આયોગના નિર્દિષ્ટ હદવિસ્તારમાં નોટિસ ચોડવા ઉપરાંત બોહળી પ્રસિદ્ધિ ધરાવતા અંગ્રેજી તેમજ ગુજરાતી સમાચારપત્રમાં પ્રસિદ્ધ કરશે;

(ગ) સંબંધિત પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપનીના સૂચનો કે વાંધાઓ અને અસર પામેલ અથવા પામવા સંભવ હોય તે વ્યકિતઓનાં સૂચનો કે વાંધાઓ ધ્યાનમાં લેશે.

આદેશો અને સૂચનાથી અવગણના :

૬૪. કોઈ વ્યકિતએ આયોગ સમક્ષ કોઈ ફરિયાદ કરી હોય તેવા કેસમાં અથવા આયોગને સંતોષ થાય કે વ્યકિતએ અધિનિયમો અથવા નિયમો અને તે હેઠળ ઘડેલા વિનિયમોની કોઈ જોગવાઈનો અથવા આયોગે આપેલી કોઈ સૂચનાનો ભંગ કર્યો છે તો આયોગ લેખિત હુકમ કરીને તેવી વ્યકિતને બાબતમાં સાંભળવા માટેની તક આપ્યા પછી ઠરાવે કે અધિનિયમો હેઠળ તેને

થવાપાત્ર અન્ય કોઈ દંડ અંગે કોઈ પૂર્વગ્રહ વિના, એવી વ્યકિતએ દંડ રૂપે તેવા દરેક ભંગ બદલ રૂપિયા એક લાખથી વધે નહીં તેટલો દંડ ચૂકવવો અને સતત ભંગ કર્યા કરે તો આવી સૂચનાનો પ્રથમ ભંગ કર્યા પછી તેવો ભંગ ચાલુ રહે તે મુદતમાં રોજના રૂપિયા છ હજારથી વધુ નહીં તેટલી રકમ ચૂકવવાની થશે.

૬૫. ઉપરના ખંડ ૬૪ મુજબ ચૂકવવાપાત્ર કોઈ રકમ ન ચૂકવાય તો તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

પ્રકરણ-૭

શોધતપાસ, તપાસ, માહિતી એકત્રિકરણ વગેરે

શોધતપાસ, તપાસ માહિતી એકત્રિ કરવી વગેરે

૬૬ માહિતી એકત્રિત કરવા, તપાસ, શોધતપાસ, નોંધ, શોધ અને જમી અને નીચેની બાબત સંબંધ આયોગ તેની સત્તાની વ્યાપકતા અંગે પૂર્વગ્રહ વિના તેને યોગ્ય લાગે તેવો હુકમ કે હુકમો કરશે :

(ક) આયોગ, ગમે ત્યારે, લેખિત હુકમથી સચિવને કે આયોગને યોગ્ય જણાય તેવા કોઈ એક અથવા વધુ અધિકારીઓ અથવા સલાહકારો અથવા ગમે તે વ્યકિતને (જેનો હવે પછી તપાસ અધિકારી તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અધિનિયમો અન્યે આયોગના અધિકારક્ષેત્રમાં આવતી કોઈ બાબતો અભ્યાસ શોધતપાસ કરવા અથવા તપાસથી કરવા અને એવા તપાસ અધિકારી દ્વારા કરેલ કોઈ શોધતપાસ અગે આયોગને અહેવાલ આપવા જણાવશે.

સિવાય કે જરૂરી હોય ત્યાં તપાસ અધિકારી કોઈ શોધતપાસ કે તપાસણી માટે તેમને મદદ કરવા બીજી કોઈ વ્યકિતને રોકી શકશે.

(ખ) અહેવાલ કેટલા સમયમાં રજૂ કરવો અથવા માહિતી રજૂ કરવી તેમ દર્શાવતો આયોગ તેમને યોગ્ય લાગે તેવી બીજી સૂચના આપી શકશે.

(ગ) શોધતપાસ કે તપાસણી કરવા જણાવેલ કોઈ તપાસ અધિકારી પરવાનેદારના અથવા નિર્માણ કરતી કંપનીના મેનેજર, મેનેજીંગ ડાયરેકટર, કે બીજા અધિકારીને યથાપ્રસંગ, તેમના કારોબારના કેસમાં તપાસી શકશે અને તદનુસાર સોગંદ આપી શકશે. અહી જોડેલા પત્રક-૧ હેઠળ નિર્દિષ્ટ રીતે સોંગદ આપી શકશે.

(ઘ) પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપનીના દરેક મેનેજર, મેનેજીંગ ડાયરેકટર કે અન્ય અધિકારીની, યથાપ્રસંગ, આ વિનિયમો હેઠળ અભ્યાસ, શોધતપાસ કે તપાસણી કરવા સૂચવેલ તેમના કબજામાં કે અધિકારમાં હોય તે તપાસ હિસાબી ચોપડા, રજિસ્ટરો તથા અન્ય દસ્તાવેજો તથા પરવાનેદાર કે નિર્માણ કરતી કંપની સંબંધ કારોબારને લગતી માહિતી પત્રક સાથે તપાસ અધિકારી નિર્દિષ્ટ કરે તેટલા સમયમાં તપાસ અધિકારી સમક્ષ રજૂ કરવાની ફરજ બની રહેશે.

(ચ) અધિનિયમો હેઠળ તેનાં કાર્યો કરવા સંબંધી આયોગને યોગ્ય જણાય તેવી કોઈ માહિતી, વિભાગો દસ્તાવેજો એકત્રિત કરવાના હેતુસર આયોગ એવી સૂચનાઓ આપી શકશે.

(છ) મળેલ સેવા કોઈ અહેવાલ કે માહિતી આયોગને અપૂરતી કે અપર્યાપ્ત જણાય તો આયોગ અથવા તપાસ અધિકારી વધુ તપાસ અહેવાલ અને માહિતી રજૂ કરવા માટે સૂચનાઓ આપશે.

(જ) ઉપરની બાબત સંબંધમાં આયોગ સુસંગત જણાતી આનુષંગિક પરિણામરૂપ અને પૂરક બાબત પર ધ્યાન આપવા જણાવશે.

૬૭. પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપનીને વાજબી નોટિસ આપ્યા પછી આયોગ, યથાપ્રસંગ તપાસ અધિકારીએ રજૂ કરેલ અહેવાલ અથવા જરૂરી જણાય તેટલો ભાગ પ્રસિદ્ધ કરી શકશે.

૬૮. આયોગ ગમે ત્યારે તેમને જરૂરી જણાય તેવી સંસ્થા, સલાહકાર તજજ્ઞ અને ટેકનિકલ તથા વ્યવસાયિક વ્યકિતઓની મદદ લઈ શકશે અને તેમને કોઈ બાબત કે મુદ્દાનો અભ્યાસ કરવા,શોધતપાસ, તપાસ કરવા જણાવશે અને અહેવાલ કે અહેવાલો કે માહિતી રજૂ કરવા જણાવશે.આવા વ્યવસાયિકોને રોકવા માટેની શરતો આયોગ નકકી કરશે.

૬૯. ઉપરના ખંડ મુજબ મળેલ માહિતી કે અહેવાલ કે તેનો કોઈ ભાગ કોઈ કાર્યવાહીમાં આયોગ દ્વારા તેનો મત અથવા અભિપ્રાય આપવા માટે આધાર રાખવા વિચારાયો હોય ત્યારે કાર્યવાહીના પક્ષકારોને અહેવાલ અથવા માહિતી અંગે વાંધા અને રજૂઆતો કરવાની વાજબી તક આપવામાં આવશે. આયોગ નીચેનો લેખિત હુકમ કરી શકશે.

(ક) યોગ્ય આયોગને યોગ્ય લાગે તેમ અહેવાલમાંથી ઉભી થતી કોઈ બાબત સંબંધમાં એવાં પગલાં લેવા પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપનીને જણાવવું, અથવા

(ખ) પરવાનો રદ કરવો, અથવા

(ગ) વીજળીના નિર્માણનો ધંધો કરતા બંધ કરવા નિર્માણ કરતી કંપનીને જણાવવું.

૭૦. કરેલી કોઈ તપાસનું તમામ અને આનુષાગિક ખર્ચ, યથાપ્રસંગ પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપનીએ ભોગવવાનું રહેશે અને પરવાનેદાર અથવા નિર્માણ કરતી કંપની પાસેથી બાકી નીકળતા દેવા પર અગ્રતા રહેશે અને તે જમીન મહેસૂલ તરીકે વસૂલ કરવાપાત્ર બનશે.

પ્રકરણ-૮

પરચૂરણ

સલાહકાર સમિતિ :

૭૧ (૧) રાજય સલાહકાર સમિતિ તરીકે ઓળખાતી એક સમિતિ રહેશે જે આ વિનિયમોની જાહેરનામાની તારીખથી અમલમાં આવશે.

આ અધિનિયમોના જાહેરનામાની તરત પહેલાં અસ્તિત્વ ધરાવતી અને કામકાજ કરતી રાજય સલાહકાર સમિતિ આ અધિનિયમો હેઠળ રચાયેલ રાજય સલાહકાર સમિતિ હોવાનું ગણાશે.

(૨) અધિનિયમો હેઠળ વિચારેલ સલાહકાર સમિતિ અધિનિયમોમાં જણાવ્યા પ્રમાણે આયોગે નકકી કરેલાં વિવિધ હિતોનું પ્રતિનિધિત્વ કરતા ૨૧ થી વધુ નહી તેટલા સભ્યોની બનેલી હશે.

સિવાય કે આયોગના અધ્યક્ષ હોદ્દાની રૂએ અધ્યક્ષ ગણાશે અને આયોગના સભ્યો હોદ્દાની રૂએ રાજય સલાહકાર સમિતિના સભ્યો ગણાશે.

સિવાય કે આયોગનો હવાલો સંભાળતા ગુજરાત સરકારના સચિવ અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગનો હવાલો સંભાળતા ગુજરાત સરકારના સચિવ હોદ્દાની રૂએ સમિતિના સભ્યો ગણાશે.

(૩) સલાહકાર સમિતિના સભ્યોની મુદત અધિનિયમોની જોગવાઈ મુજબ રહેશે. સભ્યનું મૃત્યુ થતાં કે સભ્ય તરીકે તેનું રાજીનામું મળતાં, અને તેવા રાજીનામાનો આયોગ દ્વારા સ્વીકાર કરાતા તેવા સભ્ય સમિતિના સભ્ય મટી જશે.

(૪) નૈતિક અધઃપતનના ગુના માટે કાયદાની સક્ષમ કોર્ટ દ્વારા સજા કરાયેલ આયોગના સભ્યની બાબતમાં આવા સભય સલાહકાર સમિતિના સભ્ય તરીકે દૂર કરવાપાત્ર બનશે.

(૫) આયોગની બેઠકમાં હાજરી આપવા સભ્યોને નીચે પ્રમાણે જથ્થાં ચૂકવવામાં આવશે.

(૧) અમદાવાદ શહેર બહાર રહેતા સભ્યોને જે તે સ્થળ અને અમદાવાદ માટે આવવા જવાનું પ્રથમ વર્ગનું રેલ ભાડુ ચૂકવવામાં આવશે. વળી આ સભ્યોને રાજય સરકાર ગ્રેડ-૧ના અધિકારીને ચૂકવવાપાત્ર દરે દૈનિક ભથ્થુ અને વાહન ભથ્થુ ચૂકવવામાં આવશે.

(૨) અમદાવાદ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં રહેતા સભ્યોને તેમણે કરેલ વાહન ભથ્થા તરીકે ખરેખર ખર્ચ અથવા રૂા.૨૫૦/- જે વધુ હશે તે ચૂકવવામાં આવશે.

(૬) સમિતિના ઉદ્દેશો નીચેની બાબતોમાં આયોગને સલાહ આપવાના હશે :

૧. નીતિવિષયક મુખ્ય પ્રશ્નો

૨. પરવાનેદારો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને પ્રમાણ સંબધી બાબતો,

૩. પરવાનાની શરતો અને જરૂરિયાતોનું પરવાનેદારો દ્વારા પાલન

૪. ગ્રાહકોનાં હિતોનું રક્ષણ

૫. ઉપયોગિતા દ્વારા વીજ પુરવઠો અને સમગ્ર કામગીરી ધોરણ.

નિર્ણયો, સૂચનાઓ અને હુકમોની સમીક્ષા :

૭૨ (૧) આયોગના નિર્ણય કે હુકમ જેની અપીલ દાખલ કરાતી કે કરવા દેવામાં આવતી નથી તેમાથી નારાજ થયેલ કોઈ વ્યકિત, અને જેને નવી અને અગત્યની બાબત કે પુરાવાની શોધ પરથી યોગ્ય ખંત કર્યા પછી તેની જાણકારીની હતી કે તે આયોગના નિર્ણય/હુકમ વખતે તેનાથી રજૂ કરી શકાયો નહોતો અને રેકર્ડ પરની દેખીતી ભૂલ કે ચૂકને કારણે અથવા બીજા કોઈ પૂરતા કારણસર આયોગના નિર્ણય/હુકમની તારીખથી ૬૦ દિવસની અંદર આવા હુકમની સમીક્ષા કરવા માટે અરજી કરી શકશે.

(૨) આવી સમીક્ષા અરજીને લગતા ફોર્મ્સ અને કાર્યપદ્ધતિ સંબંધી જોગવાઈ, દાદઅરજી દાખલ કરવાના કેસની જેમ યોગ્ય ફેરફાર સાથે લાગુ પાડી શકાશે.

(૩) સમીક્ષા માટે પૂરતું કોઈ કારણ ન હોવાનું આયોગને જણાય ત્યારે આયોગ આવી સમીક્ષા અરજીનો અસ્વીકાર કરશે.

(૪) સમીક્ષા અરજી મંજૂર કરવી જોઈએ એવો આયોગનો અભિપ્રાય હોય ત્યારે તે તેને મંજૂર કરશે પરંતુ જેને માટે સમીક્ષા કરવા અરજી કરવામાં આવી હોય તે નિર્ણય કે હુકમના સમર્થનમાં હાજર થવા કે સાંભળવા વિરોધ પક્ષને આગોતરી નોટિસ વિના આવી કોઈ અરજી મંજૂર કરવામાં આવશે નહીં.

મૃત્ય બાદ કાર્યવાહી ચાલુ રાખવી વગેરે :

૭૩ (૧) કોઈ કાર્યાહીમાં કાર્યવાહીનો કોઈ પક્ષકાર મૃત્યુ પામ્યો હોય કે નાદાર હોવાનો કંપની કેસમાં ફડચામાં ગયાનું કે સંકેલી લેવાયાનો ન્યાય નિર્ણય કર્યો હોય ત્યારે કાર્યવાહી, યથાપ્રસંગ, હિતધરાવતા વારસદાર, વહીવટકર્તા, વ્યવસ્થાપક, રિસીવર, પતાવટ કરનાર, અથવા સંબંધિત પક્ષકારના અન્ય કાનૂની પ્રતિનિધિ વડે કાર્યવાહી ચાલુ રહેશે.

(૨) આયોગ, કારણો દર્શાવીને, સૂચવે તે પ્રમાણે કાર્યવાહી રદ કરેલ ગણી શકશે અને કેસના રેકર્ડ પર હિતધરાવતા વારસાદરોને લાવવાની જરૂરિયાત બાબત રજા આપી શકશે.

(૩) કોઈ વ્યકિત હિતધરાવતા વારસાદર વગેરે રેકર્ડ પર લાવવા ઈચ્છે તે કેસમાં, તે માટેની અરજી હિતધરાવતા વારસદારોને રેકર્ડ પર લાવવાના બનાવથી ૯૦ દિવસમાં રજૂ કરવાની રહેશે.

કાર્યવાહી જાહેરમાં મૂકવી :

૭૪ કોઈ ખાસ કેસની કાર્યવાહીના ગમે તે તબકકે આયોગને યોગ્ય લાગે, અને તેને માટેના લેખિત કારણો દર્શાવીને હુકમ કરી શકશે કે સામાન્ય લોકો અથવા અમુક વ્યકિત કે વ્યકિતઓનું જૂથને દાખલ થવા દેવામાં આવશે નહી અથવા આયોગ દ્વારા ઉપયોગમાં લેવાતા ઓરડામાં કે મકાનમાં દાખલ થવા દેશે અથવા રહેવા દેશે.

૭૫ (૧) આયોગ સમક્ષની કાર્યવાહીના કોઈ પક્ષકાર કે વ્યકિત અધ્યક્ષ કે કોઈ સભ્યનું ઈરાદાપૂર્વક અપમાન કરે કે ગેરવર્તન કરે કે જાણીબુઝીને આવી કાર્યવાહીમાં અંતરાયો ઉભા કરે અને / અથવા આયોગના હુકમ / સૂચનાનું પાલન ન કરે, તો આવા પક્ષકાર કે વ્યકિત ૧૮૬૦ના ભારતીય ફોજદારી કાયદાની કલમ ૨૨૮ અનુસાર છ ચાસ સુધીની સાદી કેદની સજા અથવા રૂા.૧૦૦૦/- સુધીનો દંડને અથવા બંનેને પાત્ર બનેશ અથવા અદાલતના તિરસ્કારના અધિનિયમ હેઠળ પગલાં લેવામાં આવશે.

(૨) ૧૯૭૩ના ફોજદારી કાર્યપદ્ધતિના કાયદાની કલમ ૩૪૫ અનુસાર જે કોઈ આયોગની હાજરીમાં ઈરાદાપૂર્વક કોઈ માનહાનિ કે કોઈ અંતરાય ઉભો કરે તો આયોગ કામકાજના તે જ દિવસ પૂરો થાય તે પહેલાં ગમે તે સમયે કેદમાં રોકી રાખી શકશે, ગુનાની નોંધ લઈ શકે અને આ કલમ હેઠળ તેને શિક્ષા કેમ ન કરવી તેનું કારણ દર્શાવવાની તક આપ્યા પછી ગુનેગારને રૂા.૨૦૦ સુધીનો દંડ, દંડ ન ભરે તો એક મહિના સુધીની સાદી કેદની સજા કરી શકશે.

૭૬. ઉપરના ખંડમાં જણાવ્યા પ્રમાણે કોઈ કેસમાં આયોગને જણાય કે તે હેઠળ જણાવેલ કોઈ ગુના માટે તહોમતદાર વ્યકિતને તેમના મત પ્રમાણે ગુનો કર્યાનુ જણાય અને દંડ નહિ ભરવામાં આવે તો તેને કેદની સજા કરવી જોઈએ અથવા રૂા.૨૦૦/- કરતાં વધુ દંડ કરવો જોઈએ ત્યારે તે કેસ ચલાવવાના અધિકારક્ષેત્રવાળા મેજિસ્ટ્રેટને કેસ મોકલી આપવો અને તેવા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહેવા માટે જામીનગીરી લઈ શકશે અથવા પર્યાપ્ત જામીનગીરી આપી શકે તો એવા મેજિસ્ટ્રેટના જામામાં તેને મોકલી આપશે.

અરજી અને / અથવા જવાબની પ્રસિદ્ધિ :

૭૭ (૧) અધિનિયમો અથવા આ વિનિયમો અથવા આયોગની સૂચનાઓ હેઠળ કોઈ અરજી અને / અથવા જવાબ પ્રસિદ્ધ કરવાનું જરૂરી હોય ત્યારે આયોગ અન્યથા હુકમ કરે અથવા અધિનિયમ કે વિનિયમો અન્યથા જોગવાઈ કરે તે સિવાય, સુનાવણીની તારીખ નકકી કરી હોય તેના ૭ દિવસની અંદર જાહેરખબર આપી શકાશે.

(૨) સિવાય અથવા અનયથા જોગવાઈ કરાય તો, આવી જાહેરખબરમાં ટૂંકમાં વિષયવસ્તુનું વર્ણન કરતું શીર્ષક આપવામાં આવશે.

(૩) પ્રસિદ્ધ કરવાની આવી જાહેરખબર તે હેતુસર નીમેલા અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવશે.

આયોગના રેકર્ડ અને ગુપ્તતાની તપાસ :

૭૮ (૧) આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાયેલ કારણોસર જે ભાગને આયોગે ખાનગી જાહેર કર્યા હોય કે વિશેષાધિકાર હોય કે કોઈ વ્યકિતને તે અન્યથા જાહેર કરી શકાય તેમ નથી તે સિવાય દરેક કાર્યવાહીનું રેકર્ડ, કાર્યવાહી દરમિયાન કે તે કાર્યવાહીમાં કોઈ હુકમ કર્યા પછી, આયોગે ઠરાવેલ શરતોને આધીન રહીને તથા આયોગ ઠરાવે તે સ્થળ, સમય અને તપાસવાની રીત મુજબ ઠરાવેલ ફી ચૂકવવામાં આવતાં કાર્યવાહીના તમામ પક્ષકારોને તપાસવા દેવામાં આવશે.

(૨) આયોગે ઠરાવેલ ફી ચૂકવીને અન્ય શરતોનું પાલન કરવાથી કોઈ વ્યકિત આયોગે કરેલા હુકમો, નિર્ણયો, સૂચનાઓ અને તેનાં આપેલ કારણોની તેમજ દલીલો, આયોગના રેકર્ડના અન્ય પાત્ર અને કાગળો જેની તપાસ કરવાને હકદાર હોય તેની ખરી નકલ મેળવવા હકદાર રહેશે.

(૩) કાર્યવાહીના પક્ષકારો સિવાયની વ્યકિતને તે બાબતમાં આખરી હુકમ કર્યા પછી જ તેની નકલ મેળવવા કે રેકર્ડ તપાસવા દેવામાં આવશે. તેવી વ્યકિત રેકર્ડ અને કાર્યવાહી તપાસ કે તેવી નકલો મેળવવા ઈચ્છતી હોય તો તેવી વ્યકિતએ તેવી તપાસ / નકલોનો હેતુ દર્શાવતું સોગંદનામું રજૂ કરવાનું રહેશે તેવી વ્યકિતીને આયોગની પરવાનગી વિના રેકર્ડ તપાસવા દેવામાં કે નકલો આપવામાં આવશે નહીં.

(૪) આયોગ હુકમ કરીને ઠરાવશે કે આયોગ કે તેના કોઈ અધિકારી, સલાહકાર પ્રતિનિધિ સમક્ષ રજૂ કરેલ અથવા કોઈ રીતે તેમના કબજામાં આવેલ હોય તેવી માહિતી, દસ્તાવેજો અને અન્ય કાગળો અને સામાન ખાનગી અથવા વિશેષાધિકાર હશે અને તે તપાસવા માટે ઉપલબ્ધ બનશે નહી કે તેની નકલ આપવામાં આવશે નહી, અને આયોગ એમ પણ ઠરાવી શકશે કે આવા દસ્તાવેજો કાગળો કે સામગ્રી આયોગે ખાસ કરીને અધિકૃત કર્યા સિવાય રીતે ઉપયોગમાં લઈ શકાશે નહીં.

હુકમો બહાર પાડવા અને સૂચનાઓ આપવી

૭૯ અધિનિયમો અને આ વિનિયમની જોગવાઈને આધીન રહીને, વિનિયમોના અમલ પાલન કરવાની કાર્યરીતિ અને જુદી-જુદી બાબતો કે જેનો નિર્દેશ કે ફરમાન કરવા આ નિયમનો દ્વારા આયોગને અધિકૃત કરવામાં આવ્યું છે તેના સંદર્ભમાં આયોગ વખતો-વખત હુકમો અને સૂચનાઓ બહાર પાડી શકે છે.

આયોગની અંતગર્ત સત્તામાં અપવાદ :

૮૦ આ વિનિયમોમાંનું કંઈપણ, ન્યાયના હેતુઓ માટે અથવા આયોગની પ્રક્રિયાના દુરપયોગને રોકવા માટે આયોગની અંતર્ગત સત્તાને મર્યાદિત કરતું કે અન્યથા અસર કરતું ગણાશે નહિ.

૮૧ જો આયોગ કોઈ બાબત અથવા કોઈ વર્ગની બાબતોના ખાસ સંજોગો ધ્યાને લેતાં અને લેખિતમાં કારણો નોંધીને આવી બાબતો કે વર્ગની બાબતો સાથે કામ પાડવાનું જરૂરી કે ઉચિત માને તો, આ અધિનિયમોની જોગવાઈને અનુરૂપ, આ વિનિયમોની કોઈ જોગવાઈથી અલગ પડે તેવી કાર્યરીતિ અપનાવતાં આ વિનિયમોમાંનું કંઈપણ આયોગને રોકી શકશે નહીં.

૮૨. આ વિનિયમોમાંનું કંઈપણ, કોઈ બાબત સાથે વ્યવહાર કરવામાં કે આ અધિનિયમો હેઠળ જેના માટે કોઈ વિનિયમો ઘડવામાં આવ્યા નથી તેવી કોઈ સત્તાના ઉપયોગમાં સ્પષ્ટપણે કે ગર્ભિત રીતે આયોગને રોકી શકશે નહિ અને આયોગ આવી બાબતો, સત્તાઓ અને કામગીરીઓ સાથે તેને યોગ્ય લાગે તેવી રીતે વ્યવહાર કરી શકશે.

૮૩. આયોગ કોઈપણ સમયે, ખર્ચની કે અન્યથા, તેને યોગ્ય લાગે તે શરતે તેની સમક્ષની કોઈ કાર્યવાહીમાં રહેલ કોઈ ખામી કે ત્રુટીને સુધારી શકશે અને કાર્યવાહીમાંથી પેદા થતા ખરા પ્રશ્ન કે મુદ્દાનો નિર્ણય કરવાના હેતુથી બધાં જ કાર્યો કરી શકશે.

અડચણો દૂર કરવાની સત્તા

૮૪. આ વિનિયમોની કોઈ જોગવાઈઓને અમલમાં મૂકતાં, કોઈ અડચણ ઉભી થાય તો, આયોગ, સામાન્ય કે ખાસ હુકમ દ્વારા અડચણો દૂર કરવાના હેતુ માટે તેને જરૂરી કે ઉચિત લાગે તેવું અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવું કંઈપણ કરી શકે છે.

નિયત કરેલ સમયમાં વધારો કે ઘટાડો :

૮૫. આ વિનિયમો દ્વારા અથવા કોઈ કાર્ય કરવા માટે આયોગના હુકમ દ્વારા નિયત કરેલ સમય, અધિનિયમોની જોગવાઈઓને આધીન રહીને, આયોગના હુકમ દ્વારા પર્યાપ્ત કારણસર (તે અગાઉ સમાપ્ત થયો હોય કે નહિ પણ) વધારી કે ઘટાડી શકશે.

બિનપાલનની અસર :

૮૬. આ નિયોમની કોઈ જરૂરિયાતનું પાલન કરવામાં નિષ્ફળતાથી, માત્ર આવી નિષ્ફળતાને કારણે જ કોઈ કાર્યવાહીને રદબાતલ ઠરાવી શકાય નહિ, જો આયોગના મત મુજબ આવી નિષ્ફળતાથી ઘોર અન્યાય થયો ન હોય.

ખર્ચ :

૮૭. (૧) આયોગ દ્વારા નિર્દેશ કરાયા મુજબની કોઈ શરતો કે મર્યાદાને અધીન, બધી તેમજ આનુષગિક કાર્યવાહીનો ખર્ચ આયોગની વિવેકબુદ્ધિ મુજબ આપાવામાં આવશે તથા કોના દ્વારા અથવા કયા ફંડમાંથી અને કેટલા પ્રમાણમાં આવો ખર્ચ ચૂકવવાનો છે તે નિર્ધારિત કરવાની તેમજ ઉપરોકત હેતુઓ માટે જરૂરી બધા આદેશો આપવાની આયોગને પૂરી સત્તા રહેશે.

(૨) હુકમ થયાની તારીખથી ૩૦ દિવસમાં અથવા આયોગ દ્વારા નિર્દેશ કરાયા મુજબનાસમયમાં આ ખર્ચ ચુકવવાનો રહેશે. ખર્ચ આપવાના આયોગના હુકમનો દીવાની અદાલતના હુકમનામા/ હુકમની જેમ જ અમલ કરવાનો રહેશે.

આયોગ દ્વારા કરાયેલ હુકમની બજાવણી :

૮૮. સંબંધિત વ્યકિતઓ દ્વારા અધિનિયમની જોગવાઈઓ અને વિનિયમ અનુસાર આયોગ દ્વારા કરાયેલ હુકમની બજવણી અને અમલ થાય તે સચિવશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે અને જરૂર હોય, તો નિર્દેશો માટે આયોગના હુકમો મેળવવાના રહેશે.

ખાલી જગ્યાઓ કાર્યવાહીઓને રદબાતલ ઠેરવી શકશે નહિ :

૮૯. આયોગના બંધારણમાં કોઈ ખાલી જગ્યા કે ખામી હોવાના માત્ર કારણસર આયોગના કોઈ કાર્ય કે કાર્યવાદીઓ પ્રત્યે સંદેહ વ્યકત કરી શકાશે નહિ કે રદબાતલ ઠરાવી શકાશે નહિ.

૯૦. સભ્ય તરીકે કોઈ વ્યકિત દ્વારા શુભનિષ્ઠાથી કરવામાં આવેલ કોઈ કાર્યને, તેને સભ્ય તરીકે ગેરલાયક ઠરાવાયો હતો કે તેની નિમણૂકમાં કોઈ બીજી ખામી હતી, તેટલા જ કારણસર રદબાતલ ગણી શકાશે નહિ.

૯૧. આયોગ, સમાન્ય કે ખાસ લેખિત હુકમ દ્વારા, આયોગના કોઈ સભ્ય, મંત્રી, અધિકારી કે કોઈપણ વ્યકિતને હુકમમાં નિર્દિષ્ટ કરાયેલી, જો કોઈ હોય તો, તેવી શરતોને આધીન, અધિનિયમ હેઠળ, તેને જરૂરી જણાય તેવી તેની સત્તાઓ અને કામગીરીઓ સોંપી શકશે. (અધિનિયમ અનુસાર વિવાદોના નિર્ણય કરવાની સત્તા સિવાય અને વિનિયમ બનાવવાની સત્તાઓ સિવાય).

આ વિનિયમ બીજા કાયદાઓની બાદબાકી કરીને નહિ પરંતુ તેના વધારામાં છે.

૯૨. આ વિનિયમ અધિનિયમો, તે અન્વયે ઘડેલા નિયમો કે વિનિયમો અથવા કાયદા હેઠળ ઠરાવેલ કોઈ જોગવાઈ બાદ કરીને નહિ પરંતુ તે ઉપરાંતના છે.

નમૂનો - ૧

(જુઓ ખંડ ૨૭)

કાર્યવાહી માટેનું સામાન્ય શીર્ષક

ફાઈલ નં.

કેસ નં.

(કચેરીએ ભરવું)

.....ના કામે

(દાદઅરજી / જવાબ કે અરજીના હેતુનો સાર)

અને

(વાદીઓ / અરજદારોનાં નામ, પૂરાં સરનામાં, ફોન નં., ફેકસ નં. અને ઈ-મેઈલ સરનામું તેમજ પ્રતિવાદીઓનાં નામ, પૂરાં સરનામાં, ફોન નં., ફેકસ નં. અને ઈ-મેઈલ એડ્રેસ)

કેસ / અરજીની હકીકત ટૂંકમાં જણાવવી

કેસના સમર્થનમાં નિવેદન/આધાર

દાદઃ દાદઅરજી/જવાબમાં માગવામાં આવેલી દાદ ટૂંકમાં અને સ્પષ્ટ રીતે જણાવવી.

કબૂલાતનામું

જાહેર કરું છું કે દાદઅરજીના વિષય બાબત અરજદારે બીજી કોઈ સક્ષમ ફોરમ સમક્ષ ઉઠાવેલ નથી અને આ બાબત અત્યારે હાલમાં કોઈ સક્ષમ ફોરમે હાથ પર લીધેલ નથી કે તેના સંબંધમાં કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

સ્થળ :

તારીખ .....

અરજદાર/ પ્રતિપાદીની સહી

નમૂનો - ૨

જુઓ ખંડ ૨૮(૧)

કાર્યવાહી માટેનું સામાન્ય શીર્ષક

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, અમદાવાદ સમક્ષ

ફાઈલ નં.

કેસ નં.

(કચેરીએ ભરવું)

.....ના કામે

(દાદ કે અરજીના હેતુનો સાર)

અને

(વાદીઓ / અરજદારોનાં નામ, પૂરાં સરનામાં, ફોન નં., ફેકસ નં. અને ઈ-મેઈલ સરનામું તેમજ પ્રતિવાદીઓનાં નામ, પૂરાં સરનામાં, ફોન નં., ફેકસ નં. અને ઈ-મેઈલ એડ્રેસ)

દાદ,જવાબ/ અરજી ચકાસતું સોગંદનામું

હું ....., ...નો પુત્ર, ઉ.વ. ..... નો રહેવાસી, પ્રતિજ્ઞાપૂવક એકરાર કરું છું અને નીચે મુજબ જણાવું છું કે

(૧) હું વાદી/અરજદાર/પ્રતિવાદી વગેરે છું

કે હું..... નો નિયામક / મંત્રી / ભાગીદાર ..... છું. ઉપર્યુકત કામમાં વાદી / અરજદાર / પ્રતિવાદી છું અને ઉકત વાદી / અરજદાર / પ્રતિવાદી દ્વારા આ સોંગદનામું કરવા યોગ્ય રીતે અધિકૃત થયેલ છું.

(૨) દાદ/અરજી/જવાબના .....ફકરાઓમાં કરાયેલાં નિવેદનો મને બતાવ્યાં છે અને અક્ષર "A" થી નિશાંન કરાયેલ છે તે મારી જાણ મુજબ સાચાં છે અને ફકરા .....માં કરાયેલાં નિવેદનો માહિતીને આધારે કરાયેલાં છે અને હું તેમને સાચાં માનું છું.

.....ના દિવસે પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરું છું કે ઉપર્યુકત સોગંદનામાની વિગતો મારી જાણ મુજબ સાચી છે, તેનો કોઈ ભાગ ખોટો નથી તેમજ તેમાં મહત્વનું કંઈ છુપાવેલ નથી.

મારી રૂબરૂ ઓળખી બતાવેલ

અમદાવાદ

૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૪

પી.એસ.શાહ

રજિસ્ટ્રાર,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 19 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRA ORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, FEBRUARY 1, 2005/MAGHA 12, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-Aand I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, અમદાવાદ, ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

તા. ૨૫ ઓગષ્ટ, ૨૦૦૪ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૩, ૨૦૦૪ ગ્રાહકોની ફરીયાદોના નિવારણ માટે તપાસ-અધિકારીની નિમણૂંકનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ
ગ્રાહકોની ફરીયાદોના નિવારણ માટે તપાસ-અધિકારીની નિમણૂંક
વિનિયમો

જાહેરનામું નં.૨૦૦૪નું ૩

૨૦૦૩ના વીજળી અધિનીયમ (૨૦૦૩નો ૩૬માં)ની કલમ ૪૨ની પેટા કલમ (૬) સાથે વાંચતાં કલમ ૧૮૧ હેઠળ આપેલી સત્તાની રૂએ અને આ અંગે તેમને સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ, ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ગુજરાત રાજ્યમાં તપાસ અધિકારીની નિમણૂંક અને તેમનાં કાર્યો માટેની જોગવાઈ કરતાં નિયમો વિનિયમો ઘડે છે.

પ્રકરણ-૧
પ્રારંભિક

૧. ટૂંકું શીર્ષક, વ્યાપ્તિ અને અમલ :

આ નિયમો, ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ (તપાસ અધિકારીની નિમણૂંક) વિનિયમો કહેવાશે.

આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

આ વિનિયમો રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

INDEX

પ્રકરણ-૨

વ્યાખ્યા અને અર્થઘટન

૨. વ્યાખ્યા અને અર્થઘટન :

૨.૧ આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા આવશ્યક હોય તે સિવાય નીચે મુજબ અર્થ રહેશે.

(ક) "અધિનિયમ" એટલે ૨૦૦૩નો વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો).

(ખ) "આયોગ" એટલે ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ.

(ગ) ફરિયાદી એટલે (ક) પરવાનેદાર સામે ફરિયાદ હોય અને જેમણે સીધેસીધા અથવા તેમના પ્રતિનિધિઓ મારફત ફરિયાદ દાખલ કરી હોય તેવા ગ્રાહક કે ગ્રાહકો તેમજ તેમના કાયદેસરના વારસદારો કે પ્રતિનિધિઓ, અથવા (ખ) તે સમય પુરતું અમલમાં હોય તેના કાયદા અન્વયે નોંધાયેલ અને ગ્રાહકોના વ્યાપક હિતમાં ફરિયાદો કરનાર કોઈપણ સ્વૈચ્છિક ગ્રાહક એસોસિએશન અથવા એસોસિયેશનો અથવા (ગ) પરવાનેદાર જયાં ગ્રાહક (કો)/ સ્વૈચ્છિક ગ્રાહક (કો)/ સ્વૈચ્છિક ગ્રાહક એસોસિયેશન(નો)ની ફરિયાદો નોંધે નહીં અથવા નોંધાણમાં નિષ્ફળ જાય તેવા કોઈપણ ગ્રાહક(કો)/ સ્વૈચ્છિક ગ્રાહક એસોસિયન(નો) અથવા (ઘ) જેમનું વીજ-જોડાણ કાઢી નાખવામાં આવ્યું હોય તેવી કોઈપણ વ્યકિત, અથવા (ચ) વીજ-પુરવઠા માટે નવું જોડાણ માગનાર અરજદાર.

(ઘ) "ફરિયાદ" એટલે ફરિયાદીએ લખાણમાં, તેમજ ઈ-મેઈલ અને નકલની રીતો દ્વારા, અથવા પરવાનેદારે ફરિયાદો દાખલ કરવા કોઈ નંબરો નિર્દિષ્ટ કર્યા હોય તો ફોન પર મૌખિક રીતે અથવા ફરિયાદો નોંધવા માટે પરવાનેદારે નિર્દિષ્ટ કરેલ હોય તેવી તેની કચેરીની અંગત મુલાકાત લઈને પરવાનેદારને કરેલી કોઈપણ ફરિયાદ, જેમાં, મર્યાદા વગર, નીચેની બાબતોને લગતી ફરિયાદોનો સમાવેશ થાય છે.

(૧) વીજ-પુરવઠા સંહિતા અન્વયે અથવા આયોગ દ્વારા નિર્દિષ્ટ પરવાનેદારની કામગીરીનાં ધોરણો બાબતમાં લાઈસન્સ અને / અથવા કોઈપણ કરાર કે સમજૂતિના અનુસંધાનમાં પરવાનેદારે કરવા માટે હાથ ધરવાની કામગીરીની ગુણવત્તા, સ્વરૂપ અને પદ્ધતિમાં કોઈપણ, ભૂલ, અપૂર્ણતા, ન્યૂનતા કે અપર્પ્તતા,

(૨) વીજળી સેવા પૂરી પાડવામાં પરવાનેદારે અપનાવેલી કોઈપણ ગેરવ્યાજબી ધંધાદારી પ્રણાલી અથવા નિયંત્રક ધંધાદારી પ્રાણાલી, અથવા

(૩) પ્રવર્તમાન કાયદા હેઠળ સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા કરાવેલ અથવા બુદ્ધિયુકત ઔદ્યોગિક પ્રથાઓ દ્વારા સ્થાપિત સુરક્ષા સંહિતા, નિયમો અને વિનિયમો સહિત લાગુ પડતા કોઈપણ કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને લોકોને વાપરવા માટે અપાતી વીજળી-સેવાઓ, જેને પરિણામે મનુષ્યની પશુધન કે મિલ્કતને જિંદગી અને સુરક્ષા જોખમમાં અને ભયમાં મુકાય તે.

(૪) "વીજળી-સેવાઓ"માં ગ્રાહકોને વીજળી-શકિતનો પુરવઠો, તે અંગેનાં બિલો, મીટર-વ્યવસ્થા અને જાળવણીનો સમાવેશ થાય છે, તેમજ પરવાનેદાર તેના લાઈસન્સ મુજબ અથવા કોઈપણ લાગુ પડતા કાયદા અન્વયે પુરી પાડવી જરૂરી હોય તેવી તમામ સહાયક પેટા-સેવાઓ અને બીજી કોઈપણ સેવાનો સમાવેશ થાય છે.

(૫) "ફોરમ" એટલે અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૫)ના સંદર્ભમાં અને માર્ગદર્શક સૂચનાઓ અનુસાર પરવાનેદારે ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે રચવાનું ફોરમ.

(૬) "ફંડ" એટલે અધિનિયમની કલમ-૧૦૩ અન્વયે રચવાનું ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ ફંડ.

INDEX

(૭) "ફરિયાદ" એટલે ફરિયાદ નોંધવા કે તેના નિવારણ માટે પરવાનેદારની નિષ્ફળતાને કારણે ઉદ્‌ભવેલી ગ્રાહકની ફરિયાદ અને તેમાં કોઈપણ ફરિયાદ સંબંધમાં અથવા ફરિયાદ અંગે કે તે મુજબ પરવાનેદારે લીધેલ કોઈપણ પગલા બાબતમાં ગ્રાહક અને પરવાનેદાર વચ્ચેનો કોઈપણ તકરારનો સમાવેશ થાય છે.

(૮) "માર્ગદર્શક સૂચનાઓ" એટલે ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની સ્થાપના) વિનિયમો અન્વયે પરવાનેદાર દ્વારા ફોરમની સ્થાપના માટે આયોગે ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ.

(૯) "પરવાનેદાર" એટલે અધિનિયમ અન્વયે વ્યાખ્યા કર્યા મુજબ વિતરક પરવાનેદાર.

(૧૦) "તપાસ અધિકારી"• (6 mbudsman) એટલે અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૬) અન્વયે આ વિનિયમોના ખંડ-૩ હેઠળ આયોગે નિયુકત કરેલ કે નામ-નિર્દિષ્ટ કરેલ સત્તાધિકારી.

(૧૧) "વિનિયમો" એટલે ૨૦૦૪ના ગુજરાત વીજ-નિયમના આયોગ (તપાસ અધિકારીની નિમણૂંક)ના વિનિયમો.

(૧૨) "નિવેદન" એટલે ફોરમના (રદબાતલના હુકમ સહિત) હુકમથી નારાજ થયેલ, અથવા માર્ગદર્શક સૂચનાઓ અનુસાર નિર્દિષ્ટ સમયની અંદર ફોરમ દ્વારા જેમની ફરિયાદોનું નિવારણ ન થયું હોય તેવા ફરિયાદી દ્વારા તપાસ અધિકારીને કરાયેલું નિવેદન.

(૧૩) "રાજય અધિનિયમ" એટલે ૨૦૦૩ના ગુજરાત વીજ-ઉદ્યોગ (પુર્નરચના અને વિનિયમો) અધિનિયમ. વિનિયમોમાં વપરાયેલ અને વ્યાખ્યા નહીં અપાયેલ, પરંતુ અધિનિયમ કે રાજય અધિનિયમ અથવા તે અનવયે ઘડાયેલા નિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દ-પ્રયોગોના અર્થ અધિનિયમ કે રાજય અધિનિયમ કે આવા નિયમોનાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલા પરંતુ વિનિયમોમાં કે અધિનિયમ કે રાજય અધિનિયમમાં અથવા તે હેઠળ ઘડાયેલ નિયમોમાં ખાસ વ્યાખ્યા ન કરાઈ હોય તેવા શબ્દપ્રયોગોનો અર્થ, સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા કોઈપણ કાયદા અનવયે તેની વ્યાખ્યા કરાયેલ અને રાજયમાં વીજળી-ઉદ્યોગને લાગુ પડતા આવા કાયદામાં આવા શબ્દપ્રયોગોને અપાયેલ અર્થ મુજબ રહેશે. ઉપરની બાબતોને આધીન રહીને, અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમો કે અધિનિયમ કે રાજય અધિનિયમમાં કે તે હેઠળ ઘડાયેલ નિયમોમાં અથવા સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ બીજા કોઈપણ કાયદામાં ખાસ વ્યાખ્યા ન કરાઈ હોય તેવા શબ્દ પ્રયોગોનો અર્થ, વીજ-ઉદ્યોગમાં સામાન્યપણે તેમને માટે મુકરર કરાયેલ અર્થ પ્રમાણે રહેશે.

૨.૨ અર્થઘટન

સંદર્ભથી અન્યથા હોય તે સિવાય આ વિનિયમોના અર્થઘટનમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થશે.

(ક) યથાપ્રસંગ એકવચન કે બહુવચનના શબ્દો, અનુક્રમે બહુવચન કે એકવચનમાં સમાવિષ્ટ થયાનું ગણવામાં આવશે.

(ખ) "સમાવેશ" કે "સહિત" શબ્દો, "મર્યાદા વિના" કે "ને પૂરતું મર્યાદિત નહીં" એવા શબ્દો પાછળ આવશે અને આવા શબ્દો પછી "આયાત" (import) જેવા શબ્દો કે વાકયાંશો આવે કે નહીં તે લક્ષમાં લેવામાં આવશે નહીં.

(ગ) અહીં "વિનિયમો" સંબંધમાં "સંદર્ભો"નો અર્થ, અમલમાં હોય તેવા કાયદા અનુસાર વખતોવખત

આયોગ દ્વારા સુધારો કરવામાં કે ફેરફાર કરવામાં આવતા આ વિનિયમોના સંદર્ભ તરીકે ગણવામાં આવશે.

(ઘ) શીર્ષકો અનુકૂળતા માટે દાખલ કરવામાં આવ્યા છે અને આ વિનિયમોના અર્થઘટન માટે તે ધ્યાનમાં લેવા નહીં.

(ચ) વિવિધ કાયદા, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને લગતા સંદર્ભોનો અર્થ, યથાપ્રસંગ, ઉલ્લેખ કરાયેલ કાયદા, વિનિયમો, કે માર્ગદર્શક સૂચનાઓને એકત્રિત કરતી, સુધારતી કે ફેરફાર કરતી તમામ જોગવાઈઓનો સમાવેશ કરનાર તરીકે કરાશે.

પ્રકરણ-૩

તપાસ - અધિકારીની નિમણૂક, મુદત અને અધિકારક્ષેત્ર

૧. નિમણૂંક અને મુદત

(ક) આ વિનિયમોના હેતુસર, આયોગ તપાસ અધિકારીની વખતોવખત નિમણૂંક કરશે અથવા અન્યથા આવી વ્યક્તિ કે વ્યક્તિઓનું નામ-નિર્દેશ કરશે.

પરંતુ તપાસ તંત્રમાં એક કરતાં વધુ વ્યક્તિઓનો સમાવેશ થતો હોય ત્યાં, સમાન સંખ્યામાં વ્યક્તિઓનો સમાવેશ થશે નહીં. આવા કેસમાં, આયોગ તપાસ અધિકારીઓના સભ્યો પૈકી એકની તપાસ તંત્રના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરશે.

(ખ) આયોગ, તપાસ અધિકારીની નિમણૂંક કે નામનિર્દેશ કરશે.

(૧) દરેક પરવાનેદારના વીજ-પુરવઠાના વિસ્તાર માટે અલગ તપાસ અધિકારી, અથવા,

(૨) પુરવઠાના બે કે વધુ આવા વિસ્તારો માટે એક સામાન્ય તપાસ અધિકારી, અથવા

(૩) સમગ્ર રાજય માટે એક સામાન્ય તપાસ અધિકારી,

(ગ) તાસ તંત્રના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવનાર વ્યક્તિ,

(૧) નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશની નિમણૂંક માટે પાત્ર હોવી જોઈશે, અથવા

(૨) કાયદા, વ્યવસ્થા કે વહીવટમાં વીસ કે વધુ વર્ષોનો અનુભવ હોવો જોઈએ, અથવા

(૩) વીજ-વપરાશ ક્ષેત્રમાં નિવૃત્ત મુખ્ય વીજળી-નિરીક્ષક/મુખ્ય વહીવટી અધિકારી/વહીવટી સંચાલક/ અધ્યક્ષ હોવી જોઈએ, અથવા વીજળી ઉદ્યોગમાં ઓછામાં ઓછો વીસ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઈએ.

(ઘ) ઉપરના પેટા-ખંડ (ક) અન્વયે નિયુકત તપાસ-તંત્રના સભ્યોએ આ માન્યતમા પોતાનો સંપૂર્ણ સમય, તપાસતંત્રની કચેરીના કામકાજને આપવો જોઈશે. આમ છતાં, અધ્યક્ષના મતે તેમ કરવું જરૂરી હોવાનું જણાય તો, તે સભ્યોને, આ વિનિયમો હેઠળની તેમની ફરજોમાં વિક્ષેપ પાડવાનો સંભવ ન હોય તેવું અંશકાલિન માનદ્ કામ હાથ ધરવાની મંજૂરી આપી શકશે.

(ચ) આ વિનિયમો હેઠળ નિવૃત્ત તપાસ-તંત્રના સભ્યોની મુદત અધિકતમ ત્રણ વર્ષની રહેશે.

(છ) આયોગને લોકોના હિતમાં અથવા નીચે જણાવેલાં કારણોસર, ખાતરી થાય કે, તપાસ-તંત્રના સભ્યને બરતરફ કરવો જરૂરી છે, તો, આયોગ, લેખિતમાં નોંધેલાં કારણોસર અને એક મહિનાની નોટિસ આપીને અથવા નોટિસ-મુદતના બદલે એક મહિનાનું એકત્રિત વળતર ચૂકવીને આવી વ્યક્તિને

બરતરફ કરી શકશે, જો તે,

(૧) નાદાર હોવાનો ન્યાય-નિર્ણય આવ્યો હોય,

(૨) નૈતિક અધઃપતનને આવરી લેતા ગુનામાં ગુનેગાર ઠર્યો હોય;

(૩) તપાસ તંત્રના સભ્ય તરીકે કામ કરવા શારીરિક કે માનસિક રીતે અશકત બન્યો હોય,

(૪) તપાસ-તંત્રના સભ્ય તરીકેની તેની કામગીરીમાં બાધારૂપ બનવાની શકયતા હોય તેના નાણાંકીય કે બીજા હિત સંપાદિત કર્યા હોય.

(૫) પોતાના હોદ્દાનો એટલો દુરુપયોગ કર્યો હોય કે તેને તેના હોદ્દા પર ચાલુ રાખવો તે જાહેર હિતમાં બાધારૂપ બને તેમ હોય, અથવા,

(૬) ગેરવર્તણુંક માટે ગુનેગાર ઠર્યો હોય..

પરંતુ, આયોગે નિયુકત કરેલ તપાસમાં તે એવા તારણ પર આવે કે વ્યકિતને આવા કારણ કે કારણોસર બરતરફ કરવી, તે સિવાય ઉપર્યુકત ખંડો (૪), (૫) અને (૬)માં નિર્દિષ્ટ કોઈપણ કારણથી કોઈપણ વ્યકિતને તેના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહીં.

(જ) તપાસ-તંત્રના સભ્યો અને અધ્યક્ષનાં મહેનતાણા સહિતની નિમણૂંકની શરતો આયોગ દ્વારા નકકી કરાશે. તપાસ-તંત્રના સભ્યો અને અધ્યક્ષને ચૂકવવાપાત્ર મહેનતાણું ફંડમાંથી ચૂકવાશે.
પરંતુ, આયોગને વ્યાજબી જણાય તેટલા વધુ સમય-ગાળા માટે અથવા ફંડ ઉભું કરવામાં આવે તેટલા સમય સુધી તપાસ અધિકારીને ચૂકવવાના મહેનતાણા અને બીજા ભથ્થાં, આયોગ નકકી કરે તે પ્રમાણે તેટલા પ્રમાણમાં અને તેવી રીતે પરવાનેદારે ચૂકવવાનાં રહેશે.

(ઝ) તપાસ અધિકારીની કચેરી(ઓ), આયોગ નિર્દિકાર કરે તેવા સ્થળે (સ્થળોએ) રાખશે. આયોગ, તપાસ- અધિકારીની કચેરી(ઓ) માટે જરૂરી પૂર્વ-સગવડો પૂરી પાડશે. તપાસ-અધિકારીને કરાયેલ નિવેદનોના ઝડપી નિકાલ માટે, તેમની સમક્ષ પડેલ નિકાલ-બાકી નિવેદનો બાબતમાં, તેમના અધિકારક્ષેત્રના વિસ્તારમાં, તેમને જરૂરી અને યોગ્ય જણાય તેવાં સ્થળોએ બેઠકો યોજશે.

(ટ) આયોગ, તપાસ અધિકારીની વિનંતીને આધારે, તેમની કામગીરીની સુગમતા સારુ તેમને સ્ટાફ પુરો પાડશે. આયોગ, આવા સ્ટાફના પગાર સહિત રોજગારની શરતો નકકી કરશે અને આયોગ ફંડમાંથી તેની ચુકવણી કરશે.

(ઠ) તપાસ અધિકારીના નામ, સ્થળ, ઈ-મેઈલ સરનામું અને ટેલીફોન નંબરોને વર્તમાનપત્રો દ્વારા વ્યાપક પ્રસિદ્ધિ અપાશે અને વેબસાઈટો પર તથા પરવાનેદાર તેમજ આયોગની કચેરીઓમાં તે નિદર્શિત કરાશે અને વીજળી, બિલો મારફત તેની ગ્રાહકોને જાણ કરાશે. રેડિયો અને દૂરદર્શન દ્વારા પણ તેઓની જાણ કરાશે.

૪ અધિકારીક્ષેત્ર

તપાસ અધિકારીનું પ્રાદેશિક અધિકારક્ષેત્ર, સંપૂર્ણ કે અંશતઃ ગુજરાત રાજય સુધી વિસ્તરેલું રહેશે. પરંતુ, આયોગ ખંડ-૩ ના પેરા-ખંડ (બ) હેઠળ એક કરતાં વધુ તપાસ-અધિકારીઓ નીમે કે નામ-નિર્દિષ્ટ કરે ત્યાં, આયોગે આવા હુકમમાં દરેક તપાસ-અધિકારીનું પ્રાદેશિક અધિકારક્ષેત્ર નકકી કરવું.

૫ તપાસ-તંત્ર (ઓમ્બુડસમેન)ની સત્તાઓ અને કામગીરીઓ

તપાસ-તંત્રની સત્તાઓ અને કામગીરીઓ

તપાસ-તંત્રની સત્તાઓ અને ફરજો નીચે મુજબની રહેશે.

(ક) રજૂઆતો મેળવવી, આવી રજૂઆતો પર વિચારણા કરવી અને પરવાનેદાર અને ફરિયાદી વચ્ચે સમાધાન અને મધ્યસ્થી દ્વારા તેઓના સંતોષ કે સમજૂતી દ્વારા પતાવટ માટે સરળતા કરી આપવી અને જયાં આવું સમાધાન ન સાધી શકાય, ત્યાં આ વિનિયમો અનુસાર ચુકાદો આપવો.

(ખ) તપાસ-તંત્ર, પ્રથમ તબકકે તો, રજૂઆતના વિષયની બાબતોમાં સલાહકાર અને મધ્યસ્થી તરીકે કાર્ય કરશે.

(ગ) તપાસ-તંત્ર તેના કાર્યાલય પર દેખરેખ અને નિયંત્રણની સામાન્ય સત્તાઓનો ઉપયોગ કરશે તેમજ ત્યાંના કામકાજના સંચાલન માટે જવાબદાર રહેશે.

(ઘ) તપાસ-તંત્રના અધ્યક્ષને કાર્યાલય વતી ખર્ચ કરવાની સત્તા રહેશે. આવી સત્તાના ઉપયોગ માટે તપાસ-તંત્ર તેના કાર્યાલય માટે, આયોગ સાથે પરામર્શ દ્વારા વાર્ષિક બજેટ તૈયાર કરશે અને આ મંજૂર કરેલા બજેટમાં રહીને તેની ખર્ચ કરવાની સત્તાનો ઉપયોગ કરશે. આ બજેટમાં તપાસ-તંત્રના વહીવટી ખર્ચ માટે જોગવાઈ હશે. ફંડમાંથી તપાસ-તંત્રના મંજૂર કરેલા બજેટ માટે આયોગે પૂરતો ફંડ મંજૂર કરવાનો રહેશે. આમ છતાં, આયોગ આ ફંડના વિનિયોગ પર દેખરેખ રાખશે અને ફંડના વિનિયોગ માટે વખતો વખત, તેને વાજબી કે જરૂરી લાગે તેવી સૂચનાઓ આપશે.

પ્રકરણ-૫

તપાસ - તંત્ર અનુસરવાની કાર્યવાહીઓ

૬. તપાસ-તંત્રે અનુસરવાની કાર્યવાહી

(ક) ફોરમના હુકમથી નારાજ અથવા ફોરમ દ્વારા તેની ફરિયાદોનું નિરાકરણ ન થાય તૈયારે (રદીકરણના હુકમ સહિત) કોઈપણ ગ્રાહક, પોતે અથવા તેના પ્રતિનિધિ દ્વારા, ફોરમના આખરી હુકમની તારીખથી ત્રીસ દિવસમાં અથવા ફોરમો દ્વારા ફરિયાદના નિવારણ માટેના માર્ગદર્શક સૂચનાઓમાં નિર્દિષ્ટ સમયગાળાની સમાપ્તિ પછી તપાસ-તંત્રને રજૂઆત કરી શકે છે.

પરંતુ ઉકત ૩૦ દિવસના સમયગાળાની સમાપ્તિ પછી જો એવો સંતોષ થાય કે તે સમયગાળામાં નહી રજૂ કરવા માટે પૂરતું કારણ છે તો તપાસ-તંત્ર રજૂઆત વિચારણામાં લઈ શકે છે.

(ખ) રજૂઆત લેખિતમાં, ફરીયાદી અથવા તેના અધિકૃત પ્રતિનિધિની યોગ્ય સહી સાથે, ફેકસ કે ઈ-મેઈલ સ્વરૂપમાં, ફરીયાદીના નામ અને સરનામા સહિત, ફરિયાદ પેદા કરતી હકીકતો, તેને પુષ્ટિ આપતા જો કોઈ દસ્તાવેજો હોય તો તે સાથે હોવી જોઈશે તેમજ તે તપાસ-તંત્ર પાસે માંગવાની થતી દાદ જણાવતી હોઈ શકે.

(ગ) રજૂઆતમાં એવા નિવેદનનો સમાવેશ કરવાનો રહેશે જે ફરિયાદી દ્વારા યોગ્ય રીતે સહી કરેલુ, નીચે ખંડ (છ)માં ઠરાવેલ શરતો પૂરી કરતું હોય તેવું તેમજ તેવું જણાવતું કે ફરીયાદીની જાણમાં હોય એવું

કશું જ નથી જે તેની પતાવટ માટે સરળતા કરી આપવામાં, અથવા રજૂઆતના વિષયની બાબતમાં ચૂકાદો આપવામાં અથવા અન્યથા આ વિનિયમોની જોગવાઈઓ અનુસાર વ્યવહારો કરવામાં, તપાસ-તંત્રને રજૂઆત પર વિચારણા કરવા પર રોક લગાવી શકે.

(ઘ) તપાસ-તંત્ર નીચે મુજબ ગ્રાહકને રજૂઆત મળ્યાના યોગ્ય સ્વીકૃતી પત્ર સાથે રજુઆતની માન્ય પ્રત નીચેની રીતે આપશે.

(i) જો રજૂઆત રૂબરૂ આપવામાં આવે, તો સોંપણી કર્યા પછી તરત જ, અથવા

(ii) જો ટપાલમાં, કુરિયર કે ઈ-મેઈલ કે ફેકસ દ્વારા મોકલવામાં આવે, તો રજૂઆત મળ્યાના બે ચાલુ દિવસોમાં રવાનાગી/ઈમેઈલ/ફેકસથી તપાસ-તંત્ર, સ્વીકૃતીપત્ર આપતાં, તેમણે સ્વીકારેલી દરેક રજૂઆતો માત્ર એક કેસ નંબર આપશે.

(ચ) તપાસ-તંત્રે વખતો-વખત મેળવેલી તમામ રજુઆતોનો સાચો અને ખરો રેકોર્ડ રાખવાનો રહેશે.

(છ) તપાસ-તંત્રને કોઈ રજૂઆત કરી શકાશે નહિ,

(૧) ફરીયાદી ફોરમના હુકમથી નારાજ ન હોય અથવા માર્ગદર્શક સુચનાઓમાં ઠરાવેલા સમયગાળામાં ફોરમ દ્વારા તેની ફરિયાદોનું નિરાકરણ ન થાય.

(૨) આ વિનિયમોમાં ઠરાવેલ સમયગાળામાં ફોરમના હુકમ વિરૂદ્ધ રજુઆત કરવામાં ન આવે તો

(૩) તપાસ-તંત્ર દ્વારા કોઈ અગાઉની કાર્યવાહીઓમાં એક સરખી બાબતમાં તેમજ એક જ સરખા ફરીયાદી અને પરવાનેદારના સંદર્ભમાં પતાવટ કરાઈ હોય,

(૪) જયારે એ જ બાબત તેમજ એ જ ફરીયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબતના સંદર્ભમાં કાર્યવાહીઓ કોઈ અદાલત, ન્યાયપંચ,લવાદ કે કોઈ બીજા સત્તાધિકારી સમક્ષ નિકાલ બાકી હોય અથવા આવી અદાલત, ન્યાયપંચ, લાવદ કે સત્તાધિકારી દ્વારા હુકમનામું, કે ચુકાદો કે આખરી હુકમ કયારનોય કરી દેવામાં આવ્યો હોય.

(૫) એવા કેસો કે જે આ અધિનિયમની કલમો ૧૨૬, ૧૨૭, ૧૩૫ થી ૧૩૯, ૧૫૨ અને ૧૬૧ નીચે આવરી લેવાય છે, અથવા

(૬) એવા કેસોમાં કે જયારે ફોરમના હુકમ મુજબ ફરીયાદીએ રકમ ચૂકવવાની થતી હોય અને નિયત કર્યા મુજબ ફરિયાદીએ તપાસ-તંત્ર પાસે તે નિયત કરેલી રકમનો ત્રીજો ભાગ જમા ન કરાવ્યો હોય.

(જ) **તપાસ-તંત્ર**

જો કોઈપણ તબકકે એવું લાગે તો રજૂઆત નામંજૂર કરી શકે છે.

(૧) રજૂઆત ક્ષુલ્લક, ત્રાસદાયક કે બદ્દઈરાદાવાળી હોય,

(૨) રજૂઆત પર્યાપ્ત કારણ વગરની હોય,

(૩) ફરીયાદી દ્વારા રજૂઆત વ્યાજબી ખંતથી જારી રખાયેલ,

(૪) ગ્રાહક/ફરીયાદીને પ્રથમ દૃષ્ટિએ ખોટ કે નુકશાન કે અગવડ પડી નથી.

(ઝ) જો ફરીયાદી તપાસતંત્ર સમક્ષ એવી બાબત લાવે કે જે અગાઉ બીજી સક્ષમ ફોરમ સમક્ષ નિકાલ બાકી હોય અને આવી ફોરમ તેની ન્યાયિક નોંધ લે તો તપાસ-તંત્ર તેની સમક્ષની આ કાર્યવાહીઓ રદ કરી શકે છે.

(ટ) વ્યવહારુ રીતે એમ કરવું જેટલું બને તેટલું જલદી પરંતુ રજૂઆત મળ્યાની તારીખથી એક અઠવાડિયાથી વધારે મોડા નહિ, તે રીતે તપાસ-તંત્ર સંબંધિત પરવાનેદારને રજૂઆતની એક નકલ જોડી નોટીસ બજાવશે અને સમાધાન કે મધ્યસ્થી દ્વારા ફરીયાદી અને પરવાનેદાર વચ્ચે સમજૂતી દ્વારા પતાવટ કરવા માટે પ્રયત્ન કરશે.

(ઠ) ઉપરના પેટા ખંડ(ઝ) મુજબ પરવાનેદારને અપાયેલી નોટીસમાં પરવાનેદારે રજૂઆતનો જવાબ આપવાનો છે તે સમયગાળો નિર્દિષ્ટ કરવાનો રહેશે અને આ સમયગાળો એવો હોવો જોઈએ કે જેથી તપાસ-તંત્ર રજૂઆત મળ્યાની તારીખ થી ૩૦ દિવસમાં સમાધાન કે મધ્યસ્થી દ્વારા બાબતની પતાવટ કરી શકે.

(ડ) રજૂઆતની તપાવટ સરળ બનાવવાના હેતુ માટે તપાસ-તંત્ર તેને યોગ્ય ગણે તેમ કે આયોગ દ્વારા વખતોવખત નિયત કરવામાં આવી હોય તેવી કાર્યરીતિ અનુસરી શકે છે.

પરંતુ, તપાસ-તંત્રમાં એક કરતાં વધારે વ્યકિતઓનો સમાવેશ થતો હોય તો તે હેતુ માટે તેના પ્રમુખ દ્વારા નિમાયેલ, તપાસ-તંત્રના એક કે તેથી વધારે સભ્યો દ્વારા સમાધાન કે મધ્યસ્થી કરી શકાશે.

(ઢ) જો સમાધાન કે મધ્યર્થી તપાસ-તંત્ર દ્વારા રજૂઆતની પતાવટ કરાઈ હોય, તો તપાસ-તંત્ર કેસના સંજોગોમાં યોગ્ય જણાય તેવી લેખિતમાં ભલામણ કરશે ભલામણની નકલો ફરીયાદી અને પરવાનેદારને મોકલવાની રહેશે. જો ફરીયાદી અને પરવાનેદાર તપાસ-તંત્રની ભલામણ સ્વીકારે, તો તેઓ ભલામણ મળ્યાની તારીખથી ૧૫ દિવસમાં તેની સ્વીકૃતિ, તપાસ-તંત્રને લેખિતમાં જણાવશે.

(ણ) જો રજૂઆતની પતાવટ, રજૂઆત મળ્યાની તારીખથી ૩૦ દિવસના સમયગાળા દરમ્યાન અથવા તપાસ-તંત્રને યોગ્ય ગણે તેટલા વધારેલા સમયગાળામાં, સમજૂતી દ્વારા ન કરાઈ હોય, તો તે બાતની સુનાવણી માટે તે યોગ્ય ગણે તે જગ્યા, સમય અને તારીખ નિર્ધારીત કરી શકે છે.

પરંતુ રજૂઆત મળ્યાની તારીખથી ૪૫ દિવસમાં અથવા પક્ષકારોમાં સમજૂતી દ્વારા પતાવટ માટે તપાસ-તંત્ર દ્વારા નિર્દિષ્ટ કરાઈ હોય તેવી વધારેલી મુદત પૂરી થયાના ૧૫ દિવસમાં તેની સુનાવણી ગોઠવશે.

વળી, જો તપાસ-તંત્ર ઉપર જણાવેલ સમયગાળા દરમ્યાન સુનવણી યોજવા માટે અસમર્થ હોય, તો તે આયોગની પરવાનગીથી પછીની તારીખે સુનાવણી યોજી શકે છે.

(ત) જો તપાસ-તંત્રમાં એક કરતાં વધારે વ્યકિતઓનો સમાવેશ થતો હોય તો તેના ૨/૩ ભાગના સભ્યોની હાજરી ન હોય, તો તેના દ્વારા કોઈ સુનાવણી કરવામાં આવશે નહિ અને આખરી ચુકાદા સહિતના તેના બધા જ નિર્ણયો, તેના બહુમતિ સભ્યોની સંમતિથી જ કરવાના રહેશે.

(થ) તપાસ-તંત્ર પ્રથમ સુનાવણીની તારીખે આ નિયમનો મુજબની નિશ્ચિત કરેલી સમયમર્યાદાને આધીન, ચુકાદો આપવાની સમયસીમા સહિત, સુનાવણી માટે સમયપત્રક ગોઠવશે. તપાસ-તંત્ર આવા સમયપત્રકનું ચુસ્ત રીતે પાલન કરશે અને આવા સમયપત્રકનું પાલન કરવામાં ચૂક નહિ કરે અન્યથા આવી ચૂક માટેનાં કારણો નોંધવાનાં રહેશે.

(દ) તપાસ-તંત્ર પક્ષકારોનાં નિવેદનોને આધારે, તેઓને સાંભળવાની તક આપ્યા પછી, તે બાબતનો નિર્ણય કરશે. તે તંત્ર વિગતવાર કારણો સાથેનો વિનદર્શક ચુકાદો આપશે. આ ચુકાદો આપતી વખતે, આ તંત્ર પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓ, સુસંગત કાયદા મુજબના નિયમો અને વિનિયમો સાથે લાગુ પડતા કાયદાના સિદ્ધાંતો, આયોગ દ્વારા વખતો-વખત બહાર પડાયેલી

માર્ગદર્શક સૂચનાઓ, હુકમો, સામાન્ય પ્રકારની સૂચનાઓ, વિવેકશીલ ઔદ્યોગિક આચરણો અને ન્યાયના હિતમાં તેના મતે જરૂરી હોય એવાં બીજા પરિબળોથી દોરાયેલો હોવો જોઈએ.

(ધ) તપાસ-તંત્રે આપેલ ચુકાદો

(i) તેના પહેલાંની કાર્યવાહીઓમાંથી ઉભા થતા મુદ્દાઓ

(ii) મુદ્દાવાર નિર્ણય

(iii) ચુકાદો આપવાનાં કારણો

(iv) પરવાનેદાર કે ગ્રાહક માટેનાં, જો કોઈ હોય તો તે ફરમાનો, જણાવતો હોવો જોઈશે.

(ન) તપાસ-તંત્રને તેની સમક્ષના સંજોગો જોતાં તેને યોગ્ય લાગે તો બંનેમાંથી કોઈપણ પક્ષકાર પર ખર્ચ લાદવાની સત્તા રહેશે.

(પ) સંબંધિત ફરિયાદી અને પરવાનેદારને ચુકાદાની નકલ મોકલવાની રહેશે.

(ફ) તપાસ-તંત્ર દ્વારા અપાયેલ ચુકાદો પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે. જો ચુકાદાથી નારાજ હોય, તો ચુકાદો મળ્યાની તારીખથી ૩૦ દિવસમાં પરવાનેદાર કે ફરિયાદી તપાસ-તંત્રને ચુકાદાની સમીક્ષા માટે અરજી કરી શકશે. તપાસ-તંત્ર તેના દ્વારા અપાયેલ ચુકાદાની નીચેના કારણોસર સમીક્ષા કરી શકશે.

(i) નવી કે અગત્યની બાબત કે પુરાવો કે જે યોગ્ય ખંત રાખ્યા પછી સમીક્ષા ઈચ્છતા વ્યકિતની જાણમાં નહોતાં કે ચુકાદો આપવામાં આવ્યો તે સમયે તેના દ્વારા રજૂ કરી શકાયું નહોતું.

(ii) રેકોર્ડ પર દેખીતી રીતે રહેલી ભૂલ કે ત્રુટિ

(iii) બીજુ કોઈ વ્યાજબી કારણ.

(બ) ચુકાદાની સમીક્ષા કરતાં તપાસતંત્રને જરૂરી લાગે તેમ તે સમીક્ષા હેઠળના ચુકાદાને રદબાતલ જાહેરકરી નવો ચુકાદો (આખરી ચુકાદા તરીકે) આપી શકે છે. કે પછી સમીક્ષા હેઠળના ચુકાદામાં તેના દ્વારા નકકી કરાયેલ મંતવ્ય જાળવી રાખી શકે છે અને તેને તેના આખરી ચુકાદા તરીકે જાહેર કરી શકે છે. બંનેમાંથી કોઈપણ પક્ષકાર દ્વારા, જયારે ઉપરોકત ખંડ(પ) મુજબ સમીક્ષા અરજી કરવામાં આવી હોય તે સિવાયના કેસોમાં, બંનેમાંથી કોઈપણ પક્ષકાર દ્વારા, ઓમ્બુડસમેન દ્વારા અપાયેલ ચુકાદાના બિનપાલન કે બિનઅમલના કિસ્સામાં, નારાજ પક્ષકાર, ચુકાદો અપાયાના ૩૦ દિવસના સમયગાળામાં કે તપાસ-તંત્ર દ્વારા ચુકાદાના અમલ માટે અપાયેલા સમયની સામાપ્તિ, બેમાંથી જે મોડુ હોય તેમાં ચુકાદાના અમલ માટે આયોગ પાસે પહોંચી જઈ શકે છે. કમિશન, ચુકાદાના અમલ માટે કોઈ હુકમ (પરવાનેદારો તે અધિનિયમ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે દંડ કે સજાના હુકમ સહિત) કે યોગ્ય લાભો તેવાં બીજા પગલા ભરી શકે.

(ભ) જયાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી, આયોગ તેની વેબસાઈટ પર તપાસ-તંત્ર માટે ફાળવાયેલી જગ્યાની વ્યવસથા કરશે જેથી તે તેના સંપર્કની વિગતો, તેની સમક્ષ નિકાસબાકી રજૂઆતોની હેસિયત, પછીની સુનાવણીની તારીખો જેવી માહિતી તેના દ્વારા ગ્રાહકો/ફરીયાદીઓ માટે અપાયેલા ચુકાદાઓની ગોપનીયતાને આધીન રહીને અપલોડ કરી શકે.

રજૂઆતને અપાયેલ કેસ નંબર દાખલ કરી ફરીયાદીઓ, રજૂઆતોને લગતી ઉપરોકત કોઈપણ માહિતી મેળવી શકે છે.

પ્રકરણ-૬

પ્રકીર્ણ

૭. રેકોર્ડનું નિરીક્ષણ અને પ્રમાણિત નકલો પૂરી પાડવી

(ક) રજૂઆતના સંદર્ભમાં, ફરીયાદી અને પરવાનેદાર હુકમો, નિર્ણયો, ફરમાનો અને તેના સમર્થનમાં તપાસ-તંત્ર દ્વારા અપાયેલાં કારણોની પ્રમાણિત નકલો મેળવવા હકદાર રહેશે.

(ખ) કોઈ વ્યકિત/ગ્રાહક વ્યાજબી ખર્ચની ચૂકવણી કર્યેથી અને તપાસ-તંત્ર ફરમાવે તેવી બીજી શરતોનું પાલન કર્યેથી, તપાસ-તંત્રના હુકમોની નકલ મેળવવા હકકદાર રહેશે.

૮. માહિતી માગવાની સત્તા :

(ક) તેની ફરજોના પાલન માટે, તપાસ-તંત્ર કોઈપણ પક્ષકારને કોઈ માહિતી પૂરી પાડવા કે રજૂઆતના વિષય બાબતને લગતા કોઈ દસ્તાવેજની પ્રમાણિત નકલો કે જે કહેવાતી રીતે અથવા વાસ્તવિક રીતે આવા પક્ષકારની જાણ કે કબજામાં હોય, તે આવી વિનંતી કર્યાના ૧૫ દિવસમાં પૂરી પાડવા ફરજ પાડી શકે છે.

પરવાનેદાર દ્વારા, કોઈપણ પર્યાપ્ત કારણ વિના તે માગણીનું પાલન કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં, તપાસતંત્રનો યોગ્ય લાગે તો, તેની પાસે ઉપલબ્ધ રેકોર્ડના આધારે, કેસની પતાવટ માટે આગળ વધી શકે છે.

(ખ) તપાસ-તંત્ર તેની ફરજ પાલન દરમ્યાન, તેની જાણ કે કબજામાં આવેલ કોઈ માહિતી કે દસ્તાવેજની ગોપનીયતા જાળવશે અને આવી માહિતી કે દસ્તાવેજો જાહેર કરનાર અને પૂરા પાડનાર વ્યકિતની સંમતિ સિવાય કોઈ વ્યકિત સમક્ષ જાહેર નહિ કરે.

પરંતુ, તપાસ-તંત્રને, તેની સમક્ષના વિવાદમાં પક્ષકાર દ્વારા અપાયેલી માહિતી કે દસ્તાવેજને બીજા પક્ષકાર કે પક્ષકારો સમક્ષ કુદરતી ન્યાયના સિદ્ધાંતોના પાલન માટે જરૂરી તેમને વ્યાજબી જણાય તેટલા પ્રમાણમાં જાહેર કરવામાં આ ખંડમાંની કોઈ જોગવાઈ રોકી શકશે નહિ.

તપાસ-તંત્ર, આવી કોઈપણ માહિતી જરૂર પડે તો, આયોગ સમક્ષ જાહેર કરી શકે છે.

(ગ) તપાસ-તંત્ર પરવાનેદારને પણ નિરીક્ષણ હાથ ધરવા આદેશ આપી શકે છે. અથવા રજૂઆતના ઝડપી નિકાલ અને ફરિયાદના નિવારણ માટે આવું નિરીક્ષણ હાથ ધરવા ત્રાહિત પક્ષકારને રોકી શકે છે.

૯. અપવાદો

આ વિનિયમમાં સમાવિષ્ટ કંઈપણ, પ્રવર્તમાન સમયે અમલમાં હોય તે કાયદો તથા ગ્રાહક સુરક્ષા ધારા ૧૯૮૬ (૧૯૮૬ નો ૬૮મો) સહિત હેઠળ ફરીયાદીના હકો તેમજ વિશેષાધિકારોને અસર કરશે નહિ.

૧૦. અડચણો દૂર કરવાની સત્તાઓ

અવિનિયમનની કોઈ જોગવાઈઓને અમલમાં મુકતાં જો કોઈ અડચણ ઉભી થાય તો, આયોગ અમાન્ય કે વિશેષ હુકમ દ્વારા આવી અડચણ દૂર કરવાના હેતુ માટે આયોગને જરૂરી કે ઉચિત લાગે તેવાં આ ધારા સાથે અસંગત ન હોય તેવાં યોગ્ય પગલાં લેવા પરવાનેદાર કે તપાસ-તંત્રને આદેશ આપી શકે છે.

INDEX

પૃષ્ઠ ૧૯૩-૧૭

૧૧ સુધારો

આયોગ, આ વિનિયમોની કોઈપણ જોગવાઈમાં, કોઈપણ સમયે પરિવર્તન, ફેરફાર કે સુધારો કરી શકશે.

૧૨ આયોગને અહેવાલ રજૂ કરવા

તપાસ-અધિકારી, આયોગને, ત્રિમાસના અંતે ૧૫ દિવસની અંદર મળેલાં, નિવારણ કરાયેલ અને નિકાલ-બાકી અહેવાલોની સંખ્યાને આધારે ત્રિમાસી અહેવાલ મોકલી આપશે.

તપાસ અધિકારી, દર વર્ષે ૩૧મી મેના રોજ આયોગને, આગલા નાણાંકીય વર્ષ દરમ્યાન તેની કચેરીઓની પ્રવૃત્તિઓની સામાન્ય સમીક્ષા સમાવિષ્ટ કરતો અહેવાલ પણ મોકલી આપશે અને આયોગને જરૂરી હોય તે પ્રમાણે આવી માહિતી પણ મોકલી આપશે.

૧૩ આયોગને આપમેળે મળતી સત્તાઓ :

(ક) આયોગને તપાસ અધિકારી સમક્ષ નિકાલ-બાકી અથવા નિકાલ કરાયેલ કોઈપણ બાબત તેને તેમ કરવું યોગ્ય જણાય તો, આપમેળે ધ્યાનમાં લેવાની સત્તા રહેશે. આ ખંડ હેઠળ, તેની સત્તાઓનો ઉપયોગ કરીને, આયોગ તપાસ-અધિકારીના હુકમોને ઉલટાવતા હુકમો કરી શકશે.

પરંતુ, તપાસ-અધિકારી લેખિતમાં વ્યાજબી હુકમ કરે નહીં ત્યાં સુધી, આયોગ તપાસ-અધિકારી સમક્ષ નિકાલ-બાકી તકરાર અંગેના તેમના હુકમો વિરૂદ્ધ હુકમો કરી શકશે નહીં કે તેને વિચારણામાં લેશે નહીં.

(ખ) આયોગ, પેટા-ખંડ (ક) હેઠળ તપાસ-અધિકારી સમક્ષ નિકાલ-બાકી કોઈ તકરાર વિચારણામાં લે ત્યાં, આ તપાસ-અધિકારી આ બાબતને લગતા કોઈ વિશેષ હુકમો કરશે નહીં, અને આયોગ આ બાબતનો આખરી-નિર્ણય કરશે.

(ગ) આયોગ, આપ મેળે વિચારણામાં લે તેવી કોઈપણ બાબતમાં આ વિનિયમો હેઠળ તપાસ-અધિકારીના જેવી જ સત્તા અને કાર્યો ધરાવશે.

પરંતુ, આમ છતાં, આયોજન, આ ખંડ હેઠળ આપમેળે વિચારણામાં લે તેની કોઈપણ બાબત અંગે અસરકારક નિર્ણય લેવા જરૂરી હોય તેની કોઈપણ સત્તાઓ હુકમ દ્વારા પોતાને સુપરત કરી શકશે.

પ્રકરણ-૭

૧૪. કામચલાઉ મનાઈહુકમ

જેમાં કામચલાઉ મનાઈ-હુકમ આપી શકાય તેવા કેસો :

કોઈપણ ફરિયાદ બાબતમાં સોગંદનામા પર અથવા પ્રથમ દર્શનીય તર્કઅંગત કારણોને આધારે એમ જણાવવામાં આવે કે,

(ક) કામચલાઉ મનાઈ-હુકમ ન આપ્યો હોત તો, ફરિયાદ જે હેતુસર દાખલ કરવામાં આવી હોય તેના વિલંબ માટે કોઈ અર્થ સરશે નહીં, અથવા

INDEX

(ખ) પરવાનેદારે વીજળી-જોડાણ દૂર કરવા કે જોડાણ કાઢી નાખવાની ધમકી આપે કે એવો ઈરાદો ધરાવે,

અથવા

(ગ) પરવાનેદાર, ૨૦૦૩ના વીજળી અધિનિયમ, રાજય અધિનિયમ અથવા કોઈપણ લાગુ પડતા નિયમો અને વિનિયમોની જોગવાઈઓને અનુસરતો નથી,

તો તપાસ-અધિકારી, ફરિયાદ અરજીનો નિકાલ ન થાય અથવા વધુ હુકમો ન થાય ત્યાં સુધી, તેને ઠીક જણાય તે પ્રમાણે કોઈપણ કાર્ય અટકાવતો, રોકતો અથવા નિયંત્રણમાં રાખતો કામચલાઉ મનાઈ આપતો હુકમ આપી શકે. તપાસ-અધિકારી, ફરિયાદના નિકાલ દરમિયાન કોઈપણ તબકકે આવી રાહત આપી શકશે.

૧૫. મનાઈ હુકમ આપતાં પહેલાં, તપાસ-અધિકારીએ નોટિસ આપવી :

વિલંબને કારણે મનાઈ-હુકમ આપવાનો ઉદ્દેશ માર્યો જશે એમ જણાય તે સિવાય મનાઈહુકમ આપતાં પહેલાં તપાસ-અધિકારી સામા પક્ષકારને આપવાના મનાઈહુકમ અંગે નોટિસ મોકલશે. પરંતુ, પ્રતિપક્ષને ફરિયાદની નોટિસ અને કોઈપણ અરજી આપ્યા વિના મનાઈ હુકમ આપવાનું વિચારવામાં આવે ત્યાં, તપાસ- અધિકારી, વિલંબને લીધે મનાઈ-હુકમ આપવાનો ઉદ્દેશ સરશે નહીં એવા એમના અભિપ્રાય માટેનાં કારણો નોંધશે અને અરજદાર નીચે મુજબ કરે તે આવશ્યક બનશે :

(ક) મનાઈ આપતો હુકમ કર્યા પછી તરત મનાઈ હુકમની અરજી નકલ, તેમજ (૧) અરજીના સમર્થનમાં કરેલ સોગંદનામાની નકલ, (૨) અરજીની નકલ, અને (૩) ફરિયાદી જેના પર આધાર રાખતો હોય તે દસ્તાવેજોની નકલ સામાપક્ષકારને રજિસ્ટર ટપાલથી મોકલવી.

(ખ) મનાઈ હુકમ આપવામાં આવે તે દિવસે અથવા તે દિવસ પછીના તરત બીજા દિવસે આવી રીતે ઉપર્યુકત નકલો રવાના કરેલ અથવા મોકલી હોવાનું દર્શાવતું સોગંદનામું દાખલ કરવું.

૧૬. તપાસ અધિકારીએ ૩૦ દિવસની અંદર મનાઈ હુકમ માટેની અરજીનો નિકાલ કરવાનો રહે છે.

પ્રતિપક્ષને નોટિસ આપ્યા વિના મનાઈ હુકમ આપવામાં આવે ત્યારે તપાસ-અધિકારી મનાઈ હુકમ આપ્યો હોય તે તારીખથી ૩૦ દિવસની અંદર અરજીનો આખરી નિકાલ કરવાનો પ્રયત્ન કરશે. આમ કરવું શકય ન હોય ત્યાં આવી અશકતતા માટેનાં કારણો નોંધવાં.

૧૭. મનાઈ હુકમ માટેનો ઓર્ડર છૂટો કરવો, બદલવો કે બાજુએ મુકવો

આવા હુકમથી અસંતુષ્ટ કોઈ પક્ષકાર અરજી કર્યેથી, તપાસ-અધિકારી મનાઈ હુકમ માટેનો કોઈપણ હુકમ છૂટો કરશે, બદલશે કે બાજુએ મૂકી શકશે.

પરંતુ, કામચલાઉ મનાઈહુકમ માટેની અરજીમાં કે આવી અરજીનું સમર્થન કરતા કોઈપણ સોગંદનામામાં, પક્ષકાર, કોઈ ચોકકસ બાબત સંબંધમાં જાણીબૂઝીને ખોટું કે ગેરમાર્ગે દોરનારું નિવેદન કરે અને પ્રતિપક્ષને નોટિસ આપ્યા વિના મનાઈ હુકમ આપવામાં આવેતો, તપાસ-અધિકારી, ન્યાયના હિતમાં આમ કરવું જરૂરી નથી એમ તેઓને લાગે તો નોંધ કરવાનાં કારણો સિવાય મનાઈ-હુકમ ખાલી કરી શકશે.

પરંતુ, પક્ષકારને સાંભળવાની તક આપ્યા પછી મનાઈ હુકમ આપવામાં આવે ત્યાં આ હુકમ, તે પક્ષકારની અરજીના આધારે છૂટો નહીં કરાય, બદલાશે નહીં કે બાજુએ નહીં મૂકવામાં આવે, સિવાય કે સંજોગોમાં ફેરફાર થવાથી હુકમો આ રીતે છૂટો કરવો, બદલવો કે બાજુએ મૂકવો જરૂરી બને, અથવા

INDEX

આ હુકમથી તે પક્ષકારોને ખોટી મુશ્કેલી પડે તેમ છે તેવી તપાસ-અધિકારીને ખાતરી થાય.

૧૮. નિગમને તેની કચેરીઓ માટે બંધનકર્તા મનાઈ-હુકમ

નિગમને આપવામાં આવેલો મનાઈ હુકમ માત્ર નિગમ માટે જ નહીં, પરંતુ જેમનાં કાર્યો નિયંત્રિત કરવા તેમને જરૂરી લાગે તેવા નિગમના તમામ સભ્યો અને અધિકારીઓ માટે પણ બંધનકર્તા છે.

અમદાવાદ.
૨૫મી ઓગષ્ટ, ૨૦૦૪.

પી.એસ.શાહ
સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 20. REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY FEBRUARY 1, 2005 / MAGHA 12, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-Aand I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, અમદાવાદ,
૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

તા. ૨૫ ઓગષ્ટ, ૨૦૦૪ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૪, ૨૦૦૪ ગ્રાહકોની ગ્રીવન્સ નિવારણ માટે ફોરમની સ્થાપનાનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

INDEX

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC)
ગ્રાહકોની ગ્રીવન્સના નિવારણ માટે ફોરમની સ્થાપના
વિનિયમો

૨૦૦૪-જાહરેનામું નં.૪

૨૦૦૩ના (૨૦૦૩ નો ૩૬મો) વીજળી અધિનિયમની કલમ-૪૨ની પેટા કલમ(૫) સાથે વાંચતા કલમ-૧૮૧ હેઠળ સુપરત કરેલી સત્તા અને આ અંગે તેને સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આથી, ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમની સ્થાપના કરવા ગુજરાત રાજ્યના પરવાનેદારોને માર્ગદર્શક સૂચનાઓ માટે નીચેના વિનિયમોની જોગવાઇ કરી છે.

પ્રકરણ-૧

પ્રારંભિક

૧. સંક્ષિપ્ત શીર્ષક, વ્યાપ અને શરૂઆત :

આ નિયમો, ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહકોની ગ્રીવન્સના નિરાકરણ માટે ફોરમની સ્થાપના) વિનિયમો કહેવાશે.

આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્ય સુધી વિસ્તરે છે.
આ વિનિયમો ગુજરાત પ્રદેશના તમામ વિતરણ પરવાનેદારોને લાગુ પડવાપાત્ર થશે.

આ વિનિયમો રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા અને અર્થઘટન :

૨.૧ આ વિનિયમોમાં, સંદર્ભની અન્યથા હોય તે સિવાય નીચે મુજબ અર્થ રહેશે.
(ક) 'અધિનિયમ' એટલે ૨૦૦૩ના વીજળી અધિનિયમન (૨૦૦૩નો ૩૬)
(ખ) 'આયોગ' એટલે ગુજરાત વીજળી નિયમન આયોગ
(ગ) 'ફરિયાદી' એટલે (૧) જેમને પરવાનેદાર સામે ફરિયાદ હોય અને તે અંગે સીધેસીધા કે તેમના પ્રતિનિધિઓ દ્વારા ફરિયાદ દાખલ કરી હોય તેવા, તેમના વારસદારો કે ઉત્તરાધિકારીઓ સહિત કોઇપણ ગ્રાહક કે ગ્રાહકો અથવા (૨) તે સમયે અમલમાં હોય

INDEX

તેવા કાયદા હેઠળ નોંધાયેલ કોઇપણ સ્વતંત્ર ગ્રાહક એસોસીએશન કે એસોસીએશનો, જેમણે ગ્રાહકોના વિશાળ હિતમાં ફરિયાદો કરી હોય તેઓ, અથવા (૩) પરવાનેદારે આવા ગ્રાહક(કો)/ સ્વતંત્ર ગ્રાહક એસોસીએશન(નો)ની ફરિયાદ નોંધી ન હોય અથવા નોંધવામાં નિષ્ફળ ગયા હોય તેવા કોઇપણ ગ્રાહક(કો)/ સ્વતંત્ર ગ્રાહક એસોસીએશન(નો), અથવા (૪) જેમનું વીજળિક જોડાણ કપાઇ ગયું હોય તેવી કોઇ વ્યકિત અથવા (૫) વીજળી પુરવઠા માટેના નવા જોડાણ અંગેના અરજદાર.

(ઘ) 'ફરિયાદ' એટલે ફરિયાદીએ લખાણમાં, તેમજ ઇ-મેઇલ અને નકલની પધ્ધતિથી, અથવા ફરિયાદ દાખલ કરવા પરવાનેદારે નિર્દિષ્ટ કરેલા નંબર પર ફોનથી મૌખિક રીતે અથવા ફરિયાદ નોંધાવવા માટે પરવાનેદાર નામનિર્દિષ્ટ કરેલી પરવાનેદારની કચેરીઓમાં રૂબરૂ મુલાકાત લઇને પરવાનેદારને કરેલી કોઇપણ ફરિયાદ, જેમાં મર્યાદા વિના નીચેની બાબતોને લગતી ફરિયાદોનો સમાવેશ થશે.

(૧) પરવાનેદારે, લાઇસન્સ અને/ અથવા કોઇપણ કરાર કે સમજૂતિ અનુસાર અથવા વીજ પુરવઠા સંહિતા (સપ્લાય કોડ) અન્વયે અથવા પરવાનેદારની કામગીરીનાં પરવાનેદારની કામગીરીનાં ધોરણો (સ્ટાન્ર્ડડ ઓફ પરફોરમન્સ) સંબંધમાં આયોગ નિદિર્ષ્ટ કરે તે મુજબ, કામગીરી બજાવવાની બાંયધરી આપી હોય તે કામગીરીની ગુણવત્તા, સ્વરૂપ અને પધ્ધતિમાં કોઇ ભૂલ, અપૂર્ણતા, ન્યૂનતા કે અપર્યાપ્તતા,

(૨) વીજળી સેવાઓ પૂરી પાડવામાં પરવાનેદારે અપનાવેલી કોઇ ગેરવ્યાજબી ધંધાદારી પ્રણાલી અથવા નિયંત્રિત ધંધાદારી પ્રથા

(૩) પ્રસ્તુત કાયદાઓ અન્વયે સક્ષમ સત્તાધિકારીઓએ ઠરાવેલ અથવા વિવેકશીલ ઔદ્યોગિક આચરણો દ્વારા સ્થાપિત સલામતી સંહિતા, નિયમો અને વિનિયમો સહિત કોઇપણ લાગુ પાડવાપાત્ર કાયદાની જોગવાઇઓનો ભંગ કરીને લોકોના ઉપયોગ માટે પ્રસ્તુત કરવામાં આવેલ વીજળી સેવાઓ અને જેના પરિણામે મનુષ્યો, અને પશુધનની જિંદગી અને મિલ્કતની સલામતી જોખમમાં મૂકાય અને ભયમાં આવી પડે.

(ચ) "વીજળી સેવાઓ" માં ગ્રાહકો માટે વીજ-પુરવઠો, બિલ, મીટરીંગ અને વીજ શકિતની જાળવણીની સેવાઓ અને તમામ આનુષાંગિક પેટા-સેવાઓ અથવા પરવાનેદારે કોઇપણ લાગુ પડતા કાયદા કે તેના લાઇસન્સના અનુસંધાનમાં પૂરી પાડવી જરૂરી બીજી કોઇપણ સેવાઓનો સમાવેશ થાય છે.

(છ) 'ફોરમ' એટલે આ વિનિયમો સાથે વાંચતા અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ(૫)ના સંદર્ભમાં પરવાનેદારે રચવાના ગ્રાહકોની ગ્રીવન્સ નિવારણ માટેનું ફોરમ

INDEX

(જ) 'ગ્રીવન્સ' એટલે ફરિયાદની નોંધણી કરવા કે તેના નિરાકરણ બાબતમાં પરવાનેદારની નિષ્ફળતાને કારણે ઊભી થયેલ ફરિયાદીની ગ્રીવન્સ અને તેમાં કોઇપણ ફરિયાદ બાબતમાં અથવા ફરિયાદનાં સંબંધમાં કે તે અનુસાર પરવાનેદારે લીધેલ કોઇ પગલાં બાબતમાં ફરિયાદી અને પરવાનેદાર વચ્ચેની કોઇપણ તકરારનો સમાવેશ થાય છે.

(ઝ) 'પરવાનેદાર' એટલે અધિનિયમ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણે વિતરણ પરવાનેદાર

(ટ) ઓમ્બડઝમેન/ તપાસ અધિકારી એટલે અધિનિયમની કલમ-૪૨ની પેટા કલમ(૭) અન્વયે આયોગ દ્વારા નિયુકત કરવાના કે નામ નિર્દિષ્ટ કરવાના સત્તાધિકારી

(ઠ) 'વિનિયમો' એટલે ૨૦૦૪ના ગુજરાત વીજ નિયમન આયોગ (ગ્રાહકોની ગ્રીવન્સ નિવારણ માટે ફોરમની સ્થાપના) વિનિયમો

(ડ) 'કામગીરીનાં ધોરણો'(સ્ટાન્ર્ડડ ઓફ પરફોરમન્સ) એટલે ૨૦૦૩ના ગુજરાત વીજ-ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમની કલમ–૪૨ની પેટા કલમ(૧) (ક) સાથે વાંચતા અધિનિયમની કલમ-૫૭ ની પેટા કલમ(૧) અન્વયે આયોગ દ્વારા નિર્દિષ્ટ કામગીરીનાં ધોરણો

(ઢ) 'રાજય અધિનિયમ' એટલે ૨૦૦૩ના ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ

આ વિનિયમમાં વપરાયેલા અને વ્યાખ્યા નહી આપેલા, પરંતુ અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે અન્વયે ઘડેલા નિયમોમાં વ્યાખ્યા કરાયેલા શબ્દો અને શબ્દ પ્રયોગોના અર્થ, ઉકત અધિનિયમ કે રાજય અધિનિયમ કે આવા નિયમોમાં તે અંગે નકકી કરાયા મુજબના અર્થ રહેશે.અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમો કે અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે હેઠળ ઘડાયેલા નિયમોમાં ખાસ વ્યાખ્યા ન કરાઇ હોય તેવા, પરંતુ સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા કોઇપણ કાયદા હેઠળ વ્યાખ્યા કરાયેલ અને રાજયના વીજ-ઉદ્યોગને લાગુ પાડવાપાત્ર શબ્દ પ્રયોગોનો અર્થ આવા કાયદામાં તેને માટે નકકી કરેલા અર્થ મુજબ રહેશે.

ઉપરની બાબતને આધીન રહીને, અહીં વપરાયેલા પરંતુ વિનિયમો કે અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે અન્વયે ઘડાયેલા નિયમોમાં અથવા સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા બીજા કોઇપણ કાયદા અન્વયે ખાસ વ્યાખ્યા ન કરાઇ હોય તેવા શબ્દ પ્રયોગોના અર્થ, વીજ-ઉદ્યોગમાં સામાન્ય રીતે મુકરર કરાયા મુજબના અર્થ રહેશે.

INDEX

૨.૨ **અર્થઘટન :**

આ વિનિયમોનું અર્થઘટન, સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય નીચે મુજબ થશે.

(ક) યથાપ્રસંગ, એકવચન કે બહુવચનના શબ્દો, અનુક્રમે બહુવચન કે એકવચન શબ્દ સમાવિષ્ટ કરતાં હોવાનું ગણવામાં આવશે.

(ખ) 'સમાવેશ કરવો ' અને 'સહિત' શબ્દો, આવા શબ્દોની પાછળ 'મર્યાદા વિના' અથવા 'ને મર્યાદિત નહીં' એવા વાકયાંશો કે શબ્દો આવે કે ન આવે તેમ છતાં તેની પાછળ તે આવેલ છે એમ માની લેવામાં આવશે.

(ગ) અહીં 'વિનિયમ' અંગેના સંદર્ભોનો અર્થ, અમલમાં હોય તેવા લાગુ પાડવાપાત્ર કાયદા અનુસાર આયોગે વખતોવખત સુધારેલ કે ફેરફાર કરેલ આ વિનિયમોના સંદર્ભ તરીકે કરવામાં આવશે.

(ઘ) શીર્ષકો સગવડ ખાતર મૂકવામાં આવ્યાં છે અને આ વિનિયમોના અર્થઘટનના હેતુસર તેને ધ્યાનમાં લેવાં નહીં.

(ચ) વિવિધ કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓનાં સંદર્ભોનો અર્થ, તથા પ્રસંગ ઉલ્લેખ કરાયેલ આવા કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ જોગવાઇઓનો સમાવેશ કરવા સહિત થશે.

પ્રકરણ-૨
ગ્રાહકોની ગ્રીવન્સના નિવારણ માટે ફોરમ

૩. **ગ્રાહકોની ગ્રીવન્સના નિવારણ માટે ફોરમની રચના :**

(ક) દરેક પરવાનેદાર, ૨૦૦૩ના વીજળી અધિનિયમ અનુસાર બનતી ત્વરાએ ફોરમની રચના કરશે.

(ખ) આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-માળખામાં અને આ વિનિયમો હેઠળ ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર ફરિયાદોનું ઝડપી નિવારણ સુનિશ્ચિત કરવા પરવાનેદાર તેને યોગ્ય જણાય તેટલા ફોરમની રચના કરશે.

INDEX

(ગ) પરવાનેદારના પોતાના/ હાલના ફરિયાદ પ્રાપ્તિના કેન્દ્રો ઉપરાંત પરવાનેદાર, ગ્રાહકો પોતાની ફરિયાદો રજૂ કરવા પહોંચી શકાય તેવા વ્યાજબી અંતરની અંદર ફોરમના એક કે વધુ સંપર્ક કેન્દ્રો સ્થાપશે. ફોરમોના ગ્રાહક સંપર્ક કેન્દ્રો સ્થાપતી વખતે, પરવાનેદાર ચોકકસ વિસ્તારમાં ગ્રાહકોનો ભરાવો અને મળવા અપેક્ષતિ ફરિયાદોની સંખ્યા ધ્યાનમાં લેશે. પરવાનેદાર, તેની ફરિયાદ નોંધણી કચેરીઓને ગ્રાહક સંપર્ક કેન્દ્રો તરીકે નિર્દેશિત કરી શકશે.

(ઘ) દરેક સંપર્ક કેન્દ્રને, પરવાનેદારના કાયમી સ્ટાફથી સજજ કરશે.

(ચ) તમામ ગ્રાહક સંપર્ક કેન્દ્રો, ફોરમના અધિકારીક્ષેત્રની અંદર આવતા ગ્રાહકો/ ફરિયાદીઓ પાસેથી ફરિયાદોનો સ્વીકાર કરશે. આવા ગ્રાહક સંપર્ક કેન્દ્રો, ફરિયાદીઓને ફરિયાદ મળ્યાની પહોંચ મોકલશે.

(છ) ગ્રાહક સંપર્ક કેન્દ્રો, કામકાજના બીજા દિવસે, તેના અધિકારક્ષેત્રના ફોરમથી કચેરીએ ફરિયાદો મોકલી આપશે, તેમ કરવામાં પરવાનેદાર નિષ્ફળ જશે તો, ફોરમને યોગ્ય જણાય તે મુજબ દંડ માટે જવાબદાર બનશે.

(જ) પરવાનેદાર, નીચેની શરતોને આધીન રહીને, તેને યોગ્ય જણાય તે મુજબ તેના દ્વારા જેટલા સભ્યો નિયુકત કરાય તેટલા સભ્યોનો ફોરમમાં સમાવેશ થશે.

(૧) ફોરમમાં બેકી સંખ્યામાં સભ્યોનો સમાવેશ થશે નહીં;

(૨) ફોરમના એક તૃતીયાંશ સભ્યો ઇજનેરો હોવા જોઇશે, જેમને વીજ-ઉદ્યોગમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ હોવો જોઇશે.

(૩) ફોરમના એક તૃતીયાંશ સભ્યો કાયદામાં ૧૦ કે વધુ વર્ષનો અનુભવ સાથે કાયદાના સ્નાતકો હોવા જોઇશે.

(૪) ફોરમના એક તૃતીયાંશ સભ્યો પરવાના હેઠળ નિયુકત ગ્રાહક એસોસિએશનના પ્રતિનિધિઓ હોવા જોઇશે.

(૫) પરવાનેદાર, દરેક ફોરમમાં એક સભ્યની અધ્યક્ષ તરીકે નિમણૂંક કરશે.

(૬) પરવાનેદારોએ એ જોવું કે, સભ્યોની જગ્યાએ એક મહિના કરતાં વધુ વખત માટે ખાલી ન રહે. પરંતુ, પરવાનેદાર એક મહિનાના ગાળામાં ખાલી જગ્યા ભરી ન શકે તો, પરવાનેદારની વિનંતીને આધારે આયોગ, આવી ખાલી જગ્યા ભરવા માટે પરવાનેદારને, તેને યોગ્ય જણાય તે પ્રમાણે આવો વધારાનો સમય આપી શકશે.

(૭) પરવાનેદાર, પોતાનાથી બનતા બધા પ્રયત્નો કરે તેમ છતાં ઉપર આપેલ પશ્ચાત-ભૂ ધરાવતી વ્યકિત શોધી ન શકે તો આયોગની પૂર્વ મંજૂરી લઇને તે બીજી લાયકાતો સાથેની વ્યકિતની નિમણૂંક કરી શકશે.

(૮) ફોરમનો દરેક સભ્ય ત્રણ વર્ષની નિયત મુદત માટે હોદ્દો ધરાવશે અને ફેર નિમણૂંક માટે પાત્ર ગણાશે નહીં.

(૯) પરવાનેદાર, આયોગની મંજૂરીને આધીન રહીને, સભ્યોનું મહેનતાણું નકકી કરી ચુકવણી કરશે અને પરવાનેદાર, આ અંગે આયોગ નકકી કરે તેવાં સૂચનો અપનાવશે.

(૧૦) ફોરમના સભ્યો પૂરા સમયના સભ્યો રહેશે. ફોરમ પૂરા સમયની સંસ્થા બનશે, જયાં કામકાજના તમામ દિવસોએ કામકાજના કલાકો દરમ્યાન ગ્રાહકો આવી શકશે.

(૧૧) ફોરમનો દરેક સભ્ય, કોઇપણ કેસમાં, તે હેસિયતમાં આગલા સભ્યને મહેનતાણાં તરીકે જે રકમ મળતી હોય તેથી ઓછું મહેનતાણું મેળવવાપાત્ર ગણાશે નહીં. પરવાનેદાર સભ્યોની મુદત દરમ્યાન તેમને નુકશાન પહોંચે તે રીતે તેમના મહેનતાણાંમાં ફેરફાર કરશે નહીં.

(૧૨) ફોરમના અધ્યક્ષનું મહેનતાણું કોઇપણ કેસમાં, તે હેસિયતમાં આગલા અધ્યક્ષને મળતી રકમ કરતાં ઓછું મેળવવાપાત્ર ગણાશે નહીં. પરવાનેદાર અધ્યક્ષના મહેનતાણામાં તેમની મુદત દરમ્યાન તેમને નુકશાન પહોંચે તે રીતે તેમના મહેનતાણામાં ફેરફાર કરશે નહીં.

(૧૩) કોઇ વ્યકિત નીચેના કારણસર ગેરલાયક ઠરે તો, તે ફોરમના સભ્ય તરીકે નિમણૂંક અને/અથવા ચાલુ રહેવા હકદાર ગણાશે નહીં.

(૧) નાદાર હોવાનો ન્યાય-નિર્ણય આવે;
(૨) નૈતિક અધઃપતનના ગુનામાં તકસીરવાર ઠરે;
(૩) આવા સભ્ય તરીકે કામ કરવા શારીરિક કે માનસિક રીતે અશકત હોય;
(૪) એવા નાણાંકીય કે અન્ય હિત સંપાદિત કર્યા હોય કે તેનાથી સભ્ય તરીકે તેનાં કાર્યોને પ્રતિકૂળ અસર પહોંચવાની શકયતા હોય;

(૫) તેણે પોતાની સત્તાનો એટલો દુરુપયોગ કર્યો હોય કે તેને હોદ્દા પર ચાલુ રાખવા એ જાહેર હિતને માટે બાધારૂપ હોય, અથવા

(૬) ગેરવર્તણૂંકમાં ગુનેગાર સાબિત ઠર્યો હોય

(ત) પરવાનેદારે આયોગ સાથે ચર્ચા-વિચારણા કરીને નિયુક્ત કરેલ સ્વતંત્ર સત્તાધિકારી ઉપરના પેટા ખંડ(ણ)માં નિર્દિષ્ટ કારણોસહ તપાસ હાથ ધરીને પરવાનેદાર સભ્યને બરતરફ કરવા અંગેનો તપાસ અહેવાલ રજૂ ન કરે ત્યાં સુધી ફોરમના કોઇપણ સભ્યને તેના હોદ્દા પરથી બરતરફ કરાશે નહી.

(થ) પરવાનેદારની સંમતિથી ફોરમ પોતાના કામકાજ માટે જરૂરી સ્ટાફની નિમણૂંક કરીને કામે રાખવા હકદાર રહેશે. પરવાનેદાર આવી સંમતિ ગેરવ્યાજબી રીતે રોકી શકશે નહીં.

પરંતુ, પરવાનેદાર પોતાના કર્મચારીઓને ફોરમમાં પૂરા સમયના ધોરણે સહાયક સ્ટાફ તરીકે મૂકી શકશે.

(દ) રોજગારની શરતો અને કર્મચારીઓનું મહેનતાણું, ફોરમ દ્વારા નકકી કરાશે.

(ધ) ફોરમનો સ્ટાફ નીચે મુજબ કામગીરી સંભાળશે.

(૧) ગ્રીવન્સ મેળવવી,

(૨) ફોરમમાં ફાઇલ કરવા જરૂરી બીજા કોઇ દસ્તાવેજો મેળવવા,

(૩) કાર્યવાહીનું રેકર્ડ જાળવવું,

(૪) માર્ગદર્શક સૂચનાઓ અને યોગ્ય હુકમો માટે ફોરમના સભ્યોમાં બાબતો પરિપત્રિત કરવી,

(૫) ફોરમે બહાર પાડેલા હુકમોનું પાલન કરવા તમામ બીજાં કાર્યો અને કામગીરી કરવી, અને

(૬) ફોરમની કામગીરી અને કાર્યવાહી હાથ ધરવા જરૂરી અન્ય તમામ બાબતો અને કાર્યો કરવાં.

(ન) ફોરમ પરવાનેદારથી સ્વતંત્ર રહેશે અને કોઇપણ સભ્ય ફોરમના તેના સભ્યપદની મુદત દરમ્યાન અને સભ્યપદની આવી મુદત પૂરી થયા પછી ત્રણ વર્ષના ગાળા માટે પરવાનેદાર હેઠળ નફો મળે તેવો કોઇ હોદ્દો સંભાળશે નહીં.

INDEX

(૫) ફોરમનો ખર્ચ અને તેના સભ્યો તથા સ્ટાફને ચુકવણી, પરવાનેદારે ખાસ તે માટે સ્થાપિત કરેલા ભંડોળમાંથી કરશે. પરવાનેદાર એવી ખાતરી કરવા જવાબદાર રહેશે કે ફોરમના ઓછામાં ઓછા છ મહિનાનું ખર્ચ પહોંચી વળવા આવા ભંડોળમાં હંમેશા પૂરતાં નાણાં રહે.

(૬) ફોરમનાં નામ, સ્થળ અને ટેલીફોન નંબરોને છાપાં દ્વારા વ્યાપક પ્રસિધ્ધિ આપવી અને પરવાનેદારની કચેરીઓ ખાતે વેબસાઇટ પર પ્રદર્શિત કરવી અને ગ્રાહકોન તેમનાં વીજળીનાં બિલ દ્વારા જાણ કરવી. વીજળી બિલોમાં એવી રજુઆત પણ સમાવિષ્ટ કરવી કે પરવાનેદારે જેમની ફરિયાદનું નિરાકરણ ન કર્યુ હોય તેવા ફરિયાદી ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ અપીલ કરી શકશે. ઉપર્યુકત વિગતો રેડિયો અને દૂરદર્શન દ્વારા પણ પ્રસિદ્ધ કરી શકાશે.

દરેક પરવાનેદાર, ફરિયાદોની રવાનગી માટે તેના ફોરમના ગ્રાહક સંપર્ક કેન્દ્રોનાં સરનામાં અને ઇ-મેઇલ સરનામાં વ્યાપકપણે પ્રસિધ્ધ કરશે. દરેક પરવાનેદાર, બને તેટલા જલ્દી, કોઇપણ પ્રસંગે (૧) લાઇસન્સ આપ્યાની તારીખથી, અથવા (૨) આ વિનિયમો અમલમાં આવે તે તારીખથી મોડામાં મોડું છ મહિનાની અંદર વેબસાઇટની ગોઠવણ કરશે, જેના પરથી ગ્રાહકો, ફોરમની સંપર્ક વિગતો અને ગ્રાહક સંપર્ક કેન્દ્રો, ફરિયાદીને આપેલ ફરિયાદ નંબર દાખલ કરવાથી ફરિયાદની સ્થિતિ, તેના નિકાલનો તબકકો, ફોરમે આપેલા આદેશો અને માર્ગદર્શક સૂચનાઓ તથા આગામી સુનાવણીની તારીખો જેવી માહિતી મેળવશે.

(બ) ફોરમની રચનામાં માત્ર કોઇ ભૂલને કારણે અથવા તેના સભ્યોમાં ખાલી પડેલી જગ્યાના અસ્તિત્વને કારણે ફોરમના કોઇ કાર્ય કે કાર્યવાહીને ગેરકાયદેસર ગણાશે નહીં.

(ભ) ફોરમની કચેરી(ઓ), ફોરમે નકકી કરેલ અને જાહેર કરેલા સ્થળે, ખાસ કરીને, પરવાનેદારની જગ્યામાં રહેશે. પરવાનેદાર, ફોરમની કચેરી(ઓ)ની તમામ પૂર્વ જરૂરી સગવડોની ગોઠવણ માટે જવાબદાર ગણાશે અને આ અંગે થયેલ કોઇપણ મૂડી ખર્ચ પણ ભોગવશે. ફોરમની કચેરી(ઓ) પરવાનેદારના તમામ કામકાજના દિવસોએ સવારના ૧૦.૦૦થી સાંજના ૫.૦૦ સુધી ખુલ્લી રહેશે.

૪. **ફોરમનું અધિકારક્ષેત્ર :**

(ક) ફોરમ, પરવાનેદારના લાઇસન્સમાં નિર્દિષ્ટ કર્યા મુજબ પુરવઠાના ક્ષેત્રની અંદર ફરિયાદો વિચારણામાં લેવાનું અધિકારક્ષેત્ર ધરાવશે;

પરંતુ, પરવાનેદાર એક કરતાં વધુ ફોરમની સ્થાપના કરે તેવા પ્રસંગે, આવા દરેક ફોરમનો, પરવાનેદારના કુલ પુરવઠા વિસ્તારમાંથી તેણે નિર્દિષ્ટ કર્યા મુજબ અધિકારક્ષેત્ર રહેશે. પરવાનેદાર સુનિશ્ચિત કરશે કે તેના પુરવઠાનો કોઇપણ વિસ્તાર, ફોરમના અધિકારક્ષેત્ર હેઠળ ન આવે તેમ છોડી દેવાશે નહીં.

(ખ) ફોરમ આ વિનિયમો અનુસાર તમામ ફરિયાદો હાથ ધરશે.

૫. **કોરમ અને બીજી બાબતો :**

(ક) ફોરમ તેની કચેરીઓ ખાતે કામકાજ હાથ ધરશે અને સુનાવણીઓ યોજશે. આમછતાં, ફરિયાદોનાં નિકાલમાં વેગ લાવવા, ફોરમ(મા) તેના અધિકારક્ષેત્રના વિસ્તારની અંદર તેને યોગ્ય અને જરૂરી જણાય તેવા વિસ્તારોમાં પણ બેઠકો યોજી શકશે.

(ખ) ફોરમ(મો)નું કોરમ કુલ સભ્ય સંખ્યાના બે તૃતીયાંશ જેટલું રહેશે.

(ગ) ફોરમ(મો)ના તમામ નિર્ણયો હાજર અને મત આપવા સભ્યોની સાદી બહુમતિના આધારે થશે.

(ઘ) ફોરમ(મો), આયોગ વખતોવખત બહાર પાડે તેવી માર્ગદર્શક સૂચનાઓનું યોગ્ય રીતે પાલન કરશે.

પ્રકરણ-૩
ફોરમ સમક્ષ રજૂઆત અને ફરિયાદ નિવારણ

૬. **ફોરમનો સંપર્ક કરવાનો ગ્રાહકનો અધિકાર :**

(ક) કામગીરીનાં ધોરણોમાં (સ્ટાન્ર્ડડ ઓફ પરખોરમન્સ) ઠરાવેલી રીતે, પ્રથમ તબક્કે, પરવાનેદાર તમામ ફરિયાદો હાથ ધરશે.

(ખ) ફોરમ, પરવાનેદારને કરાતી ફરિયાદો વિચારણામાં લઇને તેનો નિકાલ કરતી વખતે, તેણે અનુસરવાના, આયોગે નિર્દિષ્ટ કરેલાં કામગીરી ધોરણો અનુસાર, વીજળી સેવામાં સામેલ જુદા-જુદા પ્રશ્નોનાં સ્વરૂપ પર આધાર રાખીને તેનું વિગતવાર સમય-માળખું નિર્દિષ્ટ કરશે. ફોરમે ઠરાવેલ આવા સમય-માળખામાં, કામગીરીનાં ધોરણો અન્વયે આયોગે ઠરાવેલ આનુષંગિક સમય-મર્યાદા કરતાં કોઇપણ સંજોગોમાં વધારો કરવો નહીં.

(ગ) ફરિયાદી નીચેના પ્રસંગોએ ફોરમનો સંપર્ક કરી શકશે.

(૧) પરવાનેદાર ફરિયાદ નોંધવામાં નિષ્ફળ જાય, અથવા
(૨) ફોરમ દ્વારા નિર્દિષ્ટ સમય-મર્યાદાની અંદર ફરિયાદનું નિરાકરણ કરવામાં પરવાનેદાર નિષ્ફળ જાય, અથવા
(૩) કામગીરીનાં ધોરણોમાં (સ્ટાન્ર્ડ ઓફ પરફોરમન્સ) જોગવાઇ કર્યા પ્રમાણે પ્રભાગના વડા/ વર્તુળ કચેરીના વડાના કક્ષાએ ફરિયાદ હાથ ધર્યા પછી પણ ગ્રાહક/ ફરિયાદીને ફરિયાદના નિવારણ (બરતરફી સહિત) બાબત સંતોષ ન થાય તો

(ઘ) ગ્રાહક ફોરમની કચેરીએ પોતાની ફરિયાદ લઇને ફોરમનો સીધો સંપર્ક કરી શકે, ત્યારબાદ ફોરમ તે ફરિયાદ જરૂરી ઉપાયાત્મક પગલાં લેવા પરવાનેદારને મોકલશે.

પરવાનેદાર, કામગીરી-ધોરણોમાં (સ્ટાન્ર્ડ ઓફ પરફોરમન્સ) નિર્દિષ્ટ કરેલી રીત પ્રમાણે ગ્રાહકે તે ફરિયાદો પરવાનેદાર સમક્ષ રજૂ કરી હોય તે રીતે આવી ફરિયાદો અંગેની કામગીરી હાથ ધરશે.

૭. <u>ફરિયાદ નિવારણ કાર્યપધ્ધતિ :</u>

(ક) ફોરમા લખાણમાં તેમજ ઇ-મેઇલ અને નકલ પધ્ધતિથી ફરિયાદો મેળવશે, અને ફરિયાદ દાખલ કરવા કે વિચારણામાં લેવા તેઓ કોઇ ફોર્મેટનો આગ્રહ રાખશે નહીં કે કોઇ નમૂનો ઠરાવશે નહીં. ફોરમોને કરાતી કોઇપણ ફરિયાદ લખાણમાં તેમજ ઇ-મેઇલ અને નકલ સ્વરૂપે હોવી જોઇએ.

(ખ) ફોરમો, ગ્રીવન્સની સ્વીકારેલી નકલની સાથે, ગ્રાહક/ ફરિયાદીને ફરિયાદ મળ્યાની યોગ્ય પહોંચ નીચેની રીતે આપશે.

(૧) ફરિયાદ વ્યકિતગત રીતે આપવામાં આવી હોય તો ફરિયાદ રજૂ થયેથી તત્કાલ પહોંચ ઇશ્યૂ કરશે અને આપશે,

INDEX

(૨) ફરિયાદ ટપાલ, કુરિયર કે ઇ-મેઇલ અથવા ફેક્સ દ્વારા મોકલવામાં આવે તો તે મળ્યેથી કામકાજના બે દિવસની અંદર રવાનગી/ ઇ મેઇલ/ ફેક્સથી પહોંચ મોકલશે.

(૩) ગ્રાહક સંપર્ક કેન્દ્રોએ મળે તો, ફરિયાદ મળ્યાના બે કામકાજના દિવસોની અંદર પહોંચ રવાના કરશે.

(ગ) ફોરમો, તેમને વખતોવખત મળતી તમામ ફરિયાદોનો સાચો અને ખરો રેકર્ડ જાળવશે.

(ઘ) ફોરમમાં ફરિયાદ દાખલ કરવાના પ્રસંગે, તેની નકલ પરવાનેદારને મોકલવી, જેથી પરવાનેદાર, કામગીરી ધોરણોમાં (સ્ટાન્ર્ડડ ઓફ પરખોરમન્સ) જોગવાઇ કરાઇ હોય તે રીતે ફરિયાદ પર કાર્યવાહી કરી શકે.

(ચ) ફોરમમાં દાખલ કરાયેલી ફરિયાદની એક નકલ, આવી ફરિયાદનો જવાબ દફતરે કરવાની સૂચના આપવા સાથે પરવાનેદારના પ્રસ્તુત ખાતાના સંબંધિત અધિકારીને મોકલવી. દરેક ફરિયાદ રવાના કરતી વખતે ફોરમે, પરવાનેદારે કેટલા સમયની અંદર તેનો જવાબ(બો) આપવો તે નિર્દિષ્ટ કરવું.

(છ) ઉપરના પેટા-ખંડ(ચ) અન્વયે ફોરમે નિર્દિષ્ટ કરેલા સમય-માળખાની અંદર ફરિયાદીની ફરિયાદનો જવાબ અપાય તે સુનિશ્ચિત કરવા માટે પરવાનેદાર તમામ પગલાં લેશે. પરવાનેદારને લાગે કે ફરિયાદ નજીવી કે ત્રાસજનક છે, તો તેણે, ઉપરના પેટા-ખંડ(ચ) અન્વયે ફારમે નિર્દિષ્ટ કરેલા સમય-માળખાની અંદર તે અંગે લેખિતમાં રજૂઆત કરવી.

(જ) પરવાનેદાર ઉપર પેટા-ખંડ(છ) અન્વયે રજૂઆત કરે અથવા ઉપરના પેટા-ખંડ(ચ) અન્વયે ફોરમ દ્વારા નિર્દિષ્ટ સમય-માળખામાં ફરિયાદનો જવાબ આપવામાં નિષ્ફળ જાય તો, ફોરમને, ફરિયાદનું નિરાકરણ લાવી શકાય તે સારું, હુકમમાં નિર્દિષ્ટ કર્યા મુજબ પરવાનેદારને જરૂરી પગલું લેવા ફરમાવનો આદેશ આપવાની સત્તા રહેશે.

(ઝ) ફોરમોને, નીચેની તમામ કે કોઇપણ કામગીરી કરવા પરવાનેદારને આદેશ આપવાની સત્તા રહેશે.

(૧) પ્રસ્તુત ફરિયાદનું કારણ દૂર કરવું,

(૨) ગ્રાહક(કોએ) ચૂકવેલા ગેરવ્યાજબી ચાર્જ ગ્રાહક(કો)ને પરત કરવા;

(૩) ગ્રાહકે(કોએ) ભોગવેલ કોઇપણ ખાધ કે નુકશાન માટે ફોરમ દ્વારા ચુકાદામાં નક્કી કરાયેલી રકમ વળતર તરીકે ચૂકવવી

(૪) પ્રસ્તુત સેવાઓની ખામીઓ/ ન્યૂનતા દૂર કરવી;

(૫) અનુચિત ધંધાદારી રીતરસમો કે નિયંત્રીત ધંધાદારી પ્રથા બંધ કરવી અથવા તેનું પુનરાવર્તન ન કરવું.

INDEX

(૬) જોખમી વીજળી સેવાઓ આપવી નહીં અને/અથવા પાછી ખેંચી લેવી.

પરંતુ, આ પેટા-ખંડમાં સમાવિષ્ટ કોઇપણ, ફોરમોને, કેસની હકીકતો અને સંજોગો પ્રમાણે તેઓને યોગ્ય લાગે તે પ્રમાણે, કોઇપણ હુકમ આપવા અંગેની તેની સત્તા મર્યાદિત થતી હોવાનું ગણવામાં આવશ નહીં.

(જ) ફોરમ(મો)ને ફરિયાદનું નિવારણ કરતી વખતે કોઇપણ રેકર્ડ મંગાવવાનો અધિકાર રહેશે. ફોરમ(મો), ફરિયાદના ઝડપી નિકાલ માટે જરૂરી બને તે પ્રમાણે ફરિયાદ સંબંધમાં નિરીક્ષણ હાથ ધરવા અથવા આવું નિરીક્ષણ હાથ ધરવા ત્રીજા પક્ષકારને કામે રોકવા પરવાનેદારને આદેશ આપવાનો પણ હક રહેશે.

(ઝ) ફોરમ(માં)ને તેની કાર્યવાહીનાં ૧૯૦૮ના મુલકી કાર્યપધ્ધતિ સંહિતા (૧૯૦૮નો ૫મો) અથવા ૧૮૭૨ના ભારતીય પુરાવા અધિનિયમ(૧૮૭૨નો ૫હેલો) બંધનકર્તા બનશે નહીં.

(ટ) ફોરમ(માં) ઝડપથી ફરિયાદો અંગે નિર્ણય લેશે અને બુધ્ધિયુકત નિર્ણય લઇને તેની ગ્રાહક(કો)/ ફરિયાદી(ઓ) અને પરવાનેદારને જાણ કરશે. ફોરમ, વીજળી-સેવાઓને લગતી ફરિયાદોમાં આવી જતાં જુદા જુદા પ્રશ્નો સ્વરૂપને આધારે ફરિયાદ નિવારણનું વિગતવાર સમય-માળખું ઠરાવશે, પરંતુ, આમછતાં કોઇપણ સંજોગમાં આ સમય-માળખું, ફરિયાદ મળ્યાની તારીખથી વધુમાં વધુ (૪૫) પિસ્તાલીસ દિવસ અથવા આ અંગે, પ્રસિધ્ધિ દ્વારા આયોગ નકકી કરે તેવા અન્ય અધિકતમ સમયગાળાથી વધવું જોઇએ નહીં.

(ઠ) ઉપરના પેટા-ખંડ(ટ) અન્વયે ફોરમ(મો) દ્વારા કરાયેલ આદેશ પરવાનેદારને બંધનકર્તા રહેશે.

(ડ) ફોરમે કરેલા દરેક હુકમની પ્રમાણિત નકલ પક્ષકારોને મોકલવી.

(ઢ) પરવાનેદાર, ફોરમે નિર્દિષ્ટ કરેલા સમય-માળખામાં કોઇ ફરિયાદનું નિવારણ ન લાવે તેવા કેસમાં, આવી ફરિયાદોનો નિકાલ કરવા અંગે, ફોરમને, યોગ્ય લાગે તો, પરવાનેદારની વિનંતીથી, આયોગ પાસે વધારાનો સમય આપવા વિનંતી કરી શકશે.

(ણ) ફોરમનો એવો અભિપ્રાય હોય કે તેની સમક્ષ રજૂ કરાયેલ ગ્રાહકો/ ફરિયાદીઓની ફરિયાદોનું નિરાકરણ લાવવા તે સક્ષમ નથી તો તેવા કેસમાં ફોરમ ફરિયાદો અંગે તપાસ અધિકારીને પણ પુછાણ કરી શકશે.

INDEX

(ત) ફોરમ, પૂરતું કારણ બતાવવામાં ન આવે ત્યાં સુધી કોઇ કાર્ય-મોકુફી મંજૂર કરશે નહીં અને ફોરમ કાર્ય-મોકુફી આપવાનાં કારણોની લેખિતમાં નોંધ રાખશે. પરંતુ, કસૂરકર્તા પક્ષકાર બિનકસૂરકર્તા પક્ષકાર અને/ અથવા ફોરમને ચૂકવવાના, કાર્ય મોકુફી દ્વારા થયેલા ખર્ચ અંગેના આવા હુકમો કરશે;

(થ) ગ્રાહકોને નીચેના કેસોમાં ફોરમ પાસે જવાનો અધિકાર રહેશે નહીં :-

(૧) સમાન બાબત અને સમાન ફરિયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબત અંગેની કાર્યવાહી, કોઇ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે કોઇ અન્ય અધિકારી સમક્ષ બાકી હોય તેવા કેસોમાં અથવા આવી કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે સત્તાધિકારીએ આદેશ અથવા ચુકાદો અથવા આખરી હુકમ આપી દીધો હોય તેવા કેસો; અને

(૨) અધિનિયમની કલમો ૧૨૬, ૧૨૭, ૧૩૫થી ૧૩૯, ૧૫૨ અને ૧૬૧ હેઠળ આવતા કેસો

પ્રકરણ-૪

૮. કામચલાઉ મનાઇહુકમો

કામચલાઉ મનાઇહુકમો આપી શકાય તેવા કેસો; જ્યાં કોઇ ફરિયાદ સોગંદનામા પર કહેવામાં આવી હોય અથવા અન્યથા પ્રથમદર્શનીય તર્કસંગત કારણોને આધારે કરવામાં આવી હોય કે -

(ક) જો કામચલાઉ મનાઇ હુકમ આપવામાં ન આવે તો જેને માટે ફરિયાદ દાખલ કરવામાં આવી છે તેનાં હેતુ વિલંબને કારણે સરશે નહીં, અથવા

(ખ) પરવાનેદારે વીજળી જોડાણ કાઢી નાખવા કે છુંદું કરવાની ધમકી આપી હોય અથવા તેવો ઇરાદો હોય,અથવા

(ગ) પરવાનેદાર ૨૦૦૩ના વીજળી અધિનિયમ, રાજ્ય અધિનિયમ અથવા કોઇપણ લાગુ પાડવાપાત્ર નિયમો અને વિનિયમોની જોગવાઇઓને અનુસરતા નથી;

તો, ફોરમ, તેને યોગ્ય લાગે તે પ્રમાણે આવું પગલું મોકુફ રાખવા કે અટકાવવા કે નિયંત્રિત કરવા કામચલાઉ મનાઇહુકમ, કે આવો બીજો કોઇ હુકમ આપી શકશે. ફરિયાદ નિકાલ દરમ્યાન ફોરમ કોઇપણ તબક્કે આવી રાહત આપી શકશ.

૯. **મનાઇહુમ આપતાં પહેલાં ફોરમે નોટિસ આપવી :**

ફોરમને. મનાઇહુકમ આપવાનો ઉદ્દેશ વિલંબને કારણે સરશે નહીં એમ જણાય તે સિવાય, મનાઇહુકમ આપતાં પહેલાં સામા પક્ષકારને તે અંગેની નોટિસ મોકલશે;

પરંતુ, સામા પક્ષકારને ફરિયાદ અને કોઇ અરજીની નોટિસ આપ્યા વિના મનાઇ-હુકમ આપવાનું વિચારાય ત્યાં, ફોરમ, મનાઇ હુકમ આપવાનો ઉદ્દેશ વિલંબથી સરશે નહીં તેવા તેના અભિપ્રાય અંગે કારણો નોંધશે, અને અરજદારને નીચે મુજબ કરવા જણાવશે :-

(ક) મનાઇ આપતો હુકમ થાય કે તરત, મનાઇ હુકમ માટેની અરજીની નકલ તેમજ તેની સાથે,

(૧) અરજીના સમર્થનમાં દાખલ કરેલી સોગંદનામાની નકલ;
(૨) અરજીની નકલ; અને
(૩) ફરિયાદી જેના પર આધાર રાખતો હોય તે દસ્તાવેજોની નકલો – સામા પક્ષકારને આપે અથવા રજિસ્ટર્ડ ટપાલથી તેને મોકલે, અને

(ખ) આવો મનાઇ હુકમ આપવામાં આવે તે દિવસે અથવા તે દિવસ પછીના તરતના બીજા દિવસે, ઉપર્યુકત નકલો આપવામાં કે મોકલવામાં આવી હોવાનું દર્શાવતું સોગંદનામું ફાઇલ કરે.

૧૦. **ફોરમે, મનાઇ હુકમની અરજીનો ૩૦ દિવસની અંદર નિકાલ કરવો :**

સામા પક્ષકારને નોટિસ આપ્યા વિના મનાઇ હુકમ મંજૂર કરવામાં આવે ત્યાં, ફોરમ મનાઇ હુકમ આપ્યો હોય તે તારીખથી ૩૦ દિવસની અંદર અરજીનો આખરી નિકાલ કરવાનો પ્રયત્ન કરશે, અને તે તેમ કરી શકે એમ ન હોય ત્યાં, આવી અશકતતા માટેનાં કારણો નોંધશે.

૧૧. કોઇ પક્ષકાર આવા મનાઇ હુકમથી અસંતુષ્ટ થઇને અરજી કરે તો, ફોરમએ મનાઇ હુકમ રદ કરી શકે, ફેરવી શકે અથવા બાજુમાં મૂકી દઇ શકે.

પરંતુ શરત એ છે કે, કામચલાઉ મનાઇહુકમ માટેની અરજીમાં કે, આવી અરજીના સમર્થનરૂપ કોઇ સોગંદનામામાં પક્ષકારે જાણી બુઝીને ખાસ માલસામાનની બાબતમાં ખોટું કે ગેરમાર્ગે દોરતું નિવેદન કર્યુ હોય અને સામા પક્ષકારને નોટીસ આપ્યા વિના મનાઇ હુકમ કરવામાં આવ્યો હોય તો, ફોરમને નોંધવાના કારણોસર હોય તે સિવાય ન્યાયના હીતમાં આમ કરવું જરૂરી ન જણાય તો તે મનાઇ હુકમ રદ કરાવી શકશે.

પરંતુ પક્ષકારને સાંભળવાની તક આપ્યા પછી મનાઇ હુકમ કરવામાં આવ્યો હોય ત્યાં તે પક્ષકારની અરજીથી તે મનાઇ હુકમ રદ કરાશે નહીં. તેમાં ફેરફાર કરાશે નહીં કે તે બાજુમાં મૂકાશે નહીં. સિવાય કે –

સંજોગો બદલવાને કારણે આવી રીતે હુકમ રદ કરવો, ફેરફાર કરવો કે બાજુમાં મૂકવાનું જરૂરી બને, અથવા હુકમથી તે પક્ષકારને બિનજરૂરી મુશ્કેલી પહોંચી છે એવી ફોરમને ખાતરી થાય.

૧૨. <u>નિગમને કરેલો મનાઇ હુકમ તેના અધિકારીઓને બંધનકર્તા</u> :-

નિગમને ફરમાવેલો મનાઇ હુકમ, માત્ર નિગમને જ નહીં, પરંતુ તેના દ્વારા જેમનાં કાર્યો નિયંત્રિત કરવા માગતા હોય નિગમના તે તમામ સભ્યો અને અધિકારીઓ માટે પણ બંધનકર્તા છે.

<u>પ્રકરણ – ૫</u>
<u>તપાસ-અધિકારીને રજૂઆત</u>

૧૩. <u>તપાસ અધિકારીને (Obudsman) રજૂઆત :</u>

હુકમથી અથવા નિર્દિષ્ટ મુદતની અંદર ફોરમ દ્વારા ફરિયાદનું નિવારણ ન થવાથી ગ્રાહક /ફરિયાદી નારાજ થયેલા હોય તો, આવો નારાજ ગ્રાહક /ફરીયાદી, ફોરમના આખરી હુકમની તારીખથી ત્રીસ(૩૦) દિવસની અંદર; અથવા આખરી હુકમ ન કરવામાં આવ્યો હોય તે પ્રસંગે ઉપરના ખંડ-૭ના પેટા-ખંડ(૮) અનુસાર નિર્દિષ્ટ મુદત વીતી ગયા પછી તપાસ અધિકારીને રજૂઆત કરી શકશે.

પ્રકરણ – ૬
દેખરેખ - નિયમન અહેવાલ

૧૪. **દેખરેખ નિયમન અહેવાલ :**

ફોરમ(મો), અંગ્રેજી વર્ષના દર ત્રીજા મહીના અંતે, વીતેલા ત્રણ મહિના દરમ્યાન મળેલી નિવારણ કરાયેલ અને બાકી પ્રકારવાર સંખ્યાબંધ ફરિયાદો અંગેનો અહેવાલ, આયોગ તે માટે ઠરાવેલ નમૂનામાં તપાસ અધિકારીને રજૂ કરશે અને તેની નકલ આયોગને મોકલશે.

અમદાવાદ
૨૫મી ઓગષ્ટ-૨૦૦૪

પી.એસ.શાહ
સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 21 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY FEBRUARY 1, 2005 / MAGHA 12, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-Aand I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, અમદાવાદ, ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

તા. ૨૫ ઓગષ્ટ, ૨૦૦૪ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૫, ૨૦૦૪ ગ્રીડ સંહિતાનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

ગ્રિડ-સંહિતા (કોડ)

જાહેરનામું - ૨૦૦૪નુ નં. ૫

૨૦૦૩ના ગુજરાત વીજ ઉદ્યોગ (પુનરર્ચના અને વિનિયમ) અધિનિયમ (૨૦૦૩નો ૨૪મો અધિનિયમ)ની કલમ ૪૨(બી) અને ૨૦૦૩ના વીજ અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો અધિનિયમ)ની કલમ ૮૬ (એચ) અન્વયે સોંપેલી સત્તાઓ તથા આ અંગે તેમને સક્ષમ બનાવતી સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગે, આથી, "ગુજરાત વીજ-ગ્રિડ સંહિતા" તૈયાર કરી છે, જેને અહીં હવે પછી "ગ્રિડ-સંહિતા" કહેવામાં આવેલ છે. આ ગ્રિડ-સંહિતા માત્ર ગુજરાતી વીજ ગ્રિડને લાગુ પડે છે અને આંતર-રાજય પ્રવાહન માટે ભારતીય વીજ ગ્રિડ સંહિતા લાગુ પડશે.

૧ કલમ-૧

પ્રાસ્તાવિક

૧.૧ વિહંગાવલોકન

૧.૧.૧ ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનરર્ચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩ અન્વયે મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકારે તબદીલી યોજના જાહેર કરી છે. તદનુસાર, ગેહકો-ગુજરાત વીજળી પ્રવાહન નિગમ લિમિટેડ, પહેલાંની જેમ, ગુજરાત વિદ્યુત બોર્ડ વતી અને તેમના એજન્ટ તરીકે પ્રવાહન પ્રવૃત્તિઓ અને કામકાજ હાથ ધરવાનું ચાલુ રાખશે, આ કામગીરી ગેહકો સ્વયંમેવ અને ગુ.વિ.બોર્ડથી સ્વતંત્ર રીતે આવા કાર્યો અને પ્રવૃત્તિઓ હાથ ધરી શકે તે સારૂ. રાજય સરકાર તેને અધિકૃત કરે ત્યાં

INDEX

સુધી ચાલુ રહેશે. ૨૦૦૩ના વીજ-અધિનિયમની કલમ ૩૯(૨) અન્વયે રાજય પ્રવાહન ઉપયોગ એકમનાં નીચે મુજબનાં કાર્યો છે.

(ક) આંતર-રાજય પ્રવાહન તંત્ર મારફત વીજ-પ્રવાહન કામગીરી હાથ ધરવી,

(ખ) આંતર-રાજય પ્રવાહન તંત્રને લગતાં આયોજન અને સંકલનને લગતાં તમામ કાર્યો નીચેનાની સાથે રહીને બજાવવાં.

(૧) કેન્દ્રીય પ્રવાહન ઉપયોગ એકમ

(૨) રાજય સરકાર

(૩) વીજ-ઉત્પાદન કંપનીઓ

(૪) પ્રાદેશિક વીજ-સમિતિઓ

(૫) સત્તાતંત્ર

(૬) પરવાનેદાર

(૭) આ અંગે રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ બીજી કોઈ વ્યકિત

(ગ) વીજ-ઉત્પાદન કેન્દ્રોથી વીજભોજ કેન્દ્રો સુધી વીજળીનો પ્રવાહ સુગમતાથી વહી શકે તે માટે કાર્યક્ષમ, સંકલિત અને કરકસરયુકત આંતર રાજય પ્રવાહન લાઈનોની વ્યવસ્થા વિકસાવવાનું સુનિશ્ચિત કરવું.

(ઘ) નીચેના સારા ઉપયોગ માટે પોતાની પ્રવાહન વ્યવસ્થામાં ભેદભાવ રહિત ખુલ્લા પ્રવેશની જોગવાઈ કરવી.

(૧) પ્રવાહન ખર્ચની ચુકવણી કર્યેથી, કોઈપણ પરવાનેદાર અથવા ઉત્પાદક કંપની, અથવા

(૨) રાજય આયોગ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ પ્રવાહન ખર્ચ અને તેના પરના સરચાર્જની ચુકવણી કર્યેથી કલમ-૪૨ની પેટા-કલમ(૨) અન્વયે રાજય આયોગ દ્વારા આવી ખુલ્લા પ્રવેશની જોગવાઈ કરવામાં આવે તેમ અને ત્યારે કોઈપણ ગ્રાહક

૧.૧.૨ ૨૦૦૩ના વીજ અધિનિયમની કલમ ૩૧(૨) અનુસાર, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરનું સંચાલન, રાજય સરકાર નિર્દિષ્ટ કરે તે પ્રમાણે કોઈપણ રાજય અધિનિયમ દ્વારા કે તે અન્વયે સ્થાપિત કે રચાયેલ સરકારી કંપની/કોઈપણ સત્તાતંત્ર અથવા નિગમ દ્વારા થશે. રાજય સરકાર, સરકારી કંપની કે કોઈ સત્તાતંત્ર કે નિયમની જાહેરાત ન કરે ત્યાં સુધી રાજય પ્રવાહન ઉપયોગ એકમ રાજય લોડ ડિસ્પેચ સેન્ટરનું સંચાલન સંભાળશે. ૨૦૦૩ના વીજ અધિનિયમની કલમ ૩૨(૨) અનુસાર; સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરનાં કાર્યો નીચે મુજબ રહેશે.

(ક) રાજયના પરવાનેદારો અથવા રાજયમાં કામ કરતી વીજ-ઉત્પાદન કંપનીઓ સાથે કરેલા કરારો અનુસાર, રાજયની અંદર વીજળીનો અધિકતમ સમય-સૂચિ નકકી કરવા અને તેની રવાનગી માટે જવાબદાર રહેશે.

(ખ) ગ્રિડની કામગીરી પર દેખરેખ-નિયમન રાખવું.

(ગ) રાજય-ગ્રિડ મારફત પ્રવાહિત વીજળીના જથ્થાનો હિસાબ રાખવો,

(ઘ) આંતર-રાજય પ્રવાહન વ્યવસ્થા પર દેખરેખ અને નિયંત્રણ રાખવાં,

(ચ) ગ્રિડનાં ધોરણો તથા રાજય ગ્રિડ સંહિતા અનુસાર, રાજય ગ્રિડની સલામત અને કરકસરયુકત કામગીરી દ્વારા રાજયની અંદર ગ્રિડ નિયંત્રણ અને વીજળી-રવાનગી માટે સમયસર કામગીરી હાથ ધરવા જવાબદાર રહેશે.

(છ) વધુમાં, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વીજ-વ્યવસ્થાની સમન્વિત ગ્રિડ કામગીરી બાબતમાં અથવા અન્યથા આંતર-રાજય પ્રવાહન તત્રની કામગીરીને અસરકર્તા બાબત સંબંધમાં પ્રાદેશિક લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા વખતો-વખત અપાતા આદેશોનું પાલન થાય તે સુનિશ્ચિત કરશે.

૧.૧.૩ ઉપરની કામગરી બજાવવા તેમજ ૨૦૦૩ના વીજ-અધિનિયમના ખંડ ૮૬(એચ) તેમજ ૨૦૦૩ના ગુજરાત અધિનિયમ નં.૨૪, જેમ કે ૨૦૦૩ના ગુજરાત વીજ-ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમમાં નિયત કરેલી આવશ્કયતાઓ પરિપૂર્ણ કરવા ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગે "ગુજરાત વીજ-ગ્રિડ સંહિતા" ઘડી છે. જેનો હવે પછી ગ્રિડ-સંહિતા તરીકે ઉલ્લેખ કરાયો છે. આ ગ્રિડ સંહિતા માત્ર ગુજરાત વીજ-ગ્રિડને લાગુ પડશે અને આંતર રાજય પ્રવાહનં માટે ભારતીય વીજ ગ્રિડ સંહિતા લાગુ પડશે.

૧.૧.૪ ગ્રિડ સંહિતાનો વ્યાપ

આ ગ્રિડ સંહિતા, રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારો તથા તમામ વપરાશ કર્તાઓને તેમની ટેકનિકલ અને કાર્યપદ્ધતિને લગતી જવાબદારીઓ નિર્દિષ્ટ કરીને ગુજરાત વીજ-ગ્રિડનો કાર્યક્ષમ, સમન્વિત અને કરકસરયુકત વિકાસ, કામગીરી અને

જાળવણી સુગમ બનાવવા તૈયાર કરવામાં આવી છે. તે ભેદભાવરહિત રહેવા માંગે છે અને પુરવઠાની શૃંખલામાં ઈન્ટરફેસ નબળાં ક્ષેત્રો ન બને તે સુનિશ્ચિત કરે છે.

૧.૨ ગ્રિડ સંહિતાનું માળખું

આ ગ્રિડ સંહિતામાં ૧૪ કલમોનો સમાવેશ થાય છે, જે નીચે પ્રમાણે છે :

૧.૨.૧ કલમ-૧ પ્રાસ્તાવિક : આ કલમમાં ગ્રિડ સંહિતાનાં વિસ્તૃત લક્ષણોની રૂપરેખા આપી છે.

૧.૨.૨ કલમ-૨ વ્યાખ્યા : ગ્રિડ સંહિતામા વપરાયેલા વિવિધ શબ્દોની આ કલમ હેઠળ વ્યાખ્યા કરવામાં આવી છે.

૧.૨.૩ કલમ-૩ ગ્રિડ સંહિતાનું સંચાલન

ગ્રિડ સંહિતા સક્રિય દસ્તાવેજ છે, મળેલા અનુભવના પરિપ્રેક્ષ્યમાં જરૂર પડે તેમ અને ત્યારે સક્ષમ પેનલે સામાયિક ધોરણે તેનું પુનર્વિલોકન કરવું. આ કલમમાં તે અંગેની કાર્યપદ્ધતિને નિશ્ચિત રૂપ આપવામાં આવ્યું છે.

૧.૨.૪ કલમઃ૪ તંત્ર (સિસ્ટમ) આયોજન સંહિતા :

આ કલમમાં વીજ-વ્યવસ્થાના આયોજન અને વિકાસ માટે રાજય પ્રવાહન ઉપયોગ એકમ અને અન્ય વપરાશકર્તાઓ દ્વારા પ્રાયોજિત કરવાના ટેકનિકલ અને ડિઝાઈન માપદંડ અને કાર્યપદ્ધતિઓ નિર્દિષ્ટ કરી છે.

૧.૨.૫ કલમઃ૫ જોડાણલક્ષી શરતો

આ કલમમાં, પ્રવાહન તંત્ર સાથે જોડાયેલ અથવા જોડાણ માંગતા રાજય પ્રવાહન ઉપયોગઅએકમ, પ્રવાહન પરવાનેદારો, વીજ-ઉત્પાદન કંપનીઓ, વિતરણ પરવાનેદારો અને અન્ય વપરાશકર્તાઓએ અમલમાં મૂકવાના ટેકનિકલ માપદંડો અને ધોરણો નકકી કરવામાં આવ્યા છે.

૧.૨.૬ કલમઃ૬ સંચાલન આયોજન અને સુરક્ષા

આ કલમમાં, સંતોષકારક ગ્રિડ સંચાલન અને તંત્રની અખંડિતતા માટે, રાજય પ્રવાહન તંત્રે વપરાશકૃતાઓ સાથે ઈન્ટરફેસ સંકલન સહિત આંતર રાજય પ્રવાહન તંત્રનું આયોજન હાથ ધરવા જે પ્રક્રિયા અપનાવવાની હોય તે નિર્દિષ્ટ કરી છે.

૧.૨.૭ કલમઃ૭ તંત્ર-સંચાલન મીટર-વ્યવસથા, રક્ષણ, રવાનગી અને નિયંત્રણ સંહિતા

આ કલમમાં, માગ તથા ઉપાડ ફાળવણીને પહોંચી વળવા વીજ-ઉત્પાદન એકમોની રવાનગી સમય-સૂચિ નકકી કરવા અપનાવવાની કાર્યપદ્ધતિ નિર્દિષ્ટ કરી છે. આ કલમમાં, તંત્ર (સિસ્ટમ)ના વિવિધ ઘટક ભાગો માટે રક્ષણ કક્ષા અને મીટર વ્યવસ્થા નિર્દિષ્ટ વિગતોની ન્યુનતમ જરૂરિયાત, તથા પ્રવાહન તંત્રમાં આ વર્તન અને વોલ્ટેજ-વ્યવસ્થાને આવરી લીધી છે.

૧.૨.૮ કલમઃ૮ વીજ ઉત્પાદન અને ઉપાડનું દેખરેખ-નિયમન

આ કલમમાં વીજ-ઉત્પાદન મથકોની કામગીરીના મૂલ્યાંકન માટે જરૂરી વીજ-ઉત્પાદન સામગ્રી, સક્રિય અને પ્રતિક્રિયાત્મક અનામત ક્ષમતા પર દેખરેખ-નિયમન રાખવા, રાજય લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા અનુસરવાની કાર્યપદ્ધતિ ઘડવામાં આવી છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ગ્રિડ-શાખાનું અવલોકન કરીને, પ્રાદેશિક કામગીરી સુધારવા પરત્વે કામગીરી બજાવે તે સુનિશ્ચિત કરવા સમય-સૂચિ પ્રમાણે વીજળીના ઉપાડ પર દેખરેખ-નિયમન રાખવું મહત્વપૂર્ણ છે.

૧.૨.૯ કલમઃ૯ આકસ્મિકતા આયોજન

ગુજરાત વીજ-ગ્રિડ, કે પશ્ચિમી ગ્રિડ નિષ્ફળ જવાને પરિણામે અંધાર-પટ છવાઈ જાય તે રીતે તંત્ર સંપૂર્ણપણે કે અંશતઃ ખોટકાઈ જાય તેવે પ્રસંગે, તમામ વપરાશકર્તાઓએ અનુસરવાની વીજ-પુરવઠો પુનઃપ્રાપ્ત કરવા અને તે રાબેતા મુજબ કરવાની પ્રક્રિયા નિશ્ચિત કરવામાં આવી છે.

૧.૨.૧૦ કલમઃ૧૦ (ક્રોસ બાઉન્ડ્રી સુરક્ષા) આડછેદ સીમા સુરક્ષા

આ કલમમાં આડછેદ સીમા સુરક્ષા સાથે જોડાયેલ સાધનસામગ્રીની જાળવણી માટે સલામત કામકાજ પદ્ધતિની જરૂરિયાતો તથા બીજા ઉપયોગકર્તાની સિસ્ટમ સાથે જોડાયેલા વીજળિક સાધન પર કામ હાથ ધરવાનું હોય ત્યારે અનુસરવાની કાર્યપદ્ધતિ નિર્દિષ્ટ કરે છે.

૧.૨.૧૧ કલમઃ૧૧ સલામતી અને લાઈન ક્લિઅર પરમિટ

આ કલમમાં, વપરાશકર્તાઓ, સામાન્ય લોકો અને કામ કરતાં કર્મચારીઓને વીજળીનાં જોખમો સામે સલામતી સુનિશ્ચિત કરવા લાઈન ક્લિયર પરમિટ અને માર્ગદર્શક સૂચનાઓ નોંધવાની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે.

૧.૨.૧૨ કલમઃ૧૨ સંચાર અને માહિતી સંવાદન

આ કલમમાં, જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેસ પોઈન્ટો અને આડછેદ સીમા પરિપથ ખાતે દરેક વપરાશકર્તા દ્વારા પૂરી પાડવાની સંચાર અને માહિતી સંપાદન સગવડોની ન્યૂનતમ જરૂરિયાતો નિર્દિષ્ટ કરી છે.

૧.૨.૧૩ કલમઃ૧૩ કામગીરી વિષયક ઘટના અને બનાવ/અકસ્માતની જાણ કરવી

આ કલમમાં, જેની સંચાલનાત્મક અસર ઉભી થાય છે તે પશ્ચિમી ગ્રિડ સહિત સંપૂર્ણ વીજ-વ્યવસ્થા તંત્ર પર કામગીરી અને અથવા ઘટનાઓને લગતી માહિતીની આપ-લે માટે ન્યૂનતમ જરૂરિયાતની વિગતો નિર્દિષ્ટ કરી છે.

૧.૨.૧૪ કલમઃ૧૪ માહિતી નોંધણી

આ કલમમાં, ગ્રિડ સંહિતાની વિવિધ કલમોમાં નિર્દિષ્ટ કરેલા આવશ્યક સમયે રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારને જરૂરી ઉપયોગકર્તા દ્વારા પૂરી પાડવાની તમામ માહિતી તથા ઉપયોગકર્તા દ્વારા જરૂરી રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારે પૂરી પાડવાની તમામ માહિતીની યાદી નિર્દિષ્ટ કરી છે.

(૫) ૧.૩ ગ્રિડ સંહિતાનો અમલ અને તેની કામગીરી

૧.૩.૧ ગ્રિડ સંહિતાના અમલ માટે રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર જવાબદાર ગણાશે. તમામ ઉપયોગકર્તાઓ ગ્રિડ-સંહિતાનો પાલન કરશે અને આ અંગે રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારને મદદ કરશે. ઉપયોગકર્તાઓ, ગ્રિડ સંહિતાના અમલ માટે જરૂરી તમામ માહિતી તથા પ્રવેશ સેવા અને જરૂરી સગવડોના વ્યાજબી હકો અચૂકપણે પૂરા પાડશે.

૧.૩.૨ કોઈ ઉપયોગકર્તાને ગ્રિડની કોઈ જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી પડે તો, તે વિના વિલંબે, તાત્કાલિક તેની પણ રાજય પ્રવાહન ઉપયોગ એકમ તથા સંબંધિત પ્રવાહન પરવાનેદાર, જો કોઈ હોય તો, કરશે અને તેના અપાલન અંગે સત્વરે નિવારણ કરશે.

૧.૩.૩ ગ્રિડ સંહિતાનું પાલન કરવામાં સતત નિષ્ફળ જવાથી ઉપયોગકર્તાના પ્લાન્ટ કે સાધન સાથેનું જોડાણ છૂટું થઈ જાય છે. વપરાશકર્તાને નુકસાન અને વળતરની ચુકવણી સહિત જોઠાણ છૂટું થવાના પરિણામોની જવાબદારીઓ, ગ્રિડ સંહિતાનું સતત ઉલ્લંઘન કરનાર ઉપયોગકર્તાની રહેશે.

૧.૩.૪ ગ્રિડ સંહિતાની પ્રસ્તુત કલમની જોગવાઈઓ અનુસાર ગ્રિડ સંહિતા સમીક્ષા પેનલ નિયમિતપણે ગ્રિડ સંહિતાની કામગીરીનું પુનર્વિલોકન કરશે.

૧.૪ ગ્રિડ સંહિતાની મર્યાદાઓ

૧.૪.૧ રાબેતા મુજબની અને અસાધારણ પરિસ્થિતિનો સામનો કરવા શકયતા ઉભી થાય તેવી કામગીરીલક્ષી વ્યાપક સ્થિતિને વિચારણામાં લઈને, વીજળી-ગ્રિડમાં રોજ-બ-રોજની ટેકનિકલ સ્થિતિના સંચાલન માટેની કાર્યપદ્ધતિનો ગ્રિડ-નિયમ સંગ્રહમાં સમાવેશ થાય છે. ગ્રિડ સંહિતા તમામ શકય સંચાલનાત્મક પરિસ્થિતિ અગાઉથી જાણી શકે નહીં. આથી ઉપયોગકર્તાઓએ એ સમજી લેવું અને સ્વીકારવું જોઈએ કે, આવા અણધાર્યા સંજોગોમાં, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/ રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારે, પોતાની ફરજો બજાવવા તથા સિસ્ટમ/ વ્યવસ્થાની સુરક્ષા જાળવવા નિર્ણાયક રીતે કામ કરવું જોઈશે. ઉપયોગકર્તાઓએ, આવા સંજોગોમાં રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારોને જરૂરી હોય તેવો વ્યાજબી સહયોગ અને મદદ આપવાં રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર/ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે આવા તમામ કેસો, પેનલની આગામી બેઠકમાં અનુસમર્થ માટે રજૂ કરવા.

૧.૫ ગુપ્તતા

૧.૫.૧ ગ્રિડ સંહિતાની શરતો અન્વયે, રાજય પ્રવાહન ઉપયોગ એકમો/પ્રવાહન પરવાનેદારોને ઉપયોગકર્તાઓ પાસેથી તેમના વીજ-ઉત્પાદન કે પુરવઠાના ધંધા બાબતમાં પોતાના ઈરાદાને લગતી માહિતી મળશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમો/પ્રવાહન પરવાનેદારો,

ગ્રિડ સંહિતામાં જરૂરી ગણ્યું હોય તે સિવાય, આવા માહિતી આપનારની પૂર્વ લેખિત સંમતિ વિના બીજી કોઈ વ્યકિતની સમક્ષ આવી માહિતી પ્રગટ કરશે નહીં, સિવાય કે કેન્દ્ર/રાજય સરકારના વિભાગો કે અન્ય સત્તાતંત્રને તેની જરૂર હોય.

૧.૬ તકરારના નિવારણ માટેની કાર્યપદ્ધતિ

૧.૬.૧ ઉપયોગકર્તા અને રાજય પ્રવાહન ઉપયોગ એકમ વચ્ચે અર્થઘટન બાબતમાં કોઈ તકરાર ઉભી થાય તેવા પ્રસંગે, આ બાબતની ગુજરાત વીજ નિયમન આયોગને જાણ કરાશે. ગ્રિડ સંહિતાની કોઈ જોગવાઈ બાબતમાં પક્ષકારો વચ્ચે કોઈ સંઘર્ષ ઉભો થાય ત્યારે, ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ આ પ્રશ્નની પતાવટ માટે કાર્યવાહી કરશે.

૧.૭ રાજય પ્રવાહન ઉપયોગ એકમ / પ્રવાહન પરવાનેદાર અને ઉપયોગકર્તા વચ્ચેનો તમામ સંદેશા વ્યવહાર ગ્રિડ સંહિતાની જોગવાઈ અનુસાર થશે. ગ્રિડ સંહિતામાં ખાસ જરૂરી ગણ્યું હોય તે સિવાય તમામ સંદેશા-વ્યવહાર, લખાણમાં કરવામાં આવશે, સિવાય કે જયાં સંચાલન સમય-ધોરણ માટે મૌખિક સંદેશા-વ્યવહાર જરૂરી હોય. આવા કેસમાં આવા સંદેશા-વ્યવહારને જેટલું વ્યવહાર્ય હોય તેટલા જલ્દીથી લખાણમાં મૂકીને તેનું સમર્થન કરવું. તમામ ઉપયોગકર્તા આ હેતુ માટે વિશ્વાસનીય સંચાર માળખું ઉભું કરીને તેની જાળવણી કરશે.

૧.૮ સંદેશાત્મક સૂચનાઓ

૧.૮.૧ અધિનિયમની જોગવાઈઓ અન્વયે, રાજય સરકાર કેટલીક બાબતોમાં નીતિવિષયક આદેશો આપશે. રાજય પ્રવાહના ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, આવા આદેશોની આવશ્યકતા બાબત ગુજરાત વીજ નિયમન આયોગ તથા તમામ ઉપયોગકર્તાઓને સત્વરે જાણ કરશે. ઉપયોગકર્તાઓ, અધિનિયમની પ્રસ્તુત કલમો આધિન રહીને આવી આદેશાત્મક સૂચનાઓનું પાલન કરશે.

૨ કલમ - ૨

વ્યાખ્યાઓ

ગ્રિડ સંહિતામાં નીચેના શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ, વિષય-વસ્તુ કે સંદર્ભથી અન્યથા જરૂરી હોય અથવા તેની સાથે સુસંગત ન હોય તે સિવાય નીચે મુજબ રહેશે.

અધિનિયમ ૨૦૦૩નો વીજળી અધિનિયમ અને ૨૦૦૩નો ગુજરાત વીજળી ઉદ્યોગ (પુર્નરચના અને વિનિયમ) અધિનિયમ એક સાથે વાંચ્યા પ્રમાણે.

સક્રિય વીજળી સમયગાળા દરમ્યાન વીજ-પરિપથ દ્વારા ઉત્પન્ન થતી, પ્રવાહિત અથવા પૂરી પડાતી, ટૂંકા-સમયમાં વીજળીની બાબતમાં પૂર્ણાંક વડે નિર્દિષ્ટ, વૉટ-કલાકના એકમોમાં અથવા તેના ધોરણસરના ગુણ જમાં માપેલી સક્રિય કાર્યશકિત

જેમ કે,

૧૦૦૦ વો.કલાક	:	૧ કિ.વો..કલાક
૧૦૦૦ કિ.વો.કલાક	:	૧ મે.વો. કલાક
૧૦૦૦ મે.વો.કલાક	:	૧ ગ્રો.વો.કલાક
૧૦૦૦ ગ્રો.વો.કલાક	:	૧ ટી.વો.કલાક

સક્રિય વીજળી વોલ્ટેજની પેદાશ અને વોટના એકમો તથા તેના ધોરણસરના ગુણજમાં માપેલ પ્રત્યાવર્તી વીજપ્રવાહ (એ.સી.)ની ઈનફેઝ ઘટક ભાગ, જેમ કે

૧૦૦૦ વોટ	:	૧ કિ.વોટ
૧૦૦૦ કિ.વોટ	:	૧ મે.વોટ
૧૦૦૦ મે.વોટ	:	૧ જી.વોટ
૧૦૦૦ જી.વોટ	:	૧ ટી.વોટ

AECo ૫ અમદાવાદ ઈલેકિટ્રસિટી કંપની લિમિટેડ

INDEX

સાધન	મશીન, ફિટીંગ, સહાયક સામગ્રી અને ઉપકરણો જેવા તમામ વીજળિક સાધનો, જેમાં વીજ ટેબક વાહકો (કન્ડકટરો)નો ઉપયોગ થાય છે.
દેખીતી વીજળી (અપેરન્ટ પાવર)	વોલ્ટેજની પેદાશ અને વોલ્ટ એમ્પિયરના એકમો તથા તેના ધોરણસરના ગુણાકમાં મપાતી પ્રત્યાવર્તી વીજ-પ્રવાહ ૧૦૦૦ વી.એ. : ૧ કે.વી.એ. ૧૦૦૦ કે.વી.એ. : ૧ એમ.વી.એ.
એરિયા લોડ ડિસ્પેચ સેન્ટર	પશ્ચિમ પ્રદેશ તંત્ર એકીકૃત વીજભાર રવાનગી યોજના/ વેસ્ટર્ન રિજિયન સિસ્ટમ યુનિફાઈડ લોડ ડિસ્પેચ સિકમ અનવયે સ્થપાયેલ ત્રણ મથકો પૈકી એક મથક, જેના મુખ્ય કાર્યો નીચે મુજબ છે : માહિતી સંપાદન અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને તે મોકલવી તથા તેમના સંબંધિત વિસ્તારમાં વીજભાર કેન્દ્રનું દેખરેખ નિયંત્રણ.
પુરવઠા વિસ્તાર	વિતરણ પરવાનેદાર જેમાં પોતાના લાઈસન્સ અન્વયે વીજળી પૂરી પાડવા અધિકૃત હોય તે વિસ્તાર.
સ્વમાલિક વોલ્ટેજ નિયંત્રક (AVR)	વીજ-ઉત્પાદન એકમ ટર્મિનલ વોલ્ટેજને નિયંત્રણમાં રાખવા સતત સક્રિય સ્વસાબિત ઉત્તેજિત વ્યવસથા (excitation system).
સહાયક સામગ્રી	વીજ-ઉત્પાદન એકમોના કાર્ય લખી સંચાલન માટે જરૂરી તમામ પ્લાન્ટ અને યંત્રસામગ્રી જે વીજ-ઉત્પાદન એકમનો ભાગ બનતા નથી.
પ્રાપ્યતા	સંપૂર્ણપણે પ્રાપ્ય એટલે વીજ ઉત્પાદન એકમ (યુનિટ)ને તેની સંકોચન ક્ષમતા માટે પ્રાપ્ય હોવું. પ્રવાહન વ્યવસ્થા બાબતમાં, પ્રાપ્યતા એટલે પુરવઠા પોઈન્ટથી ડિલીવરી પોઈન્ટ સુધી તેના ગણતરી કરાયેલ વોલ્ટેજ પ્રમાણે સમયના કલાકોમાં વીજળીનું પ્રવાહન કરવા સક્ષમ પ્રવાહન વ્યવસ્થા, જેને વાર્ષિક પ્રાપ્યતાની ટકાવારી તરીકે દર્શાવેલ હોય.
બેકિંગ ડાઉન	અસાધારણ સંજોગોમાંવીજ ઉત્પાદન એકમ દ્વારા સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર/વેસ્ટર્ન રિજીયોનલ લોડ ડિસ્પેચ સેન્ટરની સૂચનાઓને આધારે વીજ ઉત્પાદનમાં ઘટાડો.
બ્લેક સ્ટાર્ટ કેપેબિલિટી	સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની સૂચનાને આધારે, બહારના કોઈ વીજ પુરવઠા વિના ૨ કલાકની અંદર સિસ્ટમના એક ભાગને વીજળીથી ક્રિયાશીલ કરીને સિસ્ટમ સાથે સમકાલિન કરવા તથા બંધ સિસ્ટમને ચાલુ કરવા વીજ-ઉત્પાદન એકમો કે સીસી પુરી એકમો પૈકી એક માટે બ્લેક સ્ટાર્ટ સ્ટેશનની ક્ષમતા.
કેપ્ટિલ પાવર પ્લાન્ટ આબદ્ધ વિદ્યુત પ્લાન્ટ (CPP)	કોઈપણ વ્યકિતએ પોતાના ઉપયોગ માટે વીજળીનું ઉત્પાદન કરવા ગોઠવેલ વિદ્યુત પ્લાન્ટ, જેમાં કોઈપણ સહકારી મંડળી કે એસોસિયેશને, મુખ્યત્વે પોતાના સભ્યોના ઉપયોગ માટે વીજળીનું ઉત્પાદન કરવા ગોઠવેલ વિદ્યુત પ્લાન્ટનો સમાવેશ થાય છે.
ચેતવણી-નોટિસ	અવરોધ સામે ચેતવણી આપતી નોટિસ
સીબીઆઈપી	કેન્દ્રિય સિંચાઈ અને વિદ્યુત બોર્ડ સંયુકત આવર્તક ગેસ ટર્બાઈન
સીસીજીટી	કમ્બાઈન્ડ સાયકલ ગેસ ટર્બાઈન
સીઈએ	કેન્દ્રિય વીજ સત્તાતંત્ર
સીટીયુ	સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી - કેન્દ્રિય પ્રવાહન ઉપયોગ એકમ - ૨૦૦૩ના વીજ - અધિનિયમની કલમ ૩૮ની પેટા-કલમ (૧) અન્વયે કેન્દ્ર સરકાર જાહેર કરે તેવી કોઈ કંપની.
સીઈઆરસી	કેન્દ્રીય વીજ-નિયમન આયોગ
જોડાણ	ઉપયોગકર્તાની સિસ્ટમને પ્રવાહન સિસ્ટમ સાથે જોડવા વપરાતી વીજળીની લાઈનો અને વીજળીની સાધનસામગ્રી.

વીજ જોડાણની શરતો	કલમ-૫માં દર્શાવેલી (જોડાણ અંગેની શરતો) શરતો, જે ઉપયોગકર્તાની સિસ્ટમનું ગ્રિડ સાથે જોડાણ કરતાં પહેલાં પરિપૂર્ણ કરવાની હોય છે.
વીજ-જોડાણ પોઈન્ટ	પ્રવાહન સિસ્ટમ અને ઉપયોગકર્તાની સિસ્ટમ વચ્ચેના જોડાણનું વીજળિક પોઈન્ટ
ગ્રાહક	૨૦૦૩ના વીજ અધિનિયમ અન્વયે અથવા તે સમયે અમલમા હોય તેવા બીજા કાયદા અન્વયે લોકોને વીજળી પૂરી પાડવાના ધંધામાં રોકાયેલ પરવાનેદાર અથવા સરકાર અથવા કોઈ બીજી વ્યકિત દ્વારા કોઈ વ્યકિતને તેના પોતાના ઉપયોગ માટે વીજળી પૂરી પાડવામાં આવે તેવી કોઈપણ વ્યકિત, અને તેમાં જેમની જગ્યાઓને તેટલા સમય પૂરતું વીજળી મોકલવાના હેતુસર યથાપ્રસંગે પરવાનેદાર સરકાર અથવા આવી બીજી વ્યકિતના કારખાના સાથે જોડાણ કરાયું હોય તેવી કોઈ વ્યકિત.
નિયંત્રક વ્યકિત	ગ્રિડ સંહિતાની "આડછેદ સીમા સુરક્ષા" અંગેની કલમ-૧૦ અન્વયે આડછેદ સીમા સુરક્ષા માટે ટેકનિકલ ક્ષમતાઓ જવાબદારી ધરાવનાર તરીકે મુકરર કરેલી વ્યકિત.
માંગ	અન્યથા બીજું કોઈ જણાવ્યું હોય તે સિવાય મે.વો.(M.W.) અને મે.વો.એ. (M.V.A.)માં (સક્રિય અને દેખીતી વીજળી બન્ને)માં માંગણી.
માગ-નિયંત્રણ	વીજ-ભારમાં ઘટાડો કરવા અંગેની નીચેની કોઈપણ પદ્ધતિ. (ક) ઉપયોગકર્તા દ્વારા શરૂ કરાયેલ ગ્રાહક વીજ ભાર વ્યવસ્થા (ખ) ઉપયોગકર્તા દ્વારા શરૂ કરાયેલ જોડાણ છૂટું કરીને ગ્રાહક વીજભારમાં ઘટાડો (લોડ ડિસ્પેચ સેન્ટરમાંથી સૂચના સિવાયની બીજી) (ગ) બોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા સૂચિત ગ્રાહક વીજભાર ઘટાડો. (ઘ) આ વર્તન વીજ-ભાર જોડાણ આપોઆપ/સ્વયં છૂટું પડવું. (ચ) સંકટ સમયે હાથથી વીજ-જોડાણ છૂટું કરવું.
રવાનગી ડિસ્પેચ	નીચેની કામગીરીઓને આવરી લેતી સમન્વિત વીજ-સિસ્ટમનું સંચાલનલક્ષી નિયંત્રણ. (ક) વીજ-ભારમાં ફેરફારને પ્રમાણે સૌથી વધુ ભરોસાપાત્ર અને કરકસરયુકત વીજ-પુરવઠો પૂરો પાડવા ખાસ વીજ ઉત્પાદન પ્લાન્ટ કે વીજભાર નિયંત્રણ સાધનો અંગે ઉત્પાદક સામગ્રીના સ્તર નકકી કરવાં. (ખ) વધારાની ઉચ્ચ વોલ્ટેજ લાઈનો, જોડાયેલા પેટા-મથકો અને સાધનસામગ્રીના સંચાલન પર નિયંત્રણ. (ગ) અંદરો-અંદર જોડાયેલ પ્રવાહન લાઈનો અંગે વીજળિક ઉપયોગ એકમો સાથે વિવિધ પ્રકારના વ્યવહાર અંગે સમય-સૂચિ તૈયાર કરવી.
સમકાલિકન કરવું	જે સિસ્ટમને સમકાલિક કરી હોય તેની સાથેના વીજ-ઉત્પાદન એકમને છૂટો પાડવાનું કાર્ય.
જોડાણ કાઢી નાખવું	સિસ્ટમથી ઉપયોગકર્તા કે ગ્રાહકોને પ્રત્યક્ષ પણે અલગ પાડવા.
વિવેકબુદ્ધિ	ગુણવત્તા કે જયાં રિલે કે રક્ષણાત્મક સિસ્ટમ ખામીયુકત સાધનોને કાઢી નાંખીને તેનું જોડાણ કઢાવી શકે છે.
વિતરણ પરવાનેદાર	પરવાનેદાર પોતાના વીજ-પુરવઠા વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વિતરણ વ્યવસથાનું સંચાલન અને જાળવણી સંભાળે છે.
વિતરણ	પ્રવાહ લાઈન કે વીજ-ઉત્પાદન મથકના જોડાણ પર ડિલીવરી પોઈન્ટ અને ગ્રાહકોની

વ્યવસ્થા	વીજ-ગોઠવણ સાથેના જોડાણ-પોઈન્ટ વચ્ચે વાયરો અને સંલગ્ન સગવડોની વ્યવસ્થા (સિસ્ટમ).
ઉપાડ	ગ્રિડમાંથી/ગ્રિડમાં વીજળી શકિતની આયાત/નિકાસ.
અર્થિંગ	સાધનસામગ્રી કે યંત્રસામગ્રીના વાહક ભાગોનું પૃથ્વીના સામાન્ય દ્રવ્ય સમૂહ સાથે એવી રીતે જોડાણ કરવું કે જેથી દરેક સમયે એવી સુનિશ્ચિતતા રહે કે ભૂમિની સંભવિત શકિત આગળ વીજશકિત કાર્યક્ષમપણે જાળવીને, ભય વિના વીજળી તાત્કાલિક ડિસ્ચાર્જ થાય.
અર્થિંગ સાધન	પૂરતા સામર્થ્ય અને ક્ષમતાવાળા વાહક અને ભૂમિની વચ્ચે જોડાણ પૂરું પાડતાં સાધનો.
ઈ.એચ.વી.	૬૬ કે.વી. બરાબર અને તેથી વધુ વધારાનું ઉચ્ચ વોલ્ટેજ (એકસ્ટ્રા હાય વોલ્ટેજ).
ઉત્તેજક	સમકાલિક ક્ષેત્રનો ક્ષેત્ર-વીજપ્રવાહ પૂરો પાડતી વીજશકિતનો સ્ત્રોત.
આ વર્તનો	જયાંથી વ્યવસ્થાનું સંચાલન થતું હોય ત્યાં સેકન્ડ દીઠ (માં વર્ણવેલ) પ્રત્યાવર્તી (**Frequcney**) વીજપ્રવાહ આ વર્તનોની સંખ્યા.
ગેડા(**GEDA**)	ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા એ ગુજરાતમાં ફેર નવીકરણપાત્ર ઉર્જા સાધનોનો વિકાસ.
વીજ-ઉત્પાદન	વીજ-ઉત્પાદન મથકની માલિકી ધરાવનાર, સંચાલન કે જાળવણી કરનાર સંસ્થાપિત
કંપની	હોય કે ન હોય તેવી કોઈપણ કંપની અથવા કૃત્રિમ ન્યાયિક વ્યકીતની અથવા વ્યકિતઓની સંસ્થાપિત સંસ્થા અથવા એસોસિયેશન અથવા સંસ્થા.
વીજ-ઉત્પાદન	વીજળીનું ઉત્પાદન કરવા માટેનું મથક, તેમજ તે હેતુસર તેનો ઉપયોગ થતો હોય તે
મથક	સ્ટેપ-અપ ટ્રાન્સફોર્મર, સ્વિચયાર્ડ, સ્વિચ-ગિયર, કેબલો અથવા બીજી અંગભૂત સાધન સામગ્રી સાથેના-કોઈપણ મકાન અને પ્લાન્ટ, વીજ-ઉત્પાદન મથક માટે ઉપયોગ કરવાનો ઈરાદો હોય તેવી જગ્યા અને વીજ-ઉત્પાદન મથકના સંચાલન સ્ટાફને રાખવા માટે વપરાતું કોઈપણ મકાન અને જયાં જળશકિતથી વીજળીનું ઉત્પાદન કરાતું હોય જેમાં પેનસ્ટોક, અગ્ર અને પશ્ચ વર્કસ, મુખ્ય અને નિયંત્રણ જળાશયો, બંધો અને અન્ય જલીય વર્કસનો સમાવેશ થાય છે, પરંતુ કોઈપણ સંજોગોમાં કોઈ પેટા-મથકનો સમાવેશ થતો નથી.
વીજ-ઉત્પાદન	વીજ-શકિત જનિત્ર અને તેના મુખ્ય ચાલક અને તેની તમામ સંલગ્ન સાધનસામગ્રી,
એકમ	જે બધાં ભેગાં મળીને એક વીજ-ઉત્પાદન યંત્રની રચના કરે તે.
વીજ-ઉત્પાદન	વીજ મથકનું ડિસ્પેચ સમય-યાદી.
સમયસૂચિ	
જનિત્ર ક્ષમતા	એક આકૃતિ, જેમા મે.વો. અને એમ.વી.એ. ક્ષમતા દર્શાવી હોય, જેની અંદર
વક્ર	રહીને વીજ ઉત્પાદન એકમ, એકધારી સ્થિર પરિસ્થિતિ હેઠળ તેનું સંચાલન કરે તેવી અપેક્ષા હોય.
જીઈઆરસી	ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ
(ગુ.વી.નિ.આ.)	(ગુજરાત ઈલેકિટ્રસિટી રેગ્યુલેટરી કમિશન)
જીઈટીસીઓ	ગુજરાત ઉર્જા પ્રવાહન નિગમ લિમીટેડ
(ગુ.ઉ.પ્ર.નિ.લિ)	(ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમીટેડ)
ગ્રિડ	આંતર જોડાણવાળી પ્રવાહન લાઈનો, પેટા-મથકોનો વીજ-મથકોની ઉંચા વોલ્ટેજની આધારરૂપ વ્યવસ્થા.
ગ્રિડ સંહિતા	"ગુજરાત વીજળી ગ્રિડ સંહિતા" એક દસ્તાવેજ છે, જેમાં ગુજરાત ગ્રિડના આયોજન અને સંચાલનની કાર્યપદ્ધતિઓ અને જવાબદારીઓ વર્ણવી છે.
ગ્રિડ સંહિતા	ગ્રિડ સંહિતામાં નકકી કરેલાં કાર્યો સાથેની પેનલ

પુનર્વલોકન પેનલ અથવા "પેનલ" (Panel)	
જીએસઈસીએલ (ગુ.રા.વી.નિ.લિ.)	(ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ) ગુજરાત રાજય વીજ-નિગમ લિમિટેડ.
ઉંચુ વોલ્ટેજ અથવા એચ.વી.	૪૪૦૦ વોટ કરતાં વધુ અને ૬૬ કે.વી. કરતાં ઓછું વોલ્ટેજ
આઈઈસી (આ.વી.ટે.આ.)	(ઈન્ટરનેશનલ ઈલેકટ્રો-ટેકનિકલ કમિશન) આંતરરાષ્ટ્રીય વીજ-ટેકનિકલ આયોગ.
આઈઈસી ધોરણ	આંતરરાષ્ટ્રીય વીજ-ટેકનિકલ આયોગ દ્વારા મંજૂર કરાયેલ ધોરણ
આઈઈઈઈ (IEEEE)	ઈન્સ્ટટયુશન ઓફ ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેકટ્રોનિક એન્જિનિયર્સ, યુ.એસ.એ.
આઈઈજીસી	(ઈન્ડિયન ઈલેક્ટ્રિસિટી ગ્રિડ કોડ) ભારતીય વીજ ગ્રિડ સંહિતા એક દસ્તાવેજ છે જે (CIEGC) કેન્દ્રિય પ્રવાહન ઉપયોગ એકમે તૈયાર કર્યો છે અને કેન્દ્રિય વીજ-નિયમન આયોગે મંજૂર કર્યો છે.
ભારતીય માનક (IS)	ભારતીય માનક કાર્યાલય દ્વારા મંજૂર થયેલાં ધોરણો અને વિશિષ્ટ વિગતો.
આંતર રાજય વીજ-ઉત્પાદન મથક (ISGS)	બે કે વધુ રાજયો જેમાં ભાગીદાર હોય અને જેમની સમય-સૂચિ, પ્રાદેશિક લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા સંકલિત કરવાની હોય તેવું વીજ-ઉત્પાદન મથક.
આંતર રાજય પ્રવાહન વ્યવસ્થા (ISTS)	આંતર રાજય પ્રવાહન વ્યવસ્થામાં નીચેનાનો સમાવેશ થાય છે. (ક) એક રાજય-પ્રદેશમાંથી બીજા રાજયમાં મુખ્ય પ્રવાહન લાઈનનાં સાધનો દ્વારા વીજળી વહન કરવા માટેની કોઈ વ્યવસ્થા. (ખ) વચ્ચે આવતા રાજયના પ્રદેશમાં થઈને વીજળીનું વહન તેમજ રાજયની અંદર વીજળીનું વહન, આવું અંતર રાજય વીજ-પ્રવાહન જયાં પ્રાસંગિક છે. (ગ) કેન્દ્રીય પ્રવાહન ઉપયોગ એકમે રાજયના પ્રદેશની અંદર બાંધેલ, માલિકીના, સંચાલિત, જાળવણી કરાતા કે નિયંત્રણ હેઠળ હોય તે વીજ-પ્રવાહના.
આંતર જોડાણવાળું ટ્રાન્સફોર્મર	જુદી-જુદી વોલ્ટેજ સિસ્ટમની વધારાની ઉચ્ચ વોલ્ટેજ લાઈનોને જોડતું ટ્રાન્સફોર્મર.
ઈન્ટરટ્રિપિંગ	(ક) સ્થાનિક રક્ષણની સ્થિતિથી સ્વતંત્ર દૂરના સ્થળે આવેલ રક્ષણ સ્થળેથી અપાતા આદેશો દ્વારા પરિચય બ્રેકર(રો)નું ટ્રિપિંગ. (ખ) કાર્યલક્ષી ઈન્ટરટ્રિપિંગ
આંતર રાજય પ્રવાહન વ્યવસ્થા	આંતર રાજય પ્રવાહન વ્યવસ્થા સિવાયની બીજી કોઈ વીજ પ્રવાહન માટેની વ્યવસ્થા.

વિયોજન	વધારાના ઉચ્ચ વોલ્ટેજ તથા ઉચ્ચ વોલ્ટેજ સાધનો આવેલા હોય તે વ્યવસ્થાના બાકીના ભાગમાંથી વધારાના ઉચ્ચ વોલ્ટેજ તથા ઉચ્ચ વોલ્ટેજ સાધનોને અલગ પાડવાં.
અલ્પ માગનો સમયગાળો	દિવસે વીજળીની માગ સૌથી ઓછી હોય તે સમયગાળો.
પરવાનો (લાઈસન્સ)	અમલમાં હોય તેવા પ્રસ્તુત કાયદાની જોગવાઈઓ અન્વયે ગુજરાત વીજ-નિયમન આયોગે આપેલો પરવાનો.
વીજ ભાર	સંદર્ભથી જરૂરી હોય તે પ્રમાણે ઉત્પાદિત, પ્રવાહિત કે વિતરિત સક્રિય, પ્રતિક્રિયાત્મક કે દેખીતી વીજ શકિત.
વીજભાર	વીજભાર અવયવ એ અધિકતમ માગના પ્રમાણમા સરેરાશ વીજળીનો ગુણોત્તર છે.
અવયવ (load factor)	વીજભાર અવયવ, અધિકતમ માગના અંતરાણ સમય તથા સરેરાશ વીજળી લેવામાં આવે તે સમયગાળા પર આધાર રાખે છે.
વીજભાર અવયવ	= નિયત સમયગળા માટે વપરાયેલ એકમો / અધિકતમ માગ X સમયગાળામાં કલાકની સંખ્યા
નિમ્ન વોલ્ટેજ અથવા એલવી (LV)	વધુમાં વધુ ૪૪૦ વોલ્ટેજ સુધી
મુખ્ય રક્ષણ	વીજ વ્યવસ્થામાં ભૂલ/ખામી દૂર કરવા અથવા અસાધારણ પરિસ્થિતિની સમાપ્તિ માટે પગલું ભરવામાં અગ્રતા ધરાવે તેવી રક્ષણાત્મક સાધનસામગ્રી અથવા વ્યવસ્થા તંત્ર.
સમકાલિક કરવા નોટિસ	સમકાલિક કરવાની સૂચના મળ્યેથી ત્રિ તેનું સમકાલિકરણ કરી શકે તે સંબંધમાં વીજ ઉત્પાદન કંપની દ્વારા જાહેર કરાયેલ સમય માત્રા (મિનિટમાં દર્શાવેલ).
એનપીસી (અ.વી.નિ.લિ.)	ન્યૂકિલઅર પાવર કોર્પોરેશન લિમિટેડ અણુ વીજ-નિગમ લિમિટેડ
એનટીપીસી (રા.થ.વી.નિ.લિ.)	નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ રાષ્ટ્રીય થર્મલ વીજળી નિગમ લિમિટેડ
સંચાલન ગાળો	સાચા સમય ધોરણની વ્યવસ્થામાં વીજ ઉત્પાદન મથકની એકંદર પ્રાપ્ય ક્ષમતા, જે, વીજ ઉત્પાદન એકમોની અધિકતમ ક્ષમતાના પ્રમાણમાં સંચાલન સપાટી ઉપરાંત ટૂંકા ગાળાની ટેકનિકલ પારનિતિ દ્વારા મર્યાદિત થાય છે.
સંચાલન	વ્યવસ્થાના સંચાલન સંબંધમાં સમય સૂચિબદ્ધ કે આયોજનયુકત પગલું.
સંચાલન કાર્યપદ્ધતિઓ	સલામતી નિયમો તથા જોડાણના સ્થળે પ્લાન્ટ અને/અથવા સાધનોના ખરેખર સંચાલન સંબંધમાં ઈશ્યૂ કરાયેલ સ્થાનિક તથા દૂરવર્તી પ્લાન્ટ અને સાધનો બંને માટે વહીવટી સૂચનાઓ અને કાર્યપદ્ધતિઓ.
સમકાલિકરણથી બહાર	વીજ ઉત્પાદન એકમ કે વ્યવસ્થા તંત્ર તેનું સમકાલિકરણ કરી શકે તેવી આવશ્યકતાઓ પહોંચી વળે નહીં તેવી સ્થિતિ.
અનુપયોગ તળ	પ્રવાહન કે વિતરણ કે ઉત્પાદન સગવડની મરામત અને જાળવણીને કારણે અથવા આનુષંગિક વ્યવસ્થામાં ખામીને કારણે વીજ-પ્રાપ્યતરમાં સંપૂર્ણ કે અંશકાલિન વિનિયમન.
અંશતઃ વીજભાર	વીજ ઉત્પાદન મથક વીજભાર યુકત હોય, પરંતુ તેની જાહેર કરેલી પ્રાપ્યતા પ્રમાણે ચાલે નહીં તેવી સ્થિતિ.
અંશતઃ બંધ પડ્યું (શટ ડાઉન)	વ્યવસ્થાનો અમુક ભાગ બંધ પડી જતાં બહારના જોડાણોમાં કે વ્યવસ્થાના ખામી રહિત ભાગમાં વીજ-પુરવઠામાં ભંગાણ.
ભારે માગનો સમયગાળો	દિવસના ગાળામાં જયારે વીજ માંગ સૌથી ઉંચા પ્રમાણમાં હોય તે સમયગાળો.

વ્યકિત	સંસ્થાપિત હોય કે ન હોય તેવી કોઈપણ કંપની અથવા કોર્પોરેટ સંસ્થા અથવા એસોસિયેશન અથવા વ્યકિતઓની સંસ્થા અથવા કૃત્રિમ ન્યાયિક વ્યકિત.
પીજીસીઆઈએલ	પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ
આયોજિત	સ્ટેટ લોડ ડિસ્પેટ સેન્ટર દ્વારા સમન્વિત વીજ ઉત્પાદન પ્લાન્ટ કે પ્રવાહન વ્યવસ્થાનો
અનુપયોગી ગાળો	ભાગ કે વપરાશકર્તાની વ્યવસ્થાના ભાગનો અનુપયોગી ગાળો.
વીજળી અવયવ	દેખીતી વીજળી (કેવીએ)ના પ્રમાણમાં સક્રિય વીજળીનો ગુણોત્તર.
જગ્યા	કોઈપણ જમીન, મકાન કે સંરચના.
રક્ષણ	વ્યવસ્થા તંત્રની અસાધારણ સ્થિતિ શોધી કાઢવા અને ખામી-નિવારણ કરવા અથવા સિગ્નલો કે સૂચનોને પ્રેરિત કરવા અંગેની યોજનાઓ અને સાધનો.
રક્ષણાત્મક સાધનો	નિર્દિષ્ટ રક્ષણ કાર્ય કરવા નિશ્ચિત કરેલ એક કે વધુ રક્ષણાત્મક રિલે અને / અથવા તર્કઅંગત તત્વો (લોજિક ઈલેમન્ટ)નું જૂથ.
નિર્ધારિત મેગા વૉટ	વીજ ઉત્પાદન એકમના મે.વો. ઉત્પાદનની "નિર્ધારણ પ્લેટ", વીજ-ઉત્પાદન એકમનું સંચાલન જે દરે કરવાનું વિચારાયું હોય તેટલા પ્રમાણ સુધીનું ઉત્પાદન.
પ્રતિક્રિયાત્મક વીજળી	વોલ્ટેજ અને વીજ પ્રવાહની નીપજ અને તેઓની વચ્ચેના ફેઝ કોણની જ્યા, જેને એમ્પિયર રિએકિટવ તથા તેના ધોરણસરના ગુણજના એકમો દ્વારા માપવામાં આવે છે. દા.ત. ૧૦૦૦ VAr = ૧ KVAr ૧૦૦૦ KVAr = ૧ MVAr
પ્રાદેશિક વીજળી સમિતિ	પ્રદેશમાં વીજ વ્યવસથાનું સમન્વિત સંચાલન કરવાનું સુગમ બને તે સારૂ નિર્દિષ્ટ માટે, ભારત સરકારના ઠરાવ દ્વારા સ્થાપિત સમિતિ.
નિયંત્રિત માર્જિન ગાળો	જેની ઉપરવટ વ્યવસ્થાતંત્રનું સંચાલન ન થઈ શકે તે વોલ્ટેજ અને આ વર્તન વ્યવસ્થા.
જવાબદાર ઈજનેર/ઓપરેટર	વ્યવસથા તંત્રના નિયંત્રણ માટે ઉપયોગકર્તાએ નીમેલ જવાબદાર વ્યકિત.
પુનઃ સમકાલિકરણ	વ્યવસ્થાના જે ભાગો એકબીજાથી સમકાલિકરણમાંથી બહાર નીકળી ગયા હોય તેને ફરીથી સમકાલિકરણ હેઠળ આણવા.
સલામતી નિયમો	પ્લાન્ટ/સાધનો પર કામ કરતી વ્યકિતઓની સલામતી સુનિશ્ચિત કરવા ઉપયોગકર્તાઓ અને પ્રવાહન પરવાનેદારો દ્વારા ઘડાયેલા નિયમો.
એસઈસીઓ (સૂ.લ.કં.લિ.)	સૂરત ઈલેકિટ્રસિટી કંપની લિમિટેડ
એસએલડીસી	સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર
સ્થાયી સૂચનાઓ	સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા વીજ ઉત્પાદન એકમને અપાતી સૂચના, જે અન્વયે, નિર્દિષ્ટ સંજોગોમાં વીજ ઉત્પાદન કંપનીએ નિર્દિષ્ટ પગલાં લેવાં જોઈએ - અલબત સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા કાયદેસરની ડિસ્પેચ સૂચનાઓ આપવામાં આવે છે.
શરૂ કરવું	વીજ ઉત્પાદન એકમ જે બંધ સ્થિતિમાં હોય તેને સમકાલિક ગતિએ લાવવાનું કામ.

INDEX

રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ (STU)	૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૩૯ની પેટા કલમ (૧) અન્વયે સરકાર દ્વારા જાહેર કરાયેલ ઉપયોગ એકમ, જેમનાં કાર્યો, ૨૦૦૩ના વીજળી અધીનિયમની કલમ ૩૯ની પેટા કલમ (૨) અન્વયે રેખાબદ્ધ કર્યા છે.
મથક ટ્રાન્સફોર્મર	વીજ એકમ ટર્મિનલ સાથે સીધે સીધા ન જોડાયેલ વીજ મથકના ગૌણ ભાગોને વીજળી પૂરી પાડનાર ટ્રાન્સફોર્મર.
પેટા મથક	વીજળીના પ્રવાહન અને વિતરણ માટે વીજળીનું રૂપાંતર કરવા માટેનું મથક, જેમાં ટ્રાન્સફોર્મર, કન્વર્ટર, સ્વિચગિયર, કેપેસિટર્સ (વીજધારિત્રો), સિન્ક્રોનસ કન્ડેન્સર, સંરચનાઓ, કેબલ અને અંગભૂત સાધનસામગ્રી તથા તે હેતુસર વપરાતા મકાન અને તેની જગ્યાનો સમાવેશ થાય છે.
દેખરેખ નિયંત્રણ માહિતી સંપાદન (એસસીએડીએ)	સંદેશા વ્યવહાર કડીઓ અને માહિતી-પ્રક્રિયા સિસ્ટમ, જે જરૂરી દેખરેખ અને નિયંત્રણ પગલાં અમલમાં મૂકી શકાય તે માટે માહિતી પૂરી પાડે છે.
સમકાલિકરણ (Syachronized)	આ એવી પરિસ્થિતિ છે કે જયાં પ્રવેશ કરનાર વીજ ઉત્પાદન એકમ અથવા સિસ્ટમને બીજી સિસ્ટમના બસ બાર (વાહક) સાથે જોડવામાં આવે છે, જેથી યથાપ્રસંગ વીજ- ઉત્પાદન એકમ અને સિસ્ટમના અને સિસ્ટમને જેની સાથે જોડવામાં આવે તેનાં આ વર્તનો અને ફેઝ સંબંધો સમાન રહે.
સિસ્ટમ વ્યવસ્થા/ વ્યવસ્થાતંત્ર	કોઈપણ પ્રવાહન અને વિતરણ વ્યવસ્થા અને અથવા યથાપ્રસંગ પ્રવાહન વ્યવસ્થા
એકંદર વ્યવસ્થા	ગુજરાતમાં પ્રવાહન વ્યવસ્થા અને તમામ ઉપયોગકર્તાઓની વ્યવસ્થા
પ્રવાહન	પ્રવાહન લાઈનો સ્થાપિત કરીને તેનું સંચાલન કરવા અધિકૃત પરવાનેદાર
પ્રવાહન લાઈન	એક વીજ-ઉત્પાદન મથકેથી બીજા ઉત્પાદન મથકે કે પેટા મથકે વીજળીનું પ્રવાહન કરતી તમામ ઉંચા દબાણનાં કેબલો અને ઉપરની લાઈનો (પરવાનેદારની વિતરણ વ્યવસ્થાનો આવશ્યક ભાગ નહીં), તેમની તેની સાથે આવા કેબલ અને ઉપરની લાઈનોને નિયંત્રણ માટે જરૂરી અને તે માટે વપરાતા કોઈપણ સ્ટેપ-અપ અને સ્ટેપ- ડાઉન ટ્રાન્સફોર્મરો, સ્વિચ ગિયરો અને બીજાં બાંધકામ અને આવાં ટ્રાન્સફોર્મરો, સ્વિચ ગિયરો તથા બીજા બાંધકામનો સમાવેશ કરવા જરૂર પડે તેવાં મકાનો અને તેના ભાગ.
પ્રવાહન વ્યવસ્થા	એક વીજ ઉત્પાદન મથકથી વિતરણ વ્યવસ્થા સાથેના જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેસ પોઈન્ટ સુધી વીજળીના પ્રવાહન માટે પ્રવાહન પરવાનેદારના ઉંચા દબાણનાં કેબલો અને ઉપરની લાઈનોનો સમાવેશ કરતી વ્યવસ્થા. આમાં વિતરણ વ્યવસ્થાના કોઈ ભાગનો સમાવેશ થતો નથી.
અલ્પ આવર્તન રિલે	વીજળી માપક રિલે, જેનો વિશિષ્ટ જથ્થો, આવર્તનમાં ઘટાડો કરીને રિલેના સેટિંગ સુધી પહોંચે ત્યારે સંચાલિત કરવા અપેક્ષિત રિલે.
ઉપયોગકર્તા	ગુજરાત ગ્રિડનો ઉપયોગ કરનાર, ગ્રિડ સંહિતાની દરેક કલમમાં ખાસ કરીને મુકરર કરાયેલ વ્યકિતઓનો નિર્દેશ કરવા ગ્રિડ સંહિતાની વિવિધ કલમોમાં વપરાયેલ શબ્દ.
ડબલ્યુઆર એલડીસી (WRLDC)	વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર

આ સંહિતામાં વપરાયેલા પરંતુ વ્યાખ્યા નહીં અપાયેલ પરંતુ અધિનિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દપ્રયોગોના અર્થ ઉકત અધિનિયમોમાં તેમને આપેલ અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલા પરંતુ ખાસ કરીને આ સંહિતામાં કે ઉકત અધિનિયમોમાં વ્યાખ્યા ન અપાઈ હોય. પરંતુ સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા અને રાજયના વીજળી-ઉદ્યોગને લાગુ પડતા કોઈપણ કાયદા હેઠળ વ્યાખ્યા અપાયેલ શબ્દપ્રયોગોના અર્થ, આવા કાયદામાં તેમનો જે અર્થ અપાયો હોય તે રહેશે. ઉપરની વિગતને આધીન રહીને અહીં

વપરાયેલા શબ્દપ્રયોગોનો ખાસ કરીને આ સંહિતા કે અધિનિયમોમાં કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલ કોઈપણ કાયદા અનવયે વ્યાખ્યા ન અપાઈ ન હોય તેવા શબ્દપ્રયોગોનો અર્થ સામાન્યપણે વીજ-ઉદ્યોગમાં નિર્દિષ્ટ કરાયેલા અર્થ પ્રમાણે રહેશે.

અર્થઘટન

આ સંહિતાના અર્થઘટનમાં, સંદર્ભથી અન્યથા હોય તે સિવાય,

- યથાપ્રસંગ એકવચન કે બહુવચનના શબ્દો, અનુક્રમે બહુવચન કે એકવચનના શબ્દનો સમાવેશ કરતા હોવાનું ગણવામાં આવશે.
- "સમાવેશ કરવો" (include) કે "સમાવિષ્ટ" (including) શબ્દો, આવા શબ્દોની પાછળ જે વાકયાંશો કે આયાત જેવા શબ્દો આવતા હોય કે નહીં તે ધ્યાનમાં લીધા સિવાય "મર્યાદા રહિત" અથવા "તે પરંતુ તેને મર્યાદિત નહીં," એવા વાકયપ્રયોગો આવશે.
- અહીં "સંહિતા"ના સંદર્ભોનો અર્થ, અમલમાં હોય તેવા લાગુ પાડવાપાત્ર કાયદા મુજબ ગુ.વી.નિ.આયોગ દ્વારા વખતોવખત સુધાર્યા કે ફેરફાર કર્યા મુજબ આ સંહિતાના સંદર્ભ તરીકે કરાશે.
- અનુકૂળતા માટે શીર્ષકો આપવામાં આવ્યાં છે અને આ સંહિતાના અર્થઘટન માટે તેને વિચારણામાં લેવાં નહીં.
- વિવિધ કાયદા, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને લગતા સંદર્ભોના અર્થ, યથાપ્રસંગ ઉલ્લેખ કરાતા કાયદા, વિનિયમો કે માર્ગદર્શન સૂચનાઓને એકત્રિત કરતી, સુધારતી કે ફેરફાર કરતી તમામ જોગવાઈઓનો સમાવેશ કરીને તે પ્રમાણે કરાશે.

૩ કલમ-૩

ગ્રિડ સંહિતાનો વહીવટ

૩.૧.૨ ગ્રિડ સંહિતા પુનર્વિલોકન પેનલ દ્વારા વિચારણા કરાયા અને સહમતિ વિના અને ત્યારબાદ ગુ.વી.નિ.ઓગની મંજૂરી વિના ગ્રિડ સંહિતામાં નાનો કે મોટો કોઈ ફેરફાર કરાશે નહીં. આમ છતાં, અસાધારણ પરિસ્થિતિમાં, ગ્રિડ સંહિતાના કેટલાક ખડોમાં સુધારણા કર્યા વિના રોજ-બ-રોજની રોજિંદી કામગીરી કરવાનું શકય ન હોય ત્યાં ગુ.વી.નિ.આયોગની મંજૂરી પહેલાં કામચલાઉ સુધારો અમલમાં મુકી શકાશે, પરંતુ તેમ તાકીદને ધોરણે ખાસ પુનર્વલ્કન સમિતિની બેઠક બોલાવીને ચર્ચા કર્યા પછી જ કરાશે. ગુ.વી.નિ.આયોગને આવા કામચલાઉ સુધારાની તાત્કાલિક જાણ કરવી. ગુ.વી.નિ.આયોગ તે આદેશાત્મક સૂચનાઓમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તદનુસાર ગ્રિડ સંહિતામાં સુધારણા કરવા રાજય પ્રવાહન ઉપયોગ એકમને આદેશો આપશે અને રાજય પ્રવાહન ઉપયોગ એકમ આવા કોઈપણ આદેશોનું સત્વરે પાલન કરશે.

૩.૧.૩ રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, ઉપયોગકર્તાઓ સાથેની પોતાની ફરજો બજાવવા સારૂ, ગ્રિડ સંહિતાનો વહીવટ અને અમલ કરવા માટે જવાબદાર રહેશે. અલબત પરવાનેદાર, તેન પોતાના પ્રતિનિધિઓ સિવાય પેનલના બીજા કોઈ સભ્યના પ્રવાસ વગેરે અંગે કોઈપણ ખર્ચ કરશે નહીં.

૩.૨ ઉદ્દેશ

આ કલમનો ઉદ્દેશ જરૂરી સુધારા/ફેરફારો અમલમાં મૂકીને ગ્રિડ સંહિતાના દસ્તાવેજોના વહીવટની પદ્ધતિ તથા આ ફેરફારો અમલમાં મૂકનાર (ઉપયોગકર્તાઓ) ઘટકભાગોની જવાબદારીઓ નકકી કરવાનો છે.

૩.૩ ગ્રિડ સંહિતા પુનર્વિલોકન પેનલ

૩.૩.૧ ગ્રિડ સંહિતા પુનર્વિલોકન પેનલના અધ્યક્ષ, મુખ્ય ઈજનેરથી નીચલા હોદ્દાના ન હોય તેવા રાજય પ્રવાહન ઉપયોગ એકમના ઈજનેર રહેશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ, પેનલના સભ્ય- સચિવની પણ નિમણૂક કરશે. પુનર્વિલોકન પેનલમાં, સંબંધિત સંસ્થાઓના વડાઓની ભલામણોને આધારે નીચેના સભ્યોનો સમાવેશ થશે.

(ક) ગુજરાતા રાજય વીજ-નિગમ લિમિટેડ (GSECL) માંથી મુખ્ય ઈજનેર અથવા જનરલ મેનેજર.

(ખ) અમદાવાદ ઈલેકિટ્રસિટી કંપની લિમિટેડ (AECo) માંથી સિનિયર વહીવટી કક્ષાના એક પ્રતિનિધિ.

(ગ) સૂરત ઈલેકિટ્રસિટી કંપની લિમિટેડ (SECo) માંથી સિનિયમ વહીવટી કક્ષાના એક પ્રતિનિધિ.

(ઘ) રાષ્ટ્રીય થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ (NTPC) માંથી સિનિયમ વહીવટી કક્ષાના એક પ્રતિનિધિ.

(ચ) વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર (WRLDC) માંથી સિનિયમ વહીવટી કક્ષાના એક પ્રતિનિધિ. આવી સમિતિ અસ્તિત્વમાં આવ્યા પછી આ સભ્યને પદ પર સ્થાપિત કરાશે.

(છ) ૫૦ મે.વો.થી ઓછો પુરવઠો ન આપતી હોય તેવી ગુજરાત ગ્રિડને પુરવઠો આપતી ગુ.રા.વી. નિગમ લિમિટેડ સિવાયની અન્ય વીજ-ઉત્પાદન કંપનીઓ પૈકી દરેકમાંથી સિનિયર વહીવટી કક્ષાના એક પ્રતિનિધિ.

(જ) ગુજરાત ગ્રિડની સમાંતર કામ કરનાર, તમામ કેપ્ટિવ પાવર પ્લાન્ટમાંથી ધારાને ધોરણે એક પ્રતિનિધિ.

(ઝ) ૫૦ મે.વો. કરતાં ઓછી ક્ષમતાવાળા નાના વીજઉત્પાદન મથકોની તમામ વીજ ઉત્પાદન કંપનીઓમાંથી વાચન ધોરણે એક પ્રતિનિધિ.

(ટ) ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થામાંથી (GEDA) એક પ્રતિનિધિ.

૩.૩.૨ ગુ.વી.નિ.આયોગ દ્વારા આદેશ આપવામાં આવે ત્યારે કોઈપણ બીજા સભ્યોને પેનલના સભ્ય તરીકે કો-ઓપ્ટ કરી શકાશે.

૩.૩.૩ પેનલની કામગીરીનું સંકલન રાજય પ્રવાહન ઉપયોગ એકમ દ્વારા કરાશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ દ્વારા નિયુકત સચિવ કન્વીનર બનશે.

૩.૩.૪ રાજય પ્રવાહન ઉપયોગ-એકમ, પ્રથમ પુનર્વિલોકન પેનલની બેઠક યોજાવાના ઓછામાં ઓછા ૭ દિવસ પહેલાં પુનર્વિલોકન પેનલના અધ્યક્ષ અને સભ્ય સચિવનાં નામો અને સરનામાંની ઉપયોગકર્તાઓને જાણ કરાશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ પાછળથી થયેલા કોઈપણ ફેરફારની ઉપયોગકર્તાને જાણ કરશે. તે જ પ્રમાણે, દરેક ઉપયોગકર્તા, તેમના પ્રતિનિધિઓના નામ અને સરનામાની, પ્રથમ પુનર્વિલોકન પેનલની બેઠક યોજાય તેના ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં પુનર્વિલોકન પેનલના સભ્ય સચિવને જાણ કરશે.

પુનર્વિલોકન પેનલનાં કાર્યો

પુનર્વિલોકન પેનલના કાર્યો નીચે પ્રમાણે છે.

(ક) ગ્રિડ સંહિતા અને તેની કામગીરીની સતત તપાસ અને સમીક્ષા હેઠળ જાળવણી.

(ખ) ઉપયોગકર્તા દ્વારા પુનર્વિલોકન માટે કરાતી તમામ વિનંતીઓની વિચારણા અને ગ્રિડ સંહિતામાં ફેરફાર કરવાની તેમની ભલામણો તથા આવા ફેરફારો માટેનાં કારણોને પ્રસિદ્ધિ આપવી.

(ગ) ગ્રિડ સંહિતાના અર્થઘટન અને અમલ અંગે માર્ગદર્શન આપવું.

(ઘ) ઉપોયગકર્તા દ્વારા ઉભા કરાયેલા પ્રશ્નોની તપાસ અને તેના નિકાલ.

(ચ) ગ્રિડ સંહિતામાં સૂચિત ફેરફારો/સુધારા, ભારતીય વીજળી ગ્રિડ સંહિતા (IEGC) સાથે સુસંગત અને અનુરૂપ છે તે સુનિશ્ચિત કરવું.

(છ) ગુજરાત ગ્રિડમાં કોઈ મોટી ખલેલ ઉભી થાય તો તેનું પૃથક્કરણ કરવું અને તેનાં કારણોની તપાસ કરવા પેટા-સમિતિની રચના કરવી.

પુનર્વિલોકન પેનલની દર ત્રણ મહિને ઓછામાં એક બેઠક મળવી જોઈએ એ શરતને આધીન રહીને, જરૂરી હોય તેટલી સંખ્યામાં બેઠકો યોજી શકાશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ વ્યકિતગત જરૂરીયાતોની ચર્ચા કરવા અને ઉપયોગકર્તાઓનાં જૂથ સાથે પુનર્વિલોકન પેનલની વિચારણા માટે દરખાસ્તો તૈયાર કરવા પેટા-બેઠકો યોજશે.

૩.૫ પુનર્વિલોકન અને સુધારણા

૩.૫.૧ ઉપયોગકર્તા, ગ્રિડ સંહિતામાં કોઈ સુધારો કરવા ઈચ્છે તો, તે પુનર્વિલોકન પેનલના સભ્ય સચિવને લેખિતમા વિનંતી કરશે અને તેની એક નકલ ગુ.વી.નિ.આયોગને મોકલશે. આવી વિનંતી ગુ.વી.નિ.આયોગને સીધે સીધી મોકલવામાં આવે તો તે રાજય પ્રવાહન ઉપયોગ એકમને રવાના કરાશે, જે વિતરણ પરવાનેદારો, વીજ-ઉત્પાદન કંપનીઓ, કેન્દ્રીય પ્રવાહન ઉપયોગ એકમ (સીટીયુ) અને ગુ.વી.નિ.આયોગ સુચવે અથવા રાજય પ્રવાહન ઉપયોગ એકમ સલાહ લેવા નકકી કરે તેવી બીજી વ્યકિતઓ ગ્રિડ સંહિતાની જોગવાઈઓનું પુનર્વિલોકન કરશે.

રાજય પ્રવાહન ઉપયોગ એકમ, ભારતીય વીજળી ગ્રિડ સંહિતાની શરતોને ધોરણે સૂચિત ફેરફારો/સુધારાનું પરીક્ષણ કરશે અને પોતાની ટીકા-ટિપ્પણ સહિત તે તમામ પુનર્વિલકોન પેનલના સભ્યોને પરિપત્રિત કરશે અને વ્યાજબી સમય માળખાની અંદર

તેમની લેખિત ટીકા-ટિપ્પણ મોકલવા જણાવશે. ગ્રિડ સંહિતાના અમુક ખંડ, ભારતીય વીજળી ગ્રિડ સંહિતા સાથે સુસંગત નથી એમ જણાય તો પુનર્વિલોકન પેનલમાં તેની ચર્ચા કરાશે અને તે ખંડને ભારતીય વીજળી ગ્રિડ સંહિતા સાથે સુસંગત બનાવવા તેમાં સુધારો કરવામાં આવશે.

૩.૫.૨ રાજય પ્રવાહન ઉપયોગ એકમ મળેલી તમામ ટીકા-ટિપ્પણોની ચકાસણી કરીને તેનું સંકલન કરશે. આ ટીકા-ટિપ્પણોની સાથે રાજય પ્રવાહન ઉપયોગ એકમની ટીકા-ટિપ્પણો, તમામ સભ્યોને સૂચિત ફેરફાર/સુધારા માટે તેમનો પ્રતિભાવ દર્શાવવા મોકલવામાં આવશે. જરૂરી જણાશે તો, રાજય પ્રવાહન ઉપયોગ એકમ ચર્ચા-વિચારણા માટે પુનર્વિલોકન પેનલની બેઠક બોલાવશે. સભ્ય સચિવ, ગ્રિડ સંહિતાના તમામ સૂચિત સુધારા, વિચારણા માટે પુનર્વિલોકન પેનલ સમક્ષ રજૂ કરશે.

૩.૫.૩ મળેલા પ્રતિભાવના આધારે, રાજય પ્રવાહન ઉપયોગ એકમ સૂચિત સુધારા/ફેરફારો અંગે પોતાની ભલામણને આખરીરૂપ આપશે અને તે ભલામણો તેમજ સંબંધિત તમામ પત્રવ્યવહાર ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગને મંજૂરી માટે મોકલી આપશે.

૩.૫.૪ રાજય પ્રવાહન ઉપયોગ એકમ, પેનલની દરેક પુનર્વિલોકન બેઠકના તારણ અંગે ગુજરાત વીજ નિયમન આયોગને નીચે મુજબ અહેવાલો મોકલશે.

(ક) આવા પુનર્વિલોકનનાં પરિણામો અંગેનો અહેવાલ.

(ખ) પ્રવાહન લાઈસન્સના પ્રસ્તુત ફકરાઓમાં ઉલ્લેખ કરાયેલા ઉદ્દેશોની સિદ્ધિ માટે રાજય પ્રવાહન ઉપયોગ એકમને વ્યાજબી પણે જરૂરી હોવાનું જણાય તે પ્રમાણે ગ્રિડ સંહિતામાં કોઈ સૂચિત સુધારા.

(ગ) પુનર્વિલોકન સમયે ઉપયોગકર્તા દ્વારા રજૂ કરાયેલ તમામ લેખિત રજૂઆતો અને ઉદ્દેશો.

૩.૫.૫ ગ્રિડ સંહિતાના તમામ સુધારા માટે ગુ.વી.નિ.આયોગની મંજૂરી જરૂરી છે. ગુ.વી.નિ. આયોગની મંજૂરી મળ્યા પછી રાજય પ્રવાહન ઉપયોગ એકમ ગ્રિડ સંહિતાના સુધારા પ્રસિદ્ધ કરશે. ગ્રિડ સંહિતાની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવામાં મુશ્કેલીઓ પડે તેમ હોય ત્યાં ઉપયોગકર્તા તેવા કેસોમાં છૂટછાટ માટે દખાસ્તો રજૂ કરશે.

૩.૫.૬ આગલા વર્ણનમાં કરાતો કોઈ ફેરફાર હાંસિયામાં સ્પષ્ટ રીતે દર્શાવવો. ઉપરાંત, સુધારેલ વર્ણનના આગળના ભાગે એક સુધારણાનું પાનું રાખીને, તેના પર ફેરફાર કરાયેલ દરેક પેટા કલમની સંખ્યાની આવા ફેરફાર માટેનાં કારણો સહિત નોંધ કરવી.

૩.૫.૭ રાજય પ્રવાહન ઉપયોગ એકમ છેલ્લામાં છેલ્લા સુધારા સાથે ગ્રિડ સંહિતાની નકલો રાખશે અને તેની જરૂર હોય તેવી કોઈપણ વ્યકિતને વ્યાજબી ભાવે આપશે. તે શકય બનશે ત્યારે વેબસાઈટ પરથી મેળવવાનું ઉપલબ્ધ કરાશે. ગ્રિડ સંહિતાની અદ્યતન પ્રત તમામ સંબંધિત વ્યકિતઓને પહોંચી ગઈ છે. તે સુનિશ્ચિત કરવા, જરૂરી જણાય તો, ગ્રિડ સંહિતાની તમામ નકલો મેળવનારની અદ્યતન યાદી રાખશે.

૩.૫.૮ ઉપયોગકર્તાની અરજીને આધારે અથવા અન્યથા આયોગ, પરિસ્થિતિ તેવી માગ ઉભી થાય તેમ અને ત્યારે પુનર્વિલોકન પેનલની સંકટકાલિન બેઠક બોલાવશે અને તે યોગ્ય જણાય તેવા ફેરફારો અને સુધારા ગ્રિડ સંહિતામાં કરશે.

૪ કલમ - ૪

તંત્ર/વ્યવસથા/સિસ્ટમ આયોજન સંહિતા

૪.૧ પ્રાસ્તાવિક

સિસ્ટમના આયોજનમાં, પ્રવાહન વ્યવસ્થાના આયોજન અને વિકાસ માટે રાજય પ્રવાહન ઉપયોગ એકમે અપનાવવાના ટેકનિકલ અને ડિઝાઈન માપદંડ અને કાર્યપદ્ધતિઓ નિર્દિષ્ટ કરી છે. પ્રવાહન વ્યવસ્થાના ઉપયોગકર્તાઓ તેમની પોતાની વ્યવસ્થાના આયોજન અને વિકાસ માટે "વ્યવસ્થા આયોજન"ને ધ્યાનમાં લેશે.

૪.૧.૧ ઘણાં કારણોને લીધે વ્યવસ્થામાં પ્રબલીકરણ અને વિસ્તરણો ઉભાં થાય છે, જે પૈકીના થોડાક નીચે છે.

(ક) ઉપયોગકર્તાએ વિકસાવેલ પ્રવાહન-વ્યવસ્થા સાથે જોડાયેલ ઉપયોગકર્તાની વ્યવસ્થા અંગે વિકાસ.

(ખ) ઉપયોગકર્તાની વ્યવસ્થા અને પ્રવાહન વ્યવસ્થા વચ્ચે નવા જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેસ પોઈન્ટ દાખલ કરવા.

(ગ) વ્યવસ્થાની ક્ષમતામાં વધારો, કાર્યલક્ષી અવરોધો દૂર કરવા, સુરક્ષા ધોરણોની જાળવણી અને માગના સામાન્ય વધારાને પહોંચી વળવાની જરૂરિયાત.

(ઘ) એકધારી સ્થિતિ અને ક્ષણિક સ્થિરતા વિચારણા.

(ચ) ઉપરના ચારના કોઈપણ સંયોજનની એકત્રિત અસર.

૪.૧.૨ પ્રવાહન વ્યવસ્થામાં આવા પ્રબલીકરણ અને વિસ્તરણના કામમાં, વિસ્તરણ વ્યવસથાનાં વીજ-ઉત્પાદન કંપની/વિતરણ પરવાનેદારના જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેસ પોઈન્ટ આગળના કામનો પણ સમાવેશ થાય છે.

૪.૧.૩ નીચેની બાબતોને વિચારણામાં લઈને પૂરતો લીડ સમય આપીને પ્રવાહન વ્યવસ્થાની વૃદ્ધિનું અગાઉથી આયોજન કરવું જોઈએ.

(ક) હાથ ધરવાના વિગતવાર ઈજનેરી, ડિઝાઈન અને બાંધકામ માટે જરૂરી સમય. આ "વ્યવસ્થા આયોજન" આથી, રાજય પ્રવાહન ઉપયોગ એકમ અને ઉપયોગકર્તા(ઓ) વચ્ચે માહિતીની આપ-લે કરવા માટે સમય-પ્રમાણ (ટાઈમસ્કેલ) પર ભાર મૂકે છે. તમામ સંબંધકર્તા પક્ષકારોએ, યોગ્ય હોય ત્યાં આવી માહિતીની ગુપ્તતા પ્રત્યે પૂરતું ધ્યાન આપવું જોઈશે.

(ખ) સરકારી રાજપત્રમાં અને આગળ પડતા વર્તમાનપત્રોમાં જાહેરનામું પ્રસિદ્ધ કરવા અને વીજળી અને દૂરસંચાર, સંકલન સમિતિ (પીટીસીસી)ની મંજૂરી, વન વિભાગની મંજૂરી, રેલ્વેની મંજૂરી, ઉડ્ડયન તંત્ર પાસેથી મંજૂરી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, રાજય ધોરી માર્ગ વગેરે જેવી જરૂરી તમામ વૈધાનિક મંજૂરીઓ અને જરૂરી હોય ત્યાં માર્ગના હકની પરવાનગી મેળવવા માટે જોઈતો સમય.

૪.૨ ઉદ્દેશ

આ કલમમાં, માગ અને વીજ ઉત્પાદનની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા, રાજય પ્રવાહન ઉપયોગ એકમ, ઉપયોગકર્તાઓ સાથે ચર્ચા-વિચારણા કરીને કાર્યક્ષમ, સમન્વિત, સુરમિત અને કરકસરયુક્ત આંતર રાજય પ્રવાહન વ્યવસ્થા વિકસાવી શકે તે સારુ "વ્યવસ્થા આયોજન" માટે ધોરણો અને કાર્યપદ્ધતિએ ઘડવામાં આવી છે.

૪.૩ ભાવિલક્ષી યોજના

૪.૩.૧ વિતરણ પરવાનેદારની પોતાના વીજ-પુરવઠા વિસ્તારમાં વીજભારનો વરતારો કાઢવાની પ્રાથમિક જવાબદારી રહેશે. વિતરણ પરવાનેદાર, ક્રમિક ૧૦ વર્ષના ગાળાના દરેક વર્ષ માટે પોતાના વિસ્તારના ટોચનો વીજભાર અને વીજશકિત નકકી કરશે અને રાજય પ્રવાહન ઉપયોગ એકમને દર વર્ષે ૩૧મી જાન્યુઆરી સુધીમાં તે રજૂ કરશે. આમાં માગણીનો વરતારો, માહિતીનું પદ્ધતિસર તથા જેના આધારે વરતારો કરવામાં આવ્યો છે તે ધારણાઓ અંગેની વિગતોનો સમાવેશ થશે. ટોચનો વીજભાર અને વીજશકિતનો વરતારો પુરવઠાના એકંદર વિસ્તાર માટે કરાશે. પ્રવાહન વ્યવસ્થા સાથેના દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેસ પોઈન્ટ માટે વાર્ષિક ટોચનો વીજભાર અને વીજશકિતનો વરતારો પણ કાઢવાં આવશે. દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેસ પોઈન્ટ આગળ ટોચના વીજભારની જરૂરિયાત આવશ્યકપણે સુનિશ્ચિત કરશે કે, રાજય પ્રવાહન ઉપયોગ એકમ, પ્રવાહન વ્યવસ્થાના જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ સુધી પર્યાપ્ત ક્ષમતા જાળવી રાખવા સુધારાત્મક પગલાં લેવાનો નિર્ણય કરી શકશે. આનાથી પ્રવાહન પરવાનેદારે સુસંગત પ્રવાહન વ્યવસ્થા વિકસાવવાનું સુગમ થઈ પડશે. વિતરણ પરવાનેદારને ગીચ વિસ્તારમાં રિંગમાં એકબીજા સાથે જોડાયેલ સંખ્યાબંધ જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેઝ પોઈન્ટો આગળ વીજળી મળતી હોય તો, આવો વિતરણ પરવાનેદાર, પુરવઠાના સમગ્ર વિસ્તાર માટે તેમજ દરેક જોડાણ પોઈન્ટ અને ઈન્ટરફેઝ પોઈન્ટ માટે, રાજય પ્રવાહન ઉપયોગ એકમ સાથે અસરપરસ ચર્ચા કરીને અને સહમતિ સાધીને નકકી કરેલ ફેરફાર કે છૂટ સહિત, એકંદર લાંબા ગાળાની માગનો વરતારો કાઢશે. આ વરતારો, દર વર્ષે તેમજ હાલની વ્યવસ્થામાં કોઈ મોટા ફેરફાર થાય તો પણ અદ્યતન કરવામાં આવશે. એક જ ગ્રાહકની ૫ મે.વો. કરતાં વધુ વીજળીની માગની બાબત આ વરતારામાં વિચારણામાં લેવામાં આવે ત્યાં, વિતરણ પરવાનેદાર આવી માગણીનો આખરી નિર્ણય કરવા બાબત પોતાની જાતે ખારી કરી લેશે.

૪.૩.૨ રાજય પ્રવાહન ઉપયોગ એકમે, વિતરણ પરવાનેદાર તેમની સલાહ લઈને વીજભાર અંગેનો વરતારો કાઢવામાં ઉપયોગમાં લીધેલ પદ્ધતિશાસ્ત્ર અને ધારણાઓની પણ સમીક્ષા કરશે. આના પરિણામે એકંદર વરતારો પ્રવાહન વ્યવસ્થાના વિસ્તરણ માટે આયોજનનો આધાર ઉભો કરશે અને રાજય પ્રવાહન ઉપયોગ એકમ તે કામગીરી હાથ ધરશે. વિશ્વસનીય આંતર જોડાણવાળી પ્રાદેશિક વીજ-વ્યવસ્થાની જાળવણી માટે, તમામ સહયોગીઓએ વખતો-વખત અદ્યતન બનાવાતા કેન્દ્રીય વીજ- સમાંતત્રના આયોજન માપદંડો માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરશે.

૪.૩.૩ રાજય પ્રવાહન ઉપયોગ એકમ, આવતા દશ વર્ષ સુધી દરેક વર્ષ માટે પુરવઠાના વિસ્તારમાં વીજળીની માગનો વરતારો કાઢશે અને ગુ.વી.નિ.આયોગને વરતારાની વિગતો, માહિતી, પદ્ધતિ વિસ્તાર અને જેના આધારે વરતારો કાઢયો હોય તે ધારણોઓની

વિગતો મોકલશે. આ વરતારાને આધારે અને ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૩૯(૨)બી હેઠળ મુકરર કરેલ વિવિધ સંસ્થાઓના સંકલનમાં રહીને, રાજય પ્રવાહન ઉપયોગ એકમ, ભાવિ માગને પહોંચી વળવા આંતર રાજય પ્રવાહન વ્યવસ્થાને અનુરૂપ થવા ગુ.વી.નિ.આયોગને લાંબાગાળાની (૧૦ વર્ષની) યોજના તૈયાર કરી રજૂ કરવા જવાબદાર રહેશે. આ આયોજન, કેન્દ્રીય વીજળી સત્તાતંત્રે તૈયાર કરેલ વીજ-ઉત્પાદન અને પ્રવાહન માટેના રાષ્ટ્રીય ભાવિલક્ષી યોજનાને સુસંગત રહેશે. આ અનુરૂપ આંતર રાજય પ્રવાહ યોજનામાં પ્રવાહન વ્યવસ્થા માટે જરૂરી પ્રતિક્રિયક વળતર માટેની જોગવાઈનો પણ સમાવેશ થશે.

૪.૩.૪ દરેક વિતરણ પરવાનેદારે રજૂ કરેલી વીજભાર વરતારાને સમન્વિત કરવા અને રાજય માટે લાંબા ગાળાના (૧૦ વર્ષ) વીજભારનો વરતારો નકકી કરવા માટે રાજય પ્રવાહન ઉપયોગ એકમ જવાબદાર ગણાશે. સમગ્ર રાજયની જરૂરિયાતો નકકી કરવા માટે, આગલાં વર્ષોની ઉપલબ્ય માહિતીમાંથી યોગ્ય વિભિન્નતા પરિબળ (ફેકટર) પસંદ કરવાનું રહેશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ, સંબંધિત વિતરણ પરવાનેદાર સાથે ચર્ચા-વિચારણાચ કરીને ૫ મે.વો. ઉપરની માગવાળા ગ્રાહકોના જથ્થાબંધ વીજભારનો નિર્ણય કરવાની શકયતા અંગે જાતે ખાતરી કરશે.

૪.૩.૫ રાજય પ્રવાહન ઉપયોગ એકમ, કેન્દ્રીય વીજળી સત્તાતંત્ર દ્વારા વિકસાવાયેલ લાંબાગાળાની યોજના સાથે બંધબેસતી આંતર પ્રાદેશિક યોજનાઓ સહિત મુખ્ય આતર રાજય પ્રવાહન વ્યવસ્થા મુકરર કરવા માટે આગળના પાંચ વર્ષની મુદત સુધીનુ આનુષંગિક વાર્ષિક આયોજન કરવા કેન્દ્રિય પ્રવાહન ઉપયોગ એકમને પૂરેપૂરી સહાય કરશે.

૪.૩.૬ કેન્દ્રીય પ્રવાહન ઉપયોગ એકમ આગામી પાંચ વર્ષ માટે દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં યોજના તૈયાર કરીને આખરીરૂપ આપી શકે તે સારૂ, રાજય પ્રવાહન ઉપયોગ એકમ, કેન્દ્રીય પ્રવાહન ઉપયોગ એકમને દર વર્ષે ૩૧મી માર્ચ સુધીમાં જરૂરી આયોજનની વિગતો મોકલી આપશે.

૪.૪ આયોજન ધોરણો અને કાર્યપદ્ધતિઓ

૪.૪.૧ આંતર-રાજય પ્રવાહન વ્યવસ્થાનું "પ્રવાહન વ્યવસ્થા આયોજન અને સુરક્ષા ધોરણ" (આ સંહિતા સાથેનું જોડાણ) અનુસાર આયોજન કરાશે.

૪.૫ આયોજન માહિતી જરૂરિયાત

૪.૫.૧ રાજય પ્રવાહન ઉપયોગ એકમ, વ્યવસથાનો અભ્યાસ કરીને તથા ભાવિલક્ષી યોજનાઓ તૈયાર કરીને પ્રવાહન પરવાના હેઠળ પોતાની જવાબદારીઓ બજાવી શકે ને સારુ, તમામ ઉપયોગકર્તાઓ વિગત નોંધણી કલમ તથા જોણા "એ" અન્વયે આયોજન વિગત તરીકે વર્ગીકૃત કર્યા મુજબ વખતો વખત રાજય પ્રવાહન ઉપયોગ એકમને વિગતવાર તમામ માહિતી મોકલશે. આબહ્ય વીજળી પ્લાન્ટ (કેપ્ટિવ પવાર પ્લાન્ટ) સહિત વીજ-ઉત્પાદન મથકો અને ગ્રિડની સમાંતરે કામ કરતાં પ્રવાહન પરવાનેદારની માલિકીના વીજ-ઉત્પાદન એકમોને લગતી માહિતી, વીજ-ઉત્પાદન એકમમાં કોઈપણ ઉમેરો/વિતરણ વ્યવસ્થા કોઈપણ સુધારાને આધારે અદ્યતન કરવામાં આવશે.

૪.૫.૨ ઉપયોગકર્તાઓ, પ્રવાહન વ્યવસ્થા સાથે પોતાના પ્લાન્ટ અને વ્યવસ્થાનું આયોજન, ડિઝાઈન અને સંચાલનનું સંકલન કરી શકે તે સારું તેમને લાગુ પડતી પ્રવાહન વ્યવસ્થાની કેટલીક મહત્વની વિગતોની જરૂર પડશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, વિગત નોંધણી કલમ અન્વયે આપેલી વિગત પ્રમાણે અને જોડાણ-બી અન્વયે વિગતવાર પ્રવાહન વ્યવસ્થા તરીકે વર્ગીકૃત કર્યા પ્રમાણે વખતો વખત આ માહિતી મોકલી આપશે.

૪.૫.૩ ઉપરની જોગવાઈ ઉપરાંત, ભારતીય વીજળી ગ્રિડ સંહિતા (IEGS)ની આયોજન સંહિતામાં વિગતોની આપ-લે આવશ્યક ગણવામાં આવી છે, તે આંતર રાજય પ્રવાહન વ્યવસ્થાથી વીજ-ઉત્પાદન/ પ્રવાહન બાબતમાં, વીજ-ઉત્પાદન કંપનીઓ, આવદ્ધ વીજળી પ્લાન્ટ, આઈપીપી, પ્રવાહન પરવાનેદાર, ઉપયોગિતા અને વિતરણ પરવાનેદારોને પણ લાગુ પડશે.

૪.૫.૪ તમામ સંબંધકર્તાઓએ ગ્રિડ સંહિતા અમલમાં આવે તે તારીખથી છ મહિનાની અંદર એક સમયની વિગતો રાજય પ્રવાહન ઉપયોગ એકમને મોકલી આપવી. આ એક સમયની વિગતો સિવાયની બીજી વિગતો, દર વર્ષે ૧લી એપ્રિલ અને ૧લી ઓકટોંબરના રોજ રાજય પ્રવાહન ઉપયોગ એકમને ઉપલબ્ય કરવી.

INDEX

જોડાણ ક

આયોજન વિગતોની જરૂરિયાતો (ખંડ ૪.૫.૧)

ભાગ-૧ વીજ-ઉત્પાદન

(વીજ-ઉત્પાદન કંપનીએ રાજય પ્રવાહન ઉપયોગ એકમને મોકલવાની)

એ-૧ ધોરણસરની આયોજન વિગતો (વીજ ઉત્પાદન)

૧ સામાન્ય

૧	સ્થળ	માર્ગો, રેલ્વેલાઈન, પ્રવાહન લાઈનો, નદીઓ અને જળાશયો જો હોય તો, તે દર્શાવતો સ્થળનો નકો (આયોજનબદ્ધ) રજૂ કરવો.
૨	બાંધકામનો આશરે સમયગાળો	
૩	વાર્ષિક વીજ-ઉત્પાદન (દશ લાખ કિ.વો.કલાકમાં)	

૨ જોડાણ

૧	જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ	વિના અવરોધ નિર્ગમન કરવા માર્ગના હકની શકયતા સ્પષ્ટપણે સૂચવવા સાથે પ્રવાહન વ્યવસ્થા સાથે સૂચિત જોડાણની એક રેખીય આકૃતિ રજૂ કરવી.
૨	કે.વી. જોડાણ માટે સ્ટેપ અપ વોલ્ટેજ	

૩ મથકની ક્ષમતા

૧	વીજ-ઉત્પાદન મથકની કુલ ક્ષમતા (મે.વો.)	જણાવો કે વિ કામને તબકકાવાર હાથ ધરી શકાશે, તેમ હોય તો વિગતો આપવી.
૨	યુનિટોની સંખ્યા અને યુનિટનું કદ મે.વો.	

૪ વીજ-ઉત્પાદન એકમની વિગતો

(૧) જનિત્ર (જનરેટર)

(ક) બનાવટ અને પ્રકાર

(ખ) દર નિર્ધારણ (MVA)

(ગ) થર્મલ વોલ્ટેજ (કે.વી.)

(ઘ) નિર્ધારિત વીજળી ઘટક

(ચ) ૦.૯૫ અગ્રવર્તી (લીડીંગ અને ૦.૮૫ પાછળ રહેતી મર્યાદામાં પ્રતિક્રિયક વીજળી ક્ષમતા (MVAr)

(છ) ટૂંકા પરિપથનો ગુણોત્તર

(જ) સીધા અક્ષ ક્ષણિક પ્રતિક્રિયા (ટ્રાન્ઝિયન્ટ રિએકટન્સ) (ઓ.વી.એ નિર્ધારણ પર ટકાવારી)

(ઝ) સીધા અક્ષ પેટા-ક્ષણિક પ્રતિક્રિયા (એમ.વી.એ. નિર્ધારણ પર ટકાવારી)

(ટ) સહાયક વીજ આવશ્યકતા

(૨) જનિત્ર ટ્રાન્સફોર્મર

(ક) પ્રકાર

(ખ) નિર્ધારિત ક્ષમતા (MVA)

(ગ) વોલ્ટેજ ગુણોત્તર (HV/LV)

(ઘ) ટેપ ફેરફાર મર્યાદા (T % થી - %)

(ચ) અવરોધ ટકાવારી (પૂરેપૂરા વીજભારે વિધેયક ક્રમિકતા)

ક ૧.૨ જળ વિદ્યુત

૧ **સામાન્ય**

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ-ઉત્પાદન મથકોને લાગુ પડતું હોય તે પ્રમાણે)

૨ **જોડાણ**

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ-ઉત્પાદન મથકોને લાગુ પડતુ હોય તે પ્રમાણે)

૩ **મથકની ક્ષમતા**

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ-ઉત્પાદન મથકોને લાગુ પડતુ હોય તે પ્રમાણે)

૪ **વીજ-ઉત્પાદન એકમની વિગતો**

(ઉપર દર્શાવેલ વીજ-ઉત્પાદન મથકોને લાગુ પડતુ હોય તે પ્રમાણે)

ક ૨ વિગતવાર આયોજન વિગત (વીજ-ઉત્પાદન)

ક ૨.૧ થર્મલ વીજ-ઉત્પાદન મથકો

૧ સામાન્ય

(૧) વીજ-ઉત્પાદન મથકનું નામ

(૨) વીજ-ઉત્પાદન એકમોની સંખ્યા અને ક્ષમતા (MW)

(૩) વીજ-ઉત્પાદન મથક અને સ્વિચયાર્ડની એક રેખીય આકૃતિ

(૪) રિલે અને મીટર વ્યવસ્થાની આકૃતિ

(૫) વીજ-ઉત્પાદન એકમોની ન્યુટ્રલ ગ્રાઉન્ડિંગ

(૬) ઉત્તેજક-નિયંત્રણ

(૭) ભૂમિ પ્રતિક્રિયા મૂલ્યની સાથે અર્થિંગ વ્યવસ્થા

(૮) સંદેશા વ્યવહાર ગોઠવેલ પીએલસીસી (PLCC) અને અન્ય સંદેશા વ્યવહાર સામગ્રીની વિગતો

૨ રક્ષણ અને મીટર વ્યવસ્થા

૧. વીજ-ઉત્પાદન એકમ, વીજ-ઉત્પાદન એકમ ટ્રાન્સફોર્મર, સહાયક ટ્રાન્સફોર્મર અને મોટા સાધનોમાં વીજળીક મોટર જેમકે, બોઈલર ફીડપંપ, આઈ-ડી પંખા, કન્ડેન્સેટ કર્ષક પંપ વગેરે પર ગોઠવેલ તમામ રિલે અને રક્ષણ વ્યવસ્થા માટેના સેટિંગ/ગોઠવણ સહિતનું પૂરું વર્ણન.

૨. વીજ-ઉત્પાદન મથક સ્વિચયાર્ડ, ટાચ પરીપથ-બ્રેકર, આગમન પરિપથ બ્રેકરમાંથી તમામ બહાર જનાર ફીડરો પર ગોઠવેલ તમામ રિલેની ગોઠવણ સહિત પૂરું વર્ણન.

૩. પ્રવાહન વ્યવસ્થામાં જોડાણ પોઈન્ટ(રો) /ઈન્ટરફેઝ પોઈન્ટ(રો) આગળ પરિપથ બ્રેકરના આંતર-ટ્રિપિંગનું પૂરું વર્ણન.

૪. ઉપયોગકર્તાની સિસ્ટમ વ્યવસ્થા પર વીજળીની ખામીઓ અંગે સૌથી વધુ શકય ખામી નિવારણ.

૫. કાર્યલક્ષી અને વાર્ણિજિયક મીટરીંગ યોજનાઓનું પૂરું વર્ણન.

૬. રક્ષણાત્મક રિલે શરૂ કરવાથી બ્રેકરના ખૂલવા સુધી બ્રેકર સંચાલન સમય ગણતરી.

INDEX

૩. સ્વિચયાર્ડ

૧. (EHB | HV) વધારાના ઉંચા વોલ્ટેજ / ઉંચા વોલ્ટેજની પ્રવાહન વ્યવસ્થા અને જનિત્ર ટ્રાન્સફોર્મર વોલ્ટેજ વ્યવસ્થાની વચ્ચે અંદરો-અંદર જોડેલ ટ્રાન્સફોર્મરોની બાબતમાં :

(ક) નિર્ધારિત (MVA)

(ખ) વોલ્ટેજ ગુણોત્તર

(ગ) વેકટર જૂથ

(ઘ) વિધેયક ક્રમિક પ્રતિક્રિયા અધિકતમ, ન્યૂનતમ, સાધારણ ટેપ (MVAમાં ટકાવારી %)

(ચ) વિધેયક ક્રમિક પ્રતિક્રિયા (અધિકતમ, ન્યૂનતમ, સાધારણ ટેપ (MVA પર ટકાવારી)

(છ) શૂન્ય ક્રમિક પ્રતિક્રિયા (MVA પર ટકાવારી)

(જ) ટેપ ચેન્જર રેન્જ (+ % થી - %) અને પગલાં.

(ઝ) આંતરિક જોડાણવાળા ટ્રાન્સફોર્મરોના ટેરિટરી વિન્ડિંગ સાથે જોડેલ પ્રતિક્રિયાઓ અને અન્ય પરિપથોની વિગતો

(ટ) ગ્રાઉન્ડિંગની પદ્ધતિ

૨. પરિપથ બ્રેકર, જોડાણ પોઈન્ટ સાથે જોડેલ તમામ પરિપથ પરના આઈસોલેટેર સહિતના સ્વિચગિયર બાબતમાં.

(ક) નિર્ધારિત વોલ્ટેજ (KV)

(ખ) બ્રેકરનો પ્રકાર (MOCB/ABCB/SF_6 .....)

(ગ) નિર્ધારિત ટૂંકા પરિપથનો બ્રેકિંગ વીજપ્રવાહ (KA)-૩ ફેઝ

(ઘ) નિર્ધારિત ટૂંકા પરિપથનો બ્રેકિંગ વીજપ્રવાહ (KA)- ૧ ફેઝ

(ચ) વીજપ્રવાહ બનાવનાર નિર્ધારિત ટૂકો પરિપથ (KA)- ૩ ફેઝ

(છ) વીજપ્રવાહ બનાવનાર નિર્ધારિત ટૂંકો પરિપથ (KA) - ૧ ફેઝ

(જ) સ્વયં ફરીથી બંધ થઈ જવાની જોગવાઈ વિગતો સાથે

(ઝ) ઈન્સ્ટ્રુમેન્ટ ટ્રાન્સફોર્મરની વિગતો

૩. વિદ્યુત વહન રક્ષક, ટેકનિકલ વિગતો

૪. સંદેશા વ્યવહાર : જોડાણ પોઈન્ટ(રો)/ઈન્ટરફેઝ પોઈન્ટ(રો) આગળ પીએલસીસી અને અન્ય સંદેશા-વ્યવહાર સામગ્રીની વિગતો.

૫. મૂળભૂત વિસંવાહન સપાટી (KV)

(ક) બસબાર

(ખ) સ્વિચગિયર

(ગ) ટ્રાન્સફોર્મર બુશિંગ (bushing)

(ઘ) ટ્રાન્સફોર્મર વિન્ડિંગ (winding)

૪. વીજ-ઉત્પાદન એકમો

ક. વીજ-ઉત્પાદન એકમોની પારમિતિઓ

૧. નિર્ધારિત ટર્મિનલ વોલ્ટેજ (KV)

૨. નિર્ધારિત MVA

૩. નિર્ધારિત MW (મે.વો.)

૪. જનિત્રનો નિષ્ક્રિય અમલાંક H (MW Sec/MVA)

૫. ટૂંકા પરિપથનો ગુણોત્તર

૬. સીધા સક્ષીય સમકાલિક પ્રતિક્રિયક (MVA પર %) (સેચ્યુરેટેડ અને અનસેચ્યુરેટેડ બંને (સંતૃપ્ત અને અસંતૃપ્ત)

૭. સીધા અક્ષીય (ટ્રેનઝિસનટ) ક્ષણિક પ્રતિક્રિયા. (MVA પર % - સંતૃપ્ત અને અસંતૃપ્ત બંને)

૮. સીધો અક્ષીય ગૌણ (ટ્રેનઝિઅન્ટ) ક્ષણિક પ્રતિક્રિયા (MVA પર %) (સંતૃપ્ત અને અસંતૃપ્ત બંને)

૯. ચાર અક્ષ સમકાલિક પ્રતિક્રિયા (MVA ૫૨ %) (સંતૃપ્ત અને અસંતૃપ્ત બંને)

૧૦. ચાર અક્ષીય ગૌણ ક્ષણિક પ્રતિક્રિયા (MVA ૫૨ %) (સંતૃપ્ત અને અસંતૃપ્ત બંને)

૧૧. ચાર અક્ષીય ગૌણ ક્ષણિક પ્રતિક્રિયા (MVA ૫૨ %) (સંતૃપ્ત અને અસંતૃપ્ત બંને)

૧૨. સીધા અક્ષીય ગૌણ ક્ષણિક ખુલ્લા પરિપથનો સમય અચબાંક (Sec) T' do

૧૩. સીધા અક્ષીય પેટા ગૌણ ક્ષણિક ખુલ્લા પરિપથનો સમય અચલાંક (Sec) T do

૧૪. ચાર અક્ષીય ક્ષણિક ખુલ્લા પરિપથનો સમય અચલાંક (Sec) T' do

૧૫. ચાર અક્ષીય પેટા ક્ષણિક ખુલ્લા પરિપથનો સમય અચલાંક (Sec) T' do

૧૬. સ્ટેટર - પ્રતિરોધકતા (ઓહ્મ)

૧૭. સ્ટેટર ક્ષરણ પ્રતિક્રિયા (ઓહ્મ) T a

૧૮. સ્ટેટર સમય-સચલાંક (Sec)

૧૯. નિર્ધારિત ક્ષેત્ર પ્રવાહ (A)

૨૦. ઉત્તેજક વીજપ્રવાહ આપતા વિવિધ ટર્મિનલ વોલ્ટેજ માટે તે હોમીલ કરવા ખુલ્લા પરીપથના સંતૃપ્તિ લક્ષણો

૨૧. જનિત્ર ક્ષમતા વત્ર

૨૨. નિર્ધારિત સ્ટેટર પ્રવાહ(A)

૨૩. ફેઝનું જોડાણ

૨૪. બહાર લાવેલા ટર્મિનલોની સંખ્યા

૨૫. નિર્ધારિત ઝડપ (૪ pm)

૨૬. નિર્ધારિત આવર્તન (Hz)

૨૭. (MCR) સ્થિતિ આગળ કાર્યક્ષમતા (ટકાવારી)

૨૮. નિષેધક ક્રમિક વીજપ્રવાહ શક્તિ (I^2T)

૨૯. ભૂમિ તરફ વળેલ જનરેટર સ્ટેટરની ક્ષમતા (Mircro F/ph)

૩૦. ૨૦° c એ રોટરનો એકદિશ વીજપ્રવાહ પ્રતિક્રિયા (ઓહ્મમાં)

૩૧. શૂન્ય ક્રમમાં પ્રતિક્રિયા (X_0) (ટકાવારી)

૩૨. નિષેધક ક્રમમાં પ્રતિક્રિયા (X_2) (ટકાવારી)

૩૩. નિષેધક ક્રમમાં પ્રતિક્રિયા (R_2) (ટકાવારી)

૩૪. પેટા ક્ષણિક એસ.સી. સમય અચલાંક (સેકન્ડમાં)

(૧) પ્રત્યક્ષ અક્ષ T' d

(૨) ચાર અક્ષ T' d

૩૫. ક્ષણિક એસ.સી. સમય અચલાંક (સેકન્ડમાં)

(૧) પ્રત્યક્ષ અક્ષ T d

(૨) ચાર અક્ષ T' d

૩૬. વીજ એકમમાં ૧.૦ વીજ એકમ વોલ્ટે જે યંત્રની સંતૃપ્તિ

૩૭. વીજ એકમમાં ૧.૨ વીજ એકમ વોલ્ટે જે યંત્ર સંતૃપ્તિ

૩૮. વિનિયમન ટકાવારી

૩૯. ટૂંકા પરિપથના લાક્ષણિક વળાંકો

ખ ઉત્તેજક નિયંત્રણ વ્યવસ્થાની ચારમિતિ

૧. ઉત્તેજકનો પ્રકાર

૨. અધિકતમ ક્ષેત્ર વોલ્ટેજ

૩. નિમ્નતમ ક્ષેત્ર વોલ્ટેજ

INDEX

૪. નિર્ધારિત ક્ષેત્ર વોલ્ટેજ

૫. પ્રાપ્તિ ઘટક

૬. ફિડ-બેક સામર્થ્ય

૭. નિયંત્રણ એમ્પલિફાયર માટે સમય-અચલાંક

૮. ઉત્તેજક માટે સમય અચલાંક

૯. ફિડ-બેક માટે સમય અચલાંક

૧૦. નિયંત્રણ એમ્પલિફાયરનું આઉટપુટ વોલ્ટેજ

૧૧. નિયંત્રણ એમ્પલિફાયરનું અધિકતમ આઉટપુટ વોલ્ટેજ

૧૨. નિયંત્રણ એમ્પલિફાયરનું ન્યુનતમ આઉટપુટ વોલ્ટેજ

૧૩. નિશ્ચિત મૂલ્યોની સાથે ઈન્ટરરનેશનલ ઈલેકિટ્રક અને ઈલેકટ્રોનિકસ એન્જિનિયર્સના પ્રતીકો વાપરીને વ્યકિગત ઘટક-તત્વના તબદીલી કાર્યો દર્શાવતો બ્લોક-આકૃતિમાં ઉત્તેજક-લૂપની વિગતા

૧૪. અતિશય ઉત્તેજના લિમિટરનાં ગતિશીલ લક્ષણો

૧૫. અલ્પ ઉત્તેજન લિમિટરનાં ગતિશીલ લક્ષણો

૧૬. ઈન્ટરનેશનલ ઈલેકિટ્રક એન્ડ ઈલેકટ્રોનિકસ એન્જિનિયર્સ સંસ્થાના ઉત્તેજન મોડેલ/ ટાઈપ નં.

૧૭. ઉત્તેજક પ્રતિભાવ સમય

ગ નિયંત્રક ટર્બાઈનની પારમિતિઓ

૧. નિયંત્રકની સરેરાશ પ્રાપ્તિ (MW/N_z)

૨. ગતિચાલક મોટર સેટિંગનું ક્ષેત્ર (રેન્જ)

૩. બાષ્પ કે બળતણ નિયંત્રક વાલ્વનો સમય અચલાંક

૪. નિયંત્રક વાલ્વ ખૂલવાની મર્યાદા

૫. નિયંત્રક વાલ્વ-દર મર્યાદા

૬. ટર્બાઈનનો સમય અચલાંક (HP. IP. LP.)

૭. નિશ્ચિત મૂલ્યો સાથે ઈન્ટરનેશનલ ઈલેકિટ્રક એન્ડ ઈલેકટ્રોનિકસ એન્જિનિયર્સ સંસ્થાના પ્રતીકો વાપરીને વ્યકિતગત ઘટક-તત્વોની તબદીલી દર્શાવતી નિયંત્રક-બ્લોક આકૃતિ.

૮. નિયંત્રકનો પ્રકાર - આઈઈઈ પ્રકારનો નિયંત્રક વાપર્યો છે કે કેમ.

૯. વિનિયમન અને નીચે નમવું / ઝુકાવ.

૧૦. કુલ વીજ ઉત્પાદિત એચપી, આઈપી, એલપી ટર્બાઈનના અપૂર્ણાંક

૧૧. એચ.પી., આઈ.પી., એલ.પી. ટર્બાઈનની અધિકતમ વેગ મર્યાદા

૧૨. એચ.પી., આઈ.પી., એલ.પી. ટર્બાઈનની ન્યૂનતમ વેગ-મર્યાદા

ઘ કાર્યલક્ષી પારમિતિ

૧. અસમકાલિકતામાંથી (ડિરેસન્ક્રોઈઝેશન)માંથી વીજ-ઉત્પાદન એકમના સમકાલિકરણ માટે ન્યૂનતમ નોટિસ

૨. વીજ ઉત્પાદન મથકમાં જુદા-જુદા વીજ-ઉત્પાદન એકમોના સમકાલિકરણ વચ્ચે જોઈતો ન્યૂનતમ સમય

૩. સમકાલિકના પર ન્યૂનતમ બ્લોક વીજ-ભાર જરૂરિયાતો

૪. નીચેની પરિસ્થિતિ માટે વીજ ઉત્પાદન એકમનું સમકાલિકરણ કરવા જોઈતો સમય

(ક) ગરમ, (ખ)હુંફાળી, (ગ) ઠંડી.

૫. નીચેની પરિસ્થિતિ માટે અધિકતમ વીજ ઉત્પાદન એકમનો ભારવહન દર

(ક) ગરમ, (ખ)હુંફાળી, (ગ) ઠંડી.

૬. ઓઈલના સહાય વિના ન્યૂનતમ ભાર (મે.વો.)

૫. પ્લાન્ટની કામગીરી

૧. દૈનિક માગ રૂપરેખા (છેલ્લા વર્ષની) આખો દિવસ અડધા કલાકે સમન્વિત માગ

૨. ઉત્પાદિત યુનિટ (દસ લાખ કિ.વો.કલાક)

૩. સહાયક સામગ્રીમાં વપરાયેલ યુનિટ (દસ લાખ કિ.વો.કલાક)

૪. વ્યવસ્થામાંથી સહાયક વીજભાર સુધી પૂરા પાડેલ યુનિટ

૫. મોસમી વીજ-ઉત્પાદન

ક ૨.૨. જળવિદ્યુત મથકો

૧. સામન્ય

(૧) વીજ-ઉત્પાદન મથકનું નામ

(૨) યુનિટ સંખ્યા અને ક્ષમતા (મે.વો.)

(૩) વીજ ઉત્પાદનની અપેક્ષિત સપાટી (દસ લાખ યુનિટ)

(૪) વાર્ષિક વીજ ઉત્પાદનનો ગાળો (મહિનામાં)

(૫) સિંચાઈના હેતુ માટે બંધ/નહેરમાંથી છોડેલા પાણી પર પ્લાન્ટ આધારિત છે કે કેમ ?

(૬) તમામ મુખ્ય સાધનસામગ્રીનું રેટિંગ / નિર્ધારણ

(ક) ટર્બાઈન

(ખ) જનિત્રો

(ગ) જનિત્ર ટ્રાન્સફોર્મર

(ઘ) સહાયક ટ્રાન્સફોર્મર

(૭) વીજ-ઉત્પાદન મથક અને સ્વિચયાર્ડની એકરેખીય આકૃતિ.

(૮) રિલે અને મીટર આકૃતિ

(૯) જનિત્રનું ન્યૂટ્રલ ગ્રાઉન્ડિંગ

(૧૦) ઉત્તેજક નિયંત્રણ

(૧૧) ભૂમિ પ્રતિકાર મૂલ્યો સાથે અર્થિંગની વ્યવસ્થા

(૧૨) પીએલસીસી અને બીજા સંદેશા-વ્યવહારના સાધનોની સંદેશા વ્યવહાર વિગતો

૨. રક્ષણ

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ ઉત્પાદન મથકોને લાગુ પડે તે મુજબ)

૩. સ્વિચયાર્ડ

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ ઉત્પાદન મથકોને લાગુ પડે તે મુજબ)

૪. વીજ-ઉત્પાદન એકમો

વીજ-ઉત્પાદન એકમોની પારમિતિ

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ ઉત્પાદન મથકોને લાગુ પડે તે મુજબ)

ગ નિયંત્રક / ટર્બાઈનની પારમિતિ

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ ઉત્પાદન મથકોને લાગુ પડે તે મુજબ)

ઘ કાર્યલક્ષી પારમિતિ

૧. અ-સમકાલિકતામાંથી વીજ-ઉત્પાદન એકમના સમકાલિકરણ માટે જરૂરી ન્યૂનતમ ગાળાની નોટિસ.

૨. વીજ-ઉત્પાદન મથકમાં જુદા-જુદા વીજ-ઉત્પાદન એકમોના સમકાલિકરણ વચ્ચે ન્યૂનતમ સમય.

૩. સમકાલિકરણ અંગે ન્યૂનતમ બ્લોક વીજ-ભાર જરૂરિયાતો.

ક-૩. આયોજન વિગતો તૈયાર કરવી.

(રાજય પ્રવાહન ઉપયોગ એકમ માગે ત્યારે રજૂ કરવા માટે)

ક. જોડાણ

૧. પ્રવાહન વ્યવસ્થાની સમાંતર ચાલતી કામગીરીના અભ્યાસનો અહેવાલ.

(ક) વીજ-ભાર વહન અભ્યાસ

(ખ) સ્થિરતા અંગે અભ્યાસ

(ગ) ટૂંકા પરિપથનો અભ્યાસ

૨. પ્રવાહન વ્યવસ્થા સાથે સૂચિત જોડાણ

(ક) વોલ્ટેજ

(ખ) પરિપથની સંખ્યા

(ગ) જોડાણ પોઈન્ટો(રો)/ઈન્ટર ફેઝ પોઈન્ટ(રો)

૨. જળવિદ્યુત ઉત્પાદન મથકો

(ઉપર દર્શાવેલ થર્મલ વીજ ઉત્પાદન મથકોને લાગુ પડે તે પ્રમાણે)

ભાગ-૨ વિતરણ

(વિતરણ કંપનીએ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને મોકલવાની)

ખ-૧ ધોરણસરની આયોજન વીગતોનું વિતરણ

૧.	**સામાન્ય**		
	૧	એક રેખીય આકૃતિ	પરવાનેદાર પ્રમાણે ૬૬ કે.વી. પેટા મથકો સુધી
	૨	ગ્રાહક વિગત	ગ્રાહકોની પ્રકાર વાર સંખ્યા, વિતરણ પરવાનેદારના ઉત્તમ નિર્ણય પ્રમાણે જોડાયેલ વીજ ભાર
	૩	હાલમાં વિતરણના	હવાલામાં હોય તે વિસ્તાર કચેરીઓનો સંદર્ભ
૨.	**જોડાણ**		
	૧	જોડાણ પોઈન્ટો/ ઈન્ટરફેઝ પોઈન્ટો	જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેઝ પોઈન્ટ દર્શાવતી એક રેખીય આકૃતિ રજૂ કરવી.
	૨	જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ પુરવઠાનો વોલ્ટેજ	
	૩	જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટો પુરવઠો પૂરો પાડતાં ગ્રિડ મેરા મથકનાં નામ	
૩.	**લાઈનો અને પેરા-મથકો**		
૧	લાઈનની વિગતોલાઈનની લંબાઈ અને વોલ્ટેજ દર્શાવો.(ઈએચવી સંપાટી)		
૨	પેટા મથકની વિગત	૨૨૦/૧૧ કે.વી., ૧૩૨/૧૧ કે.વી. ૬૬/૨૨ કે.વી., ૬૬/૧૧ કે.વી.ના પેટા મથકો, વીજધારિત્ર ગોઠવણોની ટ્રાન્સફોર્મર વિગતો રજૂ કરવી.	
૪.	**વીજભાર**		
૧	જોડાણ પોઈન્ટ/ ઈન્ટર ફેઝ પોઈન્ટ પર ખેંચેલો વીજ-ભાર	વિતરણ પરવાનેદાર, ગીચ વિસ્તારમાં રિંગમાં આંતરિક રીતે જોડાયેલ સંખ્યાબંધ જોડાણ પોઈન્ટ આગળ વીજળી મેળવે તો, આવો વિતરણ પરવાનેદાર, એકંદર પુરવઠા વિસ્તાર માટે ખેંચેલો એકંદર વીજભાર, રાજ્ય પ્રવાહ ન ઉપયોગ એકમે પારસ્પરિક રીતે ચર્ચા કર્યા મુજબના ફેરફાર કે છૂટ સાથે દરેક જોડાણ પોઈન્ટ આગળ મોકલશે.	

૨	વધારાના ઉચ્ચ વોલ્ટને કોઈ વીજ-ભાર પૂરો પાડયો હોય તો તેની વિગતો	ગ્રાહકનું નામ, પુરવઠાનો વોલ્ટેજ, કરાર પ્રમાણે માગ, લાઈન જયાંથી લેવામાં આવી હોય તે ગ્રિડ પેટા-મથકનું નામ, ગ્રિડ પેટા- મથકથી ગ્રાહકની જગ્યા સુધી જતી ઈએચટી લાઈનની લંબાઈ દર્શાવો.
૫.	માગની વિગતો	(૫ મે.વો. અને તેથી ઉપરના તમામ વીજ-ભાર માટે)
૧.	વીજભારનો પ્રકાર અને એચપી(H.P.) અથવા કિ.વો.માં નિર્ધારણ	ભઠ્ઠી વીજભાર, રોલિંગ મિલ વીજભાર, અન્ય ઔદ્યોગિક વીજભાર, પમ્પિંગ વીજભાર વગેરે જે હોય તે દર્શાવો.
૨.	નિર્ધારિત વોલ્ટેજ	
૩.	સાધનોની વીજળિક ભાર	મોટરોની સંખ્યા અને કદ, ભઠ્ઠીઓ/વીજળીયુકત ભઠ્ઠીઓ, સંચાલન અને નિયંત્રણ વ્યવસ્થાનો પ્રકાર
૪.	વોલ્ટેજના પ્રમાણમાં વીજ ભારની સંવેદનશીલતા અને પુરવઠાનાં આવર્તન	
૫.	વીજભારનો અધિકતમ સુસંવાદી ઘટક ભાગ	
૬.	સરેરાશ અને અધિકતમ વીજભારનો અસંતુલિત ફેઝ	
૭.	વીજભાર પૂરો પડાતો હોય તે સૌથી નજીકનું પેટા મથક	
૮.	સ્કેલ પ્રમાણે સ્થળનો નકશો	નજીકના વિસ્તારમાં લાઈનો અને પેટા-મથકોના સંદર્ભમાં. વીજભારનું સ્થળ દર્શાવતો નકશો.

૬. વીજ-ભાર વરતારાની વિગત

૧. ક્રમિક દશ વર્ષના ગાળામાં દરેક વર્ષ માટે જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ માટે ટોચનો વીજભાર તેમજ પુરવઠાના ક્ષેત્રે ટોચના વીજભાર અને ઉર્જાનો વરતારો.

૨. પદ્ધતિ વિસ્તાર અને વરતારો જેના પર આધારિત હોય તે ધારણાઓની વિગતો

૩. ૫ મે.વો. અને તેથી ઉપરના વીજભારની વિગતો

(૧) સંભવિત ગ્રાહકનું નામ

(૨) વીજભારનું ફેઝિંગ

ખ-૨ વિગતવાર આયોજન વિગતો (વિતરણ)

૧. સામાન્ય

(૧) વિતરણ વ્યવસ્થાની યોજનાકીય એકરેખીય આકૃતિ. (પ્રવાહન વ્યવસ્થા સાથે જોડાણ પોઈન્ટો/ ઈન્ટરફેઝ પોઈન્ટો, 220 kv/11 kv/ 132/11 kv, 66/22 kv અને 66/11 kv પેટા મથકો, પ્રવાહન વ્યવસ્થામાંથી સીધેસીધો પુરવઠો અપાતો હોય તો ગ્રાહક બસ દર્શાવતી)

(૨) લાઈનો અને પેટા મથકોના નંબર અને નામ (પ્રવાહન વ્યવહાર પાના ફિડીંગ ગ્રિડ પેટા- મથકો અને સંબંધિત 20 kv/11 kv, 132/11 kv, 66/22 kv અને 66/11 kv પેટા મથકો, સાથે મુકરર કરેલ.)

૨. જોડાણ

(૧) જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ (જોડાણની હાલની વ્યવસ્થાની વિગતો રજૂ કરવી)

(૨) જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટના મીટરીંગની વિગતો

ખ-૩ વિગતવાર આયોજન વિગતો (વિતરણ)

(રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ દ્વારા વિનંતી કર્યેથી રજૂ કરવાની)

૧. જોડાણ

(૧) (ક) નવા (ખ) હાલનાં જોડાણોની કક્ષા ઉંચી લઈ જવા માટે અરજી કર્યા મુજબ જોડાણ પોઈન્ટો/ ઈન્ટરફેઝ પોઈન્ટ.

(૨) જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ મીટર-વ્યવસ્થામાં ફેરફારો.

૨. વીજ-ભાર

(૧) આગામી દશ વર્ષ માટે કરાર કરવાના ૧ મે.વા. અને તેની ઉપરના વીજ-ભારની વિગતો.

જોડાણ - ૨

આયોજન વિગત જરૂરિયાત - પ્રવાહન (ખંડ ૪.૫.૨)

(રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર વિનંતી કર્યેથી ઉપયોગકર્તાએ રજૂ કરવાની)

ખ-૧ ધોરણસર આયોજન વિગત (પ્રવાહન)

૧. લાઈનનું નામ (વીજ ઉત્પાદન મથકો અને જોડવાના પેટા-મથકોનું નામ

૨. લાઈનનું વોલ્ટેજ (કિ.વો.)

૩. પરિપથની સંખ્યા

૪. માર્ગની લંબાઈ (સી.કે.એમ.)

૫. વાહક (કંડકટર)નું કદ

૬. લાઈન પારમિતિ (૧૦૦ MVA આધાર પર વીજળી-એકમ અથવા ઓહ્મ મૂલ્ય — પ્રતિકારશક્તિ / કિ.મી. વીજળીયુક્ત કરવાની પ્રતિક્રિયા / K.M. રાસેપ્ટનસ (suce[tamce)/ KM

૭. અંદાજે યોગ્ય વહન (MW) અને MVAr

૮. લાઈન-માર્ગ (સ્થળાલેખન કાગળો)

૯. જોડાણનો હેતુ — યોજનાનો સંદર્ભ, અન્ય રાજ્યો સુધી વ્હીલીંગ/ફરવું વગેરે

૧૦. બાંધકામનો અંદાજીગાળો

ખ વિગતવાર વ્યવસ્થા વિગતો (પ્રવાહન)

૧. સામાન્ય

(૧) ગ્રિડ-પેટા મથકે ૬૬ કે.વી. સુધી પ્રવાહન વ્યવસ્થાનો એકરેખીય આકૃતિ.

(૨) પેટા-મથકનું નામ

(૩) જોડેલ વીજ-ઉત્પાદન મથક

(૪) પરિપથની સંખ્યા અને લંબાઈ

(૫) આંતર જોડાણવાળાં ટ્રાન્સફોર્મર

(૬) પેટા-મથક બસ લેઆઉટ

(૭) વીજ-ટ્રાન્સફોર્મર

(૮) પ્રતિક્રિયાત્મક ક્ષતિપૂર્તિ સાધનસામગ્રી

(ક) ગોઠવેલ વીજધારિત્રની વિગતો

(ખ) વધારાના ભાર સાથે ચાલુ કરવાના વધારાના વીજધારીત્રો

(૯) વીજ-રોધકો (lighting orresters)

(૧૦) બસ અને / અથવા લાઈન પ્રતિક્રિયકો

૨. પેટા-મથક લેઆઉટની આકૃતિમાં નીચેની વિગતો દર્શવવામાં આવે છે.

(૧) બસ-બાર લેઆઉટ

(૨) વીજળીક- પરિપથ, લાઈનો, કેબલો, ટ્રાન્સફોર્મરો, સ્વિચગિયર, વગેરે

(૩) ફેઝિંગ વ્યવસ્થા

(૪) અર્થિંગ વ્યવસ્થા

(૫) સ્વિમની સગવડો અને ઈન્ટરલોકિંગ વ્યવસ્થા

(૬) સંચાલન વોલ્ટેજ

(૭) નંબર અને નામ

(ક) ટ્રાન્સફોર્મરો

(ખ) પરિપથો

(ગ) પરિપથ બ્રેકરો

(ઘ) અલગ મૂકેલી સ્વિચો

૩. લાઈન પારમિતિ (તમાર પરિપથ માટે)

(૧) લાઈનનું નામ

(૨) લાઈનની લંબાઈ(કિ.મી.)

(૩) પરિપથની સંખ્યા, વાહકનું કદ અને પ્રકાર, થર્મલ રેટિંગ

(૪) પરિપથ મૂલ્ય દીઠ

(ક) સંચાલન વોલ્ટેજ (કે.વી.)

(ખ) વિધેયક ફેઝ ક્રમ પ્રતિક્રિય + - ઓહ્મ / કિ.મી.

(ગ) વિધેયક ફેઝ ક્રમ પ્રતિરોધકતા - ઓહ્મ / કિ.મી.

(ઘ) વિધેયક ફેઝ ક્રમ સસેપ્ટન્સ (Suceptance) - ઓહ્મ / કિ.મી.

(ચ) શૂન્ય ફેઝ ક્રમ પ્રતિક્રિય + - ઓહ્મ / કિ.મી.

(છ) શૂન્ય ફેઝ ક્રમ પ્રતિરોધકના - ઓહ્મ / કિ.મી.

(જ) શૂન્ય ફેઝ ક્રમ સસેપ્ટન્સ - ઓહ્મ / કિ.મી.

૪. ટ્રાન્સફોર્મર પારમિતિ (તમામ ટ્રાન્સફોર્મર પેટા મથકવાર)

૧. નિર્ધારિત MVA

૨. વોલ્ટેજ ગુણોત્તર

૩. વેક્ટર જૂથ

૪. નિર્ધારિત MVA આધાર પર વિધેયક ક્રમ પ્રતિક્રિયા (આધિતમમ, ન્યૂનનમ અને સામાન્ય)

૫. નિર્ધારિત MVA આધાર પર વિધેયક ક્રમ પ્રતિરોધક (આધિતમમ, ન્યૂનનમ અને સામાન્ય)

૬. શૂન્ય ક્રમ પ્રતિક્રિયા - નિર્ધારિત MVA આધાર પર

૭. ટેપ ચેન્જ રેન્જ (+ % થી - %) અને સ્ટેપ

૮. ટેપ ચેન્જરની વિગતો (બંધ / ચાલુ)

૯. ન્યુટ્રલ ગ્રાઉન્ડિંગ ટ્રાન્સફોર્મર/પ્રતિરોધક મૂલ્ય

૧૦. અવરોધની ટકાવરી (અધિકતમ/ન્યૂનતમ/સામાન્ય-ટેપ)

૫. સાધન સામગ્રીની વિગતો (બધા પેટા-મથકો માટે)

૧. પરિપથ બ્રેકર

૨. અલગ પાડેલી સ્વિચ

૩. પ્રવાહ ટ્રાન્સફોર્મર

૪. સંભવિત શક્તિવાળા ટ્રાન્સફોર્મર

૫. વીજળી - રોધક

૬. અર્થિંગ સ્વિચ

૬. રિલે અને મીટર-વ્યવસ્થા

૧. તમામ ટ્રાન્સફોર્મરો અને ફીડરો માટે તેમના સેટિંગ સાથે ગોઠવેલ રિલે રક્ષણ અને બીજા ઉપયોગકર્તા સાથે સંકલનનું સ્તર.

૨. મીટર-વ્યવસ્થાની વિગતો.

૭. વ્યવસ્થા (સિસ્ટમ) અભ્યાસ

૧. વીજભાર વહન અભ્યાસ (અધિકતમ જણીય અને અધિકતમ થર્મલ વીજ-ઉત્પાદન માટે ટોચ અને મંદ વીજ-ભાર)

૨. મહત્વની લાઈનોમાં ૩ ફેઝની ખામી માટે ક્ષણિક સ્થિરતા અભ્યાસ અને ૪૦૦ કે.વી.ની લાઈન માટે એક થાંભલાનું રિકલોઝિંગ.

૩. ગતિશીલ સ્થિરતા અભ્યાસ.

૪. ટૂંકા પરિપથનો અભ્યાસ (ભૂમિમાં ૩ ફેઝ અને એક ફેઝ)

૫. વ્યવસ્થામાં પ્રવાહન અને વિતરણ ઘટ.

૮. માગની વિગતો (બધાં પેટા-મથકો માટે)

૧. માગની રૂપરેખા (ટોચનો અને ટોચમાં ન હોય ત્યારે વીજભાર

(ક) આગામી ૫ વર્ષનો વરતારો.

૯. પ્રતિક્રિયાત્મક ક્ષતિપૂર્તિ સાધનસામગ્રી

૧. સાધનસામગ્રીનો પ્રકાર (જડેલ કે ફરતી)

૨. ક્ષમતા અને અથવા ઈન્ડક્ટિવ રેટિંગ (વોલ્ટેજ અને MVAr) અથવા તેની સંચાલન મર્યાદા.

૩. નિયંત્રણની વિગતો

૪. વ્યવસ્થા સાથે જોડાણ પોઈન્ટ/ઈન્ટર ફેઝ પોઈન્ટ.

ખ-૩ વિગતવાર આયોજન માહિતી (પ્રવાહન)

૧. જોડાણ

૧ જોડાણની સ્થિતિ દર્શાવતી એક રેખીય આકૃતિ.

૨ પેટા-મથકના લે આઉટની આકૃતિ

(૧) નવા

(૨) વધારા અને ફેરફાર

૩ બદલાયેલી પારમિતિ પ્રમાણે સુધારેલ વ્યવસ્થા અભ્યાસ.

૪ જોડાણ પોઈન્ટ / ઈન્ટર ફેઝ પોઈન્ટ

(ક) વોલ્ટેજ

(ખ) પરિપથની લંબાઈ

(ગ) પરિપથ પારમિતિ

(ઘ) (PLCC) સગવડો

(ચ) જોડાણ પોઈન્ટ/ઈન્ટર ફેઝ પોઈન્ટ આગળ ખામી અલગ પાડવા ઈન્ટર ટ્રીપ સિસ્ટમમાં ઈન્ટર ટ્રિપિંગ વ્યવસ્થા સાથે રિલેઇંગ (Relaging)

(છ) જોડાણ પોઈન્ટ/ઈન્ટર ફેઝ પોઈન્ટ આગળ મીટર-વ્યવસ્થા

(જ) અન્ય સંદેશા વ્યવહાર સગવડ

૫ કલમ-૫

જોડણ વિષયક શરતો

૫.૧ પ્રાસ્તાવિક

૫.૧.૧ ગ્રિડ સંહિતાની આ કલમમાં, નવા ઉપયોગકર્તા અથવા હાલની પ્રવાહન વ્યવસ્થામાં સુધારો કરનાર ઉપયોગકર્તાએ પાલન કરવાના ટેકનીકલ, ડિઝાઈનલક્ષી અને કાર્યલક્ષી માપદંડો ઘડવામાં આવ્યા છે.

૫.૨ ઉદ્દેશ

૫.૨.૧ આ કલમનો ઉદ્દેશ નીચેની બાબત સુનિશ્ચિત કરવાનો છે.

(ક) તમામ ઉપયોગકર્તા અથવા આશાસ્પદ ઉપયોગકર્તાને સમાન ગણવા.

(ખ) કોઈ નવું જોડાણ કરવાથી હાલના ઉપયોગકર્તા પર કોઈ વિપરિત અસર થવી જોઈએ નહીં તેમજ નવાં જોડાણો, ચાલુ ઉપયોગકર્તાને કારણે વિપરિતપણે સહન કરવું ન પડે.

(ગ) પરવાનાની જવાબદારીઓનું પાલન કરવાની તેમની આવશ્યકતા અંગે ઉપયોગકર્તાને સહાય કરવા, ડિઝાઈન અને કાર્યલક્ષી માપદંડ માટે જરૂરી ન્યૂનતમ ધોરણો નિર્દિષ્ટ કરીને આ વ્યવસ્થાને સ્વિકૃત ગુણવત્તાવાળી બનાવવાનું સુનિશ્ચિત કરાય છે.

(ઘ) સાધનોની તમામ વસ્તુઓ અંગેની માલિકી અને જવાબદારી, જોડાણ કરાયું હોય ને દરેક જગ્યા માટે "સ્થળ જવાબદારી અનુસૂચિ"માં નિર્દિષ્ટ કરાઈ છે.

૫.૩ સ્થળ-જવાબદારી અનુસૂચિ

૫.૩.૧ જોડાણ અંગેનો કરાર જરૂરી છે તે પ્રવાહન-વ્યવસ્થા સાથેના દરેક જોડાણ માટે, સંબંધિત જોડાણ-કરાર અનુસાર, ઉપયોગકર્તાએ મોકલેલી માહિતી સાથે પ્રવાહન પરવાનેદાર સાધનોની અનુસૂચિ તૈયાર કરશે. આ અનુસૂચિને સ્થળ જવાબદારી અનુસૂચિ કહેવામાં આવશે, જેમાં જોડાણ સ્થળે ગોઠવેલ સાધનસામગ્રીની દરેક વસ્તુ માટે નીચેની વિગતો જણાવશે.

(ક) પ્લાન્ટ/સાધનોની માલિકી

(ખ) પ્લાન્ટ/સાધનોના નિયંત્રણ માટે જવાબદારી

(ગ) પ્લાન્ટ/સાધનોના સંચાલન માટે જવાબદારી

(ઘ) પ્લાન્ટ/સાધનોની જાળવણી માટે જવાબદારી

(ચ) જોડાણ/ઈન્ટરફેઝના સ્થળે કોઈ વ્યકિતની સલામતી સંબંધમાં તમામ બાબતો માટે જવાબદારી

(છ) જોડાણ/ઈન્ટરફેઝ સ્થળનો વહીવટ

૫.૩.૨ આ ઉપરાંત દરેક સ્થળની જવાબદારી અનુસૂચિમાં ગ્રિડ સંહિતામાં સમાવિષ્ટ બીજી તમામ બાબતોનો સમાવેશ થશે. ઉદાહરણાત્મક "સ્થળ જવાબદારી અનુસૂચિ" જોડાણ "ગ"માં રજૂ કરી છે.

૫.૩.૩ જોડાણ/ઈન્ટરફેઝ સ્થળની માલિકી ધરાવતા ઉપયોગકર્તા જોડાણ/ઈન્ટરફેઝ સ્થળે જેમનાં સાધનો સ્થાપિત કરેલ કે સ્થાપિત કરવાનાં હોય તેવા બીજા ઉપયોગકર્તાઓને સ્થાપન, સંચાલન અને જાળવણી વગેરે માટે જોઈતી બીજી સગવડો તથા વાજબી પ્રવેશની જોગવાઈ કરશે.

૫.૪ વ્યવસ્થા કામગીરી

૫.૪.૧ પ્રવાહન-વ્યવસ્થા સાથે જોડેલ તમામ સાધનોની ડિઝાઈન અને બાંધકામમાં સંબંધિત ભારતીય માનક વિશિષ્ટ વિગતોને પરિપૂર્ણ કરવી જોઈશે. જે સાધનો માટે ભારતીય માનક વિશિષ્ટ વિગતો ન હોય તેને માટે યોગ્ય આંતરરાષ્ટ્રીય વીજ-ટેકનિકલ નિગમ (ઈન્ટરનેશનલ ઈલેકટ્રો - ટેકનિકલ કોર્પોરેશન) કે ઈન્ટરનેશનલ ઈલેકિટ્રક અને ઈલેકટ્રોનિક્સ એન્જિનિયર અથવા આંતરાષ્ટ્રીય માનકો લાગુ પડશે.

૫.૪.૨ વીજળીનાં સાધનો સ્થાપિત કરતી વખતે તે સમયે અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમોનું પાલન કરાશે અને ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળ ઘડેલા નવા નિયમો તેને બદલે અમલમાં મુકાશે.

૫.૪.૩ માગવામાં આવતાં દરેક નવા જોડાણ માટે, પ્રવાહન પરવાનેદાર, જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ અને પુરવઠા વોલ્ટેજ, તેમજ જોડાણ-૨ અન્વયે "મીટર અને રક્ષણ ધોરણો"માં નિર્દિષ્ટ મીટર અને રક્ષણ આવશ્યકતાઓ નિર્દિષ્ટ કરશે.

૫.૪.૪ પ્રવાહન વ્યવસથાનું સંચાલન, વીજળી વ્યવસ્થા વહીવટ અને સંચાલન ધોરણ હેઠળ "પ્રવાહન વ્યવસ્થા સંચાલન ધોરણ" મુજબ રહેશે. આમ છતાં ઉપયોગકર્તા સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અને વેસ્ટર્ન રિજીયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા કરાવેલ ગ્રિડ - શિસ્ત નિયમોને આધીન રહેશે.

૫.૪.૫ ઉપયોગકર્તાના સાધનનું વિસંવાહન સંકલન, લાગુ પાડવાપાત્ર ભારતીય ધોરણો (માનકો)/ વ્યવહાર સંહિતાને અનુરૂપ રહેશે. સ્વિચગિયરની ભંગાણ (રપ્ચરિંગ) ક્ષમંતા પ્રવાહન પરવાનેદારે સિસ્ટમના અભ્યાસ પર આધાર રાખીને જાહેર કરેલ હોય તેના કરતાં ઓછી હોવી જોઈએ નહીં.

૫.૪.૬ ગ્રિડ સંહિત અમલમાં આવે તે સમયે ચાલુ તમામ વીજ-ઉત્પાદન મથકો માટે વિગત-પ્રવાહન અને સંદેશાવ્યવહાર માટેની સાધનસામગ્રીની માલિકી અને જાળવણી, રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર દ્વારા કરાશે, સિવાય કે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા માટે પારસ્પરિક સહમતિ સધાઈ હોય. નવા વીજ-ઉત્પાદન મથકો માટે પણ તેની માલિકી અને જાળવણી રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર દ્વારા થશે, સિવાય કે વીજઉત્પાદન કંપનીએ અરસ-પરસ બીજી વ્યવસ્થા નકકી કરી હોય.

૫.૫ જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ

૫.૫.૧ વીજ-ઉત્પાદન કંપની/આબધ વીજ-પ્લાન્ટ

પ્રવાહન વ્યવસ્થા સાથે જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ વોલ્ટેજ ૪૦૦/૨૨૦/૧૩૨/૬૬/૨૨/૧૧ કે.વી. હોઈ શકે અથવા રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર સાથે સમજૂતિ કર્યા મુજબ હોઈ શકે જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ, વીજ-ઉત્પાદન મથક સ્વિચયાર્ડ/આબધે વીજ- પ્લાન્ટનો બહાર જતો ફીડર ગેટ્રિ પોઈન્ટ છે. મીટર-પોઈન્ટ, બહાર જનાર ફીડર બનશે. વીજઉત્પાદન મથકો/આબધે વીજ પ્લાન્ટની મર્યાદાની અંદરના તમામ રક્ષણાત્મક મીટરનાં સાધનોની માલિકી અને જાળવણી, અનુક્રમે વીજઉત્પાદન કંપની/આબદ્ધ વીજ-પ્લાન્ટ (કેપ્ટિવ પાવર પ્લાન્ટ) સંભાળશે. આગળ બહાર નીકળતા પોઈન્ટમાં, પ્રવાહ ન પરવાનેદાર તમામ સાધનોની જાળવણી સંભાળશે.

૫.૫.૨ વિતરણ પરવાનેદાર

પ્રવાહન વ્યવસ્થાના જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ આગળનું વોલ્ટેજ, વિતરણ પરવાનેદાર દ્વારા નિર્દિષ્ટ કરાયા મુજબ રહેશે. જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ, પ્રવાહન પરવાનેદારના પેટા-મથકના બહાર નીકળતા (આઉટ ગોઈંગ) ફીડરનું ગેટ્રિ (gantry) બનશે. પ્રવાહન પરવાનેદારનો પેટા-મથક વીજ ટ્રાન્સફોર્મરની બાજુએ ૧૧/૨૨ કે.વી.એ મીટરીંગનું પોઈન્ટ રહેશે. આમ છતાં તે જ પેટા-મથકેથી બે કે વધુ વિતરણ પરવાનેદારોને પુરવઠો પૂરો પાડવા માટે, પેટા મથકના બહાર નીકળતા ફીડર આગળ મીટીરીંગ પોઈન્ટ રહેશે. જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ વોલ્ટેજ ૬૬ કે.વી. કે તેથી વધુ હોય ત્યારે, પ્રવાહન વ્યવસ્થાના જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ અને મીટરીંગ પોઈન્ટ, વિતરણ પરવાનેદારના પેટા મથકના ફીડર ગેટ્રિ બનશે. પ્રવાહન પરવાનેદારની જગ્યાની અંદર સંદેશા-વ્યવહાર, રક્ષણ અને મીટર-વ્યવસ્થાની માલિકી અને જાળવણી પ્રવાહન પરવાનેદારની રહેશે. સંબંધિત વિતરણ પરવાનેદારો, આગળ પર જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટથી તમામ સાધનોની જાળવણી રાખશે.

અન્ય પ્રવાહન વ્યવસ્થા સાથે જોડાણો

કેન્દ્રિય પ્રવાહન ઉપયોગ એકમ (TU) અને રાજય પ્રવાહન ઉપયોગ એકમ (STU)/ પ્રવાહન પરવાનેદાર વચ્ચે થયેલી પારસ્પરિક સમજૂતિ અનુસાર જોડાણ, મીટર-વ્યવસ્થા અને રક્ષણ યોજના, મીટરીંગ પોઈન્ટ અને વેસ્ટર્ન રિજીયોનલ ટ્રાન્સમિશન સિસ્ટમ માટેનું વોલ્ટેજ રહેશે. બીજા પડોશી રાજયની પ્રવાહન વ્યવસ્થા કે બીજા કોઈ પ્રવાહન પરવાનેદાર માટેનું જોડાણ પણ સંબંધિત પરવાનેદારો વચ્ચે અરસપરસ થયેલી સમજૂતિ-કરાર પ્રમાણે થશે.

૫.૫.૩ વધારાના ઉચ્ચ વોલ્ટેજના ગ્રાહકો

ધોરણસરનું વોલ્ટેજ, પ્રવાહન/વિતરણ પરવાનેદારો દ્વારા સહમતિ સધાયા મુજબ રહી શકશે. જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ, તેમની જગ્યા પરનું ફીડર ગેટ્રિ બનશે. વધારાના ઉચ્ચ વોલ્ટેજના ગ્રાહકોને વીજળી વેચાણ માટેનુ મીટર-પોઈન્ટ, તેમની સિસ્ટમના જોડાણ પોઈન્ટ/ઈન્ટર ફેઝ પોઈન્ટ આગળ રહેશે.

૫.૬ પ્રવાહન વ્યવસ્થા સાથેના જોડાણ માટે અરજીની કાર્યપદ્ધતિ

૫.૬.૧ પ્રવાહન વ્યવસ્થા સાથે જોડાણ અને / અથવા ઉપયોગ માટે નવી અને સુધારેલી વ્યવસ્થા સ્થાપિત કરવા માંગતા કોઈપણ ઉપયોગકર્તાએ અરજીની સાથે નીચેનો અહેવાલ, માહિતી અને બાંયધરી તથા કાર્યપદ્ધતિ વિષયક આવશ્યકતાઓ યોગ્ય રીતે તપાસીને ગુવી.નિ.આયોગ દ્વારા નકકી કર્યા મુજબ ઠરાવેલી ફી પ્રવાહન પરવાનેદારને આપવાની રહેશે.

(ક) સૂચિત ખેડાણ અને અથવા સુધારાનો હેતુ, જોડાણનું સ્થળ, જોડવાનાં ઉપકરણોનું વર્ણન અથવા જોડેલા ઉપકરણોમાં કરવાના સુધારા દર્શાવતો અહેવાલ.

(ખ) કલમ-૪ના જોડાણ ક અને ખ માં યાદી આપેલ વિગતોની સાથો-સાથ લાગુ પડતી વિગતો.

(ગ) સંભવિત વીજળિક ગોઠવણ તે સમયે અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમોની જોગવાઈનું અને ત્યાર પછી તેના બદલે અમલમાં આવેલ ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળ બનાવેલા નવા નિયમોનું પાલન કરશે એવું સમર્થન.

(ઘ) બાંધકામ અનુસૂચિ અને કામ પુરું કરવાની લક્ષ્યાંકિત તારીખ.

(ચ) સાધનોની ગોઠવણ અને સંચાલન માટે, ગ્રિડ સંહિતા, ભારતીય વીજળી ગ્રિડ સંહિતા અને તે સમયે અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમો અને તેને બદલીને કરેલા ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળના નવા નિયમો ઉપયોગકર્તાને બંધનકર્તા રહેશે એ મતલબની બાંયધરી.

(છ) આર્ક ભટ્ઠીઓ, રોલિંગ મિલો વગેરે જેવા ખાસ વીજભાર માટે, સમય અને સંવાદના સ્તરે વીજભારના સાચા અને પ્રતિક્રિયક વીજ-મૂલ્યો.

૫.૬.૨ પ્રવાહન પરવાનેદાર, અરજી મળ્યાથી તારીખથી પંદર દિવસની અંદર ઉપયોગકર્તાને ઔપચારિક પ્રસ્તાવ કરશે. ઔપચારિક પ્રસ્તાવમાં, વાજબીપણે જરૂરી હોય તેવી કોઈપણ માહિતીની સાથે ઉપરની તમામ માહિતીનો સમાવેશ કરાશે. હાથ ધરવાનાં કામોના ખર્ચનું વિભાજન, માલસામાન, મજૂરી અને દેખરેખ જેવાં પેટા-સદરો હેઠળ યોગ્ય રીતે વર્ગીકૃત કરીને રજૂ કરાશે. કરેલો પ્રસ્તાવ, રસ્તાનો હક કે અન્ય જરૂરિયાતો, તે પછી વૈધાનિક કે કરારના સ્વરૂપથી કે અન્યથા હોય તે માટેની જરૂરી સંમતિ, મંજૂરી અને પરવાનગી મેળવવાને અથવા તેના પાલનને આધીન રહેશે.

૫.૬.૩ ઉપયોગકર્તા કે જેમના કામની પ્રગતિ માટે પ્રવાહન પરવાનેદારે સંમતિ, મંજૂરી, પરવાનગી મેળવવી અને માર્ગોના હક કે આ ગ્રિડ સંહિતાાં દશાવેલ બીજી આવશ્યકતાઓનું પાલન કરવું જરૂરી હોય તેમને,

(ક) જરૂરી સહાય, સહાયક સામગ્રી કે પુરાવા પૂરા પાડશે, અને

(ખ) પ્રવાહન પરવાનેદાર યોગ્ય રીતે વિનંતી કરે તે પ્રમાણે તેવા સાક્ષીની હાજરી સુનિશ્ચિત કરશે.

૫.૬.૪ જરૂરી હોય ત્યાં વૈધાનિક મંજૂરી મેળવવા જોઈતો સમય ધ્યાનમાં લઈને આવાં કામો પૂરા કરવા માટેની અંદાજિત સમય-સૂચિ મુકરર કરવી. હાલમાં જોડાણોમાં સુધારા અંગેના પ્રસ્તાવ બાબતમાં, હાલનાં જોડાણોની સમજૂતિની શરતો પણ ધ્યાનમાં લેવમાં આવશે.

૫.૬.૫ સૂચિત કામનુ જટિલ સ્વરૂપ એવું હોય કે પ્રસ્તાવ કરવા માટે ઠરાવેલ સમય-મર્યાદાનો પૂરતો વિચાર ન કરાયો હોય તો, પ્રવાહન પરવાનેદાર, બાબતોના વધુ વિગતવાર પૃથકકરણ માટે જોઈતા વધારાના સમયનું પ્રમાણ દર્શાવીને, ઠરાવેલી સમય-મર્યાદાની અંદર પ્રારંભિક પ્રસ્તાવ કરશે.

(ક) પ્રારંભિક પ્રસ્તાવ મળ્યેથી, ઉપયોગકર્તા તરત જણાવશે કે પ્રવાહન પરવાનેદાર વધારેલ સમય-મર્યાદની અંદર આખરી પ્રસ્તાવ મુકવા આગળ વધવા માગે છે કે કેમ.

(ખ) પ્રવાહન પરવાનેદાર, જરૂરી જણાય તો, ઉપયોગકર્તાને સાધારણ સમય-મર્યાદા અગાઉના તબક્કે વિતગવાર આયોજનની કેટલીક અથવા તમામ વિગતો મોકલવા જણાવશે.

૫.૬.૬ તમામ પ્રસ્તાવો (પ્રારંભિમ પ્રસ્તાવો સિવાયના અન્ય) તેમજ સુધારેલા પ્રસ્તાવો, પ્રસ્તાવ મોલકવાની તારીખથી ૧૨૦ દિવસ માટે કાયદેસર ગણાશે. ઉપયોગકર્તાએ અગાઉ મોકલેલી માહિતીમાં ફેરફારને કારણે જરૂરી બનવાથી, ઉપયોગકર્તાની વિનંતીને આધારે પ્રવાહન પરવાનેદાર સુધારેલો પ્રસ્તાવ કરશે.

૫.૬.૭ ઉપયોગકર્તા, પ્રસ્તાવ સ્વિકૃતિના ત્રીસ દિવસની અંદર અથવા ચોકકસ કેસમાં પ્રવાહન પરવાનેદાર નકકી કરે તેવા લાંબા સમયગાળાની અંદર પ્રવાહન પરવાનેદારને પ્રસ્તુત વિગતવાર આયોજન માહિતી મોકલશે.

૫.૬.૮ રાજય વીજળી ગ્રિડને આંતર રાજય પ્રવાહન વ્યવસ્થા સાથે જોડવામાં આવે ત્યારે ભારતીય વીજળી ગ્રિડ સંહિતાનો જોડાણ શરતોની જોગવાઈઓ પ્રવર્તમાન રહેશે.

૫.૭ અરજીનો અસ્વિકાર કરવાનો હક

૫.૭.૧ પ્રવાહન પરવાનેદાર, નીચેની શરતો હેઠળ, પ્રવાહન વ્યવસ્થા સાથે જોડાણ અને અથવા ઉપયોગ કરવા માટેની કોઈપણ અરજીનો અસ્વિકાર કરી શકે.

(ક) સૂચિત શરતોથી, પ્રવાહન પરવાના અનવયેની કોઈ જોગવાઈઓનો ભંગ થતો હોય,

(ખ) અરજીમાં દશાવેલ સૂચિત કામો પરવાનાના ક્ષેત્રાધિકારમાં ન આવતાં હોય અથવા ગ્રિડ સંહિતાની જોગવાઈઓ સાથે સુસંગત ન હોય.

(ગ) આ કમલમના ખંડ ૫.૬.૧ અનુસાર બાંયધરી આપવામાં અરજદાર નિષ્ફળ જાય.

૫.૭.૨ કાયદેસર મુદતની અંદર પ્રસ્તાવ ગેરકાયદેસર ઠરે અથવા અરજંદાર તેનો ઈન્કાર કરે ત્યારે, રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર જોડાણ અરજી પર કોઈ વિશેષ પગલું ભરશે નહીં, સિવાય કે તે વ્યવસ્થામાં ફેરફાર અંગેની મૂળ અરજી કરતાં નોંધપાત્ર પ્રમાણમાં અલગ હોય.

૫.૮ જોડાણ-સમજૂતિ

૫.૮.૧ જોડાણ સમજૂતિ કે જોડાણ સમજૂતિ માટેના પ્રસ્તાવમાં તેની શરતોની અંદર યોગ્ય હોય તે મુજબ, નીચેની બાબતોનો સમાવેશ થશે.

(ક) બંને પક્ષકારોએ ગ્રિડ સંહિતાનું પાલન કરવું જરૂરી હોવાની શરત.

(ખ) વ્યવસ્થા સાથે જોડાણ અને અથવા ઉપયોગની વિગતો

(ગ) વ્યવસ્થાના જરૂરી પ્રણાલીકરણ અથવા વિસ્તરણને કારણે ઉભી થયેલ કોઈ મૂડી સંબંધિત ચુકવણીઓ અને બીજી કોઈ ચુકવણીઓ અને અનામત અંગેની વિગતો વગેરે.

(ઘ) પ્લાન્ટ તથા ઉપકરણોની માલિકી, નિયંત્રણ, સંચાલન અને જાળવણી સંબંધમાં તથા વ્યકિતઓની સલામતી બાબતમાં જોડાણના સ્થળે જવાબદારીના વિભાજનની વિગતો આપતી "સ્થળ પરની જવાબદારીની અનુસૂચિ"

૫.૮.૨ ઉપયોગકર્તા દ્વારા કામના વિકાસ માટેની અરજી પર મૂળથી કરાયેલ કોઈ પ્રસ્તાવ, ડિઝાઈન પારમિતિમાં ફેરફારોને આધીન હોય તો, પ્રવાહન પરવાનેદાર, વિગત રજૂ કરવા માટે સુધારેલી શરતો અને લંબાવેલા સમય સહિત ઉપયોગકર્તાને સુધારેલો પ્રસ્તાવ કરશે. સુધારેલ પ્રસ્તાવમાં કોઈપણ જોડાણ સમજૂતિનો આધાર ઘડવામાં આવશે.

૫.૯ ખુલ્લા પ્રવેશ માટે મીટર વ્યવસ્થા.

૫.૯.૧ ખુલ્લા પ્રવેશ માટે ગ્રાહક, વીજ-ઉત્પાદન કપની, વિતરણ પરવાનેદાર અને વેપારીઓ, ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ (આંતરરાજય પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો પ્રવેશ) વિનિયમો અનુસાર, આયોગ વોલ્ટેજ, પોઈન્ટ અને પુરવઠાનો ગાળો તથા ટેરિફના પ્રકાર (ગ્રિડ સંહિતામાં સમાવિષ્ટ હોય તે પણ) પર અધારિત હોય તેવા ગ્રાહકો માટે આયોગ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ મીટર પૂરાં પાડશે.

૫.૧૦ "મીટર" શબ્દમાં વીજ-પ્રવાહ ટ્રાન્સફોર્મર, વોલ્ટેજ/સંભાવિત શકિતવાળા ટ્રાન્સફોર્મરો, તેઓની વચ્ચે વાયરિંગ તથા મીટર બોક્ષ/પેનલનો સમાવેશ થશે.

જોડાણ - ગ

સ્થળ જવાબદારી અનુસૂચિ (ખંડ ૫.૩.૨)

વીજ-ઉત્પાદન મથક/પેટા-મથકની માલિકીનું નામ

ટેલિફોન નં. :

ફેક્સ નં. :

કાયમી સરનામું

પ્લાન્ટ કે ઉપકરણની વસ્તુ	પ્લાન્ટ માલિક	નીચેની બાબત માટે જવાબદારી			
		સલામતી	નિયંત્રણ	સંચાલન	જાળવણી
..... કે.વી. સ્વિચ યાર્ડ ★ ફિડર વીજ-ઉત્પાદન એકમો					

★ કોઈપણ જોડાણ સ્થળ પર તમામ ઉંચા વોલ્ટેજનાં ઉપકરણો એક યોજનાકીય આકૃતિમા દર્શાવવાં, જેમાં નીચેની બાબતોનો સમાવેશ કરવો.

૧. બસબાર
૨. પરિપથ-બ્રેકર
૩. વિયોજન (આઈસોલેટર)
૪. આડમાર્ગની સગવડો
૫. અર્થિંગ સ્વિચ
૬. ભૂમિ-ખાડા
૭. ઉપરથી જતી લાઈનનો પ્રવેશ / ગ્રેટ્રિ
૮. ઉપરની જતી લાઈનનું ટેપિંગ
૯. કેબલ અને કેબલના સીલ કરેલા છેડા
૧૦. વીજ-ઉત્પાદન એકમ
૧૧. વીજ-ઉત્પાદન એકમ ટ્રાન્સફોર્મર
૧૨. નિમ્ન વોલ્ટેજ પરિપથ બ્રેકર સહિત વીજ-ઉત્પાદન એકમ સહાયક ટ્રાન્સફોર્મર
૧૩. નિમ્ન વોલ્ટેજ પરિપથ બ્રેકર સહિત મથક સેવા ટ્રાન્સફોર્મરો
૧૪. સમકાલિક કન્ડેન્સર સહિત વીજધારિત્ર
૧૫. શ્રેણીઓ અથવા શન્ટ પ્રતિક્રિયકો (રિએકટર)
૧૬. ગ્રિડ ટ્રાન્સફોર્મરો (આંતર જોડાણ ટ્રાન્સફોર્મરો)
૧૭. ટેરિટરી વિન્ડીંગ
૧૮. અર્થિંગ અને સહાયક ટ્રાન્સફોર્મર
૧૯. ત્રણ ફેઝ વોલ્ટેજ ટ્રાન્સફોર્મર
૨૦. એક ફેઝ વોલ્ટેજ ટ્રાન્સફોર્મર અને ફેઝ ઓળખ
૨૧. સર્જ અરેસ્ટર (મોજાનો ધસારો રોકનાર)
૨૨. ઉંચા વોલ્ટેજ પ્લાન્ટ પર ન્યૂટ્રલ અર્થિંગ વ્યવસ્થા
૨૩. વીજપ્રવાહ ટ્રાન્સફોર્મર
૨૪. સંભવિત શકિતવાળા ટ્રાન્સફોર્મર
૨૫. પી.એલ.સી.સી. અને દેખરેખ નિયંત્રણ તથા માહિતી સંપાદન (SC ADA)

INDEX

૬ કલમ-૬

સંચાલન આયોજન અને સુરક્ષા

૬.૧ પ્રાસ્તાવિક

આ કલમમાં, ગ્રિડની સંતોષકારક કામગીરી અને વ્યવસ્થાના એકીકરણ માટે, ઉપયોગકર્તા સાથે ઈન્ટરફેઝ સંકલન, સંચાલન-ગાળા માટે પારનિતિ નકકી કરવી, આકસ્મિકતા અનામત, માગ-નિયંત્રણ વગેરે સહિત વીજ-વ્યવસ્થા સંચાલનનું આયોજન હાથ ધરવા રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર માટેની માર્ગદર્શક સૂચનાઓનો સમાવેશ કર્યો છે.

૬.૨ ઉદ્દેશ

આ કલમનો ઉદ્દેશ પ્રકિયાને વ્યાખ્યાબદ્ધ કરવાનો છે, જે પ્રકિયાથી, શકય તેટલા પ્રમાણમાં વ્યવસ્થાની સુરક્ષા જાળવવાની સાથે વીજ-ઉત્પાદન કંપનીઓ સાથે સંકલન કરીને પ્રવાનમાં અનુપયોગ તથા ઉપયોગકર્તાઓને અનુપયોગ ઘટાડવાની રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને છૂટ મળે છે. આ કલમમાં નીચેના દ્વારા ઉપલભ્ય બનતા અનામત જથ્થાની ગોઠવણ કરવાની માર્ગદર્શક સુચનાઓ પણ આપવામાં આવી છે :

(ક) બહારનાં જોડાણો

(ખ) વ્યવસ્થા સંચાલન અને

(ગ) માગ - નિયંત્રણ

૬.૩ માગ - અંદાજ

૬.૩.૧ વિતરણ પરવાનેદાર, આગલા નાણાંકીય વર્ષને આધાર વર્ષ તરીકે ગણીને અને આગામી ૫ વર્ષની માગની ધારણા કરીને ટૂંકા ગાળાના માગનો વરતારો તૈયાર કરશે. આ પ્રકિયા દરમિયાન આગલા વીજ-ભાર વરતારા મુજબ વીજ-ભારની સ્થિતીનું પુનર્વિલોકન કરશે. આમ યોગ્ય આંકડાકીય પદ્ધતિ અપનાવીને, આધાર વર્ષને લગતા આનુષાંગિક આંકડા પરત્વેના વરતારા સમય-ગળામાં દરેક ટેરિફ વર્ગમાં વીજળીના વેચાણની ધારણા કરવામાં આવશે. આ ધારણાઓમાં, અનિર્દિષ્ટ વીજ-ભાર માટે માની લીધેલી સાધારણ વૃદ્ધિ, ૧ મે.વો. અને તેથી ઉપરની નિર્દિષ્ટ અને મુકરર વીજ-ભારને ધ્યાનમાં લેવામાં આવશે. આ ધારણાઓમાં માગ-બાજુના વહીવટની કોઈ અસર હોય તો તે, અને ઉર્જા-સંરક્ષણને પણ વિચારણામાં લેશે. દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ ટોચના વીજ-ભારની જરૂરિયાતો વિતરણ ઘરને ગણતરીમાં લઈને અંદાજવાાં આવશે. દરેક જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ ટોચની વીજ-ભાર જરૂરિયાત આવશ્યકપણે સુનિશ્ચિત કરશે કે જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ ટોચની વીજ-ભાર જરૂરિયાત અનિવાર્ય પણે સુનિશ્ચિ કરશે કે, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર, જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ સુધી સુધારાત્મક પ્રવાહન વ્યવસ્થામાં પર્યાપ્ત ક્ષમતા જાળવવા સુધારણા લેવાં જરૂરી પગલાં નકકી કરશે. આનાથી પ્રવાહન પરવાનેદાર માટે સુસંગત પ્રવાહન વ્યવસ્થા વિકસાવવાનું સુગમ બનશે. આમ છતાં, વિતરણ પરવાનેદાર, ગીચ વિસ્તારમાં, રીંગમાં એકબીજા સાથે જોડાયેલા સંખ્યાબંધ જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ વીજળી મેળવે તો પછી આવા વિતરણ પરવાનેદાર, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર સાથે અરસપરસ ચર્ચા કરીને નકકી કર્યા પ્રમાણે તફાવત કે છૂટ સાથે દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ એકંદર લાંબા ગાળાની માગનો વરતારો મોકલી આપશે. પુરવઠાના વિસ્તાર માટે એકંદર વીજળી અને ટોચના વીજ-ભારની જરૂરિયાતો. વિતરણ ઘટને ધ્યાનાં લઈને અંદાજવામાં આવશે. વિતરણ પરવાનેદાર, રાજ્ય પ્રવાહન-ઉપયોગ એકમ, પ્રવાહન પરવાનેદાર અને ગુ.વી.નિ. આગને વરતારો જે આધારે તૈયાર કર્યો હોય તે નીચેની વિગતોની સાથે, વાર્ષિક ધોરણે ટોચની વીજ- ભાર જરૂરીયાત માટે દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ માટેનો ટૂંકા ગાળાનો માગ વરતારો તેમજ પુરવઠા વિસ્તાર માટે એકંદર વીજળી અને ટોચની વીજ-માગનો વરતારો મોકલી આપશે.

(ક) વિગતો, (ખ) પદ્ધતિ વિકાસ (ગ) ધારણાઓ

૬.૩.૩ તમામ વિતરણ પરવાનેદારો તથા સંઘપ્રદેશો (દીવ, દમણ અને દાદરાનગર હવેલી) તે ગુજરાત રાજ્ય ગ્રિડને જેટલાં પ્રમાણમાં અસર કરે તેટલા પ્રમાણમાં સમગ્ર ગુજરાત રાજ્ય માટે માગનો વરતારો તૈયાર કરવામાં રાજ્ય પ્રવાહન એકમને પૂરેપૂરો સહકાર આપશે.

INDEX

૬.૩.૪ વિતરણ પરવાનેદાર, આગળના ધોરણે, દરેક નાણાંકીય વર્ષના ૧લી એપ્રિલ થી ૩૧મી માર્ચ સુધીના ગાળા માટેના ઉપર જણાવેલા અંદાજ ૩૧મી જાન્યુઆરી સુધીમાં મોકલી આપશે. પાછળથી રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારે માગ્યા પ્રમાણે એક દિવસ આગળના ધોરણે આગલા દિવસે અને આગળના મહિનાને ધોરણે દર મહિને આગલા મહિનામાં આ માહિતી અદ્યતન બનાવાશે.

૬.૩.૫ વિતરણ પરવાનેદારે રજૂ કરેલી માહિતીને આધારે, રાજય પ્રવાહન ઉપયોગ એકમ, આગલા વર્ષ માટે માસિક ટોચના અને મંદ ગાળા માટે માગના અંદાજે તૈયાર કરશે તથા આગળના મહિના માટે ટોચના અને મંદ ગાળાના દૈનિક માગના અંદાજે તૈયાર કરશે.

૬.૩.૬ વિતરણ પરવાનેદાર, જરૂર હોય ત્યારે, આવા વીજ-ભાર ફેલાવા (શેડિંગ)ની વ્યવસ્થાની વિગતો સાથે ફેલાતા વીજભારના અંદાજે સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટરને મોકલશે.

૬.૩.૭ રાજય પ્રવાહન ઉપયોગ એકમ અને દરેક ઉપયોગકર્તા સાથે સહમતિ કરાયા પ્રમાણેની કાર્યપદ્ધતિ અનુસાર તમામ માહિતી એકત્રિત કરાશે.

૬.૩.૮ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, કલાકના ધોરણે રાજય માટેની કુલ માગનો માહિતી આધાર જાળવશે.

૬.૪ માહિતી / વિગતોની જરૂરીયાતો

ઉપયોગકર્તા અને રાજય પ્રવાહન ઉપયોગ એકમ સ્ટેટ લોડ ડિસ્પેચ સ્ટેટના જોડાણ-ઘ માં દર્શાવેલ તમામ માહિતતી પૂરી પાડશે. દરેક વીજ-ઉત્પાદન કંપની, દર વર્ષે માર્ચ મહિનામાં, સમગ્ર વર્ષ માટે આગળ એપ્રિલથી શરૂ કરીને લાગુ પાડવાની વીજ-ઉત્પાદન પારમિતિ અને જનિત્રની કામગીરીનો માર્ચ લેખિતમાં સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને મોકલશે. જનિત્ર કામગીરીનો ચાર્ટ દરેક ચોકસ વીજ-ઉત્પાદન એકમ માટે રહેશે અને તેમાં જનિત્ર ટ્રાન્સફોર્મરોની વિગતો સમાવિષ્ટ કરાશે અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર માગે તેમ અને ત્યારે સાધારણ કરતા ૧૦% વધુ પ્રવાહન વ્યવસ્થા વોલ્ટેજ વીજ- ઉત્પાદન એકમની પ્રતિક્રિયાત્મક ક્ષમતાની મર્યાદા દર્શાવશે.

૬.૫ અનુપયોગ (outage) યોજનામાં સમાવિષ્ટ પરિપથ અને જનિત્ર છૂટા થવાં

૬.૫.૧ કોઈપણ મંજૂર થયેલ અવરોધ અંગેની યોજનામાં ગમે તે જોગવાઈ હોય તેમ છતાં, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરમાંથી ખાસ મુકત થયા વિના કોઈ ક્રોચ બાઉન્ડરી/આડછેદ સીમા પરિપથ કે વીજઉત્પાદન કંપનીના વીજઉત્પાદન એકમો સર્વિસમાંથી દૂર કરાશે નહીં. આ નિયંત્રણ આબદ્ધ વીજ પ્લાન્ટના વ્યકિતગત વીજ-ઉત્પાદન એકમોને લાગુ પડશે નહીં, જેનું સંચાલન કોઈની મદદ વિના થાય છે. એક વખત અનુપયોગ શરૂ થાય અને પુનઃસ્થાપના કોઈ ફેરફાર જરૂરી બને એવી દહેશત હોય ત્યાં સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અથવા સંબંધિત ઉપયોગકર્તા, પુનઃસ્થાપન સમયના સુધારેલ અંદાજની સાથોસાથ ઝડપથી બીજા પક્ષકારોને તેની જાણ કરશે.

૬.૬ પ્રવાહન અનુપયોગ આયોજન

૬.૬.૧ રાજય પ્રવાહન ઉપયોગ એકમ ૧લી એપ્રિલ થી ૩૧ મી માર્ચ સુધીના ગાળા માટે વાર્ષિક પ્રવાહન અવરોધ કાર્યક્રમ રજૂ કરશે. તમામ વીજ ઉત્પાદન કંપનીઓ અને વિતરણ પરવાનેદારો, એકમ, પેટા-મથક વગેરેની ઓળખ, અવરોધ શરૂ થયાની તારીખ અને અનુપયોગ ગાળો સમાવિષ્ટ કરતો તેમનો સૂચિત અવરોધ કાર્યક્રમ, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને આગળના વર્ષ માટે (૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધી) દર વર્ષે ૧૫મી ઓકટોબર સુધીમાં મોકલશે. વિતરણ પરવાનેદારે તેમના આંતરિક અનુપયોગ કાયક્રમનું આયોજન એવી રીતે કર્યું હોય કે કે જેનાથી તેમના પુરવઠાના વિસ્તારમાં વધુમાં વધુ ૨૦ મે.વો. કરતાં વધુ વીજભાર-ઘટ ન પડે. તેવા કેસમાં, આવા અનુપ્યોગ કાર્યક્રમની સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને જાણ કરવાની જરૂર રહેશે નહી. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ઉપયુર્કત તમામ સંસ્થાઓ સાથે આંતર-ક્રિયા કરીને, અનુપયોગની સમય-સૂચિ, જરૂર હોય તો ફરી તૈયાર કરીને શકય તેટલા પ્રમાણમાં ગ્રાહકોને ઓછી ખલેલ પડે તે રીતે ઈષ્ટતમ અનુપયોગ મુસદ્દારૂપ યોજના તૈયાર કરશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, પ્રાદેશિક અને ઉપયોગકર્તાની આવશ્યકતાઓ ધ્યાનમાં લઈને આખરી રીતે સહમતિ સધાયેલ પ્રવાહન અનુપયોગ યોજના તૈયાર કરશે અને તમામ ઉપયોગકર્તાઓને દર વર્ષે ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં રજૂ કરશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ઉપર્યુકત તમામ સંસ્થાઓ સાથે મુદત દરમિયાન જરૂરી કોઈપણ ફેરફારો અંગે ચર્ચા-વિચારણા કરીને ત્રિમાસિક અને માસિક ધોરણે અનુપયોગ યોજનાની સમીક્ષા કરશે અને સુધારેલ અનુપયોગ યોજનાની તમામ ઉપયોગકર્તાને જાણ કરશે. કોઈપણ વધારાના અનુપયોગ માટે ઉપયોગકર્તા દ્વારા વિનંતી કરવામાં આવે તો સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર તેની વિચારણા કરશે અને બને તેટલા પ્રમાણમાં તેનો સમાવેશ કરશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર આવા ફેરફારોની તમામ સંબંધિતોને તાત્કાલિક જાણ કરશે. વી

INDEX

પુરવઠામાં ખલેલથી તેમને કયારે અસર થશે તે અંગેની જાણ વિતરણ પરવાનેદારો, સ્થાનિક વર્તમાનપત્રોમાં તે પ્રસિદ્ધ કરીને કરશે.

૬.૭ સંચાલન ગાળો

૬.૭.૧ સંચાલન ગાળામાં, માગના વરતારામાં ફેરફારો અંગેની અનિશ્ચિતતા, બહારનાં જોડાણોનો ઘટાડો, વીજ-ઉત્પાદનની ઘટ, પ્રવાહન વ્યવસ્થામા નિયંત્રણો અને અન્ય તમામ પરિબળોને આવરી લેવા વીજ-વ્યવસ્થાના સંતોષકારક સંચાલન માટે જરૂરી આકસ્મિકતા અનામત (Reserves) અને સંચાલન અનામતનો સમાવેશ કરાય છે.

૬.૭.૨ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વીજ-ઉત્પાદન કંપનીઓની પ્રાપ્યતામાં ઘટાડાના ઐતિહાસિક વલણો, આંતર રાજય ટાઈ લાઈન મારફત આયાત અને ખરેખરા સંચાલન સમય દરમિયાન માગના વરતારામં વધારા પર આધાર રાખીને જરૂરી આકસ્મિકતા અનામત જથ્થો નકકી કરશે.

૬.૭.૩ જયારે થર્મલ પાવર સ્ટેશન દ્વારા આકસ્મિકતા અનામત જથ્થો ઉભો કરવાનો હોય ત્યારે, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરમાં તેનો, ચાલુ સૂચનાત્મક જાહેરનામામાં અને અથવા તે પછી અપાતી રવાનગી સૂચનાઓમાં સમાવેશ કરશે. જે અન્વયે વીજ-ઉત્પાદન કંપનીને નિર્દિષ્ટ અને અથવા સૂચિત કરવામાં આવશે કે વીજ ઉત્પાદન એકમ આકસ્મિકતા અનામત ઢબથી સંચાલિત થશે.

૬.૮ માગ-નિયંત્રણ

૬.૦.૧ ઓટોમેટિક લોડ શેડિંગ/સ્વચાલિત વીજ-ભાર ફેલાવાનો આધાર, વીજ-વ્યવસ્થાના એકંદર સંકલનો જાળવવા સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની સૂચનાઓ અનુસાર પ્રવાહન પરવાનેદારોના પેટા-મથકોએ અલ્પ આવર્તન રિલેની ગોઠવણનાં સાધનો પર રહેશે. સ્વમાલિત અલ્પ આવર્તન વીજ-ભાર ફેલાવા માટે અગાઉથી નકકી કરેલ સંયોજન નિમ્ન આવર્તન સેટિંગ સાથેના સ્વતંત્ર બ્લોકોના નંબર અને કદ, દરેક વિતરણ પરવાનેદાર સાથે ચર્ચા-વિચારણા કરીને વારાફરતીના ધોરણે નકકી કરાશે.આ રીલેનાં આવર્તન સેટિંગ, પ્રાદેશિક વીજળી સમિતિ સો ચર્ચા-વિચારણા કરીને સંકલિત કરાશે.

૬.૮.૨ સ્વચાલિત વીજ-ભાર ફેલાવાથી (શેડિંગથી) અસર પામેલ જોડાણ છૂટું કરવાની કુલ માગણીના મોટા ભાગોનું પુનઃસ્થાપન વાજબી સમયની અંદર કરવાનું શકય ન હોય ત્યારે, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, આપોઆપ જોડાણ છૂટું કરાયેલા માગના સમાન પ્રમાણમાં પુનઃસ્થાપન કરવા હાથથી વધારાનું જોડાણ છૂટું કરવાની કામગીરી અમલમાં મૂકશે. દરેક વિતરણ પરવાનેદાર, આવા વીજ-ભાર ઘટકો મુકરર કરવામાં મદદ કરશે. સ્વસાબિત વીજ-ભાર ફેલાવાના સાધનને કાર્યરત કરીને ફેલાવો કરાયેલ વીજ-ભારનું સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની ચોકકસ સૂચનાઓ વિના પુનઃસ્થાપન કરાશે નહીં.

૬.૮.૩ વીજ-ઉત્પાદનમાં ન્યૂનતા, કે પ્રવાહન વ્યવસ્થામાં મર્યાદા કે બહારના જોડાણ મારફત આયાતમાં ઘટાડો, વગેરે કે જેને માટે, ૪૯.૫ H_z કરતાં વ્યવસ્થા આવર્તન નીચે જાય ત્યારે આંતર રાજય વીજ-ઉત્પાદન મથકમાંથી વધુ પડતી વીજળીના ઉપાડને નિયંત્રિક કરવા લાંબાગાળા સુધી માગ-નિયંત્રણ જરૂરી હોય, ત્યારે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા આયોજિત હાથેથી જોડાણ છૂટું કરવામાં આવશે. આવા કેસોમાં, શકય હોય તેટલા પ્રમાણમાં તમામ ગ્રાહકો માટે સમાન વર્તાવ સુનિશ્ચિત કરતા લોડ શેડિંગ યોજના (વીજ-ભાર ફેલાવા યોજના) અપનાવવામાં આવશે.

૬.૮.૪ વીજ-ઉત્પાદનમાં નુકસાન, માગ સાથે વીજ ઉત્પાદનનો મેળ ન મળવો, અથવા પ્રવાહન વ્યવસ્થામાં અવરોધો તેમજ ૪૯ H_z કરતાં નીચે પ્રાદેશિક ગ્રિડના આવર્તનને અસરકર્તા સંબંધિત સમય-સૂચિ કરતાં વધુ પ્રમાણમાં ગ્રિડમાંથી વીજળી-ઉપાડના પરિણામે કટોકટીની પરિસ્થિતિ ઉભી થાય તેવા કેસમાં, વિનિયમિત ગાળો જાળવવા ટૂંકી નોટિસે કે વગર નોટિસે લોડ શેડિંગ જરૂરી બને ત્યારે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે અસ્વીકૃત વોલ્ટેજ અને આવર્તન સપાટી, વગેરે સાથે કામ પાઠવા સંકરકાલિન મેન્યુઅલ ડિસકનેકશન (હાથથી જોડાણ છૂટું પાડવું) કરવું જોઈશે.

૬.૮.૫ વ્યવસ્થા આવર્તનો સુધરે નહી ત્યાં સુધી અને સ્થિતિની સમીક્ષા કર્યા પછી સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર આવી સૂચનાઓ ન આપે ત્યાં સુધી આ નિયંત્રણ પગલાં પાછાં ખેચવામાં આવશે નહીં.

૬.૯ વ્યવસ્થા (સિસ્ટમ)- સુરક્ષા

૬.૯.૧ તમામ ઉપયોગકર્તા, રાજય પ્રવાહન એકમ/પ્રવાહન પરવાનેદારો સહકાર આપશે, જેથી વીજળી વ્યવસ્થાના સંબંધિત વિભાગો, ગુજરાત વીજળી ગ્રિડ સાથે સમકાલિક રીતે કામ કરી શકે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ / પ્રવાહન પરવાનેદાર / કેન્દ્રિય

INDEX

પ્રવાહન ઉપયોગ એકમ આંતર રાજય કડીઓનું સંચાલન કરશે અને અંગભૂત રાજય ગ્રિડો પૈકી વેસ્ટર્ન ગ્રિડમાં વીજળીનો સુગમ વિનિમય સુગમ બનાવશે.

૬.૯.૨ નીચેની પરિસ્થિતિ હોય તે સિવાય પ્રવાહન વ્યવસ્થાને વેસ્ટર્ન ગ્રિડમાંથી અલગ પાડવામાં આવશે નહીં.

(ક) સંકટકાલિન પરિસ્થિતિ જેને પરિણામે સંપૂર્ણ ગ્રિડ-વ્યવસ્થા પડી ભાંગે.

(ખ) સાધનોને ગંભીર નુકસાન થતું અટકાવવા વ્યવસ્થાને અલગ પાડી દેવી.

(ગ) સંચાલન પરિસ્થિતિ હેઠળ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરઓ વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટરની સૂચનાઓ.

(છ) વેસ્ટર્ન રિજિયન સ્તરે મંજૂર કર્યા પ્રમાણે આવર્તન/ આયલેન્ડિંગ યોજના અન્વયે અદ્યતન કામગીરી/સંચાલન.

૬.૯.૩ પરિસ્થિતિ અનુકૂળ થતાં જેમ બને તેમ સત્વરે સંપૂર્ણ સમકાલિક-વ્યવસ્થા પુનસ્થાપિત કરવી. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર પુનસ્થાપન પ્રક્રિયાની દેખરેખ રાખશે.

૬.૯.૪ ૧૩૨ કે.વી. અને તેથી ઉપરની પ્રવાહન લાઈનો, ગ્રિડ સાથે કેપ્ટિવ પાવર પ્લાન્ટને જોડવા માટેની ૬૬ કે.વી.ની લાઈનો અને આંતર જોડાણ કરતાં વીજ ટ્રાન્સફોર્મરોને પૂર્વ મંજૂરી લેવી શકય ન હોય તેવા કટોકટીના સમય સિવાય સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/ એરિયા લોડ ડિસ્પેચ સેન્ટરની સૂચનાઓ કે પૂર્વ મંજૂરી વિના ખોલવાં નહીં. લાઈનોને પાછી સર્વિસ મૂકવામાં આવતાં, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરો તેની જાણ કરીને મંજૂરી મેળવવી.

૬.૯.૫ રક્ષણાત્મક રિલે દ્વારા કે હાથથી પ્રેરિત હોય કે ન હોય તો પણ, ૧૩૨ કે.વી. અને તેથી વધુ કે.વી.ની પ્રવાહન લાઈનો, અથવા ૧૩૨ કે.વી. વર્ગ (એટલે કે ૧૩૨/૬૬ કે.વી.વગેરે) અને તેથી ઉપર અને ૫૦ મે.વી.એ.ના વીજ ટ્રાન્સફોર્મરોના કોઈપણ ટ્રિપીંગ માટે પેટા મથકનો હવાલો સંભાળતા ઈજનેરે તેના પુનઃસથાપન માટે તાત્કાલિક સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/ એરિયા લોડ ડિસ્પેચ સેન્ટરને જાણ કરવી અને આવા ટ્રિપિંગ માટેનાં કારણો તથા પુર્નસ્થાપિત માટે જરૂરી સમયની પણ જાણ કરવી.

૬.૯.૬ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે ૫૦ મે.વો. અને તેથી વધુ ક્ષમતાનાં વીજ-ઉત્પાદન એકમો અને થર્મલ વીજ-ઉત્પાદન મથકો માટે ૨૦૦ મે.વો. અને તેથી વધુ ક્ષમતાનાં નિયંત્રકો (ગર્વનરો) તળાવ, સંયુકત સાયકલ ગેર ટર્બાઈનના બાષ્પીચ ટર્બાઈનો અને આહિવક વીજ-ઉત્પાદન મથકો વિનાના નહી - જળવિદ્યુત ઉત્પાદન મથકો સિવાય, વીજ ઉત્પાદન એકમની માલિકીને લક્ષમાં લીધા વિના બધા સમયે યુકત રીતે સંચાલિત રહેશે. કોઈપણ કારણસર નિયંત્રકો બંધ હોય તો તેનાં કારણો અને આવા સંચાલનના સમય-ગાળા સહિત સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને તેની જાણ કરવી આના પર આધાર રાખીને, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, આ અંગેના કારણો તથા તેના સમયગાળા સહિત આવા સંચાલન બાબત વેસ્ટર્ન રિજિયન લોડ ડિસ્પેચ સેન્ટરને તેની જાણ કરશે. કોઈપણ રીતે નિયંત્રકની સામાન્ય રાબેતા મુજબને કામગીરીને દબાવી દેવા, લોડ-લિમિટર, ઓટોમેટિક ટર્બાઈન રન-અપ સિસ્ટમ (ATRS), ટર્બાઈન દેખરેખ સંકલિત નિયંત્રણ વ્યવસ્થા વગેરેનો ઉપયોગ કરાશે નહીં. જાણીબૂઝીને કોઈ નિષ્ક્રિય બેન્ડનો ઉપયોગ કરાશે નહીં કે રાજયમાં વિલંબ કરાશે નહીં.

૬.૯.૭ વ્યવસ્થામાં આકસ્મિકતાને કારણે આવર્તન ઘટી જાય ત્યારે, ઓછામાં ઓછી ૫ મિનિટ માટે અથવા ઉત્પાદકો દ્વારા નિર્દિષ્ટ ટેકનિકલ મર્યાદની અંદર, જાહેર કરેલ અધિકતમ નિરંતર નિર્ધારણ કરતાં ૫% વધુ વધારાનો વીજ-ભાર લેવા તમામ વીજ-ઉત્પાદન એકમો સક્ષમ હોવા જોઈશે અને તેવો વીજભાર લેતાં તેમને અટકાવાશે નહિં. ૫૦ મે.વો. અને તેથી વધુ ક્ષમતાનો કોઈપણ વીજ-ઉત્પાદન એકમ કોઈપણ મુદત માટે આ જરૂરિયાત પહોંચી ન વળે તો, વીજ-ઉત્પાદન કંપની તે અંગે, તેનાં કારણો સહિત સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને જાણ કરશે.

૬.૯.૮ આવર્તન ૪૯.૫ HZ કરતાં નીચે જાય તેવા કેસમાં, અંશતઃ વીજભારિત તમામ વીજ-ઉત્પાદન એકમો, તેમની ક્ષમતા પ્રમાણે ઝડપી દરે વધારાનો ભાર ઉપડી લેશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર તથા અમદાવાદ ઈલેકિટ્ર સિટી કંપની અને રાજય ઈલેકિટ્રક કંપનીઓ સહિત વિતરણ પરવાનેદારો સાથે ચર્ચા-વિચારણા કરીને નિમ્ન આવર્તનની સ્થિતિ દરમિયાન સ્વચાલિન વીજ-ભાર રાહત (ઓટોમેટિક લોડ રિલિફ) માટેની યોજના તૈયાર કરશે. આવર્તન ૫૦.૫ HZ કે જેથી વધુ થાય તેવા કેસમાં સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની સલાહ વિના સ્ટેન્ડ-બાય (સહાયક) સ્થિતિમાં હોય તેવા કોઈપણ વીજ-ઉત્પાદન મથકને ગ્રિડ સાથે જોડવામાં આવશે નહીં, તેમજ કોઈપણ વીજ-ઉત્પાદન મથક ખાતે સક્રિય વીજ-ઉત્પાદનને તેનો પ્રકાર અને માલિકી ગમે તે હોય તેમ છતાં તે વધારવામાં આવશે નહીં.

૬.૯.૯ કટોકટી દરમિયાન અથવા કોઈપણ કીંમતી સાધન સામગ્રીને ભયંકર નુકસાન થતું અટકાવવા હોય તે સિવાય સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરો અગાઉથી જાણ કર્યા વિના કોઈપણ વીજ-ઉત્પાદન કંપનીને અચાનક ૫૦ મે.વો. કરતાં ઉત્પાદન વધારવા/ઘટાડવા દેવામાં

આવશે નહીં. તે જ પ્રમાણે ૪૯.૫ HZ કે તેથી ઉપર ૫૦.૫ HZ કરતાં ઓછાં આવર્તન હોય ત્યારે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને તેની અગાઉથી જાણ કર્યા અને સંમતિ લીધા વિના કોઈ વિતરણ પરવાનેદાર વીજ-કાપ નાખવા/ ઉપાડવા વગેરે કારણે તેના વીજ-ભારમાં તત્કાલ કોઈ ઘટાડો / વધારો કરશે નહીં.

૬.૯.૧૦ તમામ વીજ-ઉત્પાદન એકમો પાસે યોગ્ય રીતેની ગોઠવણ કરેલા ચાલુ સ્વચાલિત વોલ્ટેજ નિયંત્રકો (રેગ્યુલેટરો) હોવા જોઈએ. કોઈ કારણસર તેના વિના ચલાવવાનું થાય તો, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને આવા સંચાલન માટેનાં કારણો અને સમય-ગાળો તત્કાલ જણાવવાનું રહેશે તથા તેમની સંમતિ મેળવવાની રહેશે. "મીટરીંગ અને રક્ષણ ધોરણ"(જોડાણ-૨) અનુસાર મીટર અને રક્ષણ- વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે.

૬.૯.૧૧ ઉપયોગકર્તાઓ અલગ રીતે ઈશ્યૂ કરાયેલા નીચેનાં લાગુ પડતાં ધોરણોનું પાલન કરશે.

(ક) વીજ-વ્યવસ્થા વહીવટ અને સંચાલન ધોરણ

(ખ) પુરવઠા સંહિતા

(ગ) વિતરણ સંહિતા

(ઘ) વીજ-વ્યવસ્થા સલામતી ધોરણો

૬.૯.૧૨ ઉપયોગકર્તા એ બાબત સુનિશ્ચિત કરવાના તમામ પ્રયત્નો કરશે કે ગ્રિડ આવૃતન હંમેશા ૪૯.૦ - ૫૦.૫ HZ બેન્ડની અંદર રહે, જે આવર્તન રેન્જની અંદર, બાષ્પીય ટ્રાન્સફોર્મરો આંતર રાષ્ટ્રીય વીજ-ટેકનિકલ આયોગ (ઈન્ટરનેશનલ ઈલેકટ્રો-ટેકનિકલ કમિશન)ની વિશિષ્ટ વિગતોને સુસંગત રહીને સલામતીપૂર્વક સંચાલિત રહી શકે.

જોડાણ - ઘ

સંચાલન આયોજન વિગતો (ખંડ ૬.૪.૧)

ક. અનુપયોગ (outage) આયોજિત વિગતો :

૧ માગ-અંદાજ

(ક) ૧લી એપ્રિલ થી ૩૧ મી માર્ચ સુધીના આગમી નાણાંકીય વર્ષ માટે પુરવઠાના વિસ્તારમાં વીજળીનું અંદાજિત વાર્ષિક વેચાણ દશ લાખ યુનિટમાં અને ટોચની તથા ઓછી માગ MW અને MVar માં ૧૫ ઓકટોંબર પહેલાં રજૂ કરવી.

(ખ) વિગતવાર પરવાનેદારે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને દરરોજ ૯.૦૦ કલાકે આગળના દિવસ માટે માગના અંદાજો કલાકમાં રજૂ કરવા.

૨ લોડ શેડિંગના અંદાજ

(ક) જરૂરી હોય ત્યારે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે બહાર પાડેલી સૂચનાઓનુ પાલન કરવા, જોડાણ કરવામાં આવ્યા પછી તરત દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટમાંથી શેડ કરી શકાય તે સ્વતંત્ર વીજ-ભાર ઘટકોની વિગતો (ડિસ્ક્રેટ લોડ બ્લોક)

૩ આગામી વર્ષનો અનુપયોગ માટેનો કાર્યક્રમ

(૧લી એપ્રિલ થી ૩૧ માર્ચ સુધીની મુદત)

(ક) વીજ-ઉત્પાદન કંપનીઓનો અનુપયોગ કાર્યક્રમ
દર વર્ષે ૧૫મી ઓકટોંબર સુધીમાં માહિતી મોકલવી.

(૧) વીજ-ઉત્પાદન એકમીન ઓળખ

(૨) અનુપયોગ ગાળાને પરિણામે ઉપલબ્ધ ન બની શકતી એમ.ડબલ્યુ. શકિત.

(૩) પ્રારંભ તારીખ અને પ્રારંભ સમયની અથવા પ્રારંભ તારીખ અને પ્રારંભ સમયની મર્યાદા અને અનુપયોગનો સમય ગાળો.

(૪) વૈધાનિક જોગવાઈઓને પરિપૂર્ણ કરવા અનુપયોગ જરૂરી હોય તો આ અનુપયોગ ગાળો જયારથી શરૂ કરવાનો હોય તે છેલ્લામાં છેલ્લી તારીખ.

INDEX

(ખ) વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટરનો આગામી અનુપયોગ અંગેનો કાર્યક્રમ

(પ્રવાહન વ્યવસ્થાને અસરકર્તા)

૩૧મી ડિસેમ્બર સુધીમાં નમૂનારૂપ વાર્ષિક અનુપયોગ યોજના તરીકે માહિતી મોકલવી અને ૩૧મી જાન્યુઆરી સુધીમાં આખરી વાર્ષિક અનુપયોગ યોજના મોકલવી.

(૧) આંતર રાજ્ય વીજઉત્પાદન મથકો સહિત બહારનાં જોડાણો મારફત આયાતમાંથી અનુપયોગને પરિણામે ઉપલબ્ધ ન બનતી એમ.ડબલ્યુ. વીજળી.

(૨) અનુપ્રયોગની પ્રારંભ તારીખ અને પ્રારંભ સમય અને મુદત

(૩) આગામી વર્ષનો કેપ્ટિવ પાવર પ્લાન્ટનો અનુપયોગ કાર્યક્રમ

માહિતી દર વર્ષે ૧૫મી ઓકટોંબર સુધીમાં મોકલવી.

(૧) અનુપયોગને પરિણામે ઉપલબ્ધ ન થતી એમ.ડબલ્યુ.શકિત

(૨) અનુપયોગની પ્રારંભ તારીખ અને પ્રારંભ સમય તથા સમય ગાળો

(ઘ) વિતરણ પરવાનેદારનો આગામી વર્ષનો અનુપયોગ કાર્યક્રમ

દર વર્ષે ૧૫મી ઓકટોંબર સુધીમાં માહિતી મોકલવી. (પ્રવાહન પરવાનેદારની લાઈનો પર લોડિંગની નોંધપાત્ર અસર ન થતી હોય તેવી આંતરિક વિતરણ જાળગૂંથણીની જાળવણીને લગતી નહીં)

(૧) રેડિયલ ફીડરના કેસમાં દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટમાંથી નહીં મળનાર વીજભાર એમ.ડબલ્યુ.માં વિતરણ વ્યવસ્થાનું રિંગમાં જોડાણ કર્યું હોય તો, વિતરણ પરવાનેદારે, તેના પુરવઠા વિસ્તારમાંથી ન મળનાર વીજભાર અંગેની માહિતી એમ.ડબલ્યુ.માં રજૂ કરવી.

(૨) વીજ-ઉપાડ મોકૂફીનો સમયગાળો પ્રારંભ તારીખ અને પ્રારંભ-સમય સાથે.

(ચ) પ્રવાહન પરવાનેદાર/ વિતરણ પરવાનેદાર, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને નીચે મુજબ, જેનુ આયોજન કરી શકાય અને જે આત્યંતિક સ્વરૂપની ન હોય તેવી કોઈ અણધારી મુશ્કેલીને કારણે વધારાના ઉંચા વોલ્ટેજની લાઈનો નાખવા અને તેની જાળવણી માટે જરૂરી અનુપયોગ સમયગાળાની આગળથી જાણ કરશે.

લાઈન વોલ્ટેજ	નીચે મુજબ અગાઉથી નોટિસ-દિવસોમાં
૬૬ kv	૭
૧૩૨ kv	૭
૨૨૦ kv	૧૦
૪૦૦ kv	૧૫

અત્યંત સંકટકાલિન પરિસ્થિતિમાં આ લાઈનો માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની સલાહ લીધા બાદ અનુપયોગનો ગાળો મળી શકે.

ખ. **વીજ-ઉત્પાદન સમય-સૂચિ વિગતો**

નીચેના દ્વારા સમય-સૂચિ અને રવાનગી કરાશે :

(ક) તમામ વીજ-ઉત્પાદન એકમોની દરોરજ ૯.૦૦ કલાકે, આગામી દિવસની કલાકમાં MW/MVAR પ્રાપ્યતા (૦.૦૦ - ૨૪.૦૦ કલાક).

(ખ) તમામ વીજ-ઉત્પાદન એકમોના વિતરણ પરવાનેદારોની માલિકીના વીજ-ઉત્પાદન એકમો તથા કેપ્ટિવ પાવર પ્લાન્ટમાંથી આગામી દિવસની કલાક વાર MW આયાત/નિકાસ - દરરોજ ૯.૦૦ કલાકે.

(ગ) તમામ વીજ-ઉત્પાદન એકમોના સર્વિસમાં (હા/ના) હોય તેવા વીજ-ઉત્પાદન એકમની AWR (સ્થિતિ) દરરોજ ૯.૦૦ કલાકે

INDEX

(ઘ) તમામ વીજ-ઉત્પાદન એકમોના સર્વિસમાં (હા/ના) હોય તેવા વીજ-ઉત્પાદન એકમ વેગ-નિયંત્રણ વ્યવસ્થાના નિયંત્રકો (ગર્વનરો)ની સ્થિતિ, દરરોજ ૯.૦૦ કલાકે.

(ચ) થર્મલ વીજ-ઉત્પાદન એકમોની ચોઈસ સહાય સાથે/સહાય વિના MW બેકિંગ ડાઉન ક્ષમતા દરરોજ ૯.૦૦ કલાકે.

(છ) તમામ વીજ-ઉત્પાદન એકમો માટે હાયડ્રો જળાશયોની સપાટી/નિયંત્રણો - દરરોજ ૯.૦૦ કલાકે.

(જ) તમામ વીજ-ઉત્પાદન એકમોનું કલાકવાર કુલ ઉત્પાદન દરરોજ ૯.૦૦ કલાકે.

(ઝ) કેન્દ્રિય ક્ષેત્રના ઉત્પાદનમાંથી આગામી દિવસની કલાકવાર અધિકારીતા - દરરોજ ૧૧.૦૦ વાગે.

ગ. **ક્ષમતા અંગેની વિગતો :**

(ક) જનિત્રો, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની વિનંતી મળ્યેથી તમામ વીજ-ઉત્પાદન એકમો માટે અદ્યતન ક્ષમતા આલેખ રજૂ કરશે.

(ખ) કેપ્ટિવ પાવર પ્લાન્ટ, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને ચોખ્ખી ક્ષમતા પ્રાપ્તિ રજૂ કરશે, જે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની વિનંતી મળ્યેથી પ્રવાહન વ્યવસ્થામાંથી નિકાસ/આયાત માટે ઉપલબ્ધ બનશે.

ઘ. **આવર્તન ફેરફાર અંગે પ્રતિભાવ :**

(ક) આવર્તન ફેરફાર માટે, ન્યૂનતમ વીજ-ઉત્પાદનથી નોંધાયેલી ક્ષમતા સુધીના વીજ- ભારના જુદા-જુદા સ્તરે MW માં પ્રારંભિક પ્રતિભાવનું પરિણામ, નિયંત્રક વાલ્વ સંપૂર્ણપણે ખૂલી જવામાં આવે છે.

(ખ) આવર્તન ફેરફારને લગતો MW ગૌણ પ્રતિભાવ.

ચ. **વીજ-ઉત્પાદનનું દેખરેખ-નિયમન :**

(ક) જરૂરી હોય ત્યાં, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને જનિત્રોનું નોંધેલું વાંચન.

(ખ) મહિનાને ધોરણે વીજ-ઉત્પાદન એકના ટ્રિપિંગનો વિગતવાર અહેવાલ.

છ. **આવશ્યક અને બિન-આવશ્યક વીજ-ભાર વિગતો :**

(ક) લોડ શેડિંગ માટે દરેક સ્વતંત્ર લોડ બ્લોક પર આવશ્યક અને બિન-આવશ્યક વીજભાર સૂચિ, જોડાણ પછી શક્ય તેટલી તારીખે રજૂ કરવી.

જ. **રક્ષણ - માહિતી :**

(ક) જનિત્રો (જનરેટરો)/કેપ્ટિવ પાવર પ્લાન્ટ, વિગતવાર આયોજન માહિતી અનુસાર તેઓએ ગોઠવેલ રક્ષણ આવશ્યકતાઓ અને યોજનાઓની વિગતો રજૂ કરશે.

(ખ) પ્રવાહન પરવાનેદાર, તેમણે ગોઠવેલ રક્ષણ સાધનો તથા યોજનાઓ અંગેની વિગતો રજૂ કરશે.

(ગ) વિગતવાર આયોજન માહિતી અનુસાર કોઈપણ ઉપયોગકર્તા સાથેના જોડાણ બાબતમાં પ્રવાહન લાઈન અને પેટા-મથકોના રિલેઈંગ અને મીટરીંગ માટે જરૂરી વિગતવાર વ્યવસ્થા માહિતી.

ઝ. **મીટર વ્યવસ્થા માહિતી :**

(ક) જનરેટરો/કેપ્ટિવ પાવર પ્લાન્ટ, તેઓએ ગોઠવેલ મીટર-વ્યવસ્થા સાધનો અને યોજનાઓની વિગતો રજૂ કરશે.

(ખ) વિગતવાર આયોજન માહિતી.

(ગ) રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ / પ્રવાહન પરવાનેદાર, તેઓએ ગોઠવેલ મીટર વ્યવસ્થા અને યોજનાઓની વિગતો રજૂ કરશે.

INDEX

(૭) કલમ-૭

વ્યવસ્થા કામગીરી અંગે મીટર વ્યવસ્થા, રક્ષણ, રવાનગી અને નિયંત્રણ

૭.૧ પ્રાસ્તાવિક :

આ કલમમાં, માગ અને ઉપાડ ફાળવણી, વધારાનો ઉચ્ચ વોલ્ટેજ સિસ્ટમમાં આવર્તન અને વોલ્ટેજનો વહીવટ, રક્ષણલક્ષી સ્તરોની ન્યૂનતમ જરૂરિયાત અને વ્યવસ્થા (સિસ્ટમ)ના વિવિધ અંગભૂત ભાગો માટે મીટર-કામગીરીની વિશિષ્ટ વિગતોને પરિપૂર્ણ કરવા વીજ-ઉત્પાદન એકમોની રવાનગી-સૂચિ તૈયાર કરવા અપનાવતી કાર્યપદ્ધતિ નિર્દિષ્ટ કરી છે.

૭.૨ ઉદ્દેશ :

૭.૨.૧ આ કલમનો મુખ્ય ઉદ્દેશ નીચે દર્શાવેલ રાબેતા મુજબની સંચાલન સ્થિતિ અન્વયે વીજલિક-શક્તિનાં નિર્દિષ્ટ ધોરણોને પહોંચી વળવા, વ્યવસ્થાના ખામીરહિત સંચાલન માટે રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારે અપનાવવાનું વિગતવાર પદ્ધતિશાસ્ત્ર તૈયાર કરવાનો છે.

(ક) સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરના કાર્ય માટે કાર્યપદ્ધતિ કરાવવી.

(ખ) પ્રવાહન પરવાનેદાર અને અન્ય ઉપયોગકર્તાઓની જવાબદારીઓ નકકી કરવી.

(ગ) સંબંધિત સંસ્થાઓએ, વીજ-ઉત્પાદન મથકો, પેટા-મથકો અને પ્રવાહન તથા વિતરણ વ્યવસ્થામાં હાથ ધરવાનાં રક્ષણ અંગેનાં ન્યૂનતમ ધોરણો નિર્દિષ્ટ કરવા.

૭.૩ સામાન્ય :

૭.૩.૧ વ્યવસ્થાના એકીકરણ અને ખામી રહિત સંચાલનની જાળવણી કરવા, પ્રવાહન વ્યવસ્થાના તમામ ઉપયોગકર્તા સંપૂર્ણપણે રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારો સાથે સહકાર આપે તે આવશ્યક છે. વીજ-ઉત્પાદનથી માંડીને છેલ્લામાં છેલ્લા ગ્રાહક અને વીજ-વ્યવસ્થાના વહીવટમાં સામેલ વિવિધ સંસ્થાઓ સુધી સમગ્ર ગ્રિડ, એક એકમ છે, જે રાજ્ય ગ્રિડના સંચાલન માટેની કેન્દ્રીય સંસ્થા સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને તંદુરસ્ત સંકલન પૂરું પાડશે. વીજ-વ્યવસ્થાની સફળતા કે નિષ્ફળતા આ સાહસમાં સામેલ તમામ સહયોગીઓના સંપૂર્ણ સહકાર પર સંપૂર્ણપણે આધાર રાખે છે.

૭.૪ વ્યવસ્થા સંચાલન અને રવાનગી (ડિસ્પેચ) :

૭.૪.૧ રાજ્ય સરકાર, ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૩૧માં આપેલી જોગવાઈઓના ધોરણે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરનું સંચાલન કરવા કોઈ સરકારી કંપની કે કોઈ સત્તાધિકારી કે કોઈ સહકાર સંસ્થા જાહેર ન કરે ત્યાં સુધી રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ (STU) વીજ-વ્યવસ્થાના ઈષ્ટતમ અને વિશ્વસનીય સંચાલન માટે સંપૂર્ણ સાધનસજજ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરનું સંચાલન કરશે અને જાળવણી સંભાળશે.

૭.૪.૨ વિતરણ પરવાનેદાર નીચેનાં પાસાં લક્ષમાં રાખીને આગામી દિવસના ધોરણે દૈનિક વીજભાર માગના અંદાજ સામાન્ય તથા તૈયાર કરીને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને મોકલી આપશે.

(ક) અનુપયોગ અંગે આયોજન/કાર્યક્રમ સૂચિ.

(ખ) સમાન મહિના/દિવસ/સમય માટે વીજભારની ઐતિહાસિક વિગતો.

(ગ) આગલા દિવસની માગ.

(ઘ) ચાલુ હવામાન સ્થિતિ અને હવામાન વિષયક અહેવાલ.

(ચ) ઉત્સવો વગેરે અંગે મહત્વના વીજ-ભારની પહોંચી વળવાની જરૂરિયાત.

(છ) વંટોળિયો, ભૂકંપ, હુલ્લડ વગેરે જેવી કુદરતી આપત્તિ.

(જ) વેકેશન, રવિવાર અને બીજી રજાઓ.

(ઝ) વ્યવસ્થામાં ભંગાણની સંખ્યા અને તેની વારંવારના તથા તેની પુનઃસ્થાપિતાનો સમય-ગાળો.

૭.૪.૩ તમામ વીજ-ઉત્પાદન કંપનીઓ, તેમની જનરેટર પ્રાપ્યતા વિગતો, આગામી દિવસ માટે દરરોજ ૯.૦૦ કલાકે, કલાકવાર MW/MVAr અધિકતમ MWhrsમાં રજૂ કરશે.

૭.૪.૪ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ટેલિફોન સંદેશ/ફેક્સ સંદેશ/ઈ-મેઈલ દ્વારા રવાનગી સૂચનાઓ મોકલશે. જેમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) સૂચના લાગુ પડતી હોય તે ખાસ વીજ-ઉત્પાદન કંપની.

(ખ) સૂચના લાગુ પડતી હોય તે ઉત્પાદન.

(ગ) સૂચના આપવામાં આવતી હોય તે સમયથી અલગ સમય પ્રારંભ સમય હોય.

(ઘ) સૂચના ઈશ્યૂ કર્યાનો સમય.

(ચ) ડિસ્પેચ/રવાનગી સૂચના મોકલનારનું નામ.

૭.૪.૫ વીજ-ઉત્પાદન ક્ષેત્ર હેઠળ "વીજ-પુરવઠા વહીવટ અને કામગીરી/સંચાલન ધોરણ", વ્યવસ્થાના સંતોષજનક સંચાલન માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અને તમામ ઉપયોગકર્તાઓએ અનુસરવાનાં નીચેનાં પાસા માટેની કાર્યપદ્ધતિઓ નિર્દિષ્ટ કરી છે.

(ક) અનુપયોગ(આઉટેજ) આયોજન.

(ખ) વીજ-ઉત્પાદન સૂચિ અને રવાનગી/ડિસ્પેચ.

(ગ) આવર્તન વ્યવસ્થા.

(ઘ) વોલ્ટેજ અને પ્રતિક્રિયાત્મક વીજ-વહીવટ.

(ચ) બ્લેક-સ્ટાર્ટ કામગીરી.

(છ) ડિસ્પેચ સૂચિ.

(જ) વીજ-ઉત્પાદન કંપનીઓએ પરિપૂર્ણ કરવાના ધોરણો.

(ઝ) વીજ-ઉત્પાદનનું દેખરેખ નિયમન.

૭.૪.૬ ગુજરાત વીજળી ગ્રેડ સામાન્ય રીતે વેસ્ટર્ન ગ્રિડ સાથે સમકાલક્રમિક ધોરણે કામ કરે છે અને વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર પાસે ગ્રિડની શિસ્તનું પાલન કરાવવાની અને પ્રદેશમાં આવર્તનનો વહીવટ સંભાળવાની સંપૂર્ણ જવાબદારી છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ઉદ્દેશને પહોંચી વળવા, વીજ-ઉત્પાદન પાછું ખેચવા/બંધ કરવા. (backing down/shutting down) માટે આ બાબતમાં વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટરે આપેલી સૂચનાઓ અનુસરશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, તદનુસાર, તેમના વીજ-ઉત્પાદનને નિયંત્રિત કરવા અને તેમની સંબંધિત જાહેર કરેલ પારમિતિઓની અંદર સક્રિય અને પ્રતિક્રિયક વીજળીનો કોઈ અનામત જથ્થો હોય તો તે ધારણ કરવા વીજ-ઉત્પાદન કંપનીને સૂચના આપશે, જેથી સુનિશ્ચિત કરી શકાય કે ગ્રિડ-આવર્તન,૪૯.૦૦ થી ૫૦.૫ HZ આવર્તન બેન્ડમાં રહે.

૭.૪.૭ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર આ ઉદ્દેશને પહોંચી વળવા જરૂરી હોય તેટલા પ્રમાણમાં વીજ-ભારનું પણ નિયંત્રણ કરશે. પ્રાદેશિક કામગીરીથી પ્રવાહન વ્યવસ્થાના વોલ્ટેજ સ્થળે અસર થઈ શકે. રાજય પ્રવાહન ઉપયોગ-એકમ, શકય તેટલા પ્રમાણમાં ટ્રાન્સફોર્મર ટેપનું અનુકૂલન કરીને અને વીજધારિત્રો (કેપિસિટર્સ)/ પ્રતિક્રિયકોનું સ્વિચિંગ કરીને તથા પ્રવાહન-વહીવટ અને સંચાલન ધોરણોમાં દર્શાવેલ આવાં બીજા પગલાં હાથ ધરીને, વોલ્ટેજ વહીવટને ઈષ્ટતમ બનાવશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વીજ-ઉત્પાદન કંપનીઓએ તેમની જાહેર કરાયેલી પારમિતિઓની અંદર રહીને MVAr વીજ-ઉત્પાદનનું નિયંત્રણ કરશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વિતરણ પરવાનેદારને,જરૂરી હોય તો તેમની માગ વિનિયમિત કરવા સૂચના આપશે. વિતરણ પરવાનેદાર, પોતાના વીજ-ઉપાડને નિયંત્રિત કરીને અને જરૂરી હોય તે પ્રમાણે (કોમ્પેનસેટરી) ક્ષતિપૂર્તિ કરી આપે તેવાં સાધનો ગોઠવીને વોલ્ટેજ વ્યવસ્થામાં પણ સહયોગી બની શકશે. આ પગલાં દ્વારા સ્વિકાર્ય વોલ્ટેજ સપાટીએ હજુ ન પહોંચાય તો, પ્રવાહન-પરવાનેદાર વોલ્ટેજ માપદંડને પહોંચી વળવા પ્રવાહન વ્યવસ્થા સંગીન કરવી અને / અથવા ક્ષતિપૂર્તિવાળાં સાધન ઉમેરીને જરૂરી શન્ટ વીજધારિત્ર ગોઠવવું, નવી લાઈનો બાંધવી વગેરે જેવાં વોલ્ટેજની સપાટી વધારે તેવાં જરૂરી પગલાં લેશે.

INDEX

૭.૪.૮ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે, ટોચના વીજ-ભારના ગાળા બાદ વ્યવસ્થાનો વીજભાર ઓછો થઈ જાય ત્યારે જુદી-જુદી વીજ-ઉત્પાદન કંપનીઓ ખાતે વીજ-ઉત્પાદન ઘટાડાના એક ઢાંચા માટે, તમામ વીજ-ઉત્પાદન કંપનીઓ સાથે મળીને એક નિયમિત કાયપદ્ધતિ વિકસાવવી જોઈએ. આવી વ્યવસ્થા વીજઉત્પાદન કંપનીઓ પાસે પહોંચે કે તરત વીજળીના ઈષ્ટતમ ખર્ચને હાંસલ કરવા, ટેરિફ સમજૂતિને ધ્યાનમાં રાખીને અનુસૂચિ અને ડિસ્પેચ કાર્યપદ્ધતિમાં વખતો-વખત યોગ્ય રીતે ફેરફાર કરવો.

૭.૪.૯ વિતરણ પરવાનેદાર, "વિતરણ સંહિતા"માં માગ્યા પ્રમાણે ૦.૯૦ કરતાં ઓછું ન હોય તેવું વીજ-ફેકટર (અપૂર્ણાંક) જાળવી રાખશે અને રિએકટિવ પાવર/પ્રતિક્રિયાત્મક વીજળીનું તેમની વિતરણ વ્યવસ્થા તરફ વહન થાય તેની ખાતરી કરવા સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર જે માગે તે તમામ માહિતી પૂરી પાડશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર વિતરણ પરવાનેદારને પણ સૂચના આપશે કે તેમણે યોગ્ય વીજ-ફેકટર જાળવી રાખવું અને પ્રતિક્રિયાત્મક વીજળી-ઉપાડ ઘટાડવાં તમામ પગલાં લેવાં.

૭.૫ મીટર-વ્યવસ્થા અને રક્ષણ :

૭.૫.૧ વીજ-ઉત્પાદન મથકો, પેટા મથકો અને વિતરણ-વ્યવસ્થા ખાતે પૂરી પાડવાની મીટર- વ્યવસ્થા અને રક્ષણ અંગે જોડાણ-૨ અન્વયે "મીટર-વ્યવસ્થા અને રક્ષણ ધોરણ"ની નિર્દિષ્ટ આવશ્યકતાઓને પહોંચી વળવામાં આવશે. આ ધોરણ પણ આ સંહિતાનો અંતર્ગત ભાગ બને છે. તમામ ઉપયોગકર્તાઓ, આ ધોરણમાં નિર્દિષ્ટ લક્ષ્યાંક પરિપૂર્ણ કરવાના સમયની અંદર ખામીયુકત સાધનને અસરકારક અને વિવેકપૂર્ણ રીતે દૂર કરવા રક્ષણની સાચી અને યોગ્ય ગોઠવણ સુનિશ્ચિત કરવા રાજય પ્રવાહન ઉપયોગ એકમને સહકાર આપશે. અસર પામેલા તમામ ઉપયોગકર્તાઓની સલાહ અને સહમતિ વિના રક્ષણાત્મક રિલેની ગોઠવણ બદલવી નહીં, કે રક્ષણ-વ્યવસ્થાને આડમાર્ગે વાળવી નહીં અને / અથવા તેનું જોડાણ કરવું નહીં. સમજૂતિથી રક્ષણ-વ્યવસ્થાને આડમાર્ગે વાળવામાં અને / અથવા તેનું જોડાણ છૂટું કરવામાં આવે તેવા કેસમાં કારણમાં અમૂક સુધારો કરવો અને રક્ષણાત્મક વ્યવસ્થાને જેમ બને તેમ જલ્દી રાબેતા મુજબની સ્થિતિમાં પુનસ્થાપિત કરવી. સમજૂતી ન સધાય તો વીજળિક સાધન, વ્યવસ્થાની સુરક્ષાને અસર પહોંચાડે તેમ હોય તેવા કેસમાં તેને હવે પછી સર્વિસમાંથી દૂર કરવું.

૭.૬ આગ-રક્ષણ :

૭.૬.૧ ભારતીય માનક વિશિષ્ટ વિગતો અને / અથવા તે સમયે અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમોની સંબંધિત જોગવાઈઓ તથા તેને બદલીને ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયે કરેલા નવા નિયમો તથા ટેરિફ સલાહકાર સમિતિની ભલામણો સાથે સુસંગત રહીને વ્યવસ્થાના તમામ ઉપકરણોને આગના જોખમો સામે તમામ પૂરતાં સાવચેતીનાં પગલાં લેવામાં આવશે અને રક્ષણ પૂરું પાડવામાં આવશે.

(૮) કલમ-૮

વીજ-ઉત્પાદન અને તેના ઉપાડ પર દેખરેખ-નિયમન

૮.૧ પ્રાસ્તાવિક :

૮.૧.૧ આ કલમમાં, બિન-ઉત્પાદન, વીજ-ઉત્પાદન મથકની કામગીરીના મૂલ્યાંકન માટે સક્રિય અને પ્રતિક્રિયાશીલ અનામત જથ્થાની ક્ષમતા પર દેખરેખ નિયમન રાખવા સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અનુસરવાની કાર્યપદ્ધતિનો સમાવેશ થાય છે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર પ્રાદેશિક કામગીરી સુધારવામાં ફાળો આવે છે, અને ગ્રિડ શિસ્ત નિયમોનું પાલન કરે છે. એ સુનિશ્ચિત કરવા અનુસૂચિત ઉપાડનું દેખરેખ-નિયમન મહત્વપૂર્ણ છે.

૮.૨ ઉદ્દેશ :

આ કલમનો ઉદ્દેશ, તમામ ઉપયોગકર્તાઓ તેમના એકમોની કામગીરી પર દેખરેખ નિયમન રાખે, તથા અનુસૂચિત ઉપાડ બાબતનું વિતરણ પરવાનેદારો પાલન કરે તે અંગેની તેમની જવાબદારીઓ વ્યાખ્યાબદ્ધ કરી છે.

૮.૩ દેખરેખ-નિયમન કાર્યપદ્ધતિ :

૮.૩.૧ પ્રવાહન-વ્યવસ્થાની અસરકારક કામગીરી માટે એ મહત્વનું છે કે વીજ-ઉત્પાદન કંપનીની જાહેર કરેલી પ્રાપ્યતા વાસ્તાવિક છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વીજ-ઉત્પાદન એકમના ઉત્પાદન અને બસ-વોલ્ટેજ પર સતત દેખરેખ-નિયમન રાખશે. વીજ-ઉત્પાદન કંપનીની જાહેર કરેલી વીજ-પ્રાપ્યતા ખરેખરી પ્રાપ્યતા સાથે મેળમાં નથી, અથવા જાહેર કરેલું ઉત્પાદન (output) ખરેખરા ઉત્પાદન સાથે મેળમાં નથી. એમ માનવાને કારણો હોય ત્યારે કોઈપણ સમયે સખતાઈપૂર્ણ દેખરેખ-નિયમન કામગીરી બજાવવી જોઈશે.

૮.૩.૨ સતત દેખરેખ નિયમનમાં, રવાનગી સૂચનાઓ અને વીજ-એકમના ઉત્પાદન વચ્ચે સતત અથવા મહત્વપૂર્ણ અસંગત અથવા "જોડાણ કરારની" શરતોનો ભંગ થતો હોવાનું માલૂમ પડે તો રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર લખાણમાં તેની વીજ-ઉત્પાદન કંપનીને જાણ કરશે. વધુમાં, વીજ-ઉત્પાદન એકમની કામગીરી અંગે સંબંધિત પક્ષકારો વચ્ચે સમજૂતિ ન સધાય તો, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર વધુ સન્નાઈપૂર્ણ દેખરેખ-નિયમન પગલાં હાથ ધરશે. સતત અસંગતિ થતી હોય ત્યાં, વધુ વાસ્તવિક જાહેરાત કરાય અથવા "જોડાણ શરતો"ના કોઈપણ ભંગને સુધારવામાં આવે તે રીતે કામગીરીમાં સુધારણા કરવા યોગ્ય કક્ષાએ (એટલે કે અન્યથા નકકી કરવામાં આવે તે સિવાય ગુ.વી.નિ.આયોગ) આ અંગે નિરાકરણ - નિર્ણય થવો જોઈએ.

૮.૩.૩ જયાં સ્વચાલિત પ્રવાહન મીટરો અથવા દેખરેખ-નિયંત્રણ અને માહિતી સંપાદન સાધનો ન હોય ત્યાં વીજ-ઉત્પાદન કંપનીઓ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને દર પંદર મિનિટે વીજળીના એકંદર ઉત્પાદનની (જનરેશન રીઝેશન આઉટપુટ) માહિતી આપતા સાધનની જોગવાઈ કરશે. તમામ કેપ્ટિવ પાવર પ્લાન્ટ (૫ મે.વો.થી વધુ ક્ષમતા), સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર માટે પંદર મિનિટના નિકાસ/આયતાત MV અને MVAr ની જોગવાઈ કરશે. વીજ-ઉત્પાદન કંપની, દેખરેખ નિયંત્રણ અને માહિતી સંપાદનની વિગતો ઉપલભ્ય ન હોય ત્યાં દેખરેખ-નિયમનના હેતુ માટે વાજબીપણે જરૂરી હોય તે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને અન્ય નોંધેલ વાચનો (રીડીંગ) પૂરાં પાડશે.

૮.૩.૪ કેન્દ્રિય પ્રવાહન ઉપયોગ એકમની પ્રવાહન લાઈનો અને પેટા મથકો સહિત આંતર રાજય પ્રવાહન વ્યવસ્થા સાથેના જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેઝ પોઈન્ટો માટે, મીટરોની ગોઠવણ ચકાસણી કામગીરી અને જાળવણી તથા વીજશકિતવિનિમય અને ૧૫ મિનિટના બ્લોક આધાર પર સરેરાશ આવર્તનનો હિસાબ રાખવા જરૂરી માહિતીની પ્રક્રિયા સહિતની મીટર વ્યવસ્થા કેન્દ્રિય પ્રવાહન ઉપયોગ એકમ/વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા પૂરી પાડવામાં આવશે. માહિતીના સમયસર એકત્રિકરણ, પ્રસારણ અને હેરફેરની જવાબદારી મીટરો જેમની જગ્યામાં ગોઠવવામાં આવ્યાં હોય તે સંબંધિત અંગભૂત એકમોની રહેશે. દરેક આંતરરાજય વીજ-ઉત્પાદન મથકના ખરેખર ચોખ્ખા નિક્ષેપ અને રાજયના ખરેખરા ચોખ્ખા ઉપાડની ગણતરી મીટર-વાંચન પર આધાર રાખીને કરવાની જવાબદારી વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટરની રહેશે. ભારતીય વીજળી ગ્રિડ સંહિતાની જોગવાઈઓના ધોરણે, વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર, આ વિગતો આગલા રવિવારની મધ્યરાત્રિએ પૂરા થતા સાત દિવસના ગાળા માટે દર ગુરુવારે સાંજે મોકલી આપશે. વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડીસ્પેચ સેન્ટર દ્વારા હાથ ધરાયેલી તમામ ગણતરી ૨૦ દિવસની મુદત માટે ચકાસણી/ખરાઈ માટે ખુલ્લી રહેશે. કોઈ ચૂક/ભૂલ શોધી કાઢવામાં આવે તો વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર તેની સંપૂર્ણ ચકાસણી કરીને સુધારણા કરશે.

૮.૪ ગ્રિડ દ્વારા કરાતા ઉપાડ પર દેખરેખ-નિયમન :

૮.૪.૧ ઉપલભ્ય હોય ત્યાં દેખરેખ-નિયંત્રણ અને માહિતી સંપાદન સાધનનનો ઉપયોગ કરીને, અથવા અન્યથા ઉપલભ્ય મીટર-વ્યવસ્થાનો ઉપયોગ કરીને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વીજઉત્પાદન કંપનીઓ પાસેથી સૂચિબદ્ધ વીજ ઉપાડ સામે ખરેખર MW ઉપાડ (આયાત/નિકાસ) પર સતત દેખરેખ રાખશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, આ દેખરેખ-નિયમન કામગીરી હાથ ધરી શકાય તે માટે જરૂરી વધારાની કોઈ માહિતી યોગ્ય હોય તો તે પૂરી પાડવા વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર અને પડોશી રાજયોને વિનંતી કરશે.

સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ખરેખર MVAr આયાત/નિકાસ પર પણ દેખરેખ-નિયંત્રણ રાખશે આનો પ્રવાહન-વ્યવસ્થાના વોલ્ટેજ વહીવટમાં મદદ કરવા ઉપયોગ કરાશે.

૮.૫ વીજ-ઉત્પાદન એકમ ટ્રિપિંગ :

વીજ-ઉત્પાદન કંપનીઓ, સંચાલનલક્ષી ઘટના/ અકસ્માતની જાણ કરવા અંગેની કલમમાં આપેલી માર્ગદર્શક સુચનાઓ અનુસાર સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને વીજ-ઉત્પાદન એકમના ટ્રિપિંગ તથા પૂરેપૂરો વીજભાર ઉત્પાદિત કરવાની મર્યાદાઓ, કારણો સહિત સત્વરે જણાવશે. ગ્રિડ સાથે સમકાલિકરણના અંદાજી અને અપેક્ષિત સમયની સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને જાણ કરાશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, સિસ્ટમની કામગીરી પરની અસર નિદર્શિત કરવા અને ઉપાયાત્મક પગલાંની જરૂરિયાત મુકરર કરવા કારણો સહિત આવા તમામ ટ્રિપિંગની લેખિત નોંધપોથી રાખશે. વીજઉત્પાદન કંપનીઓ પોતાના વીજઉત્પાદન એકમના ટ્રિપિંગને વિગતવાર અહેવાલ દર મહિને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને રજૂ કરશે. ટ્રિપિંગ એકમોનો પુનઃસ્થાપિત કરવાની કામગીરીની સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને જાણ કરવી.

૮.૬ માહિતી જરૂરિયાતો :

૮.૬.૧ વીજ-ઉત્પાદન કંપનીઓ અને કેપ્ટિવ પાવર પ્લાન્ટ, પછી આવતા દરેક મહિનાના પ્રથમ અઠવાડિયામાં સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને માસિક ધોરણે નીચેની માહિતી રજૂ કરશે.

(૧) સાચા સમય ધોરણે પંદર મિનિટના વીજ-ઉત્પાદન અને સંક્ષિપ્ત વિગતો.

(૨) જરૂર મુજબ વીજ-ઉત્પાદન એકમોમાં નોંધેલા વાચન.

(૩) વીજ-ઉત્પાદન એકમના ટ્રિપિંગનો વિગતવાર અહેવાલ.

(ખ) કેપ્ટિવ પાવર પ્લાન્ટ (૫ મે.વો.થી ઉપર) :

સાચા સમય ધોરણે પંદર મિનિટના ધોરણે નિકાસ/આયાત MW.

(૯) કલમ-૯

આકસ્મિક આયોજન

૯.૧ પ્રાસ્તાવિક :

આ કલમમાં, ગુજરાત વીજળી ગ્રિડ, અથવા વેસ્ટર્ન ગ્રિડ નિષ્ફળ જવાથી આખી કે અંશતઃ સિસ્ટમ ખોરવાઈ જતાં અંધારપટ છવાઈ જાય તેવા પ્રસંગે તમામ ઉપયોગ કર્તાઓએ વીજળી પુનઃપ્રાપ્ત કરવા અનુસરવાની કાર્યપદ્ધતિ તૈયાર કરવામાં આવી છે.

૯.૨ ઉદ્દેશ :

આ કલમનો ઉદ્દેશ, પ્રવાહન-વ્યવસ્થા નિષ્ફળ જવાથી અથવા વીજ-ઉત્પાદનમાં અચાનક કોઈ નુકસાન થવાથી કે વેસ્ટર્ન ગ્રિડની નિષ્ફળતાને કારણે અંધારપટ છવાય તેવા પ્રસંગે બને તેટલા જલદી ગ્રિડને પુનઃસક્રિય કરવાની તમામ ઉપયોગ કર્તાઓની જવાબદારીઓ નિશ્ચિત કરવાનો છે.

૯.૨.૨ઝડપી પુનઃપ્રાપ્તિ માટે અપનાવવાની કાર્યપદ્ધતિમાં નીચેની બાબતો વિચારણામાં લેવી.

(૧) તાત્કાલિક પુનસ્થાપિત કરવાનો આવશ્યક વીજભાર.

(૨) વીજ-ઉત્પાદન મથકોની ક્ષમતા.

(૩) આંતર-રાજ્ય વીજ-ઉત્પાદન મથકો મારફત નજદીકની સિસ્ટમમાંથી વીજળીની શક્ય તબદીલી.

(૪) કેન્દ્રિય સેકટરના વીજ-ઉત્પાદન મથકોમાંથી તાત્કાલિક મળવાપાત્ર વીજળીનું પ્રમાણ.

૯.૨.૩ મુખ્ય ઉદ્દેશ નીચેની બાબતો હાંસલ કરવાનો છે.

(ક) શક્ય તેટલા ટૂંકા સમયમાં કુલ સિસ્ટમ અને જોડાયેલી માગનું પુનસ્થાપન.

(ખ) સમકાલિક વ્યવસ્થા હેઠળ ન રહયા હોય તેવી સિસ્ટમના ભાગોનું નવેસરથી સમકાલિકરણ.

(ગ) પ્રવાહન પરવાનેદાર અથવા ઉપયોગકર્તા વતી નિર્ણયો લેવા અધિકૃત કરેલ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરના સિનિયર વ્યવસ્થાપક પ્રતિનિધઓ, પ્રવાહન પરવાનેદારો અને ઉપયોગકર્તાઓ કામગીરી કરી શકે તે સારુ, સિસ્ટમમાં ગંભીર ખોટાકાપણ ઉભી થાય તેવા સંજોગોમાં ઉપયોગ કરવા તેઓને સંદેશા-વ્યવહારની વ્યવસ્થા ઉપલભ્ય થાય તે સુનિશ્ચિત કરવું.

(ઘ) સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર કોઈ કારણસર અશકિતમાન બને તેવા પ્રસંગે પ્રવાહન-વ્યવસ્થા સંચાલન કરી શકે તે સુનિશ્ચિત કરવું.

૯.૩ વ્યૂહ :

૯.૩.૧ આકસ્મિકતા પહેલાં પ્રવર્તમાન સ્થિતિ જેમ કે, નિર્દિષ્ટ વીજ-ઉત્પાદન મથકો, પ્રવાહન લાઈનો અને વીજભાર-માગની ઉપલભ્યતા - મહદંશે, સંપૂર્ણ અંધારપટના પ્રસંગે અપનાવવાની પુનસ્થાપિત કાર્યપદ્ધતિ નકકી કરશે.

સમસ્યાનો વ્યાપ નકકી કરવા સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર અને અન્ય સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર સાથે સંકલન કરશે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર તમામ ઉપયોગકર્તાઓને તેની જાણ કરશે અને પુનસ્થાપન માટે આ કલમમાં રેખાબદ્ધ વ્યૂહ અપનવવાની તેઓને સલાહ આપશે. ઉપયોગકર્તાઓ દ્વારા અધિકૃત કર્મચારીઓએ, આકસ્મિકતાના સંપૂર્ણ સમયગાળા દરમિયાન તમામ સંચાલનલક્ષી સંદેશા-વ્યવહાર કરવા અને તેના સ્વિકાર માટે ઉપયોગકર્તા વતી તત્કાલ હાજર રહેવું જોઈશે. સાધારણ સ્થિતિ સ્થાપિત થાય ત્યાં સુધી સંદેશા- વ્યવહાર ચેનલોનો ઉપયોગ માત્ર સંચાલન સંદેશા-વ્યવહાર પૂરતો જ સીમિત રાખવાનો રહેશે.

૯.૪ સંપૂર્ણ પ્રાદેશિક અંધારપટ :

૯.૪.૧ સંપૂર્ણ પ્રાદેશિક અંધારપટના પ્રસંગો, વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા તૈયાર કરાયેલ બ્લેક-સ્ટાર્ટ કાર્યપદ્ધતિ

INDEX

અનુસાર, વેસ્ટર્ન પ્રદેશના તમામ અંગભૂત એકમોની સાથે ચર્ચા-વિચારણા કરીને પુનસ્થાપિન કરાશે. આ તમામ કાર્યપદ્ધતિઓ સામયિક ધોરણે અદ્યતન બનાવાતી હોવાથી, છેલ્લી અદ્યતન બનાવેલી કાર્યપદ્ધતિનો સંપૂર્ણ પ્રાદેશિક અંધારપટ દરમિયાન ઉપયોગ કરવો.

૯.૫ સંપૂર્ણ અને અંશતઃ રાજય પ્રવાહન વ્યવસ્થામાં અંધારપટ :

૯.૫.૧ સંપૂર્ણ અને અંશતઃ રાજય પ્રવાહન વ્યવસ્થામાં અંધારપટ થાય તેવા પ્રસંગે, તમામ ઉપયોગકર્તાઓ સાથે ચર્ચા-વિચારણા કરીને, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે તૈયાર કરેલી બ્લેક સ્ટાર્ટ/ પુનસ્થાપિન કાર્યપદ્ધતિ અનુસાર પુનસ્થાપિત કરવાનું રહેશે. આ કાર્યપદ્ધતિઓ સામયિક રીતે અદ્યતન કરવામાં આવતી હોવાથી, રાજય પ્રવાહન વ્યવસ્થામાં સંપૂર્ણ કે અંશતઃ અંધારપટ છવાય તે દરમિયાન છેલ્લામાં છેલ્લી અદ્યતન કરેલી કાર્યપદ્ધતિને અનુસરવી. સંપૂર્ણ કે અંશતઃ અંધારપટમાંથી સિસ્ટમના પુનસ્થપિત અંગે, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે આપણી સૂચનાઓનો, તમામ ઉપયોગકર્તા, બ્લેક સ્ટાર્ટ કાર્યપદ્ધતિ/ પુનસ્થાપિત દસ્તાવેજમાં ખાસ ઉલ્લેખ ન કરવામાં આવતો હોય તેમ છતાં, અનુસરશે.

૯.૬ જવાબદારીઓ :

૯.૬.૧ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, વીજ-ઉત્પાદન મથકની બ્લેક-સ્ટાર્ટ ક્ષમતા અને સંયુકત વીજ-ઉત્પાદન મથકની બ્લેક-સ્ટાર્ટ સંચાલન યોજનાઓનો રેકર્ડ જાળવશે.

૯.૬.૨ રાજય પ્રવાહન ઉપયોગ એકમ, સંપૂર્ણ કે અંશતઃ અંધારપટ પછી પ્રવાહન-વ્યવસ્થાના પુનસ્થપિનને આવરી લેતી અદ્યતન્ન બ્લેક-સ્ટાર્ટ કાર્યપદ્ધતિઓ તૈયાર કરીને તેનું વિતરણ કરશે અને જાળવણી રાખશે. ઉપયોગકર્તાઓ આ બ્લેક-સ્ટાર્ટ કાર્યપદ્ધતિઓ સાથે સહમત થશે અને તેને અનુસરવામાં મુશ્કેલી પડે ત્યારે અગાઉથી સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને તેની સત્વરે જાણ કરશે.

૯.૬.૩ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, તમામ ઉપયોગકર્તાઓ સાથે સંકલનમાં રહીને, અને વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સાથે ગાઢ સંકલનમાં રહીને પ્રવાહન વ્યવસ્થાના એકંદર પુનસ્થાપન પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવા જવાબદાર રહેશે.

૯.૬.૪ વિતરણ પરવાનેદારો, સ્વતંત્ર નહીં જોડાયેલ વીજ-ભાર ઘટકોમાં વિતરણ વ્યવસ્થા એકવાર કરવા માટે જવાબદાર ગણાશે. તેઓ, સમકાલિકરણ થયું હોય તેવા જનરેટર દ્વારા ઉપાડ થવાની શકયતા હોય તેવા વીજ-ભારના જથ્થા અંગે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને સલાહ આપશે.

૯.૬.૫ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની સૂચનાઓને આધારે પોતાની આયોજિત બ્લેક-સ્ટાર્ટ કાર્યપદ્ધતિ શરૂ કરવા અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા જાણ કરવામાં આવે તેટલી માગ અનુસાર પોતાનું ઉત્પાદન એકધારું વધારવા વીજ-ઉત્પાદન કંપનીઓ જવાબદાર બનશે.

૯.૭ ખાસ વિચારણાઓ :

૯.૭.૧ પ્રવાહન વ્યવસ્થાના પુનઃસ્થાપનની પ્રક્રિયા, કે પ્રાદેશિક વ્યવસ્થાની અંધારપટની સ્થિતિ દરમિયાન વોલ્ટેજ અને આવર્તન જરૂરિયાતનાં રાબેતા મુજબના ધોરણો લાગુ ન પાડવાં અને પ્રવર્તમાન પરિસ્થિતિ પર આધાર રાખીને યોગ્ય જણાય તે પ્રમાણે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર પર તે બાબત છોડી દેવી.

૯.૭.૨ વિતરણ પરવાનેદારોએ, સિસ્ટમની આકસ્મિકતા દરમિયાન કાઢી નાખેલ હોય તેવા આવશ્યક વીજ-ભારના બિન-આવશ્યક ભાગો અલગ રીતે મુકરર કરવા. તેઓએ દરેક કેસમાં, આનુષાંગિક વીજભાર ઘટકો સાથે યોગ્ય અનુસૂચિ પણ તૈયાર કરવી. વ્યવસથાની સાધારણ સ્થિતિ સ્થપાય ત્યારે જ અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર સલાહ આપે તે પ્રમાણે જ બિન-આવશ્યક વીજભાર ચાલુ કરી શકાય.

૯.૭.૩ દરેક વપરાશકર્તાઓએ ઉતાવળ કે અયોગ્ય ભાર નાંખવાને કારણે સિસ્ટમને ગૌણ રીતે તુટી પડતી અટકાવવા માટેની કાર્યપધ્ધતિ હાથ ધરવા ખાસ ધ્યાન આપવું.

૯.૭.૪ પરિસ્થિતિની તાકીદ છતાં, ઘટનાની અને પુનસ્થાપિત પ્રક્રિયામાં કાર્યક્ષમતાની પશ્ચાત તપાસમાં અનુકૂળતા રહે તે સારું બધા ઉપયોગકર્તાઓ તમામ કામગીરીઓ, અને સંચાલન સંદેશાઓની સંભાળપૂર્વક, ઝડપી અને સંપૂર્ણ નોંધવહી રાખે તે સુનિશ્ચિત કરવું. બનાવ બને પછી તરત આવી તપાસ હાથ ધરવી અને ગ્રિડ સંહિતા પુનર્વિલોકન પેનલ સમક્ષ, તેની તે પછીની આગામી બેઠકમાં મૂલ્યાંકન માટે તેનો અહેવાલ રજૂ કરવો.

(૧૦) કલમ-૧૦

સીમા પારની સુરક્ષા (Cross boundry safety)

૧૦.૧ પ્રાસ્તાવિક :

આ કલમમાં, સીમા પારની કામગીરી સાથે જોડાયેલ સાધનના નિભાવ માટેની સલામત કામગીરી પ્રણાલી અંગેની જરૂરિયાતો નિર્દિષ્ટ કરી છે તથા અન્ય ઉપયોગકર્તાની વ્યવસ્થા સાથે જોડાયેલ વીજળીક સાધન પર કામ હાથ ધરવામાં આવે ત્યારે અનુસરવાની કાર્યપદ્ધતિ કરાવી છે.

૧૦.૨ ઉદ્દેશ :

૧૦.૨.૧ આ કલમનો તત્પૂરતા અમલમાં હોય તેવા ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમો અને ત્યારબાદ તેને સ્થાને ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળ ઘડેલા નિયમોમાં ઠરાવેલ સલામતી સિદ્ધાંતો અંગે, રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર અને ઉપયોગકર્તા વચ્ચે સીમા પાર કામ કરવામાં આવે ત્યારે સમજૂતિ સાધવાનો છે.

૧૦.૩ નિયંત્રણ કરનાર વ્યકિતઓ અને તેમની જવાબદારીઓ :

૧૦.૩.૧ રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર તેમની સીમા પર સલામતીના સંકલન માટે જવાબદાર યોગ્ય રીતે અધિકૃત વ્યકિતઓ નિયુકત કરશે. આ વ્યકિતઓનો "નિયંત્રણ અધિકારીઓ" તરીકે ઉલ્લેખ કરાશે.

૧૦.૪ કાર્યપદ્ધતિ :

૧૦.૪.૧ રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારો, જેમની પાસે સીમાનું સીધું નિયંત્રણ હોય તેવા તમામ ઉપયોગકર્તાઓને નિયંત્રક વ્યકિતઓની તેમનાં નામ, હોદ્દા, સરનામાં અને ટેલિફોન નંબરો સાથેની યાદી મોકલી આપશે. આ યાદીમાં નામ આપેલ કોઈપણ નિયંત્રક વ્યકિતના નામ, હોદ્દા કે ટેલીફોન નંબરમાં કોઈ ફેરફાર થાય ત્યારે તે યાદી અદ્યતન બનાવાશે.

૧૦.૪.૨ રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર પાસે સીધે-સીધુ સીમા-નિયંત્રણ કામ હોય તેવા તમામ ઉપયોગકર્તાઓ તેમની નિયંત્રક વ્યકિતઓની તેવી જ યાદી રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારને મોકલશે. યાદીમાં નામ આપેલ કોઈપણ નિયંત્રક વ્યકિતના નામ, હોદ્દા કે ટેલિફોન નંબરમાં કોઈ ફેરાફર થાય કે તરત આ યાદી અદ્યતન બનાવવામાં આવશે.

૧૦.૪.૩ ઉપયોગકર્તા કે રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારે (ક્રોસ બાઉન્ડરી) સીમા પર કોઈ કામ હાથ ધરવાનું થાય ત્યારે યથાપ્રસંગ ઉપયોગકર્તા કે રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદારનો નિયંત્રક વ્યકિત કે જેમણે કામ હાથ ધરવાનું હોય તે તેમના સામાપક્ષનો સીધે-સીધો સંપર્ક કરશે. બંને પક્ષકારોની સાચી ઓળખ સુનિશ્ચિત કરવા, કામકાજનાં સમયે સંકેત શબ્દો નકકી કરવામાં આવશે.

૧૦.૪.૪ એકપાળી કરતાં કામ વધી જાય તો, નિયંત્રક વ્યકિત પોતાનો હવાલો, અનય છોડાવનાર નિયંત્રક વ્યકિતને સુપરત કરશે અને કામના સ્વરૂપ તથા આ કામગીરીમાં વપરાતા સંકેત શબ્દોની સંપૂર્ણ તથા જાણ કરશે.

૧૦.૪.૫ નિયંત્રક વ્યકિતઓ, જરૂરી કામ સલામત રીતે હાથ ધરાય તે માટે જરૂરી પૂર્વ સાવચેતી રાખવા અને જાળવવામાં સહકાર આપશે. સ્થાપિત પૃથકભાગ અને સ્થાપિત ભૂમિ બંનેને, સગવડ ઉપલબ્ધ હોય ત્યાં તાળાબંધીની સ્થિતિમાં રાખવાં અને આ બાબત સ્પષ્ટપણે મુકરર કરવી તથા નોંધપોતીમાં (લોગબુકમાં) તેની નોંધ કરવી.

૧૦.૪.૬ આ કામનો હવાલો સંભાળતી નિયંત્રક વ્યકિતએ પોતાની જાતે ખાતરી કરી લેવી કે કામ શરૂ થતાં પહેલાં હાથ ધરવાની તમામ પૂવ સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યા છે. તેણે કામ કરતાં પક્ષકારને કામ શરૂ કરવાની છૂટ આપતો સલામતી દસ્તાવેજ મોકલી આપવો.

૧૦.૪.૭ કામ પુરું થયા પછી કામનો હવાલો સંભાળનાર નિયંત્રક વ્યકિતએ જાતે ખાતરી કરી લેવી કે લીધેલાં પૂર્વ સાવચેતીનાં પગલાં હવે વધુ જરૂરી નથી અને તેમણે પોતાના સામા પક્ષકારનો સીધો સંપર્ક કરીને સલામતીનો પૂર્વ સાવચેતી પગલાં કરાવી લેવાં વિનંતી કરવી. બે નિયંત્રક વ્યકિતઓ વચ્ચે સંપર્કના સંકેત શબ્દનો ઉપયોગ કરીને, સીધા સંદેશા-વ્યવહાર દ્વારા, તમામ સલામતીનાં પૂર્વ સાવચેતી પગલાં કરાવી લીધાં હોવાના સમર્થન અને કામ કરનાર પક્ષકાર પાસેથી સમજૂતિ સધાયેલ સલામતી દસ્તાવેજ પરત મળ્યા પછી જ સાધન સર્વિસમાં પરત મોકલવા યોગ્ય હોવાનું જાહેર કરવું.

INDEX

૧૦.૪.૮ સીમા પર સલામતી અને તેને સતત અદ્યતન કરવાની સહમતિ સધાયેલ લેખિત કાર્યપદ્ધતિ, રાજય પ્રવાહન ઉપયોગ એકમ દ્વારા વિકસાવાશે.

૧૦.૪.૯ સીમા પાર સલામતીને લગતા કોઈપણ વિવાદનો નિકાલ, રાજય પ્રવાહન ઉપયોગ એકમ પક્ષકાર ન હોય તો તેની કક્ષાએ આવશે. રાજય પ્રવાહન ઉપયોગ એકમ પક્ષકાર હોય તેવા કેસમાં આ વિવાદના નિકાલ માટે તે અંગે ગુ.વી.નિ. આયોગને પુછાણ કરવું.

૧૦.૫ ખાસ વિચારણાઓ :

૧૦.૫.૧ તમામ ઉપયોગકર્તાઓએ, તમામ સીમા પારનાં પરિબળો માટે તે સમયે અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમો અને તેમાં ફેરફાર કરીને ઘડેલા ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળના નિયમોનાં બનાવેલા નિયત સલામતી નિયમોનું પાલન કરવું.

૧૦.૫.૨ સલામતી સંકલન તથા પૃથકૃતા (આઈસોલેશન) અને અર્થિંગની ગોઠવણ માટે ઉપયોગમાં લેવાના સીમા પારના પરિપથો પરના તમામ સાધનો, ચોકકસ પેટા-મથકના યુનિક સાધનો હોઈ તેના પર ઓળખ નંબર અને નામની સ્પષ્ટ નિશાની કરવી. આ સાધનોનું નિયમિત નિરીક્ષણ કરવું અને ઉત્પાદકની વિશિષ્ટ વિગતો અનુસાર તેની જાળવણી કરવી.

૧૦.૫.૩ દરેક નિયંત્રક વ્યકિતએ, તેને મળતાં અને મોકલાતાં સલામતી સંકલનને લગતાં તમામ સંદેશા અને કામગીરીઓ અંગે કાળાનુકમ પ્રમાણે સુવાચ્ય લેખિત સલામતી નોંધપોથી રાખવી જોઈશે. આ તમામ નોંધપોથીઓ વધુમાં વધુ દશ વર્ષના ગાળા માટે રાખવી.

૧૦.૫.૪ પ્રવાહન વ્યવસ્થા સાથે જોડાયેલ દરેક વિતરણ પરવાનેદારે, દરેક પેટા-મથક દ્વારા પુરવઠો પૂરો પાડતો હોય તે વિસ્તારને લગતી તેની વ્યવસ્થાનો અદ્યતન નકશો જાળવવો અને વિતરણ પરવાનેદારની સંબંધિત વિસ્તારની કચેરીઓમાં તે પ્રદર્શિત કરવો.

(૧૧) કલમ-૧૧

સલામતી અને લાઈન સલામતી (કિલયર) પરમિટ

૧૧.૧ પ્રાસ્તાવિક :

૧૧.૧.૧ આ કલમમાં, ગ્રાહકો, સામાન્ય લોકો અને કામકાજ કરનાર કર્મચારીઓને વીજળીનાં જોખમોથી સાલમતી મળે તેની ખાતરી માટે લાઈન સલામતી પરમિટ માટે માર્ગદર્શક સૂચનાઓ નિયત કરી છે તથા લાઈન સાલમતી પરમિટના રેકર્ડ માટેની કાર્યપદ્ધતિ નકકી કરી છે.

૧૧.૨ ઉદ્દેશ :

૧૧.૨.૧ આ કલમનો મુખ્ય ઉદ્દેશ રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારના અને ઉપયોગકર્તાના કામ કરતાં કર્મચારીઓની સાલમતી સુનિશ્ચિત કરવાનો અને કામ કરનાર કર્મચારીઓને કામો હાથ ધરવા લાઈન સલામતી પરમિટ આપવા અંગેનો યોગ્ય રેકર્ડ જાળવવાનો છે.

૧૧.૩ સલામતિ ધોરણો :

૧૧.૩.૧ "સલામતી ધોરણો" અલગ રીતે ઈશ્યૂ કરવામાં આવ્યાં છે. જેમાં સામાન્ય લોકો, વીજળીના ગ્રાહકો અને કારીગરોને સલામતી મળે તે સુનિશ્ચિત કરવા લેવાના સલામતી પગલાં નકકી કરવામાં આવ્યા છે. આ ગ્રિડ સંહિતાનો એક અંતર્ગત ભાગ બને છે, અને રાજય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર તથા તમામ ઉપયોગકર્તાઓએ આ ધોરણનું પાલન કરવું.

૧૧.૩.૨ રાજય પ્રવાહન ઉપયોગ એકમ, પરવાનેદાર, આ ધોરણ પર આધારિત પ્રવાહન લાઈનો, પેટા-મથકો માટે તેનો પોતાનો "સલામતી નિયમસંગ્રહ" તૈયાર કરશ. પાળીના સંચાલકોના માર્ગદર્શન માટે, પરવાનેદાર દરેક પેટા-મથક માટે "સંચાલન અને જાળવણી નિયમસંગ્રહ" તૈયાર કરશે. આ નિયમસંગ્રહોમાં, પેટા-મથકમાં ગોઠવેલ વિવિધ સાધનસામગ્રીના ઉત્પાદકોની ભલામણોને આધારે જાળવણીની અને સંચાલનની અનુસૂચિઓનો સમાવેશ કરાશે. મેળવેલા અનુભવને આધારે આ નિયમસંગ્રહોની સામયિક રીતે સમીક્ષા કરાશે અને સાધનોની ફેરબદલી કારશે. સંબંધિત પેટા-મથકોએ સ્ટેશન બેટરીઓ સહિતની સાધનસામગ્રી માટેનું જાળવણી રજિસ્ટર નિભાવવામાં આવશે. કામગીરી હાથ ધરવામાં આવે તેમ અને ત્યારે આ રજિસ્ટરોને અદ્યતન રાખવામાં આવશે અને આ પેટા મથક જેના નિયંત્રણ હેઠળ હોય તે યોગ્ય ઉચ્ચ અધિકારી તેની સામયિક સમીક્ષા કરશે. પ્રવાહન લાઈનો માટે આવા જ રજિસ્ટરો રાખવાં.

૧૧.૩.૩ સંચાલન નિયમસંગ્રહમાં, સાધનો પર કામ કરવાની છૂટ આપવા માટે જોગવાઈ કરાયેલ પૃથકતા (આઈસોલેશન) અનુ અર્થિંગની વિગતોનો સ્પષ્ટપણે સમાવેશ કરાશે. વિવિધ આઈસોલેરિંગ સાધનોની સ્થિતિ દર્શાવતી પેટા-મથકની એકરેખીય આકૃતિ પેટા-મથકમાં દેખાય તે રીતે પ્રદર્શિત કરાશે. કામદારો જ્યાં કામ કરતા હોય તે પૃથક સાધનો પરની કામગીરી માટે ચાલુ ભાગોની (સેકશન ક્લિયરન્સ સાલમતી) સલામતી દર્શાવતાં ચાર્ટ દરેક પેટા-મથકે દેખી શકાય તેવા સ્થળે પ્રદર્શિત કરવા.

૧૧.૩.૪ તે સમયે અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમો અને તે બદલીને ૨૦૦૩ના વીજળી અધિનિયમમાં કરેલા નિયમો તથા પ્રસ્તુત ભારતીય ધોરણોમાં આવશ્યક ગણ્યા પ્રમાણે "ભયજનક"નાં બોર્ડો, સામાન્ય લોકો જ્યાં જઈ શકે તેવાં સ્થળોએ પ્રદર્શિત કરવાં.

૧૧.૩.૫ ભારતીય માનક : ૫૬૧૩ અનુસાર તમામ પ્રવાહન લાઈનો પર નિયમિત જાળવણી કામગીરી હાથ ધરવી અને આ તમામનો રેકર્ડ જાળવવો. ચોમાસા પહેલાં અને પછી શકય હોય ત્યાં હોટ-લાઈન ચકાસણી અને નિષ્ફળ ગયેલા વિસંવાહકોની ફેરબદલી કરવી.

૧૧.૩.૬ પ્રાપ્તિ મથકો અને પેટા-મથકોએ તમામ સાધનસામગ્રીની ઉત્પાદકોના નિયમસંગ્રહો અને ઉપલભ્ય હોય ત્યાં સંબંધિત ભારતીય અને / અથવા આંતર રાષ્ટ્રીય માનકો અનુસાર સારી સ્થિતિમાં રહે તે રીતે જાળવણી કરવી. જાળવણીના હેતુસર રિલે અને પરિપથ બ્રેકરને બહાર કાઢવામાં આવે ત્યારે તેનો યોગ્ય કામગીરી માટે તે તપાસી લેવાં. રાબેતા મુજબની ચકાસણી અને જાળવણી કામગીરી હાથ ધરીને સ્ટેશન બેટરીઓને સારી સ્થિતિમાં રાખવી. આ તમામ મથકોએ પૂરી પાડેલ એકદિશ પ્રવાહ વ્યવસ્થાની, કોઈ ભયજનક પ્રવાહ ક્ષરણ ન થાય તેવી યોગ્ય રીતે જાળવણી કરવી. ક્ષરણ (લીકેજ) પર દેખરેખ રાખવા અને ભૂમિ પરની ખામી શોધી કાઢવા ઓન-લાઈન મોનિટરીંગ વ્યવસ્થા પૂરી પાડવી.

૧૧.૪ લાઈન સામલતી પરમિટ (LCP) :

૧૧.૪.૧ જોડાણ ચ, છ અને જ અન્વયેના નમૂનાનો ઉપયોગ કરવો. જોડાણ-ચ હેઠળના "લાઈન સલામતી પરમિટ માટેની આવશ્યકતા" તરીકે નામ નિર્દિષ્ટ ફોર્મનો, સલામતી સંકલનકર્તા કે જે અધિકૃત વ્યકિત છે તેમના દ્વારા ઉપયોગ કરાશે. જોડાણ "છ" હેઠળનું "લાઈન સલામતી પરમિટ માટેની ચકાસણી યાદી અને લાઈન સલામત હોવાની પરમિટ" એમ નામનિર્દિષ્ટ કરાયેલ ફોર્મનો લાઈન સલામત પરમિટ ઈશ્યૂ કરતી વખતે ઉપયોગ કરાશે. જોડાણ "જ" હેઠળના અને "લાઈન સલામત પરત ફરવું" એમ નામનિર્દિષ્ટ કરાયેલ ફોર્મનો, જેના માટે લાઈન સલામત પરમિટ લીધી હોય તો કામ પૂરું થયા પછી લાઈન સલામત પરમિટ પરત કરવા માટે ઉપયોગ કરવો.

જોડાણ-ચ

લાઈન સલામત પરમિટ માટે માગ-પત્ર

તારીખ ..... સમય .....

હું શ્રી / શ્રીમતી ..... નીચેની HT/EHT લાઈન / સાધનસામગ્રી અંગે લાઈન સલામતીની પરમિટ આપવા વિનંતી કરું છું. ઉંચા વોલ્ટેજ / વધારાના ઉંચા વોલ્ટેજના ઉપકરણો / લાઈન ઓળખ .....

હાથ ધરવાનાં કામોની વિગત .....

કામ પુરું કરવા માટેજોઈતો અંદાજી સમય .....

નામ અને સહી .....

.....

(સલામતી સંકલનકારને વિનંતી કરવાની) (ટુકડીનો હવાલો સંભાળનાર)

હોદ્દો ....

તારીખ ....

(જ્યાંથી લાઈન સલામતીના પરમિટ ઈશ્યૂ કરવામાં આવે તે પેટા મથકમાં ઉપયોગ કરવા માટે)

(ક) લાઈન સલામતીની પરમિટ ઈશ્યૂ કરવામાં આવી : હા / ના

(ખ) ઈશ્યૂ નંબર અને તારીખ (કોડ નં. .....)

(ગ) ઈશ્યૂ કર્યાનો સમય :

(ઘ) પરત કર્યાની તારીખ અને સમય :

(ચ) વિશેષ નોંધ : જુઓ તપાસ યાદી - લાઈન સલામતી પરમિટ અ એફ

<u>લાઈન સલામતી પરમિટ મળવી</u>

મને ..... (ઈશ્યૂ કરનાર સલામતી સંકલનકર્તાનું નામ) પાસેથી ..... ખાતે (સ્થળ) સમર્થન મળ્યું છે કે, સલામતી પૂર્વ-પગલાંની ગોઠવણ કરવામાં આવી છે અને તેમની લાઈન સલામતી પરમિટ-ચ રદ ન થાય ત્યાં સુધી તેમના સ્થળેથી આ ગોઠવણ હરાવી લેવાની સૂચનાઓ આપવામાં આવશે નહીં.

નામ અને સહી .....

(સલામતી સંકલનકર્તા)

ટુકડીનો હવાલો સંભાળનાર (તારીખ) .....ના રોજ .....

(સ્થળ) ખાતે.

જોડાણ-છ

લાઈન કલીયર પરમીટની તપાસ યાદી

એલસીપી-છ નંબર.....

તારીખ.....સમય.....

લાઈન કલીયર પરમીટની તપાસ યાદી

(ક) નામ અને સ્થળ કે જે લાઈન કલીયર માટે આપેલ હોય

(ખ) અને સત્તાધિકારીની

(ગ) એચવી સાધનસામગ્રીની ઓળખાણ

(ઘ) લાઈન/ઈકવીપમેન્ટ જે છેડેથી ચાર્જ કરેલ છે

(ચ) બંન્ને છેડેથી ખુલ્લા કરેલ સરકીટ બ્રેકર/આઈસોલેટીગ સ્વીચના નંબર અને નામ

(છ) લાઈન બંન્ને છેડેથી કાપી નાંખેલ છે તેમ પ્રતિપાદિત કરેલ છે કે કેમ ?

(જ) લાઈન બંન્ને છેડેથી અર્થીંગ કરેલ છે કે કેમ ?

(ઝ) જે ફીડર/સાધન કન્ટ્રોલીંગ સ્વીચ ગીયર અંદર હોય તો તેના માટે લાઈન કલીયર આપેલ છે તેનું સરકીટ બ્રેકર બહાર કાઢેલ છે કે કેમ ?

(ટ) જે ફીડર/સાધનની લાઈન કલીયર આપેલ છે તેના સરકીટ બ્રેકર/આઈસોલેટીંગ સ્વીચનાકન્ટ્રોલ સપ્લાયના વોલ્ટેજના ફયુજ બહાર કાઢીને સલામત જગ્યાએ મુકેલ છે કે કેમ ?

(ઠ) લાઈન કલીયર પરમીટ ઈસ્યુ કરવાનોસમય અને LCP-E નંબર

(ડ) LCP-E પર ન કરવાનો અંદાજિત સમય કે જે વિનંતી કરનાર કોઓડીનેટર તરફથી નક્કી કરેલ હોય

નામ અને સહી

ઈસ્યુ કરનાર સેફટી કોઓડીનેટર

લાઈન કલીયર પરમીટ

LCP-F NO

હું શ્રી/શ્રીમતી..,..... (ઈસ્યુ કરનાર સેફટી કોઓડીનેટર) અત્રે શ્રી/શ્રીમતી.....(અરજ કરનાર સેફટી કોઓડીનેટર)ને રીકવીઝીશન નંબર..... તા..... સમય પ્રમાણેકામ કરવા પરવાનગી આપું છુ.

અહી વર્ણવેલ HV/HVલાઈન/સાધન સલામત છે તેવું જાહેર કરેલ છે આમંજુરી LCP-Eમાં જણાવેલ શરતોને આધિન છે.

નામ અને સહી

(લાઈન કલીયર ઈસ્યુ કરનાર વ્યકિત)

હોદો -

જોડાણ-જ

લાઈન સલામતી પરત

લાઈન સલામતીપરમિટ - જી નંબર .....

તારીખ ..... સમય .....

લાઈન સલામતી પરમિટ - એફ નં. ..... તારીખ .....

હું શ્રી / શ્રીમતી ..... આ સાથે નીચેની HT/EHT લાઈન / ઉપકરણો માટે લાઈન સલામતી પરમિટ નં. ..... અને ..... વાગ્યે પરત કરું છું. હું જાહેર કરું છું કે કામ પર મોકલેલા માણસો પાછા બોલાવી લેવામાં આવ્યા છે. કામચલાઉ માટે દૂર કરવામાં આવી છે, તમામ મરામત ઓજારો અને માલસામનની ચકાસણી કરવામાં આવી છે અને નીચે દર્શાવેલા ફીડરો/સાધન સામગ્રી વીજળી યુકત કરવા માટે સલામત છે.

(ક) ઉંચા વોલ્ટેજ/વધારાના ઉંચા વોલ્ટેજના ઉપકરણો/લાઈન ઓળખ .....

(ખ) સલામતી પૂર્વ પગલાં લાંબો સમય જરૂરી નથી.

(ગ) પૃથકૃતા (આઈસોલેશન) (જે સાધનો દ્વારા પૃથકતા (ઓઈઓલેશન) કરી હોય તે સાધનો દર્શાવીને પૃથકતાનાં દરેક સ્થળો અને પોઈન્ટ દર્શાવો.)

(ઘ) અર્થિંગ (જે સ્થળે અર્થિંગની ગોઠવણ કરવાની હોય તે સ્થળ અને જેનાથી અર્થિંગ કરાયું હોય તે અર્થિંગ સાધનોની ઓળખ જણાવવાં)

(ચ) કરેલા કામની વિગતો

<u>નિશાની કરવાની તપાસ યાદી</u>

(ક) તમામ માણસોને પાછા ખસેડી લીધા છે : હા ( )

(ખ) કામચલાઉ તમામ માટી ખસેડી લીધી છે : હા ( )

(ગ) કામમાં વાપરેલ માલસામાન, ઓજારો અને પ્લાન્ટની ચકાસણી કરવામાં આવી છે : હા ()

(ઘ) સંકેત નંબર (ફોન પર લાઈન સલામતી પરત કરાઈ હોય ત્યારે વાપરવા માટે)

નામ અને સહી .....

(સલામતી સંકલનકર્તા)

હોદ્દો .....

કામદારોનો હવાલો .....

(હોદ્દો)

(૧૨) કલમ-૧૨

સંદેશા વ્યવહાર અને માહિતી સંપાદન

૧૨.૧ પ્રાસ્તાવિક :

૧૨.૧.૧ આ કલમમાં, દરેક ઉપયોગકર્તાએ જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ અને સીમા પાર પરિપથો આગળ જોગવાઈ કરવાની સંદેશા-વ્યવહાર અને માહિતી સંપાદનની ન્યૂનતમ જરૂરિયાતો નિર્દિષ્ટ કરી છે.

૧૨.૨ ઉદ્દેશો :

૧૨.૨.૧ આ કલમનો ઉદ્દેશ, રાજય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, પોતાના લાઈસન્સની આવશ્યકતાઓ સાથે સુસંગત રહીને સાલમત અને કરકસરયુકત રીતે પ્રવાહન વ્યવસ્થાનો વહીવટ કરી શકે તે સારુ ન્યૂનતમ સ્વીકાર્ય સંદેશા-વ્યવહાર અને માહિતી સંપાદન જરૂરિયાતો નિશ્ચિત કરવાનો છે.

૧૨.૩ દેખરેખ નિયંત્રણ અને માહિતી સંપાદન (SCADA) :

૧૨.૩.૧ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, સંચાલનલક્ષી મીટર વિષયક માહિતીના સંગ્રહ, પ્રદર્શન અને પ્રક્રિયા માટે દેખરેખ નિયંત્રણ અને માહિતી સંચાલન હેઠળ સંચાલનલક્ષી મીટરવિષયક માહિતી એકત્રિકરણ વ્યવસ્થા ગોઠવશે અને તેને કાર્યરત કરશે. તમામ ઉપયોગકર્તાઓ, પોતાના સંબંધિત સંચાલનલક્ષી મીટરોની ઉત્પાકદ સામગ્રી, દેખરેખ નિયંત્રણ અને માહિતી સંપાદન ઈન્ટરફેઝ સાધનોને ઉપલભ્ય કરાવશે.

૧૨.૩.૨ માહિતી એકત્રિકરણ, સંગ્રહ અને પ્રદર્શન કેન્દ્ર, સ્ટેટ લોડ ડિસ્પેચ કેન્દ્ર ગણાશે.

૧૨.૪ સંદેશા વ્યવહાર :

૧૨.૪.૧ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, તમામ વીજ-ઉત્પાદન મથકો, પ્રામિ મથકો, પેટા-મથકો અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર / એરિયા લોડ ડિસ્પેચ સેન્ટર વચ્ચે, અવાજ સંદેશા-વ્યવહાર, લેખિત સંદેશા-વ્યવહાર અને માહિતી સંપાદન માટે સ્વતંત્ર સમર્પિત સંદેશા-વ્યવહાર કડીઓનું ગોઠવણ કરીને જાળવણી સંભાળશે. ઉપરાંત નજદીકનાં પ્રવાહન વ્યવસ્થા પેટા-મથકો વચ્ચે તેવી જ કડીઓ પણ સ્થાપિત કરશે. સલામત અને સુરક્ષિત ગ્રિડ સંચાલન સુનિશ્ચિત કરવા વિશ્વસનીય સંદેશા-વ્યવહાર વ્યવસ્થાનાં બીજા સાધનોની પણ ગોઠવણ કરશે.

૧૨.૪.૨ માત્ર ટેલિફોન-હાથ-સેટ ઉપાડો અને હોટ-લાઈન મારફત સ્વતંત્ર નંબરો પર ડાયલ કરો એટલે માહિતી ઉપલભ્ય થશે. રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ, તમામ મુખ્ય વીજ-ઉત્પાદન મથકો, મહત્વનાં પેટા-મથકો અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરની વચ્ચે હોટ-લાઈન સંપર્ક પણ સ્થાપિત કરશે.

૧૨.૫ માહિતી સંપાદન :

૧૨.૫.૧ વીજ-વ્યવસ્થાના અસરકારક નિયંત્રણ માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને નીચેની રીયલ ટાઈમ/ સાચા સમયની માહિતીની જરૂર પડે છે.

(ક) દરેક વીજ-ઉત્પાદન મથકમાં ઉત્પાદિત MW અને MVAr.

(ખ) બહારના જોડાણમાંથી MW અને MVAr ઉપાડ.

(ગ) દરેક વીજ-ઉત્પાદન મથકમાં ઉત્પાદિત અથવા તેમાં સમાવિષ્ટ MVAr અને MVAr કલાકો.

(ઘ) બહારનાં જોડાણોમાંથી આયાત કરેલ કે નિકાસ કરેલ MVAr.

(ચ) તમામ સિસ્ટમના બસબારમાં વોલ્ટેજ,

(છ) વ્યવસ્થામાં આવર્તન.

(જ) દરેક પ્રવાહન લાઈનમાં MW અને MVAr પ્રવાહ.

૧૨.૫.૨ વીજ-ઉત્પાદન કંપનીઓ, પોતાના વીજ-ઉત્પાદન મથકોમાંથી સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/ વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટરને ઉપરની માહિતી પ્રસારિત કરવા જરૂરી ટ્રાન્સડયુસર (trensducers) ની જોગવાઈ કરશે.

૧૨.૫.૩ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, તે જ રીતે, પોતાના પ્રામિ મથકો અને પેટા-મથકોમાંથી સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસ્પેચ સેન્ટરને ઉપરની માહિતી પ્રાસારિત કરવા જરૂરી ટ્રાન્સડયુસરની જોગવાઈ કરશે.

૧૨.૫.૪ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ, સંચાલનલક્ષી માહિતી પ્રસારણના વિનિમય માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અને વેસ્ટર્ન રિજિયોનલ લોડ સેન્ટરન વચ્ચે યોગ્ય માહિતી તબદીલી કડી સ્થાપિત કરશે.

૧૨.૫.૫ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર અને અન્ય ઉપયોગકર્તાઓ વચ્ચે આંતર-જવાબારી, જવાબદારીપણું, રોજ-બ-રોજના સંદેશા નોંધવા અને સંચાલનેલક્ષી બાબતો અંગે માહિતીના પ્રવાહન અંગેના રૂપરેખા નક્કી કરતી પારસ્પરિક સમજૂતિ સધાયેલ કાર્યપદ્ધતિ તૈયાર કરવામાં આવશે.

૧૨.૫.૬ બ્રેકર/સ્વિચ સ્થિતિ જેવી તમામ વધારાની માહિતી "ફેરફાર થાય તો" ના ધોરણે પ્રસારિત કરાશે. સંબંધિત મથકોએ ટ્રિપ માહિતીના સમય સ્ટેમ્પિંગ માટે ભૌગોલિક સ્થિતિ વિષયક વ્યવસ્થા (GPS)નો ઉપયોગ કરી શકાશે.

૧૨.૫.૭ ૪૦૦ kv ની તમામ લાઈનો અને ૨૨૦ kvની મહત્વની લાઈનો ખાતે, અવરોધ-રેકર્ડર ગોઠવવામાં આવશે અને અવરોધોના પાછલા બનાવના પૃથક્કરણ માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ખાતે રેકર્ડ કરેલી માહિતી ઉપલભ્ય કરાશે.

(૧૩) કલમ-૧૩

સંચાલનલક્ષી ઘરના અને બનાવ/અકસ્માતની જાણ કરવી

૧૩.૧ પ્રાસ્તાવિક :

૧૩.૧.૧ આ કલમમાં, જે નીચેના પર સંચાલનની અસર ધરાવે કે ન ધરાવે તે વેસ્ટર્ન ગ્રિડ સહિત સંપૂર્ણ વ્યવસ્થા પર સંચાલન અને/અથવા ઘરનાઓને બનતી માહિતીની આપ-લે માટે આવશ્યક વિગતો આવરી લેવામાં આવી છે.

(ક) ઉપયોગકર્તાની વ્યવસ્થા પર થતાં સંચાલિન અને / અથવા ઘરનાના કેસમાં ગુજરાત વીજળી ગ્રિડ.

(ખ) પ્રવાહન-વ્યવસ્થામાં થતાં સંચાલન અને/અથવા ઘરનાના કેસમાં ઉપયોગકર્તાની વ્યવસ્થા.

૧૩.૧.૨ સમગ્ર ગુજરાત રાજ્ય વીજળી ગ્રિડ પર કે તેના ભાગ પર ગંભીર અને વ્યાપકપણે ફલાયેલા જોખમની ઘરનામાં ચેતવણી આપવા અંગેની કાર્યપદ્ધતિ આ કામમાં નકકી કરવામાં આવી છે.

૧૩.૨ ઉદ્દેશ :

૧૩.૨.૧ આ કલમનો ઉદ્દેશ, પ્રવાહન-વ્યવસ્થા પરના બનાવો અને અકસ્માતોની જાણ કરવા અંગેનો અભિગમ સુસંગત હોવાનું સુનિશ્ચિત કરવા, ઉપયોગકર્તા વચ્ચે માહિતીની આપ-લે કરવી તથા જાણ કરવાના બનાવો અને જાણ કરવા અંગે અનુસરવાનો માર્ગ નકકી કરવાનો છે. સંચાલન અને/ અથવા ઘરનાની સંભવિત અસર મુકરર કરવા અને તેમાંથી ઉદ્‌ભવતા શકય જોખમનો કયાસ કાઢવા આ માહિતી જરૂરી છે.

જેથી પ્રવાહન વ્યવસ્થાની સંપૂર્ણતા જાળવવા સારું સંબંધિતો દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે. આ માહિતીની આપ-લેમાંથી લેવાનું જરૂરી બનેલ પગલાનો આધાર, દરેક કેસ ટેના સંજોગો અને વિગતો પર છે અને તે આ કલમના ક્ષેત્રમાં આવતુ નથી.

૧૩.૩ જાણ કરવાપાત્ર બનાવો :

૧૩.૩.૧ ઉપયોગકર્તાની વ્યવસ્થા પર સંચાલનલક્ષી અસર ધરાવતી પ્રવાહન વ્યવસ્થાના તમામ બનાવો, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર, જેમની વ્યવસ્થાને અસર પહોંચતી હોય તે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અને ઉપયોગકર્તાને નિર્દિષ્ટ કરશે.

૧૩.૩.૨ ઉપયોગકર્તા, પ્રવાહન-વ્યવસ્થા પર સંચાલનલક્ષી અસર ધરાવતી પોતાની વ્યવસ્થા પરની તમામ ઘરનાઓને રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને / પ્રવાહન પરવાનેદાર અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને જાણ કરશે, જેઓ વળતો, ઘટનાની જેમની વ્યવસ્થા પર સંચાલનલક્ષી અસર હોય તેવા બીજા ઉપયોગકર્તાઓને જાણ કરશે.

૧૩.૩.૩ પ્રવાહન વ્યવસ્થાને અસર કરી શકે તેવા રિપોર્ટ/જાણ કરવાપાત્ર બનાવોના નમૂનારૂપ ઉદાહરણો નીચે મુજબ છે :

(ક) અપવાદરૂપ રીતે ઉંચી/નિમ્ન વોલ્ટના અથવા આવર્તન.

(ખ) ગંભીર સાધનસામગ્રીની સમસ્યા, દા.ત. મુખ્ય પરિપથ બ્રેકર, ટ્રાન્સફોર્મર, બસબાર ખામી.

(ગ) વીજ-ઉત્પાદન એકમમાં મુખ્ય સમસ્યા.

(ઘ) આઈસીટી, પ્રવાહન લાઈન અથવા કેપેસિટર બેન્ડનું ટ્રિપિંગ.

(ચ) મોટો આગનો બનાવ, વાવાઝોડું, તોફાન, ભૂકંપ વગેરે.

(છ) મોટી રક્ષણાત્મક નિષ્ફળતા.

(જ) સાધનો પર અથવા પ્રવાહન લઈન પર વધુ પડતો બોજ, જેને પરિણામે કર્મચારીઓ માટે જોખમ ઉભુ થાય.

(ઝ) કોઈ ભય ચેતવણીની સક્રિયતા અથવા અસાધારણ સંચાલન પરિસ્થિતિનું સૂચન.

(ટ) અનુભવ કરાતી અથવા આગાહી કરાયેલ વિપરિત હવામાન વિષયેક સ્થિતિ.

(ઠ) પ્લાન્ટ અને / અથવા ઉપકરણોની ક્ષમતામાં ખોટકામણ, ભૂલ કે કામચલાઉ ફેરફાર.

(ડ) રક્ષણાત્મક કામગીરનાં તોળાતાં જોખમ.

(ઢ) વીજભારનું નુકસાન.

(ણ) અકસ્માતો.

(ત) અતિશય ઉપાડ ફેરફાર.

(થ) નાના સાધનોની ભય-ચેતવણી.

INDEX

છેલ્લાં બે જાણ કરવાપાત્ર બનાવો, પ્રમાણમાં ઓછાં પરિણામવાળાં નૂમનારૂપ ઉદાહરણો છે. પરંતુ તેમ છતાં પ્રવાહન વ્યવસ્થાને અસર કરે છે અને તેને "ગૌ" તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી શકાય. તેમને મારે સુધારાત્મક કાર્યવાહી જરૂરી છે, પરંતુ તે મેનેજમેન્ટ રિપોર્ટિંગને ચેતવણી આપતાં નથી.

૧૩.૩.૪ કલમ ૧૩.૩.૩ માં દર્શાવેલ દાખલા માત્ર ઉદાહરણ પુરતા છે અને તે રીપોર્ટ કરવા માટે કોઈપણ રીતે સામાન્ય જરૂરીયાતોને બંધનકર્તા નથી.

૧૩.૪ જાણ કરવાની (રિપોર્ટિંગ)ની સમયદ્ધતિ :

૧૩.૪.૧ ગ્રિડ પેટા-મથકો ખતે લાઈનોમાં અને ૬૬ કે.વી. અને તેથી ઉપરની સાધનસામગ્રીમાં થતાં જાણ કરવાપાત્ર તમામ બનાવોની, જેમના સાધનોને બનાવનો અનુભવ થયો હોય તે ઉપયોગકર્તાઓએ બીજા બધા નોંધપાત્ર રીતે અસર પામેલા ઉપયોગકર્તા અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને મૌખિક રીતે તાત્કાલિક જાણ કરવી. અહેવાલ આપનાર ઉપયોગકર્તા, આવા મૌખિક અહેવાલના એક કલાકની અંદર સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને લખાણમાં સમર્થન આપશે. જેની જાણ કરાઈ રહી હોય તે બનાવ ખૂબ મોટા સ્વરૂપનો હોય તો લેખિત અહેવાલ બે કલાકની અંદર મોકલી આપવો અને તેની પાછળ શરૂઆતનો લેખિત અહેવાલ આપ્યાના ૪૮ કલાકની અંદર એક અર્વાગી અહેવાઈ આપવો. બીજા કેસોમાં, અહેવાલ આપનાર ઉપયોગકર્તા, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને પાંચ દિવસની અંદર અહેવાલ રજૂ કરશે.

૧૩.૪.૨. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, જેમનું સાધન અહેવાલ આપવાપાત્ર બનાવાનું સ્ત્રોત બનેલ હોય તેવા ઉપયોગકર્તાના કેસમાં, બીજા ઉપયોગકર્તાઓને અસર કરતી કોઈપણ અહેવાલ આપવાપાત્ર બનાવ અંગે કોઈપણ ઉપયોગર્કતા પાસેથી અહેવાલ મંગાવી શકશે. આમ છતાં આનાથી, તે સમયે અમલમાં હોય તે અને ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળ ઘડેલા નિયમો દ્વારા બદલવામાં આવે તે ૧૯૫૬ ભારતીય વીજળી નિયમો અનુસાર બનાવોની જાણ કરવાની જવાદારીમાંથી કોઈ ઉપયોગકર્તાને છુટકારો મળશે નહીં. ગ્રિડ સંહિતા પુનર્વિલોકન પેનલની મંજૂરી અનુસાર આવા અહેવાલનો નમૂનો રહેશે અને તેમાં ખાસ કરીને નીચેની બાબતોનો સમાવેશ થશે.

(ક) બનાવનું સ્થળ
(ખ) બનાવનાં તારીખ અને સમય
(ગ) સામેલ પ્લાન્ટ અને સાધનસામગ્રી
(ઘ) પુરવઠો ખોટકાયો હોય અને તે અંગેનો સમય-ગાળો, જ્યાં લાગુ પડતું હોય ત્યાં.
(ચ) બનાવ બન્યા પહેલા અને પછી વ્યવસ્થાની પારમિતિઓ (વોલ્ટેજ, આવર્તન, પ્રવાહ, ઉત્પાદન વગેરે)
(છ) બનાવ પહેલાં જાળગૂંથણીની રૂપરેખા
(જ) રિલેનાં સૂચનો અને રક્ષણની કામગીરી
(ઝ) બનાવનું સંક્ષિપ્ત વર્ણન
(ટ) સર્વિસમાં પાછા વળવાનો અંદાજી સમય
(ઠ) બીજી કોઈ પ્રસ્તુત વિગતો
(ડ) ભાવિ સુધારણા માટે ભલામણો
(ઢ) જાણ કરનાર અધિકારીના નામ અને હોદ્દો

૧૩.૪.૩ અહેવાલમાં, બનાવની થયેલી અસરો અને તેને કારણે ઉભા થયેલાં અહેવાલ મેળવનાર કયાસ કાઢી શકે તે સારૂ બનાવનું વર્ણન કરવા પૂરતી વિગતો સમાવિષ્ટ કરવી. કારણનો અહેવાલમાં સમાવેશ ન કરવો, પરંતુ અહેવાલ મેળવનાર જરૂરી જણાય ત્યાં ખુલાસા માગી શકે અને અહેવાલ આપનાર ઉપયોગકર્તાએ પોતાનાથી બનતા બધા પ્રયત્નો કરવા અને તમામ જરૂરી અને વ્યાજબી માહિતી પૂરી પાડવી તે ફરજિયાત છે.

૧૩.૪.૪ બેમાંથી એક પક્ષકારની વિનંતીથી, મોકલનારે મૌખિક અહેવાલ લખી નાખવો અને ટેલિફોન સંદેશની રીતે શ્રુતલેખન લખાવવું અથવા ફેકસ/ઈ-મેઈલથી તે, લેનારને મોકલવો. સંકરકાલિન સંજોગોમાં, અહેવાલ માત્ર મૌખિક રીતે જ આપી શકાય અને પાછળથી લેખિત સમર્થન આપવું.

૧૩.૪.૫ મૌખિક અહેવાલ આપવાની અધિકતમ સમય-મર્યાદા, બનાવ બને ત્યારથી પંદર મિનિટની છે.

૧૩.૪.૬ ભારતીય વીજળી ગ્રિડ સંહિતામાં ઠરાવેલ કાર્યપદ્ધતિને ધોરણે બનાવની જાણ કરવા માટે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર જવાબદાર ગણાશે.

૧૩.૫ નોંધપાત્ર બનાવો :

૧૩.૫.૧ નોંધપાત્ર બનાવમાં જેની સંચાલનલક્ષી અસર હોય તેવા બનાવોનો સમાવેશ થાય છે, દા.ત.

(ક) પ્લાન્ટ અને અથવા ઉપકરણોનું હાથથી કે આપોઆપ ટ્રિપંગ થવું.

(ખ) વૈધાનિક મર્યાદા બહાર વોલટેજ.

(ગ) વૈધાનિક મર્યાદા બહાર વ્યવસ્થા-આવર્તન.

(ઘ) વ્યવસ્થાની અસ્થિરતા, અથવા

(ચ) વ્યવસ્થા પર વધુ પડતો બોજ.

૧૩.૫.૨ ઉપયોગકર્તા કોઈ બનાવનો અહેવાલ આપે ત્યારે, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર કે રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર તેની પ્રવાહન વ્યવસ્થા પર નોંધપાત્ર અસર થવાનું વિચારે ત્યાં, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર ઉપોગકર્તાને તે બનાવ અંગે લેખિતમાં એક દિવસની અંદર અહેવાલ આપવાનું જણાવી શકે.

૧૩.૫.૩ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર કોઈ બનાવની સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર અને ઉપયોગકર્તાને જાણ કરે ત્યાં, ઉપયોગકર્તા કે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર એમ વિચારે કે તે બનાવની ઉપયોગકર્તાની વ્યવસ્થા પર નોંધપાત્ર અસર પડી છે, તો, ઉપયોગકર્તા આ બનાવ અંગે એક દિવસમાં લેખિતમાં અહેવાલ આપવા પ્રવાહન પરવાનેદારને જણાવી શકે.

૧૩.૬ ચેતવણી (Worning) :

૧૩.૬.૧ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને, ખબર પડે કે સંપૂર્ણ વ્યવસ્થા સમગ્રતયા કે અંશતઃ વ્યાપક અને ગંભીર અવરોધ ઉભો થવાનું જોખમ છે ત્યારે તે, જેમને અસર થઈ શકે તેવા રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારને મૌખિક ચેતવણી ઈશ્યૂ કરશે અને ત્યારપછી લેખિત સમર્થન આપશે.

૧૩.૬.૨ પરંતુ પૂરતો સમય હોય તો, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર પાસે આવી માહિતી ઉપલભ્ય હોય તો, ઉપયોગકર્તા અને રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદારને મોકલાતી ચેતવણીમાં તેમને વાજબી જણાય તે મુજબ જોખમનું સ્વરૂપ, અપેક્ષિત અવરોધનું પ્રમાણ જેવી માહિતીનો સમાવેશ કરશે.

૧૩.૬.૩ આવી ચેતવણી મળતાં દરેક ઉપયોગકર્તા અને રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ પ્રવાહન પરવાનેદાર, તેના સંચાલન માટેના સ્ટાફને ચેતવણી આપવા જરૂરી પગલાં લેશે અને ચેતવણીના ગાળા દરમિયાન અપેક્ષિત અવરોધ/ખલેલ સામે વધુ સારી રીતે ટકી શકે તેવી સ્થિતિમાં તેના પ્લાન્ટ અને ઉપકરણોની જાણવણી કરશે.

૧૩.૬.૪ આવી ચેતવણી દ્વારા આવરી લીધેલા સમય દરમિયાન કાયમી સૂચિ અને રવાનગીને અસર પહોંચી શકે.

૧૩.૭ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર પાસેથી સંદેશા-વ્યવહાર વ્યવસ્થાનું નુકસાન :

૧૩.૭.૧ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરને સંદેશા-વ્યવહાર વ્યવસ્થાને નુકસાન પહોંચે તેવા પ્રસંગે ઉપરની જોગવાઈ લાગુ પાડવી નહીં, પરંતુ તેને બદલે નીચેની જોગવાઈ લાગુ પાડવી.

૧૩.૭.૨ દરેક વીજ-ઉત્પાદક મથક, સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા મોકલાવેલી છેલ્લી રવાનગી સૂચનાં અનુસાર સંચાલન ચાલુ રાખશે. પરંતુ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર પાસેથી નવી રવાનગી સૂચનાઓ મળે તેટલા સમય સુધી દેખરેખ-નિયમન આવર્તન દ્વારા ૫૦ Hz, વત્તા કે બાદ ૦.૫ના લક્ષ્યાંક કે વ્યવસ્થાના આવર્તનને જાળવી રાખવા તમામ શકય પ્રયત્નો કરશે.

૧૩.૮ મોટી નિષ્ફળતા/ભંગાણ :

૧૩.૮.૧ મોટું ભંગાણ થાય ત્યારે રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/પ્રવાહન પરવાનેદાર અને ઉપયોગકર્તાઓ સહકાર આપશે અને આવા ભંગાણના કારણની તપાસ કરી તે સ્થાપિત કરશે અને યોગ્ય ભલામણો રજૂ કરશે. રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ તપાસ અહેવાલ, ગ્રિડ સંહિતા પુનર્વિલોકન પેનલને રજૂ કરશે અને પેનલની ભલામણો સાથેનો અહેવાલ, બનાવના બે મહિનાની અંદર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને રજૂ કરશે.

૧૩.૯ અકસ્માતની જાણ કરવી :

૧૩.૯.૧ વીજ-ઉત્પાદન, પ્રવાહન અને પુરવઠા વિતરણ કે વીજળીના ઉપયોગ સંબંધમાં અથવા વીજળી-લાઈન કે કોઈ વ્યકિતના વીજળી પ્લાન્ટના કોઈ ભાગ સંબંધમાં કદલ અકસ્માત સર્જાય અને અકસ્માતના પરિણામે મનુષ્ય કે પ્રાણીની જિંદગીને નુકસાન પહોંચે કે નુકસાન થવાની શકયતા હોય અથવા માણસ કે પ્રાણીને ઈજા થાય અથવા તેમ થવાની શકયતા હોય તો તે અંગે વીજળી વ્યવસ્થા સલામતી ધોરણમાં ઠરાવેલ કાર્યપદ્ધતિ અનુસાર કામ હાથ ધરવું.

(૧૪) કલમ-૧૪

માહિતી નોંધણી

૧૪.૧ પ્રાસ્તાવિક :

૧૪.૧.૧ ગ્રિડ સંહિતાની વિવિધ કલમોમાં નિર્દિષ્ટ કરેલા જરૂરી સમયે, ઉપયોગકર્તાઓએ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને પૂરી પાડવી જરૂરી તમામ માહિતી, તથા રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમે ઉપયોગકર્તાને પૂરી પાડવી જરૂરી તમામ વિગતોની યાદી આ કલમમાં નિર્દિષ્ટ કરી છે. ગ્રિડ સંહિતાની આનુષાંગિક કલમોમાં, માહિતી રજૂ કરવાની જવાબદારી સમાવિષ્ટ કરી છે અને ઉપયોગકર્તાઓએ કયા સમયે માહિતી મોકલવી તે નિશ્ચિત કર્યું છે.

૧૪.૨ ઉદ્દેશ :

૧૪.૨.૧ આ કલમનો ઉદ્દેશ ઉપયોગકર્તાઓએ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને અને તેથી ઉલટું રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમે ઉપયોગકર્તાઓને મોકલવાની તમામ માહિતતીની યાદી અને ગ્રિડ સંહિતાનો અનુરૂપ તમામ કલમોની યાદી કરવાનો છે.

૧૪.૩ જવાબદારી :

૧૪.૩.૧ તમામ ઉપયોગકર્તાઓ ગ્રિડ સંહિતાની જોગવાઈઓ અનુસાર અદ્યતન માહિતી રજૂ કરવા જવાબદાર છે. તમામ ઉપયોગકર્તાઓ, માહિતી મોકલવા જવાબદાર વ્યકિતઓનાં નામ, સરનામાં અને ટેલિફોન નંબરો પૂરાં પાડશે. રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ તમામ ઉપયોગકર્તાઓને, માહિતી મેળવવા જવાબદાર વ્યકિતઓનાં નામ, સરનામાં અને ટેલિફોન નંબરની માહિતી મોકલશે.

૧૪.૩.૨ ગ્રિડ સંહિતાની પ્રસ્તુત કલમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ, ઉપયોગકર્તાઓને અદ્યતન માહિતી પૂરી પાડશે.

૧૪.૩.૩ આ માહિતીની સચ્ચાઈ માટેની જવાબદારી માહિતી પૂરી પાડનાર સંબંધિત ઉપયોગકર્તાઓની રહેશે.

૧૪.૪ નોંધવાની માહિતીની યાદી :

૧૪.૪.૧ વીજ-ઉત્પાદન કંપનીએ, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમો નીચેની માહિતી મોકલવી જરૂરી છે.

(ક) માહિતી આવશ્યકતાઓનું આયોજન - વીજ-ઉત્પાદન કલમ-૪ના ભાગ-૧ના જોડાણ "ક" અનુસાર.

(ખ) વીજ-ઉત્પાદન મથકોને લગતી સંચાલન આયોજન વિગતો કલમ-૪ના જોડાણ-ઘ અનુસાર.

(ગ) વીજ-ઉત્પાદન મથકોને લગતી વ્યવસ્થા-વિગતો વીજળી વ્યવસ્થા વહીવટ અને સંચાલન ધોરણો અંગેની પ્રવાહન કલમ અનુસાર.

૧૪.૪.૨ વિતરણ કંપનીઓએ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમોને નીચે મુજબની માહિતી મોકલવી જરૂરી છે.

(ક) વિતરણ માહિતી જરૂરિયાતોનું આયોજન- કલમ-૪ના ભાગ-૨ના જોડાણ-"ક" મુજબ.

(ખ) વિતરણને લગતી સંચાલન આયોજન વિગતો કલમ-૬ના જોડાણ-ઘ અનુસાર.

૧૪.૪.૩ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને સંબંધિતોને નીચેની માહિતી મોકલવી જરૂરી છે.

(ક) માહિતી આવશ્યકતાઓનું આયોજન પ્રવાહન વ્યવસ્થા - કલમ-૬ના જોડાણ-"ખ" અનુસાર.

(ખ) સ્થળ પરની જવાબદારીની અનુસૂચિ કલમ-૫ના જોડાણ-ગ અનુસાર.

૧૪.૫ માહિતી રજૂ કરવાની પદ્ધતિઓ :

૧૪.૫.૧ માહિતી અનુસૂચિઓની રચના એવી રીતે કરવી જોઈએ કે જેથી માહિતી-રજૂઆત માટે ધોરણસરના નમૂના તરીકે કામ આવે અને આ નમૂનાઓ લેખિતત માહિતી રજૂઆત માટે ઉપયોગમાં લેવા ધોરણસરના માહિતી નમૂના આપવામાં ન આવ્યા હોય ત્યાં સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરે, ઉપયોગકર્તાઓ સાથે ચર્ચા-વિચારણા કરીને આ નમૂનના વિકસાવવા જોઈએ.

૧૪.૫.૨ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને અથવા અન્ય પ્રવાહન પરવાનેદાર સહિત આવા બીજા વિભાગને રજૂ કરવાની તમામ માહિતી અંગે, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ ઉપયોગકર્તાઓને વખતો-વખત જાણ કરશે. માહિતીનો દરેક અનુસૂચિ રજૂ કરનાર વ્યકિતનું નામ દર્શાવાશે.

૧૪.૫.૩ ઉપયોગકર્તા અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/ પ્રવાહન પરવાનેદારો વચ્ચે કમ્પ્યૂટર સાથે માહિતી જોડાણ હોય ત્યાં, માહિતી આ જોડાણ દ્વારા મોકલી શકાશે. કાગળમાં પ્રસારણ માટે નિર્દિષ્ટ કરેલા નમૂનામાં જ માહિતી રહેશે, સિવાય કે વીજાણિક એન્કોડિંગ કે જેને માટે બીજો કોઈ નમૂનો વધુ યોગ્ય હોય. ઉપયોગકર્તા, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ/ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર/ પ્રવાહન પરવાનેદાર સાથે ચર્ચા-વિચારણા કરીને ઉપયોગમાં લેવાની પદ્ધતિ નિર્દિષ્ટ કરશે અને પ્રસારણ સમયે પ્રોટોકોલ, પ્રસારણ ઝડપ વગેરે જેવા પ્રશ્નોનો ઉકેલ આણશે.

INDEX

૧૪.૬ ઉપયોગકર્તાની માહિતીમાં ફેરફાર :

૧૪.૬.૧ લાઈસન્સ હેઠળ નોંધાયેલી માહિતીની કોઈ બાબતમાં ફેરફાર થયાને ઉપયોગકર્તાને જાણ થાય કે તરત તેને ફેરફારોની રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને જાણ કરવી. આવા ફેરફારોની માહિતી મળ્યેથી રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ, તે પ્રમાણે માહિતી-આધાર (ડેટા-બેઝમાં) તરત સુધારણા કરી લેશે. આ બાબત, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમે તેની પોતાની વ્યવસ્થા માટે સંકલિત કરેલી કોઈપણ માહિતી બાબતમાં લાગુ પડશે.

૧૪.૭ નહીં પૂરી પાડેલી માહિતી :

૧૪.૭.૧ ગ્રિડ સંહિતાની વ્યકિતગત કલમોમાં ઉલ્લેખ કરેલ અને ખંડ-૧૪.૪માં યાદીબદ્ધ માહિતી મોકલવી તમામ ઉપયોગકર્તાઓ માટે ફરજિયાત છે. કોઈ માહિતી ખૂટતી હોય અને ઉપયોગકર્તાએ ન મોકલી હોય તો, રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ વાજબી લાગે તે પ્રમાણે કાર્યવાહી કરશે. જરૂર પડે તેમ અને ત્યારે, તે પરિસ્થિતિની તાકીદ પર આધાર રાખીને આવી માહિતીનો અંદાજ કાઢી શકશે. તે જ પ્રમાણે કોઈ માહિતી ખૂટતી હોય અને રાજ્ય પ્રવાહન એકમે પૂરી પાડી ન હોય તો, સંબંધિત ઉપયોગકર્તા વાજબી લાગે તે પ્રમાણે કાર્યવાહી કરશે. જરૂર પડે તેમ અને ત્યારે તે, પરિસ્થિતિની તાકીદ પર આધાર રાખીને આવી માહિતીનો અંદાજ કાઢી શકશે. આવા અંદાજ, આવાજ પ્લાન્ટ કે ઉપકરણો માટેની અનુરૂપ માહિતી પર અથવા યથાપ્રસંગ ઉપયોગકર્તા કે રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમને યોગ્ય જણાય તેવી બીજી માહિતી પર આધારિત રહેશે.

૧૪.૮ ખાસ વિચારણા :

૧૪.૮.૧ રાજ્ય પ્રવાહન ઉપયોગ એકમ, કોઈપણ સમયે, જરૂરી જણાય તે મુજબ વધારાની માહિતી માટે યોગ્ય વિનંતી કરી શકશે.

(૧૫) જોડાણ-૧

પ્રવાહન વ્યવસ્થા આયોજન અને સુરક્ષા-ધોરણ

૧.૦ પ્રાસ્તાવિક :

૧.૧ પ્રવાહન વ્યવસ્થા આયોજન અને સુરક્ષા ધોરણમાં ગુજરાત રાજ્યમાં પ્રવાહન વ્યવસ્થાના આયોજન અને વિસ્તરણ અંગેની માર્ગદર્શક સૂચનાઓ ઘડવામાં આવી છે. આ ધોરણના કાર્યક્ષેત્રમાં નીચેની બાબતો આવરી લેવાઈ છે.

(ક) વ્યવસ્થાનો અભ્યાસ.

(ખ) વ્યવસ્થની વિગતોની આકારણી.

(ગ) વીજ-ઉત્પાદન પ્રાપ્યતાની આકારણી.

(ઘ) આયોજન માપદંડ.

(ચ) નિર્દિષ્ટ પ્રમાણમાં વિશ્વાસનીયતા જાળવી રાખવા જરૂરી સુરક્ષા સ્થિતિ.

(છ) પેટા-મથકના આયોજન માટેનો માપદંડ.

(જ) જરૂરી પ્રતિક્રિયાત્મક વીજળી-ક્ષતિપૂર્તિનું આયોજન.

૨.૦ પ્રવાહન આયોજન :

૨.૧ લાંબા અને ટૂંકા ગાળાની ભાવિલક્ષી યોજનામાં, જુદા-જુદા વીજ-ઉત્પાદન મથકોએથી તેની માલિકીને લક્ષમાં લીધા વિના, વીજળીને ખાલી કરીને અને વિશ્વસનીયતા, સલામતી અને કરકસર સાથેની ઈષ્ટતમ આયોજિત પ્રવાહન વ્યવસથા પરના હિનાધિકારીઓને વીજળી પહોંચાડવાના સમન્વિત અભિગમને આવરી લેવામાં આવ્યો છે. ગુજરાતમાં વીજળી-વ્યવસ્થાનું આયોજન એવી રીતે કરવાનું છે કે જેથી, તમામ વીજળી ઉત્પાદન મથકોમાંથી મળતી વીજળી, વેસ્ટર્ન ગ્રિડ અને કેન્દ્રિય ક્ષેત્રનાં વીજ-ઉત્પાદન મથકોનો હિસ્સો જુદા-જુદા હિતાધિકારીઓને, તેમના ફાળવેલા હિસ્સા મુજબ, યોગ્ય રીતે સારા વોલ્ટેજ પ્રોફાઈલ, સ્થિરતાની સ્થિતિ અને અનાવશ્યકતાના માપદંડો જાળવીને વિના અવરોધ પ્રસારીત કરી શકાય.

૨.૨ પ્રવાહન આયોજન એવી રીતે વિકસાવવું જોઈએ કે જેથી વેસ્ટર્ન રિજિયન માટે એક સંકલિત વીજ-વ્યવસ્થા ઉભી કરી શકાય અને અંતે રાષ્ટ્રીય ગ્રિડમાં, ઉપલભ્ય વીજળીના ઈષ્ટતમ ઉપયોગ સાથે નોંધપાત્ર આંતર-પ્રાદેશિક તબદીલીઓ સિદ્ધ કરી શકાય. પ્રવાહન આયોજનથી, હિતાધિકારીઓને સ્વીકૃત માત્રામાં વિશ્વસનીયતા અને વાજબી ખર્ચ સાથે ઉંચા ધોરણનો પુરવઠો પણ પૂરો પડાશે. આ માપદંડ એવો હોવો જોઈએ કે, સુરક્ષા ધોરણો અંગે વિચારાયેલ નિર્દિષ્ટ અનુપયોગના સમયગાળાની સ્થિતિની અંદર પણ વીજપ્રવાહને અસર પહોંચે નહીં. પ્રવાહન આયોજનમાં લાંબાગાળાની ભાવિ વીજ-ભાર વૃદ્ધિને લક્ષમાં રાખવી અને પેટા-મથકોનું આયોજન એવી રીતે કરવું કે ઓછામાં ઓછા અવરોધ અને સુધારા સાથે, જરૂરી જણાય ત્યારે તેની કક્ષા ઉંચી લઈ જઈ શકાય.

INDEX

૨.૩ માગ-સૂચિ, પ્રાપ્તિ સમય અને ગોઠવણ-સમયમાં ઘટાડો કરવા, પરવાનેદાર, પ્રવાહન લાઈન ટાવર, પેટા-મથકોની સંરચના, પેટા-મથકની પ્રકાશ-વ્યવસ્થા, નિયંત્રક ખંડની પ્રકાશ વ્યવસ્થા અને હવાની અવર-જવર, પેટા-મથકે અર્થિંગ વગેરે માટે ધોરણસરની ડિઝાઈન અને લાઈનનો માલસામાન, ટ્રાન્સફોર્મરો, પેટા-મથકની સાધનસામગ્રી કેબલ, બસ-બાર સહાયક સામગ્રી, વિસંવાહકો (ઈન્સ્યૂલેટરો), હાર્ડવેર, વીજળી રોધકો વગેરે માટે ધોરણસરની વિશિષ્ટ વિગતો અપનાવશે.

૨.૪ નવા વીજ-ઉત્પાદન અને પ્રવાહન ખર્ચ વચ્ચેના ટ્રેડ-ઓફને આધીન રહીને તમામ કરકસરયુકત ઉર્જા/ક્ષમતાના આંતર-ફેરફાર વિચારણામાં લઈને આર્થિક રીતે સુગમ હોય ત્યાં, ગુજરાત ગ્રિડમાં તેમજ આંતર-રાજ્ય ગ્રિડની વચ્ચે પૂરતાં પ્રવાહન જોડાણો પૂરાં પાડવાની શકયતા વિચારવાની રહે છે. નવી પ્રવાહન લાઈનો બાંધવા માટે આર્થિક રીતે પરવડી શકે અને / અથવા કોરિડોર નિયંત્રણો અસ્તિત્વમાં હોય ત્યાં થાયરિસ્ટર આધારીત નિયંત્રણો, એચવીડીસી (ઉંચા વોલ્ટેજના એકદિશ પ્રવાહ), ઝડપી નિયંત્રણપાત્ર ફેઝ શિફ્ટર, વગેરે પર આધારીત આધુનિક ફેરવી શકાય તેવા વાયુશીત પ્રવાહન વ્યવસ્થા (FACTS) પણ વિચારણામાં લેવી જોઈએ.

૩.૦ **વ્યવસ્થા અભ્યાસ :**

૩.૧ હાલની સ્થિતિ અને વીજ-ભાર મોજણીનો વિગતવાર અભ્યાસ કર્યા પછી જાહેર કરેલ વોલ્ટેજની મર્યાદા અને ૫૦ Hz સ્વીકૃત આવર્તન તથા ભાવિ વીજ-ભાર વિકાસની અંદર રહીને એકધારી સ્થિતિએ વિવિધ પેટા-મથકોમાંથી વીજભારનો કયાસ કાઢવાનો છે. ટોચની વીજ-ઉત્પાદન ક્ષમતા મેળવવા પ્રવાહન ઘરના વાજબી અંદાજ પણ સમાવિષ્ટ કરવાના રહેશે. નીચેના વીજ-વ્યવસ્થા અભ્યાસ પર આધારિત વ્યવસ્થા વધુ વિકસાવવાની છે.

(ક) વીજભાર પ્રવાહ
(ખ) વિવિધ સ્થિતિ માટે ઈષ્ટતમ વીજ-પ્રવાહ
(ગ) ટૂંકો પરિપથ
(ઘ) વ્યવસ્થાની સ્થિરતા - સ્થિર સ્થિતિ
(ચ) વ્યવસ્થાની સ્થિરતા - ક્ષણિક
(છ) સ્વિચિંગ / હંગામી ઓવર-વોલ્ટેજ નકકી કરવા અભ્યાસ
(જ) જરૂરી પડે તેમ બીજો અભ્યાસ

૩.૨ આ અભ્યાસ માટે યોગ્ય કમ્પ્યુટર કાર્યક્રમ જરૂરી છે. યોગ્ય સ્થળે આવેલ તમામ વીજ-ઉત્પાદન અને વીજભાર બસો સાથે પ્રસ્તુત વર્ષ માટે સિસ્ટમ નેટવર્ક/વ્યવસ્થા જાળગૂંથણી પર આધારિત ચોકસ લાઈનો, પેટા-મથકો, ચાલુ પેટા-મથકોમાં વધારાના ટ્રાન્સફોર્મરો વગેરે ચાલુ કરવાના સંભવિત વર્ષનો કયાસ કાઢીને યોજનાની મુદતના દરેક વર્ષ માટે વીજ-ઉત્પાદન, પ્રવાહન અને વીજભારના ગાણિતીક નમૂના અલગ રીતે તૈયાર કરવા ૪૦૦ કે.વી. અને ૨૨૦ કે.વી.ની સપાટીએ પડોશના રાજ્યોમાં થઈને જતાં પશ્ચિમી ગ્રિડ સાથેનાં આંતર-જોડાણો સામાવિષ્ટ કરવાનાં રહેશે. જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેઝ પોઈન્ટો આગળની ફોલ્ટ/ભૂલ ધ્યાનમાં લઈને યોગ્ય સમકક્ષ પરિપથ નમૂનાનો ઉપયોગ કરવો. MW અને MVA આયાત/નિકાસની વાસ્તવિક સ્થિતિ દર્શાવવા પડોશી જાળગૂંથણીના નોંધપાત્ર અને જરૂરી ભાગો દર્શાવીને આંતર-જોડાણ બસોના નમૂના બનાવાશે. ટોચના વીજભાર અને ન્યૂનતમ વીજભાર સ્થિતિ માટે અભ્યાસ હાથ ધરવામાં આવશે.

૪.૧ **વ્યવસ્થા/ સિસ્ટમની વિગતો :**

૪.૧ વીજભારનો વાજબી ચોકકસ વરતારો કાઢવા અને અભ્યાસ હાથ ધરવા વ્યવસ્થા વિગતોનું સંકલન કરીને તેને અદ્યતન બનાવવી જરૂરી છે. આધાર-કેસ ઉભો કરવા અને નમૂનાનું મૂલ્યાંકન કરવા હાલની વ્યવસ્થાની યોગ્ય રજૂઆત સાથે આયોજન અભ્યાસ શરૂ કરવો. હાલની વ્યવસ્થા માટે મેળવેલ પરિણામોની, પેટા-મથકો અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર ખાતેના મીટર-વાચન, નોંધેલી વિગતો, સાથે તેના એકદમ નજદીકના મેળ માટે ખરાઈ કરવી વ્યવસ્થાની પારમિતિઓ અદ્યતન બનાવવાની રહે છે, અને તેમાં સાચી લાઈનોની લંબાઈની મોજણી અને કંડકટર રૂપરેખા દ્વારા અથવા ખાસ કરીને શકય હોય ત્યાં અને ત્યારે લાઈનના ઈમ્પીડન્સ (પ્રત્યાવર્તી પ્રવાહના સંપૂર્ણ સંરોધ) મૂલ્યોનો સીધા માપન દ્વારા આ વ્યવસ્થામાં સુધારા-વધારા કરાય ત્યારે સાચી માહિતીનો અદ્યતન સમાવેશ કરવાનો હોય છે. આયોજન ધોરણો અને સંચાલન ધોરણો બંને માટે વ્યવસ્થાની તમામ વિગતો સરખી રહેશે. વીજભાર 220 kv, 132 kv અને 66 kv બસે નમૂનારૂપ બનશે. વાર્ષિક ન્યૂનતમ વીજભાર, આધાર વર્ષમાં પ્રવર્તમાન ટોચની વાર્ષિક માગની ટકાવારી તરીકે વાર્ષિક ન્યૂનતમ વીજભાર લેવો.

૫.૦ વીજ-ઉત્પાદન :

૫.૧ વિવિધ વીજ-ઉત્પાદન મથકોની ટોચની વીજ-ભાર પરિસ્થિતિ, વિવિધ વીજ-ઉત્પાદન મિશ્રણો માટે, કે જેનું પરિણામ ઈષ્ટતમ સરેરાશ ખર્ચમાં આવે તે નકકી કરવા, જરૂરી સંખ્યામાં વીજ-ભાર પ્રવાહ અભ્યાસ હાથ ધરાશે, અથવા તે નકકી કરવા માટે સુવિકસિત કમ્પ્યૂટર પ્રોગ્રામ પેકેજનો ઉપયોગ કરશે. ન્યૂનતમ વીજ-ભાર પરિસ્થિતિ માટે, સૌથી વધુ કરકસરયુકત વીજ-ઉત્પાદન સાથે જોડાણ કરીને "ચાલુ જ રહેવું જોઈશે" (mustrun) તે જનિત્ર (જનરેટર)નો ઉપયોગ કરવો. સંપૂર્ણ બંધ મોટા વીજ-ઉત્પાદન મથકને અનુરૂપ સંવેદનશીલતાના પૃથકકરણ હેતુ માટે વીજ-ઉત્પાદન રવાનગી, તે મથકોએ અધિકતમ સંભવિત પ્રાપ્યતા, વીજળીનું ખર્ચ, વગેરે લક્ષમાં રાખીને શકય તેટલા પ્રમાણમાં બીજા મથકોએ વીજ-ઉત્પાદન વધારીને, ગણી કાઢવામાં આવશે. પ્રવાહન નિયંત્રણો યોગ્ય રીતે હાથ ધરવાનાં રહેશે. આયોજિત પ્રવાહન વ્યવસ્થામાં સુરક્ષા ધોરણોમાં નિર્દિષ્ટ વિવિધ અનુપયોગની સ્થિતિ હેઠળ પણ વીજળી પ્રસારિત કરવા જરૂરી પર્યાપ્ત જાળવગૂંથણી વિચારણામાં લેવાશે. સુરક્ષા ધોરણોમાં માંગ્યા પ્રમાણે રાબેતા મુજબની આકસ્મિકતાની સ્થિત માટે અભ્યાસનું પુનરાવર્તન કરાશે.

૬.૦ આયોજન માપદંડ :

૬.૧ નીચે દર્શાવ્યા મુજબ, ખાસ કરીને એકધારી સ્થિતિમાં વોલ્ટેજ મર્યાદા અને અનુપયોગનો સામનો કરવા સુરક્ષા ધોરણો સંબંધમાં સુધારાઓ સાથે મધ્યસ્થ વીજળી સત્તાતંત્રનો (LEA) "પ્રવાહન આયોજન માપદંડ અંગે નિયમસંગ્રહ" આપનાવશે.

૬.૨ પ્રવાહનનું આયોજન એવી રીતે કરાશે કે જેથી નીચે દર્શાવ્યા મુજબની મર્યાદની અંદર એકધારૂં વોલ્ટેજ જળવાઈ રહે.

સાધારણ વ્યવસ્થા વોલ્ટેજ kv-rms	અધિકતમ kv-rms	ન્યૂનતમ kv-rms
૬૬	૭૨.૫	૬૦
૧૩૨	૧૪૫	૧૨૦
૨૨૦	૨૪૫	૨૦૦
૪૦૦	૪૨૦	૩૬૦

૬.૩ **લાઈન પર વીજભાર મર્યાદા :**

લાઈન પર વીજભારની પરવાનગીપાત્ર મર્યાદા, મધ્યસ્થ વીજળી સત્તાતંત્રના "પ્રવાહન આયોજન માપદંડ અંગેના નિયમસંગ્રહ"ની સાથે સુસંગત રહેશે. લાઈન પર વધુ વીજભાર અને ઓછો વીજભાર તે પ્રમાણે નકકી કરશે.

૬.૪ **પ્રવાહન જાળગૂંથણી સંગીન બનાવવાના વિકલ્પો :**

(ક) હાલની વ્યવસ્થાનો વધુ વીજભાર નિવારવા નવી પ્રવાહન લાઈનોનો ઉમેરો (બે પેટા-મથકો વચ્ચે સમાન વોલ્ટેજ વર્ગના ત્રણ કે વધુ પરિપથોની વિચારણા કરાય ત્યાં બીજા ઉંચા પ્રવાહન વોલ્ટેજની વિચારણા કરી શકાય)

(ખ) હાલની પ્રવાહન લાઈનોની કક્ષા ઉંચી લઈ જવી, જેમ કે ટાવરની ડિઝાઈન પ્રમાણે તેમ કરી શકાય તેમ હોય તો ઉંચા વોલ્ટેજે ફેરફાર કરવાનું સુગમ બનાવવા વિસંવાહિત ક્રોસ-આર્મ સુધી કંડકટર સપોટ અને અથવા સ્વિચની ઉંચાઈ વધારવી.

(ગ) ઉંચા કદના કંડકટરો અથવા તમામ એલ્યુમિનિયમ મિશ્ર ધાતુના કંડકટરો સાથે હાલની પ્રવાહન લાઈન પર (રિકન્ડકટરિંગ) કંડકટરની નવેસર ગોઠવણ.

(ઘ) પસંદગીનો આધાર ખર્ચ, વિશ્વસનીયતા, માર્ગના હકની આવશ્યકતા, ઉર્જા-ઘટ, ડાઉન-ટાઈમ વગેરે પર રહેશે.

૬.૫ માર્ગ-હકની સમસ્યાઓ ન ઉભી થાય તે રીતે ભવિષ્યમાં વિસ્તરણ કરી શકાય તે સારૂ, ટેકનિકલ દષ્ટિએ શકય હોય ત્યાં બેવડા પરિપથ ટાવર સાથે તમામ એક પરિપથ લાઈનોનું આયોજન કરવું.

૭.૦ સુરક્ષા ધોરણો :

૭.૧ એકધારી સ્થિરતા

વ્યવસ્થાનું આયોજન એવી રીતે કરવું કે જેથી ઓછામાં ઓછી નીચે દર્શાવેલ કોઈપણ એક અનુપયોગની સ્થિતિમાં, વીજળી ઉત્પાદન મથકો ખાતે કોઈપણ વીજ-ભાર શેડિંગ કે ફેરફાર વિના સંતોષકારક રીતે સામનો કરી શકાય.

(ક) એકદિશ વીજપ્રવાહ પ્રસારણ લાઈનમાં કોઈપણ ટાવરનો અનુપયોગ.

(ખ) ૬૬ kv અથવા ૧૩૨ kv અથવા ૨૨૦ kv લાઈનોના બે પરિપથ.

(ગ) ૪૦૦ kv લાઈનનો એક પરિપથ.

(ઘ) એક આંતર-જોડાણવાળું ટ્રાન્સફોર્મર.

(ચ) એક સૌથી વધુ ક્ષમતાનું વીજધારિત્ર.

(છ) પડોશની ગ્રિડ સાથે એક આંતર-જોડણવાળી લાઈન.

અન્ય કેરિડોરમાં બીજી ૨૦૦ kv બેવડી પરિપથ લાઈન અથવા ૪૦૦ kvની એકવડી પરિપથ લાઈનના પૂર્વ-આકસ્મિકતા વ્યવસ્થામાં ઘટાડા (આયોજિત અનુપયોગ)ની અને એ જ પેટા-મથકેથી ઉત્પાદન ન થતું હોવાની ધારણા કરીને ઉપરની આકસ્મિકતાની વિચારણા કરવી. તમામ વીજ-ઉત્પાદન મથકોનું સંચાલન, તેમના પ્રતિક્રિયાત્મક ક્ષમતા વળાંક આલેખ અનુસાર મર્યાદાની અંદર થશે અને જાળગૂંથણી વોલ્ટેજ પ્રોફાઈલની પણ નિર્દિષ્ટ વોલ્ટેજ મર્યાદાની અંદર જાળવણી કરવી.

૭.૨ ટ્રેનઝિઅન્ટ/ક્ષણિક સ્થિરતા

વ્યવસ્થાની ડિઝાઈન એવી રીતે કરવી કે જેથી નીચેના અવરોધો હેઠળ સમકાલિકતા અને વ્યવસ્થાની સંપૂર્ણતા જળવાઈ રહે.

(ક) વેસ્ટર્ન ગ્રિડમાં અથવા પડોશના ગ્રિડ સાથેના જોડાણમાં સૌથી મોટા કદના જનિત્રનો અનુપયોગ ગાળો.

(ખ) (૧) ૪૦૦ kv લાઈન પર ભૂમિ પરની ખાલી (ફોલ્ટ) સુધી એકવડી લાઈન, ખામીભરી લાઈનના ૩ વીજ છેડાના ઓપનિંગ (૫) સાઈકલ) પછી ફરીથી બંધ કરવામાં નિષ્ફળતા (૧ સેકંડનો નિષ્ક્રિય ગાળો) સાથે ખામી ભર્યો ફેઝના એકવડા વીજછેડાનું ઓપનિંગ.

(૨) ૪૦૦ kv D/C લાઈન

૨(અ) બન્ને પરિપથો ચાલુ હોય ત્યારે, વ્યવસ્થા, ખામીભર્યા પરિપથના ત્રણ વીજછેડાવાળા ઓપનિંગ (૧૦૦ મી.સેકંડ) પછી આવતી પરિપથ પૈકી એક પરની કાયમી ખામીનો સામનો કરી શકશે.

૨(બ) એક પરિપથ જાળવણી/અનુપયોગ હેઠળ હોય ત્યારે, વ્યવસ્થા, સર્વિસમાંના પરિપથ પરની ક્ષણિક ખામીનો સામનો કરી શકશે.

(ગ) ત્રણ-વીજછેડાનું ઓપનિંગ ધારી લઈને, ૨૨૦ kv અથવા ૧૩૨ kv પર અથવા ૬૬ kvની લાઈન પર ૮ સાઈકલના સમયગાળા સાથે કાયમી ૩ ફેઝની ખામી.

(ઘ) રેડિયલ લાઈનો માટે ફોલ્ટ/ખામી અંગે કોઈ સ્થિરતા અભ્યાસ કરવાની જરૂર નથી.

૮.૦ પેટા-મથક આયોજન માપદંડ

૮.૧ ચોકક્સ જથ્થામાં વીજભારને પહોંચી વળવા, જરૂરી પેટા-મથકોની સંખ્યા વોલ્ટેજ સપાટીની પસંદગી, MVA ક્ષમતા અને પરવાનગીપાત્ર ફીડરોની સંખ્યા વગેરે પર આધાર રાખે છે. આયોજિત/પરાણે કરાયેલ અનુપયોગની આકસ્મિકતાની સંભાળ રાખવાનું આયોજન કરવા EHT ટ્રાન્સફોર્મરો, આંતર જોડાણવાળાં ટ્રાન્સફોર્મરોની સંખ્યા પણ વિચારણામાં લેવાશે.

વ્યવસ્થા-તંત્રમાં વૃદ્ધિ થાય તે પ્રમાણે ટૂંકા પરિપથની સપાટીમાં થતા વધારાની કાળજી રાખવા, પરિપથ-બ્રેકરની રચ્યરિંગ ક્ષમતામાં ૨૦ ટકાનો ગાળો રાખવાનો રહેશે. નીચેના માપદંડો અપનાવી શકાય.

(ક) જુદા-જુદા વોલ્ટેજ સ્તરોએ કોઈપણ એક પેટા-મથકની ક્ષમતા સામાન્ય રીતે દર્શાવેલ કરતાં વધવી જોઈએ નહીં.

૪૦૦ કે.વી.	૧૦૦૦ એમવીએ
૨૨૦ કે.વી.	૩૨૦ એમવીએ
૧૩૨ કે.વી.	૧૫૦ એમવીએ
૬૬ કે.વી.	૮૦ એમવીએ

(ખ) આંતર-જોડાણમાં ટ્રાન્સફોર્મરોનાં કદ અને સંખ્યાનું આયોજન એવી રીતે કરવું કે જેથી કોઈપણ એકલા એકમના અનુપયોગથી બાકીના આંતર જોડાણવાળા ટ્રાન્સફોર્મરો કે સપાટીની નીચેની વ્યવસ્થા પર વધુ પડતો વીજ-ભાર ન આવે.

(ગ) HT/EHT ટ્રાન્સફોર્મરોનાં કદ અને સંખ્યાનું આયોજન એવી રીતે કરવું કે જેથી કોઈ એકલા એકમના અનુપયોગને પ્રસંગે, બાકીના HT/EHT ટ્રાન્સફોર્મરો હજુ પણ ૮૦% વીજભાર પૂરો પાડી શકે. ઉપલભ્ય ટ્રાન્સફોર્મરોની ક્ષમતા કરતાં વધુ વીજભાર નજીકનાં પેટા-મથકો પર તબદીલ કરીને તેમના જોડાણથી આ સિદ્ધ કરી શકાશે.

(ઘ) કોઈપણ પેટા-મથકમાં પરિપથ બ્રેકરની નિર્ધારિત રચ્યિંગ ક્ષમતા, પેટા-મથકોના અધિકતમ ફોલ્ટ સપાટીના ૧૨૦% કરતાં ઓછી હોવી જોઈએ નહીં.

INDEX

(વ્યવસ્થામાં વૃદ્ધિ થાય તેમ ટૂંકા પરિપથની સપાટીમાં થતા વધારાની કાળજી રાખવા ૨૦% નો ગાળો અપેક્ષિત છે.) જુદી-જુદી વોલ્ટેજ સપાટીએ સ્વિચગિયરની ન્યૂનતમ નિર્ધારિત રચ્યરિંગ ક્ષમતા અને સમય-ગાળો નીચે મુજબ રહે છે.

૬૬ કે.વી.	૨૫ કે.એ.	૧ કે ૩ સેકંડ * માટે
૧૩૨ કે.વી.	૩૧.૫ કે.એ.	૧ કે ૩ સેકંડ * માટે
૨૦૦ કે.વી.	૪૦ કે.એ.	૧ કે ૩* સેકંડ માટે
૪૦૦ કે.વી.	૪૦ કે.એ.	૧ કે ૩* સેકંડ માટે

* - ૧ કે ૩ સેકંડ - ફોલ્ટના/ખામીના સ્તર પ્રમાણે સમયગાળો નકકી કરી શકાય.

૯.૦ **પ્રતિક્રિયાત્મક ક્ષતિપૂર્તિ** (Reactive Compensation):

૯.૧ **શન્ટ વીજધારિત્રો**

શન્ટ વીજધારિત્રો, ખાસ કરીને, વીજ-ભર કેન્દ્રો ખાતે ૨૨ કે.વી. અને ૧૧ કે.વી. એ સ્થાપિત કરાશે. વીજભાર કેન્દ્ર ખાતે એમ કરવું શકય ન હોય તો, વીજભાર પોઈન્ટની નજદીકમાં વીજભારની પ્રતિક્રિયાત્મક વીજ જરૂરિયાતને પહોંચી વળવા, ૬૬/૧૩૨ કે.વી. વ્યવસ્થામાં પ્રતિક્રિયાત્મક ક્ષતિપૂર્તિની જોગવાઈ કરવી.

૯.૨ શન્ટ પ્રતિક્રિયકો (Shunt Reactors)

નિર્દિષ્ટ મર્યાદાની અંદર નિયંત્રક વોલ્ટેજ માટે ૪૦૦ કે.વી. પેટા મથકો ખાતે સ્વિચની સગવડવાળા શન્ટ પ્રતિક્રિયકો પૂરા પાડવાં. સ્ટેપના ફેરફારની ૫% કરતાં વધુ વોલ્ટેજ ફેરફાર થવો જોઈએ નહીં. નિર્દિષ્ટ વોલ્ટેજ-મર્યાદા વટાવ્યા વિના ૪૦૦ કે.વી. લાઈનો ચાર્જિંગ કરી શકાય તે સારું યોગ્ય લાઈન પ્રતિક્રિયા (ફેરફારપાત્ર/ જડેલા) પૂરાં પાડવાં.

વોલ્ટેજ પર સ્વિચિંગ ઘટાડવા અને ખામીપૂર્ણ વીજપ્રવાહ મર્યાદિત કરવા ઉંચા વોલ્ટેજની સપાટીએ લાંબી લાઈન માટે લાઈન પ્રતિક્રિયકો ગોઠવવાં.

(૧૬) જોડાણ-૨

મીટરીંગ અને રક્ષણનાં ધોરણો

૧.૦ પ્રાસ્તાવિક :

૧.૧ આ ધોરણ નીચેના માટે માર્ગદર્શક સૂચનાઓ પૂરી પાડે છે :

(ક) ઉપયોગકર્તાએ, વીજ-ઉત્પાદન મથકો, સ્વિચિંગ મથકો, પેટા-મથકો તેમજ સીમા-પારના પરિપથો સહિત જોડાણ પોઈન્ટો/ ઈન્ટરફેઝ પોઈન્ટો આગળ વાણિજિયક અને સંચાલકનલક્ષી હેતુસર મીટરીંગની ન્યૂનતમ જરૂરિયાત પૂરી પાડવી.

(ખ) ઉભી થતી ખામીઓ સામે વ્યવસ્થાને સુરક્ષિત રાખવા ન્યૂનતમ રક્ષણની જરૂરિયાત પૂરી પાડવી.

૨.૦ મીટર-વ્યવસ્થા જરૂરિયાતો :

૨. વીજ-ઉત્પાદન મથકે સંચાલનલક્ષી મીટરીંગ

૨.૧ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, નીચેની બાબતો સંબંધમાં દરેક વીજ-ઉત્પાદન મથકે દરેક વીજ-ઉત્પાદન એકમ સંબંધમાં વાસ્તવિક સમય અને રેકર્ડિંગના એમ બંને હેતુસર સંચાલનલક્ષી માહિતી પૂરી પાડી શકાય તે સારુ વીજ-ઉત્પાદન કંપનીઓએ, પરવાનેદારોની વિશિષ્ટ વિગતો પ્રમાણે સંચાલનલક્ષી મીટરીંગની ગોઠવણ કરવી.

(ક) બસ વોલ્ટેજ

(ખ) આવર્તન

(ગ) MW

(ઘ) AVAr

(ચ) પરવાનેદાર અને વીજ-ઉત્પાદન કંપનીની વચ્ચે સમજૂતિ કરાયેલી બીજી કોઈપણ વિગતો

INDEX

૨.૨ સંચાલનલક્ષી મીટીરંગ સાથેના જોડાણમાં વપરાતાં તમામ ઈન્સ્ટ્રુમેન્ટ ટ્રાન્સફોર્મરો ૦.૨ના ચોકસાઈપૂર્ણ વર્ગના હોવા જોઈશે, સિવાયકે, હાલના CT/PT કે જે ૦.૫ વર્ગના હોય તેમનો ઉપયોગ ચાલુ રાખવો. આ તાંબા તાર અને મીટરોનો બોજ પહોંચી વળે તેવા યોગ્ય રેટિંગના અને ભારતીય વીજળી આયોગ કે ભારતીય માનકની પ્રસ્તુત વિશિષ્ટ વિગતોને અનુરૂપ હોવા જોઈએ.

૨.૩ પ્રવાહન પરવાનેદાર/વિતરણ પરવાનેદાર અને વીજ-ઉત્પાદન કંપની વચ્ચે નકકી થયેલી મર્યાદા પ્રમાણે સંચાલનલક્ષી મીટરોની એકંદરે ચોકસાઈ પ્રાપ્ત કરવા તમામ મીટરો પર અંકન કરવું. સંદર્ભ માટે અંકનનો રેકર્ડ રાખવો અને વિનંતી કર્યેથી, પરવાનેદારને આપવો. ૬ મહિનામાં ઓછામાં ઓછું એક વખત સંયુકત સ્થળનું પરીક્ષણ કરવું.

૩.૦ પ્રવાહન વ્યવસ્થા અંગે સંચાલનલક્ષી મીટરીંગ

૩.૧ પ્રવાહન પરવાનેદારે, નીચે મજુબ દરેક પેટા-મથકે વાસ્તવિક સમય અને રેકર્ડિંગના હેતુસર બંને માટે સંચાલનક્ષી મીટરીંગની ગોઠવણ કરવી.

(ક) મથક બસ બાર માટે
  (૧) બસ વોલ્ટેજ
  (૨) આવર્તન

(ખ) બહાર જતી/અંદર આવતી લાઈનો, વીજ ટ્રાન્સફોર્મરો, સહાયક ટ્રાન્સફોર્મરો અને ક્ષતિપૂર્તિવાળાં સાધનો :
  (૧) MW
  (૨) MVAr
  (૩) વીજળી ઘટક
  (૪) વીજળી પ્રવાહ

૪.૦ દેખરેખ નિયંત્રણ અને વિગત સંપાદન (SCAOA)

૪.૧ પ્રવાહન પરવાનેદારે, સંચાલનલક્ષી મીટર-વ્યવસ્થાની વિગતોના સંગ્રહ, નિદર્શન અને પ્રકિયા માટે દેખરેખ નિયંત્રણ અને વિગત-સંપાદન અન્વયે સંચાલનલક્ષી મીટરની વિગત એકત્રિકરણ વ્યવસ્થા ગોઠવશે.

૪.૨ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર વિગત એકત્રિકરણ, સંગ્રહ અને પ્રદર્શન કેન્દ્ર રહેશે.

૫.૦ પ્રશુલ્ક - મીટરીંગ

૫.૧ ખુલ્લા પ્રવેશ જોગવાઈઓનો ઉપયોગ કરવા માંગતી વીજઉત્પાદન કંપનીઓ, કેપ્ટિવ પાવર પ્લાન્ટ, પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારો તથા વધારાના ઉંચા વોલ્ટેજના ગ્રાહકોને ખંડ-૫.૮માં દર્શાવ્યા મુજબ પારમિતિઓ નોંધવા આંતર-ઉપયોગના વિનિમય પોઈન્ટો આગળ પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક (Availability Based Tariff) માટે યોગ્ય મીટરો ગોઠવવાની જરૂર પડશે.

૫.૨ વીજ-ઉત્પાદન મથકોમાં સહાયક ટ્રાન્સફોર્મરોને નીચેના મીટરો પૂરાં પાડવામાં આવશે.

(ક) (MW)
(ખ) વીજપ્રવાહ
(ગ) વોલ્ટેજ
(ઘ) સક્રિય (Active)
(ચ) ઉર્જા/શકિત

૫.૩ વીજ-ઉત્પાદન કંપનીઓ, પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારો વચ્ચે, નિકાસ થતી કે આયાત થતી વીજળી નકકી કરવા સાથે જોડાયેલા દરેક મીટરીંગ પોઈન્ટ, સીટી, પીટીના અલગ મધ્યભાગ પર મુખ્ય અને તપાસણી મીટર બંનેની વચ્ચે પૂરાં પાડવા. આ મીટરો માટે ચોકસાઈનું ન્યૂનતમ ધોરણ ચોકસાઈ વર્ગ ૦.૨ રહેશે. હાલની મીટરીંગ વ્યવસ્થાની કક્ષા ઉંચે ૦.૨ વર્ગ સુધી જવાની જરૂર હોય તો, આ સંહિતા અમલમાં આવ્યાની તારીખથી છ મહિનાની અંદર તે કામગીરી પૂરી કરવી.

૫.૪ વાણિજિયક (પ્રશુલ્ક) મીટરીંગ સાથેના જોડાણમાં વપરાતા તમામ ઈન્સ્ટ્રુમેન્ટ ટ્રાન્સફોર્મરોની ચોકસાઈનો વર્ગ પણ ૦.૨ રહેવો જોઈએ, સિવાય કે હાલના CT/PT જે ૦.૫ વર્ગના હોય, જેમનો ઉપયોગ ચાલુ રાખવો. આ મીટરીંગ પ્રસ્તુત ભારતીય વીજ-ટેકનિકલ આયોગ અથવા ભારતીય માનકની વિશિષ્ટ વિગતો સાથે અનુરૂપ હોવું જોઈએ. નિર્ધારણમાં (રેટિંગ) તાંબાના વાયરો અને મીટરીંગ દ્વારા મુકાતા ભારને વિચારણામાં લેવામાં આવશે.

૫.૫ મુખ્ય અને તપાસ મીટરીંગ યોજના બંનેમાંથી વિગતો એકત્રિત કરવી.

૫.૬ મીટરને પૂરા પાડતો વોલ્ટેજ પુરવઠાના એક કે વધુ ફેઝના નુકસાન અંગે ચેતવણી આપવા વોલ્ટેજ-નિષ્ફળતા રિલેની જોગવાઈ કરવી.

૫.૭ વર્ષમાં એકવાર તમામ મીટરોનું પરીક્ષણ કરીને માપાંકન કરવું. આ માટે અવમાનક (substandeed) મીટરોનો ઉપયોગ કરવો. ધોરણસરનાં મીટર નુ દર વર્ષે એકવાર માપાંકન કરીને સીલ કરીને સરકારી અધિકૃત મીટર ચકાસણી ગૃહ/પ્રયોગશાળા ખાતે રાખવો. અવમાનક મીટરોનાં પરીક્ષણ અને માપાંકનનો રેકર્ડની, પ્રસ્તુત ભાતીય વીજ-ટેકનિકલ આયોગ/ ભારતીય માનક વિશિષ્ટ વિગતોમાં જોગવાઈ કર્યા પ્રમાણે પ્રવાહન પરવાનેદારે જાળવણી કરવી. આ માપાંકન અને પરીક્ષણ રેકર્ડને સંદર્ભ માટે જાળવવામાં આવશે.

૫.૮ આંતર રાજય પ્રવાહન લાઈનોના કેસમાં, પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક માટે યોગ્ય મીટરો, નીચેની પારમિતિઓ સાથે પૂરાં પાડવામાં આવશે :

(ક) દિવસના ૧૫ મિનિટના દરેક સમય ઘટક માટે ચોખ્ખી સક્રિય વીજળી આયાત/નિકાસ.

(ખ) દિવસના ૧૦૩ વોલ્ટેજ કરતાં વધુ ચોખ્ખી પ્રતિક્રિયાત્મક વીજળીની આયતા/નિકાસ.

(ગ) વોલ્ટેજ ૯૭% કરતાં ઓછું હોય ત્યારે ચોખ્ખી પ્રતિક્રિયાત્મક વીજળીની આયતા/નિકાસ.

(ઘ) સંચિત સક્રિય વીજળી નિકાલ/આયાત.

(ચ) દિવસના દરેક ૧૫ મિનિટના સમય-ઘટક માટે સરેરાશ આવર્તન.

(છ) ઓછામાં ઓછા ૧૦ દિવસ માટે ન ઉડી જાય તેવી મેમરીમાં વિગતોનો સંગ્રહ કરવાની જોગવાઈ.

૫.૯ વીજ-ઉત્પાદન કંપનીઓ,પ્રવાહન-પરવાનેદારો અને વિતરણ પરવાનેદારોએ એવી કાર્યપદ્ધતિ ઘડવી જોઈએ કે જેમાં તેમના વિસ્તારોના વિવિધ જોડાણ સ્થળોએ પ્રશુલ્ક મીટર વાંચનના જો કોઈ હોય તો, અને રિલેની શકય સુધારેલી ગોઠવણ અંગે ચર્ચા કરશે.

(નંબર બરાબર આવતા નથી.)

૭.૨ રક્ષણના સંકલન અંગે ચર્ચા કરવા વીજ-ઉત્પાદન કંપનીઓ અને પ્રવાહન પરવાનેદારો વચ્ચે સામયિક બેઠકો યોજવા માટે પ્રવાહન પરવાનેદાર જવાબદાર રહેશે. પ્રવાહન પરવાનેદાર રક્ષણની કોઈ ખામી યુક્ત કામગીરી કે અન્ય અસંતોષજનક રક્ષણાત્મક પ્રશ્નોની તપાસ કરશે. સંબંધિત પરવાનેદાર, આ સામયિક બેઠકોમાં ચર્ચા કે સહમતિ થયા મુજબ કોઈ રક્ષણવિષયક ખામીભરી કામગીરી પ્રશ્નનના નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેશે.

૮.૦ ખામી નિવારણ સમય

૮.૧ સ્થિરતાની વિચારણાની દષ્ટિએ પ્રવાહન વ્યવસ્થા સાથે સીધે-સીધી જોડાયેલ કોઈપણ ઉપયોગકર્તાની વ્યવસ્થા પરની ખામીઓ માટે, કે ખુદ પ્રવાહન વ્યવસ્થા પરની જ ખામીઓ માટે વધુમાં વધુ ખામી નિવારણ સમય નીચે મુજબ રહેશે :

વોલ્ટેજ વર્ગ	લક્ષ્યાંકિત્ર ખામી નિવારણ સમય
૪૦૦ કે.વી.	100 m. sec.
૨૨૦ કે.વી.	120 m. sec.
૧૩૨ કે.વી.	160 m. sec.
૬૬ કે.વી.	300 m. sec.

૮.૨ ખામી નિવારવામાં ઉપર કરતાં ઓછો સમય લાગે તે સ્વિકારવાપાત્ર છે.

૮.૩ ઉપયોગકર્તાની વ્યવસ્થા પરની ખામીઓના નિવારણ માટે પ્રમાણમાં ઓછા સમય બાબતં સહમતિ સાધી શકાય, પરંતુ પ્રવાહન પરવાનેદારને મતે, વ્યવસ્થાની સ્થિતિમાં તેમ કરવાનો અવકાશ હોય તો જ તેમ કરી શકાશે. જનિત્રોને સમકાલિક સ્થિતિમાં રાખવા, વીજ-ઉત્પાદન મથકોએ, લાઈન પરની ખામીઓનું વીજ-ઉત્પાદન મથકના દૂરના છેડે નિવારણ કરવું.

૯.૦ જનિત્રની જરૂરિયાત

૯.૧ પ્રવાહન વ્યવસ્થા સાથે જોડાયેલ તમામ વીજ-ઉત્પાદન એકમો અને વીજ-ઉત્પાદન કંપનીના તમામ સંયોજિત વીજળીક સાધનોને, પ્રકાશન-૨૭૪ અન્વયે કેન્દ્રીય સિંચાઈ અને વિદ્યુત બોર્ડના નિયમસંગ્રહ અનુસાર પર્યાપ્ત રક્ષણ દ્વારા રક્ષણ આપવું. જેથી વીજ-ઉત્પાદન એકમ ખાતે ઉભી થતી કોઈપણ ખલેલને કારણે પ્રવાહન વ્યવસ્થાને વેઠવું ન પડે.

INDEX

૧૦.૦પ્રવાહન લાઈનની જરૂરિયાતો

વીજ-ઉત્પાદન મથક કે પેટા-મથક કે સ્વિચિંગ મથકેથી નીકળતી દરેક ઈએચટી (EHT) લાઈનને, નીચેનાં અન્ય રક્ષણોની સાથે દૂરવર્તિ રક્ષણ આવશ્યકપણે હોવું જોઈએ.

(ક) ૪૦૦ કે.વી.ની લાઈનો

આ લાઈનો પર બે મુખ્ય દૂરવર્તિ રક્ષણો, જેમ કે, મુખ્ય-૧ અને મુખ્ય-૨ હોય છે, જેની સાથે દૂરવર્તિ ભૂમિ ખામી માટે અવકાશપાત્ર ઈન્ટરસ્ટ્રિપ હોય છે. મુખ્ય-૧ (મેઈન-૧) તરીકે ઝોન-૨માં ખામી હોય તો, દૂરના છેડે ત્વરિત ટ્રિપિંગ માટે અવકાશપાત્ર ઈન્ટર-ટ્રિપ સાથેના ત્રિ-ઝોન સ્થિર/આંકડાકીય સ્વિચ વગરનું દૂરવર્તિ રક્ષણ પૂરું પાડવું. મેઈન-૨નું રક્ષણ તે જ પ્રકારનું સંક્ષેપ, સંગ્રહ અને પ્રક્રિયાને આવરી લેવાય. આ કાર્યપદ્ધતિમાં જરૂર જણાય ત્યારે સુધારણા કરી શકાય. આ ઉપરાંત સીંગલ પોલ ટ્રીપીંગ અને સીંગલ શોટ પોલ રિક્લોઝીંગ તેના નિષ્ક્રિય સમય સાથે ગોઢવી અપાશે. ઉપરના રક્ષણ ઉપરાંત OCR અને EFR સાથે સહાયક રક્ષણ પણ પુરું પડાશે.

૫.૧૦આ મીટરોની માલિકી, નિભાવ અને પરીક્ષણની જવાબદારી, ઉપયોગકર્તા અને પરવાનેદારો વચ્ચે અરસ-પરસ નકકી થયા પ્રમાણે રહેશે.

રક્ષણ જરૂરિયાતો

૬.૦ સામાન્ય સિદ્ધાંતો

૬.૧ વીજળીક કોઈપણ વસ્તુ કે સાધન, વિશ્વાસનીયતાના પસંદગી, ઝડપ અને સંવદ્યતાના ધ્યેય સાથે યોગ્ય રક્ષણથી આવૃત્ત હોય તે સિવાય આ વ્યવસ્થા (સિસ્ટમ) સાથે જોડાયેલ રાખવું નહીં. કેન્દ્રિય સિંચાઈ અને વિદ્યુત બોર્ડના પ્રકાશ નં.૨૭૪ અન્વયે "મેન્યુઅલ ઑન પ્રોટેકશન ઓફ જનરેટર્સ, જનરેટર ટ્રાન્સફોર્મર્સ, એન્ડ ૨૨૦ કે.વી. એન્ડ ૪૦૦ કે.વી. નેટવર્કસ્"માં દર્શાવેલ માર્ગદર્શક સૂચનાઓ લક્ષમાં રાખવી. આ ધોરણમાં અન્યત્ર નિર્દિષ્ટ લક્ષ્યાંકિત ખામી-નિવારણ સમયગાળાની અંદર ખામીપૂર્ણ લાઈનના સાધનને અસરકારક, વિવેકાધીન રહીને અલગ પાડવા સાચી અને યોગ્ય રક્ષણાત્મક ગોઠવણ કરી હોવાનું સુનિશ્ચિત કરવા, તમામ વીજ-ઉત્પાદન કંપનીઓ અને વિતરણ પરવાનેદારો, પ્રવાહન પરવાનેદારોને સહકાર આપશે.

૬.૨ અસરકર્તા તમામ ઉપયોગકર્તાઓની સલાહ અને સહમતિ વિના રક્ષણાત્મક ગોઠવણો ફેરવવી નહીં, કે રક્ષણને આડમાર્ગે વાળવું નહીં. અને અથવા જોડાણમાંથી છૂટું કરવું નહીં. કોઈપણ કારણસર સહમતિથી રક્ષણને આડમાર્ગે વાળવામાં આવે અને અથવા જોડાણમાંથી અલગ કરવામાં આવે તો, જેમ બને તેમ જલદીથી તેમાં સુધારો કરીને રક્ષણ-વ્યવસ્થાને રાબેતા મુજબની સ્થિતિમાં પુનસ્થપિત કરવું. સહમતિ ન સાધવામાં આવે તો, વીજળીક સાધનોને વિના વિલંબે છૂટાં પાડવાં.

૭.૦ રક્ષણ-સંકલન

૭.૧ રક્ષણાત્મક રિલેની વીજ-ઉત્પાદન એકમથી દૂરના ૬૬ કે.વી. / ૩૩ કે.વી. અને ૧૧ કે.વી.ની લાઈનોના દૂરના છેડા સુધીની ગોઠવણ એવી રીતે કરવી કે તમામ સંજોગોમા માત્ર ખામીયુકત ભાગને જ છૂટો કરી શકાય. પ્રવાહનની પરવાનેદારે, ઉપયોગકર્તાને શરૂઆતની ગોઠવણ અને તે પછીના કોઈપણ ફેરફારોની વખતો-વખત જાણ કરવી. રક્ષણાત્મક રિલેની કામગીરીની રોજિંદી તપાસ હાથ ધરવી અને કોઈ ખોટી કામગીરી થઈ રહયાની જાણ થાય તો બને તેટલી ત્વરાથી તેમાં સુધારણા કરી લેવી. પ્રવાહન પરવાનેદારોએ, ઉપયોગકર્તા પાસેથી એકત્રિત કરેલી માહિતી સાથે રિલેની ગોઠવણ નકકી કરવા જરૂરી અભ્યાસ હાથ ધરવો. વીજ-ઉત્પાદન કંપનીઓ, પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારોના પ્રતિનિધિઓ સામયિક રીતે ભેગા થશે અને આવી ખોટી કામગીરી, વ્યવસ્થાની ગોઠવણમાં ફેરફારો, ત્વરિત રક્ષણ બનશે, જેમાં આદેશ-તુલના કે ફેઝ-તુલના કેરિયર રિલે યોજનાનો ઉપયોગ કરાશે.

(ખ) ૨૨૦ કે.વી.ની લાઈન :- ઝોન-૨ ખામીના કેસમાં છેડાના ઝોનની ખામી માટે છૂટ મળી શકાય તેવા ઈન્ટર-ટ્રિપ સાથે ત્રણ ઝોન સ્થિર/આંકડાકીય સ્વિચરહિત દૂરવર્તિ રક્ષણ, મુખ્ય રક્ષણ તરીકે પુરું પડાશે. બેકઅપ, ત્રણ ફેઝનાં દિશાસુચક ઓવર કરન્ટ રિલે અને અર્થ ફોલ્ટ રિલે રક્ષણ રહેશે. વીજળી વ્યવસ્થાની સ્થિરતા માટે ગોઠવી શકાય તેવા નિષ્ક્રિય સમય સાથેના ત્રિ-પોલ ટ્રિપીંગ અને સિંગલ સોટ ત્રિ-પોલ-ઓટો રિક્લોઝિગની જોગવાઈ કરાશે. આમ છતાં, ટૂંકી ૨૨૦ કે.વી.ની લાઈનો માટે દિશાસૂચક તુલના કે ફેઝ તુલના કેરિયર રક્ષણની મેઈન-૨ તરીકે જોગવાઈ કરાશે. ઉપરના રક્ષણ ઉપરાત દિશાસૂચક ઓપર કરન્ટ રિલે અને ડાયરેકશનલ અર્થ ફોલ્ટ રિલે સાથે ઉપર્યુકત સહાયક રક્ષણ વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે.

(ગ) **૧૩૨ કે.વી. કે.વી. લાઈનો :** ઝોન-૨ના રક્ષણના કેસમાં, દૂરવર્તિ છેડા પર ઝડપી ટ્રિપિંગ માટે છૂટ આપી શકાય તેવા ઈન્ટરટ્રિપ સાથે ત્રિ-ઝોન સ્થિર/આંકડાકીય સ્વિચયુકત રક્ષણ મુખ્ય રક્ષણ તરીકે પુરું પડાશે. વીજપ્રવાહ અને ભૂમિ-ખામીના રક્ષણ અંગે દિશાસૂચક ત્રણ-ફેઝનું બેકઅપ રહેશે.

(ઘ) **બસબાર રક્ષણ :** ૪૦૦ કે.વી. અને ૨૨૦ કે.વી. વર્ગના પેટા-મથકોમાં સ્ટેશન બસબાર વિભાગો માટે પર્યાપ્ત બસબાર રક્ષણ પુરું પાડવું.

(ચ) **સ્થાનિક બ્રેકર બેસઅપ રક્ષણ (LBB) :** રક્ષણાત્મક રિલેમાંથી ટ્રિપના આદેશો મળતાં, કોઈ પરિપથ બ્રેકર ટ્રિપ કરવામાં નિષ્ફળ જાય તેવા પ્રસંગે, જેની સાથે ખામીયુકત પરિપથ બ્રેકર જોડયું છે તે બસના ભાગ સાથે જોડાયેલ તમાર પરિપથ બ્રેકરોનું શકય તેટલા ઓછા વિલંબે એલબીબી (LBB) રક્ષણ મારફત ટ્રિપિંગ કરવું જરૂરી છે. બીજા રક્ષણ હેઠળ ન આવરી લેવાયેલ પરિપથ બ્રેકર અને વીજ-પ્રવાહ ટ્રાન્સફોર્મર વચ્ચેની ખામીઓ માટે પણ આ રક્ષણમાં

જોગવાઈ કરી છે. તમામ ૨૨૦ કે.વી. અને ૪૦૦ કે.વી. પરિપથો, સ્થાનિક બ્રેકર બેકઅપ રક્ષણ ધરાવતાં હોવા જોઈએ.

(છ) **૪૦૦ કે.વી. વર્ગના વીજ-ટ્રાન્સફોર્મરો :-** આ ટ્રાન્સફોર્મરોને, વીજ-પ્રવાહ રક્ષણ અંગે દિશાસૂચક HV અને LVIDMT બેકઅપ સાથે પરિવર્તનશીલ રક્ષણ, નિયંત્રિત ભૂમિ-ખામી રક્ષણ, બુકોઝ (Bucholtz) રક્ષણ અને વિન્ડિંગ ઉષ્ણતામાન રક્ષણ સાથેની જોગવાઈ કરાશે.

(જ) **૨૨૦ કે.વી., ૧૩૨ કે.વી. અને ૬૬ કે.વી. વર્ગના વીજ-ટ્રાન્સફોર્મરો :-** આને માટે પરિવર્તનશીલ રક્ષણ, નિયંત્રિત ભૂમિ-ભૂલ રક્ષણ, બુકોઝ રક્ષણ અને વિન્ડિંગ/ઓઈલ ઉષ્ણતામાન રક્ષણ રાખવું જોઈશે. તેમાં તત્કાલિકતાના તત્વ સાથેના બેકઅપ રક્ષણ તરીકે દિશાસુચક ઓવર ૨૦૨ પણ રહેવો જોઈશે. આ ઉપરાંત ઓવર ફલકિસંગ રિલે, દાબ-મુકિત વાલ્વ/ડાયફ્રેમની તમામ વીજ-ટ્રાન્સફોર્મરો માટે જોગવાઈ કરાશે કેન્દ્રિય સિંચાઈ અને વિદ્યુત બોર્ડની વિશિષ્ટ વિગતો અને પ્રશુલ્ક સલાહકાર સમિતિની ભલામણો અનુસાર તમામ વીજ-ટ્રાન્સફોર્મરો માટે યોગ્ય આંગ-રક્ષણ પુરું પાડવામાં આવશે. ૧૦૦૦ (MVA) કરતાં વધુ રેટિંગ ધરાવતાં ટ્રાન્સફોર્મરો પર ઓવર ફલકિસંગ રિલે પૈરા પાડવામાં આવશે.

(ઝ) **વિતરણ-વ્યવસ્થા :-** વિતરણ વ્યવસ્થા પરના HV વર્ગના પ્રમાણમાં નાના ટ્રાન્સફોર્મરો માટે, સમાંતર સંચાલન માટે દિશાસૂચકતા લક્ષણ સાથે બેકઅપ ટાઈમ લેગ ઓવર કરન્ટ અને અર્થ ફોલ્ટ રક્ષણ સહિત ૮ MVA અને તેથી વધુ ક્ષમતા માટે પરિવર્તનશીલ (differntial) રક્ષણ પુરું પડાશે. ૧.૬ MVA ક્ષમતા અને તેથી વધુ ક્ષમતાનાં પરંતુ ૮ MVA કરતાં ઓછી ક્ષમતાનાં ટ્રાન્સફોર્મરોનું રક્ષણ ટાઈમ લેગ ઓવર કરન્ટ, અર્થ ફોલ્ટ રિલે અને ત્વરિત મર્યાદિત અર્થ ફોલ્ટ રિલે દ્વારા કરાશે. આ ઉપરાંત ૧.૬ MVA અને તેથી ઉપરના તમામ ટ્રાન્સફોર્મરોનું રક્ષણ, ગેસ સંચાલિત રિલે અને વિન્ડિંગ અને ઓઈલ ઉષ્ણતામાન રક્ષણ દ્વારા કરાશે.

(ટ) વિતરણ લાઈનો :- જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેઝ પોઈન્ટો પર ૩૩ કે.વી., ૨૨ કે.વી. અને ૧૧ કે.વી.ની તમામ લાઈનો માટે ઓછામાં ઓછા ઓવર કરન્ટ અને અર્થફોલ્ટ રીલેની નીચે મુજબ જોગવાઈ કરાશે :

(૧) સાદા રેડિયલ ફિડરો : જોડે આવેલા રિલે સેટિંગની વચ્ચેનો તફાવત કાઢવા યોગ્ય સેટિંગ સાથેના દિશાસૂચક ઓવર કરન્ટ અને અર્થ ફોલ્ટ રિલે.

(૨) સમાંતર/ રિંગ ફિડરો : દિશાસૂચક ટાઈમ લેગ ઓવર કરન્ટ અને અર્થ ફોલ્ટ રિલે.

(ઠ) નિર્હેતુક પ્રવાહ : બે વ્યવસ્થાઓ ફલોટિંગ ટાઈલાઈન સાથે સમાંતર રીતે સંચાલિત હોય ત્યારે, જાળગૂંથણીની પારમિતિઓનો ગતિશીલતાને કારણે સંપૂર્ણપણે ફલોટિંગ ટાઈ લાઈન હોવી શકય બનશે નહીં. અને એક વ્યવસ્થામાંથી બીજી વ્યવસ્થામાં વીજળીનો પ્રવાહ વહેશે. આવો નિર્હેતુક પ્રવાહ, વાણિજિયક બિલો તૈયાર કરવાના હેતુ માટે ગણતરીમાં લેવાશે.

અમદાવાદ.
૨૫મી ઓગષ્ટ, ૨૦૦૪.

પી.એસ.શાહ
સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 22 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY FEBRUARY 1, 2005 / MAGHA 12, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-Aand I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, અમદાવાદ, ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫.

તા. ૨૫ ઓગષ્ટ, ૨૦૦૪ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૬, ૨૦૦૪ વિતરણ સંહિતાનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગ

વિતરણ સંહિતા

જાહેરનામું - ૨૦૦૪નુ ૬ઠ્ઠું

૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો અધિનિયમ ૩૬)ની કલમ ૮૬(ગ), (ચ) અને (ટ) અન્વયે તથા ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩ની (૨૦૦૩નો ગુજરાત અધિનિયમ ૨૪) કલમ ૪૨ (ખ) અન્વયે સોંપેલી સત્તાઓ તથા આ અગે તેમને સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અહીં આ "ગુજરાત વીજળી વિતરણ સંહિતા" બનાવે છે, જેને હવે પછી "વિતરણ સંહિતા" કહેવામાં આવશે. આ વિતરણ સંહિતા માત્ર ગુજરાત રાજયને જ લાગુ પાડવાપાત્ર છે.

૧ વિભાગ-૧

પ્રાસ્તાવિક

૧.૧ વિહંગાવલોકન :

૧.૧.૧ ૨૦૦૩ના ગુજરાત અધિનિયમ નં.૨૪, એટલે કે ૨૦૦૩ના ગુજરાત વીજ ઉદ્યોગ (પુર્નરચના અને વિનિમય) અધિનિયમની કલમ ૪૨(ન) તથા ૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩ના કેન્દ્રિય અધિનિયમ-૩૬)ની કલમ ૮૬ (ગ), (ચ) અને (ટ) અન્વયે નક્કી કરેલી કામગીરી અને જવાબદારીઓ બજાવવા, ગુજરાત વીજ નિયમન આયોગે આ "ગુજરાત વીજળી વિતરણ સંહિતા" ઘડી કાઢી છે, જે હવે પછી વિતરણ સંહિતા તરીકે ઓળખાશે. આ વિતરણ સંહિતા ગુજરાત રાજયને જ લાગુ પડશે.

૧.૧.૨ વિતરણ સંહિતાનું કાર્યક્ષેત્ર

(ક) વિતરણ સંહિતા, વીજ પુરવઠાના ટેકનિકલ પાસાંઓની છણાવટ કરે છે, જેની પરવાનેદારની સેવાની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વસનીયતા પર તથા વીજળી વિતરણ માટે પરવાનેદારની વિતરણ-વ્યવસ્થાના ઉપોય પર અસર હોય છે. તે વ્યવસ્થા આયોજન અને કામગીરી અંગે વિતરણ પરવાનેદાર અને વપરાશકર્તાના હકો અને જવાબદારીઓ નિશ્ચિત કરે છે.

(ખ) પરવાનેદારની વિતરણ વ્યવસ્થા અને જોડાયેલા અથવા જોડાણ કરવા માંગતા વિતરણ પરવાનેદારે પાલન કરવાની આવશ્યકતાઓ સંબંધમાં આ વિતરણ સંહિતા સંપૂર્ણ નથી. વિતરણ પરવાનેદારે, અમલમાં હોય તે સંબંધિત કાયદાઓ અનવયે વિવિધ સંહિતા, ધોરણો અને વિનિયમોમાં ઠરાવેલ જરૂરિયાતનું પણ અચૂક પાલન કરવું જોઈએ.

૧.૨ વિતરણ સંહિતાનું માળખું :

આ વિતરણ સંહિતામાં નીચેની ૯ કલમોનો સમાવેશ થાય છે.

૧.૨.૧ વિભાગ-૧ પ્રાસ્તાવિક : આ વિભાગમાં વિતરણ સંહિતામાં વિસ્તૃત લક્ષણોની રૂપરેખા આપી છે.

૧.૨.૨ વિભાગ-૨ વ્યાખ્યા : વિતરણ સંહિતામાં વપરાયેલ વિવિધ શબ્દોની આ વિભાગમાં વ્યાખ્યા કરવામાં આવી છે.

૧.૨.૩ વિભાગ-૩ વિતરણ સંહિતા સંચાલન : આ વિતરણ સંહિતા ચાલુ દસ્તાવેજ છે અને સક્ષમ પેનલ દ્વારા પ્રાપ્ત અનુભવોની દૃષ્ટિએ, જરૂર પડે તેમ અને ત્યારે તેની સામયિક સમીક્ષા કરવાની છે. આ વિભાગમાં આવી સમીક્ષા માટેની કાર્યપદ્ધતિ ઘડવામાં આવી છે.

૧.૨.૪ વિભાગ-૪ વિતરણ આયોજન સંહિતા : આ વિભાગમાં ટેકનિકલ અને ડિઝાઈન માપદંડો તેમજ વિતરણ વ્યવસ્થાના આયોજન અને વિકાસ માટે વિતરણ પરવાનેદારે અનુસરવાની કાર્યપદ્ધતિઓ નિશ્ચિત કરવામાં આવી છે.

૧.૨.૫ વિભાગ-૫ જોડાણ અંગેની શરતો : આ વિભાગમાં પરવાનેદારનો વિતરણ વ્યવસ્થા સાથે જોડાયેલ અથવા જોડાણ મેળવવા માગનાર કોઈપણ વપરાશકર્તાએ પાલન કરવાના ન્યૂનતમ ટેકનિકલ માપદંડો અને ધોરણો નિર્દિષ્ટ કરવામાં આવ્યાં છે. આ વિભાગમાં, ન્યૂનતમ ટેકનિકલ, ડિઝાઈન અને કાર્યલક્ષી માપદંડ પણ નિશ્ચિત કરેલ છે. જે સંબંધમાં સંબંધિત પરવાનેદાર, વપરાશકર્તાના જોડાણના સ્થળે, વિતરણ વ્યવસ્થાના ભાગ સંબંધમાં સંબંધિત પરવાનેદાર તેનું પાલન કરશે.

૧.૨.૬ વિભાગ-૬ કારીગરી સંહિતા : પરવાનેદારની વિતરણ વ્યવસ્થા સાથે જોડાયેલ વિતરણ વ્યવવસ્થાના વિતરણ પરવાનેદાર અને તેમના વીજ-પ્લાન્ટ અને લાઈનના વપરાશકર્તાઓ દ્વારા વિતરણ વ્યવસ્થાની સલામત અને કાર્યક્ષમ કામગીરી થાય તે સારુ આ વિભાગમાં અનુસરવાની કાર્યપદ્ધતિઓ અને પ્રણાલીઓ નિર્દિષ્ટ કરી છે. ઈન્ટરફેઝનો સલામત અને કાર્યક્ષમ કામગીરી માટે બે વિતરણ પરવાનેદારો વચ્ચે કોઈપણ વીજળિક ઈન્ટરફેઝને પણ આ લાગુ પડશે.

૧.૨.૭ વિભાગ-૭ મીટર વ્યવસ્થા અને રક્ષણ સંહિતા : આ વિભાગમાં વિતરણ વ્યવસ્થા અને ખાસ કરીને વિતરણ વ્યવસ્થા અને વપરાશકર્તાની વ્યવસ્થા વચ્ચેની હદમાંથી પસાર થતી વપરાશકર્તાની વ્યવસ્થામાં પ્રવાહિત વીજ-શકિતના માપન (સંબંધિત પારમિતિ) માટે ન્યૂનતમ મીટર-વ્યવસ્થાની જરૂરિયાતો નિર્દિષ્ટ કરે છે. આ વિભાગમાં રક્ષણાત્મક સ્તરની ન્યૂનતમ જરૂરિયાત પણ નિર્દિષ્ટ કરવામાં આવે છે.

૧.૨.૮ વિભાગ-૮ ક્રોસ હદ સલામતી સંહિતા : આ વિભાગમાં જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેસ પોઈન્ટમાં થઈને જતી વીજળી વ્યવસ્થા (સિસ્ટમ)માં કામગીરી (વિયોજન અને અર્થિંગ) દ્વારા જ સલામતી ઉભી કરવાનું શકય હોય તેની પરિસ્થિતિમાં વિતરણ પરવાનેદારની વ્યવસ્થા કે વપરાશકર્તાની વ્યવસ્થામાં કામ સલામતીપૂર્વક થાય તે સુનિશ્ચિત કરવા સલામતી કાર્યપદ્ધતિઓ અને પૂર્વ સાવચેતીનાં પગલાં નિર્દિષ્ટ કરવામાં આવેલ છે.

૧.૨.૯ વિભાગ-૯ ઘટનાની જાણ કરવા અંગેની સંહિતા : આ વિભાગમાં ઘટનાની જાણ કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ નિર્દિષ્ટ કરી છે.

૧.૩ વિતરણ સંહિતાનો અમલ અને કામગીરી :

૧.૩.૧ આ વિતરણ સંહિતા ગુજરાત રાજયના તમામ પરવાનેદારોને લાગુ પડે છે. પરવાનેદારો તેમના સંબંધિત વીજ-પુરવઠા વિસ્તારોની અંદર તેના અમલ માટે જવાબદાર ગણાશે. વપરાશકર્તાઓને આ સંહિતાની જોગવાઈનું પાલન કરશે.

૧.૩.૨ કોઈપણ વપરાશકર્તાને વિતરણ સંહિતાની કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં કોઈ મુશ્કેલી નડતી હોય તો, તેણે યથાપ્રસંગ, વિતરણ પરવાનેદાર અને / અથવા ગુજરાત વીજ નિયમન આયોગને વિના વિલંબ તાત્કાલિક તેની જાણ કરવી.

૧.૩.૩ કોઈપણ વાજબી કારણ વિના કોઈપણ જોગવાઈનું સતત પાલન ન થાય તો તે આ અધિનિયમ હેઠળ ભૂલ devia-

INDEX

tion ગણાશે, અને ૨૦૦૩ની વીજળી અધિનિયમની જોગવાઈઓને અનુરૂપ રહીને પરવાનેદારની વિતરણ વ્યવસ્થામાંથી વપરાશકર્તાના પ્લાન્ટ કે સાધનનું જોડાણ કાઢી નાખવામાં આવશે. નુકસાનની ચુકવણી તથા અન્ય બાબતો સહિત જોડાણ કાઢી નાખવાનાં પરિણામોની જવાબદારી, વિતરણ સંહિતાનો સતત ભંગ કરનાર વપરાશકર્તાની રહેશે.

૧.૩.૪ વિતરણ પરવાનેદારો દ્વારા વિતરણ-સંહિતાની કોઈપણ જોગવાઈનું પાલન ન કરવા અંગે અધિનિયમો કે લાઈસન્સમાં જોગવાઈ કર્યા મુજબનાં પરિણામો ભોગવવાં પડશે. આમછતાં, વિતરણ સંહિતાનું પાલન ન કરવાના પ્રસંગે, વિતરણ પરવાનેદાર, વિતરણ સંહિતાના પાલન માટેની કાર્ય- યોજના તૈયાર કરીને તે ગુજરાત વીજ-નિયમના આયોગને રજૂ કરશે. ઉપલભ્ય આવકનાં સાધનો તથા પ્રવર્તમાન સંજોગોને લક્ષમાં લઈને, ગુજરાત વિદ્યુત-નિયંત્રક આયોગને એમ લાગે કે અમુક સમય- ગાળા માટે જોગવાઈઓનું પાલન કરવું શક્ય નથી તો તે પરવાનેદારને, તેટલા સમય-ગાળા માટે કોઈપણ જોગવાઈનું પાલન કરવામાંથી મુક્તિ આપશે.

૧.૪ વિતરણ સંહિતાની મર્યાદાઓ :

૧.૪.૧ આ સંહિતામાં સમાવિષ્ટ કશકનું પણ ૨૦૦૩ના વીજળી અધિનિયમમાં પ્રસ્તુત ખંડો હેઠળ જે દર્શાવ્યુ હોય તેના કરતાં વધુ કે વિશેષ ભારરૂપ જવાબદારીઓ/ફરજો ગ્રાહકો/ વિતરણ પરવાનેદારો પર નાખવી એવું અર્થઘટન કરાશે નહીં.

આ વિતરણ સંહિતાનાં, સાધારણ અને અસાધારણ બંને પરિસ્થિતિમાં સામનો કરવો પડે તેવી કાર્યલક્ષી સ્થિતિના વ્યાપક ક્ષેત્રને લક્ષમાં રાખીને, વિતરણ વ્યવસ્થામાં ઉભી થતી રોજ-બ-રોજની ટેકનિકલ સ્થિતિના સંચાલન માટેની કાર્યપદ્ધતિઓ સમાવિષ્ટ છે. વિતરણ સંહિતા, તમામ શક્ય સંચાલન સ્થિતિઓ અગાઉથી જાણી શકે નહીં. આથી વપરાશકર્તાઓએ એ જાણવી અને સ્વીકારવું જોઈએ કે, આવા અણધાર્યા સંજોગોમાં વિતરણ પરવાનેદાર, લાઈસન્સ અન્વયે પોતાની ફરજો બજાવવામાં નિર્ણાયક રીતે અને યોગ્ય ઝડપે કામ કરે તે

જરૂરી છે. આવા સંજોગોમાં વપરાશકર્તાએ, વિતરણ પરવાનેદારને જરૂર પડે તેવો વાજબી સહકાર અને મદદ પૂરાં પાડવાં જોઈશે. આમ છતાં સંબંધિત વિતરણ પરવાનેદારે આવા તમામ કેસો, પેનલની આગામી બેઠકમાં બહાલી માટે રજૂ કરવા.

૧.૫ ગુપ્તતા :

૧.૫.૧ વિતરણ સંહિતાની શરતો અન્વયે, વિતરણ પરવાનેદાર વપરાશકર્તા પાસેથી તેમના ધંધાને લગતી માહિતી મેળવશે. વિતરણ પરવાનેદાર, કેન્દ્ર/રાજ્ય સરકારના વિભાગો કે બીજા કોઈ તંત્રને જરૂર હોય તે સિવાય આવી માહિતી, માહિતી આપનારની લેખિત પૂર્વ-મંજૂરી વિના કોઈપણ બીજી વ્યકિત સમક્ષ જાહેર કરશે નહીં.

૧.૬ તકરારની પતાવટ કરવાની કાર્યપદ્ધતિ :

૧.૬.૧ કોઈપણ વપરાશકર્તા અને વિતરણ પરવાનેદાર વચ્ચે વિતરણ સંહિતામાં જોગવાઈ કરાયેલ કોઈપણ વિનિમયના અર્થઘટન અંગે કોઈ વિવાદ ઉભો થાય તેવા પ્રસંગે, આ બાબતની ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને જાણ કરવી. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો નિર્ણય આખરી અને બંને પક્ષકારો માટે બંધનકર્તા ગણાશે.

૧.૭ આદેશાત્મક - સૂચનાઓ :

૧.૭.૧ અધિનિયમની જોગવાઈઓ અન્વયે, રાજ્ય સરકાર કેટલીક બાબતોમાં નીતિવિષયક આદેશાત્મક સૂચનાઓ બહાર પાડી શકે. વિતરણ પરવાનેદારો આવા આદેશોની ગુ. વી. નિ.આયોગ તથા વપરાશકર્તાઓને જાણ કરશે. વપરાશકર્તાઓ અધિનિયમની પ્રસ્તુત કલમને આધીન રહીને, આવી આદેશાત્મક સૂચનાઓનું પાલન કરશે.

૨ વિભાગ-૨

વ્યાખ્યાઓ

૨.૧.૧ વિતરણ સંહિતામાં નીચેના શબ્દો અને શબ્દપ્રયોગોનો, વિષય-વસ્તુ કે સંદર્ભથી અન્યથા જરૂરી હોય કે તેની સાથે અસંગત હોય તે સિવાય નીચેના અર્થ રહેશે :

અધિનિયમો વીજળી અધિનિયમ, ૨૦૦૩ અને ગુજરાત વીજ-ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩ સાથે વાંચતાં.

કરાર	વિતરણ પરવાનેદાર અને વપરાશકર્તા વચ્ચે થયેલો કરાર.
સાધનો	યંત્રો, ફિટીંગ્સ, સહાયક સામગ્રી તથા જેમાં વીજ કંડકટરોનો (વાહકો) ઉપયોગ થતો હોય તેવા સાધનો જેવાં તમામ વીજળિક-સાધનો.
પુરવઠા-વિસ્તાર	જે વિસ્તારની અદર વીજ-પુરવઠો પૂરો પાડવા વિતરણ પરવાનેદારને લાઈસન્સ હેઠળ અધિકૃત કર્યો હોય તે વિસ્તાર.
અનાવૃત્ત કંડકટર	વિસંવાહન (ઈન્સ્યુલેશન)થી આવૃત્ત ન હોય તેવો કંડકટર.
બંધ વીજ-પ્લાન્ટ	પોતાના ઉપયોગ માટે વીજળીનું ઉત્પાદન કરવા સ્થાપિત કરેલ વીજ-પ્લાન્ટ તથા સરકારી મંડળી કે એસોસિયેશનના સભ્યોના ઉપયોગ માટે મુખ્યત્વે વીજળી-ઉત્પાદન માટે વ્યકિતઓની કોઈ સહકારી મંડળી કે એસોસિયેશન દ્વારા સ્થાપિત વીજ-પ્લાન્ટનો પણ તેમાં સમાવેશ થાય છે.
સીબીઆઈપી (CBIP)	કેન્દ્રિય સિંચાઈ અને વિદ્યુત બોર્ડ.
આર્કિટ પરિપથ	વીજ-શકિતના પ્રવાહન માટે અને તેની વ્યવસ્થા કે શાખાવાર વ્યવસ્થા ઉભી કરવાના હેતુસર કંડકટર(રો)ની ગોઠવણ.
કંડકટર	વીજ-શકિતના વહન માટે તથા વીજ-વ્યવસ્થા સાથે વીજળિક રીતે જોડાયેલ કોઈપણ વાયર, કેબલ, સળિયા, ટયૂબ, પાટા કે પ્લેટ.
જોડાયેલ વીજ-ભાર	ગ્રાહકના મકાનમાં હેરફેર કરી શકાય તેવાં સાધનો સહિત તમામ જોડેલાં સાધનોં અંગે ઉત્પાદનનું એકંદર દર નિર્ધારણ તેમાં ગ્રાહકે પુરવઠો લેવા માટે જે સાધનો અંગે એકરાર કર્યો હોય તે તમામ સાધનોનો સમાવેશ થાય છે. આ ભારને કિલો વોટ (KW) કે કે.વી.એ.માં વ્યકત કરાશે. જો દર નિર્ધારણ કે.વી.એ.માં હોય તો કે.વી.એ.ને ૦.૯ના વીજ-અવયવ સાથે ગુણીને તેને કિલો વોટમાં ફેરવી શકાશે. ઉત્પાદક, આ કે બીજા કોઈ સાધનનું દર-નિર્ધારણ અશ્વશકિત (HP) માં કરે તો અશ્વશકિત દરને ૦.૭૪૬ દ્વારા ગુણીને તેનું કિલોવોટમાં રૂપાંતર કરી શકાશે.
જોડાણ-બિંદુ	વપરાશકર્તાની વીજળી વ્યવસ્થાનું પરવાનેદારની વિતરણ-વ્યવસ્થા સાથે જે પોઈન્ટે
ઈન્ટરફેઝ-બિંદુ	જોડાણ થયું હોય તે પોઈન્ટ.
ગ્રાહક	કોઈપણ વ્યકિત કે,જેન, ૨૦૦૩ના વીજળી અધિનિયમ અને તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા અન્વયે લોકોને વીજળી પૂરી પાડવાના ધંધામાં કામ કરતા પરવાનેદાર અથવા સરકાર અથવા બીજી કોઈપણ વ્યકિત દ્વારા તેના ઉપયોગ માટે વીજળી પૂરી પાડવામાં આવતી હોય, અથવા અને યથાપ્રસંગે પરવાનેદાર, સરકાર કે આવી બીજી કોઈ વ્યકિતના વર્કસ ખાતેથી વીજળી મેળવવાના હેતુસર તત્પૂરતા સમય માટે જેમનાં મકાનોને જોડાણ અપાયું હોય તેવી કોઈપણ વ્યકિતનો સમાવેશ થાય છે.
કરાર-માગ	પક્ષકારો વચ્ચે થયેલા કરારમાં દર્શાવ્યા મુજબ પરવાનેદારે અધિકતમ કિલોવોટ કે કેવીએ વીજળી પૂરી પાડવા સમજૂતિ કરી હોય તે કરારમાં કેવીએ માં વીજ-પુરવઠો નિયત કરાયો હોય ત્યાં ૦.૯ વીજ-અવયવ દ્વારા ગુણાકાર કરીને કિ.વોટના સંદર્ભમાં જથ્થો મેળવવો.
નિયંત્રણ-વ્યકિત	કોસ બાઉન્ડરી સલામતી માટે ટેકનિકલ ક્ષમતા અને જવાબદારી ધરાવનાર તરીકે મુકરર કરેલી વ્યકિત.
વિતરણ-પરવાનેદાર	પોતાનાં પુરવઠા વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વિતરણ-વ્યવસ્થાનું સંચાલન અને તેના નિભાવ માટે અધિકૃત કરેલ પરવાનેદાર.
વિતરણ વ્યવસ્થા	પ્રવાહન લાઈન અથવા વીજ-ઉત્પાદન મથકના જોડાણ પરના ડિલીવરી પોઈન્ટ તથા ગ્રાહકોની

વીજ-ઉત્પાદન કરતી	વીજ-ઉત્પાદન મથકની માલિકી ધરાવતી કે સંચાલન અથવા જાળવણી કરતી.
કંપની	કોઈપણ કંપની અથવા સંસ્થાપિત સંસ્થા અથવા એસોસિયેશન અથવા સંસ્થાપિત હોય કે ન હો તેવી વ્યક્તિગત સંસ્થા; અથવા કૃત્રિમ ન્યાયિક વ્યક્તિ (artificial judicial person).
ગ્રિડ-કોડ	ગુજરાત વીજળી ગ્રિડ-કોડ.
જીઈઆરસી	ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.
ઉચ્ચ વોલ્ટતા	૪૪૦ વોલ્ટ કરતાં વધુ અને ૬૬ (કે.વોટ કરતાં ઓછી વોલ્ટતા
અધ્યક્ષ	
એમ.ટી.	
ભારતીય માનક (આઈ.એસ.)	ભારતીય માનક કાર્યાલય દ્વારા મંજૂર કરેલ ધોરણો અને વિશિષ્ટ વિગતો.
લાઈસન્સ	અમલમાં હોય તેવા સંબંધિત કાયદાની જોગવાઈઓ અન્વયે ગુજરાત વીજળી-નિયમન આયોગ દ્વારા અપાયેલ કોઈપણ લાઈસન્સ.
નીચું દબાણ અથવા એલ.ટી.	વધુમાં વધુ ૪૪૦ વોલ્ટ વોલ્ટતા
કાર્યલક્ષી મીટર વ્યવસ્થા	કાર્યલક્ષી મીટર-કામગીરી પ્રવાહન પેટા મથકેથી વિતરણ પરવાનેદારને પૂરી પડાતી વીજ-શક્તિનું દેખરેખ નિયમન દર્શાવે છે.
વીજ-ફેકટર	દેખીતી વીજળી (કેવીએ)ના પ્રમાણમાં સક્રિય વીજળી (કિવો)નો ગુણોત્તર.
એસએલડીસી	વીજભાર રવાનગી કેન્દ્ર રાજ્ય
એસટીયુ	રાજ્ય પ્રવાહન ઉપયોગિતા.
પ્રવાહન પરવાનેદાર	પ્રવાહન લાઈને સ્થાપવા અને સંચાલિત કરવા અધિકૃત પરવાનેદાર.
પ્રવાહન વ્યવસ્થા	આ વ્યવસ્થામાં વીજ-ઉત્પાદન મથકેથી વિતરણ વ્યવસ્થાના જોડાણનાં પોઈન્ટ સુધી વીજ-શક્તિના પ્રવાહ માટે ઉંચા દબાણનાં કેબલો તથા પ્રવાહન પરવાનેદારની ઉપરથી જતી લાઈનોનો સમાવેશ થાય છે. આમાં, વિતરણ વ્યવસ્થાના કોઈપણ ભાગનો સમાવેશ થતો નથી.
વપરાશકર્તા	વીજળિક ઈન્ટરફેઝ ધરાવનાર અથવા જેમને સંહિતા લાગુ પડતી હોય તે વિતરણ પરવાનેદારની વિતરણ વ્યવસ્થાનો ઉપયોગ કરનાર કોઈપણ વ્યક્તિ આ શબ્દપ્રયોગમાં કોઈપણ અન્ય વિતરણ પરવાનેદાર, પ્રવાહન- પરવાનેદાર અને વિતરણ વ્યવસ્થા સાથે જોડાયેલ વીજ ઉત્પાદન યુનિટોનો સમાવેશ થાય છે.

આ સંહિતામાં વપરાયેલ અને વ્યાખ્યા નહીં આપેલ, પરંતુ અધિનિયમોમાં વ્યાખ્યા આપી હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, ઉકત અધિનિયમમાં તેમનો જે ખાસ અર્થ કરવામાં આવ્યો હોય તે મુજબ રહેશે. અહીં વાપરવામાં આવેલ, પરંતુ આ સંહિતા કે ઉકત અનિયમોમાં ખાસ વ્યાખ્યા ન આપવામાં આવી હોય, પરંતુ સક્ષમ ધારાસભા દ્વારા પસાર કરાયેલા કોઈ કાયદા હેઠળ વ્યાખ્યા કરાઈ હોઈ અને રાજયમાં વીજ-ઉદ્યોગને લાગુ પાડવાપાત્ર શબ્દપ્રયોગોનો અર્થ, આવા કાયદામાં તેમને માટે જે અર્થ કરાયો હોય તે રહેશે. ઉપરની બાબતને આધીન રહીને, અહીં વપરાયેલા પરંતુ આ સહિતા કે અધિનિયમો કે સક્ષમ ધારાસભા દ્વારા પસાર કરાયેલા કોઈપણ કાયદા હેઠળ વ્યાખ્યા નહીં કરાયેલા શબ્દપ્રયોગનો અર્થ, સામાન્ય રીતે વીજ-ઉદ્યોગમાં સ્વીકારીયો હોય તે અર્થ રહેશે.

અર્થઘટન :-

સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય આ સંહિતાના અર્થઘટનમાં

- એકવચન કે બહુવચનના શબ્દો, યથાપ્રસંગે અનુક્રમે બહુવચન કે એકવચન શબ્દમાં સમાવિષ્ટ કર્યા હોવાનું ગણવામાં

17-C Ex 22-2

INDEX

આવશે.

- "સમાવિષ્ટ કરવું" "સમાવેશ કરવા સહિત" કે શબ્દોની પાછળ "મર્યાદા વિના" અથવા "પરંતુ તેને મર્યાદિત નહીં" એવા વાકયાંશો કે શબ્દો આવે કે ન આવે તેમ છતાં તેની પાછળ તે આવેલ છે એમ માની લેવામાં આવશે.

- "સંહિતામાં" હોય તે સંદર્ભોનો અર્થ, અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદાઓ મુજબ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા વખતોવખત સુધારો કે ફેરફાર કર્યા મુજબ આ સંહિતાના સંદર્ભ તરીકે કરાશે.

- શીર્ષકો સુગમતા માટે દાખલ કર્યા છે અને આ સંહિતાના અર્થઘટનના હેતુસર તેને ધ્યાનમાં લેવાં નહીં.

- કોઈપણ કાનૂન, વિનેયમ કે માર્ગદર્શક સૂચનાનાં સંદર્ભોને ઉલ્લેખકરાયેલ આવાં કાનૂન, વિનિયમ કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ, એકત્રિત કરતી, સુધારણા કરતી કે ફેરફાર કરતી તમામ વૈધાનિક જોગવાઈઓના સમાવેશન તરીકે ગણવામાં આવશે.

૩ વિભાગ-૩

વિતરણ સંહિતાનું સંચાલન

૩.૧ પ્રાસ્તાવિક :

૩.૧.૧ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા, આ સંહિતાની જોગવાઓ અનુસાર, વિતરણ પરવાનેદારો તેમજ વિતરણ વ્યવસ્થાના વપરાશકર્તાઓની એક સ્થાયી સંસ્થા (વિતરણ સંહિતા સમીક્ષા પેનલ) ની રચના કરાશે.

૩.૨.૧ વિતરણ સંહિતા સમીક્ષા પેનલ દ્વારા તે અંગે ચર્ચા-વિચારણા કર્યા વિના અને સહમતિ વિના અને ત્યારબાદ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની મંજૂરી લીધા વિના આ વિતરણ સંહિતામાં નનો કે મોટો કોઈ ફેરફાર કરાશે નહીં. આમ છતાં, વિતરણ સંહિતાના કેટલાક ખંડોમાં સુધારો કર્યા વિના રોજ-બ-રોજની કામગીરી કરવી શકય ન હોય તેવા અસાધારણ સંજોગોમાં, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની મંજૂરી મળતાં પહેલાં, પરંતુ સંકટકાલિન ધોરણે બોલાવેલી ખાસ સમીક્ષા પેનલની બેઠકમાં ચર્ચા-વિચારણા કર્યા પછી જ કામચલાઉ સુધારો અમલમાં મૂકી શકાશે. આ કામચલાઉ સુધારાની ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને તાત્કાલિક જાણ કરવી. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, તે આદેશમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વિતરણ સંહિતામાં સુધારો કરવા જરૂરી આદેશો બહાર પાડશે અને વિતરણ પરવાનેદારો કોઈપણ માર્ગદર્શક આદેશનું તત્કાલ પાલન કરશે.

૩.૨ ઉદ્દેશ

૩.૨.૧ આ વિભાગ, વિતરણ સંહિતાના સંચાલનની પદ્ધતિ, જરૂરી કોઈ ફેરફાર/ સુધારાનું અનુસરણ અને આ અંગે વિતરણ પરવાનેદારો અને વપરાશકર્તા/ગ્રાહકોની જવાબદારીઓ નકકી કરે છે. આ વિભાગ, તમામ પક્ષકારોના મંતવ્યો સમાન રીતે ધ્યાનમાં લઈને સુધારણા કરવાની સગવડ કરી આપે છે.

૩.૩ વિતરણ સંહિતા સમીક્ષા પેનલ

૩.૩.૧ સભ્ય-સચિવ સિવાય અધ્યક્ષ અને સભ્યો પેનલના અંશકાલિન સભ્યો રહેશે. સમીક્ષા પેનલમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે, જેઓ વપરાશકર્તાઓ દ્વારા વીજ-પુરવઠા સાથે સંકળાયેલ ટેકનિકલ બાબતોની જાણકારી અને વ્યવહારુ અનુભવ ધરાવતાં હોવા જોઈશે. ગુજરાત વીજળી નિયમન આયોગ, વિતરણ પરવાનેદારોના સભ્યોમાંથી વારાના ધોરણે, વિતરણ સંહિતા સમીક્ષા પેનલના અધ્યક્ષ અને સચિવ તરીકે નિયુકત કરશે, પરંતુ કોઈપણ સમયે અધ્યક્ષ અને સચિવ એક જ વિતરણ પરવાનેદાર ન હોવા જોઈએ. સચિવ, સમીક્ષા પેનલના પૂરાસમયના સભ્ય રહેશે. સમીક્ષા પેનલન સભ્યો નીચે મુજબ રહેશે.

(ક) દરેક વિતરણ પરવાનેદારમાંથી એક સિનીયર ટેકનિકલ અધિકારી.

(ખ) રાજય પ્રવાહન ઉપયોગિતા (STU) અથવા રાજય વીજભાર નિર્ગમન કેન્દ્ર (SLDC)માંથી એક સભ્ય.

(ગ) તમામ પરવાનેદારોનું પ્રતિનિધીત્વ કરવા પ્રવાહન પરવાનેદારમાંથી એક સભ્ય.

મુદત પૂરી થયા પછી, આવા સભ્ય, વિવિધ પ્રવાહન લાઈસન્સના પ્રતિનિધિ, સમીક્ષા પેનલના સભ્ય બનશે. કેપ્ટિવ પાવર પ્લાન્ટ, સહ-વીજઉત્પાદન એકમો, પરંપરાગત અને બિનપરંપરાગત એકમોમાંથી, ગુજરાત રાજયના આવા તમામ વપરાશકર્તાઓનું પ્રતિનિધત્વ કરવા એક સભ્ય લેવામાં આવશે. મુદત પુરી થયેથી, એ સભ્યની જગ્યાએ, બીજા વિતરણ પરવાનેદારના પ્રદેશની એક બીજી વ્યકિતને લેવામાં આવશે.

(ઘ) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિતરણ પરવાનેદારો સાથે ચર્ચા-વિચારણા કરીને, વિવિધ હિત ધરાવતાં જૂથોનું સંતુલન પ્રતિનિધિત્વ કરતી, વિતરણ સંહિતા સમીક્ષા પેનલ પર કામ કરે તેના સંભવિત ઉમેદવારોની યાદી તૈયાર કરશે.

૩.૩.૨ સમીક્ષા પેનલના સભ્યોની મુદત સામાન્ય રીતે બે વર્ષની રહેશે, સિવાય કે તે, કોઈપણ કારણસર સમીક્ષા પેનલના સભ્ય તરીકે ચાલુ રહેવાનું બંધ થાય. સમીક્ષા પેનલના અધ્યક્ષ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આવા સભ્યોની ફેરબદલી અંગે સંયુકતપણે વિચારણા કરશે.

૩.૩.૩ પેનલની કામગીરીનું સંકલન, સમીક્ષા પેનલના સચિવ દ્વારા થશે.

૩.૩.૪ ગુજરાત વી.નિ.આયોગ સમીક્ષા પેનલના સભ્યોના નામ પ્રકાશિત કરશે અને દરેક વિતરણ પરવાનેદારને તેની જાણ કરશે.

૩.૩.૫ ગુ.વી.નિ.આયોગ સાથે ચર્ચા-વિચારણા કરીને સમીક્ષા પેનલની પ્રથમ બેઠકમાં સમીક્ષા પેનલની કામગીરી અંગેની નમૂનારૂપ આચાર-સંહિતાને આખરીરૂપ આપવામાં આવશે.

૩.૪ સમીક્ષા પેનલનાં કાર્યો

સમીક્ષા પેનલના કાર્યો નીચે મુજબ રહેશે.

(ક) વિતરણ સંહિતા અને તેની કામગીરીની સતત ચકાસણી અને સમીક્ષા હેઠળ જાળવણી.

(ખ) કોઈપણ વપરાશકર્તા દ્વારા કરાયેલ સમીક્ષા માટેની તમામ વિનંતીઓની વિચારણા અને વિતરણ સંહિતામાં ફેરફાર અંગે, આવા ફેરફારના કારણો સાથે કરાયેલી ભૂલો તેમની ભલામણોને પ્રસિદ્ધ.

(ગ) વિતરણ સંહિતાના અર્થઘટન અને અમલ અંગે માર્ગદર્શન આપવું.

(ઘ) વપરાશકર્તા દ્વારા ઉઠાવાયેલા પ્રશ્નોની તપાસ તેમજ પ્રશ્નોનો નિર્ણય.

(ચ) વિતરણ સંહિતામાં દરખાસ્ત કરાયેલ ફેરફારો/સુધારા તે સમયે અમલમાં હોય તેવા ધોરણસરના ટેકનિકલ નિયમસંગ્રહ અથવા માર્ગદર્શક સૂચનાઓ, સંહિતાઓ, કાયદા, અધિનિયમો, નિયમો અને વિનિયમો સાથે સુસંગત અને અનુરૂપ છે તે સુનિશ્ચિત કરવું.

(છ) વિતરણ સંહિતાને લગતી વિવિધ બાબતોના વિગતવાર અભ્યાસ માટે પેટા-સમિતિની રચના તથા સમીક્ષા સમિતિ સભ્યો અને સંબંધિત હસ્તિઓમાં તારણો અને ભલામણો પરિપત્રિત કરવો.

(જ) પેટા-સમિતિઓ દ્વારા જોગવાઈ કર્યા મુજબના, સમય-માળખામાં સમીક્ષા પેનલની બેઠકોમાં પ્રશ્નોની (પેટા-સમિતિનાં તારણો અને ભલામણો અંગે) ચર્ચા-વિચારણા માટેની ગોઠવણ કરવી.

(ઝ) જરૂરીયાત મુજબ બેઠકોનું આયોજન કરવું પરંતુ ત્રણ મહિનામાં ઓછામાં ઓછું એકવાર બેઠકનું આયોજન કરશે.સમીક્ષા પેનલની વિચારણા માટે દરખાસ્તો તૈયાર કરવા કોઈપણ વપરાશકર્તા કે વપરાશકર્તાના જૂથ સહિત પેટા-સમિતિઓની બેઠકોનું આયોજન કરવું.

૩.૫ સમીક્ષા અને સુધારણા

૩.૫.૧ વિતરણ સંહિતામાં કોઈ ફેરફાર કરવા માંગતા વપરાશકર્તાએ સમીક્ષા પેનલનાં સચિવને લેખિત વિનંતી મોકલવી અને તેની નકલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને મોકલવી. આ વિનંતી ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને સીધી મોકલવામાં આવે તો, તે સમીક્ષા પેનલના સચિવને રવાના કરવામાં આવશે, જે સંબંધિત વ્યકિતઓ તથા ગુજરાત વીજળી નિયમ આયોગ આદેશ આપે તેવી બીજી વ્યકિતઓ સાથે ચર્ચા-વિચારણા કરીને વિતરણ સંહિતાની જોગવાઈઓની સમીક્ષા કરશે. સચિવ, સૂચિત ફેરફારો/સુધારા, વાજબી સમય-મર્યાદાની અંદર તેમની લેખિત ટીકા-ટિપ્પણ માટે પેનલના તમામ સભ્યોમાં પરિપત્રિત કરશે અથવા સચિવ, અધ્યક્ષની સલાહ લઈને સમીક્ષા પેનલની બેઠક બોલાવશે. આ આંતરક્રિયા/ચર્ચા પર આધારિત જરૂરી સુધારા/ફેરફારો, ખંડ ૩.૫.૨ અને ૩.૫.૩ અનુસાર ગુજરાત વીજળી નિયમન આયોગની મંજૂરી બાદ વિતરણ સંહિતામાં સમાવિષ્ટ કરશે.

૩.૫.૨ પેનલની દરેક સમીક્ષા સમિતિની સમાપ્તિ થતાં, સચિવ નીચેના અહેવાલો ગુજરાત વીજળી નિયમન આયોગને મોકલશે.

INDEX

(ક) આવી સમીક્ષાનાં પરિણામ અંગે અહેવાલો.

(ખ) વિતરણ સંહિતા અને તેનાન્તર્ગત આધાર અંગે કોઈ પ્રસ્તુત સુધારણા.

(ગ) સમીક્ષાના સમયે વપરાશકર્તાઓ દ્વારા રજૂ કરાયેલ તમામ લેખિત નિવેદનો અને વાંધાઓ.

૩.૫.૩ વિતરણ સંહિતામાં તમામ સુધારા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની મંજૂરી જરૂરી છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની મંજૂરી મળતાં, સચિવ વિતરણ સંહિતાના સુધારા પ્રકાશિત કરશે. વપરાશકર્તાઓ/વિતરણ પરવાનેદારોને, વિતરણ સંહિતાની જરૂરિયાતો પહોંચી વળવામાં મુશ્કેલીઓ પડે તેવા કેસોમાં, સમીક્ષા પેનલ રાહત માટેની દરખાસ્તો પણ રજૂ કરી શકશે.

૩.૫.૪ અગાઉની રજૂઆતમાં કરાયેલ કોઈપણ ફેરફાર બાબત હાંસિયામાં સ્પષ્ટ નિશાની કરવી. ઉપરાંત, દરેક ફેરફાર કરાયેલ પેટા-કલમનો નંબર તથા આવા ફેરફાર માટેના કારણ સાથેની નોંધ કરીને, સુધારેલી રજૂઆતના આગળના ભાગે સુધારાનું પાનુ મુકવું.

૩.૫.૫ સચિવ, છેલ્લામાં છેલ્લા સુધારા સમવિષ્ટ કરતા વિતરણ સંહિતાની નકલો રાખશે અને તેની માગણી કરનાર કોઈપણ વ્યક્તિને વાજબી કિંમતે તે આપશે.

૩.૫.૬ પરવાનેદારની અરજીને આધારે કે અન્ય કારણસર પરિસ્થિતિની તેવી જરૂર ઉભી થાય ત્યારે અને ત્યારે આયોગ, સમીક્ષા પેનલની સંકરકાલિન બેઠક બોલાવશે અને યોગ્ય લાગે તેવા વિતરણ સંહિતામાં ફેરફારો અને સુધારા કરશે.

૪ વિભાગ-૪

વિતરણ આયોજ સંહિતા

૪.૧ પ્રાસ્તાવિક :

૪.૧.૧ વિતરણ આયોજન સંહિતા, વિતરણ વ્યવસ્થાના યોગ્ય આયોજન અને વિકાસ માટે વિતરણ પરવાનેદારે અનુસરવાના ટેકનિકલ અને ડિઝાઈન માપદંડ અને કાર્યપદ્ધતિઓ નિર્દિષ્ટ કરે છે. આ સંહિતા વિતરણ વ્યવસ્થાના વપરાશકર્તાઓને, તેમના આયોજન અને વિકાસ માટે, તે વિતરણ વ્યવસ્થાને અસર કરતા હોય તેટલા પૂરતું લાગુ પડે છે.

૪.૧.૨ વપરાશકર્તાઓની જરૂરિયાત, વિતરણ વ્યવસ્થાના વિસ્તરણ અને પ્રબલીકરણ આવશ્યક બનાવે. કેટલાક કેસોમાં, તેને માટે જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટે વિતરણ વ્યવસ્થાની ક્ષમતાના પ્રમાણમાં વિસ્તરણ કે પ્રબલીકરણ કરવાની વિતરણ કરવાની પરવાનેદારને પણ જરૂર પડે. આ બાબત નીચે જણાવેલાં સંખ્યાબંધ કારણો માટે ઉભી થાય, પરંતુ તેટલા પૂરતું મર્યાદિત ન રહે.

(ક) વિસ્તરણ વ્યવસ્થા સાથે જોડાયેલી પોતાની વ્યવસ્થામાં કોઈ વપરાશકર્તા દ્વારા વિકાસ.

(ખ) વપરાશકર્તાની વ્યવસ્થા અને પરવાનેદારની વ્યવસ્થા વચ્ચે નવા જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ શરૂ કરવા.

(ગ) સલામતી ધોરણોને પહોંચી વળવા વિતરણ વ્યવસ્થાની ક્ષમતા વધારવી, સંચાલન વગેરેમાં અવરોધો દૂર કરવા, માગમાં સામાન્ય વધારો સમાવવો.

૪.૧.૩ જરૂરી વૈધાનિક મંજૂરી, સંમતિ કે પે-લીવ (માર્ગ-અનુમતિ) મેળવવા, હાથ ધરીને પૂરા કરવાના વિગતપૂર્ણ ઈજનેરી, ડિઝાઈન અનુ બાંધકામ માટે પૂરતો સમય મળે તે રીતે વિતરણ વ્યવસ્થાના વિકાસનું અગાઉથી પૂરતા પ્રમાણમાં અમૂક આયોજન કરવું. મહત્વની પ્રવૃત્તિઓ તેમજ તમામ પ્રવૃત્તિઓના કાર્યક્ષમ સંકલન માટે પૂરતો સમય આપીને યોગ્ય વ્યવસ્થા ટેકનિકલ અમલમાં મૂકવી. આ બાબતોની આયોજન કરતી વખતે સંભાળ લેવાની રહેશે.

૪.૨ ઉદ્દેશો :

૪.૨.૧ વિતરણ આયોજન સંહિતાના ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

(ક) નીચેનાં ધોરણોને સુસંગત રહીને નિર્દિષ્ટ માત્રામાં વિશ્વસનીયતા સાથે સલામત અને કરકસરયુકત સંચાલન માટે વિતરણ વ્યવસ્થાનું આયોજન, તેની ડિઝાઈન અને બાંધકામ કરવાં.

(૧) આ સંહિતાના જોડાણ-૧ અન્વયે દર્શાવ્યા મુજબ વિતરણ વ્યવસ્થા આયોજન અને સલામતીનાં ધોરણ.

INDEX

(૨) વીજ-વ્યવસ્થા સંચાલન અન્વયે વિતરણ વ્યવસ્થા અને સંચાલન ધોરણ તથા વીજ વ્યવસ્થા સલામતી ધોરણને લાગુ પડતી જોગવાઈઓ.

(૩) અમલમાં હોય તે વૈધાનિક અધિનિયમો અને નિયમો.

(૪) લાગુ પડતી હોય તો તે પ્રસ્તુત ભારતીય માનક વિશિષ્ટ વિગતો. નિર્દિષ્ટ મર્યાદા અનુસાર તેમાં ફેરફારને છૂટ આપવી, આમ છતાં કોઈપણ સંજોગોમાં સુરક્ષા અને સાલમતી જોખમાવાં ન જોઈએ.

(૫) ગ્રામીણ વીજળીકરણ નિગમમાં બાંધકામ ધોરણો અને નિયમસંગ્રહો.

(૬) જોડાણ કરાયેલ કે તેની સાથે જોડાણ માગતા કોઈપણ વપરાશકર્તા દ્વારા વિતરણ વ્યવસ્થાનો ઉપયોગ સુગમ બનાવવો.

(૭) સામાન્ય વીજળિક ઈન્ટરફેઝના કાર્યક્ષમ સંચાલન માટેનાં ધોરણોને પહોંચી વળવા સંબંધિત વિતરણ પરવાનેદારો અને વપરાશકર્તાઓએ અનુસરવાની ટેકનિકલ શરતો નકકી કરવી.

(૮) વિતરણ પરવાનેદાર અને વપરાશકર્તાઓ વચ્ચે સિસ્ટમ પ્લાનિંગ ડેટાના વિનિમયમ માટે કાર્યપદ્ધતિ ઠરાવવી.

(૯) વપરાશકર્તાઓને તેમની પોતાની સિસ્ટમ/વ્યવસ્થાના જોડાણ, આયોજન અને વિકાસ માટે તેમજ તેને વિતરણ વ્યવસ્થા સાથે સુસંગત બનાવવા જોઈતી માહિતી પૂરી પાડવી.

(૧૦) ગ્રિડ-કોડમાં વિગતો આપ્યા પ્રમાણે જોઈતી માહિતી પૂરી પાડવા, વિતરણ પરવાનેદાર આપે પ્રવાહન પરવાનેદારને સહકાર આપે તેમ કરવું.

૪.૩ વીજભાર માહિતી :

૪.૩.૧ વિતરણ પરવાનેદાર, જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ ખાતે ઉપલભ્ય મીટરીંગ માહિતીમાંથી, વિતરણ પરવાનેદારના સંબંધિત પેટા-મથક દ્વારા પૂરી પડાયેલ માહિતીના ક્ષેત્ર માટે વીજભાર આલેખ તૈયાર કરશે. આવી માહિતીનું પુરવઠાના સમગ્ર વિસ્તાર માટે તેમજ તેની વિતરણ વ્યવસ્થાને પુરવઠો પૂરા પાડતા દરેક પેટા-મથકના વીજભાર આલેખ સાથે સંકલન કરવું. વિતરણ પરવાનેદાર માહિતી એકત્રિત કરશે અને જાળગૂંથણી/નેટવર્કના (ખાસ વિતરણ ટ્રાન્સફોર્મરો પર મીટર ગોઠવીને ફીડર વાર તેમજ ગ્રાહકના પ્રકાર વાર) પાવર ફેકટરનો નકશો તૈયાર કરશે.

૪.૩.૨ જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેસ પોઈન્ટો ખાતે ગોઠવેલ વીજ-મીટરોમાં નોંધાયા પ્રમાણે વિતરણ વ્યવસ્થા દ્વારા લેવાયેલ ખરેખર વીજશકિતનો પુરવઠાના એકંદર વિસ્તારમાંની ખરેખર વીજશકિત વેચાણ સાથે હિસાબમેળ કરવો. આ માહિતી પરથી ગણી કાઢેલ એકંદર વિતરણ-ઘટની દર ત્રિમાસે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને જાણ કરવી.

૪.૩.૩ ૫ મે.વો.ની અને તેથી વધુની માગ સાથે જોડાણ લેવા માગના તમામ વપરાશકર્તાઓએ જોડાણ-૧ માં માહિતી આપયા મુજબ પોતાની વીજભાર માહિતી/ વીજભારનાં લક્ષણ અને બીજી પ્રસ્તુત વિગતો વિતરણ પરવાનેદારને મોકલવી.

વિતરણ પરવાનેદારની વિતરણ વ્યવસ્થામાંથી જોડાણ લેવા માંગતા વપરાશકર્તાને જરૂર હોય તો, જોડાણ-૨માં વિગત આપ્યા પ્રમાણે તે, પોતાના પક્ષે, વીજળીનાં સાધનોની ડિઝાઈન અને પસંદગી માટે, મીટર-વ્યવસ્થાની વિગતો અને રક્ષણ અને સિસ્ટમ ડેટાના હેતુસર રિલે માટે સંબંધિત વિગતો આપશે. વિતરણ પરવાનેદાર, સિસ્ટમ-ડેટા નિયમિત રીતે અને ઓછામાં ઓછું વર્ષે એકવાર અદ્યતન બનાવશે.

૪.૪ વરતારાનું પદ્ધતિ વિસ્તાર :

૪.૪.૧ વિતરણ પરવાનેદાર ટૂંકાગાળાની માગનો વરતારો કાઢશે. (રાજય પ્રવાહન એકમ, આંતર રાજય પ્રવાહન વ્યવસ્થા માટે પાંચ વર્ષની ભાવિ વાર્ષિક યોજનાને અનુરૂપ રીતે વાર્ષિક આયોજન પ્રક્રિયા કરી શકે તે સારુ). આ વરતારો, આગલા નાણાંકીય વર્ષને આધાર તરીકે ગણ્યા બાદ અને આગામી પાંચ વર્ષોમાં તેમના પુરવઠા વિસ્તારમાં વિવિધ ક્ષેત્રોના એકંદર વિકાસને વિચારણામાં લઈને આગામી પાંચ વર્ષ માટે માગની પૂર્વધારણા કરીને તૈયાર કરાશે. તેણે, સરકારી નીતિ/આર્થિક વિકાસ, વગેરે જેવાં તમામ પાસાં વિચાર્યા બાદ, આગામી પાંચ વર્ષ માટે વીજભારનો વરતારો કાઢવા માટે વ્યવહારુ પદ્ધતિઓ અનુસરવી આ પ્રક્રિયા દરમિયાન, તે, આગલા વીજભાર વરતારા અનુસાર સાકાર કરાયેલ વીજભારની સ્થિતિનું પુનર્વિલોકન કરશે. વધુમાં આ જરતારો, સીઈએ દ્વારા રાષ્ટ્રીય સ્તરે વિકસાવવાની યોજનાને અનુરૂપ રહેશે. આ વરતારામાં પડતો તફાવત, વિતરણ પરવાનેદારના ધ્યાનમાં આવશે તેમ અને ત્યારે તેનો સમાવેશ કરાશે અને વર્ષે આ વરતારા સુધારણા કરાશે.

INDEX

IV-C Ex. 22-3

૪.૪.૨ વરતારાના સમય-ગાળામાં, યોગ્ય આંકડાકીય પદ્ધતિ અપનાવીને આધાર વર્ષને લગતા અનુરૂપ આંકડા અંગે દરેક પ્રશુલ્ક વર્ગમાં વીજળી શકિતના વેચાણની વિચારણા કરાશે.

૪.૪.૩ આ ધારણાઓમાં, અચોકકસ વીજભાર, ૧ મે.વો. અને તેથી વધુ ચોકસ અને મુકરર વીજભારમાં સામાન્ય વૃદ્ધિ ધારીને તથા ડીમાંડ સાઈડ મેનેજમેન્ટની અસરો, જો કોઈ હોય તો, અને ઉર્જા સંરક્ષણને ધ્યાનમાં લેવામાં આવશે.

૪.૪.૪ દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ ખાતે ટોચની વીજભાર જરૂરિયાતો અંદાજવામાં આવશે. દરેક જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ ખાતે ટોચની વીજભાર જરૂરિયાત આવશ્યકપણે સુનિશ્ચિત કરશે કે રાજય પ્રવાહન એકમ જોડાણ પોઈન્ટ/ ઈન્ટરફેઝ પોઈન્ટ સુધીનો પ્રવાહન વ્યવસ્થામાં પર્યાપ્ત ક્ષમતા જાળવવાં લેવાનાં સુધારાત્મક પગલાં નકકી કરશે. આનાથી પ્રવાહન પરવાનેદાર અનુરૂપ પ્રવાહન વ્યવસ્થા સહેલાઈથી વિકસાવી શકશે. આમ છતાં, વિતરણ પરવાનેદારને રીંગમાં અરસ-પરસ જોડાયેલ શુધ્ધ વિસ્તારના સંખ્યાબંધ જોડાણ પોઈન્ટો/ઈન્ટરફેઝ પોઈન્ટો આગળ વીજળી મેળવે તો, આવા વિતરણ પરવાનેદાર, રાજય પ્રવાહન એકમ સાથે પારસ્પરિક ચર્ચા કરીને સહમત થયા પ્રમાણે તફાવત કે છૂટ સાથે દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ આગળ એકંદર ટૂંકા ગાળાનો માગ વરતારો મોકલશે.

૪.૪.૫ પુરવઠા વિસ્તાર માટે એકંદર વીજશકિત અને ટોચની વીજભાર જરૂરિયાતોનો અંદાજ કાઢવામાં આવશે. વિતરણ પરવાનેદાર, દરેક જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ માટે, પુરવઠા વિસ્તાર માટે ટોચની વીજ-ભાર જરૂરિયાત તેમજ એકંદર વીજશકિત અને ટોચની વીજભાર માગ અંગે ટૂંકા ગાળાની માગણીનો વરતારો વાર્ષિક ધોરણે કાઢીને રાજય પ્રવાહન એકમને (STU) મોકલશે. પ્રવાહન પરવાનેદાર અને ગુજરાતી વીજળી નિયમન-આયોજ નીચેની વિગતો સાથે તેને આધારે વરતારો તૈયાર કરે છે.

(ક) માહિતી

(ખ) પદ્ધતિવિસ્તાર

(ગ) ધારણ

૪.૪.૬ સમગ્ર ગુજરાત રાજય માટે માંગણી અંગે વરતારો કાઢવા, રાજય પ્રવાહન એકમને સંપૂર્ણ સહકાર આપવાની વિતરણ પરવાનેદારની જવાબદારી રહેશે. ગ્રિડ-કોડમાં વિગત આપ્યાપ્રમાણે, રાજય પ્રવાહન એકમ ભાવિલક્ષી યોજના તૈયાર કરી શકે તે સારુ, વિતરણ પરવાનેદાર ૧૦ વર્ષના સમયગાળા માટે જરૂરી ટોચના વીજભાર અને વીજશકિત અંગેના વરતારા રાજય પ્રવાહન એકમ/ પ્રવાહન પરવાનેદારને મોકલી આપશે.

૪.૫ ટેકનિકલ અને ડિઝાઈન માપદંડ :

વિતરણ પરવાનેદાર, નીચેના ટેકનિકલ અને ડિઝાઈનં માપદંડને આધારે પોતાની વિતરણ વ્યવસ્થાનું આયોજનં કરીને તેને વિકસાવશે.

૪.૫.૧ વિતરણ પરવાનેદારની વ્યવસ્થા સાથે જોડાયેલ તમામ ચાલુ વપરાશકર્તા તથા વિતરણ પરવાનેદારની વ્યવસ્થા સાથે જોડાણ માગતા તમાર વપરાશકર્તાઓની વીજભાર માગ વિચારણામાં લેવાશે. તમામ સાધનો તથા સર્કિટોની, સલામત, કરકરસયુકત અને ભરોસાપાત્ર રીતે તેની વીજળીની જરૂરીયાતો પૂરી પાડવા પૂરતી ક્ષમતા હોવી જોઈશે.

૪.૫.૨ વિતરણ પરવાનેદાર, પોતાના પુરવઠા વિસ્તારમાં દરેક પ્રકારના ગ્રાહકની વાર્ષિક ધોરણે અથવા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જરૂરી હોય તે પ્રમાણે ઘણીવાર વીજભાર માગની આકારણી કરીને વરતારો કાઢશે.

૪.૫.૩ વિતરણ પરવાનેદારને, ગ્રાહકો દ્વારા કરાતી વીજ-વપરાશનું સ્વરૂપ, વીજળીનો ઉપયોગ જે રીતે કરતા હોય તે રીત અને તેના વિસ્તારમાં વીજળીનાં બીજાં વૈકલ્પિક સ્ત્રોતો અંગેની સંપૂર્ણ જાણકારી હોવી જોઈશે. વીજભાર વરતારામાં, આ બધી બાબતોની સાથો-સાથ પરવાનેદાર પુરસ્તૃત કરે તે અન્ય સંરક્ષણ કાર્યક્રમો અને માગ બાજુનું સંચાલન કે ઓફ-પીક યુસેજ કાર્યક્રમો ધ્યાનમાં લેશે, જેને પરિણામ વર્ષોથી ગ્રાહકોની ટોચની માગ અને વપરાતી વીજળીમાં ઘટાડો થશે.

INDEX

૪.૫.૪ વિતરણ પરવાનેદાર, ગ્રાહકોના વીજળી વપરાશ ઢાંચો વર્ણવતી માહિતી વ્યવસ્થિત એકત્રિત કરવા તથા વીજશક્તિ અને માગ વરતારા માટે આ માહિતીના પૃથક્કરણ માટે યોગ્ય વીજ ભાર સંશોધન કાર્યક્રમ અમલમાં મૂકશે. આ માટે, ગ્રાહકોને પ્રશુલ્કના તમામ વર્ગોમાં વિભકત કરવામાં આવશે અને વિસ્તૃતપણે નીચેના વર્ગોમાં વિભાજન કરાશે.

(ક) ઘરવપરાશ ક્ષેત્ર

(ખ) વાણિજ્ય ક્ષેત્ર

(ગ) કૃષિ ક્ષેત્ર

(ઘ) ઔદ્યોગિક ક્ષેત્ર

દરેક ક્ષેત્ર દ્વારા વપરાતી વીજળીનો ઢાંચો અન. વીજભાર માંગ, ટોચની માંગ, વગેરેનો ગાળો, દરેક ક્ષેત્રમાંથી, તેની જુદી-જુદી મોસમી જરૂરિયાતો માટે પ્રતિનિધરૂપ નમૂના લઈને નમૂનાઈ મોજણીને આધારે, નકકી કરાશે. આ નમૂનાઈ મોજણી માટે યોગ્ય પ્રશ્નાવલિ તૈયાર કરાશે અને મેળવેલી વિગતોનું યોગ્ય આંકડાકીય મોડેલનો ઉપયોગ કરીને પૃથક્કરણ કરાશે. આના પર આધાર રાખીને, વખતો-વખત વીજળીની પ્રાપ્યતાને અનુરૂપ થવા માગ બાજુની વહીવટસ ટેકનિકોનો ઉપયોગ કરીને વીજભારનું ચિત્ર આલેખવામાં આવશે.

૪.૫.૫ વીજભાર સંશોધન કાર્યક્રમમાં નીચેની બાબતોનો અંદાજ કાઢવામાં આવશે.

(ક) વ્યવસ્થાના અધિકતમ, દૈનિક, માસિક, મોસમી કે વાર્ષિક સમયે માગ.

(ખ) વ્યવસ્થાના અધિકતમ, માસિક, મોસમી કે મોસમી દિવસ માટે કલાક પ્રમાણે માગ.

(ગ) મહિના, મોસમ કે વર્ષ વાર દરેક પ્રકાર માટે કુલ વીજ વપરાશ.

૪.૫.૬ ઉપરના પૃથક્કરણનાં પરિણામોને આધારે, વીજભાર વરતારો, લાગુ પડતું હોય ત્યાં યોગ્ય આધુનિક વરતારા અંગેના સાધનોનો ઉપયોગ કરીને કાઢવામાં આવશે.

૪.૫.૭ વિતરણ અને પ્રવાહન વચ્ચે કોઈપણ વીજળિક ઈન્ટરફેઝ આગળ અધિકતમ સર્કિટ લોડિંગ અને સર્કિટની અધિકતમ સંખ્યા, આ સંહિતાના જોડાણ-૧માં વીજ-વ્યવસ્થા સંચાલન અને સંચાલન ધોરણ હેઠળ વિતરણ વ્યવસ્થા તથા વીજ-વ્યવસ્થા સલામતી ધોરણ હેઠળ વિતરણ વ્યવસ્થા અન્વયે દર્શાવ્યા મુજબ વિતરણ વ્યવસ્થા આયોજન અને સલામતી ધોરણોને અનુરૂપ હોવા જોઈએ.

૪.૫.૮ નીચેની બાબતો માટે શકય હોય ત્યાં સુધી અલગ સર્કિટ પૂરી પાડવી.

(ક) શહેરી બિન-ઔદ્યોગિક વીજ-પુરવઠો.

(ખ) શહેરી ઔદ્યોગિક વીજ-પુરવઠો.

(ગ) ગ્રામીણ પુરવઠો. (ગ્રામ કૃષિ અને ગ્રામ બિનકૃષિના પુરવઠા વચ્ચે શકય હોય ત્યાં સુધી વધુ અલગતા)

૪.૫.૯ સંકટકાલિન કામગીરી દરમિયાન વીજભાર સંચાલનમાં સુગમતા રહે તે સારુ વિજભારની ગોઠવણ બને ત્યાં સુધી અલગ વીજભાર ઘટકોમાં કરવી.

૪.૫.૧૦ પેટા-મથકોમાંથી આઉટીલેટ, કેપેસિટર (વીજચરિત્ર)ની ગોઠવણો, વિતરણ ટ્રાન્સફોર્મરોની સ્થિતિ નકકી કરવા તથા વાજબી મર્યાદાની અંદર વોલ્ટના તફાવત અને વીજળીની ઘટને સમાવિષ્ટ કરવા વીજભાર પ્રવાહ અને અનય વ્યવસ્થા (સિસ્ટમ) અભ્યાસો હાથ ધરાશે.

૪.૫.૧૧ સ્ટોરના છૂટક ભાગોને સહેલાઈથી બદલી શકાય અને માલસૂચિઓમાં ઘટાડો કરવા સાધનસામગ્રી તથા સિસ્ટમ ડિઝાઈનોની નીચેની પારમિતિઓ ધોરણસરની કરવી :

(ક) વીજ-ટ્રાન્સફોર્મરોની ક્ષમતા

(ખ) વિતરણ-ટ્રાન્સફોર્મરોની ક્ષમતા અને ડિઝાઈન

(ગ) ૨૨ કિ.વો./૧૧ કિ.વો. પેટા-મથકના લે-આઉટ.

(ઘ) થાંભલો ગોઠવેલ પેટા મથકો

(ચ) બસના સળિયાનું બદ

(છ) સર્કિટ બ્રેકર અને ઈન્સ્ટ્રુમેન્ટ ટ્રાન્સફોર્મરની ક્ષમતા અને દર-નિર્ધારણ

(જ) અર્થિંગ

(ટ) વીજળી-અવરોધક

(ઠ) નિયંત્રણ પેનલો

(ડ) સ્ટેશન બેટરી

(ઢ) આગ

(ણ) નિભાવ-સાધનો

(ત) સલામતી - સાધનો

(થ) વીજ-મીટરો

(દ) વાયર અને કેબલ

(ધ) ચાપડા અને કનેકટર

૪.૫.૧૨ વિતરણ વ્યવસ્થા માટેનાં સુરક્ષા ધોરણો સલામતી ધોરણોની આવશ્યકતાઓને આંચ ન આવે તે રીતે ખર્ચની અસરકારકતા તથા વીજ-ઘટમાં ઘટાડાને લક્ષમાં રાખીને વિતરણ વ્યવસ્થાનું આયોજન કરવું.

૪.૫.૧૩ વિતરણ પરવનેદારો, તે સમયે પ્રવર્તમાન અદ્યતન ટેકનોલોજીને અનુરૂપ બીજાં તમામ પગલાંની સાથો-સાથ નીચેની બાબતો ધ્યાનમાં રાખીને વિતરણ-વ્યવસ્થા વિસ્તરણ અને પ્રબલીકરણનું આયોજન કરવું.

(ક) હાય-ટેન્શન અને લો-ટેન્શન લાઈનની લંબાઈનો કરકસરયુકત ગુણોત્તર.

(ખ) એરિયલ બન્ચ કન્ડકટરોનો ઉપયોગ.

(ગ) ભૂગર્ભ કેબલો.

(ઘ) વીજળીના વીજભાર કેન્દ્રો ખાતે વિતરણ ટ્રાન્સફોર્મરોની અને તેના સ્થળની સંખ્યા અધિકતમ કરવી.

૪.૬ વીજ-ઑડિટ :

૪.૬.૧ વિતરણ પરવાનેદાર, વીજ-શકિતના ઓડિટ માટે જવાબદારી કેન્દ્રો ઉભા કરશે. ૫૦,૦૦૦ અને તેથી વધુ વસતિ ધરાવતાં શહેરો અને નગરો જવાબદારી કેન્દ્રો બનશે અને તેઓ વીજળીના વેચાણ અને વિતરણ ઘટની ગણતરી માટે જવાબદાર ગણાશે. આવા દરેક જવાબદારી કેન્દ્ર માટે મુકરર કરેલ વિસ્તારમાં તમામ આગમન/નિર્ગમન ફીડરો માટે ઓછામાં ઓછા ૪૫ દિવસની માહિતી ધારણા કરે તેવી ક્ષમતાવાળાં વીજભાર મોજણી મીટરો ગોઠવવામાં આવશે.

૪.૬.૨ વિતરણ પરવાનેદાર દરેક જવાબદારી કેન્દ્રમાં હાથ ધરાયેલ વિગતો અને પૃથકકરણનું સંકલન કરતી તેમની સમગ્ર વ્યવસ્થાનું બને તેટલી સારી રીતે વીજળી ઓડિટ કરશે. દરેક પેટા મથકમાંથી મળતી વીજળી, યોગ્ય વીજ-મીટરો સાથે ગોઠવેલ તમામ, બહિર્ગમન ફીડરોના ૧૧ કે.વી.ના ટર્મીનલ સ્વીચગિયરો પાસે એવી રીતે માપવામાં આવશે, કે જેથી દરેક ફીડરમાં મોકલતી વીજળી ચોકસપણે ઉપલભ્ય થાય. આની દરેક ફિડર માટેના માસિક વીજ-વેચાણ તથા વિતરણ ઘટના અનુરૂપ આંકડા સાથે સરખામણી કરવામાં આવશે. વિતરણ પરવાનેદારે ૧૧ કે.વી. એ રીંગ મેઈન સિસ્ટમ અપનાવી હોય તેવા કેસમાં દરેક ફિડર માટે વિતરણ ઘટ નકકી કરવાનું મુશ્કેલ હોય તો પછી વિતરણ પરવાનેદાર પુરવઠાના સમગ્ર વિસ્તાર માટેની વિતરણ ઘટ ગણી કાઢશે.

૫ વિભાગ-૫

જોડાણની શરતો

૫.૧ પ્રાસ્તાવિક :

૫.૧.૧ જોડાણ શરતોમાં ટેકનિકલ અને ડિઝાઈનના ન્યૂનતમ ધોરણો નકકી કરાય છે. જેનું વિતરણ વ્યવસ્થા સાથે જોડાયેલ અથવા તેની સાથે જોડાણ કરવા માંગતી કોઈપણ એજન્સી પાલન કરશે. વિતરણ પરવાનેદાર એ બાબતની ખાતરી આપે છે કે કોઈપણ એજન્સી, સહમતિ મુજબનું જોડાણ ગોઠવવા માટે પૂર્વ-આવશ્યકતા તરીકે ઉપરના ધોરણોનું પાલન કરશે. જોડાણ શરતો, ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમો ૫૦ અને ૫૧માં નકકી કરેલી જરૂરિયાત પરિપૂર્ણ કરશે.

૫.૨ ઉદ્દેશ :

૫.૨.૧ જોડાણ શરતોની જોગવાઈ નીચેની બાબતો સુનિશ્ચિત કરવા માટે કરાઈ છે :

(ક) તમામ એજન્સીઓ જોડાણના મૂળભૂત નિયમોનું પાલન કરે. આ શરતથી તમામ એજન્સીઓ સાથે ભેદભાવ વિનાનો વર્તાવ રાખવામાં મદદ થશે.

(ખ) જ્યારે કોઈ નવું કે સુધારેલ જોડાણ કરવામાં આવે ત્યારે વિતરણ વ્યવસ્થા સાથેના તેના જોડાણને કારણે અસ્વીકાર્ય અસરો ભોગવવી ન પડે કે વ્યવસ્થા અથવા બીજી કોઈ જોડાણ કરાયેલ એજન્સી પર અસ્વીકાર્ય અસરો પેદા ન થાય.

(ગ) જોડાણ જ્યાં કરવામાં આવે તે દરેક સ્થળ માટે તમામ સાધનસામગ્રીની માલિકી અને જવાબદારી અનુસૂચિતમાં (સ્થળ જવાબદારી અનુસૂચિ) સ્પષ્ટપણે નિર્દિષ્ટ કરવામાં આવશે.

૫.૩ કાર્યલક્ષી લેબલિંગ :

૫.૩.૧ પેટા-મથકો તથા જોડાણનાં સ્થળોએ, સાધનસામગ્રી/ઉપકરણો અને સર્કિટના નંબર અને અથવા નામ દર્શાવતાં સ્પષ્ટ અસંદિગ્ધ નિશાનીઓ અને લેબલોની જોગવાઈઓ જાળવણી માટે પરવાનેદાર અને ગ્રાહકો જવાબદાર ગણાશે. ગોઠવેલ સાધનો, પ્રસ્તુત ભારતીય માનક વિશિષ્ટ વિગતો અને રેટિંગને અનુરૂપ હોવાં જોઈશે અને સાધનોના નામની પ્લેટ પર મહત્વની વિશિષ્ટ વિગતો જાળવવી જોઈશે. કોઈપણ વીજળિક સાધન પર તેના ઉત્પાદકોના નામની પ્લેટ કાયમીપણે ચોંટાડેલ ન હોય તો, તેવા સાધનનો ઉપયોગ કરવો નહીં. આવી કોઈ અસંગતિ ધ્યાનમાં આવે તેવા પ્રસંગે, ૨૦૦૩ના વીજળી અધિનિયમની સંબંધિત કલમ મુજબ તે અંગે કાર્યવાહી કરવી.

૫.૪ વ્યવસ્થા (સિસ્ટમ) - કામગીરી :

૫.૪.૧ વિતરણ વ્યવસ્થા સાથે જોડાણ અપાયેલ તમામ સાધનોની ડિઝાઈન અને રચના, સંબંધિત ભારતીય માનક વિશિષ્ટ વિગતોને, બંને તેટલા વધુમાં વધુ પ્રમાણમાં પરિપૂર્ણ કરતાં હોવા જોઈશે. જેના માટે ભારતીય માનક વિશિષ્ટ વિગતો અસ્તિત્વમાં ન હોય તેવા સાધનની બાબતમાં યોગ્ય આઈસી (IEC) કે આઈઈઈ (IEEE) અથવા અન્ય આંતરરાષ્ટ્રીય ધોરણો લાગુ પડશે.

૫.૪.૨ તમામ વીજળિક સાધનોની ગોઠવણ, અમલમાં હોય તે નિયમો અને વ્યવહાર (પ્રેકિટસ) સંહિતાને અનુરૂપ રહેશે.

૫.૪.૩ દરેક નવા જોડાણ માગવા માટે, વિતરણ પરવાનેદારે, જોડાણ પોઈન્ટ/ઈન્ટરફેઝ પોઈન્ટ અને પુરવઠા પોઈન્ટ તેજ આસંહિતાની કલમ-૩ અન્વયે "મીટર વ્યવસ્થા અને સંરક્ષણ સંહિતા"માં નિર્દિષ્ટ કર્યા મુજબની મીટર-વ્યવસ્થા અને સંરક્ષણ જરૂરિયાતો નિર્દિષ્ટ કરવા જોઈશે.

૫.૪.૪ વિતરણ-વ્યવસ્થાનું સંચાલન, વીજ-વ્યવસ્થા વહીવટ અને સંચાલન ધોરણે અન્વયે વિતરણ વ્યવસ્થા સંચાલન ધોરણ અનુસાર થશે. અલબત વપરાશકર્તા, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (SLDC)/ વિતરણ પરવાનેદારે કરાવેલ વિતરણ-શિસ્તને આધીન રહેશે.

૫.૪.૫ વપરાશકર્તાના સાધનોનું વિસંવાહન સંકલન, લાગુ પાડવાપાત્ર ભારતીય માનકો/ વ્યવહાર સંહિતાને અનુરૂપ કરાશે. સ્વિચગિયરની રપચરિંગ (rupturing) ક્ષમતા, વિતરણ પરવાનેદારે નિર્દિષ્ટ કરી હોય તેનાથી ઓછી હોવી જોઈએ નહીં.

૫.૫ જોડાણ બિંદુ / ઈન્ટરફેઝ બિંદુ :

૫.૫.૧ પ્રવાહન વ્યવસ્થા સાથેના જોડાણનું ગ્રિડ-કોડના પ્રસ્તુત ખંડો દ્વારા વિનિયમન થશે.

IV-C Ex 22.4

INDEX

૫.૫.૨ નાના જનરેટરોનું જોડાણ : (૬૬ કે.વી. અને તેથી વધુ વોલ્ટતાએ વિતરણ વ્યવસ્થાના પ્રમાણમાં ૧ મે.વો. થી નીચે નહી) : વીજ-ઉત્પાદન મથકએ બસ-બાર પૂરાં પાડવામાં આવશે. તમામ વીજ-ઉત્પાદન એકમો, સમકાલિક બ્રેકર મારફત બસ-બારમાં ઉત્પાદક સામગ્રી (આઉટપુટ) અંદર દાખલ કરશે. સમકાલિક બ્રેકર અને બસ બારની વચ્ચેનું આઈસોલેટર (વિયોજક), જનરેટર અને વિતરણ પરવાનેદર વચ્ચેની સીમા છે. પ્રશુલ્ક મીટરોના કરન્ટ ટ્રાન્સફોર્મરોને સમકાલિન બ્રેકરોની નજીક જોડવામાં આવશે. પ્રશુલ્ક મીટરોના વોલ્ટના ટ્રાન્સફોર્મરો (બાજુમાં રાખેલા સેટ સહિત) બસ-બારની સાથે જોડવામાં આવશે. આમ છતાં વીજળીના બિનપરંપરાગત સ્ત્રોત પર આધારિત નાના જનરેટરોને મુકિત અપાશે અને સુગમ હોય તે પ્રમાણે વિતરણ વ્યવસ્થા/પ્રવાહન વ્યવસ્થા અને જોડવાની છૂટ અપાશે.

૫.૫.૩ ઈએમટી/એમટી વપરાશકર્તાઓ : વિતરણ પરવાનેદારે નકકી કર્યા મુજબ પુરવઠા વોલ્ટના ૨૨૦ કેવી/૧૩૨ કેવી/૬૬ કેવી/૨૨ કેવી અથવા ૧૧ કેવીની રહેશે. વપરાશકર્તાઓ પેટા-મથકોની માલિકી ધરાવશે. વપરાશકર્તાના મકાનમાં ફીડર એન્ટ્રીને હદ/સીમા બનશે અથવા આવી રીતે જોગવાઈ કરાઈ હોય ત્યારે વિતરણ પરવાનેદારના બ્રેકર અને ઈએમટી/એમટી ગ્રાહકોના બ્રેકરો વચ્ચે બસ-બાર સીમા બનશે.

૫.૫.૪ નિમ્ન વોલ્ટના અને મધ્યમ વોલ્ટના ગ્રાહકો : ગ્રાહકે ગોઠવેલ કટઆઉટ સર્કિટ બ્રેકરનું પ્રવેશ ટર્મિનલ, નિમ્ન વોલ્ટતા અને મધ્ય વોલ્ટતા ગ્રાહકોની સીમા છે. ગ્રાહકના ફ્યુઝ યુનિટ/ સર્કિટ બ્રેકર પહેલા પ્રશુલ્ક-મીટર વ્યવસ્થાની જોગવાઈ કરવી. મીટર વાચન, જાળવણી, મરામત, નિરીક્ષણ વગેરેના હેતુસર જલદી દાખલ થઈ શકાય તે સારુ, ગ્રાહકના મકાનોમાં

સલામત જગ્યાઓ, મુખ્યત્વે મકાનના પ્રવેશ આગળ અથવા ભોંયતળિયે સામાન્ય માર્ગમાં દરેક પોઈન્ટે મીટરનાં સાધનોની જોગવાઈ કરવી. વિતરણ પરવાનેદારે, આ મીટર સાધન સીલ કરેલા બોકસની અંદર મૂકીને આપવું અને વપરાશકર્તા/ગ્રાહક આ સીલ કરેલ મીટર-સાધનમાં કશી ગરબડ કરશે નહી અને મીટર તથા સાધનના રક્ષણ માટે વાજબી સંભાળ લેશે.

૫.૬ સિસ્ટમ/વ્યવસ્થા સાથેનાં જોડાણો માટેની અરજીઓ અંગે કાર્યપદ્ધતિ

૫.૬.૧ વિતરણ વ્યવસ્થાનો ઉપયોગ કરવા માગતા કોઈપણ વપરાશકર્તાએ પુરવઠા સંહિતા અનવયે ઠરાવેલ કાર્યપદ્ધતિઓ અને નમૂના મુજબ અથવા નિર્દિષ્ટ વપરાશકર્તાઓ માટે પરવાનેદારે ખાસ તૈયાર કરેલ નમૂના મુજબ અરજી રજૂ કરવી.

સંભાવિત મોટા ગ્રાહકોએ કલમ-૪ના જોડાણ-૧ મુજબ માહિતી જોડવી.

૫.૭ જોડાણની અરજી સ્વીકારવી કે રદ કરવી :

૫.૭.૧ પુરવઠાના જોડાણ માટેની ગ્રાહકની અરજી, પુરવઠા સંહિતા મુજબ સ્વીકારવી કે રદ કરવી.

૫.૮ વીજ-જોડાણ - કરારો/સમજૂતિઓ :

૫.૮.૧ ગ્રાહકનો વીજ-જોડાણ કરાર, વીજ-પુરવઠા સંહિતા અનુસાર રહેશે.

૬ વિભાગ-૬

સંચાલન સંહિતા

૬.૧ પ્રાસ્તાવિક :

૬.૧.૧ આ વિભાગમાં વિતરણ પરવાનેદાર અને વિતરણ પરવાનેદારની વ્યવસ્થા સાથે સંકળાયેલ તેમના વીજ પ્લાન્ટ અને લાઈનોની વિતરણ વ્યવસ્થાના ઉપયોગકર્તા દ્વારા સલામત અને કાર્યક્ષમ સંચાલન માટે અનુસરવાની કાર્યપદ્ધતિઓ અને પ્રથાઓનો સમાવેશ થાય છે. જોડાણના સલામત અને કાર્યક્ષમ સંચાલન માટે બે વિસ્તરણ પરવાનેદારો વચ્ચેના કોઈ વીજ-જોડાણને પણ આ લાગુ પડશે.

૬.૧.૨ આ વિભાગમાં સંચાલનનાં નીચેનાં પાસાનો સમાવેશ થાય છે.

(ક) માગનો અંદાજ કાઢવો.

(ખ) વિતરણ આયોજન.

(ગ) આસ્મિક આયોજન.

(ઘ) માગ પ્રમાણે આયોજન અને વીજભાર વિતરણ

(ચ) કેન્દ્રીય વીજળી પ્રોજેકટ સહિત લઘુ વીજ નિર્માણ પ્લાન્ટ સાથે જોડાણ.

INDEX

(છ) સંચાર/માહિતી

(જ) વોલ્ટેજ, આવર્તન અને વીજ પાસાનું દેખરેખ-નિયંત્રણ અને નિયંત્રણ.

(ઝ) સલામતી સંયોજન.

(ટ) જાળવણી અને ચકાસણી.

(ઠ) ઓજારો અને છૂટા ભાગો.

(ડ) તાલીમ.

૬.૨ માગનો અંદાજ કાઢવો :

૬.૨.૧ વિતરણ પરવાનેદાર તેના પુરવઠા વિસ્તાર માટે, કોઈ ખાસ ઉપયોગકર્તા તરફથી મળેલ અથવા કોઈ આકસ્મિક રીતે પેદા થયેલ માહિતીના આધારે ફેરફારને આધીન રહીને આગલા દિવસે લાઈનોમાં કેટલો વીજભાર વાળવો પડેલો તેના આધારે કલાકદીઠ અને દરરોજની વીજવપરાશની માગનો અંદાજ કાઢશે. આ અંદાજ જરૂરિયાત પ્રમાણે એસએલડીસીને મોકલી આપશે.

૬.૨.૨ આ માટે, વિતરણ પરવાનેદારે નકકી કરેલા સંબંધિત મુખ્ય ઉપયોગકર્તાઓ તેમને ત્યાં વીજ વ્યવસ્થાની ગોઠવણ અંગેની તેમની સતા અંગેની જરૂરી માહિતી રજૂ કરશે.

૬.૩ વિતરણ આયોજન :

૬.૩.૧ વિતરણ પરવાનેદાર તેની એક મહિના અગાઉની વિતરણ કાર્યક્રમની દરખાસ્ત પ્રવાહન પરવાનેદારને મોકલી આપશે. તે વિતરણ કાર્યક્રમમાં પરવાનેદારે વિચારેલ વિતરણ પદ્ધતિની લાઈનો અને ઉપકરણ નકકી કરવાની બાબતનો સમાવેશ થશે.

૬.૩.૨ પરવાનેદાર દ્વારા વિચારેલ વિતરણ યોજના, પ્રવાહન પરવાનેદાર આખરી રીતે સક્ષ પ્રવાહન વિતરણ યોજના છૂટી કરે ત્યાર પછી જ અમલમાં આવશે.

૬.૩.૩ આમ છતાં લાઈન અથવા ઉપકરણ સેવામાંથી કાઢી લેવામાં આવે ત્યારે વિતરણ પરવાનેદારને શકય હોય તો તેમની જાળવણી કામગીરી ગોઠવવાનું મંજૂર કરેલી યોજનામાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હોય તો પણ સરળ બનાવવા જણાવશે.

૬.૩.૪ ૬૬ કે.વી. અને તેથી વધુ લાઈનો અને ઉપકરણના કેસમાં એસએલડીસીની ખાસ સંમતિ આ ઉપરાંત મેળવવાની રહેશે.

૬.૩.૫ નીચેના સંજોગોમાં ઉપરની કાર્યપદ્ધતિ લાગુ પડશે નહીં.

(ક) પ્લાન્ટ અને યંત્રસામગ્રી બચાવવા "આકસ્મિક પરિસ્થિત".

(ખ) માનવજીવન બચાવવા લાઈનો અથવા ઉપકરણ છૂટું પાડવા જરૂરી હોય તેવી અસાધારણ આકસ્મિક પરિસ્થિતિના કેસમાં.

(ગ) કરાર ભંગને કારણે કોઈ વપરાશકર્તાની ગોઠવણીમાં જોડાણ કાપી કાઢવાનું થાય. આવા કેસમાં એસએલડીસીને ૫ મે.વો. અથવા વધુ પ્રમાણમાં વીજભાર રાખવામાં આવે ત્યારે જાણ કરવાની રહેશે.

૬.૩.૬ જાણવણીના હેતુસર પરવાનેદાર માટે કામગીરી ધોરણમાં ઠરાવ્યા પ્રમાણેની મુદત માટે વીજળી વ્યવસ્થાનું આયોજિત વિતરણ તે વિસ્તારનાં બહોળો ફેલાવો ધરાવતાં ઓછામાં ઓછા બે સમાચારપત્રો (એક અંગ્રેજી - એક ગુજરાતી)માં પ્રસિદ્ધ કરવા સહિત માધ્યમ દ્વારા બે દિવસ અગાઉ લોકોને જાણ કરવાની રહેશે.

૬.૪ આકસ્મિકતા આયોજન :

૬.૪.૧ પ્રવાહન પદ્ધતિમાં પૂરેપૂરા અથવા અંશતઃ ભંગાણને કારણે આકસ્મિક પરિસ્થિતિ ઉભી થઈ શકશે. ખુદ વિતરણ પદ્ધતિમાં સ્થાનિક ભંગાણને કારણે પણ વિતરણ વ્યવસ્થામાં આકસ્મિકતા ઉભી થઈ શકશે. આંતરજોડાણના સ્થળે પ્રવાહન પરવાનેદારનું સાધન ખોટવાઈ જવાને કારણે પણ તેવું બની શકશે.

૬.૪.૨ **પ્રવાહન પદ્ધતિમાં નિષ્ફળતા :**

(ક) વિતરણ પરવાનેદારના પૂરવઠા વિસ્તારમાં ગમે તે સ્થળે પૂરેપૂરા અંધારપટના કેસમાં વિતરણ પરવાનેદારે, પ્રવાહન પરવાનેદાર દ્વારા ઘડેલી બ્લેક સ્ટાર્ટ કાર્યપદ્ધતિ અનુસરવાની રહેશે.

(ખ) વિતરણ પરવાનેદાર માંગના અલગ ઘટકમાં વિતરણ પદ્ધતિને વિભાગવાર ગોઠવશે. દરેક માંગ ઘટકમાં પ્રવાહ ચાલુ કરવા માટે લેવાના મે.વોટ વીજભારના પ્રમાણ માટે પરવાનેદાર એસ.એલ. ડી.સી. સાથે સલાહ અને સહકાર આપશે.

(ગ) પુનઃસ્થાપન પ્રક્રિયા દરમિયાન કરવાના દરેક જોડાણે વિતરણ પરવાનેદાર અગ્રતા પ્રમાણે આવશ્યક અને બિનઆવશ્યક વીજભાર માટેનું પત્રક તૈયાર કરશે.

(ઘ) એસએલડીસીની સૂચના હેઠળ વિતરણ પરવાનેદાર વીજભાર નિર્માણ સમતુલા સુનિશ્ચિત કરશે અને તેની જાવણી કરશે.

(ચ) વિતરણ પરવાનેદાર એસએલડીસી સાથે સીધું માહિતી જોડાણ જાળવશે.

(છ) આકસ્મિક કામગીરીને પહોંચી વળવા માટે અધિકૃત વ્યક્તિઓના નામ, હોદ્દો, તેમનો ટેલીફોન નંબર અને મથકો વિશે વિતરણ પરવાનેદાર એસએલડીસીને જાણ કરશે.

૬.૪.૩ **વિતરણ પદ્ધતિ નિષ્ફળતા :**

(ક) વિતરણ પદ્ધતિના કોઈ ભાગમાં ભંગાણને કારણે પરવાનેદાર માટે ધોરણસરની કામગીરીમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની મુદત સુધી વિતરણ પદ્ધતિના કોઈ ભાગમાં થતો વીજપુરવઠાનો અવરોધ વિતરણ પદ્ધતિની નિષ્ફળતા તરીકે ગણી શકાય.

(ખ) વિતરણ પરવાનેદાર આવી વિતરણ પદ્ધતિની નિષ્ફળતા માટે પુનઃસ્થાપન પ્રક્રિયા શોધી કાઢશે.

૬.૪.૪ **પ્રવાહન પરવાનેદારના સાધનની નિષ્ફળતા :**

(ક) વિતરણ પરવાનેદાર તરત જ પ્રવાહન પરવાનેદારના પેટામથકે અધિકૃત વ્યક્તિનો સંપર્ક સાધશે અને પુનઃસ્થાપનના શકય સમયગાળાનો અને અસરકર્તા પેટા મથકમાંથી વીજભાર ખેંચવાની શકય મર્યાદાની આકારણી કરશે.

(ખ) વિતરણ પરવાનેદાર તે પ્રમાણે માગ-વ્યવસ્થા યોજના અમલી બનાવશે.

૬.૫ **માંગ વ્યવસ્થા અને વીજભાર વિતરણ :**

૬.૫.૧ એસએલડીસીની સૂચના પ્રમાણે વીજભાર નિર્માણ સમતુલા જાળવવા માટે હંગામી વીજભાર વિતરણ સ્થાપી શકાશે. આ કોઈ સરકીટ અથવા ઉપકરણને અથવા કોઈ સંચાલન આકસ્મિકતાને નુકશાન પહોંચવાને કારણે પણ જરૂરી બની શકશે.

૬.૫.૨ વિતરણ પરવાનેદાર, જરૂરિયાત મુજબ સ્વતંત્ર સર્કિટો મારફત પૂરા પાડેલ વીજભાર જેનું દરેક જોડાણ બિંદુએ અથવા વચ્ચેના જોડાણ સ્થળે અથવા વપરાશકર્તા સાથે પરામર્શ કરીને સમગ્ર પુરવઠા વિસ્તારમાં અલગ ઘટકોમાં વિતરણ કરી શકાય તેનો અંદાજ કાઢશે. આ સંબંધમાં આવા વપરાશકર્તાઓ પરવાનેદારને સહકાર આપશે. વિતરણ પરવાનેદાર વીજભાર વિતરણ સંચાલનનો ક્રમ નકકી કરશે અને આવા વીજભારનું વિતરણ કરવાનું હોય ત્યાં સંબંધિત પેટા-મથકોનો હવાલો ધરાવતી વ્યકિતઓને વિગતવાર કાર્યપદ્ધતિ મોકલી આપવામાં આવશે. ઓછા આવર્તન દ્વારા આપોઆપ વીજભાર વિતરણના કેસમાં, અનુરૂપ રિલે સેટીંગ સાથે આંતરવાના વીજભારની સર્કીટ અને પ્રમાણ એસએલડીસી અને જરૂરી હોય તે પ્રમાણે વિતરણ પરવાનેદારનાં પેટા-મથકોનો હવાલો ધરાવતી વ્યકિતઓ સાથે સંકલન કરવામાં આવશે.

૬.૫.૩ વિતરણ વ્યવસ્થાના કોઈ ભાષાના બિનઆયોજિત વીજભાર વિતરણનો સમયગાળો ૬૦ મિનિટ કરતાં વધે તો ૫ મે.વો. અને વધુ કંટ્રાકટ માગ ધરાવતા અસરકૃતા ગ્રાહકોને યોગ્ય રીતે જાણ કરી શકાશે. સાર્વજનિક હોસ્પિટલ, જાહેર વારિગૃહ, મળપ્રાણી ગૃહ વગેરે જેવી આવશ્યક સેવાઓ શકય હોય ત્યાં ટેલિફોનથી જાણ કરવામાં આવશે.

૬.૬ **કેન્દ્રીય વીજળી પ્લાન્ટ સહિત વધુ વીજનિર્માણ એકમો સાથે જોડાણ :**

૬.૬.૧ કેન્દ્રીય વીજળી પ્લાન્ટ સહિત કોઈ વીજનિર્માણ એકમ સાથે વિતરણ પરવાનેદારને જોડાણ હોય અને આ માટેનો કરાર અસ્તિત્વામાં હોય તો વિતરણ પરવાનેદારે અને વીજનિર્માણ એકમના સંબંધિત માલિકે આ સંહિતામાં દર્શાવેલ જોગવાઈઓ ઉપરાંત ઉપયોગકર્તાઓને લાગુ પાડવાપાત્ર હોય તે મુજબ નીચેની જોગવાઈઓનુ પાલન કરવાનુ રહેશે.

(ક) વિતરણ વ્યવસ્થાની સામાન્ય કે અસામાન્ય સ્થિતિને કારણે કોઈ નકુસાનથી તેની વ્યવસ્થાને રક્ષણ આપવા માલિકે જોડાણની જગ્યાએ યોગ્ય રક્ષણ પૂરું પાડવાનું રહેશે.

(ખ) જનરેટર પ્રેરણ જનરેટર હોય તો માલિક, જ્યારે પ્રેરણ જનરેટર વિતરણ પરવાનેદારચર સાથેની સંમતિમાં પ્રેરણ જનરેટરને સમકાલિક કરવામાં આવે ત્યારે વ્યવસ્થાની ખામીઓ મર્યાદિત કરવા પર્યાપ્ત સાવચેતી રાખશે. પ્રેરણ જનરેટરો ધરાવતા જનરેટરો પ્રતિક્રિયાત્મક વીજઉપાડ પૂરી કરવા પૂરતા કેપેસિટરો નાખશે. શરૂઆતમાં વીજળીશક્તિ દરમિયાન ખૂબ ઓછી જણાય અને પરવાનેદારની વ્યવસ્થામાં વોલ્ટેજ નીચે ઉતરે ત્યારે પરવાનેદાર માલિકને કેપેસિટરો સ્થાપવા સલાહ આપશે અને જનરેટર અધીન થશે. અધીન થવામાં નિષ્ફળતા માટે દંડ અને / અથવા નિયમો અને અધિનિયમોની જોગવાઈ પ્રમાણે પદ્ધતિમાં કાપ મૂકવામાં આવશે.

(ગ) ગ્રિડના કાયદાની જોગવાઈઓ પ્રમાણે માલિકે પાલન કરવું પડશે.

૬.૭ સંચાર / માહિતી :

૬.૭.૧ વિશ્વસનીય સંચાર જોડાણો એટલે કે ટેલિફોન, ફેકસ, ટેલિપ્રિન્ટર વગેરે પરવાનેદાર ૫ અને તેથી વધુ મે.વો.વાળા ગ્રાહક અને એસએલડીસી વચ્ચે માહિતી, આધારસામગ્રી અને સંચાલન સૂચનાની આપ-લે માટે સ્થાપવામાં આવશે. દરેક ઘટક તેના સ્થળે યોગ્ય સંચાર પૂર્વ જરૂરિયાતની સ્થાપના અને જાળવણી સુનિશ્ચિત કરશે.

૬.૮ વૉલ્ટેજ, આવર્તન અને વીજ પાસાનું દેખરેખ નિયંત્રણ અને નિયંત્રણ :

૬.૮.૧ સૌથી વધુ ભીડના અને વગર ભીડના સમયે વિતરણ વ્યવસ્થામાં જુદા-જુદા બિંદુએ પરવાનેદાર વૉલ્ટેજ, આવર્તન અને વીજ પાસાનું દેખરેખ નિયંત્રણ કરશે અને ૫ અને તેથી વધુ મે.વા. વાળા ગ્રાહકો અને પ્રવાહન પરવાનેદાર સાથે વપરાશકર્તા સાથેના સંકલનમાં તેમાં સુધારણા માટેનાં પગલાં લેશે.

૬.૮.૨ પદ્ધતિનો અભ્યાસ હાથ ધરીને અને જરૂરી પ્રતિક્રિયાત્મક વળતર ઉપકરણ ગોઠવીને વિતરણ પરવાનેદાર વિતરણ વ્યવસ્થામાં વ્યૂહાત્મક બિંદુએ વીજ પાસનો સુધારાણાત્મક ઉપાયો કરશે.

૬.૮.૩ ઉપલભ્ય નિર્માણશક્તિ, વ્યવસ્થાપાત્ર અને કોઈ વખતે પ્રવાહન અને વિતરણ પદ્ધતિઓની રૂપરેખા પર આધાર રાખીને વિતરણ પદ્ધતિની વોલ્ટેજમાં વધ-ઘટ થઈ શકે. સંચાલનની સામાન્ય સ્થિતિમાં પરવાનેદાર, વિતરણ પદ્ધતિ આયોજન અને કાયદાના જોડાણ-૧ હેઠળ દર્શાવેલ સલામતી ધોરણોમાં દર્શાવેલ પૂરવઠાની ગુણવત્તા અનુસાર તમામ સંકટે વોલ્ટેજ

જાળવવા માટે પ્રવાહન પદ્ધતિ સાથે જોડાણ બિંદુથી આગળ વિતરણ પદ્ધતિમાં યોગ્ય વૉલ્ટેજ વ્યવસ્થા કરશે. ૨૨/૧૧ કે.વી. પેટા-મથકોમાં ઉપલભ્ય હોય ત્યાં કેપેસિટરોનું સંચાલન બસ વોલ્ટેજ ધ્યાનમાં રાખીને વીજ પાસાની સ્વીકાર્ય મર્યાદ ઓછામાં ઓછી ૦.૯ ની અંદર રહે તેવા પ્રતિક્રિયાત્મક વળતરની જાળવણી માટે કરવામાં આવશે.

૬.૮.૪ ઉચ્ચી સંવાદિતા તત્વ વાળો વીજભાર નીચું વીજળી પાસુ અને વધ-ઘટ ધરાવતા ઉપયોગકર્તા યોગ્ય સુધારા ઉપકરણ સ્થાપી શકશે.

૬.૮.૫ નિર્દિષ્ટ મર્યાદમાં પૂરવઠાનું આવર્તન જાળવવા માટે વીજભાર વ્યવસ્થા અંગે એસએલડીસીએ વખતો-વખત આપેલી સૂચનાઓનું વિતરણ પરવાનેદાર પાલન કરશે.

૬.૯ સલામતી સંયોજન :

૬.૯.૧ વિતરણ પરવાનેદાર અને વપરાશકર્તાઓ (નિર્માણ કરતી કંપનીઓ, પ્રવાહન પરવાનેદાર અને ૫ મે.વો.થી વધુ અથવા વિશિષ્ટ હેતુ માટે લગાડેલ લાઈનોના બનેલા) અને પરવાનેદાર સાથે સામાન્ય વીજ જોડાણ ધરાવતા બીજા કોઈ વિતરણ પરવાનેદાર સલામતી સંયોજન માટે જવાબદાર બનતી યોગ્ય વ્યક્તિઓ નીમશે. આ વ્યક્તિઓ નિયંત્રણ વ્યક્તિઓ તરીકે ઓળખાશે. તેમનો હોદ્દો અને ટેલિફોન નંબર સંબંધિત તમામ વ્યક્તિઓ વચ્ચે આપલે કરવામાં આવશે. યાદીમાં કોઈ ફેરફાર હશે તો તે તમામ સંબંધિતને વિના વિલંબે જાહેર કરવામાં આવશે.

૬.૯.૨ ૬.૯.૧ હેઠળ દર્શાવ્યા પ્રમાણેના ઉપયોગકર્તાઓ અને વિતરણ પરવાનેદાર અલગ રીતે બહાર પાડેલા "પાવર સિસ્ટમ સેફટી સ્ટાન્ડર્ડ" હેઠળ વિતરણ પદ્ધતિપર આધારિત વિતરણ પદ્ધતિના દરેક અંગભૂત ભાગ માટે લેવાની તમામ સલામતી સાવચેતીઓ ધરાવતો સલામતી નિયમસંગ્રહ તૈયાર કરશે. કોઈ લાઈન પર અથવા ઉપકરણ, સ્વીચગિયર, અથવા વિતરણ પદ્ધતિમાં કોઈ ભાગમાં અથવા વપરાશકર્તા પદ્ધતિના કોઈ ભાગમાં સર્કિટો અંગે કામ કરવામાં આવે ત્યારે તમામ સલામતી નિયમો અને સાવચેતીઓનું પાલન કરવામાં આવશે. આમ તૈયાર કરેલ સલામતી નિયમ સંગ્રહ તમામ નિયંત્રણ વ્યક્તિઓ અને પાલન માટે એવા ઉપયોગકર્તાઓને મોકલી આપવામાં આવશે.

IV-C Ex 22 5

INDEX

૬.૯.૩ વિતરણ પરવાનેદારની વ્યકિતઓન અને વપરાશ કર્તાઓ વચ્ચે, વીજળિક જોડાણો ધરાવતા બે વિતરણ પરવાનેદારો વચ્ચે આંતરિક જોડાણ બિંદુએ કોઈ એક પક્ષકારની કોઈ લાઈન અથવા ઉપકરણ વગેરે અંગે કામ હાથ ધરવા માટે સંકલન હશે.

૬.૯.૪ પ્રવાહન પરવાનેદાર સાથે સંકલનમાં જોડાણ બિંદુ વચ્ચેના જોડાણ બિંદુએ ગ્રિડ કાયદાની જોગવાઈઓનું પાલન કરવામાં આવશે.

૬.૯.૫ વિતરણ પરવાનેદાર અને અનય વપરાશકર્તાઓની વ્યવસ્થા અસરકારક રીતે કાપી શકે તેવી દરેક વીજળિક જોડાણે જોડાણ કાપવાની યુકિતઓ અને નિયંત્રણ સીમાએ જે તે પદ્ધતિઓની

પ્રાથમિક યુકિતઓ પરવાનેદાર અને જે તે વપરાશકર્તાઓ દ્વારા નકકી કરીને અંકિત કરવામાં આવશે. દરેક વખતે સારી સ્થિતિમાં તેની જાળવણી કરવામાં આવશે. અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અસાવધપણે વીજપ્રવાહ ચાલુ કે બંધ કરવાની કામગીરી અટકાવવા, જોડાણ જૂદું પાડવાની આવી યુકિતઓને ઈન્ટરલોક પૂરાં પાડવામાં આવશે.

૬.૯.૬ સંગ્રહવ્યવસ્થા બેટરીઓ વડે અથવા જનરેટર વડે વીજળી પદ્ધતિને કોઈ ગ્રાહકે આકસ્મિક વીજ પુરવઠા પદ્ધતિ સ્થાપવામાં આવે ત્યારે એવી વ્યવસ્થા હશે કે મુખ્ય પુરવઠામાંથી પદ્ધતિ સ્પષ્ટપણે અલગ પાડયા વિના તેનું સંચાલન થઈ ન શકે. મુખ્ય પુરવઠામાંથી અલગ પાડવા માટેની જરૂરી વ્યવસ્થા કરવાની જવાબદારી વપરાકર્તાની રહેશે અને આ વીજળી ઈન્સપેકટરને તેમની મંજૂરી માટે આપવાની વીજળી વિષયક રૂપરેખનો ભાગ બનશે. તટસ્થ કંડકટર સહિત કોઈ કંકડકટરમાંથી વિતરણ પદ્ધતિમાં આ યુકિતઓમાંથી પ્રવાહ પાછો વાળવાની શકયતા સ્પષ્ટપણે નિયમ વિરૂદ્ધ ઠરાવાશે.

૬.૯.૭ વીજળી જોડાણે યોગ્ય નિયંત્રણ વ્યકિત વીજળિક જોડાણ ઉપરાંત કોઈ ઉપકરણ, સ્વીચગિયર અથવા લાઈનો અંગે કામ હાથ ધરવા માટે તેના સહાયકને લેખિત પરવાનગી આપશે. આવી પરવાનગીઓને "લાઈન કલીયર પરમિટો" કહેવામાં આવશે. આ લાઈન કલીયર પરમિટો માટેનો નમૂનો વિતરણ પરવાનેદાર દ્વારા ધોરણ સરતુ બનાવવામાં આવશે અને સંબંધિત તમામ ઉપયોગ કરશે.

૬.૯.૮ સંબંધિત વપરાશકર્તા સાથે પરામર્શ કરીને વીતરણ પરવાનેદાર હાથ ધરવાની કામગીરીની તપાસ યાદી ઘડશે અને લાઈન કલીયર પરમિટો આપતા અને પરત કરતા પહેલાં દરેક વીજ જોડાણ માટે સલામતી સંયોજન માટેની કાર્યપદ્ધતિઓ ઘડશે. આવી કાર્યપદ્ધતિઓ અને તપાસ યાદીઓ પરવાનેદાર દ્વારા અમલમાં મુકવા માટે સંબંધિત તમામને મોકલી આપવામાં આવશે.

૬.૧૦ જાળવણી અને ચકાસણી :

૬.૧૦.૧ ગુજરાત વીજળી નિયંત્રણ નિગમે અલગ-અલગ બહાર પાડેલ "વીજપદ્ધતિ વ્યવસ્થા હેઠળ વિતરણ પદ્ધતિ અને સંચાલન ધોરણ" અને "વીજ પદ્ધતિ સલામતી ધોરણ હેઠળ વિતરણ પદ્ધતિ"માં માગ્યા પ્રમાણે જાળવણીના સ્તરને પહોંચી વળવા લાઈનો સાધનસામગ્રી માટે વિતરણ પરવાનેદાર જાળવણીપત્રકો તૈયાર કરશે.

૬.૧૦.૨ ઉત્પાદકોએ ભલામણ કર્યા પ્રમાણે અને ભારતીય માનક કચેરી અને કેન્દ્રીય સિંચાઈ અને વિદ્યુત બોર્ડ દ્વારા બહાર પાડેલી પદ્ધતિઓનો સુલંગ્ન કાયદા પ્રમાણે ટ્રાન્સફોર્મર્સ, સ્વીચગિયર, રક્ષાત્મક પ્રવાહન વગેરે જેવાં તમામ ઉપકરણોની નિયમિત ચકાસણી કરવી જોઈએ. ઠરાવેલ સમયાંતરે આ કરવામાં આવશે અને ચકાસણી પરિણામો જાળવણી રજિસ્ટરોમાં નોંધવામાં આવશે. ચકાસણીનાં પરિણામો વિદ્યુતરોધન પ્રતિકાર ઘટેલો બનાવે અને અથવા ઉપકરણની વિકૃતિ, પ્રતિબંધક જાળવણી સેવા, સલામતી અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા હાથ ધરવામાં આવશે.

૬.૧૦.૩ વિતરણ પરવાનેદાર સારા તાલીમબંદ ઝડપી લાઈન કર્મચારીવર્ગ અને જરૂરી તમામ ઓજારોને સારી સ્થિતિમાં જાળવશે અને અંતરાયનો ગાળો ઘટાડવાની શકયતા હોય ત્યાં ઝડપી લાઈન ટેકનિકનો ઉપયોગ કરીને જાળવણીકાર્ય કરશે. વપરાશકર્તાઓ દરેક વખતે તેમનાં ઉપકરણો અને વીજળી લાઈનની જાળવણી ૧૯૫૬ના હાલ પૂરતા અમલમાં છે તે આઈ.ઈ. નિયમો પ્રમાણે કરશે. અને તેના સ્થાને ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળ કરેલા નવા નિયમો મૂકવામાં આવશે અને વિતરણ પદ્ધતિ સાથે સલામત અને વિશ્વાસનીયત રીતે જોડવામાં આનુકૂળ બનશે.

૬.૧૧ ઓજારો અને છૂટા ભાગો :

૬.૧૧.૧ જાળવણી હાથ ધરવા માટે વિતરણ પરવાનેદાર કામકાજમાં તમામ સ્થળોએ ઓજારો અને દાંતાવાળા ચકોની વખતોવખત ચકાસણી કરવામાં આવશે અને તેમને તેની ઉપયોગીતા સુનિશ્ચિત કરવામાં આવશે.

INDEX

૬.૧૧.૨ પરવાનેદારે ઘડેલી સ્પષ્ટ નીતિ અનુસાર યોગ્ય સ્થળોએ જાળવણી અને ફેરબદલીના હેતુસર જરૂરી છૂટા ભાગોની યાદી વિતરણ પરવાનેદાર જાળવશે.

૬.૧૨ તાલીમ :

૬.૧૨.૧ વિતરણ પરવાનેદાર તેના કામદારો અને દેખરેખ સ્ટાફને તાલીમ આપવા માટે વિતરણ પદ્ધતિ ડિઝાઈન, બાંધકામ અને જાળવણી, સલામતિ, ગ્રાહકસેવા વગેરે અદ્યતન ટેકનિક ઉમેરીને યોગય વ્યવસ્થા કરશે. આ માટે તે યોગ્ય અભ્યાસક્રમ ઘડી કાઢશે.

૭ વિભાગ-૭

મીટર ગોઠવણી અને સલામતીનો કાયદો

૭.૧ પ્રાસ્તાવિક :

૭.૧.૧ આ વિભાગમાં સંચાલન મીટર તેમજ પ્રશુલ્ક અને વાણિજ્યિક મીટર ગોઠવવા સંબંધમાં વિતરણ પદ્ધતિમાં મીટર ગોઠવવા માટેની કાર્યપદ્ધતિ દર્શાવવામાં આવી છે. વળી આ વિભાગ વિતરણ પદ્ધતિની સલામતી માટેની સામાન્ય માર્ગદર્શક સૂચનાઓ દર્શાવે છે.

૭.૨ સંચાલન મીટરની ગોઠવણી :

૭.૨.૧ વિતરણ પદ્ધતિ પેટા-મથકોએ સંચાલન મિટરની ગોઠવણીમાં ઓછામાં ઓછી જરૂરિયાત નીચે મુજબ રહેશે :

(ક) ૬૬ કી.વો./ ૨૨ કી.વો. અથવા ૬૬ કી.વો/૧૧ કી.વો. અથવા ૩૩/૧૧ કી.વો. પેટામથક

- ૬૬/૩૩ કી.વો. બસ વોલ્ટેજ.
- ૨૨/૧૧ કી.વો. બસ વોલ્ટેજ.
- દરેક ફેઝ અને દરેક સર્કીટમાં આવતો/જતો ૬૬/૩૩ કી.વો. કરંટ.
- દરેક ટ્રાન્સફોર્મરના દરેક ફેઝમાં વીજ ટ્રાન્સફોર્મર પ્રાથમિક અને પેટા કરંટ.
- દરેક ફીડર માટે દરેક ફેઝમાં ૨૨/૧૧ કી.વો. જતો ફીડર કરંટ.
- દરેક ૨૨/૧૧ કી.વો. ફીડરમાં વીજ પાસું.
- આવતા અને જતા તમામ ફીડરો બંને (૬૬/૩૩૩ કી.વો. અને ૨૨/૧૧ કી.વો.) માટે ઓછામાં ઓછા ૫૫ દિવસનો મેમરી ગાળા ધરાવતા વીજ મોજણી મીટરો.
- મે.વો. ઉષ્ણતામાન ઉર્જા અને પ્રવાહન પરવાનેદાર સાથેના જોડાણ બિંદુએ ૧૫ મીનીટના સમયાંતરે આવર્તન નોંધવાની સગવડ.

(ખ) ૧ અને વધુ મે.વો.ની માંગવાળી ઉપયોગકર્તાની પદ્વિત :

- વોલ્ટેજ
- કરંટ
- વીજભાર
- વીજપાસું
- ઉર્જા

૭.૩ પ્રશુલ્ક મીટર અને વાણિજ્યિક મીટર ગોઠવવા બાબત :

૭.૩.૧ ગ્રિડના કાયદા અને પ્રવાહન સેવા કરાર મુજબ વિતરણ અને પ્રવાહન પદ્ધતિઓ વચ્ચે દરેક આંતરિક જોડાણ બિંદુએ પ્રશુલ્ક મીટર ગોઠવવાની જોગવાઈ કરવામાં આવશે.

૭.૩.૨ ઉપયોગકર્તાની પદ્ધતિ અને વિતરણ પદ્ધતિ વચ્ચે જોડાણ બિંદુ/વચ્ચેના જોડાણબિંદુએ પ્રશુલ્ક મીટરની જોગવાઈ કરવામાં આવશે, અને તેનું સંચાલન વિતરણ સેવા કરારની જોગવાઈ પ્રમાણે કરવામાં આવશે.

૭.૩.૩ તમામ મીટરો ઉપકરણ ટ્રાન્સફોર્મર (સીટી/પીટી) મીટર ગોઠવણી કયુબીકલ્સ અને ચકાસણી કાર્યપદ્ધતિઓ સુસંગત ભારતીય માનક વિતગ વર્ણન અને ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયે કરેલી સુસંગત જોગવાઈને અનુરૂપ હશે.

૭.૩.૪ ગ્રાહકોને પૂરી પાડેલી ઉર્જાની મીટર ગોઠવણી માટે લગાડેલ સીટી/પીટી વર્ગ-૦.૨ બારીકીન હશે તેમ છતાં સેવામાં ઉપકરણ ટ્રાન્સફોર્મર્સના વર્ગના કેસમાં જે ચાલુ રહેલ તે ઉપભોગમાં લેવાનું ચાલુ રાખી શકાય. આ પણ સુસંગત આઈ.ઈ.સી. અથવા ભારતીય માનક વિગત વર્ણનને અનુરૂપ હશે તેમ ન થાય તો તેને બદલે ૦.૫ વર્ગની બારીકીના સીટી/પીટી (તેમની યાદીમાં ઉપલભ્ય હોય તે મુજબ) પૂરા થયા પછી ૦.૨ વર્ગની બારીકીના યોગ્ય સીટી/પીટી મુકવામાં આવશે. વિતરણ પરવાનેદાર ૦.૨ વર્ગની બારીકીના નવા સીટી/પીટી ખરીદશે તે ઈચ્છવા યોગ્ય છે.

૭.૩.૫ ખુલ્લા હકના ગ્રાહક, નિર્માતા કંપની, વિતરણ પરવાનેદાર અને વેપારીઓ ગુજરાત વીજળી નિયંત્રણ આયોગ (આંતરરાજ્યીય પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો હક) વિનિયમો, ૨૦૦૪ મુજબ પૂરવઠો અને પ્રશુલ્ક કક્ષા (ગ્રિડ કાયદામાં સમાવેશ કર્યા પ્રમાણે વોલ્ટેજ, સ્થળ અને સમય પર આધારિત આવા ગ્રાહક માટે આયોગ ઠરાવે તે મુજબના મીટરો પુરાં પાડવામાં આવશે.

૭.૪ ઉર્જાની આયાત/નિકાસનું માપ કાઢવા બાબત :

૭.૪.૧ દરેક જોડાણબિંદુ/વચ્ચેના જોડાણ બિંદુમાંથી ઉર્જા આયાત/નિકાસ, નિર્માણ એકમોમાં નિર્માણ કરાયેલ ઉર્જા અને વીજમથકો અને પેટા મથકોમાં વપરાયેલ ઉર્જાનું માપ કાઢવા માટે વિતરણ પરવાનેદારો નિર્માણ મથકો અને પેટામથકોને જોડતી તેમની તમામ પેટા પ્રવાહન લાઈનો માટે નીચેના મીટરો ગોઠવાશે.

(ક) ગતિશિલ ઉર્જા આયાત

(ખ) ગતિશિલ ઉર્જા નિકાસ

(ગ) પ્રતિક્રિયાત્મક ઉર્જા આયાત અને

(ઘ) પ્રતિક્રિયાત્મક ઉર્જા નિકાસ

૭.૪.૨ નિર્માણ કંપનીઓ, પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારો વચ્ચે નિકાસ કે આયાત કરેલ ઉર્જાના નિર્ણય સાથે સંકળાયેલ દરેક મીટર ગોઠવણી સ્થળે બંને મુખ્ય અને તપાસવાના મીટરની જોગવાઈ કરવામાં આવશે. આ મીટરોની ચોકસાઈનું ઓછામાં ઓછું ધોરણ ચોકસાઈ વર્ગ ૦.૨નું હશે. આ મીટરો સુસંગત આઈઈસી અથવા ભારતીય માનક ધોરણ અનુરૂપ હશે. આમ છતાં વિતરણ પરવનેદાર તેમની યાદી પૂરી ન થાય ત્યાં સુધી ઉપલભ્ય મીટરોનો ઉપયોગ ચાલુ રહેશે. જો કે, આ કાયદાના અમલ બાદ ખરીદેલ મીટર વિતરણ પરવાનેદાર ૦.૨ વર્ગ ચોકસાઈનું મીટર ખરીદશે.

૭.૪.૩ વાણિજ્યિક (પ્રશુલ્ક) મિટર ગોઠવવા સાથેના જોડાણમાં વપરાતાં તમામ ઉપકરણ ટ્રાન્સમીટરો ચોકસાઈ વર્ગ ૦.૨ નાં હશે અને તે સુસંગત આઈઈસી અથવા ભારતીય માનક ધોરણ મુજબના હશે. વીજળીના તાર અને મીટરની ગોઠવણીના બોજને પહોંચી વળવા માટે શ્રેણી અનુકૂળ રહેશે આમ છતાં સેવામાં ઉપકરણ ટ્રાન્સમીટરોની શ્રેણીના કેસમાં જે ૦.૫ વર્ગનાં છે તે ઉપયોગમાં ચાલુ રાખી શકાશે. આ પણ આઈઈસી અથવા ભારતીય માનક ધોરણને મુજબનાં હશે. તેમ ન બને તો, તેને સ્થાને ૦.૨ વર્ગ ચોકસાઈનાં યોગ્ય સીટી/પીટી બદલી શકાશે, પરંતુ ૦.૫ વર્ગ ચોકસાઈનાં સીટી/પીટી વપરાઈ ગયા બાદ કરાશે. (તેમની યાદીમાં ઉપલબ્ધ હોય તે પ્રમાણે) વિતરણ પરવાનેદાર ૦.૨ વર્ગ ચોકસાઈના નવા સીટી/પીટી ખરીદે તે હિતાવહ છે.

૭.૪.૪ કરાર, સ્ટોર મૂલ્ય મુજબ દરેક એકીકરણ સમયગાળામાં મીટરમાંથી આયોગોનું એકીકરણ કરવા અને વિતરણ પરવાનેદારની આધાર સામગ્રી એકત્રીકરણ પદ્ધતિમાં તેનું વર્ણન કરવા આધાર સામગ્રી એકત્રીકરણો ઉપયોગ કરી શકાશે. બંને મુખ્ય અને ચકાસણી મીટર ગોઠવવાની પદ્ધતિઓમાંથી આધાર સામગ્રી એકત્ર કરવામાં આવશે.

૭.૪.૫ મીટરમાં વોલ્ટેજ પુરવઠાના એક અથવા વધુ ફેઝ પર ભયની ચેતવણી ગોઠવવા વોલ્ટેજ ખોટકાતાં પુનઃપ્રસારણ જોગવાઈ કરવામાં આવશે.

૭.૪.૬ મુખ્ય અને ચકાસણી મીટરોની તમામ જોડાણ બિંદુઓ/ વચ્ચેના જોડાણ બિંદુઓ પર જોગવાઈ કરવામાં આવશે. તમામ મીટરોની ચકાસણી કરવામાં આવશે અને વર્ષમાં ઓછામાં ઓછા એકવાર અને મુખ્ય અને ચકાસણી મીટરો વચ્ચેનું રીડિંગનો તફાવત ૦.૫% થી વધે ત્યારે પણ સુસંગત આઈઈસી ભારતીય માનક વિગતવર્ણનમાં જોગવાઈ કરેલ માર્ગદર્શક સુચનાઓ અનુસાર તપાસવામાં આવશે.

૭.૪.૭ આવી તપાસ અને ચકાસણીઓનું રેકર્ડ સંદર્ભ માટે જાળવવામાં આવશે.

૭.૪.૮ નિર્માતા કંપનીઓ,પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારો તેમના વિસ્તારનો વિવિધ આતંર જોડાણોનાં સ્થળો એ પ્રશુલ્ક મીટર રીડિંગનો કુલ સરવાળો, સંગ્રહ અને પ્રક્રિયાને આવરી લેતી કાર્યપદ્ધતિ ઘડી કાઢશે અને સંમત થશે જરૂરી હોય ત્યાં આ કાર્યપદ્ધતિ સુધારી શકાશે.

૭.૪.૯ આ મીટરોની માલિકી, જાળવણીની જવાબદારી અને ચકાસણી ઉપયોગકર્તાઓ અને સંબંધિત પરવાનેદાર વચ્ચેની પરસ્પર સમજૂતી મુજબની હશે.

૭.૪.૧૦ "મીટર" શબ્દમાં કરંટ ટ્રાન્સફોર્મર્સ, વોલ્ટેજ/સુમ ટ્રાન્સફોર્મરો તેમની વચ્ચેના તાર અને મીટર બોકસ/પેનલનો સમાવેશ થાય છે.

૭.૫ સૂરક્ષા પદ્ધતિ :

૭.૫.૧ વીજળિક સાધનસામગ્રીની કોઈ વસ્તુ, વિશ્વસનીયતા, પસંદગી, ઝડપ અને સુગ્રાહિતાના હેતુથી યોગ્ય સુરક્ષા દ્વારા આવરી લેવાાં આવેલ ન હોય ત્યાં સુધી પદ્ધતિ સાથે જોડાયેલ રાખવા દેવામાં આવશે નહીં. પ્રવાહન પરવાનેદારે ઠરાવેલ સમય લક્ષ્યાંકના નિવારણમાં ખામીયુકત લાઈન/ઉપકરણની અસરકારકતા મેળવવા ભેદ પારખી જુદુ પાડવા સુરક્ષા ખરી અને યોગ્ય ગોઠવણી સુનિશ્ચિત કરવા વિતરણ પરવાનેદાર પ્રવાહનન પરવાનેદારને સહકાર આપશે.

૭.૫.૨ અસર પહોંચી હોય તેવા તમામ ઉપયોગકર્તાઓ સાથે પરામર્શ અને સંમતિ વિના સુરક્ષા ગોઠવણીમાં ફેરફાર કરવામાં કે ઉપેક્ષા કરવામાં કે કાપી કાઢવામાં આવશે નહીં. કોઈ કારણસર કરાર દ્વારા સુરક્ષાની ઉપેક્ષા કરવામાં અને અથવા કાપી કાઢવામાં આવ્યું હોય તો શકય તેટલું ઝડપથી બરાબર કરવું, અને રક્ષણ સામાન્ય સ્થિતિમાં પુનઃસ્થાપિ કરવું. કરાર કરવામાં આવ્યો ન હોય તો વીજળિક ઉપકરણો તાત્કાલિક જુદાં પાડવામાં આવશે.

૭.૫.૩ ૨૨ કે.વી. અને ૧૧ કે.વી. લાઈનો માટે રક્ષાત્મક રિલેની ગોઠવણી એવી હશેકે કોઈ વિભાગની ખામીની નિર્માતા એકમ અને તમામ સ્થિતિ હેઠળ ખામીવાળા વિભાગ વચ્ચેના વિભાગને અસર કરશે નહીં. પ્રવાહન પરવાનેદાર શરૂઆતની ગોઠવણી અને પછીના ફેરફારો વખતો-વખત ઉપયોગ કૃતાઓને નિર્દિષ્ટ કરશે. રક્ષાત્મક રિલેની કામગીરી પર રોજંદી ચકાસણી હાથ ધરવામાં આવશે અને અપક્રિયા નોંધવામાં અને વહેલી તકે સુધારવામાં આવશે. રિલે ગોઠવણી નકકી કરવા માટે જરૂરી શોર્ટ સર્કિટ અભ્યાસ પ્રવાહન પરવાનેદાર અને વપરાશકર્તાઓ તરફથી મેળવેલ માહિતી સાથે કરવામાં આવશે. નિર્માતા કંપનીઓ, પ્રવાહન પરવાનેદારો અને વિતરણ પરવાનેદારો આવી અપક્રિયા પદ્ધતિની રૂપરેખામાં ફેરફારો કોઈ હોય તો અને રિલેના શકય સુધારેલ ગોઠવણીની સમયાંતરે ચર્ચા કરશે.

૭.૫.૪ પ્રવાહન પરવાનેદાર નિર્માતા કંપનીઓ અને વિતરણ પરવાનેદારો વચ્ચે સુરક્ષા સંકલનની ચર્ચા કરવા સમયાંતરે બેઠકો ગોઠવવા માટે જવાબદાર રહેશે. પ્રવાહન પરવાનેદાર સુરક્ષાની કોઈ અપક્રિયા કે અન્ય બિનસંતોષકારક સુરક્ષાના પ્રશ્નો શોધશે. આ સમયાંતર બેઠકોમાં ચર્ચા કર્યા પ્રમાણે અને સંમત થયા પ્રમાણે સંબંધિત પરવાનેદાર કોઈ સુરક્ષા અપક્રિયા અને અન્ય બિનસંતોષકારક સુરક્ષાના પ્રશ્નો સુધારવાનાં તાત્કાલિક પગલાં લેશે.

૭.૫.૫ તમામ નિર્માતા એકમો અને વિતરણ પદ્ધતિ સાથે સંકળાયેલ નિર્માતા કંપનીઓના જોડાયેલ તમામ વીજળિક ઉપકરણોનું પ્રકાશન ૨૭૩ મુજબ કેન્દ્રીયછ સિંચાઈને વિદ્યુત બોર્ડ નિયમસંગ્રહ પ્રમાણે પુરતી સુરક્ષા દ્વારા રક્ષણ કરવામાં આવશે. જેથી નિર્માતા એકમમાં ઉભી થતી કોઈ તકલીફને કારણે પદ્ધતિમાં કોઈ મુશ્કેલી પેદા ન થાય.

૭.૫.૬ વિતરણ પદ્ધતિ : વિતરણ પદ્ધતિમાં ઉંચા વોલ્ટેજ વર્ગનાં વીજ ૧૦ એમવીએ તથા તેથી વધુ ક્ષમતા ધરાવતા ટ્રાન્સફોર્મરો માટે અલગ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરવી જોઈએ.

જેમાં કરંટ અને અર્થિંગમાં કોઈ ખામી સર્જાય ત્યારે સમાંતર રીતે સુરક્ષિત કાર્ય થઈ શકે. ૧.૬ એમવીએ અને તેથી વધુ પણ ૫ એમવીએથી ઓછી ક્ષમતા ધરાવતાં ટ્રાન્સફોર્મરોને કરંટ અને અર્થિંગનની ખામી વખતે નુકસાનીથી બચાવવા યોગ્ય સમયગાળા માટે જાળવણી વ્યવસ્થા કરવામાં આવશે. વધુમાં દરેક પ્રકારનાં ટ્રાન્સફોર્મરો માટે સુરક્ષા માટે ગેસ સંચાલિત પ્રસારણ ઈંધણ તેલનું તાપમાન અને વાયુના દબાણ સામે એલાર્મ દ્વારા જાણકારી મળી રહે તેવી સુરક્ષા ગોઠવવી જોઈશે.

IV-C Ex 22 6

INDEX

૭.૫.૭ વિતરણ લાઈનો : જોડાણ બિંદુઓ/વચ્ચેનાં જોડાણ બિંદુઓએ તમામ ૨૨ કે.વી. અને ૧૧ કે.વી. લાઈનોમાં ઓછામાં ઓછા કરંટ અને અર્થિંગની ખામીવાળુ પ્રસારણ પૂરું પાડવામાં આવશે તે નીચે મુજબ છે :

(ક) સ્પષ્ટ રેડિયમ પ્રસારકો : નજીક-નજીકના પ્રસારણ કેન્દ્રો વચ્ચે વિવેક જાળવવા યોગ્ય ગોઠવણી દ્વારા કરંટ અને અર્થિંગમાં પ્રસારણ ખામી અનિશ્ચિ સમયગાળા માટે દૂર કરી શકાય.

(ખ) સમાંતર/ગોળ પ્રસારકો : કરંટ અને અર્થિંગની ખામીને નિશ્ચિત સમય સુધી દૂર રાખી શકાય.

૭.૬ આગ સામે સુરક્ષા :

૭.૬.૧ સુસંગત ભારતીય માનક વિગત વર્ણનને અનુરૂપ અને / અથવા અન્ય સુસંગત નિયમોની જોગવાઈઓ વખતો-વખત સુધાર્યા પ્રમાણે અને પ્રશુલ્ક સમિતિની ભલામણો અનુસાર પદ્ધતિમાંના તમામ ઉપકરણોને આગના જોખમ સામે તમામ પર્યાપ્ત સાવચેતી વાપરીને સુરક્ષા પૂરી પાડવામાં આવશે.

૮ વિભાગ-૮

સીમા બહાર સુરક્ષા નિયમો

૮.૧ પ્રાસ્તાવિક :

૮.૧.૧ આ વિભાગમાં સીમા બહારની કામગીરી સાથે સંકળાયેલ ઉપકરણની જાળવણી માટેની સલામત કામકાજની પ્રથા માટેની જરૂરિયાતો દર્શાવી છે અને અન્ય ઉપયોગકર્તાની પદ્ધતિ સાથે સંકળાયેલ વીજળિક ઉપકરણ અંગે કામ કરવામાં આવે ત્યારે અનુસરવાની કાર્યપદ્ધતિ ઠરાવે છે. ઉપયોગકર્તા એટલે અન્ય પરવાનેદાર જેથી બે પરવાનેદારો વચ્ચે સીમા બહારની સુરક્ષ માટે ઉપયોગકર્તા માટે "અન્ય પરવાનેદાર" મૂકીને આ નિયમો લાગુ પાડી શકાય.

૮.૨ ઉદ્દેશ :

૮.૨.૧ વિતરણ પરવાનેદાર અને ઉપયોગકર્તાઓ વચ્ચે નિયંત્રિત સીમા બહાર કામ કરતી વખતે સુરક્ષા અંગે સંમતિ સાધવાનો આ વિભાગનો ઉદ્દેશ છે.

૮.૩ નિયમન વ્યકિતઓ અને તેમની જવાબદારી :

૮.૩.૧ વિતરણ પરવાનેદાર અને તમામ વપરાશકર્તાઓ (નિર્માતા કંપનીઓ, પ્રવાહન પરવાનેદારો અને ૫ મે.વો.થી વધુ વીજભાર ધરાવતા ગ્રાહકો સહિત) યોગ્ય રીતે અધિકૃત અને ટેકનીકલ લાયકાત ધરાવતી વ્યકિતઓને તેમની સીમા બહાર સલામતીના સંકલન માટે જવાબદાર બનાવવા નીમશે. આ વ્યકિતઓનો "નિયમન વ્યકિતઓ" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.

૮.૪ કાર્યપદ્ધતિ :

૮.૪.૧ વિતરણ પરવાનેદાર તેની સાથે સીધી નિયમન સીમા ધરાવતા તમામા વપરાશકર્તાઓને નિયમન વ્યકિતઓનાં નામ, હોદ્દો, સરનામું, ટેલિફોન નંબર સાથેની યાદી મોકલી આપશે. આ યાદીમાં જણાવેલ કોઈ નિયમન વ્યકિતીના નામ, હોદ્દો, ટેલિફોન નંબરમાં ફેરફાર થાય ત્યારે તાત્કાલિક આ યાદી અદ્યતન બનાવવામાં આવશે.

૮.૪.૨ વિતરણ પરવાનેદાર સાથે સીધી નિયમન સીધા ધરાવતા ૮.૩.૧માં જણાવેલ પ્રમાણેના તમામ ઉપયોગકર્તાઓ પરવાનેદારને તેમની નિયમન વ્યકિતઓની એવી જયાદી મોકલી આપશે. આ યાદીમાં જણાવેલ કોઈ નિયમન વ્યકિતીના નામ, હોદ્દા, ટેલિફોન નંબરમાં કોઈ ફેરફાર ત્યારે આ યાદી અદ્યતન બનાવવામાં આવશે.

૮.૪.૩ જયારે-જયારે વપરાશકર્તા અથવા વિતરણ પરવાનેદાર દ્વારા સીમા બહાર કોઈ કામકાજ કરવામાં આવે ત્યારે યથાપ્રસંગ, વિતરણ પરવાનેદાર અથવા વપરાશકર્તા જેણે કામકાજ કર્યું હોય તે તેના સામેના ભાગનો સીધો સંપર્ક સાધશે. બંને પક્ષની સાચી ઓળખ સુનિશ્ચિ કરવા કામના વખતે સાંકેતિક શબ્દોમાં સંમતિ આપશે. નિયમન વ્યકિતઓ વચ્ચેનો સંપર્ક સામાન્ય રીતે સીધા ટેલીફોન દ્વારા સધાશે.

૮.૪.૪ એક પાળી કરતાં કામકાજ વધે, તો નિયમન વ્યકિત રાહત નિયમન વ્યકિતને હવાલો સોંપશે અને કામના પ્રકાર વિશે ટૂંકમાં સૂચના આપશે તેમજ કામગીરીના સાંકેતિક શબ્દો વાપરશે.

INDEX

૮.૪.૫ સલામત રીતે જરૂરી કામ કરવા માટે રાખાવાની જરૂરી સાવચેતી સ્થાપવામાં અને જાળવવામાં નિયમન વ્યક્તિઓ સહકાર આપશે. બંને અલગ સ્થાપેલા અથવા અર્થિંગની સ્થાપેલા એવી સગવડ હોય ત્યાં તાળાબંધ સ્થિતિમાં રાખવામાં આવશે અને તે સ્પષ્ટ પણે નકકી કરવામાં આવશે.

૮.૪.૬ કામ શરૂ કરતા પહેલાં સલામતી માટે લેવાનાં તમામ પગલાં લેવામાં આવ્યા હોય તેની કામનો હવાલો ધરાવતા નિયમન વ્યકિત જાતે ખાતરી કરશે. તેમણે કામ શરૂ કરવા દેવા કામ કરનાર વ્યકિતને સલામતીપત્ર મોકલવો જોઈએ.

૮.૪.૭ કામ પૂરું કર્યા પછી થઈ રહેલ કામનો હવાલો ધરાવતી નિયમન વ્યકિતએ પોતે ખાતરી કરવી કે સાવચેતીનાં લીધેલા પગલાં હવે જરૂરી નથી અને તે તેના સાચી નિયમન વ્યકિતનો સીધો સંપર્ક સાધશે અને સલામતીનાં પગલાં દૂર કરવા જણાવશે. બે નિયમન વ્યકિતઓ વચ્ચે સાંકેતિક શબ્દોથી સંપર્ક સાધીને સીધા સંદેશા દ્વારા સલામતીનાં તમામ પગલાં દૂર કરાયાથી ખાતરી મળ્યા પછી જ ઉપકરણને સેવા માટે યોગ્ય હોવાનું અને કામ કરનાર વ્યકિત પાસેથી સંમત સલામતી પત્ર પરત કરવાનું જાહેર કરવામાં આવશે.

૮.૪.૮ વિતરણ પરવાનેદાર સીમા બહાર સુરક્ષા અને તેને સતત અદ્યતન બનાવવા માટે સંમત લેખિત કાયપદ્ધતિ વિકસાવશે.

૮.૪.૯ સીમા બહાર સુરક્ષા અંગેની કોઈ તકરારનું એસટીયુ કક્ષાએ નિવારણ કરવામાં આવશે, જો એસટીયુ પક્ષકાર ન હોય તો એસટીયુ પક્ષકાર હોય તે કેસમાં તકરાર તેના ઉકેલ માટે ગુજરાત વીજળી નિયમન નિગમને મોકલી આપવામાં આવશે.

૮.૫ ખાસ વિચારણા :

૮.૫.૧ સુરક્ષા સંકલનના હેતુથી અને અલગ જોડાણ અને અર્થિંગ સ્થાપવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવાં સીમા બહાર સર્કિટો અંગેના તમામ ઉપકરણો અમુક પેટા-મથકોએ ઓળખના નંબર અથવા નામ સામે સ્પષ્ટપણે અને કાયદાને માટે અંકિત કરવામાં આવશે. ઉત્પાદન વિગત વર્ણન મુજબ આ ઉપકરણોની નિયમિત તપાસ કરવામાં અને જાળવણી કરવામાં આવશે.

૮.૫.૨ દરેક નિયમન વ્યકિત તેમણે મોકલેલા અને તેમને મળેલા સુરક્ષા સંકલન સંબંધી તમામ સંદેશાઓ અને તમામ કાગીરીનો ક્રમાનુસાર સુવાચ્ય લેખિત સલામતી નોંધબુકની જાળવણી કરશે. આ તમામ સલામતી નોંધબુકોની ૧૦ વર્ષ સુધી જાળવણી કરવાની રહેશે.

૮.૫.૩ શકયા હોય ત્યાં સુધી દરેક વિતરણ પરવાનેદારોએ દરેક પેટા મથક દ્વારા વીજળી પૂરી પડાતી હોય તે વિસ્તારોને લગતી તેની વ્યવસ્થાનો અદ્યતન નકશો જાળવવાનો રહેશે. અન્યથા ૨૨ કે.વી. અને તેથી વધુ ક્ષમતાની પદ્ધતિના યોજનાબદ્ધ રૂપરેખા વિતરણ પરવાનેદારની કચેરીના સંબંધિતત વિસ્તારોમાં જાળવવામાં અને પ્રદર્શિત કરવામાં આવશે.

૯ વિભાગ-૯

બનાવ / અકસ્માતની જાણ કરવી

૯.૧ પ્રાસ્તાવિક :

૯.૧.૧ આ કલમ હેઠળ વપરાશકર્તા દ્વારા પરવાનેદારને અને પરવાનેદાર દ્વારા વપરાશકર્તાને અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને (વિતરણ વ્યવસ્થામાં બનતા) મોટા બનાવ/અકસ્માતની જાણ કરવાની કાર્યપદ્ધતિ આવરી લેવામાં આવી છે.

૯.૨ મોટા બનાવ / અકસ્માતની જાણ કરવી :

૯.૨.૧ પરવાનેદારના પુરવઠા વિસ્તારમાં સેવામાં અંતરાય, સાધનસામગ્રીને વાસ્તવિક નુકસાન અથવા જાનહાનિ કે માનવજાતને મહત્વની ઈજામાં પરિણયતા મહત્વના તમામ બનાવો અંગે વિતરણ પરવાનેદારે બનાવ બન્યાના એક અઠવાડિયાની અંદર પ્રાથમિક અહેવાલ અને એક મહિનાની અંદર વિગતવાર અહેવાલ મોકલવાનો રહેશે.

૯.૨.૨ વિતરણ પરવાનેદાર અને વપરાશકર્તાઓને માહિતીની આપ-લે માટે કદ અને કાર્યપદ્ધતિ સ્થાપિત કરવાની રહેશે.

૯.૨.૩ વપરાશકર્તાઓ તેમની વ્યવસ્થામાં બનતા કોઈ મોટાં બનાવોની માહિતી વિતરણ પરવાનેદારને તાત્કાલિક મોકલવાની રહેશે.

૯.૩ જાણ કરવાની કાર્યપદ્ધતિ :

૯.૩.૧ ૧૧ કિ.વો. અને ૨૨ કિ.વો. પેટામથકોની લાઈનો અને સાધનોમાં બનતા જાણ કરવાપાત્ર તમામ બનાવોની જાણ જેના સાધનમાં બનાવ બન્યો હોય તે પરવાનેદારે વિતરણ પરવાનેદાર અને પ્રવાહન પરવાનેદારે નક્કી કરેલા નોંધપાત્ર રીતે અસર પામેલા બીજા બધા વપરાશકર્તાઓને તરત જ મૌખિક જાણ કરવી. આવા મૌખિક અહેવાલની એક કલાકની લેખિત અહેવાલ મોકલવો. જાણ કરવાપાત્ર બનાવ મોટો હોય તો બે કલાકની અંદર લેખિત અહેવાલ રજૂ કરવાનો રહેશે, અને પછી શરૂઆતનો અહેવાલ મોકલ્યાના ૪૮ કલાકની અંદર સર્વગ્રાહી અહેવાલ યોગ્ય રીતે મોકલવાનો રહેશે. અન્ય કિસ્સાઓમાં જાણ કરનાર વિતરણ પરાવનેદારે પ્રવાહન પરવાનેદારને કામકાજના પાંચ દિવસની અંદર અહેવાલ મોકલવાનો રહેશે.

૯.૩.૨ અન્ય વપરાશકર્તાઓને અસરકારક જાણ કરવાપાત્ર કોઈ બનાવ અંગે અને ખાસ કરીને જેનું સાધન જાણ કરવાપાત્ર બનાવનું કારણ બન્યું હોય એવા વપરાશકર્તા જાણ ન કરે તેવા કિસ્સામાં પ્રવાહન પરવાનેદાર વિતરણ પરવાનેદાર પાસેથી અહેવાલ મંગાવશે. આમ છતાં, વીજળી અધિનિયમ, ૨૦૦૩ હેઠળ કરેલ સંબંધિત જોગવાઈ હેઠળ ઘડેલા નિયમો અનુસાર બનાવોની જાણ કરવાની જવાબદારીમાંથી આ બાબત કોઈ વપરાશકર્તાને બાકાત રાખશે નહીં. આવા

અહેવાલ માટેની રૂપરેખા વિતરણ સંહિતા સમીક્ષા પેનલની મંજૂરી પ્રમાણે રહેશે અને લાક્ષણિક રીતે તેમાં નીચેની બાબતોનો સમાવેશ કરાશે.

(ક) બનાવનું સ્થળ

(ખ) બનાવની તારીખ અને સ્થળ

(ગ) સંડોવાયેલ પ્લાન્ટ કે સાધનસામગ્રી

(ઘ) અવરોધાયેલ પુરવઠો અને લાગુ પડતો સમયગાળો

(ચ) લાગુ પડે ત્યાં નિર્માણ ઘટનું પ્રમાણ

(છ) બનાવ પહેલાં અને પછી વ્યવસ્થા પારમિતિ (વોલ્ટેજ, આવર્તન, વીજભાર, જનરેશન વગેરે)

(જ) બનાવ પહેલાં માળખાની રૂપરેખા

(ઝ) રિલે સંકેતો અને રક્ષાત્મક કામગીરી

(ટ) બનાવનું સંક્ષિપ્ત વર્ણન

(ઠ) સેવામાં પરત માટે અંદાજિત સમય

(ડ) મહત્વની બીજી કોઈ બાબત

(ઢ) ભાવિ સુધારણા માટેની ભલામણો

(ણ) રજુઆત કરનારનું નામ અને હોદો

૯.૩.૩ અહેવાલમાં બનાવની પૂરેપૂરી વિગત દર્શાવતુ વર્ણન કરવાનું રહેશે. જેથી કરીને અહેવાલ મેળવનારને તેમાંથી ઉભા થતાં જોખમો અને સુચિતાર્થોનો કયાસ કાઢવાનું સુગમ બને જરૂરી હોય ત્યાં અહેવાલ મેળવનારે સ્પષ્ટતા અને વધારાની માહિતી મંગાવવી અને જાણ કરનાર વપરાશકર્તા તમામ પ્રયત્ન કરીને જરૂરી તપાસ અને વાજબી માહિતી મોકલી આપે તે ફરજિયાત છે.

૯.૩.૪ ગમે તે એક પક્ષની વિનંતીના કેસમાં, મૌખિક અહેવાલ મોકલનાર લેખિત મોકલશે અને અહેવાલ મેળવનારને ટેલિફોન સંદેશાથી લખાવશે અથવા ફેકસ/ઈ-મેઈલ દ્વારા મોકલશે. કટોકટીના કેસમાં જ મૌખિક અહેવાલ આપી શકશે અને પછીથી લેખિતમાં મોકલવાનો રહેશે.

INDEX

૯.૩.૫ અકસ્માતની જાણ વીજળી અધિનિયમ, ૨૦૦૩ હેઠળ કરેલી સંબંધિત જોગવાઈ હેઠળ ઘડેલા નિયમો અથવા લાગુ પડતા અન્ય નિયમો મુજબ કરવામાં આવશે. આવા નિયમો ઘડવામાં આવે ત્યાં સુધી વિતરણ પરવાનેદાર વીજળી પદ્ધતિ સલામતી ધોરણમાં જણાવ્યા પ્રમાણે અકસ્માતોની જાણ કરવાનું ચાલુ રાખશે.

૧૦ વિભાગ-૧૦

વિતરણ પદ્ધતિ આયોજન અને સુરક્ષા ધોરણ

૧.૦ પ્રાસ્તાવિક :

૧.૧ વિતરણ પદ્ધતિ આયોજન અને સુરક્ષા ધોરણ વિતરણ પદ્ધતિની આયોજન પદ્ધતિ વિજ્ઞાન માટેની માર્ગદર્શક સુચનાઓનો ખાસ ઉલ્લેખ કરે છે. આ ધોરણના કાર્યક્ષેત્ર નીચેની બાબતો આવરી લે છે.

(ક) વીજ પુરવઠાની ગુણવત્તા

(ખ) વીજભારનો વરતારો

(ગ) આયોજન કાર્યપદ્ધતિ

(ઘ) વિતરણ માળખાનો સેવા વિસ્તાર

(ચ) આયોજન ધોરણો

(છ) વિશ્વસનિયતા પૃથક્કરણ

(જ) વિતરણ ટ્રાન્સફોર્મરની ડિઝાઈન ધોરણસર બનાવવી

(ઝ) પેટા મથકોની રચના ધોરણસર કરવી

(ટ) પ્રતિક્રિયાશીલ વળતર

(ઠ) સર્વિસની મુખ્ય લાઈન

(ડ) સૂવા-વાચવાના ઓરડામાં મિટર લગાવવું

(ઢ) સુરક્ષા ધોરણો

૨.૦ વીજ પુરવઠાની ગુણવત્તા :

૨.૧ **આવર્તન પારંપારિતા :** ઝડપી આવર્તન ૫૦ હર્ટઝ રહેશે. વીજળી પદ્ધતિના તમામ ઘટકો ગ્રિડનું આવર્તન પટ્ટાની પહોળાઈ ૪૯.૦ અ ૫૦.૫ હર્ટઝની અંદર રહે તે સુનિશ્ચિત કરવાના તમામ પ્રયાસો કરશે.

૨.૨ **વોલ્ટેજ :** સામાન્ય કામકાજની સ્થિતિ હેઠળ પદ્ધતિના કોઈપણ સ્થળે વોલ્ટેજ, ભારતીય માનક (૧૫) વિગતવર્ણન હેઠળ નિર્દિષ્ટ મૂલ્ય કરતાં વધીને જાહેર કરેલ વોલ્ટેજથી જુદા પડશે નહીં.

૨.૩ **સંવાદી ઘટક :** IEEEની ભલામણો મુજબ, સંવેદનશીલ વીજભાર માટે પુરવઠા વોલ્ટેજમા કુલ સંવાદી ઘટક ૩ ટકાના કોઈ એક સંવાદી ઘટક સહિત ૫ ટકાથી વધશે નહીં. સંવાદી નિર્માણ કરતા અને વિતરણ પદ્ધતિઓને અસરકર્તા જવાબદાર જે તે વપરાશકર્તા સુધારણાત્મક પગલા માટે જવાબદાર ગણાશે.

૩.૦ વીજભાર વરતારો :

૩.૧ વિતરણ પરવાનેદાર તેના વિતરણ વિસ્તારમાં ગ્રાહકોને શકય વીજભાર વધારો અને વપરાશ ઢાંચાનો યોગ્ય અંદાજ કાઢીને પાંચ વર્ષની મુદત માટેનો ફરતો ટૂંકાગાળાનો વીજભાર વાર્ષિક વરતારો તૈયાર કરશે. આમ તૈયાર કરેલ વરતારો તે વર્ષ આવેલા ખરેખર વીજભાર અને બીજા વર્ષ માટે જરૂરી કોઈ હોય તો, ધારેલ ફેરફાર પર આધાર રાખીને દર વર્ષે અદ્યતન બનાવવામાં આવશે.

IV-C Ex 22-7

૩.૨ **પ્રાથમિક વીજભાર અંદાજ / આકારણી :**

૩.૨.૧ **ઘરગથ્થુ અને વાણિજિયક - વીજભાર :** ઘરગથ્થુ અન. વાણિજિયક સેકટરોમાં વપરાશનો અંદાજ ગ્રાહકોની સંખ્યા અને તેમની વિશિષ્ટ વપરાશ પર આધારિત હશે. વિસ્તારમાં ગ્રાહકોની સંખ્યામાં પાછલા વૃદ્વિ દરનો અભ્યાસ કરવાં આવશે. નજીકના ભૂતકાળમાં અનુભવેલ વીજઘટના કેસમાં અપનાવવાના વૃદ્વિ દર અંગે ભવિષ્યમાં વિચારેલ ઘરગથ્થુ વીજળીકરણના વધેલા ઉત્સાહને ધ્યાનમાં રાખીને વૃદ્વિદરમાં યોગ્ય છૂટ આપીને યોગ્ય માગણી ધ્યાનમાં લેવાની રહેશે. વિસ્તારમાં આયોજિત વીજળીકરણનું ઉંચુ સ્તર ધ્યાનમાં રાખવું જોઈએ. પાછલાં વલણનો અભ્યાસ કર્યા પછી એક જીવનધોરણમાં અપેક્ષિત સુધારણા ધ્યાનમાં રાખીને ગ્રાહક દીઠ ઉર્જાના વપરાશનો અંદાજ કાઢવામાં આવશે.

૩.૨.૨ **જાહેર વીજળી અને વારિગૃહ :** જાહેર વીજળી અને વારિગૃહમાં વીજળીની વપરાશનો અંદાજ, જાહેર વીજળીમાં અને પાણી પુરવડા સગવડોમાં શકય વધારો ધ્યાનમાં રાખીને, વલણના આધારે પ્રોજેકટ કરેલ, જોડાણવાળા વીજભારની કિલોવોટ દીઠ સરેરાશ વપરાશ પર આધારિત છે. કામગીરીના કલાકની સંખ્યા પાછલાં વલણો અને વિસ્તારમાં કોઈ વીજકાપ હોય તો તે ધ્યાનમાં લઈને અંદાજી શકાશે.

૩.૨.૩ **કૃષિવિષયક વીજભાર :** સિંચાઈ પંપ સેટ માટે જરૂરી વીજળી પંચવર્ષીય યોજનાની મુદતમાં પંપ સેટનો વીજળીકરણ કાર્યક્રમ, ઉપલબ્ય સાધનો અને મૂળભૂત ભૂગર્ભ જળની ક્ષમતા પર આધારિત હશે. પંપ સેટની સરેરાશ ક્ષમતા, જોડાણ યુકત વીજભાર અને પંપસેટની સંખ્યા માટે વર્ષની અધવચના આંકડા ધ્યાનમાં રાખીને ગણી કાઢવામા આવશે. પ્રતિ વર્ષ દરેક સિંચાઈ પંપસેટની વપરાશનો અંદજ તમામ સિંચાઈ પંપસેટને મિટર બેસાડવામાં આવે ત્યાં સુધી પ્રતિનિધિરૂપ નમૂનાઈ અભ્યાસ દ્વારા કાઢવામાં આવશે.

૩.૨.૪ **ઔદ્યોગિક વીજભાર :** ઔદ્યોગિક સેકટર માટે વીજળીની જરૂરિયાતનો અંદાજ નીચેની ત્રણરીતથે કાઢવામાં આવશે, જેમ કે

(ક) નીચા દબાણ ઉદ્યોગ

(ખ) ૫ મે.વો.થી ઓછી માગવાળા ઉંચા દબાણ ઉદ્યોગો

(ગ) ૫ મે.વો. અને વધુ માગવાળા ઉંચા દબાણ ઉદ્યોગો

(ક) અને (ખ) પ્રકારમાં વપરાશ ભાવિ વિકાસ યોગ્ય રીતે ધ્યાનમાં રાખીને ઐતિહાસિક આધાર સામગ્રીના આધારે હશે. પ્રકાર (ગ) ના કેસમાં ઉદ્યોગપતિ અને ઉદ્યોગ ખાતાએ રજૂ કરેલ માહિતીના આધારે દરેક ઔદ્યોગિક એકમ માટે પ્રોજેકશન અલગ રીતે કરવામાં આવશે.

૩.૨.૫ **બિન-ઔદ્યોગિક જથ્થાબંધ પુરવઠો :** બિનઔદ્યોગિક ગ્રાહકો જેવા કે સંશોધન સંસ્થાઓ, બંદર ટ્રસ્ટો, લશ્કરી ઈજનેશી સેવાઓને જથ્થાબંધ પુરવઠાનો વપરાશ વીજળી પ્રોજેકટોને પુરવઠા વગેરે અને આ વિસ્તારોમાં શકય ભાવિ વિકાસ સંબંધી ઉપલબ્ય માહિતી વરતારા માટે ધ્યાનમાં લેવામાં અવશે.

૩.૨.૬ **અન્ય વીજભાર :** અન્ય વીજભાર માટેના પ્રોજેકશનો ઉત્તમ નિર્ણય પર આધારિત હશે.

૩.૩ **વીજભાર વરતારાની કાર્યપદ્વતિ :**

૩.૩.૧ ઉપર્યુકત માહિતીના ઉપયોગ કરીને અને વિશિષ્ટ સ્થળને લાગુ પડતી એક યોગ્ય પદ્વતિ અપનાવીને તથા પ્રવર્તમાન સ્થિતિ જોઈને વીજભર વરતારા પદ્વતિઓ અપનાવવામાં આવશે.

૩.૩.૨ ઉપરની બાબત ઉપરાંત, માગ બાજુની વ્યવસ્થાની અસરો, નિકાલબાકી અરજીઓ માટે વીજળીની જરૂરિયાત, ૫૦ હર્ટ્ઝ નજીકનું આવર્તન કામે લગાડવામાં સુધારણાને કારણે માગમાં વધારો પણ અંદાજવામાં આવશે. વિતરણ પરવાનેદાર જોડાણ બિંદુ/ઈન્ટરફેઝ બિંદુ તથા પ્રવાહન પદ્વતિ તેમજ વાર્ષિક ઉર્જા માગ સંબંધી આગામી પાંચ વર્ષ પૈકી દરેક વર્ષ માટે ટોચ માગ અને વીજભાર વરતારા પર આધાર રાખીને સમગ્ર પુરવઠા વિસ્તાર માટે આગામી પાંચ વર્ષ પૈકી દરેક વર્ષ માટેની ટોચ માગ ગણી કાઢશે. આ મછતાં વિતરણ પરવાનેદાર ભરચક વિસ્તારમાં જોડાણ બિંદુ અને ઈન્ટરફેઝ બિંદુએ જેનું આંતરિક જોડાણ ગોળાકારમાં કર્યું હોય તેની સંખ્યાએ વીજળી મેળવે તો આવા વિતરણ પરવાનેદાર પરસ્પર ચર્ચા અને એસટીયુ સાથે સંમત થયા મુજબ ફેરફાર અથવા માત્રા સાથે દરેક જોડાણ બિંદુ / ઈન્ટરફેઝ બિંદુએ સમગ્ર ટૂંકા ગાળાનો માત્ર વરતારો મોકલશે.

૩.૩.૩ પુરવઠા વિસ્તારમાં જોગવાઈ કરાયેલ દરેક પ્રકારના ગ્રાહકોના વિવિધ ઘટકો પસંદગીનાં લાક્ષણિક સ્થળોએ વીજભાર મોજણી મિટર ગોઠવીને ગણી કાઢવામાં આવશે. આવી માહિતીનું રેકર્ડની જાળવણી કરવામાં અને સતત અદ્યતન રાખવામાં આવશે.

આ માહિતીના આધારે પાંચ વર્ષની મુદત માટેનો ટૂંકા ગાળાનો વીજભારનો વરતારો તૈયાર કરાશે.

૪.૦ આયોજન કાર્યપદ્ધતિ :

૪.૧ આ કલમના ખંડ ૨.૦માં જણાવ્યા પ્રમાણે સલામત, વિશ્વાસપાત્ર, આર્થિક રીતે પોષાય તેવી અને ગુણવત્તાવાળી વીજળીના પુરવઠા વડે તમામ પ્રકારના ગ્રાહકોની જરૂરિયાત પૂરી પાડી શકે તેવી પદ્ધતિ હોય તેવી રીતે વિતરણ પદ્ધતિનું આયોજન અને વિકાસ કરવામાં આવશે. જો કે, વિતરણ પરવાનેદાર ગુણવત્તાવાળી વીજ પુરવઠો આપી શકે તે માટે ગ્રાહકે વિતરણ પરવાનેદારને પૂરેપૂરો સહકાર આપવાનો રહેશે. વિતરણ પદ્ધતિ અમલમાં હોય તેવા સંબંધિત તમામ સંહિતા, ધોરણો અને અધિનિયમોની વૈધાનિક જરૂરિયાતોનું પાલન કરશે.

૫.૦ વિતરણ માળખાનો સેવા વિસ્તાર :

૫.૧ વિતરણ માળખાનો સેવા વિસ્તાર એવો વિસ્તાર છે જેમાં જરૂરત પ્રમાણે એક અથવા વધુ ઉપકરણો દ્વારા પેટા-મથક દ્વારા વીજભાર પૂરો પાડવામાં આવે છે. વિતરણ ટ્રાન્સફોર્મરો અને જેમાંથી ૧૧ કિ.વો. ઉપકરણો નીકળે તેવા પેટા-મથકમાંથી જોગવાઈ કરાતા વિતરણ માળખાનું આયોજન શરૂઆતમાં તેમના જે તે સેવા વિસ્તારની અંદર સ્વતંત્ર માળખા તરીકે કરવામાં આવશે. વધુમાં, શકય હોય ત્યાં નિષ્ફળ જવાના કેસમાં વૈકલ્પિક પુરવઠા માટે નજીકના માળખા અને અથવા પેટા-મથક આંતરિક જોડાણની જોગવાઈ કરવામાં આવશે. વિતરણ લાઈનોની ડિઝાઈન વીજ પુરવઠાને ઓછામાં ઓછા અવરોધ સાથે ભવિષ્યમાં તેમાં વધારો કરવા વિશિષ્ટ ભાગો જોડી દેશે. હાલના અધિકારની ઢબનો પૂરેપૂરો લાભપ્રદ ઉપયોગ કરવામાં આવશે.

૫.૨ વિસ્તારની અંદર વોલ્ટેજ વિનિયમન મર્યાદા વધારવામાં આવે તેવા પ્રસંગો ઉપકરણોની ક્ષમતા વધારવા વિતરણ પરવાનેદાર પર્યાપ્તપણે અગાઉથી યોગ્ય પગલાં લેશે.

૫.૩ વિતરણ માળખાની ડિઝાઈન વાપરવા યોગ્ય શોફ્ટવેરનો ઉપયોગ નીચેનાઓ માટે જુદી-જુદી વીજભાર શરતો માટે નીચામાં નીચી શકય ઉર્જા ઘટ મેળવવા માટે કરવામાં આવશે.

(ક) વિતરણ ટ્રાન્સફોર્મરોનું સ્થળ અને ક્ષમતા,

(ખ) નીચા વોલ્ટેજ અને ઉંચા વોલ્ટેજ માળખાને અમુક દિશામાં મોકલવા

(ગ) વાહક વસ્તુઓના કદ

(ઘ) આયોજન કરેલ નવી લાઈનો માટે ઉંચા દબાણ અને નીચા દબાણની લાઈનોની લંબાઈનો ગુણોત્તરનો ઈષ્ટતમ ઉપયોગ કરવામાં આવશે અને હાલની વિતરણ વ્યવસ્થા વિતરણ ઘટ ઓછી કરવા તબકકાવાર સુધારવામાં આવશે.

(ચ) તમામ વીજભાર શરતો માટે વોલ્ટેજ વિનિયમન મર્યાદા

૬.૦ આયોજન ધોરણો :

૬.૧ કદ અને દરર્નિધારણ ધોરણસર બનાવવા : ભાવિ વીજભાર વિકાસ માટેની પર્યાપ્ત જોગવાઈ વીજવાહકોનું કદ નકકી કરતી વખતે અને વિતરણ ટ્રાન્સફોર્મર્સના દરર્નિધારણ વખતે કરવામાં આવશે. વિતરણ વ્યવસ્થામાં વપરાતા વીજવાહકો, ઈન્સ્યુલેટર્સ, ત્વરિત અરેસ્ટર્સ, ટ્રાન્સફોર્મર્સ, સ્વીચગિયર્સ વગેરેનાં કદ યાદી ઘટાડવાના ઉદ્દેશથી ધોરણસરનું કરવામાં આવશે અને ધોરણસરનું વિગતવર્ણન તૈયાર કરવામાં આવશે.

૬.૨ વિતરણ લાઈનો માટે ડિઝાઈનનું ધોરણ

૬.૨.૧ વિતરણનીરેડિયલ પદ્ધતિ ગ્રામ વિસ્તારમા અપનાવી શકાય અને ઓછામાં ઓછા એક વૈકલ્પિક સાધનમાંથી પૂરી પાડવાની જોગવાઈ સહિત શકય લુપ પદ્ધતિ શહેરી વિસ્તારમાં અપનાવવામાં આવશે.

૬.૨.૨ ઉંચા દબાણ અને નીચા દબાણની વિતરણ લાઈનો જરૂરી વિસ્તારમાં જરૂરીયાત પ્રમાણે નીચેની કોઈ એક પ્રકારની હશે:

(ક) ઉઘાડા વાહકો સાથે ઓવરહેડ લાઈન

(ખ) હવાઈ ઝૂમખા કેબલ્સ વડે ઓવરહેડ લાઈન

૬.૨.૩ ભારે ટ્રાફિક ગીચતા વિસ્તારમાં, ગીચ વસ્તીવાળાં શહેરોમાં, ભૂગર્ભ કેબલની ગોઠવણી શકય તેટલા પ્રમાણે વિચારણામાં લેવાશે. રહેઠાણ વિસ્તારમાં અથવા બગીચા અને વનોમાં સંખ્યાબંધ વૃક્ષોનો મુકાબલો કરવાનો હોય ત્યાં હવાઈ ઝૂમખા કેબલ્સ સાથે ઓવરહેડ લાઈનો અપનાવવામાં આવશે. અન્ય સ્થળોએ ઉઘાડા વાહકો સાથે ઓવરહેડ લાઈનો અપનાવવામાં આવશે. આયોજન અને ડિઝાઈનના હેતુસર નીચેનાં ધોરણો અપનાવવામાં આવશે.

(ક) ઉઘાડા વાહકો સાથે ઓવરહેડ લાઈનોની ડિઝાઈન અને બાંધકામ સામાન્ય રીતે ભારતીય માનક ૫૬૧૩ ભાગ-૧, વિભાગ-૧ અને ૨ અનુસાર કરવામાં આવશે.

(ખ) વાહકોની ઝડપને કારણે અકસ્માતથી શોર્ટ સર્કિટ રોકવા નીચા દબાણ વિતરણ લાઈનો માટે વાહકોની લંબરૂપ રૂપરેખા ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં ગાળા મોટા હોવાથી અપનાવી શકાશે.

(ગ) નીચા દબાણ અને ઉંચા દબાણની લાઈનોની અધિકતમ લંબાઈ ઠરાવેલ મર્યાદામાં જાળવવામાં આવશે. જેથી સલામત અને ગુણવત્તાવાળી વીજળી આપી શકાય.

(ઘ) હવાઈ ઝૂમખા કેબલ્સ સાથેની ઓવરહેડ લાઈનોની ડિઝાઈન અને બાંધકામ સામાન્ય રીતે આરઈસી વિગતવર્ણન ૩૨ અને ભારતીય માનક ૧૪૨૫૫ અનુસાર રહેશે.

(ચ) ભૂગર્ભ કેબલ્સની ડિઝાઈન અને બાંધકામ સામાન્ય રીતે ભારતીય માનક ૧૨૫૫ અનુસાર રહેશે.

૬.૨.૪ લાઈનના ટેકરૂપ લોખંડ, લાકડું, આરસીસી કે પીસીસી હોઈ શકે આરસીસી અને પીસીસી થાંભલા તેમની કિંમત અને લાંબા ટકાઉપણાને ધ્યાનમાં બીજા બે પર પસંદગી ઉતારવામાં આવે છે. લાઈન માટે વાહકના કદની પસંદગી નીચેના ધોરણો પર આધાર રાખીને કરવામાં આવશે.

(ક) વીજળીના નુકસાનના ખર્ચ અનુસાર વાહકનું કદ પસંદ કરવા માટે અને આપ પસંદ કરેલ વાહકના હીત અને કિંમત પર ઘસારા ખર્ચ અંગે હાથ ધરેલ ટેકનો આર્થિક અભ્યાસ અને પહોંચાડવાની વીજળી

(ખ) લાઈનની લંબાઈ

(ગ) લાઈન વોલ્ટેઝ

(ઘ) આપવા પાત્ર વોલ્ટેજ નિયમન

(ચ) યાંત્રિક શકિત

(છ) દરિયા કિનારાનો વિસ્તાર અને ભારે વરસાદ અને / અથવા હવામાનમાં ખારાશને કારણે ભારે ખવાણ અપેક્ષિત હોય તેવા અન્ય વિસ્તારો અને ચોરીગ્રસ્ત વિસ્તારોમાં ફકત યોગ્ય વાહકોનો ઉપયોગ કરવામાં આવશે.

૭.૦ વિશ્વસનીયતા પૃથકકરણ :

૭.૧ વિતરણ વ્યવસ્થાનું વિસ્તરણ અને સુધારણાના આયોજનમાં ગ્રાહકોને વીજ પુરવઠાની વિશ્વસનીયતામાં સુધાર પણ ધ્યાનમાં લેવામાં આવશે. વિસ્તરણ અને સુધારણા કાર્યક્રમના અમલ પહેલાં અને પછી વિતરણ વ્યવસ્થા દ્વારા પૂરા પડાતા વિસ્તારમાં વીજ પુરવઠાના યોગ્ય વિશ્વસનીય સૂચકોનો અંદાજ કાઢવામાં આવશે. વિતરણ વ્યવસ્થાના આયોજનમાં વિશ્વસનીયતામાં સુધારણા ધ્યાનમાં લેશે અને આ સંબંધમાં માહિતી એકત્ર કરવાના પ્રયત્ન કરવા જોઈએ.

૭.૨ વિશ્વસનીયતાના સૂચકોને અસરકર્તા નીચેના પાસાં માહિતીની ઉપલબ્ધને આધીન ધ્યાનમાં લેવામાં આવશે.

(ક) આવતા પુરવઠામાં ક્ષણિક ખોરવાઈ જવો

(ખ) ૨૨ અને ૧૧ કિ.વો. ફીડર્સ અંગે ક્ષણિક અવરોધો

(ગ) નીચા દબાણ ફીડર્સનું ખોટકાવું

(ઘ) લાઈનો અને ફીડર્સ પૂર્વ-આયોજિત કામ બંધ

(ચ) વિતરણ ટ્રાન્સફોર્મસ ફયુઝ ઉડી જવા

(છ) વ્યકિતગત ફયૂઝ ઉડી જવાની ફરિયાદ

૮.૦ વિતરણ ટ્રાન્સફોમર્સની ડિઝાઈન અને દરનિર્ધારણ ધોરણસર કરવાં :

૮.૧ વિતરણ ટ્રાન્સફોમર્સની ડિઝાઈન અને દરનિર્ધારણ ધોરણસર બનાવવામાં આવશે. શરૂઆતના પગલારૂપે ડિઝાઈન માટે જરૂરી વિવિધ ટેકનિકલ પારમિતિઓ અત્યાર સુધી અપનાવેલ વિવિધ ડિઝાઈનોમાંથી થયેલ કામગીરી અનુભવ પર આધારિત વિગત વર્ણનમાં સમાવિષ્ટ કરવામાં આવશે. ત્યારબાદ ટ્રાન્સફોર્મર્સની ધોરણસરની ડિઝાઈનો અને તેમની વિગતવાર રચના ડ્રોઈંગ આ ટ્રાન્સફોર્મર્સની કામગીરી પર આધારિત વિકસાવવામાં આવશે. ભાવિ પ્રાપ્તિ માટે આ અપનાવવામાં આવશે. કોઈ ઉત્પાદક દ્વારા ઉત્પન્ન આવાજ ટ્રાન્સફોર્મર્સના અંગભૂત ભાગોના આંતર ફેરફારની આ ખાતરી આપે છે.

૮.૨ સારી ગુણવત્તાની ખાતરીવાળી નીચેની બાબતો માટે કરવામાં આવશે.

(ક) કાચા માલસામાનની સારી ગુણવત્તા

(ખ) ઉત્પાદન અને રોજીંદી કસોટી દરમિયાન ગુણવત્તા નિયંત્રણ

(ગ) ડિલીવરી લેતી વખતે સ્વીકાર કસોટી

(ઘ) છૂટક નમૂના અંગે સ્ટોર ખાતે મળેલ ટ્રાન્સફોર્મર્સ અંગે તપાસણી અને કસોટી

(ચ) ફાર્વ તેમ પસંદ કરેલ જથ્થામાં એક ટ્રાન્સફોર્મર પર કાળજીપૂર્વક કસોટી ટ્રાન્સફોર્મરને સંપૂણપણે છૂટું પાડી દેવું જોઈએ. કોર, કોઈલ, ઈન્સ્યૂલેશન વગેરેની ગુણવત્તાની પ્રત્યક્ષ તપાસ કરવામાં આવે છે અને ઈન્સ્યુલેશન અને અન્ય વપરાતા અંગભૂત ભાગોના નમૂનાની કસોટી કરવામાં આવે છે.

(છ) ઓછામાં ઓછા ૩ વર્ષની મુદત માટે તપાસ વિતરણ ટ્રાન્સફોર્મર્સ માટે કામગીરીની બાયધરીની ખાતરી આપવી.

૯.૦ પેટા મથકની રચના ધોરણસર બનાવવી :

૯.૧ સુસંગત ધોરણો, નિયમસંગ્રહો અને વીજળી અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઈઓનું પાલન કરીને વિતરણ પરવાનેદારે ધોરણસરની રચના વિકસાવવાની રહેશે. પરવાનેદાર અદ્યતન ટેકનોલોજી તેમજ મેળવેલ અનુભવ પરથી પ્રતિપુષ્ટિ (ફીડબેક) પણ અપનાવશે.

૧૦.૦ પ્રતિક્રિયાશીલ વળતર :

૧૦.૧ સંતોષકારક વોલ્ટેજ પ્રોફાઈલ અને પેટા-પ્રવાહન અને વિતરણ ખોટામાં ઘટાડો જાળવીને વીજ પાસાની સુધારણા માટે વિતરણ વ્યવસ્થામાં યોગ્ય સ્થળે સ્વીચવિતમા/સ્વીચવાળા શન્ટ કેપેસીટરો ગોઠવવામાં આવશે. કેપેસીટરની ગોઠવણીનું કદ અને સ્થળ વિશ્વાસપાત્ર ક્ષેત્ર માહિતી વડે યોગ્ય કાર્યક્રમ દ્વારા નકકી કરવામાં આવશે, આદ્યૌગિક સ્વીચીંગ વગેરે જેવા યોગ્ય સાવચેતીરૂપ પગલાં ઓછા વીજભાર સમયે વધુ વોલ્ટેજ ટાળવા માટે અપનાવવામાં આવશે.

૧૦.૨ શન્ટ વળતરના ઈષ્ટતમ અભ્યાસ શન્ટ કેપેસીટર ગોઠવણી માટે સૌથી વધુ યોગ્ય કદ અને સ્થળો નકકી કરવા વિતરણ પરવાનેદારે હાથ ધરવાનો રહેશે.

૧૧.૦ સર્વિસની મુખ્ય લાઈન :

૧૧.૧ ગ્રાહકોને સર્વિસની મુખ્ય લાઈન ૨૩૦ વો.ના સિંગલ ફેઈઝ અને ૪૦૦ વો.ના ફેઈઝ પુરવઠા માટે સુસંગત આરઈસી બાંધકામ ધોરણોસર નાખવામાં આવશે, અને વીજળી અધિનિયમ, ૨૦૦૩ હેઠળના સુસંગત નિયમોની જોગવાઈ પ્રમાણે નાખવામાં આવશે.

IV-C EX 22-8

૧૨.૦ સૂવા-વાંચવાના ઓરડામાં મિટર લગાવવું :

૧૨.૧ ૨૩૦ વો. સિંગલ ફેઝ પુરવઠા માટે મિટર ગોઠવવાની જોગવાઈ સૂર્ય અને વરસાદથી રક્ષિત જગ્યાએ આવેલા યોગ્ય બોર્ડ પર કરવામાં આવશે અને રીડિંગ લેવાનું અનુકુળ પડે તેવા સ્થળે ગોઠવવામાં આવશે. મિટરના ટર્મિનલ સાથે ચેડા કરી ન શકાય તેવી રીતે અને સીલ લગાડી ગોઠવવામાં આવશે. ૪૦૦ વો.થી ફેઝ પુરવઠા માટે મિટર અને જોડાણ સહિત સંકળાયેલ મિટર ગોઠવવાની સામગ્રી ચેડા ન કરી શકાય તેવી યોગ્ય પેટીમાં બંધ કરવામાં આવશે. તાળાબંધ અને સીલબંધ યુકિતથી ચેડા ન કરી શકાય તેવી પેટી સંપૂર્ણ પણે મજબૂત હશે અને તેમાં જરૂરી વીજળિક નિવારણ સાથે ગરમી દૂર કરવા માટેની પૂરતી જોગવાઈ હશે મિટરને કે તેનાં જોડાણોને અડકયા વિના મિટર રીડિંગ કરી શકાય તેવી રચના હશે.

૧૨.૨ ઉંચા દબાણના ગ્રાહકો માટે મિટરો, મહત્તમ માગ સૂચકાંક અને ગૌણ જોડાણે અલગ અંગતૂત ભાગ અને અન્ય ગૌણ ઉપકરણો જેવાં કે ઓજાર ટ્રાન્સફોર્મર્સમાં ગોઠવવામાં આવશે અને જરૂરી જોડાણો ચેડાં કરતા અટકાવવા જેને તાળુ મારવામાં ને સીલ કરવામાં આવશે તે અલગ મિટરના ખાનામાં ગોઠવવામાં આવશે.

૧૨.૩ બંને બાજુએ અથવા ઓછામાં ઓછા એક બાજુ કેબલ એન્ટ્રી માટે ઉંચાં દબાણ મિટર કયુબિકસ ગોઠવવાનું અનુકૂળ બનશે. ઈન્સ્ટુમેન્ટ ટ્રાન્સફોર્મરમાં કોઈ ફયુઝ ગૌણ સર્કિટમાં લગાડવા દેવામાં આવતા નથી. દરિયાકુઠા વિસ્તારમાં અને ભારે વરસાદવાળા અન્ય વિસ્તારમાં ગોઠવવા માટે મિટરીંગ કયુબિકલ યોગ્ય એપોકસી રંગથી રંગવામાં આવશે. ઈન્સ્ટુમેન્ટ ટ્રાન્સફોર્મર્સ નિશ્ચિત ગુણોત્તરનાં હશે અને કોઈ ટેપસ નહીં હોય કરંટ ટ્રાન્સફોર્મર્સના પ્રાથમિક કરંટ દરનિર્ધારણ સામાન્ય પૂરા વીજભાર કરંટ સાથે અનુરૂપ હશે. હોય છે. કોરનું ગલન બિંદુ વધુમાં વધુ કરંટ કરતાં ઉંચુ હશે, જે જોડેલ તમામ ઓજાર અને યંત્રસામગ્રીના એક સાથે પૂરા વીજભારને કારણે બને.

૧૨.૪ વીજળિક ઉંચા દબાણ ગ્રાહકો માટે, ઉપકરણ ટ્રાન્સફોર્મર્સના ગૌણ છેડાને સજજડ કરી દઈ સીલ કરવામાં આવશે અને ગૌણ વાયરોને મિટરની પેનલ સુધી યોગ્ય જીઆઈ કોન્ડયુટ પાઈપમાં બહાર કાઢવામાં આવશે. કોન્ડયુટ પાઈપમાં કોઈ સાંધો નહીં હોય. મિટરો શકય હોય તેટલા ઉપકરણ ટ્રાન્સફોર્મર્સની નજીક હશે, અને કોઈ કેસમાં દસ (૧૦) મિટરથી વધુ નહીં હોય. મિટરની પેનલ જલાભદ્ય અને ચેડા કરી ન શકાય તેવી પેટીમાં રાખીને સીલ કરવામાં આવશે.

૧૩.૦ સુરક્ષા ધોરણો :

૧૩.૧ વિતરણ વ્યવસ્થાનું આયોજન અને જાળવણી કરવામાં આવશે, જેથી કરીને વિતરણ પરવાનેદારના વાજબી કાબૂ બહારની કુદરતી આપત્તિની સ્થિતિ હોય તે સિવાય નીચેનાં સુરક્ષા ધોરણોનું પાલન કરી શકાય.

૧૩.૨ હોસ્પિટલો, સ્મશાન, વિમાનઘર, રેલ્વે સ્ટેશન અને એવા બીજા મહત્વના વીજભાર પૂરા પાડતા નીચા દબાણ કે ઉંચા દબાણનાં ફીડરોનું પસંદગીની સ્વચીંગ પદ્ધતિથી આયોજન કરવામાં આવશે, જેથી કરીને પસંદગીનું સ્વીચીંગ વૈકલ્પિક તંદુરસ્તી ફીડર પર વીજભાર તબદીલ કરવા વાપરી શકાય આ અંગે સલામતીની યોગ્ય સાવચેતી અચુક લેવામાં આવશે. ફીડર ખોટકાય તો આ સ્વીચોનું સંચાલન તરત જ હાથ વડે અથવા વીજભારની અગત્ય પર આધાર રાખીને આપોઆપ કરવામાં આવશે.

૧૩.૩ ટૂંકાગાળાને અવરોધમાં પણ વધુ સંવેદનશીલ હોય તે અગત્યના ઉદ્યોગો સાથે જોડેલી ફીડર્સનું, પુરવઠો બંધ પડે તેવા કિસ્સામાં વૈકલ્પિક તંદુરસ્ત ફીડરમાં આપોઆપ પરિવર્તન કરાય તેવું આયોજન કરવામાં આવશે.

૧૩.૪ વિતરણ વ્યવસ્થાના કરંટ વહેતા કોઈ અંગભૂત ભાગ (વાહકો, જોડાણો, ટ્રાન્સફોર્મર્સ, સ્વીચગિયર, કેબલ્સ અને અન્ય ઉપકરણો)માં વીજભાર લાદવાનું તેમની જે તે થર્મલ મર્યાદાના ૭૫% થી વધશે નહીં.

૧૩.૫ વ્યવસ્થામાં લગાડેલ સ્વીચગિગરની ફાટ ક્ષમતા, વ્યવસ્થાનો અપેક્ષિત ભાવિ વિકાસ ધ્યાનમાં રાખીને ગોઠવુલ શોર્ટ સર્કિટ સ્તર કરતાં ઓછામાં ઓછી ૨૫% વધુ હશે.

૧૩.૬ દરેક પ્રાથમિક કે ગૌણ ઉંચા દબાણવાળા ફીડર માટે, સમીપમાં ઉપલભ્ય એક જ વર્ગના વોલ્ટેજના તરત ઉપલભ્ય ઉંચા દબાણના ફીડર પર હાથ વડે પરિવર્તિ કરવાની જોગવાઈ કરવામાં આવશે. કસોટી વખતે જોડેના ફીડરમાં ઓછામાં ઓછા ૫૦% વીજભારે ડિઝાઈનમાં જ કોઈ ઉંચા દબાણના ફીડર માટે જોગવાઈ કરવામાં આવશે.

૧૩.૭ બહારના કોઈ ૧૧ કિ.વો. ફીડરનું નિયંત્રણ કરતા કોઈ પેટા -મથકના સાધનની નિષ્ફળતાના એક જ આકસ્મિક ઘટનાના કેસમાં અંતરવિરૂપ વીજભાર સામાન્ય રીતે પેટામથક પરની કુલ માગના ૫૦% થી વધશે નહીં.

૧૩.૮ વ્યવસ્થામાં પૂરતી સહાયક ક્ષમતા હશે.

૧૩.૯ વિતરણ વ્યવસ્થાની ડિઝાઈનમાં એવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવશે કે કોઈ વિતરણ ટ્રાન્સફોર્મર ખોટકાઈ જવાના કેસમાં પરવાનેદારની કામગરીના ધોરણમાં વીજળિક પુરવઠો નિર્દિષ્ટ મુદતથી વધુ ગાળા માટે અવરોધક બનશે નહીં. એ જ રીતે સીમાવર્તી ઉપકરણ સહિત ૧૧ કિ.વો. ફીડર્સ ખોટવાઈ જવાના કેસમાં ડિઝાઈનમાં શકય તેટલા પ્રમાણમાં વીજ પુરવઠો બંધ ન થઈ જાય તે માટેની ગોઠવણ કરવામાં આવશે.

જોડાણ-૧

૫ મે.વો. ને તેથી વધુ માટે માગની વીજભાર માહિતી (ખંડ ૪.૩.૩)

૧. વીજભારનો પ્રકાર :
(એટલે કે ભઠ્ઠી વીજભાર, રોલીંગ મિલ્સ, ટ્રેકશન ભાર, પંપીગ ભાર, ઔદ્યોગિક ભાર વગેરે)

૨. વધુમાં વધુ માગ (કેવએ)

૩. પૂર્ણતઃ / અંશતઃ વીજ પુરવઠો જરૂરી હોય તે વર્ષ
(વીજભારના તબકકા રજૂ કરવામાં આવશે)

૪. માપ પ્રમાણે દોરેલા નકશા સાથે વીજભારનું સ્થળ

૫. નકકી કરેલ વોલ્ટેજ, આવર્તન અને પુરવઠો જરૂરી હોય તે તબકકાની સંખ્યા

૬. સાધનસામગ્રીનું વર્ણન

(ક) મોટરો : (ગોઠવણીનો હેતુ અને સંખ્યા, વોલ્ટેજ અને કિ.વો. દર, શરૂ કરવાની રીત, શરૂઆતનો કરંટ અને સમયગાળો મોટરનો પ્રકાર, ઝૂંબેશનલ અને નિયંત્રણ સાધનોનો પ્રકાર વગેરે)

(ખ) હિટીંગ : (પ્રકાર અને કિવો.રેટીંગ)

(ગ) ભઠ્ઠી : (પ્રકાર, ભઠ્ઠી ટ્રાનસફોર્મર ક્ષમતા અને વોલ્ટેજ ગુણોત્તર)

(ઘ) વીજળીથી પદાર્થોના ઘટકોનું વિઘટન (ઈલેકટ્રોલિસિસ) : (હેતુ અને કિવો. ક્ષમતા)

(ચ) દીવા કરવા (લાઈટીંગ) : કિવો. માંગ

(છ) વિગતો સાથે બીજો કોઈ વીજભાર

૭. ટોચ વીજભાર વખતે વોલ્ટેજમાં વધ-ઘટને માગની સંવેદનશીલતા અને પુરવઠાનું આવર્તન (વિગત આપો)

૮. વ્યવસ્થા અંગે લાદેલ તબકકાની અસમાનતા

વધુમાં વધુ

સરેરાશ

૯. વ્યવસ્થા અંગે વધુમાં વધુ સંવાદો સંતોષ : (સંવાદીતા દબાવવા માટે વિચારેલ યુકિતઓની વિગતો આપો)

૧૦. ૫ સેકંડ કે વધુ સમય માટે ટકતા વોલ્ટેજ (ટકાવારી) સહિત જોડાણ બિંદુએ ૧૦ મે.વોથી વધુ વધ-ઘટની માગ ઉભી કરવા સંભવિત વીજભારની વિગતો.

વ્યવસ્થાની માહિતી (ખંડ ૪.૩.૩)

વીજળિક-ઉપકરણની રચના અને પસંદગી કરવા માટે ગ્રાહકને જરૂરી હોય તેવી નીચેની વિગતો પૈકી ફક્ત સુસંગત વિગતો વિતરણ પરવાનેદાર પૂરી પાડશે.

૧. પરવાનેદારના પુરવઠા વિસ્તારની સીમાઓ નક્કી કરવા ગુજરાતનો સ્થળલેખન નકશો.

૨. આગામી ૫ વર્ષ માટે બાંધકામ હેઠળ થવા આયોજિત પરવાનેદારના પુરવઠા વિસ્તારની અંદર હાલની ૧૧ કિ.વો. અને ૨૨ કિ.વો લાઈનો અને પેટા-મથકો દર્શાવતા ૨.૫ કિ.મિ.ના ઓછામાં ઓછા ૧ સેમી.ના માપથી દોરેલ વિતરણ પરવાનેદારનો વિતરણ નકશો ટપકાવાળી લાઈનથી દર્શાવવમાં આવશે.

૩. લાઈનની લંબાઈ, વાહકનું કદ, પેટા-મથક ક્ષમતા, સ્થળ સાથે કેપેસીટર કદ, ઓટોરિકલોન્ડર વગેરે દર્શાવતી વિતરણ વ્યવસ્થાનો એક જ રેખા ડાયાગ્રામ.

૪. મિટર મુકવાની અને ૬૬/૨૨ કિ.વો. અને ૬૬/૧૧ કિ.વો. પેટા મથકોએ પ્રવાહનની વિગતો.

૫. નીચે મુજબ આંતરજોડાણોના બિંદુએ ગ્રિડ પેટા મથકોની વિગતો :

૧. એમવીએ ક્ષમતા અને વોલ્ટેજ

૨. ટ્રાન્સફોર્મર્સની સંખ્યા, દરેક ટ્રાન્સફોર્મરની ક્ષમતા, વોલ્ટેજ ગુણોત્તર, ટેપ્સના પ્રકાર, હરકતોની સંખ્યા

૩. બંને થ્રી ફેઝ અને સિંગલ લાઈનથી જમીન પરની ખામી પેટામથક બસબાર્સે ખામીનું સ્તર

૪. બસ હરકત

૫. પેટા-મથક રૂપરેખા ડાયાગ્રામ

૬. જોડાણ બિંદુ/ઈન્ટરફેઝ બિંદુએ ડ્રોલ (drawl) : પ્રવાહન વ્યવસ્થા સાથે અથવા છેલ્લા છ મહિના દરમિયાન અન્ય વિતરણ પરવાનેદાર સાથે દરેક જોડાણમાંથી ગુરુત્તમ અને ન્યૂનતમ મે.વો. ડ્રોલ.

અમદાવાદ
૨૫,ઓગષ્ટ, ૨૦૦૪

પી.એસ.શાહ
સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 23 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, FEBRUARY 2, 2005/MAGHA 13, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૧–૦૨–૨૦૦૫

ક્રમાંક:રાચપ–ચટણ–સમક–નપા–ખંભાલીયા–૨૦૦૫

ખંભાલીયા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટાકલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૧૫૮–૨૦૦૪– એનપીબી–૧૩૨૦૦૪/૩૪૧૧/ (૧૦) આર, તા.૧૯–૧૧–૨૦૦૪થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **ખંભાલીયા** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે ખંભાલીયા નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(અ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩:૩૬૫૫: એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે તો તે સંજોગોમાં રાજ્ય ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૬૪૭૯ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૦૫૩ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોડીનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પૈકીવોર્ડ કોઈપણ વોર્ડમાં સરેરાશ વસ્તીથી ૧૦ % થી વધતી નથી કે ૧૦ % થી ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે; નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અનેર બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૪	૩૯૫૭	૧૧૨૧	૨૮.૩૩
૨	૮	૪૦૨૮	૬૯૨	૧૭.૧૮
૩	૨	૪૩૪૫	૩૮૪	૮.૮૪
૪	૯	૩૯૬૬	૩૪૮	૮.૭૭
૫	૫	૪૦૨૪	૧૦૨	૨.૫૩
૬	૩	૩૯૨૫	૫૬	૧.૪૩
૭	૭	૪૧૦૧	૨૮	૦.૬૮
૮	૬	૪૩૫૨	૧	૦.૦૨
૯	૧	૩૭૮૧	--	--
કુલ		૩૬૪૭૯	૨૭૩૨	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૪ તથા ૮ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા બીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડનં.૪ અનુસૂચિત જાતિ અને વોર્ડનં. ૮ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪ તથા ૮ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે તે પૈકી આ વર્ગની સ્ત્રી માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૪	અનુસૂચિત જાતિ
૮	અનુસૂચિત જાતિ સ્ત્રી.

INDEX

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલીકામાં અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠક ફાળવવાની થતી નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

ખંભાલીયા નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૯	૩૯૬૬	૩૧૨૮	૭૮.૮૭
૧	૩૭૮૧	૨૭૭૫	૭૩.૩૯
૨	૪૩૪૫	૨૯૮૧	૬૮.૬૧
૭	૪૧૦૧	૨૪૧૫	૫૮.૮૯
૫	૪૦૨૪	૨૩૦૪	૫૭.૨૬
૪	૩૯૫૭	૨૨૦૦	૫૬.૦૦
૮	૪૦૨૮	૨૨૨૬	૫૫.૨૬
૩	૩૯૨૫	૨૧૨૪	૫૪.૧૧
૬	૪૩૫૨	૨૧૯૮	૫૦.૫૧

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં.૯,૧ અને ૨ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી ત્રીજા ક્રમે વોર્ડ નં.૨ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવા ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	પછાતવર્ગ
૧	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને ખંભાલીયા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશની તારીખે પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદ્દત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચે ખંભાલીયા નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
ખંભાલીયા નગરપાલિકા, જિલ્લો જામનગર

વોર્ડ નં૧

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબર થી ઘરનંબર સુધી	
૧	૧૭	૧ થી ૮૦	દ્વારકાનું જુનું નાકું, જુના પોલીસ કવાર્ટસ, બાલાજી મંદિર, ખત્રી જ્ઞાતિની વાડી, વાઘેશ્વર મંદિર, વિજય ચોક, વકરા શેરી, પેનવાળો, લીયાનો ડેલો, આરબાણી શેરી, ભઠી ચોક,ઓસમાણભાઈ ટપાલીવાળી શેરી, મચ્છીપીઠ, બગદાદી સોસાયટી, પાણીનો ટાંકો, ખડકીનું નાકું.
	૧૮	૧ થી ૧૨૨	દ્વારકાના જુના નાકા, મગનભાઈ ખત્રીવાડી શેરી, ભુતનો ડેલો, ધોબી શેરી, ધુળધોયા શેરી, ચોકસી બિલ્ડીગ પાસે, પરજીયા સોની જ્ઞાતિની વાડી, આંબલી વાળી શેરી, (શામરાજ પીરની દરગાહ પાસે).
	૧૯	૧ થી ૧૩૧	પઠાણ પાડો, શામરાજ પીરની દરગાહ (આંબલી વાળી શેરી), અંબાજીનું મંદિર ચોક, શ્રીનાથજી હવેલી, પાવૈયા નો મઠ, દ્વારકાનું નવું નાકું.
	૨૦	૧ થી ૧૫૬	શ્રીનાથજી હવેલી સામેનો વિસ્તાર, અંબાજી મંદિર, તથા પાછળનો વિસ્તાર, પઠાણ મસ્જીદ પાછળનો વિસ્તાર, જુનો ભરવાડ પાડો, કારૂભાઈ ભરવાડ વાળી શેરી, જુનો ભરવાડ પાડો,સલાયાનું જુનુ નાકું, સુખનાથ મંદિર પાછળનો વિસ્તાર.
	૨૫	૧ થી ૮૮	વિજય ચોક, વોરાવાડ, ખીમજીભાઈ કુંભાર વાળી શેરી, હીન્ડોચા વાળી શેરી, ખત્રીવાડ.
	૩૧	૧ થી ૧૦૨	વ્હોરાવાડમાં સતારભાઈ પાન વાળી દુકાન, માંકડા શેરી, કાશી વિશ્વનાથ મંદિરવાળી શેરી વ્હોરાની મસ્જીદ, ખાનભાઈ વાળી શેરી, કડીયાવાડ, સંતોષી પાન ડીપો, રોશન સાયકલ સ્ટોર્સ, નાનજી જોષી વાળી શેરી, મુંદ્રા વકીલના ઘર પાસે, સતારભાઈ પાનવાળાના ઘર વાળી શેરી, તથા વ્હોરાવાડ.
	૫૩	૧ થી ૧૧૩	પોરબંદર રોડ, ખામનાથ સોસાયટી, ભારત ગેસ્ટ હાઉસની જમણી બાજુનો વિસ્તાર, બજરંગ ટેકરી (ગુલાબનગર ટેકરી), કબ્રસ્તાન, હિન્દુ સ્મશાન.
	૬૪	૧ થી ૧૭૯	સંતોષી માતા મંદિર પાછળનો વિસ્તાર, ખડકી ગેઈટ પાસેનો વિસ્તાર કેનેડી બ્રીજ, ખામનાથ મહાદેવ મંદિર, વ્હોરાનો હજીરો, પોરબંદર રોડ.

હદનું વર્ણન

ખંભાલીયા નગરપાલિકા હદના જુના સલાયા ગેઈટના ઈશાન ખુણાથી શરૂ કરતાં દક્ષિણ તરફ જતાં ભરવાડ પાડો તથા તેની પશ્ચિમે થઈ પઠાણ પાડો પર યા સોની જ્ઞાતિની વાડીના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ જતાં વિજય ચોક, ખત્રીવાડના પુર્વ તરફની દિશા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં કડીયાવાડની પુર્વ દિશા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ જતાં ભઠીચોક–મચ્છી પીઠના વાયવ્ય ખુણા સુધી તથા ત્યાંથી દક્ષિણ તરફ જતાં ખડકીના નાકા સુધી ત્યાંથી પશ્ચિમે જતાં ઘી નદિના કાંઠા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ જતાં નદિના કાંઠે કાંઠે કેનેડી બ્રીજના પૂર્વ છેડા સુધી ત્યાં પશ્ચિમ તરફ જતાં ખામનાથ મહાદેવ મંદિરના ઈશાન ખુણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ખામનાથ પાંજ સુધી. ત્યાંથી પશ્ચિમે તરફ વ્હોરાના હ રાની નૈઋત્ય ખુણા સુધી. ત્યાંથી ઉતર તરફ જતાં પોરબંદર રોડ ક્રોસ કરી કેનેડી બ્રીજના પશ્ચિમે છેડા થઈ કેનેડી બ્રીજના પૂર્વ છેડેથી વાયવ્ય ખુણા બાજુ જતાં હિંદુ સ્મશાન – કબ્રસ્તાન થઈ દ્વારકા તરફ જતા રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઈશાન ખુણા તરફ જતાં રેલ્વેલાઈનની સમાંતર તેલી નદી સુધી ત્યાંથી તેલી નદીના કાંઠે કાંઠે અગ્નિ ખુણા તરફ જતાં પોરબંદર રોડ ક્રોસ કરી જુના સલાયા ગેઈટના ઈશાન ખુણા સુધી.

વોર્ડ નં૨

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૨	૪૯	૧ થી ૫૦૫	નગરગેઈટ, ભાટીયા બાલમંદિર, તા. શા. નાં. ૨, તેલી નદીનો પુલ, વિજય સિનેમા પાછળ કુંભાર પાડો, હરીજન વાસ, મિલન પરોઠા હાઉસ, ભગવતી મીલ વિસ્તાર, મેઘજી પેથરાજ છાત્રાલય,જડેશ્વર સોસાયટી.
	૫૪	૧ થી ૧૮૦	પોરબંદર રોડ, ભારત ગેસ્ટ હાઉસ પાછળનો ભાગ, સરસ્વતી એન્જીનીયરીગનો પાછળનો વિસ્તાર, પાવરહાઉસ તથા તેની પાછળનો ભાગ, પાવર હાઉસ પાછળ કુંભાર પાડો.
	૫૫	૧ થી ૨૫૬	પોરબંદર રોડ, વરીયા પ્રજાપતિ જ્ઞાતિથી વાડી, વાંદરાવાલ વિસ્તાર, કુંભાર પાડો, તથા સલાયા રોડ, રેલ્વે ફાટક .
	૫૬	૧ થી ૫૫૮	ચાર રસ્તા પોલીસ ચોકી તથા મપારા પરોઠા હાઉસ પાછળ ગઢવી પાડો, પાયલ હોસ્પીટલ પાછળનો વણકર વાસ.
	૫૭	૧ થી ૧૬૧	સલાયા રોડ, ડો. નિમ્બાર્કનુ દવાખાનું, શ્રીજી શોપીગ સેન્ટર સામે ચમાર તથા મેઘવાર જ્ઞાતિનું સ્મશાન, માન સરોવર શોપીગ સેન્ટર, કુંભારના મકાનો, મીડલ સ્કુલ પાછળનો ભાગ, તથા અજમેર પીરની ટેકરી તથા ગોઝીયા એન્જીનીયરીગ પાછળનો વિસ્તાર.
	૬૫	૧ થી ૧૬૭	જડેશ્વર રોડ, સુખનાથ ટ્રેડર્સ પાછળનો ગઢવી પાડો, કોળી વાસ, આહીર બોર્ડીગ પાસનો વિસ્તાર.
	૬૬	૧ થી ૧૪૭	અશોક મીલ પાસેનો વિસ્તાર, અંબાજી માતાની ટેકરી, જડેશ્વર મહાદેવ મંદિર ટેકરી, તથા તે પાસેનો વિસ્તાર, રેલ્વે કોલોની પાછળનો વિસ્તાર.

હદનું વર્ણન

ખંભાલીયા નગરપાલિકા હદ વિસ્તારના વેસ્ટર્ન રેલ્વે લાઈન જામનગર તરફના ઈશાન ખુણાથી શરૂ કરી અગ્નિ ખુણા તરફ જતાં જામનગર રોડ ક્રોસ કરી સરકારી ગોડાઉનના પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં અજમેર પીરની ટેકરીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં વી.જે. હાઈસ્કુલના ઉતર ખુણા સુધી ત્યાંથી નૈઋત્ય ખુણા તરફ જતાં ચમાર તથા મેઘવાર જ્ઞાતિના સ્મશાનના અગ્નિ ખુણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં ચમાર – મેઘવાર જ્ઞાતિના સ્મશાનના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં ભાટીયા બાલમંદિર થઈ નગર ગેઈટ સુધી ત્યાંથી ઉતર તરફ જતાં ગઢની રાંગેરાંગ સલાયા રોડ તેલી નદીના પુલ સુધી. ત્યાંથી તેલી નદીના કાંઠે કાંઠે પશ્ચિમ તરફ જતાં પોરબંદર રોડ ક્રોસ કરી વેસ્ટર્ન રેલ્વે જામનગરના પશ્ચિમ છેડા સુધી ત્યાંથી ઈશાન ખુણા તરફ રેલ્વેલાઈન સમાંતર અશોક ઓઈલ મીલના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી રેલવે લાઈન ક્રોસ કરી વાયવ્ય તરફ જતાં અશોક ઓઈલ મીલના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી ઈશાન તરફ જતાં વેસ્ટર્ન રેલ્વે જામનગર તરફ ના પુર્વ છેડા સુધી.

INDEX

વોર્ડ નંઉ

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબર થી ઘરનંબર સુધી	
૩	૫૦	૧ થી ૪૭૯	રેફરલ હોસ્પિટલ તથા તેની પાછળનો વિસ્તાર, રેફરલ હોસ્પિટલપ જી.વી.જે. હાઈસ્કુલ વચ્ચેનો કુંભાર પાડો, સ્ટેશન રોડ, ગોઝીયા એન્જીનીયરીગ વાળી શેરી, ગોપાલ સોસાયટી, તથા અજમેરપીરની ટેકરીનો પાછળનો ભાગ.
	૫૧	૧ થી ૩૭૦	દેવાત વજસીના મકાન વાળી શેરી, એલ.આઈ.સી. ઓફીસ વાળી શેરી, નરશી ભુવન, જુની પોષ્ટ ઓફીસ, બેક કોલોની, સિલ્વર ચેમ્બર્સ.
	૫૮	૧ થી ૨૦૦	તિરૂપતિ સોસાયટી,ધોરીવાવ વિસ્તાર,આહીર સમાજની છાત્રાલય આસપાસનો વિસ્તાર,હરીભાઈ સિનેમાવાળાના મકાન આસપાસનો વિસ્તાર.
	૬૭	૧ થી ૧૦૬	સરકારી ગોડાઉન, ગાયત્રી પ્રાથમિક શાળા, મોચી જ્ઞાતિની બોડીગ, શકિત એપાર્ટમેન્ટ, તથા તેની પાછળનો વિસ્તાર તથા રેલ્વે કવાર્ટર્સ પાછળનો ભાગ.
	૬૮	૧ થી ૧૭૦	એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળનો વિસ્તાર, ખોજાનું કબ્રસ્તાન, પી.એમ. હોસ્ટેલ તથા તે પાછળનો વિસ્તાર.

હદનું વર્ણન

ખંભાલીયા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુની પોષ્ટઓફીસના ઈશાન ખુણાથી શરૂ કરી દક્ષિણ તરફ જતાં બેંક કોલોનીના ઈશાન ખુણા સુધી ત્યાંથી અગ્નિ ખુણા તરફ જતાં હરીભાઈ સિનેમા વાળાના મકાન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ધોરીવાવ બેઠા પુલ સુધી.ઘરમપુર ગ્રામ પંચાયતની હદે હદે ત્યાંથી અગ્નિ ખુણા તરફ નદીના કાંઠેકાંઠે દતાણી નગર તરફ જતા બેઠા પુલ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આવતાં .વી.જે હાઈસ્કુલના પ્લેગ્રાઉન્ડના અગ્નિ ખુણા સુધી. ત્યાંથી વાયવ્ય તરફ જતાં .વી.જે. હાઈસ્કુલના પ્લેગ્રાઉન્ડના ઈશાન ખુણા સુધી ત્યાંથી ઉતર તરફ જતાં દારૂ બંધી શાખાની કચેરી સુધી. ત્યાંથી વાયવ્ય દિશા તરફ જતાં .વી.જે. હાઈસ્કુલ પુર્વ ભાગ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સરકારી હોસ્પીટલના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ચમાર – મેઘવાર જ્ઞાતિના સ્મશાનના દક્ષિણ ખુણા સુધી. ત્યાંથી ઈશાન ખુણા તરફ જતાં .વી.જે. હાઈસ્કુલના પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઈશાન ખુણા તરફ જતાં .વી.જે. હાઈસ્કુલના ઉતર ખુણા સુધી. ત્યાંથી ઈશાન ખુણા તરફ જતાં અજમેરપીરની ટેકરીના પુર્વ ભાગ થઈ સરકારી ગોડાઉનના પશ્ચિમ ખુણા સુધી ત્યાંથી ઉતર તરફ જતા રેલ્વે કવાર્ટર્સના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી નગરપાલિકાની હદે હદે પુર્વ દિશા તરફ જતાં રેલ્વે સ્ટેશન પાસે આવેલ પોષ્ટ ઓફીસના ઈશાન ખુણા સુધી.

INDEX

વોર્ડ નં૪

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૪	૬	૧ થી ૧૮૯	નગરગેઈટ પાસે રમેશ લોન્ડ્રીવાળી શેરી,ભાગ્યોદય પુસ્તક ભંડાર વાળી શેરી, બાલવી માતાજી વાળી શેરી અને રાવલ ચોક
	૮	૧ થી ૨૫૪	સલાયાનું જુનુ નાકું, પુષ્કરણા બ્રહમપુરી,ભાટીયા મહાજન વાડી,ગુજરાત મીલ સુધી,લુહારશાળ,લુહાર જ્ઞાતિની વાડી,મચ્છુ માતા વાળી શેરી, લુહારશાળ કન્યા શાળા,ઠાકરડેરા સામેની શેરી, ફલોર મીલ,લુહારશાળ દીલીપ બોડા વાળી શેરી, રમણીકભાઈ છાપાવાળાનું મકાન,પાચ હાટડી ચોક, મોહનભાઈ સોની વાળો વિસ્તાર,ભીખુભાઈ ડીસવાળા તથા થાનાઈ ફળી.
	૯	૧ થી ૧૪૨	ઝવેરી બજાર,મોચીશાળ, રાજગર પાડો,રાજગર બ્રહમપુરી.
	૧૦	૧ થી ૧૪૯	શરણેશ્વર મંદીર,વારાહી ચોક,શુકલ પાડો,મોચીશાળ
	૧૨	૧ થી ૧૮૧	નગર ગેઈટ બરછાપાડો, મોરલી મંદીર, રાજગર બ્રહમપુરીનો વિસ્તાર
	૧૩	૧ થી ૨૪૧	લુહાર શાળ, કીસ્મત પાન ડીપો,બાલવી માતાનુ મંદીર,ખત્રીનો ડેલો,ઠાકર મંદીર,લાલા કાપડીયાની દુકાન,શીવા મારાજનો ડેલો,જ્ઞાનદીપ કલાસીસ વાળી શેરી,ઉપાશ્રય,ચાંદાણી મસ્જિદ તથા સતારભાઈ ભંગારવાળાનો વાડો,ગોહીલ ફર્નીચર.
	૧૪	૧ થી ૧૫૦	નગર ગેઈટ પાસે વણકરવાસ તથા મેઘવાર વાસનો વિસ્તાર.
	૧૫	૧ થી ૧૩૨	ચમારવાસ.

હદનું વર્ણન

નગરપાલિકા હદ વિસ્તારમાં ન્યુ સલાયા ગેઈટથી શરૂ કરતાં ગઢની રાંગેરાંગ દક્ષિણ તરફ જતાં નગર ગેઈટ સુધી. ત્યાંથી નૈઋત્ય ખુણા તરફ જતાં સતવારાના ચોરા સુધી (સતવારાવાડ રોડેરોડ).ત્યાંથી નૈઋત્ય તરફ જતાં રાવલ ચોક થઈ વારાહી ચોક સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રોડેરોડ શરણેશ્વર મંદિર થઈ પાંચહાટડી ચોક સુધી. (પાંચહાટડી ચોકના પૂર્વ ખુણા સુધી). ત્યાંથી ઈશાન ખુણા તરફ જતાં લુહાર શાળમાં આવેલ ફલોર મીલ સુધી. ત્યાંથી વાયવ્ય ખુણા તરફ જતાં હરીજન વાસના ઈશાન ખુણા સુધી ત્યાંથી વાયવ્ય ખુણા તરફ જતાં સલાયાના જુના નાકા સુધી.ત્યાંથી પુર્વ તરફ જતાં ગઢની રાંગેરાંગ તેલી નદીના કાંઠે કાંઠે ન્યુ સલાયા ગેઈટ સુધી.

INDEX

વોર્ડ નંબ

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૫	૨૧	૧ થી ૧૯૪	સલાયાનુ જુનું નાકું, મયુરસિંહ ચાવડા, શંકર નિવાસ, ગણેશ નિવાસ આસપાસનો વિસ્તાર, વંડી ફળી, બારોટ ફળી, ગુગળી જ્ઞાતિની વાડી, લક્ષ્મી મીલની સામેનો ભાગ, સલાયાનું નાકું.
	૨૨	૧ થી ૧૦૩	પાંચહાટડી ચોક, મંગલભુવન, ટેનામેન્ટના મકાનો, વૈય હર્ષવદન પંડયાનું દવાખાનું, ખેતીયાનો ડેલા આસપાસનો વિસ્તાર, પારેખ નિવાસ, વારાહી મંડપ સર્વિસ, વંડી ફળી તરફ.
	૨૩	૧ થી ૧૩૮	સલાયાનું જુનું નાકું, ગોવિંદ મિસ્ત્રીની દુકાનનો પાછળનો ભાગ, જુની હવેલી, નવી હવેલી, કંસારા શેરી, સી.કે. ભટ્ટ વાળી શેરી, ચાંદાણી ચકલાની સામેની શેરી, મગનભાઈ ઝુલણીયા (મંગલ ભુવન) પાછળની શેરી.
	૨૪	૧ થી ૧૬૬	જુની હવેલી શેરી, શિવમ પ્રિન્ટીગ પ્રેસ, રાધાકૃષ્ણ નિવાસ, ચાંદાણી પાર્ક, ભવાનભાઈ સોની વાળી શેરી, ચાંદાણી ચકલો, લુહારશાળ તરફ સોની નરોતમ જેઠાભાઈ વાળી શેરી, ફલોર મીલ,જુનો હરીજન વાસ, કમાલભાઈ તથા પોબારૂ સાહેબના મકાન આસપાસનો વિસ્તાર.
	૨૬	૧ થી ૧૫૦	ખાંડણીયા શેરી, વિજય ચોક, રામ મંદિર, બહુચરાજીનું મંદીર, પઠાણ પાડો, વજીર ફળી, તથા વંડી ફળી.
	૩૨	૧ થી ૧૦૬	ડેરા ફળી, ડો. ધીરૂબેનનું દવાખાનું, તન્નાનો ડેલો, વકીલ શ્રી ચગ સાહેબ ડેલો, તથા કીશોર મેડીકલ વાળાનું મકાન.
	૩૩	૧ થી ૧૬૨	શીતલ ડેરી પાસે સુખલાલ ભટ્ટનું મકાન, ગુગળી ચકલો, વંડી ફળી, ઓઝા ફળી, જેઠા લાલાનો ડેલો, વંડી ફળીના છેડા સુધીનો વિસ્તાર.
	૩૬	૧ થી ૩૦૩	માંડવી ટીબો, ઝવેરી બજાર, મહાકાલી હોટલની સામેની શેરી, પાંચહાટડી, નારણભાઈ ખત્રી વાળી શેરી, દલાલ ફળી, ધ્રુવ ફળી, ચોકસી મેડીકલ, સવજીભાઈ બથીયાની દુકાન, ગુગળી ચકલો, પટલાણીવાળી શેરી, પાંચહાટડી ચોક.

હદનું વર્ણન

ખંભાલીયા નગરપાલિકા હદના જુના સલાયા ગેઈટથી શરૂ કરતાં અગ્નિ ખુણા તરફ જતાં નવી હવેલીના ઈશાન ખુણા સુધી. ત્યાંથી પુર્વ તરફ જતાં જુના હરીજનવાસના ઈશાન ખુણા સુધી, ત્યાંથી અગ્નિ ખુણા તરફ જતાં લુહારશાળના અગ્નિ ખુણા સુધી (ઘંટી સુધી), ત્યાંથી પશ્ચિમ તરફ જતાં પાંચહાટડી ચોક સુધી ત્યાંથી અગ્નિ ખુણા તરફ જતાં ઝવેરી બજાર, શરણેશ્વર મંદિરના પશ્ચિમ ખુણા સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જતાં માંડવી ટીબાના અગ્નિ ખુણા સુધી(વીરજી વેલ) દતાણીની દુકાન સુધી), ત્યાંથી વાયવ્ય દિશા તરફ જતાં ગુગળી ચકલા, રંગ મહોલ સ્કુલ સુધી ત્યાંથી નૈઋત્ય તરફ જતાં વિજય ચોક, ખાંડણીયા શેરીના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી ઈશાન ખુણા તરફ જતાં ભરવાડ પાડાના રોડેરોડ જુના સલાયા ગેઈટના અગ્નિ ખુણા સુધી.

વોર્ડ નં૬

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૬	૨૭	૧ થી ૧૨૫	ફુલવાડી, નાગરપાડો, સંધી પાડો, ખડકીનું જુનું નાકું, જમાદાર વાળો ડેલો, મચ્છી પીઠ, ભઠી ચોક.
	૨૮	૧ થી ૧૧૧	ફુલવાડી, ભાવદીપીર આસપાસ, પોરના જુના નાકા સામે અંબરીશભાઈ પંડયા, અનંતભાઈ વકીલ વારી શેરી, મતવા વાડ.
	૨૯	૧ થી ૧૪૮	નાગરપાડો, મોટલાબેન વાળી શેરી, મામલતદાર ઓફીસ પાછળની શેરી, કડીયાવાડ, શશીકાંત પાંધીના ઘર સુધી.
	૩૦	૧ થી ૧૪૩	વોરાની મસ્જીદ, મીરા અલી શેખ વાળી, દવે ભાઈઓનો ડેલો, મતવા મસ્જીદ વાળી શેરી, કડીયવાડ, ઘ્રેવાડ ફળી, ભઠી ચોક, સંધી પાડો, શેખ ફળી.
	૩૪	૧ થી ૧૧૧	ગુગળી ચકલા, જશોદા માતાવાળી શેરી, રંગ મહોલ સ્કુલ, ફાફડેશ્વર મહાદેવ મંદિર વાળી શેરી, ખત્રીવાડ, કલ્યાણરાય ના મંદિર.
	૩૫	૧ થી ૧૭૨	કલ્યાણરાય ના મંદિર, વસનજીભાઈ ઘોડા વાળાની શેરી, બંગડી બજાર, સત્યનારાયણ મંદિરવાળી શેરી, રણછોડભાઈ પણીયાવાળી શેરી, માંડવી ટીબો, સુરજ મંદિર વાળી શેરી, ખોડીયાર મંદિરવાળી શેરી.
	૩૭	૧ થી ૩૦૩	ડોસાપીર, ભાતેલવાળા સોની, દયાશંકર હરીશંકર શાતાનું મકાન, ભેરવા કોઠા વાળી શેરી, ભેરવા કોઠો, કુન્દનબેનવાળી શેરી, સરસ્વતી મંદિર, મેઈન બજાર, ભીમાભાઈ કંદોઈ વાળી શેરી, કાનાણી ભાઈ વકીલ વાળી શેરી, યાદવ ફાર્મસી, હાટકેશ્વર મંદિર.
	૩૮	૧ થી ૧૫૩	પોરનું જુનું નાકું, મહાદેવ વાડો, કબ્રસ્તાન, રામનાથ સોસાયટી, સવજીભાઈ બથીયાના મકાનનો પાછળનો વિસ્તાર, શીવમ (ગોરીયા) કોલેજ, રામનાથ બ્રીજ, રામનાથ મંદિર, રામનાથ સોસાયટી, શેઠ હરજીવનદાસ નરોતમ પાંજરાપોળ, ધર્મભાગ વિસ્તાર, તથા એસ.એન.ડી.ટી. હાઈસ્કુલ, અરશી મુળુ વાળી શેરી.
	૬૩	૧ થી ૧૪૬	પોલીસ સ્ટેશન, કુભાર પાડો, રાવલીયા પાડો, લકકડકુટા પાડો, લોહાણા વિદ્યાર્થી ભુવન.

હદનું વર્ણન

ખંભાલીયા નગરપાલિકા હદ વિસ્તારના પી.ડબલ્યુ.ડી.ની ઓફીસ સામે આવેલ મોમાઈ પાન સેન્ટરથી શરૂ કરતાં દક્ષિણ તરફ જતાં રેવન્યુ સર્વે નાં. ૧૫૮૪ પૈકીના અગ્નિ ખુણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રામનાથ સોસાયટીના ઈશાન ખુણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં રામનાથ સોસાયટીના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રામનાથ સોસાયટીના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જતાં રામનાથ બ્રીજના પૂર્વ છેડા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં ઘી નદિની પાળેપાળે રામનાથ મંદિરના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રામનાથ મંદિરના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં રામનાથ મંદિરના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ જતાં રામનાથ મંદિરના ઈશાન સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં રામનાથ બ્રીજના પશ્ચિમ છેડા સુધી, ત્યાંથી ઈશાન તરફ જતાં ઘી નદીના કાંઠે આવેલ ગોરીયા કોલેજના નૈઋત્ય ખુણા સધી, ત્યાંથી ઉતર તરફ જતાં નદીની પાળેપાળે ફુલવાડીના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં નદીની પાળેપાળ ઘી નદીના પાંજ સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં ખડકીના નાકા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં મચ્છી પીઠના વાયવ્ય ખુણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં મચ્છી પીઠ રોડ, કડીયાવાડ રોડેરોડ વ્હોરાવાડના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી વાયવ્ય તરફ જતાં ખત્રીવાડ રોડેરોડ થઈ વિજય ચોક સુધી, ત્યાંથી ઈશાન ખુણા તરફ જતાં રંગ મહોલ સુધી, ત્યાંથી અગ્નિ ખુણા તરફ જતાં સત્ય નારાયણ શેરીના ખુણા સુધી.ત્યાંથી નૈઋત્ય તરફ જતાં કલ્યાણરાયજીનાં મંદીરનાં પુર્વ છેડા સુધી ત્યાંથી અગ્નિ તરફ જતાં ભૈરવા કોઠાના રોડે રોડ ડોસા પીર સુધી.ત્યાંથી દક્ષીણ તરફ જતાં જુના પોર ગેઈટ સુધી ત્યાંથી પુર્વ તરફ જતાં તાલુકા પંચાયત ઓફીસ રોડે રોડ પીડબલ્યુડીની ઓફીસ સામે મોમાઈ પાન સેન્ટર સુધી.

INDEX

વોર્ડ નં૭

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૭	૧	૧ થી ૫૧૪	માંડવી ટીબો, સત્યનારાયણ વાળી શેરી, ડોડીયા નિવાસ, સત્યનારાયણ મંદિર, બોમ્બે કંગન સ્ટોર્સ, હેમરાજ લક્ષ્મીદાસ મજીઠીયાની દુકાન પાછળનો ભાગ, લાલજી મંદિર, મેઈન બજાર, દુધ ચકલો, ઝવેરી બજાર,માંડવી ચોક, છોટુભાઈ ઈલે. વાળાની સામે ભટ્ટની દુકાન, શાક માર્કેટ, સુપર માર્કેટ, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા, મોહસીન અલી ડોસાજીની સામેની શેરી, રસીક પાન ડીપો, પીજારા મસ્જીદ, હજામ પાડો, ટ્રેઝરી કચેરી, ગુંદી ચોક, બારાઈ શેરી, સારસ્વત બ્રહ્મપુરી.
	૨	૧ થી ૩૨૦	નગર ગેઈટ,. રામમંદિર વાળી શેરી, સતવારા જ્ઞાતિની વાડી વાળી શેરી, ભાગ્યોદય પુસ્તક ભંડાર સામેની શેરી, પ્રકાશ સ્ટુડીયો વાળી શેરી, સતવારાના ચોરા પાસેની શેરી, છગન વ્યાસ વાળી શેરી, એન.વી. ટેઈલર સામેની શેરી, હીન્દ કલોથ સ્ટોર્સ, આદર્શ મંડળીની બાજુની શેરી, જુની પોષ્ટ ઓફીસ પાછળની (ડો. વારોતરીયા સાહેબની પાછળ) શેરી, હરભોલે સાઈકલ સ્ટોર્સ.
	૩	૧ થી ૩૦૩	જોધપુર નાકે, ના.પા. બાલમંદિર પાછળની શેરી, રાવડા પાડો, કેશુવજીભાઈ વાઢેર શેરી, મોહનભાઈ પાન વાળાની સામેની લાઈન ડો. પંડયાના દવાખાના વાળી શેરી, બાલમંદિર પાછળ, મોહનભાઈ પાનવાળાની દુકાન, નાનજી ધારશીની દુકાન, ડાયાભાઈ કાચવાળાની દુકાન, એન.વી. ટેઈલરવાળાની દુકાનની બાજુની શેરી, ડો. ઠવેની શેરી, કણઝાર માતાનું મંદિર.
	૪	૧ થી ૧૫૭	કાનાણીભાઈનું મકાન,જેશાભાઈ ગોરીયાનો ઘીનો તાવડો,જમાલભાઈ પીજારાની દુકાન,હજામ પાડો,રહીમાબેન વાળી શેરી,ગુંદી ચોક, નારણવાડી સામે જમનભાઈ ઘેડીયાવાળી શેરી, કીશોરભાઈ દતાણીના મકાનવાળી શેરી, મોહન પાનવાળાનીદુકાન સામે તેજલ કોમ્પ્લેક્ષથી (રાધિકા જવેલર્સ) મપારા મીલ સામેની તાલુકા શાળા, બરશાના કલોથ સટોર્સ સામેનો ભાગ.
	૫	૧ થી ૧૬૩	જુની લોહાણા મહાજન વાડી, ગાડીત પાડો, વિશાલ ડેરી, ડો. રાયઠઠાનું મકાન, ઘાણીવારાની દુકાન, માલાભાઈ મેમણનું મકાન, રામદાસ વિઠલદાસ વાળી શેરી.
	૭	૧ થી ૧૩૨	જુના લોહાણા મહાજનવાડી, પાબારી શેરી, નારણવાડી, પોરનું નવું નાકુ, પોરના નવાનાકા સામે, કીશાન ડીપો, રમણીકભાઈ દાવડાનું મકાન, કાશીબાઈની ધંટી,પ્રગટેશ્વર મહાદેવનું મંદિર,લાલભાઈ વકીલનું મકાન, ગઢવીનો ડેલો, હીરાભાઈ સાતાનું મકાન બાજુની શેરી, ગુંદી ચોક, નારણવાડી સામેની લાઈન, ઈશાભાઈ ધંટીવાળા, પોરના નવા નાકા સામે, રમેશભાઈ રેડીયા વાળા મકાન સુધી.

INDEX

	૧૧	૧ થી ૩૮૦	હર્ષદ મંદિર, બજરીયાની દુકાન, દેવજીભાઈ ગોળ વાળાની દુકાન, નાથાભાઈ બુક સેલરની દુકાન, પાછળની શેરી, હાર્દિક માર્કેટ, પ્રભુકૃપા વાસણ ભંડાર, દરબાર ગઢ, ઘાંચીનો તકીયો, રાજેશ બુક સ્ટોર, જમાલભાઈ પીજારાની દુકાન, હર્ષદ મંદિર, હરીલાલ રામજીની દુકાનપ,હર્શદ મંદિર વાળી શેરી, કાનાણી મેડીકલ દુકાન, ઘાંચીના તકીયાની સામેની શેરી, મોહસીન અલી દારૂવાલાની દુકાન, જેશાભાઈ ઘી વાળાની દુકાન, ઘાંચી શેરી, ગગવાણી શેરી, મહાદેવ ફલોર મીલ સામેની લાઈન, રામદાસ વિઠલદાસનું મકાન, રૂડીલાખીનું મંદિર, વૈદ ફળી, જલીયાણ કોમ્પ્લેકસ, શરણેશ્વર મંદિરની સામેની લાઈન, મોમાઈ કોમ્પ્લેકસ, ગગુ દતાણીની દુકાન,હરીલાલ રામજીની દુકાન.
	૧૬	૧ થી ૧૭૬	પ્રભુકૃપા વાસણ ભંડાર સામે રેડીમેઈડ સ્ટોર્સની દુકાન, નરૂભાઈ બજરીયાની દુકાન, ચીમનભાઈ કંસારાની દુકાનની બાજુની શેરી, અમરશી રામજીની દુકાન, ભુટાભાઈ કંદોઈનું મકાન, ઘાંચી શેરી, કણઝાર માતાનું મંદિર, રાવલ ચોક, વારાહી ચોક, ગગવાણી શેરી, આચાર્ય ભાઈ વાળી શેરી,મહાદેવ ફલોર મીલ, કાકુભાઈ ગંધાવાળી (ડીલાઈટ વાળા)ની શેરી, લીના પ્રેસ વાળી શેરી, હિન્દ કલોથ સ્ટોર્સની જુની દુકાન, સુરેશ દતાણીનું મકાન, ડો. મનુભાઈ પુંજાણી (દાંતનું દવાખાનું) માધા કંદોઈની દુકાન, વાંઝા કાપડીયાની દુકાન તથા બાજુની શેરી, મોહન પાનવાળાની દુકાન, હિન્દ કલોથ સ્ટોસની જુની દુકાન.
		ઘર નંબર થી ઘરનંબર સુધી	
	૩૯	૧ થી ૯૩	પોલીસ સ્ટેશન સામે લોહાણા કન્યા છાત્રાલય, કીર્તિકુમાર મુળજી પાબારીની તાવડાની દુકાન, મયારા મંડપ વાળી શેરી, જુની ખડપીઠ, જોધપુર ગેઈટ ચોક, રાજા રેસ્ટોરન્ટ, જે.પી. પોપટ વાળી શેરી, ડો. નૈનુજીના દવાખાનાની બાજુની શેરી, હરીલાલ રામજીનું મકાન, ઈશાભાઈ સુમારભાઈ પાનવાળાની દુકાન.
	૪૭	૧ થી ૧૮૪	નવાપરા શેરી નં. ૪થી જયસુખ તુલસીદાસની દુકાન સુધી (પીડારાવાળા), નવાપરા શેરી નં. ૧૪,૧૫,૧૬,૧૭.

હદનું વર્ણન

ખંભાલીયા નગરપાલીકા હદ વિસ્તારમાં નગરગેઈટની પશ્ચિમ છેડાથી શરૂ કરી દક્ષિણ તરફ જતાં નવાપરા શેરી નાં. ૪ના પશ્ચિમ છેડા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં નવાપરા શેરી નં.૧૪ નાં અગ્નિ ખુણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં નવાપરા શેરી નં. ૧૭ના ઈશાન ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં જયસુખ તુલસીદાસ પીડારાવાળાની ખોડ કપાસીયાની દુકાન સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં જોધપુર ગેઈના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં સરકારી રેસ્ટ હાઉસ સામેના મકાનના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં લુહાણા કન્યા છાત્રાલયના વાયવ્ય ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ગઢની રાંગેરાંગ જુના પોરગેઈટ સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં ભૈરવા કોઠા રોડેરોડ દુધ ચકલા, થઈ સત્યનારાયણ મંદિર શેરીના દક્ષિણ છેડા સુધી, ત્યાંથી ઈશાન તરફ જતાં માંડવી ટીબાના અગ્નિ ખુણા (વીરજી વેલ) દતાણીની દુકાન) સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં ઝવેરી બજાર રોડેરોડ શરણેશ્વર મંદીરના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં વારાહી ચોક, રાવલ ચોક, રોડેરોડ સતવારાના ચોરા થઈ સતવારાવાડ રોડેરોડ થઈ નગર ગેઈટ સુધી.

વોર્ડ નં૮

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.		
	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબર થી ઘરનંબર સુધી	
૮	૪૩	૧ થી ૨૧૦	મહાપ્રભુજી ની બેઠક, શારદા હાઈસ્કુલ, સતવારા વિદ્યાર્થી ભુવન, રજપુત જ્ઞાતિની વાડી, તથા પાછળનો વિસ્તાર, લક્ષ્મી નારાયણ મંદિર.
	૪૪	૧ થી ૧૫૭	શારદા ટોકીઝ સામેની દુકાનો, સલાટ, ગોદડીયાવાસ, જી.વી.જે હાઈસ્કુલ પ્લે ગ્રાઉન્ડ, જોશી ગેસ્ટ હાઉસ, શારદા ટોકીઝ અને પાછળનો વિસ્તાર.
	૪૫	૧ થી ૧૮૦	શારદા ટોકીઝ પાસે તિરૂપતિ મંડપ સવિસની બાજુની શેરી નં.૧ થી નવા પરા શેરી નં. ૧૦ (શારદા ટોકીઝ રોડ તથા ચુનારાવાસ રોડ વચ્ચેનો નવાપરા વિસ્તાર).
	૪૮	૧ થી ૧૫૧	બેઠક રોડ, ખીજડાવાળી ધર્મશાળા, કાનજી ચર્તુની ધર્મશાળા, ન.પા. ગર્લ્સ હાઈસ્કુલ વાળુ બિલ્ડીગ, કાનજી ચર્તુની ધર્મશાળા પાછળની શેરી, ધીરૂભાઈ ગોર વાળી શેરી, પંચમતીયાના કુળદેવીનું દેવસ્થાન, તથા નવાપરા શેરી નં. ૧૬, ૧૭.
	૫૨	૧ થી ૫૧૦	ન.પા.નો બગીચો, મનુ ટ્રાવેલ્સ, અશોક મેડીકલની બાજુની શેરી, જુની પાલીસ ચોકી, નગર ગેઈટ નવી પોલીસ ચોકી તથા આસપાસનો વિસ્તાર. શશીકાંત નાસ્તા ભુવન, ધનાણી કેમીસ્ટ, બેન્ક ઓફ બરોડા, કન્યાશાળા,ન.પા. બગીચા પાસે પી. એમ. હોસ્ટેલ સામે ડો. સાંખલા સાહેબના પ્લોટ, જેન્તીભાઈ વ્યાસ, જેન્તીભાઈ વ્યાસની બાજુની બહુમાળી મકાન, ડો. પ્રફુલભાઈ બરછાનું મકાન, આશાપુરા હોટેલ, રાજગર બોર્ડીંગ, તથા તેની બાજુની શેરી, હરીજન વાસ, શાંતિ નિકેતન, ગુર્જર સુતારની વાડી, આકાશગંગા, હસુભાઈ મીસ્ત્રીનું ગેરેજ, બાજુની શેરી, તથા તેની આસપાસનો વિસ્તાર, પાળેશ્વર કોલોની, પાળેશ્વર મંદિર, પરેશ ટ્રેડીગ કું., ઘરમ લેબોરેટરી વાળી ચેમ્બસ, પાળેશ્વર મંદિર, યુનાઈટેડ રેડીયબ સર્વિસ, શ્રીનાથ સર્વિસ સુધી, જુની પોલીસ ચોકી સામે નટરાજ તાંબુલ ગૃહ, જયોતિ મશીનરી, જયેન્દ્રભાઈ ટેકસી વાળાની દુકાન, ઘરમશી વિશ્રામ વાળુ મકાન, ન.પા. ની જુની ઓફીસ, અશોક ઓઈલ મીલની ઓફીસ, રાજકમલ ટી હાઉસ તથા આજુબાજુની શેરી તથા ચંદારાણા વોચ કું. સુધી.
	૫૯	૧ થી ૧૭૪	મહાપ્રભુજીની બેઠક સામે ખંભાલીયા મીલ કમ્પાઉન્ડ, તથા તેની પાછળનો પાંજરાપોળ વિસ્તાર, તથા મીઠુ શેઠની વાવ આસપાસનો વિસ્તાર.
	૬૦	૧ થી ૧૧૮	બેઠક રોડ, હીરા કુંજ, જે.વી. ધ્રુવનું તથા જેન્તીભાઈ નકુમના મકાન, કોમેટ એન્જી. નું કારખાનુ, રતન તળાવ, મેઘવાર વાસ, ચુનારાવાસ, તથા આશાપુરા ચોક.

હદનું વર્ણન

નગરપાલિકા હદ વિસ્તારમાં મહાપ્રભુ ની બેઠકના ઈશાન હદેહદે નૈઋત્ય ખુણા તરફ જતાં ગોવિંદ તળાવના ઈશાન ખુણા સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જતાં રતન તળાવના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં નવાપરા શેરી નં. ૭ ના પુર્વ છેડા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં નવાપરા શેરી નાં. ૧૦ના ઈશાન ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં નવાપરા શેરીના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં શારદા સિનેમા રોડેરોડ નવાપરા શેરી નાં. ૧૭ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા નવાપરા શેરી નાં. ૧૭ના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં નગર ગેઈટ થઈ રેફરલ હોસ્પીટલના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી પુર્વ તફર જતાં રેફરલ હોસ્પીટલના અગ્નિ ખુણા સુધી ત્યાંથી ઈશાન તરફ જતાં સ્ટેશન રોડેરોડ .વી.જે. હાઈસ્કુલના પુર્વ છેડા સુધી, ત્યાંથી અગ્નિ ખુણા તરફ જતાં પોલીસ ડીપાર્ટમેન્ટની દારૂ બંધી શાખાની કચેરીના ઈશાન ખુણા સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જતાં વી.જે. હાઈસ્કુલ પ્લેગ્રાઉન્ડના વાયવ્ય ખુણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં .વી.જે. હાઈસ્કુલ પ્લેગ્રાઉન્ડના ઈશાન ખુણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં દતાણીનગર પાસે આવેલ બેઠા પુલ સુધી, ત્યાંથી અગ્નિ ખુણા તરફ જતાં મહાપ્રભુ ની બેઠકના પશ્ચિમ ખુણા સુધી, ત્યાંથી ઈશાન તરફ જતાં મહાપ્રભુ ની બેઠકના ઈશાન ખુણા સુધી.

INDEX

વોર્ડ નં૯

ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરોનું હદનું વર્ણન.			
સૂચિત નવીન વોર્ડ નંબર	સેસન્સનાં બ્લોક નંબર.	સેસન્સના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૯	૪૦	૧ થી ૯૦	તાલુકા પંચાયત કચેરી, તથા કવાર્ટર્સ, પશુ દવાખાનુ, જુની પોલીસ લાઈન.
	૪૧	૧ થી ૬૯	રેસ્ટ હાઉસ સામે કમલ સિમેન્ટ ડીપો, ડો. ઉપેન્દ્રભાઈ રાડીયાનું મકાન, સર્વોદય જુથ સેવા સહકારી મંડળી તથા તેની બાજુની શેરીઓનો વિસ્તાર.
	૪૨	૧ થી ૫૨૧	ઘનશ્યામ રીડાણીનું મકાન, તથા બાજુની શેરીઓ, છગન ભેટીયાવાળી દુકાન, પાબારી મેડીકલ સ્ટોર, ડો. કેશુભાઈનો ડેલો, પરીશ્રમ વાળી શેરી, ધનીબેનનો ડેલો, કરશનભાઈ સોનગરાનું મકાન,શકિત ઈન્ડસ્ટ્રીઝ, રઘુવીર મીલ પાછળ તથા આસપાસનો દેવીપૂજક વાસ વિસ્તાર, બજાણા રોડ, ગંગાસાગર વાડી, બાજુની શેરીઓ, જકાતનાકુ, જમનાદાસ જેસંગનો પાછળનો વિસ્તાર, વાંઝા જ્ઞાતિની વાડી, ખોડયાર ચોક, છગન ભેટીયાનું મકાન, વણકર વાસ.
	૪૬	૧ થી ૯૯	જોધપુરના નાકા પાસે રોકડીયા હનુમાનના મંદિર, રઘુવીર ઓઈલ મીલ પાછળનો વિસ્તાર.
	૬૧	૧ થી ૧૫૫	ગોવિંદ તળાવ તથા આસપાસનો વિસ્તાર.
	૬૨	૧ થી ૧૦૯	પી.ડબલ્યુ. ડી. કચેરી, ન્યાય મંદિર, (કોર્ટ બિલ્ડીગ) રાવલીયા પાડો, ફોરેસ્ટ કવાર્ટર્સ, ટેલિફોન એકસચેન્જ તથા આસપાસ વિસ્તાર.
	૬૯	૧ થી ૧૧૭	ટેલિફોન એકસચેન્જ સામેનો વિસ્તાર, તા.શા. નાં. ૪ તથા આસપાસનો વિસ્તાર, જલારામ મંદિર તથા પાછળનો વિસ્તાર, દાતણીયા સ્મશાન, તથા ગાયત્રીનગર સાની ડેમ ઓફીસ સુધી ચારણ વાસ,મેઘવારવાસ, આશાપુરા મંદિર તથા આસપાસનો વિસ્તાર.

હદનું વર્ણન

ખંભાલીયા નગરપાલિકા હદ વિસ્તારમાં ગોવિંદ તળાવના ઉતર તરફના ખુણેથી શરૂ કરી તળાવની પાળેપાળે તળાવના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી તળાવની પાળેપાળ નૈઋત્ય ખુણા તરફ આવેલ વણકરવાસ (ખોડીયાર ચોક)ના પુર્વ છેડા સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જતાં રેવન્યુ સર્વે નાં. ૧૫૯૪ ચૈકીના ઈશાન ખુણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ હદેહદે જતાં રેવન્યુ સર્વે નાં. ૧૫૯૪ ચૈકી સ્મશાનના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રેવન્યુ સર્વે નાં. ૧૫૯૪ ના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં પી.ડબલ્યુ.ડી. ની ઓફીસ ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ જતાં સરકારી રેસ્ટહાઉસના ઈશાન ખુણા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં જોધપુર ગેઈટ, પોસ્ટ ઓફીસ રોડ પાસે નવાપરા શેરી નં. ૧૭ના નૈઋત્ય ખુણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં નવા પરા શેરી નં.૧૭ના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી દક્ષિણ ખુણા તરફ જતાં સિનેમા રોડ પાસે નવાપરા શેરી નં. ૧૦ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી પુર્વ તરફ જતાં નવાપરા શેરી નં. ૧૦ના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી ઉતર તરફ જતાં નવાપરા શેરી નં. ૭ના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતાં રતન તળાવના અગ્નિ ખુણા સુધી, ત્યાંથી ઈશાન તરફ જતાં ગોવિંદ તળાવના ઉતર ખુણા સુધી.

વી. એચ. શાહ
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

ખંભાલીયા નગરપાલિકાની કુલ વસ્તી	૩૬૪૭૯	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૪૦૫૩	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૪૪૫૮ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૩૬૪૮
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	૧– બેઠક અનુસૂચિત જાતિ –– બેઠક અનુસૂચિત આદિજાતિ ૧– બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	––	તે પૈકી–– સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૨	
સામાન્ય બેઠકો.	૧૫	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૭૮૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૪૩૪૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૯૨૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૯૫૭	સામાન્ય	અનુસૂચિતજાતિ	સામાન્ય
૫	૫	૪૦૨૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૩૫૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૧૦૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૦૨૮	અનુસૂચિતજાતિ	સામાન્ય	સામાન્ય
૯	૯	૩૯૬૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
કુલ.		૩૬૪૭૯			

પી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 24 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, FEBRUARY 2, 2005/MAGHA 13, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૦૧–૦૨–૨૦૦૫

ક્રમાંક:રાચપ–ચટણ–સમક–નપા–માંડવી–૨૦૦૫

માંડવી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટાકલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૧૬૨–૨૦૦૪– એનપીબી–૧૩૨૦૦૪/૩૪૧૧/ (૧૪) આર, તા.૧૯–૧૧–૨૦૦૪થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, માંડવી શહેરના નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે માંડવી નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ બેઠકો ૨૭ નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધાજ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરુરી છે તો તે સંજોગોમાં રાજય ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૪૨૩૫૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૭૦૬ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોડીનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પૈકી વોર્ડ નં.૯ સિવાય / કોઈપણ વોર્ડમાં સરેરાશ વસ્તીથી ૧૦ % થી વધતી નથી તથા કોઈપણ વોર્ડમાં ૧૦ % થી વસ્તી ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી,

INDEX

રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડનો ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)-ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૧	૫૧૫૫	૨૦૯૭	૪૦.૬૮
૨	૨	૫૧૨૯	૭૮૪	૧૫.૨૯
૩	૭	૪૫૧૫	૪૬૫	૧૦.૩૦
૪	૫	૪૩૧૧	૧૬૧	૩.૭૩
૫	૩	૪૬૧૯	૧૦૫	૨.૨૭
૬	૯	૫૩૫૦	૫૩	૦.૯૯
૭	૮	૪૩૧૦	૧૮	૦.૪૨
૮	૪	૪૩૬૭	૮	૦.૧૮
૯	૬	૪૫૯૯	૦	૦.૦
કુલ		૪૨૩૫૫	૩૬૯૧	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧ તથા ૨ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા બીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૧માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૨ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧ તથા ૨ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે તે પૈકી આ વર્ગની સ્ત્રી માટે બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૧	અનુસૂચિત જાતિ
૨	અનુસૂચિત જાતિ સ્ત્રી.

INDEX

૧૬. જાહેરનામા અન્વયે શહેર માટે અનુસૂચિત આદિજાતિ અનામત માટે ૨ બેઠક નિર્ધારીત થયેલ છે.પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી.	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૨	૫૧૨૯	૧૭૭૨	૩૪.૫૫
૨	૧	૫૧૫૫	૫૦૬	૯.૮૨
૩	૩	૪૬૧૯	૨૨૫	૪.૮૭
૪	૭	૪૫૧૫	૧૭૮	૩.૯૪
૫	૯	૫૩૫૦	૯૧	૧.૭૦
૬	૮	૪૩૧૦	૩૩	૦.૭૭
૭	૫	૪૩૧૧	૯	૦.૨૧
૮	૪	૪૩૬૭	૦	૦.૦
૯	૬	૪૫૯૯	૦	૦.૦
કુલ		૪૨૩૫૫	૨૮૧૪	

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં.૨ તથા ૧ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬:અ હેઠળ અનામત બેઠક તરીક વોર્ડ નં. ૨ તથા ૧ માં ફાળવવાની થાય છે. તે પૈકી વોર્ડ નં. ૧ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી બેઠક ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૨ તથા ૧ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૨	અનુસૂચિત આદિજાતિ
૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. ત્રણ બેઠકો પૈકી એક બેઠક સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. આમ, સ્ત્રીનું પ્રમાણ ૧:૩ રહે છે. તેથી તાર્કીક રીતે વિચારતા દર ત્રણ બેઠકો પૈકી ત્રીજી બેઠક સ્ત્રી માટે ફાળવવી તેમ પંચ સ્વીકારે છે.

INDEX

માંડવી નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૯	૫૩૫૦	૩૮૦૦	૭૧.૦૩
૮	૪૩૧૦	૨૫૦૦	૫૮.૦૦
૩	૪૬૧૯	૧૨૫૦	૨૭.૦૬
૧	૫૧૫૫	૧૩૫૦	૨૬.૧૯
૫	૪૩૧૧	૯૪૦	૨૧.૮૦
૬	૪૫૯૯	૪૪૦	૯.૫૭

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં.૯, ૮, અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં.૯ અને ૮ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૩ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	પછાતવર્ગ
૮	પછાતવર્ગ
૩	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને માંડવી નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશની તારીખે પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન,બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદ્દત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચે માંડવી નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧
માંડવી નગરપાલિકા કચ્છ જિલ્લો

વોર્ડ નં. ૧

સૂચીત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લતાવાર, વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નં.	સેસન્સનાં બ્લોકનાં ઘર નંબર ની વીગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકનાં વિસ્તારની વીગત
૧	૨	૩	૪
૧	૧૦૦	૧૫૧ થી ૨૭૦	સ્મશાન શેરી, નાગનાથ શેરી
	૧૦૧	૨૭૧ થી ૪૭૫	વિવેકાનંદ નગર, દારૂખાના
	૭૬	૧ થી ૧૧૨	હ રા રોડ, તુરીયા વાસ
	૭૭	૧ થી ૧૬૩	કલવાણ રોડ, સુખનાથ પાસે
	૭૮	૧ થી ૧૬૮	હોસ્પીટલ સામેનો વિસ્તાર
	૭૯	૧ થી ૧૧૮	મારવાડી વાસ
	૮૦	૧ થી ૨૯	પારાધિ વાસ
	૮૧	૧ થી ૧૬૦	કોલી વાસ, સુમરા વાસ

હદનું વર્ણન:–

માંડવી નગરપાલિકાની હદના રૂકમાવતી નદીને અડીને આવેલ સર્વે નંબર ૩૨૭ ના ઈશાન ખુણાથી શરૂ કરી દક્ષીણ તરફ જતાં સર્વે નં. ૩૨૭, ૩૩૨, ૩૩૩/૨, ૩૩૯/૧, ૩૪૦, ૩૪૦/૨, ૩૪૩, ૩૪૪, ૩૬૪, ૩૬૫, ૩૬૭, તથા ૩૬૭/૧, ૩૬૭/૩, ૩૬૯ની પુર્વની હદે હદે થી લાયજા બાયપાસ રોડ સુધિ ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધી લાયજા રોડની ઉતરે હદે હદે વિવેકાનંદ નગરની દક્ષીણ હદે થઈ પશ્ચિમ તરફ ટાંકા નં.૧ ની દક્ષીણ હદે થઈ ટાગોર રંગભવનની ઉતર હદે થઈ લાયજા રોડની ઉતરે હદે હદે સર્વે નં. ૩૩૪ હરીનગર તથા સર્વે નં. ૨૨૫ની દક્ષીણ હદે થઈ ગઢશીશા રોડ સુધિ ત્યાંથી ઉતર તરફ ગઢશીશા રોડની પુર્વે સર્વે નં. ૨૨૫, ૨૪૦, ૨૭૪, ૨૭૫, ૨૭૬ તથા ૨૮૯ની પશ્ચિમ હદ સુધિ ત્યાંથી ઈશાન દિશા તરફ આગળ વધિને સર્વે નં. ૨૮૮/૧, ૩૨૮, તથા ૩૨૭ ની દક્ષીણ તરફનો વિસ્તાર એ રીતે હદની અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૨

સૂચીત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લતાવાર, વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નં.	સેસન્સનાં બ્લોકનાં ઘર નંબર ની વીગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વીગત
૧	૨	૩	૪
૨	૧૦૮	૮૭ થી ૨૩૦	કા વરી મસ્જીદ, જોગીવાસ
	૯૨	૧ થી ૧૦૯	જુમા મજીદ, સમાવારી શેરી
	૧૦૯	૧૧૦ થી ૨૪૮	ગરાણા ફરીયા, હરીજન વાસ
૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૧૬૧–૨૦૦૪– એનપીબી–૧૩૨૦૦૪/૩૪૧૧/(૧૩) આર, તા.૧૯–૧૧–૨૦૦૪થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અંજાર શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે.તેના આધારે અંજાર નગરપાલિકાને ૧૨ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૩૬ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરુરી છે તો તે સંજોગોમાં રાજ્ય ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૬૮૩૪૩ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૧૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૫૬૯૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોડીનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પૈકી કોઈપણ વોર્ડમાં સરેરાશ વસ્તીથી ૧૦ % થી વધતી નથી કે ૧૦ % થી ઘટતી નથી.

૮. શહેરના ૧૨ વોર્ડોનુ નિયમ–૩ નીં હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૫	૫૯૮૧	૧૦૨૮	૧૭.૧૯
૨	૪	૫૫૪૯	૯૧૧	૧૬.૪૨
૩	૧	૬૦૪૧	૮૮૬	૧૪.૬૭
૪	૨	૫૫૮૬	૭૩૭	૧૩.૧૯
૫	૩	૫૭૧૦	૩૭૨	૬.૫૧
૬	૮	૫૪૩૧	૨૭૮	૫.૧૨
૭	૧૧	૫૫૦૭	૧૪૮	૨.૬૯
૮	૧૨	૫૬૭૪	૧૩૫	૨.૩૮
૯	૯	૫૬૬૯	૧૧૯	૨.૧૦
૧૦	૭	૫૭૯૦	૧૧૫	૧.૯૯
૧૧	૧૦	૫૭૫૯	૯૧	૧.૫૮
૧૨	૬	૫૬૪૬	૭	૦.૧૨
કુલ		૬૮૩૪૩	૪૮૨૭	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૫, ૪ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૫ અને ૪ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

INDEX

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫, ૪ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૫	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ.
૧	અનુસૂચિત જાતિ સ્ત્રી.

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલીકા માટે ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી.	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૬	૫૬૪૬	૧૫૨૦	૨૬.૯૨
૨	૭	૫૭૯૦	૯૮૮	૧૭.૦૬
૩	૧	૬૦૪૧	૯૮૮	૧૬.૩૫
૪	૩	૫૭૧૦	૩૭૨	૬.૫૧
૫	૪	૫૫૪૯	૩૫૭	૬.૪૩
૬	૨	૫૫૮૬	૩૦૫	૫.૪૬
૭	૯	૫૬૬૯	૧૯૯	૩.૫૧
૮	૧૦	૫૭૫૯	૧૩૧	૨.૨૭
૯	૧૨	૫૬૭૪	૧૧૭	૨.૦૬
૧૦	૧૧	૫૫૦૭	૯૯	૧.૮૦
૧૧	૮	૫૪૩૧	૧૧	૦.૨૦
૧૨	૫	૫૯૮૧	--	--
કુલ		૬૮૩૪૩	૫૦૮૭	

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં.૬,૭ અને ૧ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬:અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં.૧ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી બેઠક ફાળવવાની થાય પરંતુ વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત બેઠક ફાળવેલ હોઈ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે વોર્ડ નં.૭ માં અનામત બેઠક ફાળવવી પંચ મુનાસીબ સમજે છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૬,૭ અને ૧ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૬	અનુસૂચિત આદિજાતિ
૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧	અનુસૂચિત આદિજાતિ

INDEX

૧૭. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

અંજાર નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧૧	૫૫૦૭	૨૩૮૦	૪૩.૨૨
૧	૬૦૪૧	૨૫૮૦	૪૨.૭૧
૨	૫૫૮૬	૨૩૨૫	૪૧.૬૨
૬	૫૬૪૬	૨૧૫૦	૩૮.૦૮
૮	૫૪૩૧	૧૯૬૦	૩૬.૦૯
૧૨	૫૬૭૪	૧૯૭૦	૩૪.૭૨
૭	૫૭૯૦	૧૮૭૫	૩૨.૩૮
૪	૫૫૪૯	૧૪૩૭	૨૫.૯૦
૫	૫૯૮૧	૧૫૦૦	૨૫.૦૮
૯	૫૬૬૯	૯૭૩	૧૭.૧૬
૩	૫૭૧૦	૯૭૦	૧૬.૯૯
૧૦	૫૭૫૯	૮૭૦	૧૫.૧૧

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં.૧૧,૧,૨ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં.૧ માં એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે તથા એક બેઠક અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ છે. જેથી વોર્ડ નં.૧ માં પછાતવર્ગ માટે કોઈ બેઠક ફાળવી શકાય તેમ નથી. સબબ વોર્ડ નં. ૧૧,૨,૬ અને ૮ માં પછાતવર્ગની બેઠક ફાળવવી વ્યાજબી હોવાનું પંચ માને છે. આ પૈકી ત્રીજા ક્રમે આવતા વોર્ડ નં.૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧૧	પછાતવર્ગ
૨	પછાતવર્ગ
૬	પછાતવર્ગ સ્ત્રી
૮	પછાત વર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **અંજાર** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ **અંજાર** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧
અંજાર નગરપાલિકા જિલ્લો કચ્છ

વોર્ડ નં. ૧

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત. ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧	૦૦૧	૧ થી ૧૯૦	દાતણીયા વાસ, કૈલાશ નગર
૧	૦૦૨	૧ થી ૧૯૭	કૈલાશ નગર , નીલકંઠ નગર, દબડા વાડી વિસ્તાર, દબડા મંદિર, સાંગાણીવાડી વિસ્તાર
૧	૦૦૩	૧ થી ૧૮૯	દબડા અખાડા ગોપાલ નથુના મકાનથી રાજા કાપડીના મંદિરની પાછળનો વાડી વિસ્તાર તથા દબડા ટીબા [illegible]
૧	૦૦૪	૧થી ૧૫૧	દબડા ટીબા વિસ્તાર અલીમામદ મથડાના મકાન, શીવા નગર
૧	૦૦૫	૧ થી ૧૭૬	શીવા નગર ,અયોધ્યા નગર, મફત નગર
૧	૦૦૯	૧ થી ૧૮૪	કિષ્ના નગર – ૨ , મફતનગર
૧	૦૦૬	૧ થી ૧૮૪	મફતનગર
૧	૦૦૮	૧ થી ૧૭૫	કૃષ્ણનગર ૧ , કૃષ્ણ નગર ૨
૧	૧૧૯	૧ થી ૧૦૦	મફતનગર

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદના સર્વે નં. ૩૦૩/૨ ના ઉત્તર તરફ જુની ગાંધીધામ – ભૂજ રેલ્વે લાઈનની હદથી શરૂ કરી – અગ્નિ તરફ રેલ્વે લાઈનની હદે હદે જતાં, ભુજ – ગાંધીધામ નવી રેલ્વે લાઈન સુધી, ત્યાંથી દક્ષિણ તતરફ જતાં સર્વે નં. ૩૭૪, ૩૭૨, ૩૭૫ તથા ૩૬૬ ની પૂર્વ હદે હદે જતાં ત્યાંથી સર્વે નં. ૩૭૧/૧, ૩૭૧/૨, ૩૭૧/૩ ની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં ભુજ – ભચાઉ હાઈવેની હદ સુધી ત્યાંથી ભુજ – ભચાઉ હાઈવેની હદે પૂર્વ તરફ જતાં અંજાર – સતાપર ત.મજ ભુજ – ભચાઉ રોડના કોસીગ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ અંજાર – સતાપર રોડની હદે હદે ગંગાનાકા જકાતનાકા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ભૂજ – અંજાર હાઈવેની હદે હદે, સર્વે નં. ૨૬૮ ના પશ્ચિમ ખૂણા સુધી, ત્યાંથી સર્વે નં. ૨૬૮ ના ઈશાન ખૂણા તરફ સર્વે નં. ૨૭૦ ની હદ સુધી, ત્યાંથી સર્વે નં. ૨૭૦ ની પશ્ચિમની હદે ઉત્તર તરફ જતાં આ સર્વે નંબર ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ સર્વે નં. ૨૭૫ ની દક્ષિણની હદે હદે સર્વે નં. ૨૭૫ ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી સર્વે નં. ૨૭૫ ની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં સર્વે નં. ૨૬૩ ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી સર્વે નં. ૨૬૩ ની ઉત્તરની હદેથી પૂર્વ તરફ જતાં સર્વે નં. ૩૮૩/૨ ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ઈશાન તરફ જતાં ભૂજ – ગાંધીધામ જુની રેલ્વે લાઈન સુધીનો અંદર આવતો સમગ્ર વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૨

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૨	૦૦૭	૧ થી ૧૪૧	મફતનગર ,ગુલાબમીલની ઉત્તરે કોલીવાસ
૨	૦૧૦	૧ થી ૧૪૨	ગુલાબમીલની બાજુમાં ગોકુળ નગર, રામ કૃષ્ણ મહાવીર નગર– ૧
૨	૦૧૧	૧ થી ૧૦૫	રામ કૃષ્ણનગર –૧, રામકૃષ્ણ નગર–૨, રામકૃષ્ણ નગર વભાગ–૩
૨	૦૧૨	૧ થી ૧૨૨	રામકૃષ્ણ નગર વિભાગ–૩ ,યમુનાપાર્ક સોસાયટી
૨	૦૧૩	૧ થી ૨૮	યમુનાપાર્ક વિભાગ–૧, સેલોર વાડીના મકાનો, રૂડા કરશનના વાડા, ગોકુલ મથુરા કલ્યાણ ધામના મકાનો
૨	૧૪૩	૧ થી ૧૧૩	રામકૃષ્ણ મહાવીર નગર વિભાગ–૩
૨	૦૧૪	૧ થી ૫૬	ગંગાનાકા ચંપકભાઈની નની બાજુનો સમગ્ર ઝુંડ વિસ્તાર , જેસલ તોરલ રોડ તરફ ગંગાનાકા રોડની આવકાર હોટલ સુધીના મકાનો
૨	૦૧૫	૧ થી ૧૦૮	આવકાર હોટલથી શરૂ થઈ લાકડા બજારનો રેલ્વે સ્ટેશન રોડ બાજુ, શેખ ફળિયું, જોગીવાસ, અજેપાળ દાદા નગર
૨	૦૧૬	૧ થી ૧૨૯	અજેપાળ દાદા નગર , શ્યામ સુંદર હોસ્પિટલ પાછળનો વિસ્તાર, મુંડીયા સ્વામિના મકાનો, જેસલ–તોરલ મંદિર વિસ્તાર, બાલા નગર–૧, બાલા નગર – ૨, શીતલાવાડી
૨	૧૨૬	૧ થી ૬૬	રામકૃષ્ણ મહાવીર નગર–૩., લુણંગ નગર
૨	૧૪૪	૧ થી ૧૧૭	રેલ્વે કોલોની, નવા નગર

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદના સર્વે નં. ૫૨૧ ના ઈશાન ખૂણાથી નૈઋત્ય દિશામાં વળતાં સર્વે નં. ૫૨૨ ની પૂર્વ બાજુની હદ સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં સર્વે નં. ૫૨૨ ની હદે હદે જતાં સર્વે નં. ૫૨૩ ના ઉત્તર હદે હદે જતાં, ત્યાંથી પૂર્વ તરફ વળતાં સર્વે નં. ૫૨૩ ની ઉત્તર તરફની હદે હદે ભૂજ – ગાંધીધામ હાઈવે સુધી, ત્યાંથી સર્વે નં. ૫૪૪ની દક્ષિણ બાજુની હદે હદે તેમજ સર્વે નં. ૫૪૯ ની પશ્ચિમ બાજુની હદે હદે સર્વે નં. ૫૪૮ ના પશ્ચિમ ખૂણાં સુધી, ત્યાંથી પશ્ચિમ બાજુએ જતાં ભૂજ – ગાંધીધામ હાઈવેને ક્રોસ કરી સર્વે નં. ૫૪૭ ન ઉત્તર ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશામાં સર્વે નં. ૫૪૭ માં આવેલ ગણેશ તલાવની પૂર્વ બાજુની હદે હદે ત્યાંથી દક્ષિણ બાજુએ જતાં ભચાઉ – ભૂજ સ્ટેટ હાઈવે સુધી, ત્યાંથી પશ્ચિમ દિશામાં જતાં ભૂજ – ભચાઉ સ્ટેટ હાઈવેની હદે હદે રેલ્વે ફાટક સુધી, ત્યાંથી ભૂજ – ભચાઉ સ્ટેટ હાઈવેની હદે હદે પશ્ચિમ દિશામાં જતાં સર્વે નં. ૩૪૫/૨ નાં દક્ષિણ દિશાની હદે હદે ગોવિંદાસ્થાન સ્મશાન સુધી, ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં, ભૂજ – અંજાર સ્ટેટ હાઈવેની હદે હદે પૂર્ણા નર્સિંગ હોમથી પશ્ચિમ દિશામાં જતાં ગંગા નાકા સુધી ત્યાંથી ઉત્તર દિશામાં વળતાં અંજાર – સતાપર રસ્તાની હદે હદે સર્વે નં. ૩૩૦/૧ ની પશ્ચિમ દિશાની હદે હદે અને આગળ ઉત્તર તરફ જતાં સર્વે નં. ૩૨૫/૧ અને ૩૫૦ ની પૂર્વબાજુની અંજાર – સતાપર રોડની હદે હદે રિંગ રોડ સુધી ત્યાંથી પશ્ચિમ બાજુએ રિંગ રોડ ની હદે હદે સર્વે નં. ૩૫૧ ની પૂર્વ બાજુની હદ સુધી ત્યાંથી ઉત્તર દિશામાં સર્વે નં. ૩૫૧ નીપૂર્વ બાજુની હદે હદે ત્યાંથી સર્વે નં. ૩૭૧/૩, ૩૭૧/૨, ૩૭૧/૧, ૩૭૩/૧ ની પશ્ચિમ બાજુની હદે હદે, ત્યાંથી સર્વે નં. ૩૭૩/૧ ઉત્તર બાજુની હદની અધ્ધવચ્ચેથી પસાર થઈ જઈ ભૂજ – ગાંધીધામ રેલ્વે લાઈન સુધી, તેમજ રેલ્વે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૪૧૯/૧ અને સર્વે નં. ૪૨૦ ની પશ્ચિમ દિશાની હદે હદે રેલ્વે લાઈનની સમાંતર, ત્યાંથી ઈશાન દિશામાં વળી અંજાર – સતાપર રોડને ક્રોસ કરી સર્વે નં. ૪૭૯ ની પશ્ચિમની હદે હદે, ત્યાંથી સર્વે નં. ૪૭૦, ૪૭૧/૧ ની ઉત્તર હદે હદે સર્વે નં. ૪૭૧/૨ નાં ઉત્તર ખૂણાને સ્પર્શી ઉત્તર તરફ જતાં સર્વે નં. ૪૭૨/૨ ની પશ્ચિમ દિશાની હદે હદે ત્યાંથી સર્વે નં. ૪૭૨/૨ ના ઉત્તર ખૂણાની હદની અંદરની અધ્ધવચ્ચેથી પસાર થઈ સર્વે નં. ૪૭૨ ના ઉત્તર તરફની હદે હદે ત્યંથી સર્વે નં. ૪૭૨ ની પૂર્વ દિશાની હદે હદે દક્ષિણ દિશા તરફ જતાં ભૂજ – ભચાઉ સ્ટેટ હાઈવે સુધી ત્યાંથી પૂર્વ દિશાએ વળતાં અંજાર – પશવારિયા રસ્તાની ઉત્તર બાજુએથી સર્વે નં. ૫૨૧ ની ઉત્તર તરફની હદે હદે સર્વે નં. ૫૨૧ ની અગ્નિ દિશાની હદ સુધી આવેલ સમગ્ર અંદરના વિસ્તારને આવરી લેતો સમગ્ર વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૩

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૩	૦૧૯		રેલ્વે સ્ટેશન રોડ જમણી બાજુનો વિસ્તાર, મિસ્ત્રી સમાજ કેમ્પ(કામધેનુ નગરનો)
૩	૦૨૦		કામધેનુ નગર – ૧ – ૨, વાઘેશ્વરી ફળીયા,એચ કોલોનછ, હંગામી આવાસ (રઘુવંશી સમાજ)
૩	૦૨૧		વર્ધમાન નગર, વસંતવાડી, રઘુવંશી સમાજ રીલીફ કેમ્પ, પ્રજાપતિ સ્મશાનનો સામેનો વિસ્તાર
૩	૦૨૨		દાદવાડી થી વાંકલ મંદિર, ગઢવાડી, કુશલ નગર, પીરવાડી, ટેલીફોન એકતસર્વેજ સ્ટાફ કવાટર
૩	૦૨૩		ગેસ્ટ હાઉસ પાછળના મકાનો, સત્યપ્રકાશ સોસાયટી, મહાવિર સોસાયટી, એચ–કોલોની
૩	૦૨૪		અભિનવ સોસાયટી, એચ કોલોની, મોમાય નગર
૩	૦૨૫		મોમાઈ નગર, એચ કોલોની સસ્તા ભાડાની ચાલ
૩	૦૨૬		રેલ્વે પાટા પાછળ કોલી વાસ,
૩	૧૨૦		રેલ્વે પાટા પાછળ કોલી વાસ,
૩	૧૨૭	૧ થી ૧૨૫	જૈન સમાજ નો (વસંતવાડી) નો કેમ્પ, તથા વર્ધમાન નગર રીલીફ કેમ્પ
૩	૧૨૮	૧ થી ૮૩	જૈન સમાજ નો મહાવીર સોસાયટી સામે રીલીફ કેમ્પ, ગુર્જર સુતાર સમાજ રીલીફ કેમ્પ, પ્રજાપતિ સમાજનો કેમ્પ નો વિસ્તાર
૩	૧૪૫	૧ થી ૭૪	સીતારામ પરીવાર નગર, તથા ખેતી વાડી બજાર સમિતીની બાજુમાં આવેલ સ્લમ વિસ્તાર

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદના સર્વે નં. ૫૮૪ ની પૂર્વ બાજુની હદ અને સર્વે નં. ૫૮૬ નીઉત્તર બાજુની હદની મેળાપી હદથી પૂર્વ તરફ જતાં સર્વે નં. ૫૮૬ ની ઉત્તર તરફની હદે હદે ભૂજ – ગાંધીધામ રસ્તાને ક્રોસ કરી ત્યાંથી સર્વે નં. ૫૮૬ ની હદે હદે દક્ષિણ તરફ અને ત્યાંથી નૈઋત્ય અને ત્યારબાદ પશ્ચિમ દિશા તરફ વળતાં સર્વે નં. ૫૮૬ ની હદે હદે સિતારામ પરિવારના મકાનો આવરી લઈ, ત્યાંથી નૈઋત્ય દિશા તરફ વળતાં ભૂજ – ગાંધીધામ રેલ્વે લાઈન સુધી, ત્યાંથી નૈઋત્ય દિશામાં જ આગળ વધતાં મોમાયનગર, જૈન કોલોનીને આવરી લઈ, પંચાયતી ગેસ્ટ હાઉસ સુધી ત્યાંથી વાયવ્ય દિશામાં જતાં ગઢવાડી સુધી, ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તાની હદે હદે વરસામેડી નાકા સુધી, ત્યાંથી ઈશાન દિશા તરફ જતાં સર્વે નં. ૩૩૯/૨, ૩૩૮ અને ૩૪૫/૨ ની અગ્નિ દિશાની હદે હદે જતાં ભૂજ – ભચાઉ સ્ટેટ હાઈવેની હદે હદે રેલ્વે લાઈન સુધી, ત્યાંથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ઉત્તરની હદે હદે ગણેશ તલાવડીના દક્ષિણ દિશાની હદે હદે ત્યાંથી અગ્નિ દિશામાં સર્વે નં. ૫૮૩ ની પશ્ચિમ દિશાની હદે હદે ત્યાંથી સર્વે નં. ૫૮૪ ની ઈશાન અને ત્યારબાદ પૂર્વ દિશાની હદે હદે જતાં સર્વે નં. ૫૮૬ ની ઉત્તર બાજુની હદ સુધીનો અંદરનો સમગ્ર વિસ્તાર.

વોર્ડ નં. ૪

સુચિત નવીન વોર્ડ નંબર	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત. ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૪	૦૧૭		શીતલાવાડી , મિસ્ત્રી કેમ્પ – ૨, નગર પાલિકા કચેરી, પ્રમાબાઈ દ્વારકાદાસના મકાનો, કિશોર બાલ મંદિર, વરસામેડીનાકાના મકાનોનો વિસ્તાર, ગોસ્વામી સમાજ જેસલ – તોરલ મંદિર પાસે લોહાર સમાજ, કંસારા સમાજ રામકૃષ્ણ મહાવિર નગર પાસે,
૪	૦૧૮		માધવબાગ, કેનીયા હોસ્પિટલ, લોહાણા સ્મશાનની પાછળનો સમગ્ર રહેણાંકના મકાનનો વિસ્તાર
૪	૦૨૭		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૦૨૮		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૦૨૯		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૦૩૦		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૦૩૧		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૦૩૨		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૦૩૩	૧ થી ૯૬	વરસામેડી નાકા બહાર રંગોલી ચમ્બર ,વરસામેડી નાકાનો વિસ્તાર હિર ભાઈની ધર્મશાળાનો સમગ્ર વિસ્તાર તથા હરિજન વાસ
૪	૦૩૪	૧ થી ૧૧૧	હરીજન વાસ, કેલી વાસનો ,ભીડ ચોક, ઘાંચી વાસ
૪	૦૭૦	૧ થી ૧૨૦	નયા અંજાર પંચાયત ઓફિસની બાજુમાં રાયમાના મકાનો તાલુકા પંચાયત કવવાર્ટર્સથી થઈ જુના બસ સ્ટેન્ડ રાયમા કેલી વિસ્તાર
૪	૦૭૧	૧ થી ૭૮	બાયડ ફળિયાનો સમગ્ર વિસ્તાર માર વાડી ભંગીવાસ ગ્રામેનો સમગ્ર વિસ્તાર
૪	૦૭૫	૧ થી ૯૪	માર વાડી ભંગીવાસના મકાનોનો સમગ્ર વિસ્તાર તથા મધુબન પાર્ક
૪	૦૭૬	૧ થી ૮૮	હંગામી વસહાતનો સ્લમ વિસ્તાર
૪	૦૯૫		વેગડ ફળીયું, હજામ ફળીયું, મિસ્ત્રીના રહેણાંકના મકાનો ઠાકરના મંદિર પાસે તથા નોડે ફળીયાનો સમગ્ર વિસ્તાર
૪	૦૯૬		ઈસ્માઈલભાઈ વકીલના મકાનથી હજામ શેરી, નાગર ચકલા નવાપુરા તથા માલાશેરીનો સમગ્ર વિસ્તાર તથા નાગર ચકલાના સામે રહેણાંકના મકાનો સુધી
૪	૦૯૭	૧થી ૭૦	સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૦૯૮	૧ થી ૮૯	ટાઉનહોલ થી એસ.ટી. રોડની દુકાનો મ્યુ. કોમ્પલેક્ષ પપોસ્ટ ઓફિસ થઈને મામલતદાર કચેરી શીવધારા સોસાયટીનો વિસ્તાર.
૪	૧૨૪	૧ થી ૭૫	સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.
૪	૧૨૫		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નંથી.

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદમાં આવેલ વરસામેડી – અંજાર રોડ અને અંજાર – વારસામેડી નાકા રસ્તાની ત્રિભેટે આવેલ પ્રજાપતિ સ્મશાનની ઈશાન ખૂણાથી શરૂ કરી નૈઋત્ય દિશા તરફ જતાં વારસામેડી નાકા રસ્તાની હદે હદે કેનિયા હોસ્પિટલ, માનવ હોટેલથી વરસામેડી નાકા સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં જતાં રસ્તાની હદે હદે ટાઉન હોલ સુધી ત્યાંથી અગ્નિ દિશામાં જતાં ગઢવાડી થી બસ સ્ટેશનના રસ્તાની હદે હદે જયહિન્દ સોસાયટી સુધી, ત્યંથી નૈઋત્ય દિશામાં જતાં રસ્તાની હદે હદે ગાંધી ના બાવલા સુધી ત્યાંથી દક્ષિણ દિશામાં જતાં રસ્તાની હદે હદે શિવધારા કોલોનીની પૂર્વ હદે હદે ખડિયા તળાવ સુધી ત્યાંથી નૈઋત્ય દિશામાં આદિપુર – અંજાર રસ્તાની હદે હદે ખડિયા તળાવ દક્ષિણ દિશાની હદે હદે, ત્યાંથી વાયવ્ય દિશામાં ગાંધીધામ – અંજાર રસ્તાની હદે હદે દેવળિયા નાકા સુધી ત્યાંથી પશ્ચિમ દિશામાં પબ્લીક પાર્કની ઉત્તર હદે હદે ત્યાંથી દક્ષિણ તરફ વીડી રોડની હદે હદે શાળા નં. ૧૬ ની દક્ષિણ હદે હદે, ત્યાંથી વાયવ્ય દિશામાં સોરઠીયા સ્મશાનના રસ્તાની હદે હદે અંજાર – મુન્દ્રા રોડ સુધી ત્યાંથી ઉત્તર બાજુ ગઢરાંગ, બાયડ ફળિયું, ટીબી કોઠા, અંજાર પબ્લીક લાઇબ્રેરી થી માધવરાય ચોક સુધી , કસ્ટમ ચોકને આવરી લઈ ઉત્તર દિશામાં જતાં ગંગા નાકા સુધી, ત્યાંથી પૂર્વ બાજુએ ગંગા નાકાથી રેલ્વે સ્ટેશન તરફ જતાં રસ્તાની હદે હદે પ્રજાપતિ સ્મશાનની ઉત્તર બાજુની હદને આવરી લેતો સમગ્ર અંદરનો વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૫

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૫	૦૩૫		ભૂકંપમાં ધ્વંશ થઈ જતાં વસ્તીગણતરી થયેલ ન હોઈ વસ્તી ગણતરી થયેલ નથી.
૫	૦૩૬	૧ થી ૫૪	ગંગા બજાર , કડીયા શેરી , જવાર હોટલ વાળી શેરી ,ખોજાશેરી
૫	૦૩૭	૧ થી ૮૯	કુંભાર મસ્જિદ, કુંભાર ફળિયા , હરીજન વાસ
૫	૦૩૮	૧ થી ૮૧	મહેશ્વરી વાસ , સાંઘ ફળિયા
૫	૦૩૯	૧ થી ૧૦૧	ગજુમીયા માતમ, સાંઘ ફળિયું, ચાવડા ફળિયા
૫	૦૪૦	૧ થી ૯૫	અલાવાલ સાંઈની મસ્જિદ વિસ્તાર , ચાવડા ફળિયા ,હોથી ફળિયું, પાંજારાપોળની દુકાનો થઈ ડાબી બાજુનો ગંગાનાકા ચોકનો ગઢરાંગની દુકાનો સુધી
૫	૦૪૧	૧ થી ૬૮	સવાસર નાકા લાલ ભાઈ સોરઠીયાની દુકાનથી શરૂ થઈ હવેલી ફળિયું, બોડિગ ફળિયા થી થઈ લોહાણા જ્ઞાતિની વાડી
૫	૦૪૨	૧ થી ૬૬	બોડિગ ફળિયા, શીવા રોડ , આશાપુરા મંદિરનો વિસ્તાર , મોહનરાય મંદિર
૫	૦૪૩	૧ થી ૮૦	દરિયાસ્થાન શેરી, સચ્ચીદાનંદ મંદિર , બોડા ફળિયુ, નારાયણ નિવાસ, ભીભળીયા ચોક કેદાર ફળિયુ, સૈયદ ડેલી
૫	૦૪૪	૧ થી ૮૨	સૈયદ ડલી, નિંગાળીયા ફળિયા, કેદાર ફળિયુ, રામ ઓટા, વાગડીયા ચોક , રતનપુરા
૫	૦૪૫	૧ થી ૧૧૨	અડાસણા ડેલી, વાગડીયા ચોક, રતનપુરા , ગલુ સુમરીની ડેલી વાગડીયા ચોક
૫	૦૪૬	૧ થી ૯૧	પરબીયા ચોક ,વાગડીયા ચોક ,રતનપુરા સદલાણી ફળિયા
૫	૦૪૭	૧ થી ૬૮	સદલાણી ફળિયા, મચ્છીપીઠ ,ગાંધી ફળિયા
૫	૦૪૮	૧ થી ૭૯	ગાંધી ફળિયા, મહેશ્વરીવાસ, મચ્છીપીઠ, રતેશ્વર ડેલી
૫	૦૪૯	૧ થી ૬૫	મહાકાલી ફળિયા ,મચ્છીપીઠ, કુવાવાળી શેરી, શેઠીયા ફળિયુ, સાળા છ આનાવાળાની શેરી, માધવરાય મંદિર, ગગરી ફળિયું, શાસ્ત્રી રોડ
૫	૦૫૦	૧ થી ૮૨	પાંજરાપોળ ગંગાનાકા , લોહાર જ્ઞાતિની વાડી, કાપડી લોજ, આઈસ ફેકટરી પાંજારાપોળના મકાનો, જ્યોતિ ઓઈલ મીલ, ભંગીવાસ

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદમાં આવેલ ગંગા નાકાના પશ્ચિમ દિશાની હદે હદે દક્ષિણ દિશા તરફ જતાં કસ્ટમ ચોક સુધી ત્યાંથી નૈઋત્ય દિશામાં કસ્ટમ ચોકથી સવાસર નાકા તરફ જતાં શાસ્ત્રી રોડની હદે હદે માધવરાય મંદિર, મોહનરાય મંદિર, આશાપુરા મંદિરની દક્ષિણ બાજુએથી પસાર થતાં રસ્તાની હદે હદે સવાસર નકા સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં સિધ્ધેશ્વર તરફ જતાં રસ્તની પૂર્વ બાજુએ આવેલ નગરપાલિકા કોમ્પ્લેક્ષ, કિરણ નીગ મીલ, જ્યોતિ ઓઈલ મીલની પશ્ચિમ દિશાની હદે હદે, ત્યાંથી ઈશાન દિશામાં જતાં ગંગા નાકા રસ્તની હદે હદે ભંગીવાસની ઉત્તર બાજુની હદે હદે ઘાસચારા માર્કેટની ઉત્તર બાજુની હદે હદે, ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં રસ્તાની હદે હદે ફુલવાડી, પાંજરાપોળ, લોહાર સમાજના મકાનોની પૂર્વ દિશાની હદે હદે, ગંગા નકા સુધીના વિસ્તારની હદની અંદર આવતો સમગ્ર વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૬

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૬	૦૫૧	૧ થી ૮૨	ગંગાનાકા બહાર સિધ્ધેશ્વર તળાવ પાળની નગરપાલિકા દુકાનો, હરીયા નીગ, દાતણીયા વાસ
૬	૦૫૨	૧ થી ૯૫	છ નાલા દાતણીયાવાસ , કોલીવાસ , શેખટીબો
૬	૦૫૩	૧ થી ૧૨૫	શેખ ટીબો
૬	૧૨૧	૧ થી ૧૧૫	ઈદગાહ, ધોબી વાસ, કબ્રસ્તાનમાં વોરા સમાજનો રીલીફ કેમ્પ,
૬	૦૫૪	૧ થી ૧૩૪	શેખટીબો
૬	૦૫૫	૧ થી૮૯	શેખટીબો, કુંભાર ફળિયુ, થર્મલ પાવરહાઉસ.
૬	૦૫૬	૧ થી ૧૭૦	હેમલાઈ ફળિયો
૬	૦૫૭	૧ થી ૯૨	શેખ ટીબો
૬	૧૪૦	૧ થી ૧૩૪	હેમલાઈ ફળિયાનો મસ્જિદપાસેનો વિસ્તાર તથા નવા બનાવેલ મુસ્લિમ સમાજના હંગામી આવાસો.

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદમાં આવેલ ભૂજ – અંજાર રસ્તાની હદે આવેલ સર્વે નં. ૯૯ ની ઉત્તર દિશાની હદે હદે દાતણિયા વાસ અને ત્યાંથી ખોજા કબ્રસ્તાની ઉત્તરની હદે હદે ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં ભૂજ – અંજાર રસ્તાની હદે હદે સિધ્ધેશ્વર તળાવની પૂર્વ બાજુની હદે હદે ત્યાંથી નૈઋત્ય દિશા તરફી જતાં ગંગા નાકાથી સવાસર નાકા તરફ જતાં રસ્તાની હદે હદે ત્યાંથી પશ્ચિમ દિશામાં જતાં ત્રણ ઓલિયાની દરગાહ તેમજ મુસ્લીમ કબ્રસ્તાનની દક્ષિણ દિશાની હદે હદે ત્યાંથી સર્વે નં. ૯૨/૨, ૯૨/૪, ૯૨/૩, ૧૨૦, ૧૨૧, ૧૨૨ ની દક્ષિણ દિશાની હદે હદે ત્યાંથી ઉત્તર તરફ જતાં સર્વે નં. ૧૨૨, ૧૧૮, ૧૨૭, ૧૦૬, ૧૦૩ ની પશ્ચિમ દિશાની હદે હદે ભૂજ – અંજાર હાઈવે સુધી ત્યાંથી પૂર્વ બાજુએ જતાં ભૂજ – અંજાર રસ્તાની હદે હદે પાવર હાઉસ, રબારી સમાજવાડી અને સર્વે નં. ૯૯ ની ઉત્તર હદને આવરી લેતો સમગ્ર અંદરનો વિસ્તાર.

વોર્ડ નં. ૭

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૭	૦૬૩	૧ થી ૧૩૩	વિજયનગર કોર્ટ સામેનો વિસ્તાર
૭	૦૬૪	૧ થી ૧૪૫	વિજયનગર કોર્ટની સામે તથા દાતણીયા વાસ
૭	૦૬૫	૧ થી ૧૨૭	દાતણીયા વાસ, વિજયનગર
૭	૦૬૬	૧ થી ૯૫	અંજાર લોહાણા મહાજનના મકાનો, બાવા.ના રહેણાંકના મકાનો તથા ભાટીયા ડેલી પરીસોતમ હરીદાસના મકાન સુધી.
૭	૦૬૭	૧ થી ૮૭	ભાટીયા ડેલી, કમલાવાડી, ભકતીનગર સોસાયટી, નિલકંઠ નગર , સ્વામિનારાયણ રીલીફ કેમ્પ, ડી.વી. હાઈસ્કુલ
૭	૦૬૮	૧ થી ૧૪૨	નિલકંઠ નગર , ડી.વી. હાઈસ્કુલ , કમલાવાડી, કોલીવાસ, નર્સરી કૃષ્ણઘરો સોસાયટી
૭	૦૬૯	૧ થી ૧૩૮	પ્રભુકૃપા સોસાયટી, સવાસર તળાવની પાર પરના હંગામી આવાસ
૭	૧૨૯	૧ થી ૭૪	મિસ્ત્રી બોર્ડિગની સામે મિસ્ત્રી સમાજનો કેમ્પ ,હનુમાન મ્રદિરની બાજુમાં આવેલ રહેણાંકના મકાનો
૭	૧૩૦	૧ થી ૬૬	પ્રભાતનગર સોસાયટી, કમલાવાડી
૭	૧૪૬	૧ થી ૧૦૬	રેફરલ હોસ્પીટલની સામેની ઝુંપડપટીનો વિસ્તાર
૭	૧૪૭	૧ થી ૧૨૨	પ્રભાત નગર, કોલીવાસ

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદની અંદર આવેલ મેમણ જમાતની મસ્જીદની પૂર્વ બાજુએથી શરૂ કરી દક્ષિણ દિશા તરફ જતાં સવાસર નાકા રોડની હદે હદે સવાસર નાકા સુધી, ત્યાંથી પશ્ચિમ દિશામાં જતાં અંજાર – મુન્દ્રા રસ્તાની હદે હદે સવાસર નાકાથી સવાસર તળાવ, ડી.વી. હાઈસ્કૂલ, ભક્તિતનગર, વિજયનગર શોપીંગ સેન્ટરની દક્ષિણે થઈ, રેફરેલ હોસ્પિટલની ઉત્તર દિશાની હદે હદે ત્યાંથી વાયવ્ય દિશા તરફ જતાં વિજયનગરના મકાનોની પશ્ચિમની હદે હદે, ત્યાંથી ઈશાન દિશામાં પ્રભત સોસાયટીની પશ્ચિમ હદ સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં જતાં સર્વે નં. ૯૧/૩, ૯૧/૨, ૯૧/૧ ની વાયવ્ય દિશાની હદે હદે ત્યાંથી પૂર્વ બાજુએ જતાં ૯૧/૧ ની ઉત્તર દિશાની હદે હદે ત્યાંથી પૂર્વ બાજુએ જતાં યોગેશ્વરનગરથી પાવર હાઉસ જતાં રસ્તા સુધી, ત્યાંથી નર્સરીથી મેમણ મસ્દની ઉત્તરદિશાની હદે હદે આવતો તેમજ હદની અંદર આવતો સમગ્ર વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૮

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૮	૦૫૮	૧ થી ૧૨૩	દ્વારકાધીશ મંદિર, વાડી વિસ્તાર, યોગેશ્વર , સ્વામીનારાયણ વંડો
૮	૦૫૯	૧ થી ૧૦૯	યોગેશ્વર નગર, હેમલતા બાગ પાછળની દુકાનો લોહાણા મહાજનના ટ્રસ્ટના મકાન, ગુર્જર ક્ષત્રિય કેમ્પ નં. ૧ , પ્રેમાબાઈ ખટાઉના મકાન, મિસ્ત્રી સમાજવાડીનો રીલીફ કેમ્પ
૮	૦૬૦	૧ થી ૧૪૨	પરસોતમ પદમશી ટ્રસ્ટના મકાનો , લીજ જમીનના વિજયનગરના મકાનો , કોર્ટની પાછળની લીઝ જમીન
૮	૦૬૧	૧ થી ૧૦૯	અંજાર નગરપાલિકાના કોર્ટની પાછળના વિસ્તારના લીઝ જમીન
૮	૦૬૨	૧ થી ૧૧૧	અંજાર નગરપાલિકાના કોર્ટ પાછળના લીઝ જમીન
૮	૦૭૩	૧ થી ૮૬	પારીયા વાડી, સોરઠીયા સમાજવાડી ,વોરાસર વાડી
૮	૦૮૬	૧ થી ૭૩	ટીબીકોઠા, ડી.સી.ઓફીસ, લાયબ્રેરી , સીટી હોસ્પીટલ , જાગરીયા ફળીયું ,જત ફળીયુ ,સુમરા મસ્જીદ પાસેની શેરી
૮	૦૮૭	૧ થી ૮૩	ટીબીકોઠા રોડ , સોરઠીયા નાકા રોડ, સીટી હોસ્પીટલ સામેના મકાનો, લાયબ્રેરી સામે ડેલી, શાકમાર્કેટ ,માધવરાય ચોક ,ભગરાણી ફળીયું ,શીવાજી રોડ ,આશાપુરા મંદિર સામે ની શેરી, મોઢ ફળીયું
૮	૦૮૮	૧ થી ૭૬	વાણીયાના દેવસ્થાન , પેકેજા શેરી બરફના કારખાના સામેની શેરી, સોરઠીયા નાકા રોડ
૮	૦૮૯	૧ થી ૫૨	સોરઠીયા નાકા રોડ ,પેકેજા શેરી, માવાદાદા શેરી , લાખાણી ચોક, પુજારાના દરીયાસ્થાન ફળીયું, પુજારા શેરી, લાખાણી ચોક
૮	૦૯૦	૧ થી ૧૧૮	બાંભણીયા શેરી, મલ ફળીયુ, દેવાણી ફળીયું, ગુદરાસણીયા શેરી, યાદવ શેરી, મોટા કાતરીયા ફળીયું, રાવલ ડેલી, નાની વાણીયા શેરી, નાના કાતરીયા શેરી, કાપડી શેરી, કાતરીયા શેરી, પેડવા શેરી, હડીયા શેરી
૮	૦૯૧	૧ થી ૧૦૧	પીપળા શેરી, માલસતર શેરી, પંડયા ડેલી,વાઘમશી શેરી, ઘોડા ફળીયું, લાખાણી ચોક, સ્વામી નારાયણ મંદિરના મકાનો , લાવા વાલાના મકાન
૮	૦૯૨,૦૯૩,૦૯૪,૧૨,૧૨૩		સદરહું બ્લોકમાં મકાનો દવશ થવાથી, વસતી ના હોવાથી વસ્તી ગણતરી થઈ નથી.

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદમાં આવેલ માધવરાય ચોકથી શરૂ કરી દક્ષિણ દિશામાં જતાં લાયબ્રેરી, ટીબી કોઠા, જાગરિયા ફળિયું, જત ફળિયાની પૂર્વ બાજુની હદે હદે અંજાર – મુન્દ્રા રોડ, શ્રી સ્ટીલ સુધી, ત્યાંથી પશ્ચિમ બાજુએ જતાં ભીડ ભંજન મહાદેવ મંદિરની ઉત્તર દિશાની હદે હદે સોરઠીયા નાકા સુધી ત્યાંથી નૈઋત્ય દિશામાં જતાં સર્વે નં. ૨૨/૧ ની અગ્નિ દિશાની હદે હદે, ત્યાંથી દક્ષિણ બાજુએ જતાં સર્વે નં. ૩૨ ની પૂર્વબાજુની હદે હદે, સર્વે નં. ૩૧ ને આવરી લઈ, પશ્ચિમ દિશામાં વળતાં સર્વે નં. ૩૦ ની દક્ષિણ બાજુની હદે હદે સર્વે નં. ૨૯/૧ ની પૂર્વ બાજુની હદ સુધી ત્યાંથી દક્ષિણ દિશામાં જતાં સર્વે નં. ૫૨/૨ ના ઈશાન બાજુની હદને સ્પર્શી ત્યાંથી પૂર્વ દિશામાં જતાં સર્વે નં. ૪૨ ની મધ્યમાંથી પસાર થઈ સર્વે નં. ૪૩ ની ઉત્તર બાજુની હદે હદે વીડી રોડને ક્રોસ કરી દક્ષિણ દિશામાં જતાં સર્વે નં. ૯૭૬ ની પશ્ચિમ બાજુની હદે હદે દક્ષિણ બાજુના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ દિશામાં જતાં અંજાર – વીડી રસ્તાને ક્રોસ કરી સર્વે નં. ૪૪ ની અગ્નિ બાજુની હદે હદે સર્વે નં. ૪૮, ૪૯ ની દક્ષિણ બાજુની હદે હદે સર્વે નં. ૯૮૪ ની મધ્યમાંથી પસાર થઈ ભૂજ – ગાંધીધામ બાયપાસ રોડ ક્રોસ કરી સર્વે નં. ૯૮૪ માંથી વાયવ્ય દિશામાં જતાં સર્વે નં. ૩૬ અગ્નિ દિશાની હદ સુધી, ત્યાંથી ઈશાન દિશામાં જતાં સર્વે નં. ૬૬ અને ૬૭ ની પશ્ચિમ દિશાની હદે હદે, ત્યાંથી સર્વે નં. ૩૧, ૩૦, ૨૯/૨, ૨૯/૧, ૨૭/૨, ૨૭/૧ ની પૂર્વ બાજુની હદે હદે અંજાર – મુન્દ્રા સ્ટેટ હાઈવે સુધી ત્યાંથી ઈશાન દિશામાં અંજાર – મુન્દ્રા હાઈવેની હદે હદે રેફરેલ હોસ્પિટલ, લોહાણા બોર્ડિંગ, હેમલતા બાગની ઉત્તર બાજુની હદે હદે સવાસર નાકા સુધી અને ત્યાંથી માધવરાય મંદિરની દક્ષિણ બાજુની હદે હદે માધવરાય ચોક સુધીની હદ અને હદની અંદર આવતો અંદરનો સમગ્ર વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૯

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૯	૦૭૨	૧ થી ૧૨૫	સ્વામી નારાયણ નગર, સોરઠીયા સમાજવાડી પાછળનો વિસ્તાર (વીડીરોડ)
૯	૦૭૪	૧ થી ૧૪૫	રામ નગર
૯	૦૭૭	૧ થી ૧૪૨	મહાદેવ નગર
૯	૦૭૮	૧ થી ૧,૨	મહાદેવ નગર, મહાદેવ નગર એપાટમેન્ટ
૯	૦૭૯	૧ થી ૯૧	ભરેશ્વર મંદિર, નગરપાલિકા બગીચો, બંસીધર નીગ, વૃન્દાવન સોસાયટી
૯	૦૮૦	૧ થી ૧૩૫	વૃન્દાવન સોસાયટી, મોણસીરાજા કલબ, શેખ ફળિયા, ચીત્રકુટ –૧
૯	૦૮૧	૧ થી ૧૪૧	ચીત્રકુટ સોસાયટી–૧–૨
૯	૦૮૨	૧ થી ૧૨૫	ચિત્રકુટ સોસાયટીસ વિભાગ–૨ –૩
૯	૦૮૩	૧ થી ૧૩૬	ચિત્રકુટ–૩એ– ૩/બી
૯	૦૮૪	૧ થી ૧૧૭	ચિત્રકુટ –૩બી – ૩
૯	૦૮૫	૧ થી ૩૬	ચિત્રકુટ–૩

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદમાં આવેલ અંજાર – ગાંધીધામ રસ્તાની હદે હદે નાયબ કલેકટર કચેરીથી શરૂ કરી અગ્નિ દિશામાં જતાં સાંગ નદીને ક્રોસ કરી સર્વે નં. ૬૮૪/૧ ની પૂર્વ બાજુની હદે હદે સર્વે નં. ૬૮૩ માંથી પશ્ચિમ દિશાની હદની ન કથી પસાર થઈ સર્વે નં. ૧૬૧/૧ વાયવ્ય દિશાની હદ સુધી, ત્યાંથી નૈઋત્ય દિશામાં જતાં સર્વે નં. ૧૬૦ ની મધ્યમાંથી પસાર થઈ સર્વે નં. ૬૮૬/૧, ૬૮૭, ૬૯૯, ૬૯૮ ને આવરી લેતી દક્ષિણ બાજુની હદે હદે ત્યાંથી દક્ષિણ દિશામાં જતાં સર્વે નં. ૭૦૨ ની પૂર્વબ ાજુની હદે હદે ત્યાંથી સર્વે નં. ૭૦૩/૧ ની પૂર્વ બાજુની હદે હદે ગાંધીધામ – ભૂજ હાઈવે રસ્તાને ઓળંગીને ૭૦૩/૧ નાં દક્ષિણ બાજુની હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં સર્વે નં. ૭૦૩/૧ અને સર્વે નં. ૭૦૨ ની પશ્ચિમે દિશાની હદે હદે સર્વે નં. ૭૦૧ ની મધ્યમાંથી પસાર થઈ ઉત્તર તરફ જતાં સાંગ નદી ઓળંગીને સર્વે નં. ૯૭૬ ની પશ્ચિમ દિશાની હદે હદે ઉત્તર તરફ જઈ સર્વે નં. ૪૨ ની પૂર્વ બાજુની હદ તરફથી વીડી – અંજાર રસ્તાને ઓળંગીને સર્વે નં. ૪૨ ની મધ્યમાંથી પસાર થઈ વાયવ્ય દિશામાં જતાં સર્વે નં. ૫૨/૨ ની ઈશાન દિશાની હદે હદે સર્વે નં. ૨૯/૧ ની પૂર્વ બાજુની હદ સુધી, ત્યાંથી પૂર્વ દિશામાં જતાં સર્વે નં. ૩૦ ની દક્ષિણ હદે હદે,ત્યાંથી ઉત્તર દિશામાં જતાં સર્વે નં. ૩૨ ની પૂર્વ બાજુની હદે હદે ત્યાંથી ઉત્તર તરફ જતાં સર્વે નં. ૨૨/૧ ની અગ્નિ દિશાની હદે હદે સોરઠિયા નાકા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ જતાં સોરઠીયા સ્મશાન તરફ જતા રસ્તાની હદે હદે શાળા નં. ૧૬ ની દક્ષિણ બાજુની હદ સુધી, ત્યાંથી ઉત્તર તરફ જતાં પબ્લીક પાર્ક ની પશ્ચિમની હદે હદે દેવળિયા નકાની દક્ષિણ દિશાની હદ સુધી, ત્યાંથી પૂર્વ બાજુએ જતાં પબ્લીક પાર્કની ઉત્તર તરફની હદે હદે ત્યાંથી અગ્નિ દિશામાં જતાં પબ્લીક પાર્કની પૂર્વ બાજુની હદે હદે અંજાર – ગાંધીધામ હાઈવે રસ્તે જતાં નાયબ કલેકટર કચેરી સુધીની હદ અને હદની અંદરનો સમગ્ર વિસ્તાર.

વોર્ડ નં. ૧૦

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૧૦	૦૯૯	૧ થી ૧૧૨	પોલીસ લાઈન –સી ટાઈપ ગ્રાઉન્ડ ફલોર મકાન, શ્રીમાળી કોલોની, ભાટીયા કોલોની
૧૦	૧૦૦	૧ થી ૧૨૦	મોચી કોલોની, પ્રભાત સોસાયટી, મારૂતી નગર કો.ઓપ.હા.સો. ,વિદ્યુત સોસાયટી, અંબીકા સોસાયટી, ઠક્કર બાપા આશ્રમ મહાલક્ષ્મી સોસાયટી
૧૦	૧૦૧	૧ થી ૧૧૯	અંબીકા કોલો, ચક્રાવા, જૈન કોલોની
૧૦	૧૦૨	૧ થી ૧૨૦	ન્યુ. કોલોની
૧૦	૧૦૩	૧ થી ૯૩	ન્યુ. કોલોની
૧૦	૧૦૪	૧ થી ૯૧	ન્યુ. કોલોની
૧૦	૧૦૫	૧ થી ૧૨૭	ન્યુ. કોલોની
૧૦	૧૦૬	૧ થી ૧૨૧	ન્યુ. કોલોની
૧૦	૧૩૨	૧ થી ૧૧૬	ભાટીયા કેમ્પ–૧ તથા ૨, મહાલક્ષ્મી સોસા. પાસે હંગામી આવાસ
૧૦	૧૩૩	૧ થી ૧૦૧	મારૂતી ગ્રાઉન્ડમાં આવેલ તમામ રીલીફ કેમ્પ
૧૦	૧૪૧	૧ થી ૯૯	મીસ્ત્રી કોલોની, જુના પોલીસ કવાર્ટર્સ

હદનું વર્ણન

અંજાર નગરપાલિકાની હદમાં આવેલ નગરપાલિકા કોલોનીની અગ્નિ દિશા તરફની હદ તરફ (ભૂજ – ગાંધીધામ) રેલ્વે લાઈનથી શરૂ કરી, નૈઋત્ય દિશા તરફ ભગતસિંહ ચોક તરફ જતાં રસ્તાની હદે હદે નગરપાલિકા હાઈસ્કૂલની પૂર્વ બાજુની હદે હદે, હાઈસ્કૂલને આવરી લઈ વયવ્ય દિશા તરફ જતાં આદિપુર – અંજાર રસ્તાની હદે હદે નગરપાલિકા સ્ટેડિયમની પશ્ચિમ દિશાની હદે હદે ત્યાંથી સ્ટેડીયમની ઈશાન બાજુની હદે હદે ત્યાંથી ઉત્તર દિશામાં જતાં પુલીસ કર્વાટર્સ અને નગરપાલિકા શોપીંગ કોમ્પ્લેક્ષ ની પશ્ચિમ દિશાની હદે હદે ગાંધી ના બાવલા સુધી, ત્યાંથી ઈશાન દિશા તરફ જતાં એસ. ટી. સ્ટેશન, .ઈ.બી. કચેરી, નગરપાલિકા કોલોની મહાવિર જીનાલયની વાયવ્ય દિશાની હદે હદે રેલ્વે લાઈન સુધી, ત્યાંથી પૂર્વ તરફ જતાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની દક્ષિણ દિશા તરફની હદે હદે સર્વે નં. ૬૦૬ ની પૂર્વ બાજુની હદ સુધી ત્યાંથી સર્વે નં. ૬૦૬ ને આવરી લઈ દક્ષિણ દિશા તરફ જતાં સર્વે નં. ૬૧૫/૧ ની ઉત્તર તરફની હદે હદે ત્યાંથી સર્વે નં. ૬૧૫/૧ ની પૂર્વ તરફની હદે હદે સર્વે નં. ૬૧૫/૨ ની હદ સુધી, ત્યાંથી સર્વે નં. ૬૧૫/૨ ની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જતાં ત્યાંથી સર્વે નં. ૬૧૫/૨ ની પૂર્વ ની હદે હદે દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૬૧૯/૧ ની ઉત્તર દિશાની હદ સુધી, ત્યાંથી પૂર્વ તરફ જતાં સર્વે નં. ૬૧૯/૧ ની ઉત્તર હદે હદે, ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૬૧૯/૧ અને ૬૬૩ ની પૂર્વ હદે હદે ત્યાંથી નૈઋત્ય દિશામાં જતાં સર્વે નં. ૬૬૩ ની હદે હદે ત્યાંથી ઉત્તર તરફ જતાં સર્વે નં. ૬૬૪, ૬૧૮/૨, ૬૧૨, ૬૧૧, ૬૧૦/૩ ની દક્ષિણ દિશાની હદે હદે ત્યાંથી નગરપાલિકા કોલોનીની અગ્નિ દિશાની હદ સુધી અને તેની અંદર આવતો સમગ્ર વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૧૧

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૧૧	૧૧૦	૧ થી ૧૪૬	ગુ.હા.બોર્ડ
૧૧	૧૧૧	૧ થી ૧૨૦	ગાયત્રી સોસાયટી
૧૧	૧૧૨	૧ થી ૧૦૦	ગાયત્રી સોસાયટી, ગંગોત્રી
૧૧	૧૩	૧ થી ૮૭	એકતા નગર
૧૧	૧૧૪	૧ થી ૧૨૧	એકતા નગર
૧૧	૧૧૫	૧ થી ૧૩૪	એકતા નગર
૧૧	૧૧૬	૧ થી ૧૩૦	એકતા નગર
૧૧	૧૧૮	૧ થી ૧૧૧	સ્વામી વિવેકાનંદ નગર ભાગ–૧ ,પરશુરામ બ્રહમસમાજ કેમ્પના હંગામી આવાસ
૧૧	૧૩૪	૧ થી ૧૨૧	ગંગોત્રી ૧– ૨– ૩, જલારામ નગર
૧૧	૧૪૨	૧ થી ૯૧	ગંગોત્રી,ગુરૂકુલ–૨

હદનું વર્ણન

અંજાર નગરપાલિકા વિસ્તારનાં સર્વે નં. ૬૧૦/૩ ની પશ્ચિમ દિશાની હદથી શરૂ કરી અગ્નિ દિશા તરફ જતાં સર્વે નં. ૬૬૫/૧ ની ઉત્તર તરફની હદે હદે, ત્યાંથી સર્વે નં. ૬૧૮/૨, ૬૬૪, ૬૬૩ ની પશ્ચિમ દિશા તરફની હદે હદે ભૂજ – ગાંધીધામ હાઈવેને ક્રોસ કરી અગ્નિ દિશામાં અંજાર – મેઘપર રસ્તા સુધી, ત્યાંથી આ રસ્તા ની હદે હદે ભૂજ – ગાંધીધામ રેલ્વે ક્રોસીગ સુધી ત્યાંથી પંચવટી સોસાયટીને આવરી લઈ વાયવ્ય દિશામાં જતાં અંજાર – મેઘપર રોડની હદે હદે ગુરૂકુળ સોસાયટીની દક્ષિણ દિશાની હદે હદે આગળ જતાં વિવેકાનંદ નગર, ક્ષત્રિય સમાજવાડી ની દક્ષિણ દિશાની હદે હદે, ત્યાંથી ઈશાન દિશા તરફ જતાં ગુજરાત હાઉસીગ બોર્ડ, એકતાનગરની વાયવ્ય દિશાની હદે હદે રેલ્વે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૬૧૦/૨ ની હદ સુધી, ત્યાંથી અગ્નિ દિશા તરફ જતાં સર્વે નં. ૬૧૦/૩ ની પશ્ચિમ દિશાની હદ સુધી અને તેની અંદર આવતો સમગ્ર વિસ્તાર.

વોર્ડ નં. ૧૨

સુચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેસન્સના બ્લોક નંબર	સેસન્સના બ્લોકના ઘરનંબરની વિગત.	બ્લોકના વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૧૨	૧૦૭	૧ થી ૧૧૩	ચામુંડા સોસાયટી, દક્ષ પ્રજાપતિ સોસાયટી
૧૨	૧૦૮	૧ થી ૮૪	દક્ષ પ્રજાપતિ , પ્રજાપતિ છાત્રાલય , વૈશાલી સોસાયટી
૧૨	૧૦૯	૧ થી ૧૭૬	રામેશ્વર નગર, વૈશાલી સોસાયટી પા.પૂ સ્ટાફ કોલોની, ખલીફા સોસાયટી, નટરાજ સોસાયટી, રત્નદિપ સોસાયટી, ખેતરપાળ નગર
૧૨	૧૧૭	૧ થી ૧૩૪	યાદવ નગર, મારૂતી નગર , ગુરૂકૃપા નગર–૧ , રોટરી નગર
૧૨	૧૩૧	૧ થી ૬૪	સાંગ નદી ઉપરના હંગામી આવાસ
૧૨	૧૩૫	૧ થી ૧૧૩	વીર ભગતસિંહ નગર હંગામી આવાસ વિસ્તાર , રહેમત નગર
૧૨	૧૩૬	૧ થી ૧૧૦	પ્રજાપતિ સમાજનો રીલીફ કેમ્પ, રહેમત નગર
૧૨	૧૩૭	૧ થી ૧૩૮	ગોકુલ નગર, રાવલ સમાજ–૧ , શિખ સમાજ પ્રજાપતિ છાત્રાલયની બાજુમાં સ્લમ વિસ્તાર
૧૨	૧૩૮	૧ થી ૯૬	ખેતરપાળ મંદિર પાસે ક્ષત્રીય સમાજ, રાવલ સમાજ, ક્ષત્રીય સમાજ છાત્રાલયની પાછળ, નગરપાલિકા કર્મચારીના મકાનો , જય અંબે નગર , પટેલ સમાજ (મુકતીધામ)
૧૨	૧૩૯	૧ થી ૧૦૭	ખલીફા સોસાયટી, કર્મચારી સોસાયટી, પ્રજાપતિ છાત્રાલય
૧૨	૧૪૮	૧ થી ૮૮	સાંગ નદી ઉપરના હંગામી આવાસ

હદનું વર્ણન

અંજાર નગરપાલિકા વિસ્તારમાં આવેલ અંજાર – મેઘપર રસ્તામાં આવતાં ભૂજ – ગાંધીધામ રેલ્વે લાઈનના ક્રોસીંગથી શરૂ કરી પૂર્વ તરફ જતાં સર્વે નં. ૨૭૪/૧ ની ઉત્તર દિશાની હદે હદે સાંગ નદી ઓળંગીને સર્વે નં. ૨૭૬ ની પશ્ચિમ દિશાની હદ સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં જતાં સાંગ નદીની પૂર્વ બાજુની હદે હદે નદીના પશ્ચિમ દિશામાં જતાં વળાંક પે જતાં રેલ્વે લાઈન સુધી ત્યાંથી નદીના દક્ષિણ તરફના કાંઠાની હદે હદે સર્વે નં. ૬૮૧ ના અગ્નિ દિશામાં આવેલ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સર્વે નં. ૬૮૩ ની પશ્ચિમ દિશાની હદ સુધી આદિપુર – અંજાર રસ્તાની હદે હદે ત્યાંથી વાયવ્ય તરફ જતાં આદિપુર – અંજાર રસ્તાની હદે હદે શિવ શક્તિ સોસાયટીની પશ્ચિમ દિશાની હદ સુધી, ત્યાંથી ઈશાન તરફ જતાં નગરપાલિકા હાઈસ્કૂલની પૂર્વ દિશાની હદે હદે શિવશક્તિ સોસાયટી, શિશુ વિદ્યા મંદિર, ીફા સોસાયટીની વાયવ્ય હદે હદે નટરાજ સોસાયટીન વાયવ્ય હદ અને મેઘપર – અંજાર રસ્તા સુધી, ત્યાંથી અગ્નિ દિશામાં જતાં અંજાર – મેઘપર રસ્તાની હદે હદે યાદવનગર, ગુરૂકુળ સોસાયટીની ઉત્તર દિશાની હદે હદે સર્વે નં. ૬૭૮/૧ પૂર્વ ની હદે હદે એરોડ્રોમ રોડ સુધી, ત્યાંથી પૂર્વ બાજુએ જતાં અંજાર – મેઘપર રસ્તામાં આવતાં રેલ્વે ક્રોસીંગ સુધીની હદ અને તેની અંદરનો સમગ્ર વિસ્તાર.

વી.એચ.શાહ
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

અંજાર નગરપાલિકાની કુલ વસ્તી.	૬૮૩૪૩	
કુલ વોર્ડની સંખ્યા	૧૨	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૫૬૯૫	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૬૨૬૪ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૫૧૨૬
કુલ બેઠકોની સંખ્યા.	૩૬	
સ્ત્રી બેઠકો	૧૨	૧ બેઠક અનુસૂચિત જાતિ ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૩	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૯	
સામાન્ય બેઠકો.	૧૭	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૬૦૪૧	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૫૫૮૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૫૭૧૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૫૫૪૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૫૯૮૧	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૫૬૪૬	પછાતવર્ગ	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૭	૭	૫૭૯૦	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય
૮	૮	૫૪૩૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૫૬૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૫૭૫૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૫૫૦૭	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨	૧૨	૫૬૭૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૬૮૩૪૩			

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 51 REGISTERED No. G/GNR/2

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIV] MONDAY, FEBRUARY 14, 2005/MAGHA 25, 1926

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૧૪–૦૨–૨૦૦૫

ક્રમાંક:રાચપ–ચટણ–સમક–નપા–મહુવા–૨૦૦૫

મહુવા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટાકલમ ૬ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૮ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૧૫૮–૨૦૦૪– એનપીબી–૧૩૨૦૦૪/૩૪૧૧/(૮) આર, તા.૧૯–૧૧–૨૦૦૪થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, મહુવા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે મહુવા નગરપાલિકાને ૧૨ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૩૬ બેઠકો નક્કી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે કરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરુરી છે તો તે સંજોગોમાં રાજ્ય ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૭૦૭૫૬ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૧૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૫૮૯૬ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પૈકી કોઈપણ વોર્ડમાં સરેરાશ વસ્તીથી ૧૦ % થી વધતી નથી કે ૧૦ % થી ઘટતી નથી.

૮. શહેરના ૧૨ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકત્વતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧૨ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૧	૬૨૮૦	૧૨૧૭	૧૯.૩૮
૨	૨	૬૧૮૫	૫૩૪	૮.૬૩
૩	૧૧	૬૦૫૭	૪૧૪	૬.૮૩
૪	૭	૫૬૮૪	૨૬૦	૪.૫૭
૫	૪	૫૯૦૯	૨૬૪	૪.૪૭
૬	૧૦	૬૦૭૬	૨૦૯	૩.૪૪
૭	૯	૫૮૩૫	૧૪૩	૨.૪૫
૮	૫	૬૦૯૯	૮૭	૧.૪૩
૯	૧૨	૫૪૨૬	૬૭	૧.૨૩
૧૦	૬	૫૫૧૯	૨૮	૦.૫૧
૧૧	૮	૫૭૭૧	૨૪	૦.૪૨
૧૨	૩	૫૯૧૫	૧૫	૦.૨૫
કુલ		૭૦૭૫૬	૩૨૬૨	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક અનામત ફાળવવાની રહેતી નથી.૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો ચૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક.
૧	અનુસૂચિત જાતિ

૧૫. અનુસૂચિત આદિજાતિના સ્ત્રી અનામત બેઠક ફાળવવામાં આવેલ નથી.

૧૬. જાહેરનામા અન્વયે અનુસુચિત આદિજાતિ કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૪ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

મહુવા નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૪	૫૯૦૯	૪૫૦૦	૭૬.૧૫
૧૨	૫૪૨૬	૩૭૬૦	૬૯.૩૦
૨	૬૧૮૫	૩૩૮૬	૫૪.૭૪
૧૧	૬૦૫૭	૩૨૦૦	૫૨.૮૩
૬	૫૫૧૯	૨૮૦૦	૫૦.૭૩
૧	૬૨૮૦	૩૦૦૦	૪૭.૭૭
૩	૫૯૧૫	૨૫૯૫	૪૨.૮૭
૭	૫૬૮૪	૨૩૦૦	૪૦.૪૬
૫	૬૦૯૯	૨૨૦૦	૩૬.૦૭
૯	૫૮૩૫	૧૮૦૦	૩૦.૮૫
૮	૫૭૭૧	૧૮૦૦	૩૧.૧૯
૧૦	૬૦૬૭	૧૬૦૦	૨૬.૩૩

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૪,૧૨,૨ અને ૧૧ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે.જે પૈકી ત્રીજા ક્રમે વોર્ડ નં.૨માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૪	પછાતવર્ગ
૧૨	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી
૧૧	પછાત વર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **મહુવા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદ્દત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ **મહુવા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસુચિ–૧
મહુવા નગરપાલિકા, ભાવનગર જીલ્લો

વોર્ડ નંબર–૧

સુચિત નવિન વોર્ડ નંબર.	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		બ્લોકના વિસ્તારની વિગત.
	સેન્સસના બ્લોક નંબર.	સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત. ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧.	૨.	૩.	૪.
નુતનનગર વોર્ડ			
૧	૧	૧ થી ૧૨૬	બાય પાસ થી ઝુંપડપટ્ટી વિસ્તાર જજ સાહેબના બંગલા સુધી
	૨	૧ થી ૧૩૧	જજ સાહેબના ઘરથી બાહુબલી કોમ્પલેક્ષ તથા પેવેલીયન વિસ્તાર
	૩	૧ થી ૧૪૧	જજ સાહેબના બંગલા થી શાળા નં. ૧૨ ઉપરનો વિસ્તાર તથા જમીન વિકાસ બેંક તથા કુબેરબાગ વિસ્તાર
	૪	૧ થી ૧૫૩	નિલમ પાર્ક કોમ્પ્લેક્ષ રોશનવિલા તથા હેવન સિનેમા સામેનો ડેલો
	૫	૧ થી ૬૩	લાધાભાઈ ઘંટીવાળા થી જમણી બાજુ શાળા નં. ૧૨ સુધીનો વિસ્તાર
	૬	૧ થી ૧૩૮	ઈશ્વર સંબ પમ્પથી શાળા નં. ૧૨ ભંગી વાસ ઝુંપડપટ્ટી વિસ્તાર
	૭	૧ થી ૧૫૦	શાળા નં. ૧૨ ના દક્ષિણનો વિસ્તાર રેલ્વે ગુડઝ હેવન સિનેમા સો મીલ મેઘરાજ રોડની જમણી બાજુ રેસ્ટ હાઉસ સુધી
	૮	૧ થી ૧૨૭	મેઘરાજની ડાબી બાજુનો રેલ્વે સિગ્નલનો વિસ્તાર
	૯	૧ થી ૧૪૯	મીલની ચાલી, સંદીપ સિમેન્ટ સામેના ઘર તથા શાળા નં. ૧૪ નોવિસ્તાર
	૧૦	૧ થી ૧૫૮	તળાજા બી. એમ. ટી. રેલ્વે ધર્મશાળા ઝુંપડ પટ્ટી મેઘરાજનો વિસ્તાર
	૧૧	૧ થી ૯૩	મેઘરાજ રોડની જમણીબાજુ બી.એમ.ટી. ઝુપડપટ્ટી.

હદનું વર્ણન :–

શહીદ સ્મારકથી ગવર્નમેન્ટ ઓફીસની પૂર્વ હદે હદે બાલ મંદિરના નૈઋત્ય ખુર્ણેથી અગ્નિ ખુણા સુધી અને ત્યાંથી બાલ મંદિરની પૂર્વ હદે હદે ઉત્તર તરફ સીધા જતા કુબેર બાગની દક્ષિણ હદે હદે અગ્નિ ખુણા સુધી. અને ત્યાંથી કુબેર બાગની પૂર્વ હદે હદે ઉત્તર તરફના ઈશાન ખુણા સુધી અને ત્યાંથી કુબેર બાગની ઉત્તરે હદે હદે પશ્ચિમ તરફ કેનાલ રોડ સુધી.કેનાલ રોડ ઉપર ઉત્તર.તરફ જતા રોશનવિલા મકાનની દક્ષિણ હદે હદે ડો.બાબા સાહેબ આંબેડકરના બાવલા પાસેના પૂર્વ બાજુના રોડની દક્ષિણ બાજુથી ઉતર તરફ લેબર કોલોનીની પૂર્વ હદ સુધી,ત્યાંથી લેબર કોલોનીની દક્ષિણ હદે હદે અને પશ્ચિમ હદે હદે ચાલીને સ્ટેશન રોડ સુધી અને ત્યાંથી પૂર્વ તરફ સ્ટેશન રોડ ઉપર ચાલતા ચાલતા નવા બસ સ્ટેન્ડના અગ્નિ ખુણા સુધી. ત્યાંથી નવા બસ સ્ટેન્ડની પૂર્વ હદે હદે ઉમણીયા વદર રોડ સુધી આવ્યા બાદ આ ઉમણીયા વદર રોડ ઉપર મ્યુનિસિપલ હદે હદે ચાલીને રે.સ.નં.–૨૨૫ની દક્ષિણ હદ સુધી.આ રે.સ.નં.–૨૨૫ની દક્ષિણ હદે (મ્યુનિ. હદે હદે) બી.એમ.ટી. રેલ્વે લાઈન સુધી અને ત્યાંથી રે.સ.નં.–૨૧૬/૨ની પૂર્વ હદે હદે અને ઉત્તર હદે હદે ફરી વખત બી.એમ.ટી. રેલ્વે લાઈન સુધી તથા બી.એમ.ટી. રેલ્વે લાઈનની દક્ષિણ હદે (મ્યુનિ. હદે હદે) ચાલીને માધવ ડેરીની ઉત્તર હદે હદે અને પશ્ચિમ (મ્યુનિ. હદે હદે) દક્ષિણ તરફ આવતાં સાવર કુંડલા રોડ સુધી. સાવર કુંડલા રોડથી દક્ષિણ બાજુ મ્યુનિ. હદે હદે આવતાં છેક રેલ્વે સ્ટેશન ઉત્તર હદ સુધી. ત્યાંથી પશ્ચિમ બાજું મ્યુનિ. હદે હદે ચાલીને સાવર કુંડલા રેલ્વે લાઈન ઓળંગીને મ્યુનિ. હદે હદે ઈન્દીરા નગરનાં વાયવ્ય ખુણા સુધી અને ત્યાંથી ઈન્દીરા નગરની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ જતાં ઈન્દીરા નગરની વચ્ચે થઈને ઈન્દીરા નગરની પુર્વ હદે વચ્ચે સુધી અને ત્યાંથી ઈન્દીરા નગરની પૂર્વ હદે હદે ઉત્તર તરફ જતા રેલ્વે હદ સુધી ત્યાંથી રેલ્વે હદે હદે પૂર્વ તરફ જઈને પછી બંદર રેલ્વે હદે હદે હાઉસીંગ બોર્ડના અગ્નિ ખુણા સુધી અને ત્યાંથી પથિક આશ્રમની દક્ષિણ હદે હદે શહીદ સ્મારક સુધી.

INDEX

વોર્ડ નં.૨

૨	૧૨	૧ થી ૧૩૬	પોલીસ ચોકી લાઈન, એમ. એન. હાઈસ્કુલ તથા એસ.ટી. મેનેજર ક્વાર્ટર્સ તથા મ્યુનિ.શોપીંગ સેન્ટર,
	૧૩	૧ થી ૧૩૯	શાળા નં. ૧ થી ટી.સી. પટ્રોલ પંપ,ડીસ્ટ્રીક બેંક, કમલપાન, ગીરી કોલ્ડ્રીક, ગ્લોબ ટોકીઝ
૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી–૧૭૨–૨૦૦૪– એનપીબી–૧૩૨૦૦૪/૩૪૧૧/(૨૪) આર, તા.૧૯–૧૧–૨૦૦૪ થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ગોધરા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે ગોધરા નગરપાલિકાને ૧૪ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૪૨ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩:૩૬૫૫: એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરુરી છે તો તે સંજોગોમાં રાજય ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧,૨૧,૮૭૯ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૧૪ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૮,૭૦૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પૈકીવોર્ડ નં.૧૪ સિવાય કોઈપણ વોર્ડમાં સરેરાશ વસ્તીથી ૧૦% થી વધતી નથી કે ૧૦% થી ઘટતી નથી.

INDEX

૮. શહેરના ૧૪ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસુચિત જાતિ/ અનુસુચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસુચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસુચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૨	૭૯૭૨	૧૯૫૨	૨૪.૪૯
૨	૧૨	૯૪૦૨	૨૧૧૭	૨૨.૫૨
૩	૧	૮૯૯૫	૧૩૭૦	૧૫.૨૩
૪	૧૧	૯૧૧૮	૯૨૭	૧૦.૧૭
૫	૪	૭૯૦૭	૫૧૧	૬.૪૬
૬	૩	૯૨૧૮	૪૭૯	૫.૨૦
૭	૧૪	૯૯૭૬	૪૧૮	૪.૧૯
૮	૧૦	૮૯૯૧	૨૭૮	૩.૦૯
૯	૫	૮૯૪૫	૨૦૩	૨.૨૭
૧૦	૧૩	૮૧૦૬	૩૪	૦.૪૨
૧૧	૮	૮૬૪૫	૨૨	૦.૨૫
૧૨	૬	૮૩૧૩	૧૦	૦.૧૨
૧૩	૯	૮૨૧૭	૦	૦
૧૪	૭	૮૦૭૪	૦	૦
કુલ		૧૨૧૮૭૯	૮૩૨૧	

૧૩. આમ, અનુસુચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૨,૧૨ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસુચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસુચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા દર ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૨ અને ૧૨ માં અનુસુચિત જાતિ માટે અને વોર્ડ નં.૧ અનુસુચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવામાં આવે છે.

INDEX

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨,૧૨ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૨	અનુસૂચિત જાતિ
૧૨	અનુસૂચિત જાતિ.
૧	અનુસૂચિત જાતિ સ્ત્રી.

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલીકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી.	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૧	૮૯૯૫	૧૬૩૦	૧૮.૧૨
૨	૩	૯૨૧૮	૧૧૮૩	૧૨.૮૩
૩	૨	૭૯૭૨	૭૯૫	૯.૯૭
૪	૪	૭૯૦૭	૫૮૦	૭.૩૪
૫	૧૨	૯૪૦૨	૬૪૫	૬.૮૬
૬	૧૪	૯૯૭૬	૩૯૨	૩.૯૩
૭	૫	૮૯૪૫	૨૨૬	૨.૫૩
૮	૧૧	૯૧૧૮	૧૮૦	૧.૯૭
૯	૧૩	૮૧૦૬	૮૮	૧.૦૯
૧૦	૧૦	૮૯૯૧	૫૪	૦.૬૦
૧૧	૮	૮૬૪૫	૧૮	૦.૨૧
૧૨	૬	૮૩૧૩	૦	૦
૧૩	૯	૮૨૧૭	૦	૦
૧૪	૭	૮૦૭૪	૦	૦
કુલ		૧૨૧૮૭૯	૫૭૯૧	

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં.૧ અને ૩ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬:અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વોર્ડોને વોર્ડવાર ઉતરતાક્રમમાં ગોઠવતા દર ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. પરંતુ જાહેરનામા અન્વયે ફકત બે બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ હોઈ વોર્ડ નં.૧માં અનુસૂચિત આદિજાતિ માટે અને, વોર્ડ નં.૩ અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠક માટે અનામત રાખવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૧ અને ૩ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

વોર્ડ નંબર	બેઠક.
૧	અનુસૂચિત આદિજાતિ
૩	અનુસૂચિત આદિજાતિ–સ્ત્રી

INDEX

૧૭. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૪ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

ગોધરા નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૭	૮૦૭૪	૭૬૬૭	૯૪.૯૬
૨	૯	૮૨૧૭	૭૪૧૭	૯૦.૨૬
૩	૮	૮૬૪૫	૭૭૮૧	૯૦.૦૧
૪	૬	૮૩૧૩	૭૪૮૨	૯૦.૦૦
૫	૧૪	૯૯૭૬	૮૦૪૯	૮૦.૬૮
૬	૧૩	૮૧૦૬	૨૨૩૪	૨૭.૫૬
૭	૪	૭૯૦૭	૨૦૮૫	૨૬.૪૦
૮	૫	૮૯૪૫	૨૨૭૬	૨૫.૪૪
૯	૨	૭૯૭૨	૧૮૯૫	૨૩.૭૭
૧૦	૩	૯૨૧૮	૨૧૦૩	૨૨.૮૧
૧૧	૧	૮૯૯૫	૧૮૫૩	૨૦.૬૦
૧૨	૧૦	૮૯૯૧	૧૮૧૨	૨૦.૧૫
૧૩	૧૧	૯૧૧૮	૧૭૧૭	૧૮.૮૩
૧૪	૧૨	૯૪૦૨	૮૬૧	૯.૧૬
કુલ		૧,૨૧,૮૭૯	૫૫,૨૩૨	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૭,૯,૮ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે.જે પૈકી વોર્ડ નં.૭,૯ અને ૬ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૮ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. સબબ, વોર્ડ નં.૮ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ નં.૭,૯ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૭	પછાતવર્ગ
૯	પછાતવર્ગ
૮	પછાતવર્ગ સ્ત્રી
૬	પછાત વર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને ગોધરા નગરપાલિકાનું આ સાથે જોડાણ અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી પંચે ગોધરા નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
ગોધરા નગરપાલિકા જી. પંચમહાલ

વોર્ડ નંબર–૧

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧	૧	૧/૪૯૭ થી ૧/૫૧૭	શહેરા ભાગોળ પાસે બોકડા ચાલ. હરીજન, મુસ્લીમ શેખ વિ.
	૨	૧/૫૧૮ થી ૧/૫૬૫	કુદરત શાના તકીયા. મુસ્લીમ, શેખ, પઠાણ, બારીયા.
	૩	૧/૧ થી ૧/૭૨	અભરામ પટેલનું મુવાડુ ઘરનં. ૧ થી ૭૨ સુધી નાયક, નાયકા વિ.
	૪	૧/૭૩ થી ૧/૧૫૭	અભરામ પટેલનું મુવાડુ ઘરનં. ૭૩ થી ૧૫૭ સુધી નાયક, નાયકા વિ.
	૫	રેલ્વે	રેલ્વે.મુસ્લીમ, શેખ, પઠાણ, મહારાષ્ટ્રીયન બ્રાહમણ, રાજપુત, હરીજન, બારીયા, આદીવાસી વિ.
	૬	રેલ્વે	રેલ્વે.મુસ્લીમ, શેખ, પઠાણ, મહારાષ્ટ્રીયન બ્રાહમણ, રાજપુત, હરીજન, બારીયા, આદીવાસી વિ.
	૭	રેલ્વે	રેલ્વે.મુસ્લીમ, શેખ, પઠાણ, મહારાષ્ટ્રીયન બ્રાહમણ, રાજપુત, હરીજન, બારીયા, આદીવાસી વિ.
	૮	રેલ્વે	રેલ્વે.મુસ્લીમ, શેખ, પઠાણ, મહારાષ્ટ્રીયન બ્રાહમણ, રાજપુત, હરીજન, બારીયા, આદીવાસી વિ.
	૯	રેલ્વે	રેલ્વે.મુસ્લીમ, શેખ, પઠાણ, મહારાષ્ટ્રીયન બ્રાહમણ, રાજપુત, હરીજન, બારીયા, આદીવાસી વિ.
	૧૫	૧/૫૬૫/સીએ થી ૧/૬૧૫	ખાડી ફળીયા સેવાણીના કેબીન સામેનાં ડાબા હાથના ખુંટથી પ્રજાપતિ, કુંભાર, રાણા, સિંધી, મુસ્લીમ, વિ.
	૧૬	૧/૬૧૬ થી ૧/૬૪૦/એ	મનહરલાલની ચાલ થી શરૂ કરી મારવાડી વાસ થઈ રસુલ સીધીના ઘર સુધી. મારવાડી, કુંભાર, રાજપુત, વિ.
	૧૭	૧/૬૪૧ થી ૧/૬૭૧/બી	ભાથીજી ના મંદીરમોહોલ્લો,નાડીયાવાસ,. નાડીયા, વિ.
	૧૮	૧/૬૭૧/ડીએ થી ૧/૭૧૧	નાડીયાવાસ , નાડીયા વિ.
	૧૯૨	૧/૬૭૩ ડી થી ૧/૭૦૯	નાડીયાવાસ , નાડીયા વિ.
	૨૦	૧/૨૯૪ થી ૧/૫૭૦/ડીબી/૪૨	રામનગર (જય યજ્ઞેશ્વર),ગૌતમનગર,ગાયત્રી સોસાયટી,નવી ચિત્રાખાડી,પટેલ, બ્રાહમણ, રાણા, પંચાલ, દલિત, પ્રજાપતિ વિ.

હદનું વર્ણન

ઉત્તરે સર્વે નં.૧૦૬૭ ની પૂર્વે હદે જી.આઈ.ડી.સી.ની પશ્ચિમે આવેલ અભરામ પટેલના મુવાડાની પૂર્વની હદે હદે નીચે દક્ષિણ તરફ જતા દોઢપા તપાળવની પશ્ચિમે અને સ.નં.૧૦૬૭, ૯૭૩, ૯૬૦, ૯૯૫, ૯૦૬ ની પૂર્વની દક્ષિણ તરફ જતાં હદે હદે અમદાવાદ હાઈવે ક્રોસ કરી એસ.ટી. નગરની પશ્ચિમે આવેલ જય યોગેશ્વર સોસાયટી, રામ નગર સોસાયટી, આંબેડકર સોસાયટીની પૂર્વેની હદે હદે દક્ષિણ તરફ જતાં સિંદુરી માતાના મંદિરની પશ્ચિમે છકડાવાડની પૂર્વની દક્ષિણ તરફ હદે હદે બાદશાહ બાવાના ટેકરાની પૂર્વેની હદે હદે તેમજ પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં કુંભારવાડા બોકડા ચાલ થઈ ડાકોર–દાહોદની રેલ્વે લાઈનની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જઈ દક્ષિણે પોલીસ ચોકી નં.૭ ની પૂર્વ/દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ સ.નં.૬૦૭ ની ઉત્તરે તરફ જતાં ભામૈયા ગામની ભાગળોની ઉત્તરે જતાં સ.નં.૬૫૨, ૬૫૪ ની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં ક્રોસ કરી ભામૈયા ગામની પૂર્વે સ.નં.૬૬૪, ૬૬૬, ૬૬૮, ૬૬૯, ૬૭૪ ની ઉત્તરની હદે હદે થઈ વાયવ્ય સ.નં.૬૭૫, ૬૭૮, ૬૮૦, ૬૮૩, ૬૮૫ ની પશ્ચિમની હદે હદે થઈ ત્રાંસમાં દક્ષિણ તરફ દરૂણીયા ગામની દક્ષિણની હદે હદે ઉત્તર તરફ જતાં સ.નં.૪૫૪૮ અને ૪૫૪૮/બ ની વાયવ્ય હદે હદે ઉત્તર તરફ દરૂણિયા ગામ તરફ જતો રસ્તો ક્રોસ કરી ઉત્તરે સ.નં.૧૦૦૧, ૧૦૦૨, ૧૦૪૬, ૧૦૬૦, ૧૦૬૪, ૧૦૬૬ ની વાયવ્યની હદે હદે ઉત્તર તરફ સ.નં.૧૦૬૭ ની પૂર્વની હદ સુધીનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર–૨

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૨	૧૦	૧/૨૫૫ થી ૧/૨૯૨	ભુરાવાવ ઝુલેલાલ સોસાયટી હિન્દુ, સિંધી,બારીયા,વાગડીયા, પ્રજાપતિ.
	૧૯૦	૧/૨૫૫ એ થી ૧/૨૮૦	ભુરાવાવ ઝુલેલાલ સોસાયટી હિન્દુ, સિંધી,બારીયા,વાગડીયા, પ્રજાપતિ.
	૧૧	૧/૨૯૫ થી ૧/૩૭૦	ડબગરવાસ. હિન્દુ,સિંધી, ડબગર, હરીજન, બ્રાહમણ, પ્રજાપતિ, ખરાદી, પંચાલ, પટેલ, તીરગર વિ.
	૧૯૧	૧/૨૯૭ એ થી ૧/૩૨૦	ડબગરવાસ. હિન્દુ,સિંધી, ડબગર, હરીજન, બ્રાહમણ, પ્રજાપતિ, ખરાદી, પંચાલ, પટેલ, તીરગર વિ.
	૧૨	૧/૩૭૩ થી ૧/૩૮૬	છછુમલ રાયચંદ સામયાણી ના મકાન નં.૧/૩૭૩ થી ખરાદી, પ્રજાપતિ, સિંધી, વિ.
	૧૩	૧/૩૮૭ થી ૧/૪૪૯/એ	ખુશાલદાસ મેઘનમલ લાલવાણી મકાનં.૧/૩૮૭ થી તીરગર, પ્રજાપતિ, સિંધી,વિ.
	૧૪	૧/૪૪૯/બી થી ૧/૪૯૬	મોહનભાઈ વીરાભાઈ ચૌહાણ ના મકાન નં.૧/૪૪૯/બી થી તીરગર, સિંધી, હરીજન, પ્રજાપતિ, વિ.
	૧૯	૧/૨૯૩ થી ૧/૨૯૩/બી/૨૦	એસ.ટી. નગર,આંબેડકર સોસાયટી . રાજપુત, પટેલ, બારીયા, આદીવાસી, દલિત,પછાત જાતી. વિ.
	૨૧	૧/૨૧૩ થી ૧/૨૩૪	એસ. આર. પી. મહારાષ્ટ્રીયન, બારીયા, હરીજન, દલિત, પટેલ,રાજપુત વિ.
	૨૨	૧/૨૧૩ થી ૧/૨૩૪	એસ. આર. પી. મહારાષ્ટ્રીયન, બારીયા, હરીજન, દલિત, પટેલ,રાજપુત વિ.
	૨૩	૧/૨૧૩ થી ૧/૨૩૪	એસ. આર. પી. મહારાષ્ટ્રીયન, બારીયા, હરીજન, દલિત, પટેલ,રાજપુત વિ.
	૨૪	૧/૨૧૩ થી ૧/૨૩૪	એસ. આર. પી. મહારાષ્ટ્રીયન, બારીયા, હરીજન, દલિત, પટેલ,રાજપુત વિ.
	૨૫	૧/૨૧૩ થી ૧/૨૩૪	એસ. આર. પી. મહારાષ્ટ્રીયન, બારીયા, હરીજન, દલિત, પટેલ,રાજપુત વિ.
	૨૬	૧/૨૧૩ થી ૧/૨૩૪	એસ. આર. પી. મહારાષ્ટ્રીયન, બારીયા, હરીજન, દલિત, પટેલ,રાજપુત વિ.
	૨૭	૧/૧ થી ૧/૨૬	ડબગરવાસ શહેરા ભાગોળ ફાટક પાસે ડબગર, પ્રજાપતિ, સિંધી, ભોઈ વિ.
	૨૮	૧/૨૭ થી ૧/૮૩/ડીડી	પાવર હાઉસ ઘર નં.૧/૨૭ થી શરૂ સિંધી, પ્રજાપતિ, ખરાદી, વિ.

હદનું વર્ણન

એસ.આર.પી. નગરની પૂર્વેની હદે હદે દક્ષિણ તરફ જતાં એફ.સી.આઈ.ગોડાઉનની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં જય ઝુલેલાલ સોસાયટીની પૂર્વની હદે હદે લુણાવાડા હાઈવેના મધ્ય બિંદુથી દક્ષિણ તરફ જતાં વાગડીયાવાસ ગૌશાળાની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં લુણાવાડા રોડ અને અમદાવાદ હાઈવેને ક્રોસ થતી ચોકડીથી પૂર્વ તરફ જતાં હોટલ સતલુજની ઉત્તરની હદે પૂર્વ તરફ જતાં ગણેશ સોસાયટીની પશ્ચિમની હદે હદે અમદાવાદ હાઈવેની મધ્યબિંદુની દક્ષિણ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં દાહોદ–ડાકોર રેલ્વે લાઈનની પશ્ચિમ તરફ જતાં રેલ્વે લાઈનની દક્ષિણની હદે હદે તેમજ હરીદયા સોસાયટી, મોદીની વાડીની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં રેલ્વે ફાટક ક્રોસ કરી ઉત્તર તરફ જતાં કુંભારવાડાની દક્ષિણ પૂર્વની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં સીદુરી માતાનું મંદિરની પશ્ચિમની હદે તથા છકડાવાડની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં એસ.ટી.નગરની પશ્ચિમની હદે જય યજ્ઞનેશ્વર સોસાયટીની પૂર્વની હદે હદે ઉત્તર તરફ અમદાવાદ હાઈવે ક્રોસ કરી ઉત્તર તરફ જતાં સ.નં.૯૦૭, ૯૧૦, ૧૨૩૦, ૧૦૯૩, ૧૦૯૭ ની પૂર્વની હદે ઉત્તર તરફ જતાં દોઢપા તળાવની વાયવ્યની હદે ઉત્તર તરફ જતાં જી.આઈ.ડી.સી. અભરામ પટેલના મુવાડાની પૂર્વની હદે હદે તેમજ જી.આઈ.ડી.સી.ની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં વાયવ્ય તરફ જતાં સ.નં.૧૦૯૭ ના દક્ષિણ/વાયવ્ય હદે હદે ઈશાન તરફ જતાં સ.નં.૧૧૧૧, ૧૧૨૨, ૧૧૧૦ ની વાયવ્ય ની હદે હદે તેમજ દરૂણિયા ગામના સીમાડાની અગ્નિ દિશાની હદે હદે ઈશાન તરફ જતાં લુણાવાડા હાઈવે રોડ સુધીની હદમાં આવેલો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૩

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૩	૨૯	૧/૧૧૮/એએ થી ૧/૧૧૮/જેએન/૧૮૪	અમદાવાદ હાઈવેરોડ બરોડા ડીઝલ્સ ની દુકાનના મકાનથી શરૂ પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૧૯૩	૧/૧૧૮ સી એ થી ૧/૧૧૮ વાય સી	અમદાવાદ હાઈવેરોડ બરોડા ડીઝલ્સ ની દુકાનના મકાનથી શરૂ પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૩૦	૧/૧૧૯/એસએન/૨ થી ૧/૧૧૯/એસએસ/૭૭	જય સોમનાથ સોસાયટી ના મકાનો થી પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૧૯૪	૧/૧૧૯/એસએન/૨ થી ૧/૧૧૯/એસએસ/૭૭	જય સોમનાથ સોસાયટી ના મકાનો થી પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૩૧	૧/૧૧૯/વીએલબી/૧ થી ૧/૧૧૮/એચએન/૫૩ સુધી	વલ્લભનગર સોસાયટી ,ચક્રધારી સોસાયટી,ગણેશનગર સોસાયટી,હરિઓમ નગર. રાજપુત,પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૧૯૫	૧/૧૧૯ ડબ્લ્યુ ડબ્લ્યુ થી ૧/૧૧૯ વાય એ	વલ્લભનગર સોસાયટી ,ચક્રધારી સોસાયટી,ગણેશનગર સોસાયટી, હરિઓમ નગર. રાજપુત,પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૩૨	૧/૧૧૯/એ/૧ થી ૧૯૪/બીએમ/૫૮	જયયોગેશ્વર સોસાયટી, સુવિધાનગર સોસાયટી,પાર્વતીનગર સોસાયટી, બ્રહમા સોસાયટી રાજપુત,પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૩૩	૧/૧૯૪/જીએનએસ/૧ થી ૧/૨૦૮/અવી/૫૬	ગાયત્રીનગર સોસાયટી,ગોર્વધનનગર સોસાયટી,પંચવટી સોસાયટી, આવાસ સોસાયટી,પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ, વિ.
	૩૪	૧/૧૯૪/વીએન/૧ થી ૧/૧૯૪/પીડી/૨૧	વિનાયકનગર સોસાયટી,જલારામ સોસાયટી,કૃષ્ણાપાર્ક સોસાયટી, સુંદરવન ટીવીન્સ, દર્શન ટેનામેન્ટસ,પદમાવતી સોસાયટી. પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ, દરજી, વિ.
	૩૫	૧/૯૩ થી ૧/૧૧૧ સુધી	ભુરાવાવ હાઈવે, જય યોગેશ્વર સોસાયટી,ગૌશાળા,જંયત ઓઈલ મીલના કંમ્પાઉન્ડ.સિંધી,પટેલ,બ્રાહમણ,વરીયા,પ્રજાપતિ, પંચાલ વિ.
	૩૬	૧/૧૧૧/ડીકે થી ૧/૨૦૭	વાગડીયાવાસ,રણછોડરાય મીલ કંમ્પાઉન્ડ,આંબાવાડી દયાનંદ સોસાયટી, વાગડીયા,સિંધી, પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.
	૩૭	૧/૨૦૮ થી ૧/૨૫૪	એફ.સી.આઈ. ગોડાઉન,નવચેતન સ્કૂલ,વૈભવનગર,સંત કેવલ સોસાયટી,જી.આઈ.ડી.સી. સુધી (સિવાય એસ.આર.પી.ગ્રૂપ એસ. ટી.નગર) સિંધી, પટેલ, બ્રાહમણ, વરીયા, પ્રજાપતિ, પંચાલ વિ.

હદનું વર્ણન

ગોવીંદી ગામના સીમાડાની દક્ષિણે સ.નં.૮૯ ની ઉત્તર/પૂર્વ હદથી દક્ષિણ તરફ જતાં જાફરાબાદ સીમાડાની પશ્ચિમે અને સ.નં.૯૦, ૯૭, ૧૦૩, ૧૦૪ પૂર્વની હદે હદે થઈ દાહોદ રેલ્વે લાઈનની દક્ષિણની હદે તથા વાગડીયાવાસની ઉત્તરે રેલ્વે લાઈનની હદે હદે પશ્ચિમ તરફ જતાં અને સ.નં.૧૮૨, ૧૭૯, ૧૭૮ ની હદે હદે ઉત્તર રેલ્વે લાઈનની હદે હદે અને માર્કેટીગયાર્ડની ઉત્તર હદે દાહોદ રેલ્વે લાઈનની અને પશ્ચિમે ઓવરબ્રિજથી ઉત્તરની હદે હદે ગણેશ સોસાયટી, પાર્વતી નગરની દક્ષિણની હદે હદે થઈ પશ્ચિમે અમદાવાદ હાઈવે અને લુણાવાડા હાઈવે ચોકડીની ઉત્તરે લુણાવાડા રોડથી પૂર્વ તરફ ઉત્તર તરફ જતાં પૂર્વ તરફ ગૌશાળા સતગુરૂ હોટલ, વાઘડીયાવાસ, રણછોડરાય મીલ, એફ.સી.આઈ.ગોડાઉનની પશ્ચિમની હદે હદે જી.આઈ.ડી.સી., કોલીયારીની પૂર્વે હદે હદે અને નવચેતન સ્કુલની પશ્ચિમની હદે હદે ઘનોલ ગામના સીમાડાની હદ સુધી પૂર્વ તરફ જતાં ઉત્તર તરફ જતાં સ.નં.૧૦૬૦, ૧૦૬૩,૧૦૬૮, ૧૧૧૨, ૪૦, ૪૪, ૪૮, ૪૯ ની ઉત્તરની હદે હદે અને ગોવિંદી ગામના સીમાડાની દક્ષિણે સ.નં.૭૩, ૮૦, ૮૫, ૮૮ ની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જતાં સ.નં.૮૯ ની ઉત્તર/પૂર્વની હદ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૪

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૪	૪૭	૨/૪૭૫ થી ૨/૫૮૮/એ	અંકલેશ્વર પાસે,લુહાર ફળીયુ,ગોપીનાથ પાર્ક, ભોઈ,વાઘરી,પટેલ,બ્રાહમણ, વાણિયા, પંચાલ,રાણા, વિ.
	૪૮	૨/૫૯૫/એ થી ૨/૬૫૮/૧	ભોઈવાડા, સુથારના મકાન સુધી. ઘરનં.૨/૬૫૮/૧ ભોઈ,વાઘરી, ધોબી, વિ.
	૪૯	૨/૫૧૧ થી ૨/૫૭૩/ઈ/૧	પત્થર તલાવડી,રિમાન્ડહોમ,વગડીયાવાસ,સંરક્ષણ ગૃહ,પત્થર તલાવડીના કિનારે,વાગડીયાવાસ રોડ,રેવન્યુ કર્મચારી સોસાયટી,સી.જી. રાજપુત.વાગડીયા, ભોઈ,વાઘરીપટેલ,બ્રાહમણ, વાણિયા, પંચાલ,રાણા, વિ.
	૧૯૭	૨/૫૭૪ એ થી ૨/૫૭૮ સી	પત્થર તલાવડી,રિમાન્ડહોમ,વાગ્ડીયાવાસ,સંરક્ષણ ગૃહ,પત્થર તલાવડીના કિનારે,વાગડીયાવાસ રોડ,રેવન્યુકર્મચારી સોસાયટી,સી.જી. રાજપુત.વાગડીયા, ભોઈ,વાઘરી,પટેલ,બ્રાહમણ, વાણિયા, પંચાલ,રાણા, વિ.
	૫૦	૨/૫૭૩/એફ થી ૨/૫૮૫	રેવન્યુ કર્મચારી સોસાયટી,ભોઈવડા,અલંકાર સોસાયટી. રાજપુત,પટેલ, પંચાલ,સુથાર,સિંધી, વિ.
	૫૧	૨/૪૦૭ થી ૨/૪૬૧ સુધી	પોલીસ હેડ ક્વાર્ટર્સ બ્રાહમણ, બારૈયા,ઠાકોર,પટેલ, મુસ્લીમ,મરાઠી વિ.
	૫૨	૨/૪૦૭ થી ૨/૪૬૧ સુધી	પોલીસ હેડ ક્વાર્ટર્સ બ્રાહમણ, બારૈયા,ઠાકોર,પટેલ, મુસ્લીમ,મરાઠી વિ.
	૫૩	૨/૪૦૭ થી ૨/૪૬૧ સુધી	પોલીસ હેડ ક્વાર્ટર્સ બ્રાહમણ, બારૈયા,ઠાકોર,પટેલ, મુસ્લીમ,મરાઠી વિ.
	૫૪	૩/૨૮૮ થી ૩/૩૧૨	ચોખંડી પોળ,ચંપા કુવા. કાછીયાપટેલ,બ્રાહમણ,રાણા વિ.
	૫૫	૩/૩૧૩ થી ૩/૩૪૯	ચંપાકુઈ,બાવાની મઢી,ચંપાકુવા,. કાછીયાપટેલ,બ્રાહમણ, વિ.
	૫૬	૩/૩૫૦ થી ૩/૩૯૪	ચંપાકુવા,કાછીયાવાડ,બાવાની મઢી.કાછીયાપટેલ, બ્રાહમણ,પ્રજાપતિ,રાણા વિ.
	૫૭	૩/૩૯૫ થી ૩/૪૪૩	કાછીયાવાડ બગીચારોડ,શાળાપોળ,કન્યાશાળા પાસેના દરવાજા. પ્રજાપતિ, બ્રાહમણ, કાછીયાપટેલ, રાણા, પંચાલ વિ.
	૫૮	૩/૪૪૪ થી ૩/૪૯૪	શાળા પોળ,કન્યાશાળા,શહેરા ભાગોળ,ઉગરવાસ,કૃષ્ણ ભુવન. કાછીયાપટેલ,સિંધી,ડબગર,બ્રાહમણ,વાણીયા,વિ.
	૧૬૫	૩/૧ થી ૩/૨૦૫	કલાલ દરવાજો, નુતન બાલ મંદીર,મ્યુની.ઓફીસ, સૈયદવાડા , રણછોડજી મંદીર સામે . સિંધી,સૈયદ,મોર્ચ,વાણીયા,બ્રાહ્મણ,મરાઠા વિ.
	૧૭૩	૯/૧૨૭૫ થી ૯/૧૩૧૪/એ	પોસ્ટ ઓફીસ સામે ,જહુરપુરા ફુલ પાછળ,એસ.ટી. સ્ટેન્ડ.મુસલમાન શેખ, વિ.
	૧૭૭	૯/૮૮૫ થી ૯/૯૭૯	શહેરા ભાગોળ ગોકુલ નાથજી મંદીરના ફળીયું,સ્ત્રીઓના સ્વામીનારાયણ મંદીર,દેસાઈવાળા,સ્વામીનારાયણ મંદીર (પુરૂષો) સુધી. વાણીયા,બ્રાહમણ,કાછીયાપટેલ,કેનકસારા, પંચાલ વિ.
	૧૭૮	૯/૯૮૦ થી ૯/૧૦૪૪/૧	શહેરા ભાગોળ ડબગરવાડ રોડ,લીમ્બચ માતાના ફળીયુ,ચીઠીયાગડ,બેન્ક ઓફ બરોડા પાછળ રોડ સુધી. ડબગર,પારેખ,કાછીયા,બ્રાહમણ,વાણીયા,સિંધી વિ.

હદનું વર્ણન

પૂર્વે જાફરાબાદ ગામના સીમાડાની પશ્ચિમે આવેલ વર્ધમાન નગર સોસાયટીની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતા અને જાફરાબાદના સીમાડાની પશ્ચિમની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં ભાનુપ્રસાદ જોષીના મકાનની પૂર્વની હદે હદે પશ્ચિમ તરફ બિપીનચંદ્ર નું મકાન, ભોઈના છાપરાની દક્ષિણ તરફની હદે હદે અને ઢોરના દવાખાનાની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં લાલબાગ બસ સ્ટેન્ડની પૂર્વની હદે હદે પશ્ચિમ તરફ ઘાનકાવાડની પશ્ચિમે અને શોપીંગ સેન્ટરની પૂર્વની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં નુતન બાલ મંદિર, મ્યુનિસીપાલીટી, સૈયદવાડાની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં પૂર્વ/ઉત્તરની હદે હદે રામજી મંદિરની પશ્ચિમે ઉત્તરે મજમુદાર ફળીયુ, જહુરપુરા શોપીંગ સેન્ટર વિમાનવાલા હાઈવેરની હદે થઈ ઉત્તર તરફની દેસાઈ ચાલની પૂર્વ હદે આવેલ જનરલ પોસ્ટ ઓફિસ, જુના એસ.ટી. સ્ટેન્ડની હદે થઈ સ્ટેશન તરફ જતો રસ્તો ક્રોસ કરી મંજુબા ધર્મશાળાની હદે હદે અને ગીદવાણી રોડની પૂર્વ તરફ ચીઠીયાવાડ, બેન્ક ઓફ બરોડાનો વિસ્તાર થઈ પૂર્વ તરફ શહેરા ભાગોળ, કન્યા શાળા થઈ ઉત્તરે મ્યુની. બાગની સામે, દક્ષિણે બગીચા રોડની અડીને આવેલ શોપીંગ સેન્ટરની પૂર્વની હદે હદે થઈ તથા ઉત્તરે રાણા સોસાયટી, નંદનવન સોસાયટી, શક્તિ નગરની પૂર્વ અને દક્ષિણ હદે આવેલ પોલીસ હેડ ક્વાર્ટરની હદે થઈ ઉત્તરે દાહોદ રેલ્વે લાઈનની દક્ષિણથી પૂર્વ તરફ સ.નં.૧૭૮, ૧૭૯, ૧૮૧, ૧૮૨ની હદે હદે થઈ પૂર્વ તરફના છેડે આવેલ વાગડીયાવાસ સુધીની હદનો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૫

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૫	૩૮	૨/૧૨૩ થી ૨/૧૮૯/૪	દડીની ચાલ,ગીદવાણી રોડ ૫૨ સતીબેન ભોજુમલના મકાન નં.૨/૧૮૯/૪ સુધી. સિંધી, ડબગર વિ.
	૩૯	૨/૧૯૦ થી ૨/૨૩૩	ગીદવાણી રોડ,શહેરાભાગોળ પેટ્રોલ પંમ્પફાટક,સિંધી,ડબગર વિ.
	૪૦	૨/૨૩૪ થી ૨/૨૪૨	કન્યાશાળા સામેના મેઈન રસ્તા મોદીની વાડી નં.૧,મોદીની વાડી નં.૨ ના કુવા સુધી. પટેલ, પંચાલ, વાણિયા, વિ.
	૪૧	૨/૨૪૩ થી ૨/૩૪૧	મોદીની વાડી નં.૨,મોદીની વાડીનં.૩. સુથાર,પંચાલ,પટેલ, મીસ્ત્રી,વાણિયા, વિ.
	૪૨	૨/૩૪૨ થી ૨/૩૬૮	મોદીની વાડી નં. ૩,હરિદયા કો.ઓ.સોસાયટી, શીખ વસાહત, માર્કેટીગ યાર્ડ, સુથાર,પંચાલ,પટેલ, મીસ્ત્રી,વાણિયા, વિ.
	૪૩	૨/૩૭૭ થી ૨/૩૮૧/ડી/૧૬	માર્કેટીગ યાર્ડ રાણા સોસાયટી. રાણા, વિ.
	૪૪	૨/૩૮૧/સી થી ૨/૪૦૦	રાણા સોસાયટી,માર્કેટીગ યાર્ડના ઝાંપા સુધી. રાણા, વાઘરી,વિ.
	૪૫	૨/૩૯૯/એ/૮ થી ૨/૩૯૯/એન/૨૮	માર્કેટીગ યાર્ડ પાસે,સંતકૈવલ સોસાયટી,કાર્યાક સોસાયટી,નંદનવન સોસાયટી,જવાલામુખી સોસાયટી,સીટી એપાર્ટમેન્ટ,મીડસીટી એપાર્ટમેન્ટ. પટેલ,બ્રાહમણ, વાણિયા, પંચાલ,રાણા વિ.
	૪૬	૨/૪૦૧/સી થી ૨/૪૭૪	સરસ્વતી સોસાયટી,સરસ્વતી સોસાયટી,ગીતા સોસાયટી, ઉત્તમ નગર સાસાયટી,વિવેકાનંદ સોસાયટી, શકિતનગર સોસાયટી,પોલીસ લાઈન, બી.એમ. ચેમબર્સ,અશોક સીમેન્ટ ડેપોના પટેલ,બ્રાહમણ, વાણિયા, પંચાલ,રાણા વિ.
	૧૯૬	૨/૪૦૨ એ થી ૨/૪૭૩	સરસ્વતી સોસાયટી,સરસ્વતી સોસાયટી,ગીતા સોસાયટી, ઉત્તમ નગર સાસાયટી,વિવેકાનંદ સોસાયટી, શકિતનગર સોસાયટી,પોલીસ લાઈન, બી.એમ. ચેમબર્સ,અશોક સીમેન્ટ ડેપોના પટેલ,બ્રાહમણ, વાણિયા, પંચાલ,રાણા વિ.
	૧૭૫	૨/૧ થી ૨/૧૨૦	સ્ટેશન રોડ જુના ઝાંપા પાસે,રાણાના મકાનો થઈ રોડ, દડી ચાલ સુધી. રાણા,જૈન, સિંધી, વિ.
	૧૮૧	૯/૧૩૬૪ થી ૯/૧૬૦૧	ગુહયા મસ્જીદ પાસે,સ્ટેશનરોડ ,દિનશા રોડ,ચોકી નં.૪ ની સામેના મહોલ્લા,સ્ટેશન રોડ ૫૨,ગુહયા રોડ , પોલીસ ચોકી નં.૪ સુધી તથા મુસલમાન શેખ, વિ.
	૨૧૭	૯/૧૬૦૨ થી ૯/૧૬૫૯ વિ.	ગુહયા મસ્જીદ પાસે,સ્ટેશનરોડ ,દિનશા રોડ,ચોકી નં.૪ ની સામેના મહોલ્લા,સ્ટેશન રોડ ૫૨,ગુહયા રોડ , પોલીસ ચોકી નં.૪ સુધી. મુસલમાન શેખ, વિ.
	૧૭૯	૯/૧૧૫૪ થી ૯/૧૨૧૮	સ્ટેશન રોડ બેન્ક ઓફ બરોડા,રાજાઈ સાયકલ માર્ટના વખારવાળા,ડબગરવાડા રોડ,એસ.ટી. સ્ટેન્ડ સામે,મંજુબા ધર્મશાળા મકાન જહુરપુરા,એસ.ટી. સ્ટેન્ડની સામ,જહુરપુરા સ્કુલથી શરૂ કરી,નારીયેરી મસ્જીદ સુધી. સિંધી,ડબગર,દેસાઈ,બ્રાહમણ,મુસલમાન શેખ, વિ.
	૧૮૦	૯/૧૩૧૬ થી ૯/૧૩૬૩/૨	ગુહયા રોડ વિમાનવાળા હાર્ડવેરના મકાનથી શરૂ,ગુહયા મસ્જીદવાળા ખાંચા, સલમાન શેખ, વિ.

હદનું વર્ણન

દાહોદ રેલ્વે લાઈન અને સ.નં.૧૭૮ ની પશ્ચિમ હદે થઈ દક્ષિણે તરફ જતાં સ.નં.૧૮૫, ૧૮૬, ૧૭૬ અને ૧૭૦ તથા ૧૮૭ ની પશ્ચિમની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં સરસ્વતી સોસાયટી અને શકિત નગરની પૂર્વ/દક્ષિણની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં પોલીસ હેડ કવાર્ટરની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં નંદનવન સોસાયટીની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં માર્કેટીગ યાર્ડના અગ્નિ ખુણે થઈ દક્ષિણ તરફ જતાં રાણા સોસાયટીની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં અગ્નિ ખુણાની હદે હદે જઈ પશ્ચિમ તરફ જતાં હરીદયા સોસાયટી, મ્યુનિ. બાગ, મોદીની વાડી, દડીની ચાલની દક્ષિણની હદે આવેલ ગીદવાણી રોડની દક્ષિણની હદે હદે અને શોપીંગ સેન્ટર, કૃષ્ણ નગર, કન્યા શાળા, ચીઠ્ઠીયાવાડની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં મંજુબા ધર્મશાળાની ઉત્તર–પશ્ચિમની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં એસ.ટી.સ્ટેન્ડ, પોસ્ટ ઓફિસની પશ્ચિમની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં દેસાઈ ચાલની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ અગ્નિ ખુણા સુધી જઈ પશ્ચિમ તરફ જતાં મસ્જીદ અને ભીઠ્ઠી ચાલ રાણાના મકાનો તથા દુકાનોની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં પોલીસ ચોકી નં.૬ ની દક્ષિણની હદે હદે નૈઋત્ય ખુણાની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં દાહોદ રેલ્વે લાઈનની દક્ષિણની હદે હદે ઈશાન ખુણા તરફ જતાં મુન્નાભાઈ જૈનની દુકાનો ગોલાવાડ, તિવારીની ચાલ, દડીની ચાલ, મોદીની વાડી, હરીદયા સોસાયટી, માર્કેટીગ યાર્ડ, ગીતાનગરની ઉત્તરની હદે હદે થઈ ઈશાન ખૂણા તરફ જતાં દાહોદ રેલ્વે લાઈન અને સ.નં.૧૭૮ ની પશ્ચિમની હદ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૬

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૬	૧૫૭	૮/૧૪૭ થી ૮/૨૬૦/એ	સાતપુલ રોડ મુસ્લીમ સોસાયટી, ઈબ્રાહીમ સમોલના ઓઢા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૨૧૨	૮/૨૬૦/એએ થી ૮/૩૧૧	સાતપુલ રોડ મુસ્લીમ સોસાયટી, ઈબ્રાહીમ સમોલના ઓઢા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૫૮	૮/૨૬૦/બી થી ૮/૩૧૩	સાતપુલ મુસ્લીમ એ સોસાયટી, અબ્દુલ રહીમ ભટુકના ઓઢા નં.૮/૩૧૩ સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૫૯	૮/૩૧૪ થી ૮/૪૧૦/૧	સાતપુલ મુસ્લીમ એ સોસાયટી,ઈસ્માઈલ હાજી મુસા પટેલના મકાન નં.૮/૪૧૦/૧ સુધી. મનસુરી,પઠાણ, મુસલમાન શેખ, વિ.
	૧૬૦	૮/૪૧૧ થી ૮/૪૯૩/બી	વેજલપુર રોડ, પંચમહાલ વે બ્રીજ, ગુજરાત ફલોર મીલ, પટેલ કંમ્પાઉન્ડ મનસુરી,પઠાણ, મુસલમાન શેખ, વિ.
	૧૬૧	૮/૪૯૪ થી ૮/૫૬૫	સીગ્નલ ફળીયા રોડ ,રાજા રામના કંમ્પાઉન્ડ, બીલાલ મસ્જીદ,૨ગડીયા પ્લોટ,જુની પટેલ સો મીલ વાળા મનસુરી,પઠાણ, મુસલમાન શેખ,વિ.
	૧૬૨	૮/૫૬૬ થી ૮/૬૨૦	સીગ્નલ ફળીયા રોડ , આઈસ ફેકટરી,પ.વ.ડી. તથા ફોરેસ્ટના સરકારી ગોડાઉન. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.
	૧૬૩	૮/૬૨૨ થી ૮/૬૩૮/એ	સીગ્નલ ફળીયા રોડ, કુરકુર ની દુકાન, સીગ્નલ ફળીયા સરકારી ગોડાઉન પાસે ,૨ગડીયા પ્લોટ, મેંદા પ્લોટ ભટુક પ્લોટ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.
	૨૧૩	૮/૬૩૯ એ થી ૮/૭૪૨/સી	સીગ્નલ ફળીયા રોડ, કુરકુર ની દુકાન, સીગ્નલ ફળીયા સરકારી ગોડાઉન પાસે ,૨ગડીયા પ્લોટ, મેંદા પ્લોટ ભટુક પ્લોટ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.
	૧૬૪	૮/૬૩૯ થી ૮/૭૪૩/૬	સીગ્નલ ફળીયા,ભટુક પ્લોટ,મેદા પ્લોટ, શીકારી ચાલ,પત્થરની કવોરી, ઈંટોના ભઠ્ઠાવાળા બક્કરની વાડી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.
	૨૧૪	૮/૭૪૩/૧૦ થી ૮/૭૪૮/૧૫	સીગ્નલ ફળીયા,ભટુક પ્લોટ,મેદા પ્લોટ, શીકારી ચાલ, પત્થરની કવોરી, ઈંટોના ભઠ્ઠાવાળા બક્કરની વાડી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.
	૨૧૫	૮/૭૪૯/૧૦ થી ૮/૭૫૩/૧૨	સીગ્નલ ફળીયા,ભટુક પ્લોટ,મેદા પ્લોટ, શીકારી ચાલ, પત્થરની કવોરી, ઈંટોના ભઠ્ઠાવાળા બક્કરની વાડી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.
	૨૧૬	૮/૭૫૩/૧૪ થી ૮/૭૫૯/૧૫	સીગ્નલ ફળીયા,ભટુક પ્લોટ,મેદા પ્લોટ, શીકારી ચાલ, પત્થરની કવોરી, ઈંટોના ભઠ્ઠાવાળા બક્કરની વાડી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.

હદનું વર્ણન

રેલ્વે કવાર્ટરની દક્ષિણની હદે અને રાજારામ કમ્પાઉન્ડની ઈશાનની હદે થઈ પશ્ચિમ તરફ જતાં એકસાઈઝ બંગલો, ગુજરાત ફલોર મીલ, પટેલનું પીઠું તથા મકાનોની પૂર્વની હદે હદે અને પેટ્રોલપંપ, પટેલનું પીઠું, એસ.ટી.ડેપો, મદની મસ્જીદની પશ્ચિમની હદે હદે સ્ટેશન રોડ, પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં હઠીલાના ચામડાના કારખાનાની પશ્ચિમની હદે હદે હમીરપુર રોડની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં ચેતનદાસ પ્લોટ, મુસ્લીમ સોસાયટી, કુરકુર પ્લોટ, કોઠી પ્લોટની દક્ષિણની હદે હદે દક્ષિણ તરફ જતાં ૨ગડીયા પ્લોટની દક્ષિણ–પશ્ચિમ અને ઉત્તરની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં સ.નં.૬૦૦, ૬૪૧, ૬૦૪, ૬૦૨ ની પશ્ચિમની હદે હદે અને હમીરપુરની હદની સીમાડાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં ડાકોર રેલ્વે લાઈન સુધી જઈ રેલ્વે લાઈનની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતાં અને સ.નં.૬૦૭, ૬૯૪, ૫૯૦ અને ચુનાની ભઠ્ઠાની હદે હદે અગ્નિ ખૂણા તરફ જતાં સીગ્નલ ફળીયા રોડે રોડે અગ્નિ ખૂણા તરફ જતાં અને રેલ્વે કવાર્ટરની દક્ષિણની અને રાજારામ કમ્પાઉન્ડની ઉત્તરની હદે હદે અગ્નિ ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૭

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૭	૧૪૮	૭/૯૭૮/એ થી ૭/૧૦૯૦	સાતપુલ રોડ, ગેણી પ્લોટ, સાતપુલ સ્કુલ સામેના ઓઢા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૪૯	૭/૧૦૯૧ થી ૭/૧૧૦૦	સાતપુલ ઓઢા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૨૦૭	૭/૧૧૦૧ થી ૭/૧૧૦૫ ડીએ	સાતપુલ ઓઢા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૨૦૮	૭/૧૧૦૫ ડીબી થી ૭/૧૧૧૦	સાતપુલ ઓઢા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૫૦	૭/૧૧૦૧ થી ૭/૧૨૦૦	સાતપુલ ઓઢા સિકંદર ઈસા પટેલ ના ઓઢા નં.૭/૧૨૦૦ સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૨૦૯	૭/૧૨૦૧ થી ૭/૧૨૦૪ એકે	સાતપુલ ઓઢા સિકંદર ઈસા પટેલ ના ઓઢા નં.૭/૧૨૦૦ સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૫૧	૭/૧૨૦૧ થી ૭/૧૨૩૮/ડી/૭	સાતપુલ રોડ છેલ્લા ઓઢા, મસ્જીદ પાસે.મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૫૨	૮/૧/ઈ/૧ થી ૮/૧/એમપી/૮૨	સાતપુલ રોડ,મહોમંદી સોસાયટી સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૫૩	૮/૧/ડી થી ૮/૧/જી/૫૧	સાતપુલ રોડ,ધંત્યાની વાડી,ગીતેલી પ્લોટ,સુંઠીયાની વાડી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૫૪	૮/૧/કે/૧ થી ૮/૧/બી/બીબી	રગડીયા પ્લોટ, કોઠી પ્લોટ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૨૧૦	૮/૧/કે/સી થી ૮/૧/બી/બીએ	રગડીયા પ્લોટ, કોઠી પ્લોટ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૫૫	૮/૧/બીએચ/આઈ થી ૮/૫૦/બી/૨	સાતપુલ રોડ ચેતનદાસના પ્લોટ, સાતપુલ નાકા, પીજારાની તેલની ઘાણીવાળા . મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૨૧૧	૮/બીડી/૧ થી ૮/૪૯/૧૦	સાતપુલ રોડ ચેતનદાસના પ્લોટ, સાતપુલ નાકા, પીજારાની તેલની ઘાણીવાળા . મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૫૬	૮/૫૧ થી ૮/૧૪૬	સાતપુલ રોડ મુસ્લીમ સાસાયટી,અબ્દુલ મજીદ ઘેંસના મકાન નં.૮/૧૪૬ સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.

હદનું વર્ણન

હમીરપુર રોડની અગ્નિ ખૂણાની હદથી શરૂ કરી અને હઠીલાના ચામડાના કારખાનાની પશ્ચિમ–દક્ષિણની હદે હદે થઈ પૂર્વ તરફ જતાં એમ.ઈ.ટી. સ્કુલની ઉત્તર –પૂર્વની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં ગુજરાતી શાળા, મુસ્લીમ સોસાયટી, ગેણી પ્લોટની પૂર્વની હદે હદે અને ચામડાના કારખાનાની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં ચીખોદ્રા ગામના સીમાડાની હદ સુધી જઈ પશ્ચિમ તરફ જતાં મેશરી નદી દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં મસ્જીદ, છુટા છાપરાની પશ્ચિમની હદે ચીખોદ્રા ગામના સીમાડાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં સ.નં.૫૧૨, મહંમદી સોસાયટી, સ.નં.૫૧૧, ૫૮૫ ની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં હમીરપુર રોડની દક્ષિણની હદે હદે અગ્નિ ખૂણા તરફ જતાં મુસ્લીમ સોસાયટી, ચેતનદાસ પ્લોટની દક્ષિણની હદે હદે હમીરપુર રોડની અગ્નિ ખૂણાની હદનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૮

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૮	૧૩૬	૭/૨૫૧/એ થી ૭/૨૭૮	પોલન બજાર મુજાવર રોડ,મલા કમ્પાઉન્ડવાળા.મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૩૭	૭/૨૭૯ થી ૭/૩૩૨	મુજાવર રોડ મલા કમ્પાઉન્ડ.મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૩૮	૭/૩૩૩ થી ૭/૪૦૨	મોહંમદી મહોલ્લા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૩૯	૭/૪૦૩ થી ૭/૪૪૭	મોહંમદી મહોલ્લા, ભીલકુવા પાસે. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૪૦	૭/૪૫૧ થી ૭/૫૪૮	મોહમંદી મહોલ્લા,ભીમકુવા પાસે, હઠીલાના બિલ્ડીંગ સામે આવેલ મકાન નં.૭/૫૪૮ સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૪૧	૭/૫૪૯ થી ૭/૬૧૮/૧	મોહંમદી મહોલ્લા મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૪૨	૭/૬૧૯ થી ૭/૭૩૭	મોહમંદી મહોલ્લા પોલન બજાર રોડ,વહોરા કબ્રસ્તાન,સ્ટેશન રોડ,પારસીના કંમ્પાઉન્ડ, લીમડાવાળા મહોલ્લા રોડ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૪૩	૭/૭૩૮ ૭/૭૯૮	લીમડાવાળા મહોલ્લા,વાલી ફળીયા નં.૨. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૪૪	૭/૭૯૯ થી ૭/૮૩૨	વાલી ફળીયા નં.૨ ના જનતા ગ્રેઈન ના મકાન,વાલી ફળીયા નં.૧. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૪૫	૭/૮૩૩ થી ૭/૮૯૮	વાલી ફળીયા નં.૧,પોલન બજાર મલા બિલ્ડીંગ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.
	૧૪૬	૭/૮૯૯ થી ૭/૯૪૭/એ/૧	પોલન બજાર, પોલન ધર્મ શાળા, કાલાભાઈ પેટ્રોલ પંપ,એસ.ટી.ડેપો સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૪૭	૭/૯૪૮ થી ૭/૯૭૮	રાંટા પ્લોટ મદની મસ્જીદ,ખાલપા પ્લોટ, મુજાવર રોડ બોનમીલ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૨૦૪	૭/૯૭૮ એફ એમ થી ૭/૯૭૮ સીડી	રાંટા પ્લોટ મદની મસ્જીદ,ખાલપા પ્લોટ, મુજાવર રોડ બોનમીલ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૨૦૫	૭/૯૭૮ ડીએ થી ૭/૯૭૮ ડીસી	રાંટા પ્લોટ મદની મસ્જીદ,ખાલપા પ્લોટ, મુજાવર રોડ બોનમીલ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૨૦૬	૭/૯૭૮ એમ થી ૭/૯૭૮ ડી ૧૧૦	રાંટા પ્લોટ મદની મસ્જીદ,ખાલપા પ્લોટ, મુજાવર રોડ બોનમીલ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.

હદનું વર્ણન

ઢોરના ડબ્બાની પશ્ચિમની હદે થી શરૂ કરી દક્ષિણ તરફ જતાં પોલન બજાર, પારસી બાવાનું મકાન, કબ્રસ્તાન, વ્યાસની વાડીની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં અને કબ્રસ્તાન, મુજાવર મસ્જીદ, ઈકબાલ હાઈસ્કુલ, વાડીની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં મેશરી નદીના હદે હદે અને ચીખોદ્રા ગામના સીમાડાની ઉત્તરની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં ગેણી પ્લોટની પૂર્વની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં ચામડાના કારખાનાની પશ્ચિમની હદે હદે અને મુસ્લીમ સોસાયટી, હઠીલાના બંગલાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં એમ.ઈ.ટી. સ્કુલની ઉત્તરની હદે પશ્ચિમ તરફ જતાં હઠીલાના ચામડાના કારખાનાની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જઈ પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં મદની મસ્જીદ, એસ.ટી. ડેપો, પટેલનું પીઠું, પેટ્રોલપંપની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં પોલીસ ચોકી નં.૭ ની દક્ષિણ–પુર્વની હદે હદે ઉત્તર તરફ જતાં પોલીસ ચોકી નં.૬ ની દક્ષિણની હદે હદે અગ્નિ ખૂણા તરફ જતાં પોલન ધર્મશાળા, લીમડા મહોલ્લાની ઉત્તરની હદે હદે અગ્નિ ખૂણા તરફ જતાં ઢોરના ડબ્બાની પશ્ચિમ ની હદ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૯

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૯	૧૧૭	૬/૪૩૨ થી ૬/૪૭૯	અલીમહંમદની ખડકીના રોડ,વાઘજીપુરવાલાના મકાન. વોરા, મુસલમાન શેખ, વિ.
	૧૧૮	૬/૬૨૦ થી ૬/૬૭૬	કસાઈવાડા ઓઢા, કુલસુમબીબી ભાઈજમાલના મકાનથી શરૂ. મુસલમાન કસાઈ,શેખ, વિ.
	૧૧૯	૬/૬૭૭ થી ૬/૭૩૩	કસાઈવાડા ઓઢા, રસુલ પટેલના ઓઢા. મુસલમાન કસાઈ, શેખ, વિ.
	૧૨૦	૬/૭૩૪ થી ૬/૭૬૧	કસાઈવાડા ઓઢા, પોલન બજાર ઉર્દુ કુમાર શાળા,મુજાવર રોડ. મુસલમાન કસાઈ,શેખ, વિ.
	૧૨૭	૬/૪૭૯/એ થી ૬/૫૦૪/એ	વચ્છેસરવાડ,રાણી મસ્જીદ સામેના અંજુમન ચેરીટેબલ પાછળ,રાજન મસ્જીદ સામે,મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૨૮	૬/૫૦૫ થી ૬/૫૭૦	રાજન મસ્જીદના ખાંચો,જુના કાછીયાવાડ મસ્જીદ રોડ મ્યુનિ.શાળા પાસે.મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૨૯	૬/૫૭૧ થી ૬/૬૧૯/એ	મસ્જીદ રોડ,મીઠેખાનના મહોલ્લા. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૩૦	૭/૧ થી ૭/૫૯/એ	ગુહયા ખંધક પાસે,શીકારી મહોલ્લો,પોલન બજાર રોડ,રાણી મસ્જીદ. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૩૧	૭/૬૦ થી ૭/૧૦૯/૧	બેલીમ ફળીયા,રાણી મસ્જીદ પાછળ,બેલીમ ફળીયા પોલીસ ચોકી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ વિ.
	૧૩૨	૭/૧૧૦ થી ૭/૧૪૬	ગુહયા પોલીસ ચોકી નં.૪. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૩૩	૭/૧૪૭ થી ૭/૧૮૩	ગુહયા મહોલ્લા, દેડકીના મકાન નં.૭/૧૮૩ સુધી. મનસુરી,પઠાણ, મુસલમાન શેખ, વિ.
	૧૩૪	૭/૧૮૩/એ થી ૭/૨૨૬	ગુહયા મહોલ્લો,મેઈનરોડ,રક્ષણરોડ ખરાદી બિલ્ડીંગ થી કુવા પાસે ભીમલાના મકાન સુધી. મનસુરી,પઠાણ,મુસલમાન શેખ, વિ.
	૧૩૫	૭/૨૨૮ થી ૭/૨૪૮	રક્ષણરોડ,લુહારોની કેબીન,રાણી મસ્જીદ પાસે.મનસુરી,પઠાણ,મુસલમાન શેખ,વિ.

હદનું વર્ણન

ચંદન વાડીની વાયવ્ય ખૂણાનો અને રક્ષણ રોડની દક્ષિણ ખૂણાની હદેથી શરૂ કરી રક્ષણ રોડની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં દેસાઈ વાડો, ડૉ. તાવીયાડનું મકાન, શેખભાઈ તથા જૈન ભાઈઓના મકાનો, જૈન દેરાસર, બાદશાહી હોટલની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં ભાઈજમાલના મકાનની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં નવી મસ્જીદ, સૈફીયા મદ્રેસાની પશ્ચિમની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં શેખભાઈના મકાનની દક્ષિણની હદે હદે અને જમાલી મહોલ્લા, બદરી ચાલ, ઈકબાલ સ્કુલની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં દારૂસ્લામ મસ્જીદની દક્ષિણ–પશ્ચિમની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં કબ્રસ્તાન, પારસી બાવાનું મકાન, પોલન બજાર અને મસ્જીદની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં મીઢીની ચાલ, દેસાઈની ચાલ, પોસ્ટ ઓફિસની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતાં ચંદન વાડીની હદ વાયવ્ય હદ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૧૦

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૦	૧૦૧	૫/૭૫ થી ૫/૨૦૭	ધીરૂભાઈ તેલવાળાનામકાનનાપાછળ,ઉર્દુશાળા મચ્છુ ફળીયા,નીચવાસ બજાર ઢા ળ શરાફ બજાર મકનકુવા . મોચી,મનસુરી પઠાણ,કંસારા બ્રાહમણ, વાણીયા વિ.
	૧૦૨	૫/૨૦૮ થી ૫/૨૮૮	મકનકુવા ફળીયા,ખાટકીવાડના ઢાળ. વાણીયા,બ્રાહમણ, મનસુરી, મુસલમાન ખાટકી,વિ.
	૧૦૩	૫/૨૮૯ થી ૫/૩૭૪	મકનકુવા સબ સ્ટેશન પાસે,મકનકુવા પાસ,એકસરે મશીન ના રૂમવાળા મકાન સુધી . મુસલમાન પઠાણ,મનસુરી, ખાટકી, વિ.
	૨૦૧	૫/૩૭૪ એ થી ૫/૩૭૪ ડી એ	મકનકુવા સબ સ્ટેશન પાસે,મકનકુવા પાસ,એકસરે મશીન ના રૂમવાળા મકાન સુધી. મુસલમાન પઠાણ,મનસુરી, ખાટકી, વિ.
	૧૦૪	૫/૩૭૫ થી ૫/૪૨૩	ડો. કુલાભાઈ ની સામે,હજામવાડા,કડીયાવાડ,બદરી મહોલ્લા. જૈનવાણીયા, મુસલમાન કડીયા, વોરા વિ.
	૧૦૫	૫/૪૨૪ થી ૫/૪૬૫	કડીયાવાડ,ડો.સાહીરવાલાના મકાનેથઈ બદરીમહોલ્લા.મુસલમાન કડીયા,વોરા વિ.
	૧૦૬	૫/૪૬૬ થી ૫/૫૫૮	ગુલામઅલી કમરૂદીનના મકાન, ડો.નોમનભાઈ ના મકાન,આલીસ ચેમ્બર , ડો.કૃષ્ણજીવન ગાંધીના દવાખાના વોરા,મુસલમાન શેખ, જૈન વાણીયા, વિ.
	૧૦૭	૫/૫૫૯ થી ૫/૬૭૨	શંકરલાલ છોટાલાલના મકાન શરૂ કરી, ડો.રતીલાલ ના દવાખાના સામે દેના બેન્ક ગોકુલ નાથજી મંદીર પોલીસ ચોકી નં.૨ જૈન વાણીયા, બ્રાહમણ વિ.
	૧૦૮	૫/૬૮૧ થી ૫/૭૫૮/૧	સાંઈવાડા કુવા પાસે,વહોરા મસ્જીદ સામે મહોલ્લો. જૈન વાણીયા, વોરા, વિ.
	૧૧૧	૫/૯૧૮ થી ૫/૯૮૦	વહોરા વાડ લાખવાળના ઢાળ,જૈન દેરાસર સામે, ડો. તાવીયાડના દવાખાને. મુસલમાન વોરા,જૈનવાણીયા, મુસલમાન શેખ, વિ.
	૧૬૬	૪/૯૯૬ થી ૪/૧૦૪૨/એ	પોલીસ લાઈન (ટાઉન) બારીયા,પટેલ,ઠાકોર,પટેલ,બ્રાહમણ,વાણીયા,આદીવાસી વિ.
	૧૬૭	૪/૯૭૫ થી ૪/૯૯૫ સુધી, ૪/૧૦૪૩ થી ૪/૧૦૫૩, ૯/૧ થી ૯/૧૪૭	પોલીસ લાઈન પાસે, વિશ્વકર્મા મંદીર, કલાલ દરવાજા, ઉર્દુ શાળા, નીચવાસ બજાર, સુથાર,મોચી,ઠાકોર,પઠાણ,સૈયદ,મલેક,જૈન વાણીયા, માળી વિ.
	૧૬૮	૯/૧૪૮ થી ૯/૨૦૪	કૃષ્ણ પ્રિન્ટીંગ ,અદુમ્બરવાડા જૈન ખડકી નં.૧,૨,૩ , ખરાદીની ખડકી. જૈનવાણીયા,બ્રાહમણ, સોની, ખરાદી વિ.
	૧૬૯	૯/૨૦૫ થી ૯/૩૪૨	સોનીવાડ ચોક,શરાફ બજાર,કાજીવાડાના નાકે ઝવેર કંદાઈના મકાને થઈ દલાલ ફળીયામાં બ્રાહમણ,સોની,વાણીયા,ખરાદી વિ.
	૧૭૦	૯/૩૪૩ થી ૯૫૪૮/સી	કાજીવાડા, તળાવ ઉપર જુની સ્કુલ,વાવડી ફળીયા, કાજીવાડા ઘંટી સામે, બીસ્મીલ્લા મસ્જીદ,મ્યુની. દવાખાના સામેના પટેલવાડા નાકા , નીચે ઢાળના, કૃષ્ણ નિવાસ લોજ સુધી, સાથરીયા બજાર થઈ. ખરાદી, સોની, બ્રાહમણ, પંચાલ, વાણીયા,પટેલ,સિંધી,દરજી.વિ.
	૧૭૧	૯/૫૪૯ થી ૯/૬૭૯	જહુરપુરા કુવા પાસે,જયહિન્દ કોલ્ડ્રીંક,લુહાર સુથાર ફળીયા, શ્રીમાળીના નાકા સુધી, નરસિંહ પ્રેમાનંદની ખડકી. બ્રાહમણ, સોની, દરજી, પંચાલ વિ.
	૧૭૨	૯/૬૮૦ થી ૯/૮૮૪	સોનીવાડ,ચકલાથી રામજી મંદીર થઈ ,મહાદેવ રમકડાવાળા, પારેખવાડા, મજમુંદાર ફળીયા શંહેરા ભાગળ . સોની, બ્રાહમણ, વાણીયા, પટેલ વિ.
	૧૭૪	૯/૧૬૦૨ થી ૯/૧૩૧૪/એ	નવા બજાર પંચમહાલ ટ્રાન્સપોર્ટ ઓફીસ સામે, સૌરાષ્ટ બેન્કવાળા મકાને,સાથરીયા બજાર, દેસાઈવાડા, સાથરીયા બજાર ડો.ચોકસીના દવાખાના સામે,જહુરપુરા જૈન ખડકી આગળ, રક્ષણ રોડ,રાણાવ્યાસ મંદીર. મુસલમાન શેખ,વાણીયા,બ્રાહમણ,પટેલ, વિ.
	૧૭૬	૩/૨૦૬ થી ૩/૨૮૭	રણછોડજી મંદીરના ખાંચામા, રણછોડજી મંદીરનું ફળીયું પુરૂ કરી,કાછીયાવાડના નાકે,ચોખંડી પોળ, બારદાનવાળા ના ઘર સુધી. બ્રાહમણ,વાણીયા,રાણા,કંસારા,કાછીયા, પટેલ, વિ.

હદનું વર્ણન

કલાલ દરવાજાની વાયવ્ય ખૂણાની હદથી શરૂ કરી દક્ષિણ તરફ વિશ્વકર્મા ચોક તરફ જતાં જેલ, પોલીસ ભવન, મહેતા બીલ્ડીગની પૂર્વની હદે હદે બાવચાવાડની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ વિશ્વકર્મા ચોકની પશ્ચિમ તરફ જતાં શોપીંગ સેન્ટર, કાજીવાડાની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં ખાટકીવાડની ઉત્તર–પશ્ચિમની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં રાવળીયાવાડ, કડીયાવાડની પૂર્વ–દક્ષિણ પશ્ચિમની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં સાંઈવાડાની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં ટાવર મસ્જીદ, બાદશાહી હોટલની ઉત્તરની હદે હદે જૈન દેરાસરની દક્ષિણ–પશ્ચિમની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં જૈનભાઈઓના મકાન, ડૉ.તાવીયાડનું મકાન, દેસાઈવાડાની પશ્ચિમની હદે હદે અને રક્ષણ રોડની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં ચંદનવાડીની પશ્ચિમ–ઉત્તરની હદે હદે થઈ પૂર્વ તરફ જતાં જૈન ખડકી રામજી મંદિરની ઉત્તરની હદે હદે અને શોપીંગ સેન્ટર, મજમુદાર ફળીયાની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં સૈયદવાડાની દક્ષિણની હદે અને શ્રીમાળી શેરી, ઉર્દુશાળાની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જતાં અને મ્યુનિસીપાલીટીની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતાં કલાલ દરવાજાની વાયવ્ય ખૂણાની હદનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૧૧

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૧	૫૯	૩/૧૬૯/એબી થી ૩/૫૪૭	બગીચા સામ,શોપીગ સેન્ટર,લાલબાગ બસસ્ટેશન,લાલબાગ બસ સ્ટેશન, શોપીગ સેન્ટર,૨વિ કોર્પોરેશન,પાંજરાપોળ રોડ, ઘાનકાવાડ, સિંધી, બાવચા, બ્રાહમણ, વાણીયા, મચ્છીભોઈ, વાઘરી,ઘાનકા વિ.
	૬૦	૩/૫૪૮ થી ૩/૬૧૮	ઘાનકાવાડા,પાંજરાપોળ ના દડીની ચાલ,બોમ્બે કોલ્ડ્રીકંસના મકાન સુધી. મચ્છીભોઈ, વાઘરી,સિંધી, વરીયા,જૈનવાણીયા,વિ.
	૬૧	૩/૬૧૯ થી ૩/૬૨૯	ચાચર ચોક,ડો.ભાવસાર હોસ્પિટલ,ડો.વરીયા,મંગલ મૂર્તિ કોમ્પલેક્ષ, ત્રિમુર્તિ પ્રેસ રોડ સતગુરૂ કોમ્પલેક્ષ, બાવીશી મકાન સેન્ટર એપાર્ટમેન્ટ વૃન્દાવન હોટલ,રાજ શોપીગ સેન્ટર,સાબુની ફેકટરી ડો.નરેન્દ્ર પંજવાણી દવાખાના, સિંધી,વરીયા,પંચાલ, ભોઈમચ્છી, વાઘરી,બારીયા, આદીવાસી, બાવચા, બાવીશી, મરા
	૬૨	૩/૬૩૪/એએ થી ૩/૬૫૭	અંકલેશ્વર રોડ પર નટરાજ પાન હાઉસથી શરૂ કરી રોડની લાઈને લાઈને આવેલ મકાનો થઈ નાનાકુવા વાઘરીના મકાન થઈ ભાથીજીના મંદિર પાસેના મકાનો થઈ ગુરૂમુખ લાલચંદ ના મકાને થઈ ગોવિંદલાલ ભાવસાર ના મકાન થઈ ચંપકલાલ શાહના મકાન થઈ પોહુમલ ના મકાને થઈ ઢોરના દવાખાના સુધી. કાછીયાપેટલ
	૬૩	૩/૬૫૪ થી ૩/૭૬૭	જૈન સોસાયટી નિરંજનકુમાર ગોવિંદલાલના મકાનથી શરૂ કરી જૈન સોસાયટી પુરી કરી શાંતિ નિવાસ સોસાયટી થઈ ભોગીલાલ ભટ્ટના મકાનથી શાંતિનિવાસ સોસાયટી થઈ ડો.કમોદિયાના મકાન સુધી. જૈનવાણીયા, શ્રીમાળીવાણીયા,બ્રાહમણ, વિ.
	૬૪	૩/૭૬૮ થી ૩/૮૫૪	ચર્ચ સામેના બેન્ક ઓફ બરોડાવાળાના મકાનથી શરૂ કરી રોડ પરના બંગલા થઈ પ્રભાકુંજ સોસાયટીમાં દાહોદવાલાના બંગલાથી શરૂ કરી છેલ્લે કોલેજ રોડ પરના શુકલની ચાલવાળા મકાનો સુધી. શ્રીમાળીવાણીયા, બ્રાહમણ, વિ.
	૬૫	૩/૮૫૫ થી ૩/૯૪૮	વરીયા છાત્રાલય પાછળના ભાગના પ્રભાકુંજ સોસાયટી,સર્વોદય સોસાયટી. શ્રીમાળીવાણીયા, પાટીદાર પટેલ,બ્રાહમણ, વિ
	૬૬	૩/૯૫૨ થી ૩/૧૦૩૭	પરભા ,આશ્રમરોડ,વિકલ નિવાસ. શ્રીમાળી વાણીયા, દેસાઈ બ્રાહમણ,હરીજન,પટેલ વિ.
	૬૭	૩/૧૦૩૮ થી ૩/૧૦૬૮/બીએ/એફ/૧	વિકલનિવાસ સોસાયટી,પરભા રોડ મહેતા બ્લોક ,પરભા નદી કિનારો. હરીજનશ્રીમાળી,વાણીયા,પટેલ,બ્રાહમણ,બારીયા,ઠાકોર,દરજી વિ.
	૬૮	૩/૧૦૬૮/એ થી ૩/૧૦૯૯/ઝેડ	પરભા પુલ પાસે,ઓક્ટ્રોય નાકા પાસે,સીટી કો.ઓ. બેન્ક, ભગવદ નગર. ખ્રિસ્તી,ગોવાનેશ,વાણીયા,બ્રાહમણ,બારીયા,વિ.
	૬૯	૩/૧૦૯૯/ઝેડ/૧ થી ૩/૬૩૧/એકે/૪/૧	ભગવદનગર, ચર્ચ પાંજરાપોળ,બહારપુરાની સધ્વાચાલપુરી.વાણીયા,બ્રાહમણ,પટેલ,ક્રિશ્ચયન વિ.
	૭૦	૩/૬૩૦/એસએસ/૧ થી ૩/૬૩૧/એકે/૪/૧	સહજાનંદ સોસાયટીના તમામ મકાનો પુરા કરી હરિકૃષ્ણ સોસાયટીના મકાનો પુરા કરી શુકલ સોસાયટી ગાયત્રી મંદિર પાસે ઉપેન્દ્રકુમાર ચંદશંકર વ્યાસ ના મકાનથી શરૂ કરી શુકલ સોસાયટી પુરી. કાછીયાપટેલ, વાણીયા, બ્રાહમણ વિ.
	૧૯૮	૩/૬૩૦ સી એ ૩૦ થી ૧/૬૩૦ બીએ	સહજાનંદ સોસાયટીના તમામ મકાનો પુરા કરી હરિકૃષ્ણ સોસાયટીના મકાનો પુરા કરી શુકલ સોસાયટી ગાયત્રી મંદિર પાસે ઉપેન્દ્રકુમાર ચંદશંકર વ્યાસ ના મકાનથી શરૂ કરી શુકલ સોસાયટી પુરી. કાછીયાપટેલ, વાણીયા, બ્રાહમણ વિ.
	૭૮	૪/૧૩૯ થી ૪/૨૧૦/એન	ઈકબાલ હાઈસ્કુલ,બહારપુરા, ચીત્રા સીનેમા લોખંડવાલા કોમ્પલેક્ષ ગરોવાસ,બહારપુરા રોડ. શ્રીમાળીગરોડા, સિંધી,બારીયા, પંચાલ, ઠાકોર, વાઘરી,મકવાણા વિ.
	૭૯	૪/૨૧૧ થી ૪/૨૯૦	ડો.જુવાના દવાખાના લોખંડવાલા કોમ્પલેક્ષ,પાંજરાપોળ ઉન્નતી વિદ્યાલય,ડો.તાવીયાડ, ડો. માણકેના દવાખાના, પીપલ્સ સોસાયટી રોડ કલાલ દરવાજા ધર્મશાળા. બાવચા, સિંધી, વાણીયા, વાઘરી, બ્રાહમણ, મોચી,મરાઠા,બારીયા વિ.
	૮૦	૪/૨૯૧ થી ૪/૩૫૩	જુની પોલીસ લાઈનના દરવાજા, બાવચાવાડ રોડ, ડો.કે.કે. શાહ ના દવાખાના,સરદાર નગરખંડ સિવીલ હોસ્પીટલ. ભૈયાઠાકોર, બાવચા, સિંધી,બારીયા,મોચી,વાંણીયા,બ્રાહમણ મુસલમાન વિ.

હદનું વર્ણન

અંકલેશ્વર મહાદેવની પશ્ચિમની હદે હદે હરીકૃષ્ણ સોસાયટી પૂર્વની હદે હદે શરૂ કરી અગ્નિ ખૂણા તરફ જતાં જાફરાબાદના સીમાડાની દક્ષિણની હદે શરૂ કરી અગ્નિ ખૂણા તરફ જતાં સર્વોદય સોસાયટી ઈશાન ખૂણાની હદે હદે અગ્નિ ખૂણા તરફ જતાં આઈ.ટી.આઈ. કમ્પાઉન્ડની પશ્ચિમની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં સ.નં.૨૧૭, આશ્રમ, મહેતા બ્લોકની પૂર્વની હદે હદે નૈઋત્ય ખૂણા તરફ જતાં દાહોદ રોડ, જકાત નાકું ક્રોસ કરી નૈઋત્ય ખૂણા તરફ જતાં ભગવત નગરની પૂર્વની અને સેનેટોરીયમની પશ્ચિમની હદે હદે નૈઋત્ય ખૂણા તરફ જતાં બામરોલી રોડ સુધી જઈ બામરોલી રોડની ઈશાન ખૂણાની હદે હદે વાયવ્ય ખૂણાની હદે હદે થઈ નૈઋત્ય ખૂણાની હદે જતાં ભગવતનગર, પેટ્રોલપંપ, બેન્ક ઓફ બરોડા, પાંજરાપોળ, ઈકબાલ હાઈસ્કુલની દક્ષિણની હદે અને ધ્વાકાનગર, રાયણવાડી, હાફીસ મહેલ, ચંદુલાલની ચાલી, મારવાડીની ચાલી, ચર્ચ, નીલમ સોસાયટી, સીવીલ હોસ્પિટલની ઉત્તરની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં વિશ્વકર્મા ચોક, મહેતા બીલ્ડીંગની પૂર્વની હદે હદે અને બાવચાવાડની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં કલાલ દરવાજાની પૂર્વ–ઉત્તરની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં ધાનકાવાડની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં અમદાવાદ હાઈવે ક્રોસ કરી પૂર્વ તરફ જતાં ભોજવાણીનું મકાન, ભોઈના છાપરાં, બીપીનચંદ્રના મકાનની હદે હદે ઢોરનું દવાખાનું, ગ્રીન પાર્ક સોસાયટી, સહજાનંદ સોસાયટી, શુકલ સોસાયટીની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જતાં અંકલેશ્વર મહાદેવના પશ્ચિમની અને હરીકૃષ્ણ સોસાયટીની પૂર્વની હદની અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૧૨

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૨	૭૧	૪/કિપી/૧ થી ૪/૧એમએન/૧૦૯	બામરોલી રોડ કૃષ્ણપાર્ક સોસાયટી, અંકુર સોસાયટી, વૃન્દાવનનગર સોસાયટી, મહાવીરનગર સોસાયટી,માનસરોવર સોસયટી, સેતુનગર સોસાયટી. વાણીયા, બ્રાહમણ,પટેલ, વિ.
	૧૯૯	૪/એમએચ થી ૪/વીએન	બામરોલી રોડ કૃષ્ણપાર્ક સોસાયટી, અંકુર સોસાયટી, વૃન્દાવનનગર સોસાયટી, મહાવીરનગર સોસાયટી,માનસરોવર સોસયટી, સેતુનગર સોસાયટી. વાણીયા, બ્રાહમણ,પટેલ, વિ.
	૭૨	૪/સી/૧ થી ૪/૧૨/બી/૧૦	બામરોલી રોડ પર મારવાડીઓના છાપરા થઈ સત્યમ સોસાયટી ના મકાનો પુરા કરી રાવળીયાવાસના મકાનો સુધી તથા શીવમ પાર્ક સોસાયટી મકાનો સુધી. મારવાડી,વાઘરી,વાણીયા,પટેલ,રાવળ,બારીયા,બ્રાહમણ વિ .
	૭૩	૪/જીએન/૫/બીબી થી ૪/૧૧ સુધી	બામરોલી રોડ ભવાની નગર,ગીતાનગર સોસાયટી, ધ્વારકા નગર સોસાયટી,જંગલ કામદાર સોસાયટી,તાલુકા પંચાયતના સ્ટાફ કવાટર્સ . ઠાકોર,બારીયા,વાણીયા,શીખ,બારોટ,પટેલ,બ્રાહમણ વિ.
	૭૪	૪/૧૧/૪ થી ૪/૪૦	બામરોલી રોડ,પરમહંસ સોસાયટી,ચોથા વર્ગના કર્મચારીની વસાહત,રાયણવાડી સોસાયટી. મીસ્ત્રી,વાણીયા,ઠાકોર,બ્રાહમણ,હરીજન, વિ.
	૭૫	૪/૪૧ થી ૪/૬૪	રાયણવાડી સોસાયટી. વાણીયા,બ્રાહમણ,પટેલ વિ.
	૭૬	૪/૬૫ થી ૪/૮૨/બી	બામરોલી રોડ,આનંદ વિહાર,હોમગાર્ડ ઓફિસ પ્રીન્સ લોજ.વાણીયા,સિંધી,પ્રજાપતિ,બારોટ,બ્રાહમણ વિ.
	૭૭	૪/૮૩ થી ૪/૧૩૮	હોમગાર્ડ ઓફિસ પ્રીન્સ લોજ, ચંદુલાલ વકીલની ચાલ,નવરંગ સોસાયટી,મ્રહેતા હાઈસ્કુલ. વાણીયા,બારોટ,બ્રાહમણ,ક્રિશ્ચન,સિંધી,વાઘરી,મારવાડી,વિ.
	૮૧	૪/૩૫૪ થી ૪/૪૨૯/૨	બહારપુરા ઈકબાલ સ્કુલ(જુની),સંતકવર ફળીયા,બહારપુરા પુરાણીવાસ. સિંધી,મકવાણા,પુરાણી,ગાંધી, વિ.
	૮૨	૪/૪૩૦ થી ૪/૪૭૩	બહારપુરા ચમારવાસ,મામા ફડકે, બહારપુરા રોડ,સ્મશાન રોડ મારવાડીવાસ ચૌહાણ,પરમાર,મકવાણા,ગાંધી,સોલંકી,સિંધી,હરીજન,ધોબી,મારવાડી, વિ.
	૮૩	૪/૪૭૪ થી ૪/૫૩૫/સી/૭/૨	સ્મશાનરોડ મારવાડીવાસ મારવાડી,હરીજન,મોચી, વિ.
	૮૪	૪/૫૩૫/સી થી ૪/૫૫૮/૨	સ્મશાનરોડ મારવાડી વાસ,ભરવાડવાસ,મંદિરના ટેકરા. મારવાડી,હરીજન,ભરવાડ,મુસલમાન,ધોબી,વાઘરી,વિ.
	૮૫	૪/૫૫૯ થી ૪/૬૭૦	મારવાડીવાસ ખાડાના વિસ્તાર, સ્મશાનરોડ હરિજનવાસ, સ્મશાન કોટ પાસે. મારવાડી,હરીજન,માળી,આદિવાસી, વિ.

હદનું વર્ણન

બામરોલી રોડ અને પ્રભા નદીના પૂલથી શરૂ કરી દક્ષિણ તરફ જતાં વાવડી ગામના સીમાડાની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં અને સરદારજીનું મકાન, વૃંદાવન નગર, અંકુર સોસાયટી, માનસરોવર સોસાયટી, સેતુ ક્લબની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં ગઢકપુર ગામના સીમાડાની વાયવ્ય ખૂણાની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં મેશરી નદી પશ્ચિમની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં જયજલારામ કમ્પાઉન્ડ, આર.ટી.ઓ. ઓફિસ, વોટર વર્કસ, આંબાવાડી, કરીમભાઈનો બગીચો, ગર્વમેન્ટ કવાર્ટસ, સરકારી વસાહત, પાનમ કોલોની, પોલીસ કવાર્ટસ અને ડાક બંગલાની પુર્વ–ઉત્તરની હદે હદે થઈ પશ્ચિમ તરફ જઈ ઉત્તર તરફ જતાં તેલંગ હાઈસ્કુલની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં અને સીવીલ હોસ્પિટલની પૂર્વ–ઉત્તરની હદે હદે થઈ દક્ષિણ ખૂણા તરફ જતાં ઈકબાલ હાઈસ્કુલ, પાંજરાપોળ, બેન્ક ઓફ બરોડાની દક્ષિણની હદે હદે અને નીલમ સોસાયટી, ચર્ચ, મારવાડી વાસ,ચંદુલાલની ચાલની ઉત્તરની હદે હદે થઈ અગ્નિ ખૂણા તરફ જતાં બામરોલી રોડની દક્ષિણ હદે અગ્નિ ખૂણા તરફ જતાં ભગવદ નગરની દક્ષિણની હદે હદે હાફીસ મહેલ, રાયણવાડી, ધ્વારકાનગરની ઈશાન ખૂણાની હદે હદે અગ્નિ તરફ જતાં બામરોલી રોડ અને પ્રભા નદીના પૂલથી અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૧૩

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૩	૯૬	૪/૧૦૫૩ થી ૪/૧૧૭૬	મજમુદાર દત્તાત્રય,સિવિલ લાઈન્સના રોડ. બ્રાહમણ, વાણીયા, બારીયા,મરાઠા,મુસલમાન,મનસુરી વિ.
	૯૭	૪/૧૦૯૭ થી ૪/૧૧૭૬	ન્યુઈરા હાઈસ્કુલના ઢાળ,સાવલીવાડ,ડો.ટી.કે ચંદનાનીના મકાન સુધી. મુસલમાન કડીયા, મનસુરી, ધોબી વિ.
	૯૮	૪/૧૧૭૭ થી ૪/૧૨૬૩	જુની પોસ્ટ ઓફીસ પાસે,કડીયાવાડ,તાઈવાડા કૃષ્ણ સીનેમા. મુસલમાન કડીયા,મનસુરી પઠાણ, વિ.
	૨૦૦	૪/૧૨૬૩ સી એ થી ૪/૧૨૭૪	જુની પોસ્ટ ઓફીસ પાસે,કડીયાવાડ,તાઈવાડા કૃષ્ણ સીનેમા. મુસલમાન કડીયા,મનસુરી પઠાણ, વિ.
	૯૯	૪/૧૨૬૩/એ થી ૪/૧૨૭૫/સી	કૃષ્ણ સીનેમા પાછળ,તાઈવાડા. મુસલમાન શેખ,મુસલમાન કડીયા,મનસુરી ધોબી,ખલીફા વિ.
	૧૦૦	૫/૧ થી ૫/૭૪/૪	કૃષ્ણ સીનેમા પાછળ,અબદાલવાડા ઢાળ. મુસલમાન પઠાણ,મનસુરી,ધોબી,ખાટકી મુસલમાન કડીયા, વિ.
	૧૦૯	૫/૭૫૮/એ થી ૫/૮૪૩	વહોરા મસ્જીદ સામે, લાખવાળાની પાછળના મકાને, લાકડાવાલા ના મકાને થઈ વહોરા જુમાતખાનાની છેલ્લી ઓરડી સુધી. મુસલમાન વોરા, વિ.
	૧૧૦	૫/૮૪૪ થી ૫/૯૧૭	સૈફી ચાલથી શરૂ, ખંધકવાળા નદીના ઢાળના મકાનો સુધી. મુસલમાન વોરા, મુસલમાન શેખ, વિ.
	૧૧૨	૬/૧ થી ૬/૪૩	વહોરવાડ રંગુનવાલા, કુરબાન હુસન લોખંડવાલાના મકાન સુધી. મુસલમાન વોરા, વિ.
	૧૧૩	૬/૪૪ થી ૬/૬૨	ડો. તાહેરઅલીના પાછળના ભાગ,ઓઢામાં સારાબાઈ ઈબ્રાહીમજી છત્રીવાલા, રંગુનવાલા ના મકાનો સુધી. મુસલમાન વોરા, વિ.
	૧૧૪	૬/૬૩ થી ૬/૨૬૦	વહોરવાડ ઓઢા,મારવાડીવાસ, સીરાજુદીન કલીમુદીન ના મકાન સુધી. મુસલમાન વોરા, વિ.
	૧૧૫	૬/૨૭૭ થી ૬/૩૨૪/એફ	બદરીચાલ પોણાચાર લાખની ચાલ, વહોરા ગ્રાઉન્ડ વિ.
	૨૦૨	૬/૨૭૮ એફ એ થી ૬/૩૨૩ સી	વહોરવાડ ઓઢા,મારવાડીવાસ, સીરાજુદીન કલીમુદીન ના મકાન સુધી. મુસલમાન વોરા, વિ.
	૧૧૬	૬/૩૨૫ થી ૬/૪૩૧	ફૈઝી બદરી ચાલ, મીટ માર્કેટ ના કેબીનો મારવાડીવાસ અમર ફેકટરીવાળાના મકાને થઈ કસાઈવાડા કુમારશાળા મકાન સુધી. વોરા,મુસલમાન શેખ, વિ.
	૧૨૧	૬/૭૬૨/એ થી ૬/૭૬૨/ડીએ/૧	મજાવર રોડ ઈકબાલ ગર્લ્સ હાઈસ્કૂલ. મુસલમાન કસાઈ,શેખ, વિ.

<u>હદનું વર્ણન</u>

વિશ્વકર્મા ચોકની નૈઋત્ય ખૂણાથી શરૂ કરી દક્ષિણ તરફ જતાં મજમુદાર ચાલ, ટાઉન હોલ, તેલંગ હાઈસ્કુલની પૂર્વની હદે હદે અને ઈકબાલ હાઈસ્કુલ, સીવીલ હોસ્પિટલની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં મેશરી નદીની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં પી.ડબલ્યુ.ડી. ઓફિસ તથા સ્ટાફ ક્વાર્ટસ નવા બહાર પુરા, કબ્રાસ્તાનની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં વ્યાસવાડી, કબ્રાસ્તાનની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં ઈકબાલ હાઈસ્કુલ, પશ્ચિમની હદે થઈ પશ્ચિમ–ઉત્તરની હદે ઈશાન ખૂણા તરફ જતાં બદરી ચાલ, જમાલી મહોલ્લાની ઉત્તરની હદે અને મજાવર રોડ, દારૂસ્લામ મસ્જીદ, શેખભાઈઓના મકાનની દક્ષિણની હદે હદે અગ્નિ ખૂણા તરફ જઈ ઉત્તર તરફ જતાં ભાઈજમાલના મકાનની પૂર્વની હદે થઈ ઉત્તર તરફ જતાં જૈન દેરાસરની દક્ષિણ અને બાદશાહી હોટલની ઉત્તરની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં ટાવર મસ્જીદ, બદરી મહોલ્લા, ડો. મીઠી બોરવાલાનું મકાનની ઉત્તરની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં કડીયાવાડ, રાવળીયાવાડની પશ્ચિમ–દક્ષિણ અને પૂર્વની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં કોઠારી વાડ, ખાટકી વાડ, કરીમી બીલ્ડીંગ, ડો. ટી.કે.ચંદાણી, મજમુદાર ચાલની ઉત્તરની હદે હદે અને કાજીવાડા, શ્રીમાળી શેરી, શોપીંગ સેન્ટર, વિશ્વકર્માની દક્ષિણની હદે હદે પર્વ તરફ જતાં વિશ્વકર્મા ચોકની હદની અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૧૪

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસના બ્લોક નંબર	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૪	૮૬	૪/૬૭૧ થી ૪/૭૦૧/એ	સિવિલ લાઈન્સ રોડ ,ઈરીગેશન ઓફીસ, વિશ્રામગૃહ, પશુ સંવર્ધન કચેરી, પાનમ કચેરી, પાનમ પ્રોજેકટના સ્ટાફ કવાર્ટર્સ ત્રીજા વર્ગની કર્મચારી વસાહત બારીયા, પટેલ, પરમાર, મકવાણા, ભરવાડ, બ્રાહમણ, મદ્રાસી, વાણીયા, વાઘરી, ક્રિશ્ચન વિ.
	૮૭	૪/૬૭૮/સી થી ૪/૭૧૬/એ/૭૧	મે.કલેકટર સાહેબ કચેરીના કમ્પાઉન્ડ, ડિસ્ટ્રીકટ જજના બંગલે, જજીસ કોલોની, આંબાવાડી વોટર વર્કસના આર.ટી.ઓ. ઓફીસ, ગુજરાત હાઉસીગ બોર્ડ બ્રાહમણ, બારીયા, પટેલ, વોરા, મુસ્લમાન, વાણીયા, બ્રાહમણ વિ.
	૮૮	૪/૭૩૦ થી ૪/૭૪૭	સુમન ખરખરીવાલા, કોમર્સ કોલેજ પાસે, ટી.વી. રીલે કેન્દ્ર સુધી. વોરા, મુસલમાન વિ.
રવાનગી સૂચનાઓ ઇ-મેઇલ/ ફેક્સ/ ટેલિ-પ્રિન્ટર/ ટેલિફોન/ પીએલસીસી/ વીએસએટી દ્વારા અથવા સંદેશા-વ્યવહારની બીજી કોઇ અનુકૂળ રીતે મોકલવામાં આવશે અને મોકલવાના અને પ્રાપ્ત કરવાના સ્થળ પરના સંબંધિત અધિકારી નામ અને હોદા સાથે તેનું સમર્થન કરશે અને દરેક

સ્થળે તેની નોંધ રખાશે. આવી તમામ મૌખિક સૂચનાઓનું તાત્કાલિક સંકલન કરાશે, અને લેખિત સમર્થન, ફેકસ, ટેલિપ્રિન્ટર કે અન્ય રીતે મોકલવામાં આવશે.

૨.૭.૨. વીજ ઉત્પાદન કંપનીઓ દ્વારા જરૂરી કાર્યવાહી

૨.૭.૩.૧ તમામ વીજ ઉત્પાદન કંપનીઓ અને કેન્દ્રીય વીજળી પ્લાન્ટ તેમજ પરવાનેદારની માલિકીના વીજ-ઉત્પાદન મથકો, રાજ્ય વીજ ભાર રવાનગી કેન્દ્રે મોકલેલી રવાનગી સૂચનાઓ કે આવી સૂચનાઓ પ્લાન્ટ કે કર્મચારીઓની સલામતીને અસર પહોંચાડતી હોય તે સિવાય તાત્કાલિક પાલન કરવું. સૂચનાઓનું પાલન કરતી વખતે કોઇ અણધારી મુશ્કેલીઓ ઉભી થાય તેવે પ્રસંગે, તેઓએ રાજ્ય વીજ ભાર રવાનગી કેન્દ્રને તેની તાત્કાલીક જાણ કરવી. તમામ વીજ ઉત્પાદન એકમો પાસે સ્વચાલિત વોલ્ટતા રેગ્યુલેટરો સર્વિસમાં હોવા જોઇશે. તમામ વીજ ઉત્પાદન એકમો પાસે સર્વિસમાં ચાલુ ગર્વનરો ઉપલભ્ય હોવા જોઇશે અને તેઓ, સાધારણ જાહેર ફ્રિકવન્સી રેન્જમાં અને તેમની સંબંધિત ક્ષમતા મર્યાદાની અંદર, ઉત્પાદનમાં સ્વચાલિત વધારો કે ઘટાડો કરવા અચૂક સક્ષમ હોવા જોઇશે. વીજ ઉત્પાદન કંપનીઓએ, પ્રણાલી સાથે સમકાલિક કરેલ અથવા પ્રણાલીના અનામત જથ્થાને જાળવવા ઉપયોગ થતો હોય તેવા કોઇપણ વીજ ઉત્પાદન એકમની સંચાલન ક્ષમતાની/ ક્ષમતામાં (કામચલાઉ કે અન્યથા) કોઇ ઘટ કે ફેરફાર અંગે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને તાત્કાલિક ટેલિફોનથી પણ કરવી. વીજ ઉત્પાદન કંપનીઓ, સર્વિસમાંથી ખસેડેલ કોઇપણ એવીઆર અને/ અથવા ગર્વનરને, તે અંગેનાં કારણો સાથે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને જાણ કરશે. કેન્દ્રીય વીજળી-પ્લાન્ટ, રવાનગી સૂચનાઓનું પાલન કરવા અંગેની તેની ક્ષમતાને અસર કરતાં દરજ્જામાં કોઇ ફેરફાર અંગે તે જ રીતે જાણ કરશે. વીજ ઉત્પાદન કંપનીઓ તેમજ કેન્દ્રીય વીજળી પ્લાન્ટ, વીજભાર રવાનગી કેન્દ્રની સૂચના વિના વીજ ઉત્પાદન એકમોને અસમકાલિક કરશે નહીં, સિવાય કે પ્લાન્ટ અને કર્મચારીઓની સલામતીના કારણો હોય જેની રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને સત્વરે જાણ કરવાની રહેશે.

૨.૭.૩.૨. વીજ ઉત્પાદન કંપનીઓ અને વીજળી પ્લાન્ટ, વીજ ઉત્પાદન એકમો/ ફીડરોની કોઇ અસાધારણ વોલ્ટતા અને ફ્રિકવન્સી સંબંધિત કામગીરી અંગે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને જાણ કરશે. કેન્દ્રીય વીજળી પ્લાન્ટ સહિત વીજ ઉત્પાદન કંપનીઓ, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર પાસેથી સૂચનાઓ મેળવ્યા વિના વીજ ઉત્પાદન એકમોનું સમકાલિકરણ કરશે નહી.

૨.૭.૩.૩. વીજ ઉત્પાદન મથકમાં કોઇ કટોકટીના પ્રસંગે, વીજ ઉત્પાદન કંપની, ગ્રિડ નિયમાવલીના 'આકસ્મિકતા આયોજન' અન્વયે આવા હેતુ માટે વિકસાવેલ સ્થાયી સૂચનાઓને અનુસરતાં ગ્રિડના સલામત સંચાલનના હિતમાં, અગાઉથી જાણ કરીને ગ્રિડ સાથે એકમોને સમકાલિક કરશે.

INDEX

૨.૭.૩.૪. વીજ ઉત્પાદન કંપની, ઉપરની કોઇપણ જોગવાઇનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો, તે, આવી નિષ્ફળતા તથા તેનાં કારણોથી રાજય વીજભાર રવાનગી કેન્દ્રને તાત્કાલિક જાણ કરશે.

૨.૮ **વીજ ઉત્પાદન કંપનીઓએ પરિપૂર્ણ કરવાનાં ધોરણો :**

૨.૮.૧. આઇઇજીસી / ગ્રિડ નિયમાવલિમાં, વીજ પ્રવાહન માટે ફેરફારની મર્યાદા સાથે વોલ્ટતા અને ફ્રિકવન્સીનાં ધોરણો નિર્દિષ્ટ કર્યા છે, જેનું વીજ ઉત્પાદન કંપની તેમજ કેન્દ્રીય વીજળી પ્લાન્ટે તથા પરવાનેદારની માલિકીના વીજ ઉત્પાદન મથકોએ પાલન કરવાનું રહે છે.

૨.૮.૨. થર્મલ/ ન્યુ ક્લિયર વીજ ઉત્પાદન એકમોએ અગ્રિમ વીજ ઘટકે ચાલવું જોઇએ નહીં. આમછતાં, ચાર્જિંગના હેતુ માટે, વીજ ઉત્પાદન એકમને, સંબંધિત કેપેબિલિટી કર્વ / ક્ષમતા વત્ર અનુસાર અગ્રિમ વીજ ઘટકે સંચાલન કરવાની છૂટ આપી શકાય.

૨.૮.૩. પ્રવાહન પરવાનેદાર, નીચેની કામગીરી કરવા વીજ ઉત્પાદન કંપનીઓ અને કેન્દ્રીય વીજળી-પ્લાન્ટ તેમજ વીજ ઉત્પાદન મથકોએ કરવા જરૂરી વ્હીલિંગ કરારમાં શરતો સમાવિષ્ટ કરશે.

(ક) પ્રતિક્રિયાત્મક વીજ-ક્ષમતા (MVAR)
(ખ) આર્થિક રીતે નીચે ઉતરતું સ્તર
(ગ) અધિકતમ નિરંતર દર નિર્ધારણના (MW / Min) પ્રમાણમાં બેક-ડાઉન નીચે ઉતરતા સ્તરેથી (લોડિંગ) ભાર વધારાનો દર
(ઘ) નીચે ઉતરતા સ્તરની (MW / Min) સરખામણીમાં અધિકતમ નિરંતર દર નિર્ધારણમાંથી વીજભાર ઘટાડા દર
(ચ) નીચેની પરિસ્થિતિમાં પોતાના પ્લાન્ટ અને કર્મચારીઓની સલામતી જોખમાય નહીં તેટલા પ્રમાણમાં સમકાલિકતા અંગે ઉંચકાયેલા (પિક-અપ) દર મે.વો.માં
- શીત શરૂઆત
- હુંફાળી શરૂઆત
- ગરમ શરૂઆત

૨.૯. **વીજ ઉત્પાદન પર દેખરેખ :**

૨.૯.૧. પ્રવાહન પરવાનેદાર, વીજ ઉત્પાદન કંપનીઓ પાસેથી નીચેની સાચા સમયની (real time) વિગતો મેળવવા, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને સાથે પોઇન્ટથી પોઇન્ટ અવાજ અને વિગત સંચાર માટેનાં સંપર્કો તથા SCADA સિસ્ટમ જેવી સુવિધાઓ પૂરી પાડશે.

(ક) ફ્રિકવન્સી
(ખ) MW ઉત્પાદન

INDEX

(ગ) MVAR ઉત્પાદન
(ઘ) બહાર જતી લાઇનોમાં MW અને MVAR પ્રવાહ
(ચ) આંતર્ જોડાણવાળી બસમાં વોલ્ટતા

૨.૯.૨. રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર / વીજઉત્પાદન પ્લાન્ટની નીચેની પારમિતિઓ પર દેખરેખ રાખવા યોગ્ય કાર્યપધ્ધતિ સ્થાપિત કરશે.

(ક) જાહેર કરેલી એકંદર વીજ ઉત્પાદન ક્ષમતા
(ખ) એકમનો લોડિંગ દર
(ગ) એકમનો અનલોડિંગ દર
(ઘ) રવાનગી સૂચનાઓનું પાલન કરીને, સક્રિય અને પ્રતિક્રિયાત્મક વીજળી ડિલિવરી

વિભાગ-૩
પ્રવાહન પ્રણાલી વ્યવસ્થા ધોરણો

૩.૧. **પ્રાસ્તાવિક :**

૩.૧.૧ આ વિભાગમાં નીચેનાં પાસાં આવરી લેતી ગ્રિડ કામગીરી માટેની માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરી છે.

(ક) વિગતોની વ્યવસ્થા અને પ્રણાલીનો અભ્યાસ
(ખ) વીજભાર રવાનગી અને સંદેશા-વ્યવહાર
(ગ) વોલ્ટતા અને પ્રતિક્રિયાત્મક વીજળી-વ્યવસ્થા
(ઘ) માગ-વ્યવસ્થા
(ચ) પ્રણાલી સંચાલન

૩.૧.૨ કાર્યક્ષમ, સંકલિત અને કરકસરયુક્ત વીજ-પ્રવાહન પ્રણાલી પૂરી પાડવા પ્રવાહન પ્રણાલી સંચાલિત કરવા રાજ્ય પ્રવાહન યુટિલિટી માટે માર્ગદર્શક સૂચનાઓ તરીકે આ ધોરણો કામ કરશે.

૩.૨ **વિગતોની વ્યવસ્થા અને પ્રણાલીનો અભ્યાસ :**

૩.૨.૧. કાર્યક્ષમ કામગીરી માટે પ્રવાહન પ્રણાલીનું આયોજન કરવા, રાજ્ય પ્રવાહન યુટિલિટીએ સંપૂર્ણ પ્રણાલીની વિગતવાર અદ્યતન વિગતો એકત્રિત કરવી, સંગ્રહ કરો અને તેની વ્યવસ્થા કરવી. આના લીધે જરૂરી જણાય ત્યારે પ્રણાલીનો અભ્યાસ હાથ ધરી શકાશે. એકત્રિત કરવાની અને સંગ્રહ કરવાની પ્રણાલીની માહિતીની વિગતો, જોડાણ-૧માં દર્શાવ્યા મુજબ રહેશે.

INDEX

૩.૨.૨. ઘટનાના પૃથ્થકરણ અને વિગતોની ખરાઇને સુગમ બનાવવા, મુખ્યત્વે ૫ થી ૧૦ સેકન્ડના આંતરે સ્ટેમ્પિંગની સુવિધા અંગેની યોગ્ય સાચા સમયની વિગતો સાથે SCADA પ્રણાલી તથા રાજય વીજભાર રવાનગી એકમને સુસજજ બનાવશે.

૩.૨.૩. રાજય પ્રવાહન યુટિલિટી, સામયિક ધોરણે નીચેની પ્રણાલીના અભ્યાસ હાથ ધરશે.

(ક) સંચાલનની જુદી જુદી પરિસ્થિતિ અન્વયે વીજભાર-પ્રવાહ
(ખ) પ્રણાલીની સ્થિર સ્થિતિ અને અલ્પકાલિક સ્થિરતાની સીમા
(ગ) પ્રણાલીનાં સંતોષકારક વોલ્ટતા પ્રોખાઇલ જાળવી રાખવા સિસ્ટમ/ પ્રણાલી માટે જરૂરી પ્રતિક્રિયાત્મક વીજળી ક્ષતિપૂર્તિનું સ્થળ અને પ્રમાણ
(ઘ) પ્રણાલીમાં જુદા જુદા પોઇન્ટ પર ખામીની કક્ષા
(ચ) ઝડપી અને ગતિશીલ અભ્યાસ
(છ) જરૂરી હોય તેવા બીજા કોઇ અભ્યાસ

૩.૩ **<u>વીજભાર રવાનગી :</u>**

૩.૩.૧. ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૩૨(૨) અનુસાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્રનાં કાર્યો નીચે મુજબ રહેશે.

(ક) તે રાજયમાં કામ કરતાં પરવાનેદારો કે વીજ ઉત્પાદન કંપનીઓ સાથે કરેલા કરાર અનુસાર, રાજયની અંદર વીજળી માટે ઇષ્ટતમ અનુસૂચિ તૈયાર કરવા અને વીજળીની રવાનગી માટે જવાબદાર રહેશે.
(ખ) ગ્રિડ-કામગીરીની દેખરેખ રાખવી,
(ગ) રાજય ગ્રિડ મારફત પ્રવાહિત વીજળીના જથ્થાનો હિસાબ રાખવો,
(ઘ) આંતર્ રાજય પ્રવાહન પ્રણાલી પર દેખરેખ અને નિયંત્રણ રાખવો,
(ચ) ગ્રિડનાં ધોરણો તથા રાજય ગ્રિડ નિયમાવલિ અનુસાર રાજય ગ્રિડ સુરક્ષતિ અને કરકસરયુકત સંચાલન દ્વારા રાજયની અંદર ગ્રિડ નિયંત્રણ અને વીજળી રવાનગી માટે યોગ્ય સમયે કામગીરીઓ હાથ ધરવા જવાબદાર રહેશે.

૩.૩.૨ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર નીચેનાં કાર્યો પણ બજાવશે.

(ક) દૈનિક વીજ ઉત્પાદન ભાર અનુસૂચિઓ તૈયાર કરવી અને રવાનગી સૂચનાઓ મોકલવી.
(ખ) MW લાઇન અને MVAR ઉપાડ, ઇએચટી બસ વોલ્ટતા અને ફ્રિકવન્સી પર દેખરેખ રાખવી.
(ગ) વીજ ઉત્પાદન, વિવિધ જોડાણ પોઇન્ટો/ ઇન્ટરફેઝ પોઇન્ટરો આગળ નિકાસ/ આયાત
(ઘ) પ્રવાહન પ્રણાલીમાં આંશિક કે કુલ અંધારપટ પછી પુનર્સ્થાપન પ્રક્રિયાનું સંકલન

(ચ) વીજ-ઉત્પાદન મથકો અને વિતરણ પ્રણાલીના સંકલનમાં જાળવણી, બાંધકામ, સુધારા, માર્ગાન્તર વગેરે હાથ ધરવા પ્રવાહન પ્રણાલી માટે અનુપયોગી ગાળાની યોજનાને આખરીરૂપ આપવું.

(છ) વિતરણ પરવાનેદાર દ્વારા મુકરર કરાયેલ અને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને જાણ કરેલ બિન મહત્વપૂર્ણ વીજભારના આપોઆપ થતાં ટ્રિપીંગ માટે ફ્રિકવન્સી લોડ શેડિંગ (AUFLS) અન્વયે ઓટોવેટિક ગોઠવણ માટે સંકલન

(જ) ગોઠવેલી હદની અંદર ફ્રિકવન્સી અને વોલ્ટતા પ્રોફાઇલની જાળવણી માટે મુખ્ય પ્રવાહન લાઇનો અને વીજ ઉત્પાદનનું સંકલિત સંચાલન

(ઝ) રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર સાથે સંયુકતપણે, અસાધારણ તીવ્ર પ્રણાલી ગરબડો/ ખલેલ હેઠળ પ્રણાલીની પર્યાપ્તતાઓ આંતર્ પ્રણાલી સંચાલન પધ્ધતિઓની સમીક્ષા કરવા અભ્યાસોનું સંકલન.

(ટ) આંતર્-જોડાણવાળા નેટવર્કમાંથી પ્રણાલીને અલગ પાડવા અંગે કામગીરી કરવા, દરેક પ્રણાલીના સંચાલક સ્ટાફને સ્થાયી સૂચનાઓ આપવી.

(ઠ) આંતર્ રાજ્ય ગ્રિડ વ્યવસ્થા અને ઘટનાના પૃથ્થકરણ તેમજ સુધારાત્મક પગલાંના અમલ માટે પ્રાદેશિક વીજળી સમિતિ અને પશ્ચિમ પ્રદેશ વીજભાર રવાનગી કેન્દ્ર સાથે સંકલન સાધવું.

૩.૪ <u>સંદેશા-વ્યવહાર :</u>

૩.૪.૧. રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, પશ્ચિમ પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર, વીજ ઉત્પાદન મથકો અને વધારાના ઉંચા તણાવવાળા પેટા-મથકો (EHT) વચ્ચે ભરોસાપાત્ર અને કાર્યક્ષમ પોઇન્ટથી પોઇન્ટ અવાજ અને વિગત સંદેશા-વ્યવહાર જોડાણો સ્થાપિત કરશે અને જાળવશે.

૩.૪.૨. રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા/ ને પ્રસરિત કરેલ તમામ સંચાલન વિષયક સંદેશા-વ્યવહાર/ સૂચનાઓને, તમામ સંબંધિતો, જરૂરી જણાય તેટલા સમય-ગાળા માટે નોંધીને જાળવી રાખશે.

૩.૫ <u>પ્રતિક્રિયાત્મક વીજળી વ્યવસ્થા :</u>

૩.૫.૧ ગ્રિડ નિયમાવલીના "પ્રવાહન પ્રણાલી આયોજન અને સુરક્ષા ધોરણોમાં" નિયત પ્રવાહન પ્રણાલીની તમામ બસો ખાતે એકધારી સ્થિતિમાં વોલ્ટેજ મર્યાદા પહોંચી વળવા પ્રણાલીનાં હાલનાં પ્રતિક્રિયાત્મક સાધનો અને પ્રતિક્રિયાત્મક અનામત જથ્થાનો અધિકતમ ઉપયોગ કરવાનો પ્રયત્ન કરશે.

૩.૬ **વોલ્ટતા વ્યવસ્થા :**

૩.૬.૧. રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદારો, વિગત સંપાદન પ્રણાલી ગોઠવીને, સાચા સમય, સાચા સમયે તેની પ્રવાહન પ્રણાલીના તમામ અધિક ઉંચા તણાવનાં પેટા-મથકો ખાતે વોલ્ટતા સપાટી પર દેખરેખ રાખશે.

૩.૬.૨. પ્રણાલી પ્રતિક્રિયાત્મક વીજ પ્રવાહ અને ફ્રિકવન્સી વિનિયમિત કરવા શકય તમામ પગલાં લઇને પ્રણાલી-વોલ્ટતાનું વિનિયમન કરાશે.

૩.૬.૩. ગ્રિડ નિયમાવલીની જોગવાઇઓ અનુસાર અથવા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર સાથે ચર્ચા-વિચારણા કરીને પ્રવાહન અને વિતરણ પરવાનેદારો સ્થાનિક ટ્રાન્સફોર્મર ટેપ ચાલુ કરીને શકય તેટલા પ્રમાણમાં તમામ સ્થાનિક વોલ્ટતા પ્રશ્નોનું નિરાકરણ કરશે.

૩.૬.૪. ઉંચી વોલ્ટતા પ્રણાલીના કેસમાં, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર નીચેનાં પગલાં લેશે.

(ક) વીજ ઉત્પાદન મથકોને, યંત્રની ક્ષમતા વત્ર અનુસાર MVAR ઉત્પાદનમાં ઘટાડો કરવા વિનંતી કરશે.

(ખ) પશ્ચિમી પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર સાથે ચર્ચા-વિચારણા કરીને, જોગવાઇ કરાઇ હોય ત્યાં બસ રિએકટરોમાં વીજપ્રવાહ ચાલુ કરવો.

(ગ) જોગવાઇ કરી હોય તો (તેઓની સ્વિચ કરી હોય તો) કેપેસિટર્સ/ વીજધરિત્રોનો સ્વિચ કાઢી લઇને વીજ પ્રવાહ બંધ કરવો.

(ઘ) ૪૦૦/૨૨૦ કે.વી ની ટેપ તથા ૨૦૦/૧૩૨ કે.વી.ના આંતર્-જોડાણવાળા ટ્રાન્સફોર્મરોની ટેપ ઘટાડવા વ્યવસ્થા કરવી.

(ચ) બેવડી પરિપથ પ્રવાહન લાઇન (હલકા વીજભારવાળી હોય તો)ના એક પરિપથની સ્વિચ બંધ કરવી.

(છ) જરૂરી જણાય તેવાં બીજાં કોઇ પગલાં.

૩.૬.૫ નિમ્ન વોલ્ટતા પ્રણાલીના કેસમાં, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર નીચેનાં પગલાં લેશે.

(ક) યંત્રની/ ક્ષમતા વત્ર અનુસાર MVAR ઉત્પાદનમાં વધારો કરવા વીજ ઉત્પાદન મથકોને વિનંતી કરવી.

(ખ) બસ-રિએકટરોની સ્વિચ બંધ કરવી. (તેઓની સ્વિચ ચાલુ હોય તો)

(ગ) કેપેસિટર્સ/ વીજધારિત્રોની સ્વિચ ચાલુ કરવી.

INDEX

(ઘ) ૪૦૦/૨૨૦ કે.વી અને ૨૨૦/૧૩૨ કે.વી આંતર્ જોડાણ હુકમ ટ્રાન્સફોર્મરોની ટેપમાં પરિવર્તન કરીને પ્રણાલી-વોલ્ટતા વધારવાની ગોઠવણ કરવી.

(ચ) નિરુપયોગી સમય ગાળા હેઠળ પરિપથની પુનર્સ્થાપના

(છ) હાથથી વીજભાર શેડિંગ કરવા સૂચના આપવી.

૩.૭ **ભાગ-વ્યવસ્થા :**

૩.૭.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી / પ્રવાહન પરવાનેદાર, વિગત સંપાદન પ્રણાલી સ્થાપિત કરીને સાચા સમય ધોરણે દરેક ઇએચટી લાઇન અને દરેક આંતર્ જોડાણયુકત ટ્રાન્સફોર્મરના MW/ MVAR લોડિંગ પર દેખરેખ રાખશે.

૩.૭.૨ કોઇ પ્રણાલીના ઘટકરૂપ ભાગ પર અતિશય વીજભાર/ અતિશય ઉષ્ણતા અપાતી હોય તો તેના પરનો વીજભાર, યોગ્ય કાર્યપધ્ધતિ અનુસરીને ઘટાડવામાં આવશે.

૩.૮ **વીજભાર-શેડિંગ :**

૩.૮.૧ કોઇ વિતરણ પરવાનેદાર, કોઇ જોડાણ પોઇન્ટ/ ઇન્ટરફેઝ પોઇન્ટ ખાતે કોઇ વધુ પડતો ઉપાડ કરે છે કે કેમ તેની ચકાસણી કરશે અને તેને પોતાનો ઉપાડ અનુસૂચિ પૂરતો મર્યાદિત રાખવાની સલાહ અપાશે, આવો કોઇ વધારાનો ઉપાડ ન કરાતો હોય તો અને વીજ ઉત્પાદન કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન વધારવાની કોઇ શકયતા ન હોય તો, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રે તે સમયે જરૂરી અને યોગ્ય જણાય તે પ્રમાણે આવી લાઇનોના ટ્રિપીંગ દ્વારા વીજભાર શેડિંગ માટે આદેશ આપવો. પ્રવાહન પરવાનેદારો શકય હોય ત્યાં હેતુ માટે યોગ્ય રીતે ગોઠવેલા અલ્પ ફ્રિકવન્સી રિલેની જોગવાઇ કરશે અને એકવાર તેને ગોઠવ્યા પછી, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર ખાસ પરવાનગી આપે તે સિવાય કોઇપણ સંજોગોમાં તેનું માર્ગાન્તર કરાશે (bye pass) નહીં.

૩.૯ **અલગીકરણ – યોજના :**

૩.૯.૧ પ્રણાલી-ખલેલ દરમિયાન ગ્રિડનો સંપૂર્ણ અંધારપટ ન થાય તે સારું અને પરિસ્થિતિ સત્વરે રાબેતા મુજબ કરવા; રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર પશ્ચિમી પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર, રાજ્ય પ્રવાહન યુટિલીટી, વીજ-ઉત્પાદન મથકો અને વિતરણ પરવાનોદારો સાથે ચર્ચા-વિચારણા કરીને મોટાં વીજ ઉત્પાદન મથકો અને પ્રવાહન પ્રણાલીના ભાગ/ ભાગો માટે અલગીકરણ (islanding) યોજનાઓ વિકસાવશે.

૩.૧૦ **પશ્ચાદ ખલેલ પૃથ્થકરણ :**

૩.૧૦.૧ વીજ ઉત્પાદન મથકોનું (૧૧૦ મે.વો અને તેથી વધુ) ટ્રિપીંગ, પ્રવાહન લાઇનોનું ટ્રિપીંગ (૨૨૦ કે.વી અને વધુ) સંપૂર્ણ/ આંશિક અંધારપટ લાંબા સમયનો અવરોધ ઉભો કરતી

INDEX

પ્રવાહન લાઇનોનું ભંગાણ, પેદા કરનાર તમામ મહત્વપૂર્ણ ગ્રિડ ખલેલો અને વીજભાર નિયંત્રણો અંગે નિયમાવલિ સમીક્ષા પેનલમાં ચર્ચા કરવી. આવી ખલેલની ઘટના બને કે તરત વધુ તપાસ માટે પેનલ, જરૂર જણાય તો એક પેટા-સમિતિની રચના કરી શકશે. આવી બેઠકોમાં રજૂ કરેલ ખલેલ અંગેના અહેવાલો અને ભલામણોનું સંકલન કરાશે અને અમલ માટે ગ્રિડ નિયમાવલિ સમીક્ષા પેનલના તમામ સભ્યોને પરિપત્રિત કરાશે.

૩.૧૧ <u>ઘટના અંગે અહેવાલ આપવો.</u>

૩.૧૧.૧ ગ્રિડ નિયમાવલિના વિભાગ "સંચાલનલક્ષી ઘટના અને બનાવ/ અકસ્માતનો અહેવાલ આપવો" અન્વયે વર્ણન કર્યા પ્રમાણે પ્રણાલીના સંચાલનનો અસરકર્તા તમામ અસાધારણ બનાવો કે ઘટનાઓ પર તમામ રાજય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદારો/ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દેખરેખ રાખશે.

૩.૧૧.૨ પ્રવાહન પરવાનેદાર બનાવ બન્યાની ૧૦ મિનિટની અંદર એ વાતની ખાતરી કરશે કે, તેમના નામ નિર્દિષ્ટ અધિકારી જેમને અનુવર્તિ પગલાં લેવાનું જણાવવાની સત્તા હોય તેવા રાજય વીજભાર રવાનગી કેન્દ્રના પાળી અધિકારીએ, રિર્પોટિંગ કાર્યવાહી શરૂ કરતાં પહેલાં પ્રણાલીને સુરક્ષતિ રાખવાની કામગીરીને સૌથી વધુ અગ્રતા આપવી.

૩.૧૧.૩ રાબેતા મુજબની પરિસ્થિતિ પુનસ્થાપિત કર્યાના એક કલાકની અંદર, પવાહન પરવાનેદાર વિવિધ સંસ્થાઓ સાથે ચર્ચા-વિચારણા કરીને નામ નિર્દિષ્ટ અધિકારી પ્રાથમિક અહેવાલ નિયત ફોર્મમાં (રાજય પ્રવાહન યુટિલિટી દ્વારા ધોરણસર કરવાના) અહેવાલ તૈયાર કરશે અને સંબંધિત સંસ્થાઓને (રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નકકી કર્યા પ્રમાણે નામ નિર્દિષ્ટ અધિકારીઓને મોકલશે.

૩.૧૧.૪ ૪૮ કલાકની અંદર, ફોર્મમાં (રાજય પ્રવાહન યુટિલિટી દ્વારા ધોરણસર કરવાના) વિગતવાર અહેવાલ તૈયાર કરાશે અને સંબંધિત સંસ્થાઓના (રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નકકી કર્યા પ્રમાણે) નામ નિર્દિષ્ટ અધિકારી / અધિકારીઓને મોકલવામાં આવશે.

૩.૧૨ <u>અનુપયોગી ગાળાનું આયોજન :</u>

૩.૧૨.૧ રાજય પ્રવાહન યુટિલિટી / પ્રવાહન પરવાનેદાર એ વાત સુનિશ્ચિત કરશે કે જાળવણી, બાંધકામ, સુધારણા, માર્ગાન્તર વગેરે માટે જરૂરી પરિપથો/ ટ્રાન્સફોર્મરોના અનુપયોગી ગાળા માટેની યોજના, પ્રવાહન પ્રણાલીનાં સુરક્ષા ધોરણોનું ઉલ્લંઘન ન કરે.

૩.૧૩ **સંરક્ષણ સંકલન :**

૩.૧૩.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી / પ્રવાહન પરવાનેદારો, પ્રવાહન પ્રણાલીની સંરક્ષણ યોજનાઓ અંગે રિલેની ગોઠવણનું, સંબંધિત જોડાણ પોઇન્ટ/ ઇન્ટરફેઝ પોઇન્ટ ખાતે પડોશનાં રાજ્યોની વીજઉત્પાદન કંપનીઓ, કેન્દ્રિય પ્રવાહન યુટિલિટી અને ગ્રિડ પ્રણાલીની રીલે ગોઠવણો સાથે સંકલન કરાશે.

૩.૧૪ **ટૂંકા-પરિપથની સપાટી :**

૩.૧૪.૧ રાબેતા મુજબના પગલા તરીકે, રાજ્ય પ્રવાહન યુટિલિટી / પ્રવાહન પરવાનેદાર, અસાધારણ વોલ્ટતા પ્રોફાઇલ અન્વયે પ્રવાહનમાં દરેક ઇએચટી પેટા-મથકે વીજ-ટ્રાન્સફોર્મર અને આંતર્ જોડાણવાળા ટ્રાન્સફોર્મરોની ઓન-લોડ ટેપના સંચાલન માટે, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રે મંજૂર કર્યા પ્રમાણે અનુસૂચિ તૈયાર કરશે.

૩.૧૫ **ઓન-લોડ ટેપ ચેન્જિંગ**

૩.૧૫.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર, અસાધારણ વોલ્ટતા પ્રોફાઇલ અન્વયે પ્રવાહન પ્રણાલીમાં દરેક ઇએચટી પેટા મથક ખાતે વીજ-ટ્રાન્સફોર્મરો અને આંતર્ જોડાણવાળા ટ્રાન્સફોર્મરોના ઓન લોડ ટેપના સંચાલન માટે, રાજ્ય વીજ ભાર રવાનગી કેન્દ્રે મંજૂર કર્યા પ્રમાણે અનુસૂચિ તૈયાર કરશે.

૩.૧૬ **સલામતી સંકલન :**

૩.૧૬.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી અને પ્રવાહન પરવાનેદારો, તત્પૂરતું અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમોનાં ઠરાવ્યા પ્રમાણે વીજ પુરવઠા લાઇનો અને ઉપકરણોના બાંધકામ, ગોઠવણ, રક્ષણ, સંચાલન અને જાળવણી માટેની સામાન્ય સલામતી સૂચનાઓ, જેને પાછળથી બદલીને કરવામાં આવેલ ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૭૩(બી) અન્વયે નિર્દિષ્ટ, સીઇએ દ્વારા તૈયાર કરાયેલ ગ્રિડ સાથે વીજળી પ્લાન્ટ, વીજળી લાઇનો અને જોડાણોના બાંધકામ માટેનાં ટેકનિકલ ધોરણોનું પાલન કરશે.

૩.૧૬.૨ રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર, કામ હાથ ધરતાં પહેલાં, કામ દરમિયાન અને કામ પૂરું કર્યા પછી, સંબંધિત પ્રણાલી ઘટકભાગને, તેની પોતાની પ્રવાહન લાઇનની અંદર અને તેની તથા કોઇપણ વપરાશકર્તાની પ્રવાહન પ્રણાલી વચ્ચેનો કાર્યકારી વિસ્તારમાં એમ બંને જગ્યાએ વીજળી કૃત કરવામાં આવે ત્યાં સુધી સલામતી કાર્યવાહીઓના સંકલન માટે ગ્રિડ નિયમાવલિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે યોગ્ય નિયંત્રક વ્યકિતઓને નામનિર્દિષ્ટ કરશે.

૩.૧૬.૩ રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર સલામતી સંકલન માટે તેનાં પોતાનો સલામતી નિયમ સંગ્રહ વિકસાવશે.

૩.૧૭ **જાળવણી અનુસૂચિઓ :**

૩.૧૭.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદારો, તત્સમય પૂરતું અમલી ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમોની લાગુ પડતી જોગવાઇના અને પાછળથી તેને સ્થાને બદલેલ ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૭૩(બી) અન્વયે નિર્દિષ્ટ સીઇએ દ્વારા તૈયાર કરાયેલ ગ્રિડ સાથેના વીજળી પ્લાન્ટ, વીજળી લાઇનો અને જોડાણોના બાંધકામ માટે ટેકનિકલ ધોરણો તથા પ્રસ્તુત સીબીઆઇ એન્ડ પી નિયમ સંગ્રહો/ ઉત્પાદકોના જાળવણી નિયમ સંગ્રહોને સુસંગત રહીને લાઇનો તથા પેટા-મથકોની સાધનસામગ્રીની જાળવણીની અનુસૂચિઓ વિકસાવશે.

૩.૧૮ **પ્રકીર્ણ ધોરણો :**

૩.૧૮.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અલગ ઇશ્યુ કરેલ પરવાનેદારની કામગીરીના ધોરણમાં દર્શાવેલી શરતોનું પાલન કરવા પરત્વે દેખરેખ રાખવા તથા જાળવણી ધોરણોના અમલ માટે એક અધિશ્રેણી સ્થાપિત કરશે.

૩.૧૯ **છૂટક ભાગો :**

૩.૧૯.૧ લાઇન સાધન સામગ્રી અને પેટા-મથકની સાધન સામગ્રીની જાળવણી, મરામત અને ફેરબદલીની અનુકૂળતા માટે, રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર છૂટક ભાગો અંગે યોગ્ય નીતિ વિકસાવશે, જેથી પ્રણાલીની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરી શકાય.

૩.૨૦ **પરીક્ષણ પ્રયોગશાળાઓ :**

૩.૨૦.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદારો પ્રસ્તુત ભારતીય ધોરણો અને ઉત્પાદકોની સૂચનાઓ અનુસાર પેરા-મથકમાં વપરાતાં રિલે, મીટરો, વીજપ્રવાહ ટ્રાન્સફોર્મરો, સંભવિત શકિત ધરાવતાં ટ્રાન્સફોર્મરો, કન્ડેન્સર બુશિંગ અને અન્ય વીજળી સહાયક સામગ્રીના પરીક્ષણ માટે તેની પોતાની સાધનોથી સુસજજ પરીક્ષણ પ્રયોગશાળા સ્થાપશે. તેના વિકલ્પમાં, રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર કોઇપણ અધિકૃત પરીક્ષણ સુવિધાઓનો સહેલાઇથી ઉપયોગ કરી શકશે.

૩.૨૧ **પરીક્ષા તંત્ર :**

૩.૨૧.૧ રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદારો, ટ્રાન્સફોર્મર, પરિપત્ર બ્રેકર, વીજપ્રવાહ ટ્રાન્સફોર્મર, સંભવિત શકિતવાળા ટ્રાન્સફોર્મરો, સ્ટેશન બેટરી, રિલે અને મીટરો, નિયંત્રક વાયરિંગ, દોરડાં, વીજળી અવરોધકો, પેટા-મથક અર્થિંગ વગેરે જેવી પેટા-મથકની સાધનસામગ્રીનું સામયિક ક્ષેત્ર પરીક્ષણ હાથ ધરવા જરૂરી તમામ પરીક્ષણ સાધનસામગ્રી, વીજ

INDEX

પુરવઠો વગેરેથી સુસજજ તથા લાયક, તાલીમબંધ અને કુશળ વ્યકિતઓના સ્ટાફ સાથે પોતાના નિયંત્રણ હેઠળનાં પરીક્ષણ તંત્રોની સ્થાપના કરી શકશે. વિકલ્પે, રાજય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર, કોઇપણ અધિકૃત પરીક્ષણ સુવિધાઓ ખાતે સુગમતાથી પરીક્ષણ કરાવી શકશે.

૩.૨૨ **ઓજારો, પ્રકીર્ણ સાધનો અને કુશળ માનવશકિત :**

૩.૨૨.૧ રાજય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદારો લાઇનો, પેટા-મથકની સાધનસામગ્રીની જાળવણી માટે અને તમામ પેટા-મથકોએ તેની પ્રાપ્યતા સુનિશ્ચિત કરવા, કુશળ માનવ-શકિતની જરૂરી સંખ્યા સાથે તમામ જરૂરી સાધનસામગ્રી, ઓજારો, પ્રકીર્ણ સાધનો વગેરેને સારી સ્થિતિમાં રાખશે.

૩.૨૩ **લાઇનો અને પેટા-મથકોનું નિરીક્ષણ:**

૩.૨૩.૧ રાજય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદારો, નિવારક જાળવણી અનુસૂચિઓ અનુસાર લાઇનો અને પેટા-મથકોની નિવારક જાળવણી હાથ ધરવામાં આવે છે અને યોગ્ય રેકર્ડ રાખવામાં આવે છે. તે સુનિશ્ચિત કરવા તેની પ્રવાહન-પ્રણાલીની તમામ લાઇનો અને પેટા-મથકોનું સામયિક નિરીક્ષણ કરશે.

જોડાણ-૧

ખંડ ૩.૨ ના સંદર્ભમાં સંચાલન અને અભ્યાસ અંગેની વિગતો

તમામ વિગતો ૧૦૦ MVA બેઝ પર રાખવી

૧. **૧૩૨ કે.વી ની સપાટી કે તેની ઉપરની સપાટી માટે લાઇન વિગતો :**

(ક) બસ નંબરથી -
(ખ) બસ નામથી -
(ગ) બસ નંબર સુધી -
(ઘ) બસ નામ સુધી -
(ચ) વાલ્ટજ સપાટા (ક.વા)
(છ) CKTS નંબર :
(જ) લાઇન-લંબાઇ (કી.મી.)
(ઝ) કન્ડકટરનું કદ અને ફેઝ દીઠ કન્ડકટરોની સંખ્યા :
(ટ) POS ક્રમિક પ્રતિરોધ/ કિ.મી (વીજયુનિટમાં)

INDEX

(છ) POS ક્રમિક પ્રતિક્રિયા / કિ.મી(વીજ યુનિટમાં)
(ડ) POS ક્રમિક અર્ધ-લાઇન મોકૂફી/ કિ.મી (વીજ યુનિટમાં)
(ઢ) શૂન્ય ક્રમિક પ્રતિરોધ / કિ.મી(વીજ યુનિટમાં)
(ણ) શૂન્ય ક્રમિક પ્રતિક્રિયા / કિ.મી(વીજ યુનિટમાં)
(ત) શૂન્ય ક્રમિક અર્ધ-લાઇન મોકુફી/ કિ.મી(વીજ યુનિટમાં)
(થ) લાઇન ક્ષમતા(એમ્પિયર) (૦ સે.પરિસર ઉષ્ણતામાન અને ૦ સે.પરિસર પર ઉષ્ણતામાન વધારો નિર્દિષ્ટ કરો)
(દ) લાઇન રિએકટર (કોઇ હોય તો) (બંને છેડે) MVAR
(ધ) શરૂઆત કર્યાનું વર્ષ
(ન) સ્થળોની સંખ્યા :
(પ) મોકુફી / તણાવ
(ફ) સ્થળોની સંખ્યા સાથે જોડાણોની સંખ્યા
(બ) માર્ગ-ક્રોસિંગ
(ભ) એકસપ્રેસ/ ધોરી માર્ગ ક્રોસિંગ
(મ) નદી-ક્રોસિંગ
(ય) ઇએચટી લાઇન ક્રોસિંગ-સ્થળ સાથે

૨. <u>તમામ ૪૦૦ / ૨૨૦ કે.વી અને ૨૨૦ / ૧૩૨ કે.વી ઓટો ટ્રાન્સફોર્મરો અને જનરેટર ટ્રાન્સફોર્મરો માટે ટ્રાન્સફોર્મર વિગત :</u>

(ક) બસ નંબરથી -
(ખ) બસ નામથી -
(ગ) બસ નંબર સુધી -
(ઘ) બસ નામ સુધી -
(ચ) ઉચ્ચ વોલ્ટતા બાજુ વોલ્ટતા (કે.વી)
(છ) નિજન વોલ્ટતા બાજુ વોલ્ટતા(કે.વી)
(જ) ટ્રાન્સફોર્મરોની સંખ્યા
(ઝ) પ્રતિરોધ (વીજ યુનિટમાં)
(ટ) પ્રતિક્રિયા (વીજ યુનિટમાં)
(ઠ) ટેપ સેટિંગ
(ડ) નોમિનલ ટેપ,
(ઢ) ટેપ-સ્ટેપ
(ણ) ટેપ-રેન્જ
(ત) ટ્રાન્સફોર્મર પ્રકાર (૨ કે ૩ વિન્ડિંગ સદિશ જૂથ)

(થ) ટ્રાન્સફોર્મરનાં દર નિર્ધારણ (MVA)
(દ) શરૂઆત કર્યાની તારીખ

૨.૧ <u>ઉ બાઇન્ડીંગ ટ્રાન્સફોર્મર માટે ખાસ વિગતો :</u>

(ક) અવબાધ વચ્ચે (વી.યુ)
HV - MV
MV - LV
HV - LV
(ખ) HV બાજુ વોલ્ટતા :
(ગ) MV બાજુ વોલ્ટતા :
(ઘ) LV બાજુ વોલ્ટતા :
(ચ) ત્રીજી કક્ષાની ભારવહન ક્ષમતા (જો હોય તો)
(છ) ગ્રાઉન્ડીંગ અવબાધ – વીજ યુનિટમાં
(સ્ટારનું ન્યૂટ્રલ ભૂમિગત હોય તો)
(જ) Tan Delta
(ઝ) DGA
(ટ) FRA

ઉ <u>બસ – ાવગતા :</u>
(ક) બસ – નંબર
(ખ) બસનું નામ :
(ગ) બસ વોલ્ટતા (કે.વી)
(ઘ) સામાન્ય બસ/ ભારવાહી બસ
(ચ) P.GEN (M.W)
(છ) Q.GEN (M.W)
(જ) P ભાર (MW)
(ઝ) Q ભાર (MVAR)
(ટ) GEN-બસમાંથી મેળવેલ V
(ઠ) જનિત્રો માટે MVAR ક્ષમતા વત્ર
(ડ) શન્ટ-વીજધારિત્ર, જો હોય તો

૪ **યંત્ર – વિગતો :**

(ક) **જનિત્ર વિગતો**

(ક) ક્ષમતા MVA (અધિકતમ નિરંતર ૬૨), MW, MVAR, (ન્યૂનતમ) અને MVAR (અધિકતમ)

(ખ) જનિત્ર વોલ્ટતા –કે.વી.માં - નામની, ન્યૂનતમ, અધિકતમ.

(ગ) તેના પોતાના બેઝ / ગ્રાઉન્ડીંગ અવબાધ પર વાઇન્ડિંગના ક્રમિક અવબાધ.

(ઘ) પ્રત્યક્ષ અક્ષો
સમકાલિક પ્રતિક્રિયા
અલ્પકાલિક પ્રતિક્રિયા
પેટા-અલ્પકાલિક પ્રતિક્રિયા

(ચ) ચતુષ્કોણ અક્ષો
સમકાલિક પ્રતિક્રિયા
અલ્પકાલિક પ્રતિક્રિયા
પટા-અલ્પકાલક પ્રાતાકયા

(છ) જડત્વ અચલાંક – MW-sec/MVA.

(જ) ડેમ્પિંગ અચલાંક

(ઝ) વીજભ્રૂ પ્રતિરોધ

(ટ) વીજભ્રૂ (આર્મેચર) ક્ષરણ પ્રિક્રિયા

(ઠ) પ્રત્યક્ષ અક્ષ
અલ્પકાલિક સમય-અચલાંક
પેટા-અલ્પકાલિક સમય-અચલાંક

(ડ) ચતુષ્કોણ અક્ષો
અલ્પકાલિક સમય અચલાંક
અલ્પકાલિક સમય અચલાંક
પેટા-અલ્પકાલિક સમય-અચલાંક

(ખ) **ટર્બાઇન વિગતઃ-**

(ક) ટર્બાઇનનો પ્રકાર જેમકે જલીયા બાષ્પીય, ફ્રેન્કીસ, કપલાન (Kaplan) વગેરે

(ખ) પ્રાપ્તિ અચલાંક અને સમય અચલાંકની સાથે ટર્બાઇન નમૂનાના બ્લોક આલેખનો/ આકૃતિઓ

(ગ) ટર્બાઇન ડેમ્પિંગ અચલાંક

(ઘ) યંત્રનો વેગ, નામનો વેગ

(ચ) ટર્બાઇન નમૂનાની બ્લોક આકૃતિમાં વર્ણવ્યા પ્રમાણે અન્ય કોઇ અચલાંક / વિશિષ્ટ વર્ણન

INDEX

(ગ) **ઉત્તેજક (Exciter) વિગત :**

(ક) પ્રાપ્તિ અને સમય અચલાંકના મૂલ્યની સાથે ઉત્તેજક નમૂનાની બ્લોક આકૃતિ :
વોલ્ટતા નિયંત્રક પ્રાપ્તિ અને સમય અચલાંક
મુખ્ય ઉત્તેજક પ્રાપ્તિ અને સમય અચલાંક
સ્થિરિકરણ લૂપ/ બંધ કરેલી લૂપ- પ્રાપ્તિ અને સમય અચલાંક
(ખ) વીજ પ્રણાલી સ્થિરક વિગત

(ઘ) **વેગ નિયંત્રક વિગતઃ-**
(ક) પ્રાપ્તિ અચલાંક અને સમય અચલાંકની સાથે નિયંત્રક નમૂનાની બ્લોક આાકૃતિ
(ખ) અધિકતમ અને ન્યૂનતમ વાલ્વ સ્થિતિ મર્યાદા
(ગ) અસરકારક વેગ નિયંત્રક પ્રણાલી પ્રાપ્તિ
(ઘ) વાલ્વ સર્વો ટાઇમ અચલાંક

૫. **૨૨૦ કે.વી અને ૧૧૦ કે.વીના તમામ પેટા-મથકો માટેની માગની વિગતો**

(ક) અઠવાડિક MW/MVAR વીજભાર વિગતો
MW/MVAR-લોડિંગ, કૃષિ-વીજભાર, ઔદ્યોગિક વીજભાર, ઘરવપરાશ વીજભાર અને વાણિજ્યિક વીજભાર અલગ રીતે દર્શાવશે.

લાદેલાં નિયંત્રણો
નિયંત્રણોને કારણે માગમાં ગણતરી કરાયેલ ઘટાડો
અમર્યાદિત માગ
: MW
: MVAR
(ખ) પેટા-મથકનું નામ
ખાસ પ્રકારનો દૈનિક વીજભાર વક્ર (અઠવાડિક દિવસ માટે)

૬ **સાચા સમયની વિગતો :**

(ક) દરેક વીજઉત્પાદન એકમ ઉત્પાદન MW
(ખ) તમામ ૪૦૦/૨૦૦ કે.વી ની લાઇનનો પ્રવાહ – MW અને MVAR
(ગ) તમામ ૪૦૦/૨૨૦ કે.વી.નો ટ્રાન્સફોર્મર પ્રવાહ - MW અને MVAR
(ઘ) તમામ ૨૨૦/ ૧૩૨ કે.વી ટ્રાન્સફોર્મર પ્રવાહ - MW અને MVAR
(ચ) ૪૦૦ કેવી, ૨૨૦ કે.વી બસ – બસ વોલ્ટતા

INDEX

(છ) ટેપ સ્થિતિ – ૪૦૦ / ૨૨૦ કે.વી અને ૨૨૦ / ૧૩૨ કે.વી ટ્રાન્સફોર્મરો
(જ) ૪૦૦ કે.વી, ૨૨૦ કે.વી અને ૧૩૨ કે.વીની તમામ લાઇનો, ટ્રાન્સફોર્મરો, જનિત્રોની સર્કિટ બ્રેકર સ્થિતિ

વિભાગ-૪
વિતરણ પ્રણાલી વ્યવસ્થા ધોરણો :

૪.૧ પ્રાસ્તાવિક :

૪.૧.૧ આ વિભાગમાં નીચનાં પાસાઓને આવરી લેતાં સંચાલનલક્ષી માપદંડો માટેની માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવામાં આવી છે.

(ક) માગ અને પુરવઠા અનુસૂચિઓ
(ખ) વીજભાર દેખરેખ
(ગ) વીજભાર સંતુલન
(ઘ) વોલ્ટતા દેખરેખ અને નિયંત્રણ
(ચ) વિગતોની નોંધણી
(છ) વીજભાર વ્યવસ્થા
(જ) સંદેશા-વ્યવહાર
(ઝ) સલામતી સંકલન
(ટ) જાળવણી

૪.૨. માગ અને પુરવઠા અનુસૂચિ :-

૪.૨.૧ તમામ વિતરણ પરવાનેદારો (પોતાના વીજઉત્પાદન એકમો ધરાવનાર પરવાનેદારો સહિત જેમકે અમદાવાદ ઇલેકટ્રીસીટી કંપની, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને દરરોજ આગળના દિવસના ધોરણે ૯-૦૦ કલાક સુધીમાં પુરવઠાના પોતાના સંબંધિત વિસ્તારની ૧/૪ કલાકની MW/MVAR / અધિકતમ MVWH જરૂરિયાત (૦૦.૦૦ – ૨૪ કલાક) પૂરી પાડશે.

૪.૨.૨ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ પરવાનેદારે પૂરી પાડેલી વિગતો એકત્રિત કરીને એક દિવસ આગળની ૧/૪ કલાકના માગની અનુસૂચિ રજૂ કરશે. તે, પશ્ચિમી પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર સાથે નકકી કરેલ અદ્યતન આયોજિત ઉપાડ અનુસૂચિ સહિત ૧/૪ કલાકની વીજ ઉત્પાદન પ્રાપ્યતા ધ્યાનમાં લેશે.

૪.૨.૩ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર નીચેની બાબતો લક્ષમાં રાખીને એક દિવસ આગળની માગ-અનુસૂચિ તૈયાર કરશે.

INDEX

(ક) પ્રવાહન પ્રણાલીના વખતોવખત ઉભા થતાં અવરોધો
(ખ) રાજય વીજભાર રવાનગી કેન્દ્રે અંદાજ કાઢવા પ્રમાણે ૧/૪ કલાકની માગ-જરૂરિયાતો

૪.૨.૪ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, વિતરણ પરવાનેદાર ૦.૯ અને તેથી વધુ વીજળી ઘટક જાળવે તે આવશ્યક ગણે છે.

૪.૨.૫ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, તમામ વિતરણ પરવાનેદારોને ૧૮.૦૦ કલાક સુધીમાં તે પછીના દિવસની પુરવઠા-અનુસૂચિની જાણ કરશે.

૪.૩ **વીજભાર દેખરેખ :**

૪.૩.૧ ૬૬ કે.વી.નાં પેટા મથકો અને ૬૬ કે.વી કરતાં ઉંચી વોલ્ટતા ધરાવતાં પેટા-મથકો માટેની કાર્ય-રોજનીશી, વીજપ્રવાહ, ભાર, વોલ્ટતા વગેરે જેવા મીટરોનું કલાકનું વાચન અને મથકના સંચાલન અંગે યોગ્ય રીતે નોંધ કરતાં મથક સંચાલન કામગીરી માટેનાં રજિસ્ટરો દરેક મથકે જાળવવામાં આવશે. ઉપરનાં રજિસ્ટરોની સાથોસાથ મળેલી અને બહાર મોકલેલી બંને ઊર્જા માટે દૈનિક ઊર્જા મીટર વાંચન માટે અલગ રજીસ્ટર રાખવામાં આવશે.

૪.૪ **વીજભાર સંતુલન :**

૪.૪.૧ વિતરણ પરવાનેદારો, બને ત્યાં સુધી, ૧૦%ના ટોચના વીજભારની અંદર વિતરણ ટ્રાન્સફોર્મરોની વીજભાર પ્રવાહન બાજુએ અસંતુલિત વીજભારનું નિયંત્રણ કરશે.

૪.૪.૨ પ્રવાહન ટ્રાન્સફોર્મરોના ગૌણી વીજપ્રવાહ અને વોલ્ટતા, તમામ ફેઝ પર અપેક્ષિત ટોચ વીજભારના કલાકો દરમિયાન મહિનામાં ઓછામાં ઓછું એકવાર નોંધ કરાશે.

૪.૫ **વોલ્ટતા દેખરેખ અને નિયંત્રણ:**

૪.૫.૧ ૧૧ કે.વી વિતરણ પ્રણાલીને પુરવઠો પૂરો પાડતા દરેક પેટા-મથકે વોલ્ટતા દેખરેખ-નિયંત્રણ, વિગતની નોંધ રોજનીશી રાખીને કરાશે.

૪.૫.૨ દરેક ૧૧ કે.વી.ના ફિડરમાં નીચે જણાવ્યા પ્રમાણે ઓછામાં ઓછી ૨ સંખ્યાના ટ્રાન્સફોર્મરો માટે, વોલ્ટતા સપાટી પર દેખરેખ રાખવી જરૂરી જણાય તે પ્રમાણે, વિતરણ પરવાનેદારે, વિતરણ ટ્રાન્સફોર્મરની વીજભાર પ્રવાહ (એલટી) બાજુ પર વોલ્ટતાનું દેખરેખ નિયંત્રણ રાખવું જોઇશે.

(ક) ફિડરની શરૂઆતમાં એક ટ્રાન્સફોર્મર
(ખ) ફિડરના છેડાના ભાગે એક ટ્રાન્સફોર્મર

INDEX

૪.૫.૩ વોલ્ટતા સ્થિતિમાં સુધારણા, ૨૨/૧૧ પેટા-મથકોમાં જ્યાં ઉપલબ્ધ બને ત્યાં ટેપ-ચેન્જર ચાલુ કરીને અને જરૂરી હોય ત્યાં મોકલવાના છેડે વોલ્ટતા સુધારવા, જોડાણ પોઇન્ટ/ ઇન્ટરફેઝ પોઇન્ટ આગળ પ્રવાહન પરવાનેદારના ઓપરેટરો સાથે ટેલીકોમથી સંપર્ક કરીને કરવામાં આવશે.

૪.૬ **વિગતોની નોંધ રાખવી :**

૪.૬.૧ વોલ્ટતા, પ્રવાહ, વીજઘટક, MW, ટ્રાન્સફોર્મરની વિગતો જેમકે ટેપ સ્થિતિ, તૈલી/ વાઇન્ડીંગ ઉષ્ણતામાન વગેરે જેની તમામ અગત્યની માહિતી, વિતરણ લાઇનોને ૬૬ કે.વી અને તેથી વધુ પુરવઠો પૂરો પાડતાં તમામ પેટા-મથકોમાં કલાકના ધોરણે, રોજનીશીમાં નોંધવામાં આવશે.

૪.૬.૨ બીજાઓ પૈકી નીચેનું રેકર્ડ વિતરણ પરવાનેદારનો પરંપરા પ્રમાણે કેન્દ્રિય સ્થળે દરેક પેટા-મથક અથવા દરેક પેટા-મથક ખાતે જાળવવામાં આવશે.

આમ છતાં નીચેની યાદી સૂચનાત્મક છે, સંપૂર્ણ નથી.

(ક) સાધનસામગ્રી માટે તથા મથકના સંચાલન અને સાધનસામગ્રી જાળવણીની વિગતોનો સમાવેશ કરતા સમગ્ર મથક માટેના નિયમ સંગ્રહોનું સંચાલન અને જાળવણી,
(ખ) સાધનસામગ્રી અને મથકની બેટરી (batteries) માટે જાળવણી રજિસ્ટરો
(ગ) અવરોધો અંગેનું રજિસ્ટર
(ઘ) લાઇન-ક્લિયર રજિસ્ટર
(ચ) સાધનસામગ્રીનું રજિસ્ટર

૪.૭ **વીજભાર – વ્યવસ્થા :**

૪.૭.૧ પ્રવાહન પ્રણાલી કે પ્રાદેશિક પ્રણાલીમાં સંપૂર્ણ કે આંશિક અંધારપટ થઇ જાય તેવા પ્રસંગે, વિતરણ પરવાનેદાર રાબેતા મુજબની સ્થિતિ પુનસ્થાપિત કરવા ગ્રિડ નિયમાવલિમાં ઠરાવ્યા મુજબની કાર્યપધ્ધતિઓ અનુસરશે.

૪.૭.૨ તેની પોતાની પ્રણાલીમાં ભંગાણ પડે તેવા પ્રસંગે, વિતરણ પરવાનેદાર, યોગ્ય પગલાં લઇને કામગીરીનાં ધોરણોમાં નિર્દિષ્ટ મર્યાદામાં પુરવઠો પુનસ્થાપિત કરશે/ જાળવશે.

૪.૮ **સંદેશા-વ્યવહાર :**

૪.૮.૧ વિતરણ પરવાનેદાર, મોટાં પેટા-મથકોએ ફેકસ, ઇ-મેઇલ વગેરે જેવી ભરોસાપાત્ર સંદેશાવ્યવહાર સુવિધાઓ ઊભી કરશે. સ બંધિત ગ્રિડ પેટામથકો અને વીજભાર રવાનગી કેન્દ્રોમાંથી મળતાં કે જતાં તમામ સંચાલન વિષયક સૂચનાઓ, સંદેશા અને માહિતી પેટા-મથકે યોગ્ય રીતે રેકર્ડ કરવામાં આવશે.

INDEX

૪.૯ સલામતી સંકલન :

વિતરણ પરવાનેદાર અને ગ્રાહકો, તત્સમય પૂરતું અમલમાં હોય તે ૧૯૫૬ના ભારતીય વીજળી નિયમોની જોગવાઇઓનું પણ પાછળથી ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૭૩(સી)માં આવેલી જોગવાઇઓ મુજબ સીઇએ દ્વારા નિર્દિષ્ટ કરાયેલ વીજળી-પ્લાન્ટ અને વીજળી લાઇનોનાં બાંધકામ, સંચાલન અને જાળવણી માટે સલામતી જરૂરિયાતનું ચુસ્તપણે અનુપાલન કરશે.

૪.૧૦ જાળવણી :

૪.૧૦.૧ વિતરણ પરવાનેદાર, સંચાલન અને જાળવણી સ્ટાફના માર્ગદર્શન માટે, વિતરણ પ્રણાલીના વિવિધ ઘટકો અંગે યોગ્ય જાળવણી નિયમસંગ્રહો અને કાર્યક્રમો તૈયાર કરશે. અનુસૂચિ પ્રમાણે કરેલ જાળવણી કામ, મુદત દરમિયાન લાઇનો અને સાધનોમાં સામે આવેલી ભૂલો, ખામી ભર્યા કાર્યો વગેરેની વિગતો, વિતરણ પ્રણાલીના દરેક ઘટક માટે લીધલ ઉપાયાત્મક પગલાં વગેરે કામગીરીને યોગ્ય રીતે અદ્યતન બનાવીને યોગ્ય રેકર્ડ રાખવામાં આવશે.

૪.૧૦.૨. સંતોષકારક જાળવણી માટે સૌ પ્રથમ નીચેની પૂર્વ જરૂરિયાતો સુનિશ્ચિત કરવી જોઇશે.

(ક) કટોકટી દરમિયાન નજદીક પ્રણાલીમાંથી વીજભાર તબદીલ કારણે સંભવિત ઓવરલોડિંગ પહોંચી વળવાની પ્રણાલીની ક્ષમતા

(ખ) વપરાયેલ માલસામાનની ગુણવત્તા

(ગ) તાલીમબધ્ધ અને યોગ્ય રીતે સાધનોથી સજજ જાળવણી સ્ટાફ

(ઘ) પ્રણાલીના દરેક ઘટકની જાળવણી માટે અનુસૂચિ

૪.૧૦.૩. જાળવણીના કામમાં, રાબેતા મુજબ નિરીક્ષણ, સફાઇકામ, પરીક્ષણ અને સમાયોજના જે કોઇ જરૂરી હોય તેનો અને જેનું અગાઉથી આયોજન ન કરી શકાય તેવાં સર્વિસ હેઠળનાં કોઇ સાધનમાં ભંગાણ થયા પછી તેને કામકાજની સ્થિતિમાં પુનસ્થાપિત કરવાના કામથી અલગ પ્રકારનું કામ હોય તેનો સમાવેશ થશે.

INDEX

૪.૧૦.૪. તૈયાર કરેલી જાળવણી અનુસૂચિઓમાં નીચેની બાબતો આવરી લેવાશે.

(ક) નિરીક્ષણ
(ખ) નિવારક જાળવણી
(ગ) સંપૂર્ણ મરામત

૪.૧૦.૫. **નિરીક્ષણ**

આમાં, સાધનોના સંચાલન દરમિયાન પેટા સાધનસામગ્રી/ લાઇનોની સ્થિતિની ચકાસણી કરવા સામયિક નિરીક્ષણનો સમાવેશ થશે, જેની આયોજિત રીતે ખામીઓ સુધારવા અગાઉથી પગલાં લઇ શકાય અને ભંગાણ થતું અટકાવી શકાય.

૪.૧૦.૬. **નિવારક જાળવણી :**

(ક) આમાં, સર્વિસમાં યોગ્યતાની ખાતરી કરવા અને યોગ્ય કામકાજની સ્થિતિ સુનિશ્ચિત કરવા, યાંત્રક અને વીજળિક સાર્મથ્ય નક્કી કરવા જરૂરી પરીક્ષણો સહિત સામયિક કામો આવરી લેવાશે. લાઇનકે સાધનસામગ્રીના સંચાલન દરમિયાન ઊભી થયેલ ક્ષતિઓને અગ્રિમતા આપીને, નિરીક્ષણ અને જાળવણી ચકાસણી પરથી મળેથી માહિતીને આધારે અનુસૂચિ તૈયાર કરવામાં આવશે.

૪.૧૦.૭. **સંપૂર્ણ મરામતઃ**

(ક) આમાં, ભૂતકાળના અનુભવ અને ઉત્પાદકોની ભલામણો પર આધારિત સાધનસામગ્રી અંગે કરવાના નિવારક જાળવણી કામનો સમાવેશ થશે તથા સાધનસામગ્રી મહત્વપૂર્ણ વિયોજનને (ન જોડાવું) આવરી લેશે. અનુસૂચિ, સાધનસામગ્રીની અપેક્ષિત સાધારણ આવરદા અને નિરીક્ષણ તથા જાળવણી ચકાસણીને લીધે મળેલી વિગતોને આધારે તૈયાર કરાશે.

(ખ) જાળવણી અનુસૂચિઓ, વિતરણ પ્રણાલીના તમામ ઘટકો માટે અલગ તૈયાર કરાશે.

(૧) ૫૦૦ કે.વી.એ અને તેથી ઉપરના વીજ-ટ્રાન્સફોર્મરો અને વિતરણ ટ્રાન્સફોર્મરો
(૨) થાંભલા પર બેસાડેલ વિતરણ ટ્રાન્સફોર્મરો અને વીજધારિત્રો
(૩) તમામ સંયોજિત સ્વિચગિયર સાથે ૨૨ અને ૧૧ કે.વી ની પરિપથ બ્રેકરો
(૪) વીજભાર પ્રવાહન પરિપથ બ્રેકરો

(૫) થાંભલા પર બેસાડેલ ઓટો-રિકલોઝર

(૬) ૨૨ અને ૧૧ કે.વી ની વિતરણ લાઇન - જી ઓ એસ સાથે

(૭) સ્વિચો અને ફ્યૂઝ સહિત વીજભાર પ્રવાહન લાઇનો

(૮) મીટર-વાચક સહિત પરવાનેદારના અધિકૃત પ્રતિનિધિએ સર્વિસ જોડાણની દેખાતી અસાધારણતા અંગે, સુધારાત્મક પગલાં લેવાં યોગ્ય અધિકારીને જાણ કરવી.

૪.૧૦.૮. વિતરણ પ્રણાલીના કાર્યક્ષમ કામકાજ તથા કોઇપણ ઘટકભાગની નિષ્ફળતાને કારણે થતા અકસ્માતો નિવારવા, નીચેની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં રાખી, અસરકારક જાળવણી કામ સુનિશ્ચિત કરવું. અલબંત નીચેની માર્ગદર્શક સૂચનાઓ સૂચનાત્મક છે, સંપૂર્ણ નથી.

(ક) ચોમાસા પહેલા અને પછી વિતરણ લાઇનોનું સંપૂર્ણ નિરીક્ષણ કરવું.

(ખ) નિરીક્ષણ દરમિયાન ધ્યાનમાં આવેલી ભૂલો સામાન્ય પ્રકારની હોય તો, શકય હોય ત્યાં અને ત્યારે નિરીક્ષણ વખતે જ તે સુધારી લેવી. જે ભૂલો સહેલાઇથી સુધારી શકાય તેમ ન હાય તવા કસમા, અગાઉથા કાયક્રમ યાગ્ય રીત કરીને, બનતી ત્વરાએ તેના પર ધ્યાન આપવું.

(ગ) અતિશય ગરમી કે આર્કિંગ કે પ્રતિબંધક નિમ્ન કિલઅરન્સ જેવી અસાધારણ પરિસ્થિત જણાય તો, સાધનસામગ્રી કે લાઇનને તાત્કાલિક છૂટી પાડવી ભૂલોની સુધારણા હાથ ધરવી.

(ઘ) ઉત્પાદકોની સૂચનાઓને યોગ્ય ધ્યાન આપવું અને તે અમલમાં મૂકવી.

(ચ) તમામ પરીક્ષણનાં પરિણામોનું રેકર્ડ સતત જાળવવું.

(છ) તપાસણી અને જાળવણીનાં કરેલાં તમામ કામની વિગતો સમાવિષ્ટ કરતાં યોગ્ય નિરીક્ષણ/ જાળવણી ચકાસણી / વિગત-પત્રકો જાળવવાં.

(જ) જાળવણી કામો હાથ ધરતી વખતે જરૂરીયાત સલામતી ચેતવણી / સલામતી સાધનોના ઉપયોગ કરવો.

(ઝ) આગલા અનુભવની દ્રષ્ટિએ, વિતરણ પરવાનેદારે જાળવણી અનુસૂચિની સામયિક સમીક્ષા કરવી અને યોગ્ય જાળવણી, અકસ્માત નિવારણ અને ખલેલમાં ઘટાડો સુનિશ્ચિત કરવા જરૂરી શકય તમામ સુધારા સમાવિષ્ટ કરવા તેને અદ્યતન બનાવવી.

૪.૧૦.૯. **અનુસૂચિ બહાર નિરીક્ષણો :**

નીચેના સ્વરૂપનાં નિરીક્ષણો, સંચાલનમાં જરૂરી વિશ્વસનીયતાના સ્તરે પ્રણાલીની જાળવણી કરવા હાથ ધરવાં :

(ક) **ખાસ નિરીક્ષણો** : ભારે વાવાઝોડા, ગાજવીજ સાથે વાવાઝોડા અને વરસાદ જેવી તીવ્ર હવામાનની સ્થિતિ બાદ તરત, થાંભલા, વિસંવાહકો, કન્ડકટરો અને/ અથવા સાધનસામગ્રીમાં કોઇ નુકસાન કે ભંગાણ થયુ હોય તો તે શોધી કાઢવા નિરીક્ષણ હાથ ધરવામાં આવશે.

(ખ) **કટોકટી નિરીક્ષણ** : વીજ પુરવઠો ફરીથી ચાલુ કરવા જેમ બને તેમ સત્વર મુશ્કેલીનું કારણ શોધી કાઢવા અને ઓળખવા લાઇનો પર, તેના ખોટકામણ દરમિયાન આ પ્રકારનું નિરીક્ષણ કરાશે.

(ગ) **અનુવર્તિ નિરીક્ષણો :** કામચલાઉ ભૂલોને કારણે થયેલા, એક કે વધુ ટૂંકા ગાળાના અવરોધો ધ્યાનમાં આવે ત્યારે અવરોધનું કારણ શોધી કાઢવા અને તે મુકરર કરવા આ પ્રકારનું નિરીક્ષણ હાથ ધરાશે અને જેમ અને જયારે જરૂરી હોય ત્યારે યોગ્ય જાળવણી પગલાં લેવામાં આવશે.

(ઘ) **ચકાસણી નિરીક્ષણમાં** : વિતરણ પ્રણાલીનો હવાલો સંભાળનાર નિર્દિષ્ટ ઇજનેર, લાઇન અને સાધન સામગ્રીની સ્થિતિ અને જાળવણીના સાર્મથ્ય પર નિયંત્રણ તરીકે આ નિરીક્ષણો સામયિક રીતે હાથ ધરાશે. તો પ્રથમ તબકકે જાળવણી સ્ટાફના ધ્યાનમાં ન આવી હોય તેવી ક્ષતિઓ પરત્વે નિર્દેશ કરશે.

અમદાવાદ
૩૦ માર્ચ, ૨૦૦૫

પી.એસ.શાહ
સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 155

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, JUNE 10, 2005/JYAISTHA 20, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-A and I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ. તારીખ ૩૧ માર્ચ – ૨૦૦૫

તા. ૩૧ માર્ચ-૨૦૦૫ ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં.૮, ૨૦૦૫ વીજળી અધિનિયમ માટેના વિનિયમોનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

INDEX

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિનિયમો, ૨૦૦૫

૨૦૦૫નું જાહેરનામું નં :૮

૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો અધિનિયમ)ની કલમ ૪૭ અને કલમ ૧૮૧ની પેટા કલમ(૨) (વી) અને (ડબલ્યુ) અન્વયે સુપરત કરાયેલી સત્તાઓ તથા તે અંગે તેમને સક્ષમ કરતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે નીચેના વિનિયમો ઘડે છે :

પ્રકરણ-૧

૧. ટુંકું શીર્ષક, વ્યાપ્તિ અને પ્રારંભ :

ક. આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ કહેવાશે.

ખ. આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડશે અને તેમના સંબંધિત પરવાના યુકત વિસ્તારોની અંદર તમામ વિતરણ પરવાનેદારોને લાગુ પડશે.

ગ. આ વિનિયમો રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

પ્રકરણ-૨

૨. વ્યાખ્યાઓ :

૨.૧ આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષતિ હોય તે સિવાય,

(ક) 'અધિનિયમ' એટલે ૨૦૦૩નો વીજળી અધિનિયમ (૨૦૦૩ નો ૩૬ મો)
(ખ) 'બેંક દર' એટલે ભારતીય રિઝર્વ બેંકે નિર્દિષ્ટ કરેલ બેંક દર
(ગ) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
(ઘ) 'વપરાશ ખર્ચ' એટલે કિલો વોટ અવરમાં વીજળી-શકિતનો વપરાશ X યોગ્ય પ્રશુલ્ક દર અને તેમાં માગ/ નિયત ખર્ચ, બળતણ ભાવ અને વીજ-ખરીદી સમાયોજન (FPPPA) ખર્ચ, અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે શુલ્ક અનુસૂચિમાં મંજૂર કરેલ બીજું કોઇપણ અને ખર્ચ વીજળી શુલ્ક અને વૈદ્યાનિક સત્તાધિકારીઓ દ્વારા વખતોવખત નાખવામાં આવે તેવા બીજા કોઇપણ ખર્ચનો સમાવેશ થાય છે.

INDEX

(ચ) 'માગ ખર્ચ' એટલે ગ્રાહકને ચૂકવવાપાત્ર ખર્ચ, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વખતોવખત મંજૂર કર્યા મુજબ પ્રસ્તુત વિનિયમો સાથે વાંચતા પ્રશુલ્ક અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ કરાર કરાયેલ માંગણી કે નોંધેલ અધિકતમ માગ પર આધારિત છે.

(છ) 'વીજળી ખર્ચ' ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વખતોવખત મંજૂર કર્યા પ્રમાણે પ્રસ્તુત વિનિયમો સાથે વાંચતા પ્રશુલ્ક અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વીજળી વપરાશ અંગે ચૂકવવાપાત્ર ખર્ચનો ઉલ્લેખ કરે છે.

(જ) 'નિયત ખર્ચ' વખતોવખત અમલમાં આવે તે પ્રશુલ્ક (ટેરિફ) અનુસાર ગ્રાહકે ચૂકવવાપાત્ર ખર્ચ, જે, મંજૂર કરેલ વીજભાર કે નોંધેલી અધિકતમ માગ કે કરાર-માગ પર આધારિત છે.

(ઝ) 'ગોઠવણ' એટલે વીજ ઉત્પાદન, રૂપાંત્ર, પ્રવાહન, ફેરફાર, વિતરણ કે તેના ઉપયોગના હેતુસર વપરાતો કોઇપણ મિશ્ર વીજ એકમ

(ટ) 'મહિનો' એટલે સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય અંગ્રેજી કેલેન્ડરનો મહિનો. એક કેલેન્ડર મહિનાની નિર્દિષ્ટ તારીખથી બીજા કેલેન્ડર મહિનાની તે જ તારીખ સુધીનો સમય (લગભગ ૩૦ દિવસ જેટલો સમય-ગાળો)

(ઠ) 'જગ્યા' માં જમીન, મકાન કે સંરચનાનો સમાવેશ થાય છે.

(ડ) પ્રશુલ્ક એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા મંજૂર કરાયેલ પ્રશુલ્કમાં નિર્દિષ્ટ પ્રકારના ગ્રાહકોને પૂરી પડાતી આવી તમામ નિર્દિષ્ટ સેવાઓ(સર્વિસ)ને લાંગુ પડતા, નિર્દિષ્ટ સેવાઓ માટે ધોરણસરના ભાવ કે ખર્ચની અનુસૂચિ.

(ઢ) 'રાજય અધિનિયમ' એટલે ગુજરાત વીજ-ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ,૨૦૦૩

(ણ) 'કામચલાઉ નોકરી' એટલે શરૂઆતમાં વધુમાં વધુ એક મહિના માટે આપવામાં આવતાં વીજળી પુરવઠો, જે કાયમી હેતુસર વીજ-ગોઠવણના વર્ગીકરણ અનુસાર વધુ મુદત લંબાવવા અંગેની સમીક્ષાને આધીન રહેશે.

આ વિનિયમોમાં વપરાયેલ અને વ્યાખ્યા નહીં આપેલ, પરંતુ અધિનિયમ કે રાજય અધિનિયમ અથવા તે હેઠળ ઘડાયેલ નિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો કે શબ્દસમૂહોના અર્થ, ઉકત અધિનિયમ કે રાજય અધિનિયમ કે આવા નિયમોમાં તેઓને અપાયેલ અર્થ મુજબ રહેશે. અહીં વાપરેલા પરંતુ આ વિનિયમો, અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે અન્વયે ઘડાયેલા નિયમોમાં સ્પષ્ટપણે વ્યાખ્યા ન આપી હોય, પરંતુ સક્ષમ વિધાનસભાએ મંજૂર કરેલ કોઇપણ કાયદા હેઠળ વ્યાખ્યા કરેલ અને રાજયમાં વીજ ઉદ્યોગને લાગુ પાડવાપાત્ર શબ્દો અને શબ્દસમૂહોના અર્થ, આવા કાયદામાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ઉપરની બાબતને આધીન રહીને, અહીં વપરાયેલ પરંતુ વિનિયમો કે અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે અન્વયે ઘડાયેલ નિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા બીજા કોઇપણ કાયદામાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા ન અપાયેલ હોય તેવા શબ્દો કે શબ્દ સમૂહોના અર્થ સામાન્ય રીતે, વીજ-ઉદ્યોગમાં તેને અપાયેલ અર્થ મુજબ રહેશે. મુંબઇ સામાન્ય ખંડ અધિનિયમ, ૧૯૯૪, હાલના વિનિયમોના હેતુ માટે લાગુ પડશે.

INDEX

૨.૨ અર્થઘટન :

આ વિનિયમોમાં અર્થઘટન, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય નીચે મુજબ થશે.

(ક) એકવચન કે બહુવચનના શબ્દો, યથાપ્રસંગ, અનુક્રમે બહુવચન કે એકવચનના શબ્દનો સમાવેશ કરતા હોવાનું ગણવામાં આવશે.

(ખ) 'સમાવેશ' કે 'સહિત' શબ્દોની પાછળ, આવા શબ્દો આયાત જેવા વાકયાંશો કે શબ્દો પછી આવતા હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના 'મર્યાદા વિના' અથવા 'પરંતુ....ને મર્યાદિત નહીં' એમ આવતું હોવાનું ગણવામાં આવશે.

(ગ) અહીં 'વિનિયમ' ના સંદર્ભોનો ઉલ્લેખોનો અર્થ, અમલમાં હોય તે કાયદા અનુસાર, આયોગ દ્વારા વખતોવખત સુધારવામાં કે ફેરફાર કરવામાં આવે તે મુજબના વિનિયમોનાં સંદર્ભ તરીકે કરાશે.

(ઘ) શીર્ષકો સુગમતા માટે સૂચવ્યા છે અને આ વિનિયમોના અર્થઘટન માટે તેને ધ્યાનમાં લેવા નહીં.

(ચ) કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના સંદર્ભોનાં અર્થ, અહીં ઉલ્લેખ કરાયેલ આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ, એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ વૈદ્યાનિક જોગવાઇઓ સહિત હોવાનું ગણાશે.

પ્રકરણ-૩

૩. વીજળી માટે જામીનની જરૂરિયાત :

૩.૧ અધિનિયમની કલમ-૪૭માં જોગવાઇ કર્યા પ્રમાણે, વિતરણ પરવાનેદારે, અધિનિયમની કલમ-૪૩ અનુસાર પોતાના મકાનની જગ્યાએ વીજળી પુરવઠો માગનાર કોઇપણ વ્યકિત પાસેથી, પરવાનેદારને લેણી થતી અંદાજિત ચુકવણી સામે પૂરતી જામીનગીરી અનામત ચૂકવશે.

(અ) આવી વ્યકિત કે જેને વિજળી સપ્લાય આપવામાં આવતી હોય (વિજળીના ફિકસ્ડ / ડીમાન્ડ ચાર્જીસ, વળતરના ભાવો, વિજળીના વેરા, અને અન્ય કિંમત સમય સાથે લગાવવામાં આવે તેના સમાવેશ સાથે અથવા

(બ) જયાં વિજળીની લાઇન, અથવા વિજળીના પ્લાન્ટ અથવા વિજળીના મીટર વિજળી પહોંચવા માટે કરાર મુજબ આવી લાઇન, અથવા પ્લાન્ટ અથવા મીટર મુકવામાં આવ્યા હોય.

૩.૨ આવી વ્યકિત વિનિયમ ૩.૧ અન્વયે આવી જામીનગીરી આપવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર, આ નિષ્ફળતા ચાલુ રહે તે દરમ્યાન તેટલી મુદત માટે વીજળી પુરવઠો આપવાનો ઇન્કાર કરી શકે.

INDEX

પ્રકરણ-૪

૪ પૂરી પાડેલ / પૂરી પાડવાની વીજળી માટે જામીન અનામત :

૪.૧ નિમ્ન-દાબવાળા ગ્રાહકો, હંમેશ, દ્વિમાસિક બીલનો વારો લાગુ પડતો હોય ત્યાં ત્રણ મહિનાના વપરાશના, અથવા માસિક બીલનો વારો લાગુ પડતા હોય તેવા કેસમાં આવા બે મહિનાના વપરાશ ખર્ચની સમતુલ્ય રકમ, પરવાનેદાર પાસે જોઇશે, જે રકમ, વીજ પુરવઠાની સમજુતિ અમલમાં હોય તે મુદત દરમિયાન ચુકવણીમાં કોઇ કસૂરની સામે, તેને પૂરી પાડેલી/ પૂરી પાડવાની વીજળી પેટે જામીન તરીકે રહેશે.

પરંતુ, દ્વિમાસિક વારાની પધ્ધતિ બદલીને માસિક બિલના વારાની પધ્ધતિ બદલીને માસિક બિલના વારાની પધ્ધતિ આવે તો, પરવાનેદારે, હાલ બાકી નીકળતી રકમ અથવા ત્યારપછી તરત લેણી થતી રકમ સામે હિસાબમેળ કરીને પ્રર્વતમાન પ્રશુલ્ક દરે અંદાજેલા બે મહિનાના ખર્ચ ઉપરાંતની કોઇ રકમ હોય તો, પરવાનેદારે તે વધારાની રકમ પરત ચૂકવવી.

૪.૨ ઉંચા-દાબવાળા ગ્રાહકોએ હંમેશા, વીજ પુરવઠા સમજૂતિ અમલમાં હોય તે દરમિયાન ચુકવણીમાં કોઇ કસૂર થાય તો તેની સામે, પૂરી પાડેલી / પૂરી પાડવાની વીજળી અંગેની જામીન તરીકે દોઢ મહિનાના વપરાશ ખર્ચની સમકક્ષ રકમ પરવાનેદાર પાસે રાખશે.

૪.૧ જામીન તરીકે ચૂકવવાની રકમ રોકડી અથવા પરવાનેદારની તરફેણમાં લખેલ ડિમાન્ડ ડ્રાફટના રૂપમાં હશે.

૪.૨ વીજળી માટેના અરજદારો, તેમને પૂરી પાડવામાં આવતી વીજળી માટે શરૂઆતમાં નીચે મુજબ જામીન અનામત ચૂકવશે.

૧.	રહેણાંકનાં મકાનોને વીજળી પુરવઠા માટે	પ્રર્વતમાન પ્રશુલ્કના દરે પ્રયોજિત વીજળીના દરેક ૦.૫ કિ.વો. માટે ૫૦ યુનિટના વપરાશ અંગેનું વપરાશ ખર્ચ, પરંતુ કોઇપણ કેસમાં તે ૨૦૦/- થી ઓછું નહીં.
૨.	રહેણાંકનાં મકાનો સિવાય અન્યત્ર વીજ પુરવઠો	પ્રર્વતમાન પ્રશુલ્કના દરે પ્રયોજિત વીજભારના દર ૦.૫ કિ.વા માટે ૭૫ યુનિટના વપરાશ અંગેનું વપરાશ ખર્ચ, પરંતુ કોઇપણ કેસમાં તે રૂા.૫૦૦/- થી ઓછું નહીં.
૩.	સંયોજિત ભાર દ્વારા સંચાલિત ઔદ્યોગિક જગ્યાઓમાં નિમ્ન-ભારના વીજ-પુરવઠો માટે ૨૦ એચ.પી સુધી ૨૧-૫૦ એચ.પી ૫૧ એચપી અને તેથી વધુ	નીચેના વપરાશ માટે વપરાશ ખર્ચ ૨૦ એચ.પી સુધી...૭૫ યુનિટ/એચ.પી ૨૧-૫૦એચ.પી....૧૫૦ યુનિટ/એચ.પી ૫૧ એચપી અને ૩૦૦ યુનિટ/ એચ.પી પરંતુ કોઇપણ સંજોગોમાં રૂા.૮૦૦/- થી ઓછું નહીં.
૪.	કૃષિ-ગ્રાહકને વીજ પુરવઠા માટે	કરાર કરાયેલ ભારના બી એચ પી દીઠ (એચ.પી પ્રશુલ્ક પર આધારિત) પ્રર્વતમાન વાર્ષિક પ્રશુલ્ક દરના ૨૫% ની સમકક્ષ વપરાશ ખર્ચ
૫.	(એલ ટી) નિમ્ન ભારનો કામચલાઉ પુરવઠો	ઓછામાં ઓછા સાત દિવસ માટે પ્રર્વતમાન પ્રશુલ્કના દરે પ્રયોજિત ૧૦ યુનિટ/ કિ.વો ભારના વપરાશ માટે વપરાશ ખર્ચ

INDEX

માગ આધારિત પુરવઠા માટે		
૬.	સતત ચાલુ પ્રક્રિયા ઉદ્યોગ માટે	૮૫% કરાર માગ વત્તા ૮૦% વીજ ઘટક પર આધારિત વીજ-ખર્ચ વત્તા કરવેરા પર આધારિત માગ ખર્ચને લેતા માસિક વપરાશ ખર્ચની ૧.૫ ગણી રકમ. ગણતરી માટે, વીજ ઘટક ૦.૯ થી ગણવું.
૭.	નિરંતર ચાલુ ન હોય તેવા પ્રક્રિયા ઉદ્યોગ માટે	૮૫% કરાર માગ વત્તા વીજભાર ઘટકના ૮૦% પર આધારિત વીજળી-ખર્ચ ગણીને માસિક વપરાશ ખર્ચની ૧.૫ ગણી રકમ. ગણતરી માટે, વીજઘટક ૦.૯ થી ગણવો.
૮.	કેન્દ્ર સરકાર, અર્ધ સરકારી અને સ્થાનિક સત્તાતંત્રના સંસ્થાપનો માટે	કરાર માગના ૮૫% વત્તા વીજભાર ઘટકના ૪૦% ને આધારે વીજળી ખર્ચ વત્તા અન્ય તમામ કરવેરાને આધારે માગ ખર્ચ ગણતરીમાં લઇને માસિક વપરાશ ખર્ચ ૧.૫ ગણી રકમ. ગણતરી માટે વીજ ઘટક ૦.૯ થી ગણવો.
૯.	કામચલાઉ પુરવઠો	કરાર માગના ૮૫% વત્તા વીજઘટકના ૬૦%ને આધારે વીજળી ખર્ચ વત્તા અન્ય તમામ કરવેરાને આધારે માગ ખર્ચની ગણતરી કરીને માસિક વપરાશ ખર્ચની ૨.૦ ગણી રકમગણતરી માટે વીજઘટક ૦.૯ થી ગણવો.

૧૦.	ઉપર નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના બીજા હેતુ માટે	૮૫% કરાર-માગ વત્તા વીજભાર ઘટકના ૫૦% ને આધારે વીજળી ખર્ચ વત્તા અન્ય તમામ કરવેરાને આધારે માગણી ખર્ચ ગણીને માસિક વપરાશ ખર્ચની ૧.૫ ગણી રકમ ગણતરી માટે, વીજ ઘટક ૦.૯ થી ગણવો.

૪.૫ જેમને વધારાની માગણી મંજૂર કરવામાં આવી હોય તેવા ગ્રાહકોના કેસમાં, ખંડ ૪.૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે લાગૂ પડતા પ્રશુલ્કના પ્રર્વતમાન દરે સમગ્ર વીજભાર માટે આ નવી સર્વિસ હોય તે રીતે વધારાની માગણી માટે વધુ જામીન અનામત ગણવામાં આવશે.

૪.૬ ખંડો ૪.૧ અને ૪.૨ માં નિર્દિષ્ટ કર્યા મુજબ ત્રણ મહિના કે બે મહિના કે દોઢ મહિનાની મુદતો માટેનાં નિયંત્રણોને આધીન રહીને, પરવાનેદાર, ગ્રાહકો બાબતમાં જામીન અનામત રકમની ગણતરીની પર્યાપ્તતા, આગલા વર્ષના એપ્રિલથી માર્ચ સુધીના બાર માટેના દર્શાવતી મુદત માટે સરેરાશ યુનિટ વપરાશને આધારે, દર વર્ષે એક વાર (મુખ્યત્વે સંબંધિત વર્ષ માટેના પ્રશુલ્કમાં સુધારા કર્યા બાદ) પુનર્વિલોકન કરશે.

૪.૭ છેલ્લા બાર મહિનાના તેના સરેરાશ વપરાશને આધારે ગ્રાહક પોતાની જામીન અનામત રકમની સમીક્ષા કરવા વિનંતી કરે તો, પરવાનેદાર તેની સમીક્ષા કરશે. અને આવી સમીક્ષાને આધારે, પરવાનેદાર વધારાની રકમ પરત કરશે.

૪.૮ ગ્રાહક તેના કરાર-માગ / કરારબધ્ધ વીજભારમાં ઘટાડો કરવા માગતો, પરવાનેદાર વિનંતીથી સમીક્ષા કરશે. આવી સમીક્ષા અન્વયે, પરવાનેદાર કરાર-માગ/ કરારબધ્ધ વીજભારમાં ઘટાડો કરે તો, ખંડ ૪-૪ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તે નવી સર્વિસ હોય તે રીતે ઘટાડેલી માગ માટે લાગુ પડતા પ્રર્વતમાન પ્રશુલ્ક દર પ્રમાણે જામીન અનામતની ગણતરી કરાશે.આવી સમીક્ષાને આધારે પરવાનેદાર વધારની રકમ પરત કરશે.

INDEX

૪.૯ આવી સમીક્ષાને આધારે, પરવાનેદાર, યથાપ્રસંગ, જામીન અનામતની રકમમાં વધારો કરશે અથવા તેની રકમમાં ઘટાડો કરશે. પરંતુ, ગ્રાહક દ્વારા ચૂકવવાપાત્ર જામીન અનામત ઓછી-હાલની જામીન અનામત રકમના ૧૦% કરતાં વધુ ન હોય તો, વધુ જામીન અનામતની ચુકવણી માટે કોઇ માંગણી કરાશે નહી. હાલની ગ્રાહકની જામીન અનામતની રકમ, જરૂરી જામીન અનામતના ૧૦% કરતાં વધુ હોય તો, ભવિષ્યનાં બિલોમાં હિસાબમેળ કરીને, વધારાની જામીન અનામત પરત કરવામાં આવશે. જયાં જામીન અનામતની રીતે વધારાની રકમ ચૂકવવાની હોય ત્યાં, ચુકવણી માટે ૩૦ દિવસની અંદર નોટિસ મોકલવામાં આવશે.

૪.૧૦ ખંડ ૪.૪ માં દર્શાવ્યા મુજબ પરવાનેદારે માગ્યા મુજબની જરૂરી જામીન અનામત રકમની અરજદાર ચુકવણી ન કરે તો પરવાનેદાર વીજ પુરવઠો છૂટો કરવાનો ઇન્કાર કરી શકે. ખંડ.૪.૮ ના સંદર્ભમાં પરવાનેદારે જામીન અનામત જરૂરિયાતની સમીક્ષા કરી હોય અને તદ્નુસાર, ગ્રાહકે જામીન અનામત તરીકે વધુ રકમ ચૂકવવાની જરૂર પડે અને ગ્રાહક ચુકવણી ન કરે તો, ૨૦૦૩ના વીજ અધિનિયમની કલમો ૪૭(૩) અને ૫૬ અનુસાર ગ્રાહકનો પુરવઠો બંધ કરવાને પાત્ર ઠરશે.

૪.૧૧ પરવાનેદાર, પૂરી પાડેલી વીજળી માટે ગ્રાહકની જામીન અનામત પર, ભારતીય રિઝર્વ બેંકે નિર્દિષ્ટ કરેલા (દર વર્ષે ૧લી એપ્રિલના રોજ મુજબ) બેંક દરે, અથવા આયોગ વખતોવખત નકકી કરે તેના ઉંચા દરે વ્યાજ ચૂકવશે. ગ્રાહકના ખાતે આગલા વર્ષ દરમિયાન જમા થયેલી વ્યાજની રકમનો, માસિક બિલ પધ્ધતિ હેઠળ આવરી લેવાયેલા ગ્રાહકો માટે દર વર્ષે મેના વીજળી બિલોમાં અને બે મહિનાની પધ્ધતિ હેઠળ આવરી લેવાયેલા ગ્રાહકો માટે જો કે જૂનના વીજળી બિલોમાં હિસાબમેળ કરાશે.

૪.૧૨ વીજળી બિલની ચુકવણી કરવામાં ગ્રાહક કસૂર કરે તેવા કેસમાં, અગાઉ ચૂકવેલી જામીન અનામતની રકમ, વિતરણ પરવાનેદારની સમીક્ષાને આધીન રહેશે. ઉકત અનામતની રકમ, આ વિનિયમો અનુસાર પ્રર્વતમાન ધોરણો પર આધાર રાખીને ગણી કાઢવામાં આવશે.

૪.૧૩ ગ્રાહકોએ, પરવાનેદારે માગ-નોટિસ બજવણીની તારીખથી ત્રીસ દિવસની અંદર વધુ જામીન અનામત રકમ ચૂકવવાની રહેશે. ચુકવણી કરવામાં વિલંબ થશે તો, ગ્રાહક વાર્ષિક ૦.૨૫% દરે અથવા આયોગ વખતોવખત નકકી કરે તે દરે તેના પર સરચાર્જ ચૂકવશે.

૪.૧૪ પરવાનેદાર, બન્ને પક્ષકારમાંથી કોઇપણ સમજૂતિ સમાપ્ત કરે તો, કોઇ લેણાં હોય તો તેનો હિસાબમેળ કર્યા પછી જામીન અનામત ૩૦ દિવસની અંદર પરત કરશે.

INDEX

પ્રકરણ-૫

૫. પ્રકીર્ણ:

૫.૧: મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા :

આ વિનિયમોની કોઇપણ જોગવાઇનો અમલ કરવામાં કોઇ મુશ્કેલીના પ્રસંગે, આયોગ સામાન્ય કે ખાસ હુકમ આપીને, પરવાનદારને, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે યોગ્ય અને આવશ્યક જણાય તો ૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવાં યોગ્ય પગલાં લેવા ફરમાવી શકશે.પરવાનેદાર, આ વિનિયમોના અમલબજાવણી થતી કોઇપણ મુશ્કેલીઓ દૂર કરવા આયોગને અરજી કરીને યોગ્ય આદેશો માગી શકશે.

૫.૨: આદેશો અને માર્ગદર્શક સૂચનાઓ આપવી :

૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઇઓને અને આ વિનિયમોને આધીન રહીને, આયોગ, અનુસરવાના વિનિયમો અને કાર્યપધ્ધતિઓના અમલ બાબતમાં વખતોવખત આદેશો અને માર્ગદર્શક સૂચનાઓ આપશે.

૫.૩ : સુધારા કરવાની સત્તા :

આયોગ, આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં જરૂર જણાય તેમ અને ત્યારે ગમે તે સમયે, ઉમેરો, ફેરફાર, પરિવર્તન કે સુધારા કરી શકશે.

પી.એસ.શાહ
સચિવ

અમદાવાદ
૩૧મી માર્ચ-૨૦૦૫

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 156 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINAY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, JUNE 16, 2005/ JYAISTHA 26, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalties, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન

નવા સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૦૫

ક્રમાંક : રાચપ-ચટણ-નપલ-વમય-૪૧ (૧)-૬૨૦૦૫-ક

વંચાણે લીધા : (૧) રાજ્ય ચૂટણી પંચનો આદેશ ક્રમાંક :એસઈસી-ઈએલસી-એનપી-ઈવીએમ-૪૧ (૨)-૫૨૦૦૪-સી, તા. ૩૦-૧૧-૨૦૦૪

આદેશ

૧. રાજ્ય ચૂંટણી પંચે નક્કી કર્યા પ્રમાણે ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા બાબત) નિયમો-૧૯૯૪ના ભાગ-૩ ક તથા ૪ ક ની જોગવાઈઓ હેઠળ આમુખ-૧ના આદેશથી રાજ્યની મહેસાણા જિલ્લાની વિજાપુર, ભાવનગર જિલ્લાની શિહોર અને રાજકોટ જિલ્લાની મોરબી નગરપાલિકાઓની પેટા ચૂંટણીનું મતદાન તા. ૭-૧-૨૦૦૫ના રોજ વિજાણુ મતદાન યંત્રો પર નોંધેલ છે અને મતોની ગણતરી તા. ૯-૧-૨૦૦૫ના રોજ કરી ચૂંટણી અધિકારીઓએ ચૂંટણીના પરિણામ જાહેર કરેલ છે. ઉપરોકત નગરપાલિકાઓની તા. ૭-૧-૨૦૦૫ના રોજ યોજાયેલ પેટા ચૂંટણીના પરણિામો સામે નામ. કોર્ટોમાં ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૪ હેઠળ દાવા અરજીઓ થઈ નથી તેવા સંબંધિત જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીઓએ રાજય ચૂંટણી પંચને અહેવાલ મોકલેલ છે. સદરહુ વિજાણું મતદાન યંત્રો જે તે ચૂંટણી અધિકારીઓએ સ્ટ્રોંગ રૂમ ખાતે સુરક્ષિત મુકેલ છે.

૨. રાજ્યની કેટલીક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આગામી ચૂંટણીઓમાં સદરહુ વિજાણું મતદાન યંત્રો પર મતદાન નોંધવા તથા તેના મતોની ગણતરી કરવા માટે વિજાણું મતદાન યંત્રોની જરૂરીયાત ઉપસ્થિત થનાર હોઈ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ વક હેઠળ મળેલ સત્તાની રૂઈએ ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧) મુજબના તા.૩૦-૧૧-૨૦૦૪નાં આદેશ મુજબની નગરપાલિકાઓની તા. ૭-૧-૨૦૦૫ના રોજ યોજાયેલ પેટા ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાયેલ વિજાણું મતદાન યંત્રો

INDEX

સ્ટ્રોંગરૂમમાંથી બહાર કાઢી તેમાં નોંધાયેલી તમામ સંગ્રહિત માહિતિ (Memory) સંબંધિત ચૂંટણી અધિકારીઓએ તા.૨૫-૬-૨૦૦૫ સુધીમાં કાઢી નાખવા તથા વિજાણું મતદાન યંત્રો સંબંધિત જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી હસ્તક જમા કરાવવા આદેશ કરવામાં આવે છે. સંગ્રહિત માહિતિ પંચો રૂબરૂ કાઢી નાખવા સાથે તેની વિસ્તૃત કાર્યવાહી નોંધ તૈયાર કરી ચૂંટણી અધિકારીઓએ રેકર્ડ પર રાખવા પણ આદેશ કરવામાં આવે છે.

આદેશથી,
વી.એચ.શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણીપંચ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 157 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] SATURDAY, JUNE 18, 2005/JYAISTHA 28, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૨૦૦૫.

વંચાણે લીધા:-(૧) રાજ્ય ચૂંટણી પંચનો આદેશ ક્રમાંક : એસઈસી-ઈએલસી-એમસી-ઈવીએમ-૪૧(૧)-૬૨૦૦૪-સી તા. ૩૦-૧૧-૨૦૦૪.

આદેશ

ક્રમાંક : રાચપ-ચટણ-મનપા-વમય-૪૧(૧)-૬૨૦૦૫-ક.– રાજ્ય ચૂંટણી પંચે નક્કી કર્યા પ્રમાણે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબત) નિયમો-૧૯૯૪ ની જોગવાઈઓ પ્રમાણે આમુખ-૧ ઉપરના આદેશથી વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ તથા ૨૨ની તથા રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૪ ની પેટા ચૂંટણીઓમાં વિજાણું મતદાન યંત્રથી મતદાન/ગણતરી કરવા નક્કી કરેલ હતું. સદરહુ ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાયેલ વિજાણું મતદાન યંત્રો હાલ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ હસ્તકના સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત મુકાયેલ છે.

ઉના મેમણવાડાના વાયવ્ય ખૂણા થી પૂર્વ તરફ પઠાણ ફળીયા સુધી ત્યાંથી ઉત્તરે, પૂર્વે તાઈવાડાની ઉત્તરેથઈ ઢેઢી ફળીયા સુધી ત્યાંથી ઉત્તરે જુમા મસ્જિદની પૂર્વે થઈ ગર્વમેન્ટ કવાર્ટસના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે ગર્વમેન્ટ કવાર્ટસની ઉત્તરે થઈ ગર્વમેન્ટ કવાર્ટસના ઇશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે મુસ્લીમ મદ્રેસાની પશ્ચિમે થઈ આરબવાડા સુધી ત્યાંથી પશ્ચિમે આરબવાડાની દક્ષિણે થઈ આરબવાડા અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે કાજીવાડાની પૂર્વે થઈ ધુળકોટીયા સુધી ત્યાંથી પશ્ચિમે સંધીવાડાની દક્ષિણે થઈ કાજીવાડા સુધી ત્યાંથી ઉત્તરે કાજીવાડાની પશ્ચિમે થઈ સંધીવાડા સુધી ત્યાંથી પશ્ચિમે ફકીરવાડાની દક્ષિણે થઈ ફકીરવાડાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે ફકીરવાડાની પશ્ચિમે થઈ સૈયદવાડા સુધી ત્યાંથી ઉત્તરે સૈયદવાડાની દક્ષિણે થઈ સૈયદવાડાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સૈયદવાડાની પશ્ચિમે થઈ મેમણવાડાના નૈઋત્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૯

સૂચિત નવીન વોર્ડ	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૯	૫૫	૭/૫૫/૧ થી ૭/૫૫/૮૮	સીધી સોસાયટી, સૈયદવાડો, કાજીવાડો
	૫૬	૭/૫૬/૧ થી ૭/૫૬/૧૧૦	મહાકાલેશ્વર મંદિર પાસેનો વિસ્તાર
	૫૭	૭/૫૭/૧ થી ૭/૫૭/૧૧૨	અંજાર રોડ, દેલવાડા રોડ પૂર્વ ભાગ
	૫૮	૭/૫૮/૧ થી ૭/૫૮/૧૨૮	વડલાશેરી, કનકેશ્વરી મંદિર, સુતારવાડો
	૫૯	૭/૫૯/૧ થી ૭/૫૯/૧૩૯	કુંભારવાડો, હર્ષદ માતાના મંદિર
	૬૦	૭/૬૦/૧ થી ૭/૬૦/૧૩૮	કોળીવાડો
	૭૬	૯/૭૬/૧ થી ૯/૭૬/૧૧૫	ચંદ્રકિરણ, અલકાનગરી

હદનું વર્ણન :

ઉના દેલવાડા રોડની પૂર્વે શનિશ્વર ધર્મશાળા ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણની હદે હદે રબારીવાડના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે કોળીવાડાની પશ્ચિમે થઈ રામજી મંદિર સુધી ત્યાંથી પૂર્વે કોળીવાડાના ઇશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે કોળીવાડાની પૂર્વે થઈ વાયડા ખડકીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સુતારવાડાની ઉત્તરે સુતારવાડાના ઇશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે હર્ષદ માતાના મંદિર સુધી ત્યાંથી પૂર્વે હર્ષદ માતાના મંદિરની ઉત્તરે થઈ શેઠવાડાના રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે શેઠવાડાના રસ્તે થઈ કુંભારવાડા સુધી ત્યાંથી પૂર્વે સૈયદવાડાના દક્ષિણે થઈ સૈયદવાડાના ઇશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે કાજીવાડાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે કાજીવાડાના ઇશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે,પૂર્વે કાજીવાડાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી સીધી સોસાયટી સુધી ત્યાંથી પશ્ચિમે,દક્ષિણે થઈ ધુળકોટીયા સુધી ત્યાંથી પશ્ચિમે,દક્ષિણે થઈ પંચવટી સોસાયટીના ઇશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે પંચવટી સોસાયટીની ઉત્તરે થઈ હાઇસ્કુલના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે અલકાનગરી,ચંદ્રકિરણ સોસાયટી,છાત્રાલયની પશ્ચિમે થઈ હાઇસ્કુલના ઇશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે અંજાર રોડ થઈ દેલવાડા રોડ સુધી ત્યાંથી ઉત્તરે દેલવાડા રોડ થઈ વિજય ટોકીઝના ઇશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વે શનિશ્વર ધર્મશાળાના નૈઋત્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૧૦

સૂચિત નવીન વોર્ડ	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૦	૬૧	૮/૬૧/૧ થી ૮/૬૧/૭૭	ઉન્નતનગર, સરકારી હોસ્પિટલ પાસેનો વિસ્તાર
	૬૨	૮/૬૨/૧ થી ૮/૬૨/૮૩	ઉન્નતનગર,બહુમાળી
	૬૩	૮/૬૩/૧ થી ૮/૬૩/૬૬	મંગલમુર્તિ, ઉન્નનગર
	૭૦	૯/૭૦/૧ થી ૯/૭૦/૧૧૯	લક્ષ્મણવાડી,શાંતિનગર,પંચવટી
	૭૫	૯/૭૫/૧ થી ૯/૭૫/૧૦૧	દેલવાડા રોડ પૂર્વે ભાગ,અંજાર રોડ ચાર થાંભલા
	૭૭	૯/૭૭/૧ થી ૯/૭૭/૧૩૦	ગાયત્રી,નિલકમલ,પંચવટી સોસાયટી,

હદનું વર્ણન :

ઉના સરકારી હોસ્પિટલના વાયવ્ય ખૂણા તેમજ રેલ્વે ફાટક થી પૂર્વે વેરાવળ રોડ થઈ છબીલ મીલની ઉત્તરે થઈ ટાવર ચોક સુધી ત્યાંથી દક્ષિણે દેલવાડા રોડ થઈ ચાર થાંભલા સુધી ત્યાંથી પૂર્વે હાઇસ્કુલની ઉત્તરેથઈ હાઇસ્કુલના ઇશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે હાઇસ્કુલની પૂર્વે થઈ હાઇસ્કુલના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વે પંચવટી સોસાયટીની ઉત્તરે થઈ પંચવટી સોસાયટીના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે પંચવટી સોસાયટીની પૂર્વે થઈ ગાયત્રી સોસાયટીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે કૃષ્ણનગરના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે,પશ્ચિમે લક્ષ્મણવાડીની દક્ષિણે થઈ દેલવાડા રોડ સુધી ત્યાંથી પશ્ચિમે પરિમલ સોસાયટીની દક્ષિણે થઈ રેલ્વે લાઇન સુધી ત્યાંથી ઉત્તરે રેલ્વે લાઈન થઈ સરકારી હોસ્પિટલના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૧૧

સૂચિત નવીન વોર્ડ	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૧	૬૪	૮/૬૪/૧ થી ૮/૬૪/૧૬૪	એમ.કે.નગર,બેન્ક સોસાયટી,હુડકો વસાહત
	૬૫	૮/૬૫/૧ થી ૮/૬૫/૧૩૦	નવજીવન સોસાયટી, હુડકો વસાહત
	૬૬	૮/૬૬/૧ થી ૮/૬૬/૧૩૨	રામનગર ખારો
	૬૭	૮/૬૭/૧ થી ૮/૬૭/૧૨૭	રામ નગર, પોસ્ટ કોલોની
	૬૮	૮/૬૮/૧ થી ૮/૬૮/૧૩૦	રામનગર, ગણેશ મંદિર પાસેનો વિસ્તાર
	૬૯	૮/૬૯/૧ થી ૮/૬૯/૧૫૨	આંબેડકરનગર, અર્જુન નગર

હદનું વર્ણન :

ઉનાના સર્વે નં.૪૭૦ ના વાયવ્ય ખૂણાથી પૂર્વે વેરાવળ રોડ થઈ સર્વે નં.૪૭૫,૪૭૬ જય ગુરૂદેવ વાડી,વિનાયક સોસાયટી,શિવાજી પાર્કની ઉત્તરે થઈ આંબેડકર નગર સુધી ત્યાંથી ઉત્તરે આંબેડકર નગરની પશ્ચિમે થઈ સર્વે નં.૫૧૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે આંબેડકર નગરની ઉત્તરે થઈ સર્વે નં.૫૧૪ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે વેરાવળ રોડ સુધી ત્યાંથી પૂર્વે વેરાવળ રોડ થઈ રેલ્વે ફાટક સુધી ત્યાંથી દક્ષિણે રેલ્વે લાઈને થઈ પરિમલ સોસાયટીના ખૂણા સુધી ત્યાંથી પૂર્વે દેલવાડા તરફ જતા રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે દેલવાડા રોડે થઈ એસ.બી.એસ.સોસાયટી,હુડકો વસાહત,વિધાનગરની પૂર્વે થઈ નવજીવન સોસાયટી,નગરપાલિકાની હદ સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં.૫૨૩/૩ સર્વે નં.૪૯૫ સર્વે નં.૪૯૪ ની દક્ષિણે નગરપાલિકાની હદે થઈ સર્વે નં.૪૯૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી સર્વે નં.૪૯૪ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં.૪૯૪ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં.૪૯૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં.૪૯૧ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં.૪૯૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં.૪૯૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં.૪૯૦,૪૮૯ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં.૪૭૯ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં.૪૭૯,૪૭૨ ની દક્ષિણે નગરપાલિકાની હદે થઈ સર્વે નં.૪૭૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં.૪૭૨,૪૭૦ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ વેરાવળ રોડ સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૧૨

સૂચિત નવીન વોર્ડ	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૨	૭૧	૯/૭૧/૧ થી ૯/૭૧/૧૩૦	પારસ સોસાયટી, કૃષ્ણનગર, મહાવીર નગર
	૭૨	૯/૭૨/૧ થી ૯/૭૨/૧૩૦	મહાવીર નગર, શાસ્ત્રી નગર, જલારામ નગર
	૭૩	૯/૭૩/૧ થી ૯/૭૩/૧૨૮	યોગેશ્વર સોસાયટી, હુડકો વસાહત
	૭૪	૯/૭૪/૧ થી ૯/૭૪/૧૨૯	હુડકો વસાહત
	૭૮	૯/૭૮/૧ થી ૯/૭૮/૧૩૦	આશીર્વાદ સોસાયટી
	૭૯	૯/૭૯/૧ થી ૯/૭૯/૧૦૦	આશીર્વાદ સોસાયટી,ઉમિયાનગર

હદનું વર્ણન :–

ઉના દેલવાડા રોડની પૂર્વે પારસ સોસાયટીના વાયવ્ય ખૂણા થી પારસ સોસાયટી ની ઉત્તરે થઈ કૃષ્ણનગરના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે પારસ સોસાયટીની પૂર્વે થઈ લક્ષ્મીનગરના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે લક્ષ્મીનગરની ઉત્તરે થઈ આશીર્વાદ સોસાયટી સુધી ત્યાંથી ઉત્તરે પંચવટી સોસાયટીના ઇશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વે મચ્છુન્દ્રી નદી સુધી ત્યાંથી મચ્છુન્દ્રી નદીના પશ્ચિમ કાંઠે થઈ શાહ બાગ તેમજ મહોબત બાગની પૂર્વે થઈ સર્વે નં.૪૪/૧ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં.૪૪/૧,૪૪/૨ ની દક્ષિણે નગરપાલિકાની હદે થઈ સર્વે નં.૪૪/૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે,પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ ઉના થી દેલવાડા તરફ જતા રસ્તા સુધી ત્યાંથી ઉત્તરે જલારામ નગર,મહાવીર નગર,ગીરીરાજ સોસાયટીની પશ્ચિમની હદે હદે દેલવાડા રોડ થઈ પારસ સોસાયટીના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

(વી.એચ.શાહ)
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

ઉના નગરપાલિકાની કુલ વસ્તી	૫૧૨૬૧	
કુલ વોર્ડની સંખ્યા	૧૨	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૪૨૭૨	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૪૬૯૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૩૮૪૫
કુલ બેઠકોની સંખ્યા.	૩૬	
સ્ત્રી બેઠકો	૧૨	૧– બેઠક અનુસૂચિત જાતિ ૧– બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	—
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૬	
સામાન્ય બેઠકો.	૨૦	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૦૩૩	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૪૫૨૧	અનુસુચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૩	૩	૪૩૨૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૫૬૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૪૩૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૬૬૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૫૧૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૧૨૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૪૩૭૭	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૦	૧૦	૩૯૫૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૪૦૬૦	પછાતવર્ગ	અનુસુચિત જાતિ	સામાન્ય
૧૨	૧૨	૩૮૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૫૧૨૬૧			

પી.એચ.શાહ
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

Extra No. 164 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, JULY 13, 2005/ASADHA 22, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ. તારીખ ૩૧ માર્ચ, ૨૦૦૫.

તા.૩૧માર્ચ-૨૦૦૫ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં.૧૧, ૨૦૦૫ વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતોનું વિદ્યુત નિયમનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

(પી.એસ.શાહ)
સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતોનું વિદ્યુત નિયમન

૨૦૦૫ વિદ્યુત જાહેરનામા ક્રમાંક નં.૧૧

વિદ્યુત ધારો ૨૦૦૩ (૨૦૦૩ નો ૩૬ મો ધારો) હેઠળ વિભાગ ૫૦ ને વિભાગ ૧૮૧(૨)(x) સાથે વાંચતા, તથા ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગમન અને નિયમન) ધારો ૨૦૦૩ (૨૦૦૩ નો ગુજરાત ધારો ૨૪) વિભાગ ૪૨(૧)(બી) અને તેના હેઠળ મળેલી સત્તાના આધારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, આથી, "વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો" ના નિયમનો બનાવે છે. જેને હવેથી પુરવઠા સંહિતા તરીકે ઓળખવામાં આવશે.

INDEX

વિભાગ-૧

૧. પ્રાસ્તાવિક

૧.૧ ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ

(એ) આ નિયમનોને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) નિયમન ૨૦૦૫, તરીકે ઓળખવામાં આવશે.

(બી) આ નિયમનો વિદ્યુત પુરવઠાની વહેંચણીમાં રોકાયેલા બધા પરવાનેદારો અને ગુજરાત રાજયમાં આવેલા વિદ્યુત ગ્રાહકોને લાગુ પડશે.

(સી) આ નિયમનો, ગેઝેટમાં છપાશે તે તારીખથી અમલમાં આવ્યા ગણવામાં આવશે.

૧.૨ પુરવઠા સંહિતાની સંરચના

આ પુરવઠા સંહિતા નીચે જણાવ્યા મુજબના ૮ વિભાગમાં વહેંચવામાં આવી છે.

વિભાગ ૧: પ્રાસ્તાવિક
વિભાગ ૨: વ્યાખ્યાઓ
વિભાગ ૩: પુરવઠાની પધ્ધતિ અને ગ્રાહકોનું વગીર્કરણ
વિભાગ ૪: પુરવઠો આપવાની પધ્ધતિઓ
વિભાગ ૫: ગ્રાહકની જગ્યામાં રાખવામાં આવેલા ઉપકરણો
વિભાગ ૬: વિદ્યુત પુરવઠાનું માપન અને તેના ખર્ચા (બિલો)
વિભાગ ૭: મર્યાદાઓ
વિભાગ ૮: સામાન્ય જોગવાઈઓ

૧.૩ વિદ્યુત પુરવઠા સંહિતાના પુનરાવલોકનની સમિતી

૧.૩.૧ પુનરાવલોકન સમિતીમાં નીચે જણાવેલા સભ્યો રહેશે અને જેઓ વિદ્યુત પુરવઠા અંગેની વિતરણ પરવાનેદારની બધી ટેકનિકલ બાબતોના પૂરતા જાણકાર હશે. આ પુનરાવલોકન સમિતિના પ્રમુખપદે વિદ્યુત એસટીયુના પ્રતિનિધિને નીમશે. આયોગ પુરવઠા સંહિતાના પુનરાવલોકન સમિતિના મંત્રી તરીકે વિતરણ પરવાનેદારોના પ્રતિનિધીઓમાંથી એકને સભ્ય સચિવ બનાવશે. જે વિતરણ પરવાનેદારના પ્રતિનિધિ સભ્ય સચિવ નીમશે, તે જરૂરી વહીવટી માળખુ અને સાજસરંજામ આ પુનરાવલોકન સમિતિઓ માટે પુરું પાડશે. સભ્ય સચિવ પુનરાવલોકન સમિતિને જરૂરી બધી ઓફીસ સહાય પૂરી પાડવા માટે જવાબદાર રહેશે.

પ્રમુખ ઉપરાંત પુનરાવલોકન સમિતિમાં નીચે મુજબના અન્ય સભ્યો રહેશે.

(એ) દરેક વિતરણ પરવાનેદારના એક પ્રતિનિધિ

(બી) બધી ઉત્પાદક કંપનીઓ જે વિતરણ પરવાનેદારની વિતરણ પધ્ધતિ સાથે સંકળાયેલી હોય તે પૈકી એક પ્રતિનિધિ - તેમની મુદત પૂરી થતાં આવા સભ્યની જગ્યાએ અન્ય ઉત્પાદક કંપનીમાંથી વારાફરતી વિદ્યુત નકકી કરે તે સભ્ય નીમાશે.

(સી) ગુજરાત રાજયના મુખ્ય વિદ્યુત નિરીક્ષક આ પુરવઠા સંહિતા પુનરાવલોકન સમિતિના અધિકારની રૂએ સભ્ય રહેશે.

(ડી) વિદ્યુત એ સૂચવ્યા મુજબના ઉધ્યોગ ગ્રાહકોમાંથી ચાર પ્રતિનિધિઓ તેઓ યોગ્ય રીતે નોંધાયેલી સંસ્થા કે ઔધ્યોગિક મંડળ / વ્યાપારી મંડળના સભ્યો પૈકીના હશે. આ પૈકી બે એલટી ઔધ્યોગિક ગ્રાહકો અને બે એચટી / ઈએચટી ગ્રાહકો પૈકીના હશે.

(ઈ) આવા નોંધાયેલા ગ્રાહકોના મેડળના પ્રતિનિધિઓ પૈકી બે પ્રતિનિધિઓ

ઘરગથ્થુ અને વ્યાપારી ગ્રાહકો પૈકીનું પ્રતિનિધિત્વ કરશે.

(એફ) એક સભ્ય નાંધાયેલા ગ્રાહકોના મંડળો પૈકી ખેતીવાળા ગ્રાહકોમાંથી રહેશે.

૧.૩.૨ વિદ્યુત યોગ્ય લાગે તે મુજબ, કોઈ વિભાગ / વ્યાવસાયિક ક્ષેત્રમાંથી પુનરાવલોકન સમિતિમાં સભ્યો ઉમેરી શકશે.

૧.૩.૩ આ પુનરાવલોકન સમિતિના બધા સભ્યોની સામાન્ય મુદત, બે વર્ષની રહેશે, સિવાય કે, કોઈ કારણથી તેઓ સભ્ય રહે નહીં. આ ખાલી પડેલી જગ્યા માટે સભ્યની જે તે ક્ષેત્રમાંથી જ પસંદગી કરવામાં આવશે અને તે, જે તે બાકી રહેતી મુદત માટે જ રહેશે.

૧.૩.૪ પુનરાવલોકન સમિતિ પોતાના વહીવટની કાર્ય પધ્ધિત નક્કી કરી શકશે.

૧.૪ <u>પુનરાવલોકનની સમિતીના કાર્યો</u>

પુનરાવલોકન સમિતીના કાર્યો નીચે મુજબ રહેશે.

(એ) જયારે અને જ્યાં જરુર પડે ત્યારે પુરવઠા સંહિતાનું પુનરાવલોકન કરવું.

(બી) પુનરાવલોકન માટેની અરજીઓ વિચારવી અને આયોગને તે માટે જરુરી કારણો આપીને ભલામણો કરવી.

(સી) પુરવઠા સંહિતાના અર્થઘટન અને અમલ માટે માર્ગદર્શક સૂચનાઓ આપવી.

(ડી) વિધ્યુત અકસ્માતોના કારણોનું પુનરાવલોકન કરવું અને વિદ્યુત ધારા ૨૦૦૩ના વિભાગ ૧૬૧ અન્વયે વિદ્યુત નિરીક્ષક તરફથી મળેલા અહેવાલો અન્વયે જરુરી ઊણપો અંગે ભલામણો કરવી જેથી આવા અકસ્માતો પુનઃ થતાં અટકાવી શકાય.

(ઇ) પુરવઠા સંહિતામાં અન્ય સંહિતઓ, કાયદાઓ, ધારાઓ, નિયમો જે તે સમયે ચાલુ હોય તેના સંદર્ભમાં સુસંગતતા જાળવવી.

(એફ) પુરવઠા સંહિતાના સંદર્ભમાં જરુરી વિગતવાર અભ્યાસો કરાવવા અને તેના તારણો અને ભલામણોને પુનરાવલોકન સમિતિના સભ્યોને જાણ કરવી અને અન્ય સંબંધિત પક્ષકારોને પરિપત્ર દ્વારા જાણ કરવી.

(જી) જરુર પડે તે મુજબ, ઓછામાં ઓછું છ મહિનામાં એક વખત, નિયમિત મિટિંગ ભરવી..

(એચ) લાભાર્થી જૂથ દ્વાર થયેલી રજૂઆતોને ધ્યાનમાં રાખીને પુનરાવલોકન સમિતિની કોઇ પેટા સમિતિની મિટિંગ રાખવી.

૧.૫ <u>પુનરાવલોકન અને પુનરાવર્તન :</u>

૧.૫.૧ વ્યકિતઓ / ગ્રાહકો આ પુરવઠા સંહિતામાં ફેરફારો ઇચ્છતા હોય તો લેખિતમાં/ મંત્રીને આ બાબતની જાણ કરે તો તેની નકલ જીઇઆરસીને મોકલવાની રહેશે. જો આવી વિનંતી જીઇઆરસીને સીધી મોકલવામાં આવશે તો તેને પુનરાવલોકન સમિતિના મંત્રીને મોકલવામાં આવશે, જે પછી, સંબંધિત વ્યકિતઓને અને જીઇઆરસી સૂચવે તેવા અન્ય વ્યકિતઓને સાથે રાખીને, પુરવઠા સંહિતની જોગવાઇઓનું પુનરાવલોકન કરશે. મંત્રી આવા સૂચિત ફેરફારો/ સુધારાઓને સમિતિના બધા સભ્યોને તેમના લેખિત ટીકા ટીપ્પણ માટે યોગ્ય સમયમાં પરિપત્ર દ્વારા મોકલશે. જો જરુરી લાગે તો, પ્રમુખ આ પુનરાવલોકન સમિતિની મિટિંગ બોલાવશે અને આવા સૂચિત સુધારાઓ અંગે ચર્ચા કરશે. જયારે આવી પુનરાવલોકન સમિતિને યોગ્ય લાગશે ત્યારે તે આવા સૂચનો/ ભલામણો જીઇઆરસીને સૂચિત સુધારા માટે મોકલશે.

૧.૫.૨ પુનરાવલોકન સમિતિની દરેક મિટિંગ પછી સભ્ય સચિવશ્રી વિદ્યુતને નીચે મુજબના અહેવાલો મોકલશે.

(એ) આવા પુનરાવલોકનના નિષ્કર્ષોનો અહેવાલ

(બી) પુરવઠા સંહિતામાં સૂચવાયેલા પુનરાવર્તનો

(સી) ગ્રાહક / વ્યકિતઓ દ્વારા કરવામાં આવેલી લેખિત રજૂઆતો અને વાંધા અરજીઓ

INDEX

૧.૫.૩ સભ્ય સચિવશ્રી આયોગને એજન્ડા અને પુનરાવલોકન સમિતિની મિટિંગોની કાર્યનોંધ પણ મોકલશે.

૧.૫.૪ પુરવઠા સંહિતામાં કરવામાં આવેલા તમામ સુધારા એક પ્રમાણિત નકલ સાથે આયોગના સચિવશ્રીને મોકલવાની રહેશે. આવી પ્રમાણિત નકલમાં પુરવઠા સંહિતામાં કરવામાં આવેલા સુધારાઓની ક્રમવાર યાદી પણ સાથે બીડેલી રહેશે. ઉપરાંત આવા ગેઝેટની જાહેરાતો, જેમાં ક્રમવાર સૂચિમાં કરવામાં આવેલા ફેરફારો પણ રાખવામાં આવશે.

૧.૫.૫ આયોગની વેબસાઈટ પર પુરવઠા સંહિતાની સુધારેલી નકલ પણ મુકવામાં આવશે. બધા વિતરણ પરવાનેદારો, આવી પુરવઠા સંહિતાની છેલ્લામાં છેલ્લી સુધારેલી નકલ તેમની ઓફિસમાં રાખશે અને તે વાજબી કિંમતે ખરીદી શકાય તેવી વ્યવસ્થા કરશે.

૧.૬ પુરવઠા સંહિતાની મર્યાદાઓ :

૧.૬.૧ વિતરણ પરવાનેદારે, જયારે કોઈ અણચિંતવ્યા સંજોગો ઉભા થાય કે કાર્યની વચ્ચે જરૂર જણાયે, પોતાની વિતરણ પરવાનેદાર તરીકેની ફરજો બજાવવા માટે નિર્ણયાત્મક રીતે વર્તવાનું રહેશે. આવા સંજોગોમાં ગ્રાહકોએ પણ વાજબી સહકાર અને સહાય વિતરણ પરવાનેદારને આપવાની રહેશે. આવી કામગીરીનો અહેવાલ વિતરણ પરવાનેદારે પુનરાવલોકન સમિતિ અને વિદ્યુતને ૭૨ કલાકમાં આપવાનો રહેશે.

૧.૭ ગોપનિયતા :

૧.૭.૧ વિતરણ પરવાનેદાર કોઈપણ ગ્રાહક વિશે, જયાં સુધી કેન્દ્ર સરકાર / રાજય સરકારના વિભાગ કે અન્ય અધિકૃત એજન્સી કાયદા હેઠળ જરૂરી ન બને ત્યાં સુધી, માહિતી આપશે નહીં.

૧.૮ વિવાદોનો નિકાલ કરવાની પધ્ધતિ :

૧.૮.૧ પુરવઠા સંહિતાની કોઈ જોગવાઈ બાબતે કોઈ ગ્રાહક કે વિતરણ પરવાનેદાર વચ્ચે કોઈ વિવાદ ઉભો થાય, ત્યારે આ બાબત વિદ્યુત પાસે લઈ જવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

૧.૯ અન્ય નિયમનો :

૧.૯.૧ પુરવઠા સંહિતાની જોગવાઈઓ "પરવાનેદારના સામાન્ય નોંધપાત્ર કામ" હેઠળ બનાવેલા નિયમનોને અંગત રહે તે રીતે, તથા વિદ્યુત પુરવઠો પૂરો પાડવા માટેના ખર્ચની વસુલાત તથા "સિક્યુરિટિ ડિપોઝીટની વસુલાત" અને અન્ય સંબંધિત નિયમનો અને વિદ્યુતએ જાહેર કરેલી સંહિતાઓના આધારે કરવામાં આવશે.

૧.૧૦ વિતરણ પરવાનેદાર વિદ્યુતને અરજી કરીને આવી કોઈ મુશ્કેલી નિયમનોના અમલ કરતાં આવી પડે તો તે દૂર કરાવવા માટે જણાવી શકશે.

વિભાગ-૨

૨.૧ વ્યાખ્યાઓ

૨.૧.૧ પુરવઠા સંહિતામાં વપરાયેલા શબ્દો, અને અભિવ્યકિતઓ, સિવાય કે, વિષય કે તેનો સંદર્ભ માગે કે, તે અસંબંધ હોય, નીચેના અર્થમાં વપરાશે.

ધારો	વિદ્યુત ધારો ૨૦૦૩, અને ગુજરાત વિદ્યુત (પુનર્ગઠન અને નિયમન) ધારો ૨૦૦૩ (સાથે વેચાણમાં લેતાં)
કરાર	વિતરણ પરવા ને દાર અને ગ્રાહક વચ્ચે કરવામાં આવેલો કરાર

અરજદાર	કોઈ વ્યકિત / ગ્રાહક જેણે વિદ્યુત પુરવઠાના નવા જોડાણ માટે અરજી કરી હોય કે હયાત જોડાણમાં વધારો કે ઘટાડો, કે પુનઃજોડાણ માટે ચાલુ જોડાણને બદલવા માટે કે નામમાં ફેરબદલી માટે અરજી કરી હોય
પુરવઠાનો વિસ્તાર	વિતરણ પરવાનેદારને તેના પરવાના દ્વારા જે વિસ્તારમાં વિદ્યુત પુરવઠો પૂરો પાડવાનો અધિકાર આપવામાં આવ્યો છે.
આકારણી અધિકારી	રાજય સરકાર કે બોર્ડ કે પરવાનેદાર દ્વારા આ કામ માટે નીમાયેલા અધિકારી
બિલ કરવાનો સમય	ક્રમાનુસાર મીટર વાંચવાના બે ગાળા વચ્ચેનો સામાન્ય સમય. તે ભલે મહિનાનો હોય કે વિતરણ પરવાનેદારે નિયત કર્યો હોય તેવો સમયગાળો હોય . છતાં,. તે એક માસ કરતાં ઓછો નહીં અને બે માસ કરતાં વધુ ન હોઈ શકે.
જોડેલો વિદ્યુતભાર	ગ્રાહકની જગ્યામાં જડેલા બધા જ વપરાશી ઉપકરણો સાછે જોડેલા પૂરવઠાના સરવાળો અને વિતરણ પરવાનેદારની વ્યવસ્થા સાથે ખરેખર જોડેલ પુરવઠો, જે જોડાણો આપતી વખતે નિરીક્ષણમાં નોંધાયેલ હોય. આને કેડબલ્યુ અથવા કેવીએ એકમમાં જણાવવામાં આવશે. જો આ દર કેવીએ માં દર્શાવ્યો હોય તો તેને ૦.૯ ના પાવર ફેકટર સાથે ગુણતાં કેડબલ્યુ એકમમાં ફેરલી શકાશે. જો આ અથવા તો અન્ય ઉપકરણ હો.પા. માં દર્શાવતું હોય તો હો.પા. ને ૦.૭૪૬ દ્વારા ગુણીને તેને કેડબલ્યુ એકમમાં ફેરવવામાં આવશે.
ગ્રાહક	કોઈપણ વ્યકિત, જેને વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળ પરવાનેદાર અથવા સરકાર અથવા વિદ્યુત પૂરી પાડવાના ધંધામાં રોકાયેલી હોય તેવી વ્યકિત દ્વારા, વિદ્યુત પૂરી પાડવામાં આવતી હોય, અથવા અન્ય કોઈ ધારા જે તે સમયે લાગુ પડતો હોય અને તેવી વ્યકિતઓનો પણ સમાવેશ કરવામાં આવે છે જેઓની જગ્યામાં કામ ચાલુ રીતે, પરવાનેદાર અથવા સરકાર અથવા તો તેવી અન્ય વ્યકિત દ્વારા વિદ્યુત જોડાણ આપવામાં આવ્યું હોય.
કરારી માંગણી	પરવાનેદાર દ્વારા સંમતિ હોય અને બંને પક્ષકારોએ કરારમાં નકકી કર્યા હોય તેટલા કેબીએ અથવા કેડબલ્યુ (મહત્તમ). જયાં જયાં કરારમાં કેવીએ લખ્યા હોય ત્યાં ત્યાં તેના કિલોવોટ (કેડબલ્યુ) કરવા માટે પાવર ફેકટર ના ૦.૯ ગુણાંક સાછે ગુણવાના રહેશે.
કરારી વીજભાર કે મંજૂર વીજભાર	ગ્રાહકને જરૂરી હોય તેટલો, અને જે કરારમાં નકકી થયેલો હોય, અથવા માંગણીમાં હોય જે વિતરણ પરવાનેદાર સાથેના કરારમાં તે મુજબ સ્પષ્ટ કરાયો હોય તેવો વીજભાર
જોડાણ કાપવું	ગ્રાહક કે વપરાશકાર કે વિદ્યુત પુરવઠાથી વાસ્તવીક રીતે અલગ કરવું.

INDEX

વિતરણ પરવાનેદાર	વિતરણ વ્યવસ્થાને ચલાવવા કે ચાલુ રાખવા માટે અધિકાર આપ્યો હોય તેવા અધિકૃત પરવાનેદાર જેને જે તે વિસ્તારમાં ગ્રાહકોને વિદ્યુત પૂરી પાડવા માટે પરવાનો આપવામાં આવ્યો હોય,
વિતરણ વ્યવસ્થા	વિતરણ બિન્દુ (સ્થાનો) જે વિતરણ લાઈન ઉપર આવેલા હોય, તેને જોડતા વાયરો અને અન્ય જોડાયેલી સગવડો, જે ઉત્પાદક વ્યવસ્થા અને ગ્રાહકોના વીજ સ્થાપનોને જોડેલા હોય
વિદ્યુત નિરીક્ષક	વિધ્યુત ધારા ૨૦૦૩ ના વિભાગ ૧૫૭ ના પેટા વિભાગ (૧) હેઠળ યોગ્ય સરકાર દ્વારા નિમાયેલી વ્યકિત, જેમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકનો પણ સમાવેશ થાય છે.
અતિ ઉચ્ચ દબાણ	૬૬ કેવી કરતાં વધારે અથવા બરોબર અતિ ઉચ્ચ દબાણ કહેવાય
ઉત્પાદક કંપની	કોઈપણ કંપની કે કોપોરેટ સંસ્થા કે મંડળી કે વ્યકિતઓનું જુથ કે તે નોંધાયેલ હોય કે નહીં, કે કાયદેસરની વ્યકિત જે માલિક હોય કે ઉત્પાદક સ્ટેશન ચલાવતો હોય
જીઇઆરસી	ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ઉચ્ચ પ્રતાન કે ઉચ્ચ પ્રભન / ઉચ્ચ દાબ	૪૪૦ વો કરતાં વધુ વોલ્ટેજ કે વીજદાબ અને ૬૬ કેવી કરતાં ઓછો હોય તે
ભારતીય માનક "I S"	ભારતીય માનક સંસ્થા દ્વારા માન્ય પ્રમાણો અને વિશેષ વિગતો
સંસ્થાપન	કોઈપણ સંકલિત વિધ્યુત એકમ જે વિધ્યુ ઉત્પાંદન, રુપાંતર, વિતરણ, પરિવર્તન, વહેંચણી કે વિદ્યુત વપરાશ માટે વપરાતું હોય.
પરવાનો	ધારાની જોગવાઈઓ હેઠળ માન્ય કરવામાં આવેલો પરવાનો
નીચું પ્રતાન કે લો વોલ્ટેજ	જે વોલ્ટેજ ૪૪૦ વોલ્ટ કરતાં ઓછું હોય દબાણ
મુખ્ય	વિદ્યુત પુરવઠા લાઈન જે દ્વારા વિદ્યુત પૂરી કરવાની કે તે હેતુ માટેની લાઈન
મહત્તમ માગ	કેડબલ્યુ કે કેવીએમાં દર્શાવેલી મહત્તમ માગ, જે લાગુ પડતું હોય, તેનો અર્થ સરેરાશ કેડબલ્યુ / કેવીએ જે ક્રમિક ૩૦-૧૫ મિનિટ સુધી પૂરી પાડવામાં આવે છે. (જે મીટર વાપરવામાં આવ્યું હોય તેના સંબંધમાં) જે સમયમાં મહત્તમ ઉપયોગ થયો હોય, જયાં જે તે મીટરમાં મહત્તમ માગતું વાચન કેડબલ્યુ / કેવીએ માં માપી શકાય તેવું પુરૂ પાડવામાં આવ્યું હોય.
મીટર	માપકયંત્ર, મીટર, જે કાર્યશીલ અથવા પ્રતિક્રિય ઊર્જા માપે અને માગ અને જે કાંઈ અન્ય નિયત કરેલા માપન તે મીટર. સીટી પીટીના સંબંધમાં કે એવી કોઈ સાધન, જે આવી માપન વ્યવસ્થાના ભાગ રૂપે હોય, તેને પણ મીટર જ ગણી લેવાશે.

INDEX

માસ	કેલેન્ડરમાં દર્શાવેલ મહિનો, સિવાય કે કોઈ બીજી રીતે દર્શાવવામાં આવ્યો હોય, કોઈ એક નિયત કરેલી તારીખથી બીજા મહિનાની તે તારીખ સુધીનો ગાળો (જેનો અંતર ૩૦ દિવસનો હોય)
વ્યકિત	કોઈ વ્યકિત, કંપની, કે સંસ્થા કે મંડળી કે વ્યકિતઓનું જુથ જે નાંધાયેલું હોય કે નાંધાયેલું ન હોય, અથવા કાયદેસરની અધિકૃત વ્યકિત
પુરવઠા બિન્દુ	ગ્રાહક દ્વારા વિદ્યુત પુરવઠો મેળવવા માટે નિશ્ચિત થયેલું ફયુઝવાળું ઉપકરણ બિન્દુ, એટલે કે મીટર, સ્વિચ જે એલટી ગ્રાહકોની જગ્યામાં લગાડવામાં આવ્યા હોય અથવા ગ્રાહકની જગ્યામાં લગાવેલા ટ્રાન્સફર વિદ્યુત / પેટા-મથકમાં લગાવેલ, ડિસ્ટ્રીબ્યુટર્સ બોકસ, જયાં આવા ટ્રાન્સફોર્મર કેન્દ્ર / પેટા મથકમાં મીટર લગાવેલું હોય અથવા ગ્રાહકને ત્યાં એચટી/ ઈએચટી જોડાણ હોય ત્યાં કંટ્રોલ સ્વિચગિયર લગાવેલા હોય.
જગ્યા	જેમાં જમીન, મકાન કે બાંધકામનો સમાવેશ થાય છે.
સર્વિસ લાઈન	વિદ્યુત પૂરી પાડવાના હેતુસર લગાવામાં આવેલી પુરવઠા લાઈન (એ) એકલદોકલ ગ્રાહકને ડિસ્ટ્રીબ્યુશન મેઈનમાંથી કે વિતરણ પરવાનેદારની જગ્યામાંથી જોડાણ આપેલું હોય. (બી) ગ્રાહકોના જૂથને એક જ જગ્યાએ કે અસરકર્તા જગ્યાએ વિતરણ મેઈનના એક જ બિન્દુમાંથી જોડાણ આપવામાં આવ્યું હોય
શેરી	કોઈપણ રસ્તો, પથ, ગલી, નેળિયું, ચોક, ચાર રસ્તા, પછી તે હલનચલનનો માર્ગ કે ખુલ્લી જગ્યા જે આરપાર જતી હોય કે ન જતી હોય, જે પર જાહેર જનતાને જવા આવવાનો હક હોય અને રસ્તાઓ કે ફુટપાથ કે જાહેર પુલ કે હોઝવે.
પેટા મથક	પરિવર્તન માટે કે ફેરબદલી માટે, વિદ્યુતને વિતરણ માટે કે પરિવર્તન માટે સ્થાપેલું મથક, જેના પરિવર્તક (ટ્રાન્સફોર્મર) કન્વર્ટર્સ, સ્વિચગિયર્સ, કેપેસીટર્સ, સીન્ક્રોનસ, કેડેન્ટર્સ, રચનાત્મક કેબલ અને અન્ય તાંબાની સાધન સામગી અને અન્ય કેલેન્ડરમ મકાનો જે આ હેતુ માટે વપરાતો હોય તે અને તે જગ્યા પણ
પુરવઠો	વિદ્યુત ના સંદર્ભમાં પરવાનેદાર કે ગ્રાહકને વેચાતી આપવામાં આવતી વિદ્યુત
પુરવઠા સંહિતા પુનરાવલોકન સમિતિ	નિયમન ૧.૩ હેઠળ નિમાયેલી સમિતિ
ટ્રાન્સમિશન પરવાનેદાર	પરવાનેદાર જેને ટ્રાન્સમિશન લાઈન સ્થાપવા કે ચલાવવાનો અધિકાર આપવામાં આવ્યો હોય.

વપરાશકાર — કોઈપણ વ્યકિત જેને વિદ્યુત સાથે જોડાણ હોય, કે વિતરણ પરવાનેદાર પાસેથી વિતરણ પધ્ધતિમાંથી વિદ્યુત વાપરતો હોય, જેને આ સંહિતા અસર કરતી હોય, અન્ય કોઈ વિતરણ પરવાનેદાર, ટ્રાન્સમિશન પરવાનેદાર અને ઉત્પાદક એકમો જે વિતરણ વ્યવસ્થા સાથે જોડાયેલ હોય અને જેનો આ પરિભાષામાં સમાવેશ કરવામાં આવ્યો હોય.

૨.૧.૨ ટેકનિકલ પરિભાષા

નીચે જણાવેલી ટેકનિકલ શબ્દો જે આ સંહિતામાં વપરાયા છે તેના અર્થો તેને સામાન્ય ટેકનિકલ ધોરણે, જે વિદ્યુત ઉધ્યોગ માટે અપાયા હોય છે તે જે ગણવામાં આવશે.

- ઓલ્ટરનેટિંગ કરન્ટ (ઓ.સી.)/આવર્તક પ્રવાહ
- એમ્પીયર
- સરેરાશ પાવર ફેકટર
- સર્કિટ /પરિપથ
- કંડકટર/ વાહક
- કરન્ટ ટ્રાન્સફોર્મર / પ્રવાહપરિવર્તક
- અર્થિંગ / ભૂમિય
- ફ્રિકવન્સી / આવર્તન
- પોટેન્શયલ ટ્રાન્સફર્મર/ સ્થિતિપાન પરિવર્તક
- પાવર ફેકટર

૨.૧.૩ જે શબ્દો કે પરિભાષાઓ આ નિયમનોમાં વપરાઈ હોય અને નિયમનોમાં વ્યાખ્યાયિત થઈ ન હોય, પણ ધારામાં વ્યાખ્યાયિત થયા હોય તેનો અર્થ ધારામાં અપાયો હોય તે રહેશે. જે અભિવ્યકિતઓ અહીં વપરાઈ હોય પણ નિયમન કે ધારામાં તેની વ્યાખ્યા ન કરાઈ હોય, પણ અન્ય કોઈ સક્ષમ વિધાનસભા દ્વારા પસાર થયેલા કાયદામાં વ્યાખ્યાયિત કરાઈ હોય, જે કાયદા વિદ્યુત ઉધ્યોગને સંબંધિત હોય, તેનો અર્થ જે તે કાયદામાં આપવામાં આવ્યો હોય તે રાખવાનો રહેશે. ઉપરના આધારે, અહીં વપરાયેલી અભિવ્યકિતઓ પણ આ નિયમનો કે ધારામાં કે સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરેલા કાયદાઓમાં તેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય, તેનો અર્થ વિદ્યુત ઉધ્યોગમાં સામાન્ય રીતે આપવામાં આવ્યો હોય તે રહેશે. મુંબઈ જનરલ કલોસીઝ ધારો ૧૯૦૪ હાલના નિયમનોના હેતુ માટે પણ લાગુ પડશે.

૨.૨ અર્થઘટન :

૨.૨.૧ સંદર્ભમાં અન્ય રીતે ન વપરાયા હોય તેવા સંજોગોમાં આ સંહિતાના અર્થઘટન માટે

૧. એકવચન કે બહુવચનમાં વપરાયેલા શબ્દો જેમ લાગુ પડે તેમ, તે બહુવચન કે એકવચનને ક્રમશ: લાગુ પડશે.

૨. "સમાવવુ" કે "સમાયેલુ" શબ્દો "મર્યાદા વિના" કે "પણની સુધી મર્યાદીત નહી" તેવા શબ્દસમુહ સાથે જે ગણવામાં આવશે, ભલે તે પછી આવા શબ્દસમૂહો આ શબ્દોની પાછળ આવ્યા હોય કે નહીં.

૩. અહીં "સંહિતા" શબ્દ એ વખતોવખત વિદ્યુત દ્વારા સુધારેલા કે વધારેલા, અને જે તે સમય લાગુ પડતા ધારાઓના સંદર્ભમાં આ સંહિતાના અર્થમાં જ વપરાશે.

૪. શીર્ષકો માત્ર સરળતા માટે મુકવામાં આવ્યા છે અને તેને સંહિતાના અર્થઘટન માટે ઉપયોગમાં લેવાના નથી.

૫. કોઈપણ કાયદા, નિયમનો કે માર્ગદર્શક સૂચનાઓમાં તેમાં સમાવાયેલ બધા કાયદાઓની જોગવાઈઓમાં, સંઘટન, સુધારા, કે તેમાં ફેરબદલી કરવાના નિયમનો કે માર્ગદર્શક સીચનાઓ, જે લાગુ પડે તે, અપાય છે.

૬. પહેલાં જરૂરી પગલાં લેવાનું સૂચવ્યા પછી અને ગ્રાહક દ્વારા આવા પગલાં ન લેવાય તેવા કિસ્સામાં વિદ્યુત ધારા ૨૦૦૩ન વિભાગ-૫૬ હેઠળ કાર્યવાહી કરીને જોડાણ કાપવાનું રહેશે.

વિભાગ - ૩
પુરવઠા પધ્ધતિ અને ગ્રાહકોનુ વગીકરણ

૩.૧ પુરવઠાની પધ્ધતિ

૩.૧.૧ વિતરણ પરવાનેદાર ૫૦ હર્ટઝના આવર્તન અને ઈન્ડિયન વિદ્યુત નિયમો ૧૯૫૬ હેઠળ હાલમાં વીજદાબમાં જે તફાવતમાં છૂટ આપવામાં આવી છે તે અથવા વ ધારા ૨૦૦૩ હેઠળ હવે પછી જે નવા નિયમોમાં છૂટ આપવામાં આવે તે આધારે વિદ્યુત પ્રવાહ પૂરો પાડવાનો રહેશે.

૩.૧.૨ એ.સી. પુરવઠાનો પ્રમાણિત વીજદાબ નીચે મૂજબ રહેશે.

(એ) ૨૩૦ વોલ્ટ સીંગલ ફેઝ

- બધા વીજસ્થાપનો (ચાલકબળ સિવાય) ૬ કિવો સુધીના અને સહિતના જે કરારબધ્ધ વીજભાર હોય
- ચાલક બળના સ્થાપનો જે ખેતી હેતુ સિવાયના હોય અને કુલ ૨ હો.પ. થી વધારે ન હોય

(બી) ૪૦૦ વો. થી ફેઝ

(૧) બધા વીજસ્થાપનો (ચાલક બળ સિવાય) જે ૬ કિલોવોટથી વધુ હોય

- જીઈબી અને ટીપીએસએલનો કરારબધ્ધ માગણી - ૧૦૦ કેવીએ સુધી
- ટીપીએસએલ કરારબધ્ધ માગણી - ૧૦૦ કિલોવોટ સુધી

(૨) ૨ હો.પા. કરતાં વધુ હોય તેવા ચાલકબળના સ્થાપનો

- જીઈબી અને ટીપીએસએલ માટે મહત્તમ માગણી ૧૦૦ કેવીએ થી વધતી ન હોય અને કુલ ૧૨૫ હો.પા. સુધી
- ટીપીએસએલ માટે મહત્તમ માગણી ૧૦૦ કિવો થી વધતી ન હોય અને કુલ ૧૫૦ હો.પા. સુધી

(૩) ૧૧ કેવી, ૨૨ કેવી અને ૩૩ કેવી ૩ ફેઝ

- જીઈબી અને ટીપીએસએલ માટે બધા સ્થાપનો જેમાં કરારવીજભાર અને કરારબધ્ધ ૧૦૦કેવીએ થી વધુ અને ૨૫૦૦ કેવીએ સુધી
- ટીપીએસએલ માટે બધા સ્થાપનો જેમાં કરાર વીજભાર અને કરાર માગ ૧૦૦ કેવીએ થી વધુ અને ૪૦૦૦ કેવીએ સુધી

(૪) ૬૬ કેવીએ અને ૩ ફેઝથી વધુ

- જીઈબી અને ટીપીએસએલ માટે બધા સ્થાપનો જેમાં કરાર વીજભાર અને કરાર માગ ૨૫૦૦ કેવીએથી વધુ હોય.
- ટીપીએસએલ માટે બધા સ્થાપનો જેમાં કરાર વીજભાર અને કરાર માગ ૪૦૦૦ કેવીએ થી વધુ હોય

ગ્રાહકોને તેની ઈચ્છા હોય તો, પૂરવઠાના ઊંચા ધોરણનો વિકલ્પ લઈ શકે છે જયારે કરાર વીજભાર પૂરવઠાના ઉંચા ધોરણોમાં નકકી થયેલી મર્યાદા કરતાં ઓછો હોય.

હાલના ગ્રાહકો, જે નીચા દબાણે ઊર્જા મેળવતા હોય, તે વધારાની જરૂરિયાતના કારણે વીજભારની ઊંબર મર્યાદા વટાવી જતા હોય, તેવા કિસ્સાઓમાં, પરવાનેદાર શકય હોય ત્યાં સુધી, ગ્રાહકોને પોષણક્ષમ દરખાસ્ત આપી શકશે જેથી ગ્રાહક પોતાની જરૂરિયાતના પછીના ક્રમમાં આવતા વીજદાબનો વિકલ્પ લઈ શકે. આવી વેપારી દરખાસ્ત નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને બનાવવાની રહેશે.

(એ) પ્રસારણ અને વિતરણની ખોટમાં આવવાની ઘટ

(બી) પરવાનેદારની પધ્ધતિના પરિવર્તકો (ટ્રાન્સફોર્મર્સ)ના વીજભાર ઘટાડો અને નવી જરૂરિયાતોને પહોંચી વળવા માટેની ઉપલબ્ધ

INDEX

અલબત્ત, હાલવા ગ્રાહકો જે મર્યાદા કરતાં નીચે વીજદાબથી પુરવઠો મેળવી રહ્યા હોય તેમને હાલની પુરવઠા વ્યવસ્થા ચાલુ રાખવાની છૂટ છે અને જો તેમની વધારાની વીજભાર જરૂરિયાત હોય તો ઉપર જણાવેલી વીજભાર મર્યાદા લાગુ પડશે.

૩.૨ પાવર ફેકટર

૩.૨.૧ જે બધા ગ્રાહકો થી ફેઝ દ્વારા પુરવઠો મેળવતા હોય તેમણે પોતાના સ્થાપનોનો પાવર ફેકટર ૯૦% થી ઓછો ન હોય તે જોવાની કાળજી લેવાની રહેશે. વિતરણ પરવાનેદાર જે ગ્રાહકોની જરૂરિયાત ચાલકબળનો વીજભાર ૨ કિવો કે તેથી વધુ હોય તેના સ્થાપમનોમાં જરૂરી અને દુરનું પાવર ફેકટર જળવાઈ રહે તે માટેનું સાધન જેવું કે શંટ કેપેસીટર નાંખ્યું ન હોય, તો, તેને પુરવઠો આપવાનું ચાલુ કરાશે નહીં.

૩.૨.૨ જે ગ્રાહકોને પોતાના ચાલકબળ માટે પુરવઠો જોઈતો હોય તેમણે પોતાનું શંટ કેપેસીટર (ભારતીય માનક પ્રમાણેનું) પુરતા રેટીંગવાળું અને સ્વખર્ચે લગાવવાનું રહેશે. તે આ સાધન વિતરણ પરવાનેદાર દ્વારા તપાસાયા પછી સ્થાપન કરશે અને તે માટે વિતરણ પરવાનેદારને જરૂરી તપાસ ફી ચૂકવશે. ગ્રાહક, વિકલ્પે વિતરણ પરવાનેદારને પોતાના સ્થાપનો માટે જરૂરી ક્ષમતાવાળુ શંટ કેપેસીટર લગાડવાનું કહે અને જરૂરી ખર્ચ વિતરણ પરવાનેદારને આપે, તો વિતરણ પરવાનેદાર જો પોતાની પાસે હોય તો એવું શંટ કેપેસીટર લગાવી આપશે. વિતરણ પરવાનેદાર, ગ્રાહક પાસેથી માગણી આવે તો, શંટ કેપેસીટરનું રેટિંગ, અને વિતરણ પરવાનેદારે બનાવેલી પસંદગીની યાદીમાંથી વિકેતાનું નામ પણ આપશે.

૩.૨.૩ જરૂર મુજબની ક્ષમતાવાળું કેપેસીટર ન મૂકવાના કારણે જો તેનો વીજપૂરવઠો બંધ કરી દેવામાં આવે તો પણ ગ્રાહક તેના લઘુત્તમ ખર્ચ આપવાની જવાબદારીમાંથી છંટકી શકશે નહીં, જો વિતરણ પરવાનેદારે ગ્રાહકને જરૂરી નોટિસ આપી હોય અને અન્ય રીતે તે ગ્રાહકની વીજજોડાણ આપવા તૈયાર હોય.

૩.૨.૪ વિતરણ પરવાનેદારે ગ્રાહક કે અરજદારના ખચેર્ લગાવી આપેલું શંટ કેપેસીટર એ ગ્રાહક કે અરજદારની માલિકીનું બની જાય છે અને તેના નિભાવ મરામતની જવાબદારી તેમની રહેશે. જો આવુ કેપેસીટર લગાવ્યા પછી બગડી જાય કે ગુમ થઈ જાય તો ગ્રાહકને તે સ્વખર્ચે બદલી આપવાનું રહેશે અથવા વિતરણ પરવાનેદાર પોતાની પાસે ઉપલબ્ધ હોય તો, ગ્રાહકના ખર્ચે પુરુ પાડશે. આ વાત એવા ગ્રાહકોને પણ લાગુ પડશે જેને વધારાનો વીજ પુરવઠો જોઈતો હોય અને જયાં તેમનો ચાલક વીજબળ ૨ કિ.વો. કે તેથી વધતો હોય.

૩.૨.૫ જયાં ૩ ફેઝ સ્થાપનો હોય અને ચાલક બળ સ્થાપનો ૨ કિ.વો. કે તેથી વધુ હોય, ત્યાં અને જયાં સરેરાશ પાવર ફેકટર ૯૦% કરતાં ઓછો માલુમ પડે ત્યાં, વિતરણ પરવાનેદાર ૧૦ દિવસની મુદતની નોટિસ આપીને વિધ્યુત પુરવઠો આપવાની ના કહે કે જોડાણ કાપી નાખે જેથી કેપેસીટર સુધારી શકાય, જે પ્રવર્તમાન ધારા, નિયમો અને નિમયમનોને આધારે હોવા જોઈએ.

૩.૩ વિતરણ પરવાનેદારની પધ્ધતિને સમાન્તર કાર્યવાહી

૩.૩.૧ જો ગ્રાહક પોતાની જગ્યામાં કોઈ જનરેટિંગ સેટ લગાવવા ઈચ્છતા હોય, અને તે વિતરણ પરવાનેદારની પૂરવઠા લાઈન સાથે જોડાણ આપવાનો હોય તો તેમણે આવા સેટની ટેકનિકલ અને કામગીરીની વિગતો સાથે વિતરણ પરવાનેદાર સાથે સંકલન કરવાનું રહેશે ઉપરાંત આવા ગાહકે મુખ્ય વિદ્યુત નિરીક્ષક સહિત અન્ય સંબંધિત સત્તાઓની પરવાનગી લેવી જરૂરી રહેશે જે આવા નિયમો (હાલમાં ભારતીય વિદ્યુત ધારો ૧૯૫૬) જે અમલમાં છે અને વખતો વખત અમલમાં હોય, તે પછીના આવા જનરેટિંગ સેટને પુરવઠા લાઈન સાથે જોડી શકાશે.

INDEX

૩.૪ ગ્રાહકોનું વર્ગીકરણ

૩.૪.૧ વિદ્યુત વખતોવખત મંજુર રાખે તે મુજબ ફ્રોષ્ટક બનાવીને ગ્રાહકોની યાદીઓનું વર્ગીકરણ અને પુનવર્ગીકરણ કરશે, અને તેવા અલગ અલગ પ્રકારના દરની જાહેરાત કરશે, જે પહેલા વિદ્યુત પાસે મંજુર કરાવેલી હશે. વિદ્યુત એ મંજુર ન રાખી હોય તેવી કોઈ વધારાના વર્ગો ઉભા કરશે કહે અને જરૂરી ખર્ચ વિતરણ પરવાનેદારને આપે, તો વિતરણ પરવાનેદાર જો પોતાની પાસે હોય તો એવું શંટ કેપેસીટર લગાવી આપશે. વિતરણ પરવાનેદાર, ગ્રાહક પાસેથી માગણી આવે તો, શંટ કેપેસીટરનું રેટિંગ, અને વિતરણ પરવાનેદારે બનાવેલી પસંદગીની યાદીમાંથી વિક્રેતાનું નામ પણ આપશે.

૩.૨.૩ જરૂરી મુજબની ક્ષમતાવાળું કેપેસીટર ન મૂકવાના કારણે જો તેનો વીજપૂરવઠો બંધ કરી દેવામાં આવે તો પણ ગ્રાહક તેના લઘુત્તમ ખર્ચ આપવાની જવાબદારીમાંથી છટકી શકશે નહીં, જો વિતરણ પરવાનેદારે ગ્રાહકને જરૂરી નોટિસ આપી હોય અને અન્ય રીતે તે ગ્રાહકની વીજજોડાણ આપવા તૈયાર હોય.

૩.૨.૪ વિતરણ પરવાનેદારે ગ્રાહક કે અરજદારના ખચેર્ લગાવી આપેલું શંટ કેપેસીટર એ ગ્રાહક કે અરજદારની માલિકીનું બની જાય છે અને તેના નિભાવ મરામતની જવાબદારી તેમની રહેશે. જો આવુ કેપેસીટર લગાવ્યા પછી બગડી જાય કે ગુમ થઈ જાય તો ગ્રાહકને તે સ્વખર્ચે બદલી આપવાનું રહેશે અથવા વિતરણ પરવાનેદાર પોતાની પાસે ઉપલબ્ધ હોય તો, ગ્રાહકના ખર્ચે પુરુ પાડશે. આ વાત એવા ગ્રાહકોને પણ લાગુ પડશે જેને વધારાનો વીજ પુરવઠો જોઈતો હોય અને જયાં તેમનો ચાલક વીજબળ ૨ કિ.વો. કે તેથી વધતો હોય.

૩.૨.૫ જયાં ૩ ફેઝ સ્થાપનો હોય અને ચાલક બંળ સ્થાપનો ૨ કિ.વો. કે તેથી વધુ હોય, ત્યાં અને જયાં સરેરાશ પાવર ફેકટર ૯૦% કરતાં ઓછો માલુમ પડે ત્યાં, વિતરણ પરવાનેદાર ૧૦ દિવસની મુદતની નોટિસ આપીને વિદ્યુત પુરવઠો આપવાની ના કહે કે જોડાણ કાપી નાખે જેથી કેપેસીટર સુધારી શકાય, જે પ્રવર્તમાન ધારા, નિયમો અને નિમયમનોને આધારે હોવા જોઈએ.

૩.૩ વિતરણ પરવાનેદારની પધ્ધતિને સમાન્તર કાર્યવાહી

૩.૩.૧ જો ગ્રાહક પોતાની જગ્યામાં કોઈ જનરેટિંગ સેટ લગાવવા ઈચ્છતા હોય, અને તે વિતરણ પરવાનેદારની પૂરવઠા લાઈન સાથે જોડાણ આપવાનો હોય તો તેમણે આવા સેટની ટેકનિકલ અને કામગીરીની વિગતો સાથે વિતરણ પરવાનેદાર સાથે સંકલન કરવાનું રહેશે ઉપરાંત આવા ગાહકે મુખ્ય વિદ્યુત નિરીક્ષક સહિત અન્ય સંબંધિત સત્તાઓની પરવાનગી લેવી જરૂરી રહેશે જે આવા નિયમો (હાલમાં ભારતીય વિદ્યુત ધારો ૧૯૫૬) જે અમલમાં છે અને વખતો વખત અમલમાં હોય, તે પછીના આવા જનરેટિંગ સેટને પુરવઠા લાઈન સાથે જોડી શકાશે.

૩.૫ ગ્રાહકોનું પુન:વર્ગીકરણ

૩.૫.૧ જો કોઈ ગ્રાહકને ભૂલમાં કોઈ ખાસ વર્ગમાં ભૂલમાં મુકાઈ ગયા હોય, કે પુરવઠાનો હેતુ જે કરારપત્રમાં જણાવ્યો હોય તે બદલાઈ ગયો હોય કે, ઊર્જાનો વપરાશ જે તે વર્ગમાં તેની મર્યાદા વટાવી ગયો હોય, કે દ ાટના આદેશો થયા હોય કે કરાર માગમાં વધારો મેળવવામાં આવ્યો હોય, તેવા કિસ્સામાં વિતરણ પરવાનેદાર તેવા ગ્રાહકને પુનવર્ગીકરણ કરીને યોગ્ય વર્ગમાં મૂકી શકે, અનેં તે માટે જરૂરી નોટિસ (ઓછામાં ઓછી ૩૦ દિવસની મુદતની) અને નવો કરારપત્ર, આવા બદલાયેલા વર્ગીકરણને આધારે અથવા સુધારેલી કરાર માગણીના આધારે બનાવે જો ગ્રાહક આવી નોટિસમાં સૂચવેલી મુદતમાં યોગ્ય પગલાં ન ભરે કે જરૂરી નવો કરારપત્ર ન કરે તો, વિતરણ પરવાનેદાર, ધારા, નિયમો કે નિયમનો (જે તે સમયે લાગુ પડતા હોય) ના આધારે, ૨૧ દિવસની ચોખ્ખી મુદતની કારણદર્શક નોટિસ આપીને, અને તેણે કોઈ ખુલાસો રજુ કરવો હોય તો તે સાંભળીને, વીજપુરવઠો કાપી શકે છે. ઉપરાંત, વિતરણ પરવાનેદાર, આવી દરના ફેરફારની આવેલી અરજીઓ, વધારેમાં વધારે સાત દિવસની મુદતમાં, આવા દરના ફેરફારની કે દરના વર્ગની અરજીઓનો નિકાલ કરી દેશે અથવા તો આવા દર ન બદલવા માટેના કારણોની જાણ કરી દેશે. આવી બાબતના કોઈપણ વિવાદ અંગે આવી બાબતો ગ્રાહક ફરિયાદના ન્યાયિક મંડળને રજુ કરી શકશે.

INDEX

વિભાગ - ૪
પુરવઠો માન્ય રાખવાની પધ્ધતિ

૪.૧ અરજી

૪.૧.૧ પ્રારંભના વીજ પુરવઠા માટે કે પછીથી વધારાના વીજ પુરવઠો મેળવવા માટેની અરજી આ સાથે જોડેલા પરિશિષ્ટ એ-૧ અને પરિશિષ્ટ એ-૨ મુજબ કરવાની રહેશે. વિતરણ પરવાનેદારની સ્થાનિક કચેરીમાંથી આવા ફોર્મની જરૂરી નકલો વિના મૂલ્યે પૂરી પાડવાની રહેશે. વિતરણ પરવાનેદાર આવી અરજીના ફોર્મ વેબસાઈટ પર પણ મળી શકે તેવી વ્યવસ્થા કરશે.

૪.૧.૨ વિતરણ પરવાનેદારની સ્થાનિક કચેરી અરજદારોને આવી અરજી કરવા માટે જરૂરી માહિતી અને સહાય પૂરા પાડશે.

૪.૧.૩ અરજદારે, જો જગ્યાના કબજેદાર હોય પણ માલિક ન હોય, તો તે કાયદેસરનો કબજેદાર છે તેવી સાબિતી પૂરી પાડવાની રહેશે. તેણે જરૂર પડે તો વિતરણ પરવાનેદારને એક નુકશાની ભરપાઈ કરી આપવાનું કરારખત કરી આપે જેનો નમૂનો વિતરણ પરવાનેદાર નકકી કરી આપે, જેમાં આવા અરજદારનેં આ કારણે કોઈ વિવાદ થાય તો તેનું વળતર મળી રહે.

૪.૧.૪ વિતરણ પરવાનેદાર વિદ્યુત પૂરી પાડવા માટે જરૂરી સર્વિસ લાઈન મુકવા માટે જરૂરી પરવાનગી, રજા અને રસ્તાઓ મેળવી લેશે. ગ્રાહક પણ વિતરણ પરવાનેદારને આવી પરવાનગી, રજા અને રસ્તાઓ મેળવી આપવા માટે સહાય કરશે. અલબત્ત, જયાં ગ્રાહક પાસે જાહેર શેરીના સામે કોઈ જોગવાઈ ન હોય, અને જયારે સર્વિસ લાઈનને અન્ય કોઈની મિલકતમાંથી કે નીચેથી લઈ જવાની જરૂર પડે ત્યારે, ગ્રાહકે જરૂરી રસ્તા માટે પરવાનગી કે રજા, સ્વખર્ચે મેળવવાની રહેશે અને વીજપુરવઠો જયાં સુધી ચાલુ રાખવાનો હોય ત્યાં સુધી વખતોવખત તેને ચાલુ રાખવાનો રહેશે. જો કોઈ સંજોગોમાં, આવી પરવાનગી કે રજા પાછી ખેંચવામાં આવે તો પુરવઠો તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવશે અને તે પ્રવર્તમાન ધારા, નિયમો અને નિયમનોને આધીન રહેશે. આવી સર્વિસલાઈન નાખવા માડે જે કાંઈ વધારાનો ખર્ચ થશે તો તે ગ્રાહક પાસેથી વીજપૂરવઠો પાડવાના ખર્ચ તરીકે જરૂરી નિયમનોના આધારે વસુલ કરવામાં આવશે. અરજદાર આ બાબતે જરૂર પડે વિતરણ પરવાનેદારને બાંયધરી આપશે.

૪.૧.૫ જયારે ગ્રાહકના સાધનની ક્ષમતા કેવીએ કે કિલોવોટમાં હોય ત્યારે તેના સમકક્ષ હો.પા. નીચેના સમીકરણ દ્વારા મેળવાશે.

સમકક્ષ હો.પા. = કિવો / ૦.૭૪૬

કિ.વો. ગણવા માટે કેવીએ ૦.૯૦ ના પાવર ફેકટર દ્વારા બધા સાધનો માટે સામાન્ય રીતે, ગણવામાં આવશે, સિવાય કે વેલ્ડિંગ સાધનો. આવા વેલ્ડિંગ સાધનો માટે જેને કેવીએમાં દર્શાવવામાં આવે છે, તેના સમકક્ષ હો.પા. ગણવા માટે અને બિલ બનાવવા માટે, ૧ કેવીએ ને ૧ હો.પા. બરાબર ગણવામાં આવશે અને જો તે ૧ નો અપૂર્ણાંક હોય તો તેને નજીકના ૧/૨ હો.પા. માં પરિવર્તિત કરવામાં આવશે.

૪.૧.૬ સંબંધિત વિદ્યુત નિયમનોમાં ઠરાવ્યા મુજબ વિદ્યુત ઊર્જા પૂરી પાડવા માટેની માંગણી નોંધણી ખર્ચ સાથે કરવાની રહેશે. આવી નોંધણી ખર્ચની રકમ જે અનામત રૂપે મૂકેલી હશે તે પરત આપવાપાત્ર રહેશે નહીં, સિવાય કે જયારે અરજદારની અરજી વિતરણ પરવાનેદાર દ્વારા મંજૂર રાખવામાં આવી ન હોય, ભલે ને ટેકનિકલ બિનવ્યવાહરૂતાના કારણે હોય કે અન્ય કારણોને લીધે હોય. જો અરજદાર જરૂરી બધા ખર્ચા, જે વિતરણ પરવાનેદારે જણાવ્યા હોય તે, ભરવામાં નિષ્ફળ જાય, અને તે પણ નિયત કરેલી સમય મર્યાદામાં, કે પછી વિતરણ પરવાનેદારે વધારી આપેલી મુદત પછી પણ, તો તેની અરજી રદ કરવામાં આવશે. જો તે જ

અરજદાર તે જે વિતરણ પરવાનેદાર પાસેથી ફરીથી વિદ્યુત પુરવઠો મેળવવા ઈચ્છતો હોય તો તેણે ફરીથી નવેસરથી જે તે સમયે પ્રવર્તમાન દરે, નોંધણી ખર્ચ ચૂકવીને અરજી કરવાની રહેશે.

૪.૧.૭ કોઈપણ ચાલુ સર્વિસનું નામ બદલવાની અરજી કે ગ્રાહકે વિતરણ પરવાનેદાર સાથે કરેલા કરારના ના લાભો તબદીલ કરવાની અરજી, વિદ્યુત ના નિયમનોમાં નકકી થયેલા બિન પરતપાત્ર નોંધણી ખર્ચ સાથે સામેલ કરવાની રહેશે, સિવાય કે જયાં નોંધણી ખર્ચ ગ્રાહક દ્વારા ભરાઈ ગયો હોય, અને વિતરણ પરવાનેદાર બદલાઈને તેની જગ્યાએ અન્ય વ્યકિત આવેલી હોય તેવા સંજોગોમાં, ગ્રાહકે અન્ય કોઈ વધારાની નોંધણી ખર્ચની રકમ ભરવાની રહેતી નથી.

૪.૧.૮ એલ.ટી. પુરવઠા માટે મળેલી અરજી મળ્યા બાદ ચોખ્ખા ત્રણ દિવસની નોટિસ વિતરણ પરવાનેદારે અરજદારને અથવા તેમના પ્રતિનિધિને જગ્યાના નિરિક્ષણ માટે હાજર રહેતા જણાવવાનું રહેશે. કયાં પુરવઠાનું પ્રવેશ બિન્દુ રાખવું, કયાં મુખ્ય મેઈન્સ રાખવા, અને તેની સ્થિતિ કેવી રાખવી ફયુઝ અને સર્કિટ બેકર્સ અને મીટર કયાં રાખવા તે ગ્રાહક સાથે ચર્ચા કરીને નકકી કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં, વિતરણ પરવાનેદાર તેના ઉપકરણો એવી જગ્યાએ સ્થાપના નહીં કરે જે દ્વારા તેના માણસોને પ્રર્દાનશીન મહિલાઓના ખાનગીપણા પર અથવા ધાર્મિક વ્યકિતઓના ખાનગી સ્થાનો પર જવા આવવાનો હક અને જરૂરિયાત ઊભી થઈ જાય. વિતરણ પરવાનેદાર ગ્રાહકને પુરવઠો આપવા માટે જગ્યાના નિરિક્ષણ અને ગ્રાહક દ્વારા બધા લાગુ પડતા નિયમો / ધોરણો / સંહિતા જે અમલમાં હોય તેની બાબતે સંતોષ થાય તે પછી, સંભવિત તારીખ આપશે.

૪.૧.૯ વિતરણ પરવાનેદાર કેટલા વીજદાબ (વોલ્ટેજ) થી પુરવઠો આપવામાં આવશે, અને પુરવઠો કયારથી શરૂ થશે અને પુરવઠો શરૂ કરવાનો સમયગાળો ઈત્યાદિ જણાવશે. અલબત્ત, વિતરણ પરવાનેદાર વિદ્યુત દ્વારા અલગથી નકકી થયેલા "પરવાનેદારની કામગીરીના ધોરણો" માં જણાવ્યા મુજબની મુદતમાં જ નવા જોડાણો આપશે.

૪.૧.૧૦ વિતરણ પરવાનેદાર તેમને મળેલી ઈએચટી પુરવઠા માટેની અરજી મળ્યાના ત્રણ દિવસમાં પ્રસારણ પરવાનેદારને ગ્રિડ સંહિતાના જોગવાઈના સંદર્ભમાં આગળની કાર્યવાહી માટે મોકલી આપશે. પ્રસારણ પરવાનેદાર વિતરણ પરવાનેદાર તરફથી અરજી મળ્યાના ૭ દિવસમાં, આ અરજી સ્વીકારવાની શકયતા કે આવશ્યકતા વિશે વિતરણ પરવાનેદારને જાણ કરશે. વિતરણ પરવાનેદાર તે પછી ત્રણ દિવસમાં અરજદારને જોડાણ આપવા માટેની જરૂરિયાત જે તેણે જોડાણ મળે તે પહેલાં કરવાની રહેશે તે અંગે જણાવશે. અલબત્ત, વિતરણ પરવાનેદાર વિદ્યુત દ્વારા પરવાનાની કાર્યવાહીના ધોરણોમાં જે અલગથી જણાવ્યું છે તે સમય મર્યાદામાં નવું જોડાણ આપશે.

એવા કિસ્સાઓમાં, જયાં પ્રથમ દ્રષ્ટિએ અથવા નોંધણી વખતે કે પછીથી નિરિક્ષણ સમયે એવું લાગે કે આ સૂચિત જોડાણ લાગુ પડતા નિયમો કે ધોરણો કે સંહિતામાં જરૂરી એવી પૂર્તતા થયેલી નથી, તો જોડાણ આવી પૂર્તતા થયા પછી જ આપવાનું રહેશે. વિતરણ પરવાનેદાર, આવા કિસ્સાઓમાં, ગ્રાહકને શકય તેટલી સહાય કરીને તેની પાસેથી જરૂરી પૂર્તતા મેળવશે.

૪.૧.૧૧ નવા જોડાણ, કે પુનઃજોડાણ, વધારા કે વીજભાર ઘટાડવા માટેની કે નામ બદલવાની કે સર્વિસ લાઈન બદલવાની દરખાસ્ત પર કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં, જો, આ અરજદારના તેના નામે લીધેલી સર્વિસ જોડાણની વિતરણ પરવાનેદારના કાર્યક્ષેત્રમાં કોઈ બાકી આવેલી નાણા બાકી રહ્યા હોય.

૪.૧.૧૨ વિતરણ પરવાનેદાર દ્વારા વધારાનો પાવર આપવામાં આવશે નહીં, જયાં સુધી હયાત પુરવઠાના બાકીના બિલો કાં તો પૂરેપૂરા ભરાઈ ગયા હોય અથવા વિતરણ પરવાનેદારે આપેલા હપ્તા અનુસાર નિયત સમય મર્યાદામાં બાકી રહેલી રકમ ચૂકવાઈ ગઈ હોય.

INDEX

૪.૧.૧૩ દરેક વિતરણ પરવાનેદારની એ ફરજ રહેશે કે તેમણે જગ્યામાં, જરૂર પડે તો, વિદ્યુત પ્લાન્ટ કે વિદ્યુત લાઇન, વિદ્યુત પ્રવાહ પૂરો પાડવા માટે આપવાની રહેશે.

૪.૧.૧૪ જયારે સરકારે જાહેર કરેલા ઉધ્યોગોને નવું જોડાણ લેવાનું હોય કે વધારાનો વીજભાર લેવાનો હોય ત્યારે તેવા અરજદારે ગુજરાત પ્રદુષણ નિયમન બોર્ડ, ગાંધીનગર પાસેથી ગુજરાત પ્રદુષણ નિયમન બોર્ડ દ્વારા નકકી થયેલા ધોરણો સચવાયા છે, તે મતલબનું "બિનવાંધાજનક પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે.

૪.૧.૧૫ જો ગ્રાહક વિનંતી કરે તો વિતરણ પરવાનેદારે ટેસ્ટીંગ ખર્ચ લઇ તેની જગ્યામાં મીટર ટેસ્ટ કરી, ટેસ્ટ રીપોર્ટ આપવાનો રહેશે.

૪.૧.૧૬ નવુ મકાન/જગ્યા ખરીદતી વખતે આગલા માલિકના બાકી નીકળતાં લેણાની કોઇ શકયત ન રહે તે સારુ, વિતરણ પરવાનેદાર, વપરાશકારને, તેની વિનંતીથી 'લેણાં ન-બાકી પ્રમાણપત્ર' આપશે.

૪.૧.૧૭ વિતરણ પરવાનેદાર એક મકાનની જગ્યા માટે એક કરતાં વધુ જોડાણ/ મીટર આપશે નહીં. બીજા મીટરનો માંગણી કરનાર વપરાશકરે, અલગ આવકવેરા નંબર/ વેચાણવેરા નંબર, રેશનકાર્ડ અને ભાડા તથા પટાનો કરાર જેવા દસ્તાવેજોની અલગ કાયદેસર અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ રજૂ કરવાની રહેશે.

૪.૨ અંદાજ

૪.૨.૧ સર્વિસ લાઈનની સ્થિતિ નકકી થઈ જાય પછી વિતરણ પરવાનેદાર સંદર્ભિત નિયમનોને આધીન રહીને વિતરણ પરવાનેદાર અરજદારને ભોગવવાના ખર્ચનો અંદાજ આપશે. પરવાનેદાર અરજદારને અન્ય શરતો, સિકયૂરિટીની અનામત રકમ અને વિદ્યુત લાઈન કે પ્લાન્ટ પૂરો પાડવાના ખર્ચની રકમ ચૂકવવા અંગે જાણ કરશે. અરજદારે સર્વિસ લાઈન નંખાયા પહેલા પરવાનેદારને અંદાજમાં જણાવેલી અનામતની જરૂરી રકમ ભરાયા પછી અને અરજદારે અન્ય શરતો પૂરી કર્યા પછી કામ શરૂ કરી દેવામાં આવશે. જોડાણ પૂરું પાડવાના કુલ ખર્ચના આધારે અનામતની રકમ બંધબેસતી કરવામાં આવશે.

૪.૨.૨ વિદ્યુતએ અલગથી રજૂ કરેલા વિતરણ પરવાનેદાર માટેના કામગીરીના ધોરણમાં જણાવ્યા મુજબના સમયગાળામાં કામ પુરું કરી લેવાનું રહેશે.

૪.૨.૩ અન્ય શરતો સમાન હોય ત્યારે, સર્વિસ લાઈન, શકય હોય ત્યાં સુધી, અનામતના પૈસા મળે તે તારીખના ક્રમમાં કામ કરવાનું રહેશે.

૪.૩ કરાર

૪.૩.૧ અરજદાર અલગ રીતે કે અરજીમાં જ, વિતરણ પરવાનેદાર સાથે કામ શરૂ થતાં પહેલા, ભાવની શરતો અને પુરવઠા સંહિતાની શરતો અંગે કરાર કરવાનો રહેશે. આ કરારમાં કરાર કયાં સુધી પ્રમાણભૂત રહેશે તેનો સમય કરારમાં લખવાનો રહેશે. આ કરારમાં ગ્રાહક ઈચ્છે તો આપોઆપ મુદત વધારો થઈ શકે કે તે પૂરો થતાં નવો કરાર કરવો પડે તેવી કલમ પણ લખવાની રહેશે.

૪.૩.૨ જો વિતરણ પરવાનેદાર સાથે ગ્રાહકે લેખિતમાં અલગ કરાર કર્યો ન હોય, તો એકવખત વિદ્યુતનો પુરવઠો શરૂ થઈ જાય પછી ગ્રાહકે પુરવઠા સંહિતાની બોલીઓ અને શરતોથી બંધાયેલો ગણાશે. ગ્રાહક, વિતરણ પરવાનેદાર જો માંગે તો પુરવઠો શરૂ થયા પછીના ત્રીસ દિવસની મુદતમાં કરાર કરી આપવા બાબત ના કરી શકશે નહીં. આવા કિસ્સાઓમાં વિદ્યુત પુરવઠો શરૂ થયાની તારીખ જ કરારના પ્રારંભની તારીખ ગણવામાં આવશે. જો ગ્રાહક આવા કરારમાં સહી કરવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર જરૂરી નોટિસ આપીને

INDEX

અને જવાબ આપવાની તક આપીને, આવી જગ્યામાંથી જોડાણ કાપી નાંખી શકશે. અલબત્ત, આવો કરાર થઈ જાય પછી તરત વિતરણ પરવાનેદાર પુનઃસ્થાપન કરી આપશે.

૪.૩.૩ જો કોઈ ગ્રાહક, કરારમાં લખેલી મુદતની અંદર કરાર પૂરો કરે (કે જયાં આવો કાયદેસરનો કરાર થયો ન હોય ત્યાં, જો પુરવઠો નિશ્ચિત સમય સુધી કરાર થયો હોત તો, નકકી થયેલી મુદત, વપરાયો ન હોય તો ગ્રાહકે કરારમાં જણાવેલી મુદતના બાકી રહેતા દરેક મહિના માટે, અથવા આવા કાયદેસરનો કરાર થયો ન હોય તો પણ નિયત મુદત સુધીમાં, લઘુત્તમ ખર્ચ ભરપાઈ કરશે.

૪.૪ જોડાણ કાપવા અને પુનઃજોડાણ આપવાની નોંધ :

૪.૪.૧ વિતરણ પરવાનેદાર જોડાણ કાપવા અને પુનઃજોડાણ આપવા માટેની બધી નોંધ જાળવશે.

૪.૫ પુરવઠાનું બિન્દુ

૪.૫.૧ અલગ રીતે સંમત ન થયા હોય તો, સામાન્ય રીતે ગ્રાહકે જે ફયુઝ નાખવા માટે જે બિન્દુ દર્શાવ્યું હોય જેમકે

(એ) મીટર / સ્વિચ જે એલ.ટી. ગ્રાહક તરીકેના ગ્રાહકની જગ્યામાં બેસાડવામાં આવી હોય

(બી) ટ્રાન્સફોર્મર (પરિવર્તક) કેન્દ્ર ઉપર લગાવેલ ડિસ્ટ્રીબ્યુશન (વિતરણ) પેટી અથવા સબ-સ્ટેશન પરની પેટી, જે ગ્રાહકની જગ્યામાં લગાવેલ હોય, જયાં આવા મીટર પરિવર્તક કેન્દ્ર (ટ્રાન્સફર્મર) અથવા સબસ્ટેશન પર લગાવેલા હોય.

(સી) જયારે ગ્રાહક એચટી કે ઈએચટી ગ્રાહક હોય અને સંહિતાની જોગવાઈઓ અનુસાર ગ્રાહકની જગ્યામાં, કંટ્રોલ સ્વિચગિયર લગાડવામાં આવ્યા હોય.

૪.૬ ગ્રાહકની જગ્યામાં વાયરિંગ કામ :

૪.૬.૧ ગ્રાહક અને જાહેર જનતાની સુરક્ષા માટે, ગ્રાહકની જગ્યામાં આવેલું વાયરિંગ કામ પ્રવર્તમાન ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ નું પાલન કરતું હોય તેવું રાખવું જરૂરી છે, અથવા ઇલેકટ્રિસીટી એકટ ૨૦૦૩ હેઠળ લાગુ પડતી જોગવાઇઓ અને જે તે આગ મકાન માટે જે તે વીમા કંપની સાથે વીમો ઉતરાવેલ હોય તેને અનુરૂપ અથવા વિદ્યુત નિરિક્ષક દ્વારા આપવામાં આવેલી વિશેષ વિગતો / સૂચનાઓ અનુસાર હોવું જોઈએ. વાયરીંગ કરવા માટે વપરાયેલુ મટીરીયલ ભારતીય માનક કે લાગુ પડતા માનકને અનુરૂપ હોવું જોઇએ. સરકારે પ્રમાણિત કરેલા નિરીક્ષકની દેખરેખ હેઠળ કામ થવું જોઇએ.

૪.૬.૨ જેવું ગ્રાહકનું વીજ સ્થાપન બધી બાબતોએ સંપૂર્ણ થઈ જાય, અને તેની સુપરવાઈઝર દ્વારા સંપૂર્ણ ચકાસણી થઈ જાય અને સરકાર તરફથી મંજૂર રાખવામાં આવેલા વિદ્યુત ઠેકેદાર કે ગ્રાહકના પરવાનેદાર તરફથી સક્ષમતાનું પ્રમાણપત્ર આપવામાં આવે તે પછી ગ્રાહકે કામ પુરું થયાનો, અને ચકાસણી અહેવાલ મળે તે પછી જરૂરી ફી સાથે સહી કરીને વિતરણ પરવાનેદારને આપવાનું રહેશે. વિતરણ પરવાનેદારે આ અંગેનું ફોર્મ ગ્રાહકને નજીવી કિંમતે પુરૂ પાડવાનું રહેશે. તથા વિતરણ પરવાનેદારે આ ફોર્મ પોતાની પોતાની વેબસાઈટ ઉપર મુકવાનું રહેશે જેથી ગ્રાહક તે વેબસાઈટ ઉપરથી વિનામૂલ્યે ફોર્મ મેળવી શકે.

૪.૬.૩ ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬, હાલમાં પ્રવર્તમાન છે, તેના નિયમ ૪૫ અનુંસાર, કે વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળ બનાવેલા નિયમોમાં જણાવ્યા મુજબ, કોઈ પ્રકારનું વિદ્યુત સ્થાપનનું કામ, વધારા, ફેરફારો, મરામત તે હયાત સ્થાપનોમાં બંધબેસતા ફેરફારો કરવાનું કામ,સિવાય કે ગોળા, પંખા, ફયુઝ, સ્વિચો, નીચા દબાણના ઉપરગથ્થુ ઉપકરણો અને ફિટિંગ્સ જે કોઈ પ્રકારે સ્થાપનનો લાક્ષણિકતામાં કે ક્ષમતામાં ફેરફાર ઉભો કરતાં નથી, તેવા કામ, ગ્રાહકની જગ્યામાં તેના દ્વારા કે તેના વતી કોઈના દ્વારા, અથવા આવા ગ્રાહકને પુરવઠો આપનાર કબજેદારે દ્વારા કરી શકાશે નહીં. સિવાય કે તે રાજય સરકાર દ્વારા આવા કામ માટે પરવાનો મેળવેલા ઠેકેદાર હોય તે સરકાર દ્વારા માન્યતા મેળવેલી હોય. કોઈપણ વ્યકિત આ કલમનો ભંગ કરશે તો તે વિદ્યુત ધારા ૨૦૦૩ લાગુ પડતી જોગવાઈઓ હેઠળ દંડ કે શિક્ષાપાત્ર બનશે.

INDEX

૪.૭ સામાન્ય વાયરિંગકામની શરતો

૪.૭.૧ સ્વિચો અને ફયુઝ

(એ) નીચા વીજદાબના ગ્રાહકો માટે :

ગ્રાહકે લિન્ડડ ક્વિક બેક મેઈન સ્વિચ, જરૂરી ક્ષમતાવાળી, પુરવઠા બિન્દુ પાસે પુરી પાડવી કે જે વિદ્યુત પુરવઠાને વહન કરી શકે અને દરેક વાહકમાં જરૂર પડે ભંગાણ કરી શકે. ગ્રાહકની વધી સ્વિચ હંમેશા જીવતા વાયર સાથે જોડેલી હોવી જોઈએ, અને દરેક ન્યુટ્રલ બિન્દુ નીચે લાકડા પર "N" ન્યુટ્રલની નિશાની લખેલી હોવી જોઈએ. જયાં, જયાંથી તે ગ્રાહકની મેઈન સ્વિચ થી મીટર સાથે જોડાણ કરતી હોય.

(બી) ઉચ્ચ દબાણ અને વિશેષ ઉચ્ચ દબાણવાળા ગ્રાહકો :

વિતરણ પરવાનેદારના પુરવઠા બિન્દુ અને પરિવર્તક (ટ્રાન્સફર્મર) સુધી એક ધૂળ અને જીવાતથી મુકત એવી સ્વિચ કે સર્કિટ બેકર, જરૂરી ક્ષમતાવાળી, અને સાથે યોગ્ય સુરક્ષાત્મક ઉપકરણ જે ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ જે પ્રવર્તમાન સંજોગોમાં લાગુ પડતા હોય, અથવા તો જે વિદ્યુત ધારા ૨૦૦૩ ની સંબંધિત જોગવાઈઓને અનુરૂપ હોય.

૪.૭.૨ થી ફેઝ સ્થાપનોમાં વીજભારનું સમતોલન કરવું

(એ) જયારે થી ફેઝ વીજભાર પર સ્થાપનને જોડવાનું હોય, ત્યારે વાયરિંગ જૂથ પધ્ધતિમાં કરવું જોઈએ, અને દરેક વખતે અલગ અલગ ન્યૂટ્રલ વાયર બહાર કાઢીને વિતરણ પરવાનેદારના પુરવઠા બિન્દુ ઉપર આપવા જોઈએ. બેવડી બેકવાળી લિન્ડડ સ્વિચ દરેક મુખ્ય પરિપથને અંકુશમાં રાખે તેવી વ્યવસ્થા કરવી. ગોળા, પંખાઓ અથવા એવા અન્ય ઉપકરણો મુકવા જોઈએ કે જેથી સામાન્ય કામગીરી વખતે, થી ફેઝમાં વીજપ્રવાહ સમતૂલનમાં રહે અને ન્યૂટ્રલ વાયરમાં કોઈ પ્રવાહ જાય નહીં.

(બી) અર્થિંગ - ભૂમિયતા

ગેસ, પાણીની પાઈપ કોઈપણ સંજોગોમાં ભૂમિયતા માટે વાપરવી નહીં. બધા વાયરિંગને શકય તેટલા પાણીની પાઈપથી દુર રાખવા જોઈએ.

૪.૭.૩ ઘરગથ્થુ વાપરાશી ઉપકરણો

ઘરગથ્થુ વપરાશી સામાન માટે એક ખાસ પરિપથ અલગ રીતે લેવો જોઈએ. આ બધી પરિપથોમાં વપરાતા ભીંતમાં જડેલા પ્લગ થી પિન પ્રકારના હોવા જોઈએ, જેમાંની ત્રીજી પિન હંમેશા ભૂમિય જોડાણ તરીકે રહે. બે પિનવાળા પ્લગ કે લાઈટીંગના સોકેટની પરવાનગી આપવામાં આવતી નથી. બધા ઉપકરણો યોગ્ય રીતે ભૂમિય કરવા જોઈએ. ભૂમિય વાયરનું લઘુત્તમ માપ ૩.૦૦ ચો.મીમી. (અથવા ૧૪ જોજ) તાંબાનો કે તેને સમકક્ષ વાપરવો જોઈએ. દરેક સાધન કે ઉપકરણ જોડવામાં આવે તેની વોટેજ ક્ષમતા લખેલી તકતી ત્યાં હોવી જોઈએ, તે જરૂરી છે.

૪.૭.૪. પ્લગ : સિંગલ પોલ (ધ્રુવિય) સ્વિચ વાળા અંકુશિત પ્લગ સંજીવ વાયરમાં લગાડવા અને તેને ન્યૂટ્રલ વાયર સાથે જોડવા નહીં.

૪.૭.૫ લાગુ પડતા ધોરણો અને કાર્યવાહીની સંહિતા અનુસાર વાયરિંગ કરવાનું રહેશે.

૪.૮ સર્વિસ જોડાણની ફેરબદલી

૪.૮.૧ વિતરણ પરવાનેદાર પાસેથી લેખિતમાં મંજૂરી મેળવ્યા સિવાય, ગ્રાહક પોતે વિતરણ પરવાનેદાર સાથે કરેલા કરારના લાભો પૈકી કોઈ લાભો કોઈને આપી શકશે નહીં, કે બદલી કરી શકશે નહીં કે ભાગમાં આપી શકશે નહીં અથવા તો કોઈની સાથે કોઈ જાતનું હિત ભાગમાં કે અલાયદું હિત ઉભુ કરી શકશે નહીં. સર્વિસની ફેરબદલી કરવી હોય તો નોંધાયેલો ગ્રાહક ગુજરી જાય તો, તેવા કિસ્સામાં માલિકી કે કબજો બદલાયો હોય તે

તબદીલ થયો હોય તો તેવા કિસ્સામાં અરજી આપ્યા પછી સર્વિસની ફેરબદલી થઈ શકશે. આવી બધી તબદીલીના કિસ્સાઓમાં, કોઈપણ જાતની બાકીની રકમ વસૂલાત લેવાની હોય તો તબદીલીની ફી ની રકમ સાથે વિદ્યુત એ ઠરાવેલા નિયમન અનુસાર ભરવાની રહેશે.

૪.૮.૨ સર્વિસ ધરાવનારના મૃત્યુના કારણે સર્વિસ જોડાણની તેના કાયદેસરના વારસદાર નામે તબદીલ કરવાના પ્રસંગે અરજદારે નીચે જણાવેલા દસ્તાવેજો વિતરણ પરવાનેદારને રજૂ કરવાના રહેશે.

(એ) નિયત ફોર્મમાં અરજી

(બી) મૃત્યુનું પ્રમાણપત્ર

(સી) અરજદાર આ જગ્યાનો એકમાત્ર હકદાર છે અથવા કાયદેસરના વારસ પાસેથી બિનવાંધાકીય પ્રમાણપત્ર.

૪.૮.૩ ઉપર જણાવેલા ૪.૮.૨માં જણાવ્યા સિવાયના કારણે તબદીલી કરાવવાની હોય તો અરજદારે નીચે મુજબના દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

(એ) નિયત ફોર્મમાં અરજી

(બી) તબદીલીના ટેકારૂપ દસ્તાવેજો જેવા કે નોંધણીવાળું વેચાણખત / કે તબદીલી ખત, સરકારનો આ બાબતનો કોઈ આદેશ / અદાલતી હુકમ કે કંપની રજીસ્ટ્રારનું પ્રમાણપત્ર. જો અરજદાર આ દસ્તાવેજો રજૂ કરી શકે તેમ ન હોય તો તેણે નીચે મુજબના કારણો રજૂ કરવા.

- નોંધણી ન કરાવ્યું હોય તેવું વેચાણ / બદલીખત
- અગાઉના સર્વિસ કબજેદારની સર્વિસ તબદીલ કરવા અંગેની લેખિત સંમતિ

(સી) વિતરણ પરવાનેદારને કોઈ કાયદેસરની કાર્યવાહી સાથે નુકશાન ભરપાઈ કરી આપવાનું બોન્ડ અને વિતરણ પરવાનેદાર પક્ષકાર ન હોય પણ તેને કાયદેસરની કાર્યવાહીમાં સંડોવાવું પડે તેવા સંજોગોમાં નુકશાનીનું વળતર આપવાનું કબૂલાતનામું.

૪.૮.૩ જયાં પરવાનેદારે વિદ્યુત આપવાનું ઠરાવ્યું હોય તે જગ્યા તબદીલ થઈ હોય, અને તબદીલ થયેલ પક્ષકારને જગ્યા પોતાના નામે તબદીલ થઈ હોય તે ઘરમાં સર્વિસ જોડાણ ન મળ્યું હોય તો, અને તો પણ તે વિદ્યુત સર્વિસ અગાઉના નામે જે માલિકના નામે જે વાપરતો હોય તો, આ સર્વિસ જોડાણને અંગેના બધા બાકી પડતર ખર્ચા કે વીજળી વપરાશના બિલો ઈત્યાદિ ભરવાની જવાબદારી તબદીલ રાખનારની રહેશે. વિતરણ પરવાનેદારના જે કાંઈ બાકી નીકળતા નાણાં હશે તે પણ તેની માગણી અનુસાર ચૂકવી આપવાના રહેશે, અને આમ કરવામાં ન આવે તો, આવી જગ્યાનું જોડાણ કાપી શકાશે જે ધારા, નિયમો અને નિયમનો પ્રવર્તમાન હોય તેની જોગવાઈઓના આધારે રહેશે.

૪.૮.૪ ઉપર જણાવેલા બધા તબદીલીના કિસ્સાઓમાં, અનામતની રકમ જે પ્રમાણે લાગુ પડે તે મુજબ ભરપાઈ કરવાની રહેશે.

વિભાગ - ૫
ગ્રાહકની જગ્યાના ઉપકરણો

૫.૧ ગ્રાહકના સાધનો અને ઉપકરણોનું સ્થાપન

૫.૧. ગ્રાહક, શકય હોય ત્યાં સુધી, અને વ્યવહારૂ હોય તે મુજબ, વિતરણ પરવાનેદારને પોતાની જગ્યામાં જે કોઈ વિદ્યુત પ્લાન્ટ અને વપરાશી ઉપકરણો વાપરવાના હોય તેની વિગતો આપવાની રહેશે. આવા પ્લાન્ટ અને ઉપરકણોની રચના અને કામગીરી એવી રીતે રાખવી કે જે વિતરણ પરવાનેદારના વિદ્યુત પુરવઠાની લાઈન કે અન્ય બાંધકામ કે વિતરણ પરવાનેદાર અન્ય ગ્રાહકને વિદ્યુત પુરવઠો આપી શકે તેને હાનિકારક ન થાય કે તેની સુરક્ષા ન જોખમાય.

INDEX

૫.૧.૨ બધાં જ પરિવર્તકો (ટ્રાન્સફર્મર) સ્વિચગિયર અને અન્ય વિદ્યુત સાધનો જે ગ્રાહકની માલિકીના હોય અને જે વિતરણ પરવાનેદારની મેઈન્સ સાથે જોડાણ લેવાની હોય તે બધા ભારતીય વિદ્યુત ધારા ૧૯૫૬ કે વિદ્યુત ધારો ૨૦૦૩ અન્વયે બનાવેલા નિયમનોના આધારે કે વિદ્યુત ધારો ૨૦૦૩ ના વિભાગ ૫૩(જી) ના અન્વયે બનાવેલા નિયમનોના આધારે જાળવવાના રહેશે.

૫.૧.૩ નીચા પ્રતાનવાળા ગ્રાહકોએ, બધા કિસ્સાઓમાં, તેમના ખચેર્ લિન્ડડ ક્વિક બેક મેઈન સ્વિચ અને દરેક ફેઝ પર મેઈન ફયુઝ ઉપરાંત ભૂમિય જોડાણ કે ભૂમિય ન્યૂટ્રલ પૂરો પાડવાનો રહેશે જે વિતરણ પરવાનેદારના બોર્ડની નીચે રહેશે અથવા વિતરણ પરવાનેદાર જે મંજૂર રાખે તે મૂજબ રાખવો.

૫.૧.૪ ઉચ્ચ પ્રતાનવાળા કે અતિ ઉચ્ચ પ્રતાનવાળા ગ્રાહકો માટે વિતરણ પરવાનેદાર મંજૂર રાખે તેવા યોગ્ય સુરક્ષા સાધનો વાપરશે જે વિતરણ પરવાનેદારના ગ્રાહકની જગ્યામાં ગોઠવેલા ઉપકરણોને સંપૂર્ણ સૂરક્ષા પૂરી પાડે. જયારે ઉચ્ચ પ્રતાનવાળા કે અતિઉચ્ચ પ્રતાનવાળા ગ્રાહકને પ્રસારણ પરવાનેદારના સબસ્ટેશન સાથે સીધું જોડાણ આપવામાં આવ્યું હોય ત્યારે વિતરણ પરવાનેદાર, પ્રસારણ પરવાનેદાર પાસેથી ઉપર મુજબની સંમતિ મેળવી લેશે.

૫.૧.૫ તે સમયે અમલમાં હોય તે ભારતીય વિદ્યુત નિયમો, ૧૯૫૬ના નિયમ ૬૧ એ અથવા ૨૦૦૩ના વિદ્યુત અધિનિયમ હેઠળ ઠરાવવામાં આવે તેવા બીજા કોઇપણ નિયમો અન્વયે, ભૂમિય ક્ષતિ કે પ્રવાહ્નુ ચુવાણ થાય ત્યારે પુરવઠો તાત્કાલીક બંધ કરી શકાય તે સારુ ભૂમિય ચુવાણ સુરક્ષા સાધનનું જોડાણ કરવું. તેની પ્રારંભિક ગોઠવણ બાદ, વપરાશકાર ભૂમિય ચુવાણ સુરક્ષા દૂર કરે તેના પ્રસંગે, વિતરણ પરવાનેદાર, તે સમયે અમલમાં હોય તે અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઇઓને આધીન રહીને, સાત દિવસની નોટિસ આપ્યા પછી પુરવઠાનું જોડાણ બંધ કરી શકશે અને વપરાશકાર ભૂમિય ચુવાણ સુરક્ષા સાધન ફરીથી ન બેસાડે ત્યાં સુધી ફરીથી જોડાણ કરશે નહીં.

૫.૧.૬ કોઈપણ કરારમાં જણાવ્યું ન હોય તો પણ, ભારતીય વિદ્યુત નિયમો, ૧૯૫૬ ના નિયમો ૭૧(ઈઈ) અને ૭૩(ઈઈ) અથવા પ્રવર્તમાન નિયમો અથવા વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળ ઠરાવેલા કોઈ નિયમો અન્વયે, પૂરતી ક્ષમતાવાળું ભૂમિય ચૂવાક સર્કિટ બેકર પૂરી પાડવામાં આવશે, જે નીચા વીજદાબ તરફ હશે જે બધા ઉજ્જવલ સાઈન્ સ્થાપનો કે એક્ષરે સ્થાપનોમાં ચૂવાક શોધી શકશે.

૫.૨ એ.સી. મોટર સ્થાપનો

૫.૨.૧ મોટરને કંટ્રોલ ગીયર સાથે જ પૂરી પાડવાની રહેશે, જેના ઉપર નો-વોલ્ટ રીલીઝ અને ઓવર લોડ રીલીઝ (મિધુવીય ફયુઝ) લગાડેલી હોય જેથી મહત્તમ પ્રારંભિક પ્રવાહ ગ્રાહકના સ્થાપનને ઘટાડી શકાય, જે બધી શકય પરિસ્થિતિઓમાં સંબંધિત ધોરણો અને કાર્યસંહિતામાં ઠરાવેલી હોય. અલબત્ત, જરૂર પડે તો, વિતરણ પરવાનેદાર ગ્રાહકને સલાહ આપશે કે જેથી એસી સ્થાપનોની કાર્યક્ષમતા વધી શકે, જો કુલ પ્રારંભિક પ્રવાહ એસી સ્થાપનોની કામગીરીને અવળી અસર કરતાં હોય તો રીલેને સાદી સ્થિતિમાં જાળવવી જોઈએ. આ બધી બાબતોમાં ગ્રાહક નિષ્ફળ જાય તો, અન્ય ગ્રાહકોને વિદ્યુત પુરવઠામાં સંભવિત દાખલ થવાના કારણે, ધારા, નિયમો અને વખતોવખત પ્રવર્તમાન નિયમનોના આધારે વિદ્યુત જોડાણ કાપવાને માટે જવાબદાર થશે.

પુરવઠાનો	પ્રકાર સ્થાપનનું કદ	મહત્તમ વીજપ્રવાહની માગતી મર્યાદા
એક ફેઝ	એક બીએચપી સુધી સહિત	૬ x પૂર્ણભાર પ્રવાહ

થી ફેઝ	એક બીએચપી થી વધુ અને ૧૦ બીએચપી સુધી અને સહિત	૩ x પૂર્ણભાર પ્રવાહ
	૧૦ બીએચપી સુધી અને સહિત	૨ x પૂર્ણભાર પ્રવાહ
	૧૫ બીએચપી સુધી અને સહિત	૧ ૧/૨ x પૂર્ણભાર પ્રવાહ

બે બીએચપી કરતાં વધુ ક્ષમતાવાળી મોટર ૩ ફેઝ ૪૦૦ વોલ્ટ વીજદાબ (ફેઝની વચમાં) બાંધવામાં આવશે.

૫.૨.૨ દરેક થી ફેઝ મોટર પરિપથ લોખંડના ઢાંકણવાળી ત્રણ ધ્રુવિય લિન્ડડ સ્વિચ દ્વારા સુરક્ષિત કરવામાં આવશે જે જૂથ (ગેન્ગ) કામગીરી પણ હોય. મોટરોના વાયરિંગ થી ફેઝ વાયરો એક ધાતુની કે સખત પીવીસીની વાહક નળીમાં બાંધીને પસાર કરવામાં આવશે જેને અસરકારક રીતે ભૂમિય કરવામાં આવશે, અથવા સળંગ વાયર પસાર થતાં હોય અને મોટરની ફ્રેમ પર બે અલગ ભૂમિય વાયર દ્વારા પસાર કરવામાં આવશે આ વાયરની ક્ષમતા પૂરતી રાખવામાં આવશે. આ ભૂમિય વાયરની લઘુત્તમ માપ ૩.૦૦ ચો.મીમી (અથવા ૧૪ ગેજ) રહેશે. બધી મોટરોના વાયરિંગ ભારતીય વિદ્યુત ધારા ૧૯૫૬ અનુસાર અથવા વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળ નવા નિયમો ઘડવામાં આવ્યા હોય તેને અનુસાર રહેશે.

૫.૨.૩ બધા ગ્રાહકો, જે ચાલકબળના હેતુસર વિદ્યુત વાપરતા હોય તેમણે વિતરણ પરવાનેદારના ત્રણે ફેઝ પર સમતોલ વીજભાર રહે તેવી ખાતરી કરવી પડશે, જે વિતરણ પરવાનેદારની પધ્ધતિમાં ગ્રાહકની જગ્યામાં આપતા પ્રવાહના છેડામાં રહેશે.

૫.૨.૪ જે ગ્રાહકોને મોટર સિવાયના અન્ય સાધનો વાપરવા હોય તેમણે ખરીદી કરતાં પહેલાં વિતરણ પરવાનેદારને તે બધા સાધનોની ટેકનિકલ વિશેષ વિગતો જણાવી દેવી જોઈએ, જેથી વિતરણ પરવાનેદાર તે પ્રકારના સાધન માટે ગ્રાહકોને આવા સાધનો જોડવા માટે જે કોઈ જરૂરી સૂચના આપવી હોય તે આપી શકે જેથી તે મેઈન્સ સાથે સરળતાથી જોડી શકાય. વિતરણ પરવાનેદારે આવી બાબતોએ પોતાની સલાહ સૂચના ગ્રાહકને તાત્કાલિક આપી દેવી. જો કોઈ કિસ્સામાં, વિતરણ પરવાનેદારને અથવા સાધનો માટે તેની કામગીરીનો અહેવાલ જોવો જરૂરી લાગે તો તે પરવાનેદાર તે સાધન માટેનો પોતાનો પ્રતિભાવ જણાવવા વ્યવહારુ રીતે શકય હોય તેટલો ઝડપી માટે સઘળી વ્યવસ્થા કરશે.

૫.૩ વિતરણ પરવાનેદારના પુરવઠાનું મુખ્ય અને અન્ય ઉપકરણો

૫.૩.૧ નીચા વીજપ્રતાનવાળા ગ્રાહકો માટે, વિતરણ પરવાનેદાર મીટર, મીટરના કબાટો, કટઆઉટ (ફ્યુઝ) અને જરૂર મુજબના સાધનો, બંને પક્ષકારોની સંમતિ સાથે, અને દર વખતે તેને કોઈ જાતના અંતરાય વિના જોઈ તપાસી શકશે.

૫.૩.૨ ઉંચા વીજપ્રતાન / વિશેષ ઉંચા વીજપ્રતાન ના ગ્રાહકના કિસ્સામાં, પુરવઠેદાર લાયક મીટર અને સીટી અને પીટી સહિત પૂરો પાડશે, ઉપરાંત, સર્કિટ બેકર, કે એર બેક સ્વિચ (આઈસોલેટર) કે ઉચ્ચ વીજદાબ ફયુઝ કે અન્ય જોઈતા સાધનો ગાહકે તેના પક્ષે તેવા જ અંકુશો પૂરા પાડવાના રહેશે.

૫.૩.૩ ઉચ્ચ વીજદાબવાળો પ્રવાહ ઈચ્છતા ગાહકે સ્વખચેર્, વિતરણ પરવાનેદાર મંજૂર રાખે તેવી રચનાના તાળુ મારી શકાય તેવા અને હવામાનની અસર ન થાય તેવા કબાટ પૂરા પાડશે અને જાળવશે, જેમાં વિતરણ પરવાનેદારના એચ.ટી. સ્વિચગિયર અને મીટર સાધનો રાખી શકાય. આવા કબાટમાં ગ્રાહક પોતાના એચ.ટી. સ્વિચગિયર પરિવર્તક (ટ્રાન્સફર્મર) અને અન્ય ઉપકરણો, ઉપરાંત કેપેસીટર્સ અને વિતરણ પરવાનેદારે આપેલી લેખિત પરવાનગી પણ રાખશે, પણ આવા કબાટ અન્ય કામ માટે વપરાશે નહીં. વિતરણ પરવાનેદાર આ કબાટને ચકાસણી, નિરીક્ષણ અને પરવાનેદારના પોતાના ઉપકરણોને જાળવણી માટે હરવખતે અગાઉથી જાણ કર્યા વિના પણ જોઈ શકશે.

૫.૩.૪ વીજદાબની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જે ગ્રાહકોને ઉચ્ચ પ્રતાન કે વિશેષ ઉચ્ચ પ્રતાન વીજદાબવાળો પ્રવાહ જોઈતો હોય ઉપરાંત વીજદાબ પાત મર્યાદામાં રાખવા માટે, ટેકનિકલી દ્રષ્ટિએ, જો વિતરણ પરવાનેદારને એવું જરૂરી બને અને સલાહભર્યું લાગે તો, તે પેટામથક (સબસ્ટેશન) બનાવે અને તે માટે ગ્રાહકે / ગ્રાહકોએ જરૂરી જગ્યા અને પેટામથક વિતરણ પરવાનેદારે આપેલા ટેકનિકલ સ્પેસીફીકેશન અનુસાર બે પક્ષોએ સંમતિથી નક્કી કર્યા મુજબ બનાવશે.

૫.૩.૫ ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ ના પ્રવર્તમાન નિયમો, અથવા વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળ બનાવાયેલા નવા નિયમોના અન્વયે ઉચ્ચ દબાણવાળા અને અતિઉચ્ચ દબાણવાળા ગ્રાહકોએ, પૂરતી ક્ષમતાવાળા, સ્વિચગિયર લગાડવા પડશે. જેથી વિતરણ પરવાનેદારના ગ્રાહકની જગ્યામાં લગાવેલા ઉપકરણોને પૂરતું રક્ષણ મળી રહે.

૫.૩.૬ ૩૩ કેવી સુધીના પુરવઠાના કિસ્સામાં સાધનો અને ૬૬ કેવી સુધીના પૂરવઠાના કિસ્સાઓમાં એરબેક સ્વિચ વિતરણ પરવાનેદારની માલિકીના રહેશે અને કોઈ પણ કારણે, તે વિતરણ પરવાનેદારના પગારદાર ન હોય તેવા માણસે તે ચલાવવા, વાપરવા, દુર કરવાના રહેશે નહીં. તેવી જ રીતે સીલ, નામની તકતી, અને વિતરણ પરવાનેદારે ઉપર જણાવેલી મિલકતો ભાંગી નાંખવાના, દુર કરવાનો કે રદ કરી નાંખવાના રહેશે નહીં. સિવાય કે વિતરણ પરવાનેદારે તે બાબતે પોતાના અધિકારી વ્યક્તિને તે કામ સોંપ્યું હોય.

૫.૩.૭ વિતરણ પરવાનેદાર, જરૂર પડે ત્યારે ઉચ્ચ પ્રતાનવાળા ગ્રાહકોને તેમની અરજીના સંદર્ભમાં લેખિત પરવાનગી આપી શકે કે જેથી તેઓ વિતરણ પરવાનેદારની સ્વિચને વાપરી શકે, ફયુઝને કે સર્કિટ બેકરને ચલાવી શકે, જયારે આપતકાલિન પરિસ્થિતિમાં વાપરનારના ઉચ્ચ પ્રતાનવાળા ઉપકરણોને અલગ કરી શકાય, અલબત્ત આથી અન્ય ગ્રાહકોના પ્રવાહનું સાતત્ય તંગ ન થવું જોઈએ.

૫.૩.૮ દરેક ગ્રાહક, વિતરણ પરવાનેદારને કોઈપણ નુકશાન માટે વળતર આપવાનું રહેશે અને મેઈન્સને, ઉપકરણને કે સાધનને કે વિતરણ પરવાનેદારની અન્ય મિલકતને ગ્રાહકની બેપરવા કે બેકાળજી કે તેના નોકર કે અન્ય પગારદારના કારણે નુકશાન પહોંચ્યુ હોય, અને વધારામાં, તે દંડની રકમ પણ ભરપાઈ કરશે. અને વિતરણ પરવાનેદારને અલગ બિનઅધિકૃત દાખલ અથવા તેની મિલકતને કે સીલને નુકશાન થતું હોય તો કાયદેસર ચૂકવવાપાત્ર રકમ પણ ભરવાની રહેશે.

૫.૪ નિરિક્ષણ અને ચકાસણી અને નવા જોડાણો માટે માન્યતા

૫.૪.૧ ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ ના વિભાગ ૬૩ અન્વયે સંપૂર્ણ કામગીરી થયાનું અને નીચા પ્રતાનવાળા ગ્રાહકો માટે ચકાસણી અહેવાલ મળે અથવા ઉચ્ચ પ્રતાનવાળા કે અતિ ઉચ્ચ પ્રતાનવાળા ગ્રાહકો માટે સંબંધિત વિદ્યુત નિરિક્ષકનું ચકાસણી પ્રમાણપત્ર મળેથી, વિતરણ પરવાનેદાર ગ્રાહકને કે તેના અધિકૃત પ્રતિનિધિને

INDEX

જાણ કરશે કે કઈ તારીખે અને સમયે વિતરણ પરવાનેદારના પ્રતિનિધિ સ્થાપનોનું નિરીક્ષણ અને ચકાસણી કરવા જશે. ત્યારપછી ગ્રાહકની ફરજ બને છે કે તેણે પોતાનાં વિદ્યુત સુપરવાઈઝર કે વિદ્યુત ઠેકેદારને સ્થળ પર તે નિરીક્ષણના સમયે હાજર રાખવા જેથી જરૂરી માહિતી મળી શકે અને સ્થાપનોની વિગતો ચકાસી શકાય. ઉપરની જોગવાઈઓ કોઈ સ્થાપનનું જોડાણ કપાઈ ગયું હોય, કે જોડાણ બાકી રહ્યું હોય, તે નીચા પ્રતાનવાળા પુરવઠાની બાબતમાં છ માસ માટે અને ઉંચા કે અતિ ઉંચા પ્રતાનવાળા કિસ્સામાં ૧૨ મહિનો ગાળો વતી ગયો હોય.

૫.૪.૨ જયાં સુધી વિતરણ પરવાનેદારે ગ્રાહકના સ્થાપનોનું નિરીક્ષણ અને ચકાસણી કરીને સંતોષજનક અહેવાલ આપ્યો ન હોય ત્યાં સુધી નીચા પ્રતાનવાળા જોડાણો આપવામાં આવશે નહીં. પહેલી વખત ચકાસણી કરવા માટે કોઈ ખર્ચ લેવામાં આવશે નહીં, ફરીથી નવેસરથી અહેવાલ મેળવવો પડે તેવા કિસ્સાઓમાં, નિયમોમાં જણાવ્યા અનુસાર, પછીની તપાસ માટે, જો આવી તપાસ વિતરણ પરવાનેદારના કારણે કરવી પડી ન હોય તો જ લેવામાં આવશે .

૫.૪.૩ વિદ્યુત નિરીક્ષકે નીરીક્ષણ કર્યા વિના કે ચકાસણી કર્યા વિના પ્રમાણિત કર્યા વિના કોઈ ઉચ્ચ પ્રતાનવાળા જોડાણો આપી શકાશે નહીં. વિતરણ પરવાનેદાર ગ્રાહકની જગ્યામાં આવેલા વાયરિંગ કામની જાણવણી, ચકાસણી ઈત્યાદિ માટે જવાબદાર રહેશે નહીં.

૫.૪.૪ સ્થાપનોની આવાહકતાની ચકાસણી કરતાં પહેલા વાયરિંગ કામ બધી રીતે પૂર્ણ કરેલું હોવું જોઈએ. બધા ઉપકરણો વાહકો સાથે જોડાયેલા હોવા જોઈએ, અને બધા ફ્યુઝ યથાસ્થાન પર હોવા જોઈએ અને બધી સ્વિચો ચાલુ "ઓન" પર મુકવી જોઈએ અને પછી જ ચકાસણી કરવી જોઈએ. કામચલાઉ વાયર કે ફિટિંગ કે મૃત છેડાઓ સ્થાપનોમાં રાખવા જોઈએ નહીં અને કોઈ કામ અધૂરું કે અપૂરતું રાખવું જોઈએ નહીં.

૫.૪.૫ અવાહકતાનો પ્રતિરોધ નીચે મુજબ માપવાનો રહેશે.

(એ) ઉંચા પ્રતાનવાળા / અતિ ઉંચા પ્રતાનવાળા ઉપકરણો / સ્થાપનો

ઉંચા પ્રતાનવાળા સ્થાપનોનો દર્શક સજીવ વાહક વચ્ચે અને ભૂમિય વચ્ચેનો અવાહકતાનો પ્રતિરોધ ૧ મિનીટના સમય માટે ૧૦૦૦ વોલ્ટના દબાણ માટે લઘુત્તમ ૧ મેહાઓહમ અથવા ભારતીય માનક વિશેષ વિગતોમાં કરવામાં આવેલા ફેરફારો અનુસાર રહેવો જોઈએ.

(બી) નીચા પ્રતાનવાળા સ્થાપનો / ઉપકરણો

નીચા વિજદાબવાળા સ્થાપનો માટે ૫૦૦ વોલ્ટ બે સજીવ વાહકો અને ભૂમિય વચ્ચે એક મિનિટ માટે ૧ મેગાઓહમ અથવા ભારતીય માનક વિશેષ વિગતોમાં વખતોવખત થતા ફેરફારો અનુસાર રહેવો જોઈએ.

૫.૪.૬ વિતરણ પરવાનેદારે, જરૂર પડે બધા ઉચ્ચ પ્રતાનવાળા ઉપકરણો માટે ઉત્પાદકનું ચકાસણી પ્રમાણપત્ર રજુ કરવું પડશે.

૫.૪.૭ ગ્રાહકનું કોઈપણ વાયરિંગ કામ, ઉપકરણ પરિવર્તક (ટ્રાન્સફર્મર) સહિત, સ્વિચગિયર ઈત્યાદિ વિતરણ પરવાનેદારની પધ્ધતિ સાથે જોડાય તે પહેલા વિતરણ પરવાનેદારના અધિકૃત વ્યકિત દ્વારા ચે ચકાસવામાં આવશે. આવી ચકાસણી વિના કોઈ જોડાણ આપવામાં આવશે નહીં. બધા અતિ ઉંચા પ્રતાનવાળા / ઉંચા પ્રતાનવાળા સ્થાપનો વિદ્યુત નિરીક્ષક અથવા તેમના અધિકૃત અધિકારી દ્વારા ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ના નિયમ ૬૩ હેઠળ અથવા જે પ્રવર્તમાન હોય અથવા વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળ નવા નિયમો બન્યા હોય તેના આધારે રહેશે.

INDEX

૫.૪.૮ જયારે વિતરણ પરવાનેદારના અધિકૃત વ્યકિતને સ્થાપનાએ સંપૂર્ણતા અને ચકાસણી અહેવાલ જે વિતરણ પરવાનેદારના ઈજનેર દ્વારા તૈયાર કરવામાં આવ્યો હોય, અને સ્થાપનો સંહિતાની બીજી બધી શરતો પૂરી કરતાં હોય અને સ્થાપનો જે તે સમયે અમલમાં હોય તેની સંબંધિત જોગવાઈઓને સંતોષતા હોય તે પછી જ પુરવઠો આપવાનો શરૂ કરાશે.

૫.૪.૯ આવા નિરીક્ષણ થયા પછી ત્રણ દિવસમાં વિતરણ પરવાનેદારના અધિકૃત વ્યકિત ગ્રાહકને લેખિતમાં જે સુધારી શકાય તેવી ત્રૂટિઓ જાણમાં આવી હોય તે જણાવશે. આવી બાબતે વિતરણ પરવાનેદારનો અધિકૃત વ્યકિત આવી ત્રૂટિઓ નિયત સમયમાં દૂર કરવામાં આવે તે પછી જ પુરવઠો આપવાનું શરૂ કરશે. જો ગ્રાહકને સાત દિવસમાં આવી કોઈ જાણ ન થાય તો આવું સ્થાપન માન્ય રાખવામાં આવ્યું છે તેવું માનવામાં આવશે.

૫.૪.૧૦ વિતરણ પરવાનેદાર જોડાણ કરી આપવાનો ઇન્કાર કરે તો, તેણે અરજદારને અંગેનાં કારણો જણાવતી લેખિત નોટિસ આપવી.

૫.૬ પુરવઠાનો પ્રારંભ :

૫.૬.૧ અરજદારના સ્થાપનની માન્યતા પછી સાત દિવસમાં, વિતરણ પરવાનેદારની અધિકૃત વ્યકિત ગ્રાહકને જાણ કરીને પુરવઠો આપવાનો પ્રારંભ કરશે. અલબત્ત, વિદ્યુતએ અલગથી કરેલા પરવાનાની કામગીરીના ધોરણોમાં જણાવ્યા અનુસાર વિતરણ પરવાનેદારે પુરવઠો આપવાનો પ્રારંભ કરવાનો રહેશે. જો અરજદાર શરૂ કરવામાં આવેલાં પુરવઠાનો વપરાશ છ માસની અંદર નહીં કરે તો તેણે માગણીનો ખર્ચ અને લઘુત્તમ માસિક ખર્ચ જે ચૂકવવાપાત્ર બને તે આપવાનો રહેશે. વિતરણ પરવાનેદારે નિયૂકત કરેલા અધિકારી વિશેષ સંજોગોમાં, ૬૦ દિવસની મુદત લંબાવી શકશે.

૫.૭ પુરવઠો નિષ્ફળ જવો :

૫.૭.૧ કોઈપણ કારણે વિતરણ પરવાનેદારની સર્વિસ બંધ થાય કે ફયુઝ ઉડી જાય તો વિતરણ પરવાનેદારના પ્રતિનિધિની સ્થાનિક કચેરીએ કે જો કોઈ પેટા મથકો હોય તો, નજીકના પેટા મથકે જાણ કરવી જોઈએ. વિતરણ પરવાનેદારના અધિકૃત અને બિલ્લા લગાડેલા કર્મચારીઓ જ ગ્રાહકની જગ્યામાં જઈને ફયુઝ બદલી શકશે. ગ્રાહકોએ આ ફયુઝ જાતે બદલી શકશ નહીં, અને જો વિતરણ પરવાનેદારે પોતાના ઉપકરણોના રક્ષણ માટે મૂકેલા સીલ તૂટી જાય તો ગ્રાહકો દંડને પાત્ર થશે. વિતરણ પરવાનેદાર પોતાના કર્મચારીઓને ગ્રાહકના સ્થાપનોના ફયુઝને બદલવાની પરવાનગી આપશે નહીં.

૫.૭.૨ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યુધ્ધ, બળવો, મુલકી અશાંતિ, હુલ્લડ, હડતાલ, તાળાબંધી, આગ, વાવાઝોડું, વીજળી, ભૂકંપ કે અન્ય પરિબળ, અકસ્માત અથવા પોતાના કાબૂ બહારના કારણોને લીધે વીજલી પુરવઠો નિષ્ફળ જાય ત્યારે, આવી નિષ્ફળતાને કારણે ઘટ, નુકશાન કે વળતર માટેના કોઇપણ હકદાવા માટે વિતરણ પરવાનેદાર જવાબદાર કરશે નહીં.

૫.૮ ગ્રાહકની જગ્યામાં પ્રવેશ કરવાનો માર્ગ

૫.૮.૧ વિતરણ પરવાનેદાર,અથવા તેના અધિકૃત વ્યકિત કોઈપણ વાજબી સમયે, અને ગ્રાહકને તેમના હેતુની જાણ કરીને જે જગ્યામાં વિદ્યુત પુરવઠો આપવામાં આવે છે કે આવી રહ ા ો હોય, તેવી જગ્યા કે જમીન નીચે, શિરોપરિ, સીધમાં, કે આડરેખામાં, કે જેની ઉપર વિદ્યુત પુરવઠા લાઈન કે અન્ય બાંધકામ કાયદેસર રીતે નીચેના હેતુઓ માટે મુકવામાં આવ્યા હોય.

(એ) નિરીક્ષણ, ચકાસણી, મરામત તે વિદ્યુત પ્રવાહની લાઈનની ફેરબદલી કરવી હોય કે મીટર, ફિટીંગ, બાંધકામ અને વિતરણ પરવાનેદારની માલિકીના વિદ્યુત પુરવઠા આપવા માટેના ઉપકરણો ઈત્યાદિ અથવા

(બી) જેટલી વિદ્યુત પૂરી પાડવામાં આવી છે તે જાણકારી મેળવવા કે વિદ્યુતનો જથ્થો પુરવઠામાં કેટલો છે, અથવા

INDEX

(સી) જયાં હવે વિદ્યુત મેળવવાની જરૂર નથી, કે જયાં વિતરણ પરવાનેદાર આવો પ્રવાહ કાપી નાખવા અને લઈ જવા માટે અધિકૃત હોય, જેવી કે વિદ્યુત પ્રવાહની લાઈન, મીટર, ફિટિંગ્સ, બાંધકામ કે ઉપકરણો જે વિતરણ પરવાનેદારની માલિકીના હોય

૫.૮.૨ વિતરણ પરવાનેદાર, અથવા તેના કોઈ અદિકૃત વ્યકિત એકઝિકયુટિવ મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલા ખાસ આદેશ દ્વારા અને ૨૪ કલાકથી ઓછી નહીં તેવી મુદતની લેખિત નોટિસ આપીને જગ્યાના કબજેદારને જણાવીને તેમની જગ્યામાં પ્રવેશ કરી શકશે.

(એ) કોઈ પણ જગ્યા કે જમીન ઉપર પેટા વિભાગ (૧) માં ઉપર જણાવેલા કોઈપણ હેતુસર

(બી) કોઈપણ જગ્યામાં જયાં તેમના દ્વારા વિદ્યુત પુરવઠો આપવાનો હોય, કે ઈલેકટ્રીક વાયર કામ, ફિટિંગ્સ, બાંધકામ અને ઉપકરણો ગ્રાહકની માલિકીના હોય તેવાં સાધનો તપાસવા માટે અને તેનું નિરીક્ષણ કરવા માટે જવાની છૂટ રહેશે:

૫.૮.૩ જયારે કોઈ ગ્રાહક વિતરણ પરવાનેદાર કે તેના અધિકૃત વ્યકિતને ઉપર જણાવ્યા મુજબ કલમ ૫.૮.૧ અથવા ૫.૮.૨ ની જોગવાઈઓ અનુસાર તેની જગ્યા કે જમીનમાં આવવા ન દે તો, અને જયારે વિતરણ પરવાનેદાર કે તેના અધિકૃત પ્રતિનિધી અંદર પ્રવેશ્યા હોય અને તેમને ઉપર જણાવેલી કલમો અન્વયે જે તે કામ કરવા માટે ના પાડે, અથવા તો વાજબી સગવડો આપવાની ના પાડે તો વિતરણ પરવાનેદાર ગ્રાહકને લેખિત નોટિસ આપ્યા પછી ૨૪ કલાક પૂરા થયે, જયાં સુધી આવી મનાઈ કે અસહકાર ચાલુ રહે ત્યાં સુધી, અને તે પછી નહીં તેવી રીતે પુરવઠો કાપી શકશે.

૫.૯ લંબાણ અને ફેરફારો

૫.૯.૧ વિદ્યુતનો પુરવઠો ચાલુ થાય પછી, જો ગ્રાહકને ઈચ્છા થાય કે તેમાં તેણે વધારો / ઘટાડો / ફેરફાર / સાધનોમાં સુધારા / પોતાની જગ્યામાં જોડેલા ઉપકરણો માટે તે જરૂરી વીજપુરવઠા માટેની વિગતોવાળી એક અરજી (આ સાથે પરિશિષ્ટ(એ-૧) / અથવા પરિશિષ્ટ-(એ-૨) માં જણાવ્યા અનુસાર જે લાગુ પડતી હોય તે) રજુ કરવી જે મળ્યા પછી વિતરણ પરવાનેદાર ગ્રાહકને તે બાબતના ખર્ચના અંદાજો આપશે જે આવા સર્વિસલાઈનના ફેરફારો, સર્વિસ ઉપકરણો, મીટર ઈત્યાદિ અંગે જે અંદાજો વિતરણ પરવાનેદારે આપ્યા હોય તે ભોગવવાના રહેશે.

૫.૯.૨ આવા ફેરફારો માટેના અંદાજોની રકમ ગાહકે ભરી દીધા પછી, અને તે પછીની બધી તેને જણાવેલી શરતોનું પાલન કર્યા પછી, વિતરણ પરવાનેદાર આવા ફેરફારનું કામ હાથ પર લેશે. વચગાળામાં, ગ્રાહક પોતાના પરવાનેદાર વિદ્યુત ઠેકેદાર પાસેથી સ્થાપનમાં વધારા કે ફેરફારો કરવાનું પુરૂં થયાનું પ્રમાણપત્ર અને ચકાસણી અહેવાલ ઉપર જણાવેલા કલમ ૫.૪ અન્વયે રજુ કરશે અને આવા અહેવાલ મળ્યા પછી, વિતરણ પરવાનેદાર ગ્રાહકના સ્થાપનોનું અને તેમાં થયેલા વધારા કે ફેરફારોનું નિરીક્ષણ કરશે અને પછી આવા વધારા કે લંબાણને પુરવઠો મળે તે માટે વ્યવસ્થા કરશે.

૫.૯.૩ આવા ફેરફારોના માળામાં, ઉપર જણાવેલ કલમ ૫.૯.૧ અનુસાર પરિપથમાં જેમાં ફેરફારો, ઉમેરો કરવામાં આવે છે કે મરામત કરવામાં આવે છે તે બંધ કરી રાખવામાં આવશે અને તે આવા બધા ફેરફારો, ઉમેરા કે મરામતની ચકાસણી થઈને વિતિરણ પરવાનેદાર દ્વારા મંજુર કરવામાં ન આવે ત્યાં સુધી પ્રવાહ આપવાનું બંધ રાખવામાં આવશે.

૫.૯.૪ ગ્રાહક હયાત સર્વિસ સ્થિતિને અડચણરૂપ થાય તેવું કોઈ બાંધકામ કરશે નહીં જે અગાઉ મુજબ સહમત કરવામાં આવ્યું છે જો આવા પુનનમૂનારૂપ બાંધકામ કરવું જરૂરી બને કે અન્ય કોઈ કારણોસર, તો પણ

ગ્રાહકે વિતરણ પરવાનેદારને તે મુજબ જાણ કરવાની રહેશે અને સર્વિસ સ્થાપનો સ્વખર્ચે બંને પક્ષે સંમતિ હોય તેવા સ્થળે ગોઠવવાની રહેશે. આવું કરવાની માન્યતા મેળવી ન હોય તો, તેવા સંજોગોમાં, ધારા કે નિયમો કે નિયમનો પ્રવર્તમાન હોય તે સંજોગોમાં, સાત દિવસથી ઓછી નહીં તેવી નોટિસ આપીને પુરવઠો બંધ કરી દેવામાં આવશે.

વિભાગ - ૬

માપન અને પુરવઠો આપવાના ખર્ચ માટેના મીટર (બિલ)

૬.૧.૧ કેન્દ્રીય વિદ્યુત સત્તા વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળ પુરવઠાના માપન માટે જે તે નિયમનો ઘડે તે અનુસાર વિતરણ પરવાનેદાર વ્યવસ્થા કરશે. તેવા કિસ્સાઓમાં, વિતરણ પરવાનેદાર, ગ્રાહકને મીટરની કિંમતના પ્રમાણમાં અનામત રકમ આપવાનું અને કરાર કરવા માટે કહેશે, સિવાય કે ગ્રાહક મીટર ખરીદવાનું પસંદ કરે કોઈ મુશ્કેલી આવે તેવા સંજોગોમાં, કેન્દ્રીય વિદ્યુત સત્તાવાળાઓએ નક્કી કરેલા નિયમનો માન્ય રાખી શકાય તેમ ન હોય તો, વિદ્યુત જાહેરાત દ્વારા, તેવી જાહેરાતમાં જણાવ્યા મુજબ કોઈ જૂથ કે જૂથો માટે, આ સમયગાળો બે વર્ષ માટે લંબાવી શકશે.

૬.૧.૨ મીટર અને અન્ય માપક ઉપકરણો, અને તેના કબાટો જે ગ્રાહકની જગ્યામાં રાખવામાં આવ્યા હોય તે યોગ્ય રીતે દરેક મહત્વના બિન્દુએ સીલબંધ કરવામાં આવશે. આવા બધા મીટર અને અન્ય ઉપકરણો પર કરવામાં આવેલા સીલની યાદી બે નકલમાં બનાવવામાં આવશે (એક નકલ પર ગ્રાહકની સહી કરીને વિતરણ પરવાનેદારે રાખવાની રહેશે) અને તે ગ્રાહકને આપવામાં આવશે જયારે જોડાણ આપવામાં આવશે, અને ત્યારપછી કોઈ બદલી કરવામાં આવી હોય. ગ્રાહકે એ ખાતરી આપવાની રહેશે. કે મીટરને કે માપક ઉપકરણના સીલ અકબંધ રહે, અને કોઈ રીતે નુકસાન થાય નહીં કે તેની સાથે કોઈ ચેડા થાય નહીં. ઉપરાંત, મીટર વાંચનારે નવું બિલ બનાવવા માટે મીટર વાચતી વખતે મીટર ચેક કરવાનું રહેશે, અને મીટરના સીલ અને ફયુઝ જોવાના રહેશે. કોઈપણ જાતની દેખીતી અનિયમિતતા કે મીટરના સીલમાં કે માપક ઉપકરણમાં જણાય તો તે ગ્રાહકને જાણ કરશે અને નિયત કરેલાં વિતરણ પરવાનેદારના અધિકૃત વ્યકિતને સુધારવા માટે જાણ કરશે. આની એક નકલ ગ્રાહકે સહી કરીને આપવાની રહેશે જે વિતરણ પરવાનેદાર રાખશે અને બીજી નકલ ગ્રાહકને આપશે.

૬.૧.૩ નીચા પ્રતાનવાળા ગ્રાહકોમાં, વિતરણ પરવાનેદાર મીટર પુરૂં પાડશે (વિકલ્પે) મીટરનું કબાટ, કટઆઉટ અને અન્ય સાધનો જેની જરૂર હોય તે મુજબ, અને તેને બંનેની સંમતિવાળી જગ્યાએ મુકવાનું રહેશે જેથી હરવખતે નડતર વિના ત્યાં પહોંચી શકાય.

૬.૧.૪ જે અરજદારને ઉચ્ચ પ્રતાનવાળો કે વિશેષ ઉચ્ચ પ્રતાનવાળો વિદ્યુત પ્રવાહ જોઈતો હોય તેણે સ્વખર્ચે વિતરણ પરવાનેદારના મીટર અને અન્ય ઉપકરણોને સાચવવા માટે વિતરણ પરવાનેદારે મંજૂર કરેલી રચના મુજબ હવામાનથી સક્ષિત એવું અને તાળુ મારી શકાય તેવું કબાટ પુરૂં પાડવું અને જાળવવું જોઈશે. ઉપરાંતમાં, વિતરણ પવરાનેદારની પરવાનગીથી, ગ્રાહક આ કબાટમાં પોતાના મીટર સાધનો જો પોતે ચકાસણી કરવા માટે રાખે તો, પોતાના ખર્ચે અને જોખમે રાખી શકશે.

૬.૧.૫ ઉચ્ચ પ્રતાનવાળા અને વિશેષ ઉચ્ચ પ્રતાનવાળા ગ્રાહકો માટે, વિતરણ પરવાનેદાર યોગ્ય મીટર અને સીટી અને પીટી સાથે, તથા સર્કિટ બેકર અથવા એર બેક સ્વિચ (આઈસોલેટર) કે ઉચ્ચ વીજદાબ ફયુઝ કે અન્ય યોગ્ય સાધન, જે જરૂર પડે તે પુરૂ પાડશે. ગ્રાહકે પણ પોતાના તરફથી વિતરણ પરનાનેદાર અને વિદ્યુત નિરીક્ષકની મંજૂરી મુજબ તેવા જ પ્રકારના અંકુશો પૂરા પાડવાના રહેશે.

૬.૧.૬ ઉચ્ચ પ્રતાનવાળા કે વિશેષ ઉચ્ચ પ્રતાનવાળા ફીડર જે વિતરણ પરવાનેદારના પેટામથક (સબસ્ટેશન) થી ગ્રાહકના પોતાના આગવા ઉપયોગ માટે લેવામાં આવ્યા હોય, કે સંચારણ પરવાનેદાર પાસેથી લેવામાં આવ્યા હોય, તેમ તેની મીટર વ્યવસ્થા ગ્રાહકની જગ્યામાં અથવા તો વિતરણ પરવાનેદાર અને ગ્રાહકની પરસ્પર સંમતિથી વિતરણ પરવાનેદારના પેટામથક (સબસ્ટેશન) ઉપર પણ કરી શકાશે. જયારે મીટરની વ્યવસ્થા ગ્રાહકની જગ્યામાં કરવામાં આવી હશે ત્યારે, વિતરણ પરવાનેદારના પગારદારો મીચર કે સર્વિસ કટઆઉટ કે સર્કિટ બ્રેકર ને જોવા અડચણ વિના જઈ શકે તેવા વ્યવસ્થા કરવાની રહેશે.

૬.૧.૭ ગ્રાહક કોઇ મીટરની ચોકસાઇ અંગે વાંધો ઉઠાવે તો, તે નોટિસ આપીને તથા ઠરાવેલી ફી ચૂકવીને વિતરણ પરવાનેદાર પાસે મીટરની ચકાસણી કરાવી શકશે. મીટરને જ્યાં ગોઠવ્યું હોય ત્યાંથી દૂર કર્યા વિના, ગ્રાહક કે તેના પ્રતિનિધિની હાજરીમાં,શકય હોય તો સ્થળ પર તેની ખરાઇની ખાતરી કરવી. મીટરની વધુ ચકાસણી પ્રયોગશાળામાં કરવી જરૂરી જણાય ત્યાં, વપરાશકારને તેની જાણ કરવી અને તેની હાજરીમાં મીટરને ત્યાંથી ખસેડી યોગ્ય રીતે વિટાળીને સીલ કરવું.

૬.૧.૮ વિતરણ પરવનેદાર પોતની અથવા વપરાશકારની વિનંતીથી મીટરની ચકાસણી કરાવતો હોય, અને તે સમયે અમલમાં હોય તે નિયમોમાં ઠરાવ્યા પ્રમાણે ચોકસાઇની મર્યાદાની બહાર હોય તેવ પ્રસંગે, ઘરેલુ અને ખેતી વિષયક સેવાઓની બાબતમં મીટર તપાસણીની તારીખની તરત અગાઉના ત્રણ મહિનાની મુદત માટે અને બીજી તમામ પ્રકારની સેવાઓ માટે બિલની રકમ, પરીક્ષણના પરિણામ મુજબ અંદાજવામાં આવશે. ઉકત મુદત(તો) દરમિયાન સંબંધિ મકાનોની કામકાજ અને/ અથવા કબજાની સ્થિતિ અંગે વપરાશકર્તાએ પૂરા પાડેલ કોઇ પુરાવાથી વીજળીના વપરાશ પર અસર પડી હોય તો તે વિચારણામાં લઇ શકાશે.

૬.૧.૯ મીટરની ચકાસણી અંગે કોઇ તકરાર હોય તો, ગ્રાહક ફરિયાદ નિવરણ ફોરમની સંસ્થાના વિનિયમો તથા ઑમ્બુડઝમેન (સત્તાધિકારી સમે તપાસ ચલાવનાર અધિકારી)ની સંસ્થા વિનિયમો સાથે વાંચતાં વિતરણ પરવાનેદારની કામગીરી ધોરણો અંગેનો વિનિયમોમાં જોગવાઇ કરેલી રીત પ્રમાણે હાથ ધરવામાં આવશે.

૬.૧.૧૦ આ તકરાર, ફોરમ/ઑમ્બુડઝમેનને સોંપવામાં આવી હોય તો, વિતરણ પરવાનેદાર મીટરને સ્થાન પરથી ખસેડશે નહી. મીટર પરીક્ષણ-પ્રયોગશાળામાં હોય તો, પરીક્ષણ વખતે તે જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિમાં બને ત્યાં સુધી સાચવી રાખવું.ફોરમ/ઑમ્બુડઝમેનના આદેશ પ્રમાણે અધિકૃત વ્યકિત દ્વારા પરીક્ષણ કરવામાં આવે અને મીટર ખોટું હોવાનું જણાય ત્યારે, ઉપરના ખંડ ૬.૧.૮ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે બિલની રકમ અંદાજવામાં આવશે.

૬.૧.૧૧ મીટર વપરાશની નોંધ કરતું બંધ થઇ જાય, અથવા અન્યથા ખામીપૂર્ણ (અને તેના માપનમાં અચોકસાઇનું પ્રમાણ ખબર ન હોય) ત્યાં, સરેરાશ વપરાશને આધારે ઉપરના ખંડ ૬.૧.૮ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે બિલની રકમ અંદાજવામાં આવશે. મીટર સાચી રીતે / યોગ્ય નોંધ કરતું હતું ત્યારે, આગલા બે કે ત્રણ બિલોના આંકડાને આધારે સરેરાશ વપરાશ ગણવામાં આવશે.

૬.૧.૧૨ વિતરણ પરવનેદાર, મીટર ખોટું હોવાનું જણાય અથવા વીજળી વપરાશ નોંધવાનું બંધ કર્યુ હોય તેટલી મુદત મટે મીટરનું ભાડું વસૂલ કરશે નહીં.

૬.૧.૧૩ વપરાશકારે મીટર ખરીદ્યું હોય તો વિતરણ પરવાનેદાર મીટર ગોઠવતી વખતે અને ત્યારબાદ કોઇપણ સમયે આવા મીટરની ચોકસાઇ આકારવા હકદાર રહેશે. આ મીટર ખોટું કે કામ નહીં કરતું હોવનું જણાય ત્યારે વિતરણ પરવાનેદાર યોગ્ય પરીક્ષણ કર્યા પ્છી વપરાશકારને તે બદલીને મરામત કરેલું મીતર ગોઠવવાની છૂટ અથવા વપરાશકાર, વિતરણ પરવાનેદારનું મીટર ચાલુ રાખવાનું પસંદ કરી શકશે.

INDEX

૬.૧.૧૪ જયારે મીટરની ચોક્કસાઇ બાબતે શંકા થાય ત્યારે, વિતરણ કામદાર કમચલાઉ ગાળા માટે એક ચેક મીટર લગાવશે અને જો ગ્રાહક આવું ચેક મીટર લગાવવા માટે મના કરશે તો તેનો પુરવઠો કાપવાપાત્ર બનશે. જે તે વખતના ધારા, નિયમો અને નિયમનોના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

૬.૧.૧૫ પરવાનાની કામગીરીના ધોરણોમાં દર્શાવેલી જોગવાઇઓના આધારે જે અલગથી જાહેર કરવામાં આવ્યા છે તે અનુસાર મીટર અંગેની ફરિયાદનો સમયગાળો ગણવામાં આવશે..

૬.૧.૧૬ જે ગ્રાહકો ઉચ્ચ પ્રતાનવાળો પુરવઠો, જે ૩૩ કેવી સુધી અને સહિતનો રહેશે, તે લેતા હોય તેમના માટે વિતરણ પરવાનેદાર ઉચ્ચ પ્રતાન મીટર સાધનો જે માગણી અને ખરેખર વપરાયેલી ઊર્જા માપે, તેવા મીટર પૂરા પાડશે.

જે ગ્રાહકો ૬૬ કેવી અને તેથી ઉપરનો વીજ પ્રવાહ લેતા હોય તેવા ગ્રાહકોને માત્ર વિતરણ પરવાનેદાર જ ટ્રિવેકટર મીટર તેમના પૂરા પાડશે. જયારે ગાહકે સ્વખર્ચે જરૂરી કરન્ટ ટ્રાન્સફર્મર અને પોટેશ્યલ ટ્રાન્સફર્મર (સીટી અને પીટી) પૂરા પાડવાના રહેશે.

૬.૧.૧૭ મીટર વાંચન

(૧) મીટર વાંચન વિતરણ પરવાનેદારના કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે જે દરેક બિલ બનાવતા ગાળામાં એક વખત, અથવા યોગ્ય વિરામ પછી અથવા પરવાનેદાર યોગ્ય સમજે તે મુજબ અને આવા મીટર વાંચનારને ગ્રાહકની જગ્યાએ હરવખતે યોગ્ય સમયે આવું વાંચન લેવા માટે સગવડભર્યુ રહેવું જોઈએ. આવા વાચકે દરેક મીટરનું વાચન મીટર્ના કાર્ડમાં નોંધવું અને જો ગ્રાહક હજર હોય તો અને ઇચ્છે તો તેને પણ નોંધ કરવા દેવી.

(૨) જયારે કોઈ ગ્રાહક પોતાનું સ્થાપન વિતરણ પરવાનેદારના મેઈન્સ સાથે જોડાવે, અને મીટરને તાળું મારી દે અથવા કોઈ કારણસર વિતરણ પરવાનેદારના કર્મચારી માટે વાંચવા પહોંચી ન શકાય તેવી વ્યવસ્થા કરી દે ત્યારે આવી રીતે વાંચન ન લઈ શકાય તેવા બિલ બનાવવાના ગાળા માટે, ગ્રાહકને અગાઉના મહિનાના કે બિલ બનાવવાના ગાળામાં વાચન મુજબ ખર્ચ આપવો પડશે, અને તે લઘુત્તમ બિલને ધ્યાનમાં રાખીને ગણવામાં આવશે, અને તે આ દર અને વપરાશનું બિલ બનાવવામાં આવે તે નીચેના પેટા કલમ (૩) મુજબ સરભર કરવામાં આવશે.

(૩) જયારે ગ્રાહક પોતાનું મીટર વિતરણ પરવાનેદારના મીટર વાચક કર્મચારીને વાંચી શકાય તેવી વ્યવસ્થા કરી આપે અને હિસાબ સરભર કરવાની તક આપે ત્યારે ગ્રાહકને મીટરમાં વાંચન મળે તે મુજબની રકમમાંથી અગાઉ સરેરાશ ગણેલી રકમ બાદ કરીને બીલ આપવામાં આવશે. જે પણ લઘુત્તમ રકમને ધ્યાનમાં રાખીને, જે તે સમયગાળા માટેબનાવવામાં આવશે.

(૪) જો મીટર પછીના બિલના ગાળાઓ માટે વાંચી ન શકાય તેવુ રહે તો ગ્રાહકને અગાઉના વખતમાં ખરેખર જે મીટર વાચન આવ્યું હોય તેના આધારે બિલ બનાવી આપવામાં આવશે અને તે પણ લઘુત્તમ બિલને ધ્યાનમાં લઈને બનાવવામાં આવશે અને આ રકમ પણ ઉપર જણાવેલા પેટા કલમ (૩) માં જણાવ્યા મુજબ સરભર કરવામાં આવશે. જે ગ્રાહક જાણીબુઝીને મીટર વાચી ન શકાય તેવું રાખે અથવા પહોંચી ન શકાય તેવું કરે તો તેમને ૭ દિવસની નોટિસ આપીને મીટર વાચન કરવા માટે વિતરણ પરવાનેદારના કર્મચારીને નિયત તારીખ અને સમયે, વ્યવસ્થા કરવાનું જણાવવામાં આવશે. જો આ પછી પણ ગ્રાહક આવી વ્યવસ્થા કરી આપવામાં નિષ્ફળ જાય તો તેવા ગ્રાહકની જગ્યાનો પુરવઠો કાપી નાંખવામાં આવશે.

૬.૧.૧૮ જો કોઈ ગ્રાહક જગ્યા ખાલી કરવા માગતા હોય કે જગ્યા કામચલાઉ, એકાદ માસના કે વધુ ગાળા માટે તાળું મારી રાખવા માગતા હોય તો, તેણે વિતરણ પરવાનેદારને કામના સાત દિવસ પહેલા જાણ કરવી અને છેલ્લું

INDEX

મીટર વાચન કરાવી લેવું અને આવી જગ્યાનો પુરવઠો આવી નોટિસના અન્વયે બંધ કરાવી લેવો જોઈએ. આવી નોટીસ ન મળે તો વિતરણ પરવાનેદાર જે તે દિવસે આવું છેલ્લું મીટર વાચન કરીને, તેનો હિસાબ ગ્રાહકને આપવાની ખાતરી આપી શકશે નહીં. આવી નોટિસ આપવાની અને મીટર વાચન કરવાની તકના અભાવમાં, કે જગ્યા પરથી મેઈન્સમાંથી પુરવઠો કાપી નાંખવાની વ્યવસ્થા ન કરી શકાય તેવા સંજોગોમાં ગ્રાહક તે જગ્યામાં વિતરણ પરવાનેદાર પુરવઠો કાપે નહીં ત્યાં સુધીના સમયગાળામાં જે કાંઈ ઊર્જા વપરાઈ હોય તે માટે જવાબદાર ગણાશે. મીટર વાચન ન થઈ શકયું હોય તેવા સંજોગોમાં, ગ્રાહક પોતાની લઘુત્તમ / મહત્તમ માગ ખર્ચ જે લાગુ પડતો હોય અને જે ગાહકે પોતે બિલ મુજબ પુરવઠો લેવાનું સ્વીકાર્યું હોય તે સમય ગાળાને આવરી લેતા જે કાંઈ દરના કોષ્ટક લાગુ પડતાં હોય, તેની જવાબદારી પોતે ખર્ચ ભરવાની હોય.

૬.૧.૧૯ જયારે કોઈ કિસ્સામાં, ગ્રાહક ગામ બહાર રહેવાનો હોય અને લેખિતમાં અરજી કરે કે તેની જગ્યાનો પુરવઠો કાપી નાંખવામાં ન આવે, ભલે તે મીટર વાચન શકય ન બને, તેવા સંજોગોમાં, તેની વિનંતીને માન્ય રાખવામાં આવે, જો તે ગ્રાહક દરેક બિલના ગાળા માટે નિયમીત લઘુત્તમ ખર્ચ આપવા માટે કબૂલ થતો હોય અને જયારે પોતે પરત ફરે ત્યારે તે સ્થાનિક કચેરીને જાણ કરે અને મીટર વાચન માટે સગવડ કરી આપે. આવા કિસ્સાઓમાં, જે કાંઈ વપરાશ મીટરમાં નોંધાયેલો હોય તે બિલ બનાવવાના સમયગાળાને ધ્યાનમાં લઈને મીટર વાચન શકય ન હતું ત્યારથી તે દિવસ સુધીમાં વહેંચી દેવાશે. આવા ગ્રાહકોને પોતે જે લઘુત્તમ ખર્ચ ભર્યો હોય તેની સામે આ મીટર વાચનના કારણે આવતું બીલ સરભર કરી શકાશે નહીં. જો તેઓ નિયમિત લઘુત્તમ ખર્ચ ભરવામાં નિષ્ફળ જાય તો તેમનું જોડાણ નોટિસ આપીને કાપી શકાશે. ઉપરાંત, તેઓએ છ માસમાં એક વખત, અગાઉથી યોગ્ય અને વાજબી આગોતરી જાણ કરીને મીટર વાચન માટે સગવડ કરી આપવાની રહેશે, નહીં તો તેવા કિસ્સાઓમાં પણ જોડાણ કાપી નાંખવામાં આવશે.

૬.૧.૨૦ વિતરણ પરવાનેદાર મીટરની પરિસ્થિતિ સુધરતી જતી ટેકનોલોજીના સંદર્ભમાં ફેર તપાસણી કરી શકશે અને ગ્રાહકની જગ્યામાં જયાં મીટર લગાડયું હોય તેની ચકાસણી પણ કરી શકશે. વિતરણ પરવાનેદાર દૂરથી નિયંત્રણ કરી શકાય તેવું મીટર પણ વિશેષ સંજોગો અને જરૂરિયાતોના સંદર્ભમાં અને વિશેષ સાધનોના સંદર્ભમાં લગાડી શકશે. વિતરણ પરવાનેદાર મહત્તમ માગ મીટર જેમાં મહત્તમ માગ નોંધાવવાની સગવડ હોય કે તેવા અન્ય વિશેષ સગવડોવાળા મીટર લગાવી શકશે.

૬.૨ વિદ્યુત પુરવઠાના ખર્ચ :

૬.૨.૧ વિદ્યુત વખતો વખત ઠરાવે તે મુજબ વિદ્યુત પુરવઠાના ખર્ચ લેવાના રહેશે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

૬.૩ પુરવઠાના મેઈન્સ અને ઉપકરણો અને મીટર સહિત ગાહકે કશા સાથે ચેડા કરવા નહીં.

૬.૩.૧ મીટર, કટઆઉટ, એમસીબી, સર્વિસ મેઈન્સ અને અન્ય સાધનો જે વિતરણ પરવાનેદારની માલિકીના છે અને ગ્રાહકની જગ્યામાં લગાડવામાં આવ્યા છે તેને કોઈપણ સંજોગોમાં હાથ લગાડવો નહીં કે દૂર કરવા નહીં, સિવાય કે વિતરણ પરવાનેદારના અધિકૃત કર્મચારીઓ હોય. સીલ, મીટર પર લગાવેલા કે માપન સાધનો પર લગાવેલા હોય તે, અથવા કટઆઉટ, એમસીબી, અને વિતરણ પરવાનેદારના સાધનોની સાથે ચેડા કરવા નહીં, કે નુકશાન કરવું નહી, નકામા બનાવી દેવા નહીં કે ભાંગી નાંખવા નહીં.

૬.૩.૨ કોઈપણ

(એ) કોઈ મીટર, દર્શક, કે ઉપકરણ વિદ્યુત લાઈન સાથે જોડશે, જે વિદ્યુત પ્રવાહ પરવાનેદાર દ્વારા પહોંચાડવામાં આવી રહ્યો હોય અથવા કોઈ વિદ્યુત પુરવઠા લાઈનથી જોડાણ કાપી નાખશે, અથવા

(બી) અનધિકૃત રીતે કોઈ મીટર, દર્શક કે સાધન કોઈ વિદ્યુત લાઈન સાથે કે બીજા બાંધકામ જે પરવાનેદારની માલિકીના હોય, અને જયારે તે વિદ્યુત લાઈન કે અન્ય બાંધકામ કાપી નાંખ્યા હોય કે કાપી નાંખવામાં આવ્યા હોય, તેને પુનઃજોડાણ આપશે, અથવા

(સી) પરવાનેદારના કોઈપણ બાંધકામ સાથે જોડાણ માટે લાઈન નાખે કે નખાવે કે જોડાણ કરશે અથવા

(ડી) કોઈ મીટર, દર્શક કે પરવાનેદારના ઉપકરણને ખરાબ હેતુથી નુકશાન કરે, કે જાણીબુઝીને કે દગાથી કોઈ મીટરનો કે દર્શકનો કે ઉપકરણનો આંક બદલી નાંખે કે કોઈ મીટર દર્શક કે ઉપકરણને સાચું માપ નોંધતા રોકે.

તે ત્રણ વર્ષની મુદત સુધી જેલની સજાને પાત્ર થશે કે દસ હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે, અથવા બંને સજાપાત્ર થશે અને આવા ચાલુ રહેતા ગુન્હા માટે રોજના રૂપિયા પાંચસો સુધી દંડ કરવાપાત્ર થશે, એટલું જ નહીં, પણ જો એવી કોઈ વ્યવસ્થા માલુમ પડસે કે જે આવા કલમ (એ) માં દર્શાવ્યા મુજબના પુનજોડાણને કે આવા કલમ(બી) માં દર્શાવ્યા મુજબના જોડાણને કે આવા કલમ (સી) માં દર્શાવ્યા મુજબના સંચારને કે આવા કલમ (ડી) માં દર્શાવ્યા મુજબના ફેરફારો અથવા અવરોધક ઊભા કરે છે અને તે મીટર, દર્શક કે ઉપકરણ ભલે તે ગ્રાહકના અંકુશમાં હોય, તેની માલિકીનું હોય કે ન હોય, એવું માની લેવામાં આવશે, સિવાય કે તેથી જુદું પુરવાર થાય, કે આવા જોડાણ, પુનજોડાણ, સંચાર, ફેરફારો, અવરોધકો કે અયોગ્ય ઉપયોગ, જે લાગુ પડતું હોય તે, જાણીબુઝીને આવા ગ્રાહક દ્વારા કરવામાં આવ્યું છે.

૬.૩.૩ ગ્રાહક પણ, જયાં સુધી શકય હોય ત્યાં સુધી, વિતરણ પરવાનેદારના સાધનોની સુરક્ષિત હવાલા માટે સાવચેતીના પગલા લેશે અને પોતે તેની સાથે ચેડા કરશે નહીં કે અન્ય કોઈને ચેડા કરવા દેશે નહીં.

૬.૩.૪ કોઈ મીટર ચોરાઈ ગયું હોવાની ફરિયાદ હશે અને તે અંગે સંબંધિત પોલિસ સ્ટેશનમાં પ્રાથમિક માહિતીવાળી ફરિયાદ (એફઆઈઆર) નોંધાવવામાં આવી હશે તો વિતરણ પરવાનેદાર એવી ફરિયાદને ધ્યાનમાં લેશે. આવા બધા કિસ્સાઓમાં પૂરતી તપાસ જરૂરી આકારણી કરશે.

૬.૪ બિલની ચૂકવણી

૬.૪.૧ વિદ્યુત વપરાશના બિલો ગાહકે વિતરણ પરવાનેદારના ચોક્કસ કરાયેલા ચૂકવણી કેન્દ્રોમાં, બિલની તારીખથી દસ દિવસમાં, અથવો પુરવઠાના કરારમાં નકકી થયું હોય તે મુજબ અથવા તો આવા બિલમાં જે તારીખ લખી હોય તે પહેલા, ચૂકવી દેવાના રહેશે, અન્યથા ગ્રાહકે બિલનું ચૂકવણું મોડું કરવા બદલના ખર્ચ આપવા પડશે અને અથવા બિલની સમયસને સત્વરે ચૂકવણી કરવા માટે આપવામાં આવતા વળતર ગુમાવવું પડશે, જે તે સમયે અમલમાં હોય, અથવા ગાહકે વિતરણ પરવાનેદાર સાથે કરેલા કરારમાં લખ્યું હોય.

૬.૪.૨ વિદ્યુતના ખર્ચના બિલની ફરિયાદ બાબતે, ગાહકે પરવાનાની કામગીરીના ધોરણોમાં નિયમનોમાં, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગએ અલગ રીતે બહાર પાડયા છે, તે અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૬.૪.૩ જયારે વિદ્યુત ખર્ચના બિલોનું ચૂકવણું ચેક દ્વારા કરવામાં આવતું હોય ત્યારે ચેક નાણાં સ્વિકાર કેન્દ્ર પર જે તારીખે રજૂ કરવામાં આવે કે વિતરણ પરવાનેદારની ઓફિસે જે તારીખે રજુ કરવામાં આવે તે તારીખ ગણવામાં આવશે, સિવાય કે, આગોતરી તારીખ લખીને ચૂકવેલા ચેક હોય. બહારગામના ચેક દ્વારા ચૂકવણું સ્વિકારવામાં આવશે નહીં.

૬.૪.૪ એક વાર અસ્વિકૃત થયેલો ચેક બેન્કમાં ફરી વખત રજુ કરવામાં આવશે નહીં અને તે ગ્રાહકને પરત કરવામાં આવશે અને આવે ચેક પરત આવ્યાની જાણ ગ્રાહકને તત્કાળ કરવામાં આવશે. આવા કિસ્સામાં ગાહકે આ બિલની પૂરી રકમ રોકડ કે બેન્ક ડ્રાફટ કે બૅંકર્સ ચેક દ્વારા જ કરવાની રહેશે, પછી બિલની રકમ ગમે તેટલી

૬.૪.૫ ગ્રાહકે કરેલા કોઈપણ ચૂકવણાની રકમ અગાઉના બાકી અથવા વિલંબીત ચૂકવણાની બાકી પડતી રકમ સાથે, પહેલા સરભર કરવામાં આવશે, અને તેના કારણે જો કોઈ ચૂકવણાની રકમ બાકી હશે ત્યાં સુધી ચાલુ માસના બિલમાં કોઈ વળતર મળવાપાત્ર હશે તે મળી શકશે નહીં,

જયારે કોઈ ગ્રાહકને અગાઉ જણાવ્યા મુજબ અગાઉના ચૂકવણા બાકી હોય અને તે માટે તેને નોટિસ આપવામાં આવી હોય, અને તે માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવી હોય જેથી તે જોડાણ કાપી નાંખવાનું રોકી શકાય, અને તે નોટિસમાં જણાવેલી રકમ કરતાં ઓછી રકમ ચૂકવે તો, ત્યારે તેણે કરેલ ચૂકવણાની રકમ તેના આ ખાતાના ચૂકવણાના ભાગ તરીકે લેવામાં આવશે અને જોડાણ ચાલુ રાખવામાં આવશે. અને બાકીના નાણાં ભરવાની નોટિસ બિલમાં જ ઉમેરી દેવામાં આવે અથવા અલગથી મોકલવામાં આવે.

૬.૪.૬ સામાન્ય રીતે બિલ ટપાલ દ્વારા કે હાથોહાથ મોકલવામાં આવશે. ગ્રાહકે જો સમયસર બિલ ન મળે તો દસ દિવસની અંદર વિતરણ પરવાનેદારને જાણ કરી દેવી પડશે. અન્યથા એવું માની લેવામાં આવશે કે ગ્રાહકને બિલ સમયસર મળી ગયું છે. જો ગ્રાહક વિતરણ પરવાનેદારને બિલ મળ્યું ન હોવાની ફરિયાદ લઈને મળે તો વિતરણ પરવાનેદાર તેને તત્કાળ પ્રતિભાવ આપીને બિલની બીજી નકલ આપશે.

૬.૪.૭ જયારે કોઈ વ્યકિત વિદ્યુતખર્ચની રકમ આપવામાં ઉપેક્ષા કરે કે વિદ્યુત ખર્ચ સિવાયની કોઈ રકમ જે વિતરણ પરવાનેદારે ગ્રાહક પાસેથી પુરવઠો આપવા માટે, સંચાર માટે કે વિતરણ માટે કે વિદ્યુત પહોંચાડવા માટેના ખર્ચ પેટે, પરવાનેદાર અથવા ઉત્પાદક કંપનીને, લેવાપાત્ર થતો હોય, તેને લેખિતમાં પૂરા પંદર દિવસની નોટિસ આપવામાં આવી હોય, અને પોતાના આવા ખર્ચ કે અન્ય ખર્ચ કાયદેસરના દાવા દ્વારા મેળવવાનો હક ચાલુ રાખીને, વિદ્યુત પુરવઠો કાપી શકે, અને આવા હેતુસર વિદ્યુત પુરવઠાની લાઈન કાપી નાંખે, કે જોડાણ બંધ કરી દે અથવા પરવાનેદારના અન્ય બાંધકામમાંથી બંધ કરી દે જે દ્વારા વિદ્યુત પુરવઠો આપવામાં આવતો હોય, સંચાર કરવામાં આવતો હોય, કે વિતરણ કરવામાં આવતો હોય કે પહોંચાડવામાં આવતો હોય તે પુરવઠો બંધ કરી શકે, જયાં સુધી આ ખર્ચ કે રકમ, ઉપરાંત પુરવઠો બંધ કરવાના અને પુન જોડાણના ખર્ચ સહિત ચૂકવાઈ જાય પણ તે પછી નહીં. સિવાય કે, જો તેવી વ્યકિત, વિરોધ સાથે, અનામત ભરે તો તેનો પુરવઠો કાપવામાં આવશે નહીં.

(એ) તેની પાસેથી માગવામાં આવેલી રકમ જેટલી અનામત

(બી) અગાઉના છ માસના વિદ્યુત ખર્ચના બિલની સરેરાશ રકમ દર માસ માટે ગણીને જે રકમ આવે તે અથવા બાકી રકમ, જે ઓછી હોય તે, અને તેની અને પરવાનેદાર વચ્ચે જે વિવાદ હોય તેનો નિકાલ આવે તે ધ્યાનમાં રાખીને

૬.૪.૮ વિતરણ પરવાનેદાર, જે તારીખથી બાકી નીકળતી હોય તે પછીના બે વર્ષ પછી તે રકમ, વસૂલ લેવાને હકદાર રહેશે નહીં, અને તેવા કિસ્સાઓમાં, જયારે આવી બાકી પડતી રકમ જે તે બાકી તારીખથી દર વખતે સતત બાકી રહેતી રકમ તરીકે બતાવવામાં આવી ન હોય. વિતરણ પરવાનેદાર જો બે વર્ષ સતત આવી બાકી નીકળતી રકમ બતાવે નહીં તો વિતરણ પરવાનેદાર આવા સંદર્ભિત ગ્રાહકનું જોડાણ કાપી શકશે નહીં.

૬.૪.૯ જો બિલ ચૂકવવાની તારીખે જાહેક રજા આવતી હોય તો તે પછીની તારીખ બિલ ચૂકવવાની તારીખ ગણાશે.

૬.૪.૧૦ ગ્રાહકે આગલી બાકી રકમો સહિત વીજળીનું બિલ ન ચૂકવવાથી વિતરણ પરવાનેદાર વીજ પુરવઠો કાપી નાખવાની કાર્યવાહી હાથ ધરે ત્યારે, ગ્રાહક ઉકત બિલ ભર્યુ હોવાનો (તે દિવસે અથવા અગાઉ) દાવો કરે તો, વીજ જોડાણ કપાતું અટકાવવા તેણે વીજ પુરવઠો કાપી નાખવા માટે વીજ-ગોઠવણના સ્થળની મુલાકાત લેનાર વિતરણ પરવાનેદારના અધિકૃત પ્રતિનિધિ કે તેમના વતી ઇશ્યૂ કરાયેલા સંબંધિત બિલની ચુકવણી પહોંચતી તારીખ અને રકમને, આવી ચુકવણીની તારીખ અને રકમનો નિર્ણાયક પુરાવો ગણવામાં આવશે.

વિભાગ - ૭
મર્યાદાઓ

૭.૧ વિદ્યુતનો અનઅધિકૃત ઉપયોગ

૭.૧.૧ વિદ્યુતનો ઉપયોગ જયારે નીચેના હેતુઓ માટે કરવામાં આવ્યો હોય, ત્યારે તેને "અનધિકૃત ઉપયોગ" કહેવાશે.

(i) કોઈ કૃત્રિમ રસ્તે, અથવા

(ii) પરવાનેદાર કે સત્તાવાળાઓ કે સંબંધિત વ્યકિત દ્વારા અધિકૃત કરાયો ન હોય તે, અથવા

(iii) કોઈ ચેડા કરેલા મીટર દ્વારા, અથવા

(iv) જે હેતુ માટે વિદ્યુત વાપરવાની પરવાનગી આપવામાં આવે હોય તે સિવાયના હેતુ માટે

૭.૨ તપાસણી અને કામચલાઉ આકારણી

૭.૨.૧ જો કોઈ જગ્યા કે જમીન પર તપાસણી થયા બાદ, કે સાધન, કે ઉપકરણ, યંત્રો કે સાધનો જોડેલા કે વપરાતા, કે કોઈ પણ વ્યકિતએ રાખેલા રેકર્ડની તપાસણી પછી, આકારણી અધિકારી એવા તારણ પર આવે કે આવી વ્યકિત વિદ્યુતના અનધિકૃત ઉપયોગમાં જોડાયેલો છે તે પોતાના યોગ્ય નિર્ણય પછી આવી વ્યકિત કે આવા ઉપયોગથી લાભાન્વિત થયેલા અન્ય વ્યકિતને માટે વિદ્યુતના ખર્ચની આકારણી કરી આપશે.

૭.૨.૨ જો આકારણી અધિકારી એવા તારણ પર આવે કે વિદ્યુતનો અનધિકૃત ઉપયોગ થયો છે, તો એવું માની લેવામાં આવશે કે આવો દુરુપયોગ જે તે તારીખથી ત્રણ માસ પહેલાથી કરવામાં આવતો હતો. જો તે ઘરગથ્થુ કે ખેતીવાડીના કામમાં લેવામાં આવતો હોય અને જો તે અન્ય પ્રકારની સર્વિસમાં હોય તો તે અગાઉના છ માસ પહેલાથી આવો દુરુપયોગ કરવામાં આવતો હોય, સિવાય કે તે બોજાને ગ્રાહક દ્વારા કે કબજેદાર દ્વારા કે ભોગવનાર દ્વારા રદિયો આપવામાં આવ્યો ન હોય.

૭.૨.૩ આ વિભાગ હેઠળની આકારણી જે તે પ્રકારની સેવાઓ માટેના ભાવ કોષ્ટકના કરતાં ૧ ૧/૨ ગણી ગણીને કરવામાં આવશે.

૭.૨.૪ જોડાણ-બી ઠરાવ્યા પ્રમાણે આ કલમ હેઠળની આકારણી ગણી કાઢવી.

૭.૩ કામચલાઉ આકારણી બજાવવાની પધ્ધતિ

૭.૩.૧ આવો કામચલાઉ આકારણીનો આદેશ જે વ્યકિત જગ્યા કે જમીનના કબજેદાર કે માલિક હોય તેને ગુજરાત વિદ્યુત (કામચલાઉ આકારણીમાં આદેશ બજાવવાની પધ્ધતિ) નિયમો ૨૦૦૪ માં જણાવ્યા અનુસારની રહેશે.

૭.૩.૨ જે વ્યકિતને આવા કામચલાઉ આકારણીના આદેશ બજાવવામાં આવે તે, આવી આકારણી સ્વીકારે અને આકારણીમાં દર્શાવેલ રકમ અનામત પેટે આવા કામચલાઉ આકારણીના આદેશ બજાવ્યાના સાત દિવસમાં મુકે.

જે વ્યકિત આવી આકારણીની રકમ અનામત પેટે મુકે તેને કોઈ વધારાની જવાબદારી કે તેની સામે કોઈ વધારાની કાર્યવાહી સત્તાવાળાઓ તરફથી આપવામાં નહીં આવે.

૭.૪ કામચલાઉ આકારણી સામે વાંધા અરજી

૭.૪.૧ જે વ્યકિતને ઉપર જણાવેલ ૭.૩.૧ પેટા કલમ હેઠળ નોટિસ આપવામાં આવે, તે આવા કામચલાઉ આકારણીના આદેશ સામે વાંધા અરજી, જરૂર પડે તો, આકારણી અધિકારી સમક્ષ રજુ કરી શકશે. જે આવી વ્યકિતને રજુઆત કરવાની જરૂરી તક આપી તેની રજુઆત સાંભળીને આવી વ્યકિત દ્વારા ચૂકવવાપાત્ર વિદ્યુત ખર્ચ માટેનો આખરી આદેશ કાઢી શકશે.

INDEX

૭.૫ આખરી આકારણી આદેશ સામે અપીલ પર કામ ચલાવતા સત્તાધિકારી સમક્ષ અપીલ (અરજી) કરવી.

૭.૫.૧ કોઈપણ વ્યકિતને પેટા કલમ ૭.૪.૧ (વિદ્યુત ધારા ૨૦૦૩ ના વિભાગ ૧૨૬) હેઠળ આપવામાં આવેલા આખરી આદેશથી સંતોષ થયો ન હોય તો, આવા આદેશના ત્રીસ દિવસની અંદર, વિદ્યુત નિયમનો અનુસાર "અપીલ પર કામ ચલાવતા સત્તાધિકારી સમક્ષ અપીલ કરવાની પધ્ધતિ" અનુસાર નિયત કરેલા ફોર્મમાં, જરૂરી હોય તે રીતે ચકાસણી કરીને, તથા નિયત કર્યા મુજબની ફી ભરીને અપીલ કરી શકે છે.

૭.૫.૨ પક્ષકારોની સંમતિ સાથે થયેલા આખરી આદેશ સામે કોઈ અપીલ કરી શકાશે નહીં.

૭.૫.૩ પેટાકલમ ૭.૫.૧ હેઠળ આકારણીના આદેશ સામેની અપીલ આકારણી રકમના ત્રીજા ભાગની રકમ રોકડમાં કે બેન્ક ડ્રાફટ દ્વારા અપીલ સાથે અનામત આપવામાં આવી ન હોય તો તેવી અપીલ ધ્યાન પર લેવામાં આવશે નહીં. તે સાથે આવી અનામત ભર્યાનો પૂરાવો પણ રજૂ કરવો જરૂરી રહેશે.

૭.૫.૪ અપીલ સાંભળનાર અધિકારી આવી અપીલનો, પક્ષકારોને સાંભળીને યોગ્ય આદેશ આપીને નિકાલ કરશે અને તે આદેશની નકલ આકારણી અધિકારી તથા અરજદારને મોકલાવશે.

૭.૫.૫ અપીલ સાંભળનાર અધિકારીનો નિર્ણય આખરી રહેશે.

૭.૫.૬ જયારે કોઈ વ્યકિત આકારણીની રકમ ભરવામાં ચૂકી જાય ત્યારે, આકારણીના આદેશ પછીના ત્રીસ દિવસમાં, આકારણીની રકમ ઉપરાંત, ૧૬ ટકાના દરે દર છ માસે ગણાય તે રીતે વ્યાજ ભરવાપાત્ર રહેશે.

૭.૬ વિદ્યુતની ચોરી - વીજચોરી

૭.૬.૧ જે કોઈ અપ્રમાણિકતાથી

(એ) કે પરવાનેદારના શિરોપરિ કે ભૂમિ અંતર્ગત, કે પાણી નીચેની લાઈન કે કેબલ કે સર્વિસ વાયર કે સર્વિસની જોગવાઈમાંથી વિદ્યુત ધારા વાપરવા માટે ટોટી કાઢવી કે બનાવવી કે જોડાણ લેવાની સગવડ કરી લેવી - અથવા

(બી) મીટર સાથે ચેડા કરવાં, ચેડા કરેલા મીટર જોડવા, પ્રવાહની દિશા બદલી કાઢે તેવા પરિવર્તક (ટ્રાન્સફર્મર) લગાડવા, જોડાણમાં આંકડી લગાવવી, કે કોઈ અન્ય સાધન કે પધ્ધતિ લગાવવી જે સાચુ અને યોગ્ય માપ નોંધવામાં દખલ કરે, અથવા મીટરના અંશઅંકનને બદલવા કે અન્ય કોઈ રીતે, જેના કારણે વિદ્યુતની ચોરી કે બગાડ થતો હોય, અથવા

(સી) વિદ્યુત મીટરને નુકશાન કરે કે તોડફોડ કરે અથવા અન્ય ઉપકરણ કે સાધન કે વાયરને તે પૈકી કોઈને પણ નુકશાન કરે કે થવા દે કે તોડફોડ થવા દે જેથી વિદ્યુતની નોંધણી ચોકકસ અને યોગ્ય રીતે ન થાય, જેથી અયોગ્ય રીતે વિદ્યુત લઈ શકાય, વાપરી શકાય કે ઉપયોગ કરી શકાય, કે ઉપયોગ કરી શકાય, તો તે માટે વધુમાં વધુ ત્રણ વર્ષની જેલ અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

પરંતુ જે કેસમાં વીજભાર કાઢી લેવાયો હોય, વાપરવામાં આવ્યો હોય, વાપરવામાં કે ઉપયોગમાં કરવામાં આવ્યો હોય અથવા તે કાઢી લેવાના પ્રયાસો કરવામાં આવ્યો હોય, વાપરવામાં કે ઉપયોગમાં કરવામાં આવ્યો હોય ત્યાં-

(૧) તે ૧૦ કિલોવોટ કરતાં વધારે ન હોય, તો પ્રથમ સજા વખતે નાંખવામાં આવેલો દંડ, વિદ્યુતની આવી મોટી ચોરી પર થયેલો નાણાંકીય લાભના ત્રણ ગણા કરતાં ઓછો ન હોય, અને બીજી કે તે પછીની સજાના પ્રસંગે નાખવામાં આવેલ દંડ આવી વિદ્યુત ચોરીને કારણે થતાં નાણાંકીય લાભના છ ગણાથી ઓછો ન હોય, તો આવી વિદ્યુત ચોરીને કારણે ત્રણ ગણા નાણાંકીય લાભ અને ૬ મહિના પરંતુ વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની જેલ અને આવી વિદ્યુત ચોરીને કારણે ઓછામાં ઓછા છ ગણા નાણાંકીય લાભ જેટલો દંડ થશે.

INDEX

(૨) તે ૧૦ કિલોવોટ કરતાં વધુ હોય તો, પ્રથમ સજા વખતે કરવામાં આવેલ દંડ, આવી વિદ્યુત ચોરીને કારણે નાણાંકીય લાભના ત્રણ ગણા કરતાં ઓછો હોવો જોઇએ નહીં અને બીજી કે પછીની સજાના પ્રસંગે, ઓછામાં ઓછી છ મહિના અને વધુમાં વધુ પાંચ વર્ષની જેલ તેમજ વિદ્યુત ચોરીને કારણે છ ગણા નાણાકીય લાભથી ઓછો ન હોય તેટલા દંડની સજાને પાત્ર થશે.

પરંતુ, વધુમાં, ગ્રાહકે વિદ્યુત કાઢી લેવા, વાપરવા કે ઉપયોગ કરવા, બોર્ડ કે પરવાનેદારે અધિકૃત ન કર્યા હોય તેવાં કોઇ કૃત્રિમ સાધનો કે સાધનો હોવાનું સાબિત ન થાય તો, વિરૂધ્ધ સાબિત ન થાય ત્યાણ સુધી એમ માનવામાં આવશે કે આવા ગ્રાહકે અપ્રમાણિકપણે વિદ્યુત કાઢી લીધેલ છે અથવા તેનો વપરાશ કે ઉપયોગ કર્યો છે.

૭.૬.૨ આવી બાબતોમાં રાજય સરકાર તરફથી સત્તા આપવામાં આવેલ અધિકારી

(એ) જયાં તેને માંગવાને કારણ હોય કે તે જગ્યામાં કે જમીનમાંથી વિદ્યુતનો અનધિકૃત ઉપયોગ થઈ રહ્યો છે કે થાય છે તેવી જગ્યામાં તે પ્રવેશે, નિરીક્ષણ કરે, અને જરૂર પડે તો તેવી જગ્યા તોડીને ખુલ્લી પણ કરી શકશે.

(બી) વિદ્યુતનો અનધિકૃત ઉપયોગ થઈ રહ્યો છે કે થાય છે તેવી જગ્યાને તપાસી શકે, અને આવા કોઈ સાધનો હોય તેને કબજે લઈને દૂર કરી શકે અને વાયર કે અન્ય સગવડતાઓ દૂર કરી શકે.

(સી) તેના અભિપ્રાય મુજબ જે હિસાબી ચોપડા કે દસ્તાવેજો ઉપયોગમાં આવે કે લાગુ પડતા હોય જે આ ગુન્હેગારના કિસ્સામાં મદદગાર થાય, જે પેડાકલમ(૧) અનુસાર કાર્યવાહી કરવાની હોય, અને જે વ્યકિત પાસેથી આવા હિસાબી ચોપડા કે દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા હોય તેને યાદી બનાવવાની કે નકલો કરવાની કે તેનું તારણ લેવાની તેમના હાજરીમાં છૂટ આપી શકાશે.

૭.૬.૩ આવી જગ્યાની તપાસ વખતે તેના કબજેદાર અથવા તેના પ્રતિનિધિ હાજર રહી શકશે અને જે કાંઈ ચીજવસ્તુઓ કબજે લેવામાં આવે તેની યાદી બનાવીને તેવા કબજેદાર કે તેના પ્રતિનિધિને આપવામાં આવશે જે તેવી યાદી મળ્યાની સહી કરી આપશે.

કોઈ નિરીક્ષણ, તપાસ કે કબજો લેવાની કાર્યવાહી સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય વચ્ચે કરવામાં આવશે નહીં, સિવાય કે પુખ્ત વયના પુરૂષ કબજેદારની હાજરી હોય.

૭.૬.૪ વિદ્યુત ધારા ૨૦૦૩ હેઠળની તપાસ અને કબજો લેવાની કાર્યવાહી સામાન્ય રીતે શકય હોય ત્યાં સુધી ફોજદારી કાયદાની પધ્ધતિ ૧૯૭૩ની જોગવાઈને અનુરૂપ રહેશે.

૭.૬.૫ વિદ્યુત ચોરીની આકારણી, કલમ ૭.૨ અનુસાર કરવામાં આવશે.

૭.૬.૬ ૨૦૦૩ના વિદ્યુત અધિનિયમની કલમ ૧૩૫ની પેટા-કલમો (a), (b), (c)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિદ્યુત ચોરીનો પ્રથમ દર્શનીય સ્પષ્ટ પુરાવો હોય તો, ગોઠવણનું જોડાણ કાપી નાખવામાં આવશે.

ગ્રાહક, વિદ્યુત ચોરીની આકારણીની રકમ ચૂકવી દે તો, પરવાનેદાર જોડાણ ફરીથી કરી આપશે.

૭.૬.૭ આકારણી અંગેના કોઇપણ વિવાદ સહિતના કોઇપણ વિવાદના કેસમાં, આધિનિયમની કલમ ૧૫૧ અન્વયે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પરવાનેદાર આ બાબત જાણ માટે કોર્ટની (જેના અધિકાર્ક્ષેત્રમાં તે આવે તેની અંદર) સમક્ષ રજૂ કરશે. આવી બાબતોમાં જરૂરી કોઇપણ આદેશ કોર્ટ પાસેથી મેળવશે.

૭.૬.૮ ભારત સરકાર કે ઉચ્ચ ન્યાયિક સંસ્થા, આ સંહિતામાં આવરી લીધેલી બાબતો અંગે કોઇ સ્પષ્ટીકરણ મોકલે તો તેને વિદ્યુત પુરવઠા સંહિતાના ભાગ તરીકે ગણવામાં આવશે.

૭.૭ ગુનાની માંડવાળ કરવી

૭.૭.૧ ફોજદારી કાયદાની પધ્ધતિ ૧૯૭૩ની જોગવાઈઓની પરવા કર્યા વિના પણ, રાજય સરકાર અથવા તા. ૫.૬.૨૦૦૪ ના નોટિફિકેશન ક્રમ ઈએલએ-૨૦૦૪(૩૮) ૧૧૦૩૦૯૫૩૯ કે અને વખતો વખત સુધારા કર્યા હોય તે અન્વયે સત્તા ધરાવતા અધિકારી કોઈ ગ્રાહક કે વ્યકિત જેણે આવો ગુનો કર્યો હોય કે વાજબી રીતે આવો ગુનો કરવા બદલ શંકાસ્પદ હોય તેની પાસેથી ગુનો માંડવાળ કરવા માટે નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબની રકમ લઈ શકશે.

કોષ્ટક

	સેવાનો પ્રકાર	ગુનો માંડવાળ કરમા માટે વસૂલ લેવાની રકમ નીચા પ્રતાનવાળા ગ્રાહક માટે કિવો/હો.પા. કે તેના ભાગ માટે લેવાની રકમ અને ઉચ્ચ પ્રતાનવાળા ગ્રાહક માટે KVA તે તેના ભાગ માટે લેવાની રકમ
૧.	ઔદ્યોગિક સેવા	રૂ ા. ૨૦૦૦૦
૨.	વાણિજય સેવા	રૂ ા. ૧૦૦૦૦
૩.	ખેતી વિષયક સેવા	રૂ ા. ૨૦૦૦
૪.	અન્ય સેવા	રૂ ા. ૪૦૦૦

સિવાય કે રાજય સરકાર સરકારી ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા આ ઉપર જણાવેલ કોષ્ટકના દરોમાં ફેરફાર કરે.

૭.૭.૨ ઉપર જણાવેલ પેટા કલમ અન્વયે નકકી થયેલી રકમ ભરી દેવાય પછી જે કોઈ વ્યકિત તે ગુના સબબ કેદમાં રાખવામાં આવી હોય તેને મુકત કરી દેવાશે અને તે ગ્રાહક / વ્યકિત પર પછી ફોજદારી ગુના પેટે કાયદેસરની કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં, કે ચાલુ રાખવામાં આવશે નહીં.

૭.૭.૩ આવી રીતે નકકી થયેલી ગુનાની માંડવાળ કરવાની રકમ ઉપર જણાવેલા પેટા કલમ ૭.૭.૧ અનુસાર રાજય સરકાર અથવા સત્તા ધરાવનાર અધિકારી દ્વારા સ્વીકારાયા પછી, ફોજદારી કાર્યવાહીની સંહિતાના ૧૯૭૩ ની વિભાગ ૩૦૦ અનુસાર કેદમાંથી છૂટકારો મળ્યો ગણાશે.

૭.૭.૪ આવી રીતે પેટા કલમ ૭.૭.૧ હેઠળ નાણાં સ્વિકારીને ગુનાની માંડવાળ એક વ્યકિત અથવા ગ્રાહક માટે એક જ વખત થઈ શકશે.

૭.૮ બેદરકારીથી બાંધકામમાં ભંગાણ કે તોડફોડ

૭.૮.૧ જે કોઈ વ્યકિત, બેદરકારીથો ભંગાણ પાડે, ઈજા કરે, ફેંકી દે કે વિદ્યુત પુરવઠા સાથે જોડાયેલી કોઈપણ માલસામાનને નુકશાન કરે તે રૂ ા. ૧૦,૦૦૦ રૂપિયા દસ હજાર સુધીના દંડને પાત્ર થશે.

૭.૯ વિશેષ અદાલતની સત્તાઓ

૭.૯.૧ ફોજદારી કાર્યવાહીની સંહિતા ૧૯૭૩ માં જે કાંઈ જોગવાઈઓ હોય તે છતાં, કલમ ૭.૬ અને ૭.૮ (વિદ્યુત ધારો ૨૦૦૩ ના વિભાગ ૧૩૫ થી ૧૩૯) અન્વયે દરેક શિક્ષાપાત્ર ગુના માટે આવા ગુના જે કાર્યક્ષેત્રમાં આવતા હોય તેવી ખાસ અદાલતોમાં જ ચલાવી શકાશે.

૭.૧૦ જાણીબુઝીને કામમાં ભંગાણ કરવાની સજા

૭.૧૦.૧ જે કોઈ વિદ્યુત પુરવઠો કાપી નાખવાના આશયથી કાપે, ભાંગ, કે કાપવા કે ભંગાણ પાડવાનો પ્રયાસ કરે, અને કોઈ પમ વિદ્યુત પુરવઠાની લાઈનને કે બાંધકામને નુકશાન પહોંચાડે તેને વધારેમાં વધારે રૂપિયા દસ હજાર સુધીનો દંડ પાત્ર થશે.

વિભાગ - ૮
સાધારણ જોગવાઈઓ

૮.૧ પુરવઠો નિષ્ફળ જાય કે તેમાં અધવચ્ચે ભંગાણ પડે

૮.૧.૧ વિતરણ પરવાનેદાર ગ્રાહકને સતત વિદ્યુત પ્રવાહ મળતો રહે તેવી વ્યવસ્થાની ખાતરી માટે બધી કાળજી લેશે. અલબત્ત સિવાયકે, આથી અલગ કરાર કર્યો હોય, વિતરણ પરવાનેદાર ગ્રાહકને વિદ્યુત પ્રવાહમાં રૂકાવટ કે ચઢઉતર આવવાથી નુકશાન થાય કે તેના પ્લાન્ટ કે સાધન સામગીને નુકશાન થાય તે માટે જવાબદાર ઠરશે નહીં. વિતરણ પરવાનેદારના પ્લાન્ટ અને યંત્રસામગ્રીને નુકશાન, યુધ્ધ, બળવો, હુલ્લડ, પૂર, અકસ્માત, અથવા પ્લાન્ટને યંત્રસામગી નિષ્ફળ જાય, વીજભાર પાતના કારણે જે એસએલડીસી દ્વારા સૂચવવામાં આવ્યો હોય, અથવા વિતરણ પરવાનેદારના કાબુ બહારના સંજોગોના કારણે થયો હોય.
વિતરણ પરવાનેદાર ઉપલબ્ધ સંચાર સગવડો દ્વારા શકય હોય તેટલી જલ્દી આવા રૂકાવટના ગાળા અંગે ગ્રાહકોને જાણ કરશે.

૮.૧.૨ વિતરણ પરવાનેદાર જરૂર પડે તો અને વિદ્યુત બળની સ્થિતિ કે અન્ય ટેકનિકલ કારણોની આપત્કાલિન સ્થિતિ એવું સૂચવે તો, ઘટાડી દે, એક પછી એક એમ ક્રમાનુસારે વિદ્યુત પુરવઠો આપે અથવા કાપી નાંખે.

૮.૧.૩ વિતરણ પરવાનેદાર, ચકાસણીના (outages) હેતુ માટે કે જાળવણી માટે કે કાર્યક્ષમતા વધારવાના અન્ય કોઈ કારણોસર, કામચલાઉ જરૂર પડે તે સમય માટે, વિદ્યુત પુરવઠો બંધ રાખી શકે છે. વિતરણ પરવાનેદાર, શકય હોય ત્યાં સુધી ગ્રાહકોને ઓછામાં ઓછી અગવડ થાય તે માટે, બને તેટલી અગાઉથી આ બાબતની જાણ કરશે.

૮.૨ વિદ્યુત પાતની જોગવાઈઓ

૮.૨.૧ ગ્રાહકે વિતરણ પરવાનેદાર સાથે કરાર કર્યો હોય તેમાં સમાવેલું હોય કે કબુલાતનામું કર્યું હોય, તો પણ, ગ્રાહક વિદ્યુતનો વપરાશ તેની મહત્તમ માગથી નીચે રાખશે અથવા ઊર્જાનો વપરાશ એક પછી એક એમ ક્રમાનુસાર કરશે. આ બાબતે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (એસ એલ ડી સી) કે રાજય સરકાર અથવા વિતરણ પરવાનેદાર ગ્રિડની કાર્યવાહીના નિયમન માટે જરૂર પડે તેવી કાર્યવાહી કરવામાં આવશે. વિતરણ પરવાનેદાર મોટા કદના કે ઉચ્ચ પ્રતાનવાળા ગ્રાહકોને આવી મર્યાદાઓના સમયે બને તેટલું વહેલું, ઉપલબ્ધ સંચાર વ્યવસ્થા દ્વારા તે બાબતની જાણ કરશે.

૮.૩ પૂર્વગ્રહ પ્રેરિત પુરવઠાનો ઉપયોગ

૮.૩.૧ સંવાદિતા : કોઈપણ સ્થાપનોમાં, કુલ સંવાદી ફેરફાર (ટીએચડી) વિતરણ પ્રણાલીને લાગુ પડતાં ગ્રિડ જોડાણ ધોરણોમાં, મધ્યસ્થ વિદ્યુત-તંત્ર દ્વારા નિર્દિષ્ટ મર્યાદાથી વધવો જોઇએ નહીં. ગ્રાહક, નક્કી કરેલી મર્યાદામાં ટીએચડી નિયંત્રિત કરવા યોગ્ય પગલાં લેશે.

૮.૩.૨ જે ગ્રાહકો વિદ્યુત ઉત્પાદક પ્લાન્ટનો ઉપયોગ ગ્રિડની સમાંતરે કરતા હોય તેમણે આવા જોડાણના કરારની શરતો અને બોલીઓ જે વિતરણ કામદારે ઠરાવી હોય તેની મુજબ વર્તવું પડશે. આવા એકમોએ એસએલડીસી એ કે વિતરણ પરવાનેદારે ગ્રિડને સુમેળથી ચલાવવા માટે આદેશો કર્યા હોય તેને તાત્કાલિક અનુસરવું પડશે.

૮.૩.૩ ગ્રાહકે વિતરણ પરવાનેદારની વિદ્યુત પુરવઠા પધ્ધતિ સાથે એવા કોઈ ઉપકરણો જોડી રાખવા નહીં, ફેઝ સ્પિલટર્સ તરીકે ઓળખતાં ઉપકરણો પણ, (જેને ગુજરાતીમાં ટેટા તરીકે ઓળખવામાં આવે છે) જે વિતરણ પરવાનેદારના મત મુજબ વિતરણ પરવાનેદાર દ્વારા અન્ય ગ્રાહકોને આપવામાં આવતા વિદ્યુત પુરવઠાને નડતરરૂપ થાય કે હાનિકારક પુરવાર થાય.

૮.૩.૪ ગ્રાહક પોતાની મર્યાદાથી ૧૦% વધુ વીજભાર, વિતરણ પરવાનેદારની ખાસ મંજૂરી સિવાય વાપરી શકશે નહીં. ગ્રાહક પોતાની સર્વિસ લાઈનમાં ઉમેરો, ફેરફાર અને / અથવા વધારો, પોતાની કરાર થયેલી માગ કરતાં વધે તે રીતે, વિતરણ પરવાનેદારની પરવાનગી સિવાય કરી શકશે નહીં.

૮.૪ માગ તરફથી વ્યવસ્થા

૮.૪.૧ દરેક ગ્રાહક વીજ બગાડ ઓછો થાય તેવા પ્રયાસો કરશે અને બિનકાર્યક્ષમ ઉપયોગ અટકાવશે અને વિતરણ પરવાનેદારને મગ તરફથી વ્યવસ્થાના કાર્યક્રમને અમલી બનાવવા માટે જરૂરી સરકાર આપશે.

૮.૫ કાર્યવાહીના ધોરણો અને ગ્રાહકની ફરિયાદો મોકલવાની પધ્ધતિ

૮.૫.૧ ગ્રાહકોને કોઈ ફરિયાદ હોય તો, વિતરણ પરવાનેદારે, નીમેલી "ફરિયાદ સમિતિ" ને મળી શકે છે. જો તેઓ સંતોષ ન મળે તો પોતાની ફરિયાદો માટે સંસ્થાને / ઓમ્બુડઝમેનને વિદ્યુતના આવી સંસ્થાઓ / ઓમ્બુડઝમેનની સ્થાપના અંગેના નિયમનો અનુસાર ફરિયાદ નોંધાવી શકશે.

૮.૬ નોટિસ આપવી

૮.૬.૧ વિતરણ પરવાનેદાર દ્વારા ગ્રાહકને નોટિસ આપવાના સમયે, તે લેખિતમાં અને ગ્રાહકના સરનામે હાથોહાથ પહોંચાડવામાં આવે કે તેના સરનામે પહોંચાડવામાં આવે તે ટપાલ દ્વારા અથવા કાયદામાં કરેલી જોગવાઈઓ અનુસાર બતાવેલી પધ્ધતિથી ગ્રાહકના અરજીમાં જણાવેલા સરનામે, અથવા તો તેમણે પછી બતાવેલા અન્ય સરનામે મોકલી દેશે.

૮.૬.૨ ગ્રાહકે જો વિતરણ પરવાનેદારને નોટિસ આપવાની હોય તો જો તે વિતરણ પરવાનેદારને સરનામે હાથોહાથ, કે ટપાલથી કે અન્ય કોઈ રીતે, કાયદામાં થયેલી જોગવાઈ અનુસાર ગ્રાહકને જે સરનામેથી વિતરણ પરવાનેદાર બિલો મોકલતા હોય ત્યાં પહોંચાડે તો તે નોટિસ આપી ગણાય.

૮.૭ પુરવઠા કાપી નાંખવો

૮.૭.૧ જો કોઈ ગ્રાહક એવું કોઈ વીજળિક સાધન વાપરે કે જે અન્ય ગ્રાહકોને પૂરવઠામાં હાનિ પહોંચાડે, કે પોતાને પૂરી પાડવામાં આવતી વિદ્યુત એવી રીતે વાપરે કે એવી રીતે વ્યવહાર કરે જે અનુચિત હોય કે અયોગ્ય હોય, જે વિતરણ પરવાનેદાર કોઈપણ ગ્રાહકને વીજપુરવઠામાં દાખલ કરતો હોય, અથવા જો ગ્રાહક કોઈપણ મીટર અને / અથવા અન્ય સ્થાપન અવ્યવસ્થિત રાખે જે દ્વારા તેને મળતો વીજપુરવઠો નોંધાતો હોય, તેવા સંજોગોમાં વિતરણ પરવાનેદાર જોડાણ કાપી નાંખશે, અને તે પહેલા સાત દિવસની ચોખ્ખી મુદતની નોટિસ, ધારા, નિયમો અને નિયમનોની જોગવાઈઓમાં રહીને આપશે. આ જોડાણ જયાં સુધી આવું ઉપકરણ લગાવેલું હોય કે વિદ્યુત વપરાતી હોય કે તેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તે મીટર / અને / અથવા તેના ઉપકરણો યોગ્ય રીતે રાખવામાં ન આવે ત્યાં સુધી જોડાણ કાપી રાખશે. વિતરણ પરવાનેદાર આવા વાંધાજનક સાધનો / ઉપકરણોની યાદી બનાવી અને તેને સુધારવાના પગલાં જરૂરી લાગે તેની નોંધ આપશે.

૮.૭.૨ જયાં સુધી વિદ્યુત નિરીક્ષકને સંતોષ ન થાય કે વિદ્યુત પુરવઠા લાઈન, ફિટિંગ કે બાંધકામ કે અન્ય કોઈ ઉપકરણ જે તે ગ્રાહકની જગ્યામાં યોગ્ય સ્થિતિમાં નથી અને તે વિતરણ પરવાનેદાર દ્વારા અન્ય ગ્રાહકોને અડચણભર્યા નથી ત્યાં સુધી વિતરણ પરવાનેદાર પુરવઠો ચાલુ કરી આપવા કે પુરવઠો ચાલુ રાખવા બંધાયેલા નથી.

૮.૭.૩ જયારે ઉપર જણાવેલા કોઈપણ કારણે પુરવઠો કાપી નાંખવામાં આવ્યો હોય ત્યારે, કોઈપણ નાણાં ગ્રાહકે ભરવાના થાય તે તાત્કાલિક વસૂલાતપાત્ર બનશે. ગ્રાહકે લઘુત્તમ માસિક ચાર્જ પણ ભરવો પડશે, જો કોઈ બાકી હોય તો, જે કારારમાં લખેલી મુદત પૂરી થવામાં બાકી રહેતો સમયગાળો હોય, અથવા જયાં લેખિત કરાર ન હોય ત્યાં, જો કરાર લેખિત હોત તો જે મૂજબ બાકી મુદત નીકળતી હોત તે ગણવામાં આવે.

૮.૭.૪ જયારે કોઈ ગ્રાહકનો વીજ પુરવઠો, તેણે વિદ્યુત ચાર્જના બિલ છ માસ સુધી ભર્યા હોય તે કારણે કાપી નાખવામાં આવ્યો હોય, કે અન્ય કોઈ ખર્ચ ન ભર્યો હોય તે કારણે કે આ સંહિતા હેઠળની સૂચનાઓનું પાલન ન થયું હોય, અને ગ્રાહક દ્વારા જોડાણ કાપવા અંગેના કારણો દુર ન થયા હોય, તેવા સંજોગોમાં, ગ્રાહક દ્વારા વિતરણ પરવાનેદાર સાથે વિદ્યુત પૂરવઠા માટે થયેલા કરારનો અંત આવ્યો ગણાશે, જે આવા છ માસના ગાળાના અંતે અસરકર્તા થશે. કરારનો અંત આવતાં, વિતરણ પરવાનેદારને, સર્વિસ લાઈન દૂર કરવાનો અને અન્ય સ્થાપનોને જે દ્વારા વિદ્યુત પુરવઠો ચાલુ કરવામાં આવ્યો હતો તે દૂર કરવાનો હક રહેશે અને ગ્રાહકને તે સર્વિસ લાઈન અંગે પોતે જે ચાર્જ અગાઉ ભર્યો હતો તે પાછા મેળવવાનો હક રહેતો નથી. એક વખત ગ્રાહકને પુરવઠો આપવાનું જોડાણ કાપી નાંખવામાં આવે, તેણે વીજચોરી કરી હોય કે તેણે આકારણીની રકમ ભરી ન હોય અથવા જો પુરવઠો ફરી જોડવામાં આવ્યો ન હોય, ત્યારે પરવાનેદાર આવી સર્વિસ અને ઉપકરણો દૂર કરી શકશે, સિવાય કે આકારણી અધિકારી અથવા વિશેષ કોર્ટ દ્વારા પુનજોર્ડાણના આદેશો કરવામાં ન આવ્યા હોય.

૮.૭.૫ જયારે પુરવઠો કાપી નાંખવામાં આવ્યો હોય, વિદ્યુત ચાર્જના બીલો ન ભરવાના કારણે કે ગ્રાહક પાસેથી અન્ય કોઈ ખર્ચ લેવાના બાકી રહ્ ા હોય તેવા કારણે, પુરવઠો આપવાના કે વિદ્યુત ગ્રાહકને પહોંચાડવાના હેતુસર, તો તેવા સંજોગોમાં ગ્રાહક અન્ય કોઈ વિતરણ પરવાનેદાર પાસેથી વિદ્યુત પુરવઠો મેળવી શકશે નહીં.

૮.૭.૬ કોઇ ગ્રાહક, યોગ્ય નોટિસ આપ્યા પછી પણ કોઇ ચોક્કસ શરત કે આદેશોનુ પાલન ન કરે અને આવા પાલન ન કરવાના કાર્યથી પ્રણાલી સંચાલન અને સુરક્ષાને વાજબી રીતે અસર થવાની ધારણા હોય તો, વિતરણ પરવાનેદાર આવા ગ્રાહકનો વીજ-પુરવઠો કાપી નાખશે. અંકરકાલિન કેસોમાં, પ્રણાલીના સંચાલન અને સુરક્ષા માટે આવું જોડાણ તાત્કાલિક કાપી નાખવામાં આવશે. જેના કારણે જોડાણો કાપી નાખવામાં કે સુધારવામાં આવ્યાં હોય તે કારણે દૂર થાય કે તરત જોડાણ કરી આપવામાં આવશે.

૮.૮ વધારે પડતાં નિયમભંગો :

૮.૮.૧ જો કોઈ ગ્રાહક એક જે સર્વિસ જોડાણ માટે એક કરતાં વધુ નિયમભંગ કરશે તો દરેક નિયમભંગ પર અલગ રીતે કાર્યવાહી કરવામાં આવશે. દરેક કિસ્સામાં નિયમાનુસાર જે કાંઈ અલગ અલગ શિક્ષા થવા પાત્ર હશે તે અલગથી થશે.

૮.૯ અર્થઘટન :

૮.૯.૧ આ સંહિતા હેઠળની જોગવાઈઓ, વિદ્યુત ધારા ૨૦૦૩, અને તે હેઠળ ઘડાયેલા નિયમો, કોઈપણ મર્યાદાઓ કે અંકૂશો અમલમાં હોય તેની સાથે વાંચીને અને તેના સંબંધે ગણવાની રહેશે. ઉપર જણાવાયું છે તે મુજબ આ નિયમનોમાં જે કાંઈ કહેવાયું છે તે, વિતરણ પરવાનેદાર કે ગ્રાહકના હકો કે ઉપાયો અમલમાં રહેલા ધારા કે કે કાયદામાં મળતા હોય તેને ઘટાડી દેતાં નથી.

૮.૧૦ મુશ્કેલી દૂર કરવાની સત્તાઓ

૮.૧૦.૧ આ સંહિતાના જોગવાઈઓને અસર આપવા માટે, કોઈ મુશ્કેલી જણાય તો, તે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ પાસે રજુ કરવામાં આવશે જે જરૂરી કાર્યવાહી કરીને, સાધારણ કે વિશેષ આદેશો, આ મુશ્કેલીઓને હલ કરવાના હેતુથી, જરૂરી કે ઉપયોગી લાગે તેવા આદેશો કરશે.

૮.૧૧ બચતો

૮.૧૧.૧ આ સંહિતામાં જણાવેલી કોઈ જોગવાઈ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને, આયોગની પ્રક્રિયાના દુરૂપયોગને અટકાવવા કે ન્યાયી પરિણામો લાવવા માટેની સત્તાને ઘટાડી દેતા નથી.

૮.૧૧.૨ આ સંહિતામાં જણાવેલી કોઈ જોગવાઈ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને ધારાની જોગવાઈઓને અનુરૂપ પધ્ધતિ ઘડી કાઢવા માટે, જે પધ્ધતિ સંહિતાની જોગવાઈઓમાંથી અલગ પડતી હોય, તો તેવી પધ્ધતિ ઘડવામાંથી રોકી શકતી નથી. જો આયોગને ખાસ સંજોગોમાં કોઈ બાબત કે બાબતો માટે એવું લાગે, અને તેવા સંજોગોમાં તેવા કારણો લેખિતમાં નોંધીને, જરૂરી અને ઉપયોગી હોય કે તેવી બાબત કે તેવી બાબતોના વર્ગ માટે નિર્ણય કરવાનો હોય.

૮.૧૧.૩ આ સંહિતામાં જણાવેલી કોઈ જોગવાઈ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને, કોઈપણ બાબતને હલ કરવા માટે કે કોઈ સત્તાનો અમલ કરવા માટે જે ધારા દ્વારા મળી હોય, અથવા, તો જે માટે કોઈ સંહિતા ઘડાઈ ન હોય, આયોગ તેવી બાબતે સત્તા અને કાર્યવાહી માટે તેમને જે યોગ્ય લાગે કે મુજબ વર્તશે અને તે બાબત આ સંહિતાઓ બાધરૂપ થતી નથી.

અમદાવાદ
તા.૩૧ માર્ચ.૨૦૦૫

(પી.એસ.શાહ)
સચિવ

પરિશિષ્ટ - ૧

નીચા વીજદાબવાળો પુરવઠો કે નીચા વીજદાબવાળા પુરવઠામાં વધારો મેળવવા માટેની અરજી

જગ્યાનો પ્રકાર
રહેણાક વાણિજ્યિક ઔધ્યોગિક સંસ્થા અન્ય ખેતીવિષયક

અરજી ક્રમાંક

પ્રતિ
શ્રી

તા.

(નોંધ : અરજદારે પોતાનું નામ બધી વિગત સાથે સ્પષ્ટ રીતે ભરીને સહી કરવાની રહેશે)

હું / અમો અમારી માલિકી / કબજાવાળી જગ્યાએ વીજપુરવઠો મેળવવાની અરજી કરીએ છીએ. જરૂરી વિગતો અને પુરાવાઓ આ સાથે સામેલ છે.

અરજદારની વિગતો :- અરજદારનું પુરૂં નામ
(અટક પહેલી લખવી)

એપાર્ટમેન્ટ	ફ્લેટ નં.	માળ
સોસાયટી	પ્લોટ નં.	પેટા પ્લોટ નં.
શેરી	મહોલ્લો	ઘર નંબર
અન્ય		
રહેણાંક સર્વે નં. / ગામ	શહેર સર્વે નંબર	વોર્ડ નંબર
ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.	આખરી પ્લોટ નંબર	શહેર પિનકોડ નંબર
જમીન / જગ્યાના કબજેદાર નું નામ પુરાવો સાથે બિડેલા છે		
જોડાણની ફેર બદલી		હા કે ના
અસલ ગ્રાહકનું નામ જો હો હોય તે		

ઉદ્યોગનો પ્રકાર

વીજભારની વિગત
કિ.વો.

સ.નં ૧૧૪૧માં આવેલ અનુપમ સોસાયટીના વાયવ્ય ખૂણાથી શરૂ કરી મોરબી રાજકોટ રોડની હદે હદે આગળ વધતાં સર્વે નં. ૧૧૩૩ ની ઉત્તર દિશા સુધી ત્યાંથી સર્વે નં.૧૧૩૩ની દક્ષિણ તરફ જતાં સ.નં.૧૧૩૪ની પૂર્વની હદે હદે તથા ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં સ.નં.૧૧૩૫ની પૂર્વ હદે હદે રવાપર રોડ સુધી ત્યાંથી રવાપર રોડની હદે હદે એવન્યુપાર્કની ઉત્તરની હદે હદે વોકળા સુધી ત્યાંથી અગ્નિ તરફ વોકળાની હદે હદે સ.નં.૧૦૦૪ની ઉત્તરની હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સ.નં.૧૦૦૩,૧૦૦૪,૧૦૧૭,૧૦૧૮/૧, ૧૦૧૮/૨ ની દક્ષિણ સુધી. ત્યાંથી પૂર્વ તરફ સ.નં.૧૦૩૮–૧૦૪૦–૧૦૪૬ ની ઉત્તરની હદે સર્વે નં. ૧૦૪૬ ના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વે ન. ૧૧૧૭ ના વાયવ્ય ખૂણા સુધી સ.નં. ૧૧૧૭ – ૧૧૧૬ ની ઉત્તર હદે પૂર્વે આગળ વધી સ.નં. ૧૧૧૬ ના ઈશાન ખૂણે પહોચી નગરપાલિકા ની હદે–હદે દક્ષિણે આગળ વધી વળાંક વળી પશ્ચિમ તરફ આગળ વધી વળાંક વળી દક્ષિણે આગળ વધી પશ્ચિમે આગળ વધી સર્વે નં.૧૦૮૯, ૧૦૮૭ ની પૂર્વ હદે દક્ષિણે આગળ વધી સ. નં. ૧૦૮૭ ની દક્ષિણ હદે પહોંચી ત્યાંથી સ.નં.૧૦૮૭ – ૧૦૮૬ ની દક્ષિણ હદે નગરપાલિકા હદે હદે નૈઋત્ય તરફ આગળ વધી સ. નં. ૧૦૮૬ ની નૈઋત્ય તથા વાયવ્ય હદે આગળ વધી સર્વે નં.૧૦૮૫ની પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ વધી સ. નં. ૧૦૮૪ ની દક્ષિણ હદે પશ્ચિમે આગળ વધી સ.નં.૧૦૮૪ ની પશ્ચિમ હદે ઉત્તરે આગળ વધી સ.નં.૧૦૭૯ ની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ વધી તેમજ પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ વધી સ.નં.૧૦૭૮ ની દક્ષિણ હદે પશ્ચિમે આગળ વધી સ.નં.૧૦૭૫ ની પૂર્વ હદે દક્ષિણે આગળ વધી સ.નં.૧૦૭૫ થી આગળ વધી સ.નં.૧૦૭૫ / ૨ / ૩ ના ઉત્તર હદે પૂર્વ તરફ આગળ વધી સ.નં.૧૦૭૫ / ૩ – ૧૦૭૪ ની પૂર્વ હદે દક્ષિણે આગળ વધી દક્ષિણ હદે પશ્ચિમે આગળ વધી સ.નં.૧૦૭૩ / ૪ ની પૂર્વ – દક્ષિણ હદે આગળ વધી સ.નં.૧૦૭૩ ની પશ્ચિમ હદે આગળ વધી સ.નં.૧૦૭૨ ની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ વધી સ.નં.૧૦૭૦ ની પૂર્વની હદે–હદે દક્ષિણ તરફ આગળ વધી ત્યાંથી પશ્ચિમે સ.નં.૧૦૭૦ની દક્ષિણની હદે આગળ વધી સ.નં.૧૦૬૭ના અગ્નિ ખૂણા સુધી સ.નં.૧૦૭૧ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં સ.નં.૧૦૬૯ ની પશ્ચિમ હદે ઉત્તરે સ.નં.૧૦૬૭ – ૧૦૬૬ ની પશ્ચિમે તરફ આગળ જતાં સ.નં.૧૦૬૬ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી નગરપાલિકાની હદે હદે સ.નં.૧૦૬૯, ૧૦૬૬, ૧૦૬૫,૧૦૬૪, ૧૦૬૦ તથા ૧૦૫૮ની પશ્ચિમે સ.નં.૧૦૫૮ની ઉત્તર સુધી ત્યાંથી ઉત્તર તરફ ઢેઢીની વાડીની પશ્ચિમની હદે હદે સ.નં.૧૦૫૬ની દક્ષિણની હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સ.નં.૧૦૫૬,૧૦૨૮,૧૦૨૯ની દક્ષિણ હદે હદે વી૨પર રોડના ક્રોસીગ સુધી ત્યાંથી દક્ષિણ તરફ જઈ સ.નં.૧૦૨૭ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.૧૦૨૭ની દક્ષિણ હદે સ.નં.૧૦૨૭ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી વાયવ્ય તથા ઉત્તરે જતાં સ.નં.૧૦૨૬ની પશ્ચિમની હદે સ.નં.૧૦૨૫ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સ.નં.૧૦૨૫,૧૦૧૯,૧૦૧૮/૩,૧૦૧૪, ૧૦૦૩/૨,૧૦૦૩/૧ની પશ્ચિમ હદે હદે સ.નં.૧૦૧૩ના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી સ.નં.૧૦૧૩/૧, ૧૦૧૨ની ઉત્તરની હદેહદે ઈશાન ખુણા તરફ જતાં સ.નં.૧૦૦૮ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તરે સ.નં.૧૦૦૭ અને ૯૯૯ની પશ્ચિમની હદે હદે રવાપર રોડ ક્રોસીગ સુધી ત્યાંથી રવાપર રોડની હદે હદે પશ્ચિમ તરફ જતાં સ.નં.૯૯૬ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી રવાપર રોડની હદેહદે દક્ષિણ તરફ જતાં સ.નં.૯૪૬ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સ.નં.૯૪૬ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં સ.નં.૯૪૬, ૯૪૭, ૯૯૮,૧૧૩૯ તથા ૧૧૪૧ની પશ્ચિમની હદે હદે સ.નં.૧૧૪૧ના વાયવ્ય ખુણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૧૧

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૧	૧૭૮	૮/૧/૧ થી ૮/૧/૭૭	દાઉદી પ્લોટ, રવાપર રોડ, કાલીકા પ્લોટ, દાઉદી પ્લોટ શેરી ૧ થી ૪
	૧૭૯	૮/૧/૭૮ થી ૮/૧/૧૫૩	દાઉદી પ્લોટ, કાલીકા પ્લોટ, કાલીકા પ્લોટ શેરી નાં. ૧ – ૨
	૧૮૦	૮/૨/૧ થી ૮/૨/૧૧૯	દાઉદી પ્લોટ, કાલીકા પ્લોટ મેઈન રોડ, કાલીકા પ્લોટ શેરી નાં. ૧–૨–૩–૪–૫
	૧૮૧	૮/૨/૧૨૦ થી ૮/૨/૧૯૮	કાલીકા પ્લોટ,ઘનશ્યામ માર્કેટ,જેઠાગલી, કાલીકા પ્લોટ મેઈન રોડ, રવાપર રોડ
	૧૮૨	૮/૨/૧૯૯ થી ૮/૨/૨૮૬	કાલીકા પ્લોટ મેઈન રોડ, હુડકો સામે, દાઉદી પ્લોટ–૨, જેઠા ગલી,
	૧૮૩	૮/૩/૧ થી ૮/૩/૮૬	કાલીકા પ્લોટ ૧–૨–૩–૪–૫, સાયન્ટીફીક વાડી રોડ
	૧૮૪	૮/૩/૮૭ થી ૮/૩/૧૪૯	સાયન્ટીફીક વાડી રોડ, અમુલ ટાઈલ્સ વાળી શેરી, ચાનીયા ગેરેજ વાળી શેરી, (શિવ સોસાયટી)
	૧૮૫	૮/૭/૧ થી ૮/૭/૮૪	કાલીકા પ્લોટ, હુડકો
	૧૮૬	૯/૨/૧ થી ૯/૨/૧૨૩	શકિત પ્લોટ ૨–૪–૫–૬–૮–૯–૧૦ શનાળા રોડ
	૧૮૭	૯/૩/૧ થી ૯/૩/૧૧૭	કાયા પ્લોટ ૧–૨–૩–૪, શકિત પ્લોટ ૧૦–૧૧
	૧૮૮	૯/૩/૧૧૮ થી ૯/૩/૨૧૮	કાયા પ્લોટ, રવાપર રોડ, કાયા પ્લોટ ૧–૨–૩–૪–૫, શકિત પ્લોટ–૧૨,
	૧૮૯	૯/૩/૨૧૯ થી ૯/૩/૩૦૯	કાયા પ્લોટ, શકિત પ્લોટ, ડાયમંડ હોલ, બ્રહ્માકુમારી રાજયોગ ભવન, સોમનાથ સોસાયટી
	૧૯૧	– –	કાલીકા પ્લોટ શેરી નાં. ૨–૩–૪, કોહીનુર કલોક પાસેનો વિસ્તાર, મફતીયુ પરૂ
	૩૧૮	– –	કાલીકા પ્લોટ ૩–૪,મફતીયુ પરૂ
	૩૧૯	– –	કાલીકા પ્લોટ ૪–૫
	૩૨૦	– –	કાલીકા પ્લોટ શેરી નાં. ૬ અને મફતીયુ પરૂ

INDEX

હદનું વર્ણન

શકિત પ્લોટ શેરી નં. ૨ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી શકિત પ્લોટ શેરી નં. ૨ ની ઉત્તર હદે પૂર્વ તરફ આગળ જતાં શકિત પ્લોટ મેઈન રોડ પહોંચી, રોડ ક્રોસ કરી પૂર્વ જતાં રવાપર મેઈન રોડ સુધી, રવાપર મેઈન રોડ ક્રોસ કરી કબીર ટેકરી તરફ જવાના રસ્તાની દક્ષિણ હદે અને ઓમ શોપીંગ સેન્ટરની ઉત્તર હદે પૂર્વ તરફ આગળ જતાં દાઉદી પ્લોટની હદ સુધી ત્યાંથી વળાંક વળી દક્ષિણ તરફ જતાં દાઉદી પ્લોટની પૂર્વ હદ અને વોકળાની પશ્ચિમ હદે દક્ષિણ તરફ જઈ વળાંક વળી વોંકળાની દક્ષિણ હદ અને કાલીકા પ્લોટની ઉત્તર હદે પૂર્વ તરફ આગળ જઈ વળાંક વળી કાલીકા પ્લોટની પૂર્વની હદ અને વજેપર મેઈન રોડની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ વધતાં સાયન્ટીફીક વાડી રોડ ક્રોસ કરી પશ્ચિમે વળાંક વળી વોંકળાની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ આગળ વધતાં અને એવન્યુ પાર્કની ઉત્તર હદે હદે થઈ રવાપર રોડ સુધી, રવાપર રોડની મધ્યેથી ઉત્તરે જતાં સર્વે નં. ૧૧૨૧, ૧૧૨૮ ની પૂર્વ હદે આગળ જતાં વળાંક વળી પશ્ચિમ તરફ આગળ જતાં રેવન્યુ સર્વે નં. ૧૧૨૭ની ઉત્તર હદે હદે સરદાર બાગની દક્ષિણ હદે થઈ શનાળા રોડ સુધી ત્યાંથી વળાંક વળી શનાળા રોડે તેમજ શકિત પ્લોટ શેરી વિસ્તારની પશ્ચિમ હદે આગળ વધી શકિત પ્લોટ શેરી નં. ૨ ની પશ્ચિમ હદ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૧૨

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૨	૧૫૯	૩/૪/૬૭ થી ૩/૪/૧૬૬	વાળંદ શેરી, કડીયા શેરી, ભોય વાડો, ગઢની રાંગ, સીપાઈ શેરી, સીપાઈ વાસ
	૧૧૦	૯/૫/૧ થી ૯/૫/૧૧૭	સાવસર પ્લોટ મેઈન રોડ શેરી નાં. ૧૭, ૩, ૬
	૧૧૧	૯/૫/૧૧૮ થી ૯/૫/૨૨૫	વસંત પ્લોટ શેરી નાં. ૧૦, ૧૬, ૧૫, ૮
	૧૧૨	૯/૬/૧ થી ૯/૬/૧૩૨	સાવસર પ્લોટ ૯ થી ૧૬, શનાળા રોડ, રામચોક મેઈન રોડ, સાવસર પ્લોટ મેઈન રોડ – ૩
	૧૧૩	૯/૭/૧ થી ૯/૭/૧૧૬	સાવસર પ્લોટ શેરી નાં. ૩ થી ૯, સાવસર પ્લોટ મેઈન રોડ
	૧૧૭	૯/૧૧/૧ થી ૯/૧૧/૧૭૬	ખારા કુવા શેરી, લાતી પ્લોટ–૨, લાતી પ્લોટ મેઈન રોડ, સાવસર પ્લોટ મેઈન રોડ
	૧૨૩	૯/૧/૧ થી ૯/૧/૧૨૦	રવાપર રોડ, શનાળા રોડ, વસંત પ્લોટ, શક્તિ પ્લોટ મેઈન રોડ, વસંત પ્લોટ ૬–૧૧–૧૩
	૧૨૪	૧૦/૭/૧ થી ૧૦/૭/૧૨૭	જુના બસ સ્ટેન્ડ, મહેન્દ્રપરા, ઈદ મસ્જીદની પાછળની શેરી, આયોધ્યાપુરી રોડ, નવાડેલા રોડ, મહેન્દ્રપરા – ૩, મસ્જીદપીઠ શેરી નાં. ૧, નવાડેલા રોડ, મસ્જીદ કમ્પાઉન્ડ
	૧૩૧	૬/૧/૧ થી ૬/૧/૯૯	લુહાણા પરા, લુહાણા પરા–૨,
	૧૩૨	૬/૨/૧ થી ૬/૨/૧૩૫	લુહાણા પરા ૧–૨–૩
	૧૩૩	૬/૩/૧ થી ૬/૩/૧૪૫	જેલ રોડ, બજાર લાઈન, લુહાણા પરા
	૧૩૪	૬/૪/૧ થી ૬/૪/૭૭ તથા ૬/૫/૧ થી ૬/૫/૮૩	પોલીસ લાઈન ક્વાર્ટર, જેલ ક્વાર્ટર તથા જેલ
	૧૩૫	૬/૮/૧ થી ૬/૮/૧૩૦	રબારી વાસ, મતવા વાસ, કાલીકા પ્લોટ મેઈન રોડ,રબારી વાસશેરી નં.૧ થી ૫,
	૧૩૬	૭/૧/૧ થી ૭/૧/૧૦૦ તથા ૭/૩/૧ થી ૭/૩/૮૪	વજેપર રોડ, જેલ રોડ, વસંત બાગ વિસ્તાર નગરપાલિકા બાલમંદિર નગરપાલિકા કચેરી પેટ્રોલ પંપ,લખધીરજી દવાખાનુ, વાઘપરા શેરી નં.૧–૩–૫ તથા વાઘપરા મેઈન રોડ
	૧૩૭	૭/૩/૮૫ થી ૭/૩/૧૮૩	વાઘપરા ૭–૯–૧૧–૧૩
	૧૩૮	૭/૪/૧ થી ૭/૪/૬૩	વાઘપરા મેઈન રોડ તથા વાઘપરા ૧૨–૧૪–૧૬
	૧૩૯	૭/૪/૬૪ થી ૭/૪/૧૩૬	વાઘપરા ૧૩–૧૫–૧૭
	૧૪૦	૭/૫/૧ થી ૭/૫/૬૫	વાઘપરા ૨–૪–૬
	૧૪૧	૭/૫/૬૬ થી ૭/૫/૧૭૮	વાઘપરા ૮–૬–૧૦–૧૨, કબીર ટેકરી, કબીર ટેકરી મેઈન રોડ
	૧૪૨	૭/૬/૧ થી ૭/૬/૮૯	કબીર ટેકરી ૩–૪–૫, કબીર ટેકરી મેઈન રોડ
	૧૪૩	૭/૬/૯૦ થી ૭/૬/૧૦૭	કબીર ટેકરી ૨ થી ૮
	૧૪૪	૯/૪/૧ થી ૯/૪/૩૮	પરાબજાર મેઈન રોડ, તખ્તસિંહ રોડ, વસંત પ્લોટ ૨,૩, ૭, સરદાર રોડ
	૧૪૫	૯/૧૨/૧ થી ૯/૧૨/૮૩	વસંત પ્લોટ ૧,૩,૧૦,૫ તથા વસંત પ્લોટ મેઈન રોડ, સરદાર રોડ
	૧૫૩	૩/૧/૧ થી ૩/૧/૮૦	જમાદાર શેરી, બજાર લાઈન, જયહિન્દ સીનેમા પાછળ, સીપાઈ વાસ,
	૧૫૪	૩/૧/૮૧ થી ૩/૧/૧૯૦	ગઢની રાંગ, નગર દરવાજા મેઈન, સીપાઈ શેરી, માતમ ચોક
	૧૫૫	૩/૨/૧ થી ૩/૨/૮૧	ચીચાર્કદોઈની શેરી, બજાર લાઈન, કબીર શેરી, જમાદાર શેરી, કડીયા શેરી
	૧૫૬	૩/૨/૮૨ થી ૩/૨/૧૫૭	કબીર શેરી, બજાર લાઈન, કડીયા શેરી, સીપાઈ વાસ, જમાદાર શેરી
	૧૫૭	૩/૩/૧ થી ૩/૩/૪૩	ભવાની શેરી, બજાર લાઈન, કંદોઈ શેરી, માર્કેટ લેન્ડ વાળી શેરી, કડીયા શેરી, હવેલી શેરી, ગાંધી માર્કેટ, ભવાની શેરી,
	૧૫૮	૩/૪/૧ થી ૩/૪/૬૬	ગાંધી બજાર, વાળંદ શેરી, લુહાર ચાલ, હવેલી શેરી, ભોય વાડો, ઝવેરી શેરી

હદનું વર્ણન

જુના બસ સ્ટેન્ડની ઉત્તર હદે અને મહેન્દ્રપરા મેઈન રોડની દક્ષિણની હદે મચ્છી પીઠની પૂર્વ અને ઘાંચી શેરીની પશ્ચિમ હદે હદે દક્ષિણે આગળ વધી ખારા કૂવા (સરદાર રોડ)ના મધ્યબિંદુએ પહોંચી સાવસર પ્લોટની ઉત્તર હદે હદે તેમજ બેંક ઓફ બરોડાની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ વધી વિજય ટોકીઝ ની દક્ષિણ હદે હદે અને પંજાબ નેશનલ બેંકની ઉત્તરે ખારાકૂવા રોડ ઉપર પૂર્વ દિશામાં આગળ વધી નહેરૂગેઈટ થઈ જય હિન્દ સિનેમાની ઉત્તર હદે હદે અને કલાલ શેરીની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ વધી ગામોટ શેરીની દક્ષિણ હદે હદે અને ચીચા કંદોઈ શેરીની ઉત્તર હદે હદે મેઈન બજારમાં પૂર્વ તરફ આગળ વધી ગાંધી બજારના મધ્યબિંદુએ દક્ષિણ તરફ સાંકડી શેરીની પશ્ચિમ હદે હદે હવેલી શેરીની પૂર્વ હદે હદે આગળ હુશેન પીરની દરગાહની પૂર્વ હદે આગળ જઈ વળાંક વળતાં ભોય વાડાની ઉત્તર હદે પશ્ચિમ તરફની હદે હદે આગળ જતાં ઝવેરી શેરીની ઉત્તર હદે પશ્ચિમ તરફ જતાં જય હિન્દ સિનેમા રોડની મધ્યબિંદુએ પહોંચી ઝવેરી શેરીની પશ્ચિમે અને ગઢની રાંગ લોહાણા પરાની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ વધી લખધીર વાસની પશ્ચિમ હદે હદે અને પોલીસ લાઈનની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ વધી પોલીસ લાઈનની દક્ષિણ હદે હદે અને જેલની ઉત્તર હદે હદે આગળ પશ્ચિમ તરફ આગળ વધી જેલ રોડના મધ્યબિંદુએ જેલની પશ્ચિમ હદે હદે અને પશુ દવાખાનાની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ વધી વળાંક વળી પશુ દવાખાનાની દક્ષિણ હદે હદે હરીજન વાસની ઉત્તર હદે હદે વજેપર રોડ તરફ પશ્ચિમ બાજુ આગળ વધી વળાંક વળી ઉત્તરે જતાં રબારી વાસની પશ્ચિમ બાજુની હદે હદે તેમજ કાલીકા પ્લોટની પૂર્વ હદે હદે ઉત્તર તરફ આગળ વધી વોંકળાની પશ્ચિમ હદે હદે ઉત્તરે આગળ જઈ ઓમ શોપીંગ સેન્ટરની પશ્ચિમ હદે થઈ રવાપર રોડ સુધી. ત્યાંથી રવાપર રોડ ક્રોસ કરી ઉત્તર તરફ શકિત પ્લોટ શેરી નં. ૨ની હદે હદે ઉત્તર તરફ આગળ વધી શનાળા મેઈન રોડ ક્રોસ કરી અયોધ્યાપુરી મેઈન રોડની પૂર્વ તરફ સાવસરપ્લોટની પશ્ચિમ હદે હદે ઉત્તર તરફ જતાં જુના બસ સ્ટેન્ડ ની ઉત્તર હદે હદે મહેન્દ્રપરા મેઈન રોડની મધ્યબિંદુ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૧૩

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૩	૧૬૪	૧/૧/૧ થી ૧/૧/૧૨૩	દરબાર ગઢ મચ્છુ બારી, દેરાસર રોડ, વઢવાણીયા શેરી, ખોખાણી શેરી, ખત્રી વાડ મેઈન રોડ, દેરાસર મેઈન રોડ, ખત્રી વાડ–૨
	૧૬૫	૧/૨/૧ થી ૧/૨/૧૩૭	મચ્છુ બારી, ખત્રી વાડ ૨–૩–૪–૬, વોરા વાડ
	૧૬૬	૧/૩/૧ થી ૧/૩/૧૨૪	ખત્રી વાડ ૨–૫–૭, ખત્રી વાડ મેઈન રોડ, નાની બજાર, નાની માધાણી શેરી,નાની બજાર મેઈન રોડ
	૧૬૭	૧/૪/૧ થી ૧/૪/૬૬	નાની બજાર મુલ્લા શેરી, બુરહાની સ્ટ્રીટ, ખત્રીવાડ મેઈન રોડ, શૈફી મહોલ્લો,
	૧૬૮	૧/૪/૬૭ થી ૧/૪/૧૪૩	મકરાણી વાસ, મહેન્દ્ર ઘાટ, ચૌહાણ શેરી, નાની બજાર મેઈન રોડ, ખત્રી વાડ રામઘાટ
	૧૬૯	૧/૫/૧ થી ૧/૫/૬૧	મકરાણી વાસ, રબારી વાસ, મોલાઈ શેરી, વણકર શેરી
	૧૭૦	૧/૫/૬૨ થી ૧/૫/૧૮૫	મકરાણી વાસ, નાની બજાર, પીર વાળી શેરી, રામઘાટ રોડ, રોહીલા પીર, વણકર શેરી, નાની બજાર
	૧૭૧	૧/૮/૧ થી ૧/૮/૧૮૩	સોની બજાર, પારેખ શેરી, મોટી માધાણી શેરી, શીવા ડો. શેરી, સંઘવી શેરી, દેરાસર શેરી, દરબાર ગઢ
	૧૭૨	૧/૯/૧ થી ૧/૯/૮૬	પારેખ શેરી, દેરાસર રોડ, ખોખાણી શેરી, સ્વામિનારાયણ મંદિર શેરી
	૧૭૩	૧/૯/૮૭ થી ૧/૯/૨૦૪	પારેખ શેરી, ખોખાણી શેરી, માધાણી શેરી, જૈન દેરાસર રોડ
	૧૭૪	૧/૧૦/૧ થી ૧/૧૦/૧૩૯	પારેખ શેરી , મોટી માધાણી શેરી, નાની બજાર,
	૧૭૫	૨/૬/૧ થી-૨/૬/૬૨	ગૌરાંગ શેરી, ગોકળદોશીની બારી,પારેખ શેરી, નાની બજાર, સુતાર શેરી
	૧૭૬	૨/૬/૬૩ થી ૨/૬/૧૮૨	ગોકળદોશીની બારી, પારેખ શેરી, સુતાર શેરી
	૧૭૭	૨/૭/૧ થી ૨/૭/૧૪૪	રામજીયાણી શેરી, પીજારા શેરી, પારેખ શેરી, સામક શેરી, સાંકડી શેરી, ગૌરાંગ શેરી,
	૧૪૬	૨/૧/૧ થી ૨/૧/૧૩૩	ગ્રીન ચોક, સાંકડી શેરી, ગાંધી બજાર, રામજીયાણી શેરી, લુહાર ચાલ
	૧૪૭	૨/૨/૧ થી ૨/૨/૭૮	સાંકડી શેરી,લક્ષ્મીનારાયણ શેરી, લખધીરવાસ મેઈન રોડ, ભવાની ચોક, બક્ષી શેરી
	૧૪૮	૨/૨/૭૯ થી ૨/૨/૨૩૧	લક્ષ્મીનારાયણ શેરી, બક્ષી શેરી, લખધીરવાસ મેઈન રોડ, લુહાર ચાલ, ઝવેરી શેરી
	૧૪૯	૨/૩/૧ થી ૨/૩/૬૦	હુશેનપીરની દરગાહ, ગાંધી બજાર, સુતાર શેરી, ઘંટ્યા પા, વિશ્વકર્મા મેઈન રોડ, સામક શેરી
	૧૫૦	૨/૩/૬૧ થી ૨/૩/૨૧૪	ઘંટ્યા પા, સુતાર શેરી, જોડીયા હનુમાન શેરી, સામક શેરી,
	૧૫૧	૨/૪/૧ થી ૨/૪/૧૧૩	વિશ્વકર્મા શેરી, રાધેશ્યામ શેરી, બુઢાબાવાની શેરી, નાની બજાર મેઈન રોડ,ત્રીકમરાય મંદિર,
	૧૫૨	૨/૫/૧ થી ૨/૫/૧૨૧	બુઢાબાવા શેરી, જુના હનુમાન શેરી, વાંકાનેર દરવાજા રોડ, નાની બજાર મેઈન રોડ, ભવાની શેરી
	૧૬૧	૩/૬/૧ થી ૩/૬/૧૭૪	લખધીરવાસ મેઈન રોડ, ઝવેરી શેરી, વાળંદ શેરી, શાસ્ત્રી શેરી, પોલીસ લાઈન
	૧૬૨	૩/૭/૧ થી ૩/૭/૬૩	લખધીરવાસ મેઈન રોડ, ભવાની ચોક, વાંકાનેર દરવાજા મેઈન રોડ બાલ મંદિર
	૧૬૩	૩/૭/૬૪ થી ૩/૭/૧૭૨	ગઢની રાંગ પાછળ, ભવાની ચોક બાજુ, લખધીરવાસ, મદીના મસ્જીદ, વાંકાનેર દરવાજા
	૧૬૦	૩/૫/૧ થી ૩/૫/૧૬૬	ભોય વાડો, લુહાર ચાલ, ઝવેરી શેરી, ગાંધી બજાર, ઝવેરી શેરી – ૨

હદનું વર્ણન

ગાંધી બજારની ઉત્તરેથી ગ્રીન ચોકમાંથી પૂર્વ તરફ પસાર થતાં રામજીયાણી શેરીની ઉત્તર હદે હદે તથા કંસારા શેરીની દક્ષિણ બાજુ ની હદે હદે પૂર્વ તરફ મેઈન બજારમાં આગળ જતાં પારેખ શેરીની ઉત્તર હદે હદે તથા મોદી શેરીની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ જતાં દેરાસર રોડ સુધી. ત્યાંથી રોડ ક્રોસ કરી આગળ જતાં કન્યાશાળા તથા ખોડિયાર માતાના મંદિરની પૂર્વ હદે હદે ઉત્તર આગળ જઈ દરબાર ગઢની ઉત્તરની દિવાલની હદે હદે પૂર્વ તરફ આગળ વધી મચ્છુ નદીના મધ્યબિંદુ એ પહોંચી નદીના મધ્યમાંથી દક્ષિણ તરફ આગળ વધી કાલીકા ઘાટ, શીતળાનું મંદિર, ખત્રી વાડ, વોરા વાડ અનેરામ ઘાટની પૂર્વ હદે હદે નદીના મધ્યબિંદુએ પહોંચી ત્યાંથી પશ્ચિમ તરફ વળી બ્રાહ્મણ ભોજન શાળાની ઉત્તરે અને બાલમંદિરની દક્ષિણ હદે હદે પશ્ચિમે આગળ વધતા સબજેલની ઉત્તર હદે હદે અને એ.સી.સી. સ્કૂલ બીલ્ડીંગની દક્ષિણ હદે હદે આગળ જઈ વળાંક વળી ઉત્તરે જતાં તળીયા ચોકની પશ્ચિમ હદે હદે અને પોલીસ લાઈનની પૂર્વ હદે હદે ઉત્તર તરફ આગળ વધી લખધીરવાસ દરવાજાની પૂર્વ હદે હદે અને ઝવેરી શેરીની પશ્ચિમે હદે હદે ઉત્તર તરફ આગળ વધી ભોયવાડાના રસ્તાના મધ્યબિંદુએ પહોંચી પૂર્વ તરફ વળાંક વળી સિપાઈ વાસની દક્ષિણ હદે હદે આગળ વધી ગાંધી બજાર રોડના મધ્ય બિંદુએ પહોંચી હુશેનપીરની પૂર્વ હદે હદે અને ગાંધી બજારની પશ્ચિમ હદે હદે ઉત્તર તરફ આગળ વધી ગાંધી બજારના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૧૪

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસ બ્લોક નંબર	સેન્સસ બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૪	૧૯૨	૬/૬/૧ થી ૧/૬/૧૫૬	મકરાણી વાસ, વાંકાનેર દરવાજા બહાર, બોરીચા વાસ
	૧૯૩	૧/૭/૧ થી ૧/૭/૧૩૩	બોરીચા વાસ, શાસ્ત્રી બાગ, લીલાપર રોડ
	૧૯૫	૬/૬/૮૮ થી ૬/૬/૧૮૩	હરીજન વાસ, વણકર વાસ
	૧૯૪	૬/૬/૧ થી ૬/૬/૮૭	વણકર વાસ ૧–૨–૩–૪–૫
	૧૯૬	૬/૬/૧૮૪ થી ૬/૬/૩૭૦	લીલાપર મેઈન રોડ
	૧૯૭	૬/૭/૧ થી ૬/૭/૭૦	હરીજન વાસ
	૧૯૮	૬/૭/૭૧ થી ૬/૭/૧૭૧	હરીજન વાસ, વજેપર મેઈન રોડ, હરીજન વાસ શેરી નાં. ૬–૭–૮
	૧૯૯	૮/૪/૧ થી ૮/૪/૯૩	વજેપર શેરી નાં. ૧૩–૫–૭–૯
	૨૦૦	૮/૪/૯૪ થી ૮/૪/૧૯૨	વજેપર શેરી નાં. ૧૧–૧૩–૧૫–૧૭ કાલીકા પ્લોટ
	૨૦૧	૮/૫/૧ થી ૮/૫/૮૨	વજેપર શેરી નાં. ૧૭–૯–૨૧ તથા વજેપર મેઈન રોડ
	૨૦૨	૮/૫/૮૩ થી ૮/૫/૧૯૮	વજેપર શેરી નાં. ૨૧, ૨૨, ૨૩, શીવ સોસાયટી, સાયન્ટીફીક વાડી રોડ
	૨૦૩	૮/૬/૧ થી ૮/૬/૭૪	વજેપર મેઈન રોડ, હરીજન વાસ, વણકર વાસ, વજેપર શેરી નં.૨–૪–૬–૮–૧૦
	૨૦૪	૮/૬/૭૫ થી ૮/૬/૧૫૫	વજેપર શેરી નાં. ૧૨, ૧૪, ૧૬, ૧૮
	૨૦૫	–	લીલાપર રોડ, હોથીપીરની દરગાહ પાછળ, મફતીયુ પરૂ
	૨૦૮	–	લીલાપર રોડ, મફતીયુ પરૂ
	૨૦૬	–	મકરાણી વાસ, નદીના કાંઠે, રામઘાટ પાસે
	૨૦૭	–	બોરીચા વાસ, જાહેર શૌચાલયની પાછળનો વિસ્તાર

INDEX

હદનું વર્ણન

વોર્ડ નંબર ૧૪ ની હદ વાયવ્ય ખૂણાથી વજેપરની ઉત્તર હદે હદે અને મતવા વાસની દક્ષિણ હદે હદે વજેપર તરફ જવાના રસ્તે પૂર્વ તરફ આગળ વધતાં હરીજન વાસ ની ઉત્તર હદે હદે અને રબારી વાસની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ જતાં જેલ રોડ સુધી ત્યાંથી પૂર્વમાં જેલ રોડ ક્રોસ કરી આગળ વધતાં પોલીસ લાઈનની દક્ષિણ હદે હદે તેમજ વાંકાનેર દરવાજાની ઉત્તર હદે પૂર્વ તરફ ચાલી મચ્છુ નદીના મધ્યબિંદુએ પહોચી દક્ષિણ તરફ વળાંક વળી નદીની મધ્યે દક્ષિણ તરફ ચાલી ફિલ્ટર હાઉસની પૂર્વ હદે મચ્છુ નદીના મધ્યબિંદુએ પહોચી ફિલ્ટર હાઉસની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ આગળ ચાલતા લીલાપર રોડ સુધી, લીલાપોર રોડ ક્રોસ કરી સર્વે નં. ૧૧૧૮–૧૦૪૫–૧૦૪૭–૧૦૪૨–૧૦૪૧ તથા ૧૦૩૯/૨ની દક્ષિણ હદે હદે તથા સર્વે નં. ૧૧૧૭–૧૦૪૬–૧૦૪૯–૧૦૩૮ ની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ ચાલતા સર્વે નં. ૧૦૩૯ / ૨ ની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ જતાં સર્વે નં. ૧૦૩૯/૨ – ૧૦૩૯/૧–૧૦૪૦– ૧૦૨૨– ૧૧૨૫–૧૧૨૪–૧૧૨૩ તેમજ વજેપરની પશ્ચિમ હદે હદે તેમજ સર્વે નં. ૧૦૧૮ –૧૦૧૭–૧૦૦૪–૧૦૦૩–૯૯૯ તેમજ કાલીકા પ્લોટની પૂર્વ હદે હદે ઉત્તર તરફ ચાલીને વજેપર જવાના રસ્તા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

Extra No. 166 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, JULY 18, 2005/ASADHA 27, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-A and I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૧૮–૭–૨૦૦૫

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–મનપા–ભાવનગર–૨૦૦૫

ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ(ગુજરાત દ્વિતિય સુધારા)૧૯૯૩થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ–૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજય ચૂંટણી પંચમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ– ૧૪ની પેટા કલમ (૨) હેઠળ રાજય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૫ ની પેટા કલમ (૩)માં ખંડ (ક) તથા પેટા કલમ–(૪),(૫),(૬) તથાં (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૧૯૪–૨૦૦૫–એએમએન–૮૦૯૩–૩૯૫૫–પી. તા. ૮–૬–૨૦૦૫ થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ભાવનગર મહાનગરપાલિકા જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના સને ૨૦૦૧ ની વસ્તી ગણત્રીના આંકડા પ્રસિદ્ધ થયા છે તે આંકડા આધારે મહાનગરપાલિકાને ૧૭ વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સીલરોની કુલ બેઠકો–૫૧ નકકી કરેલ છે. તેમ જ અનુસૂચિત જાતિ, પછાત વર્ગની તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે નિયમોના નિયમ–૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે,સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણાં કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી પંચ ૧૦ ટકા થી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૪. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસ્તી ૫,૧૧,૦૬૭ આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને ૧૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૦,૦૬૩ની થાય છે.

૫. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયુ છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે રીતે કોઈપણ વોર્ડની વસતી સરેરાશ વસ્તીના ૧૦ % થી વધતી નથી કે ૧૦ % થી ઘટતી નથી.

૬. મહાનગરપાલિકાના ૧૭ વોર્ડોને નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને શકય હોય ત્યાં સુધી વસતી મુજબ એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

INDEX

૭. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે નિયમ–૬ ની બાબત (ક) ની જોગવાઈ પ્રમાણે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસુચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૮. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિની બેઠકની ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૯. જાહેરનામા અન્વયે મહાનગરપાલિકા માટે ૩ બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને આ ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસુચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૦. સને: ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૪	૨૭૫૫૮	૬૩૮૯	૨૩.૧૮
૨	૯	૨૮૫૦૬	૫૨૭૯	૧૮.૫૨
૩	૧	૨૯૬૮૩	૩૫૦૨	૧૧.૮૦
૪	૧૦	૩૧૮૬૫	૩૦૩૩	૯.૫૨
૫	૧૨	૩૨૬૩૩	૨૮૩૦	૮.૬૭
૬	૩	૨૭૭૦૦	૧૬૩૮	૫.૯૧
૭	૫	૨૭૨૬૩	૧૨૧૯	૪.૪૭
૮	૮	૩૧૦૩૯	૯૮૦	૩.૧૬
૯	૬	૨૯૬૩૪	૮૧૮	૨.૭૬
૧૦	૧૪	૨૯૯૩૩	૭૧૪	૨.૩૯
૧૧	૧૭	૩૩૦૨૨	૭૧૫	૨.૧૭
૧૨	૧૧	૩૨૮૯૫	૬૪૩	૧.૯૫
૧૩	૧૫	૩૨૯૦૧	૫૫૬	૧.૬૯
૧૪	૧૬	૨૯૦૭૨	૪૨૧	૧.૪૫
૧૫	૧૩	૩૨૮૬૧	૩૭૨	૧.૧૩
૧૬	૭	૨૭૩૩૧	૧૫૬	૦.૫૭
૧૭	૨	૨૭૧૭૧	૮૧	૦.૩૦
	કુલ..	૫૫૧૦૬૭	૨૯૩૫૬	

૧૧. આમ, અનુસુચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪, ૯ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસુચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૨. અનુસુચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૪ અને ૯ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં. ૧ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

INDEX

૧૩. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૪, ૯ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૪	અનુસૂચિત જાતિ
૯	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૪. જાહેરનામા અન્વયે મહાનગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી.

૧૫. જાહેરનામા અન્વયે ૫ બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૨ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૬. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૫ બેઠકો પૈકી ૨ બેઠક પછાતવર્ગ સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

ભાવનગર મહાનગરપાલિકાના સુચિત ૧૭ વોર્ડની વસતી તથા પછાતવર્ગની અંદાજીત વસતી તથા તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૩	૨૭૭૦૦	૨૨૦૪૯	૭૯.૬૦
૧	૨૯૬૮૩	૨૩૧૩૮	૭૭.૯૫
૨	૨૭૧૭૧	૧૭૭૨૫	૬૫.૨૩
૧૧	૩૨૮૯૫	૨૦૨૭૦	૬૧.૬૨
૯	૨૮૫૦૬	૧૭૦૬૯	૫૯.૮૮
૮	૩૧૦૩૯	૧૮૦૧૨	૫૮.૦૩
૧૦	૩૧૮૬૫	૧૮૦૩૩	૫૬.૫૯
૫	૨૭૨૬૩	૧૪૯૦૦	૫૪.૬૫
૪	૨૭૫૫૮	૧૫૦૨૦	૫૪.૫૦
૧૩	૩૨૮૬૧	૧૭૬૬૭	૫૩.૭૬
૭	૨૭૩૩૧	૧૪૨૯૬	૫૨.૩૧
૧૭	૩૩૦૨૨	૧૪૩૯૦	૪૩.૫૮
૬	૨૯૬૩૪	૧૧૨૩૨	૩૭.૯૦
૧૪	૨૯૯૩૩	૧૦૨૭૦	૩૪.૩૧
૧૫	૩૨૯૦૧	૮૨૦૪	૨૪.૯૪
૧૬	૨૯૦૭૨	૭૦૩૨	૨૪.૧૯
૧૨	૩૨૬૩૩	૭૬૮૪	૨૩.૫૫
કુલ.	૫૧૧૦૬૭	૨૫૬૯૯૧	

INDEX

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળેલ છે તેમાં સૂચિત વોર્ડ નં.૩, ૧, ૨, ૧૧ અને ૯ માં પછાતવર્ગની બેઠકો ફાળવવાની થાય છે, જે પૈકી ત્રીજા ક્રમે વોર્ડ નં. ૨ અને પાંચમા ક્રમે આવતા વોર્ડ નં. ૯ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. આથી પછાતવર્ગોની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ
૧	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી
૧૧	પછાતવર્ગ
૯	પછાતવર્ગ સ્ત્રી

૧૭. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૮. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને ભાવનગર મહાનગરપાલિકાને આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૧૯. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૦. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે. અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ મહાનગરપાલિકાના વોર્ડની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી. એચ. શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ – ૧

ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

સને ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા આધારે ભાવનગર મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડનું વર્ણન.

વોર્ડ નં. ૧ વડવા – બ

ભાવનગર મહાનગરપાલિકાની હદના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફની હદે પૂર્વ તરફ ચાલતા ખારમાં માઢીયા રોડ ક્રોસ કરીને, મોતીતળાવની પશ્ચિમ તથા ઉત્તર થઈ, પશ્ચિમ તરફ ચાલતા સર્વે નં.૪૪૫, મોતીતળાવ રોડ તથા રેલ્વે લાઈન ક્રોસ કરી, રેલ્વેલાઈનની હદે હદે દક્ષિણ તરફ ચાલતા રેલ્વે સ્ટેશન થઈ, દાણાપીઠ મેઈન રોડ ક્રોસ કરી, શેલારશા ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સંઘેડીયા બજાર રોડ થઈને, અલકા સિનેમાની પૂર્વ હદે, દક્ષિણ તરફ ભાવનગર–વરતેજ રોડ ઉપર ચાલતા ચાવડીગેઈટથી નૈઋત્ય દિશામાં પાવરહાઉસ સુધી. ત્યાંથી પશ્ચિમ દિશામાં મહાલક્ષ્મી મીલના કમ્પાઉન્ડની દક્ષિણ હદે રેલ્વેના પાટા સુધી,ત્યાંથી રેલ્વેના પાટાની હદે હદે ઈશાન ખૂણા તરફ જતાં કુંભારવાડા રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશામાં મોક્ષ મંદિરની દક્ષિણ હદે કુંભારવાડા સર્કલ થઈ ઠક્કરબાપા સોસાયટીની દક્ષિણ હદે આવેલ નારી રોડની હદે હદે શીતળામાતાની દેરી થઈ, મહાનગરપાલિકાના જકાત નાકા થઈ મહાનગરપાલિકાની પશ્ચિમ દિશાની હદ સુધી, ત્યાંથી ઉત્તર તરફ મહાનગરપાલિકાની હદના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨ કણબીવાડ

મોતીતળાવના વાયવ્ય ખૂણાથી શરૂ કરીને ઈશાન તરફ જતાં મહાનગરપાલિકાની હદે હદે જુના બંદર ફેરીબોટ વર્કશોપ સુધી, ત્યાંથી ખાડીના પૂર્વ કાંઠે દક્ષિણ તરફ ચાલતા મહાનગરપાલિકાની હદે હદે દક્ષિણ તરફ ટીમ્બર ક્રીકના પૂર્વ કાંઠે ચાલતા ફેરીબોટ વર્કશોપ તરફ જતા રસ્તા સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની હદે હદે ઉત્તર તરફ ગોળ ખાડી થઈને પૂર્વ તરફ રામસર ક્રીકની ઉત્તર પૂર્વ કાંઠે થઈ દક્ષિણ તરફ ડોક એસ્ટેટની હદે જુના શામળદાસ રોડ સુધી, ત્યાંથી વેજીટેબલ પ્રોડક્ટસના પૂર્વ તરફના ભાગે જુના શામળદાસ રોડ ઉપર દક્ષિણ તરફ ચાલતાં પ્રેસ રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ તાંતીયાવાળી શેરીની પશ્ચિમે થઈને દક્ષિણે પુરીના ચોક સુધી, ત્યાંથી કુલનાથ મહાદેવના રસ્તા સુધી, ત્યાંથી પૂર્વ તરફ રાજીકા પોલીસગેટ થઈને, લુહારવાડી કણબીપટેલની વાડી પાસે થઈને ભારત આયર્ન ચોક સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ રૂવાપરી મેઈન રોડ ઉપર ચાલતા રેડક્રોસ સુધી, ત્યાંથી દિવાનપરા રોડ ઉપર ઉત્તર તરફ ચાલતા ડો. ગજજરના દવાખાના સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ શાંતીભાઈની સ્કુલ પાસે થઈ ભગાતળાવ મેઈન રોડ, લાલગર બાવાના મઠ પાસે થઈ લાઠીયાના ડેલાવાળા રસ્તે થઈ મામાકોઠા રોડ ઉપર થઈ ખારગેઈટ ચોક સુધી, ત્યાંથી દાણાપીઠ ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે સ્ટેશન પાસે રેલ્વે લાઈનની હદે હદે ઈશાન ખૂણે ચાલતાં રેલ્વે ફાટક સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણામાં મોતીતળાવ રોડ ક્રોસ કરી, મોતીતળાવના વાયવ્ય ખૂણે મહાનગરપાલિકાની હદ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩ કુંભારવાડા

જુના શામળદાસ રોડ ઉપર વાયવ્ય ખૂણે મહાનગરપાલિકાની હદેથી શરૂ કરી સર્વે નં.૪૪૯ ની દક્ષિણ તરફ મહાનગરપાલિકાની હદે હદે નવા બંદર જતી રેલ્વેલાઈન ક્રોસ કરી ઈશાન ખૂણે ખાર વિસ્તાર, ભિસ્તો તથા રૂવાપરી મંદિરની ઉત્તર તરફથી મહાનગરપાલિકાની હદે હદે રૂવાપરી મંદિરનો રસ્તો મળે છે ત્યાં સુધી, ત્યાંથી નૈઋત્ય દિશા તરફ ચાલતા રૂવાપરી રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી નવા બંદર રોડ ઉપર પૂર્વ તરફ ચાલતા ખેડુતવાસ સર્કલ ક્રોસ કરી ખેલડીમાતાની ધારના ઉત્તર તરફના ખૂણા સુધી, ત્યાંથી જુની બી.એમ.ટી. રેલ્વે લાઈન પર નૈઋત્ય દિશામાં ચાલતા પ્રભુદાસ તળાવ રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ બોરડીગેઈટ થઈ ડોન ચોક સુધી, ત્યાંથી વાયવ્ય દિશામાં ચાલતા ક્રેસંટ સર્કલ થઈ હલુરીયા ચોક તરફ જવાના રસ્તે કિર્તી કલીનીક થઈને ગજાનંદ ભટ્ટના બંગલાની દક્ષિણ પૂર્વમાં થઈને જુની માણેકવાડીના રસ્તે ભીલવાડા ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા શિશુવિહાર રોડ ઉપર ઉત્તર તરફ મટન માર્કેટવાળા ખાંચામાં થઈને પશ્ચિમ તરફ દાળમીલવાળા રસ્તે થઈ જોગીવાડની ટાંકી સુધી, ત્યાંથી ઈશાન દિશાએ રૂવાપરી રોડ ઉપર ભારત આર્યન ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ લુહારવાડી તથા કણબી જ્ઞાતીની વાડી તથા રાજીકા પોલીસ ગેઈટ સુધી, ત્યાંથી ઉત્તર તરફ કુલનાથ મહાદેવવાળો રોડ ક્રોસ કરી પુરીના ચોક થઈ તાંતીયાવાળી શેરીની પશ્ચિમે થઈને પ્રેસ રોડ સુધી, ત્યાંથી પ્રેસ રોડ ઉપર પશ્ચિમ તરફ ચાલતા જુના શામળદાસ રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ચાલતા મહાનગરપાલિકાની હદ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪ કૃષ્ણનગર ઉત્તર

રૂવાપરી રોડ ઉપર ખેડુતવાસ પંપીંગ સ્ટેશન પાસે આવેલ રેલ્વે ક્રોસીંગથી ઈશાન દિશામાં રૂવાપરી રોડ ઉપર એકસલ ઈન્ડસ્ટ્રીઝની વાયવ્ય હદે થઈ મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી અગ્નિ દિશામાં મહાનગરપાલિકાની હદે હદે કંસારા નાળાને ક્રોસ કરી, ત્યાંથી દક્ષિણ દિશામાં મહાનગરપાલિકાની હદે હદે નવા બંદર રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની હદે હદે કંસારા નાળાની પૂર્વ તરફ ડીસ્પોઝલ પ્લાન્ટ સુધી ત્યાંથી પશ્ચિમ દિશામાં ચાલતા દિપક ચોક થઈ બોરડીગેઈટ ચોક સુધી, ત્યાંથી ઉત્તર તરફ ચાલતા જુની બી.એમ.ટી. લાઈનની હદે હદે ચાલતા મેલડીમાતાની ધાર સુધી, ત્યાંથી ઈશાન દિશામાં ખેડુતવાસ સર્કલ ક્રોસ કરી રેલ્વેલાઈનનની હદે હદે વાયવ્ય ખૂણે રૂવાપરી રોડના રેલ્વે ક્રોસીંગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫ કૃષ્ણનગર દક્ષિણ

ડોન ચોકથી ઈશાન દિશામાં ચાલતા બોરડીગેઈટ ચોક સુધી, ત્યાંથી પૂર્વ દિશામાં દિપક ચોક થઈ ડીસ્પોઝલ પ્લાન્ટના ખૂણા સુધી, ત્યાંથી કંસારા નાળાને ક્રોસ કરીને કંસારા નાળાની પૂર્વ હદે મહાનગરપાલિકાની હદે હદે શહેર ફરતી સડક ઉપર થઈ, વર્ષા સોસાયટીની પશ્ચિમ બાજુની હદે હદે સુભાષ ચોક સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં શહેર ફરતી સડક ઉપર રજપૂત વાડા પ્લોટ નં.૨૩૬૫ સુધી, ત્યાંથી પ્લોટ નં.૨૩૫૮ તથા ૫૦ વારીયા ક્રોસ કરી પશ્ચિમ દિશામાં કંસારા નાળાના બેઠેલા પુલ ક્રોસ કરીને ત્યાંથી ઉત્તર દિશામાં નાળાની પશ્ચિમે પ્લોટ નં.૧૩૪૯ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમે ટી.વી. રીલે કેન્દ્ર થઈને ઘોઘાસર્કલ સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં મેઘાણી સર્કલ થઈને વનીતા વિશ્રામના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ઈશાન દિશામાં ચાલતા મેઈન રોડ થઈને ડોન ચોક સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬ નવાપરા

ભીડભંજન મહાદેવના મંદિરથી પૂર્વ દિશામાં માળીવાળા ખાંચામાં થઈને, ત્યાંથી ઘોઘાની નાની સડક સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં ચાલતા નવાપરા હેલ્થ સેન્ટર સુધી, ત્યાંથી ગરાસીયા બોર્ડીંગની ઉત્તર તરફ થઈને પૂર્વ દિશામાં ચાલતા ક્રેસંટ સુધી, ત્યાંથી ડોન ચોક વાળા રસ્તે જતા વનીતા વિશ્રામની પૂર્વમાં થઈને દક્ષિણ દિશામાં મેઘાણી સર્કલ થઈને ઘોઘાસર્કલ સુધી, ત્યાંથી નૈઋત્ય દિશામાં રૂપાણી સર્કલ થઈ સરદારનંગર સર્કલ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશામાં ચાલતા સંસ્કાર મંડળ થઈને વાઘાવાડી રોડ ઉપર વેલીગટન સર્કલ સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં ચાલતા સેન્ટ્રલ સોલ્ટના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમે થઈ વાયવ્ય દિશામાં સેન્ટ્રલ સોલ્ટના ગેસ્ટહાઉસવાળા રસ્તે થઈને કમિશનરશ્રીના બંગલાની દક્ષિણ થઈને અંધ ઉદ્યોગ શાળાની સામે કાળુભા રોડ સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં કાળુભા રોડની હદે હદે, કાળાનાળા ચોક થઈ મહાનગરપાલિકાની કચેરીની પૂર્વ હદે થઈ ભીડભંજન મહાદેવના મંદિર સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭ પીરછલ્લા

દાણાપીઠ ચોકથી પૂર્વમાં ચાલતા દાણાપીઠ રોડ થઈને ખારગેઈટ સુધી, ત્યાંથી જલારામ મંદિર, લાઠીયાના ડેલા સુધી, ત્યાંથી પૂર્વ દિશામાં લાલગરબાવાના મઠ સુધી, ત્યાંથી ભગાતળાવ મેઈન રોડ ઉપર થઈને શાંતીભાઈની સ્કુલ થઈને દિવાનપરા રોડ ઉપર ડૉ. ગજજરના દવાખાના સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં રેડક્રોસ સુધી, રેડક્રોસથી રૂવાપરી રોડ ઉપર પૂર્વ દિશામાં જોગીવાડની ટાંકી સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં ફીરદોસ મંઝીલની ઉત્તરે થઈ, પૂર્વ દિશામાં દાળમીલ વાળા ખાંચામાં થઈ મટનમાર્કેટવાળા રોડ ઉપર થઈને દક્ષિણ તરફ ભીલવાડાથી શિશુવિહાર તરફ જતા રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ભીલવાડા સર્કલ ક્રોસ કરી દક્ષિણ તરફ જુની માણેકવાડી વાળા રસ્તે ગજાનંદ ભટ્ટના બંગલા પાસે થઈ કિર્તી કલીનીક સુધી, ત્યાંથી અગ્નિ દિશામાં ક્રેસંટ સર્કલ સુધી, ત્યાંથી પૂર્વ દિશામાં એ.વી. સ્કુલ ગ્રાઉન્ડની દક્ષિણ હદે ગરાસીયા બોર્ડીંગની ઉત્તરે થઈ, દક્ષિણ તરફ ચાલતા ઘોઘાની નાની સડકે માળીવાળા ખાંચો જયાં મળે છે ત્યાં સુધી, ત્યાંથી વાયવ્ય દિશામાં ચાલતા માળીવાળા ખાંચામાં ભીડભંજન મહાદેવ મંદિર સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ગંગાજળીયા તળાવની પાળે પાળે જશોનાથ ચોક સુધી, ત્યાંથી ઉત્તર તરફ જતાં દરબારી કોઠારવાળા રસ્તે ચાલતા શેલારશા ચોક થઈને દાણાપીઠ ચોક સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૮ વડવા – અ

અલકા સિનેમાની પૂર્વ દિશામાં સંઘેડીયા બજાર રોડ થઈને શેલારશા ચોક સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલતા દરબારી કોઠાર, વડવા વોશીંગઘાટની પૂર્વમાં થઈને જશોનાથ ચોક સુધી, ત્યાંથી પૂર્વ દિશામાં મોતીબાગ તથા જીલ્લા પંચાયતની ઉત્તર હદે ભીડભંજન મંદિર સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ ચાલતા કલેકટર કચેરી, મહાનગરપાલિકા કચેરીની પૂર્વ હદે થઈ કાળાનાળા ચોક સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જેઈલ રોડની હદે હદે ચાલતા દાદા સાહેબ થઈ, સર તખ્તસિંહજી હોસ્પિટલની ઉત્તરે થઈ નીલમબાગ સર્કલ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશામાં ચાલતા ચર્ચ થઈ બજરંગદાસ બાપા પેટ્રોલપંપની દક્ષિણે થઈ, ઈશાન દિશામાં વરતેજ રોડ ઉપર ફાયર બ્રિગેડની પશ્ચિમ હદે થઈ નિર્મળનગર, પાવરહાઉસ, ચાવડીગેઈટની પૂર્વમાં થઈ, ઉત્તર દિશામાં વડવા તલાવડી રોડ ક્રોસ કરીને અલકા સિનેમાના ખુણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૯ કુંભારવાડા

નારી રોડ ઉપર મહાનગરપાલિકાની પશ્ચિમ તરફની હદેથી શરૂ કરી પૂર્વ તરફ ચાલતાં નારી રોડની હદે હદે મહાનગરપાલિકાના જગાત નાકા તથા એફ.સી.આઈ.ના ગોડાઉન, શીતળામાતાની દેરીની દક્ષિણ હદે થઈ, નારી રોડ ઉપર આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ વસાહતની ઉત્તરે થઈ કુંભારવાડા સર્કલે થઈ, મોક્ષમંદિર થઈને, રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી રેલ્વેલાઈનની હદે હદે નૈઋત્ય દિશામાં સીહા કોલોની, રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી ભાવનગરપરા રેલ્વે સ્ટેશન થઈ, ચિત્રા જી.આઈ.ડી.સી.ની ઉત્તર હદે હદે મહાનગરપાલિકાની પશ્ચિમ હદે રે.સ.નં.૧૮૧ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ભાવનગર મહાનગરપાલિકાની હદે હદે રે. સર્વે નં. ૨૧૦,૨૧૧ ની પૂર્વમાં થઈ મહાનગરપાલિકાની હદે નારી રોડ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૦ ચિત્રા–ફુલસર

રેલ્વે ઓવરબ્રિજ પાસેથી પૂર્વ દિશામાં અમદાવાદ જતી રેલ્વે ટ્રેકની હદે હદે સત્યનારાયણ સોસાયટીની પૂર્વમાં થઈ, ત્યાંથી દક્ષિણ તરફ જતા હાદાનગરના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પૂર્વમાં હાદાનગરની ઉત્તર બાજુએ થઈ દક્ષિણ તરફ રેલ્વે કવાર્ટર્સની પશ્ચિમ હદવાળા રોડે થઈ, ભાવનગર–રાજકોટ રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશામાં ભાવનગર–રાજકોટ રોડની હદે હદે પ્રેસ કવાર્ટર્સની ઉત્તરે થઈ, દક્ષિણે આચાર્યકુળ સોસાયટી થઈ, દક્ષિણ દિશામાં નારેશ્વર સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણે ફુલસરના ગાડા માર્ગે પી.ડબલ્યુ.ડી. સ્ટોર થઈ, દક્ષિણ તરફ ચિત્રા ગામના સીમાડે સીમાડે ચિત્રા ફિલ્ટ્રેશન પ્લાન્ટ પાસે થઈને મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી પશ્ચિમ દક્ષિણ મહાનગરપાલિકાની હદે હદે વરતેજ–બુધેલ રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સર્વે નં.૧૭ પાસે મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી ઉત્તરે મહાનગરપાલિકાની હદે હદે ભાવનગર–રાજકોટ રોડ ઉપર આખલોલ બ્રિજની બાજુમાંથી આખલોલ મહાદેવ સુધી, ત્યાંથી ઈન્દીરાનગરની પશ્ચિમ દિશાએ થઈ મહાનગરપાલિકાની હદે હદે રેલ્વે ઓવરબ્રિજ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૧ પાનવાડી

રેલ્વે ટ્રેક ઉપર ચિત્રા જી.આઈ.ડી.સી. ઉત્તર પૂર્વ હદેથી પૂર્વ તરફ શિવશક્તિ સોસાયટીની ઉત્તર હદે, રેલ્વે ટ્રેકની હદે હદે, મહાલક્ષ્મી મીલના કમ્પાઉન્ડ સુધી, ત્યાંથી મહાલક્ષ્મી મીલ કમ્પાઉન્ડની દક્ષિણ હદે પાવરહાઉસની દક્ષિણે થઈ ભાવનગર–વરતેજ રોડ મળે છે ત્યાં સુધી, ત્યાંથી નૈઋત્ય દિશામાં નિર્મળનગરનાં અગ્નિ ખૂણે થઈ, ફાયર સ્ટેશન તેમજ ચર્ચની પશ્ચિમ દિશાએ થઈ, વિઠ્ઠલવાડી પેટ્રોલપંપની દક્ષિણે થઈને, ત્યાંથી ભાવનગર–રાજકોટ રોડની હદે હદે પશ્ચિમ તરફ રેલ્વે કવાર્ટર્સની પશ્ચિમ તરફની હદ સુધી, ત્યાંથી ઉત્તર તરફ હાદાનગરના ઉત્તર પૂર્વના ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ હાદાનગરની ઉત્તરે ચાલતાં સત્યનારાયણ સોસાયટીની પૂર્વ બાજુએ થઈ રેલ્વે ટ્રેક સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૨ વડવાચોરા

ભાવનગર–રાજકોટ રોડ ઉપર ગઢેચી નદીના બ્રિજની પશ્ચિમ તરફના ખૂણેથી શરૂ કરી, આર.ટી.ઓ. કચેરીની ઉત્તરે થઈ પૂર્વ તરફ વિજયરાજનગરની ઉત્તરે થઈ, માધવ કોમ્પ્લેક્ષની પૂર્વ થઈ, નિલમબાગની પશ્ચિમે થઈ, વિઠ્ઠલવાડી સહકારી પેટ્રોલ પંપ સુધી, ત્યાંથી પૂર્વ તરફ નિલમબાગ ચોક થઈ, જેલ રોડ ઉપર જેલ, દાદાસાહેબ ઉત્તરે થઈ કાળાનાળા ચોક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ કાળુભા રોડ ઉપર વિદ્યાનગરની પૂર્વમાં, ચિતરંજન ચોક થઈ, એમ.જે. કોલેજવાળા રસ્તે થઈ, પી.જી. હોસ્ટેલ, પોલીટેકનીક કોલેજ, પોલીટેકનીક હોસ્ટેલની ઉત્તરે થઈ દુધસરીતા ડેરી રોડ સુધી, ત્યાંથી દક્ષિણે ઈન્ડસ્ટ્રીયલ જવેલર્સ સર્કલ થઈ, ત્યાંથી વિકટોરીયા પાર્કની કમ્પાઉન્ડ વોલ થઈ, સરદારપટેલ સોસાયટીની પૂર્વમાં થઈ ખોડીયાર મંદિર સુધી, ત્યાંથી ઉત્તર તરફ ગૌરીશંકર સરોવરના પાળે પાળે થાપનાથ મહાદેવ ઓવરફલો થઈ, થાપનાથ મહાદેવના મંદિર સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં બાલવાટીકાની પૂર્વ બાજુ થઈ પોર્ટ કોલોની, ઘોબી સોસાયટીની આવરી લઈ, ગઢેચી નદીના પશ્ચિમ કાંઠે કાંઠે, આર.ટી.ઓ. ઓફિસની પશ્ચિમે ભાવનગર–રાજકોટ રોડ ઉપર ગઢેચી નદીના બ્રિજ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૩ ઘોઘા સર્કલ

ઘોઘા સર્કલથી પૂર્વ દિશામાં ટી.વી. રીલે કેન્દ્રવાળા રસ્તે થઈ, પ્લોટ નં. ૧૩૪૯ ના ઉત્તર ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણે કંસારાનાળાની પશ્ચિમ હદે બેઠેલા પુલ સુધી, ત્યાંથી પૂર્વ દિશામાં ૫૦ વારીયા પ્લોટ, રજપુતવાડા થઈ, પ્લોટ નં. ૨૩૬૫ પાસે શહેર ફરતી સડકને મળે છે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં શહેર ફરતી સડક ઉપર, રબ્બર સોસાયટી, લક્ષ્મી સોસાયટીની પશ્ચિમ હદે થઈને, સુભાષ ચોક સુધી, ત્યાંથી અગ્નિ દિશા તરફ નવા એરોડ્રોમ રોડ ઉપર લક્ષ્મી સોસાયટી, બેન્ક સોસાયટીની ઉત્તરે થઈને સર્વે નં.૧૦૫ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ગાડા માર્ગે મહાનગરપાલિકાની હદ પર ચાલતા અકવાડા ટેઈલ ટેન્ક સર્વે નં. ૧૫૦/૩ પાસેની મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી પૂર્વ તરફ ટેઈલ ટેન્કની દક્ષિણ બાજુથી ઘોઘા રોડ સુધી, ત્યાંથી ઘોઘા રોડ ઉપર ઈશાન દિશામાં શીતળામાની ડેરી થઈ, કૃષ્ણપરા ગામ, ફાતીમા કોન્વેન્ટની પશ્ચિમે થઈ શિવાજી સર્કલ સુધીની, ત્યાંથી પશ્ચિમ તરફ સરદારનગર બેઠેલો પુલ ક્રોસ કરી, સરદારનગર સર્કલ સુધી, ત્યાંથી ઉત્તર તરફ રૂપાણી સર્કલ થઈ ઘોઘા સર્કલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૪ સરદારનગર ઉત્તર

સરદારનગર સર્કલથી પૂર્વ તરફ ચાલતાં લંબે હનુમાનવાળા રસ્તે, બેઠા પુલ ઉપર થઈ શિવાજી સર્કલ સુધી, ત્યાંથી અગ્નિ દિશામાં ભાવનગર–ઘોઘા રોડ ઉપર ફાતીમા કોન્વેન્ટ સ્કુલની દક્ષિણ હદે થઈ, કૃષ્ણપરા ગામની પશ્ચિમે થઈ શીતળામાની ડેરી થઈ, અકવાડા ટેઈલ ટેન્કના સર્વે નં. ૧૫૦/૩ ના દક્ષિણ ખૂણે મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની હદે હદે નૈઋત્ય દિશામાં તરસમીયા ગામ જવાના રસ્તે ઘનશ્યામનગરની દક્ષિણે થઈ, ખારસી સર્વે નં.૧૦૦ સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં મહાનગરપાલિકાની હદે હદે તરસમીયા ગામના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી વાયવ્ય દિશામાં ભરતનગર જુના બે માળીયા મકાનોની દક્ષિણે ૨૧ મીટરના ડી.પી. રોડ ઉપર વર્ધમાનનગર પાસેના સર્કલથી ભરતનગર ચોકડી સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં કંસારાનાળા, માલધારીબ્રિજ ક્રોસ કરી, દેવુમાના મંદિરની પશ્ચિમે થઈ, સરદારનગર સર્કલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૫ સરદારનગર દક્ષિણ

સિંધુનગર ચોકથી શરૂ કરી પૂર્વ તરફ જતાં સરદારનગર સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણે દેવુમાના મંદિરની પશ્ચિમ હદે માલધારીબ્રિજ ક્રોસ કરી, ભરતનગર ચોકડી સુધી, ત્યાંથી અગ્નિ દિશામાં વર્ધમાનનગર સર્કલ થઈ ૨૧ મીટરના ડી.પી. રોડ પર થઈ સર્વે નં.૩૫ ના ખૂણા સુધી આવેલ, મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં તરસમીયા ગામની પશ્ચિમ હદે હદે ગામના તળાવ સુધી, ત્યાંથી ગાડા માર્ગે પશ્ચિમ તરફ તળાવની પાળે મહાનગરપાલિકાની હદે હદે શિવનગરની દક્ષિણ બાજુ થઈ, તળાજા રોડ સુધી, ત્યાંથી કસ્તુરબા સોસાયટી, ફોરેસ્ટ કવાર્ટર્સની દક્ષિણે થઈ, સીદસર રોડને મળે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર દિશામાં ચાલતાં દુઃખીશ્યામ બાપા સર્કલ થઈને તળાજા બ્રિજ ક્રોસ કરી, જુની બી.એમ.ટી. રેલ્વે લાઈન પર મહાનગરપાલિકાના પ્લોટોની પૂર્વમાં થઈ સીધુનગર રોડ ઉપર કૃષ્ણનગર સ્ટેશનની પૂર્વમાં થઈને, સીધુનગર ચોક સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૧૬ તખ્તેશ્વર

દુધ સરીતા ડેરી રોડ ઉપર પોલીટેકનીક હોસ્ટેલના વાયવ્ય ખૂણાથી શરૂ કરી, પૂર્વ તરફ પોલીટેકનીક કોલેજની ઉત્તરે થઈ પૂર્વ તરફ જતા પી.જી. હોસ્ટેલના દરવાજા સુધી, ત્યાંથી ઉત્તર તરફ એમ.જે. કોલેજની પશ્ચિમે થઈ, કમિશનરશ્રીના બંગલા સુધી, ત્યાંથી બંગલાની દક્ષિણે થઈ, પૂર્વ તરફ જતાં સેન્ટ્રલ સોલ્ટના ગેસ્ટહાઉસવાળા રસ્તે, વાઘાવાડી રોડ સુધી, ત્યાંથી વાઘાવાડી રોડ ઉપર દક્ષિણ તરફ વેલીગડન સર્કલ સુધી, ત્યાંથી પૂર્વ તરફ સંસ્કાર મંડળ થઈને સીધુનગર ચોક સુધી, ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલતા કૃષ્ણનગર સ્ટેશનની પૂર્વે થઈ, મહાનગરપાલિકાના પ્લોટના પૂર્વમાં થઈ, રેલ્વે લાઈન ઉપર તળાજાબ્રિજ ક્રોસ કરી, દુઃખીશ્યામબાપા સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણે સીદસર રોડ ઉપર મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ મહાનગરપાલિકાની હદે હદે કંસારા નાળા ક્રોસ કરીને સરદાર પટેલ સ્કુલની પૂર્વ ઉત્તર હદે થઈ, ગૌરીશંકર સરોવરમાં સીદસરનો જુનો ગાડા માર્ગ મળે છે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ સુંદરાવાસ બંગલાની પશ્ચિમે થઈ, ગૌરીશંકર સરોવરનાં પાળા ઉપર ખોડીયાર મંદિર થઈ, સરદાર પટેલ સોસાયટીની પૂર્વમાં થઈ, વિકટોરીયા પાર્કના કમ્પાઉન્ડ વોલે ચાલતા, ઈન્ડસ્ટ્રીયલ જવેલ્સ સર્કલ સુધી, ત્યાંથી ઉત્તર તરફ દુધ સરીતા ડેરી રોડ ઉપર પોલી ટેકનીક હોસ્ટેલના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૭ બોરતળાવ

ભાવનગર–રાજકોટ રોડ ઉપર બેન્ક કોલોનીના ઈશાન ખૂણાથી શરૂ કરી, પૂર્વ તરફ, પ્રેસ કવાર્ટર્સ, રેલ્વે હોસ્પિટલની ઉત્તરે થઈ, ગઢેચી વડલાની દક્ષિણે ગઢેચી નદીના બ્રિજના પશ્ચિમ તરફના કાંઠા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ગઢેચી નદીના પશ્ચિમ તરફના કિનારે કિનારે ચાલતાં, ધોબી સોસાયટીની ઉત્તર તરફ થઈ પોર્ટ કોલોની સુધી, ત્યાંથી દક્ષિણે થાપનાથ મહાદેવ થઈ, ઓવરફલો બ્રિજ થઈ, ગૌરીશંકર સરોવરના પાળા ઉપર થઈ, ખોડીયાર મંદિર થઈ, સુંદરાવાસ બંગલા સુધી, ત્યાંથી ગૌરીશંકર સરોવરનાં જુના સીદસર ગાડા માર્ગે મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી વાયવ્ય તરફ મહાનગરપાલિકાની હદ ઉપર થઈ, ચિત્રા ફિલ્ટ્રેશન પ્લાન્ટ પાસે મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ચિત્રા ગામના સીમાડે ચાલતાં પી.ડબલ્યુ.ડી.ના સ્ટોર પાસે થઈ, કુલસરનાં ગાડા માર્ગ સુધી, ત્યાંથી આ ગાડા માર્ગે પૂર્વ તરફ ચાલતાં નારેશ્વર સોસાયટીના ઉત્તર પૂર્વ ખૂણા સુધી, ત્યાંથી ઉત્તર તરફ ચાલતાં, આચાર્યકુળ સોસાયટીના મેઈન રસ્તા ઉપર થઈને ચિત્રા બેન્ક કોલોનીનાં પૂર્વમાં થઈ, ઈશાન ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી. એચ. શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

ભાવનગર મહાનગરપાલિકાની કુલ વસ્તી	૫,૧૧,૦૬૭	
કુલ વોર્ડની સંખ્યા	૧૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૦૦૬૩	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૩૩૦૬૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૨૭૦૫૭
બેઠકોની સંખ્યા.	૫૧	
સ્ત્રી બેઠકો	૧૭	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૩	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	નથી	—
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૨૨	
સામાન્ય બેઠકો.	૨૯	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૯૬૮૩	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૭૧૭૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૭૭૦૦	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૨૭૫૫૮	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૨૭૨૬૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૯૬૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૭૩૩૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૧૦૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૨૮૫૦૬	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૦	૧૦	૩૧૮૬૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૩૨૮૯૫	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨	૧૨	૩૨૬૩૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩	૧૩	૩૨૮૬૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૪	૧૪	૨૯૯૩૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૫	૧૫	૩૨૯૦૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૬	૧૬	૨૯૦૭૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૭	૧૭	૩૩૦૨૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ:	૫૧૧૦૬૭			

વી. એચ. શાહ
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 167 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, JULY 20, 2005/ASADHA 29, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ. તારીખ ૩૧ માર્ચ, ૨૦૦૫

તા.૩૧ માર્ચ-૨૦૦૫ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં.૧૦, ૨૦૦૫ વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણના નિયમનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

(પી.એસ.શાહ)
સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ

૨૦૦૫ નું જાહેરનામું નં. ૧૦

૨૦૦૩ ના વિદ્યુત અધિનિયમની કલમ ૫૭, ૫૮ અને ૪૩ સાથે વાંચતા કલમ ૧૮૧ અને ૨૦૦૩ ના ગુજરાત વિજ ઉદ્યોગ (પુનરર્ચના અને વિનિમય) (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ ૨૪) ની કલમ ૪૨ અને ૪૪ અન્વયે તેમને સોંપેલી તમામ સત્તાઓ તથા આ અંગે તેમને સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા આ વિનિમય બનાવે છે. જેમકે :-

INDEX

પ્રકરણ - ૧

પ્રારંભિક

૧. ટુંકું શિર્ષક. વ્યાપ્તિ અને આરંભ

૧.૧ આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ કહેવાશે.

૧.૨ આ વિનિયમો ગુજરાત રાજયમાં વિજળી વિતરણના કામમાં રોકાયેલ તમામ પરવાનેદારોને લાગુ પડશે.

૧.૩ આ વિનિયમો રાજયપત્રમાં તેની પ્રસિધ્ધિ થયાની તારીખથી અમલમાં આવશે.
૧.૪ આ વિનિયમો રાજ્યપત્રમાં તેની પ્રસિધ્ધિ થયાની તારીખથી અમલમાં આવશે.

પ્રકરણ - ૨
વ્યાખ્યાઓ અને અર્થઘટન :-

૨ વ્યાખ્યા અને અર્થઘટન :

૨.૧ ' અધિનિયમ' એટલે આ વિનિયમોમાં સંદર્ભમાં અન્યથા અપેક્ષિત

(ક) વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ અને ગુજરાત વિજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩ નો ઉલ્લેખ કરે છે.

(ખ) 'પુરવઠાનો વિસ્તાર' એટલે પરવાનેદાર પોતાના પરવાના દ્વારા જે વિસ્તારમાં વિજળી પુરવઠો પુરો પાડવા અધિકૃત હોય તે વિસ્તાર.

(ગ) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(ઘ) 'પરવાનેદાર' એટલે વિતરણ પરવાનેદાર.

(ચ) 'ગ્રામિણ વિસ્તારો' એટલે ગામ પંચાયતો દ્વારા આવરી લેવાયેલ વિસ્તારો.

(છ) 'શહેરી વિસ્તારો' એટલે વિવિધ શહેરી વિકાસ મંડળો, કેન્ટોનમેન્ટ તંત્રો અને ઔદ્યોગિક વસાહતો અથવા નગર વસાહતો હેઠળ આવતા વિસ્તારો સહિત મહાનગરપાલીકાઓ અને અન્ય નગરપાલિકાઓ દ્વારા આવરી લેવાયેલા વિસ્તારો.

આ વિનિયમોમાં વપરાયેલ અને વ્યાખ્યા નહીં અપાયેલ પરંતુ અધિનિયમોમાં વ્યાખ્યા આપેલ શબ્દો અને શબ્દ સમૂહોના અર્થ અધિનિયમોમાં તેમને માટે પ્રયુકત કરેલ હોય તે અર્થ રહેશે. અહીં વાપરેલા પરંતુ વિનિયમો કે અધિનિયમોમાં ખાસ વ્યાખ્યા નહીં અપાયેલ, પરંતુ સક્ષમ વિધાનસભા દ્વારા પસાર થયેલા કોઈપણ કાયદા દ્વારા વ્યાખ્યા અપાયેલ અને રાજયમાં વિજ ઉદ્યોગને લાગુ પડતા શબ્દસમુહોના અર્થ તેવા કાયદામાં તેમને માટે પ્રયુકત કર્યા મુજબનો અર્થ રહેશે. ઉપરની બાબતને આધિન રહીને, અહીં વપરાયેલ પરંતુ આ વિનિયમો કે અધિનિયમોમાં કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા કોઈપણ કાયદા દ્વારા વ્યાખ્યા નહીં અપાયેલ શબ્દસમૂહોના અર્થ, વિજ-ઉદ્યોગોમાં સામાન્ય રીતે પ્રયોજાતા અર્થ મુજબ રહેશે. ૧૯૦૪ નાં મુંબઈ સામાન્ય ખંડ અધિનિયમ હાલના વિનિયમોના હેતુસર લાગુ પડશે.

૨.૨ અર્થઘટન :-

આ વિનિયમોના અર્થઘટન, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તે સિવાય

(ક) યથાપ્રસંગ એકવચન કે બહુવચનમાં હોય તે શબ્દો અનુક્રમે બહુવચન કે એકવચનના શબ્દો સમાવિષ્ટ કરતા હોવાનું ગણવામાં આવશે.

(ખ) 'સમાવેશ' કરવો (include) કે 'સહિત' શબ્દો આવા શબ્દોની પાછળ આયાત જેવા વાકયાંશ કે શબ્દસમૂહો આવતા હોય તે લક્ષમાં લીધા વિના, તેના પછી 'મર્યાદા વિના' અથવા 'ને મર્યાદિત નથી' શબ્દો આવતા હોવાનું ગણવામાં આવશે.

(ગ) અહીંયા 'વિનિયમો' ના સંદભોર્ના અર્થ, અમલમાં હોય તે કાયદા દ્વારા આયોગે વખતોવખત સુધારેલા કે ફેરફાર કર્યા મુજબના વિનિયમો તરીકે કરાશે.

(ઘ) શિર્ષકો અનુકૂળતા માટે આપ્યા છે અને તેને આ વિનિયમોના અર્થઘટનના હેતુસર ધ્યાનમાં લેવા નહીં.

(ચ) કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના સંદભોર્ના અર્થ, ઉલ્લેખ કરાયેલ આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ, એકત્રિત કરતી, સુધારતી કે ફેરબદલી કરતી તમામ જોગવાઈઓ સહિત એમ કરાશે.

પ્રકરણ - ૩
સલામતી

૩. વિતરણ લાઈનોના બાંધકામ, સંચાલન અને જાળવણી, ૧૯૫૬ ના ભારતીય વીજળી નિયમો તથા ૨૦૦૩ ના વીજ અધિનિયમની કલમ-૫૩ અનુસાર વખતોવખત અમલમાં આવે તેવા અન્ય સલામતી ધોરણો અનુસાર ચુસ્તપણે કરવામાં આવશે.

૩.૨ વીજળીના સલામત ઉપયોગ માટે ગ્રાહકોમાં જાગરૂકતા ફેલાવવા, પરવાનેદાર, જરૂરી તમામ પગલાં લેશે.

૩.૩ પેટા-મથકો માટે સાધનસામગ્રી અને લાઈનો તથા અર્થિંગ ગ્રિડ માટે જોગવાઈ કરાયેલ જગ્યા (ગ્રાઉન્ડીંગ) ભા.મા. ૩૦૪૩ અર્થિંગ પ્રેકટીસ કોડ અનુસાર રહેવી જોઈએ.

૩.૪ બાંધકામ વખતે સારું અર્થિંગ જોડાણ થાય તેટલું જ પુરતું નથી, પરંતુ હંમેશા તેની સંગીન અને આરોગ્યપ્રદ સ્થિતિમાં જાળવણી કરવી પણ જરૂરી છે. પરવાનેદાર, તેના પરીક્ષણ માટે જરૂરી તમામ પગલાં લેશે અને ૧૯૫૬ ના ભારતીય વીજળી નિયમોની કલમો ૩૨, ૫૧, ૬૧, ૬૨, ૬૭, ૬૯, ૮૮(૨) અને ૯૦ અનુસાર દરેક પરીક્ષણનું રેકર્ડ જાળવશે.

૩.૫ ફેઝનું કરંટ અને રીટર્ન માર્ગ, તફાવતને લીકેજ કરંટ કહેવાશે. પરવાનેદારે જુદા જુદા બિંદુએ લીકેજ કરંટ માપવા જરૂરી પગલાં લેવા પડશે.

૩.૬ કંડકટર આકસ્મિક પડી જાય તેવા કેસમાં, રક્ષણાત્મક સાધનો, જે યથાપ્રસંગ ફયુઝ કે સર્કિટ બેકર હોય તેના સત્વરે સંચાલનની ખાતરી આપવા, વિતરણ-પધ્ધતિમાં પૂરા પાડેલ અર્થ વાયરો અને અર્થ-ઈલેકટ્રોડની સારી સ્થિતિમાં જાળવણી કરવામાં આવશે. કંડકટરો આકસ્મિક રીતે પડી જાય તે દરમ્યાન રક્ષણાત્મક-પધ્ધતિના સંચાલનમાં નિષ્ફળતા મળે તો, વિતરણ પરવાનેદારના સંબંધિત કર્મચારીના આ બાબત ધ્યાનમાં આવે કે તરત તે સર્કિટ (પરિપથ) ને હાથોની વીજળી રહિત કરશે. રક્ષણાત્મક પધ્ધતિ ચાલુ ન થવાના કારણ નકકી કરવા વિગતવાર તપાસ હાથ ધરાશે અને ઉપાયાત્મક પગલાં સત્વરે લેવામાં આવશે.

૩.૭ મુખ્ય વીજળી નિરીક્ષક (ગુ.વી.નિ.) તપાસ-અહેવાલની સાથે તમામ પ્રાણઘાતક વીજળીક અકસ્માતોનો રેકર્ડ રાખશે. આવા અકસ્માતો વારંવાર બનતા અટકાવવા માટેના સલામતી પગલાં અંગે મુખ્ય વીજળી નિરીક્ષકે ઠરાવેલ કાર્ય પધ્ધતિ સાથે લીધેલા પગલાં અંગેના અહેવાલની એક નકલ આયોગને રજૂ કરવી.

૩.૮ જો કોઇ મૂળભૂત શરત અથવા દિશા કે જેનું પાલન ન કરવાથી વિતરણ વ્યવસ્થા અને સલમતીને નુકશાન પહોંચે તેની નોટીસ આપવા છતાં ગ્રાહક તેનું પાલન ન કરે તો તેનું જોડાણ પરવાનેદાર કાપી શકશે. ઇમરજન્સી હાલતમાં વીજ જોડાણનું વ્યવસ્થાનું સંચાલન અને સલામતીને ધ્યાનમાં લઇ તરત કાપી નાંખવામાં આવશે. જેના કારણે વીજ જોડાણ કાપવામાં આવ્યું હોય અથવા હટાવવામાં આવ્યું હોય તેનું નિરાકરણ કરી જોડાણ શકય એટલુ જલ્દી ચાલુ કરી આપવું.

INDEX

પ્રકરણ - ૪

૪. ફરિયાદો હાથ ધરવી

૪.૧ પરવાનેદારે, અહિં હવે પછી ઠરાવેલ રીત પ્રમાણે, તમામ ગ્રાહકને વિજળી પૂરી પાડવા માટેની કામગીરીનું ધોરણ જાળવવું જરૂરી છે. આ ધોરણોમાં નિયત મર્યાદા, ગ્રાહક સેવાઓની વિવિધ પ્રવૃત્તિઓની કામગીરી માટે મળવાપાત્ર અધિનિયમ સમયનો ઉલ્લેખ કરે છે. આ વિનિયમોમાં નિર્દિષ્ટ સમય-મર્યાદાની અંદર ઉત્તમ શકય સેવા પૂરી પાડવાનો પરવાનેદારનો પ્રયાસ રહેશે.

૪.૨ ગ્રાહકે મૌખિક કે લેખિતમાં કરેલી, વિજપુરવઠામાં નિષ્ફળતા / અવરોધ, વીજ-પુરવઠાની ગુણવત્તા, મીટર / મીટર-બોકસ, / મીટર વ્યવસ્થા સર્વિસ લાઈન, બિલોની ચુકવણી અને વીજ-પૂરવઠાને લગતી બીજી સેવાઓ બાબત દરેક ફરિયાદ, પરવાનેદાર રજીસ્ટર / રજીસ્ટરોમાં અથવા તે હેતુ માટે રાખવાના વિજ્ઞાપિક નમૂનામાં નોંધશે. દરેક ફરિયાદને એક અલગ (Unique) નંબર અપાશે. ટપાલમાં મળેલી ફરિયાદો સિવાય આ ફરિયાદ નંબર ગ્રાહકને જણાવવામાં આવશે. આમ છતાં ગ્રાહક, ટપાલથી ફરિયાદ મોકલ્યા પછી, ટેલીફોન દ્વારા કે રૂબરૂમાં ફરિયાદ નંબર / પરિસ્થિતી અંગે તપાસ કરી શકશે. આવા કેસમાં ફરિયાદીને નંબરથી જાણ કરાશે. EHV ના ટ્રિપીંગને કારણે પુરવઠામાં મોટુ ભંગાણ પડે ત્યારે સંભવિત પુનઃસ્થાપન સમય ઉપરાંત ગ્રાહકને તે અંગેના કારણોની જાણ કરવી જરૂરી છે. આવા પરિક્ષેત્રમાં આવી ફરિયાદો એકી ફરિયાદ નંબર હેઠળ અલગ નોંધવી. પરવાનેદારે તમામ ફરિયાદોનું સત્વરે નિવારણ કરવાની ખાતરી આપવી.

૪.૩ મીટર વ્યવસ્થા, બિલો અને ચુકવણીને આવરી લેતી વીજ પુરવઠા અંગેની ફરિયાદો, પરવાનેદારની નિર્દિષ્ટ કચેરીઓ ખાતે કરવી. પરવાનેદારે વીજળીના બિલોની સાથે ગ્રાહકે જયાં ફરિયાદો નોંધાવવાની હોય તે કચેરી(ઓ) ના નામ, સરનામુ(મા) અને ટેલીફોન નંબરો અંગેની માહિતી જણાવવી અને જે નામે નિર્દિષ્ટ કરી હોય તે પેટા-પ્રભાકિય કચેરીઓ કે સમકક્ષ વિતરણ એકમ ખાતે પણ તે માહિતી દર્શાવવી. પરવાનેદારે ફરિયાદો નોંધવા માટેની ફોન સર્વિસ બહારની વ્યકિતઓને સોંપી હોય તો, આવા કોલ-સેન્ટરોના ફોન નંબરો વીજળીના બિલોમાં તથા પેટા-પ્રભાકીય કચેરીઓ ખાતે દર્શાવવા. પરવાનેદારે આ સંપર્ક-વિગતો સ્થાનિક વર્તમાનપત્ર / ટી.વી. / રેડિયો દ્વારા પ્રસિધ્ધ કરવાનો પણ પ્રયાસ કરવો.

૪.૪ ફરિયાદ જયાં નોંધવામાં આવતી હોય તે કચેરીએ તેનો નિકાલ કરવો અને ઉચ્ચ અધિકારી પાસેથી કોઈ સૂચના / મંજૂરી મેળવવાની હોય તો, ફરિયાદ નોંધણી કચેરી દ્વારા તે મેળવી લેવી. ફરિયાદીએ આવા ઉચ્ચ અધિકારી સુધી જવાની જરૂર નથી. તે જ પ્રમાણે બહારની ફોન સેવા કામે રાખી હોય તો, આવું કેન્દ્ર પોતે સંબંધિત અધિકારીને ફરિયાદો મોકલી આપશે. પરવાનેદાર, જવાબો સુયોજિત કરવા પોતાના અધિકારીઓની આવાં કેન્દ્રો ખાતે મુલાકાતો ગોઠવીને (આઉટસોર્સ) બહારની વ્યકિતની સેવા દ્વારા યોગ્ય પાલનની ખાતરી આપશે.

૪.૫ ફરિયાદો નહીં નોંધવા બાબત અને આ વિનિમયોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ સમય મર્યાદાની અંદર કામ કરવામાં અને / અથવા કામગીરી લક્ષ્યાંકો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળતા અંગેની ફરિયાદો પ્રભાગનો હવાલો સંભાળતા સંબંધિત અધિકારીને અથવા બીજા કોઈ નામે નિર્દિષ્ટ સમકક્ષ વિતરણ એકમને કરવી. ફરિયાદના અસંતોષકારક નીકાલના કેસમાં, તે સર્કલનો હવાલો સંભાળતા અધિકારી અથવા જે કોઈ નામે નિર્દિષ્ટ હોય તે સમકક્ષ તેવા અધિકારીને કરવી.

૪.૬ પ્રશ્નને પ્રભાકીય વડા / સર્કલના વડાની કક્ષા સુધી લઈ ગયા પછી પણ ગ્રાહકને ફરિયાદના નિકાલથી સંતોષ ન થયાં હોય તો તે નીચેના પેટા ખંડ ૩.૭ માં દર્શાવ્યા મુજબ ફરિયાદ નિવારણ સમિતિ પાસે જઈ શકે.

૪.૭ પરવાનેદારે, ગ્રાહક સાથે નિયમિત ફરિયાદ નિવારણ બેઠકો યોજવી. આ બેઠકો તમામ ગ્રાહક માટે ખુલ્લી રહેશે. ગ્રાહક પોતાની ફરિયાદો આ બેઠકોમાં નોંધાવી શકશે. આ બેઠકો, દરેક મહિનાની ૧૦ મી તારીખે પેટા-પ્રભાગ અથવા જે કોઈ નામે નિર્દિષ્ટ હોય તે સમકક્ષ વિતરણ એકમમાં અને તે જ મહિનાની ૨૦ મી તારીખે સર્કલના વડાની કચેરીમાં અથવા જે કોઈ નામે નિર્દિષ્ટ હોય તે સમકક્ષ અધિકારીની કચેરીમાં યોજવી. મહિનાની ૧૦ મી કે ૨૦ મી તારીખે રવિવાર કે જાહેર રજા હોય તો, આ બેઠક તેના પછીના બીજા કામકાજના દિવસે યોજવી. ફરિયાદ નિવારણ સમિતિની બેઠકોની સમય-સૂચી, પેટા-પ્રભાગ / સર્કલ / સેકશન / ઝોનલ કચેરીઓ ખાતાએ પ્રદર્શિત કરવી. પેટા-પ્રભાગ / સેકશન કક્ષાની બેઠકોની કાર્યનોંધો તથા પગલાં લીધાનો અહેવાલ, તે જ મહિનાની ૨૦ મી એ યોજનારી સર્કલ / ઝોનના વડાની બેઠકોમાં ઉપલબ્ધ રાખવાં. ફરિયાદ નિવારણ સમિતિએ બને ત્યાં સુધી વધુમાં વધુ ત્રણ બેઠકોમાં બાબતનો નિકાલ કરવો.

પ્રકરણ - ૫

વીજ-પૂરવઠામાં અવરોધ :

૫.૧ ગ્રાહકના મકાનના સ્થળે હાયટેન્શન / ડ્રોપઆઉટ / લો-ટેન્શન ફ્યુઝ ઉડી જવો, વિતરણ ટ્રાન્સફોર્મર / મિનિચેકર સર્કિટ બેકર મુશ્કેલીને કારણે અથવા મીટર, મિનિચેકર સર્કિટ બેકર કે સર્વિસ-લાઈન આગળ ઢીલા જોડાણો / વિયોજનના કારણ સહિતના કોઈપણ કારણસર વીજ પૂરવઠા (બિન વીજળી ફરિયાદો) અવરોધની ફરિયાદો પરત્વે પરવાનેદાર ધ્યાન આપશે અને આવો અવરોધ લાઈનની ખામી અથવા વિતરણ અને / અથવા વીજ ટ્રાન્સફોર્મર (રો) ની નિષ્ફળતાને કારણે ન હોય તો હાય ટેન્શન / ડ્રોપઆઉટ ફ્યુઝ ખામી માટે ૬ કલાકની અંદર અને તમામ શહેરી વિસ્તારોમાં ફરિયાદ લેવાના આ વિનિમયોમાં નિર્દિષ્ટ બીજી તમામ ખામીઓ માટે ૪ કલાક અને ગ્રામિણ વિસ્તારોમાં ૨૪ કલકમાં વીજપુરવઠો પુનઃસ્થાપિત કરાશે. પરવાનેદાર, રેલ્વેને બને ત્યાં સુધી અવરોધરહિત વીજપુરવઠાઓ આપવાનું જાળવી રાખશે. અને કોઈ અવરોધ ઉભો થાય તો તેને ઉચ્ચ અગ્રતાના ધોરણે પુનઃસ્થાપિત કરશે. ગ્રાહકના મકાન ખાતેની ફરિયાદો સામાન્ય રીતે સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૮-૦૦ કલાકની વચ્ચે હાથ ધરાશે. રાત્રિના સમયે (રાતના ૮-૦૦ કલાકથી સવારના ૮-૦૦ કલાક) મળેલી ગ્રાહકની વ્યકિતગત ફરિયાદો, શહેરી વિસ્તારોમાં તે પછીના બીજા દિવસે નિર્દિષ્ટ પ્રસ્તુત કામકાજના કલાકો દરમિયાન અને ગ્રામિણ વિસ્તારોમાં બીજા દિવસ સુધીમાં હાથ ધરવામાં આવશે. આમ છતાં પાણી પુરવઠો, સરકારી અને મોટી હોસ્પીટલો અને અન્ય સરકારી સેવાઓ જેવી આવશ્યક સેવાઓ બાબતમાં, ફરિયાદ પર તાત્કાલીક ચોવીસ કલાક ધ્યાન આપવામાં આવશે. બીજા ગ્રાહકની બાબતમાં, ફરિયાદ રાતના ૮-૦૦ વાગ્યા પછી મળે ત્યારે, વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા બને તેટલા વેળાસર પૂરેપૂરો પ્રયત્ન કરવો.

૫.૨ ફરિયાદ મળ્યાના એક કલાકની અંદર, પરવાનેદાર શોધી કાઢશે કે તે લાઈન ખામી / કેબલ ખામી, ટ્રાન્સફોર્મર કે વીજ ટ્રાન્સફોર્મર અને / અથવા તેના સ્વિચગિયર વિતરણની નિષ્ફળતાને કારણે બન્યુ છે. પાછળથી આવેલી કોઈપણ ફરિયાદ કે પૂછપરછ માટે, પરવાનેદાર ગ્રાહકને હકિકતની અને વીજ પૂરવઠો પુનઃસ્થાપિત કરવામાં લાગનાર શકય સમય-મર્યાદાની જાણ કરશે.

૫.૩ રાબેતા મુજબની લાઈન ખામીના કેસમાં, પરવાનેદાર, ગ્રાહકને, શહેરી વિસ્તારમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૮ કલાકની અંદર અને ગ્રામિણ વિસ્તારમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૨૪ કલાકની અંદર વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરશે.

૫.૪ હાય ટેન્શન વાયર તૂટી (સ્નેપિંગ) જવાના કેસમાં, લાઈન આપોઆપ વીજરહિત ન થઈ હોય તેવા કેસમાં પરવાનેદાર લાઈન તરત વીજરહિત કરશે અને શહેરી વિસ્તારમાં ફરિયાદ/ માહિતી મળ્યાના ૮ કલાકમાં, ગ્રામિણ વિસ્તારોમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૨૪ કલાકની અંદર અને દુર્ગમ અથવા દૂરવર્તીત વિસ્તારોમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૪૮ કલાકની અંદર ગ્રાહકનો વીજ-પુરવઠો તાત્કાલીક પુનઃસ્થાપિત કરશે.

૫.૫ હાય ટેન્શન ઓવરહેડ લાઈન (થાંભલા તુટ્યા વિના) પર વૃક્ષો પડે તેવા કેસમાં, પરવાનેદાર, લાઈન આપોઆપ વિજળી રહિત ન થઈ હોય તો માહિતી મળ્યે કે તુરત વિજળીરહિત કરશે અને ગ્રાહકને વીજ પુરવઠો, શહેરી વિસ્તારોમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૧૦ કામકાજના કલાકમાં અને ગ્રામિણ વિસ્તારોમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૨૪ કલાકની અંદર પુનઃસ્થાપિત કરી આપશે. થાંભલા તુટી જવાના કેસમાં, નગરો અને ગ્રામિણ વિસ્તારોમાં અનુક્રમે ૨૪ અને ૪૮ કલાકની અંદર પુનઃસ્થાપિત કરાશે. વાયર તૂટી જવાના કેસમાં, શહેરી વિસ્તારોમાં ફરિયાદ મળ્યાના ૧૨ કલાકમાં અને ગ્રામિણ વિસ્તારોમાં ફરિયાદ મળ્યાનાં ૨૪ કલાકમાં પુનઃસ્થાપિત કરશે.

૫.૬ લો ટેન્શન લાઈનના શોર્ટસર્કિટને કારણે આગ લાગે તો, શહેરી વિસ્તારોમાં લાઈન અલગ પાડયા પછી આગ કાબુમાં આવતા ૬ કામકાજના કલાકમાં અને ગ્રામિણ વિસ્તારોમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૩૦ કલાકની અંદર ગ્રાહકને વીજપુરવઠો પુનઃસ્થાપિત કરી આપવામાં આવશે.

૫.૭ વિતરણ ટ્રાન્સફોર્મરમાં નિષ્ફળતાના કેસમાં (એટલે કે લાગુ પડે તે પ્રમાણે ૧૧/૦૦૪ કે.વી. અથવા ૨૨/૦.૪ કે.વી.) પરવાનેદાર ટ્રાન્સફોર્મર બદલશે અને શહેરી વિસ્તારોમાં ફરિયાદ/ માહિતી મળ્યાના ૧ દિવસની અંદર અને ગ્રામિણ વિસ્તારોમાં ફરિયાદ / માહિતી મળ્યાના ૩ દિવસની અંદર વીજ-પૂરવઠો પુનઃસ્થાપિત કરશે. અલબત એક જ ગ્રાહકને વીજળી પૂરી પાડતાં એક જ ટ્રાન્સફોર્મર દ્વારા આવરી લેવાયેલ અને મુદતવીત્યુ વણચુકવાયેલ લેણું હોય તેવા ગ્રાહક માટે, આવા મુદતવીત્યા લેણાંની પતાવટ થાય તે તારીખથી સમય-મર્યાદા ગણવામાં આવશે.

૫.૮ વીજ-ટ્રાન્સફોર્મર કે સંલગ્ન સ્વિચગિયરમાં નિષ્ફળતાના કેસમાં, પરવાનેદાર ફરિયાદ/ માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર મરામત/ફેરબદલી કરી આપશે, પરંતુ વીજ-ટ્રાન્સફોર્મર કે સંલગ્ન સ્વચગિયરની પ્રાયપ્તા પર તેનો આધાર રહેશે. ટેકનિકલ દ્રષ્ટિએ સુગમ હોય અને સલામતીની આવશ્યકતાઓ પરિપૂર્ણ થતી હોય ત્યાં, પરવાનેદાર ૨ દિવસમાં પુરવઠો પુનઃસ્થાપિત કરવાનો પ્રયત્ન કરશે.

૫.૯ ઉપર થઈને જતી અને ભૂગર્ભ સર્વિસલાઈન નિષ્ફળ જવાના કેસમાં, પરવાનેદાર, શહેરી વિસ્તારોમાં ફરિયાદ/ માહિતી મળ્યાના ૨૪ કલાકની અંદર કામચલાઉ વ્યવસ્થા દ્વારા વીજપુરવઠો પુનઃસ્થાપિત કરશે. ગામ વિસ્તારોની બાબતમાં, ફરિયાદ/માહિતી મળ્યાના ૪૮ કલાકની અંદર વીજળી પુનઃસ્થાપિત કરાશે. પરવાનેદાર, ફરિયાદ/માહિતી મળ્યાના ૩ દિવસની અંદર ભૂગર્ભ કેબલની મરામત કરાવશે. ભૂગર્ભ કેબલો માટે માર્ગ ખુલ્લો કરવા સક્ષમ સ્થાનિક અધિકારીની મંજૂરી મળ્યા પછી સમય-મર્યાદા લાગુ પડે છે.

૫.૧૦ પરિશિષ્ટ-એ અને બી અનુસાર, વિવિધ ફરિયાદોની આવક અને જાવકની માહિતી ફરિયાદ કેન્દ્રે નોંધીને તેનું સંકલન કરીને જાળવવામાં આવશે.

નિયત અનુપયોગ ગાળો

૫.૧૧ નિયત અનુપયોગ ગાળાને કારણે અવરોધની અપેક્ષીત મુદતની, વર્તમાનપત્રો કે સ્થાનિક રેડિયો/ટી.વી. મથકો વિગેરે મારફત જાહેર નોટીસ દ્વારા ઠીકઠીક અગાઉથી (ઓછામાં ઓછા ૪૮ કલાક અગાઉ) જાણ કરવી અને બને ત્યાં સુધી દિવસના ૧૦ કલાકથી વધુ હોવી જોઈએ નહીં. પરવાનેદારે સુનિશ્ચિત કરવું કે તે પુરવઠો સામાન્ય રીતે સાંજના ૬-૦૦ સુધીમાં પુનઃસ્થાપિત કરવામાં આવે. આવશ્યક સેવાઓને અપાતો પુરવઠો, આવી સેવાઓ પુરી પાડનાર સાથે અગાઉથી ચર્ચા-વિચારણા કરીને જાળવવો.

પ્રકરણ - ૬

વીજ પુરવઠાની ગુણવત્તા :

૬.૧ પરવાનેદાર, ગ્રાહકની ફરિયાદો પરત્વે નીચે દર્શાવેલ સમય-મર્યાદામાં નીચેની પરિસ્થિતી બાબતમાં ધ્યાન આપશે.

(અ) ન્યુટ્રલ વોલ્ટેજ, પુરવઠા વોલ્ટેજ કરતાં ૨% વધુ હોય.
(બ) વોલ્ટેજ. વધઘટ
(ગ) હાર્મોનિકસ

મોટાભાગના ગ્રાહક ઉપરના પ્રકારની ફરિયાદ ચોકકસપણે માપીને તે દાખલ કરી શકતા નથી, તેથી પરવાનેદારની એ મુખ્ય જવાબદારી બની રહે છે કે વિનિમયોનું પાલન કરે અને આયોગે નિર્દિષ્ટ કરેલા નમૂનામાં અને તે રીતે આયોગને અનુપાલન પરિક્ષણનો નમૂનો પૂરો પાડે.

નિર્દિષ્ટ સમયની અંદર સુધારણા કરાવી શકય ન હોય તો, તે કામ પુરુ કરવામાં લાગનાર સંભવિત સમય અંગે શહેરી વિસ્તારોના કેસમાં ત્રણ દિવસમાં અને ગ્રામિણ વિસ્તારોના કેસમાં સાત દિવસની અંદર ગ્રાહકને જાણ કરવી. ગ્રાહક - બીજા કોઈ ગ્રાહક અથવા ગ્રાહકની જુથની વીજગોઠવણમાં આ પરિસ્થિતી ઊભી થાય તો અને કોઈપણ વીજગોઠવણ જાનમાલ કે સાધનસામગી માટે બિનસલામત હોય તો, પરવાનેદારે, ગ્રાહક/ અન્ય ગ્રાહક/ ગ્રાહકના જુથને, ખામીભરી વીજગોઠવણમાં, યથાપ્રસંગ, સુધારો કરવામાં કે તેને છુટી પાડી દેવામાં આવે નહીં ત્યાં સુધી વીજપુરવઠો બંધ કરી શકશે. પરવાનેદારની વીજગોઠવણ બિનસલામત બને તો, જરૂરી હોય તે પ્રમાણે તેનું રક્ષણ કરવું, છુટી કરી દેવી અને બંધ કરી દેવી.

૬.૨ ન્યુટ્રલ વોલ્ટેજની ફરિયાદ પર તરત ધ્યાન આપવું, કેમ કે તેનાથી જીંદગી જોખમમાં મુકાઈ જાય.

વોલ્ટેજ વધઘટ :

૬.૩ પરવાનેદાર, જાહેર કરાયેલ વોલ્ટેજના સંબંધમાં અહીં નીચે નિયત કરેલ મર્યાદામાં, વપરાશકર્તાને પુરવઠો આપવાના સ્થળે વોલ્ટેજનું પ્રમાણ જાળવશે.

(અ) નિમ્ન વીજબદાણના કિસ્સામાં, + ૬% અને - ૬%
(બ) ઉચ્ચ વીજ દબાણના કિસ્સામાં, + ૬% અને - ૯%
(ક) અતિ ઉચ્ચ દબાણના કિસ્સામાં, + ૧૦% અને - ૧૨.૫%

INDEX

(ક) **હાર્મોનિકસ**

૬.૪ પરવાનેદારે હામોર્નિક વોલ્ટેજ જનરેશનના વલણવાળા લાગે તે વ્યુહાત્મક પોઈન્ટો આગળ, તેણે નિયમિત સમયાંતરે હામોર્નિકની દેખરેખ રાખવી. અને વપરાશકર્તાને નિર્દિષ્ટ ધોરણોનું પાલન કરવા જણાવવું.

૬.૫ વિવિધ ગ્રાહકોએ ખેંચેલ સંવાદિતા પ્રવાહ માપી તેનો રેકોર્ડ સંભાળવો પડશે. સંવાદિતા ઉત્પન્ન કરતાં સાધનોની નાની યાદી નીચે મુજબ છે.

(એ) સેલિયંટ પોલ સીન્ક્રોનિસ ઉત્પન્ન એકમ
(બી) કોર સેચ્યુરેશન્વાળું ટ્રાન્સફોર્મર
(સી) રોલીંગ મીલો
(ડી) ઇંડકશન ફરનેશ
(ઇ) વેલ્ડીંગના સાધનો
(એફ) સ્થિત વીજભાર કમ્પ્યુટર અને ટેલીવીઝન સહિત
(જી) ઇન્વર્ટર / વીજ રેકિટફાયર
(એચ) રેલ્વે ટ્રેકશન ભાર

૬.૬ પરવાનેદારે અન્ય અસરગસ્ત ગ્રાહક (કો) પાસેથી ફરિયાદ મળ્યેથી કોઈપણ ગ્રાહકના હામોર્નિક જનરેશનનું સ્તર પણ માપી શકશે. પાલન ન કરવામાં આવે તેવા પ્રસંગે, પરવાનેદાર અગાઉથી નોટિસ આપીને ગ્રાહકનો વીજપુરવઠો બંધ કરી શકશે.

૬.૭ ઓથોરિટિ દ્વારા વિતરણ પરવાનેદારને લાગુ પડતા ગ્રીડ જોડાણ ધોરણોમાં બતાવેલ વીજદબાણ અને વીજપ્રવાહ સંવાદિતાની સીમાનું પરવાનેદારે પાલન કરવાનું રહેશે.

પ્રકરણ - ૭

વ્યવસ્થાની વિશ્વસનીયતા

૭.૧ ઈન્સ્ટીટયુટ ઓફ ઈલેકટ્રીકલ એન્ટ ઈલેકટ્રોનીકસ એન્જીનીયર્સ (IEEE) માનક ૧૩૬૬ વર્ષ ૧૯૯૮ દ્વારા નીચે મુજબ વિશ્વસનીયતા / અનુપયોગ સૂચકાંક નિયત કર્યા છે. પરવાનેદાર ૨૦૦૨-૦૩ થી આ સૂચકાંકની ગણતરી કરી તેના મૂલ્યની જાણ કરશે.

(ક) **વ્યવસ્થા સરેરાશ અવરોધ વારંવારતા સૂચકાંક (SAIFI)**
પરવાનેદાર, નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સૂત્ર અને પધ્ધતિશાસ્ત્ર પ્રમાણે મૂલ્યની ગણતરી કરશે.

(ખ) **વ્યવસ્થા સરેરાશ અવરોધ સમય સૂચકાંક (SAIDI)**
પરવાનેદાર, નીચે દર્શાવ્યા મૂજબ સૂત્ર અને પધ્ધતિશાત્ર પ્રમાણે મૂલ્યની ગણતરી કરશે.

(ગ) **ક્ષણિક સરેરાશ અવરોધ વારંવારતા સૂચકાંક (MAIFI)**
પરવાનેદાર, નીચે દર્શાવ્યા મૂજબના સૂત્ર અને પધ્ધતિવિજ્ઞાન અનુસાર મૂલ્યની ગણતરી કરશે.

વિતરણ પધ્ધતિના વિશ્વસનીય સૂચકાંકોની ગણતરી પધ્ધતિ :

૭.૨ સૂચકાંકોની ગણતરી, પુરવઠા ક્ષેત્રમાં, દર ૧૧ કેવી/૩૩ કેવી મહિને ફીડરોના એકત્રીકરણ દ્વારા, એવા ફીડરો જે મુખ્યત્વે કૃષિ-ભાર હેતુ માટે સેવારત હોય, તે સિવાય પૂરી વિતરણ પધ્ધતિના હેતુ માટે કરવામાં આવશે, અને ત્યારબાદ તે મહિનામાં દરેક ફીડર માટેના તમામ અવરોધોની સંખ્યા તેમજ સમય-ગાળો સંચિત કરવામાં આવશે. ત્યારબાદ સૂચકાંકોની ગણતરી નીચેના સૂત્રનો ઉપયોગ કરીને કરવામાં આવશે.

INDEX

$$SAIFI = \frac{\sum_{i=1}^{n} (Ai * Ni)}{Nt}$$

Nt

જ્યાં Ai = તે મહિનામાં ફીડર પર સતત અવરોધોની કુલ સંખ્યા (પ્રત્યેક પાંચ મિનીટ કરતાં વધુ)

Ni = દરેક અવરોધને કારણે અસરગ્રસ્ત i^{th} ફીડરનો સંયોજિત ભાર

Nt = વિતરણ પરવાનેદારના પુરવઠા વિસ્તારનાં ૧૧ કે.વી. એ કુલ સંયોજિત ભાર.

n = પરવાનેદારના પૂરવઠા વિતરણ ક્ષેત્રમાં ૧૧ કે.વી. ફીડરોની સંખ્યા (મુખ્યત્વે કૃષિભારમાં સેવારત હોય તે સિવાયના)

$$SAIDI = \frac{\sum_{i=1}^{n} (Bi \times Ni)}{Nt}$$

જ્યાં Bi = મહિનાના એક ફીડર માટે તમામ સતત રહેતા અવરોધોનો કુલ સમયગાળો.

$$MAIFI = \frac{\sum_{i=I}^{n} (Ci * Ni)}{Nt}$$

જ્યાં Ci = મહિના માટે i^{th} ફીડર અંગે ક્ષણિક અવરોધોની કુલ સંખ્યા (૫ મિનિટ કરતાં ઓછી અથવા સમાન)

જ્યાં Ai = તે મહિનામાં ફીડર પર સતત અવરોધોની કુલ સંખ્યા (પ્રત્યેક પાંચ મિનીટ કરતાં વધુ)

નોંધ : ફીડરો ગ્રામિણ તેમજ શહેરી વિસ્તારમાં વિભાજન કરવું અને સૂચકાંકોનું મૂલ્ય દર મહિને અલગ જણાવવું.

૭.૩ મુખ્યત્વે કૃષિ ભારમાં સેવારત ફીડરો માટે આ સૂચકાંકોના મૂલ્યની પરવાનેદારે, અલગ ગણતરી કરવી. સૂચકાંકોની ગણતરી માટેની પધ્ધતિ, અન્ય ફીડરોની પધ્ધતિ જેવી જ રહેશે.

૭.૪ પરવાનેદારોએ પૂરી પાડેલી માહિતીને આધારે આયોગ આ સૂચકાંકોના વાર્ષિક લક્ષ્યાંક સૂચિત કરશે.

પ્રકરણ - ૮

મીટર / મીટર વ્યવસ્થા અંગે ફરિયાદો

૮.૧ પરવાનેદારે નિયમિતરીતે મીટરોનું નિરિક્ષણ, ચકાસણી અને પરિક્ષણ કરવું. આમ છતાં, આવા નિરિક્ષણની અવધિ, કેન્દ્રીય વીજળી ઓથોરિટીએ તેના મીટર સંસ્થાપન અને સંચાલન નિયમોમાં જુદા જુદા ગ્રાહક માટે દર્શાવેલ અવધિ કરતાં ઓછી હોવી જોઈએ નહીં.

(ક) પરવાનેદારે શહેરી વિસ્તારમાં ફરિયાદ મળ્યાના ૭ કામકાજના દિવસોની અંદર અને ગ્રામિણ વિસ્તારોમાં ફરિયાદ મળ્યાના ૧૫ કામકાજના દિવસની અંદર મીટરનું નિરિક્ષણ, ચકાસણી કે પરિક્ષણ કરવું.

(ખ) કોઈ મીટર કે મીટર-પધ્ધતિના નિરિક્ષણ, ચકાસણી અને પરિક્ષણ દરમિયાન તે ખામીપૂર્ણ જણાય, (દા.ત. ચોંટી જાય, ધીમે ચાલે, ઝડપથી ફરે, ધીમે ધીમે ખસે કે અયોગ્ય નોંધણી કરે કે વિશિષ્ટ વર્ણન અનુસાર કામ ન કરે) તો પરવાનેદારે ગ્રાહકને તેની જાણ કરવી અને નિરિક્ષણ, ચકાસણી, પરિક્ષણની ૧૫ દિવસની અંદર મીટર બદલવું.

(ગ) જો મીટરની કામગીરી અંગે ગ્રાહક તરફથી ફરિયાદ કરાય અને તે મીટર બદલવા વિનંતી કરે તો સ્થળ પરની કે પ્રયોગશાળાની યોગ્ય ચકાસણી મારફત સાબિત થાય કે મીટર જરૂરી ધોરણ મુજબ કામ કરતું નથી તો તે મીટર ૭ દિવસની અંદર બદલી આપવું. પ્રયોગશાળાના પરિક્ષણમાં, પરિક્ષણનો અહેવાલ ગ્રાહકને મોકલી આપવો.

૮.૨ મીટર દુર કરવામાં / બદલવામાં આવે તેવા તમામ કેસોમાં, પરિક્ષણ / ચકાસણી અહેવાલ, ગ્રાહક હાજર હોય તો તેને આપવો અથવા મીટર દુર કર્યાના / બદલ્યાના ૭ દિવસની અંદર ગ્રાહકને મોકલી આપવો. મીટરનું પરવાનેદારની પ્રયોગશાળામાં વધુ પરિક્ષણ કરવાનું હોય તો, તેનો પરિક્ષણ અહેવાલ પણ ગ્રાહકને મોકલી આપવો. ગ્રાહક જગ્યા પરથી મીટરને કાઢી નાંખવામાં આવે તે પહેલા તેના પર સીલ મારવાનું પસંદ કરી શકે અને પરવાનેદાર જણાવે તે તારીખે પરિક્ષણ દરમ્યાન તે હાજર રહેવાનું પણ સ્વીકારી શકે.

૮.૩ ગ્રાહકને લીધે ઉભા થયેલા કારણોસર મીટર / મીટર પધ્ધતિ બળી જાય તેવા કેસમાં (જેમ કે ચેડા કરવાં, ગ્રાહકની મીટર ગોઠવણમાં ખામી, મીટર પર પાણી પડવાને કારણે મીટરમાં વધુ પડતુ ક્ષરણ, ગ્રાહક વગેરે દ્વારા વધારાના વીજભારનું બિનઅધિકૃત જોડાણ) ખર્ચની સામે મીટર-જામીનગીરીની રકમ સરભર કરાશે અને ગ્રાહકને નવેસરથી મીટર જામીનગીરીની રકમ અનામત મુકવા અને સંલગ્ન સાધનો/ માલસામાનનું ખર્ચ (જેમ કે મીટર બોકસ, એમ સી બી અને / અથવા સર્વિસ લાઈન વિગેરે) ભરવા નોટિસ મોકલવામાં આવશે. ચુકવણી થયેથી વીજ પુરવઠો તાત્કાલીક પુનઃસ્થાપિત કરાશે. ચુકવણી મળ્યાના સાત દિવસની અંદર અને મીટરને ભવિષ્યમાં વધુ નુકશાન ન થાય તે જોવા ગ્રાહક જરૂરી સુધારાત્મક પગલા લે ત્યારબાદ મીટર / મીટર પધ્ધતિ બદલવામાં આવશે.

પ્રકરણ - ૯

નવા વીજળિક જોડાણો નાંખવા

૯.૧ વીજળી પુરવઠાની અરજીઓની પ્રક્રિયા માટેની વિગતવાર કાર્યપધ્ધતિ અને નિયમો, પુરવઠા નિયમાવલી (code) આપ્યા છે. અરજી આપ્યા પછી વીજળી પુરવઠો આપવાની સમય-મર્યાદા ૨૦૦૩ ના વીજ અધિનિયમની કલમ-૪૩ માં સમાવિષ્ટ છે.

૯.૨ **ઘરેલુ અને બિન-ઘરેલુ**

સામાન્ય હેતુ માટે (બત્તી, પંખા અને નાના સાધનો) નવા વીજળી જોડાણ માટે વિતરણ કંપનીને કરાતી દરેક અરજીને અગ્રતા નંબર આપવો. કંપની અરજી મળ્યાના ૭ દિવસની અંદર ગ્રાહકના ફાળા, જામીન અનામત અને સર્વિસલાઈન ચાર્જ, જો કોઈ હોય તો, તે માટેની માંગ-નોધ મોકલશે અને માંગણા-નોંધની રકમ મળ્યેથી તથા જરૂરી ઔપચારિક વિધિઓ પૂરી કર્યાના ૨૦ દિવસની અંદર જોડાણ કરી આપશે. ગ્રાહકએ કંપનીને ચેકથી ચુકવેલ તમામ રકમો, ચેક સ્વીકારાય ત્યારે ચુકવેલી હોવાનું ગણવામાં આવશે. પરવાનેદારે સુનિશ્ચિત કરવું કે ચેક, પરવાનેદારની બેન્કમાં કામકાજના ૧ દિવસની અંદર ભરી દેવામાં આવે. જરૂરી ઔપચારિકતાઓમાં, જરૂરી હોય તો ટ્રાન્સફોર્મર / સર્કિટ બેકર અને મીટરોની ગોઠવણ માટે જમીનમાં પ્રવેશ કરવાની બાબતનો સમાવેશ થશે.

માગંણીનોંધ (ડિમાન્ડ નોટ) મળ્યા પછી જોડાણ ચાલુ કરવાની ઉપરની સમય-મર્યાદા એ શરતને આધિન રહેશે કે વિતરણ-પધ્ધતિ ઉપલબ્ધ છે અને જોડાણ કરવું ટેકનીકલ રીતે સુગમ છે અને સલામતીની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવામાં આવશે. વીજ પૂરવઠાની લાઈનનું વિસ્તરણ કરવાનું હોય કે, નવા પેટા-મથકો શરૂ કરવાના હોય તેવા કેસમાં, વિતરણ પધ્ધતિ લાઈન નાંખવામાં / વધારવા આવે તારીખથી ઉકત સમય-મર્યાદા ગણવામાં આવશે. અને સંભવિત સમય-ગાળાની ડિમાન્ડ નોટ / માંગણા નોંધમાં જાણ કરવામાં આવશે. કોઈપણ કેસમાં, શહેર વિસ્તારમાં ૨ મહિનાની અંદર જોડાણ આપવું. આ સમયગાળામાં ગ્રાહક / સ્થાનિક સત્તાતંત્રને લીધે જતા સમયને બાકાત કરવો. ગ્રામિણ વિસ્તારોની બાબતમાં, જોડાણની જોગવાઈ, ગ્રામિણ વીજળીકરણની રાષ્ટ્રીય નીતિને આધિન છે અને માંગણા નોંધની રકમ મળ્યાની તારીખથી ચાર મહિનાની અંદર જોડાણ કરી આપવામાં આવશે. વધુમાં, આવી મુદત લંબાવવામાં આવી હોય તો તેની આયોગને રેકર્ડ કરવા માટે જાણ કરવી.

INDEX

જથ્થાબંધ વીજ-જોડાણો

૯.૩ નીચે દર્શાવ્યા મુજબ સમયબધ્ધ રીતે જથ્થાબંધ વીજ-જોડાણો છૂટા કરવામાં આવશે.

ક્રમ	બાબત / પ્રવૃત્તિ	સમય મર્યાદા (ની અંદર)
૧.	૧૦૦ કે.વી.એ / કિ.વો. સુધી વીજ ભાર માંગણા નોંધ મોકલવી	અરજી મળ્યાના ૧૦ દિવસની અંદર
	જોડાણ કરવું.	વિસ્તરણ કરવું જરૂરી ન હોય તો, ઔપચારીકતાઓ / માંગણા નોંધનું પાલન કર્યા પછી ૨૦ દિવસની અંદર નહી તો ૬૦ દિવસ
૨.	ટી.પી.એ.એલ.૧૦૦ કેવીએ / ૧૦૦ કિ.વો. ઉપર અને ૪૦૦૦ કેવીએ સુધી વીજભાર અને ગુજરાત વિદ્યુત બોર્ડ અને ટીપીએસએલ આયોગ માટે ૧૦૦ કેવીએ ઉપરાંત અને ૨૫૦૦ કેવીએ સુધી વીજભાર	
	શકયતા પ્રમાણપત્ર મોકલવું	અરજી મળ્યાના સાત દિવસની અંદર
	માગણા નોંધ મોકલવી	અરજી મળ્યાના ૧૫ દિવસની અંદર
	જોડાણ કરવું	સંભવિત ગ્રાહક દ્વારા માગણા નોંધનું પાલન /ઔપચારીકતા પૂરી થયા પછી ૪૫ દિવસની અંદર
૩.	ગુજરાત વિદ્યુત બોર્ડ અને ટી.પી.એસ.એલ માટે ૨૫૦૦ કેવી એ કરતાં વધુ વીજભાર અને ઈલેકટ્રીસીટી કંપની માટે ૪૦૦૦ કેવી એ કરતાં વધુ વીજભાર	
૪.	શકયતા મંજૂરી મોકલવી	અરજી મળ્યાના ૧૫ દિવસની અંદર
	માગણા નોંધ મોકલવી	અરજી મળ્યાના ૩૦ દિવસની અંદર
	જોડાણ કરવું	સંભવિત ગ્રાહક દ્વારા માગણા નોંધનું પાલન/ઔપચારીકતા પૂરી કરે ત્યારબાદ ૧૮૦ દિવસની અંદર

નોંધ :- અનુસૂચિમાં દર્શાવેલ સમયની ગણતરી, સંપૂર્ણ અરજી રજુ કર્યા પછી અને ઔપચારીકતાઓનું પાલન સંપૂર્ણ (જરૂરી હોય તો ટ્રાન્સફોર્મરોની ગોઠવણ માટે અને મીટરો માટે જગ્યા મંજૂર કરવા સહિત) કર્યા પછી કરવામાં આવશે.

માગણા નોંધની રકમ મળ્યા પછી જોડાણ કરવા અંગની ઉપરની સમય મર્યાદા, જોડાણ ટેકનીકલ દ્રષ્ટિએ કરવું સુગમ છે અને સલામતી જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં આવશે એ શરતને આધિન રહેશે. આ મુદતમાં ગ્રાહક / સ્થાનિક તંત્રને કારણે ગયેલો સમય બાકાત કરવામાં આવશે. વધુમાં, આવો કોઈ સમય બાદ કરવામાં આવ્યો હોય તો તેની નોંધ માટે આયોગને પણ જાણ કરાશે.

૯.૪ કૃષિ વીજ-જોડાણો

કૃષિ જોડાણો, વાર્ષિક યોજનાની જોગવાઈઓને આધિન રહેશે. પરવાનેદાર, અરજી મળ્યાના ૧૫ દિવસની અંદર, જોડાણ કરવા માટે લાગનાર સંભવિત સમય-મર્યાદા અંગે અરજદારને લેખિતમાં જાણ કરશે. આવા જોડાણ માટેની સમય-મર્યાદા, આ કક્ષા (category) હેઠળ, વિતરણ પધ્ધતિ ચાલુ છે અને જોડાણ ટેકનીકલ રીતે શકય છે તથા સલામતી જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં આવશે એ શરતને અધિન રહીને, માગણા-નોંધની ચુકવણી મળ્યેથી કે માગણા નોંધની પાકતી તારીખ, બેમાંથી જે મોડુ હોય, તે તારીખથી ૩૦ દિવસની રહેશે. નવી વિતરણ પધ્ધતિ શરૂ કરવાની હોય ત્યાં, વિતરણ પધ્ધતિ વીજળીકૃત કર્યાથી તારીખથી અને કોઈપણ કેસમાં ૧૨૦ દિવસની અંદર ગણવામાં આવશે. જોડાણ દૂરવર્તી ગામમાં કરવાનું હોય તો, આયોગ, કેસ-કેસના ધોરણે સમય-મર્યાદા વધારી આપી શકશે.

પ્રકરણ - ૧૦

વીજળી બિલો અંગેની ફરિયાદો

૧૦.૧ પરવાનેદારને, ખોટા બિલ કે પ્રશુલ્ક (ટેરીફ) ખોટું લાગુ પાડવું, બિલ ન મળવું અથવા ચુકવણી કરવા અપૂરતો સમય આપવો જેવી બાબતો અંગેની ગ્રાહકની ફરિયાદ, રૂબરૂમાં કે ટેલીફોન પર જાણ કરવામાં આવતાં તેનો તાત્કાલીક સ્વીકાર કર્યાની અને ફરિયાદ ટપાલથી મળી હોય તો ૭ કામકાજના દિવસની અંદર તેની પહોંચ આપશે.

૧૦.૨ પરવાનેદાર, ગાણિતીક ભૂલ અથવા ચુકવણીના અપૂરતા સમય અંગે વીજળીના બિલોની ફરિયાદ રૂબરૂમાં કરવામાં આવે તો સ્વીકૃતિ પહોંચની તારીખે તેનો નિકાલ કરશે. બીજા કેસોમાં અને વધારાની માહિતી ભેગી કરવી જરૂરી હોય ત્યાં, ફરિયાદનો તે મળ્યાના ૧૦ દિવસની અંદર નિકાલ કરવામાં આવશે. વધારાની માહિતી માટે જગ્યાની મુલાકાત લેવી જરૂરી હોય ત્યાં, ફરિયાદનો નિકાલ ૧૫ દિવસની અંદર કરાશે.

૧૦.૩ ગ્રાહકની ફરિયાદ સાચી હોય અને બિલ સુધારવું જરૂરી હોય તો, બિલ સુધાર્યાની તારીખથી બિલની ચુકવણીની પાકતી તારીખ ગણવામાં આવશે. વિલંબિત ચુકવણી કે વીજ-પૂરવઠો બંધ કરવા અંગનું વધારાનું ખર્ચ ગણવા, સુધારેલા બિલની તારીખ વિચારણામાં લેવાશે.

૧૦.૪ વીજ-જોડાણ કપાઈ ગયેલ હોય તેવો ગ્રાહક, ફેર-જોડાણ અને અન્ય ખર્ચ સહિત લેણી રકમની વિગતો અંગે વિનંતી કરે તો, તેને ફરિયાદ તરીકે ગણવામાં આવશે.

પ્રકરણ - ૧૧

વીજ-પૂરવઠાનું પુનજોર્ડાણ

૧૧.૧ લેણી રકમ (પુનજોર્ડાણ ખર્ચ સહિત) અને જામીન અનામત ભર્યા પછી તથા પહોંચ રજૂ કર્યા બાદ નીચે નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર વીજ-પૂરવઠાનું પુનજોર્ડાણ કરવામાં આવશે.

(ક) જોડાણ કરવાની મુદત ૬ મહિના કરતાં વધુ ન હોય તો ૨૪ કલાકની અંદર જો બહારની બાજુએથી સર્વિસલાઈન કાપી નાંખવામાં આવી હોય તો, તો પછી જોડાણ ૩ કામ કાજના દિવસની અંદર ફરિથી કરી આપવામાં આવશે.

(ખ) જોડાણ કપાયાની મુદત ૬ મહિના કરતાં વધુ હોય તો પરવાનેદાર, વીજળી કોન્ટ્રાકટર વીજળી વ્યવસ્થા અંગે યોગ્યતા પ્રમાણપત્ર રજુ કરે ત્યારબાદ ૪૮ કલાકની અંદર આ સમય-મર્યાદા ગ્રાહકના ઘરની જગ્યાએ પરવાનેદારના સાધન સરંજામની પ્રાપ્યતા અને વ્યવસ્થાની પરવાનગીપાત્ર વીજ-ભાર સ્થિતિના અસ્તિત્વને અધિન છે. એના વિકલ્પે અરજીના ૭ દિવસની અંદર પુનજોર્ડાણ કરી આપવામાં આવશે.

(ગ) સમજુતી સમાપ્ત કરી હોય તેવા કેસોમાં ગ્રાહક પ્રકરણ-૭ માં દર્શાવ્યા મુજબ નવેસર અરજી કરશે.

આમ છતાં પરવાનેદાર, ઠરાવેલી સમયરેખાની રાહ જોયા વિના બને તેટલો ત્વરાથી વીજ-પૂરવઠો ફરી જોડવાના બનતા પ્રયત્નો કરશે.

પ્રકરણ - ૧૨

કામચલાઉ વીજપૂરવઠો

૧૨.૧ ઉદિષ્ટ ગ્રાહકને, રહેણાંકના મકાનો, સંકુલો, વાણિજ્યિક સંકુલો, ઔદ્યોગિક મકાનોના બાંધકામ માટે અને તહેવારો દરમિયાન રોજની, વગેરે માટે કામચલાઉ સેવાઓની જરૂર પડી શકે. આવી કામચલાઉ સેવાઓ નીચે દર્શાવેલ સમય-સૂચિની અંદર પૂરી પાડવી.

(ક) ૧૦ કેવીએ સુધી - ૫ દિવસ
(ખ) ૨૫ કેવીએ સુધી - ૧૦ દિવસ
(ગ) ૫૦ કેવીએ સુધી - ૨૦ દિવસ
(ઘ) ૫૦ કેવીએ કરતાં વધુ - ૩૦ દિવસ

INDEX

૧૨.૨ ઉપરની સમય મર્યાદા, માગણા નોંધની રકમ મળ્યેથી, જરૂરી ઔપચારીકતાઓનું પાલન કર્યા બાદ લાગુ પડશે અને તે વિતરણ-પધ્ધતિ અસ્તિત્વમાં હોય અને જોડાણ ટેકનીકલ રીતે શકય હોય તથા સલામતી આવશયકતાઓને પહોંચી વળવામાં આવે તે શરતને અધિન છે.

૧૨.૩ પરવાનેદારો, કામચલાઉ વીજપૂરવઠાની મુદત પૂરી થતાં, સેવા બંધ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર કોઈ બાકી અનામત રકમ હોય તો તે પરત કરશે.

પ્રકરણ - ૧૩

અન્ય પ્રકીર્ણ કામગીરીના ધોરણો :

૧૩.૧ **સર્વિસ જોડાણ બદલવું / લાઈનોમાં ફેરફાર અને સાધનો ખસેડવા.**

ગ્રાહક, હાલના મકાનોમાંથી સર્વિસ જોડાણ બદલવા અથવા હાલની લાઈનોમાં પોતાના ખર્ચે ફેરફાર કરાવવા વિનંતી કરે ત્યાં, ચુકવણીની તારીખથી કામો પૂરા કરવા માટે નીચેની સમય-સૂચિ અમલમાં મુકવામાં આવશે.

મીટર / સર્વિસ બદલવી	૭ દિવસ
લો-ટેન્શન/હાય-ટેન્શન લાઈનો ખસેડવી	૨૦ દિવસ
ટ્રાન્સફોર્મર સંરચનાઓ બદલવી	૩૦ દિવસ

ઉપર આપેલી સમય-સૂચિમાં અંદાજો તૈયાર કરવા અને જરૂરી કામગીરીના પાલન અને પરવાનગી, વગેરે માટે જોઈતો સમય બાદ કરવામાં આવે છે. વધારાનું ખર્ચ વસુલ કરીને અને બચેલી અનામત રકમ પરત ચુકવીને, ફેરફારનું કામ પુરું થયાની તારીખથી ૩૦ દિવસની અંદર હિસાબોની પતાવટ કરવી.

સર્વિસ જોડાણની તબદીલી

૧૩.૨ નામમાં ફેરફાર કે માલિકીમાં ફેરફાર અંગે સર્વિસ જોડાણ તબદીલી, જરૂરી દસ્તાવેજો અને જરૂરી ફી ની ચુકવણીની સાથે પૂરેપૂરી અરજી મળ્યાની તારીખથી ૭ દિવસની અંદર કરી આપવામાં આવશે.

૧૩.૩ **શેરી બત્તી ફરિયાદો**

શેરીની બત્તીઓ ચાલુ ન હોય અથવા યોગ્ય રીતે કામ ન આપતી હોય તેવી ફરિયાદ; પરવાનેદારના ક્ષેત્રાધિકારમાં આવતી હોય તેટલા પ્રમાણમાં પરવાનેદાર, બને તેટલી ત્વરાથી ધ્યાન આપશે.

અન્ય ફરિયાદો

૧૩.૪ બીજી કોઈ ફરિયાદો (વારંવાર ઊભી થતી હોય તેવા પ્રકારની ફરિયાદો સહિત) હોય તો તે મળ્યાના ૧૦ દિવસની અંદર તપાસ કરાશે અને ત્યારબાદ ૩૦ દિવસની અંદર તેમાં સુધારણા કરાશે. ફરિયાદના પ્રકાર અને તેની ગંભિરતાને લક્ષમાં રાખીને, પરવાનેદાર, ઠરાવેલ સમય-મર્યાદા પહેલા ભૂલ શોધી કાઢીને તેની સરખી કરવા બનતા પ્રયત્નો કરશે.

પ્રકરણ - ૧૪

કામગીરી હોય તેવા કેસમાં એકંદર કામગીરીના ધોરણો અને દંડ

૧૪.૧ કામગીરી હકળના કેસમાં દંડ

પરવાનેદાર, નિર્દિષ્ટ ધોરણોને પહોંચી વળવામાં નિષ્ફળ જશે તો, અસરગ્રસ્ત થયેલુ ગ્રાહક, નીચે દર્શાવ્યા મુજબ પરવાનેદાર પાસેથી વળતર મેળવવા હકકદાર છે.

ક્રમ નં.	બનાવ	ચુકવવાપાત્ર વળતર
૧.	વિનતીને આધારે વીજપૂરવઠો આપવા અંગેનું શુલ્ક (ક) નવા સર્વિસ જોડાણો (ખ) વધારાનો વીજભાર (ગ) કામચલાઉ પૂરવઠો (ઘ) સર્વિસ જોડાણ બદલવું (ચ) સર્વિસ જોડાણની તબદીલી (છ) પ્રશુલ્કમાં ફેરફાર	વિલંબના દરેક દિવસ માટે રૂ. ૫૦-૦૦
૨.	બિલ અંગની ફરિયાદ	મુદતની અંદર જવાબ ન મળવા માટે રૂા. ૫૦-૦૦
૩.	મીટરો બદલવા	લો-ટેન્શન જોડાણો માટે અધિકતમ રૂા. ૨૫૦૦ ને અધિન રહીને વિલંબના દરેક દિવસ માટે રૂા. ૨૫ અને હાય-ટેન્શન જોડાણો માટે અધિકતમ રૂા.૫૦૦૦ ને અધિન રહીને વિલંબના દરેક દિવસ માટે રૂા. ૨૫૦.
૪.	વીજળી પુરવઠામાં અવરોધ	લો-ટેન્શન જોડાણ માટે અધિકતમ રૂા. ૫૦૦ ને અધિન રહીને વીજપૂરવઠાના પુનસ્થાપનમાં વિલંબના દર છ કલાક (કે તેના ભાગ માટે) માટે રૂા. ૨૫ અને હાય-ટેન્શન જોડાણ માટે અધિકતમ રૂા. ૧૦૦૦ ને અધિન રહીને વીજપૂરવઠાના પુનસ્થપિત અંગે વિલંબના દર છ કલાક (કે તેના ભાગ માટે) માટે રૂા. ૫૦.
૫.	વોલ્ટેજમાં વધઘટ અને ફરિયાદો	નિયત મુદતની અંદર મુલાકાત લેવા કે તારણો જણાવવામાં નિષ્ફળતા અંગે રૂા. ૫૦.
૬.	ગ્રાહકોની ફરિયાદોના જવાબ આપવા	અધિકતમ રૂા. ૫૦૦ ને અધિન રહીને વિલંબના દરેક દિવસ માટે રૂા. ૨૫.
૭.	ફરિયાદ હાથ ધરવી	ફરિયાદ હાથ ધરવામાં નિષ્ફળતા અંગે રૂા. ૨૫.

૧૪.૨ અમલના પ્રથમ વર્ષને સંક્રાંતિકાળ ગણીને આયોગ, આવી મુદત દરમિયાન પરવાનેદારો દ્વારા ગ્રાહકને વળતરની ચુકવણી પર મોકુફીની છૂટ આપે છે. આ સંક્રાંતિકાળ દરમિયાન પરવાનેદારો, તેમની વ્યવસ્થા / સિસ્ટમ અને સેવાઓની સુધારણા માટે કરાતા પ્રયાસો પરત્વે આયોગ દેખરેખ રાખશે. ચુકવણી મોકૂફીની મુદત ૩૦-૬-૨૦૦૫ ના રોજ પૂરી થશે.

૧૪.૩ આ વિનિયમો અનુસાર કામગીરી અંગેના ધોરણોનું પાલન નહીં થવા અંગેની ગ્રાહકની ફરિયાદોનું, (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની સ્થાપના) ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અંગેના વિનિયમો અને ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (ફરિયાદ તપાસ-તંત્રની (Ombudsman) સ્થાપના) માટેના વિનિયમોમાં કરેલી જોગવાઈ પ્રમાણે નિવારણ કરાશે. અસર પામેલા ગ્રાહકને, નિવારણ ફોરમ / તપાસ તંત્ર દ્વારા લેવાયેલ નિર્ણયને આપોઆપ અનુસરીને પરવાનેદાર આગામી આવનાર બિલમાં વળતરની ચુકવણી કરશે.

૧૪.૪ આ વિનિયમો અન્વયે ગ્રાહકને તેમના અધિકારો અંગે વાકેફ કરવા, ગ્રાહક અધિકારને લગતા વિનિયમોમાંથી ઉતારા લઈને છપાવવા અને યોગ્ય સંચાર માધ્યમ દ્વારા વખતોવખત બહોળી પ્રસિધ્ધિ આપવી.

INDEX

કામગીરીના સ્તર અંગેની માહિતી:

૧૪.૫ પરવાનેદાર, આ વિનિયમોમાં નિર્દિષ્ટ દરેક ત્રિમાસિક તેમજ દરેક ત્રિમાસિક તેમજ દરેક નાણાંકીય વર્ષના એકત્રિત વાર્ષિક અહેવાલમાં કામગીરીનાં ધોરણો અંગેની નીચેની માહિતી આયોગને રજૂ કરશે.
(ક) આ વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ કરવાની કામગીરીનું સ્તર,
(ખ) આ ધોરણો હેઠળ આવરી લીધેલાં ક્ષેત્રોમાં કામગીરી સુધારવા પરવાનેદારે લીધેલાં પગલાં અને આગામી વર્ષ માટે મૂકવામાં આવેલા લક્ષ્યાંકો અંગે પરવાનેદારની આકારણી.
(ગ) વળતર આપવામાં આવ્યું હોય તેવા કેસોની સંખ્યા અને વળતરની એકંદર રકમ

૧૪.૬ ત્રિમાસિક અહેવાલો ત્રિમાસ પૂરા થયાના ૧૫ દિવસની અંદર અને વાર્ષિક અહેવાલો નાણાંકીય વર્ષ પૂરું થયાના ૩૦ દિવસની અંદર આયોગને રજૂ કરવા.

૧૪.૭ આયોગ, તેને યોગ્ય લાગે તે પ્રમાણે અને તેવા સમયાંતરે પરવાનેદાર આ વિનિયમ હેઠળ પૂરી પાડેલી માહિતી આયોગને યોગ્ય જણાય તેવા સ્વરૂપમાં અને તે રીતે પ્રકાશિત કરવા તેને આદેશ આપશે અથવા અન્ય ગોઠવણ કરશે.

કામગીરીનાં ધોરણોની વાર્ષિક સમીક્ષા :

૧૪.૮ દરેક વિતરણ પરવાનેદાર વાર્ષિક સમીક્ષા સમિતિની રચના કરશે અને તેની ભલામણો આયોગને મંજૂરી માટે રજૂ કરશે. આયોગ, વખતોવખત જરૂરિયાતોમાં ફેરફાર કરશે. તેની કક્ષા ઊંચી લઇ જશે અને તે રદ કરશે.

પ્રકરણ - ૧૫

૧૫.૧ **આંશિક ગેરકાયદેસરતા અને ઉપરવટ જતી અસરો**

આ વિનિયમો તથા તેનો કોઈ ભાગ રદબાતલ થાય અથવા ગેરકાયદેસર જાહેર કરવામાં આવે તો, બીજા બધા વિનીયમો કે તેના ભાગની કાયદેસરતાને અસર પડશે નહીં. આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઈપણ બાબત અધિનિયમની જોગવાઈઓ સાથે તે અસંગત હોય તેટલા પ્રમાણમાં અસરકારક રહેશે નહીં.

મુક્તિ

૧૫.૨ યુધ્ધ, બળવો, મુલકી રમખાણ, હુલ્લડ, પૂર, વંટોળિયો, વાવાઝોડું, વીજળી, ભૂકંપ, ગ્રીડ નિષ્ફળતા અને હડતાલ-સંચારબંધી, લોકઆઉટ, પરવાનેદારની ગોઠવણો અને પ્રવૃત્તિઓને અસર કરતી આગ જેવી દૈવી આફતોની સ્થિતિ અને વીજળીના સાધનો અને કર્મચારીઓની સલામતિ સંભવિત ન હોય તેવી પવન કે વરસાદની સ્થિતિ દરમિયાનના કામગીરીના ચોકકસ ધોરણોનું પાલન કરવામાં છુટછાટ આપવી.

આયોગ, નિર્દિષ્ટ સંજોગોમાં સામાન્ય વિનિયમો કે કોઈ ચોકકસ વિનિયમોની જોગવાઈઓમાં તેના આદેશમાં જણાવેલી મુદત માટે છુટછાટ અપાશે.

પરવાનેદારને આ વિનિયમોના નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ધોરણો, આધારચિહ્નો (બેન્ચમાર્ક) અને સમય-મર્યાદા ચુસ્તપણે બંધનકર્તા રહેશે. અલબત્ત આ બાબતો તેની ટેકનીકલ શકયતા પર આધારિત રહેશે. પરવાનેદાર, ટેકનીકલ અવરોધો કે બીજા કોઈ કારણોને લીધે સમય-મર્યાદા વધારવા માગે તેવા કેસમાં, યોગ્ય મંજૂરી આયોગ પાસેથી મેળવવાની રહેશે.

અમદાવાદ
તા.૩૧ માર્ચ,૨૦૦૫

(પી.એસ.શાહ)
સચિવ

INDEX

પરિશિષ્ટ - ક

ફરિયાદ કેન્દ્રો અને જુનિયર ઈજનેરી / મદદનીશ ઈજનેરની કચેરીઓ ખાતે ફરિયાદ નોંધાવવાનો નમૂનો.
કચેરીનું નામ :

ક્રમ	સમય અને તારીખ	નામ,સરનામું અને ફરિયાદનો એ/સી નંબર	ફરિયાદનો અલગ નંબર	ફરિયાદનું વર્ગીકરણ		ફરિયાદ નિવારણનો સમય અને તારીખ	લીધેલો કુલ સમય(કલાક/ મિનિટમાં)
				ફરિયાદનો પ્રકાર	ફરિયાદ વર્ગીકરણ અને તેનો નંબર		
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.	૮.

અસર પામેલ ગ્રાહકોની સંખ્યા	અવરોધની કુલ મુદત	કામગીરીનો ધોરણો મુજબ નિયત સમયમાં ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે કે કેમ?
૯.	૧૦.	૧૧.

સૂચનાઓ

(૧) પ્રકાર-A અને પ્રકાર-A સિવાયની ફરિયાદો માટે અલગ રજીસ્ટર રાખવું

(૨) ફરિયાદ દર મહિને કરવી. ધ્યાન ન અપાયેલ ફરિયાદો દર સમયાંતરે આગળ આણવી, જેથી બાકી રહેલી ફરિયાદનું સાચું ચિત્ર પ્રતિબિંબિત થાય.

ફરિયાદોનું વર્ગીકરણ

(ક) વીજ-પુરવઠામાં અવરોધ
- (૧) થાંભલાથી ઢિલું જોડાણ
- (૨) લાઈન ખોટકાવાથી અવરોધ
- (૩) ટ્રાન્સફોર્મર નિષ્ફળ જવાને કારણે અવરોધ

(ખ) વીજ-પુરવઠાની ગુણવત્તા
- (૧) સામાન્ય કેસ, જેમાં વૃધ્ધિ જરૂરી નથી.
- (૨) જયાં વૃધ્ધિ જરૂરી હોય.

(ગ) મીટરો
- (૧) બંધ પડેલા / ખામી પૂર્ણ મીટરો
- (૨) બે બિલ કરતાં વધુ બિલો માટે સરેરાશ ધોરણે બિલો તૈયાર કરવા.

(ઘ) ઉપર થઈને જતી લાઈનો
- (૧) ઢિલા વાયરો
- (૨) અપર્યાપ્ત ભૂમિ-સફાઈ

(ચ) બિલો
- (૧) વધારાની માહિતી જરૂરી ન હોય ત્યાં ચાલુ બિલો માટે
- (૨) મીટર-વાચનની સચ્ચાઈને લગતી વધારાની માહિતી જરૂરી હોય.

INDEX

(છ) સર્વિસ જોડાણો (ઘરેલુ અને બિનઘરેલુ)
(૧) જયાં મુખ્ય લાઈનમાં વિસ્તરણ જરૂરી ન હોય.
(૨) જયાં મુખ્ય લાઈનમાં વિસ્તરણ જરૂરી હોય.
(૩) સંયોજિત વીજભારના સુધારા
(૪) પરિવર્તન / ફેરજોડાણનું નામ
(૫) કામચલાઉ જોડાણની બાબતમાં લેણી રકમ પરત કરવી.
(ઝ) કામચલાઉ પૂરવઠાની રકમ પરત કરવા અંગે
(ટ) અન્ય

પરિશિષ્ટ - ખ

વર્ગીકરણવાળી ફરિયાદોના સંકલન માટેનું રજિસ્ટર

મહિનો :

કચેરીનું નામ :

વર્ગીકરણ	આગલા મહિનાની બાકી ફરિયાદ	મહિના દરમિયાન મળેલી ફરિયાદ	કુલ ફરિયાદ	મહિના દરમિયાન નિવારણ કરાયેલ ફરિયાદોની સંખ્યા					નિરાકરણ બાકી ફરિયાદો (૪-૯)
				નિયત સમયમાં નિયત સમયની બહાર				સરવાળો ૫થી૮	
				નિયત સમયના ૫૦%ની અંદર	નિયત સમયની અંદર	નિયત સમય કરતાં બમણા સમય સુધી	નિયત સમય કરતાં બમણા સમય સુધી વધુ	સરવાળો (૫)થી (૮)	
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.	૮.	૯.	૧૦.
એ(૧)									
એ(૨)									
એ(૩)									
બી(૧)									
બી(૨)									
સી(૧)									
સી(૨)									
ડી(૧)									
ડી(૨)									
ઈ(૧)									
ઈ(૨)									
એફ(૧)									
એફ(૨)									
એફ(૩)									
એફ(૪)									
જી									
એચ									

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 168 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, JULY 21, 2005/ASADHA 30, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ. તારીખ ૩૦ માર્ચ, ૨૦૦૫

તા.૩૦ માર્ચ-૨૦૦૫ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં.૬,૨૦૦૫ "ફી, દંડ અને ખર્ચના વિનિયમો" ના નિયમનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
ફી, દંડ અને ખર્ચના વિનિયમો
૨૦૦૫નુ જાહેરનામા નં. ૬

૨૦૦૩ ના વીજળી અધિનિયમની (૨૦૦૩ નો ૩૬મો) ની કલમ ૧૮૧ અન્વયે તથા ૨૦૦૩ ના ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અધિનિયમ) અધિનિયમ (૨૦૦૩ નો ૨૪ મો ગુજરાત અધિનિયમ) ની કલમ ૧૭ અન્વયે મળેલી, તથા તે અંગે તેમને સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આ સાથે નીચેના વિનિયમો કરે છે.

INDEX

પ્રકરણ - ૧
સામાન્ય

૧. **ટૂંકું શીર્ષક. વ્યાપ્તિ અને પ્રારંભ :**

આ વિનિયમોને ૨૦૦૫ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ફી, દંડ અને ખર્ચ) વિનિયમો કહેવાશે.

આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડશે.

રાજપત્રમાં પ્રસિધ્ધ થાય તે તારીખથી અમલમાં આવશે.

પ્રકરણ - ૨
વ્યાખ્યા અને અર્થઘટન

૨. **વ્યાખ્યા અને અર્થઘટન**

૨.૧ આ વિનિયમોના સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,

(૧) 'અધિનિયમો' સંયુકતપણે ૨૦૦૩ નો વીજળી અધિનિયમ અને ૨૦૦૩ નો ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમનો ઉલ્લેખ કરે છે.

(૨) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(૩) 'વીજળી અધિનિયમ' એટલે ૨૦૦૩ નો વીજળી અધિનિયમ (૨૦૦૩ નો ૩૬ મો અધિનિયમ)

(૪) 'ફી' એટલે અનુસૂચિમાં દર્શાવેલી ફી.

(૫) 'દંડ અને / અથવા ખર્ચ' એટલે અધિનિયમો અન્વયે આયોગ જે દંડ અને / અથવા ખર્ચ નાંખવા સત્તા ધરાવતા હોય તેનો ઉલ્લેખ કરે છે.

(૬) 'ફંડ' એટલે વીજળી અધિનિયમની કલમ ૧૦૩ અન્વયે રચવામાં આવેલ રાજય વિદ્યુત નિયંત્રક આયોગ.

(૭) 'વીજ ઉત્પાદન કંપની' એટલે વીજળી અધિનિયમ અન્વયે તેને જે અર્થ આપવામાં આવ્યો હોય તે રહેશે.

(૮) 'ગ્રિડ' એટલે આંતર જોડાણવાળી પ્રવાહન લાઈનો, પેટા-મથકો અને વીજ ઉત્પાદન પ્લાન્ટની ઊંચી વોલ્ટતાની આધારરૂપ પ્રણાલી.

(૯) ' રાજ્યનો અધિનિયમ' એટલે ૨૦૦૩ નો ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ ૨૪)

(૧૦) 'પરવાનેદાર' એટલે અધિનિયમો અન્વયે પરવાનેદાર

(૧૧) 'કાર્યવાહી' એટલે આયોગ અધિનિયમો અન્વયે પોતાના કાર્યો બજાવવામાં તમામ પ્રકારની જે કાર્યપધ્ધતિઓ હાથ ધરે તે તમામનો સમાવેશ થાય છે.

(૧૨) 'વિનિયમો' એટલે ૨૦૦૪ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ફી, દંડ અને ખર્ચ) વિનિયમો.

(૧૩) 'અનુસૂચિ' આ વિનિયમો સાથે જોડેલી અનુસૂચિનો ઉલ્લેખ કરે છે.

(૧૪) 'સચિવ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સચિવ.

વિનિયમોમાં વપરાયેલા અને તેમાં વ્યાખ્યા નહીં અપાયેલા પરંતુ અધિનિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ અધિનિયમમાં તેમને આપેલા અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલ પરંતુ નિર્દિષ્ટપણે વિનિયમો કે અધિનિયમોમાં વ્યાખ્યા નહીં અપાયેલ અને સક્ષમ વિધાનસભાએ પસાર કરેલ તથા રાજયમાં વીજ-ઉદ્યોગને લાગુ પડતા કોઈપણ કાયદા અન્વયે વ્યાખ્યા અપાયેલ શબ્દસમૂહોના અર્થ આવા કાયદામાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ઉપરની બાબતોને આધીન રહીને, અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમો કે અધિનિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા કાયદામાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા ન આપી હોય તેવા શબ્દસમૂહોના અર્થ સામાન્યરીતે વીજળી ઉદ્યોગમાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ૧૯૦૪ ના મુંબઈ સામાન્ય ખંડ અધિનિયમ હાલના વિનિયમોના હેતુ માટે લાગુ પડશે.

૨.૨ **અર્થઘટન** :

આ વિનિયમોના અર્થઘટનમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય.

(૧) એકવચન કે બહુવચનમાં આવતા શબ્દો, યથાપ્રસંગ અનુક્રમે બહુવચન કે એકવચનમાં સમાવિષ્ટ થતા હોવાનું ગણવામાં આવશે.

(૨) 'સમાવેશ' અથવા 'સહિત' શબ્દો તેના પછી આયાત જેવા વાકયાઓ કે શબ્દો આવતા હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના 'મર્યાદાવિના' અથવા 'ને મર્યાદિત નહીં' એવા વાકયાંશો પાછળ આવતા હોવાનું ગણવામાં આવશે.

(૩) અહિંયા 'વિનિયમ' ના ઉલ્લેખ નો અર્થ અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદા અનુસાર, આયોગે વખતોવખત સુધારેલ કે ફેરફાર કરેલ આ વિનિયમોના ઉલ્લેખ તરીકે કરાશે.

(૪) શીર્ષકો સુગમતા માટે મુકયા છે અને વિનિયમોના અર્થઘટનના હેતુ માટે તે ધ્યાનમાં લઇ શકાશે નહીં.

(૫) કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને લગતા ઉલ્લેખોના અર્થ, તેમાં ઉલ્લેખ કરાયેલા આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ જોગવાઈઓ સહિત એવો થશે.

પ્રકરણ - ૩
ફી

૩. **અરજી અને પીટીશન અંગે ફી**

૧. આયોગને કરાતી દરેક અરજી, પિટીશન અને અપીલ સાથે અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબની ફી મોકલવી.

૨. આ વિનિયમો હેઠળ ચુકવવાપાત્ર ફી, 'ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ' ના નામે અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર બેન્ક ડ્રાફ્ટ કે પે-ઓર્ડર દ્વારા કરાશે.

૩. આ વિનિયમો અન્વયે આયોગને મળતી તમામ ફી ફંડ ખાતે જમા કરાશે.

૪. આમ છતાં અરજદાર / દાદ માગનાર ગુજરાત સરકાર હોય તો, કોઈ ફી વસૂલ કરાશે નહીં.

પ્રકરણ - ૪

દંડ અને / અથવા ચાર્જ

૪. **દંડ અને / અથવા ચાર્જ નાંખવા**

(૧) અધિનિયમોની જોગવાઈઓને અધિન રહીને, આયોગ તેની સમક્ષ બાકી કોઈ બાબત કે કાર્યપધ્ધતિ અંગે નિર્ણય કરતી વખતે, અથવા બીજા કોઈ સમયે, અધિનિયમ હેઠળ ઘડાયેલા અધિનિયમ, નિયમો, વિનિયમો કે નિયમાવલિ અથવા આયોગે વખતોવખત આપેલા આદેશો કે હુકમોની જોગવાઈઓ કે જરૂરિયાતોના તેમના ભાગ અંગે પાલન ન કરે અથવા ઉલ્લંઘન કરે તો તે અંગે વીજઉત્પાદન કરતી કંપનીઓ અને પરવાનેદારો સહિત કોઈપણ વ્યકિત સામે દંડ અને / અથવા ચાર્જ નાખવા કાર્યવાહી શરૂ કરશે.

INDEX

(૨) નકકી કરવાના દંડ અને / અથવા ચાર્જનું પ્રમાણ કે મર્યાદા નકકી કરતી વખતે, આયોગ બીજી પ્રસ્તુત બાબતો પૈકી નીચેની બાબતો વિચારણામાં લેશે.

- પાલન ન કરવાના કે ઉલ્લંઘનના સ્વરૂપ અને માત્રા
- પાલન ન કરવાને લીધે કે ઉલ્લંઘનને પરિણામે મેળવેલ અનુચિત લાભ કે ગેરવાજબી કાયદો.
- પાલન ન કરવાથી કે ઉલ્લંઘનને પરિણામે કોઈ વ્યકિત(ઓ) ને થયેલા નુકશાન કે પજવણીનું પ્રમાણ.
- પાલન ન કરવાની કે ઉલ્લંઘન કરવાની બાબતનું પુનરાવર્તન કરવાનો સ્વભાવ.

(૩) કોઈપણ દંડ અને / અથવા ચાર્જ નાંખતા પહેલા, આયોગ, જેના પર આવો દંડ અને / અથવા ચાર્જ નાંખવાનું વિચાર્યુ હોય તે વ્યકિતને આવે દંડ અને / અથવા ચાર્જની દરખાસ્ત સામે તથા જેટલો દંડ અને / અથવા ચાર્જ નાંખવા વિચારેલ હોય તેની માત્રા સામે રજુઆત કરવાની તક આપશે.

(૪) આયોગ, વ્યકિતના પક્ષે અપાલન કે ઉલ્લંઘનનું સ્વરૂપ નિર્દિષ્ટ કરતી નોટિસ મોકલશે અને આવા અપાલન કે ઉલ્લંઘન માટે તેના પર શાં માટે દંડ અને / અથવા ચાર્જ વસૂલ ન કરવો તે અંગેનો હિસાબ નિર્દિષ્ટ સમયની અંદર તેમના પર કારણદર્શક નોટિસ પણ મોકલશે.

(૫) નોટીસના જવાબમાં, વ્યકિત લેખિતમાં અપાલન કે ઉલ્લંઘનનો સ્વીકાર કરે ત્યાં, આયોગ તેની નોંધ કરશે અને અધિનિયમની જોગવાઈઓને અધિન રહીને, આયોગને કેસના સંજોગોમાં યોગ્ય હોવાનું લાગે તેટલો દંડ અને / અથવા ચાર્જ નાખી શકશે.

(૬) પેટા-ખંડ (૩) અન્વયે જેમને નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હોય તેવી વ્યકિત, અધિનિયમ કે નિયમો કે વિનિયમો કે આયોગના હુકમની કોઈ જોગવાઈના અપાલન કે ઉલ્લંઘન અંગે કારણ દર્શાવવામાં નિષ્ફળ જાય અથવા તેનો ઈન્કાર કરે તો, આયોગ, તેને યોગ્ય જણાય તે રીતે આ બાબતમાં તપાસ કરશે.

(૭) આયોગને, ખાતરી થાય કે, અધિનિયમ, નિયમો કે વિનિયમોની કોઈ જોગવાઈનું અથવા આયોગના હુકમનું અપાલન કે ઉલ્લંઘન થયું નથી તો આયોગ નોટિસ રદબાતલ કરશે.

(૫) દંડ અને ચાર્જની ચુકવણી

૧. આયોગે આદેશ આપ્યા પ્રમાણે દંડ અને / અથવા ચાર્જ, દંડ અને ચાર્જ નાખતો હુકમ આયોગ આપે તેના ૩૦ દિવસની અંદર અથવા આયોગે આવા હુકમમાં છૂટ આપી હોય તેવી વધારેલી તારીખની અંદર ચૂકવવાના રહેશે.

૨. દંડ અને / અથવા ચાર્જ ચૂકવવાની રીત, આ વિનિયમોના ખંડ-૩ ના પેટા-ખંડ (૨) અન્વયે જોગવાઈ કર્યા મુજબની રહેશે.

૩. આયોગે આદેશ આપેલ દંડ અને / અથવા ચાર્જ ઠરાવેલી સમય મર્યાદામાં ન ચુકવાય તો, તે જમીન મહેસૂલ બાકી તરીકે વસૂલ કરાશે.

૬. લાઈસન્સ પર ચૂકવવાપાત્ર ફી

(૧) પરવાનેદારો તેમજ માની લીધેલા પરવાનેદારો, અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ૨૦૦૫-૦૬ અને તે પછીના નાણાંકીય વર્ષ માટેની વાર્ષિક ફી ચુકવશે અને તેઓએ કોઈ પ્રારંભિક લાઈસન્સ ફી ચુકવવાની જરૂર રહેશે નહીં.

(૨) નવો પ્રવેશ મેળવનારે વાર્ષિક ફી ઉપરાંત પ્રારંભિક લાઈસન્સ ફી પણ ચૂકવવાની રહેશે.

(૩) ૨૦૦૫-૦૬ ના નાણાંકીય વર્ષની શરૂ થતી તમામ વાર્ષિક ફી, દર વર્ષે ૧૫ મી એપ્રિલ સુધીમાં ચૂકવવાની રહેશે.

(૪) વાર્ષિક ફી ની વિલંબિત ચુકવણીના કેસમાં, માસિક ૧% ના દરે વિલંબિત રકમ પર વ્યાજ ચૂકવવાનું રહેશે.

(૭) <u>ફંડનો ઉપયોગ :</u>

આ વિનિયમો અન્વયે દંડ અને / અથવા ચાર્જ તરીકે મળેલી તમામ રકમો, આયોગે ખોલેલા અને જાળવેલા તે માહેના અલગ બેન્ક ખાતામાં જમા કરાવશે અને તે વીજળી અધિનિયમની કલમ ૧૦૩ ના ખંડ (સી) અન્વયે રાજય સરકાર તેવું જાહેર ન કરે ત્યા સુધી આ રકમો ફંડનો ભાગ બનશે નહીં.

૧. વીજળી અધિનિયમની કલમ ૧૦૩ અન્વયે રાજય સરકાર જાહેરનામાં દ્વારા તેથી ઊલટું નિર્દિષ્ટ ન કરે ત્યાં સુધી, આયોગ ઉપરના પેટા-ખંડ(૧) અન્વયે બેંકમાં જમા કરાવેલી રકમોનો, તેને યોગ્ય લાગે તે રીતે તેના કાર્યો બજાવવા ઉપયોગ કરશે.

(૮) <u>અનુસૂચિનો સુધારો</u>

આયોગ, અનુસૂચિમાં જોગવાઈ કર્યા પ્રમાણે, તેને યોગ્ય જણાય તે રીતે, હુકમથી વખતો વખત ફી ની રકમોમાં ઉમેરો કરવા, સુધારવા, બદલવા કે ફેરફાર કરવા હકદાર છે.

(૯) <u>પ્રકીર્ણ</u>

આ વિનિયમોમાંનું કશું પણ, આયોગને ન્યાયનો ઉદ્દેશ પરિપૂર્ણ કરવા જરૂરી જણાય તેવા હુકમો કરવાની સત્તાને મર્યાદિત કરતા હોવાનું કે અન્યથા અસર કરતા હોવાનું ગણાશે નહીં.

૧. આયોગને, બાબત કે બાબતોના વર્ગના ખાસ સંજોગો જોતા અને લેખિતમાં નોંધેલા કારણોસર, આવી બાબત કે બાબતોના વર્ગ અંગે નિર્ણય લેવામાં યોગ્ય કે આવશ્યક લાગે તો, આ નિયમોમાંનું કશું, આયોગને, અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત રહીને, આ વિનિયમોની કોઈપણ જોગવાઈથી વિભિન્ન એવી કોઈ કાર્યપધ્ધતિ અપનાવતા અટકાવશે નહીં.

૨. આ વિનિયમોમાંનું, કશું પણ, આયોગને, ગર્ભિત રીતે કે સ્પષ્ટ રીતે, જેના માટે વિનિયમો ન ઘડવામાં આવ્યા હોય તેવી બાબત, તેને યોગ્ય અને વાજબી લાગે તે રીતે હાથ ધરતા અથવા અધિનિયમ હેઠળ કોઈપણ સત્તા અમલમાં મુકતા અટકાવશે નહીં.

(પી.એસ.શાહ)
સચિવ

અમદાવાદ
૩૦મી માર્ચ,૨૦૦૫

અનુસૂચિ

ક્રમ	વર્ણન	ફી
૧.	૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૧૫ અન્વયે લાઈસન્સ આપવા પર પ્રારંભિક લાઈસન્સ ફી	રૂા. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ)
૨.	વાર્ષિક લાઈસન્સ ફી (૧) પ્રવાહન લાઈસન્સ	(૧)રૂા. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ લઘુત્તમ અને અધિકતમ રૂા.૨૫,૦૦,૦૦૦ (રૂપિયા પચીસ લાખ) ને અધિન રહીને વર્ષ કે તેના ભાગ દરમિયાન અમલમાં હોય તે પ્રવાહન ક્ષમતા કરારના મે.વો. દીઠ રૂા.૧૦૦૦ (રૂપિયા એક હજાર)
	(૨) વિતરણ લાઈસન્સ	(૨) વીજળી વેચાણમાંથી આવકના ૦.૦૩ ટકા.
	(૩) ટ્રેડિંગ લાઈસન્સ	(૩) વીજળી વેચાણમાંથી આવકના ૦.૦૫ ટકા લઘુત્તમ રૂ. ૨,૦૦,૦૦૦ (રૂપિયા બે લાખ) ની મર્યાદા

INDEX

	પરંતુ,વાર્ષિક લાઈસન્સ ફી, (અધિનિયમની કલમ-૧૪ના ખંડ-૧,૨,૩,૪ અને ૫ માં દર્શાવેલ પરવાનેદાર સહિત)દરેક પરવાનેદારનાણાંકિય વર્ષશરૂ થતા અગાઉથી ચુકવવાની રહેશે. (પરંતુ, પ્રવાહન લાઈસન્સના કેસમા,વાર્ષિક લાઈસન્સ ફી, આગામી નાણાંકિય વર્ષ માટે મંજૂર કરેલ /અંદાજેલ પ્રવાહન ક્ષમતાના એકંદર પ્રમાણ પર આધાર રાખીને ગણવાની રહેશે.) પરંતુ વિતરણ લાઈસન્સ લાઈસન્સના કેસમાં,આગામી નાણાંકિય વર્ષ માટે વીજળીના વેચાણમાંથી મંજૂર થયેલા અંદાજિત આવકને આધારે વાર્ષિક લાઈસન્સ ફી ગણવામાં આવશે. પરંતુ ટ્રેડીંગ પરવાનેદારના કિસ્સામાં વાર્ષિક લાઇસન્સ ફીની ગણતરી આગામી નાણાંકીય વર્ષ માટે મંજૂર થયેલ/ અંદાજીત, ગુજરાત રાજ્યમાં પરવાનેદારને વીજળી વેચાણની આવક સિવાયની વીજળી વેચાણની આવક પર કરવાની રહેશે. પરંતુ, કરાર કરેલ પ્રવાહન ક્ષમતા અથવા વીજળીના વેચાણથી થયેલ ખરેખર આવક, યથાપ્રસંગ,આ વિનિયમના હેતુસર વાપરેલ મંજૂર / અંદાજિત સ્તર કરતાં જુદા પડે ત્યાં, કરાર કરેલ ખરેખરી પ્રવાહ ક્ષમતા અથવા ખરેખરી આવકના આધારે ગણી કાઢેલ લાઈસન્સ ફી માનો વધારો કે ઘટાડો યથાપ્રસંગ, તે પછીના વર્ષ માટેની વાર્ષિક લાઈસન્સ ફી સામે સરભર કરાશે.	
૩.	૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૧૭ અન્વયે પૂર્વ મંજૂરી માગતી અરજી	ન્યૂનતમ રૂા.૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) અને અધિકતમ રૂા.૨૦,૦૦,૦૦૦ (રૂપિયા વીસ લાખ)ને અધિન રહીને, જે માટે મંજૂરી માંગી હોય તે લેવડ-દેવડની કિંમતનો ૦.૦૧ ટકો.
૪.	૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૧૮અન્વયે લાઈસન્સના સુધારા માટેની અરજી. (૧) પરવાનેદાર દ્વારા (૨) પરવાનેદાર સિવાયની કોઈ વ્યકિતદ્વારા	 (૧)રૂા.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ) (૨)રૂા.૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર)
૫.	વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૯ ની પેટા કલમ(૨) અન્વયે લાઈસન્સ રદ કરવાની અરજી. (૧) પરવાનેદાર દ્વારા (૨) પરવાનેદાર સિવાયની કોઈ વ્યકિત દ્વારા	 (૧)રૂા.૧૦,૦૦,૦૦૦ (રૂપિયા દશ લાખ) (૨)રૂા.૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર)
૬.	ઈન્ટર વિનીંગ પ્રવાહન સુવિધાઓનો ઉપયોગ કરવા માટે ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ૩૫ અન્વયે અરજી	રૂા. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર)
૭.	૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ ૩૫ ના પરંતુક અન્વયે ફાજલ ક્ષમતાના પ્રમાણ અંગેના વિવાદનો ન્યાય-નિર્ણય.	રૂા. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ)

૮.	૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૩૬ની પેટા-કલમ(૧) ના પરંતુક અન્વયે, દર, ચાર્જ, શરતો નકકી કરવા અંગેની શરતો	રૂા. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ)
૯.	૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૪૦ સાથે વાંચતા કલમ (૨) ની પેટા-કલમ (૪૭) અન્વયે અને તે હેઠળ નિર્દિષ્ટ વિનિયમો અન્વયે ભેદભાવ રહિત ખુલ્લા પ્રવેશની જોગવાઈ અંગેની તકરારનો ન્યાયનિર્ણય ઉપરની બાબત નહીં આવરી લેવાયેલ. (૧) પરવાનેદાર અથવા વીજ ઉત્પાદનકંપનીદ્વારા નિર્ણય માટે સોંપેલા (૨) કેપ્ટિવનું બાંધકામ, જાળવણી અને સંચાલન કરનાર વ્યકિત દ્વારા નિર્ણય માટે સોંપેલ (૩) ગ્રાહક દ્વારા નિર્ણય માટે સોંપેલ	(૧) રૂા. ૫૦૦૦૦ (રૂપિયા પાંચ લાખપૂરા) (૨) રૂા ૨૫,૦૦૦ (રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) (૩) રૂા. ૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર પૂરા)
૧૦.	૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૪૨ના ખંડ -૨,૩,૪ સાથે વાંચતા-કલમ-૨ ની પેટા-કલમ (૪૭) અન્વયે ભેદભાવ રહિત ખુલ્લા પ્રવેશની જોગવાઈ અંગેની તકરારોનો ન્યાય નિર્ણય. નીચે(૨)મા ઉલ્લેખ કરાયેલ વીજ ઉત્પાદન કંપની સિવાયની બીજી વીજ ઉત્પાદ કંપની દ્વારા અથવા પરવાનેદાર દ્વારા નિર્ણય માટે સોંપેલ. (૨)વિતરણ પરવાનેદારની વિતરણ પ્રણાલી સાથે સીધી રીતે જોડાયેલ વીજ ઉત્પાદન કંપની અથવા કેપ્ટિવ વીજ ઉત્પાદન પ્લાન્ટનુ બાંધકામ, જાળવણી અને સંચાલન કરનાર વ્યકિત દ્વારા નિર્ણય માટે સોંપેલ (૩) ગ્રાહક દ્વારા નિર્ણય માટે સોંપેલ	(૧) રૂા.૫૦૦૦૦ (રૂપિયા પાંચ લાખ પૂરા) (૨) રૂા. ૨૫,૦૦૦ (રૂપિયા પચીસ હજાર) (૩) રૂ. ૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર)
૧૧.	૨૦૦૩ના વીજળી આધિનિયમન૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૬૨ ની પેટા-કલમ(૧) ના ખંડ(એ) જોગવાઈઓ અન્વયે અરજદારે ચુકવવાના પ્રશુલ્ક અંગે નિર્ણય. (ક) પરંપરાગત આધારિત (કોલસો, ઓઈલ વગેરે) પ્લાન્ટ. (ખ) સહ-વીજઉત્પાદન સહિત બિનપરંપરાગત અને નવીકરણપાત્ર ઊર્જા સ્ત્રોતો.	૧૦૦ મે.વો. ની ક્ષમતા માટે રૂા. ૧૦,૦૦,૦૦૦ (રૂપિયા દસ લાખ) દરેક વધારાની મે.વો.ક્ષમતા અથવા તેના ભાગ માટે રૂા.૨,૫૦૦ (રૂપિયા બે હજાર પાંચસો પૂરા) પ્રથમ ૧ મે. વો. ની ક્ષમતા માટે રૂા.૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર) પ્રત્યેક વધારાના દરેક મે.વો. કે તેના ભાગની ક્ષમતા માટે રૂા. ૧૨૫૦ (રૂપિયા એક હજાર બસો પચાસ પૂરા)
૧૨.	પરવાનેદારે ચૂકવવાની કલમ-૬૨ ની પેટા-કલમ (૧) ના ખંડ (સી) ની જોગવાઈઓ અન્વયે વીજળી પ્રવાહન માટે પ્રશુલ્ક નો વાર્ષિક / આધાર વર્ષ નિર્ણય. પરંતુ આવી ફી ચૂકવવાપાત્ર છે - પછી વ્યકિતની અરજીને આધારે લેવાયો હોય અથવા આયોગ હોય.	રૂા. ૧૫,૦૦,૦૦૦ (રૂપિયા પંદર લાખ પૂરા)

INDEX

૧૩.	પરવાનેદારે ચૂકવવાની કલમ-૬૨ ની પેટા-કલમ (૧) ના ખંડ (સી) ની જોગવાઈઓ અન્વયે વીજળી પ્રવાહન માટે પ્રશુલ્ક નો વાર્ષિક / આધાર વર્ષ નિર્ણય. પરંતુ આવી ફી ચૂકવવાપાત્ર છે - પછી આવો નિર્ણય પરવાનેદારની કે બીજ કોઈ વ્યકિતની અરજી-ના આધારે લેવાયો હોય અથવા આયોગ દ્વારા સ્વમનેવ લીધેલો નિર્ણય હોય.	રૂા.૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ પૂરા)
૧૪.	કલમ-૬૨ની પેટા કલમ(૧)ના ખંડ(ડી) ની જોગવાઈઓ અન્વયે વીજળીના છૂટક વેચાણ માટે પરવાનેદારે ચૂકવવાના પ્રશુલ્કનો નિર્ણય- વાર્ષિક / આધાર વર્ષ. પરંતુ આવી ફી ચૂકવવાપાત્ર છે - પછી આવો નિર્ણય પરવાનેદારનીકે બીજી કોઈ વ્યકિતની અરજીને આધારે લેવાયો હોય અથવા આયોગ દ્વારા સ્વમનેવ લીધેલો નિર્ણય હોય.	1 PS / યુનિટ (ન્યુનતમ રૂા. ૧૦,૦૦,૦૦૦/ રૂપિયા દશ લાખ) અધિકતમ રૂ.૫૦,૦૦,૦૦૦ (રૂપિયા પચાસ લાખ)
૧૫.	નિયંત્રણ મુકત દરમિયાન વાર્ષિક પ્રશુલ્ક સમીક્ષા - વહુવર્ષિય માળખુ તથા પરવાનેદારની કામગીરીના કેસમાં જરૂરી હોય તે પ્રમાણે પરવાનેદારે ચૂકવવાની રકમ.	રૂા.૫,૦૦,૦૦૦(રૂપિયા પાંચ લાખ પૂરા)
૧૬.	વિતરણ પરવાનેદાર દ્વારા વીજ ખરીદી કે પ્રાપ્તિ માટે પ્રક્રિયા કે ભાવની મંજૂરી માટે પીટીશન / અરજી. પરંપરાગત બળતણ આધારિત પ્લાન્ટ.(કોલસો,ઓઈલ વગેરે) બિનપરંપરાગત અને નવિકરણપાત્ર ઉર્જાના સ્ત્રોતો.	૨૫૦૦૦મે.વો.(ન્યુનતમ રૂા.૨,૦૦,૦૦૦ (રૂપિયા બે લાખ) અધિકતમ રૂ.૨૫,૦૦,૦૦૦ (રૂપિયા પચીસ લાખ) ઉપરની રકમના ૫૦%
૧૭.	પ્રશુલ્ક હુકમ અથવા વીજળી ખરીદી સમજૂતિ કે વીજળી પ્રાપ્તિ દરની સમીક્ષા માટે પરવાનેદારની અરજી.	પ્રશુલ્ક નક્કી કરવા મૂળ અરજીના સમયે ચૂકવેલ ૧૦% ફી
૧૮.	અધિનિયમની કલમ ૪૫ અને કલમ-૪૬ અન્વયે વિતરણ પરવાનેદારના ખર્ચની અનુસૂચિની મંજૂરી માટે અરજી.	રૂા.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ પૂરા)
૧૯.	પરવાનેદારો અને યુટિલીટી વચ્ચેની તકરારો અને મતભેદો સાંભળવા અને તેના ન્યાય-નિર્ણય માટેની અરજી અને અંગે ફેર સમીક્ષા પીટીશન / અરજી.	કામના પ્રમાણને આધારે કેસ કેસના ધોરણે નિયત કરવાનું
૨૦.	મુખ્ય વીજ-નિરિક્ષક કે વીજ-નિરિક્ષકના નિર્ણય સામે અરજી	રૂ. ૫,૦૦૦(પાંચ હજાર)
૨૧.	વચગાળાની અરજી.	રૂ ૨૦,૦૦૦ (વીસ હજાર)
૨૨.	વીજળી અધિનિયમની કલમ-૬૭ ની પેટા-કલમ ૪ અને ૫ અન્વયે ઉભી થયેલી તકરારો.	રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર)
૨૩.	આ વિનિયમોમાં અન્યત્ર નહીં આવરી લેવાયેલ આયોગના કોઈપણ હુકમોની સમીક્ષા કે પુનર્વિચારણા માટે અરજી.	રૂ. ૫૦૦ (પાંચસો પુરા)
૨૪.	બીજી કોઈ પિટીશન અરજી ૧.લાઈસન્સમાંથી મુકતિ આપી હોય તેવા યુટિલિટી/ પરવાનેદાર / માની લીધેલ પરવાનેદાર / વ્યકિત દ્વારા. ૨.સંસ્થા / સંગઠન / કંપની (લિમીટેડ, પ્રાયવેટ લિમીટેડ, ભાગીદારી, માલિકી) દ્વારા. ૩.વ્યકિતગત ગ્રાહક ૪.જાતે વકીલાત કરવા વ્યકિતગત ગ્રાહક ૫.ઉપર સમાવિષ્ટ નહીં કરેલી બીજી બાબતો.	રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર) રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર) રૂ. ૧૦૦૦ (એક હજાર) રૂ.. ૫૦૦ (પાંચસો પુરા) રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર)
૨૫.	નિરિક્ષણની પરવાનગી આપેલ દસ્તાવેજોના નિરિક્ષણ માટે વિનંતી.	દૈનિક રૂ. ૫૦૦ (પાંચસો પુરા)
૨૬.	છૂટ આપી હોય તે મુજબ પ્રમાણિત નકલો મેળવવા માટે	રૂ.૫(રૂપિયા પાંચ) પ્રતિ પૂષ્ઠ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 169

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, JULY 21, 2005/ASADHA 30, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

ગાંધીનગર, ૨૧મી જુલાઈ, ૨૦૦૫.

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ક્રમાંક : રાચપ-ચટણ-સમક-મનપા-જામનગર-૨૦૦૫ :-૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ (ગુજરાત દ્વિતિય સુધારા) ૧૯૯૩થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા કલમ (૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૫ની પેટા કલમ (૩)માં ખંડ (ક) તથા પેટા કલમ-(૪),(૫),(૬) તથા (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૧૯૩-૨૦૦૫-એએમએન-૮૦૯૩-૩૯૫૫-પી. તા. ૮-૬-૨૦૦૫ થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જામનગર મહાનગરપાલિકા જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના સને ૨૦૦૧ ની વસ્તી ગણત્રીના આંકડા પ્રસિધ્ધ થયા છે તે આંકડાના આધારે મહાનગરપાલિકાને ૧૭ વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સીલરોની કુલ બેઠકો-૫૧ નક્કી કરેલ છે. તેમજ અનુસૂચિત જાતિ, પછાત વર્ગની તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૪. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૦૧ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસ્તી ૪,૨૬,૨૯૪ આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને ૧૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડોની સરેરાશ વસ્તી ૨૫,૦૭૬ની થાય છે.

INDEX

૫. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે રીતે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % થી વધતી નથી કે ૧૦ % થી ઘટતી નથી.

૬. મહાનગરપાલિકાના ૧૭ વોર્ડોને નિયમ-૩ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વે લાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને શક્ય હોય ત્યાં સુધી વસ્તી મુજબ એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૭. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે નિયમ-૬ની બાબત (ક)ની જોગવાઈ પ્રમાણે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૮. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠકની ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, (સ્ત્રી બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૯. જાહેરનામા અન્વયે મહાનગરપાલિકા માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને આ ૪ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૦. સને : ૨૦૦૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧૪	૨૬૮૨૧	૧૧૦૩૪	૪૧.૧૪
૨	૪	૨૪૦૧૨	૫૩૫૧	૨૨.૨૮
૩	૭	૨૭૨૨૬	૪૨૭૧	૧૫.૬૯
૪	૧૫	૨૬૮૩૪	૪૧૯૧	૧૫.૬૨
૫	૧૩	૨૬૭૨૮	૨૪૧૧	૯.૦૨
૬	૧	૨૪૦૨૨	૧૭૮૬	૭.૪૩
૭	૮	૨૭૩૨૩	૧૫૬૯	૫.૭૪
૮	૫	૨૩૦૩૪	૧૨૦૦	૫.૨૧
૯	૨	૨૪૩૮૯	૭૪૯	૩.૦૭
૧૦	૧૨	૨૩૬૭૩	૫૭૮	૨.૪૪
૧૧	૬	૨૫૩૬૮	૪૯૩	૧.૯૪
૧૨	૧૭	૨૨૮૯૯	૪૦૫	૧.૭૭
૧૩	૩	૨૩૯૩૨	૪૧૯	૧.૭૫
૧૪	૧૧	૨૩૬૮૮	૧૨૫	૦.૫૩
૧૫	૧૬	૨૫૭૦૦	૧૧૪	૦.૪૪
૧૬	૧૦	૨૫૫૦૮	૨૨	૦.૦૯
૧૭	૯	૨૫૧૩૭	૧૩	૦.૦૫
	કુલ	૪૨૬૨૯૪	૩૪૭૩૧	

૧૧. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૪, ૪, ૭ તથા ૧૫ માં નિયમોના નિયમ-(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

INDEX

૧૨. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૧૪, ૪ અને ૧૫ માં અનુસૂચિત જાતિની માટે અને વોર્ડ નં. ૭ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૩. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૪, ૪, ૭ તથા ૧૫ માં નિયમોના નિયમ-૬ (અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧૪	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ
૭	અનુસૂચિત જાતિ સ્ત્રી
૧૫	અનુસૂચિત જાતિ

૧૪. જાહેરનામા અન્વયે મહાનગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી.

૧૫. જાહેરનામા અન્વયે ૫ બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૨ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૬. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ-૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જો વોર્ડમાં પછાત વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

જામનગર મહાનગરપાલિકાના સુચિત ૧૭ વોર્ડની વસ્તી તથા પછાતવર્ગની અંદાજીત વસ્તી તથા તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૮	૨૭૩૨૩	૨૧૭૦૪	૭૯.૪૩
૭	૨૭૨૨૬	૨૦૩૧૦	૭૪.૬૦
૧	૨૪૦૨૨	૧૬૨૫૬	૬૭.૬૭
૪	૨૪૦૧૨	૧૨૮૫૬	૫૩.૫૮
૧૭	૨૨૮૯૯	૧૨૦૬૩	૫૨.૬૮
૩	૨૩૯૩૨	૧૦૫૩૪	૪૪.૦૨
૫	૨૩૦૩૪	૯૫૫૧	૪૧.૪૭
૧૩	૨૬૭૨૮	૧૦૫૮૬	૩૯.૬૧
૧૫	૨૬૮૩૪	૧૦૦૨૭	૩૭.૩૭
૧૬	૨૫૭૦૦	૯૫૪૬	૩૭.૧૪
૧૪	૨૬૮૨૧	૯૭૩૭	૩૬.૩૧
૯	૨૫૧૩૭	૭૭૦૩	૩૦.૬૪
૬	૨૫૩૬૮	૭૫૩૯	૨૯.૭૨
૧૨	૨૩૬૭૩	૫૩૪૫	૫૨.૫૮
૧૧	૨૩૬૮૮	૪૬૦૩	૧૯.૪૩
૧૦	૨૫૫૦૮	૪૮૨૨	૧૮.૯૦
૨	૨૪૩૮૯	૪૩૮૨	૧૭.૯૭
કુલ.	૪૨૬૨૯૪	૧૭૭૫૭૨	

INDEX

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળેલ છે તેમાં સુચિત વોર્ડ નં. ૮, ૭, ૧, ૪ અને ૧૭ માં પછાત વર્ગની બેઠકો ફાળવવાની થાય છે. જે પૈકી ત્રીજા ક્રમે વોર્ડ નં. ૧ અને પાંચમાં ક્રમે આવતા વોર્ડ નં. ૧૭ માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં. ૪ માં અનુસૂચિત જાતિની બેઠક અનામત ફાળવણી થયેલ હોય તે વોર્ડ નં. ૪ માં પછાતવર્ગ બેઠક ફાળવવી શક્ય નથી, તેથી વોર્ડ નં. ૪ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. આથી પછાતવર્ગોની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૮	પછાતવર્ગ
૭	પછાતવર્ગ
૧	પછાતવર્ગ સ્ત્રી
૪	પછાતવર્ગ સ્ત્રી
૧૭	પછાતવર્ગ

૧૭. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૮. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને જામનગર મહાનગરપાલિકાને આ સાથે સંલગ્ન અનુસુચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૧૯. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૦. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઇપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજ્ય ચૂંટણી પંચ મહાનગરપાલિકાના વોર્ડની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી. એચ. શાંહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ-૧

જામનગર મહાનગરપાલિકા-જામનગર

સને ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા આધારે જામનગર મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડનું વર્ણન.

વોર્ડ નં. ૧

બેડી બંદર રોડ પર આઇસ ફેક્ટરીની ઉત્તરેથી શરૂ કેરી દક્ષિણ તરફ જતાં મ. ન. પા. હદે હદે વિન્ડમીલના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ વિન્ડમીલના અગ્નિખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં મ. ન. પા. હદે હદે બેડી ગામ તળના પશ્ચિમ દિશા તરફના સીમાડાથી મ. ન. પા. હદે દિવેલીયાની ચાલીને આવરી લઈ કબ્રસ્તાનના વાયવ્ય ખૂણાથી ઇશાન તરફ

મ. ન. પા. હદે જઈ ત્યાંથી દક્ષિણ તરફ જતાં મ. ન. પા. સ્કુલ સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ આવેલ બેડેશ્વર મંદિરને આવરી લઈ મંદિરના અગ્નિખૂણેથી મ. ન. પા. હદે દક્ષિણ તરફ જતાં કેવડી નદીના ઉત્તર તરફના કાંઠેથી પુર્વ તરફ જઈ ત્યાંથી ઝુંપડપટ્ટી વિસ્તારને આવરી લઈ ત્યાંથી દક્ષિણ તરફ જતાં કેવડી નદી ઓળંગી રેલ્વે ટ્રેક સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રેલ્વે ટ્રેકની હદે હદે બેડી બંદર રોડ ફાટક ઓળંગી તથા કેવડી નદી ઓળંગી રેલ્વે ટ્રેકના ઉત્તર તરફના વિસ્તારને આવરી લઈ મ. ન. પા. હદની નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મ. ન. પા. હદે હદે પંચશીલ સોલવન્ટ ઓઈલ મીલના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી તેને આવરી લઈ ઉત્તર તરફ મહેન્દ્ર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝની પશ્ચિમે થઈ પૂર્વ દિશા તરફના સમાવેશ થતાં વિસ્તારોને આવરી લઈ જોડીયા ભુંગાના વાયવ્ય ખૂણા સુધી અને ત્યાંથી પૂર્વ તરફ જતા બેડી બંદર રોડ પર આવેલ આઈસ ફેક્ટરીની ઉત્તર દિશા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨

બેડી બંદર રોડને અડીને આવેલ ભુતિયા બંગલાના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પુર્વ તરફ જતા ગાંધીનગર મેઈન રોડની હદે થઈ મચ્છરનગરની દક્ષિણ દિશાએ મધ્યેથી ગ્રોફેડના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં શાંતિનગરની દક્ષિણ દિશા તરફ મ. ન. પા. હદેથી લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટીના ઈશાન ખૂણાથી પટેલ કોલોની, પી એન્ડ ટી કોલોની વિસ્તારને આવરી લઈ મ.ન.પા. હદે મેન્ટલ હોસ્પીટલના અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ જતાં કસ્તુરબા વિકાસ ગૃહ રોડની હદે પશ્ચિમ તરફ ડો. કે. પી. શાહના બંગલા સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં જયંત સોસાયટી, પોલીસલાઈન, મેડીકલ સ્ટેડીયમની પુર્વ તરફ જે એમ. એચ.બ્લડ બેંકથી આનંદ સોસાયટી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મ.ન.પા. હદે સોલેરિયમ થઈ આર્મી રીક્યુટમેન્ટ ક્વાર્ટર્સને આવરી લઈ નવાગામ ઘેડના સીમાડાની હદે, જય ભીમવાસની ઉત્તર દિશા સુધી. ત્યાંથી રેલ્વે સ્ટેશનના ઈશાન ખૂણાથી પશ્ચિમ તરફ ઈન્દીરા રોડની હદે અંબર રેલ્વે ક્રોસીંગ સુધી. ત્યાંથી અંબર સિનેમા રેલ્વે ક્રોસીંગથી ઉત્તર તરફ જતાં બેડી બંદર રોડની પુર્વ રોડની હદે હદે આવેલ મેડીકલ કોલેજ, ઈન્કમટેક્સ ઓફીસ, મેડીકલ કેમ્પસ, જી. જી. હોસ્પીટલ, કસ્તુરબા વિકાસ ગૃહ, હિંમતનગર, પટેલ કોલોની વિસ્તારને આવરી લઈ ગાંધીનગર તરફ જતાં રોડ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩

મ.ન.પા. હદે આવેલ રેલ્વે ટ્રેક ઉપર સ્લમ વિસ્તારના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પુર્વ તરફ જતાં રેલ્વે ટ્રેકની હદે હદે કેવડી નદી તથા બેડી બંદર રોડ ઓળંગી રેલ્વે સ્ટેશનને આવરી લઈ ગાંધીનગરના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ દિશા જતા મ.ન.પા. હદે ગાંધીનગર વસાહત, શાંતિનગર વસાહતની પૂર્વે થઈ ત્યાંથી નૈઋત્ય ખૂણા સુધી મોમાઈનગર અને મચ્છરનગરને આવરી લઈ ત્યાંથી શાંતિનગરના વાયવ્ય ખૂણાથી જતાં ઉત્તર તરફ જતાં ગાંધીનગર રોડ પર આવેલા રીલાયન્સ બિલ્ડીંગના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ગાંધીનગર રોડની હદે ભુતિયા બંગલાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં એન.સી.સી.ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મિલન હોટલના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી સરૂ સેક્શન રોડની હદે હદે જતાં પોલીસ મુખ્ય મથકના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં પોલીસ મુખ્ય મથકને આવરી લઈ સમ્રાટ અશોકનગરની ઉત્તરે થઈ સર્વે ૧૮૯/૨ની પશ્ચિમે મ.ન.પા. ની હદ સુધી. ત્યાંથી મ.ન.પા.ની હદે હદે પુર્વ તરફ જતાં રેલ્વે લાઈન ઓળંગી મ.ન.પા.ની હદે હદે અગ્નિ ખૂણા તરફ સર્વે ૧૯૧/૧ની પૂર્વમાં થઈને મ.ન.પા.ની હદે ઈશાન ખૂણા તરફ આવેલ સ્લમ વિસ્તારના વાયવ્ય ખૂણેથી રેલ્વે ટ્રેક સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪

વુલનમીલ ચાલીના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પુર્વ તરફ જતાં મ.ન.પા. હદે હાઉસીંગ બોર્ડ કોલોનીની ઉત્તરે મ.ન.પા. હદે ઈશાન ખૂણા તરફ જતાં યાદવ નગરની ઉત્તરે મ.ન.પા. હદે પૂર્વ તરફ યાદવનગરને આવરી લઈ રેલ્વે ટ્રેક ઓળંગી પૂર્વ તરફ જતાં સોનલનગર ઝુંપડપટ્ટી વસાહતના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે ટ્રેકની સમાંતરે હદ તરફ જતાં ટી.પી. રોડની હદે દિગ્જામ સર્કલ સુધી, ત્યાંથી રેલ્વે ક્વાટરની દક્ષિણે થઈ પશ્ચિમે જતાં એરફોર્સ રોડની હદે હદે ડીફેન્સ કોલોનીના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ઉત્તર તરફ જતાં ડીફેન્સ કોલોનીને આવરી લઈ તેના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પુર્વ તરફ જતા દિગ્જામ વુલન મીલને આવરી લઈ મ.ન.પા. હદે તેના વાયવ્ય ખૂણેથી ઉત્તર તરફ જતાં વુલનમીલ ચાલીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫

સોનલનગર ઝુપડપટ્ટી વસાહતના ઈશાન ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ ટી.પી. રોડની હદે હદે જતાં સરકારી વસાહતના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં શરૂ સેક્શન રોડની હદે હદે પાયલોટ બંગલાના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પુર્વ તરફ જતાં સાત રસ્તા સર્કલ સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતા ઈન્દિરા માર્ગ પરની હદે હદે જનતા ફાટક સુધી. ત્યાંથી

INDEX

પશ્ચિમ તરફ જતા જનતા સોસાયટી અને સર્વોદય સોસાયટીને આવરી લઇ તેના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં શક્તિનગરને આવરી લઇ ખોડીયાર કોલોનીના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં એરોડ્રામ રોડ પરની હદે હદે નિલકમલ સોસાયટીને આવરી લઇ સમર્પણ પાણીના ટાંકાની ઉત્તરે વોર્ડની હદના સર્વે નં. ૧૩૦ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા સર્વે નં. ૧૩૦ની પૂર્વમાં થઇ ટી.પી. રોડની હદે હદે સોનલનગર ઝુંપડપટ્ટીના ઇશાન ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬

શરૂ સેક્શન રોડની પૂર્વે આવેલ મિલન હોટલના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ જતા સી.સી. ઓફીસની દક્ષિણે બેડી બંદર રોડના જંકશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા બેડી બંદર રોડની હદે હદે પશ્ચિમ તરફનો વિસ્તાર, ડી.કે.વી. કોલેજ, ધનવન્તરી આયુર્વેદિક કોલેજ, હનુમાન ગેઇટ પોલીસ ચોકીને આવરી લઇ બેડી ગેઇટ સુધી. ત્યાંથી વાયવ્ય ખુણા તરફ જતાં ટાઉનહોલ સુધી. ટાઉનહોલની દક્ષિણ તરફની ગોળાઇએથી નૈઋત્ય ખૂણા તરફ જતાં નિલકંઠ મંદિરને આવરી લઇ પશ્ચિમ તરફ જતાં મ.ન.પા. કચેરીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં સ્ટેપ ગાર્ડન રોડની હદે હદે સરકારી વસાહતને આવરી લઇ સરકારી વસાહતના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં પ્રદર્શન ગ્રાઉન્ડની પશ્ચિમે થઇ સાત રસ્તા સર્કલ સુધી. ત્યાંથી સર્કલની દક્ષિણ ગોળાઇએથી વાયવ્ય ખૂણા તરફ જતાં પાયલોટ બંગલા સુધી. ત્યાંથી ઇશાન ખૂણા તરફ જેતા સરૂ સેકશન રોડ પરની હદે હદે આવેલ પંચવટી સોસાયટીને આવરી લઇ મિલન હોટલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭

બેડી બંદર રોડ પર આવેલ અંબર રેલ્વે ક્રોસીંગથી પૂર્વ તરફ જતા જુના રેલ્વે સ્ટેશનને આવરી લઇ મ.ન.પા.ની હદે હદે જય ભીમવાસની ઇશાન બાજુની હદે થઇ ગંજીવાડાની પૂર્વ બાજુએ થઇ નાગનાથ ગેઇટ પોલીસ ચોકીના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી ઇશાન ખૂણા તરફ સ્વામીનારાયણ નગરની દક્ષિણે થઇ મ.ન.પા. હદે હદે રંગમતી નદી ઓળંગી ત્યાંથી નવા નાગના તથા મ.ન.પા.ની હદે હદે દક્ષિણ દિશાએ થઇ પૂર્વ તરફ જતાં મ.ન.પા.ની હદે હદે સિધ્ધનાથ મંદિરના ઇશાન ખૂણા સુધી.ત્યાંથી દક્ષિણ તરફ જતા નાગેશ્વર મંદિર સુધી. ત્યાંથી મ.ન.પા. ની હદે પશ્ચિમ દિશાએ નાગેશ્વર કોલોનીની ઉત્તર, પશ્ચિમે થઇ વ્હોરાના કબ્રસ્તાનના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં. ૧૯૩, ૩૨૧, ૪૨, ૪૪, ૪૬, ૪૮ (રાજપાર્ક, અક્ષરધામ) ની ઉત્તર-પૂર્વે થઇ મ.ન.પા. ની હદે હદે રાધાકૃષ્ણ પાર્કના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી મ.ન.પા. ની હદે હદે રવિપાર્કની ઉત્તરે થઇ શિવનગરના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી મ.ન.પા. ની હદે હદે ઇશાન ખૂણા તરફ જતાં મ્યુનિ. સ્કૂલના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી રામવાડીની ઉત્તરે હદે હદે રેલ્વે ટ્રેક ઓળંગી મ.ન.પા. ની હદના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી મ.ન.પા. અને વિભાપર ગામની હદે હદે નૈઋત્ય ખૂણા તરફ જતાં સીન્ડીકેટ સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી રાજકોટ રોડ પર વાયવ્ય ખૂણા તરફ જતાં મોહનનગરના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી હદે હદે નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં મ.ન.પા. ની હદે મોહનનગર, નારાયણનગર, ગુલાબનગર, પોલીસચોકીને આવરી લઇ રાજકોટ રોડ પરની હદે હદે સુભાસબ્રીજ ઓળંગી ત્રણબત્તી સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં અંબર રેલ્વે ક્રોસીંગની હદ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૮

બેડી ગેઇટથી ઇશાન ખૂણા તરફ જતાં કાશી વિશ્વનાથ રોડ પર મ.ન.પા. ની હદે હદે સુભાષબ્રીજ સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતા નદીની પૂર્વ દિશાએ મ.ન.પા. હદના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં નદી ઓળંગી સર્વે નં. ૩૦૧, ખાટકી વાડ, કોળીવાડ, મોચીસારની દક્ષિણે થઇ સુભાસ માર્કેટની દક્ષિણે વાયવ્ય ખૂણા તરફ જતા રણજીત રોડની હદે હદે ખાદી ભંડાર સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતા બેડીગેઇટ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૯

લાખોટા તળાવની પાળના ઉત્તર તરફના ઢાળિયા પર આવેલ શેખર માધવાણી હોલથી શરૂ કરી ઇશાન દિશાએ વિભાજી સ્કૂલને આવરી લઇ ટાઉન હોલની પૂર્વમા થઇ, પૂર્વ તરફ જતા બેડી ગેઇટ સુધી. ત્યાંથી અગ્નિ ખૂણે સ્વામીનારાયણ મંદિર થઇ રણજીત રોડની હદે હદે પૂર્વ તરફ પંજાબ બેંકને આવરી લઇ સુભાષ માર્કેટની પશ્ચિમ ગોળાઇએ થઇ નૈઋત્ય ખૂણા તરફ જતાં ગાંધી ચોક સુધી. ત્યાંથી ગાંધી ચોકને આવરી લઇ બર્ધન ચોકના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં માંડવી ટાવરની ઉત્તરે સેન્ટ્રલ બેંક રોડ પરની હદે હદે હવાઇ ચોકની પૂર્વ દિશા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં સત્યનારાયણ મંદિરના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં લાખોટા તળાવની પાળની હદે હદે બાલ્કનજીની બારી થઇ ઇશાન તરફના ઢાળીયેથી શેખર માધવાણી હોલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૦

હિરજી મિસ્ત્રી રોડ પર આવેલ નવાનગર સર્કલથી શરૂ કરી પૂર્વ તરફ જતા આ રોડની હદે હદે વિજય ટીમ્બરની ઉત્તરે થઇ દિગ્વીજય પ્લોટની પશ્ચિમે થઇ સુમેર કલબ રોડ સુધી. ત્યાંથી મ.ન.પા. બાલ મંદિર, મીંગ કોલોનીની પૂર્વમાં થઇ લાખોટા તળાવની પશ્ચિમ-ઉત્તરે હદે હદે જતાં ડીવાય.એસપી. બંગલો અને સ્ટેપ ગાર્ડનને આવરી લઇ ત્યાંથી તળાવની પૂર્વે હદે હદે પાબારી હોલ, સત્યનારાયણ મંદિર, ડીસ્ટ્રીક્ટ લાઇબ્રેરીની પશ્ચિમે થઇ ખંભાળીયા નાકા સુધી. ત્યાંથી પશ્ચિમે દિગ્વીજય પ્લોટ પોલીસ ચોકી તરફ જતાં રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ પોલીસ ચોકી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ૪૯-દિગ્વીજય પ્લોટ રોડના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમે ૪૯-દિગ્વીજય પ્લોટ રોડની હદે હદે થઇ હનુમાન ટેકરીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી હનુમાન ટેકરી, હિંગળાજ ચોકની પશ્ચિમે જતાં રોડની હદે હદે નવાનગર બેંકના સર્કલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૧

સાત રસ્તા સર્કલથી શરૂ કરી પાછલા તળાવની ઉત્તરે થઇ એસ.ટી. બસ સ્ટેન્ડ તથા વર્કશોપને આવરી લઇ સરકારી વસાહતના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં મીગ કોલોનીના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં ઓશવાળ કોલોની મ.ન.પા. મંદિર તથા સરદાર પટેલ સોસાયટીને આવરી લઇ તેના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ નવાનગર બેંક સર્કલ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં-હનુમાન ટેકરીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં ઇદ મસ્જીદ રોડની હદે હદે પટેલનગરના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ગોકુલનગરના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં નારાયણનગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર મ.ન.પા.ની હદે હદે જતાં હરીયા કોલેજના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઇશાન તરફ જતાં ઇન્દીરા માર્ગ પરની હદે હદે ઉદ્યોગનગર, હુડકો, રઘુવીર સોસાયટી, આઇ.ટી.આઇ.ને આવરી લઇ સાત રસ્તા સર્કલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૨

ખંભાળીયા રોડ પર આવેલા પી.ડબલ્યુ.ડી. સ્ટોરના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં રેલ્વે ઓળંગી, ખંભાળીયા રોડ તંબોલી પેટ્રોલ પંપ સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં પ્રગતિ પાર્કને આવરી લઇ એરોડ્રામ રોડની હદે હદે ખોડીયાર કોલોનીના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ખોડીયાર કોલોનીની પશ્ચિમે થઇ ગુજરાત હાઉસીંગ બોર્ડ, પોલીસ ચોકી આવરી લઇ પાંજરાપોળ વાડીના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં રોડની હદે હદે જનતા ફાટક સુધી. ત્યાંથી દક્ષિણે ઇન્દીરા માર્ગની હદે હદે થઇ હરીયા કોલેજ સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં રેલ્વે ટ્રેક ઓળંગી મ.ન.પા. હદે સોહમનગરને આવરી લઇ તેની પશ્ચિમે સ.નં. ૧૪૨૭ના ખેતરવાળી ખુલ્લી જગ્યાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં મ.ન.પા.ની હદે હદે સમર્પણ હોસ્પિટલની પશ્ચિમે થઇ તેને આવરી લઇ સમર્પણ હોસ્પિટલ સર્કલ સુધી ત્યાંથી ઇશાન તરફ જતાં મેહુલ સીનેમેક્સ, હોટલ વિશાલ, અંધાશ્રમને આવરી લઇ પી.ડબલ્યુ.ડી.ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૩.

ઇદ મસ્જીદ રોડ પર આવેલ જોગલ હોલની પૂર્વમાંથી શરૂ કરી પૂર્વ તરફ જતાં ઇદ મસ્જીદ રોડની હદે હદે સર્વે નં. ૧૩૭૮ના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં.૧૩૮૮, ૧૩૮૭, ૧૩૮૬ ની પૂર્વમાં થઇ ભુંડખાંડની દક્ષિણે થઇ સર્વે નં. ૧૩૭૭, ૧૩૭૮, ૧૩૮૦, ૧૫૨૧, ૧૨૬૦, એમ.ઇ.એસ. કોલોનીની ઉત્તરે તેમજ ઘોડાખાડ, શંકર ટેકરી, પાણીનો ટાંકો, મ.ન.પા. સીધી સ્કૂલની દક્ષિણે થઇ ખફી હોટલની દક્ષિણ સુધી. ત્યાંથી ઉત્તર તરફ કબીર આશ્રમની દક્ષિણે થઇ ટીટોડીવાડી અને કબ્રસ્તાનને આવરી લઇ, દક્ષિણ તરફ મ.ન.પાની હદે હદે ઘાંચી કબ્રસ્તાન, નિલકંઠનગર, નંદનવન પાર્ક, ગુ.હા. બોર્ડ, રામવાડી, ભાનુ પેટ્રોલ પંપની પૂર્વમાં થઇ મ.ન.પાની અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ મ.ન.પાની હદે હદે સર્વે નં. ૧૨૧૪, ૧૨૧૩,૧૨૨૫, ૧૨૨૬, ૧૨૨૮ અને ૧૨૯૧ની દક્ષિણે થઇ ઉત્તર તરફ મ.ન.પાની હદે હદે સર્વે નં. ૧૨૮૭, ૧૨૮૧/૨, ૧૨૮૦, ૧૩૧૦, ૧૩૨૧, ૧૩૧૮, ૧૩૧૭, ૧૩૬૪/૨, ૧૩૬૪/૧ ની પશ્ચિમ હદે થઇ પશ્ચિમ તરફ મીલીટ્રી વિસ્તાર. સર્વે નં.૧૩૯૬ની પૂર્વમાં થઇ ઉત્તર તરફ ઇદ મસ્જીદ રોડ પર આવેલ જોગલ હોલના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૪.

દિ. પ્લોટ ૪૯ રોડ પર શંકર ટેકરી, રામનગરના વાયવ્ય ખૂણેથી શરૂ કરી આ રોડની હદે હદે પૂર્વ તરફ જતાં વલ્લભનગર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આવરી લઇ ઇદ મસ્જીદના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ઇદ મસ્જીદની દક્ષિણે થઇ અગ્નિ ખૂણે પવનચક્કી તરફ જતાં રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ ૪૫, ૪૬, ૪૭ને આવરી લઇ પવનચક્કી સુધી ત્યાંથી

INDEX

નૈઋત્ય ખૂણા તરફ જતાં જેલ રોડની હદે હદે જેલને આવરી લઇ એમ.ઇ.એસ. ગેઇટના ઇશાન ખૂણા સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં રોડની હદે શંકર ટેકરી પાણીના ટાંકા સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં ઘોડાખાડને આવરી લઇ તેના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ભુંડખાડના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં રામનગર રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ-૪૯ના રોડ જંકશન સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૧૫

સુમેર ક્લબ રોડ અને દિગ્વીજય પ્લોટ-૪૯ રોડના જંકશનથી શરૂ કરી ઉત્તર તરફ જતાં સુમેર ક્લબ રોડની હદે હદે દિગ્વીજય પ્લોટ પોલીસ ચોકી સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખંભાળીયા ગેઇટ તરફ જતાં રોડની હદે હદે ખંભળીયા ગેઇટ સુધી, ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં રોડ પર આવેલ નાગરપરા, ભણશાળી જ્ઞાતિવાડીને આવરી લઇ ખોજા નાકા સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં રોડની હદે હદે બોડીગાર્ડના ડેલાને આવરી લઇ ખફી હોટલ સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ એમ.ઇ.એસ. ક્વાર્ટર્સના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં રોડની હદે ફુલીયા હનુમાનના મંદિર સુધી, ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં રોડની હદે સીંધી સ્કુલને આવરી લઇ લાલપુર રોડ ઓળંગી, પ્રેમચંદ કોલોનીને આવરી લઇ તેના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં એમ.ઇ.એસ.ના ગેઇટ સુધી. ત્યાંથી ઇશાન ખૂણા તરફ સેન્ટ્રલ જેલની પૂર્વ તરફ જતા રોડની હદે હદે પવનચક્કી સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રોડની હદે દિગ્વીજય પ્લોટ-૪૯ ઇદ મસ્જીદના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ઇદ મસ્જીદના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં દિગ્વીજય પ્લોટ-૪૯ રોડની હદે સુમેર ક્લબ રોડ તથા દિગ્વીજય પ્લોટ-૪૯ના રોડ જંકશન સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૧૬

તળાવની પાળ ઉપર આવેલ બાલા હનુમાનના મંદિરથી શરૂ કરી પૂર્વ તરફ સત્યનારાયણ મંદિર સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં હવાઇચોક સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં વીછી મેડીકલ સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં સેન્ટ્રલ બેંક મેઇન રોડ, શેઠફળી અને સેતાવાડને આવરી લઇ સેન્ટ્રલ બેંક રોડ હદે હદે બર્ધનચોક સુધી, ત્યાંથી ઇશાન તરફ જતાં ગાંધીચોક સર્કલ થઇ ત્યાંથી પૂર્વ તરફ વળાંક લઇ ઇશાન ખૂણા તરફ જતાં રોડની હદે સુભાષ શાક માર્કેટના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં વેરશીવાડને આવરી લઇ વેરશીવાડની રોડની હદે પટ્ટણીવાડના ઉત્તર પશ્ચિમ ખૂણા સુધી, વોરાવાડ વિસ્તારને આવરી લઇ લીંબુપીરની દરગાહ તરફ જતાં રોડની હદે લીંબુપીરની દરગાહ સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જતાં કાલાવડ ગેઇટ રોડ ઓળંગી, ભાવસાર ચકલો, મુલ્લામેડી, ખોજાવાડ, ખારવા ચકલોને આવરી લઇ ખોજાના નાકા સુધી, ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ જતાં સુધરાઇનો ડેલો, ખીજડા મંદિરને આવરી લઇ, રોડની હદે હદે ખંભાળીયા ગેઇટ સુધી, ત્યાંથી ઉત્તર તરફ જતાં રણમલ તળાવ તરફ જતાં રોડની હદે ભુજીયા કોઠા સુધી, ત્યાંથી ઇશાન ખૂણા તરફ જતાં બાલા હનુમાન મંદિર તરફ રોડની હદે બાલા હનુમાન મંદિર સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૧૭

ટીટોડીવાડીના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઇશાન તરફ જતાં સોઢાવાડી વિસ્તારને આવરી લઇ ભાવસાર ચકલાના દક્ષિણ-પૂર્વ દિશા થઇ દરબારગઢથી કાલાવડ ગેઇટ રોડ તરફ જતાં રોડને ઓળંગી કસાઇવાડ, મદ્રેસા સ્કૂલ, વોરાવાડની પૂર્વમાં પાંચ હાટડી, પટ્ટણીવાડ લઇ, પટ્ટણીવાડના વાયવ્ય ખૂણા સુધી.ત્યાંથી પટ્ટણીવાડની ઉત્તરે થઇ પૂર્વ તરફ જતાં રંગમતી નદી ઓળંગી પૂર્વ કાંઠા તરફ મ.ન.પા. હદ સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ મ.ન.પા. હદે હદે સોમેશ્વર મહાદેવ મંદિર સુધી. ત્યાંથી મ.ન.પા. હદે હદે નૈઋત્ય ખૂણા તરફ જતાં રંગમતી નદીની પૂર્વે થઇ ઘાંચીની ખડકી સુધી. ત્યાંથી ઘાંચીની ખડકીને આવરી લઇ મ.ન.પા. હદે હદે પશ્ચિમ દિશાએ જતાં ટીટોડીવાડીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર દિશા તરફ જતાં ટીટોડીવાડીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

અનુસૂચિ-૨
રાજ્ય ચૂંટણી પંચ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

જામનગર મહાનગરપાલિકાની કુલ વસ્તી		૪,૨૬,૨૯૪
કુલ વોર્ડની સંખ્યા		૧૭
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૨૫,૦૭૬	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ-૨૭૫૮૪ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ-૨૨૫૬૮
બેઠકોની સંખ્યા.		૫૧
સ્ત્રી બેઠકો		૧૭
અનુસુચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસુચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	નથી	-
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.		૨૩
સામાન્ય બેઠકો.		૨૮

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૪૦૨૨	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૪૩૮૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૩૯૩૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૪૦૧૨	પછાત વર્ગ	અનુસુચિત જાતિ	સામાન્ય
૫	૫	૨૩૦૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૫૩૬૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૭૨૨૬	અનુસુચિત જાતિ	પછાત વર્ગ	સામાન્ય
૮	૮	૨૭૩૨૩	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૯	૯	૨૫૧૩૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૨૫૫૦૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૨૩૬૮૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨	૧૨	૨૩૬૭૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩	૧૩	૨૬૭૨૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૪	૧૪	૨૬૮૨૧	સામાન્ય	અનુસુચિત જાતિ	સામાન્ય
૧૫	૧૫	૨૬૮૩૪	સામાન્ય	અનુસુચિત જાતિ	સામાન્ય
૧૬	૧૬	૨૫૭૦૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૭	૧૭	૨૨૮૯૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
	કુલ	૪૨૬૨૯૪			

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 170

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, JULY 25, 2005/SRAVANA 3, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,અમદાવાદ. તારીખ ૩૧ માર્ચ, ૨૦૦૫

તા.૩૧માર્ચ-૨૦૦૫ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૯, ૨૦૦૫ " પૂરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા અંગે વિનિયમો" ના નિયમનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

અમદાવાદ
તા.૩૧ માર્ચ,૨૦૦૫

પી.એસ.શાહ
સચિવ

INDEX

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પૂરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા અંગે વિનિયમો

૨૦૦૫નું જાહેરનામા નં - : ૯

૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો) ની કલમ ૪૫ અને ૪૬ સાથે વાંચતા કલમ ૧૮૧ અન્વયે સોંપેલી સત્તાઓ અને આ અંગે તેમને સક્ષમ કરતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અહીં નીચેના વિનિયમો કરે છે.

પ્રકરણ-૧

૧. ટૂંકુ શીર્ષક, વ્યાપ્તિ, પ્રારંભ અને અર્થઘટન

૧. આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) વિનિયમો,૨૦૦૫ કહેવાશે.

૨. આ વિનિયમો, ગુજરાત રાજયમાં તમામ વિતરણ પરવાનેદારોને તેમના સંબંધિત લાઈસન્સવાળા વિસ્તારોમાં લાગુ પડશે.

૩. આ વિનિયમો, ગુજરાતમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

પ્રકરણ - ૨

૨. **વ્યાખ્યાઓ**

૨.૧ આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,

(૧) અધિનિયમ એટલે ૨૦૦૩નો વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો)

(૨) અરજદાર એટલે વીજળી પુરવઠા માટે વિતરણ પરવાનેદારને અરજી કરનાર કોઈપણ મકાનનો માલિક અથવા કબજેદાર.

(૩) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(૪) 'વિતરણ પરવાનેદાર' એટલે પોતાના પુરવઠાના વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવા વિતરણ પ્રણાલીનું સંચાલન અને નિભાવ કરવા અધિકૃત પરવાનેદાર.

(૫) 'વિતરણ મુખ્ય' એટલે મુખ્ય લાઈન સાથે સર્વિસ લાઈન જોડી હોય અથવા જોડવાનો ઈરાદો હોય તેવી કોઈપણ મુખ્ય લાઈનનો ભાગ.

(૬) 'વિતરણ પ્રણાલી' એટલે પ્રવાહન લાઈન કે વીજ ઉત્પાદન જોડાણ પરના ડિલીવરી પોઈન્ટ અને ગ્રાહકોની ગોઠવણ સુધીના જોડાણ પોઈન્ટ વચ્ચે વાયરો અને સંલગ્ન સગવડોની વ્યવસ્થા.

(૭) 'વીજળી પ્લાન્ટ' એટલે વીજ-ઉત્પાદન, પ્રવાહન, વિતરણ કે તેના પુરવઠા માટે અથવા તેની સાથે જોડેલ કોઈપણ પ્લાન્ટ, સાધનસામગ્રી કે સાધનો કે ઉપકરણો, જેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

૧. વીજળી લાઈન અથવા

૨. કોઈપણ મકાનને પૂરા પાડેલ વીજળી જથ્થાની ચકાસણી માટે વાપરેલ મીટર

૩. ગ્રાહકના નિયંત્રણ હેઠળની વીજળિક સાધનસામગ્રી, સાધનો કે ઉપકરણો.

(૮) 'વીજળિક લાઈન' એટલે કોઈપણ હેતુ માટે વીજળીનું વહન કરવા વપરાતી કોઈપણ લાઈન અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

૧. આવી કોઈ લાઈન માટે આધાર, એટલે કે કોઈપણ સંરચના, ટાવર, થાંભલો અથવા બીજી વસ્તુઓ કે જેની અંદર, પર, દ્વારા કે તેમાંથી આવી કોઈ લાઈનને ટેકો આપ્યો હોય, વહન કરેલ હોય કે મોકૂફ રાખી હોય કે તેમ કરવામાં આવે, અને

૨. વીજળીના વહન માટે આવી કોઈ લાઈન સાથે જોડેલ કોઈ ઉપકરણ.

(૯) 'વધારાનો ઉચ્ચ વોલ્ટાતા પુરવઠો' (એકસ્ટ્રા હાઈ ટેન્શન ઈ.એચ.ટી.) એટલે ૬૬ કે.વી.ની સમતુલ્ય કે તેથી વધારે વોલ્ટેજે પૂરી પાડેલી વીજળી.

(૧૦) 'સરકાર' એટલે કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર, જે હોય તે.

(૧૧) 'ઉચ્ચ વોલ્ટતા પુરવઠો' (હાઈ-ટેન્શન એચ.ટી) એટલે ૪૪૦ વોલ્ટ કરતા વધુ અને ૬૬ કે.વી. કરતાં ઓછા વોલ્ટેજે પૂરો પાડેલ વીજ-પુરવઠો.

(૧૨) 'નિમ્ન વોલ્ટતા પુરવઠો' (લો-ટેન્શન એલ.ટી.) એટલે ૪૪૦ વોલ્ટથી વધે નહીં તેવા વોલ્ટેજે પૂરી પાડેલ વીજળી.

(૧૩) "મહિનો એટલે અંગ્રેજી કેલેન્ડર મહિનો" સંદર્ભથી અન્યથા જરુરી હોય તે સિવાય - એક કેલેન્ડર મહિનાની નિર્દિષ્ટ તારીખથી બીજા કેલેન્ડર મહિનાની તે તારીખ સુધીનો સમય-ગાળો (૩૦ દિવસ જેટલો સમયનો ગાળો)

(૧૪) 'સર્વિસ લાઈન' એટલે કોઈપણ વીજળી પુરવઠા લાઈન, જેની મારફત વીજળી પૂરી પાડેલી હોય અથવા પૂરી પાડવાનો ઈરાદો હોય.

૧. વિતરણ મુખ્ય લાઈનમાંથી અથવા તાત્કાલિક વિતરણ પરવાનેદારની જગ્યાએ એક ગ્રાહકને અથવા

૨. વિતરણ મુખ્ય લાઈનમાંથી સમાન મકાનની જગ્યાએ ગ્રાહકોના જૂથને અથવા વિતરણ મુખ્ય લાઈનના તે જે પોઈન્ટોમાંથી બાજુના મકાનને વીજળી પૂરી પાડવી.

(૧૫) 'રાજય અધિનિયમ' એટલે ૨૦૦૩નો ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ.

(૧૬) પેટા-મથક (સબ-સ્ટેશન) એટલે વીજળીના પ્રવાહન કે વિતરણ માટે વીજળીનું રૂપાંતર કરવા માટેનું મથક અને તેના ટ્રાન્સફોર્મરો, કન્વર્ટર, સ્વિચગિયર, કેપેસિટર, સમકાલિક કન્ડેન્સર, સંરચનાઓ, કેબલ અને બીજી સંલગ્ન સાધન સામગ્રી અને તે હેતુ માટે વાપરેલ કોઈપણ મકાન અને તેની જગ્યા.

(૧૭) કામચલાઉ સર્વિસ (ટેમ્પરરી સર્વિસ) એટલે શરૂઆતમાં વધુમાં વધુ એક મહિનાની મુદત માટે પુરવઠો આપવામાં આવશે, પરંતુ કાયમી પુરવઠાના હેતુસર વીજ-ગોઠવણના વર્ગીકરણ અનુસાર વધુ વધારો કરવાની બાબત સમીક્ષાને આધીન રહેશે.

આ વિનિયમોમાં વપરાયેલા અને વ્યાખ્યા નહીં અપાયેલ, પરંતુ, અધિનિયમમાં કે રાજય અધિનિયમ કે તે હેઠળ ઘડેલા નિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ ઉકત અધિનિયમ, રાજય અધિનિયમ કે આવા નિયમોમાં તેમને અપાયેલા અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમોમાં, કે અધિનિયમમાં અથવા રાજય અધિનિયમમાં કે તે હેઠળ ઘડેલા નિયમોમાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા નહીં અપાયેલ, પરંતુ સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ અને રાજયમાં વીજઉદ્યોગને લાગુ પડવાપાત્ર કોઈપણ કાયદા અન્વયે વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ આવા કાયદામાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ઉપરની બાબતને અધીન રહીને, અહીં વપરાયેલ પરંતુ વિનિયમો કે અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે હેઠળ ઘડેલા નિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા બીજા કોઈપણ કાયદા અન્વયે નિર્દિષ્ટપણે વ્યાખ્યા નહીં અપાયેલ શબ્દો કે શબ્દસમૂહોના અર્થ, સામાન્ય રીતે વીજઉદ્યોગને અપાયેલા અર્થ મુજબ રહેશે. ૧૯૦૪ના મુંબઈ સામાન્ય ખંડ, અધિનિયમ, હાલના વિનિયમોના હેતુ માટે લાગુ પડશે.

૨.૨ <u>અર્થઘટન :</u>

આ વિનિયમોના અર્થઘટનમાં સંદર્ભથી, અન્યથા અપેક્ષિત હોય તે સિવાય :

(ક) એકવચન કે બહુવચનમાં યથાપ્રસંગ આવતા શબ્દો અનુક્રમે બહુવચન કે એકવચનના શબ્દોમાં સમાવિષ્ટ થતા હોવાનું ગણવામાં આવશે.

(ખ) 'સમાવેશ' કે 'સહિત' શબ્દો, આવા શબ્દો આયાત જેવા શબ્દો કે વાકયાંશો પછી આવતા હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના 'મર્યાદા વિના' અથવા 'પરંતુ તેને મર્યાદિત નહીં' એવા શબ્દસમૂહો પાછળ આવતા હોવાનું ગણવામાં આવશે.

(ગ) અહિં 'વિનિયમ' ના સંદર્ભોના અર્થ, અમલમાં હોય તે લાગુ પાડવાપાત્ર કાયદા અનુસાર આયોગ દ્વારા વખતોવખત સુધારા કે ફેરફાર કરવામાં આવે તે મુજબના આ વિનિયમો અંગેના સંદર્ભો તરીકે ગણવા.

(ઘ) શીર્ષકો સુગમતા માટે મૂકયા છે અને આ વિનિયમોના અર્થઘટન માટે તેને ધ્યાનમાં લેવા નહીં.

(ચ) કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના સંદર્ભોના અર્થ, અહીં ઉલ્લેખ કરાયેલ આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ, એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ વૈધાનિક જોગવાઈઓ સહિત હોવાનું ગણાશે.

INDEX

પ્રકરણ-૩

૩. **વિનંતીને આધારે વીજળી પૂરી પાડવાની અને ખર્ચ વસૂલ કરવાની વિતરણ પરવાનેદારની ફરજ :**

(૧) વિતરણ પરવાનેદાર, અધિનિયમની કલમ-૪૩માં સમાવિષ્ટ જોગવાઈઓને અધીન રહીને, ગ્રાહકોના મકાનો સુધી વીજળી પહોંચાડવાની પોતાની ફરજ બજાવશે.

(૨) અધિનિયમની જોગવાઈઓ અને આ વિનિયમો તથા આવા આદેશો, હુકમો કે માર્ગદર્શક સૂચનાઓ જે આયોગ તરફથી વારંવાર ઈશ્યુ કરવામાં આવે તેને અધીન રહીને, દરેક પરવાનેદારને, ખાસ કરીને અરજદારને આવો પુરવઠો આપવાના હેતુસર કોઈ વીજળી લાઈન કે વીજળી -પ્લાન્ટની જોગવાઈ કરવા ઉપરના પેટા ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલ ખર્ચ

ઉપરાંત વાજબીપણે જરુરી એવું ખર્ચ કરવું પડે ત્યારે તેને વીજ-પુરવઠો માંગનાર પાસેથી વસુલાત કરવાની છૂટ છે.

(૩) પરવાનેદાર, જાહેર માર્ગો પર, જેને માટે માંગણી કરેલ વીજ-પુરવઠો મળ્યો હોય તે મકાનની હદની બહાર સૌથી નજીકની મુખ્ય વિતરણ લાઈનમાંથી ૩૦ મીટરની લંબાઈ સુધી સર્વિસ લાઈન (હાલની વિતરણ પ્રણાલીના પ્રકાર પર આધાર રાખીને ઉપર જતી કે ભૂર્ગભલાઈન) વિનામૂલ્યે નાંખશે.

(૪) ગ્રાહકે સર્વિસ લાઈનના અમુક ભાગ માટે ચુકવણી કરી હોય તેમ છતાં, સમગ્ર લાઈન વિતરણ પરવાનેદારની માલિકીની ગણાશે અને વિતરણ પરવાનેદાર તેની જાળવણી કરશે અને વિતરણ પરવાનેદાર તે સર્વિસલાઈનમાં જોડાણ કરીને અથવા બીજીરીતે, બીજી કોઈપણ વ્યક્તિને, પહેલાં જોડાણ અપાયેલ ગ્રાહકના પુરવઠાને નુકસાન ન પહોંચે તે રીતે પુરવઠો આપવા સર્વિસનો ઉપયોગ કરવાનો હક ધરાવે છે.

પ્રકરણ-૪

નિમ્ન વોલ્ટતા પુરવઠા (લો-ટેન્શન સપ્લાય) માટે જોગવાઇ

૪.૧ નિમ્ન વોલ્ટતા (લો-ટેન્શન) પુરવઠા માટેની અરજીઓના કેસમાં, આવા પુરવઠા માટે ફકત હાલની મુખ્ય વિતરણ લાઈનમાંથી ગ્રાહકોના મકાનની જગ્યા સુધી સર્વિસ લાઈન નાંખવાની જરૂરી હોય ત્યાં, વિતરણ પરવાનેદાર, ગ્રાહકના મકાન સુધી સર્વિસ લાઈન અને ટર્મિનલનું ખર્ચ તથા મીટર વ્યવસ્થાના ખર્ચનો અંદાજ કાઢશે, પરંતુ તેમાં મીટરના ખર્ચનો સમાવેશ કરશે નહીં. વીજળી લાઈનના, વીજળી પ્લાન્ટ અને મીટર વ્યવસ્થાના અંદાજિત ખર્ચનો આધાર, વિતરણ પરવાનેદાર દ્વારા પ્રસિધ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો પર રહેશે.

ઉપરના ગ્રાહકોની બાબતમાં, વિતરણ પરવાનેદાર, વિગતવાર વ્યકિતગત અંદાજ તૈયાર કરવાની પ્રક્રિયાનો પ્રબંધ કરવાના બદલે કરાર કરેલ વીજભારના કિ.વો. દીઠ દર અને મીટર દીઠના દરને આધારે ચાર્જ વસૂલ કરી શકશે. અલબત્ત તેમાં વ્યકિતગત અંદાજ તૈયાર કરાશે નહીં, તેમ છતાં વિતરણ પરવાનેદાર, સર્વિસ લાઈનનું વિસ્તરણ કરીને (ડીટીઆર જેવાં કામ કે એચ.ટી. લાઈન નાંખવાનું કોઈ કામ હાથ ધર્યા વિના) વીજળી પૂરી પાડવામાં આવી હોય તેવા પ્રકારનાં ગ્રાહકો બાબતમાં કરેલા ખર્ચની વિગતો રાખશે. આ પ્રકારના ગ્રાહકોના કિ.વો. દીઠ ખર્ચ નકકી કરવા માટે, કરેલા સરેરાશ ખર્ચના (વિતરણ પરવાનેદારે પ્રસિધ્ધ કર્યા મુજબની છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો અનુસાર) માપદંડ તરીકે ઉપયોગ કરાશે.

૪.૨.૧ નિમ્ન વોલ્ટતા (લો-ટેન્શન) જોડાણ માટે અરજદારને પુરવઠો વિસ્તારવા માટે, વિતરણ ટ્રાન્સફોર્મર તેમજ સ્વિચ ગિયર, વગેરે જેવા નવા વીજળી-પ્લાન્ટ ઊભા કરવાની જરુર હોય તેવા અરજદારોના કેસમાં, પરવાનેદાર વીજળી પ્લાન્ટના ખર્ચનો અંદાજ નીચે મુજબ કાઢશે.

સ્વિચગિયર સહિત વિતરણ ટ્રાન્સફોર્મર ઊભા કરવાનું ખર્ચ (રૂપિયામાં) = P

વિતરણ ટ્રાન્સફોર્મરની નિર્ધારિત ક્ષમતા KVA = Q

KVA દીઠ ખર્ચ (રૂપિયામાં) = P/Q

અરજદારનો કરાર થયેલ વીજભાર KVA માં = K

વીજળી પ્લાન્ટ અંગે અરજદારે ચૂકવવા પાત્ર રકમ (રૂપિયામાં) = K * (P/Q)

હાલના વીજળી પ્લાન્ટની ક્ષમતા વધારવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં (જેમ કે વિતરણ ટ્રાન્સફોર્મર અને સ્વિચ ગિયર વગેરે) હાલની અને આવા નવા વીજળી પ્લાન્ટની તફાવત કિંમત ભાગે પડતા ખર્ચની ગણતરીનો આધાર બનશે.

તમામ કેસોમાં વીજળી પ્લાન્ટના ખર્ચના અંદાજનો આધાર, વિતરણ પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો (લેટેસ્ટ કોસ્ટ ડેટા) પર રહેશે.

૪.૨(૨) વીજળી પ્લાન્ટ ઊભો કરવા ઉપરાંત (જેમ કે વિતરણ ટ્રાન્સફોર્મર અને સ્વિચ ગિયર વગેરે) અરજદારને વીજ પુરવઠો પૂરો પાડવા ૧૧ કે.વી. ની લાઈનનું વિતરણ કરવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં, ૧૧ કે.વી.ની લાઈનના તેટલા ભાગના ખર્ચના અંદાજ, વિતરણ પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતને આધારે કિલોમીટર દીઠના ધોરણે તૈયાર કરાશે.

વિતરણ પરવાનેદાર, પેટા-ફકરા ૪.૨ (૧) અને ૪.૨ (૨)માં દર્શાવ્યા મુજબ, નીચેનાને બાદ કરીને તમામ અરજદારો પાસેથી ખર્ચ વસૂલ કરશે.

ક. ભવિષ્યમાં શરૂ કરવામાં આવે તેવી 'તત્કાલ યોજના' જેવી ખાસ યોજનાઓ હેઠળ આપવામાં આવનાર કૃષિ જોડાણના અપવાદ સાથે કૃષિ ગ્રાહકો.

ખ. મહાનગરપાલિકા સિવાય અન્ય સ્થાનિક તંત્ર દ્વારા/ માટે સંચાલિત વોટર વર્કસ અને સુવેજ પમ્પો.

ગ. ઘરગથ્થુ ગ્રાહકો

ઘ. 100 KVA/125 HP કરાર સુધી વાણિજ્યિક ગ્રાહકો.

પ્રકરણ-૫

૫. ઉચ્ચ વોલ્ટતા/ વધારાની ઉચ્ચ વોલ્ટતા (હાઈ ટેન્શન/ એકસ્ટ્રા હાઈ ટેન્શન) પુરવઠા માટે જોગવાઈ.

૧. અરજદારને પુરવઠાના વિસ્તરણ માટે પેટા- મથકમાંથી (સબ સ્ટેશન) ઉચ્ચ વોલ્ટતા લાઈન કે વધારાની ઉચ્ચ વોલ્ટતા લાઈન (હાઈ -ટેન્શન કે એકસ્ટ્રા હાઈ ટેન્શન) નાખવાની કે હાલની ઉચ્ચ વોલ્ટતા કે વધારાની ઉચ્ચ વોલ્ટતા (હાઈ ટેન્શન કે એકસ્ટ્રા હાઈ ટેન્શન) લાઈનના વિતરણની કે હાલની ઉચ્ચ વોલ્ટતા કે વધારાની ઉચ્ચ વોલ્ટતા (હાઈ ટેન્શન કે એકસ્ટ્રા હાઈ ટેન્શન) લાઈનને મજબૂત કરવાની જરુર હોય ત્યાં, વિતરણ પરવાનેદાર, ઉચ્ચ વોલ્ટતાના કેસમાં (હાઈટેન્શન) પોતાની રીતે અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એકસ્ટ્રા હાઈ ટેન્શન) ના કેસમાં પ્રવાહન પરવાનેદારોના સંકલનમાં, ગ્રાહકના મકાનના સ્થળે ટર્મિનલ અને મીટર વ્યવસ્થાના, પરંતુ મીટરની કિંમત બાકાત રાખીને, ખર્ચ સહિત ઉપર દર્શાવેલ ખર્ચના અંદાજ તૈયાર કરશે. આવા અંદાજ, વિતરણ પરવાનેદાર અને / અથવા પ્રવાહન પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લી ખર્ચની વિગતો (લેટેસ્ટ કોસ્ટ ડેટા) પર આધારિત રહેશે.

૨ અરજદારને વીજ-પુરવઠો આપવા માટે નવું પેટા-મથક (સબ સ્ટેશન) ઊભું કરવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં, વિતરણ પરવાનેદાર, પોતાની રીતે અથવા પ્રવાહન પરવાનેદાર સાથે સંકલનમાં રહીને, ઉપરના પેટા-ખંડ ૪.૨(૧) માં દર્શાવ્યા મુજબ તે જ રીતે જરૂરી કામોના ખર્ચના અંદાજ તૈયાર કરશે. હાલના પેટા-મથકની (સબ સ્ટેશન) ક્ષમતા વધારવાની જરૂર હોય તેવી અરજીઓના કેસમાં, હાલના અને આવા નવા વીજળી પ્લાન્ટની તફાવત પડતી કિંમતને આધારે ફાળે પડતા ખર્ચની ગણતરી કરાશે. આવા પેટા-મથક (સબ સ્ટેશન)નું ખર્ચ, વિતરણ પરવાનેદાર અને / અથવા પ્રવાહન પરવાનેદાર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ છેલ્લામાં છેલ્લા ખર્ચની વિગતો (લેટેસ્ટ કોસ્ટ ડેટા) પર આધારિત રહેશે.

પ્રકરણ-૬

૬. (સ્ટાન્ડર્ડ કોસ્ટ ડેટા) ધોરણસરના ખર્ચની વિગતો

(૧) વિતરણ પરવાનેદાર અને પ્રવાહન પરવાનેદાર ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક) પ્રસિદ્ધ કરશે, જેમાં જે વર્ષના અંદાજ તૈયાર કરવાના હોય તેના તરતના આગલા નાણાકીય વર્ષના ખરેખર ખર્ચના આંકડાની વિગતોને આધારે વીજળી પુરવઠો આપવાના હેતુ માટે વાપરેલ વીજળી પ્લાન્ટ કે કોઈ વીજળી પ્લાન્ટ કે કોઈ વીજળી લાઈન પૂરી પાડવાના જરૂરી, વિવિધ પ્રકારના શ્રમિકોના માનવ-કલાકો તેમજ વિવિધ બાબતો અને માલસામાનની વિસ્તૃત વિશિષ્ટ વિગતોને આવરી લેવાશે.

(૨) ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક) માં માલ-સામાન અને મજૂરીના કુલ ખર્ચના ૧૫ % નો નિરીક્ષણ ખર્ચનો સમાવેશ કરી શકાશે.

(૩) ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક)માં અંદાજો તૈયાર કરવાની પદ્ધતિ નિર્દિષ્ટ કરાશે.

(૪) ખર્ચ-વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક), અરજદાર સુધી વીજપુરવઠો વિસ્તારવા માટે વીજળી લાઈન નાંખવા અને/ અથવા વીજળી પ્લાન્ટ ઊભો કરવાના પ્રારંભિક અંદાજો તૈયાર કરવા માટે આધારરૂપ બનશે.

(૫) વિતરણ પરવાનેદાર અને રાજ્ય પ્રવાહન યુટિલિટી/ પ્રવાહન પરવાનેદાર આવી ખર્ચ વિગત પુસ્તિકા (કોસ્ટ ડેટા બુક) તૈયાર કરશે અને તેની નકલો જાહેર જનતાને માંગણી થતાં, વાજબી દરે ઉપલબ્ધ કરાવશે.

INDEX

પ્રકરણ-૭

૭. હિસાબ-પદ્ધતિ અને હિસાબમેળની રીત

(૧) નવું જોડાણ માંગતા અરજદારને વીજળી પૂરી પાડવા માટે જરૂરી વીજળી લાઈન નાંખવા, વીજળી પ્લાન્ટ ઊભો કરવા અને અન્ય કોઈ સુવિધાઓ ઊભી કરવાનું કામ હાથ ધરતાં પહેલાં, પરવાનેદાર તે અંગેના ખર્ચના અંદાજ કાઢશે. ૩૦ મીટરની સર્વિસ લાઈન તમામ કેસોમાં વિનામૂલ્યે પૂરી પાડશે.

(૨) દરેક અરજદારને આવા અંદાજ અપાશે. કામ શરુ કરતાં પહેલા અરજદાર, વિતરણ પરવાનેદાર પાસે અંદાજની રકમ મૂકશે.

(૩) અંદાજિત રકમ મૂકયા બાદ, આયોગે અલગથી બહાર પાડેલા, વિતરણ પરવાનેદાર માટેના કામગીરી ધોરણ વિનિયમો (સ્ટાન્ડર્ડ ઓફ પરફોર્મન્સ વિનિયમો)માં દર્શાવ્યા મુજબના સમય માળખામાં કામ પૂરું કરશે.

(૪) અરજદારે અનામત મુકેલી રકમનો, ખરેખર ખર્ચ વત્તા માલસામાન અને મજૂરીના કુલ ખર્ચના ૧૫ % દેખરેખ ખર્ચને આધારે, કામ પૂરું થતાં હિસાબમેળ કરાશે.

(૫) વિતરણ પરવાનેદાર, અરજદારને વીજ-પુરવઠો પૂરો પાડવા તેના દ્વારા ખરેખર કરાયેલા તમામ ખર્ચનું રેકર્ડ આપશે અને વધારાના ખર્ચની વસૂલાત અથવા પ્રારંભિક અંદાજના સંબંધમાં કોઈપણ બચતના રિફંડ માટે હિસાબમેળ કરશે. ખંડ ૪.૧ ના બીજા ફકરામાં જોગવાઈ કર્યા પ્રમાણે નિયત ખર્ચના ધોરણે અંદાજ આપવામાં આવે તો, અરજદારે મૂકેલી રકમનો હિસાબમેળ કામ પૂરું થતાં ખરેખર ખર્ચના આધારે કરવો જરુરી નથી.

(૬) કોઈ રકમ વધે તો, તે પ્રથમ વીજળીના બિલમાં હિસાબમેળ કરીને ગ્રાહકને પરત કરાશે. ગ્રાહકને બાબતવાર અંદાજ અને ખરેખર ખર્ચની વિગતો તેમજ શકય તેટલા પ્રમાણમાં બાબતવાર તફાવતના આંકડા દર્શાવતા વિગતવાર બિલો આપશે. વધુમાં, અરજદાર વધુ માહિતી માગે તો, વિતરણ પરવાનેદાર તે આવી વિનંતી મળ્યાના ૧૦ દિવસની અંદર મોકલશે અથવા તે નહીં મોકલવા અંગેના કારણ જણાવશે.

(૭) અરજદારે અનામત મુકેલ રકમ કરતાં વધુ ખર્ચ થાય ત્યારે અરજદાર માંગણીના પંદર દિવસની અંદર તેની ચુકવણી કરશે.

(૮) ઉપર જણાવ્યા પ્રમાણે અનામતની ચુકવણી કર્યા પછી અને કામ પૂરું થયા પહેલાં, અરજદાર પુરવઠો લેવાની ના પાડે તો, કરેલ ખરેખર ખર્ચ + અંદાજની ૧૦ % રકમ અથવા નિમ્ન વોલ્ટના/ ઊંચી વોલ્ટતાના (એલ ટી/એચ ટી) કેસમાં રૂા.૨૦૦૦૦ અને વધારાની ઊંચી વોલ્ટતામાં (એકસ્ટ્રા એચ.ટી.) રૂા. ૫૦,૦૦૦, બેમાંથી જે ઓછું હોય તે, અનામત મૂકેલી રકમમાંથી બાદ કરીને અરજદારને પરત ચૂકવશે.

નવું જોડાણ માંગતા અરજદારને વીજ-પુરવઠો આપવા વીજળીના વાયરો નાંખવાનું કામ, વીજળી પ્લાન્ટના બાંધકામ અગેનું કામ શરુ થતાં પહેલાં અરજદાર અરજી પાછી ખેંચી લે તો, અંદાજની ૫ % રકમ અથવા રૂા.૫૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે બાદ કરીને, બાકીની રકમ પરવાનેદાર અરજદારને પરત કરશે.

(૯) વિકાસકર્તા કે અરજદારે કામ કરવાનું હોય તો, પરવાનેદાર કામ શરુ થતાં પહેલાં અનામત મુકવાની દેખરેખ ચાર્જ તરીકેના અંદાજની ૧૫ % રકમ ચાર્જ કરશે. બીજા કેસોમાં, અરજદાર અંદાજની પૂરેપૂરી રકમ જમા કરાવ્યા પછી પરવાનેદાર કામ શરુ કરશે.

(૧૦) ગ્રાહક, હાલની સવિર્સ લાઈનનો માર્ગ બદલવા માંગે તો, વિતરણ પરવાનેદાર કામ હાથ ધરશે અને વાપરેલ વધારાની સામગ્રી તથા શ્રમ માટે ગ્રાહક પાસેથી ખર્ચ વત્તા તેના પરની ૧૫ % રકમ (દેખરેખ ચાર્જ તરીકે) વસૂલ કરશે.

(૧૧) વિતરણ પરવાનેદાર શકય હોય ત્યાં કામચલાઉ પુરવઠા માટે સર્વિસ લાઈન નાંખશે અને પાછા મળેલ માલસામાન માટેની યોગ્ય રકમ જમા કરાવ્યા પછી આવી સર્વિસ લાઈનો નાંખવા અને ખસેડવા માટે કરેલ ખરેખર ખર્ચ, તે શરતને આધારે કામે રાખેલા મજૂરો વત્તા વાપરેલ માલસામાન અને કામે રાખેલ મજૂરોના દેખરેખ ખર્ચના ૧૫ % રકમ ગ્રાહક ચુકવશે. સર્વિસ લાઈન કે કામચલાઉ પુરવઠા માટેના બિલો સામે મૂકેલી અનામત પર કોઈ વ્યાજ ચુકવાશે નહીં, કેમ કે આ હિસાબ કામચલાઉ પ્રકારનું હોય છે.

(૧૨) ગ્રાહક કામ શરૂ કરતાં પહેલાં કામચલાઉ પુરવઠા માટેની સર્વિસ લાઈનનું અંદાજી ખર્ચ જમા કરાવશે, જેનો સર્વિસ લાઈન કાઢી નાખ્યા બાદ કરેલા ખરેખર ખર્ચ સામે હિસાબમેળ કરાશે.

(૧૩) અરજદારને વીજ-પુરવઠો પૂરો પાડવા, વીજળિક પ્લાન્ટ ઊભો કરવા અને બીજી કોઈ સુવિધાઓ ઊભી કરવાના અંદાજ અંગે કોઈ મતભેદ કે વિવાદ ઊભો થાય તો, ગ્રાહકોની ફરીયાદ નિવારણ માટેના ફોરમની સ્થાપના માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના વિનિયમો તથા ઓમ્બડસમેનની સ્થાપના માટે ગુજરાત વિદ્યુત આયોગના વિનિયમો સાથે વાંચતાં, કામગીરીનાં ધોરણોમાં (સ્ટાન્ડર્ડઝ ઓફ પરફોર્મન્સ) જોગવાઈ કરાયેલ રીત મુજબ આ બાબત હાથ ધરવામાં આવશે.

(૧૪) વિતરણ પરવાનેદારે, નવું જોડાણ માંગતા અરજદારને વીજપુરવઠો પૂરો પાડવા, વીજળી લાઈન નાખવા અને વીજળીક પ્લાન્ટ ઊભો કરવા તથા બીજી કોઈ સુવિધા ઊભી કરવા વસૂલ કરેલ તમામ ખર્ચ હિસાબના યોગ્ય સદરો હેઠળ તે હિસાબ લેશે. આ રીતે વસૂલ કરેલી રકમો, પરવાનેદારના ધંધાની ચોખ્ખી નિયત અસ્કયામતોના મૂલ્યે એકંદર નિયત અસ્કયામતોમાંથી બાદ કરશે.

(૧૫) વીજપુરવઠો આપવાના હેતુસર વીજળી લાઈનના કે વીજળી પ્લાન્ટ કે અન્ય સુવિધાઓ માટે કરેલ ખર્ચ પેટે અરજદાર પાસેથી વસૂલ કરેલ રકમ, વેપારમાંથી રીટર્નની ગણતરી માટે, વિતરણ પરવાનેદારના ઈકવિટી મૂડી આધારનો ભાગ બનશે નહીં.

(૧૬) વીજ-પુરવઠો આપવા માટે વીજળી લાઈન કે વીજળી પ્લાન્ટ કે અન્ય સુવિધાઓ પૂરી પાડવા કરેલા ખરેખર ખર્ચ પેટે અરજદાર પાસેથી વસૂલ કરેલ રકમના પ્રમાણમાં કોઈ ઘસારા-ખર્ચ, પ્રશુલ્ક ગણતરીમાં સમાવિષ્ટ કરાશે નહીં.

(૧૭) બેવડી ગણતરી કે બેવડાતા ખર્ચ નિવારવાની પર્યાપ્ત સલામતીનો હિસાબ અને ઓડિટ કાર્યપદ્ધતિમાં સમાવેશ કરવો.

પ્રકરણ-૮

૮. **પ્રકીર્ણ ખર્ચ :**

(૧) અધિનિયમની જોગવાઈઓ અને આ વિનિયમોને અધીન રહીને અને આયોગ વખતો વખત બહાર પાડે તેવા આદેશો, હુકમો કે માર્ગદર્શક સૂચનાઓને અધીન રહીને, દરેક વિતરણ પરવાનેદાર, નવા કે ચાલુ ગ્રાહકોને નીચેની સર્વિસ પૂરી પાડવા અંગે વિતરણ પરવાનેદારે કરવાનું કોઈપણ ખર્ચ વસૂલ કરવા અધિકૃત છે.

(૨) ૮.૧ અને ૮.૨ અન્વયે સૂચિત તમામ ખર્ચ અગાઉથી ચૂકવવાપાત્ર છે.

૮.૧ પૂર્વ સેવા-જોડાણ ખર્ચ

(ક) નોંધણી ખર્ચ (પરત કરવાપાત્ર નહીં)

નીચેના નોંધણી ખર્ચ નવા સર્વિસ જોડાણને લાગું પડશે.

ક્રમ નં.	વિગતો	ખર્ચ
૧.	રહેઠાણ માટે એક-ફેઝનો વીજ -પુરવઠો	રૂ. ૪૦-૦૦
૨.	રહેઠાણ માટે ત્રણ-ફેઝનો વીજ -પુરવઠો	રૂ.૧૦૦-૦૦
૩.	વાણિજ્યિક હેતુ માટે એક-ફેઝ અને ત્રણ-ફેઝનો પુરવઠો	રૂ.૧૦૦-૦૦
૪.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) કૃષિ માટે ત્રણ ફેઝનો પુરવઠો	રૂ.૨૦૦-૦૦
૫.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) ઔદ્યોગિક માટે ત્રણ ફેઝનો પુરવઠો	રૂ.૪૦૦-૦૦
૬.	ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને ઈ.એચ.ટી.) ટોચ માટેનો પુરવઠો (માટે અરજી કરેલ માંગને લાગુ પડશે)	રૂ.૨૫૦૦-૦૦ ની કિંમતને-અધીન રહીને
૭.	ઉપર નહીં વર્ણવેલી બીજી તમામ કક્ષાઓ	કેવીએ દીઠ રૂ.૧૦ રૂ.૧૦૦-૦૦

નોંધ: ઉપરના નોંધણી ખર્ચ કામચલાઉ પુરવઠાને પણ લાગુ પડશે.

(ખ) **ફેર-અંદાજ અંગેનું ખર્ચ**

ગ્રાહકના સૂચનથી અંદાજમાં કોઈ સુધારો કરવામાં આવે તો નીચે મુજબનું વધારાનું ખર્ચ થશે.

ક્રમ નં.	વિગતો	ખર્ચ
૧.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી) સર્વિસ	રૂ.૨૦-૦૦
૨.	ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને એકસ્ટ્રા એચ.ટી.) સર્વિસ	રૂ. ૨૦૦-૦૦

(૧) તમામ પ્રકારો માટે પરીક્ષણ અહેવાલ ખર્ચ -રૂ. ૨૦

INDEX

(ઘ) સ્થાપન/ગોઠવણનું પરીક્ષણ :

(૧) કાયમી પુરવઠા માટેની ગોઠવણના જોડાણ પૂર્વે પરીક્ષણ અને નિરીક્ષણ વિનામૂલ્યે કરવામાં આવશે, પરંતુ પછીથી વધુ પરીક્ષણ અને નિરીક્ષણ જરૂરી જણાય તો, આવા પરીક્ષણ અને / અથવા નિરીક્ષણ માટે ચાર્જ થશે રૂા. ૫૦

(૨) કામચલાઉ ગોઠવણના પ્રારંભિક નિરીક્ષણ અને પાછળના પરીક્ષણ માટે તથા જોડાણ માટે ચાર્જ થશે. રૂા.૧૦૦/-

૮.૨ <u>પશ્ચાત સર્વિસ જોડાણ ખર્ચ</u>

ક. નોંધણી ખર્ચ પરત (કરવાપાત્ર નહીં)

નીચેનું નોંધણી ખર્ચ વીજભારમાં ઉમેરા / ઘટાડાને લાગુ પડશે અને તેજ મકાનમાં જોડાણ ખસેડવા માટે અરજી કરે તેવા કેસોમાં પણ લાગુ પડશે.

ક્રમ નં.	વિગતો	ખર્ચ
૧.	રહેઠાણ માટે એક-ફેઝનો વીજ પુરવઠો	રૂા. ૪૦-૦૦
૨.	રહેઠાણ માટે ત્રણ-ફેઝનો વીજ પુરવઠો	રૂા. ૧૦૦-૦૦
૩.	વાણિજ્યિક હેતુ માટે એક-ફેઝ અને ત્રણ-ફેઝનો પુરવઠો	રૂા. ૧૦૦-૦૦
૪.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) કૃષિ માટે ત્રણ ફેઝનો પુરવઠો	રૂા. ૨૦૦-૦૦
૫.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) ઔદ્યોગિક માટે ત્રણ ફેઝનો પુરવઠો	રૂા. ૪૦૦-૦૦
૬.	ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને એકસ્ટ્રા એચ.ટી) માટેનો પુરવઠો.	રૂા.૨૫૦૦૦-૦૦ ની ટોચ કિમતને આધીન રહીને કેવી દીઠ રૂા.૧૦
૭.	ઉપર નહીં વર્ણવેલી બીજી તમામ કક્ષાઓ	રૂા. ૧૦૦-૦૦
૮.	ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.અને એકસ્ટ્રા એચ.ટી) પુરવઠા માગમાં ઘટાડો	રૂા.૨૦૦૦-૦૦ ની ટોચ મર્યાદાને અધીન (જરૂરિયાત ઘટાડાના જથ્થાને લાગુ પડવાપાત્ર.)

નોંધ :- ઉપરનું નોંધણી ખર્ચ કામચલાઉ પુરવઠાને પણ લાગુ પડશે.

(ખ) નામ બદલવા અને કરાર તબદીલ કરવા નોંધણી ખર્ચ

હાલની સર્વિસનું નામ બદલવા તથા વીજપુરવઠા માટે ગ્રાહકે પુરવઠાકર્તા સાથે કરેલા કરારના લાભ તબદીલ કરવા માટેની અરજીની સાથે નીચે નિર્દિષ્ટ કર્યા મુજબ બિન-રિફંડપાત્ર નોંધણી ખર્ચ મોકલશે.

ક્રમ નં.	વિગતો	ખર્ચ
૧.	રહેઠાણ માટે એક-ફેઝનો વીજ-પુરવઠો	રૂા. ૨૦-૦૦
૨.	વાણિજ્યિક માટે એક-ફેઝ પુરવઠો અને રહેઠાણ માટે ત્રણ ફેઝનો વીજપુરવઠો	રૂા. ૧૦૦-૦૦
૩.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) કૃષિ માટે ત્રણ ફેઝનો પુરવઠો	રૂા.૩૦૦-૦૦
૪.	ઉદ્યોગ માટે ત્રણ ફેઝનો પુરવઠો	રૂા. ૪૦૦-૦૦
૫.	ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી. એન્ડ એકસ્ટ્રા એચ.ટી.) માટેનો પુરવઠો	રૂા. ૨૦૦૦-૦૦

(ગ) **ફેર-જોડાણ / જોડાણ છૂટું કરવા અંગે ખર્ચ**

ફેર-જોડાણ ખર્ચ

ક્રમ નં.	વિગતો	ખર્ચ
૧.	રહેઠાણ	રૂા. ૧૦૦-૦૦
૨.	વાણિજ્યિક	રૂા. ૨૦૦-૦૦
૩.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી)	રૂા. ૨૦૦-૦૦
૪.	નિમ્ન વોલ્ટતા- ઔદ્યોગિક અને અન્ય	રૂા. ૯૦૦-૦૦
૫.	ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી અને ઈ એચ ટી.)	રૂા. ૩૨૦૦-૦૦

નોંધ:- જો પુરવઠાકર્તાનો સ્ટાફ મીટર કે સર્વિસ કટ-આઉટનું જોડાણ છૂટું કરવા માટે પહોંચવા અસમર્થ હોય, અને આ જોડાણ ભૂગર્ભ કે માથા પરની મુખ્ય લાઈનમાંથી છૂટું કરવાનું હોય તો, ગ્રાહકે જોડાણ છૂટું કરવા અને ફેર-જોડાણ અંગે પ્રાસંગિક તમામ ખર્ચ ચૂકવવાનું રહેશે.

ગ્રાહકની વિનંતીથી જોડાણ છૂટું કરવું :

ક્રમ નં.	વિગતો	ખર્ચ
૧.	રહેઠાણ	રૂા. ૫૦-૦૦
૨.	વાણિજ્યિક	રૂા. ૧૦૦-૦૦
૩.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી) કૃષિ	રૂા. ૧૦૦-૦૦
૪.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી) ઔદ્યોગિક અને અન્ય	રૂા. ૫૦૦-૦૦
૫.	ઉચ્ચ વોલ્ટતા અને વધારાની ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી. અને એકસ્ટ્રા એચ.ટી)	રૂા. ૧૫૦૦-૦૦

(ઘ) **કાયમી પુરવઠા માટે મીટર ખર્ચ**

ક્રમ નં.	વિગતો	ખર્ચ
૧.	એક ફેઝ મીટર ભાડે રાખવું	મીટર/ મહિના દીઠ રૂા.૧૦૦-૦૦
૨.	ત્રણ ફેઝ મીટર ભાડે રાખવું	મીટર /મહિના દીઠ રૂા. ૩૦-૦૦
૩.	નિમ્ન વોલ્ટતા (એલ.ટી.) ગ્રાહક માટે ડિમાન્ડ મીટર અથવા ખાસ પ્રકારનું મીટર ભાડે રાખવું	મીટર/મહિના દીઠ રૂા. ૨૨૫-૦૦
૪.	KWH મીટર સાથે કે તેના વિના ટાઈમ-સ્વિચ ભાડે રાખવી	ટાઈમ સ્વિચ/ મહિના દીઠ રૂા. ૨૨૫-૦૦
૫.	ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.)/ વધારાની ઉચ્ચ વોલ્ટતા (એકસ્ટ્રા એચ.ટી.) મીટર સાધનસામગ્રી ભાડે રાખવી.	મીટર/મહિના દીઠ રૂા. ૭૫૦-૦૦

કામચલાઉ પુરવઠા માટે :

ક્રમ નં.	વિગત	ખર્ચ
૧.	એક ફેઝ મીટર ભાડે રાખવું	મીટર/ મહિના દીઠ રૂા.૧૫-૦૦
૨.	બહુ ફેઝ મીટર (૩ ફેઝ) ભાડે રાખવું	મીટર/ મહિના દીઠ રૂા.૬૦-૦૦
૩.	ઉચ્ચ વોલ્ટતા (એચ.ટી.)/ વધારાની ઉચ્ચ વોલ્ટતા (એકસ્ટ્રા એચ.ટી.)મીટર-સાધન સામગ્રી ભાડે રાખવી.	મીટર/મહિના દીઠ રૂા.૧૫૦૦-૦૦

નોંધ:- સર્વિસ જોડાણના પ્રથમ મહિને મીટરનો ચાર્જ, મહિનાના જેટલા દિવસો વીજળી પૂરી પાડવામાં આવી હોય તેના પ્રમાણમાં રહેશે. સર્વિસ છૂટી કરવામાં અને / અથવા ફેરજોડાણની નવેસરે ગોઠવણ કરવામાં આવે ત્યારે કે ત્યારબાદ મીટર જે મહિનામાં કાઢી નાંખ્યું હોય તે અંગે મીટર ચાર્જ, ગ્રાહકના મકાનમાં મીટર જે મહિનામાં રહે તેના દિવસોની સંખ્યાના પ્રમાણમાં રહેશે. આવું પ્રમાણસર ખર્ચ પૂરા ૫૦ પૈસાની નજીક રહેશે.

INDEX

(ચ) **અન્ય ખર્ચ :-**

ક્રમ	વિગતો		ખર્ચ
(એ)	ગ્રાહકના વીજ-જોડાણમાં ભૂલને કારણે પુરવઠામાં ભંગાણ પડેલ હોય ત્યાં ફયૂઝમેને તેની સંભાળ માટે હાજર થવા અંગે ખર્ચ.	(૧)	નિમ્ન વોલ્ટતા (લો-ટેન્શન) ગ્રાહકો માટે રૂા.૧૦/-
		(૨)	ઉચ્ચ વોલ્ટતા (હાય ટેન્શન) ગ્રાહકો માટે સિંગલ ફેઝમાં ફેઝ બદલવા માટે રૂા.૧૦/- અને બે ફેઝમાં ફયુઝ બદલવા માટે રૂા. ૧૫/- અને ત્રણ ફેઝમાં ફયુઝ બદલવા રૂા.૨૦/-
(બી)	કોઈપણ કામગીરી દરમ્યાન ગ્રાહકના મકાન ખાતે ફયૂઝમેને હાજર રહેવાનો ખર્ચ : (વ્યક્તિ દીઠ પાળી દીઠ)		રૂા. ૫૦૦-૦૦
(સી)	અનધિકૃત રીતે ચેડાં કર્યા હોય તેવા મીટર સીલ સિવાયનાં બીજા સીલ ફરથી સીલ કરવાનું ખર્ચ		રૂા. ૧૦૦-૦૦
(ડી)	બિનઅધિકૃત રીતે ચેડાં કરેલ મીટર સીલનું ફરીથી સીલ કરવા અંગેનું ખર્ચ		
	(૧) રહેણાંકની સર્વિસના કેસમાં		રૂા. ૫૦-૦૦
	(૨) રહેણાંક સિવાયની બીજી સર્વિસના કેસમાં		રૂા. ૨૦૦-૦૦
(ઈ)	મીટર/ બોર્ડ બદલવું કે ફેરવવું		ખરેખરું ખર્ચ વત્તા ૧૫ %
(એફ)	પરીક્ષણ મીટર (તમામ પ્રકારના મીટરો) ધોરણો /નિયમો દ્વારા ઠરાવેલ મર્યાદાની અંદર સાચું હોવાનું પુરવાર થાય તો		
	(૧) એક ફેઝ મીટર		રૂા. ૧૦૦
	(૨) ત્રણ ફેઝ મીટર		રૂા. ૩૦૦
	(૩) અધિકતમ ડિમાન્ડ મીટર (નિમ્ન વોલ્ટતા એલ.ટી)		રૂા. ૫૦૦
	(૪) અધિકતમ ડિમાન્ડ મીટર (એચટી / ઈએચટી)		રૂા. ૧૦૦૦
(જી)	વીજ ગોઠવણનું પ્રારંભિક જોડાણ કર્યા બાદ, બીજા કોઈ હેતુસર, જરૂરી દરેક બીજા પ્રકારના પુરવઠા માટે મીટર ગોઠવવું અથવા ગ્રાહકની માગણીમાં ફેરફારને લીધે જરૂરી બનતાં એક જુદા કદનું મીટર બદલવું. (ફીમાં મીટર બોર્ડની જોગવાઈનો સમાવેશ થતો નથી) મીટર દીઠ		રૂા. ૧૦૦
(એચ)	સીટી / પીટી પરીક્ષણ ખર્ચ		
	(૧) સીટી પરીક્ષણ (એલટી)		રૂા. ૧૦૦
	(૨) સીટી / પીટી યુનિટ (એચ.ટી/ઇએચટી)		રૂા. ૫૦૦

(છ) પ્રકીર્ણ કામ માટે ખર્ચ :

પુરવઠાકાર, ગ્રાહક માટે હાથ ધરે અને આગળની અનુસૂચિમાં જેનો સમાવેશ ન થયો હોય તેવા કોઈપણ કામ માટે અગાઉથી ચૂકવવાપાત્ર ખર્ચ, મજૂરી અને માલસામાનના ખરેખરા ખર્ચ વત્તા વ્યવસ્થા ખર્ચનો આવરી લેવા ૧૫ રહેશે. જરૂરી હોય ત્યારે અંદાજ રજૂ કરાશે. પુરવઠાકાર, ગ્રાહક વતી, એજન્સી કામ તરીકે કોઈ કામ હાથ ધરે તો તે માટે અગાઉથી ચૂકવવાપાત્ર ખર્ચ મજૂરી અને માલસામાનનું ખરેખરું ખર્ચ વત્તા વ્યવસ્થા ખર્ચ આવરી લેવા ૧૫ રહેશે. અંદાજ, તદનુસાર રજૂ કરાશે.

INDEX

૯. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા

(૧) આ વિનિયમોની કોઇ જોગવાઇ અમલમાં મૂકવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તેવા કેસમાં, આયોગને, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે જરૂરી કે આવશ્યક લાગે તે રીતે, ૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તે રીતે તે, સામાન્ય કે ખાસ હુકમથી યોગ્ય પગલું ભરશે અથવા પરવાનેદારને યોગ્ય લેવા ફરમાવશે.

(૨) પરવાનેદાર આ વિનિયમોના અમલમાં ઊભી થાય તેવી કોઇપણ મુશ્કેલીઓ દૂર કરવા આયોગને અરજી કરી શકશે અને જરૂરી હુકમો મેળવી શકશે.

(૧૦) હુકમો ઇશ્યુ કરવા અને માર્ગદર્શક સૂચનાઓ :-

૨૦૦૩ના વીજળી અધિનિયમ અને આ વિનિયમોની જોગવાઇઓને અધીન રહીને, આયોગ, અનુસરવાના વિનિયમો અને કાર્યપદ્ધતિઓના અમલ અંગે વખતોવખત આદેશો અને માર્ગદર્શક સૂચનાઓ આપશે.

(૧૧) સુધારો કરવાની સત્તા.

આયોગ, આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં વખતોવખત ઉમેરો, ફેરફાર,પરિવર્તન કે સુધારો કરશે.

અમદાવાદ

તા.૩૧ માર્ચ,૨૦૦૫

પી.એસ.શાહ

સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 171

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, JULY 26, 2005/SRAVANA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જુલાઇ, ૨૦૦૫.

વિષય : રાજકારણનું અપરાધીકરણ, ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવાર તરીકે અપરાધીઓની સહભાગિતા, ગુન્હા માટે કસુરવાન ઠરેલની ગેરલાયકાત, અપીલ અને જામીનની અસર બાબત.

હુકમ

ક્રમાંક : રાચપ-ચટણ-અપધ-૭૨૦૦૫-ક.–રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૪-૨-૨૦૦૫ ના જાહેરનામા નં. કેપી.-પઓફ-૨૦૦૫-ઈએલસી-૨૦૦૩-૧૪૩૫-જી તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૪-૬-૨૦૦૫ના જાહેરનામા નં. કેવી-૧૯૮-ઓફ ૨૦૦૫-એનપીએલ-૧૦૦૩-૨૫૬૮-એમ. ની નજરે અનુક્રમે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ તથા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબત) નિયમો : ૧૯૯૪ સુધારેલ હોઈ, પંચના તા. ૩૧-૧૨-૯૮ ના હુકમ નં. રાચપ-ચટણ-અપધ-૯૮ નો નગરપાલિકા/નગર પંચાયતો અને પંચાયતો પુરતો અમલ કરવાનો રહેતો ન હોઈ પંચનો તા. ૩૧-૧૨-૧૯૯૮નો સદર હુકમ પંચાયતો તથા નગર પાલિકા/નગર પંચાયતોની ચૂંટણીઓ પુરતો આથી રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો અમલ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ પુરતો ચાલુ રહે છે.

તા. ૩૧-૧૨-૧૯૯૮ના હુકમ અનુસંધાને પંચે પરિપત્ર ક્રમાંક : રાચપ-ચટણ-સ્થા. સ્વ.-૫૦-૧૦૨૦૦૪-ક તા. ૨૮-૧-૨૦૦૫થી અમલમાં મુકેલ વ્યવસ્થા ચાલુ રહે છે.

આદેશથી,

વી. એચ. શાહ,

સચિવ,

રાજ્ય ચૂંટણી પંચ,

ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 172 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, JULY 26, 2005/SRAVANA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Government Notification Published Under Land Acquisition Act Only.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

ગાંધીનગર, તા. ૨૫-૭-૨૦૦૫.

ક્રમાંક :રાચપ-ચટણ-સમક-નપા-પાદરા-૨૦૦૫.

પાદરા નગર પાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, અધિનિયમની કલમ-૬ની પેટાકલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને અધિનિયમની કલમ-૬ની, પેટાકલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક : કેવી-૧૮૮-૨૦૦૪-એનપીએમ-૧૩૨૦૦૪/૩૪૧૧/(૧) આર, તા. ૪-૬-૨૦૦૫થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પાદરા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે પાદરા નગર પાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ૨૭ બેઠકો નક્કી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટાકલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવીઃ ૪૯ : ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ : ૩૬૫૫ઃએમ. તા. ૧૬-૩-૯૪ થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાયકે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે તો તે સંજોગોમાં રાજ્ય ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૫,૯૨૩ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩,૯૯૧ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે, તે પૈકી કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % થી વધતી નથી કે ૧૦ % થી ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એક જુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતી મુજબ નગર પાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૪	૪૧૮૯	૬૯૮	૧૬.૬૬
૨	૩	૩૭૬૧	૪૬૨	૧૨.૨૮
૩	૨	૪૦૭૪	૧૮૦	૪.૪૨
૪	૫	૩૮૪૩	૧૫૦	૩.૯૦
૫	૭	૩૯૨૯	૫૨	૧.૩૨
૬	૧	૪૨૨૦	૫૪	૧.૨૮
૭	૯	૩૭૫૮	૨૬	૦.૬૯
૮	૮	૪૧૬૦	૨૧	૦.૫૦
૯	૬	૩૯૮૯	૪	૦.૧૦
	કુલ	૩૫૯૨૩	૧૬૪૭	

૧૩. આમ અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪માં નિયમોના નિયમ--૬ (અ) હેઠળ (અનુસૂચિ જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિ જાતિની બેઠક વોર્ડ નં. ૪માં નિયમોના નિયમ-૬ (અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૪	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતાં ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ. આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.આદિજાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૫	૩૮૪૩	૩૮૧	૯.૯૧
૨	૩	૩૭૬૧	૧૪૨	૩.૭૮
૩	૧	૪૨૨૦	૧૩૭	૩.૨૫
૪	૨	૪૦૭૪	૧૧૩	૨.૭૭
૫	૮	૪૧૬૦	૧૦૪	૨.૫૦
૬	૪	૪૧૮૯	૩૯	૦.૯૩
૭	૭	૩૯૨૯	૩૧	૦.૭૯
૮	૬	૩૯૮૯	૦	૦
૯	૯	૩૭૫૮	૦	૦
	કુલ	૩૫૯૨૩	૯૪૭	

INDEX

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં. ૫ મા આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬ : અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૫માં નિયમોના નિયમ-૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

વોર્ડ નંબર	બેઠક
૫	અનુસૂચિત આદિજાતિ

૧૬. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ-૬(ખ) હેઠળ સને ૨૦૦૧ની વસ્તીગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નંગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પાદરા નગરપાલિકાના સૂચિત વોર્ડની વસ્તી તથા પછાતવર્ગની વસ્તી તથા તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાત વર્ગની વસ્તી (અંદાજીત)	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી.
૧	૩	૩૭૬૧	૧૧૨૭	૨૯.૯૭
૨	૭	૩૯૨૯	૧૦૭૫	૨૭.૩૬
૩	૮	૪૧૬૦	૧૦૮૩	૨૬.૦૩
૪	૧	૪૨૨૦	૮૯૩	૨૧.૧૬
૫	૨	૪૦૭૪	૮૪૭	૨૦.૭૯
૬	૪	૪૧૮૯	૭૭૮	૧૮.૫૭
૭	૫	૩૮૪૩	૭૦૨	૧૮.૨૭
૮	૬	૩૯૮૯	૬૯૭	૧૭.૪૭
૯	૯	૩૭૫૮	૬૨૩	૧૬.૫૮
	કુલ	૩૫૯૨૩	૭૮૨૫	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૩, ૭ અને ૮માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં. ૩ અને ૭માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૮માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ
૭	પછાતવર્ગ
૮	પછાતવર્ગ સ્ત્રી

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને પાદરા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ -૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજ્ય ચૂંટણી પંચ પાદરા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ-૧
પાદરા નગર પાલિકા જીલ્લો વડોદરા

વોર્ડ નંબર-૧

		ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન	
સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧	૧૯/૬૩૯	૨૮૧૮ થી ૩૦૫૬	તુલસીબાગ કોલોની, પેટ્રોલપંપની બાજુની લાઈન, ગોવિંદપુરા જકાતનાકા પાસે, પી.ડબલ્યુ. ડી. સ્ટોર, હેલ્થ યુનીટ, ઝુંપડપટ્ટી, કબ્રસ્તાન કંગાલ પુરા.

IV-C. Ex. 172-2

INDEX

૨૦/૯૬૮	૩૦૫૭ થી ૩૨૯૨	મસ્તાનપુરા, ખત્રી મહારાજનું મંદિર, ગોવિંદપુરા પશ્ચિમ, તુલસીદાસનું મંદિર, ઝુંપડપટ્ટી.
૨૨/૬૩૬	૧૭૮ થી ૩૦૯	રબારીવાડ, કાંકરીયો કુવો, જોડીયા હનુમાન મંદિર પાસે, જુના દવાખાના, ત્રીકમજી મંદિર રોડ પૂર્વ, ગૌશાળા પાછળ રબારી વાસ, આંબાવાડી હાઉસીંગ સોસાયટી.
૨૩/૬૨૧	૩૧૦ થી ૫૧૯	દરજી દ્વારકાધીશ સોસાયટી ઝુંપડપટ્ટી, માર્કેટીંગ યાર્ડ, નાનો કુંભારવાડો, શોપીંગ સેન્ટર, ત્રીકમજી મંદિર
૫૩/૬૮૩	૧૪૫૯ થી ૧૬૯૭	ટોચીયા વગો, મનુસ્મૃતિ હોલ, ઉમીયાનગર-૨, કબ્રસ્તાન, પેટ્રોલપંપ, જાસપુર રોડ, વુડાના મકાનો રીફાઈ ૧,૨, હાસ્મી પાર્ક, સ્મશાન સમર્થ મનુમોરાર ખરી વિગેરે.
૫૪/૬૭૩	૧૬૯૮ થી ૧૮૬૯	દ્વારકેશ સોસાયટી, જાસપુર રોડ કેબીનો, આંબાવાડી નં. ૨ અંબીકા, નર્મદા વસાહત.
	૪૨૨૦	

હદનું વર્ણનઃ--

સર્વે નંબર ૧૦૪૯ ની ઉત્તર હદેથી શરુ કરી આગળ જતાં સર્વે નં. ૧૦૫૦/૧ ની ઉત્તર હદેથી સર્વે નં. ૧૦૫૧, ૧૦૫૨, ૧૦૫૩, ની પશ્ચિમ હદે હદે થી ઉત્તર તરફ આગળ જઈ પૂર્વ તરફ સર્વે નં. ૧૦૫૮, ૧૦૫૭ની ઉત્તર હદેથી આગળ જતા જાસપુર રોડ સુધી ત્યાંથી આગળ જાસપુર રોડ ક્રોસ કરી પૂર્વે સર્વે નં. ૧૧૦૮ની ઉત્તર હદે અને સર્વે નં. ૧૧૦૭ની દક્ષિણ હદેથી પૂર્વે આગળ જતાં સર્વે નં. ૧૧૦૯, ૧૧૧૧, ૧૧૭૪, ૧૧૭૨ ની ઉત્તર હદેથી આગળ જતાં ટોચીયાવગા રોડ સુધી ત્યાંથી ટોચીયાવગા રોડ ક્રોસ કરી પશ્ચિમ હદે ઉત્તરે આગળ જતાં પૂર્વ તરફ વળી સર્વે નં. ૧૨૩૬ ની ઉત્તર હદેથી અને સર્વે નં. ૧૨૨૦ ની દક્ષિણ હદેથી આગળ જતાં સર્વે નંબર ૧૨૩૫નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૨૩૫, ૧૨૩૪, ૧૨૩૮/૨, ૧૨૪૦, ૧૨૪૭, ૧૨૪૬, ૧૨૫૫, ૧૨૫૪ ની પૂર્વ હદે હદે થઈ આગળ જતાં સર્વે નં. ૧૨૫૪ ના અગ્નિન ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં. ૧૨૫૪ ની દક્ષિણ હદેથી અને સર્વે નં. ૧૨૫૯ ની ઉત્તર હદેથી આગળ જઈ દક્ષિણે સર્વે નં. ૧૨૬૩/૧,/૧૨૬૩/૨,/૧૨૬૫/૧,/૧૨૬૮, ૧૨૭૪/૨, ૧૨૭૩/૧ ની પશ્ચિમે હદે હદે આગળ જતાં વડોદરા રોડનાં મધ્યબિંદુ સુધી, ત્યાંથી રોડે રોડે પૂર્વ તરફ આગળ જતાં ઉમિયાનગરની પૂર્વ હદે આગળ વધી ત્યાંથી દક્ષિણ તરફ વળાંક વળી તુલસીબાગ કોલોની અને એસ. ટી. ડેપોની પશ્ચિમ તરફ દક્ષિણે આગળ જતાં નવા એસ. ટી. ડેપોનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે એસ. ટી. ડેપોની દક્ષિણે આગળ વધી ગોવિંદપુરા રોડનાં મધ્યબિંદૂ સુધી ત્યાંથી દક્ષિણે રોડે રોડે આગળ જતાં તાલુકા પંચાયત કચેરીની પશ્ચિમ હદ સુધી આગળ જતાં તુલસીદાસ ફળિયાની અને મુન્સફ કોર્ટ ની ઉત્તર હદેથી અને નાના તળાવની દક્ષિણ હદે હદે થઈ આગળ જતા જુના દવાખાનાની પૂર્વ હદે અને ચોરા પાછળના ફળીયાની પશ્ચિમ હદે થઈ આગળ જતાં ટાવર રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રોડે રોડે આગળ જતાં વોટર વર્કસની પૂર્વ હદેથી ઉત્તર તરફ આગળ જતાં દવાખાનાની નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર હદેથી અને ત્રિકમજી મંદિરથી દક્ષિણ હદેથી આગળ જતાં જંબુસર રોડ ક્રોસ કરી આગળ જતાં નાના કુંભાર વાડાની દક્ષિણ હદેથી આગળ જતાં નર્મદા વસાહતની દક્ષિણ હદેથી અને સર્વે નં. ૫૮૨ની ઉત્તર હદેથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૫૮૭, ૫૮૮ની દક્ષિણ હદે હદેથી આગળ જતાં સર્વે નં.૫૯૯ની પૂર્વ હદેથી અને સર્વે નં. ૫૮૮, ૫૮૬, ૫૮૫ની પશ્ચિમ હદે હદે થઈ ઉત્તર તરફ આગળ જતાં મોતીપુરા ગામ તરફનાં રોડનાં મધ્યબિંદુથી રોડે રોડે પશ્ચિમ તરફ આગળ જઈ સર્વે નં. ૬૮૦ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે મોજે પાદરાનો સીમ વિસ્તાર અને નગરપાલિકાની હદે હદે સર્વે નં.૭૮૬ નાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સર્વે નં. ૭૯૦, ૭૯૪ની ઉત્તર હદે, સર્વે નં. ૭૯૪નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે પાદરાનગર પાલિકાની હદે હદે સર્વે નં. ૮૧૪, ૮૨૦ થી તાજપુરા રોડ સુધી, તાજપુરા રોડ ક્રોસ કરી ઉત્તરે સર્વે નં. ૯૫૭, ૯૫૦, ૯૪૮/૧ની પશ્ચિમ હદે ઉત્તર તરફ જતાં સર્વે નં. ૯૪૯ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી સર્વે નં. ૯૪૯/૧ની પૂર્વની હદે થઈ ઉત્તર તરફ સર્વે નં. ૯૪૬ની પશ્ચિમ હદે આગળ જઈ વળાંક વળી ૯૪૬ની ઉત્તર હદેથી સર્વે નં. ૧૦૪૮ની પશ્ચિમ હદ સુધી ત્યાંથી ઉત્તરે આગળ જતાં સર્વે નં. ૧૦૪૯ની પશ્ચિમ હદેથી સર્વે નં. ૧૦૪૯ના વાયવ્ય ખૂણા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૨

ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૨	૧૬	૨૨૪૦ થી ૨૩૯૨	જસ્મીન પાર્ક, કૃષ્ણનગર, ગાયત્રીનગર
	૬૮૮		સોસાયટી, કરીશ્મા હાઉસીંગ સોસાયટી.
	૧૭	૨૩૯૭ થી ૨૬૧૮	મહારાજ સોસાયટી, જ્ઞાન બાગ સોસાયટી,
	૬૭૯		મારુતી નગર સોસાયટી, એસ. ટી. ડેપો,
			મામલતદાર બંગલો, મેજીસ્ટ્રેટનો બંગલો,
			સ્ટેશન રોડ ઉત્તર, તુર્કી વાળંદનું ફળીયું
			નગર પાલિકા કાર્યાલય, મોરા કુવા પાસે,
			પોલીસ સ્ટેશન, પોલીસ લાઈન,
			મામલતદાર ક્વાર્ટસ.
	૧૮	૨૬૧૯ થી ૨૮૧૭	તાલુકા પંચાયત ક્વાર્ટસ, તાલુકા
	૬૬૫		પંચાયત કચેરી, ગોવિંદપુરા ડબગરવાસ,
			હરીજનવાસ, ગોવિંદપુરા પૂર્વે, કૃષ્ણ ટોકીઝ
	૫૦	૯૭૬ થી ૧૧૨૨	ઘનશ્યામનગર, વૈકુંઠ ધામ શાંતી નાથ,
	૬૪૮		માણેકનગર સોસાયટી, સી.બી. પલ્સ મીલ.
	૫૧	૧૧૨૩ થી ૧૨૮૧	રાધા રમણ સોસાયટી, ચતુરપાર્ક,
	૬૮૫		મોરારબાગ સોસાયટી.
	૫૨	૧૨૮૨ થી ૧૪૫૮	નારાયણનગર સોસાયટી, જનકપુરી, દર્પણ
	૭૦૯		કોમ્પ્લેક્ષ, બંશીધર કોમ્પ્લેક્ષ, ઉમીયાનગર-૧,
			ગુરુકૃપા સોસાયટી, વેસ્ટર્ન પાછળ ઝુંપડપટ્ટી,
			રણછોડનગર વેસ્ટર્ન વસાહત.
	૪૦૭૪		

હદનું વર્ણન :

પેટ્રોલ પંપની ઉત્તર હદેથી શરુ કરી વડોદરા રોડનાં મધ્યબિંદુથી પૂર્વદિશા તરફ આગળ જતાં સર્વે નં. ૧૧૫૧ ની પૂર્વ હદેથી અને ઉમિયાનગર-૧ની પશ્ચિમ હદેથી આગળ જતાં સર્વે નં.૧૧૫૩ સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૧૧૫૫, ૧૨૭૨, ૧૨૭૧, ૧૨૭૦, ૧૨૬૯, ૧૬૬૩, ૧૨૬૦/૧, ૧૨૬૦ની પૂર્વ હદ સુધી ત્યાંથી પૂર્વ તરફની હદે થઈ આગળ જતાં સર્વે નં. ૧૨૫૪ની દક્ષિણ હદેથી અને સર્વે નં. ૧૨૫૯ની ઉત્તર હદેથી આગળ જતાં સર્વે નં. ૧૨૫૪ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં.૧૨૫૫, ૧૨૪૬, ૧૨૪૭, ૧૨૪૦થી સર્વે નં. ૧૨૩૫ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સર્વે નં. ૧૨૨૬ની પૂર્વની હદ સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૨૨૯, ૧૨૩૦, ૧૨૪૨/૫, ૧૨૪૩ની પૂર્વ હદે હદે આગળ જતાં સુધી વડોદરા રોડ સર્વે નં. ૧૨૮૧/૩, ૧૨૮૨,ની પૂર્વ હદે હદે આગળ જતાં વડોદરા રોડ ક્રોસ કરી સર્વે નં. ૧૨૮૭/૧, ૧૨૮૯, ૧૨૯૦, ૧૨૯૧, ૧૩૦૯, ૧૩૧૧/૧, ૧૩૧૭ની પૂર્વ હદે હદે આગળ જતાં સર્વે નં. ૧૩૧૭નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં. ૧૩૧૨, ૧૩૨૪, ૧૩૦૬ની દક્ષિણ હદે હદેથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૧૩૩૧ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી સર્વે નં. ૧૩૩૨ની પૂર્વ હદેથી અને સર્વે નં. ૧૩૩૧ની પશ્ચિમ હદે આગળ જતાં સર્વે નં. ૧૩૩૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી સર્વે નં. ૧૩૩૨ની દક્ષિણ હદે આગળ જતાં સર્વોદય સોસાયટીની પશ્ચિમ હદેથી આગળ જતાં પાતળીયા હનુમાન રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ પાતળીયા હનુમાન રોડની હદેથી ઓમકારપૂરમ સોસાયટી સુધી ત્યાંથી દક્ષિણ તરફ ઓમકારપૂરમ સોસાયટીથી આગળ જતાં જસ્મીન પાર્કની પૂર્વથી અને પશ્ચિમ હદે લક્ષ્મીનારાયણ-૨ની પશ્ચિમ હદેથી આગળ જતાં હંસનગર સોસાયટીનાવાયવ્ય

INDEX

ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં ગાયત્રી મંદિર તરફના રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી રોડે રોડે પશ્ચિમ તરફ નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં ગાયત્રી મંદિરની પશ્ચિમ હદે આગળ જતાં એસ. ટી. ડેપો રોડથી વણકરવાસ, ચાર રસ્તા સુધી ત્યાંથી પશ્ચિમે નગર પાલિકા તરફ જતાં રસ્તા ઉપર આગળ જતાં નગર પાલિકા કચેરીની દક્ષિણ હદેથી આગળ જતાં ચકલા થઈ ગોવિંદપુરા રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તરે રોડે રોડે આગળ જતાં ભાથીજી મહારાજના મંદિરની પૂર્વ હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં નવા એસ. ટી. ડેપોની ઉત્તર હદેથી અને પેટ્રોલપંપની દક્ષિણ હદેથી આગળ જતાં તુલસીબાગ કૉલોનીની પૂર્વ હદે હદે થઈ આગળ જતાં નારાયણ નગરની દક્ષિણ હદેથી આગળ જતાં વડોદરા રોડ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૩

ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસના બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૩	૧૦ ૬૫૨	૧૨૯૧ થી ૧૪૩૩	રામપાર્ક ૧-૨, મનુસ્મૃતિ સોસાયટી, કૈલાસ કોલોની
	૧૧ ૬૭૯	૧૪૩૪ થી ૧૬૧૭	ભાથુજી મહારાજનું મંદિર, સ્ટેશન રોડ, મહાવીર નગર, મીલનકુંજ, ઉષાકિરણ સોસાયટી, દરાપુરા રોડ, ઉત્તર, સૂર્ય નગર સોસાયટી અને સૂર્યનગર પાછળની ઝુંપડપટ્ટી
	૧૨/૬૪૯	૧૬૧૮ થી ૧૭૫૨	સ્ટેશન દરાપુરા રોડ, હોસ્ટેલથી ત્રીકમલાલ વકીલનો બંગલો, દરાપુરા રોડ, રેલ્વે ફાટક સુધી સ્ટેશન રોડ પૂર્વ, રેલ્વે ફાટક પાસે દીપ મંગલ સોસાયટી, કોલેજ પાછળની ઝુંપડપટ્ટી
	૧૩/૫૦૫	૧૭૫૩ થી ૧૮૭૭	બજરંગ નગર, રામનગર, રેલ્વે ફાટક રામનગર પાસેની ઝુંપડપટ્ટી
	૪૯/૮૯૪	૧૭૨ થી ૯૭૫	ગુ. હા. બોર્ડના મકાનો, સત્યમ સોસાયટી, વૃંદાવન ગાર્ડન, ઓમકારપુરમ, યોગેશ્વર સોસાયટી, સર્વોદય ૧, ૨
	૬૨/૩૮૨	૧ થી ૭૩	શ્રીજીધામ સોસાયટી, હરસિધ્ધી માતા, નીલકંઠ, યશોદા કુંજ
	૩૭૬૧		

હદનું વર્ણન :--

સર્વોદય સોસાયટીના વાયવ્ય ખૂણેથી શરુ કરી સર્વોદય સોસાયટીની ઉત્તરની હદેથી પૂર્વ તરફ આગળ જતાં જય યોગેશ્વર સોસાયટીનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૧૩૩૧ની પશ્ચિમની હદ અને સર્વે નં.૧૩૩૨ની પૂર્વ હદે સર્વે નં. ૧૩૩૧નાં વાયવ્ય ખૂણા સુધી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં. ૧૩૩૧, ૧૩૩૦, ૧૩૨૩/૧, ૧૩૧૫, ૧૩૧૬ની ઉત્તર ની હદે હદે પૂર્વ તરફ આગળ જઈ સર્વે નં.૧૩૧૭/૧નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી ગામ સાંગમાંના સીમાડાની પશ્ચિમ હદે હદે આગળ જતાં સર્વે નં. ૪૮ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૫૦ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સર્વે નં. ૫૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૫૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ

તરફ મોજે ગામ સોખડાખુર્દના સીમાડાની પશ્ચિમ હદે હદે અને નગર પાલિકાનાં સર્વે નં. ૫૭, ૫૯, ૯૫, ૯૬ની પૂર્વ હદે આગળ વધી સર્વે નં. ૯૭નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા સર્વે નં. ૧૦૦ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૦૦ ની પૂર્વ હદે હદે આગળ જતાં સર્વે નં. ૧૦૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૧૦૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સર્વે નં. ૧૦૨ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૧૦૬નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં. ૧૦૮ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં. ૧૦૮, ૧૦૯, ૧૧૩ ની દક્ષિણ હદે હદે સર્વે નં. ૧૦૯, નાં અગ્નિ ખૂણા સુધી ત્યાં દક્ષિણ તરફ મોજે ગામ દરાપુરા સીમાડાની પશ્ચિમની હદ અને નગર પાલિકાની હદે હદે આગળ જતાં સર્વે નં. ૧૨૭નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં નહેરની હદે હદે ઉત્તર તરફ આગળ જતાં જંબુસર તરફની રેલ્વે લાઈન સુધી ત્યાંથી ઉત્તરે સૂર્યનગર સોસાયટીની પાછળની ઝુંપડપટ્ટી ની પશ્ચિમ હદે આગળ જતાં છીપવાડ તળાવનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી છીપવાડ તળાવની પૂર્વ હદેથી ઉત્તર તરફ આગળ જતાં ઉષાકિરણ સોસાયટી સુધી ત્યાંથી ઉત્તર તરફ આંગળ જતાં રામકૃષ્ણ નંબર--૨ અને રણછોડનગર સોસાયટીની પૂર્વ હદે હદે આગળ જતાં રામપાર્ક સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ હિરક મહોત્સવ રોડે રોડે પાદરા હાઈસ્કૂલના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ્ટેશન રોડની હદે હદે રેલ્વે સ્ટેશન સુધી ત્યાંથી પૂર્વ તરફ સયાજી બાગ અને એમ. કે. અમીન કોલેજની દક્ષિણ હદે હદે આગળ જતા એમ. કે. અમીન કોલેજની અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ એમ. કે. અમીન કોલેજની પૂર્વ હદ અને દિપમંગલ સોસાયટીની પશ્ચિમ હદે આગળ જતાં સર્વે નં. ૭૪/૩ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા સર્વે નં. ૭૪/૩નાં અગ્નિ ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં. ૭૪/૩ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૮૨ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સર્વ નં. ૮૨ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ હરસિધ્ધી સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં હરસિધ્ધી સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનો અને નિલકંઠ નગરનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં નિલકંઠ નગરના અગ્નિ ખૂણા સુધી વળી ઉત્તરે જતાં સર્વે નં. ૧૯/૨ની પૂર્વ હદે આગળ જતાં પાતળીયા હનુમાન રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી રોડની હદે હદે પૂર્વ તરફ જઈ વળાંક વળી રોડે રોડે ઉત્તર તરફ આગળ જતાં ગુ. હા. બોર્ડનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી રોડ ક્રોસ કરી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૨૦/૧ની ઉત્તરની હદે હદે લક્ષ્મીનારાયણ સોસાયટી નં. ૨ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં લક્ષ્મીનારાયણ સોસાયટીની પશ્ચિમ હદે હદે જસ્મીનપાર્કમાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ઈશાન ખૂણે આગળ જતાં પાતળીયા હનુમાન રોડ સુધી, રોડ ક્રોસ કરી ઉત્તર તરફ જતાં ઓમકારપૂરમ સોસાયટીની પશ્ચિમ હદે હદે આગળ જતાં ટી. પી. રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ટી. પી. રોડની હદે હદે આગળ જતાં સર્વોદય સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે આગળ જતાં સર્વોદય સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૪

ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૪	૩ થી ૩૮૫	૩૮૩ થી ૪૮૨	વણકરવાસ
	૪ થી ૫૩૧	૪૮૩ થી ૫૯૦	વણકરવાસ, શામળકુવા, ગોલવાડ
	૭ થી ૮૩૨	૮૧૪ થી ૯૫૦	મેમાજીનું ડેલું શાસ્ત્રી પોળ, શામળકુવા
	૮ થી ૫૩૮	૯૫૧ થી૧૧૫૪	વણકરવાસ, ક્લબ, લીબર્ટી ટોકીઝ, ઝુંપડપટ્ટી, દાદાભાઈનો બંગલો
	૯ થી ૫૮૬	૧૧૫૫ થી ૧૨૯૦	હિરક મહોત્સવ રોડ ઉત્તરબાજુ, આઈસ ફેકટરી, વાઘેશ્વેરી સોસાયટી, રામકૃષ્ણ

IV-C, Ex. 172-3

INDEX

		સોસાયટી, ૧-૨, રણછોડનગર સોસાયટી
૧૪ ૭૧૭	૧૮૭૮ થી ૨૧૧૦	રેલ્વે સ્ટેશનથી સયાજીબાગ થઈ, પાદરા હાઈસ્કૂલથી વ્યાયામશાળા, હંસનગર સોસાયટી, શંકરપાર્ક સોસાયટી તેજશનગર સોસાયટી
૧૫ ૬૦૦	૨૧૧૧ થી ૨૨૩૯	નરસિંહ નગર સોસાયટી, ગાયત્રી મંદિર, સહજાનંદ સોસાયટી બાલમંદિર, જીલ્લા પંચાયત
૪૧૮૯		

-: હદનું વર્ણન :-

જુના એસ.ટી. ડેપો ચાર રસ્તાથી શરૂ કરી ઉત્તર તરફ એસ.ટી.ડેપો રોડની પૂર્વ હદે હદે આગળ જતાં ગાયત્રી મંદીરનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી વળાંક વળી પૂર્વ તરફ ગાયત્રી મંદિર રોડની હદે હદે આગળ જતાં સહજાનંદ સોસાયટીનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સહજાનંદ સોસાયટીની પૂર્વ હદે આગળ જતાં સહજાનંદ સોસાયટીનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં શંકરપાર્ક સોસાયટી અને હંસનગર સોસાયટીની ઉત્તર હદે હદે આગળ જતાં પાતળીયા હનુમાનજી રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે રોડની હદે હદે આગળ જતાં યશોદાકુંજનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૧૯/૨નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં. ૧૯/૨ની પૂર્વ હદે હદે સર્વે નં. ૧૯/૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ નિલકંઠ નગરનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ગર્લ્સ હાઈસ્કૂલની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ જતાં પાદરા હાઈસ્કૂલ ત્યાંથી પૂર્વ તરફ જતાં પાદરા હાઈસ્કૂલનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ શ્રીજીધામ સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં શ્રીજીધામ સોસાયટીની ઉત્તર હદે હદે થઈ આગળ જતાં સર્વે નં. ૭૪/૩ની ઉત્તરની હદે આગળ જઈ સર્વેનં. ૭૪/૩નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૭૪/૩નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સર્વેનં. ૭૪/૩નાં નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં એમ. કે. અમીન કોલેજની પૂર્વ હદે થઈ આગળ જઈ દરાપુરા રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દરાપુરા રોડની હદે હદે આગળ જતાં સયાજી સર્કલ સુધી ત્યાંથી ઉત્તર તરફ સ્ટેશન રોડની હદે હદે ઉત્તર તરફ તથા સયાજીબાગ પાદરા હાઈસ્કૂલની પશ્ચિમ દિશાએ ઉત્તર તરફ આગળ વધી કોલેજ ચાર રસ્તા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ હિરક મહોત્સવ રોડની હદે હદે આગળ જતાં રણછોડનગરના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં રણછોડનગર સોસાયટી અને રામકૃષ્ણ સોસાયટી-૨ની પૂર્વ હદે દક્ષિણ તરફ આગળ જતાં છીપવાડ તળાવની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ જતાં તળાવનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફઆગળ જતાં સર્વે નં. ૩૧૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં સર્વે નં. ૩૧૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં. ૩૧૨ની પશ્ચિમની હદે હદે સત્સંગ આશ્રમનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જઈ વળાંક વળી ઉત્તર તરફ આગળ જતાં છીપવાડ તળાવની પશ્ચિમની હદે રણછોડજી મંદિરના ઈશાન ખૂણેથી ત્યાંથી વાયવ્ય ખૂણે આગળ જતાં ઘાયજ રોડ ક્રોસ કરી વાયવ્ય ખૂણે આગળ જતાં વાઘેશ્વરી સોસાયટીની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ આગળ જતાં રામકૃષ્ણ સોસાયટી-૧ની દક્ષિણની હદે હદે રામકૃષ્ણ સોસાયટીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં રામકૃષ્ણ સોસાયટીનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં છીપવાડના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં શામળભાઈની ખડકીની પૂર્વ હદે આગળ જતાં મેમાજી ડહેલાનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ શામળકુવા તરફનાં રોડની હદે હદે આગળ જતાં વળાંક વળી દક્ષિણ તરફ આગળ જઈ પૂર્વ તરફ આગળ જતાં રાણાવાસ તરફના રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જઈ પશ્ચિમ તરફ આગળ જઈ ઉત્તર તરફ રોડની હદે હદે આગળ જતાં હલકારા ફળીયાનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રાણાવાસની પશ્ચિમ હદે હદે આગળ જતાં રાણાવાસના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જઈ રાણાવાસના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં ઓધવભુલા ફળીયાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જઈ ઉત્તર તરફ વણકરવાસની પશ્ચિમ હદે હદે આગળ જતાં વણકારવાસનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલની દક્ષિણ હદે હદે થઈ વણકરવાસ રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ જુના એસ.ટી. ડેપોનાં ચાર રસ્તા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૫

← ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન			
સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૫	૧ ૯૩૯	૧થી ૨૫૦	બળીયાકાકાનું ડેરું, પ્રસાદી ફળીયું, ધબડાકનું ફળીયું, ઘાંચી પોળ, સ્ટેશન રોડ, પટણી વાડ, જુની પાનસરાવાડ
	૨ ૪૭૫	૨૫૧ થી ૩૮૨	કોઠી ફળીયું પશ્ચિમ, માવજીની કુઈ, કોઠી ફળીયું પૂર્વ, ઓધવભુલાની ખડકી, બંગાળી ફળીયું
	૫ ૫૪૪	૫૯૧ થી ૬૯૮	ગોલવાડ, શામળકુવો, હલકારાનું ફળીયું, માવજીની કુઈ, ડુંગરાવાળું ફળીયું
	૬ ૪૮૭	૬૯૯ થી ૮૧૩	માવજીની કુઈ, હલકારાનું ફળીયું, શાસ્ત્રી પોળ, તલાટી સ્ટ્રીટ, મેમાજીનું ડહેલું, લુહારનો ખાંચો, શામળભાઈની ખડકી
	૨૫ ૫૩૧	૭૦૬ થી ૮૩૪	મસ્જીદ પાછળના ફળીયામાં મદ્રેશાથી કોર્ટ વગો થઈ ઘાંચીપોળ દક્ષિણ, માળીવાડ, બળીયાકાકાનો રસ્તો, રામજી મંદિર રોડ,બળીયાકાકા ખાંચો, ચુડગરની ખડકી, ઝંડાબજાર
	૨૬ ૫૦૫	૮૩૫ થી ૯૯૩	ઝંડાબજાર, માળીવાડ, મોચી બજાર, વ્હોરવાડ બજાર, બારોટ ફળીયું, ઝંડા બજાર, અંચલેશ્વર મહાદેવ, ગુંદી ફળીયું, મહેતા ટાઈપ રાઈટીંગનાં મકાન સુધી
	૩૯ ૩૬૨	૧૧૩૮ થી ૧૩૨૦	શાહીવાળા શેરી પૂર્વ, બાપુદેસાઈની ખડકી, ઉત્તરાજીયા ખડકી, ઝંડા બજારથી ગુજરાતી શાળા, અમીન ખડકી, જેઠાભાઈ અમીન ખડકી, શામળભાઈ ખડકી
	૩૮૪૩		

હદનું વર્ણન :

વશી ફળીયાની વાયવ્ય ખૂણેથી શરૂ કરી વશી ફળીયાની ઉત્તર હદેથી પૂર્વ તરફ આગળ વધી ગુંદી ફળીયા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં ઉમિયાવાડીની દક્ષિણ હદે હદે આગળ જતાં મસ્જીદ પાછળના ફળીયાની દક્ષિણ હદેથી આગળ જતાં વ્હોરાવાડ ચાર રસ્તા સુધી ત્યાંથી ઉત્તર તરફ વ્હોરાવાડ રોડની હદે આગળ જતાં ચકલા સુધી ત્યાંથી પૂર્વ તરફ નગર પાલિકા કચેરીની દક્ષિણ હદે અને મોટી ફળીની ઉત્તર હદેથી આગળ જતાં જુની પાનસરાવાડની ઉત્તર હદે અને મામલતદાર બંગલાની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતાં કોઠી ફળિયાની ઉત્તર હદે થઈ, ઓધવભુલાની ખડકીની ઉત્તર હદેથી પૂર્વ તરફ આગળ જતાં જુના એસ. ટી. ડેપોની દક્ષિણ હદેથી પૂર્વ તરફ આગળ જતાં વિષ્ણુરાઈસ એન્ડ પલ્સ મીલની ઉત્તર હદેથી વણકરવાસ ચાર રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે વિષ્ણુરાઈસ એન્ડ પલ્સ મીલની પૂર્વ હદે આગળ જતાં વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં ઓધવભુલા ફળીયાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે રાણાવાસની પૂર્વ હદે હદે રાણાવાસનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં રાણાવાસનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં કોઠી ફળિયાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ

INDEX

તરફ આગળ જતાં કોઠી ફળિયાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જઈ પૂર્વ તરફ આગળ જતાં ગણેશ ચોકના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ અને રાણાવાસની પશ્ચિમ હદે હદે આગળ જતાં ડુંગરાના ફળીયાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં રાણાવાસનાં રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ રાણાવાસ રોડે રોડે આગળ જઈ દક્ષિણ તરફ રોડે રોડે આગળ જતાં દાલીયાની મીલની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ આગળ જતાં દાલીયાની મીલની પૂર્વ હદે થઈ દક્ષિણ તરફ આગળ જતાં શામળકુવા રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રોડે રોડે આગળ ઉત્તર તરફ જઈ વળાંક વળી પશ્ચિમ તરફ રોડે રોડે આગળ જતાં તલાટી સ્ટ્રીટનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં મેમાજીનાં ડહેલાનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં શામળભાઈની ખડકીનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં શામળભાઈની ખડકીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ આગળ જઈ પશ્ચિમ તરફ આગળ જતાં ગુજરાતી શાળાનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં ગુજરાતી શાળાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં ગુજરાતી શાળાનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણે આગળ જતાં કાપડબજાર રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ પોસ્ટ ઓફીસ તરફનાં રોડે રોડે આગળ જતાં અચલેશ્વર મહાદેવ અને અફિણવાળાનાં ખાંચાની પૂર્વ હદે હદે અને નગર નાગરિક બેંકની પશ્ચિમ હદે હદે આગળ જતાં મહેતા ટાઈપનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જઈ ઉત્તર તરફ વશી ફળીયાનાં રોડે રોડે વશી ફળીયાનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ગુંદી ફળીયાનાં રોડે રોડે આગળ જતાં ટાવર શાળાનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં ટાવર શાળાની પૂર્વ હદ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૬

ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૬	૨૧ ૬૮૮	૧થી ૧૭૭	રામજી મંદિર, સિવીલ કોર્ટ, નાનો વાઘરી વાસ, ચોરા પાછળનું ફળિયું
	૨૪ ૭૪૪	૫૨૦ થી ૭૦૫	વોટર વર્કસ, અંબાજી રોડ, પોસ્ટ ઓફિસ રોડ, ટાવર શાળા, કોર્ટ વર્ગો
	૨૭ ૬૦૨	૯૯૪ થી ૧૧૧૩	ગુંદી ફળીયું, પોસ્ટ ઓફિસ, મનુભાઈ મોરારભાઈવાળું ફળીયું, પોસ્ટ ઓફિસ રોડ, અફીણવાળાનો ખાંચો, નર્મદા ભુવન શોપીંગ સેન્ટર, ચુડગર, શ્રીરામ શોપીંગ સેન્ટર, ચીકાવાડ
	૨૮ ૪૨૧	૧૧૧૪ થી ૧૪૦૧	ચીકાવાડ પૂર્વ થી અફીણવાળાનો ખાંચો, શેઠ શેરી, અચલેશ્વર મહાદેવ, ઝંડા બજાર, કાપડ બજાર, ચોકસી બજાર, કુંભારવાડો, મોટાતળાવની સામે, જુની પોલીસ લાઈન, લાયબ્રેરી પાછળ, રાજનશા પીર, ચોકસી બજાર, પ્રેસવાળાના ખાંચા સુધી
	૨૯ ૪૫૭	૧૪૦૨ થી ૧૫૮૨	પ્રેસવાળાનાં ખાંચાથી કાપડ બજાર, ઝંડા બજાર, નાંદેરા શેરી, સત્યનારાયણનો ખાંચો, ઝંડા બજારથી શાહીવાળાની શેરી, પશ્ચિમ સુધી

૩૦ ૩૪૮	૧૫૮૩ થી ૧૭૧૪	ધોરાવાળું ફળીયું, ગીતાભારતીની પોળ ઉત્તર,મકાતીની ખડકી, સાત ધરીયાની ખડકી, નાંદેરાશેરી, જૈન દેરાસર, જૈન દેરાસરનો ખાંચો, સંતોષપુરી પોળ ઉત્તર, લાલમીયાંની ગલી ગાંધી ચોક
૩૪ ૭૨૯	૪૪૨ થી ૫૮૩	ગીતા ભારતી પોળ દક્ષિણ, ઘોરાવાળું ફળીયું, શાસ્ત્રીની ખડકી, પધરાઈ, કામદારનું ફળીયું, કારભારીની ખડકી રણછોડજીનું ફળીયું, રણવાનું ફળીયું, તળજા મંગળની ખડકી, વડવાળુ ફળીયું, પધરાઈ, વિકલનાથજીનું ફળીયું

હદનું વર્ણન:--

વોટર વર્કસનાં વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ આગળ જતાં ત્રિકમજી મંદિર રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં ટાવર રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં ટાવર રોડ મધ્યબિંદુથી રોડે રોડે આગળ જતાં રબારીવાડનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં રબારીવાડની પૂર્વ હદ અને ચોરા પાછળનાં ફળીયાની પશ્ચિમ હદેથી આગળ જતાં જુના દવાખાનાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઈશાન ખૂણે આગળ જતાં નાના તળાવ સુધી ત્યાંથી નાના તળાવની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ વધી મુનસફ કોર્ટની ઉત્તર હદે હદે આગળ વધી તુલસીદાસ ફળિયાનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં તુલસીદાસ ફળિયાનાં પૂર્વની હદે હદે આગળ જતાં નગરપાલિકા કચેરીની પશ્ચિમ હદે થઈ ચકલા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં મસ્જીદ પાછળનાં ફળીયાની પૂર્વ હદેથી દક્ષિણ તરફ આગળ જતાં વહોરાવાડના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં મસ્જિદ પાછળના ફળિયાની દક્ષિણ હદેથી આગળ જઈ ઉમિયાવાડીની દક્ષિણ હદેથી પશ્ચિમે આગળ જઈ ગુંદી ફળીયાનાં ઉત્તર હદે હદે થઈ વાયવ્ય ખૂણા તરફ જતાં ટાવર શાળાની પૂર્વ હદે હદે થઈ ગુંદી ફળીયાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં ગુંદી ફળીયાનાં પશ્ચિમ હદે હદે થઈ મહેતા ટાઈપ ક્લાસ સુધી મહેતા ટાઈપની પૂર્વ હદેથી આગળ જતાં નગર નાગરિક બેંકની પશ્ચિમ હદેથી આગળ જતાં અચલેશ્વર મહાદેવ ફળિયાની પૂર્વ હદેથી અને બારોટ ફળીયાની પશ્ચિમ હદે થઈ દક્ષિણ તરફ આગળ જતાં કાપડબજાર રોડ ક્રોસ કરી દક્ષિણે આગળ જતાં શાહીવાળાની શેરીનાં ઉત્તર ખૂણા સુધી ત્યાંથી શાહીવાળાની શેરીની પૂર્વ હદેથી આગળ જતાં ધોળાવાડા ફળીયા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં નારાયણ મુલચંદ ફળીયાની પશ્ચિમ હદેથી દક્ષિણ તરફ આગળ જતાં પધરાઈ ચોકની પૂર્વ હદે આગળ જતાં ઝવેર શાહની ખડકી ની પશ્ચિમ હદેથી આગળ જતાં વિકલનાથજીનાં ફળીયા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વિકલનાથજી ફળીયાની દક્ષિણ હદે હદે અને રામશેરીની ઉત્તર હદેથી આગળ જતાં રણવાના ફળીયાની દક્ષિણ હદે થઈ પશ્ચિમ તરફ આગળ જતાં કારભારીની ખડકીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ આગળ જતાં કારભારીની ખડકીની પશ્ચિમ હદે હદે થઈ અને પુરબાઈનાં પરાની પૂર્વ હદે હદે આગળ જતાં વૈદ્ય વગાની પૂર્વે થઈ આગળ જતાં ગીતાભારતીની પોળના રસ્તાનાં મધ્યબિંદુથી પૂર્વ તરફ આગળ જતાં ગીતાભારતી પોળનાં રસ્તાથી ઉત્તર હદેથી અને મકાતીની ખડકીની દક્ષિણ હદેથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં સંતોષપુરી પોળના રસ્તાની મધ્યબિંદુથી આગળ જતાં સંતોષપુરી પોળનાં નાકા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ આગળ જતાં ગાંધી ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં મસ્જીદ લાઈનથી પશ્ચિમ હદે હદે થઈ રાજનશાપીર સુધી ત્યાંથી રાજનશાપીરની પશ્ચિમ હદેથી આગળ જતાં મોટા તળાવની પૂર્વે હદે હદે ઉત્તર તરફ થઈ વોટર વર્કસ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૭

ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૭	૪૦ ૬૨૦	૧ થી ૨૭૮	ગાંધી ચોક પશ્ચિમ, ગાંધીબજાર, શાકમાર્કેટ સામે, તળાવ ઉપરની ઝુંપડપટ્ટી, દાદાવાળી, ફુલબાગ પશ્ચિમ, નવાપુરા ઉત્તર

IV-C. Ex.172-4

INDEX

૪૧ ૭૯૦	૨૭૯ થી ૩૯૬	નવી પાનસરાવાળ પૂર્વ, નવીપાનસરાવળ પશ્ચિમ, નવાપુરા, રાયણવાડી ખડકી
૪૨ ૯૧૬	૩૯૭ થી ૬૧૮	નવાપુરા ઉત્તર, મોટો ભોઈ વાળો, ડભાસા ભાગોળ, ગુજરાત વિદ્યુત બોર્ડ, રામટેકરી, ખત્રી મહારાજ રેસ્ટ હાઉસ, પડતરીયાં, ઝુંપડપટ્ટી, બેઠક મંદિર મહાપ્રભુજી
૪૩ ૫૪૮	૬૧૯ થી ૭૧૮	વાઘરીવાસ, નાનો ભોઈ વાડો, હરિજન વાસ, ડભાસા ભાગોળ
૪૪ ૬૪૫	૭૧૯ થી ૮૦૩	ડભાસા ભાગોળ, નવાપુર દક્ષિણ, હનુમાનજીનું ફળીયું, નવાપુરા દક્ષિણ, ગોરીયાદવાળું ફળીયું
૪૫ ૪૧૦	૮૦૪ થી ૯૦૬	નવાપુરા દક્ષિણ, માર્કેટ પોલીસ ચોકી, સંતરામ મંદિર, વાઘરીવાસ, લતીપુરા રોડ સામે ઝુંપડપટ્ટી
૩૯૨૯		

-: હદનું વર્ણન :-

ગુજરાત વિદ્યુત બોર્ડના વાયવ્ય ખૂણેથી શરૂ કરી સર્વે નં. ૫૯૦/૧ની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતા સર્વે નં. ૬૭૭/૧ની દક્ષિણ હદેથી આગળ જતાં સંતરામ કોમ્પ્લેક્ષ રેસી કમ પ્લાઝાની ઉત્તર હદે હદે પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં. ૫૭૨, ૫૭૧, ૫૬૯/૨ની દક્ષિણ હદે હદે ઉત્તરે આગળ જતાં ગજાનંદ પાર્કની પશ્ચિમ હદે થઈ ઉત્તરે આગળ જતાં નર્મદા વસાહતના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ પૂર્વ તરફ આગળ જતાં સ્ટેટ હાઈવે ક્રોસ કરી ત્રીકમજીમંદિરની દક્ષિણ હદેથી અને મોટા તળાવની ઉત્તર હદેથી પૂર્વ તરફ આગળ જતાં જુના દવાખાના સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં વોટર વર્કસનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં વોટર વર્કસની ઉત્તર હદે મોટા તળાવની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ જતાં પૂર્વ તરફથી તળાવની હદે આગળ જતાં ચોકસી બજારનાકા સુધી ત્યાંથી મસ્જીદ લાઈનની પશ્ચિમ હદે દક્ષિણ તરફ જતાં શાકમાર્કેટ રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં રાવળીયા વાસની ઉત્તર હદેથી આગળ જતાં શાકમાર્કેટના ઉત્તર હદેથી એકલસુરી માતાનાં મંદિરની દક્ષિણ હદેથી આગળ જતાં નવાપુરા ચાર રસ્તાનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે આગળ જતાં સંતરામ મંદિરની પૂર્વ હદેથી અને ઉચીપોળની પશ્ચિમ હદેથી દક્ષિણે આગળ જતાં વાઘરીવાડની પૂર્વ હદેથી અને કંટીયાળા તળાવની ઝુંપડપટ્ટીની પશ્ચિમ હદેથી દક્ષિણે આગળ જતાં તમાકુવાળા સેન્ટરનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં સર્વે નં. ૨૬૪, ૨૬૩ની ઉત્તર હદે હદે થઈ લતીપુરા રોડ ક્રોસ કરી સર્વે નં. ૩૩૧, ૩૩૮ની ઉત્તર હદે હદે પશ્ચિમે આગળ જતાં બેઠક મંદિરના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે જતાં સર્વે નં. ૩૪૫, ૩૪૨, ૩૪૨/૨ની પશ્ચિમ હદે આગળ જતાં પંચવટી સોસાયટી અને સર્વે નં. ૫૫૧ની પૂર્વ હદેથી આગળ જતા રાજ્ય ધોરી માર્ગ સુધી, રાજ્ય ધોરી માર્ગ ક્રોસ કરી આગળ જતાં સર્વે નં. ૫૯૨, ૫૯૧ની પૂર્વ હદ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૮

ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૮	૩૧ ૮૮૬	૧ થી ૧૬૮	નવધરી રોડ, સંતોષપુરી પોળ દક્ષિણ, ગીતા ભારતીની પોળ દક્ષિણ, જુના કોઠા મહાદેવ, દેરાશેરી, જુના કોઠા મહાદેવ પાસે, નવધરી રોડ, જુના કોઠા, લાલબાવાનો લીમડો, જૈન ધર્મશાળા પશ્ચિમ, નવધરી રોડ, કંટાળીયા તલાવ, ઝુંપડપટ્ટી પશ્ચિમ, રામવિજયકોલોની

INDEX

	૩૨ ૬૬૧	૧૬૯ થી ૨૯૯	કંટીયાળા ઝુંપડપટ્ટી પૂર્વસાઈડ, લાલબાવાનો લીમડો, હડકાયાનું ફળીયું ઉંડું ફળીયું પશ્ચિમ, ઉંડું ફળીયું
	૪૬ ૭૨૫	૯૦૭ થી ૧૦૭૦	તમાકુવાળા એસ્ટેટ સંતરામભાગોળ પૂર્વ, ફુલવાડી, વાઘરી વાસ, કંટીયાળા તળાવ, સંતરામ ભાગોળ પૂર્વ
	૪૭ ૭૭૩	૧૦૭૧ થી ૧૩૦૮	ઉચીપોળ દક્ષિણ, ઉચીપોળ, ઉત્તર, સંતરામરોડ, શાકમાર્કેટ અંદર, સંતરામ રોડ પૂર્વ, શાક માર્કેટ બહાર, મરચાં ગલી ગાંધી બજાર ગાંધીચોકથી નવધરીનો રોડ, નવધરી રાવળીયાવાસ, લાલકુવો, આરાધના પલ્સ મીલ સુધી
	૫૫ ૫૯૭	૧૮૭૦ થી ૨૦૩૧	નર્મદા બહારનાં કેબીનો, સંતરામની દુકાનો, જીઈબીની પાસેની ઝુંપડપટ્ટી, ખોડીયારનગર, પંચવટી, ખત્રી નગર, આવાસ યોજના
	૫૬ ૫૧૮	૨૦૩૨ થી ૨૧૫૫	ઈન્દીરા આવાસ યોજના, લતીપુરા રોડ, અંબાશંકરી, મહાકાલી માતાનું મંદિર, ઘાયજ રોડ ઝુંપડપટ્ટી.
	૪૧૬૦		

-: હદનું વર્ણન :--

પાદરાનાં સર્વે નં. ૬૨૦નાં વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં સર્વે નં. ૬૨૦, ૬૨૬,૬૦૨,૬૦૦ની ઉત્તર હદે હદે સર્વે નં. ૫૯૯નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૫૯૯ની પૂર્વ હદે હદે સર્વે નં. ૫૮૯ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં. ૫૮૯, ૫૮૦, ૫૮૧ તથા ૫૮૨ની ઉત્તર હદે હદે સર્વે નં. ૫૮૨નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં સર્વે નં. ૫૮૨, ૫૬૮/૧, ૫૬૯/૨, ૫૭૧ની પૂર્વ હદે હદે સર્વે નં. ૫૭૧ની દક્ષિણ દિશા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૫૭૧, ૫૭૨, ૫૭૭/૧, ૫૯૦/૧ની દક્ષિણ હદે હદે સર્વે નં. ૫૯૧નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૫૯૧, ૫૯૨ની પૂર્વ હદે હદે સર્વે નં. ૫૯૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી જંબુસર રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ આગળ જતાં સર્વે નં. ૫૫૧, ૫૫૦ (પંચવટી) ૫૪૦, ૫૪૮, ૫૯૭, ૩૪૩, ૩૪૪, ૩૫૯ની પૂર્વ હદે હદે સર્વે નં. ૩૫૮નાં ઉત્તર ભાગ સુધી પૂર્વ તરફ આગળ જતાં ૩૩૮, ૩૩૧, ૨૬૩ની ઉત્તર હદે હદે થઈ સર્વે નં. ૨૬૨નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સંતરામ મંદિરનાં રોડનાં મધ્યબિંદુથી રોડે રોડે આગળ જતાં શાકમાર્કેટની પશ્ચિમ હદે હદે થઈ શાકમાર્કેટનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ શાકમાર્કેટની ઉત્તર હદે હદે રાવળીયાવાડથી આગળ જતાં ગાંધીચોક સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ આગળ જતાં સંતોષપુરી પોળનાં નાકા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સંતોષપુરી પોળની ઉત્તર હદે હદે થઈ ગીતાભારતીની પોળનાં રસ્તાના મધ્યબિંદુથી રોડે રોડે આગળ જતાં ગીતાભારતી પોળનાં પૂર્વ નાકા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જઈ ગીતાભારતી પોળનાં અગ્નિ ખૂણા થઈ પશ્ચિમ તરફ ગીતાભારતી પોળની દક્ષિણ હદે હદે થઈ ગીતાભારતી પોળનાં પશ્ચિમ નાકા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં સંતોષપુરી પોળની પૂર્વ હદે હદે થઈ વૈદ્ય વગાનાં નાકા સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ આગળ જતાં જૈન દેરાસર રોડનાં નાકા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં લાલબાવાના લીમડા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં લાલબાવાનાં લીમડાની ઉત્તર હદે હદે થઈ લાલબાવાના લીમડાનાં પશ્ચિમ નાકા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં લાલબાવાના લીમડાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ આગળ જતાં પુરબાઈનાં પરાની પશ્ચિમ હદનાં ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં ઉંડું ફળીયાની તથા રામવિજય કોલોનીની પૂર્વ હદે હદે થઈ અને આગળ જતાં સર્વે નં. ૩૨૯, ૩૧૭, ૩૧૬/૨ની દક્ષિણ હદેથી સર્વે નં. ૨૭૩ની ઉત્તર હદેથી આગળ જતાં સર્વે નં. ૨૭૩નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં ઘાયજ રોડની હદે હદે થઈ સર્વે નં. ૨૦૮નાં અગ્નિ ખૂણા સૂધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં સર્વે નં. ૨૦૮, ૨૧૭ ૨૧૮, ૨૨૧, ૨૨૬/૧, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮/૧ ની દક્ષિણ હદે હદે થઈ સર્વે નં. ૨૩૮/૧ નાં નૈઋત્ય ખૂણા સુધી

INDEX

ત્યાંથી ઉત્તર તરફ જતાં નગર પાલિકાની હદે હદે સર્વે નં. ૨૩૮/૧, ૩૭૪, ૩૭૩/૧, ૩૭૨, ૩૭૧, ૩૭૦, ૪૨૯, ૪૨૮, ૪૩૬, ૫૩૬, ૫૩૭, ૬૧૦/૩, ૬૧૦/૧, ૬૧૧, ૬૧૩, ૬૧૯ અને ૬૨૦ની પશ્ચિમ હદે હદે ઉત્તર તરફ આગળ વધી સર્વે નં. ૬૨૦નાં વાયવ્ય ખૂણા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૯

ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન

સૂચિત નવીન વોર્ડ નંબર	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોકનાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૯	૩૩ ૬૬૭	૩૦૦ થી ૪૪૧	લાલબાવાનો લીમડો દક્ષિણ, પુરબાંઈનું પરું, કબીર મંદિર ચુંનાવાળાનું ખેતર, મહાકાળી સોસાયટી, પાર્શ્વનાથ સોસાયટી, જલારામમીલ, પુરબાઈનું પરું પૂર્વ, જુના કોઠા મહાદેવ, ગીતાભારતીની પોળ દક્ષિણ
	૩૫ ૬૭૭	૫૮૪ થી ૭૨૧	રામશેરી, સેતરીયાનું ફળીયું, વ્હોરાવાળું ફળીયું, દોઢીયાનું ફળીયું, મઠ
	૩૬ ૫૫૬	૭૨૨ થી ૮૪૫	રણછોડજીનું મંદિર, નવી ગોલવાડ, ગલીયારાવાડ, રબારીવાડ, સોની ફળીયું
	૩૭ ૪૯૯	૮૪૬ થી ૯૬૬	છીપવાડ પૂર્વ બાજુ, મતીયાનું ફળીયું, છીપવાડ પશ્ચિમ બાજુ, વાસદીયાની ખડકી, ઝવેરશાહ ડેલાની પાછળ બારણું
	૩૮ ૬૨૪	૯૬૭ થી ૧૧૩૭	છીપવાડ દક્ષિણ, વલ્લભધાશી બાલ મંદિર, સુંદરલાલ શાહના મકાન પાછળ, જવેરશાહની ખડકી, પધરાઈ પૂર્વ, મોતી માણેકનું ફળીયું, નારણ મુલચંદનું ફળીયું, દલાલ ટેકરો
	૪૮ ૭૩૫	૧ થી ૧૭૧	શાંતા કુંજ, લકુલેશ, શ્રીનાથ પાર્ક અને આસપાસની ઝુંપડપટ્ટી રોડની પૂર્વ
	૩૭૫૮		

હદનું વર્ણનઃ--

ઝંડાબજાર રોડ ઉપર આ વોર્ડમાં સ્થિત તંબોળીની દુકાનથી શરુ કરી પૂર્વ તરફ જતાં ગુજરાતી શાળાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ બાપુ દેસાઈની ખડકીની પૂર્વ હદે ગુજરાતી શાળાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ગુજરાતી શાળાની દક્ષિણ હદે અને અમીન ખડકીની પશ્ચિમ તરફ આગળ જતા મનીષા ફળીયા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા મનિષા ફળિયાની ઉત્તર હદે છીપવાડનાકા સુધી ત્યાંથી મેમાજી ડહેલા સુધી ત્યાંથી મેમાજી ડહેલાની દક્ષિણ હદે આગળ જતા વાસદીયાની ખડકીના ઈશાન ખૂણા સુધી ત્યાંથી વળાંક વળી દક્ષિણ તરફ જતાં વાંસદીયાની ખડકીની પૂર્વ હદે અને રામકૃષ્ણ-૧ ની પશ્ચિમ હદે થઈ આગળ જતાં સોની ફળીયાની પૂર્વ હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા રબારીવાડની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ આગળ જતા વાઘેશ્વરી સોસાયટીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઈશાન ખૂણા તરફ જઈ પૂર્વ તરફ વળાંક વળી આગળ જતા રણછોડરાય મંદિરની પૂર્વ દિશા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતા રણછોડરાય મંદિરની પૂર્વ હદે હદે આગળ જતા સર્વે નં. ૩૧૨ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતા સત્સંગ આશ્રમના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સત્સંગ આશ્રમની પૂર્વ હદે થઈને સર્વે નં. ૩૧૪ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા સર્વે નં. ૨૮૬ની ઉત્તરની હદે આગળ જઈ પૂર્વ તરફ આગળ સર્વે નં. ૨૯૭, ૨૯૧ ની ઉત્તરે હદે હદે સર્વે નં. ૨૯૧ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી

દક્ષિણ તરફ ઝુંપડપટ્ટીની પશ્ચિમ હદે થઈ રેલ્વે લાઈન સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ દરાપુરા ગાડા રોડની હદે હદે સર્વે નં. ૧૨૯નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ દરાપુરા ગામનો સીમાડો અને પાદરા નગરપાલિકાની હદે હદે સર્વે નં. ૧૨૯, ૧૫૨, ૧૫૯, ૧૬૧ ની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ વધી અને સર્વે નં. ૧૬૨ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતા સર્વે નં. ૧૬૦, ૧૫૯, ૧૫૭, ૧૫૬, ૧૮૯, ૧૮૮, ૧૯૬ ની દક્ષિણ હદે અને પાદરા સીમ વિસ્તારની ઉત્તરની હદે પશ્ચિમ તરફ આગળ જતાં કરજણ રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ કરજણ રોડની હદે હદે આગળ જતાં સર્વે નં. ૨૭૩ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં મહાકાળી સોસાયટી અને પાર્શ્વનાથ સોસાયટીની દક્ષિણ હદે હદે આગળ જતાં સર્વે નં. ૩૨૯નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં કંટીયાળા તળાવની ઝુંપડપટ્ટીની પૂર્વ હદેથી અને પુરબાઈ પરાની પશ્ચિમ હદેથી ઉંડા ફળીયાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં ઉંડા ફળિયાની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ જતાં લાલબાવાના લીમડાની દક્ષિણ હદે થઈ ઉત્તર તરફ જતાં લાલબાવાના રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તરે રોડે રોડે આગળ જતાં જુના કોઠા મહાદેવનો પૂર્વ વિસ્તાર આવરી લઈ જુના કોઠા મહાદેવની ઉત્તર હદ સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ આગળ જતાં ગીતાભારતીની પોળનાં રસ્તાના મધ્યબિંદુથી પૂર્વ તરફ જતાં અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં ગીતાભારતી પોળનાં દક્ષિણ વિસ્તારને આવરી લઈ ગીતાભારતી પોળની નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં વૈદ્ય વગા તથા પુરબાઈનાં પરાની પૂર્વ હદે હદે કારભારીની ખડકીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં કારભારીની ખડકી, રણવાનું ફળિયું, વિઠ્ઠલનાથજીનાં ફળીયાની દક્ષિણ હદે હદે થઈ વિઠ્ઠલનાથજીનાં ફળીયાનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં ઝવેરશાહની ખડકીની પશ્ચિમ હદે હદે થઈ પધરાઈ ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં નારાયણ મુલચંદનાં ફળીયા સુધી ત્યાંથી પશ્ચિમ હદે આગળ જતાં ધોરાવાળા ફળીયાનાં નાકા સુધી ત્યાંથી ધોરાવાળા ફળીયાની પૂર્વ હદેથી અને દલાલ ટેકરાનાં પશ્ચિમ હદે આગળ જતાં શાહીવાળાની શેરીની પશ્ચિમ હદે અને બાપુ દેસાઈની ખડકીની પશ્ચિમ હદે આગળ જતાં કાપડબજારનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી આગળ જતાં તંબોળીની દુકાનની ઉત્તર હદેથી દક્ષિણ તરફનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

IV-C. Ex. 172-S

INDEX

અનુસૂચિ-૨
રાજ્ય ચૂંટણી પંચ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

પાદરા નગરપાલિકાની કુલ વસ્તી	૩૫,૯૨૩	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી	૩૯૯૧	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ-૪૩૯૦ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ-૩૫૯૨
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રીની બેઠકો	૯	-- બેઠક અનુસૂચિત જાતિ -- બેઠકઅનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી--સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી--સ્ત્રી.
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૩	
સામાન્ય બેઠકો.	૧૫	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડનીવસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૨૨૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૦૭૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૭૬૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૪૧૮૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૮૪૩	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૬	૬	૩૯૮૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૯૨૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૪૧૬૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૯	૯	૩૭૫૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ.	૩૫૯૨૩			

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 173 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, JULY 26, 2005/SRAVANA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯. ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

ગાંધીનગર, તા. ૨૨મી જુલાઈ, ૨૦૦૫.

ક્રમાંક:રાચપ-ચટણ-સમક-મનપા-રાજકોટ-૨૦૦૫

<u>રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.</u>

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ (ગુજરાત દ્વિતિય સુધારા) ૧૯૯૩થી સુધારા કરેલ છે. આ અધિનિયમની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા કલમ (૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૫ની પેટા કલમ (૩)માં ખંડ (ક) તથા પેટા કલમ-(૪), (૫), (૬)તથા (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક કેવી-૧૯૨-૨૦૦૫-એએમએન-૮૦૯૩-૩૯૫૫-પી. તા. ૮-૬-૨૦૦૫ થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, રાજકોટ મહાનગરપાલિકા જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના સને ૨૦૦૧ની વસ્તી ગણત્રીના આંકડા પ્રસિધ્ધ થયા છે તે આંકડા આધારે મહાનગરપાલિકાને ૨૩ વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સીલરોની કુલ બેઠકો-૬૯ નકકી કરેલ છે. તેમજ અનુસૂચિતજાતિ, પછાત વર્ગ તથા મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યતઃ વોર્ડની

INDEX

સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણાં કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી પંચ ૧૦ ટકા થી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૪. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતા રાજકોટ મહાનગરપાલિકાની કુલ વસ્તી ૯,૬૭,૪૭૬ આવે છે.જાહેરનામાં પ્રમાણે મહાનગરપાલિકાને ૨૩ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૨, ૦૬૪ની થાય છે.

૫. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે રીતે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ ટકા થી વધતી નથી કે ૧૦ ટકા થી વસ્તી ઘટતી નથી.

૬. મહાનગરપાલિકાના ૨૩ વોર્ડોને નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને શકય હોય ત્યાં સુધી વસ્તી મુજબ એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૭. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે, નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક મહિલા, (અનુસુચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગની મહિલા સહિત) માટે અનામત રાખવાની છે. જયારે નિયમ-૬ની બાબત (ક)ની જોગવાઈ પ્રમાણે બીજી બેઠક સરકાર બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસુચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૮. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિની અનામત બેઠક દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણ જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે, આમ, અનુસૂચિત જાતિ (મહિલા બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત કરેલ છે.

૯. જાહેરનામા અન્વયે કોર્પોરેશન માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે અને ૪ બેઠકો પૈકી ૧ બેઠક અનુસુચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત કર્યુ છે.

૧૦. સને ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૨૩ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ. જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ. જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧૬	૩૮૩૫૯	૧૦૦૫૬	૨૬.૨૨
૨	૫	૩૯૬૫૧	૬૯૪૫	૧૭.૫૨
૩	૧૪	૪૧૭૮૯	૬૦૯૪	૧૪.૫૮
૪	૨૧	૪૪૨૬૯	૫૯૮૮	૧૩.૫૩
૫	૩	૪૫૬૭૮	૫૩૨૫	૧૧.૬૬
૬	૧	૩૯૯૩૧	૪૨૮૨	૧૦.૭૨
૭	૧૭	૪૨૧૯૬	૩૨૩૩	૭.૬૬
૮	૪	૪૫૫૮૧	૩૪૧૪	૭.૪૯

INDEX

૧	૨	૩	૪	૫
૯	૧૫	૪૦૮૨૫	૨૭૬૮	૬.૭૮
૧૦	૧૩	૪૩૪૮૯	૨૫૪૩	૫.૮૫
૧૧	૯	૪૫૨૯૩	૨૩૯૭	૫.૨૯
૧૨	૧૧	૪૦૦૭૦	૧૯૩૭	૪.૮૩
૧૩	૨	૪૩૪૨૨	૧૯૫૯	૪.૫૧
૧૪	૬	૪૦૭૫૩	૧૭૮૩	૪.૩૮
૧૫	૧૮	૪૫૧૯૨	૧૪૦૫	૩.૧૧
૧૬	૧૦	૩૭૭૩૧	૧૦૯૭	૨.૯૧
૧૭	૧૨	૪૦૭૭૮	૮૩૧	૨.૦૪
૧૮	૨૨	૪૬૦૭૭	૫૪૧	૧.૧૭
૧૯	૨૩	૪૪૯૫૫	૪૧૮	૦.૯૩
૨૦	૮	૩૭૭૨૬	૩૫૧	૦.૯૩
૨૧	૨૦	૩૯૨૮૧	૩૨૮	૦.૮૪
૨૨	૭	૩૮૪૬૨	૨૩૪	૦.૬૧
૨૩	૧૯	૪૫૯૬૮	૯૮	૦.૨૧
	કુલ	૯૬૭૪૭૬	૬૪૦૨૭	

૧૧. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૬, ૫, ૧૪ તથા ૨૧માં નિયમોના નિયમ-૬ (અ) હેઠળ અનુસુચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૨. અનુસુચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં. ૧૬, ૫ અને ૨૧માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં. ૧૪માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૩. અનુસુચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૬, ૫, ૧૪ તથા ૨૧માં નિયમોના નિયમ-૬ (અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧૬	અનુસુચિત જાતિ
૫	અનુસુચિત જાતિ
૧૪	અનુસુચિત જાતિ સ્ત્રી
૨૧	અનુસુચિત જાતિ

૧૪. જાહેરનામાં અન્વયે મહાનગર પાલિકા માટે અનુસુચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૫. જાહેરનામાં અન્વયે ૭ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૨ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૬. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે, જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસુચિત જાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

રાજકોટ મહાનગરપાલિકાના સુચિત ૨૩ વોર્ડની વસ્તી તથા પછાત વર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ. નં.	વોર્ડ નં.	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૧૨	૪૦૭૭૮	૨૦૪૫૦	૫૦.૧૫
૨	૧	૩૯૯૩૧	૧૬૧૦૦	૪૦.૩૨
૩	૫	૩૯૬૫૧	૧૫૨૫૦	૩૮.૪૬
૪	૧૭	૪૨૧૯૬	૧૫૦૦૦	૩૫.૫૫
૫	૧૩	૪૩૪૮૯	૧૪૯૦૦	૩૪.૨૬
૬	૭	૩૮૪૬૨	૧૩૧૫૦	૩૪.૧૯
૭	૨૧	૪૪૨૬૯	૧૩૧૦૦	૨૯.૫૯
૮	૨૦	૩૯૨૮૧	૧૧૪૦૦	૨૯.૦૨
૯	૯	૪૫૨૯૩	૧૨૧૫૦	૨૬.૮૩
૧૦	૧૬	૩૮૩૫૯	૧૦૨૦૦	૨૬.૫૯
૧૧	૧૧	૪૦૦૭૦	૧૦૧૫૦	૨૫.૩૩
૧૨	૬	૪૦૭૫૩	૮૪૦૦	૨૦.૬૧
૧૩	૧૫	૪૦૮૨૫	૮૦૫૦	૧૯.૭૨
૧૪	૨૩	૪૪૯૫૫	૭૩૦૦	૧૬.૨૪
૧૫	૩	૪૫૬૭૮	૬૨૫૦	૧૩.૬૮
૧૬	૧૯	૪૫૯૬૮	૬૧૦૦	૧૩.૨૭
૧૭	૧૮	૪૫૧૯૨	૫૮૫૦	૧૨.૯૪
૧૮	૪	૪૫૫૮૧	૫૩૫૦	૧૧.૭૪
૧૯	૧૪	૪૧૭૮૯	૪૯૦૦	૧૧.૭૩
૨૦	૨૨	૪૬૦૭૭	૫૫૦૦	૧૧.૯૪
૨૧	૮	૩૭૭૨૬	૪૫૦૦	૧૧.૯૩
૨૨	૧૦	૩૭૭૩૧	૪૦૦૦	૧૦.૬૦
૨૩	૨	૪૩૪૨૨	૪૦૦૦	૯.૨૧
	કુલ	૯૬૭૪૭૬	૨૨૦૨૦૦	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળેલ છે તેમાં સુચિત વોર્ડ નં. ૧૨,૧, ૫, ૧૭, ૧૩, ૭ અને ૨૧માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે જે પૈકી ત્રીજા ક્રમે વોર્ડ નં. ૫ અને છઠ્ઠા ક્રમે આવતા વોર્ડ નં. ૭ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં. ૨૧માં અનુસુચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ વોર્ડ નં. ૨૧માં પછાતવર્ગ માટે બેઠક ફાળવી શકાય તેમ નથી સબબ વોર્ડ નં. ૨૧માં પછાતવર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ નં. ૭માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી પછાતવર્ગોની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧૨	પછાતવર્ગ
૧	પછાતવર્ગ
૫	પછાતવર્ગ સ્ત્રી
૧૭	પછાતવર્ગ

INDEX

૧	૨
૧૩	પછાતવર્ગ
૭	પછાતવર્ગ
૨૧	પછાતવર્ગ સ્ત્રી

૧૭. આ પ્રમાણે અનુસુચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૮. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને રાજકોટ મહાનગરપાલિકાને આ સાથે સંલગ્ન અનુસુચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૧૯. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૦. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો આખરી કરતા પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

IV-C: Ex.173-E

INDEX

અનુસૂચિ-૧

રાજકોટ મહાનગરપાલિકા-રાજકોટ

સને ૨૦૦૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા આધારે રાજકોટ મહાનગરપાલિકાની સૂચિત વોર્ડરચના મુજબ વોર્ડોનું વર્ણન :-

વોર્ડ નંબર-૧

રાજકોટ, વાજડીગઢ અને ઘંટેશ્વરનાં ત્રિભેટાથી શરૂ કરી મહાનગર પાલિકાની હદે-હદે ઘંટેશ્વર ગામનાં સીમાડાં ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ૪૫ મીટર ડી. પી. રોડ ક્રોસ કરી રેવન્યુ સર્વે નંબર-૨૮૫, ૨૮૪, ૨૮૩, ની ઉત્તરે થઈ પૂર્વ તરફ આગળ ચાલતા ૨૪ મીટર ડી. પી. રોડ ક્રોસ કરી ઈશાન ખુણે મહાનગરપાલિકાની હદે-હદે આગળ ચાલતા બાદ હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ૨૪ મીટર ડી.પી. રોડ સુધી, ત્યાંથી ૨૪ મીટર ડી. પી. રોડની પૂર્વ હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ૧૮ મીટર ટી. પી. રોડ સુધી, ત્યાંથી ૧૮ મીટર ટી.પી. રોડની દક્ષિણ હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ૧૫૦ ફૂટનો રોડ ક્રોસ કરી એરપોર્ટના તરફ પશ્ચિમ ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ આગળ ચાલતા મોચીનગર, પુજા પાર્ક, મીરાનગર, સત્યનારાયણનગર, શકિતનગર, અંજનીપાર્કની પૂર્વમાં થઈ હવાઈ મથક રનવે થઈ નુરાની પરાના ઈશાન ખુણા સુધી ત્યાંથી નુરાની પરાની ઉત્તરે થઈ દિપક સોસાયટી, અંબિકાનગરની દક્ષિણે થઈ રૈયા રોડની હદે-હદે ૧૫૦ ફુટ રીંગ રોડ સુધી, ત્યાંથી ૧૫૦ ફુટ રીંગ રોડની હદે-હદે ઉત્તર તરફ પરમેશ્વર સોસાયટીના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફથી સતાધાર પાર્ક અને ગીરીરાજનગરની વચ્ચેનાં રસ્તા ઉપર આગળ ચાલતા રૈયા રોડ ઉપરના શ્રીજી પાર્કના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી રૈયા રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા, ચાલતા આલાપ ગ્રીન સીટી રૈયા ગામતળનો વોર્ડમાં સમાવેશ કરી રૈયા રોડ ઉપર આગળ ચાલતા વેજાગામના સીમાડા સુધી, જયાં રાજકોટ મહાનગરપાલિકાની હદ પુરી થાય છે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ આગળ ચાલતા વેજાગામની હદ સુધી, ત્યાંથી ૪૫ મીટર રીંગ રોડની પશ્ચિમે મહાનગરપાલિકાની હદે-હદે ઉત્તર તરફ આગળ ચાલતા રાજકોટ, વાજડીગઢ તથા ઘંટેશ્વરનાં ત્રિભેટા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૨

૨૪ મીટર ડી.પી. રોડ ઉપર રાજકોટના સીટી સર્વે નંબર-૧૪૭૪ ના વાયવ્ય ખુણેથી શરૂ કરી રાજકોટ મહાનગરપાલિકા અને માધાપરની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રાજકોટ સીટી સર્વે નંબર-૧૪૭૫ ના ઈશાન ખુણા સુધી, ત્યાંથી રાજકોટ અને માધાપરની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૪૭૭ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ અને માધાપરની હદે-હદે પૂર્વ તરફ આગળ ચાલતા ૧૫૦ ફૂટ રીંગ રોડ ક્રોસ કરી પૂર્વ તરફ મહાનગરપાલિકાની હદે-હદે આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૪૬૫ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ અને માધાપરની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ૧૮ મીટર ડી.પી. રોડ સુધી, ત્યાંથી રોડ ક્રોસ કરી દક્ષિણે આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૪૬૫ના મધ્ય ભાગથી પુર્વ તરફ રાજકોટ અને માધાપરની હદ ઉપર આગળ ચાલતા ૧૮ મીટર તથા ૨૪ મીટર ડી. પી. રોડના કાટખૂણા સુધી, ત્યાંથી માધાપર અને રાજકોટની હદ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૪૮૮, ૧૪૮૯ ની પશ્ચિમે થઈ સીટી સર્વે નંબર-૧૪૯૦ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ રાજકોટ અને માધાપરની હદ ઉપર આગળ ચાલતા ગાયત્રીધામ સોસાયટીના ઈશાન ખૂણા પાસે, જામનગર રોડ સુધી, ત્યાંથી જામનગર રોડની હદે-હદે અગ્નિ ખૂણે આગળ ચાલતા ગાયત્રીધામ સોસાયટી, મોચીનગર, રેલનગર-૩, રેડીયો કોલોની, પ્રેસ કોલોની, એરપોર્ટને આવરી લઈ ભોમેશ્વર વાડીની પૂર્વની હદે રેલ્વે લાઈન સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે લાઈન ઉપર આગળ ચાલતા ભોમેશ્વર વાડી, જાગૃતિ સોસાયટી, પત્રકાર સોસા. ની પૂર્વ દિશાએ એરપોર્ટ રોડ સુધી, અને એરપોર્ટ ફાટક સુધી, ત્યાંથી એરપોર્ટ રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રેસકોર્સ પાર્કની દક્ષિણ બાજુ અને જનતા જનાર્દન સોસાયટી વચ્ચેના ૧૮ મીટર રસ્તા ઉપર રેસકોર્સ રીંગ રોડના કાટખૂણા સુધી, ત્યાંથી રેસકોર્સ રીંગ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ઈન્કમટેસ, ઓફિસ, એકસાઈઝ ઓફીસ, લાઈફ બિલ્ડીંગ, મેયર બંગલાની પૂર્વ તરફની હદે રૈયા રોડના કાટખૂણા સુધી, ત્યાંથી રૈયા રોડની હદે-હદે પશ્ચિમ તરફ આગળ ચાલતા આદર્શ સોસાયટી, ચુડાસમા પ્લોટ, આમ્રપાલી ટોકીઝ, નહેરૂનગર, સદગુરૂ તીર્થ, વિમાનગર, અલ્કાપુરીની દક્ષિણ બાજુ થઈ હનુમાન મઢી સુધી અને મહાનગર પાલિકાની જુની હદ સુધી, ત્યાંથી રાજકોટ મહાનગર પાલિકાની જુની હદ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા રંગઉપવન, શકિતનગર, સત્યનારાયણનગર, અક્ષરનગર, પુજા પાર્કની પૂર્વ તરફ ૧૮ મીટર ટી. પી.રોડ સુધી, ત્યાંથી ૧૮ મીટર ટી. પી. રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ૧૫૦ ફુટ રીંગ રોડ ક્રોસ કરી ૨૪ મીટર ડી. પી. રોડના કાટખૂણા સુધી, અને સીટી સર્વે નંબર ૧૪૭૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ૨૪ મીટર ડી. પી. રોડ ઉપર આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૪૭૪ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર-૩

રાજકોટ, માધાપર અને રોણકીના ત્રિભેટાથી શરૂ કરી રાજકોટ મહાનગરપાલિકા અને રોણકી ગામની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૨૨ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ મહાનગર પાલિકા અને રોણકીની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી રાજકોટ મહાનગર પાલિકા અને રોણકી ગામની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૯૪૩ સુધી, ત્યાંથી રાજકોટ અને રોણકીની હદ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૯૪૪ ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ મહાનગર પાલિકા અને રોણકીની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ૨૪ મીટર ડી.પી. રોડ સુધી, ત્યાંથી રોડ ક્રોસ કરી સીટી સર્વે નંબર-૧૯૪૪ ના ઈશાન ખૂણા પાસે ૨૪ મીટર ડી. પી. રોડ સુધી, ત્યાંથી રાજકોટ મહાનગર પાલિકા અને રોણકી ગામની હદ ઉપર પૂર્વ તરફ મહાનગર પાલિકાની હદે -હદે આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૯૫૨ નાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ અને રોણકીની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૯૪૭, ૧૯૫૨, ૧૯૩૦, ને આવરી લઈ સીટી સર્વે નંબર-૧૯૨૯ ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ અને રોણકી ની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા આજી નદીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી આજી નદીના પશ્ચિમ કાંઠે દક્ષિણ તરફ આગળ ચાલતા ૧૫૦ ફૂટ રીંગ રોડ ક્રોસ કરી સીટી સર્વે નંબર-૧૮૬૭ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી સીટી સર્વે નંબર-૧૮૬૭ ની દક્ષિણ બાજુ થઈ પશ્ચિમ તરફ આગળ ચાલતા ૨૪ મીટર ડી.પી. રોડ સુધી, જયાં સીટી સર્વે નંબર-૧૮૭૦, ૧૮૬૩ મળે છે. ત્યાં સુધી, ત્યાંથી ૨૪ મીટર ડી.પી. રોડની હદે-હદે દક્ષિણ તરફ આગળ ચાલતા સેન્ટ્રલ વેર હાઉસનાં નૈઋત્ય ખૂણા પાસે, સીટી સર્વે નંબર-૧૬૭૫ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પોપટપરા મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા શેરી નંબર-૯, ના કાટખૂણા સુધી, અને ગુરૂકૃપાના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પોપટપરા શેરી નંબર-૯, ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા સીધ્ધી રેખામાં રેલ્વે લાઈન સુધી, ત્યાંથી રેલ્વે લાઈન ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા હંસરાજનગર મેઈન રોડ, ભીડભંજન ડુપ્લેક્ષ પાસે સીધ્ધી રેખામાં મળે છે ત્યાં સુધી, ત્યાંથી ભીડ ભંજન ડુપ્લેક્ષની પૂર્વ બાજુના રોડ ઉપર અને હંસરાજનગર મેઈન રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા વોકળો ક્રોસ કરી ગોરેશ્વર મહાદેવ મંદિર પાસેના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી જંકશન સોસાયટી મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ગવર્નમેન્ટ ક્વાર્ટર્સ ડી. ૧૬૫, ૧૬૮ સુધી, અને હરી કૃપા મકાનના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ આગળ ચાલતા ગવર્નમેન્ટ કવા. ડી. ૧૫૬, ૧૫૭ ની વચ્ચે અને ડી. ૧૫૬ કવા. ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ગાયકવાડી શેરી નંબર-૩, ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા જંકશન મેઈન રોડના કાટખૂણા સુધી, અને સુમતીરાજ કેમ્પ. ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી જંકશન મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા જામનગર રોડના કાટખૂણા સુધી, અને મોરબી હાઉસના વાયવ્ય ખૂણા સુધી, અને દિપ્તી ઈન્ફોટેકના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી જામનગર રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સીવીલ હોસ્પીટલ ચોક સુધી, અને સીવીલ હોસ્પીટલના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી જવાહર રોડ ઉપર નૈઋત્ય ખૂણા ઉપર આગળ ચાલતા જયુબેલી ચોક સુધી, અને મહાત્મા ગાંધી રોડના કાટખૂણા સુધી, ત્યાંથી મહાત્મા ગાંધી રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા હરીહર ચોક સુધી, ત્યાંથી સદર બજાર મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ફુલછાબ ચોક સુધી, ત્યાથી રેસકોર્સ રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ડૉ. યાજ્ઞિક રોડ ક્રોસ કરી કિશાન પરા ચોક સુધી, અને સરદાર પટેલ સ્મારક ભવનના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથઈ રેસકોર્સ રીંગ રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા જનતા જનાર્દન સોસાયટી વચ્ચેનાં એરપોર્ટ રોડના કાટખૂણા સુધી, ત્યાંથી એરપોર્ટ રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા એરપોર્ટ ફાટક સુધી, ત્યાંથી રેલ્વે લાઈન ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ભોમેશ્વરવાડી અને ભોમેશ્વર પ્લોટ પાસે જામનગર રોડ સુધી, ત્યાંથી જામનગર રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા રાજકોટ-માધાપરની હદ સુધી, ત્યાંથી મહાનગર પાલિકા તથા માધાપરની હદે-હદે ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ૨૪ મીટર ડી.પી. રોડ તથા રેલ્વે લાઈન ક્રોસ કરી સીટી સર્વે નંબર-૮ પાસે, ૨૪ મીટર ડી.પી. રોડ સુધી, ત્યાંથી ૨૪ મીટર ડી. પી. રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા રાજકોટ, માધાપર અને રોણકી ગામના ત્રિભેટા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૪

રાજકોટ, જામનગર રેલ્વે લાઈન ઉપર ગુડઝ પાર્ક સામે જયાં પોપટપરા શેરી નંબર-૯ની સીધી રેખા મળે છે, ત્યાંથી શરૂ કરી પોપટપરા શેરી નંબર-૯ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા પોપટપરા મેઈન રોડ ઉપર મહાકાળી નિવાસ" મકાન પાસે, ત્યાંથી પોપટપરા મેઈન રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા સેન્ટ્રલ વેર હાઉસના નૈઋત્ય ખૂણા પાસે ત્યાંથી ૨૪ મીટરના ડી.પી. રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા રાજકોટ મહાનગર પાલિકાની હદ સુધી, ત્યાંથી રાજકોટ મહાનગર પાલિકાની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા આજી નદીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી આજી નદીના પશ્ચિમ કાંઠે દક્ષિણ તરફ આગળ ચાલતા રાજકોટ-અમદાવાદ રેલ્વે લાઈન ક્રોસ કરી દક્ષિણ તરફ આગળ ચાલતા કૈસરે હિન્દ પુલ ક્રોસ કરી ભીચરીનાકા વોટર વર્કસ પમ્પીંગ સ્ટેશન પાસે વોરા પુલ સુધી, ત્યાંથી ભીચરીનાકા રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા બાવાજીરાજ રોડના કાટખૂણે ખત્રીવાડ ચોક સુધી, ત્યાંથી બાવાજીરાજ રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા બાલકૃષ્ણ હવેલી પાસે, બાલમુકુંદ કોમ્પ્લેક્ષ સુધી,

INDEX

ત્યાંથી બાવાજીરાજ રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા જુના દરબારગઢના નૈઋત્ય ખૂણા પાસે સોનીબજાર મેઈન રોડ ઉપર દરબારગઢ ચોક સુધી ત્યાંથી સોનીબજાર મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રૈયાનાકા ટાવર રોડના કાટખૂણે વૃજ ભુવન મકાનના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રૈયા નાકા ટાવર રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા રૈયાનાકા ટાવર રોડ ક્રોસ કરી પરા બજાર રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા નાગરિક બેન્ક ચોક સુધી, ત્યાંથી મહાત્મા ગાંધી રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા જયુબેલી ગાર્ડનના નૈઋત્ય ખૂણા પાસે જવાહર રોડ ઉપર જયુબેલી ચોક સુધી, ત્યાંથી જવાહર રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા સીવીલ હોસ્પીટલનાં અગ્નિ ખૂણા પાસે, ડૉ. આંબેડકર ચોક સુધી, ત્યાંથી જામનગર રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા મોરબી હાઉસના વાયવ્ય ખૂણા પાસે, જંકશન પ્લોટ મેઈન રોડના કાટખૂણા સુધી, ત્યાંથી જંકશન પ્લોટ મેઈન રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા મોરબીહાઉસ રોડ સુધી, ત્યાંથી આજ રોડ પૂર્વ તરફ આગળ ચાલતા સ્મૃતિરાજ કોમ્પના નૈઋત્ય ખૂણાગાયકવાડી પ્લોટ શેરી નંબર-૩, ના કાટખૂણા સુધી, ત્યાંથી ગાયકવાડી પ્લોટ શેરી નંબર-૩, ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા વોકળો ક્રોસ કરી સરકારી કવા. નંબર-ડી. ૧૨૫, ૧૨૬ સુધી, ત્યાંથી ડી. ૧૨૫, ૧૨૬ ના દક્ષિણ બાજુના રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા સરકારી કવા. ડી. ૧૫૬, ૧૫૭, વચ્ચેના રોડના કાટખૂણા સુધી, ત્યાંથી સરકારી કવા. ડી. ૧૫૬, ૧૫૭ વચ્ચેના રસ્તા ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા સરકારી કવા. ડી. ૧૪૬, ડી. ૧૬૮ વચ્ચેના રોડ સુધી ત્યાંથી જંકશન કો.ઓ.હા. સોસા.ના મેઈન રોડ ઉપર શ્રીજી કૃપા મકાનના અગ્નિ ખૂણાથી શરૂ કરી વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ગોરેશ્વર મહાદેવના મંદિર સુધી, ત્યાંથી વોકળો ક્રોસ કરી હંસરાજનગર મેઈન રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા હંસરાજનગર વિસ્તાર ક્રોસ કરી ભીડભંજન ડુપ્લેક્ષના ઈશાન ખૂણા પાસે રાજકોટ-જુનાગઢ રેલ્વે લાઈન ક્રોસ કરી રાજકોટ-જામનગર રેલ્વે લાઈન સુધી, ત્યાંથી રાજકોટ-જામનગર રેલ્વે લાઈન ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ગુડસ પાર્ક પાસે પોપટ પરા શેરી નંબર-૯, ની સીધી રેખા મળે છે ત્યાં સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર,

વોર્ડ નંબર-૫

આજી નદીના પૂર્વ કાંઠે રાજકોટ, બેડી અને રોણકીના ત્રિભેટાથી શરૂ કરી રાજકોટ, બેડીના સીમાડા ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા લાલપરી નદીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી લાલપરી નદીના પશ્ચિમ કાંઠા ઉપર અને રાજકોટ, બેડીની હદ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા સર્વે નંબર-૪૦૩૭ સુધી, ત્યાંથી રાજકોટ બેડીની હદ ઉપર અને લાલપરી નદીના દક્ષિણ કાંઠા ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા મોરબી રોડ ક્રોસ કરી સીટી સર્વે નંબર-૩૬૮૭ સુધી, ત્યાંથી રાજકોટ અને બેડીની હદ ઉપર અને લાલપરી નદીના દક્ષિણ કાંઠા ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા રાજકોટ-અમદાવાદ રેલ્વે લાઈન ક્રોસ કરી સીટી સર્વે નંબર-૩૬૫૨ સુધી,રાજકોટ, બેડી અને આણંદપરના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ, આનંદપરની હદ ઉપર અને લાલપરી નદીના પશ્ચિમ કાંઠા ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા લાલપરી નદી અને આણંદપર નવાગામ નદી મળે છે, ત્યાં સુધી, રાજકોટ આણંદપર-નવાગામની હદ ઉપર અને આણંદપર-નવાગામ નદીના પશ્ચિમ કાંઠા ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાષ્ટ્રીય ધોરી માર્ગના પુલ પાસે, આણંદપર-નવાગામ ગામતળ સુધી, ત્યાંથી રાજકોટ-આણંદપર-નવાગામની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાજકોટ, આણંદપર-નવાગામ રોડ સુધી, ત્યાંથી રાજકોટ આણંદપર રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર જકાત નાકા સુધી, ત્યાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા લાલપરી નદી ક્રોસ કરી બાયપાસ રોડ ઉપર ગ્રીન્ડલેન્ડ ચોકડી સુધી, ત્યાંથી બાયપાસ રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા રાજકોટ-અમદાવાદ રોડના કાટખૂણા સુધી, ત્યાંથી રાજકોટ-અમદાવાદ રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા ભાવનગર રોડ ઉપર સદગુરૂ રણછોડદાસ ચોક સુધી, ત્યાંથી ભાવનગર રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા શિતળા માતા રોડના કાટખૂણે કબ્રસ્તાનના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી શિતળા માતા રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા શૈફી સ્કૂલના નૈઋત્ય ખૂણા પાસે, આજી નદીના પૂર્વ કાંઠા સુધી, ત્યાંથી આજી નદીના પૂર્વ કાંઠા ઉપર તરફ આગળ ચાલતા આજી નદીના પૂર્વ કાંઠા ઉપર રાજકોટ, રોણકી અને બેડીના ત્રિભેટા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૬

ભાવનગર રોડ, અમદાવાદ રોડના કાટખૂણે સદગુરૂ રણછોડ દાસ ચોકથી શરૂ કરી રાજકોટ અમદાવાદ રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા બાયપાસ રોડ સુધી, ત્યાંથી બાયપાસ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાષ્ટ્રીય ધોરી માર્ગ-૮ 'બ' નાં કાટખૂણે ગ્રીનલેન્ડ ચોકડી સુધી, ત્યાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ-૮ 'બ' ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા લાલપરી નદી ક્રોસ કરી જકાત નાકા સુધી, ત્યાંથી રાજકોટ- આણંદપર રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રાજકોટ, આણંદપર હદ ઉપર આણંદપર (નવાગામ)ના ગામતળ સુધી, ત્યાંથી રાજકોટ-આણંદપર (નવાગામ) ની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૧૩૦૫, અને ૧૩૧૪ ની પુર્વમાં થઈ ૧૩૧૫ સુધી, રાજકોટ-નવાગામની હદ ઉપર અગ્નિ ખૂણા તરફ લાલપરી તળાવ થઈ આગળ ચાલતા રાજકોટ-ભીચરી અને નવાગામના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ અને ભીચરીની હદ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા રાજકોટ અને ભીચરીની હદે - હદે ૨૪ મીટર ડી.પી. રોડ સુધી, ત્યાંથી રાજકોટ અને ભીચરી ૨૪ મીટર ડી.પી. રોડની હદે -હદે

INDEX

વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા પ્રદ્યુમન પાર્ક ટેકરીના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ અને ભીચરી ૨૪ મીટર ડી.પી. રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા રાંદરડા તળાવ, કબીર ટેકરી આશ્રમ વચ્ચે થઈ માર્કેટીંગ યાર્ડ સુધી, ત્યાંથી આ રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા માર્કેટીંગ યાર્ડના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી આ રોડ ઉપર પશ્ચિમ તરફ માર્કેટીંગ યાર્ડ અને ટ્રાન્સપોર્ટ નગર વચ્ચે પશ્ચિમ તરફ આગળ ચાલતા માર્કેટીંગ યાર્ડના નૈઋત્ય ખૂણા પાસે બાયપાસ રોડ સુધી, ત્યાંથી સંત કબીર રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ત્રિવેણી ગેઈટ નંબર-૧ ના રસ્તાના કાટખૂણા સુધી, ત્યાંથી ત્રિવેણી ગેઈટ નંબર-૧ રસ્તા ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ગ્રામ લક્ષ્મી સોસાયટી પાસે અને શોપીંગ સેન્ટરના રીઝર્વ પ્લોટના ઈશાન ખૂણે પેડક રોડના કાટખૂણા સુધી, ત્યાંથી પેડક રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા પટેલવાડીના વાયવ્ય ખૂણા પાસે ભાવનગરના કાટખૂણા સુધી, ત્યાંથી ભાવનગર રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ભાવનગર અમદાવાદ રોડના કાટખૂણે સદગુરૂ આશ્રમ ચોક સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૭

ભાવનગર રોડ અને પેડક રોડના કાટખૂણે અને બેડીપરા પટેલવાડીના નૈઋત્ય ખૂણાથી શરૂ કરી પેડક રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ગ્રામલક્ષ્મી સોસાયટીના પશ્ચિમ બાજુના રોડના કાટખૂણે અને રાજકોટ ટી.પી. સ્કીમ નંબર-૮ના શોપીંગ સેન્ટર રીઝર્વ પ્લોટ નંબર-૧૮૬ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ગ્રામલક્ષ્મી સોસાયટીના પશ્ચિમ બાજુ અને શોપીંગ સેન્ટર રીઝર્વ પ્લોટ નંબર -૧૮૬ ની વચ્ચેના રોડ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા સંત કબીર રોડ અને ત્રિવેણી ગેઈટ નંબર-૧ રોડના કાટખૂણા સુધી, ત્યાંથી સંત કબીર રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા જાહેર સુલભ શૌચાલય અને સ્નાનાગૃહનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ગોકુલનગર ઝુંપડપટ્ટી વિસ્તાર અને ગુજરાત હાઉસીંગ બોર્ડ કવાર્ટર્સની પશ્ચિમ બાજુના રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા ગોપાલ ડેરી સુધી, ત્યાંથી ગોપાલ ડેરીના ઉત્તર બાજુની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા કામદાર વિમા યોજનાના દવાખાનાના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી કામદાર વિમા યોજનાની પૂર્વ બાજુની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા દુધ સાગર રોડ સુધી, અને કામદાર વિમા યોજનાના દવાખાનાના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી દુધ સાગર રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ભાવનગર રોડ સુધી, અને કોફી કોમ્પ્લેકસનાં નૈઋત્ય ખૂણાં સુધી, ત્યાંથી ભાવનગર રોડ ઉપર વાયવ્ય ખૂણાં તરફ આગળ ચાલતા ભાવનગર રોડ, પેડક રોડના કાટખૂણા સુધી, અને બેડીપરા પટેલવાડીના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૮

મહાત્મા ગાંધી રોડ અને જવાહર રોડના કાટખૂણેથી તથા જયુબેલી ગાર્ડનના નૈઋત્ય ખૂણા શરૂ કરી મહાત્મા ગાંધી રોડથી, ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ઢેબરભાઈ રોડ ક્રોસ કરી પરા બજાર મેઈન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતાં કંસારા બજાર રોડ ક્રોસ કરી પછી રૈયા નાકા ટાવર ક્રોસ કરી ત્યાંથી રૈયા નાકા ટાવર રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા સોની બજાર મેઈન રોડ સુધી, અને વૃજ ભુવનના ઈશાન ખૂણાં સુધી, ત્યાંથી સોની બજારમેઈન રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા બાવાજીરાજ રોડના કાટખૂણા સુધી, અને જુના દરબારગઢના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી બાવાજીરાજ રોડ ઉપર અગ્નિખૂણા તરફ આગળ ચાલતા બાલકૃષ્ણ હવેલી પાસે બાલમુકુંદ કોમ્પ્લેક્ષના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી બાવાજીરાજ રોડ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા ભીચરી નાકા રોડ સુધી, અને ખત્રી વાડ ચોક સુધી, ત્યાંથી ભીચરી નાકા રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા વોટર વર્કસ પમ્પીંગ સ્ટેશન સુધી, અને આજી નદીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી આજી નદીના પશ્ચિમ કાંઠાની હદે -હદે અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા ચુનારાવાડ મેઈન રોડ ઉપરના પુલ સુધી, ત્યાંથી ચુનારાવાડ મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા રામનાથ પરા મેઈન રોડના કાટખૂણા સુધી, અને ન્યુ ગાર્મેન્ટ ડ્રાઈકલીનર્સના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી રામનાથ પરા મેઈન રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા હુસેની ચોક મેઈન રોડના કાટખૂણા સુધી, અને રામનાથ પરા પોલીસ લાઈનના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રામનાથ પરા હુસેની ચોક મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા હાથીખાના મેઈન રોડનાં કાટખૂણા સુધી, ત્યાંથી હાથીખાના મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા હાથીખાના શેરી નંબર-૧ના કાટખૂણા સુધી અને રામમઢીના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી હાથીખાના શેરી નંબર-૧ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા પેલેસ રોડના કાટખૂણા સુધી, અને સંતોષ ડેરી ફાર્મથી વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પેલેસ રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા કેનાલ રોડ (સરદાર વી. પી. રોડ) ક્રોસ કરી ગુંદાવાડી શેરી નંબર-૪ના કાટખૂણા સુધી, અને ગુંદાવાડી ચોકથી ઈશાનખૂણા સુધી, ત્યાંથી ગુંદાવાડી શેરી નંબર-૪, ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા લક્ષ્મીવાડી મેઈનરોડ ક્રોસ કરી લક્ષ્મીવાડી મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા લક્ષ્મીવાડી શેરી નંબર-૧૦, સુધી અને "સુખધામ" ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી લક્ષ્મીવાડી શેરી નંબર-૧૦, ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા લક્ષ્મીવાડી શેરી નંબર-૧૧, નાં કાટખૂણા સુધી, ત્યાંથી અનિલ ફિશ ફેનના અગ્નિ ખૂણાં સુધી, લક્ષ્મીવાડી શેરી નંબર-૧૧, ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા મીલપરા મેઈન રોડના કાટખૂણા સુધી, અને મીરાણી એસ્ટેટના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી મીલપરા મેઈન રોડ ઉપર ઉત્તર

IV-C. Ex. 173-3

INDEX

તરફ આગળ ચાલતા કેનાલ રોડના કાટખૂણા સુધી અને ગાયત્રી કોમ્પ્લેકસના વાયવ્ય ખૂણા સુધી, અને આનંદ કોલ્ડ્રીકસના ઈશાન ખૂણા સુધી; ત્યાંથી કેનાલ રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ઢેબરભાઈ રોડ ઉપર ભૂતખાના ચોક સુધી, અને ભૂતખાના મેસોનીક હોલના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ઢેબરભાઈ રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા લાખાજીરાજ રોડના કાટખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ત્રિકોણબાગ થઈ જવાહર રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ જવાહર રોડની હદે-હદે મહાત્મા ગાંધી રોડ અને જવાહર રોડના કાટખૂણે, જયુબેલી ગાર્ડનના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૯

કિશાન પરા ચોકમાં સરદાર પટેલ સ્મારક ભવનના નૈઋત્ય ખૂણાથી શરૂ કરી રેઈસકોર્સ રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ડૉ. યાજ્ઞિક રોડ ક્રોસ કરી ફુલછાબ ચોક ત્યાંથી સદર બજાર મેઈન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા હરીહર ચોક સુધી, ત્યાંથી જી.પી.ઓ. રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા જયુબેલી ચોક જવાહર રોડ સુધી, ત્યાંથી જવાહર રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ત્રિકોણબાગ ચોક સુધી, ત્યાંથી ત્રિકોણબાગ ચોકમાં પૂર્વ તરફ લાખાજીરાજ રોડ અને ઢેબરભાઈ રોડના કાટખૂણે વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ઢેબરભાઈ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ગુરૂકુળ પમ્પીંગ સ્ટેશન (પાણીનો ટાંકો)ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ગુરૂકુળ પમ્પીંગ સ્ટેશન લાગુ ઉત્તર બાજુના રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ગોંડલ રોડ સુધી, ત્યાંથી ચોકમાં ગોંડલ રોડથી મવડી રોડ રેલ્વે ફાટક સુધી, ત્યાંથી રેલ્વે લાઈન ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ભકિતનગર સ્ટેશન ક્રોસ કરી રેવન્યુ સોસાયટીનાં દક્ષિણ તરફના રોડની એલાઈમેટ મળે છે ત્યાં સુધી, ત્યાંથી રેવન્યુ સોસાયટીના દક્ષિણ તરફના રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા વિરાણી હાઈસ્કૂલ ચોક સુધી અને ટાગોર રોડના કાટખૂણા સુધી અને સુરેસ ચેમ્બરના ઈસાન ખૂણા સુધી, ત્યાંથી ટાગોર રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા એસ્ટ્રોન ચોક (મહાવીર ચોક) ક્રોસ કરી એલ.આઈ. સી. ચોક અન્ડરબ્રિજ સુધી, એલ.આઈ.સી. ચોકથી કોસ્મો બિલ્ડીંગથી કિશાન પરાની પૂર્વ બાજુ કિશાન પરા ચોકમાં સરદાર પટેલ સ્મારક ભવનના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૦

નિર્મળા કોન્વેન્ટ રોડ અને રૈયા રોડનાં કાટખૂણેથી તથા હનુમાન મઢીનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી રૈયા રોડ, ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા રેલ્વે લાઈન ક્રોસ કરી રેઈસકોર્સ રીંગ રોડના કાટખૂણા સુધી, અને કેન્સર હોસ્પીટલ બિલ્ડીંગના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રેસકોર્સ રીંગ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા કિશાન પરા ચોક સુધી, અને સરદાર પટેલ સ્મારક ભવનના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી કિશાન પરાની પૂર્વ તરફના રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા એલ.આઈ.સી. ચોક સુધી, અને રેલ્વે અન્ડર બ્રીજ સુધી, ત્યાંથી ટાગોર રોડ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા એસ્ટ્રોન ચોક (મહાવીર ચોક) ક્રોસ કરી અને સુરેશ ચેમ્બરના ઈશાન ખૂણા સુધી, અને વિરાણી હાઈસ્કૂલ ચોક સુધી અને રેવન્યુ સોસાયટીના દક્ષિણ બાજુના રોડના કાટખુણા સુધી, ત્યાંથી રેવન્યુ સોસાયટીના દક્ષિણ બાજુના રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા રેલ્વે લાઈન સુધી, અને ત્યાંથી રેલ્વે લાઈન ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ગૌતમનગરના દક્ષિણ બાજુના રોડની સીધ્ધી લીટી રેલ્વે લાઈનને મળે છે ત્યાં સુધી, ત્યાંથી ગૌતમનગરના દક્ષિણ બાજુના રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા અક્ષર માર્ગના કાટખૂણા સુધી, ત્યાંથી અક્ષર માર્ગ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સંસ્કૃતી એપા. સુધી, ત્યાંથી સંસ્કૃતી એપા. ના ઉત્તર બાજુના રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા વલ્લભભાઈ પટેલ માર્ગ ક્રોસ કરી અતિથી એપા. ના દક્ષિણ બાજુના રોડ સુધી, ત્યાંથી આ રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા શ્રીકોલોની સોસાયટી સુધી, અને અમરદિપ અને ઉમંગ મકાન સુધી, ત્યાંથી એસ્ટ્રોન સોસાયટી મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા કરણ પાર્ક વિસ્તારના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી કરણ પાર્કની પશ્ચિમ બાજુ અને મહાનગરપાલિકાની જુની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા નાના મવા રોડ સુધી, અને આકાશ પ્લાઈવુડનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી નાના મવા રોડ ઉપર નૈઋત્ય ખૂણા ઉપર આગળ ચાલતા બાયપાસ રોડના કાટખૂણા સુધી, ત્યાંથી બાયપાસ રોડ ઉપર ઉત્તર તરફ આગંળ ચાલતા કાલાવાડ રોડ સુધી, અને કે.કે. હોલના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી કાલાવાડ રોડ ઉપર ઈશાન ખૂણા ઉપર આગળ ચાલતા સૂર્ય પેલેસના અગ્નિ ખૂણા સુધી, અને શાન્તિનિકેતન સોસાયટીના પશ્ચિમ બાજુના રોડના કાટખૂણા સુધી, ત્યાંથી શાન્તિનિકેતન સોસાયટીનાં પશ્ચિમ બાજુના રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા યુનિવર્સીટી રોડનાં કાટખૂણા સુધી, અને શાન્તિનિકેતન સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી યુનિવર્સીટી રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ સુધી, અને કરૂણાનિધાનના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી કરૂણાનિધાન અને દ્વારકેશ વચ્ચેથી મહાનગરપાલિકાની જુની હદ ઉપર ઉતર તરફ આગળ ચાલતા નિર્મળા કોન્વેન્ટ રોડ અને રૈયા રોડના કાટખૂણા સુધી, અને હનુમાન મઢીના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૧

રૈયા રોડ અને ૧૫૦ ફૂટ રીંગરોડના કાટખૂણાથી શરૂ કરી અને કિસ્મત હોટલના નૈઋત્ય ખૂણાથી શરૂ કરી રૈયા રોડ ઉપર પૂર્વ તરફ

આગળ ચાલતા રૈયા ટી.પી. સ્કીમ નંબર-૬ના ૯ મીટરના ટી.પી. રોડના કાટખૂણા સુધી, અને આલ્ફા ઈલેકટ્રીકના ઈશાન ખૂણા દિપક સોસાયટીના દક્ષિણ બાજુના રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા એરપોર્ટ રનવેના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી એરપોર્ટ રનવેની પશ્ચિમ બાજુની હદ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા એરપોર્ટ રન-વેના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી એરપોર્ટ રન-વેની દક્ષિણ બાજુની હદ ઉપર ઈશાન ખૂણા ઉપર આગળ ચાલતા મહાનગરપાલિકાની જુની હદ સુધી, અને રંગ ઉપવન સોસાયટીના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની જુની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રૈયા રોડ ક્રોસ કરી યુનિવર્સીટી રોડ સુધી, અને દ્વારકેશના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી યુનિવર્સીટી રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા શાન્તિનિકેતન સોસાયટીના પશ્ચિમ બાજુના રોડના કાટખૂણા સુધી, અને શાન્તિનિકેતન સોસા. ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી શાન્તિનિકેતન સોસા.ના પશ્ચિમ બાજુના રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા કાલાવાડ રોડના કાટખૂણા સુધી, અને સુર્ય પેલેસના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી કાલાવાડ રોડ ઉપર નૈઋત્ય ખૂણા ઉપર આગળ ચાલતા રાજકોટ, મોટા મવાની હદ સુધી અને પુલના પૂર્વ બાજુના છેડા સુધી, ત્યાંથી રાજકોટ, મોટા મવાની હદ ઉપર ઉત્તર આગળ ચાલતા રાજકોટ, મોટામવા અને મુજકાની હદના ત્રિભેટા સુધી, અને એ. જી. સ્ટાફ કવા. બ્લોક નંબર-૨૯ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી એ.જી. સ્ટાફ કવાર્ટર્સ ની ઉત્તર બાજુ નાના મવા ટી.પી. ૧૨.૦ મીટરના રોડ ઉપર ઈશાન ખૂણા ઉપર આગળ ચાલતા યુનિવર્સીટી જવાના જુના રોડ સુધી, ત્યાંથી જુના યુનિવર્સીટી રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા નાનામવા. ટી.પી. -૫, ના ૨૦ મીટરના રોડના કાટખૂણા સુધી, ત્યાંથી ૨૦ મીટર ટી.પી. રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા યુની. રોડ સુધી, અને શાળા નંબર-૯૨ ના અગ્નિ ખૂણા સુધી અને એસ.એન.કે. સ્કૂલના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી યુનિવર્સીટી રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ૧૫૦ ફુટ રીંગ રોડના કાટખૂણા સુધી અને ન્યુ એમ્પાયર ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા રૈયા રોડના કાટખૂણા સુધી, અને કિસ્મત હોટલના નૈઋત્ય ખૂણા સુધીની હદમા સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૨

રાજકોટ, વેજાગામ અને વાજડીની હદ ઉપર રૈયા, વેજાગામ વાજડી, રોડ પાસેથી શરૂ કરી રૈયા-વેજાગામ રોડ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા રેવન્યુ સર્વે નંબર-૩૧૨/૧, ની ઉત્તરે થઈ રૈયા રોડની હદે-હદે રૈયા ગામતળની દક્ષિણ બાજુ થઈને શ્રીજી પાર્ક સુધી અને વિક્રમ મારબલના નૈઋત્ય ખૂણા સુધી, પછી શ્રીજી પાર્ક, મીરાનગર, શાન્તિનિકેતન અને ગીરીરાજ ના ઉત્તર બાજુના હૈયાત ૧૫ મીટર રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ૧૫૦ ફુટ રીંગરોડના કાટખૂણા સુધી અને પરમેશ્વર સોસાયટી ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ૧૫૦ ફુટ રીંગરોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રૈયારોડ ક્રોસકરી યુની. રોડ ના કાટખૂણા સુધી અને ઈન્દીરા ચોક સુધી તથા ન્યુ એમ્પાયર ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી યુની. રોડની હદે-હદે પશ્ચિમ તરફ આગળ ચાલતા નાનામવા ટી.પી.-૫, ના ૨૦ મીટર ના રોડ સુધી, અને એસ.એન.કે. સ્કૂલના વાયવ્ય ખૂણા સુધી, અને શાળા નંબર-૯૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ટી.પી. સ્કીમના ૨૦ મીટરના રોડ ઉપર નૈઋત્ય ખૂણા ઉપર આગળ ચાલતા જુના યુનિવર્સીટી રોડના કાટખૂણા સુધી, ત્યાંથી જુના યુનિવર્સીટી રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા એ.જી. સ્ટાફ કવા. ના ઉત્તર બાજુના ટી.પી. સ્કીમના ૧૨ મીટરના રોડના કાટખૂણા સુધી, ત્યાંથી ટી.પી. સ્કીમ ના ૧૨ મીટર રોડ ઉપર નૈઋત્ય ખૂણા ઉપર આગળ ચાલતા મોટા મંવા, મુંજકા અને રાજકોટની હદના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ અને મુંજકાની હદ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા રેવન્યુ સર્વે નંબર-૨૦, ૧૮ ની પશ્ચિમે થઈ અને રેવન્યુ સર્વે નંબર-૩૧૨/૧,ની દક્ષિણે થઈ રાજકોટ, મુંજકા, વેજાગામ, વાજડી ના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ, વેજાગામ વાજડીની હદ ઉપર ઈશાન ખૂણા ઉપર આગળ ચાલતા રૈયા વેજાગામ વાજડી રોડ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૩

રાજકોટ, મોટા મવાની હદ ઉપર કાલાવડ રોડ ઉપરના પુલના પૂર્વ છેડેથી શરૂ કાલાવડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ૧૫૦ ફુટ રીંગ રોડના કાટખૂણા અને કે.કે.વી હોલના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા નાના મવા રોડના કાટખૂણા સુધી, ત્યાંથી નાના મવા રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા મહાનગરપાલિકાની જુની હદ સુધી અને આકાસ પ્લાયવુડના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની જુની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા લક્ષ્મી સોસાયટી, ગીરનાર સોસાયટી, આર.એમ.સી. આવાસ યોજનાની પશ્ચિમે થઈ વૃન્દાવનના ઈશાન ખૂણા સુધી, અને દેવ કૃપાના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રાજકોટ ટી.પી.-૩ના ૧૫ મીટર રોડ સુધી, તથા હેમકુંજ મકાન સુધી, ત્યાંથી રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ભૂમિના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા રણછોડ વિદ્યાલય સામે મવડી રોડ સુધી, અને આંબેવના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મવડી રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા ૧૫૦ ફુટ રીંગ રોડ ક્રોસ કરી અને મવડી બાયપાસ ક્રોસ કરી મવડી મેઈન રોડની હદે-હદે નૈઋત્ય તરફ ત્યાંથી મવડી બાયપાસ રોડ ક્રોસ કરી ત્યાંથી મવડી બાયપાસ રોડ ક્રોસ કરી પાળગામના જુના મારગ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાજકોટ, વાવડી અને

INDEX

જસવંતપુરાના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ અને જસવંતપુરની હદ સુધી, ત્યાંથી ૪૫ મીટર રોડ ઉપર રેવન્યુ સર્વે નંબર-૩૧૨, ની દક્ષિણ સુધી, ત્યાંથી રેવન્યુ સર્વે નંબર-૩૧૦, ૩૦૯, ૩૦૭, ૨૯૭/૨, ૨૯૭/૧, ૨૯૫ ની દક્ષિણ થઈ રાજકોટ અને કણકોટની હદ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા રાજકોટ, કણકોટ અને મોટા મવાના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ અને મોટા મવાની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રેવન્યુ સર્વે નંબર-૪૧૪, ૨૯૪, ૨૮૪, ૨૮૨, ૨૭૪, ૨૭૨,૪૧૨, ની ઉત્તરે થઈ ત્યાંથી રાજકોટ અને મોટા મવાની હદ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા હાલના રાજકોટ, મોટા મવા અને મુળ મવડી, નાના મવા અને મોટા મવાના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ મોટા મવાની હદ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ૨૪ મીટર ટી.પી. રોડ ક્રોસ કરી કાલાવડ રોડ સુધી, અને પુલના પૂર્વ છેડા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૪

રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર એસ્ટ્રોન સોસાયટી મેઈન રોડ પાસે, અને કરણ પાર્કના વાયવ્ય ખૂણા પાસેથી શરૂ કરી એસ્ટ્રોન સોસાયટી મેઈન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા શ્રી કોલોની સોસાયટીના અગ્નિ ખૂણા સુધી, અને ઉમંગ તથા અમરદિપ મકાન સુધી, ત્યાંથી ટી.પી. ના ૫ મીટર રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા પંચવટી સોસાયટી મેઈન રોડ ક્રોસ કરી અક્ષર મંદિર રોડના કાટખૂણા સુધી, અને સંસ્કૃતિના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી અક્ષર મંદિર રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ગૌતમનગરના દક્ષિણ બાજુના રોડના કાટખૂણા સુધી, અને લક્ષ્મી પ્રોવિઝનના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ગૌતમ નગરના દક્ષિણ બાજુના રોડ ઉપર ઈશાન ખૂણા ઉપર આગળ ચાલતા રેલ્વે લાઈન સુધી, ત્યાંથી રેલ્વે લાઈન ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા મવડી રોડ ફાટક સુધી, અને નાગરિક બેન્કના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મવડી મેઈન રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા આનંદ બંગલા ચોક ક્રોસ કરી રણછોડ વિદ્યાલય સામે મહાનગરપાલિકાની જુની હદ સુધી, અને આંબેવના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથીરાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા લક્ષ્મી ભવનના ઈશાન ખૂણા સુધી, અને ટી.પી. ૧૫ મીટર રોડ સુધી, ત્યાંથી રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર અને ટી.પી. ૧૫ મીટર રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા માતૃકૃપાના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા દેવકૃપાના નૈઋત્ય ખૂણા સુધી, અને વલ્લભવિદ્યાનગરના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની જુની હદ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા આર. એમ.સી. આવાસ, લક્ષ્મી સોસાયટીની પશ્ચિમે થઈ નાના મવા રોડ ક્રોસ કરી કૈલાસ ધામની પશ્ચિમે થઈ એસ્ટ્રોન સોસાયટી મેઈન રોડ અને કરણ પાર્કના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૫

મીલપરા મેઈન રોડ લક્ષ્મીવાડી શેરી નંબર-૧૧ ના કાટખૂણા અને મીરાણી એસ્ટેટના નૈઋત્ય ખૂણાથી શરૂ કરી ૧૧ લક્ષ્મીવાડી રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ૧૦-લક્ષ્મીવાડી સુધી, અનિલ ફીસફેનના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી ૧૦-લક્ષ્મીવાડી રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ૧-લક્ષ્મીવાડીના કાટખૂણા સુધી, અને સુખધામના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ૧-લક્ષ્મીવાડી ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા લક્ષ્મીવાડી મેઈન રોડ ક્રોસ કરી અને ગુંદાવાડી શેરી નંબર-૪ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ગુંદાવાડી મેઈન રોડના કાટખૂણા સુધી, અને ગુંદાવાડી ચોરાના ઈશાન ખૂણા સુધી, ત્યાથી ગુંદાવાડી મેઈન રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા કેનાલ રોડ ક્રોસ કરી જયરાજ પ્લોટ શેરી નંબર-૧ના કાટખૂણા સુધી, અને શ્રીહરિના નેઋત્ય ખૂણા સુધી, ત્યાંથી જયરાજ પ્લોટ શેરી નંબર-૧, ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રામમઢી પાસે હાથીખાના મેઈન રોડના કાટખૂણા સુધી, અને રાજ પેલેસના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી હાથીખાના મેઈન રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા રામનાથ પરા હુસૈની એક મેઈન રોડના કાટખૂણા સુધી, ત્યાંથી રામનાથ પરા હુસૈની એક મેઈન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રામનાથ પરા મેઈન રોડ સુધી, અને રામનાથ પરા પોલીસ લાઈનના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રામનાથ પરા મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ચુનારાવાડ મેઈન રોડના કાટખૂણા સુધી અને ન્યુ ગાર્મેન્ટ ડ્રાઈકલીનર્સ ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ચુનારાવાડ મેઈન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા આજી નદીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી આજી નદીના પશ્ચિમ કાંઠા ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સર ગોપાલદાસ રોડ સુધી, અને લીલી-સુકી ખડપીઠના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી સર ગોપાલદાસ રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા પુજારા પ્લોટ શેરી નંબર-૧, ના કાટખૂણા સુધી,અને શેઠ હાઈસ્કૂલના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી પુજારા પ્લોટ શેરી નંબર-૧, ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ભક્તિનગર સોસાયટી માર્ગ નંબર-૧, સુધી, અમિતના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ભક્તિનગર સોસાયટી માર્ગ-૧, ની હદે-હદે પશ્ચિમ તરફ આગળ ચાલતા મીલપરા મેઈન રોડના કાટખૂણા સુધી, અને વૃન્દાવન ડેરીના નૈઋત્ય ખૂણા સુધી, અને ભક્તિનગર સોસાયટી સબસ્ટેશનના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મીલપરા મેઈન રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ૧૧-લક્ષ્મીવાડીના કાટખૂણા સુધી, અને મિરાણી એસ્ટેટના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૬

આજી નદીના પૂર્વ કાંઠા ઉપર અને સૈફી સ્કૂલના નૈઋત્ય ખૂણા પાસેથી શીતળા માતા રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા

ભાવનગર રોડ સુધી, અને કબ્રસ્તાનના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી ભાવનગર રોડની હદે-હદે અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા દુધ સાગર માર્ગ ક્રોસ કરી સર ગોપાલદાસ રોડ ક્રોસ કરી અને ૨૦૦ફુટ બાયપાસ રીંગ રોડ ક્રોસ કરી રાજકોટ અને થોરાળાની હદસુધી, ત્યાંથી રાજકોટ અને થોરાળાની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા આજી ડેમ ક્રોસ કરી આજી નદીના પૂર્વ કાંઠા સુધી, ત્યાંથી આજી નદીના પૂર્વ કાંઠા ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ૨૦૦ ફુટ બાયપાસ રીંગ રોડ ક્રોસ કરી સર ગોપાલદાસ રોડ ક્રોસ કરી ચુનારાવાડ મેઈન રોડ ક્રોસ કરી ઈન્દીરા ગાંધી પુલના પૂર્વ છેડા પાસે થઈ શીતળા માતા મંદિર રોડ સુધી, અને સૈફી સ્કૂલના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૭

ભાવનગર રોડ અને દુધ સાગર રોડના કાટખૂણાથી અને કે. ડી. કોમ્પલેકસના નૈઋત્ય ખૂણેથી શરૂ કરી દુધસાગર રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા કામદાર વિમા યોજનાના દવાખાનાના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી કામદાર વિમા યોજના દવાખાનાની પૂર્વ હદ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ઈશાન ખૂણા સુધી, ત્યાંથી કામદાર વિમા યોજનાં દવાખાના અને ગોપાલ ડેરીની ઉત્તરે જુની હદ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ટી.પી. ૧૫ મીટર રોડ સુધી, અને શકિત સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી શકિત સોસાયટી ગુજરાત હાઉસીંગ બોર્ડ અને ગોકુલનગરની પશ્ચિમ બાજુનો રોડ અને ટી.પી. ૧૫ મીટર રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા સંત કબીર રોડના કાટખૂણા સુધી, અને સુલભ શૌચાલયના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી સંત કબીર રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ૨૦૦ ફુટ રીંગ રોડ ક્રોસ કરી માર્કેટીંગ યાર્ડના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી માર્કેટીંગ યાર્ડ દક્ષિણ બાજુની હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા માર્કેટીંગ યાર્ડના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી માર્કેટીંગ યાર્ડની પૂર્વ બાજુની હદ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ૨૪ મીટર ડી.પી. રોડની હદે-હદે ભીચરી રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રાંદરડા તળાવની ઉત્તર બાજુ થઈ કબીર ટેકરી આશ્રમ અને પ્રદ્યુમન પાર્ક ટેકરી વચ્ચે થઈ લાલપરી તળાવની પશ્ચિમ બાજુ થઈ રાજકોટ-ભીચરી રોડની હદ સુધી, ત્યાંથી રાજકોટ-ભીચરીની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા સીટી સર્વે નંબર-૯૭૫ ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ ભીચરીની હદ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા રાજકોટ,ભીચરી અને મહીતાના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ-મહિકાની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા મહિકાનો માર્ગ ક્રોસ કરી ભાવનગર રોડ સુધી, અને સીટી સર્વે નંબર-૯૮૦ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ભાવનગર રોડ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ૨૦૦ ફુટના બાયપાસ રીંગ રોડ ક્રોસ કરી અને સર ગોપાલદાસ રોડ ક્રોસ કરી દુધસાગર રોડના કાટખૂણા સુધી, અને કે. ડી. કોમ્પ્લેક્ષના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૧૮

કોઠારીયા રોડ અને સર ગોપાલદાસ રોડના કાટખૂણે અને સોરઠીયાવાડી ચોક અને સોનલ ભેળ હાઉસના નૈઋત્ય ખૂણાથી શરૂ કરી સરગોપાલદાસ રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા આજી નદીના પશ્ચિમ કાંઠા સુધી, અને સરદાર પટેલ સ્મશાનના ઈશાન ખૂણા સુધી, અને લીલી સુકી ખડપીઠના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી આજી નદીના પશ્ચિમ કાંઠાની હદે-હદે અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા મેહુલનગર રોડની સીધીલીટી મળે છે ત્યાં સુધી, ત્યાંથી ખોખળદળી નદીના પશ્ચિમ કાંઠે નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતાગોવિંદનગર મેઈન રોડની સીધી લીટી મળે છે. ત્યાં સુધી, ત્યાંથી ગોવિંદનગર મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા માૃતિનગર ૨૪ મીટર ટી.પી. રોડ સુધી, અને રાજેશ સેન્ટ્રીગના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી માૃતિનગર ૨૪ મીટર ટી.પી. રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા ૧૫ મીટર ટી.પી. રોડના કાટખૂણા સુધી, અને નેવીલના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ૧૫ મીટર ટી.પી. રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતાનંદા હોલના ઈશાન ખૂણા પાસે કોઠારીયા મેઈન રોડના કાટખૂણા સુધી, અને જીતેન્દ્ર ડ્રાઈકલીનર્સના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી કોઠારીયા મેઈન રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા સર ગોપાલદાસ રોડનો કાટખૂણા સુધી, સોરઠીયાવાડી ચોક અને સોનલ ભેળ હાઉસના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નંબર-૧૯

રાજકોટ-ગોંડલ રેલ્વે લાઈન ઉપર મવડી રોડ ફાટર પાસેથી અને લિજજત પાપડના નેઋત્ય ખૂણા પાસેથી શરૂ કરી પૂર્વ તરફ આગળ ચાલતા ગોંડલ રોડ ક્રોસ કરી ગુરૂકુળ પાણીના ટાંકાની ઉત્તર બાજુના રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ઢેબરભાઈ રોડના કાટખૂણા સુધી, અને ગુરૂકુળ પાણીના ટાંકાના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ઢેબરભાઈ રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા સર ગોપાલદાસ રોડ ક્રોસ કરી કેનાલ રોડના કાટખૂણા સુધી, અને ભૂતખાના મેસોનીક હોલના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી કેનાલ રોડ, ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા મીલપરા મેઈન રોડના કાટખૂણા સુધી, અને ગાયત્રી કોમ્પ્લેક્ષના વાયવ્ય ખૂણા સુધી, અને આનંદ કોલ્ડ્રીકસના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી મીલપરા મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ભકિતનગર સોસાયટી માર્ગ નંબર-૧ ના ખૂણા સુધી, અને વૃંદાવન ડેરીના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ભકિત સોસાયટી માર્ગ નંબર-૧, ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા પુજારા પ્લોટ શેરી

INDEX

નંબર-૧, ના કાટખૂણા સુધી, અને અમિતના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી પુજારા પ્લોટ શેરી નંબર-૧, ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સર ગોપાલદાસ રોડના કાટખૂણા સુધી, અને શેઠ હાઈસ્કુલના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી સર ગોપાલદાસ રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા કોઠારીયા મેઈન રોડના કાટખૂણા સુધી, અને સોરઠીયા વાડી ચોક અને સોનલ ભેળ હાઉસના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી કોઠારીયા મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા અંબર ઈલેકટ્રોનીકસના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી સીદુરીયા હનુમાન મંદિરની સીધી રેખામાં પશ્ચિમ તરફ આગળ ચાલતા આનંદનગર હાઉસીંગ બોર્ડ કવાટર્સ બ્લોક નંબર-૩૬ અને ૩૧ની ઉત્તર બાજુના રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા સાધના સોસાયટી મેઈન રોડ ક્રોસ કરી હાઉસીંગ બોર્ડ કવાટર્સ નંબર-બી./૧૫૪ની દક્ષિણ બાજુ લાગુ રસ્તા ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ગીતાજલી સોસાયટી અને ગૂરૂજન સોસાયટી વચ્ચેની હદ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા પારડી માર્ગ સુધી, અને મારૂતી કોલ્ડ્રીંકસના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પારડીના માંર્ગ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા સહકાર સોસાયટી મેઈન રોડના કાટખૂણા સુધી, અને સોનલ રસ ડીપોના અગ્નિ ખૂણા અને ભક્તિ હોલના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી સહકાર સોસાયટી મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ગાયત્રીનગર મેઈન રોડના કાટખૂણા સુધી, અને સ્વામીનારાયણ શૈક્ષણિક સંકુલના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ગાયત્રીનગર મેઈન રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા વર્કવેલ બોડી બિલ્ડર્સ પાસે અટીકા ઈન્ડસ્ટ્રીયલના મેઈન રોડના કાટખૂણા સુધી, અને નિરંજન પ્રાથમિક શાળાના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી અટીકા ઈન્ડ. મેઈન રોડ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા રેલ્વે લાઈન સુધી, અને રાજ સ્ક્રેપ ટ્રેડર્સના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી રેલ્વે લાઈનની હદે-હદે ઉત્તર તરફ આગળ ચાલતા મવડી મેઈન રોડ ફાટક સુધી, અને લિજજત પાપડના નૈઋત્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૨૦

મવડી મેઈન રોડ ઉપર રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર અને આંબવેના અગ્નિ ખૂણા ઉપર અને રણછોડ વિદ્યાલયના ઈશાન ખૂણા પાસેથી શરૂ કરી મવડી મેઈન રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા આનંદ બંગલા ચોક ક્રોસ કરી રેલ્વે લાઈન સુધી, અને મવડી રોડ ફાટક સુધી, ત્યાંથી રેલ્વે લાઈન ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાજકોટ-કોઠારીયાની હદ સુધી, ત્યાંથી રાજકોટ-કોઠારીયાની હદ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ સુધી, અને ગીતાનગરના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની જુની હદ ઉપર તરફ આગળ ચાલતા ક્રિષ્ના એસ્ટેટ અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની જુની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા ગોકુલધામ રોડ ક્રોસ કરી મવડીના રેવન્યુ સર્વે નંબર-૪૨,ની ઉત્તર બાજુની હદ ઉપર થઈને ગોકુલનગર, ગીતાજલી, ગોકુલધામ, કડીયા સોસાયટી, વિનાયકનગર, શ્રીનાથજી સોસાયટી અને રણછોડ વિદ્યાલયની પૂર્વ બાજુની હદ અને મહાનગરપાલિકાની જુનીહદ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા મવડી રોડ સુધી, અને રણછોડ વિદ્યાલયના ઈશાન ખૂણા સુધી, અને આંબેવના અગ્નિ ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૨૧

મવડી મેઈન રોડ અને મવડી બાયપાસ રોડના કાટખૂણા પાસેથી મવડી મેઈન રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ૧૫૦ ફુટ રીંગ રોડ ક્રોસ કરી રાજકોટ મહાનગર પાલિકાની જુની હદ સુધી, અને આંબવેના અગ્નિ ખૂણા સુધી, અને રણછોડ વિદ્યાલયના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રણછોડ વિદ્યાલય, શ્રીનાથજી સોસાયટી, વિનાયકનગર, ગિરનાર સોસાયટી, કડીયા સોસાયટી, ગોકુલધામ ગીતાજલી, ગોકુલનગરની પૂર્વ બાજુની હદ ઉપર અને રાજકોટ મહાનગરપાલિકાની જુની હદ ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા મવડીના રેવન્યુ સર્વે નંબર-૪૨, ની ઉત્તર બાજુની હદ સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની હદ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ગોકુલધામ મેઈન રોડ ક્રોસ કરી ક્રિષ્ના એસ્ટેટના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મહાનગરપાલિકાની જુની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાજકોટ-કોઠારીયાની હદ સુધી, અને ગીતાનગરના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી રાજકોટ-કોઠારીયાની હદ ઉપર દક્ષિણ તરફ ચાલતા રાજકોટ કોઠારીયા અને વાવડીના ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ--વાવડીની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા રેવન્યુ સર્વે નંબર-૨૩, ૨૫, ૨૦, ૧૬, ૧૭ની દક્ષિણે થઈ રેવન્યુ સર્વે નંબર-૪૦૫, ૪૦૩, ૪૦૨, ૪૦૧,૩૯૯ની પૂર્વમાં થઈ રાજકોટ-વાવડી અને પાળગામના ત્રિભેટા સુધી, ત્યાંથી પાળગામના જુના મારગ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા મવડી બાયપાસ ક્રોસ કરી મવડી ગામના મેઈન રોડ ઉપર ઈશાન ખૂણાતરફ આગળ ચાલતા મવડી બાયપાસના કાટખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર-૨૨

રાજકોટ-ગોંડલ રેલ્વે લાઈન ઉપર અટીકા ઈન્ડસ્ટ્રીયલ મેઈન રોડની સિધ્ધી રેખા મળે છે ત્યાંથી અને રાજ સ્ક્રેપ ટ્રેડર્સના વાયવ્ય ખૂણાથી શરૂ કરી અટીકા ઈન્ડસ્ટ્રીયલ મેઈન રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ગાયત્રીનગર મેઈન રોડના ખૂણા સુધી, જ્યાં વર્કવેલ બોડી બિલ્ડર્સને મળે છે; અને નિરંજન પ્રાથમિક શાળાના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ગાયત્રીનગર મેઈન રોડ ઉપર ઉત્તર

તરફ આગળ ચાલતા સહકાર સોસાયટી મેઈન રોડના કાટખૂણા સુધી, અને સ્વામિનારાયણ શૈક્ષણિક સંકુલના ઈશાન ખૂણા સુધી, અને રામમંદિરના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી સહકાર સોસાયટી મેઈન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા પારડી માર્ગના કાટખૂણા સુધી, અને સોનલ ભેળ હાઉસના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પારડી, માર્ગ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા ''શ્રીજી કૃપા'' મકાનના ઈશાન ખૂણા સુધી, અને માકૃતિ કોલ્ડ્રીંકસના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી વાલકેશ્વર, ગુરૂજન સોસાયટીની ઉત્તર બાજુની હદ અને ગીતાંજલી સોસાયટીની દક્ષિણ બાજુની હદની સિધ્ધી રેખા પારડીના માર્ગને મળે છે, ત્યાંથી શરૂ કરી અને આ હદ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા સાધના સોસાયટી મેઈન રોડ ક્રોસ કરી આનંદનગર, અજન્તાપાર્ક બ્લોક નંબર-૩૧, ૩૬ ની ઉત્તર બાજુના રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા સીદુરીયા હનુમાનની ઉત્તર બાજુ થઈ સિધ્ધી રેખામાં કોઠારીયા મેઈન રોડને મળે છે. ત્યાં સુધી, અને અંબર ઈલેકટ્રીકસના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી કાઠોરીયા રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા હરી ધવા માર્ગના કાટખૂણા સુધી, અને વૃન્દાવનના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી હરી ધવા માર્ગ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા સુભાષનગરના ૪૦ ફુટના રોડના કાટખૂણા સુધી, અને નવનિત હોલના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી સુભાષનગરના ૪૦ ફુટના રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા અયોધ્યા શેરી નંબર-૧, ના કાટખૂણા સુધી, અને ''ગાત્રાળ કૃપા''ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી અયોધ્યા શેરી નંબર-૧, ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ટી.પી.ના ૨૪ મીટર રોડ ક્રોસ કરી સરદાર સોસાયટી શેરી નંબર-૩, ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ટી.પી.ના ૯ મીટર રોડ સુધી, અને ભવનાથ સોસાયટીના ઉત્તર બાજુની હદ સુધી, અને ''ગેલ કૃપા''ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે ૯ મીટર રોડની હદે-હદે સરદાર સોસાયટી, પારસ સોસાયટી, ન્યુ ગોપવંદનાની દક્ષિણે થઈ ભવનાથ, શ્રધ્ધાનગર સોસાયટીની ઉત્તરે થઈ ચાલતા પારડીના મારગના કાટખૂણા સુધી, ત્યાંથી પારડીનાં મારગ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાજકોટ કોઠારીયાની હદ સુધી, ત્યાંથી રાજકોટ કોઠારીયાની હદ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ઢેબરભાઈ રોડ ક્રોસ કરી રાજકોટ-ગોંડલ રેલ્વે લાઈન સુધી, ત્યાંથી રેલ્વે લાઈન ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા અટીકા ઈન્ડસ્ટ્રીયલ મેઈન રોડની સિધ્ધી રેખા મળે છે, ત્યાં સુધી, અને રાજ સ્ક્રેપ ટ્રેડર્સનાં વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

<u>વોર્ડ નંબર-૨૩</u>

પારડીના માર્ગ ઉપર ન્યુ ગોપવંદના સોસાયટી, પારસ સોસાયટી, સરદાર સોસાયટીના દક્ષિણ બાજુ ૯ મીટર ટી.પી. રોડ અને શ્રધ્ધા સોસાયટી, ભવનાથની ઉત્તરે બાજુના ૯ મીટર ટી.પી. રોડના કાટખૂણાથી શરૂ કરી આ રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા સરદાર સોસાયટી-૩, ના કાટખૂણા સુધી, અને ''ગેલ કૃપા''ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી સરદાર સોસાયટી-૩, ઉપર ઉત્તરતરફ આગળ ચાલતા ટી.પી. ૨૪ મીટર રોડ ક્રોસ કરી અયોધ્યા શેરી નંબર-૧, ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા સુભાષ,નગર ૪૦ ફુટ રોડના કાટખૂણા સુધી, અને ''ગાત્રાળ કૃપા''ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી સુભાષનગર-૪૦ ફૂટ રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા હરીધવા માર્ગના કાટખૂણા સુધી અને નવનિત હોલના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી હરી ધવા માર્ગ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા કોઠારીયા રોડના કાટખૂણા સુધી, અને નંદા હોલના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી કોઠારીયા મેઈન રોડ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા વિવેકાનંદનગરની દક્ષિણ બાજુ ટી.પી. ૧૫ મીટર રોડના કાટખૂણા સુધી, અને જીતેન્દ્ર ડ્રાઈકલીનર્સના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી ટી.પી. ૧૫ મીટર રોડ ઉપર ઈશાન ખૂણા તરફ આગળ ચાલતા માકૃતીનગર ૮૦ ફુટના કાટખૂણા સુધી, અને નેવીલના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી માકૃતિનગર ૮૦ ફુટ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા ગોવિંદનગર મેઈન રોડ ના કાટખૂણા સુધી અને રાજેશ સેન્ટ્રીંગના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ગોવિંદનગર રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા ખોખડદળીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી ખોખડદળી નદીના પશ્ચિમ કાંઠા ઉપર ઈશાન ખૂણા ઉપર આગળ ચાલતા આજી નદી મળે છે ત્યાં આજી નદીના પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી આજી નદીના પશ્ચિમ કાંઠા ઉપર અગ્નિ ખૂણા તરફ આગળ ચાલતા ખોખડદળી નદી ક્રોસ કરી અને ૨૦૦ ફુટ બાયપાસ રીંગ રોડ ક્રોસ કરી રાજકોટ થોરાળાની હદ સુધી, ત્યાંથી રાજકોટ થોરાળાની હદ ઉપર નૈઋત્ય ખૂણા તરફ આગળ ચાલતા રાજકોટ, થોરાળા અને કોઠારીયાનાં ત્રિભેટા સુધી, ત્યાંથી રાજકોટ કોઠારીયાની હદ ઉપર વાયવ્ય ખૂણા તરફ આગળ ચાલતા ખોખડદળી નદી ક્રોસ કરી કોઠારીયા મેઈન રોડ ક્રોસ કરી ૨૦૦ ફુટ બાયપાસ રીંગ રોડ ક્રોસ કરી પારડીના મારગ સુધી,-અને રાધાકૃષ્ણ સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પારડીના મારગ ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા શ્રધ્ધાનગર સોસાયટી અને ન્યુ ગોપવંદના સોસાયટી વચ્ચેના ૯ મીટર રોડના કાટખૂણા સુધી, અને શ્રધ્ધા નગર સોસાયટીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકાની કુલ વસ્તી.	૯૬૭૪૭૬	
કુલ વોર્ડની સંખ્યા.	૨૩	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૪૨,૦૬૪	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ-૪૬૨૭૦ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ-૩૭૮૫૮
બેઠકોની સંખ્યા.	૬૯	
મહિલા બેઠકો.	૨૩	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૪	તે પૈકી ૧ મહિલા
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	-	-
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૭	તે પૈકી ૨ મહિલા
કુલ અનામત બેઠકો.	૩૧	
સામાન્ય બેઠકો.	૩૮	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૯૯૩૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૪૩૪૨૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૪૫૬૭૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૫૫૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૯૬૫૧	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૪૦૭૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૮૪૬૨	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૩૭૭૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૪૫૨૯૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૩૭૭૩૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૪૦૦૭૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨	૧૨	૪૦૭૭૮	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૩	૧૩	૪૩૪૮૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૪	૧૪	૪૧૭૮૯	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૧૫	૧૫	૪૦૮૨૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૬	૧૬	૩૮૩૫૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૭	૧૭	૪૨૧૯૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૮	૧૮	૪૫૧૯૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૯	૧૯	૪૫૯૬૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૦	૨૦	૩૯૨૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૧	૨૧	૪૪૨૬૯	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨૨	૨૨	૪૬૦૭૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૩	૨૩	૪૪૯૫૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૯૬૭૪૭૬			

વી.એચ.શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 174 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, JULY 29, 2005/SRAVANA 7, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭મી જુલાઈ, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-સમક-મનપા-અમદાવાદ-૨૦૦૫.

અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ (ગુજરાત દ્વિતિય સુધારા) ૧૯૯૩થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા કલમ (૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૫ની પેટા કલમ (૩)માં ખંડ (ક) તથા પેટા કલમ (૪),(૫),(૬) તથા (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૧૮૯-૨૦૦૫-એએમએન-૮૦૯૩-૩૯૫૫-પી. તા. ૮-૬-૨૦૦૫થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અમદાવાદ મહાનગરપાલિકા જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના સને ૨૦૦૧ની વસ્તી ગણત્રીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તે આંકડા આધારે અમદાવાદ મહાનગરપાલિકાને ૪૫ વોર્ડોમાં વહેચેલ છે. અને કાઉન્સિલરોની કુલ બેઠકો-૧૩૫ નક્કી કરેલ છે. તેમ જ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રી માટે અનામત બોઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

INDEX

૩. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૪૫૬(૧) તથા કલમ-૫ હેઠળ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે. નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એકસરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે. તો તે સંજોગોમાં ચૂંટણી પંચ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડની રચના કરી શકશે.

૪. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોનું સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ની વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસ્તી ૩૫,૨૦,૦૮૫ આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને ૪૫ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથા વોર્ડની સરેરાશ વસ્તી ૭૮,૨૨૪ની થાય છે.

૫. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે રીતે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ ટકાથી વધતી નથી કે ૧૦ ટકાથી ઘટતી નથી.

૬. મહાનગરપાલિકાના ૪૫ વોર્ડોનું નિયમ-૩ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૭. નિમમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે નિયમ-૬ની બાબત (ક)ની જોગવાઈ પ્રમાણે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે. અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૮. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૯. જાહેરનામા અન્વયે અમદાવાદ મહાનગરપાલિકા માટે ૧૭ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે. અને ૧૭ બેઠકો પૈકી ૬ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત કર્યુ છે.

૧૦. સને ૨૦૦૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૪૫ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૩૭	૮૫૯૩૭	૨૯૩૬૮	૩૪.૧૭
૨	૪૨	૭૬૧૮૨	૨૫૧૧૫	૩૨.૯૭
૩	૧૧	૭૧૯૪૭	૨૨૭૧૦	૩૧.૫૬
૪	૬	૮૫૩૫૪	૨૨૯૧૨	૨૬.૮૪
૫	૮	૭૨૨૫૬	૧૮૯૨૫	૨૬.૧૯
૬	૩૨	૮૦૭૭૧	૧૮૫૨૪	૨૨.૯૩
૭	૨૮	૭૧૦૨૨	૧૫૦૬૯	૨૧.૨૨

INDEX

૧	૨	૩	૪	૫
૮	૨૫	૭૨૫૭૯	૧૩૬૧૫	૧૮.૭૬
૯	૧૮	૮૨૫૮૧	૧૫૨૬૫	૧૮.૪૮
૧૦	૩૦	૮૧૪૭૬	૧૪૨૮૦	૧૭.૫૩
૧૧	૫	૭૫૨૪૯	૧૨૨૮૨	૧૬.૩૨
૧૨	૧	૭૩૦૭૪	૧૧૬૩૯	૧૫.૯૩
૧૩	૧૭	૭૮૪૦૭	૧૧૯૫૫	૧૫.૨૫
૧૪	૧૦	૭૧૪૭૧	૧૦૬૦૪	૧૪.૮૪
૧૫	૩૩	૮૫૬૯૬	૧૧૮૫૩	૧૩.૮૩
૧૬	૯	૭૨૮૨૪	૯૮૧૧	૧૩.૪૭
૧૭	૩૫	૭૭૭૪૩	૧૦૩૭૪	૧૩.૩૪
૧૮	૪૧	૮૫૫૨૭	૧૦૮૧૦	૧૨.૬૪
૧૯	૨૬	૮૧૦૫૭	૯૬૨૫	૧૧.૮૭
૨૦	૧૪	૭૦૪૧૩	૭૮૭૪	૧૧.૧૮
૨૧	૨૨	૮૧૧૦૦	૮૭૦૦	૧૦.૭૩
૨૨	૭	૭૧૪૮૦	૭૬૬૬	૧૦.૭૨
૨૩	૨૧	૭૬૬૮૭	૮૦૨૫	૧૦.૫૪
૨૪	૪૩	૮૫૯૦૩	૮૭૮૦	૧૦.૨૨
૨૫	૨૯	૭૧૪૪૫	૭૨૯૩	૧૦.૨૧
૨૬	૩૯	૮૩૫૧૭	૬૫૧૦	૭.૭૯
૨૭	૩૧	૭૧૯૭૭	૫૦૨૫	૬.૯૮
૨૮	૪	૮૩૦૭૩	૫૭૮૨	૬.૯૬
૨૯	૩૮	૭૬૧૪૭	૫૨૪૮	૬.૮૯
૩૦	૧૨	૭૦૭૭૮	૪૭૪૨	૬.૭૦
૩૧	૩	૭૯૭૩૦	૫૩૧૩	૬.૬૬
૩૨	૧૫	૭૧૪૮૨	૪૬૬૫	૬.૫૩
૩૩	૧૯	૮૫૮૫૧	૫૩૦૮	૬.૧૮
૩૪	૨૭	૭૯૪૫૪	૪૭૬૪	૬.૦૦
૩૫	૩૪	૮૫૨૧૬	૪૭૮૨	૫.૬૧
૩૬	૪૫	૮૩૦૪૨	૪૪૭૬	૫.૩૯
૩૭	૨	૮૩૭૫૨	૩૯૪૭	૪.૭૧
૩૮	૧૬	૭૭૦૫૮	૩૫૨૧	૪.૫૭
૩૯	૨૦	૭૬૩૧૬	૩૪૫૯	૪.૫૩
૪૦	૨૩	૭૭૩૫૮	૩૨૬૪	૪.૨૨
૪૧	૧૩	૮૩૨૭૨	૩૪૧૩	૪.૧૦
૪૨	૩૬	૮૦૮૦૭	૨૯૧૪	૩.૬૧
૪૩	૪૪	૭૮૧૦૫	૨૫૫૮	૩.૨૮
૪૪	૪૦	૮૨૧૮૧	૨૨૫૨	૨.૭૪
૪૫	૨૪	૭૨૭૮૮	૧૬૬૬	૨.૨૯
કુલ..		૩૫,૨૦,૦૮૫	૪,૨૬,૭૪૩	

૧૧. આમ અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩૭, ૪૨, ૧૧, ૬, ૮,૩૨, ૨૮, ૨૫, ૧૮, ૩૦, ૫, ૧, ૧૭, ૧૦, ૩૩, ૯ તથા ૩૫ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૨. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શક્ય હોય ત્યાં સુધી દર ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ

INDEX

નં. ૩૭, ૪૨, ૬, ૮, ૨૮, ૨૫, ૩૦, ૫, ૧૭, ૧૦ અને ૯માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં. ૧૧, ૩૨, ૧૮, ૧, ૩૩ અને ૩૫માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે. પરંતુ વોર્ડ નં. ૮માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવવાની થતી હોઈ વોર્ડ નં. ૩૨ના બદલે વોર્ડ નં. ૮માં અનુસૂચિત જાતિની સ્ત્રી બેઠક અને વોર્ડ નં. ૩૨માં અનુસૂચિત જાતિની બેઠક ફાળવવી જરૂરી બને છે.

૧૩. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩૭, ૪૨, ૧૧, ૬,૮,૩૨,૨૮,૨૫,૧૮,૩૦,૫,૧,૧૭,૧૦,૩૩,૯ તથા ૩૫માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩૭	અનુસૂચિત જાતિ
૪૨	અનુસૂચિત જાતિ
૧૧	અનુસૂચિત જાતિ (સ્ત્રી)
૬	અનુસૂચિત જાતિ
૮	અનુસૂચિત જાતિ (સ્ત્રી)
૩૨	અનુસૂચિત જાતિ
૨૮	અનુસૂચિત જાતિ
૨૫	અનુસૂચિત જાતિ
૧૮	અનુસૂચિત જાતિ (સ્ત્રી)
૩૦	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ (સ્ત્રી)
૧૭	અનુસૂચિત જાતિ
૧૦	અનુસૂચિત જાતિ
૩૩	અનુસૂચિત જાતિ (સ્ત્રી)
૯	અનુસૂચિત જાતિ
૩૫	અનુસૂચિત જાતિ (સ્ત્રી)

૧૪. જાહેરનામા અન્વયે મહાનગરપાલિકા માટે ૧ (એક) બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત કરેલ છે.

૧૫. સને ૨૦૦૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૪૫ સૂચિત વોર્ડોની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૮	૭૨૨૫૬	૩૫૨૯	૪.૮૮
૨	૨	૮૩૭૫૨	૩૧૮૪	૩.૮૦
૩	૧	૭૩૦૭૪	૨૩૭૬	૩.૨૫
૪	૪૫	૮૩૦૪૨	૨૦૯૦	૨.૫૨
૫	૨૬	૮૧૦૫૭	૧૮૬૯	૨.૩૧
૬	૨૫	૭૨૫૭૯	૧૩૬૬	૧.૮૮
૭	૪૩	૮૫૯૦૩	૧૩૮૫	૧.૬૧
૮	૪૨	૭૬૧૮૨	૧૦૯૨	૧.૪૩
૯	૧૪	૭૦૪૧૩	૯૬૨	૧.૩૭
૧૦	૪૧	૮૫૫૨૭	૧૧૪૯	૧.૩૪
૧૧	૪૪	૭૮૧૦૫	૧૦૩૪	૧.૩૨

૧	૨	૩	૪	૫
૧૨	૪	૮૩૦૭૩	૧૦૬૭	૧.૨૮
૧૩	૨૮	૭૧૦૨૨	૮૭૫	૧.૨૩
૧૪	૧૧	૭૧૯૪૭	૮૫૨	૧.૧૮
૧૫	૩	૭૯૭૩૦	૮૮૨	૧.૧૧
૧૬	૧૩	૮૩૨૭૨	૯૦૮	૧.૦૯
૧૭	૯	૭૨૮૨૪	૭૬૩	૧.૦૫
૧૮	૪૦	૮૨૧૮૧	૭૨૭	૦.૮૮
૧૯	૨૭	૭૯૪૫૪	૬૫૯	૦.૮૩
૨૦	૧૦	૭૧૪૭૧	૫૭૯	૦.૮૧
૨૧	૩૯	૮૩૫૧૭	૬૭૫	૦.૮૧
૨૨	૩૭	૮૫૯૩૭	૬૬૧	૦.૭૭
૨૩	૧૭	૭૮૪૦૭	૫૬૪	૦.૭૨
૨૪	૨૪	૭૨૭૮૮	૪૪૬	૦.૬૧
૨૫	૧૫	૭૧૪૮૨	૪૦૩	૦.૫૬
૨૬	૭	૭૧૪૮૦	૩૭૩	૦.૫૨
૨૭	૨૦	૭૬૩૧૬	૩૩૮	૦.૪૪
૨૮	૩૧	૭૧૯૭૭	૨૮૦	૦.૩૯
૨૯	૧૨	૭૦૭૭૮	૨૬૫	૦.૩૭
૩૦	૩૦	૮૧૪૭૬	૩૦૫	૦.૩૭
૩૧	૨૩	૭૭૩૫૮	૨૮૭	૦.૩૭
૩૨	૬	૮૫૩૫૪	૨૯૫	૦.૩૫
૩૩	૫	૭૫૨૪૯	૨૪૨	૦.૩૧
૩૪	૩૮	૭૬૧૪૭	૨૨૫	૦.૩૦
૩૫	૩૫	૭૭૭૪૩	૨૦૦	૦.૨૬
૩૬	૩૬	૮૦૮૦૭	૧૯૨	૦.૨૪
૩૭	૩૪	૮૫૨૧૬	૧૯૧	૦.૨૨
૩૮	૧૮	૮૨૫૮૧	૧૪૭	૦.૧૮
૩૯	૩૨	૮૦૭૭૧	૧૩૮	૦.૧૭
૪૦	૨૨	૮૧૧૦૦	૧૩૭	૦.૧૭
૪૧	૩૩	૮૫૬૯૬	૧૩૪	૦.૧૬
૪૨	૨૧	૭૬૬૮૭	૧૦૨	૦.૧૩
૪૩	૧૯	૮૫૮૫૧	૮૦	૦.૦૯
૪૪	૧૬	૭૭૦૫૮	૫૩	૦.૦૭
૪૫	૨૯	૭૧૪૪૫	૪૦	૦.૦૬
કુલ..		૩૫,૨૦,૦૮૫	૩૪૧૨૧	

૧૬. આમ અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૮માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસુચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૭. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૮માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૮	અનુસૂચિત આદિજાતિ

IV-C.Ex.174.2

INDEX

૧૮. જાહેરનામા અન્વયે ૧૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૯. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

અમદાવાદ મહાનગરપાલિકાના સૂચિત ૪૫ વોર્ડની વસ્તી તથા પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૭	૭૧૪૮૦	૩૯૫૪૫	૫૫.૩૨
૨	૧૦	૯૧૪૭૧	૨૮૨૨૬	૩૯.૪૯
૩	૧૧	૭૧૯૪૭	૨૫૯૩૦	૩૬.૦૪
૪	૧૬	૭૭૦૫૮	૨૭૩૪૯	૩૫.૪૯
૫	૩૫	૭૭૭૪૩	૨૭૦૧૭	૩૪.૭૫
૬	૧૭	૭૮૪૦૭	૨૬૮૧૬	૩૪.૨૦
૭	૩૨	૮૦૭૭૧	૨૬૪૮૦	૩૨.૭૮
૮	૨૪	૭૨૭૮૮	૨૩૦૦૫	૩૧.૬૧
૯	૩૧	૭૧૯૭૭	૨૨૫૮૦	૩૧.૩૭
૧૦	૯	૭૨૮૨૪	૨૨૩૪૭	૩૦.૬૯
૧૧	૪૩	૮૫૯૦૩	૨૬૧૮૨	૩૦.૪૮
૧૨	૮	૭૨૨૫૬	૨૦૦૫૪	૨૭.૭૫
૧૩	૩	૭૯૭૩૦	૨૧૨૧૫	૨૭.૭૫
૧૪	૪૪	૭૮૧૦૫	૨૧૩૪૧	૨૭.૩૨
૧૫	૧૨	૭૦૭૭૮	૧૯૨૫૫	૨૭.૨૦
૧૬	૬	૮૫૩૫૪	૨૨૫૯૧	૨૬.૪૭
૧૭	૩૩	૮૫૬૯૬	૨૧૧૪૫	૨૪.૬૭
૧૮	૪૫	૮૩૦૪૨	૧૯૯૯૨	૨૪.૦૭
૧૯	૩૬	૮૦૮૦૭	૧૮૯૩૮	૨૩.૪૪
૨૦	૧	૭૩૦૭૪	૧૬૯૫૫	૨૩.૨૦
૨૧	૨૩	૭૭૩૫૮	૧૭૩૬૦	૨૨.૪૪
૨૨	૧૫	૭૧૪૮૨	૧૫૭૨૨	૨૧.૯૯
૨૩	૨૨	૮૧૧૦૦	૧૭૭૧૬	૨૧.૮૪
૨૪	૩૭	૮૫૯૩૭	૧૮૫૭૨	૨૧.૬૧
૨૫	૩૯	૮૩૫૧૭	૧૭૯૬૪	૨૧.૫૧
૨૬	૩૪	૮૫૨૧૬	૧૮૦૫૮	૨૧.૧૯
૨૭	૩૮	૭૬૧૪૭	૧૫૬૯૯	૨૦.૬૨
૨૮	૫	૭૫૨૪૯	૧૫૪૪૯	૨૦.૫૩
૨૯	૨૧	૭૬૬૮૭	૧૫૫૯૩	૨૦.૩૩
૩૦	૨૬	૮૧૦૫૭	૧૫૭૯૪	૧૯.૪૯

૧	૨	૩	૪	૫
૩૧	૧૮	૮૨૫૮૧	૧૬૦૫૪	૧૯.૪૪
૩૨	૨૯	૭૧૪૪૫	૧૩૭૯૧	૧૯.૩૦
૩૩	૨	૮૩૭૫૨	૧૫૨૮૩	૧૮.૨૫
૩૪	૧૪	૭૦૪૧૩	૧૧૮૫૭	૧૬.૮૪
૩૫	૨૭	૭૯૪૫૪	૧૨૩૨૧	૧૫.૫૧
૩૬	૨૦	૭૬૩૧૬	૧૧૧૩૨	૧૪.૫૯
૩૭	૨૫	૭૨૫૭૯	૧૦૨૮૩	૧૪.૧૭
૩૮	૨૮	૭૧૦૨૨	૯૮૮૭	૧૩.૯૨
૩૯	૧૯	૮૫૮૫૧	૧૧૭૨૬	૧૩.૬૬
૪૦	૩૦	૮૧૪૭૬	૧૧૦૫૯	૧૩.૫૭
૪૧	૪	૮૩૦૭૩	૧૦૯૧૪	૧૩.૧૪
૪૨	૪૦	૮૨૧૮૧	૯૭૨૬	૧૧.૮૩
૪૩	૪૧	૮૫૫૨૭	૯૮૦૭	૧૧.૪૭
૪૪	૧૩	૮૩૨૭૨	૯૩૭૭	૧૧.૨૬
૪૫	૪૨	૭૬૧૮૨	૭૨૩૧	૯.૪૯
કુલ..		૩૫,૨૦,૦૮૫	૮૧૬૨૪૮	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. ૭, ૧૦, ૧૧, ૧૬, ૩૫, ૧૭, ૩૨, ૨૪, ૩૧, ૯, ૪૩, ૮, અને ૩માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી શક્ય હોય ત્યાં સુધી દર ત્રીજા ક્રમે આવતા વોર્ડ ૧૧, ૧૭, ૩૧ અને ૮માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં. ૧૧માં અનુસૂચિત જાતિની સ્ત્રી બેઠક આવતી હોઈ વોર્ડ નં. ૧૧ના બદલે વોર્ડ નં. ૧૦માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. વોર્ડ નં. ૩૨માં અનુસૂચિત જાતિની બેઠક ફાળવવાની થતી હોય વોર્ડ નં. ૩૧ના બદલે વોર્ડ નં. ૩૨માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. વોર્ડ નં. ૮ના બદલે આગળના ક્રમે જતાં વોર્ડ નં. ૪૪માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય. કારણ કે, વોર્ડ નં. ૮માં અનુસૂચિત જાતિ સ્ત્રીની તથા અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવેલ છે. જેથી પછાતવર્ગની સ્ત્રી બેઠક વોર્ડ નં. ૯માં ફાળવવાની થાય. આથી પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૭	પછાત વર્ગ
૧૦	પછાત વર્ગ સ્ત્રી
૧૧	પછાત વર્ગ
૧૬	પછાત વર્ગ
૩૫	પછાત વર્ગ
૧૭	પછાત વર્ગ સ્ત્રી
૩૨	પછાત વર્ગ સ્ત્રી
૨૪	પછાત વર્ગ
૩૧	પછાત વર્ગ
૯	પછાત વર્ગ સ્ત્રી
૪૩	પછાત વર્ગ
૩	પછાત વર્ગ
૪૪	પછાત વર્ગ

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ. અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને અમદવાદ મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૩. અનુસૂતિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે. અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજ્ય ચૂંટણી પંચ મહાનગરપાલિકાના વોર્ડની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

અનુસૂચિ--૧

અમદાવાદ મહાનગરપાલિકા, અમદાવાદ.

સને:૨૦૦૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલા આંકડા આધારે અમદાવાદ મહાનગરપાલિકાની સૂચિત વોર્ડરચના મુજબ વોર્ડોનું વર્ણન.

વોર્ડ નં. ૧-સાબરમતી

સાબરમતી નદીના રેલ્વે બ્રીજના મધ્ય ભાગેથી શરૂ કરી જમણા હાથે રેલ્વેના પાટે-પાટે પશ્ચિમે સાબરમતી બ્રોડગેજ રેલ્વે સ્ટેશન થઈ, રેલ્વેના પાટે-પાટે તથા મહાનગરપાલિકાની હદે-હદે ઉત્તરે પૂર્વે રેલ્વે કવાર્ટર્સ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જમણા હાથે મહાનગરપાલિકાની હદે હદે ત્યાંથી ઉત્તરે જમણા હાથે મહાનગરપાલિકાની હદે -હદે પૂર્વે શીવલાલની ચાલી થઈ મહાકાળીની ચાલી સુધી. ત્યાંથી પશ્ચિમે જમણા હાથે મહાનગરપાલિકાની હદે-હદે થઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તરે જમણા હાથે રેલ્વે યાર્ડ થઈ, મહાનગરપાલિકાની હદે-હદે પૂર્વ તરફ જમણા હાથેથી આગળ ઉત્તરમાં જમણા હાથે દક્ષિણે ભવસાગર થઈ દક્ષિણે ન્યુ મહાસાગર સોસાયટી થઈ, હાઈવે ક્રોસ કરી દક્ષિણે કલોલ-કોબા ઓકટ્રોયનાકા વાળી મહાનગરપાલિકાની હદે-હદે પૂર્વ તરફ દક્ષિણે પાર્વતીનગર થઈ મહાનગરપાલિકાની હદે-હદે દક્ષિણ દિશાએ જમણી બાજુ પશ્ચિમે મોટેરા સ્ટેડિયમના દરવાજા પાસે આવેલ મહાનગરપાલિકાની હદે-હદે થઈ, ત્યાંથી દક્ષિણ તરફ મહાનગરપાલિકાની હદે-હદે નદીના મધ્ય ભાગ સુધી. ત્યાંથી દક્ષિણમાં નદીના મધ્ય ભાગે-ભાગે થઈ સાબરમતી રેલ્વે બ્રીજના મધ્ય ભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨-સરદારનગર

સરદારનગર એરપોર્ટ પાણીની ટાંકી (એરપોર્ટના મુખ્ય દરવાજા પાસે)થી શરૂ કરી ઉત્તરે જમણી બાજુ પૂર્વે હાંસોલના સર્વે નં. ૨૬૧થી મ્યુનિ. હદે હદે પૂર્વે સર્વે નં. ૨૮૧ અને ઉત્તરે ૨૮૪ સુધી (એરપોર્ટ સર્કલ). ત્યાંથી પશ્ચિમે મ્યુનિ. હદે હદે ઉત્તરે સર્વે નં. ૨૯૮ સુધી. ત્યાંથી દક્ષિણે મ્યુનિ. હદે હદે ઉત્તરે પૂર્વે સર્વે નં. ૩૦૦ના કોર્નર સુધી (નદી કિનારા સુધી.) ત્યાંથી ઉત્તરે મ્યુનિ. હદે હદે પૂર્વે દક્ષિણે સર્વે નં.૬૬ના કોર્નર સુધી. ત્યાંથી મ્યુનિ. હદે હદે પૂર્વે દક્ષિણે ગામ મોટેરાના રેવન્યુ સર્વે નં. ૨૭૮, ૨૭૯, ૨૮૦, પૂર્વે દક્ષિણે ૨૮૧ થઈ પૂર્વ દિશાએ મ્યુનિ. હદે હદે દક્ષિણે પશ્ચિમે સર્વે નં. ૩૨૭ સુધી. ત્યાંથી મ્યુનિ. હદે હદે દક્ષિણે સર્વે નં. ૩૫૨ થઈ રણ મુકતેશ્વર ગરનાળા સુધી. ત્યાંથી પૂર્વે મ્યુનિ., હદે હદે ઉત્તરે ઈન્દિરા બ્રીજ થઈ દક્ષિણે જુના કોતરપુર ગામ સુધી. ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૨૦ના ઉત્તર-પૂર્વની મ્યુનિ. હદ સુધી. ત્યાંથી પૂર્વે સર્વે નં. ૮૨ સુધી. ત્યાંથી દક્ષિણે-પૂર્વે જમણી બાજુએ સર્વે નં. ૬૭ સુધી. ત્યાંથી ઉત્તર પૂર્વે મ્યુનિ. હદે હદે દક્ષિણે સર્વે નં. ૧૩૧ સુધી. ત્યાંથી પૂર્વે ચિલોડા મધ્યે હાઈવે ચોકડી ક્રોસ કરી મ્યુનિ. હદે હદે રેલ્વે લાઈનના મધ્ય ભાગ સુધી ત્યાંથી પશ્ચિમ-દક્ષિણે રેલ્વેના મધ્ય ભાગે લાઈને-લાઈને આઈ.ટી.આઈ. ક્રોસીંગ સુધી (પૂર્વે સર્વે નં.

૩૦૨), ત્યાંથી ઉત્તરે જમણે હાથે પશ્ચિમે ઈન્ડીકવીપ ફેકટરી કોર્નર (એરપોર્ટ દિવાલ) સુધી. ત્યાંથી પશ્ચિમે-દક્ષિણે એરપોર્ટ દિવાલનેં અડી અડીને મ્યુનિ. હદ સુધી (ઉત્તરે પૂર્વે રેવન્યુ સર્વે નં. ૧૭૨), ત્યાંથી ઉત્તરે જમણે હાથે પૂર્વે સર્વે નં. ૧૮૯ સુધી. ત્યાંથી પશ્ચિમે જમણે હાથે ઉત્તરે પૂર્વે સર્વે નં. ૧૮૬ થઈ દક્ષિણ દિશાએ જમણી બાજુ ઉત્તરે સર્વે નં. ૨૩ થઈ ઉત્તરે સર્વે નં. ૯૩ સુધી. ત્યાંથી દક્ષિણે મ્યુનિ. હદે હદે ઉત્તરે સર્વે નં. ૮૯ થઈ ઉત્તરે સર્વે નં. ૮૭ થઈ પશ્ચિમે મ્યુનિ. હદે હદે ઉત્તરે સરદારનગર એરપોર્ટ પાણીની ટાંકી સુધી (એરપોર્ટના મુખ્ય દરવાજા પાસે)ની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩.-નરોડા મુઠીયા

મુઠીયા ગામના ઉત્તર તરફના સિમાડે આવેલ રેલ્વે લાઈનના દક્ષિણે આવેલ રેવન્યુ સર્વે નં. ૨૩૨ પૈકીની હદે થઈ મ્યુનિ. હદે હદે તથા મુઠીયા ગામના સિમાડે દક્ષિણે રેવન્યુ સર્વે નં. ૨૯૧ના ઉત્તર પૂર્વ ખૂણાએ થઈ દક્ષિણમાં જમણી બાજુએ મ્યુનિ. હદે હદે કેનાલ સુધી આવી કેનાલ ક્રોસ કરી મ્યુનિ. હદે હદે મુઠિયાના પશ્ચિમે રેવન્યુ સર્વે નં. ૫૦, દહેગામ હાઈવે ક્રોસ કરી હાઈવેની પશ્ચિમે મ્યુનિ. હદે હદે પશ્ચિમ તરફ જતા દક્ષિણે અમરનાથ એસ્ટેટ સામે આવેલ નરોડાના ટી. પી. સ્કીમ નં. ૨ના પશ્ચિમે ફાળવણી પ્લોટ નં. ૫ની પૂર્વ તરફની હદ સુધી ત્યાંથી દક્ષિણ દિશાએ મ્યુનિ. હદે હદે ઉત્તરે ફાઈનલ પ્લોટ નં. ૧૩, ૧૪, ૧૭, ૧૮ની મહાનગરપાલિકાની હદે થઈ કેનાલ પાસે આવેલ ઉત્તરે ફા. પ્લોટ નં. ૨૮ની દક્ષિણની હદે તથા મ્યુનિ, હદે હદે ઉત્તરે કેનાલની ધારે ધારે આવી ત્યાંથી દક્ષિણમાં જમણી બાજુ મ્યુનિ. હદે હદે ઉત્તરે પ્લોટ નં. ૬૧ના પૂર્વ તરફ તથા દક્ષિણ તરફ પશ્ચિમમાં જમણી બાજુ જતાં પૂર્વ ફા. પ્લોટ નં. ૬૯ના પશ્ચિમે તરફની હદે થઈ ઉત્તરમાં ફા. પ્લોટ નં. ૭૧-૯૨ની પશ્ચિમ તરફની હદ સુદી. ત્યાંથી મ્યુનિ. હદે હદે થઈ પશ્ચિમમાં જમણી બાજુ કેનાલ પાસેના ઉત્તરે ફા. પ્લોટ નં. ૧૧૦ પાસે આવી ત્યાંથી પશ્ચિમે કેનાલે દક્ષિમ તરફ મ્યુનિ. હદે હદે આવી પશ્ચિમે નરોડાના રેવન્યુ સર્વે નં. ૧૦૪૪, ૧૦૪૫ પાસે આવી પશ્ચિમ-ઉત્તરે સનરાઈઝ પાર્ક સોસાયટી થઈ ત્યાંથી સર્વે નં. ૧૬૪ સુધી. ત્યાંથી પશ્ચિમે જમણે હાથે ઉત્તરે સર્વે નં. ૧૫૯ સુધી. ત્યાંથી ઉત્તરે જમણી બાજુએ એસ.આર.પી. કેમ્પ થઈ પશ્ચિમમાં જમણી બાજુ જતાં હાઈવે નં-૮ના મધ્યભાગે ઉત્તર દિશાએ પૂર્વે એસ. ટી. સ્ટાફ કવાર્ટર્સ થઈ ઉત્તરે જમણી બાજુએ પૂર્વે એસ. ટી. વર્કશોપ સુધી. ત્યાંથી ઉત્તર-પૂર્વ દિશાએ હાઈવે નં.-૮ના મધ્ય ભાગે જમણી બાજુએ દક્ષિણે રણજીત કોમ્પ્લેક્ષ થઈ ભગત પેટ્રોલ પમ્પ થઈ ગેલેકસી ચાર રસ્તા કોર્નર સુધી. ત્યાંથી ઉત્તરે જમણે હાથે પૂર્વે ઉમાપાર્ક સોસાયટી થઈ કુબેરનગર આઈ.ટી.આઈ. રેલ્વે ક્રોસીંગ સુધી. ત્યાંથી ઉત્તર-પૂર્વે રેલ્વે લાઈનના મધ્ય ભાગથી મુઠિયા ગામના સિમાડાના દક્ષિણે સર્વે નં. ૨૩૨ પૈકી સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.-૪-કુબેરનગર

સરદારગ્રામ રેલ્વે ક્રોસીંગથી શરૂ કરી દક્ષિણ પશ્ચિમ દિશાએ રેલ્વે લાઈને-લાઈને સૈજપુર ગરનાળા થઈ, ઓમકાર રેલ્વે ક્રોસીંગ સુધી. ત્યાંથી પશ્ચિમે-ઉત્તરે ૧૩૨'ના રીંગ રોડે રામેશ્વર મંદિર સર્કલ સુધી. ત્યાંથી ઉત્તરે ભાર્ગવ રોડે જમણે હાથે પૂર્વે ચુંવાળનગર થઈ મ્યુનિ. હદ સુધી. (એરપોર્ટ દિવાલ) ત્યાંથી પૂર્વ દિશા તરફ મ્યુનિ. હદે હદે દક્ષિણે સર્વે નં. ૨૬૮ સુધી. ત્યાંથી મ્યુનિ. હદે હદે ઉત્તર-પૂર્વે સર્વે નં. ૧૫૪ સુધી. ત્યાંથી મ્યુનિ. હદે હદે દક્ષિણે સવે નં. ૧૪૬ સુધી. ત્યાંથી મ્યુનિ. હદે હદે પૂર્વે જમણે હાથે દક્ષિણે સર્વે નં. ૧૩૭ સુધી. ત્યાંથી મ્યુનિ. હદે હદે પૂર્વે સર્વે નં. ૧૨૮, ૧૨૩, ૧૧૭ પૈકી; ૧૯ પૈકી, દક્ષિણે ૩૩ પૈકી સુધી. ત્યાંથી મ્યુનિ. હદે હદે પૂર્વે જમણે હાથે દક્ષિણે સર્વે નં. ૧૭૩ (માયા સિનેમા) થઈ ઉત્તરે સર્વે નં. ૧૭૨ થઈ પૂર્વે એરપોર્ટ દિવાલે દક્ષિણે ગણેશ પાર્ટી પ્લોટ થઈ, ગોપાલ પાર્ક થઈ, મૈત્રી હોસ્પિટલ થઈ, ઈન્ડીકવીપ ફેકટરી કોર્નર સુધી.ત્યાંથી દક્ષિણે જમણે હાથે પશ્ચિમે કિષ્ણા સોસાયટી થઈ નિરવ બંગલો થઈ, કુબેરનગર આઈ.ટી.આઈ. રેલ્વે ક્રોસીંગ સુધી. ત્યાંથી રેલ્વે લાઈનના મધ્ય ભાગે પશ્ચિમે-દક્ષિણ દિશાએ સરદારગ્રામ રેલ્વે ક્રોસીંગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫.-સૈજપુર-બોઘા

મેમ્કો ચાર રસ્તાથી શરૂ કરી ઉત્તરે જમણે હાથે પૂર્વે ઓમકાર ટેક્ષટાઈલ્સ થઈ ઓમકાર ક્રોસીંગ સુધી (મેમ્કો ક્રોસીંગ સુધી) ત્યાંથી ઉત્તર-પૂર્વે રેલ્વે લાઈનના મધ્ય ભાગથી દક્ષિણે સૈજપુર રેલ્વે સ્ટેશન થઈ સૈજપુર ગરનાળા થઈ સરદારગ્રામ ક્રોસીંગ થઈ દક્ષિણે ભાઈ પ્રભારામ સોસાયટી થઈ કુબેરનગર આઈ.ટી.આઈ. રેલ્વે ક્રોસીંગ સુધી. ત્યાંથી દક્ષિણે જમણે હાથે પશ્ચિમે રમ્યકુંજ સોસાયટી થઈ, ગેલેકસી સિનેમા ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ-દક્ષિણે જમણા હાથે ઉત્તરે અજન્ટા-ઈલોરા કોમ્પ્લેક્ષ થઈ હોટલ ગગન પેલેસ થઈ શારદાબા વાડી થઈ નૂરાની મસ્જિદના કોર્નર સુધી, ત્યાંથી દક્ષિણે હાઈવે નં.-૮ના મધ્યભાગે જમણે હાથે પૂર્વે સંજયનગર છાપરા થઈ બાલકૃષ્ણનગર ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમે જમણા હાથે ઉત્તરે મેહુલ એપાર્ટમેન્ટ થઈ યુનિયન બેંક, સૈજપુર બોઘા શાખાના કોર્નર સુધી. ત્યાંથી પશ્ચિમે મુખ્ય રસ્તાના મધ્યભાગે જમણા હાથે ઉત્તરે ઉત્તર ઝોન (રાજીવ ગાંધી ભવન) અમ. મ્યુનિ. કોર્પો. કચેરી થઈ મેમ્કો ચાર રસ્તા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬.-નરોડા રોડ

અસારવા રેલ્વે ક્રોસીંગથી પૂર્વ દિશાએ રેલ્વે લાઈનને સમાંતરે જમણી બાજુએ ચામુંડા ઓવર બ્રીજ નીચે થઈ પૂર્વ દિશાએ ઓમનગર રેલ્વે ક્રોસીંગથી આંબેડકર ચોકથી ઉત્તર દિશા તરફ પૂર્વે એમનગર સોસાયટીથી શારદા વિદ્યામંદિરથી ઉત્તર દિશા તરફ આગળ મેઘાણીનગરના બાવલા વાળા ચારે રસ્તાથી જમણે હાથે પૂર્વે મેઘાણીનગર પોલીસ સ્ટેશન થઈ ઉત્તરે મેઘાણીનગર છેલ્લા

IV-C. Ex. 174-3

બસ સ્ટેન્ડ થઈ પશ્ચિમ દિશા તરફ ૧૩૨'ના રીંગ રોડના મધ્ય ભાગથી ડાબી બાજુએ કેન્ટોન્મેન્ટ દિવાલ સુધી. (અસારવાના ઉત્તરે પૂર્વે રેવન્યુ સર્વે નં. ૨૯૨ સુધી) ત્યાંથી ઉત્તરે કેન્ટોન્મેન્ટની દિવાલને અડીને એરપોર્ટની દિવાલને અડીને દક્ષિણે અસારવાના રેવન્યુ સર્વે નં. ૧૫૯ થઈ (પૂર્વ-દક્ષિણ) અગ્નિ ખૂણા તરફ એરપોર્ટ દિવાલને અડીને આગળ વધતા ભાર્ગવ રોડ પર આવેલ હરિનગર સોસાયટીના ઘર નં. ૮૯/૪ના ખૂણે થઈ ભાર્ગવ રોડના મધ્ય ભાગથી (દક્ષિણ-પશ્ચિમ) નૈઋત્ય ખૂણા તરફ સોમનાથ મહાદેવ (રામેશ્વર મહાદેવ) ચાર રસ્તા થઈ અગ્નિ ખૂણા (પૂર્વ-દક્ષિણ) તરફ રસ્તાના મધ્ય ભાગથી જમણે હાથે દક્ષિણે ઘનશ્યામ ફલેટથી અમરનગર સોસાયટીથી સાંઈબાબા સોસાયટીથી એમકાર ટેક્ષટાઈલ ક્રોસીંગ (મેમ્કો રેલ્વે ક્રોસીંગ) ક્રોસ કરી જમણે હાથે પશ્ચિમે આકાશદીપ એસ્ટેટથી મેમ્કો ચાર રસ્તા પૂર્વે એ.ઈ.સી. ઓફિસ (ઈલે. સબ સ્ટેશન)થી દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ નરોડા રોડના મધ્યભાગથી જમણે હાથે ઉત્તરે ફોર્જ એન્ડ બ્લોઅર થઈ નરોડા ફાયર સ્ટેશન થઈ દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ ઉત્તરે ચાંમુંડા બ્રીજ પેટ્રોલ પમ્પ થી રેલ્વે યાર્ડ થઈ અમદુપુરા એસ.ટી. બસ સ્ટેન્ડ થી કાલુપુર બ્રિજના નીચે પશ્ચિમ દિશાએ જમણી તરફ ઉત્તરે રામલાલની ચાલી થઈ ઉત્તર દિશા તરફ અસારવા રેલ્વે કોલોનીથી જમણી તરફ અસારવા રેલ્વે ક્રોસીંગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭.-અસારવા

બળીયાલીમડી ચાર રસ્તાથી પૂર્વ દિશાએ જમણી બાજુએ દક્ષિણે ઉત્તર ગુજરાત સોસા. વિ.-૨ થઈ. ઉત્તરે મોહન સિનેમાના ચાર રસ્તા થઈ પૂર્વે દિશા તરફ દક્ષિણે જયહિંદ સોસા. થઈ કડીયાની ચાલી સુધી. ત્યાંથી ઉત્તર દિશાએ પૂર્વે ત્રિકમલાલ કાનદાસની ચાલી થઈ મોતીલાલની ચાલી થઈ પૂર્વે અસારવા સોસા. થઈ અસારવા સોસા.ના કોર્નર સુધી. ત્યાંથી પૂર્વ તરફ થઈ અર્જુન લાલા મ્યુનિ. શાળા નં.-૧૧ના ચાર રસ્તા સુધી ત્યાંથી ઉત્તર તરફ પૂર્વે અર્જુન લાલ મ્યુનિ. શાળા નં.-૧૧ થઈ એમ.એલ.એ. કવાર્ટર્સના કોર્નર સુધી. ત્યાંથી પૂર્વ તરફ દક્ષિણે પાર્વતીનગર થઈ ઉત્તરે ઉમિયા નગર થઈ કલાપીના બાવલા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ડાબી બાજુએ રોહિતદાસનાં ચાર રસ્તા સુધી. ત્યાંથી પૂર્વ તરફ ડાબી બાજુએ દક્ષિણે રામનગર સોસા.. થઈ કલાપીનગરના છેલ્લા બસ સ્ટેન્ડ સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ પૂર્વે શારદા વિદ્યાવિહાર થઈ ઓમનગર રેલ્વે ક્રોસીંગ આંબેડકર ચોક સુધી. ત્યાંથી દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ દહેગામ પ્રાંતિજ રેલ્વે લાઈને લાઈને થઈ બ્રોડગેજ લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ-ઉત્તરે અસારવા ઓવરબ્રિજના રસ્તાના મધ્યભાગ સુધી. ત્યાંથી ઉત્તર તરફ પૂર્વે પૂર્ણિમા સોસાયટી, (પશ્ચિમે વિશ્વ વિદ્યાલયની સામે) થઈ હરિપુરા થઈ મેડાવાળી ચાલી થઈ બળીયાલીમડી ચાર રસ્તા સુધીની હદનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૮.-ગિરધરનગર

અસારવા ઓવરબ્રિજના મધ્યભાગેથી શરૂ કરી ઉત્તર પશ્ચિમ દિશા તરફ રેલ્વે લાઈને લાઈને થઈ ગીરધરનગર ઓવરબ્રિજની મધ્યભાગે જમણીબાજુ, પશ્ચિમે માકુભાઈ છાપરાંની સામેના ભાગે થઈ ઉત્તર દિશા તરફ કાલકા માતાજીના મંદિરના સર્કલથી જમણી બાજુ પૂર્વે જ્યુબીલી બ્લોક, અગ્રવાલ હોટલ ત્યાંથી ઉત્તર પશ્ચિમ દિશા તરફ જમણી બાજુ પૂર્વે શાહીબાગ હોટલ, આદીશ્વર ટાવરથી આચાર્યશ્રી તુલસી સર્કલ સુધી (શાહીબાગ પોલીસ ચોકી વાળુ સર્કલ) ત્યાંથી ઉત્તર દિશાએ જમણીબાજુએ, પશ્ચિમે તેરાપંથ ભવનના સામેના મોનાલીસા કોમ્પ્લેક્ષ સુધી. ત્યાંથી પૂર્વ દિશા તરફ જમણી બાજુએ ઉત્તરે જૈન ઉપાશ્રયની (સુજાતા ફલેટ) સામે ચિરાગ એપાર્ટમેન્ટ થઈ, જૈન ઔષધ શાળા થઈ, મહાવીર સ્વામી ફલેટના કોર્નર સુધી. ત્યાંથી ઉત્તર દિશાએ જમણી બાજુએ પૂર્વે મહાનગરપાલિકાની શાળાની દિવાલે દિવાલે, પૂર્વ દિશાએ વળી જમણી બાજુએ આવેલ દક્ષિણે કીર્તિ એપાર્ટમેન્ટ થઈ પૂર્વે મહાદેવ કેમ્પ. સુધી. (સીવીલ હોસ્પિટલના ગેટ નં.-૧ની સામે) ત્યાંથી ઉત્તર દિશાએ, જમણી બાજુ, પૂર્વે બી. જે. મેડીકલ કોલેજ થઈ, નળકુંજ સોસા. થઈ વિઠ્ઠલનગર ચાર રસ્તા થઈ, નવીનચંદ્ર પાર્ક સોસા. થઈ પશ્ચિમે મીરાં પાર્કની સામે, સમવીદ ટાવર સામે, પૂર્વે બ્રહ્માકુમારી સર્ચલાઈટ થઈ અનમોલ બંગલાની સામે, ગોકુલ બંગલો થઈ, કેન્ટોન્મેન્ટના ઝાંપા નં. ૧ સુધી. ત્યાંથી જમણી બાજુએ પૂર્વ તરફ દક્ષિણે મહાનગરપાલિકાની અને કેન્ટોન્મેન્ટની હદે (ગોકુલ બંગલો, અનાજ ગોડાઉન અને ઘોડાકેમ્પ સુધી) એસ.આર.પી. કેમ્પના ઝાંપા સુધી, કેન્ટોન્મેન્ટ અને મહાનગરપાલિકાની હદે હદે થઈ ત્યાંથી ઉત્તર જમણી બાજુ કેન્ટોમેન્ટની દિવાલે દિવાલે જમણી બાજુ મહાનગરપાલિકાની હદે હદે ૧૩૨'ના રસ્તાના મધ્યભાગ સુધી. ત્યાંથી પૂર્વ દિશાએ ૧૩૨ ફૂટના રસ્તાના મધ્યભાગે જમણી બાજુએ દક્ષિણે લાખાણી ટી સ્ટોલના કોર્નર પૂર્વે (રવિ નિકેતન સોસા.ની સામે) સુધી ત્યાંથી દક્ષિણ તરફ પૂર્વે મેઘાણીનગર બ્લોક નં.-૫૦ની સામે અને મેઘાણીનગરના છેલ્લા બસ સ્ટેન્ડ થઈ જમણી બાજુ અંબામાતાના મંદિર થઈ પશ્ચિમે નવચેતના પ્રાથમિક શાળા થઈ, (મેઘાણીનગર પોલીસ સ્ટેશન સામે) ગવર્નમેન્ટ સ્ટાફ કવાર્ટર્સ, થઈ પૂર્વે મેઘાણીનગરના બાવલા વાળા રત્નાસાગર ચાર રસ્તા થઈ પશ્ચિમે મીનાબજાર થઈ દક્ષિણે જમણી બાજુએ પશ્ચિમે કલાપીનગરના છેલ્લા બસ સ્ટેન્ડ સુધી, ત્યાંથી દક્ષિણ પશ્ચિમ તરફ જમણી બાજુએ રોહીતદાસ ચાર રસ્તા સુધી, ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફ જમણી બાજુ ઉત્તરે કલાપીના બાવલા સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુએ ઉત્તરે કૈલાશનગર સોસા. થઈ, ગોકુલ એપાર્ટ. થઈ દક્ષિણે પાર્વતીનગર સોસા.ના સિવિલ હોસ્પીટલના કમ્પાઉન્ડની દિવાલ સુધી ત્યાંથી દક્ષિણ તરફ સિવિલ હોસ્પિટલની દિવાલે દિવાલે દક્ષિણે પોલીસ ચોકી સુધી, ત્યાંથી દક્ષિણ બાજુએ દક્ષિણે અસારવા સોસા.ની સામે જોગણી માતાના મંદિર થઈ, પશ્ચિમે ગ્રીન સીટી થઈ, ઉત્તરે મણીબેન માધવલાલની ચાલી (ખોડીદાસની જૂની ચાલી) સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુએ દક્ષિણે મોહન ટોકીઝના સામેના ચાર રસ્તા થઈ, ઉત્તરે જૂની

પટેલ સોસા. થઈ, બળીયા લીમડી ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જમણી બાજુએ પશ્ચિમે મંજુશ્રી મીલ થઈ વિશ્વવિદ્યાલય થઈ, આર્યોદયજીનીંગ મીલ થઈ, કુબેરપુરા (ભીલવાસ) થઈ અસારવા પુલના રસ્તે, અસારવા પુલના મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

નોંધ :- ઉપરોક્ત ઈલેકશન વોર્ડ નં.-૮ની હદનું જે વર્ણન છે. તેમાં "ફોર્ટ"નો વિસ્તાર મહાનગરપાલિકાની હદમાં આવતો નથી.

વોર્ડ નં. ૯-માધુપુરા

દિલ્હી દરવાજાથી શરૂ કરી ઉત્તર તરફ પશ્ચિમે દુધેશ્વર. ઘાસ બજારથી જમણા હાથે, પૂર્વે ગવર્નમેન્ટ ફોટો લીથો પ્રેસ થઈ, જયુપીટર મીલ કોલસાવાળી ચાલી, ત્રણ રસ્તાથી ઉત્તરે જમણી તરફ પૂર્વે તાવડી પુરા પોસ્ટ ઓફીસથી કલંદરી મસ્જિદ ક્રોસ રોડ સુધી, જમણી બાજુનો ભાગ, ત્યાંથી પૂર્વ તરફ દક્ષિણે દેવજીપુરા થઈ, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, શાહીબાગ એપ્રોચ સુધી, ત્યાંથી ઉત્તર તરફ જમણી બાજુએ, પૂર્વે જ્યોતિકા પાર્ક સોસા. થઈ, શાહીબાગ અંડર બ્રીજ સુધી, ત્યાંથી ઉત્તરે, રેલ્વે લાઈને લાઈને જમણી બાજુએ સાબરમતી, રેલ્વેબ્રીજના મધ્યભાગ સુધી, ત્યાંથી નદીના તટે તટે જમણી તરફ પૂર્વ દિશાએ, દક્ષિણે રાજભવન એનેક્ષી થઈ, ખડકધારેશ્વર મહાદેવ થઈ, ડફનાળા મહાનગરપાલિકાની લિમીટ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ અને કેન્ટોન્મેન્ટ હદે હદે જમણી બાજુએ કેન્ટોન્મેન્ટ ચેક પોસ્ટ ઝાપા નં.-૧ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જમણી બાજુએ સમવિદ ટાવર થઈ, સિવિલ હોસ્પિટલ તરફના રસ્તે, જમણી તરફ, પશ્ચિમે ગ્રીન પાર્ક, વિઠ્ઠલનગર, ધાભરનગર સોસા. થઈ અગ્રસેન ટાવર સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જમણી બાજુએ ઉત્તરે કાનજીનગરના છાપરાં સુધી જમણી બાજુ. ત્યાંથી દક્ષિણ દિશા તરફ દક્ષિણે પ્રીતમપુરા મહાનગરપાલિકાની શાળા નં. ૩-૪ની સામેના રસ્તે, જમણી બાજુનો ભાગ દક્ષિણે જૈન પૌષધશાળા થઈ દક્ષિણે સુજાતા ફલેટ સુધીનો જમણી તરફનો ભાગ ત્યાંથી દક્ષિણે લાડલાપીર દરગાહ, આચાર્ય તુલસી સર્કલ થઈ પૂર્વ દિશા તરફના રસ્તાની જમણી બાજુ, પશ્ચિમે ચંદ્રમણી હોસ્પિટલ થઈ, રામવાટીકા, ગીરધર ડેરીથી દક્ષિણ દિશા તરફ, ગીરધરનગર બ્રીજની નીચેના રસ્તે પશ્ચિમે વંદના સ્કુલ થઈ માકુભાઈનાં છાપરાં સુધીનો જમણી દિશા તરફનો ભાગ. ગીરધરનગર બ્રીજ તથા રેલ્વે લાઈન જંકશનથી રેલ્વેની લાઈને લાઈને મુશા સુહાગ કબ્રસ્તાન થઈ કાલુપુર પુલના મધ્યભાગ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુએ ઉત્તરે કાલુપુર ઓકટ્રોય ઓફિસની સામે આવેલ ટ્રાફિક પોઈન્ટ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુએ કાલુપુર દરવાજા સુધી, ત્યાંથી ઉત્તર દિશાએ કોટની રાંગે રાંગે, જમણી બાજુએ પશ્ચિમે પ્રેમ દરવાજા થઈ, ઉત્તર દિશા તરફની જમણી બાજુએ ઈદગાહ સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણે દરિયાપુર દરવાજા સુધીનો જમણી બાજુનો ભાગ, ત્યાંથી પશ્ચિમ દિશાએ કોટની રાંગે રાંગે દીલ્હી દરવાજા સુધીના જમણી બાજુના ભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૦.-દુધેશ્વર

શાબીબાગ અંડરબ્રીજનાં મધ્યભાગેથી શરૂ કરી દક્ષિણ તરફ રોડની જમણી બાજુએ પશ્ચિમે બોમ્બે ગેરેજથી એમ. આર. હોસ્ટેલ કોર્નર સુધી, ત્યાંથી પશ્ચિમે જમણી તરફ ઉત્તરે ગર્વ. એ કોલોની થઈ, કલંદરી મસ્જિદની સામેના દક્ષિણ તરફના રસ્તા પર પશ્ચિમે જયંત એસ્ટેટ થઈ, ત્યાંથી દક્ષિણે જમણી બાજુએ અમદાવાદ ડાઈંગ થઈ ગુરુદ્વારા થઈ દુધેશ્વર પોલીસ ચોકી થઈ, વિકટોરીયા આયર્ન વર્કસ થઈ, લાલાકાકા શાકમાર્કેટ થઈ, દિલ્હી દરવાજા ટ્રાફિક પોઈન્ટ સુધી, ત્યાંથી પશ્ચિમે દિલ્હી દરવાજાથી કોટની રાંગે રાંગે જમણી બાજુએ શાહપુર દરવાજા સુધી, ત્યાંથી ઉત્તર તરફ શાહપુર દરવાજા બહાર ટ્રાફિક સર્કલ સુધી, ત્યાંથી પશ્ચિમે શાહપુર પોલીસ ચોકીથી રોડની જમણી બાજુએ, ઉત્તરે શાહપુર ટ્યુટોરીયલ હાઈસ્કુલ થઈ, અદ્વૈત આશ્રમ થઈ, ગાંધી બ્રીજના મધ્યભાગ સુધી, ત્યાંથી ઉત્તરે નદીના મધ્યભાગે થઈને જમણી તરફ નદીના (પટે પટે) મધ્યભાગે, સાબરમતી રેલ્વે બ્રીજના મધ્યભાગ સુધી, ત્યાંથી જમણી બાજુએ દક્ષિણે રેલ્વે લાઈને લાઈને શાહીબાગ અંડરબ્રીજના મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૧.-જૂનાવાડજ

ગાંધીપુલના મધ્યભાગેથી શરૂ કરી જમણા હાથે પશ્ચિમ તરફ ઉત્તરે રિઝર્વબેન્ક એસિક ભવન થઈ, આશ્રમરોડ ગાંધીજીના બાવલા સુધી, ત્યાંથી જમણા હાથે ઉત્તર તરફ આશ્રમ રોડે રોડે પૂર્વે નવગુજરાત કોલેજ, ઔડાની ઓફિસ થઈ ઉસ્માનપુરા ચાર રસ્તા થઈ સુપથ-૨ ફલેટ થઈ, પૂર્વે જૂના વાડજ બસ ટર્મિનસના ટ્રાફિક સર્કલ પોલીસ ચોકી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જમણા હાથે ઉત્તરે ચામુંડાની ચાલી, તુલશીશ્યામ ફલેટ થઈ ઉત્તર તરફ જમણા હાથે પૂર્વે આશીયાના ફલેટ ભીમજીપુરા ચાર રસ્તા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જમણા હાથે દક્ષિણે કાંતિ એપાર્ટમેન્ટ થઈ સુહાસ એપાર્ટમેન્ટ થઈ રિધ્ધિ સિધ્ધિ રો હાઉસ થઈ રામદેવપીરનો ટેકરો એપ્રોચ સુધી, ત્યાંથી ઉત્તર દિશાએ જમણા હાથે પૂર્વે રામદેવપીરનો ટેકરો, નવા વાડજ પોલીસ ચોકી થઈ પૂર પીડીત નગર થઈ ૧૩૨ ફૂટના રીંગ રોડ ક્રોસ કરી સૌરભ હાઈસ્કુલની પાસે આવેલ મહાનગરપાલિકાની હદ સુધી. ત્યાંથી પૂર્વે મહાનગરપાલિકાની હદે હદે દક્ષિણે ફા. પ્લોટ નં. ૮૨૦, ૮૨૧, ૮૨૨, ૮૨૩ થઈ ઉત્તરે સાબરમતી સેન્ટ્રલ જેલ પાસેની મહાનગરપાલિકાની હદે હદે જમણા હાથે પૂર્વે બ્રોડગેજ રેલ્વે સ્ટેશન થઈ સર્વે નં. ૨૭૨ તથા ઉત્તરે બી. બી. એન્ડ સી.આઈ.ની રેલ્વે યાર્ડની દક્ષિણ હદ સુધી. ત્યાંથી દક્ષિણે રેલ્વે લાઈને લાઈને રેલ્વે ઓવરબ્રીજના મધ્ય ભાગ સુધી. ત્યાંથી સાબરમતી નદીના મધ્ય ભાગેથી સુભાષબ્રીજના મધ્ય ભાગને ક્રોસ કરી

ગાંધીપુલના મધ્ય ભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૨. નવા વાડજ

નારણપુરા રેલ્વે ક્રોસીંગનાં મધ્ય ભાગથી ઉત્તર તરફ મીટર ગેઈજ રેલ્વે લાઈનની હદે હદે વાસુકી નગર, શિવશક્તિ નગરની પશ્ચિમે થઈ નિર્ણયનગર ગરનાળા સુધી, ત્યાંથી ઈશાન દિશામાં મહાનગરપાલિકાની હદે હદે આનંદ નગરની ઉત્તરે થઈ ફા. પ્લોટ નં. ૩૯૩, ૭૯૧, ૭૯૪, ૪૦૫ ઉમિયાનગરની ઉત્તરે મહાનગરપાલિકાની હદે હદે ફા. પ્લોટ નં. ૪૦૮ ત્યાંથી દક્ષિણે ફા. પ્લોટ નં. ૮૨૪, ૪૧૦, ૪૧૨, ૮૦૮, ૭૮૮ ૭૫૯/૨, નીલદીપ એપાર્ટમેન્ટ,એન. આર. પટેલ પાર્ક વિભાગ-૨, કૃષ્ણ ગોકુલ એપાર્ટમેન્ટની પૂર્વમાં થઈ રામદેવપીર ટેકરા, ગૌશાળા એપ્રોચ રોડ સુધી. ત્યાંથી પશ્ચિમે ભીમજીપુરા ચાર રસ્તા અને કીરણપાર્ક ત્રણ રસ્તા તરફ જતાં રોડની હદે હદે કીરણપાર્ક ત્રણ રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ગોપાલક સોસાયટી, વાડજ ટયુબવેલ સ્ટેશન, નંદીગ્રામ સોસાયટીની પૂર્વમાં થઈ વણીરાજ સોસાયટી જૈન દેરાસર, ચંડી ચામુંડા પાર્કની ઉત્તરે થઈ દક્ષિણ તરફ ફા. પ્લોટ નં.-૭૦ની પૂર્વમાં થઈ ઋગ્વેદ હોસ્પિટલ થઈ ચેહર માતાના માઢના ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સંતુર ફલેટની દક્ષિણે થઈ નારણપુરા રેલ્વે ક્રોસીંગના મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૩.-નારણપુરા

નારણપુરા રેલ્વે ક્રોસીંગના મધ્ય ભાગથી પશ્ચિમ તરફ ભુયંગદેવ ચાર રસ્તા તરફ જતાં રોડની હદે હદે નારણપુરા ચાર રસ્તા, ટોરેન્ટ એ.ઈ.સી. પારસનગર રામેશ્વર એપાર્ટમેન્ટ, અર્બન ફલેટની દક્ષિણે થઈ ભુયંગદેવ ચાર રસ્તાની મહાનગરપાલિકાની હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ મહાનગરપીલિકાની હદે હદે ફા. પ્લોટ નં. ૨૧૭, ૨૨૨, ૨૨૪, ૨૨૬ની ઉત્તરે થઈ ફા. પ્લોટ નં. ૨૨૭, ૨૩૦/૧, ૨૩૩ રન્નાપાર્ક ઓકટ્રોય નાકાની પશ્ચિમે થઈ પૂર્વ તરફ ફા. પ્લોટ નં. ૨૩૭, ૨૩૮/૧, ૨૬૦/૧, ગુ.હા. બોર્ડની ઉત્તરે થઈ મીટર ગેજ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણે મીટર ગેજ રેલ્વે લાઈનની હદે હદે નારણપુરા રેલ્વે ક્રોસીંગના મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૪.-સરદાર પટેલ સ્ટેડીયમ

જુની ગુજરાત હાઈકોર્ટના રેલ્વે ક્રોસીંગનાં મધ્યભાગેથી પશ્ચિમ તરફ મહાનગરપાલિકાના સ્નાનાગારના દક્ષિણે થઈ સ્ટેડિયમ પાંચ રસ્તા ટ્રાફિક સર્કલ સુધી. ત્યાંથી ઉત્તરે સરદાર પટેલ સ્ટેડિયમ, ચંદ્રોદય સોસાયટી, મહાદેવનગરની પશ્ચિમે થઈ સરદાર પટેલના બાવલાના ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમે નવરંગ હાઈસ્કુલ છ રસ્તા થઈ દર્પણ સોસાયટી છ રસ્તા થઈ, સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલના દક્ષિણે થઈ ગોપાલનગર થઈ ૧૩૨ ફુટ રીંગ રોડ ક્રોસ કરી જાદવનગરના દક્ષિણે થઈ ઉત્તર તરફ ફા. પ્લોટ નં. ૧૨૮, ૧૩૦, ૧૩૧, ૨૦૩, ૨૦૨, ૧૯૫ થી મહાનગરપાલિકાની હદે હદે મેમનગર તલાવ થઈ ફા. પ્લોટ નં. ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૬ થઈ પૂર્વ તરફ ફા.પ્લોટ નં. ૩૬૮, ૩૭૪, શ્રીનગર એપાર્ટમેન્ટ, ગોકુલ એપાર્ટમેન્ટ થઈ ખોડિયાર માતાના મંદિરે ઉત્તરે થઈ આનંદ પાર્ક થઈ અમરનાથ સોસાયટીના ઉત્તરે થઈ નારણપુરા રેલ્વે ક્રોસીંગના મધ્ય ભાગેથી રેલ્વે લાઈન ક્રોસ કરી શાલીભદ્ર એપાર્ટમેન્ટ સુધી. ત્યાંથી ઉત્તરે સુમિતનગરના પશ્ચિમે થઈ સહયોગ સ્કૂલ થઈ સ્નેહ સંગમ સુધી. ત્યાંથી પશ્ચિમે માલધારી સોસા. ના દક્ષિમે થઈ અંબિકા સોસાયટી સુધી. ત્યાંથી ઉત્તરે મેવાવાલા નગરના પશ્ચિમે થઈ પ્રેમનગર સોસા. થઈ અનિરૂધ્ધ સોસાયટીના બંગલા નં. ૬૨ના ત્રણ રસ્તા સુધી. ત્યાંથી પૂર્વે મેલડી માતાના મંદિરે થઈ ભીમજીપુરા ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણે મહેસાણા સોસા.ના ઉત્તરે થઈ વાડજ પોલીસ ચોકી સામેના ટ્રાફિક સર્કલ સુધી. ત્યાંથી દક્ષિણે વાડજ ટર્મિનલના પૂર્વ બાજુએ થઈ આશ્રમ રોડના મધ્ય ભાગે થઈ આઝાદ સ્વીટ માર્ટ, ઉસ્માનપુરા પ્રસુતિ ગૃહ, કર્ણાવતી સોસા. ગુજરાત વિદ્યાપીઠની પૂર્વ તરફ થઈ નવદીપ બિલ્ડીંગ, ગાંધીજીના બાવલા ઈન્કમટેક્ષ ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમે જુની ગુજરાત હાઈકોર્ટ રેલ્વે ક્રોસીગના મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૫.-શાહપુર

શાહપુર દરવાજાથી શરૂ કરી દક્ષિણ તરફ જતા પશ્ચિમે મહાનગરપાલિકાની દવાખાનાથી ટી જંકશન સુધી, ત્યાંથી લાલ સ્કૂલ થઈ, રંગીલા પોલીસ ચોકી સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં જમણી બાજુએ, દક્ષિણે નગીનાપોળ થઈ, આંબલીવાળી પોળ થઈ, ઓતમ પોળ થઈ, પૂર્વ આર. સી. સ્કુલના રોડના મધ્યભાગ સુધી, ત્યાંથી દક્ષિણે જમણા હાથ તરફ, પૂર્વ પ્રભાત પ્રેસ ટ્રાફીક પોઈન્ટ થઈ, પશ્ચિમે મીરઝાપુર કોર્ટ થઈ, દિલ્હી ચકલા પોલીસ ચોકી થઈ, ત્રણ ખુણીયા બગીચા થઈ, પારસી ધર્મશાળા થઈ, રીલીફ સીનેમા થઈ, મહાવીર ચેમ્બર થઈ, નિશાત હોટલ થઈ, પૂર્વ તરફ જતા, ત્રણખુણીયા બગીચા થઈ, ખાસ બજાર થઈ, દક્ષિણ તરફ પશ્ચિમે બુખારા મહોલ્લા થઈ ખમાસા ચાર રસ્તા સુધી, ત્યાં થઈ પશ્ચિમે જમણા હાથે, ઉત્તરે આઈ.પી. મીશન સ્કુલ, ચર્ચ થઈ, નશાબંધી કચેરી થઈ, વિવેકાનંદ બ્રિજ (એલીસબ્રિજ) ના મધ્યભાગ સુધી. ત્યાંથી ઉત્તરે નદીના મધ્યભાગથી નહેરૂ બ્રીજના મધ્યભાગ થઈ, ગાંધી બ્રીજના મધ્યભાગ થઈ, પૂર્વ તરફ જતા જમણા હાથે, દક્ષિણે શંકરભુવન થઈ, શાહપુર દરવાજા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૬.-દરિયાપુર

આર. સી. હાઈસ્કુલની સામે હાજી બિલ્ડીંગથી પશ્ચિમ દિશા તરફ જતા ઉત્તરે કેનેડી પોળ થઈ મોટી રંગીલા પોળ થઈ ઉત્તરે પૂર્વ તરફ મંકોડી પાડા પોળ થઈ, પથ્થરવાળી મસ્જિદ થઈ શાહપુર દરવાજા સુધી ત્યાંથી પૂર્વ દિશાએ કોટની રાંગે રાંગે જમણા હાથે દક્ષિણે જીવણ કમળશીની પોળ થઈ હલીમની ખડકી થઈ દિલ્હી દરવાજા થઈ કોટની રાંગે રાંગે સલાટ વાડા થઈ મસ્જિદ સુધી પૂર્વે દરિયાપુર દરવાજા સુધી ત્યાંથી ઉત્તરે જમણા હાથે પૂર્વે મનસુરીની ચાલી થઈ વસંત ટોકીઝ થઈ ઈદગાહ સર્કલ સુધી ત્યાંથી દક્ષિણે જમણી બાજુ પશ્ચિમે જુગલદાસની ચાલી થઈ રોડના મધ્ય ભાગથી પ્રેમ દરવાજા સુધી ત્યાંથી કોટની રાંગે રાંગે પશ્ચિમે ચંદન ઢોર પુરવાના ડબ્બે થઈ કાલુપુર દરવાજા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ઉત્તરે ભંડેરી પોળ થઈ જમણા હાથે કાલુપુર હવા ટાવર સુધી ત્યાંથી ઉત્તરે પુર્વે કરોડા પોળ થઈ જીવણ પોળ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દક્ષિણે ડબગરવાડ પોલીસ ચોકી સુધી ત્યાંથી ઉત્તરે જમણા હાથે પૂર્વે ચંગીજ પોળ થઈ તંબુ ચોકી સુધી (જોર્ડન રોડ) ત્યાંથી પશ્ચિમે જમણા હાથે ઉત્તરે પંચાલ બિલ્ડીંગ થઈ જમણા હાથે મોટી પોળ થઈ દિલ્હી ચકલા સુધી ત્યાંથી ફરકી કોર્નરથી દક્ષિણે જમણા હાથે મીરઝાપુર રોડે રોડે પશ્ચિમે ભોઈવાડા થઈ પૂર્વે આર. સી. હાઈસ્કૂલના સામે હાજી બિલ્ડીંગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૭.-સરસપુર

કાલુપુર ઓવરબ્રીજના મધ્યભાગેથી ઓવરબ્રિજના નીચે ઈટવાડા થઈ પૂર્વ દિશાએ જમણી બાજુએ પૂર્વે ગુજરાત કોટન મીલ થઈ, ઈન્ડિયન જીનીંગ એન્ડ પ્રેસીંગ મીલ થઈ, દક્ષિણે અમદુપુરા સ્વદેશી મીલ થઈ ચામુંડા ઓવરબ્રીજ સુધી ત્યાંથી ઓવરબ્રીજ નીચેથી દક્ષિણ દિશાએ વોરાના રોજા ચાર રસ્તા સુધી, ત્યાંથી પૂર્વ દિશાએ જમણી બાજુએ દક્ષિણે નૂતન મીલ થઈ પીકર્સના કારખાના થઈ, તપોવન સોસાયટીના કોર્નર સુધી. ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુએ ઉત્તરે તપોવન સોસાયટી થઈ ત્યાંથી પશ્ચિમમાં મંછાની મસ્જિદ ચાર રસ્તા સુધી ત્યાંથી. પૂર્વ દિશાએ મંછાની મસ્જિદની જમણી બાજુએ દક્ષિણે અંબર સિનેમા થઈ સોરાષ્ટ્ર પટેલ સોસાયટીના કોર્નર સુધી. ત્યાંથી દક્ષિણે સોનારીયા બ્લોક ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુ ઉત્તરે સોનારીયા બ્લોક થઈ મેથોડિસ્ટ ચર્ચ ત્રણ રસ્તાથી ઉત્તરે પશ્ચિમ તરફ જમણી બાજુ ઉત્તરે વિક્રમ મીલની ચાલી થઈ, સત્યમ ફ્લેટ ત્રણ રસ્તા જંકશનથી રાયપુર મીલ ચાર રસ્તાથી ઉત્તર તરફ જમણી બાજુ થઈ ડૉ. હરિભાઈ ગોદાણીના દવાખાનાના ચાર રસ્તા સુધી. ત્યાંથી સરસપુર ગામની હદે હદે ઉત્તરે આંબેડકર હોલ સુધી. ત્યાંથી-પશ્ચિમે દક્ષિણ દિશા તરફ ઉત્તરે આર. સી. ટેકનીકલ સ્કુલ થઈ, રેલ્વે લાઈનના મધ્ય ભાગ સુધી. ત્યાંથી રેલ્વે લાઈનના મધ્ય ભાગ થઈ કાલુપુર ઓવરબ્રીજના મધ્ય ભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૮. પોટલીયા

ચામુંડા માતાના મંદિર પાસેના સર્કલથી શરૂ કરી ઉત્તર દિશાએ નરોડા રોડની જમણી બાજુના રસ્તે દક્ષિણે અરવિંદ મીલ થઈ ન્યુ કોમર્શીયલ મીલ, અશોક મીલ, વિજય મીલ થઈ નવી ફુટ માર્કેટ થઈ બંસીધર મીલ થઈ ૧૩૨' નો રોડ (મેમ્કો ચાર રસ્તા) ક્રોસ કરી નરોડા રોડ આગળ થઈ દક્ષિણે સર્વે નં. ૩૫૨ કુબેરદાસની ચાલી થઈ, નારાયણ પોટરી થઈ, હનુમાનજીના મંદિર થઈ, પૂર્વ તરફ ત્રણ રસ્તા થઈ ત્યાંથી ત્યાંથી જી. ડી. હાઈસ્કુલ વાળા રસ્તે દક્ષિણે જમણી બાજુ ઉત્તરે-પશ્ચિમે ચામુંડા સોસા. જય રઘુવીર સોસા. અંબિકાનગર થઈ ૧૩૨'ના રોડથી પહેલા પૂર્વે સર્વે નં. ૩૪૪ના પૂર્વ-દક્ષિણ તરફ રોડ પર દેવભુમિ એપાર્ટમેન્ટની સામેની બાજુથી દક્ષિણ તરફ જમણી બાજુ પૂર્વે ચામુંડા ડેરીની સામેના ભાગમાં દક્ષિણ-પશ્ચિમ દિશાએ વિષ્ણુ એપાર્ટમેન્ટ શીતવન એપાર્ટમેન્ટ, સમીર શીતવન સોસા. થઈ દક્ષિણે સર્વે નં. ૧૧૦૪ની પૂર્વ તરફની હદે આગળ વધતા દક્ષિણ તરફ જમણી બાજુ દક્ષિણે સર્વે નં. ૧૧૧૨ની પૂર્વ તરફ થઈ દક્ષિણ તરફ જમણી બાજુ પશ્ચિમે આસોપાલવ સોસા. મેઘમણી સોસા. થઈ હર્ષદ કોલોનીના કોટે રાજલક્ષ્મી સોસા. થઈ વ્રજકોલોનીથી શકિતધારા સોસા. સુધી. ત્યાંથી પૂર્વ તરફ જમણી બાજુના વિસ્તારે દક્ષિણે માતૃશકિત સોસા. થઈ જનતાનગર વિભાગ-૨, કૈલાસધામ સોસા. સોમનાથ સોસા. થઈ હરિઓમ શોપીંગ સેન્ટરથી ઠક્કરબાપા નગર એપ્રોચ સુધી. ત્યાંથી દક્ષિણે હાઈવે નં. ૮-ઉપર જમણી બાજુએ પૂર્વે સબરસ સુવાસ હાઈસ્કુલ થઈ બ્રહ્મણી માતાના મંદિર સુધી. ત્યાંથી પશ્ચિમે જમણી બાજુ ઉત્તરે ગુજરાત હાઉસીંગ બોર્ડના વૈશાલી ફ્લેટસ આમ્રપાલી ફ્લેટ તથા ભકિતનગરના હાઉસીંગ બોર્ડના મકાનોના કોટે થઈ બાપુનગર ચાર રસ્તા સુધી. (૧૩૨' જંકશન, એ. બી. વિદ્યાલય) સુધી. ત્યાંથી એજ રોડ પશ્ચિમ તરફ જમણી બાજુના વિસ્તારે ઉત્તરે ભીડભંજન હનુમાન થઈ, ઈન્દુલાલ યાજ્ઞિક હોલ થઈ ગર્વ. 'ઈ' કોલોની થઈ પૂર્વે ગુજરાતી શાળા નં. ૭, ૮ના જંકશન સુધી (મંછાની મસ્જિદ સુધી) ત્યાંથી ઉત્તરે જમણી બાજુ પૂર્વે 'ઈ' કોલોની થઈ પૂર્વે આધુનિક પાર્ક થઈ, આશાપુરી વાવના ચાર રસ્તા થઈ, ત્યાંથી પશ્ચિમે જમણી બાજુના પીકર્સના કારખાના થઈ ઉત્તરે અરવિંદ મીલના કોટે કોટે વોરાના રોજા ચાર રસ્તા સુધી, (લાકડાના પીઠા સુધી) ત્યાંથી ઉત્તરે જમણી બાજુ પૂર્વે હરીજન મ્યુનિ. હેલ્થ કૂવા થઈ ચામુંડા માતાજીના મંદિરના સર્કલ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૯-ઠક્કરબાપાનગર

કૃષ્ણનગર બસ સ્ટેન્ડથી પૂર્વ દિશાએ જમણી બાજુએ દક્ષિણે કૃષ્ણ વિદ્યાવિહાર થઈ કૃષ્ણનગર હાઉસીંગ બ્લોક નંબર ૧૩એની કમ્પાઉન્ડ વોલની હદથી શરૂ કરી કૃષ્ણનગર હાઉસીંગ બ્લોકની હદે હદે બ્લોક નં. ૭૪ ઈ થઈ દક્ષિણ દિશાએ જમણી બાજુ

IV-C Ex.-174-14

INDEX

પશ્ચિમે નોબલ હાઈસ્કુલ થઈ ત્યાંથી પૂર્વ દિશાએ જમણી બાજુ દક્ષિણે ગંગોત્રી સોસા. થઈ. હરિકૃપા સોસાયટી થઈ ત્યાંથી દક્ષિણ દિશા તરફ થઈ ખારીકટ કેનાલની હદે હદે થઈ પશ્ચિમે ભૂમિપાર્ક સોસાયટી થઈ ખારીકટ કેનાલની હદે હદે થઈ પશ્ચિમ તરફદક્ષિણે રાજીવ પાર્ક સોસાયટી સામેના ભાગે ટી. પી. સ્કીમ રસ્તાની મધ્ય ભાગની જમણી બાજુએ ઉત્તરે શ્યામ પાર્ક સોસાયટી, સરદાર ચોક ચાર રસ્તાની પશ્ચિમ દિશાએ જમણી બાજુ ઉત્તરે નિલમ બંગલોઝ નિલકંઠ ફલેટ થઈ, વિશ્વાસ ફલેટ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા જમણી બાજુ પશ્ચિમે પુષ્પરાજ એપાર્ટમેન્ટ થઈ પશ્ચિમ તરફ જતા દક્ષિણે વિક્રમ પાર્કના કોટે કોટે નાળિયા રોડ થઈ સર્વે નં. ૨૦૩ સુધી, ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૩૨૦ના દક્ષિણ દિશા તરફ જતા પૂર્વે વિક્રમ પાર્કના ઝાંપા સુધી (સર્વે નં. ૨૩૦ના કોર્નર સુધી), ત્યાંથી પશ્ચિમ તરફ દક્ષિણે કેવડાજીની ચાલીના સામેના ભાગે થઈ જમણી બાજુ ઉત્તરે મધુર હોટલ થઈ નેશનલ હાઈવેના મધ્ય ભાગ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ નેશનલ હાઈવે નં. ૮ના મધ્ય ભાગેથી દક્ષિણ ભાગે હાઈવે રસ્તાની આગળ આગળ જમણી બાજુ પશ્ચિમે શ્યામ કોમ્પલેક્ષ, ઉર્વશી કોમ્પલેક્ષ થઈ નેશનલ હાઈવે નં. ૮ના ઠક્કરબાપાનગર ચાર રસ્તાની મધ્યભાગે પશ્ચિમ દિશાએ જમણી બાજુએ ઉત્તરે ત્રિમૂર્તિ કોમ્પલેક્ષ થઈ, એસ. કે. કોમ્પલેક્ષ થઈ સેન્ટર પોઈન્ટ બિલ્ડીંગ થઈ, આગળ હરિઓમ સોસાયટી થઈ, પશ્ચિમ દિશાના રસ્તાએ જતા ઉત્તરે ઈલા સોસાયટી થઈ દિનેશ ચેમ્બર્સ પહેલા પશ્ચિમે શિવજ્યોત આંખની હોસ્પીટલ થઈ ઉત્તર દિશાએ જમણી બાજુ ઉત્તરે સર્વે નં. ૨૭૮, ૨૭૯ થઈ, આગળ વધતા પૂર્વે દક્ષિણે સર્વે નં. ૨૮૦ની પૂર્વ દિશાએ જમણે હાથે દક્ષિણે સર્વે નં. ૨૮૧ થઈ, પૂર્વે સર્વે નં. ૨૮૫ થઈ, ઉત્તર દિશાએ જમણી બાજુે પૂર્વે સર્વે નં. ૨૮૬ થઈ પૂર્વ થઈ ઉત્તરે સર્વે નં. ૩૦૦થી પશ્ચિમ દિશાએ જમણી બાજુ ઉત્તરે સર્વે નં. ૩૦૧ના ઉત્તર દિશાએ થઈ, પશ્ચિમ દિશાએ ઉત્તરે સર્વે નં. ૩૦૨ થઈ ઉત્તર દિશાએ જમણી બાજુ ઉત્તરે ચામુંડા ડેરી થઈ, પશ્ચિમ દિશાએ દેવભૂમિ સોસાયટી થઈ પૂર્વે સર્વે નં. ૩૪૪થી ઉત્તર દિશા તરફ રસ્તાના મધ્ય ભાગના જમણી બાજુ રસ્તે રસ્તે પૂર્વે જી. ડી. હાઈસ્કુલ થઈ આગળના રસ્તાની પૂર્વ દિશાએ થઈ રસ્તાના મધ્ય ભાગના જમણી બાજુ રસ્તે રસ્તે કૃષ્ણનગર બસ સ્ટેન્ડના ચાર રસ્તા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૦-ઠક્કરબાપા-એપ્રોચ

નેશનલ હાઈવે પર ખોડીયાનગર ચાર રસ્તાથી શરૂ કરી ઉત્તર તરફ જમણી બાજુના વિસ્તારે નેશનલ હાઈવે હાઈવે ઠક્કરબાપાનગર એપ્રોચ થઈ, હાઈવે હાઈવે પૂર્વે ચમક ચુના ફેકટરી કેવડાની ચાલી (મધુરિ હોટલ સામે) સુધી આવી ત્યાંથી પૂર્વ તરફ જમણી બાજુના વિસ્તારે પૂર્વે વિક્રમ પાર્કના દરવાજા સુધી આવી ત્યાંથી ઉત્તરે વિક્રમ પાર્કના કોટે કોટે જમણી બાજુના વિસ્તારે પૂર્વ તરફ વળી વિક્રમ પાર્કના કોટે કોટે ખુલ્લા પ્લોટ સુધી આવી ત્યાંથી ઉત્તરે જમણી બાજુના વિસ્તારે દક્ષિણે અંકુર ઈંગ્લીશ સ્કુલ, (પુષ્પરાજ ફલેટ સામે) રોડના જંકશન સુધી આવી ત્યાંથી પૂર્વે જમણી બાજુના વિસ્તારે રોડે રોડે સરદાર ચોક થઈ ઉત્તરે રાજીવ પાર્ક થઈ કેનાલ સુધી આવી ત્યાંથી દક્ષિણ દિશાએ કેનાલે કેનાલે મહાનગરપાલિકાની હદે હદે પશ્ચિમે ચન્દ્રમૌલી ફલેટ થઈ જમણી બાજુના વિસ્તારે પશ્ચિમે નરોડા રેવન્યુ સર્વે નં. ૧૦૬૮ થઈ નિકોલગામ જવાના રોડના ગરનાળા સુધી આવી ત્યાંથી પૂર્વ તરફ મહાનગરપાલિકાની હદે હદે પશ્ચિમે નિકોલ રેવન્યુ સર્વે નં. ૨૫૯ તથા ૨૬૧ના કોર્નર સુધી આવી ત્યાંથી દક્ષિણે જમણી બાજુના વિસ્તારે પશ્ચિમે નિકોલના રેવન્યુ સર્વે નં. ૧૫૨/બીના પૂર્વ તરફની હદે હદે આવી પશ્ચિમ તરફ જમણીબાજુના વિસ્તારે કેનાલના કોર્નર પાસે સર્વે નં. ૧૫૫૧ના પશ્ચિમ તરફના કોર્નર કેનાલ ગરનાળા પાસે પશ્ચિમે જગદીશ પાર્ક સોસા. સુધી આવી, ત્યાંથી ઉત્તરે ગ્રીષ્મા એપાર્ટ (શ્રીનાથ પાર્ક પાસે) આવી ત્યાંથી પશ્ચિમે જુના નેળિયે નેળિયે જમણીબાજુના વિસ્તારે ઉત્તરે મહેશનગર થઈ ઉત્તમનગર સામે નિકોલગામ રોડ સુધી આવી ત્યાંથી પશ્ચિમે નિકોલ રોડે રોડે ઉત્તરે ઈન્દ્રજીત ટેનામેન્ટ સહજાનંદ એપાર્ટ. સુધી આવી ત્યાંથી ઉત્તરે જગદીશ કોમ્પલેક્ષ થઈ સ્મશાનવાળા રોડે લીલાનગર રોડે રોડે પશ્ચિમે સતાધારનગર થઈ ખોડીયારનગર રોડ પર સતાધારનગર-૨ સુધી આવી ત્યાંથી પશ્ચિમે ખોડિયારનગર રોડે રોડે નેશનલ હાઈવે પર ખોડિયારનગર ચાર રસ્તા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૧-બાપુનગર

નેશનલ હાઈવે નં.-૮ ઉપર જુના લીલાનગર ચાર રસ્તાથી શરૂ કરી દક્ષિણે જમણા હાથે નેશનલ હાઈવે હાઈવેની હદે-હદે પશ્ચિમે રખીયાલ સર્વે નંબર ૧૪૦ રામનગર સોસાયટી આવી (વિરાટનગર ચાર રસ્તા સુધી) ત્યાંથી પશ્ચિમે જમણા હાથે મરઘા ફાર્મ રોડની હદે હદે મલેકસાબાન તળાવની દક્ષિણ હદે થઈ ઉત્તરે મદદનીશ પોલીસ સુપ્રી. "એચ" વિભાગની કચેરીના કોર્નર, ૧૩૨ ફૂટના જંકશન સુધી આવી ત્યાંથી ઉત્તર તરફ જમણી બાજુના વિસ્તારે ૧૩૨ ફૂટ રીંગ રોડ પર ૧૩૩ ફૂટના બસ સ્ટેન્ડના ઈશાનખૂણે નવા બાપુનગર પોલીસ લાઈન ત્રણ રસ્તા સુધી આવી ત્યાંથી પશ્ચિમે જમણી બાજુના વિસ્તારે લીમડા ચોક થઈ દક્ષિણે બાપુનગર જનરલ હોસ્પિટલ ક્વાર્ટર્સ થઈ સોનેરીયા ચાલી ત્રણ રસ્તા સુધી આવી ત્યાંથી ઉત્તર તરફના જમણી બાજુના વિસ્તારે પૂર્વે પ્રભુવીર સોસાયટી થઈ ઉત્તરે ઈન્દુલાલ યાજ્ઞિક હોલ ત્રણ રસ્તા સુધી આવી ત્યાંથી ત્યાંથી પૂર્વ તરફ જમણી બાજુના વિસ્તારે બાપુનગર ચાર રસ્તા સુધી (૧૩૨ ફૂટ રોડના જંકશને) આવી ત્યાંથી સીધાજ નિકોલ ગામ તરફના જુના રસ્તે રસ્તે જમણી બાજુના વિસ્તારે નેશનલ હાઈવે નં.-૮ ઉપર દક્ષિણે વૃંદાવન શોપીંગ સેન્ટર તથા ઉત્તરે સબરસ સુવાસ વિદ્યાલય નેશનલ હાઈવે નં.-૮ ઉપર જુના લીલાનગર ચાર રસ્તા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.-૨૨.-રખિયાલ

સારંગપુર રેલ્વે ઓવરબ્રીજના મધ્યભાગથી શરૂ કરી ઉત્તર તરફ જમણી બાજુના વિસ્તારે રેલ્વે લાઈને-લાઈને આર. સી. ટેકનીકલના દક્ષિણ છેડાની સામે આવી ત્યાંથી પૂર્વ તરફ જમણી બાજુના વિસ્તારે દક્ષિણે હંજર સિનેમા માણેકલાલ મીલ થઈ આંબેડકર હોલના દક્ષિણ છેડા થઈ જાલમપુરીની ચાલી અમદાવાદી દરવાજા સુધી આવી ત્યાંથી દક્ષિણે સરસપુર ગામ ને દક્ષિણ હદે હદે ડૉ. ગોદીણીના દવાખાનાના ચાર રસ્તા સુધી આવી ત્યાંથી દક્ષિણ બાજુના વિસ્તારે રાયપુર મીલ ચાર રસ્તા સુધી આવી ત્યાંથી પૂર્વ તરફ સત્યમનગર ફલેટના ત્રણ રસ્તા થઈ જમણી બાજુના વિસ્તારે હીન્દી હાઈસ્કુલના ત્રણ રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે જમણી બાજુના વિસ્તારે મેથોડિસ્ટ ચર્ચના ત્રણ રસ્તા સુધી આવી ત્યાંથી પૂર્વ તરફ જમણી બાજુના વિસ્તારે દક્ષિણે બાપુનગર જનરલ હોસ્પિટલ, લીમડા ચોક થઈ ૧૩૨ ફૂટ બસ સ્ટેન્ડ (ત્રણ રસ્તા જંકશન) સુધી આવી ત્યાંથી દક્ષિણે ૧૩૨ ફૂટ રીંગ રોડે રોડે જમણી બાજુના વિસ્તારે મદદનીશ પોલીસ સુપ્રી. (એચ) કચેરીના જંકશન ચાર રસ્તા સુધી આવી ત્યાંથી પશ્ચિમ તરફ જમણી બાજુના વિસ્તારે ઉત્તરે મુલ્લા ઈબ્રાહીમની ચાલી થઈ ઉત્તરે મોનોગ્રામ મીલ રખીયાલ ચાર રસ્તા થઈ રખિયાલ રોડ-રોડે જમણી બાજુના વિસ્તારે ઉત્તરે પટેલ મીલ થઈ સારંગપુર રેલ્વે ઓવરબ્રીજના મધ્ય ભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૩.-કાલુપુર

પાંચકુવા દરવાજાથી શરૂ કરીને પશ્ચિમ તરફ ગાંધીરોડના મધ્યભાગથી ફર્નાન્ડીઝ બ્રીજના મધ્યભાગ સુધી. ત્યાંથી નૈઋત્યે કંદોઈ ઓળ ત્રણ રસ્તા સુધી. ત્યાંથી રાણીની મસ્જિદની ઉત્તરે થઈ ગાંધીરોડની હદે-હદે ત્રણ દરવાજા સુધી. ત્યાંથી મહિલા પોલીસ સ્ટેશનની પૂર્વમાં થઈ ઉત્તર તરફ રીલીફ સિનેમાની પૂર્વમાં થઈ ત્રણ ખૂણિયા બગીચા સુધી. ત્યાંથી ઉત્તરે મીરઝાપુર રોડની હદે-હદે દિલ્હી ચકલા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જોર્ડન રોડની હદે-હદે તંબુ ચોકી (જોર્ડન રોડ) ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણે કડીયાનાકા, નાની અલી પોળ અને મોટી અલીપોળની પૂર્વમાં થઈ ડબગરવાડ પોલીસ ચોકી સુધી ત્યાંથી પૂર્વમાં સઈવાળાની પોળની ઉત્તરે થઈ જીવણપોળ, કરોડા પોળની પશ્ચિમમાં થઈ કાલુપુર હવા ટાવર સુધી. ત્યાંથી ઈશાન દિશામાં કાલુપુર દરવાજો તરફ જતાં રોડની હદે-હદે કાલુપુર સર્કલ સુધી. ત્યાંથી ઈશાન-દિશામાં રેલ્વે કોલોનીની ઉત્તરે થઈ કાલુપુર ઓવરબ્રીજના મધ્યભાગ સુધી. ત્યાંથી દક્ષિણે રેલ્વે લાઈનની હદે-હદે કાલુપુર રેલ્વે સ્ટેશનના મધ્યભાગ સુધી. ત્યાંથી પશ્ચિમે ટ્રાફિક સર્કલ થઈ રીલીફ રોડ ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણે કોટની રાંગે-રાંગે પાંચકુવા દરવાજા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૪.-નવરંગપુરા

એલીસબ્રીજના મધ્યભાગેથી શરૂ કરી જમણા હાથે પશ્ચિમ તરફના એપ્રોચ થઈ. ઉત્તરે ટાઉનહોલ સામેના ટ્રાફિક સર્કલ થઈ દક્ષિણ તરફ વળી ઉત્તરે ટાઉનહોલ અંકુર ચેમ્બરથી માદલપુર રેલ્વે ગરનાળાના મધ્યભાગ સુધી. ત્યાંથી દક્ષિણે જમણા હાથે રેલ્વેના મધ્યભાગે પાટે-પાટે પરીમલ રેલ્વે ક્રોસીંગ સુધી. ત્યાંથી જમણા હાથે ઉત્તર દિશાએ પરીમલ ગાર્ડન ચાર રસ્તા પૂર્વે પાર્ક એવન્યુ કોમ્પ્લેક્ષ થઈ, પશ્ચિમ તરફ જમણા હાથે ઉત્તરે પરીમલ ગાર્ડન થઈ ઉત્તરે છડાવાડ પોલીસ ચોકી સેન્ચુરી માર્કેટ થઈ, આંબાવાડી સર્કલથી જમણા હાથે મોનાલીસા કોમ્પ્લેક્ષ, શાકુંતલ કોમ્પ્લેક્ષ, સંજય કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પમ્પથી પોલીટેકનીક થઈ પાંજરા પોળ ચાર રસ્તા સુધી. ત્યાંથી ઉત્તરે જમણા હાથે પૂર્વે દેવાંગ સોસાયટીથી આગળ પૂર્વે ગુલબાઈ ટેકરા પોલીસ ચોકીથી ઉષાદીપ સોસાયટી, નવનીત પાર્ક ફલેટ, ટ્રાફીક સર્કલથી ઉત્તરે જમણા હાથે પૂર્વે નોર્થ-વ્યુ ફલેટ થઈ ફાર્મસી કોલેજ, કનોરીયા સેન્ટર ફોર આર્ટસ, સ્કુલ ઓફ પ્લાનીંગ થઈ યુનિવર્સિટિ ચાર રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જમણે હાથે ઉત્તરે દામોદર સ્કુલ ઓફ કોમર્સ થઈ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા થઈ, ઉત્તર તરફ જમણા હાથે પૂર્વે અમર સોસાયટી, વિશ્વજ્યોત સોસાયટી થઈ શ્યામ-ગોકુલ કોમ્પ્લેક્ષ સુધી. ત્યાંથી જમણે હાથે પશ્ચિમ તરફ ઉત્તરે શારદ મહેતા પાર્ટી પ્લોટ થઈ સૌરભ સોસાયટીથી જમણે હાથે ઉત્તર તરફના એપ્રોચ ઉપર આવેલા નીલકંઠ પાર્ક ફલેટસ થઈ સહજાનંદ રેસીડન્સી થઈ, સહજાનંદ આર્કેડ થઈ ૧૩૨ ફૂટ રીંગ રોડના મધ્યભાગે-ઉત્તર તરફ દક્ષિણે બાલ પ્રસુન્ન સ્કુલ થી વાળીનાથ ચોક ચાર રસ્તા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જમણા હાથે દક્ષિણે નીલકંઠ પાર્ક અજંટા પાર્ક, કામનાથ મહાદેવ, ધવલ સોસાયટી થઈ દેવકીનંદન સોસાયટી થઈ ૧૨૦ ફુટ રોડ દર્પણ છ રસ્તા સુધી, દક્ષિમે હાટકેશ સોસાયટી થઈ જમણા હાથે પૂર્વ દિશાએ દક્ષિણે સી. પી. ચેમ્બર, મેઘાલય ફલેટ થઈ સરદારના બાવલા ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ દિશાએ જમણા હાથે પશ્ચિમે નાથાલાલ કોલોની, ગોલ્ડન ટ્રાયએંગલ, અંબાલાલ ચેમ્બર સ્ટેડીયમના રસ્તે-રસ્તે સ્ટેડીયમ પાંચ રસ્તા સુધી જઈ ત્યાંથી પૂર્વ તરફ જમણા હાથે દક્ષિણે ટ્રેડ સેન્ટર, સહ્યાદ્રી ફલેટ, રાજીવ ગાંધી અંડરબ્રીજ થઈ જુની હાઈકોર્ટથી આકાશવાણી ભવન થઈ, ઈન્કમટેક્ષ ચાર રસ્તા ગાંધીજીના બાવલાથી ગાંધીબ્રીજના મધ્યભાગેથી દક્ષિણ દિશાએ સાબરમતી નદીના મધ્ય-મધ્યે એલિસબ્રીજના મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૫.-ગાંધીગ્રામ

પરિમલ રેલ્વે ક્રોસીંગનાં મધ્યભાગેથી શરૂ કરી પશ્ચિમ તરફ જમણા હાથે ઉત્તરે કોર્પોરેટ ટાવરથી રેલ્વેનાં પાટે પાટે પશ્ચિમ તરફ શ્રેયશ રેલ્વે ક્રોસીંગ (સુચિત ઓલર બ્રીજ) ઉત્તરે ઓમ સેન્ટર થઈ, રેલ્વે પાટે-પાટે મહાનગરપાલિકાની હદ સુધીના ઉત્તરે રાજીનગર સુધી. ત્યાંથી ઉત્તર તરફ જમણી બાજુનો વિસ્તાર, મહાનગરપાલિકાની હદે-હદે એસ. એમ. રોડ, પૂર્વે આંબલીરોડ ઓક્ટ્રોય નાકા સુધી ત્યાંથી ઉત્તરે મહાનગરપાલિકાની હદે-હદે ૧૩૨ ફૂટ રીંગ રોડ ક્રોસ કરી મહાનગરપાલિકાની હદે-હદે જમણા

INDEX

હાથે પૂર્વે આઈ. આઈ. એમ. થઈ, મહાનગરપાલિકાની હદે દક્ષિણે જાદવ નગર થઈ ઉત્તરે જાદવનગર ઓક્ટ્રોય નાકા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વાળીનાથ ચોકથી જમણા હાથે દક્ષિણ દિશાએ પશ્ચિમે રૂદ્રઆર્કેડ સુધી. ત્યાંથી પૂર્વ તરફના એપ્રોચ ઉપર આવેલ દક્ષિણે બ્રહ્મચારીની વાડીની હદે-હદે વિજય રેસ્ટોરેન્ટ તરફ જતા રસ્તાની જમણી તરફના દક્ષિણે અમદાવાદ એજ્યુ. સોસા. ગ્રાઉન્ડની કમ્પાઉન્ડની હદે-હદે પશ્ચિમે શ્યામ-ગોકુલ કોમ્પ્લેક્ષ ચાર રસ્તા સુધી. ત્યાંથી જમ્મા હાથે દક્ષિણ દિશાએ ગુજરાત યુનિ.ની હદે-હદે યુનિ. વાંચનાલય થઈ, પૂર્વ તરફ ૧૨૦ ફૂટ રોડ યુનિ. ચાર રસ્તા સુધી, ત્યાંથી દક્ષિણે જમણા હાથે પશ્ચિમે યુનિ. બસ સ્ટેન્ડ, એલ. ડી. એન્જી. બસ સ્ટેન્ડ, પી.ડબલ્યુ.ડી. સ્ટોર ઓફીસ, સનસાઈન, શેફાલી, જહાન્વી રેસ્ટોરન્ટ થઈ, રફીયુદીન શેખ સ્મારક પ્લોટ થઈ સ્વૈર વિહાર સોસા. સુધી. ત્યાંથી જમણા હાથે પાંજરાપોળ ચાર રસ્તા, દક્ષિણે કામધેનુ કોમ્પ્લેક્ષ, નવનીત પાર્ક, ગંગાબાગ થઈ, જુની એક્સાઈઝ ચોકી થઈ સી. એન. વિદ્યાલય થઈ આંબાવાડી સર્કલથી જમણા હાથે દક્ષિણે છડાવાડ પોલીસ ચોકી સામે જે. એમ. સી. હાઉસ થઈ વીવા કોમ્પ્લેક્ષ થઈ, પરિમલ ચાર રસ્તાથી દક્ષિણે જમણા હાથે પશ્ચિમે નિર્મલ કોમ્પ્લેક્ષ થઈ પરિમલ રેલ્વે ક્રોસીંગના મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૬.-વાસણા

નરસિંહ મકવાણા ઓવરબ્રીજ (વાસણા-પીરાણા બ્રીજ)ના મધ્યભાગે થઈ નૈઋત્ય દિશામાં સાબરમતી નદીના મધ્યભાગની હદે-હદે મહાનગરપાલિકાની હદ સુધી. ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૬૧૨, ૬૧૩, ૬૧૪, ૬૧૬, ૬૨૧, ૫૩૭, ૫૨૭, ૬૨૭ની દક્ષિણ હદે થઈ ઉત્તરે ફા. પ્લોટ નં. ૧૩૫ની પશ્ચિમે થઈ ફા. પ્લોટ નં.-૩૬,૩૫, ૪૧૭, ૪૧૬, રીક્રીએશન ગ્રાઉન્ડ ફા. પ્લોટ નં.-૪૦૦, ૩૯૯, ૫૧,૫૦,૪૯,૪૮ની દક્ષિણ હદે મહાનગરપાલિકાની હદે-હદે ફા. પ્લોટ નં.-૫૨ની પશ્ચિમ સુધી. ત્યાંથી ઉત્તરે મહાનગરપાલિકાની સરખેજ ઓક્ટ્રોયનાકાની પશ્ચિમે થઈ ફા. પ્લોટ નં.-૫૯ની પશ્ચિમે થઈ ફા. પ્લોટ નં.-૬૨ના વાવવ્ય ખૂણે થઈ પૂર્વ તરફ ફા. પ્લોટ નં. ૫૬, ૫૫ની ઉત્તરે થઈ ઉત્તર તરફ ફા. પ્લોટ નં. ૨૭૭, ૨૭૪ મલાવ તલાવ, જીવરાજપાર્ક ઓક્ટ્રોય નાકાની પશ્ચિમે થઈ ફા. પ્લોટ નં. ૨૪૧ સુધી. ત્યાંથી ફા. પ્લોટ નં. ૨૪૦, ૨૩૯ની પૂર્વમાં થઈ મહાનગરપાલિકાની હદે-હદે મીટર્ ગેજ રેલ્વે લાઈનના મધ્યભાગ સુધી. ત્યાંથી ઈશાન દિશામાં મીટર ગાઈજ રેલ્વે લાઈનની હદે-હદે શ્રેયસ ક્રોસીંગ (પ્રપોઝડ ઓવરબ્રીજ) સુધી. ત્યાંથી અગ્નિદિશામાં નરસિંહ મકવાણા ઓવરબ્રીજ (વાસણા-પીરાણા બ્રીજ) તરફ જતાં ૧૨૦ ફૂટ રીંગ રોડની હદે-હદે આયોજનનગર સોસાયટી, અંજલી ચાર રસ્તા ડુંગરશીનગર, ચંદ્રનગર, મલ્લિનાથ પાર્ક ની પૂર્વમાં નરસિંહ મકવાણા બ્રીજ (વાસણા-પીરાણા બ્રીજ) સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૭.-પાલડી

એલિસબ્રીજ (સ્વામી વિવેકાનંદ બ્રીજ) ના મધ્યભાગેથી દક્ષિણ તરફ સાબરમતી નદીના (મધ્યભાગે) હદે-હદે નરસિંહ મકવાણા (વાસણા-પીરાણા) બ્રીજના મધ્યભાગ સુધી. ત્યાંથી વાવવ્ય દિસામાં ૨૦ ફૂટ રીંગ રોડની હદે-હદે એસ.બી.આઈ. દર્શન સોસાયટી, માંગલ્ય કોમ્પ્લેક્ષ, યોગેશ્વર સોસા. મંગલતીર્થની પશ્ચિમમાં થઈ શ્રેયસ ક્રોસીંગનાં મધ્યભાગ સુધી. (પ્રપોઝડ ઓવરબ્રીજ) ત્યાંથી ઈશાન દિશામાં મીટર ગેજ રેલ્વે લાઈનની હદે-હદે માદેલપુર ગરનાળા સુધી. ત્યાંથી પૂર્વમાં ટાઉનહોલ એલિસબ્રીજ પોલીસ સ્ટેશનની દક્ષિણે થઈ એલિસબ્રીજના (સ્વામી વિવેકાનંદ) મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૮.-રાયખડ

સ્વામી વિવેકાનંદ બ્રીજ (ઓવરબ્રીજ)ના મધ્યભાગથી શરૂ કરી પૂર્વે જમણા હાથે દક્ષિણે વિક્ટોરીયા ગાર્ડન (તિલકબાગ) થઈ, રાયખડ ચાર રસ્તા થઈ, પી. આર. ટ્રેનીંગ કોલેજ નંબર-૨ થઈ ખમાસા ચાર રસ્તા સર્કલ સુધી. ત્યાંથી દક્ષિણે જમણા હાથે પશ્ચિમે મહાનગરપાલિકાની ગુમાસ્તા ધારા ઓફિસ થઈ જમાલપુર ચકલા થઈ જમાલપુર દરવાજા થઈ જમાલપુર ટ્રાફિક સર્કલ ચાર રસ્તા થઈ બહેરામપુરા પોલીસ ચોકી થઈ દક્ષિણે મેલડીમાતાના મંદિરના ચાર રસ્તા સર્કલ સુધી ત્યાંથી પશ્ચિમે જમણા હાથે મહાનગરપાલિકાની સ્કુલના સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ જમણા હાથે પશ્ચિમે હબીબભાઈની ચાલી થઈ, પીરાણા રોડે રોડે પશ્ચિમે સૂર્યનગર વિ.-૨ થઈ, પીરાણા વે-બ્રીજ (પંપીગ સ્ટેશન) થઈ, પીરાણા ઓક્ટ્રોય નાકા થઈ સર્વે નંબર ૧૪પના ઉત્તર તરફનો કોર્નર મહાનગરપાલિકાની હદ સુધી. ત્યાંથી પશ્ચિમે જમણા હાથે મહાનગરપાલિકાની હદે-હદે સર્વે નંબર ૪૨પના દક્ષિણના કોર્નર સુધી, ત્યાંથી ઉત્તરે જમણા હાથે નદીના મધ્યભાગ સુધી, ત્યાંથી ઉત્તર પૂર્વે જમણા હાથે વાસણા બેરેજના મધ્યભાગ થઈ, સરદાર બ્રીજના મધ્યભાગ થઈ સ્વામી વિવેકાનંદ બ્રીજના (એલિસબ્રીજ) મધ્યભાગ સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

તદ્ઉપરાંત ટી. પી. એસ. નંબર ૩૬નો (શાહવાડીનો) વિસ્તાર (રેવન્યુ સર્વે નંબર ૪૨/પી ફતેહવાડીનો) નંબરનો સમાવેશ વિસ્તાર.

વોર્ડ નં. ૨૯.-જમાલપુર

આસ્ટોડીયા દરવાજાથી શરૂ કરીને દક્ષિણ દિશા તરફ જતા જમણી બાજુ પશ્ચિમે ટી. બી. હોસ્પીટલ થઈ, એસ. ટી. ટ્રાફિક પોઈન્ટ (ચાર રસ્તા સુધી) સર્કલ સુધી. ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં, જમણી બાજુ પશ્ચિમે ગીતામંદિર થઈ, સાગર સોસા. થઈ,

INDEX

ભુલાભાઈ ચાર રસ્તા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ જતાં જમણા હાથે, ઉત્તરે નવયુગ કોલોની થઈ, ન્યુ કબાડીમાર્કેટ થઈ, બહેરામપુરા મહાનગરપાલિકાની સ્કુલના સર્કલ (ચાર રસ્તા) માણેક સર્કલ, સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ જતાં જમણા હાથે પૂર્વ મહાનગરપાલિકાની ઝોનલ ઓફીસ થઈ, વીરમાયા નગર થઈ, લીલાધર ભટ્ટ હોલ થઈ, જમાલપુર ટયુબવેલ સર્કલ સુધી (ચાર રસ્તા સુધી) ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં જમણા હાથે, ઉત્તરે સ્લોટર હાઉસ થઈ, ટેલીફોન એક્ષ. થઈ જમાલપુર ફાયર બ્રીગેડ કવાર્ટર્સ થઈ, જમાલપુર ચાર રસ્તા સર્કલ સુધી (જમાલપુર ટ્રાફીક પોઈન્ટ સુધી) ત્યાંથી ઉત્તર તરફ જતાં જમણા હાથે, પૂર્વે સેન્ટ્રલ સ્ટોર (મહાનગરપાલિકાનો) થઈ જમાલપુર દરવાજા થઈ, જમાલપુર ચકલા થઈ, વૈશ્યસભા થઈ, ખમાસા ચાર રસ્તા સર્કલ થઈ, પારસી અગીયારી થઈ, જે. એલ. હાઈસ્કુલ થઈ, ખાસબજાર ત્રિકોણીયા બગીચા સુધી, ત્યાંથી પૂર્વ તરફ જમણી બાજુએ ત્રણ દરવાજા થઈ પાનકોરનાકાના ટ્રાફીક પોઈન્ટ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ, જમણા હાથે, ઉત્તરે હંસરાજ પ્રાગજીહોલ થઈ, પશ્ચિમે મહાનગરપાલિકાની ગર્લ્સ હાઈસ્કુલ થઈ, દાણાપીઠ થઈ, મહાનગરપાલિકાની ઓફીસ થઈ, ગોળલીમડા ચાર રસ્તા સુધી (ટ્રાફીક પોઈન્ટ સુધી) ત્યાંથી પૂર્વ તરફ આસ્ટોડીયા રોડે રોડે જતાં જમણા હાથે, દક્ષિણે નવી અંજુમાન હાઈસ્કુલ થઈ, આસ્ટોડીયા ચકલા પૂર્વે, ઢાળની પોળની સામેના ભાગે થઈ, પશ્ચિમે શુભમ હોલ થઈ, આસ્ટોડીયા દરવાજા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩૦ કાંકરીયા

આંબેડકર વસાહતની પૂર્વ બાજુએ આવેલ ૮૦ ફુટના ટી. પી. રોડની પૂર્વે આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં રામનગરની દક્ષિણેથી પસાર થતા રસ્તે રસ્તે રાંદેર મેઈનરોડ પસાર કરી રાંદેરગામ તરફ જવાના રસ્તે રસ્તે થઈ કબ્રસ્તાનની પશ્ચિમ-ઉત્તર અને પૂર્વ દિશાએથી પસાર થઈ તાપી નદીના કિનારા સુધીની બોરવાડા ખાડા ખાડી સુધી. ત્યાંથી એટલે કે રે. સ. નં. ૩૪૯ના ઈશાન ખૂણેથી તાપી નદીના કિનારે કિનારે થઈ નહેરૂબ્રીજ સુધી. ત્યાંથી રાંદેર મેઈનરોડના રસ્તે રસ્તે પ્રમુખ ચેમ્બર્સ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં પૂજા એપાર્ટમેન્ટની પૂર્વ બાજુએ આવેલ રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં કેદારનાથ સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રસ્તે રસ્તે અયોધ્યા નગરીની ઉત્તરે થઈ ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફના રસ્તે પાલનપુર રોડ પસાર કરી ૮૦ ફુટના ટી. પી. રોડે રોડે આંબેડકર વસાહતની પૂર્વ બાજુએ આવેલ ૮૦ ફુટના ટી.પી. રોડની પૂર્વ આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. -૧૪-અડાજણ (વેસ્ટ)

અડાજણ રે. સ. ન. ૩૦૦ના વાયવ્ય ખૂણે (સીટી-હદ પાલનપુર જકાતનાકા)થી શરૂ કરીને પૂર્વ તરફ જતાં પાલનપુર પાટીયા તરફ જતાં રસ્તે રસ્તે દિનદયાળ સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ દિશામાં અડાજણગામ તરફ જતાં રસ્તે રસ્તે શિવમ એપાર્ટમેન્ટ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં સિધ્ધી રો હાઉસના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ દિશામાં આનંદ મહલ રોડે રોડે ભલકા ભવન સ્કુલની પૂર્વ બાજુએ આવેલ ટાઈમ સ્કેવર સુધી. ત્યાંથી પૂર્વ બાજુએ જઈ અડાજણ મેઈનરોડ ક્રોસ કરીને જલભવન સુધી. જલભવનથી દક્ષિણ તરફ જતાં વેસ્ટર્ન એવન્યુ, પાયલ એપાર્ટમેન્ટ તથા આહુરાનગરની પૂર્વે તેમજ સેઈન્ટપાર્કની પશ્ચિમે થઈ મોરારજીબાગની પૂર્વેથી આવેલ રસ્તે રસ્તે દક્ષિણ તરફ જતાં મોરારજી ગાર્ડન, માનસરોવર, ભગવાનપાર્ક-૧ (ગાળા ટાઈપ)નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મેનાનગરથી ઉત્તરે થઈ બદ્રિનારાયણ મંદિર સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં તાપી નદીના કિનારે હજીરા જકાકનાકા સુધી. ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ પાલ પમ્પીંગ સ્ટેશન, વિજયાલક્ષ્મી સોસાયટી, સિલ્વર પાર્કની પશ્ચિમે થઈ પાલનપુર થઈ જકાત નાકા પાસે આવેલ રે. સ. નં. ૩૦૦ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. -૧૫-અડાજણ (ઈસ્ટ)

અયોધ્યા નગરીના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફથી પસાર થતા રસ્તે રસ્તે અડાજણગામ તરફ જતાં ટી. પી. રોડ સુધી. દક્ષિણ તરફ જતાં કેદારનાથ સોસાયટીની પૂર્વ બાજુએ થઈ પૂજા એપાર્ટમેન્ટ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં સાંઈ આશિષ સોસાયટીની ઉત્તરેથી પસાર થતાં રોડે રોડે પ્રમુખ ચેમ્બર્સ (રાંદેર મેઈનરોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રાંદેર મેઈન રોડે રોડે નહેરૂપુલ સુધી. ત્યાંથી નૈરૂત્ય ખૂણામાં તાપી નદીના કિનારે કિનારે મેનાનગર સુધી. ત્યાંથી પશ્ચિમ તથા ઉત્તરેથી પસાર થઈ રસ્તે રસ્તે ભગવાન પાર્કના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી મોરારજીબાગ, વેસ્ટર્ન એવન્યુ પાયલ એપાર્ટમેન્ટની પૂર્વે થઈ હજીરા રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે રસ્તે સિધ્ધી રો હાઉસના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં શિવમ એપાર્ટમેન્ટની ઉત્તરેથી પસાર થઈ અડાજણગામ તરફ જવાના ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં અડાજણગામ તરફ જવાના રસ્તે રસ્તે અયોધ્યા નગરીના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૬-નાણાવટ-શાહપોર-સૈયદપુરા (ટૂંકી)-ઘાસ્તીપુરા

ભરીમાતા મંદિરની દક્ષિણે ટૂંકી ગામનાં રે. સ. નં. ૬૯ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં અટલજીનગરની ઉત્તરેથી પસાર થતા રસ્તે રસ્તે નાની બહુચરાજી મંદિરના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં પંડોળ ઈન્ડસ્ટ્રીઝની પૂર્વ બાજુએથી પસાર થતાં વેડરોડ ઉપરથી પસાર થતા વેડ દરવાજા સુધી. ત્યાંથી ટી. પી. સ્કીમ નં. ૩ ની હદે હદે કતારગામ દરવાજા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં સીટી વોલની દિવાલે દિવાલે ગાર્ડન મીલના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા લાલમીયા મસ્જીદ રોડના રસ્તે રસ્તે મોબીન સાયકલ માર્ટ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં છડાઓલ શેરી, પસ્તાગીયા શેરી, ઘાંચીશેરી પસાર કરી સૈયદપુરા પંમ્પીગ સ્ટેશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સૈયદપુરા મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ ભાગળ જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મહાત્મા ગાંધી રોડના રસ્તે રસ્તે પસાર થઈ લાલગેટ, ચોકબજાર જંકશન સુધી. ત્યાંથી દક્ષિણમાં જતાં ગાંધીબાગ જંકશન સુધી. ત્યાંથી ગાંધીબાગની ઉત્તરે થઈ ડક્કા ઓવારા સુધી. ત્યાંથી તાપી નદીને કિનારે કિનારે થઈ ભરીમાતા મંદિરની દક્ષિણે ટૂંકી ગામના રે. સ. નં.૬૯ નાં વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૧૭- નવાપુરા-બેગમપુરા

આ ઈલેકશનમાં વોર્ડમાં વાયવ્ય ખૂણે આવેલ ભાગળ જંકશનથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં પીરછડી રોડના રસ્તેથી પસાર થઈ દિલ્હીગેટ જંકશન પસાર કરી લંબેહનુમાન ગરનાળા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈને સહારા દરવાજા ગરનાળા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રીંગરોડ ઉપર આવેલ સહારા દરવાજા જંકશન સુધી. ત્યાંથી નૈરૂત્ય ખૂણા તરફ પસાર થતાં રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ સ્લોટર હાઉસની પૂર્વ બાજુએ આવેલ રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં લાલવાડીની પૂર્વ આવેલ રસ્તેથી પસાર થઈ લાલવાડીના ઈશાન ખૂણેથી પશ્ચિમ તરફના રસ્તે રસ્તે જઈ સલાબતપુરા પોલીસ લાઈન જંકશન સુધી. ત્યાંથી કૈજા ભગત રોડે રોડે પસાર થઈ ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન સુધી, ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશનની પશ્ચિમ તરફ જતાં સી. સ. નં. ૧૮૩૮, ૧૮૨૫ની ઉત્તરેથી પસાર થતાં રોડે રોડે થઈ સી. સ. નં. ૧૪૮૦ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ગલીમાંથી પસાર થઈ ઈદરપુરા રોડે થઈ કોટસફીલ મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં કોટસફીલના રોડે રોડે થઈ ભાગળ જંકશન સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૮- ઉમરવાડા-મગોબ-નવાગામ (રેલ્વે કોલોની)

આ વોર્ડના વાયવ્ય ખૂણામાં આવેલ મુડદાગેટ રેલ્વે ગરનાળાથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં વરાછા મેઈનરોડના રસ્તે રસ્તે પુષ્પા ડાઈંગ મીલના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રસ્તે લંબે હનુમાન રોડ પસાર કરી નંદેશ્વેરી સોસાયટી, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, નવજીવન સોસાયટી અને બોમ્બે માર્કેટની પૂર્વ બાજુએ થઈ બોમ્બે માર્કેટના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં સ્વામી નારાયણ સોસાયટીની દક્ષિણે થઈ મગોબ ખાડીના કિનારે કિનારે હરિધામ સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી સુરત શહેરની હદે હદે દક્ષિણ તરફ જતાં સીતારામ સોસાયટીની પૂર્વ બાજુએ થઈ મગોબ ખાડી પસાર કરી મહેન્દ્ર પાર્ક સોસાયટીની પૂર્વે થઈ સુરત કડોદરા રોડ પર આવેલ જકાનાકા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં બારડોલી સુરત રોડના રસ્તે રસ્તે થઈ સહારા દરવાજા રેલ્વે ગરનાળા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રેલ્વે લાઈને રેલ્વે લાઈને થઈ લંબેહનુમાન ગરનાળા પસાર કરી મુડદાગેટ રેલ્વે ગળનારા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૯- કરંજ - (દક્ષિણ)

વસંત ભીખાની વાડીની દક્ષિણે આવેલ ચામુંડાનગરના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં કમલબાગ સોસાયટી, ગીરધરનગર, વર્ષા સોસાયટીના દક્ષિણે આવેલ રોડના રસ્તે રસ્તે થઈ માતાવાડી મેઈનરોડ પસાર કરી ડાહ્યાભાઈ પાર્ક તથા આ નગર પ્રાથમિક શાળાની દક્ષિણથી પસાર થઈ ડ્રેનેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશનની પશ્ચિમેથી પસાર થતાં રોડે રોડે સુરત સીટી હદ (પૂણા ગામનો સીમાડો) સુધી. ત્યાંથી શહેરની હદે હદે દક્ષિણ દિશામાં આવેલ હરિધામ સોસાયટીની ઉત્તરે આવેલ મગોબ ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં વર્ષા સોસાયટી વિભાગ - ૨ , કુબેરનગર સોસાયટીની દક્ષિણે આવેલ મગોબ ખાડીના કિનારે કિનારે પસાર થઈ સ્વામી નારાયણ સોસાયટીના નૈરૂત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં સ્વસ્તિક સોસાયટી, ગ્રીનપાર્ક સોસાયટી, ગ્રીનપાર્ક સોસાયટીની પશ્ચિમે થઈ ચામુંડાનગરના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૦- ડુંભાલ - માઠીખાડી

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સહારા દરવાજા ગરનાળાથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં બારડોલી જતાં મેઈન રોડના રસ્તે રસ્તે પસાર ખૂણા જકાતનાકા પાસે આવેલ સુરત શહેરની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં સુરત શહેરની હદે હદે પસાર થઈ ડિમ્પલનગરની પૂર્વ બાજુએથી પસાર થઈ વિધાતા ટાઉનશીપની દક્ષિણે આવેલ મીઠીખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા વિજયપાર્ક સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રસ્તે રસ્તે મઝદાપાર્કના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં નૂરાની ઝુંપડપટ્ટી તથા આંજણા સ્લમ ક્લીયરન્સ બોર્ડની દક્ષિણે થઈ માઠીખાડી પસાર કરી રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા રેલ્વે લાઈને રેલ્વે લાઈને પસાર થઈ સહારા દરવાજા રેલ્વે ગરનાળા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૧- આંજણા

રીંગરોડ પર આવેલ ચેપી રોગની હોસ્પિટલના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં સહારા દરવાજા રેલ્વે ગરનાળા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રેલ્વે લાઈનની હદે હદે આંજણા સુએઝ ફાર્મની દક્ષિણે આવેલ કાંકરાખાડી સુધી પશ્ચિમ તરફ જતાં

INDEX

કાંકરાખાડીના કિનારે કિનારે પસાર થઈ અમનનગરની દક્ષિણેથી પસાર થઈ ઉત્તર તરફ જતાં જાગનાથ સોસાયટીની પૂર્વ બાજુએથી પસાર થઈ રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ રીંગરોડ ઉપર આવેલ માનગેટ સુધી. ત્યાંથી ઈશાન ખૂણા તરફ જતાં રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ સહારા દરવાજા ગરનાળા પાસે આવેલ ચેપી રોગની હોસ્પિટલના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૨- સગરામપુરા-સલાબતપુરા

આ વોર્ડનાં વાયવ્ય ખૂણામાં આવેલ કોટસફીલ મેઈન રોડ ઉપર આવેલ સગરામપુરા હરિજનવાસથી (સી.સ.નોંધ નં. ૪૯૨૭) શરૂ કરીને દક્ષિણ તરફ જતાં સી.સ.નોંધ નં. ૩૦૯૪ તથા ૧૨૯૫ની ઉત્તરે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ નોંધ નં. ૧૨૯૫ની પૂર્વ બાજુએથી દક્ષિણ તરફ વળી નોંધ નં. ૧૪૮૦થી ઈશાન ખૂણા તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ નોંધ નં. ૧૪૮૦. ૧૮૨૫. ૧૮૨૮ની ઉત્તરે થઈ ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ફૈજા ભગત રોડ થઈ સલાબતપુરા લાઈન સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં લાલવાડીની પૂર્વ દિશાથી પસાર થઈ રીંગરોડ ઉપર આવેલ સ્લોટર હાઉસ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રીંગરોડનાં રસ્તે રસ્તે માનદરવાજા જંકશન પસાર કરી કડીવાલા સ્કુલ (સેન્ટર પોઈન્ટ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં લાલવાડી, ભગુ ડાહ્યાની વાડીની પૂર્વ બાજુએ આવેલ રસ્તે રસ્તે પસાર થઈ મોટી મસ્જીદવાળી શેરીમાં આવેલ નોંધ નં. ૩૦૪૬, ૩૦૨૯ની પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ આઈરિશ મહલ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રાજેશ્રી હોલ થઈ નવી પોલીસ ચોકી સુધી. ત્યાંથી પૂર્વ દિશામાં નવસારી બજાર જંકશન પસાર કરી કોટસફીલ મેઈનરોડનાં રસ્તે રસ્તે પસાર થઈ સગરામપુરા હરિજનવાસ (વોર્ડ નં. ૨ નાં નોંધ નં. ૪૯૨૭) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૩- ગોપીપુરા-વાડીફળીયા-સોનીફળીયા-બડેખાં ચકલા.

ચોકબજાર ગાંધીધામના વાયવ્ય ખૂણે તાપી નદીના કિનારે આવેલ ડક્કા ઓવારાથી શરૂ કરીને પૂર્વ તરફના રસ્તે રસ્તે જતાં ગાંધીધામ જંકશન સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ચોકબજાર જંકશન સુધી. ત્યાંથી પૂર્વ તરફના રાજમાર્ગ (મહાત્મા ગાંધીરોડ)ના રસ્તે રસ્તે લાલગેટ જંકશન પસાર કરી ભાગળ જંકશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં કોટસફીલ રોડના રસ્તે રસ્તે ડી. કે. એમ. જંકશન પસાર કરી નવસારી બજાર જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ખાડી પરના રસ્તે રસ્તે બડેખાંચકલા પોલીસ ચોકીની દક્ષિણેથી પસાર થઈ વોર્ડ નં. ૧ના નોંધ નં. ૨૩૨૬ની દક્ષિણે આવેલ માછીવાડ ખાડી સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી યશ એપાર્ટમેન્ટ તથા દેનાબેંકની પૂર્વ બાજુએથી પસાર થતા રસ્તે રસ્તે મક્કાઈપુલ જંકશન પસાર કરી વિવેકાનંદ બ્રીજ સુધી. ત્યાંથી ઈશાન ખૂણા તરફ તાપી નદીના કિનારે કિનારે જતાં ગાંધીબાગના વાયવ્ય ખૂણે આવેલ ડક્કા ઓવારા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૪- નાનપુરા-ટીમલીયાવાડ - રૂદરપુરા.

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સ્વામી વિવેકાનંદ બ્રીજના અગ્નિ ખૂણે આવેલ રોડથી શરૂ કરી દક્ષિણ તરફ જતાં મક્કાઈપુલ જંકશન પસાર કરી દેના બેંક અને યશ એપાર્ટમેન્ટની પૂર્વ આવેલ રસ્તે રસ્તે થઈ નાનપુરા માછીવાડ નોંધ નં. ૨૩૨૭, ૨૩૨૬ની દક્ષિણે આવેલ ખાડી રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં બડેખાંચલા પોલીસ ચોકીની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ નવસારી બજાર નવી પોલીસ ચોકી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં રસ્તે રસ્તે રાજેશ્રી હોલ પસાર કરી આઈરીશ મહલ થઈ મોટી મસ્જીદવાળી શેરીમાં આવેલ નોંધ નં. ૩૦૨૯, ૩૦૪૬ વિ.ની પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે ભગુ ડાહ્યાની વાડી અને લાલવાડીની પૂર્વે આવેલ રસ્તે રસ્તે થઈ રીંગરોડ પર આવેલ સેન્ટર પોઈન્ટ (કડીવાળા સ્કુલ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ રીંગરોડના રસ્તે રસ્તે મજુરાગેટ આર.ટી. ઓ. ઓફિસ, અઠવાગેટ જંકશન, અઠવાગેટ પોલીસચોકી થઈ સરદાર બ્રીજ સુધી. ત્યાંથી ઈશાન ખૂણા તરફ તાપી નદીના કિનારે કિનારે જઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સ્વામી વિવેકાનંદ બ્રીજ સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૫- અઠવા-ઉમરા - પીપલોદ

આ વોર્ડમાં ઉમરા ગામતળના વાયવ્ય ખૂણે આવેલ રામનાથ ઘેલા મંદિરથી શરૂ કરી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે જતાં હોટલ હોલીડે ઈન, અંબિકાનિકેતન મંદિરે થઈ સરકીટ હાઉસ સુધી. ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં રસ્તે રસ્તે થઈ અઠવાલાઈન્સ મેઈનરોડ સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વળી અઠવાલાઈન્સ મેઈનરોડના રસ્તે રસ્તે થઈ પોલીસ પરેડ ગ્રાઉન્ડના ઈશાન ખૂણા

સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ અને જીલ્લા પંચાયત ક્વાર્ટસની વચ્ચેથી પસાર થતાં રસ્તે રસ્તે થઈ નર્મદ લાઈબ્રેરી પસાર કરી ઘોડદોડ રોડ સુધી. ત્યાંથી નૈરૂત્ય દિશા તરફ વળી સ્કવેર, ભકિત યોગ, જ્ઞાનયોગ, સીમા રો હાઉસ,ચંદન એપાર્ટમેન્ટ, ગુરુકૃપા સોસાયટી વિ. વિસ્તારોની દક્ષિણેથી પસાર થતી ટી. પી. સ્કીમ નં. ૫ની હદે હદે થઈ ગુજરાત એગ્રીકલ્ચરલ યુનિવસિટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે ઉમરાની પૂર્વ તરફની હદે હદે પસાર થઈ કેનાલ ક્રોસ કરી પનાસગામના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં પનાસગામ એસ. એમ. સી. ક્વાર્ટસ, સુર્યા કોમ્પ્લેક્ષ, ચંદનપાર્કની દક્ષિણે આવેલ મોજે ઉમરાની દક્ષિણ તરફની હદે હદે પસાર થઈ હનુમાન મંદિર સુધી. ત્યાંથી પશ્ચિમ દિશામાં સીટી લીમીટની હદે હદે આગળ જતાં બાલાજીનગરના નૈરૂત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર દિશામાં પીપલોદ ગામતળાવ તરફ જતાં રસ્તે રસ્તે થઈ હાઉસીંગ બોર્ડના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશામાં હાઉસીંગ બોર્ડ, તીરૂપતિનગર, ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન, લેન્સર આર્મી સ્કુલની દક્ષિણે આવેલ સીટી લીમીટની હદે હદે પસાર થઈ સુરત ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ સુધી. ત્યાંથી ઉત્તર તરફ સીટી લીમીટની હદે હદે પસાર થઈ અઠવાલાઈન્સ મેઈનરોડ પસાર કરી જકાતનાકાની પશ્ચિમે થઈ રે. સ. નં. ૭૮ના વાયવ્ય ખૂણે આવેલ તાપી નદીના કિનારા સુધી, ત્યાંથી પૂર્વ દિશા તરફ તાપી નદીના કિનારે થઈ ઉમરા ગામતળના વાયવ્ય ખૂણે આવેલ રામનાથ ઘેલા મંદિર સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૬- અઠવાગેટ - મજૂરા

નહેરૂ ગાર્ડનના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે થઈ સરદાર બ્રીજના દક્ષિણ છેડા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ રીંગરોડના રસ્તે રસ્તે અઠવાગેટ જંકશન, મજૂરાગેટ જંકશન થઈ સીવીલ હોસ્પીટલ કેમ્પસના ઈશાન ખૂણે સેન્ટર પોઈન્ટ (કડીવાળા સ્કુલ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં બમરોલી રોડના રસ્તે રસ્તે જતાં કેનાલ પસાર કરી મગદલ્લા રોડ પર આવેલ આશીર્વાદ સ્કવેર થઈ ટી. પી. સ્કીમ નં. ૬ના ફા. પ્લોટ નં. ૯૨ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ફા. પ્લોટ નં. ૮૫,૮૪, ૮૦ ની દક્ષિણે હદે હદે પસાર થઈ ઉધના મગદલ્લા રોડ પસાર કરી ભટાર રોડ પર આવેલ ઉમંગ એપાર્ટમેન્ટ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં ભટાર રોડ પસાર કરી આદર્શ ભવનની દક્ષિણે થઈ સીટી પાર્ક સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી. પી. સ્કીમ નં. ૯ની પશ્ચિમની હદે હદે પસાર થતાં જીવકોરનગરની પૂર્વ થઈ કેનાલ ક્રોસ કરી સંકલ્પ સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ નંદનવન સોસાયટીના નૈરૂત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં ટી.પી. સ્કીમ નં. ૯ની પશ્ચિમ હદે હદે પસાર થઈ સરેલાવાડીના વાયવ્ય ખૂણે આવેલ ઘોડદોડ રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી જોલી સ્કેવરની દક્ષિણેથી પસાર થઈ ઘોડદોડ રોડ સુધી. ત્યાંથી ઉત્તર દિશા તરફ જતાં નર્મદ લાયબ્રેરીની પૂર્વે આવેલ રસ્તે રસ્તે થઈ પોલીસ પરેડ ગ્રાઉન્ડ અને જીલ્લા પંચાયત ક્વાર્ટસ વચ્ચેના રસ્તેથી પસાર થઈ અઠવાલાઈન્સ મેઈનરોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જઈ નહેરૂ ગાર્ડનના નૈરૂત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જઈ નહેરૂ ગાર્ડનના પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે થઈ ગાર્ડનના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૭- ખટોદરા - ઉધના (ઉત્તર-પશ્ચિમ)

આ વોર્ડના વાયવ્ય ખૂણે રીંગરોડ પર આવેલ સેન્ટર પોઈન્ટ જંકશનથી શરૂ કરી રીંગરોડના રસ્તે રસ્તે થઈ માન દરવાજા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં ગાંધીનગર કોલોની, ગુજરાત હાઉસીંગ બોર્ડ, શાસ્ત્રીનગર અને અક્ષર રો હાઉસના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ખરવર નગરની દક્ષિણે થઈ ઉધના મેઈનરોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ઉધના ગામતળ તરફ જતાં ઉધના મેઈનરોડના રસ્તે રસ્તે થઈ અંબર કોલોનીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચમ તરફ વળી અંબર કોલોનીની દક્ષિણ અને પશ્ચિમ હદે પસાર થઈ હરિનગર-૧ની દક્ષિણ હદે થઈ આશાનગર સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ૬૦ ફુટના ટી. પી. રોડ થઈ આશાનગર સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ હેગડેવાર વસાહત, ઈ. ડબલ્યુ. એસ. ક્વાર્ટસના નૈરૂત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ પટેલ નગર અને દસ્તગીર નગરની વચ્ચેથી પસાર થઈ ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ બમરોલી પૂલ સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં ખાડીના કિનારે કિનારે મહાલક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝની પૂર્વ બાજુએથી પસાર થઈ દેવચંદનગરની દક્ષિણ હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી દિવ્યાનંદ ઈન્ડસ્ટ્રીઝ તથા મનહર ડાઈંગની પશ્ચિમેથી પસાર થઈ બમરોલી રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફના રસ્તે ચોકસી ડાઈંગ તથા ઉધના મગદલ્લા રોડ પસાર કરી સીવીલ હોસ્પીટલની પૂર્વે થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સેન્ટર પોઈન્ટ (કડીવાળા સ્કુલ) ના જંકશન સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૨૮- ઉધના- ઉદ્યોગનગર--રેલ્વે યાર્ડ

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ આશીર્વાદ સોસાયટીની ઉત્તરે આવેલ કોયલીખાડીથી શરૂ કરી આશીર્વાદ સોસાયટીની પૂર્વ બાજુએ આવેલ રસ્તે રસ્તે પસાર થઈ જીવન ગંગાનગરના અગ્નિ ખૂણા સુધી. (જીવન જ્યોત સીનેમાની પૂર્વે આવેલ આંજણાખાડી સુધી.) ત્યાંથી પૂર્વ તરફ આંજણા ખાડીના કિનારે કિનારે દાદામીલ, ઉધના ઉદ્યોગનગરની ઉત્તરેથી તેમજ સંજયનગરની ઉત્તર બાજુએ (મોજે ઉધના રે. સ. નં. ૬૮ની ફરતે) થી પસાર થઈ રેલ્વે લાઈન પસાર કરી રાવનગરની ઉત્તરે થઈ નૂરે ઈલાહીનગરના (મોજે ઉધના રે. સ. નં. ૭૩) ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ગોવિંદનગર, ભાવનાગર, ઈચ્છાબાનગર, બુધ્ધિનગર, રતનચોક અને શીવહીરા નગરની પૂર્વે આવેલ ઉધનાની પૂર્વે હદે હદે પસાર થઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં બરોડા રેયોન મીલની પૂર્વે તથા ઉત્તર બાજુની દિવાલે દિવાલે પસાર થઈ ઉધના રોડ નંબર-૬ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં બીજે ફાઉન્ડ્રીની પૂર્વે થઈ વિકાસ કોલોનીની દક્ષિણે આવેલ રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં શીવશક્તિ સોસાયટી અને મુગટ ડાઈંગની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ મુગટ ડાઈંગના નૈરૂત્ય ખૂણા પર આવેલ સુરત ઉધના મેઈનરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં મારૂતી કોમ્પ્લેક્ષ તથા જીવનગંગાનગરની ઉત્તરે આવેલ કોયલી ખાડીના કિનારે કિનારે થઈ આર્શીવાદ સોસાયટીના ઉત્તર બાજુ સુધીના હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૯-લીંબાયત-ડીંડોલી (ગણેશનગર)

મોજે લંબાયતનાં રે. સ.નં. ૩૩માં આવેલ પ્રતાપનગરનાં વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં લીંબાયત મેઈનરોડ તથા ખાડીને ક્રોસ કરી મઝદાપાર્કની દક્ષિણેથી રતનજીનગરનાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રતનજીનગરની પશ્ચિમ બાજુએથી પસાર થઈ મીઠી ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ મીઠી આડીના કિનારે કિનારે પસાર થઈ રે. સ. નં. ૧૫નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં આજ સર્વે નંબરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સીટી લીમીટની હદે હદે પસાર થઈ સંજયનગર ઝુંપડપટ્ટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સંજયનગરની દક્ષિણે થઈ ગણેશનગરના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ગણેશનગરનાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં ગોડાદરા લીંબાયત રોડના રસ્તે પસાર થઈ રતનચોકના વાયવ્ય ખૂણે આવેલ મોજે ઉધનાની પૂર્વ બાજુની હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે ઉધનાની પૂર્વ તરફની હદે હદે પસાર થઈ પ્રતાપનગરના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩૦-ડીંડોલી

રતનચોકનાં વાયવ્ય ખૂણે આવેલ ઉધનાનાં પૂર્વ તરફના સીમાડાથી શરૂ કરી પૂર્વ તરફ ગોડાદરા જવાના રસ્તે રસ્તે પસાર થઈ ગણેશનગરનાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જઈ આસપાસનાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જઈ આસપાસ નગરના ઈશાન ખૂણે આવેલ સુરત શહેરની હદ સુધી. ત્યાંથી સીટી લીમીટની હદે હદે પસાર થતાં આસપાસની પૂર્વ કૃષ્ણકુંજનગરની ઉત્તરે તેમજ પૂર્વે તથા રઘુવીરધામની પૂર્વે થઈ ભુસાવળ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતી સીટી લીમીટની હદે નિલકંઠનગર, ચેતનનગર અને જલારામનગરની પૂર્વ બાજુએથી પસાર થઈ જલારામનગરના નૈઋત્ય ખૂણે આવેલ સુરત મુંબઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ રે. સ. નં. ૨૧૫ની દક્ષિણ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં રે. સ. નં. ૨૧૫ અને ૨૧૬ ની પશ્ચિમ બાજુએથી પસાર થઈ રેલ્વે લાઈન ક્રોસ કરી ગોરધનનગર, ખોડિયારનગરની પશ્ચિમથી પસાર થઈ રતનચોકનાં વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩૧-ઉધના (દક્ષિણ)

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ દસ્તગીરીનગર (રે. સ. નં. ૨૪૯)થી શરૂ કરી પૂર્વ તરફ જતાં પટેલનગરના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જઈ હેગડેવાર વસાહતના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ આશાનગર સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં આશાનગર સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં હરીનગરની દક્ષિણે થઈ અંબર કોલોની સુધી. અંબર કોલોનીની પશ્ચિમે અને દક્ષિણ બાજુ થઈ આ કોલોનીના અગ્નિ ખૂણા સુધી અને ત્યાંથી ઉત્તર તરફ જઈ ઉધના મેઈન રોડ ક્રોસ કરી મુગટ ડાઈંગની દક્ષિણે અને બી. જે. ફાઉન્ડ્રીની ઉત્તરે થઈ વિકાસનગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં બી. જે ફાઉન્ડ્રીની પૂર્વ બાજુએ પસાર થઈ બરોડા રેયોનની પૂર્વ કમ્પાઉન્ડ વોલ સુધી. ત્યાંથી પૂર્વ તરફ

INDEX

બરોડા રેયોનની દિવાલે દિવાલે થઈ રે. સ. નં. ૧૬૪ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ રે. સ. નં. ૧૬૪ ની પૂર્વ હદ થઈ રે. સ. નં. ૧૫૩ ના ઈશાન ખૂણે આવેલ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં બરોડા રેયોનની પૂર્વ બાજુની હદે હદે થઈ મોજે ઉધનાની દક્ષિણ તરફની હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ઉધનાની દક્ષિણ તરફની હદે પસાર થઈ ઉધના મેઈનરોડ (દક્ષેશ્વર ચાર રસ્તા) પસાર કરી પશ્ચિમ તરફ ઉધનાની દક્ષિણ તરફની હદે હદે પસાર થઈ કર્મયોગી સોસાયટીની દક્ષિણે થઈ બમરોલી રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ બમરોલી પુલને જોડતા રસ્તે પસાર થઈ દસ્તગીરના વાયવ્ય ખીણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩૨-બમરોલી-પાંડેસરા હાઉસીંગ બોર્ડ

મોજે બમરોલીનાં રે. સ. નં. ૧૨૬ નાં (માલધારી વસાહત) વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં ખાડીનાં કિનારે કિનારે થઈ બમરોલી પુલ પાસે આવેલ હરિધામ સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી બમરોલી પુલથી બમરોલી જવાના રસ્તે થઈ કર્મયોગી ચાર રસ્તા પસાર કરી ગુજરાત હાઉસીંગ બોર્ડનાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ખાડીનાં કિનારે કિનારે પસાર થઈ સીટી લીમીટ સુધી. ત્યાંથી ઉત્તર તરફ સીટી લીમીટની હદે હદે પોલીસ ક્વાર્ટસના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સીટી લીમીટની હદે હદે રાધેશ્યામ નગર, દેવી દર્શન, અપેક્ષા નગર રે. સ. નં. ૧૬૦ ની ફરતે થઈ કૈલાસ નગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ખાડીના કિનારે કિનારે ઈશાન ખૂણા તરફ જતાં મોજે બમરોલી રે. સ. ૧૨૬ (માલધારી વસાહત)ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩૩--અલથાણ-ભટાર-મજૂરા (નવો વિસ્તાર)

કૃષિફાર્મના વાયવ્ય ખૂણાની શરૂ કરી પૂર્વ તરફ જતાં જોલી સ્કેવરની દક્ષિણે થઈ ઘોડદોડ પર આવેલ આમ્રકુંજના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ મોજે ભટારની પૂર્વ તરફની હદે હદે ગ્રીન એવન્યુ, સંત તુકારામ સોસાયટી અને ગોપાલપાર્કની પૂર્વ થઈ સીટીઝન ટાવર સુધી, ત્યાંથી પૂર્વ તરફ મોજે મજૂરાની ઉત્તર તરફની હદે હદે એટોપનગર, અક્ષરપાર્ક, મંગળદાસ શોપીંગ સેન્ટર, ગોકુલધામની ઉત્તરે થઈ એસ. કે. ઈન્ડસ્ટ્રીઝના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ચોકસી ડાઈનીંગની પશ્ચિમે તથા દિવ્યાનંદ ઈન્ડસ્ટ્રીઝની દક્ષિણે થઈ કાંકરાખાડી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ખાડીના કિનારે કિનારે મહાલક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝની ફરતે થઈ દર્શન ઈન્ડસ્ટ્રીઝ, હરિશ સીલ્ક મીલ્સ, ગોકુળનગર હોટ મીલ પ્લાન્ટ થઈ અને રસુલાબાદ ઝુંપડપટ્ટીની દક્ષિણે ખાડીના કિનારે કિનારે સુરત શહેરની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ શહેરની હદે હદે પસાર થઈ ભીમરાડ જકાતનાકા સુધી. ત્યાંથી ઉત્તર તરફ સુરત શહેરની હદે હદે પસાર થઈ ભરથાણા જકાતનાકા, ગાયત્રીનગરની પશ્ચિમે થઈ આશીર્વાદ (રે. સ. નં. ૭૮)ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી મોજે ભટારની હદે હદે પસાર થઈ તથા ઉમરા ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશનની ઉત્તરે થઈ પનાસગામના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે ભટારની હદે હદે પસાર થઈ કૃષિફાર્મના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩૪-ભેદવાડ-ભેસ્તન-પાંડેસરા-વડોદ

મોજે પાંડેસરાના રે. સ. નં. ૧૧૧ માં આવેલ શીવનગરના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ પાંડેસરા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ દક્ષેશ્વર મહાદેવ સુધી. ત્યાંથી ઉધના નવસારી રોડ પસાર કરી મોજે ભેદવાડની ઉત્તર તરફની હદે હદે (બી. આર. સી. કોલોનીની ઉત્તરેથી) પસાર થઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ મોજે ભેદવાડના રે. સ. નં. ૨૩ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સીટી લીમીટની હદે હદે પસાર તથા પાંજરાપોળની પૂર્વે થઈ મોજે ભેસ્તાનના રે. સ. નં. ૨૨૭ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સીટી લીમીટની હદે હદે પસાર થઈ સુરત મુંબઈ રેલ્વે લાઈન તથા ઉધના નવસારી રોડ ક્રોસ કરી વખારીયા ઈન્ડસ્ટ્રીઝની દક્ષિણે થઈ મોજે ભેસ્તાનના રે. સ. નં. ૧૫૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ સીટી લીમીટની હદે હદે પસાર થઈ મોજે વડોદના ૧૪૭ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સીટી લીમીટની હદે હદે મોજે વડોદના રે. સ. નં. ૧૩૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ સીટી લીમીટની હદે હદે તેમજ વડોદ અને પાંડેસરા જી.આઈ.ડી.સી. ની પશ્ચિમ બાજુએથી પસાર થઈ મોજે પાંડેસરાના રે. સ. નં. ૯૭ ના વાયવ્ય ખૂણે આવેલ ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખાડીના કિનારે કિનારે પસાર થઈ પાંડેસરા હાઉસીંગ બોર્ડના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફના રસ્તે રસ્તે અને પાંડેસરા હાઉસીંગ બોર્ડની પૂર્વે થઈ શીવનગરના ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી.એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનસુચિ--૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

સુરત મહાનગર પાલિકાની કુલ વસ્તી		૨૪,૩૩,૮૩૫
કુલ વોર્ડની સંખ્યા		૩૪
વોર્ડદીઠ સરેરાશ વસ્તી.	૭૧૫૮૩	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ--૭૮૭૪૧
		સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ--૬૪૪૨૫
બેઠકોની સંખ્યા.		૧૦૨
સ્ત્રી બેઠકો		૩૪
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૪	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૧ સ્ત્રી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૦	તે પૈકી ૩ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.		૪૭
સામાન્ય બેઠકો		૫૫

અ. નં.	વાર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૬૪૨૬૯	અનુસૂચિતજાતિ	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૭૭૧૩૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૭૮૨૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૭૬૯૦૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૬૮૬૦૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૭૦૪૯૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૭૪૭૪૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૭૫૭૫૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૬૮૪૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૬૯૩૬૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૭૬૨૮૭	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨	૧૨	૭૮૫૯૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૧૩	૧૩	૬૧૨૦૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૪	૧૪	૬૩૨૧૩	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય
૧૫	૧૫	૬૧૭૯૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૬	૧૬	૭૮૨૧૭	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૭	૧૭	૭૮૨૦૮	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૮	૧૮	૭૧૧૯૫	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૧૯	૧૯	૭૩૯૭૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૦	૨૦	૭૮૫૩૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૧	૨૧	૭૦૭૯૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૨	૨૨	૭૬૦૫૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૨૩	૨૩	૬૮૦૪૫	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨૪	૨૪	૬૮૭૯૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય

INDEX

૧	૨	૩	૪	૫	૬
૨૫	૨૫	૬૮૧૧૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૬	૨૬	૬૬૩૮૪	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨૭	૨૭	૬૯૩૬૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૮	૨૮	૭૧૩૭૬	સામાન્ય	અનુસૂચિતજાતિ	સામાન્ય
૨૯	૨૯	૭૮૧૭૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩૦	૩૦	૭૬૫૧૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩૧	૩૧	૬૯૦૨૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩૨	૩૨	૬૮૮૨૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩૩	૩૩	૬૭૨૭૨	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૩૪	૩૪	૬૯૯૩૧	સામાન્ય	અનુસૂચિતજાતિ	સામાન્ય
	કુલ	૨૪૩૩૮૩૫			

વી.એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 177

REGISTERED No. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, AUGUST 1, 2005/SRAVANA 10, 1927

Separate paging is givrn to this Part in order that it may be filed as a Separate Compilation

PART - IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ, તારીખ ૩૦ માર્ચ - ૨૦૦૫

તા. ૩૦ માર્ચ-૨૦૦૫ ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૩, ૨૦૦૫ વીજળીના વેપાર માટે લાઈસન્સ વિનિયમોનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

તા.૩૦ માર્ચ-૨૦૦૫
અમદાવાદ

પી. એસ. શાહ,
સચિવ.

INDEX

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વીજળીના વેપાર માટે લાઇસન્સ
૨૦૦૫નું જાહેરનામા નં.૩

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૧૪ સાથે વાંચતા, (૨૦૦૩ નો અધિનિયમ ૩૬) કલમ ૧૮૧ અન્વયે સુપરત કરેલી સત્તાઓ અને તે અંગે તેને સક્ષમ બનાવતી સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, નીચે મુજબ વિનિયમો કરે છે.

પ્રકરણ - ૧

પ્રાસ્તાવિક

૧. **ટૂંકુ શીર્ષક, વ્યાપ્તિ અને પ્રારંભ**

(ક) આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજળી-વેપારનું લાઈસન્સ) વિનિયમો, ૨૦૦૫ કહેવાશે.

(ખ) આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

(ગ) આ વિનિયમો રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવે છે.

પ્રકરણ - ૨

વ્યાખ્યાઓ અને અર્થઘટન

૨. **વ્યાખ્યા અને અર્થઘટન**

૨.૧ આ વિનિયમો સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય

(ક) "અધિનિયમ" એટલે વીજળી અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩ નો ૩૬ મો)

(ખ) "સમજૂતિ" એટલે

(૧) પુનર્વેચાણ કરવા વીજળીના વેપારી દ્વારા વીજળીની ખરીદી માટે વીજળીના વેપારી અને વીજળીના વિક્રેતા વચ્ચે કરાયેલી સમજૂતિ, અથવા

(૨) વીજળી વેપારીએ પુનર્વેચાણ માટે ખરીદેલી વીજળીના વેચાણ માટે વીજળીના વેપારી અને વીજળીના ખરીદકર્તા વચ્ચે કરેલી સમજૂતિ

(ગ) "અરજદાર" એટલે વીજળીના આંતર રાજય વેપાર માટે લાઈસન્સ આપવા આયોગને અરજી કરનાર વ્યકિત.

(ઘ) "આયોગ" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(ચ) "કાર્ય-સંચાલન વિનિયમો" એટલે ૨૦૦૪ ના વખતો વખત સુધાર્યા મુજબના ગુજરાત વિદ્યુત આયોગ (કાર્ય સંચાલન) વિનિયમો, અને તેના કોઈપણ વૈધાનિક ફરીથી ઘડેલા કાયદા

(છ) "વિતરણ લાઈસન્સ" એટલે લાઈસન્સમાં નિર્દિષ્ટ વિસ્તારમાં વીજળી પૂરી પાડવા વિતરણ પ્રણાલીનું (સીસ્ટમ) સંચાલન અને જાળવણી કરવાનું લાઈસન્સ, અને "વિતરણ પરવાનેદાર" નો અર્થ પણ તે પ્રમાણે કરવો.

(જ) "ગ્રિડ નિયમાવલિ" (કોડ) એટલે તે સમયે અમલમાં, તેમજ વખતો વખત સુધાર્યા મુજબ, અધિનિયમની કલમ-૮૬ ની પેટા-કલમ (૧) ના ખંડ (ઝ) અન્વયે આયોગે નિર્દિષ્ટ કરેલ રાજય ગ્રિડ નિયમાવલિ, અને તેમાં લાગુ પડે તે પ્રમાણે ભારતીય વીજળી ગ્રિડ નિયમાવલિનો સમાવેશ થાય છે.

INDEX

(ઝ) "ભારતીય વીજ ગ્રિડ નિયમાવલિ" (ગ્રિડ કોડ) એટલે વખતો વખત સુધાર્યા મુજબ, તે સમયે અમલમાં હોય તે ભારતીય વીજ ગ્રિડ નિયમાવલિ અને તેમાં તે અંગેના કોઈપણ વૈધાનિક ફરીથી ઘડાયેલા કાયદાનો સમાવેશ થાય છે.

(ટ) "આંતર રાજય વેપાર" એટલે વીજળી વેપારી દ્વારા સમજૂતિઓ મારફત હાથ ધરેલ વેપારી લેવડ-દેવડ, જેમાં એક રાજયના પ્રદેશમાંથી બીજા રાજયના પ્રદેશની વીજળી તબદીલીનો સમાવેશ થશે નહીં.

(ઠ) "લાઈસન્સ" એટલે લાગુ પડે ત્યાં, ૨૦૦૩ ના ગુજરાત વીજ ઉદ્યોગ (પૂનર્રચના અને વિનિયમ) ની કલમ-૨૦ સાથે વાંચતા અધિનિયમની કલમ-૧૪ અન્વયે આપેલું લાઈસન્સ અને "પરવાનેદાર" નો અર્થ તે પ્રમાણે કરાશે.

(ડ) "લાઈસન્સયુકત વેપાર" એટલે વેપારી લાઈસન્સ અન્વયે અધિકૃત કર્યા પ્રમાણે વીજળીના વેપારી તરીકે વીજળીનો વેપારવિષયક ધંધો

(ઢ) "અધિકારી" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના અધિકારી

(ણ) "અન્ય વેપાર" એટલે "આંતર-રાજય વેપાર" ના લાઈસન્સયુકત ધંધા સિવાયનો વેપારી પરવાનેદારનો કોઈપણ ધંધો.

(ત) "વિનિયમો" એટલે ૨૦૦૪ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિજળી વેપારનું લાઈસન્સ) વિનિયમો,

(થ) "સચિવ" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સચિવ.

(દ) "વેપાર" એટલે તેના પુનર્વેચાણ માટે વીજળીની ખરીદી અને "વેપાર" શબ્દનો અર્થ તદનુસાર કરાશે.

(ધ) "વેપાર લાઈસન્સ" એટલે વીજળી-વેપારી તરીકે વીજળીનો વેપાર હાથ ધરવા અપાયેલ લાઈસન્સ, અને "વેપાર પરવાનેદાર" નો અર્થ તે પ્રમાણે કરાશે.

(ન) "પ્રવાહન લાઈસન્સ" એટલે લાઈસન્સમાં નિર્દિષ્ટ વિસ્તારમાં પ્રવાહન લાઈનો નાંખવા કે સંચાલિત કરવા આપેલું લાઈસન્સ.

(પ) "વર્ષ" એટલે કેલેન્ડર વર્ષની ૧લી એપ્રિલથી તે પછીના કેલેન્ડર વર્ષની ૩૧ માર્ચ સુધીના બાર મહિનાનો સમય-ગાળો.

આ વિનિયમોમાં વપરાયેલા અને વ્યાખ્યા નહીં કરાયેલ, પરંતુ અધિનિયમમમાં વ્યાખ્યા કરાયેલા શબ્દો અને શબ્દ સમૂહોના અર્થ ઉકત અધિનિયમમાં તેઓને અપાયેલ અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમો કે અધિનિયમમાં ખાસ વ્યાખ્યા નહીં અપાયેલ પરંતુ સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા કાયદા અન્વયે વ્યાખ્યા અપાયેલ રાજયમાં વીજ ઉદ્યોગને લાગુ પંડતા શબ્દસમૂહોના અર્થ, આવા કાયદામાં તેને અપાયેલ અર્થ પ્રમાણે રહેશે. અહીં વપરાયેલા પરંતુ વિનિયમ કે અધિનિયમ કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા કાયદામાં વ્યાખ્યા નહીં અપાયેલા શબ્દસમૂહોના અર્થ વીજઉદ્યોગમાં સામાન્ય રીતે તેને અપાયેલા શબ્દસમૂહોના અર્થ મુજબ રહેશે.

૨.૨ <u>અર્થઘટન</u>

આ વિનિયમોના અર્થઘટનમાં અન્યથા અપેક્ષિત હોય તે સિવાય નીચે મુજબ અર્થ થશે.

(ક) એકવચન કે બહુવચનના શબ્દો, યથાપ્રસંગ, અનુક્રમે, બહુવચન કે એકવચન શબ્દોમાં સમાવિષ્ટ થતા હોવાનું ગણવામાં આવશે.

(ખ) "સમાવેશ કરવો" અથવા "સહિત" આવા શબ્દો પછી આયાત જેવા વાકયાંશો કે શબ્દો આવ્યા હોય તે પરત્વે ધ્યાન આપ્યા સિવાય "મર્યાદા વિના" કે "પરંતુ - ને મર્યાદિત નહીં" એવા શબ્દો પાછળ આવતા હોવાનું ગણવામાં આવશે.

INDEX

(ગ) "વિનિયમો" ને લગતા અહીંના કોઈપણ સંદર્ભોનો અર્થ, અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદા પ્રમાણે, આયોગે વખતોવખત સુધારા કે ફેરફાર કર્યા મુજબના આ વિનિયમોના સંદર્ભ તરીકે કરાશે.

(ઘ) "શીર્ષકો" અનુકૂળતા માટે મુકયા છે, તેને આ વિનિયમોના અર્થઘટન માટે ધ્યાનમાં લેવાના નથી.

(ચ) કાયદા, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના સંદર્ભોનો અર્થ, ઉલ્લેખ કરાયેલ આવા કાયદા, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ વૈધાનિક જોગવાઈઓના સમાવેશન તરીકે કરાશે.

૨.૩ **સમીક્ષા**

અધિનિયમની કલમ-૬૬ અનુસાર, ખુલ્લા પ્રવેશ અને / અથવા વિકસતા વીજ-બજારોની જરૂરિયાતોને પહોંચી વળવા માટેના વિનિયમો સાથે તેને સુસંગત બનાવવા આયોગ વખતોવખત આ વિનિયમોની સમીક્ષા કરશે.

પ્રકરણ - ૩

આંતર-રાજય વેપાર માટેનું લાઈસન્સ આપવા અંગેની કાર્ય પધ્ધતિ

આ વિનિયમો હેઠળની તમામ કાર્યવાહીઓનું વિનિયમ, વખતો વખત સુધાર્યા મુજબના ગુજરાત વીજળી નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન વિનિયમો), ૨૦૦૪ દ્વારા થશે.

૪. **લાઈસન્સ આપવા માટેની અરજીઓ**

(ક) આંતર-રાજય વેપાર માટેનું લાઈસન્સ આપવા અંગેની અરજી, અનુસુચિ-૧ માં નિર્દિષ્ટ નમૂનામાં આયોગને રજૂ કરવી અને તેની સાથે રાજ્ય સરકારે ઠરાવેલ હોય તે મુજબની અરજી ફી આની સાથે જોડવી. આવી ફી સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને નામે લખેલો બેન્ક ડ્રાફ્ટ / પે ઓર્ડર દ્વારા ચૂકવવાપાત્ર થશે.

(ખ) લાઈસન્સ આપવા માટેના દરેક અરજી પર અરજદારે કે તેમના વતી સહી કરવી અને ગુજરાત રાજય વિદ્યુત નિયંત્રક આયોગના સરનામે મોકલવી. અરજી ૬(છ) સેટમાં ફાઈલ કરવી અને દરેક સેટની સાથે નીચેના કાગળો જોડવા.

(૧) લાઈસન્સયુકત ધંધો ચલાવવા માટે ખર્ચ કરવા વિચારેલ મૂડીનું પત્રક અને આયોગને જરૂરી જણાય તેવી બીજી વિગતો,

(૨) જેમાં અરજદાર સંસ્થાપિત મંડળ હોય તેવી કંપનીના ઉદ્દેશપત્ર અને ધારાધોરણોની, તથા બીજા અસ્તિત્વમાં હોય તેવા ધંધાઓના કેસમાં, સંસ્થાપના, નોંધણી કે સમજૂતીને લગતા સમાન પ્રકારના લાગુ પડતા દસ્તાવેજોની નકલ;

(૩) ઉપરના ખંડ (૬) અનુસાર, તેમાં નિર્દિષ્ટ અરજી ફી ચૂકવી હોવાની પહોંચ.

(૪) અરજીમાં જાહેર કરેલી માહિતીની ખરાઈ કરનાર અરજદારનું સોગંદનામું,

(૫) અરજદાર સંસ્થાપિત મંડળમાં હોય ત્યાં, ગુજરાત રાજયમાં કે બીજા કોઈપણ રાજયમાં વીજ ઉત્પાદન, વિતરણ, પ્રવાહન કે વેપારમાં રોકાયેલ કંપની(ઓ) ના કોઈપણ જૂથની વિગતો,

(૬) અરજદાર સંસ્થાપિત મંડળમાં ન હોય ત્યાં, રાજયમાં કે રાજયની બહાર, સીધી કે આડકતરી રીતે અરજદાર જેમાં રસ ધરાવતો હોય તે વીજળીના ઉત્પાદન, વિતરણ, પ્રવાહન કે વેપારને લગતા કોઈપણ ધંધાની વિગતો,

(૭) વીજળી ક્ષેત્રમાં અરજદારના કોઈ નાણાંકીય હોલ્ડિંગની વિગતો.

(૮) અરજદાર સંસ્થાપિત મંડળ હોય તેવા કેસમાં પુરસ્કર્તાઓનો (પ્રમોર્ટસ) સંક્ષિપ્ત ઈતિહાસ,

INDEX

(૯) આયોગ આ અંગે આદેશ દ્વારા માગે તેવા બીજા દસ્તાવેજો અથવા માહિતી.

(ગ) આંતર-રાજય વેપાર માટે લાઈસન્સ આપવા અંગેની અરજી અને તેની સાથેના જોડાણો, (ડેટા પ્રોટેકશન, વાયરસ ડિટેકશન) વિગત રક્ષણ, વાયરસ શોધ, વગેરે માટેના પગલાં યોગ્ય રીતે લીધા બાદ સીડી પર પણ આયોગને મોકલી શકાશે.

(ઘ) અરજદારે સંપૂર્ણ અરજી - તેના જોડાણો સાથે, પોતાની વેબસાઈટ પર મોકલવી અથવા આવી કોઈ વેબસાઈટ ન હોય ત્યાં, આયોગે આ અંગે અધિકૃત કરેલી વેબસાઈટ પર મોકલી શકાશે, જેથી કોઈપણ વ્યકિતને ઈન્ટરનેટ દ્વારા અરજી જોડવામાં સુગમતા પડે.

(૫) **અરજીની પહોંચ :**

લાઈસન્સ આપવા અંગેની અરજી મળ્યેથી, સચિવ, આ હેતુ માટે રાખવાના રજિસ્ટરમાં તેની વિગતો નોંધશે અને અરજીને સંદર્ભ નંબર આપશે. ત્યારબાદ સચિવ, અરજીમાં જણાવેલા સરનામે અરજદારને, અરજી મળ્યાની તારીખ અને સંદર્ભ નંબર જણાવતી પહોંચ મોકલી આપશે.

(૬) **અરજીની જાહેર નોટિસ**

(ક) લાઈસન્સ માટે, અરજી કર્યાના ૭ દિવસની અંદર, અરજીની નોટિસ; અરજદાર, જેના માટે લાઈસન્સની માગણી કરી હોય તે વેપારના વિસ્તારમાં બહોળા ફેલાવો ધરાવતા અંગેજી ભાષાના દરેક દૈનિક વર્તમાનપત્રના અને એક ઇશ્યૂમાં ગુજરાતી ભાષાના બે દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરશે, જેમાં નીચેની વિગતો આપવી;

(૧) અરજીના ઉપરના ભાગે મોટા અક્ષરે અરજદારનું નામ, તેની કચેરીના સરનામાં અને નોંધાયેલી ઓફિસ હોય તો તેના સરનામાં સાથેની વિગતો, તથા અરજંદાર વ્યકિત, ૧૯૩૨ ના ભાગીદારી અધિનિયમ (૧૯૩૨ નો ૯ મો) અન્વયે નોંધાયેલી ભાગીદારી પેઢી, ૧૯૫૬ ના કંપની અધિનિયમ (૧૯૫૬ નો ૧ લો) અન્વયે સંસ્થાપિત પ્રાયવેટ લિમિટેડ કંપની કે જાહેર લિમિટેડ કંપની કે અન્ય કોઈ સંસ્થાપિત કે અસંસ્થાપિત મંડળ છે કે કેમ તે સ્પષ્ટ કરતી વિગતો દર્શાવવી,

(૨) અરજદારે અધિનિયમની કલમ-૧૫ ની પેટા-કલમ (૧) અન્વયે આંતર-રાજય વેપાર માટે લાઈસન્સ આપવા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને અરજી કરી હોવાનું નિવેદન,

(૩) અરજદારની નાણાકીય અને ટેકનિકલ ક્ષમતા, વ્યવસ્થા રૂપરેખા (પ્રોફાઇલ) અને શેર-હોલ્ડિંગ ઢાંચો, જો કોઈ હોય તો,

(૪) ટ્રેડિંગ લાઈસન્સ આપ્યા પછીના એક વર્ષ દરમિયાન ધંધો કરવા વિચારેલ વીજળીનું પ્રમાણ તથા આગામી પાંચ વર્ષો દરમિયાન વેપાર કરવા અંગેની ભાવિ યોજનાઓ,

(૫) આયોગને કરેલી અરજીમાં જણાવ્યા મુજબ, અરજદાર વીજળીનો ધંધો જયાં હાથ ધરવાનો હોય તે ભૌગોલિક વિસ્તાર,

(૬) આયોગને કરેલી અરજી અને વખતોવખત રજૂ કરેલા બીજા દસ્તાવેજો, કોઈપણ વ્યકિતના નિરીક્ષણ માટે અરજદાર પાસે ઉપલબ્ધ હોવા અંગેનું નિવેદન,

(૭) સૂચિત વેપાર લાઈસન્સના વિસ્તારનાં મોટા શહેરો કે નગરોમાં અરજદાર દ્વારા નિયુકત અરજી અને બીજા દસ્તાવેજો નિરીક્ષણ માટે જેમની પાસેથી મેળવી શકાય અથવા વાજબી ખર્ચે વધુમાં વધુ ફોટો કોપીના ખર્ચે રૂબરૂમાં કે ટપાલથી તેની ખરીદી કરી શકાય તેવી વ્યકિત(ઓ)નાં નામ, સરનામાં અને જરૂરી વિગતો.

(૮) સંપૂર્ણ અરજી અરજદારની વેબસાઈટ પર અથવા બીજી કોઈ અધિકૃત વેબસાઈટ પર મળી શકશે, અને વિના મૂલ્યે ડાઉન-લોડ કરી શકાશે.

(૯) કોઈ વાંધા હોય તો તે, નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસની અંદર, સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ, અથવા આયોગની કચેરીના સરનામે મોકલવા.

પરંતુ, બૌધ્ધિક મિલકતમાં પોતાના ધંધાદારી હિતો કે હકોનું રક્ષણ કરવા, અરજદાર, પૂરતા અને વાજબી કારણો આપીને ઉપરની કોઈપણ માહિતી પ્રસિધ્ધ થતી અટકાવવાની પરવાનગી પૂરતાં વાજબી કારણો આપીને આયોગને વિનંતી કરી શકશે અને આયોગ યોગ્ય વિચારણા પછી આવી વિનંતી માન્ય રાખશે કે તેનો ઈન્કાર કરશે..

IV-C-Ex-177-2

પરંતુ, અરજદારે નિર્દિષ્ટ કરેલી રીત પ્રમાણે, ઉપરની માહિતીનો બિન-ખાનગી સારાંશ પ્રસિધ્ધ કરાવવાનો રહેશે.

(ખ) અરજદાર, અગાઉ જણાવ્યા પ્રમાણે નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૭ દિવસની અંદર, નોટિસ પ્રસિધ્ધ કર્યા અંગેની વિગતો, સોગંદનામા પર, આયોગને રજૂ કરશે, તથા નોટિસ પ્રસિધ્ધ કરવામાં આવી હોય તે વર્તમાનપત્રની પ્રસ્તુત નકલો પણ રજૂ કરશે.

(૭) **અરજી અને દસ્તાવેજોનું જાહેર નિરીક્ષણ**

(ક) ઉપરના વિનિયમ(૬) અનુસાર નોટિસ પ્રસિધ્ધ કર્યાની તારીખથી, અરજદાર, લાઈસન્સ આપવા અંગેની તેની અરજી તથા તેની સાથેનાં તમામ જોડાણોની નકલો, પૂરતી સંખ્યામાં તેની પોતાની કચેરીએ તથા આયોગની કચેરીમાં કોઈપણ વ્યકિત દ્વારા નિરીક્ષણ માટે ઉપલભ્ય રાખશે. પરવાનેદાર, તેની અરજી તેની વેબસાઈટ પર, જો હોય તો, મૂકશે.

(ખ) અરજદાર, અરજી કરનાર તમામ વ્યકિતઓને, તેમની અરજી અને તેની સાથેના જોડાણોની મુદ્રિત નકલો, આવી સામગ્રીની ફોટો-નકલ કરવા અંગેના વાજબી ભાવથી, મોકલી આપશે.

(૮) **અરજીની ચકાસણી અને વધારાની માહિતી મંગાવવી**

(ક) સચિવ, અરજીની ચકાસણી કરીને, અરજદારને શકય હોય તે પ્રમાણે અરજી અંગે કામકાજ હાથ ધરવા જરૂરી જણાય તેવી બીજી વધારાની માહિતી કે દસ્તાવેજો અરજી મળ્યાના ૩૦(ત્રીસ) દિવસની મુદતની અંદર રજૂ કરવા જણાવશે.

(ખ) સચિવને અરજી અને તેની સાથેના દસ્તાવેજો તમામ રીતે સંપૂર્ણ જણાય, અને અરજદારે, અરજી કાયદેસર રીતે રજૂ કરવા ઠરાવેલી કાર્યપધ્ધતિનું એકવાર પાલન કરે પછી, સચિવ, અધિનિયમ અને આ વિનિયમોમાં જોગવાઈ કરાયેલ કાર્યપધ્ધતિ અનુસાર વેપારનું લાઈસન્સ આપવા માટે વિચારણા કરવા અરજી તૈયાર હોવાનું પ્રમાણિત કરશે.

(૯) **વાંધા અને સૂચનો**

(ક) વેપાર-લાઈસન્સ આપવા બાબત કોઈ વ્યકિત વાંધો ઉઠાવવા માગતી હોય તો તેને ઉપરના વિનિયમ-૫ માં દર્શાવેલ પ્રથમ જાહેરાત બહાર પાડયાની તારીખથી એક મહિનાની અંદર વાંધા દાખલ કરશે. આ વાંધા આયોગના સચિવના નામે મોકલવાના રહેશે.

(ખ) આવા વાંધા મળ્યેથી, સચિવ, તેના પર સંબંધિત લાઈસન્સ અરજીનો સંદર્ભ નંબર છાપશે અને આવા વાંધા સંબંધિત લાઈસન્સ અરજીને લગતી ફાઈલમાં મુકશે.

(ગ) સચિવ, તેને મળેલા તમામ વાંધાની નકલો, ઉપરના વિનિયમ-૬ ના ખંડ(ક) ના પેટા-ખંડ(૯) માં નિર્દિષ્ટ વાંધાઓ દાખલ કરવાની છેલ્લી તારીખથી એક અઠવાડિયાની અંદર અરજદારને મોકલશે.

(ઘ) આયોગના સચિવ પાસેથી વાંધાઓ મળ્યાના ૩૦(ત્રીસ) દિવસની અંદર, અરજદાર નોટિસના જવાબમાં મળેલા વાંધા કે સૂચનો અંગે પોતાની ટીકા-ટિપ્પણ મોકલાવશે.

(૧૦) **અરજીની સુનાવણી અને વેપાર-લાઈસન્સ આપવા બાબત.**

(ક) અરજદાર, દસ્તાવેજો રજૂ કરવા, પરવાનગી મેળવવાની અને નોટિસો પ્રસિધ્ધ કરવા અંગની તમામ શરતોનું પાલન કર્યેથી અને વાંધા મેળવવાની છેલ્લી તારીખ પૂરી થતાં, આયોગ, તેને યોગ્ય જણાય તો, અરજીની નિયમિત સુનાવણી ગોઠવવા કાર્યવાહી કરશે.

(ખ) કોઈ તપાસ કરવાની હોય તો તે અને અરજીની સુનાવણી ગોઠવી હોય તો તે પછી, આયોગ વેપારનું લાઈસન્સ આપવું કે તેના ઈન્કાર કરવો તે અંગે નિર્ણય કરશે.

(ગ) આયોગ વેપાર-લાઇસન્સ આપવાનું નક્કી કરે તો, આ લાઇસન્સ આ વિનિયમોની અનુસૂચિ-૨ માં નિર્દિષ્ટ નમૂનામાં રહેશે. પરંતુ આયોગ, તેનાં વિવેકાધિકાર પ્રમાણે જરૂર જણાય તે મુજબ તેમાં સુધારા-વધારા કરી શકશે.

(ઘ) તે સમયે અમલમાં હોય તે અધિનિયમ, નિયમો અને વિનિયમોની જોગવાઈઓ અન્વયે આવું લાઈસન્સ આપવા માટે અરજદાર લાયક છે એવી ખાતરી થતાં, આયોગ આંતર-રાજય વેપાર માટેનું લાઈસન્સ આપશે.

INDEX

(ચ) વેપાર લાઈસન્સ અપાતાં પહેલાં, આયોગ, લાઈસન્સ આપવા અંગેની તેની દરખાસ્તની નોટિસ, આયોગને યોગ્ય લાગે તે બે દૈનિક છાપામાં, લાઈસન્સ જેને આપવાનું વિચારાયું હોય તે વ્યક્તિનાં નામે અને સરનામાં તથા આયોગને યોગ્ય જણાય તેવી બીજી માહિતી સાથે પ્રસિધ્ધ કરાવશે.

(છ) લાઈસન્સનો મુસદ્દો તેના મૂળ ફોર્મમાં કે સુધારેલા ફોર્મમાં મંજૂર કરવામાં આવે ત્યારે, સચિવ, અરજદારને ચૌદ દિવસની અંદર આવી મંજૂરીની, અને લાઈસન્સ જે ફોર્મમાં મંજૂર કરવાનું વિચાર્યું હોય તે તથા લાઈસન્સ આપવા માટે ચૂકવવાની ફી સહિત અરજદારે સંતોષવાની શરતોની જાણ કરશે.

(જ) **<u>લાઇસન્સ આપવા અંગેની અરજી નામંજૂર કરવી.</u>**

આયોગ, બને ત્યાં સુધી, લાઇસન્સ આપવા અંગેની અરજી અધિનિયમ કે તે હેઠળ

ઘડેલા નિયમો કે વિનિયમોની જોગવાઇઓ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદાની જોગવાઇઓ સાથે સુસંગત ન હોય તો આવી અરજીનો, લેખિતમાં નોંધવાના કારણોસર, અરજી મળ્યાના ૯૦ દિવસની અંદર તેને નામંજૂર કરી શકશે.

(ઝ) અરજદાર, આયોગ ઉપરના ખંડ(ખ) અન્વયે ફરમાવે તે મૂજબના સુધારા, ફેરફાર કે ઉમેરા સાથે તથા બીજી કોઈ શરતોને અધીન રહીને લાઈસન્સ સ્વીકારવા તૈયાર હોય તો, આયોગની મંજૂરી મળ્યાના ૧૫ દિવસની અંદર તે આયોગને પોતાની સંમતિની જાણ કરશે.

(૧૧) **<u>વેપાર-લાઈસન્સનો પ્રારંભ</u>**

આયોગ નિર્દિષ્ટ કરે તે તારીખથી વેપાર-લાઈસન્સ શરૂ થશે.

(૧૨) **<u>વેપાર લાઈસન્સની મુદત</u>**

વેપાર લાઈસન્સ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર, આયોગ મોકૂફ કરે કે રદ કરે તે સિવાય, તેના પ્રારંભની તારીખથી આયોગ ફરમાવે તે મુજબ, પચ્ચીસ વર્ષની મુદત માટે અથવા તેથી ઓછી મુદત માટે કાયદેસર ગણાશે.

(૧૩) **<u>લાઈસન્સની નકલો રાખવા બાબત</u>**

(ક) વેપાર-લાઈસન્સ અપાયું હોય તે વ્યક્તિ તે અપાયાની તારીખથી ત્રીસ દિવસની અંદર આવા વેપાર લાઈસન્સની નકલ, કામકાજના વિસ્તારમાં આવેલી પોતાની મુખ્ય કચેરીમાં કામકાજના કલાક દરમિયાન લોકોના નિરીક્ષણ માટે ઉપલબ્ધ રાખશે.

(ખ) આવા દરેક વેપાર પરવાનેદાર, લાઇસન્સ અપાયાના ૩૦ દિવસની અંદર, ફોટો નકલના ભાવથી વધે નહીં, તેવા વાજબી ભાવે ઉપલભ્ય કરશે.

(૧૪) **<u>લાઈસન્સની સુધારણા</u>**

(ક) વેપારી પરવાનેદારે, અધિનિયમ અન્વયે વેપાર-લાઈસન્સમાં સુધારા માટે અરજી કરી હોય ત્યાં, આવી અરજી કર્યાના પંદર દિવસની અંદર વેપાર-પરવાનેદાર, વેપાર લાઈસન્સ જયાં ચાલતું હોય તે પ્રદેશમાં ફેલાવો પામેલ અંગ્રેજી ભાષાના દરેક દૈનિક છાપાના એક ઇશ્યૂમાં અને ગુજરાતી બે છાપાઓમાં નીચેની વિગતો સાથેની આવી અરજીની નોટિસ પ્રસિધ્ધ કરશે.

૧. હાલના વેપાર લાઈસન્સની સંક્ષિપ્ત વિગતો;

૨. હાલના વેપાર લાઈસન્સમાં સૂચિત સુધારા;

૩. સુધારા માટેના કારણો;

૪. સૂચિત વેપાર લાઇસન્સના વિસ્તારના મુખ્ય શહેરો કે નગરોમાં અરજદારે નિયુક્ત કરેલ, જેઓ અરજી અને બીજા દસ્તાવેજો નિરીક્ષણ માટે ઉપલબ્ધ રાખી શકે અથવા જેમની પાસે તે રૂબરૂ કે ટપાલથી, ફોટો-નકલના ભાવથી વધે નહીં તેવા વાજબી ભાવે ખરીદી શકાય તેવી વ્યક્તિ(ઓ)નાં નામ, સરનામાં અને બીજી જરૂર વિગતો

૫. અરજી સંબંધમાં આયોગને કોઇ સૂચન કે વાંધો રજૂ કરવા માગતી કોઇપણ વ્યક્તિ, નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર સચિવને લેખિતમાં (છ નકલો) તેની જાણ કરીને તેમ કરી શકે તેવું નિવેદન

INDEX

(ખ) ઉપરના પેટા-ખંડ (ક) અન્વયે નોટિસ પ્રસિધ્ધ થયાના અનુસંધાનમાં સુધારા માટેની અરજી બાબતના તમામ વાંધા, નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મળે તો આયોગ તે અંગે વિચારણા કરશે.

(ગ) જયાં આયોગ, સ્વયં, વેપાર-લાઈસન્સમાં સુધારા અંગે દરખાસ્ત કરે ત્યાં, આયોગ સૂધારો કરવા વિચારાયેલ વેપાર-લાઈસન્સ જયાં ચાલતું હોય તે વિસ્તારમાં ફેલાવો ધરાવતા અંગ્રેજી ભાષાના દરેક દૈનિક છાપાના એક છશ્યૂમાં અને ગુજરાતી ભાષાના બે છાપાઓમાં તે અંગેની નોટિસ, આયોગને જરૂરી જણાય તેવી વિગતો આપવા સાથે પ્રસિધ્ધ કરશે.જેમાં નીચેની વિગતો આપવમાં આવશે.

(૧) વેપાર-લાઇસન્સનું નામ અને વિસ્તારમાં મુખ્ય કચેરીનું નામ-સરનામું;

(૨) આયોગે કરવા વિચારેલ સુધારા-વધારાનું વર્ણન;

(૩) સૂચિત સુધારા-વધારા માટેનાં કારણો;

(૪) આયોગને અરજી સંબંધમાં કોઇ સૂચન કે વાંધો રજૂ કરવા માગતી કોઇપણ વ્યક્તિ નોટિસ પ્રસિધ્ધ થયાના ત્રીસ દિવસની અંદર સચિવને લેખિતમાં (છ નકલો) તેની જાણ કરીને તેમ કરી શકે તેવું નિવેદન .

નોટિસ મળ્યાના ૩૦ દિવસની અંદર સૂચિત સુધારા-વધારા માટેના વાંધા મળે તો તે તમામ વાંધા અંગે આયોગ વિચારણા કરશે.

(ઘ) લાઈસન્સ આપવા અંગેના આ વિનિયમોની જોગવાઈઓ, વ્યવહારુ અને જરૂરી જણાય તેટલા પ્રમાણમાં, વેપાર-લાઈસન્સ સુધારણા માટેની અરજીની વિચારણા અને નિકાલને પણ લાગુ પડશે.

(૧૫) **<u>ફી ની ચુકવણી</u>**

(ક) લાઈસન્સ શરૂ થયાના ૩૦ દિવસની અંદર અથવા આયોગ છૂટ આપે તેવી બીજી મુદતની અંદર, પરવાનેદાર, લાઈસન્સમાં છૂટ આપ્યા મુજબની પ્રારંભિક વાર્ષિક ફી ચૂકવશે.

(ખ) લાઈસન્સ અમલમાં રહે તે પછીના દરેક વર્ષ માટે પરવાનેદાર, લાઈસન્સમાં નિર્દિષ્ટ વાર્ષિક લાઈસન્સ ફી દર વર્ષે ૧૦ મી એપ્રિલ સુધીમાં ચૂકવવા જવાબદાર રહેશે.

(ચ) પરવાનેદાર નકકી કરેલી તારીખ સુધીમાં ઉપરના પેટા-ખંડ(ખ) કે (ગ) અન્વયે કોઈપણ લેણી ફી ચૂકવવામાં નિષ્ફળ જશે ત્યાં,

(૧) પરવાનેદાર બાકી નીકળતી રકમ પર પ્રવર્તમાન બેન્ક દરે વ્યાજ ચૂકવવા જવાબદાર રહેશે, આ વ્યાજ રકમ લેણી બને તે પછીના દિવસથી શરૂ કરીને, ચુકવણી કરવામાં આવે તે દિવસ સુધીની મુદત માટે ચૂકવવાપાત્ર થશે, અને

(૨) પરવાનેદાર, ફી ની વસૂલાત માટેની કાર્યવાહીને અધીન રહેશે, અને

(૩) આયોગ, અધિનિયમની કલમ-૧૯ અનુસાર લાઈસન્સ રદ કરી શકશે.

પરંતુ આ ખંડમાંનું કશું પણ, વેપાર-પરવાનેદારને, અધિનિયમ કે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદાને અધીન રહીને, કોઇપણ જવાબદારીમાંથી છુટકારો મળતો હોવાનું ગણવામાં આવશે નહીં.

(૧૬) **<u>લાઈસન્સ રદ કરવા બાબત:</u>**

(ક) આયોગ, નીચેના કોઈપણ સંજોગોમાં, અધિનિયમની કલમ-૧૯ અનુસાર વેપાર-લાઈસન્સ રદ કરી શકશે.

(૧) જે પ્રવર્તમાન અને જાળવણીની સ્થિતિને અધીન રહીને વેપાર લાઈસન્સ મંજૂર કરવામાં આવ્યું હોય તે સ્થિતિ હવે અસ્તિત્વમાં ન હોય.

(૨) આયોગના મતે, વેપાર પરવાનેદારે, અધિનિયમ દ્વારા કે તે અન્વયે અથવા તે હેઠળ ઘડેલા નિયમો કે વિનિયમો અન્વયે તેણે કરવું જરૂરી કશું પણ કરવામાં ઈરાદાપૂર્વક અને લાંબા ગાળા માટે કસૂર કરેલ હોય,

(૩) વેપાર-પરવાનેદારે, પોતાના વેપાર-લાઈસન્સની કોઈપણ શરતોને ભંગ કર્યો હોય ત્યાં, આવા વેપાર-પરવાના દ્વારા જેના ઉલ્લંઘનની સ્પષ્ટ જાહેરાત કરવામાં આવી હોય ત્યાં તે રદ કરવાપત્ર બને છે.

(૪) વેપાર-પરવાનેદાર, વેપાર-લાઈસન્સમાં આ અંગે નિયત કરેલી મુદતની અંદર, અથવા આયોગે તે અંગે મંજૂર કરેલી કોઈ લાંબી મુદતની અંદર, તેના વેપાર લાઈસન્સ દ્વારા તેના પર મુકવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ, આયોગને સંતોષ થાય તે રીતે બજાવવાની સ્થિતિમાં છે તેમ દર્શાવવામાં, અથવા તેના વેપાર-લાઈસન્સ કે ફી અથવા અન્ય ખર્ચ ચૂકવવામાં નિષ્ફળ જાય,

(૫) આયોગના મતે, વેપાર-પરવાનેદારની નાણાકીય સ્થિતિ એવી હોય કે, તેવા વેપાર-લાઈસન્સ દ્વારા તેના પર મૂકવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ સંપૂર્ણપણે અને કાર્યક્ષમ રીતે બજાવી શકે તેમ ન હોય,

પરંતુ, રાજ્ય સરકારે નક્કી કરેલી રીતે, અધિનિયમની કલમ-૧૪૩ અન્વયે આયોગે નિયુક્ત ન્યાય-નિર્ણય અધિકારીની તપાસ કર્યા સિવાય લાઇસન્સ રદ કરાશે નહીં.

(ખ) આયોગના મતે તેમ કરવું જરૂરી હોય ત્યાં, આયોગ વેપાર-પરવાનેદારની અરજીને આધારે, તેમની સંમતિથી તેને યોગ્ય જણાય તેવી શરતોએ તેના વેપારના સંપૂર્ણ વિસ્તાર કે તેના કોઈપણ ભાગ પૂરતું તેના વેપાર લાઈસન્સને રદ કરી શકશે.

(ગ) પેટા-કલમ(ક) હેઠળ કરેલ તપાસ અહેવાલ મળ્યેથી, વેપાર-પરવાનેદારને સાંભળવાની તક આપ્યા પછી અને અહેવાલ બાબતમાં રજૂઆત કરવાની તક આપ્યા પછી, આયોગ, વેપાર-લાઇસન્સ રદ કરવા સહિત યોગ્ય આદેશો આપશે.

(ઘ) પેટા-ખંડ (ક) હેઠળ કોઈ વેપાર - લાઈસન્સ રદ કરી શકાય નહીં, સિવાય કે, આયોગે, જે કારણોસર વેપાર લાઈસન્સ રદ કરવા વિચારેલું હોય તે લેખિતમાં જણાવાને ઓછામાં ઓછા ત્રણ મહિનાની નોટિસ આપી હોય, અને સૂચિત લાઈસન્સ રદ કરવા સામે તે નોટિસની મુદતની અંદર વેપાર-પરવાનેદારે બતાવેલા કોઈપણ કારણની વિચારણા કરી હોય.

(ચ) આયોગ, પેટા-ખંડ (ક) અન્વયે વેપાર લાઈસન્સ રદ કરવાને બદલે, તેને યોગ્ય લાગે તેવી મૂકેલી વધુશરતોને અધીન રહીને લાઈસન્સ ચાલુ રાખવાની પરવાનગી આપી શકશે, અને આવી મૂકેલી બીજી વધુ કોઈપણ શરતો તેઓને બંધનકર્તા રહેશે અને વેપાર-પરવાનેદાર તેનું પાલન કરશે અને આ શરતો વેપારના લાઈસન્સમાં સમાવિષ્ટ હોય તે રીતે જ તે અમલમાં અને અસરકર્તા રહેશે.

(છ) આયોગ, આ વિનિમય હેઠળ વેપાર લાઈસન્સ રદ કરે ત્યાં, તે લાઈસન્સ રદ કર્યા અંગેની નોટિસ વેપાર-પરવાનેદારને બજાવશે અને આવું રદ કરવાનું પગલું જે તારીખથી અમલમાં આવે તે તારીખ નક્કી કરશે.

(જ) આયોગે, આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા કોઈપણ દંડ અથવા શરૂ કરાયેલી ફોજદારી કાર્યવાહીને બાધક બન્યા સિવાય પેટા-ખંડ (ઘ) હેઠળ લાઈસન્સ રદ કરવાની નોટિસ આપી હોય ત્યાં, વેપાર પરવાનેદાર, આયોગની પૂર્વ-મંજૂરી બાદ, વેપારનું લાઈસન્સ આપવા માટે આયોગને યોગ્ય જણાય તેવી કોઈ વ્યક્તિને પોતાની યુટિલિટિ / ધંધો વેચી શકશે.

(૧૭) **વીજશક્તિ હિસાબ પધ્ધતિ, અનુસૂચિ તૈયાર કરવી અને રવાનગી:**

નિર્દિષ્ટ કરાયા પ્રમાણે મુકત પ્રવેશ વિનિયમો અનુસાર રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડીસ્પેચ સૈન્ટર)દ્વારા વીજ શક્તિ હિસાબ પધ્ધતિ અનુસૂચિ તૈયાર કરવાની અને રવાનગી કામગીરી હાથ ધરાશે.

પ્રકરણ - ૪

વેપાર-લાઈસન્સ મેળવવા માટેની લાયકાતો

(૧૮) **ધંધાદારી વ્યક્તિઓની જરૂરિયાતો**

(ક) અરજદારે, તેની સંસ્થામાં, નીચેની દરેક શાખામાં ઓછામાં ઓછી એક ધંધાધારી પૂરા સમયની નિર્ણય લેવાનો દરજ્જો ધરાવતી વ્યક્તિ રાખવી જોઈશે.

(૧) વીજ પ્રણાલી સંચાલન અને વીજ-તબદીલીનાં ટેકનિકલ અને વાણિજ્યિક પાસાં, અને

IV-C- દ્વ. 177-3

INDEX

(૨) નાણા-વ્યવસ્થા, વાણિજય અને હિસાબો.

(ખ) અરજદારે, આંતર-રાજય વેપાર હાથ ધરતાં પહેલા ધંધાધારી વિગતો તથા પૂરા સમયના ધોરણે તેણે કામે રાખેલ સહાયક સ્ટાફની વિગતો આયોગને પૂરી પાડવી.

(૧૯) **ચોખ્ખો મૂલ્ય માપદંડ**

હાથ ધરવા વિચારાયેલ આંતર-રાજય વેપારનું પરિમાણ વિચારતાં, અરજી કરતી વખતે અરજદારનું ચોખ્ખું મૂલ્ય, અહીં નીચે નિર્દિષ્ટ કરેલી રકમથી ઓછું હોવું જોઈએ નહીં.

ક્રમ નં	વર્ગ	વર્ષદીઠ વેપાર કરવા વિચારાયેલ વીજળીનું પરિમાણ (કિ.વો.કલાકમાં)	ન્યૂનતમ ચોખ્ખું મૂલ્ય (રૂ ા. કરોડમાં)
૧	એ	૫૦૦ લાખ સુધી	૧.૦૦
૨	બી	૫૦૦-૧૦૦૦ લાખ સુધી	૧.૫૦
૩	સી	૧૦૦૦-૨૦૦૦ લાખ સુધી	૩.૦૦
૪	ડી	૨૦૦૦-૫૦૦૦ લાખ સુધી	૭.૫
૫	ઇ	૫૦૦૦-૭૦૦૦ લાખ સુધી	૧૦.૦
૬	એફ	૭૦૦૦-૧૦૦૦૦ લાખ સુધી	૧૫.૦૦
૭	જી	૧૦૦૦૦ લાખ ઉપર	૨૦.૦૦

વેપારની કામગીરી દરમિયાન કોઈપણ સમયે ચોખ્ખું મૂલ્ય, સંબંધિત વર્ગના વેપારી માટે નિર્દિષ્ટ ન્યૂનતમ જરૂરિયાતોના ૭૫% કરતાં નીચે જવું જોઈએ નહીં અને દર વર્ષે માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બરે પૂરા થતાં દરેક ત્રિમાસને અંતે, ઉપર નિર્દિષ્ટ સપાટીએ ભરપાઈ થવું જોઈશે. ત્રિમાસ પૂરા થયાના ૩૦ દિવસની મુદતની અંદર દરેક ત્રિમાસ માટે પાલન કર્યા અંગેનું ઓડિટ પ્રમાણપત્ર આયોગને રજૂ કરવું જરૂરી બનશે.

(૨૦) **શાખપાત્રતા**

(ક) અરજદાર, અને અરજદાર કંપની હોય તો કંપનીના પુરસ્કર્તા, અને અરજદાર ભાગીદારી પેઢી હોય તો પેઢીના ભાગીદારોને, કોઈપણ સમયે, ભારતીય રિઝર્વ બેન્કે કે અન્ય પ્રસ્તુત તંત્રે "જાણીબૂઝીને બનેલ કસૂરવાર" તરીકે વર્ગીકૃત કરેલ ન હોવો જોઈએ.

(ખ) અરજદારના બેન્ક/કોમાં ઉછીનાં લીધેલાં નાણાંના એક કે વધુ ખાતાં હોય તો ત્યાં આ તમામ ખાતાં તેના દરેક બેન્કર દ્વારા 'ધોરણસર' તરીકે વર્ગીકૃત કરવા.

પ્રકરણ-૫

વેપાર-લાઇસન્સની સામાન્ય શરતો

(૨૧) **પરવાનેદારની જવાબદારીઓ**

(ક) વેપારી પરવાનેદાર, અમલમાં હોય તેવા તમામ કાયદાઓ અને ખાસ કરીને અધિનિયમ; તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો, ગ્રિડ નિયમાવલિ, અને કોઇપણ ધોરણસરની નિયમાવલિઓ, આયોગ વખતોવખત બહાર પાડે તેવા હુકમો અને આદેશોની આવશ્યકતાઓનું પાલન કરશે.

(ખ) વેપાર-પરવાનેદારનું, આ વિનિયમોમાં આયોગે નિર્દિષ્ટ કરેલ ધંધાદારી વ્યક્તિઓની જરૂરીયાતો, ચોખ્ખી યોગ્યતા, તથા કંપનીની શાખપાત્રતાની આવશ્યકતાઓ દ્વારા નિયમન થશે. અને તેમના વેપારનું પરિમાણ નિમ્ન વર્ગમાંથી ઉચ્ચ વર્ગમાં ગતિ કરે તો તેમના ચોખ્ખા મૂલ્યમાં વધારો થવો જોઈશે. અને દર વર્ષે ૩૧ મી માર્ચના રોજ વીજળીનો કેટલો વેપાર કર્યો એના પરિમાણને આધારે વર્ગનો પ્રકાર નક્કી થશે, અને વેપારી પરવાનેદાર એક વર્ગમાંથી બીજીમાં કરેલ તેના પદાર્પણ અંગે તેમજ ચોખ્ખા મૂલ્યામાં પાછળથી થયેલા ફેરફારો અંગે આયોગને વાકેફ રાખશે.

INDEX

(ગ) વેપાર-પરવાનેદાર, આયોગ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે આંતર-રાજય વેપાર માટે વેપારના સીમાંત ગાળાને અધીન રહેશે.

(ઘ) વેપાર-પરવાનેદાર વેપાર હાથ ધરતાં પહેલાં ટેલિફોન, ફેકસ, કમ્પ્યુટર અને ઈન્ટરનેટ જેવી સંદેશા- વ્યવહારની પર્યાપ્ત સુવિધાઓ સ્થાપિત કરશે.

(ચ) વેપાર-પરવાનેદાર, વેપારને લગતી તમામ પ્રવૃત્તિઓ સંબંધમાં પ્રાદેશિક વિદ્યુત બોર્ડો કે પ્રાદેશિક વિદ્યુત સમિતિઓ, પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્રો / રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, કેન્દ્રીય પ્રવાહન યુટિલિટિ / રાજય પ્રવાહન યુટિલિટિ, પરવાનેદારો અને / અથવા વીજ ઉત્પાદન કંપનીઓ, જેની જરૂર પડે તેની સાથે સંકલન કરશે.

(છ) વેપાર-પરવાનેદારોની ફરજો હાથ ધરવામાં નિયમન કરવા કે મદદ કરવા, આયોગે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિતને વેપાર પરવાનેદાર તમામ મદદ કરશે.

(જ) યોગ્ય સમજૂતિઓ કરીને પક્ષકારો વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાશે. વેપાર દ્વારા વીજળી પૂરી પાડવા, અથવા વેપાર કરાતો હોય તે વીજળી માટેની ચૂકવણી અંગેની જરૂરી સલમતીઓનો, પક્ષકારો વચ્ચેની સમજૂતિમાં સમાવેશ કરાશે. તમામ વેપારવિષયક ગોઠવણો શાખપત્ર દ્વારા કે બીજા કોઈ ચઢિયાતા દસ્તાવેજ દ્વારા હાથ ધરાશે, આયોગ, પોતાના વિવેકાધિકાર પ્રમાણે, વેપારની પ્રવૃત્તિને લગતી આવી કોઈપણ સમજૂતિઓ કે આવા કોઈ શાખપત્રો કે અન્ય દસ્તાવેજોની સમીક્ષા કરશે.

(ઝ) વેપાર પરવાનેદાર, અહીં નીચે નિર્દિષ્ટ સમય-સૂચિ અનુસાર આ વિનિયમો અન્વયે નિર્દિષ્ટ લાઈસન્સ ફી ચૂકવશે.

(ટ) વેપાર પરવાનેદાર, પોતાને અધિકૃત દરજ્જાનો, જો કોઈ હોય તો, તેનો દુરુપયોગ થાય તેવી કોઈપણ સમજૂતિ કરશે નહીં, અથવા વીજ ઉદ્યોગની સ્પર્ધા પર પ્રતિકૂળ અસર પહોચાડવાનો સંભવ હોય અથવા અસર પહોચાડે તેવાં કોઈ જોડાણો કરશે નહીં.

(ઠ) વેપાર-પરવાનેદાર પોતાના ગ્રાહકોનો તથા બીજા પક્ષકારો સાથે તેણે કરેલી લેવડ-દેવડોનું અદ્યતન (અપ-ટુ-ડેટ) રેકર્ડ રાખશે અને આયોગને મોકલી આપશે.

(૨૨) **<u>પ્રતિબંધિત પ્રવૃત્તિઓ</u>**

(ક) વેપાર પરવાનેદાર, આયોગની પૂર્વમંજૂરી વિના

(૧) કોઈ અન્ય પરવાનેદારની યુટિલિટિ ખરીદી દ્વારા, કબજો લઈને કે અન્યથા પ્રાપ્ત કરશે નહીં, અથવા

(૨) પોતાની યુટિલિટિ, બીજા કોઈ પરવાનેદારની યુટિલિટિ સાથે વિલિનીકરણ કરશે નહીં.

(૩) પોતાનું લાઈસન્સ, વેચાણ, ગીરો, વિનિમય કે અન્યથા બીજાને સોંપશે કે તબદીલ કરશે નહીં.

પરંતુ, આમ છતાં, વેપાર પરવાનેદાર, નીચેની શરતોને અધીન રહીને, બેંકો અને નાણાકીય સંસ્થાઓમાંથી લોન અને ધિરાણ સુવિધાઓ સહિત, ધંધાના સામાન્ય ક્રમ દરમિયાન લાઈસન્સવાળા ધંધાને ફંડ તથા નાણાંની વ્યવસ્થાની સુવિધા કરી આપવાના સાધન તરીકે વેપાર લાયસન્સનો ઉપયોગ કરવા હકદાર બનશે.

(૧) વેપાર-પરવાનેદાર, પ્રસ્તુત સમજૂતિઓ અમલી બને તે તારીખથી ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ આવી ગોઠવણો અંગે આયોગને જાણ કરશે.

(૨) વેપાર-પરવાનેદાર, વેપારના લાઈસન્સનો ઉપયોગ બુધ્ધિયુકત અને વાજબીપણે કરશે.

(ખ) વેપાર-પરવાનેદાર, વીજળી વિતરણ ધંધામાં સીધી કે પરિક્ષ રીતે તેની પેટા-શાખા (Subsidiary) મારફત જોડાશે નહીં.

(ગ) આયોગની પૂર્વ-મંજૂરી જરૂરી હોય ત્યાં, વેપાર પરવાનેદાર, આયોગ સમક્ષ યોગ્ય અરજી કરશે.

(૨૩) **વેપાર પરવાનેદારના હિસાબો**

(ક) વેપાર પરવાનેદાર,

(૧) વેપાર લાઈસન્સ દ્વારા આવરી લેવાયેલ આંતર-રાજય વેપારના સંચાલન માટે અલગ માહિતી અને હિસાબોના પત્રકો રાખશે.

(૨) આયોગ નકકી કરે તેવા ફોર્મમાં અને તેવી વિગતો સમાવિષ્ટ કરતા હિસાબોના પત્રકો, આયોગ નિર્દિષ્ટ કરે તેટલા સમય સુધી જાળવી રાખશે. હિસાબો, વખતો વખત સુધાર્યા મુજબ, લાગુ પડે ત્યાં ૧૯૫૬ ના કંપની અધિનિયમ (૧૯૫૬ નો પ્રથમ) અનુસાર અને બીજા તમામ કેસોમાં ધોરણસરની હિસાબ પધ્ધતિ અનુસાર હિસાબો રાખવામાં આવશે.

(૩) આંતર-રાજય વેપાર ધંધાના હિસાબો, લાયસન્સયુકત કે અન્યથા જે હોય તે પ્રમાણે, વેપાર પરવાનેદારે, હાથ ધરેલા લાયસન્સવાળા કે અન્યથા બીજા કોઈપણ ધંધાથી અલગ રાખવામાં આવશે.

(૪) આવા રેકર્ડ પરથી સુસંગત ધોરણે, નફા-તોટાના હિસાબ, સરવૈયુ તથા આવકનું સ્ત્રોત અને નાણાંનો ઉપયોગ - તે અંગેની નોંધો સાથે - સમાવિષ્ટ કરતાં દરેક વર્ષના હિસાબ-પત્રકો તૈયાર કરવા અને નીચેની રીતે પ્રાપ્ત કોઈપણ મહેસૂલ, ખર્ચ, અસ્કયામત, જવાબદારી, અનામત કે જોગવાઈની રકમો અલગ રીતે દર્શાવાશે.

(૧) તે ખર્ચના (ચાર્જના) આધારના વર્ણન સાથે બીજા કોઇ ધંધામાંથી કે કે ખાતે ઉધારેલ, અથવા

(૨) વહેંચણી કે ફાળવણીના ધોરણના વર્ણનની સાથોસાથ વિવિધ ધંધાકીય પ્રવૃત્તિઓ વચ્ચે વહેંચણી કે ફાળવણી દ્વારા નકકી કરાયેલ.

(૫) આગળના ખંડો અનુસાર તૈયાર કરેલા હિસાબના પત્રકો, ઓડિટરોના મતે પત્રકો યોગ્ય રીતે તૈયાર કરાયા છે કે કેમ જણાવતો, અને પત્રકો જેને લગતાં હોય તે ધંધાને લીધે વાજબીપણે થયેલ આવક ખર્ચ, અસ્કયામતો, જવાબદારીઓ અને અનામત અંગે સાચું અને યોગ્ય ચિત્ર રજૂ કરતાં, દરેક વર્ષને લગતાં ઓડિટરનો અહેવાલ આપશે.

(૬) અહેવાલ જે વર્ષને લગતો હોય તે વર્ષ પૂરું થયા પછી મોડામાં મોડું છ મહિનાની અંદર હિસાબોના પત્રકો અને ઓડિટરના અહેવાલની નકલો આયોગને રજૂ કરવી.

(ખ) આયોગ દ્વારા અધિકૃત કોઈપણ વ્યકિત વેપાર-પરવાનેદારના હિસાબોનું નિરીક્ષણ કરવા અને ખરાઈ કરવા હકદાર રહેશે અને વેપાર પરવાનેદાર આવી વ્યકિતને તમામ જરૂરી સહાય પૂરી પાડશે.

(૨૪) **માહિતીની જોગવાઈ**

(ક) આયોગ, તેના પોતાના હેતુસર, અથવા ભારત સરકારના રાજય સરકાર, કેન્દ્રીય આયોગ, મધ્યસ્થ વીજળી તંત્ર, રાજય પ્રવાહન યુટિલિટિ અને રાજય વીજભાર રવાનગી કેન્દ્રના હેતુસર લાઈસન્સયુકત વેપાર કે વેપાર-પરવાનેદારના બીજા કોઈ ધંધાને લગતી માહિતી, દસ્તાવેજો અને વિગતો મંગાવે તો વેપાર પરવાનેદાર વિના વિલંબે તે આયોગને મોકલી આપશે.

(ખ) ઉપરના વિનિયમ(ક)ને બાધક બન્યા સિવાય, વીજળી વેપારીની કામગીરી અને લાઇસન્સની સામાન્ય શરતો તથા આ વિનિયમો સાથે જોડેલ અનુસૂચિ-૩ અનુસાર બીજી કોઇ વૈધાનિક કે નિયંત્રક જોગવાઇના પાલન પરત્વે દેખરેખ રાખવા, વખતોવખત જરૂરી પડે તે માહિતી મોકલી આપશે.

(ગ) વેપાર-પરવાનેદાર આ બધી માહિતી, જરૂરી હોય તે પ્રમાણે રાજય વીજભાર રવાનગી કેન્દ્રને અને તેની નકલ આયોગને, જાન્યુઆરી થી માર્ચ, એપ્રિલથી જૂન, જુલાઈથી સપ્ટેમ્બર અને ઓકટોબર થી ડીસેમ્બર સુધીના ત્રિમાસ માટે અનુક્રમે ૧૦ મી એપ્રિલ, જુલાઈ, ઓકટોબર અને જાન્યુઆરીના રોજ ત્રિમાસિક ધોરણે રજૂ કરશે અને માહિતી રજૂ કરવાનો નમૂનો તમામ રીતે સંપૂર્ણ હોવો જોઈશે અને કોઈપણ ખાનું ખાલી છોડવામાં આવશે નહીં.

પરંતુ, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને મોકલાતો અહેવાલ, વેપાર-પરવાનેદારની વેબસાઈટ પર કે અન્ય અધિકૃત વેબસાઈટ પર રવાના કરવાનો રહેશે.

પરંતુ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, અહેવાલોમાં દર્શાવ્યા મુજબ વેપાર કરાયેલ વીજળીના જથ્થાની ખરાઇ કરશે અને તેનો અહેવાલ આયોગને મોકલશે.

(૨૫) **બુધ્ધિપૂર્વક અહેવાલ આપવો**

વેપાર પરવાનેદાર, વ્યવહારુ હોય તેટલા પ્રમાણમાં નીચેની બાબતોનો આયોગને અહેવાલ આપશે.

(ક) પોતાની જવાબદારીઓ પહોંચી વળવામાં વેપાર-પરવાનેદારની શકિતને અસર કરે તેવા સંજોગોમાં કોઈ નોંધપાત્ર ફેરફાર.

(ખ) અધિનિયમ, નિયમો અને વિનિયમોની જોગવાઈઓ અને આયોગે ઈશ્યૂ કરેલા આદેશો તથા હુકમો, ગ્રિડ નિયમાવલિ, અથવા વેપાર- પરવાનેદારે અન્ય પરવાનેદારો કે વીજઉત્પાદન સાથે કરેલી સમજૂતિઓ / ગોઠવણોની શરતોનો કોઈપણ મહત્વપૂર્ણ ઉલ્લંઘન, અને અથવા

(ગ) વેપર-પરવાનેદારનો શેરહોલ્ડિંગનો ઢાંચો, માલિકી, નિયંત્રણ કે વ્યવસ્થામાં કોઈ મોટો ફેરફાર.

સ્પષ્ટીકરણ-૧ :

આ ખંડના હેતુ માટે, 'વ્યવસ્થા નિયંત્રણ' માં શેરહોલ્ડિંગ અથવા વ્યવસ્થા લ્કકો અથવા શેરધારકોની સમજૂતિ કે ભાગીદારી કરાર કે ટ્રસ્ટ-ખત કે મતદાન સમજૂતિ કે બીજી કોઇપણ રીતની રૂએ હોય તે સહિત મોટાભાગના સંચાલકોની નિમણૂક કરવાના અથવા વ્યવસ્થા નીતિ કે વીજળી-વેપારના નીતિવિષયક નિર્ણયો પર નિયંત્રણ રાખવાના હક્કનો સમાવેશ થશે.

સ્પષ્ટીકરણ-૨ :

આ ખંડના હેતુસર, "શેરહોલ્ડિંગ ઢાંચામાં મુખ્ય ફેરફાર" એટલે તે સમયે અમલમાં હોય તે પ્રમાણે ૧૯૯૭ના ભારતીય સલામતીઓ અને શેરબજાર બોર્ડ (શેરોનું નોંધપાત્ર સંપાદન અને તેની વ્યવસ્થા) વિનિયમોના વિનિયમ-૭ માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિ દ્વારા, તે વિનિયમના પેટા-નિયમ (૧) અન્વયે જાહેર કરાયા મુજબ વીજળી-વેપારીના તેટલા ટકા શેરો અથવા મતદાન હક્કોનું સંપાદન

(૨૬) **ગ્રાહકોના સંબંધમાં વીજળી-વેપારીની ફરજો**

(ક) આવા પરવાનેદારો ગ્રાહકોને વીજળી પૂરી પાડવાની જવાબદારી લે તેમ અને ત્યારે, વિતરણ પરવાનેદારને લાગુ પાડવા, ગ્રાહકોને વીજળી પૂરી પાડવાને લગતી વિવિધ નિયમાવલિઓની જોગવાઈઓ, ગ્રિડ શિસ્ત જાળવણી તથા ટેકનિકલ અને સલામતીનાં ધોરણો, વેપાર પરવાનેદારને પણ લાગુ પડશે.

(ખ) આવા પરવાનેદાર ગ્રાહકોની વીજળી પૂરી પાડવાની કામગીરી હાથ ધરે તેમ અને ત્યારે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા પરવાનેદારો પર મુકાયેલી જવાબદારીઓ શકય હોય તેટલા પ્રમાણમાં, વેપાર પરવાનેદાર દ્વારા એક કે વધુ ગ્રાહકોને પૂરી પડાતી વીજળી પુરવઠાની બાબતને લાગુ પડશે.

(૨૭) (ક) આયોગને એવી ખાતરી થાય કે વેપાર-પરવાનેદાર, વેપાર લાયસન્સની કોઈપણ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ છે અથવા અધિનિયમ કે નિયમો કે તે હેઠળ ઘડેલા વિનિયમોની કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ છે તો, આયોગ, કોઈપણ સમયે, લેખિત આદેશ દ્વારા, આદેશમાં નિર્દિષ્ટ કોઈપણ વ્યકિતને ("તપાસ અધિકારી" તરીકે ઉલ્લેખ કરેલ) કોઈપણ વેપાર પરવાનેદારના કામકાજની તપાસ કરવા અને આવા "તપાસ અધિકારી" દ્વારા કરાયેલી કોઈપણ તપાસ અંગેનો અહેવાલ આયોગને આપવા ફરમાવી શકશે.

(ખ) તપાસ અધિકારી અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે તપાસ હાથ ધરશે.

(ગ) તપાસ અધિકારી પાસેથી તપાસ અહેવાલ મળતાં, આયોગ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર અને આયોગના મતે વાજબી લાગતા અહેવાલ સંબંધમાં વેપાર-પરવાનેદારને રજૂઆત કરવાની તક આપ્યા પછી,

લેખિતમાં નીચે મુજબ આદેશ આપશે.

(૧) આયોગને જરૂર જણાય તે પ્રમાણે અહેવાલમાંથી ઊભી થતી કોઈપણ બાબતમાં આવું પગલું લેવા વેપાર-પરવાનેદારને જણાવશે, અથવા

(૨) વેપાર લાઈસન્સ મોકૂફ કરે કે રદ કરે.

આયોગ, અધિનિયમની જોગવાઇઓ અનુસાર કોઇપણ બીજું પગલું ભરી શકશે.

IV-C-Ex.177-4

INDEX

(૨૮) **કામગીરીનાં ધોરણો :**

(ક) આયોગ, વીજળી-વેપારી સાથે ચર્ચા-વિચારણા કરીને પરવાનેદાર કે પરવાનેદારોના વર્ગની કામગીરીનાં ધોરણો નિર્દિષ્ટ કરશે.

(ખ) વીજળી વેપારી, આયોગને ૩૧ માર્ચ, ૩૦ મી જૂન, ૩૦ મી સપ્ટેમ્બર અને ૩૧મી ડીસેમ્બરે પૂરાં થતાં ત્રિમાસ માટે ત્રિમાસને ધોરણે દરેક વર્ષની કામગીરીની વિગતો, તે પછીના ત્રિમાસના પ્રથમ મહિનાની ૧૫ મી તારીખ સુધીમાં, આ વિનિયમો સાથે જોડેલ અનુસૂચિ-૪ માં ઠરાવેલા નમૂનામાં મોકલશે.

(ગ) આયોગ વખતોવખત બહાર પાડે તે પ્રમાણે વિતરણ પરવાને દાર અને પ્રવાહન પરવાનેદારની કામગીરીનું ધોરણ, સંબંધિત વેપાર-પરવાનેદારોને લાગુ પડશે.

(૨૯) **માની લીધેલા પરવાનેદારોને લાગુ પડતી જોગવાઇઓ :**

આ વિનિયમોમાં નિર્દિષ્ટ વેપાર-લાઇસન્સની સામાન્ય શરતો અધિનિયમનની કલમ-૧૪ ના પાંચમા પરંતુક અન્વયે માની લીધેલા પરવાનેદારને લાગુ પડશે.

પ્રકરણ-૬

પ્રકીર્ણ

(૩૦) **અપવાદ (Savings)**

(ક) ન્યાયનું લક્ષ્ય સિધ્ધ કરવા અથવા આયોગની પ્રક્રિયાનો દુરુપયોગ અટકાવવા જરૂરી જણાય તેવા આદેશો કરવાની આયોગની સત્તાને આ વિનિયમોનું કશું પણ મર્યાદિત કરશે નહીં કે અન્યથા અસર કરતા હોવાનું ગણવામાં આવશે નહીં.

(ખ) આયોગ, બાબતના અથવા બાબતોના વર્ગના ખાસ સંજોગોને લક્ષમાં લઈને, અને લેખિતમાં નોંધવાનાં કારણોસર આવી બાબત કે બાબતોના વર્ગ અંગે કામગીરી હાથ ધરવા તેને આવશ્યક કે જરૂરી જણાય તો, આયોગને આ વિનિયમોની કોઈપણ જોગવાઈથી ભિન્ન કાર્યપધ્ધતિ અપનાવતાં, આ વિનિયમોનું કશું અટકાવી શકશે નહીં.

(ગ) આ વિનિયમોનું કશું પણ, સ્પષ્ટ કે સૂચકપણે, આયોગને અધિનિયમ હેઠળની કોઈ બાબત હાથ ધરતાં કે કોઈપણ સત્તાનો અમલ કરતાં રોકશે નહીં, અને આયોગ, તેને યોગ્ય જણાય તે પ્રમાણે, આવી બાબતો અંગે કામ હાથ ધરશે અને આવી સત્તાઓ અને કાર્યો અમલમાં મુકશે.

(૩૧) **મુશ્કેલી દૂર કરવાની સત્તા**

આ વિનિયમોની કોઈપણ જોગવાઈ અમલમાં મૂકવામાં મુશ્કેલી ઊભી થાય તો, આયોગના મતે મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે જરૂરી અને આવશ્યક જણાય તેવું કશું પણ, અમલમાં હોય તે અધિનિયમ, નિયમો કે વિનિયમોની જોગવાઈઓથી સુસંગત હોય તે રીતે સામાન્ય કે ખાસ હુકમ દ્વારા કરી શકશે.

પી.એસ.શાહ

સચિવ

અમદાવાદ
૩૦, માર્ચ, ૨૦૦૫.

અનુસૂચિ - ૧

આંતર-રાજય વેપાર લાઈસન્સ આપવા અંગેનું અરજીનું ફોર્મ

અરજદારની વિગતો :

૧. અરજદારનું નામ

૨. સંસ્થાપન, કોઈ હોય તો, તેનું ફોર્મ

૩. સરનામું

૪. સંપર્ક કરવાનો હોય તે વ્યકિતનું નામ, હોદ્દો અને સરનામું

૫. સંપર્ક ટેલીફોન નંબર

૬. ફેકસ નં.

૭. ઈ-મેઈલ આઈડી

૮. સંસ્થાપન / નોંધણીનું સ્થળ

૯. સંસ્થાપન / નોંધણીનું વર્ષ

૧૦. જે વિસ્તારમાં અરજદારે વેપાર હાથ ધરવા વિચાર્યો હોય તે ભૌગોલિક વિસ્તાર

૧૧. નીચેના દસ્તાવેજો સાથે જોડવા

(ક) નોંધણી પ્રમાણપત્ર

(ખ) વેપાર શરૂ કર્યાનું પ્રમાણપત્ર

(ગ) કંપનીનો ઉદ્દેશપત્ર અને કંપનીના ધારાધોરણો

(ઘ) અરજદાર કે તેના પ્રમોટરને વચનબધ્ધ કરવા સહી કરનારનું મૂળ મુખત્યારનામું (પાવર ઓફ એટર્ની)

(ચ) આવકવેરા નોંધણીની વિગતો

(છ) સરવૈયું

અરજદારની નાણાકીય માહિતીની વિગતો

(૧૨) તરતના છેલ્લા ૫ (પાંચ) નાણાકીય વર્ષ માટે (લાગુ પડતું નાણાંકીય વર્ષ જણાવો) ચોખ્ખું મૂલ્ય (દરેક વર્ષના અંતે પ્રવર્તમાન વિનિયમના દરે રૂપાંતરિત કરવાના ભારતીય રૂપિયાની સમતુલ્ય)

DD/MM/YY થી DD/MM/YY	દેશના ચલણમાં	વાપરેલ વિનિમય દર	સમતુલ્ય ભારતીય રૂપિયામાં

ઉપરના સમર્થનમાં વાર્ષિક અહેવાલો કે પ્રમાણિત ઓડિટ અહેવાલોની નકલો જોડવી

(૧૩) તરતના છેલ્લા ૫ (પાંચ) નાણાકીય વર્ષો લાગુ પડતું નાણાકીય વર્ષ જણાવો) માટે વાર્ષિક વકરો (દરેક વર્ષના અંતે પ્રવર્તમાન વિનિમયના દરે પરિવર્તિત કરવાના ભારતીય રૂપિયાની સમતુલ્ય)

DD/MM/YY થી DD/MM/YY	દેશના ચલણમાં	વાપરેલ વિનિમય દર	સમતુલ્ય ભારતીય રૂપિયામાં

INDEX

(છ) ઉપરના સમર્થનમાં વાર્ષિક અહેવાલો કે પ્રમાણિત ઓડિટ પરિણામોની નકલ સાથે જોડવી

૧૪. ધિરાણ દરનું પ્રમાણપત્ર

૧૫. "ધોરણસર" ના નાણાં લેવાના હિસાબનું પ્રમાણપત્ર

૧૬. ભારતીય રિઝર્વ બેન્કે અરજદારને "ઈરાદાપૂર્વકના કસૂરવાર" તરીકે વગીકૃત કરેલ નથી એમ દર્શાવતું પ્રમાણપત્ર.

૧૭. ઉપરના ક્રમ નં. (૧૦) અને (૧૧) ના સમર્થનમાં જોડેલા દસ્તાવેજોની યાદી

દસ્તાવેજનું નામ

(ક)

(ખ)

(ગ)

(ઘ)

૧૮. (ક) અરજદાર જાતે પોતાના સરવૈયાને આધારે સૂચિત વેપાર માટે નાણા વ્યવસ્થા કરશે કે કેમ

(ખ) હા, તો, અરજદારની સૂચિત ઈક્વિટી

(૧) રકમ

(૨) ટકાવારી

૧૯. અરજદાર ઈક્વિટી માટે બીજી કોઈ એજન્સી સાથે જોડાવા વિચારતો હોય તો, તેવી એજન્સીનું નામ અને સરનામું

(ક) બીજી એજન્સીની સંદર્ભ વ્યકિતનું નામ, હોદ્દો અને સરનામું

(ખ) સંપર્ક ટેલીફોન નંબર

(ગ) ફેકસ નં.

(ઘ) ઈ-મેઈલ આઈડી

(ચ) બીજી એજન્સી પાસેથી સૂચિત ઈક્વિટી

(૧) રકમ

(૨) કુલ ઇક્વિટીની ટકાવારી

(૩) ઈક્વિટી જે ચલણમાં વિચારાઈ હોય તે ચલણ

(છ) ઈક્વિટી માટે અરજદાર સાથે જોડાવા માટે બીજી સંસ્થાનો સંમતિ-પત્ર જોડવો.

(જ) અરજદાર અને બીજીજી એજન્સી વચ્ચે સૂચિત જોડાણનો પ્રકાર

૨૦. **વેપાર પ્રવૃત્તિ માટે વિચારેલ દેવાની વિગતો**

(ક) ધીરધાર કરનારની વિગતો

(ખ) વિવિધ ધીરધાર કરનાર પાસેથી મેળવવાની રકમ

(ગ) ઉપરના સમર્થનમાં ધીરધાર કરનારના પત્રો સાથે જોડવા

૨૧. **અરજદારની સંગઠનાત્મક અને વ્યવસ્થાપક ક્ષમતા**

(અરજદારે, સૂચિત સંગઠન માળખા તથા વિવિધ વહીવટકર્તાઓ, કચેરી અને સંદેશા-વ્યવહાર સુવિધાઓ, વગેરેના સંક્ષિપ્ત અહેવાલના વિચારાયેલા સ્વરૂપમાં, આ વિનિયમોના સંદર્ભમાં, પોતાની સંગઠન અને વ્યવસ્થા ક્ષમતાનો પુરાવો જોડવો જોઈશે.)

૨૨. **અભિગમ અને પધ્ધતિશાસ્ત્ર**

(અરજદારે, તેને વિચાર્યા મુજબ વેપાર-વ્યવસ્થાની ગોઠવણ માટેના અભિગમ અને પધ્ધતિ-વિજ્ઞાનનું વર્ણન કરવું જરૂરી છે. આમાં લાઈસન્સ આપ્યાના પ્રથમ વર્ષ દરમિયાન વેપાર કરવાનો ઈરાદો હોય તે વીજળીના પરિમાણ અને આગામી પાંચ વર્ષ દરમિયાન વેપાર માટેની ભાવિ યોજનાઓનું નિવેદન સમાવિષ્ટ કરવું)

(અરજદારની સહી)

તારીખ :

અનુસૂચિ-૨

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

વીજળિક વેપારી તરીકે વીજળી-વેપારનું માટે લાઇસન્સ

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (અહીં હવે પછી "આયોગ" તરીકે ઉલ્લેખ કરેલ), ૨૦૦૩ના વીજળી અધિનિયમ (અહીં હવે પછી " અધિનિયમ" તરીકે ઉલ્લેખ કરેલ) ની કલમ-૧૪ અન્વયે આપેલી સત્તાઓની રૂએ, અધિનિયમમાં કરેલી જોગવાઇઓ (ખાસ કરીને, તેની કલમો ૧૭ થી ૨૨ સહિત), ૨૦૦૫ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વીજળી વેપારને લાઇસન્સ આપવું) વિનિયમો (જેનો અહીં પછી " વિનિયમો" તરીકે ઉલ્લેખ કરેલ છે) અન્વયે નિર્દિષ્ટ વેપાર-લાઇસન્સની સામાન્ય શરતો તેમજ આ લાઇસન્સના ભાગ તરીકે વંચાણમાં લેવાના વૈદ્યાનિક સુધારા, ફેરફારો, વધારા, તેના ફેર ઘડાયેલા કાયદામાં કરાયેલી જોગવાઇઓને અધીન રહીને..... વિસ્તારમાં વર્ગ... તરીકેના વેપારીથી વેપારી સુધી આ લાઇસન્સ આપે છે.

૨. અધિનિયમ અને નિયમો તથા વિનિયમોની જોગવાઇઓ અનુસાર હોય તે સિવાય લાઇસન્સ તબદીલીપાત્ર નથી.

૩. (૧) આયોગની પૂર્વ-મંજૂરી વિના પરવાનેદાર

(ક) બીજા કોઇ પરવાનેદારની યુટિલીટી ખરીદીને, કબજો લઇને કે અન્યથા સંપાદિત કરવા કોઇ લેવડ-દેવડ કરશે નહીં.

(ખ) બીજાકોઇ પરવાનેદારની યુટિલિટિ સાથે તેની યુટિલિટિ ભેળવશે નહીં,

(૨) પરવાનેદાર આયોગની પૂર્વ-મંજૂરી વિના કોઇપણ સમયે તેનું લાઇસન્સ કોઇના નામે કરશે નહીં કે તેની યુટિલિટિ કે તેનો કોઇ ભાગ વેચાણ, પરથી વિનિમયથી કે અન્યથા તબદીલ કરશે નહીં.

(૩) આયોગની પૂર્વ મંજૂરી વિના પેટા-ખંડ(૧) અને પેટા-ખંડ(૨) માં ઉલ્લેખ કરેલ કોઇપણ લેવડ-દેવડને લગતો કોઇ કરાર રદબાતલ ગણાશે.

૪. પરવાનેદારને આ લાઇસન્સ આપવાથી, વીજળીના વેપારી તરીકે વીજળીના વેપાર કરવા તે જ વિસ્તારની અંદર બીજી કોઇ વ્યક્તિને લાઇસન્સ આપવાનાં આયોગના અધિકારને બાધ આવશે નહીં કે તે મર્યાદિત બનશે નહીં.

૫. આ લાઇસન્સ, અગાઉ રદ ન કરાયો હોય તો તે આપ્યાની તારીખથી ૨૫ વર્ષ (પચ્ચીસ) સુધી અમલમાં રહેશે.

૬. પરવાનેદાર પોતાની અસ્કયામતોના ઇષ્ટત્મ ઉપયોગ માટે ઉપયોગ પૂર્વ-મંજૂરી મેળવીને કોઇપણ ધંધામાં જોડાઇ શકશે.

પરંતુ પરવાનેદાર વીજળી પ્રવાહના ધંધામાં રોકાઇ શકશે નહીં.

૭. પરવાનેદાર, આયોગ નક્કી કરે તે ફી ચૂકવશે.

૮. અધિનિયમની કલમો ૧૯ થી ૨૨ માં સમાવિષ્ટ જોગવાઇઓ, પરવાનેદારને લાઇસન્સ રદ કરવા અને તેની યુટિલિટિના વેચાણને લાગુ પડશે.

સહી/-
સચિવ
ગુજરાત વિદ્યુત નિયત્રક આયોગ

TV-C.Ex.177-5

INDEX

અનુસૂચિ-૩

ત્રિમાસ માટે માહિતી રજૂ કરવાનું પ્રોફોર્મા

(એટલે કે જુલાઇ ૨૦૦૪ થી સપ્ટેમ્બર ૨૦૦૪)

વીજળી વેપારીનું નામ:

લાઇસન્સની વિગતો

પ્રોફોર્મા

૧. ક્રમ નં

૨. દશ લાખ કિ.વો. કલાકમાં વેપારનું પ્રમાણ

૩. ..... પાસેથી ખરીદી કરી.*

૪. ..... ને વેચાણ કર્યું.*

૫. ખરીદીનું સ્થળ

૬. ખરીદી-કિમંત

૭. વેચાણનું સ્થળ

૮. વેચાણ-કિમંત

૯. ખરીદકર્તા / વેચાણકર્તા / વેપારીએ ભોગવવાનું પ્રવાહન / વ્હીલીંગ ખર્ચ ની પ્રવાહન ખાધ

૧૦.ખરીદકર્તા / વેચાણકર્તા / વેપારીએ ભોગવવાની પ્રવાહન ખાધ

૧૧.ખરીદકર્તા / વેચાણકર્તાએ ભોગવવાનું યુ.આઇ. ચાર્જ

૧૨. વેપારનો નફો

૧૩. વિશેષ નોંધ

નોંધ :

તમામ લેવડ-દેવડોની, લેવડ-દેવડવાર જાણ કરવી અને તેનો એકંદર સરવાળો કરવો નહીં

- ખરીદકર્તા / વેચાણકર્તાના નામ ઉપરાંત ખરીદકર્તા / વેચાણકર્તાનો પ્રકાર, જેમકે જનરેટર, કેપ્ટિવ પાવર પ્લાન્ટ, વિતરણ પરવાનેદાર, સરકાર, ગ્રાહક, (લાગુ પડે ત્યારે) વિગેરેનાં નામ
- લાગુ ન પડે તે છેકી નાખવું.

અનુસૂચિ-૪

વીજળી વેપારીની કામગીરીની વિગતો રજૂ કરવા માટેનો પ્રોફોર્મા

(આયોગ તથા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રને મોકલવાનુ)

વીજળી વેપારીનું નામ :

લાઇસન્સની વિગતો :

૧. ક્રમ નં.

૨. ત્રિમાસ દરમિયાન વેપારનું પ્રમાણ :

૩. હાલના ત્રિમાસ સુધી એકત્રિત વેપાર :

૪. વેપારીના પ્રકારમાં કોઇ ફેરફાર થયો છે કે કેમ ?

૫. પ્રકારમાં ફેરફારને કારણે, ચોખ્ખું મૂલ્ય (નેટવર્થ) વધ્યું છે કે કેમ ?

૬. લાગુ પડતી લાઇસન્સ ફી આયોગ પાસે જમા કરાવી છે કે કેમ?

૭. વેપાર માટે ખરીદેલી વીજળી અંગે કોઇ એજન્સી દ્વારા નિર્દેશ કરાયેલ અથવા વીજળી વેપારી પેમેન્ટ ટ્રેક રેકર્ડ દ્વારા અવલોકેલ લાઇસન્સની શરતોનું કોઇ ઉલ્લંઘન થયું છે કે કેમ ?

૮. વિશેષ નોંધ

નોંધ :

(૧) અનુસૂચિ-૪ ની યોગ્યરીતે ભરેલી અલગ નકલ આયોગને સીધેસીધી મોકલવી.

(૨)રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, (ટ્રેડિંગ) વેપારના પ્રમાણની ખરાઇ કરશે અને ખરાઇ કરેલ અનુસૂચિ-૪ ની નકલ આયોગને મોકલી આપશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 178 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, AUGUST 9, 2005 /SRAVANA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Minicipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election , Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ. તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૫

તા. ૩૦મી માર્ચ-૨૦૦૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં. ૨, ૨૦૦૫ **"પ્રવાહન અંગેનો પરવાનો"** ના નિયમનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોનો જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

અમદાવાદ
તા. ૩૦મી માર્ચ, ૨૦૦૫

પી.એસ.શાહ
સચિવ.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
પ્રવાહન અંગે પરવાનો આપવો.
૨૦૦૫નું જાહેરનામું નં.૨

૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો) ની કલમો ૧૫, ૧૬ અને ૧૮ સાથે વાંચતાં ૨૦૦૩ના ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ (ગુજરાતનો ૨૦૦૩નો ૨૪મો) ની કલમ ૨૦ અને ૨૨ સાથે વાંચતાં કલમ ૬૫ અન્વયે મળતી બધી સત્તાઓ અને તે અંગે તેમને સક્ષમ કરતી તમામ સત્તાઓના આધારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આથી નીચે મુજબના વિનિયમો બનાવે છે.

પ્રકરણ-૧

પ્રાસ્તાવિક

૧. ટૂંકું, શીર્ષક, વ્યાપ્તિ અને પ્રારંભ

(૧) આ વિનિયમો વિદ્યુત નિયંત્રક આયોગ (પ્રવાહન લાઈસન્સ) વિનિયમો, ૨૦૦૫ કહેવાશે.
(૨) આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડશે.
(૩) આ વિનિયમો ગેઝેટમાં પ્રસિદ્ધ થાય તે તારીખથી અમલમાં આવશે.

INDEX

૨. વ્યાખ્યાઓ અને અર્થઘટન

૨.૧ આ વિનિયમો સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય

(અ) હિસાબી પત્રક એટલે દરેક નાણાંકીય વર્ષ માટે નફા અને નુકસાનનો હિસાબ, સરવૈયું, તથા નાણાં સાધનો અને નાણાંનો ઉપયોગ, તે અંગેની નોંધ સહિત, તથા આયોગ વખતોવખત ઠરાવે તેવી બીજી માહિતી અને વિગતો સમાવિષ્ટ કરતાં અને આવક, ખર્ચ, મિલકત, જવાબદારી, અનામત કે જોગવાઈની રકમો દર્શાવતાં હિસાબી પત્રકો.

(૧) લાઈસન્સયુકત ધંધામાંથી અન્ય ધંધા ખાતે કે તેથી ઊલટું, ઉધારવવામાં આવેલી રકમ, તે ઉધાર રકમના આધારના વર્ણન સાથે-

(૨) વહેંચણી કે ફાળવણીના આધાર વર્ણન સાથે પ્રવાહન પરવાનેદારના લાયસન્સયુકત ધંધા અને બીજા કોઈ ધંધા વચ્ચે વહેંચણી કે ફાળવણી નકકી કરવી.

હિસાબી પત્રકમાં, પ્રવાહન પરવાનેદાર જે કામમાં રોકાયેલ હોય તે લાયસન્સયુકત ધંધા અને બીજા ધંધા (ઓ) માટે ઉપર દર્શાવેલી જરૂરિયાતો અલગ રીતે દર્શાવવી.

(બી) 'અધિનિયમો' વીજળી અધિનિયમ અને ગુજરાત અધિનિયમનો સાથોસાથ વંચાણ નો ઉલ્લેખ કરે છે.

(સી) વાર્ષિક હિસાબો એટલે જયાં લાગુ પડે તે પ્રમાણે ૧૯૫૬ના કંપની અધિનિયમની જોગવાઈઓ અનુસાર, અને/ અથવા બીજા કોઈ કેસમાં ધોરણસરની હિસાબી પધ્ધતિ (પ્રેકટિસ) પ્રમાણે તૈયાર કરાયેલા પ્રવાહન પરવાનેદારના હિસાબો.

(ડી) અરજદાર એટલે વીજળીના આંતર- રાજય પ્રવાહન માટે લાઈસન્સ આપવા જેને અરજી કરી હોય તે વ્યકિત.

(ઈ) પ્રવૃત્તિનો વિસ્તાર અથવા લાઈસન્સનો વિસ્તાર એટલે પ્રવાહન લાઈસન્સમાં દર્શાવેલ પ્રવૃત્તિનો વિસ્તાર, જેની અંદર પ્રવાહન પરવાનેદારને પ્રવાહન લાઈનોનું સંચાલન અને જાળવણી કરવાનો અધિકાર હોય છે.

(એફ) ઓડિટરો એટલે પ્રવાહન પરવાનેદારના ઓડિટરો અને પ્રવાહન પરવાનેદાર કંપની હોય તો વખતોવખત સુધર્યા મુજબ ૧૯૫૬ના કંપની અધિનિયમની જરૂરિયાતો અનુસાર હોદો ધરાવતાં ઓડિટરો.

(જી) ધંધાની યોજના એટલે વિનિયમ-૧૯માં નિર્દિષ્ટ તમામ વિગતો સમાવિષ્ટ કરતા લાયસન્સયુકત ધંધાને લગતી યોજના.

(એચ) વીજળી અધિનિયમ એટલે વીજળી અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો)

(આઈ) આયોગ એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,

(જે) કાર્ય-સંચાલન વિનિયમો એટલે વખતોવખત સુધાર્યા મુજબ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય-સંચાલન) વિનિયમો,૨૦૦૪ અને તેનો ફરીથી ઘડેલ વૈધાનિક કાયદો.

(કે) વિતરણ લાઈસન્સ એટલે લાઈસન્સના વિસ્તારમાં વીજળી પૂરી પાડવા વિતરણ વ્યવસ્થાના સંચાલન અને જાળવણી માટેનું લાઈસન્સ.

(એલ) ગ્રિડ કોડ એટલે વીજળી અધિનિયમની કલમ-૭૬ની પેટાકલમના ખંડ (એચ) અન્વયે આયોગ નિર્દિષ્ટ કરેલ ગ્રિડ કોડ (સંહિતા) અને વિનિયમો શરુ થાય તે તારીખથી અમલમાં લાગુ પડે અને અમલકર્તા બને તે ભારતીય વિદ્યુત ગ્રિડ સંહિતા (ઈન્ડિયન ઈલેકટ્રીસિટી ગ્રિડ કોડ)

(એમ) ગુજરાત અધિનિયમ એટલે ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) એટલે ગુજરાત વીજઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ, ૨૦૦૩

(એન) લાઈસન્સ એટલે ગુજરાત અધિનિયમની કલમ ૨૦ સાથે વાંચતાં વીજળી અધિનિયમની કલમ-૧૪ અન્વયે આપેલ લાઈસન્સ અને લાયસન્સ નો અર્થ તે પ્રમાણે થશે અને તેમાં અધિનિયમો હેઠળ માની લીધેલ પરવાનેદાર હોય તેવી વ્યકિતનો સમાવેશ થશે.

(ઓ) લાઈસન્સયુકત ધંધો એટલે પ્રવાહન લાઈસન્સ અન્વયે વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે લાઈસન્સના વિસ્તારમાં વીજશકિતના પ્રવાહનનો ધંધો

INDEX

(પી) મોટી ઘટના એટલે વીજળી પ્રવાહન સાથે સંકળાયેલ ઘટના, જેના પરિણામે સર્વિસના નોંધપાત્ર અવરોધ, સાધનસામગ્રીને મહત્વપૂર્ણ નુકસાન કે પ્રાણ ગુમાવવો કે માણસોને નોંધપાત્ર ઈજા થાય અથવા આયોગ અન્યથા ફરમાવે તે પ્રમાણે અને તેમાં આયોગ મોટી ઘટના હોવાનું સ્પષ્ટપણે જાહેર કરે તેવી બીજી કોઈપણ ઘટનાનો સમાવેશ થશે.

(ક્યુ) ખુલ્લો પ્રવેશ એટલે વીજ અધિનિયમ અને આયોગ દ્વારા નિર્દિષ્ટ વિનિયમો અનુસાર વીજ ઉત્પાદન રોકાયેલ કોઈપણ પરવાનેદાર, ગ્રાહક કે વ્યકિત દ્વારા પ્રવાહન લાઈન, પ્રવાહન સિસ્ટમ કે આવી લાઈન કે સિસ્ટમ સાથે સંલગ્ન સગવડોનો ભેદભાવરહિત ઉપયોગ કરવાની જોગવાઈ.

(આર) અન્ય ધંધો એટલે આંતર રાજય પ્રવાહનના લાયસન્સયુકત ધંધા સિવાયના બીજા કોઈપણ પ્રવાહન પરવાનેદારનો કોઈપણ ધંધો, જેમાં પ્રવાહન પરવાનેદાર તેની અસ્કયામતોનો ઈષ્ટતમ ઉપયોગ કરવા જોડાય.

(એસ) વિનિયમો એટલે ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પ્રવાહન લાઈસન્સ આપવું) વિનિયમો,

(ટી) સચિવ એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સચિવ.

(યુ) ટ્રેડિગ લાઈસન્સ એટલે વીજળીના વેપારી તરીકે વીજળીનો વેપાર હાથ ધરવા આપેલું લાઈસન્સ અને ટ્રેડિગ લાઈસન્સનો અર્થ તે પ્રમાણે થશે.

(વી) પ્રવાહન લાઈસન્સ એટલે લાઈસન્સમાં નિર્દિષ્ટ વિસ્તારમાં પ્રવાહન લાઈન સ્થાપવા કે સંચાલિત કરવા આપેલું લાઈસન્સ અને પ્રવાહન લાઈસન્સનો અર્થ તે પ્રમાણે થશે.

(ડબલ્યુ) વર્ષ એટલે કેલેન્ડર વર્ષની ૧લી એપ્રિલથી તે પછીના કેલેન્ડર વર્ષની ૩૧મી માર્ચ સુધીના બાર મહિનાનો ગાળો.

આ વિનિયમમાં વાપરેલા અને વ્યાખ્યા નહીં અપાયેલા પરંતુ અધિનિયમોમાં વ્યાખ્યા અપાયેલા શબ્દો અને શબ્દસમૂહોના અર્થ અધિનિયમમાં તેમને આપેલા અર્થ પ્રમાણે થશે. અહીં વાપરેલા પરંતુ નિર્દિષ્ટપણે આ વિનિયમો કે અધિનિયમોમાં વ્યાખ્યા નહીં કરાયેલ પરંતુ રાજયમાં વીજ ઉદ્યોગને લાગુ પાડવાપાત્ર સક્ષમ વિધાનસભાએ ઘડેલા કોઈ કાયદા હેઠળ વ્યાખ્યા કરાયેલા શબ્દ સમૂહોના અર્થ આવા કાયદામાં તેમને અપાયેલા અર્થ મુજબ થશે. અહીં વપરાયેલા પરંતુ વિનિયમો કે અધિનિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલ કોઈ કાયદા હેઠળ નિર્દિષ્ટપણે વ્યાખ્યા નહીં અપાયેલ શબ્દસમૂહોના અર્થ, વીજ-ઉદ્યોગમાં સામાન્યપણે આપાયેલ હોય તે મુજબના અર્થ થશે.

૨.૨ અર્થઘટન :

સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય આ વિનિયમોનું અર્થઘટન –

(એ) એકવચન કે બહુવચનના શબ્દો, યથાપ્રસંગ, બહુવચન કે એકવચનમાં સમાવિષ્ટ થતાં હોવાનું ગણવામાં આવશે.

(બી) 'સમાવેશ કરવો' કે 'સમાવિષ્ટ' શબ્દોને આ શબ્દો પછી મર્યાદા વિના કે તે મર્યાદિત નહીં એવા વાકયાંશો કે શબ્દો આવતા હોય કે નહી પરંતુ તે આવતા હોવાનું ગણવામાં આવશે.

(સી) અહીં વિનિયમો અંગેના સંદર્ભોના અર્થ, આયોગે, અમલમાં હોય તેવા કાયદા અનુસાર વખતોવખત સુધારેલ કે ફેરફાર કરેલ વિનિયમોના સંદર્ભ તરીકે ગણવામાં આવશે.

(ડી) શીર્ષકો સુગમતા માટે મુકયા છે અને આ વિનિયમોના અર્થઘટનના હેતુસર લઈ શકાશે નહીં.

(ઈ) કાયદા વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના ઉલ્લેખોનો અર્થ, યથાપ્રસંગ, ઉલ્લેખ કરેલ આવા કાયદા, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને એકત્રિત કરતી, સુધારતી કે ફેરબદલી કરતી તમામ વૈધાનિક જોગવાઈઓ સહિત હોવાનું ગણાશે.

૨.૩ પુનર્વિલોકન (રિવ્યુ)

આ વિનિયમોનું, ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૬૬ -અનુસાર ખુલ્લા પ્રવેશ અને /અથવા વિકસતા વીજ-બજારોની જરૂરિયાતો પૂરી પાડવાના વિનિયમ સાથે સુમેળ સાધવા સાથોસાથ, આયોગ દ્વારા વખતોવખત પુનર્વિલોકન કરાશે.

પ્રકરણ-૨

અરજદાર માટે પાત્ર આવશ્યકતાઓ

૩. **પાત્ર આવશ્યકતા.**

લાઈસન્સ આપવા હકદાર અરજદાર નીચેની ટેકનિકલ અને નાણાંકીય આવશ્યકતાઓ પરિપૂર્ણ કરશે.

(૧) **ટેકનિકલ અનુભવ (ક્ષમતા)**

અરજદારને, પ્રવાહન લાઈન (લાઈસન્સ આપવા માટે જે અસ્કયામતો બાબતમાં અરજી કરી હોય તેવાં પાત્ર પ્રવાહન લાઈનો આવતી હોય) અથવા પેટા મથકો (સબ સ્ટેશન) (લાઈસન્સ આપવા માટે જે અસ્કયામતો બાબતમાં અરજી કરી હોય તેમાં માત્ર પેટામથકો આવેલાં હોય) અથવા બંને (લાઈસન્સ આપવા માટે અરજી કરી હોય તે અસ્કયામતોમાં પ્રવાહન લાઈનો અને પેટા-મથકોનો સમાવેશ થતો હોય)ના અને જેને માટે લાઈસન્સ આપવા અરજી કરી હોય તે અસ્કયામતોનું જે વોલ્ટતા સ્તરે સંચાલન કરવાનું હોય તેના વિકાસ, ડિઝાઈન, બાંધકામ, સંચાલન અને જાળવણીનો અનુભવ હોવો જોઈશે.

પરંતુ ઓછામાં ઓછા ૬૬ કે.વી.ના સ્તરે સંચાલિત પ્રવાહન લાઈનની યથાપ્રસંગ ડિઝાઈન, બાંધકામ કે જાળવણી અંગેના અનુભવનો અર્થ ૬૬ કે.વી અને તેથી વધુ વોલ્ટતા સ્તરે પ્રસ્તુત અનુભવ એવો થશે.

(૨) **નાણાકીય ક્ષમતા**

લાઈસન્સ આપવા જેના માટે અરજી કરી હોય તે અસ્કયામતોના અંદાજી વાર્ષિક પ્રવાહન ખર્ચ કરતા અરજદારની ચોખ્ખી મૂડી ઓછી હોવી જોઈશે નહી.

નોંધ-૧

સંઘ (કોન્સોર્ટિયમ) જોડાણના કેસમાં નાણાકીય ક્ષમતાની પાત્ર આવશ્યકતાઓ સામૂહિક રીતે પહોંચી વળી શકાશે.

નોંધ-૨

પાત્ર આવશ્યકતાઓ પહોચી વળવાના તેના હકદાવાના સમર્થનમાં અરજદારે જરૂરી પુરાવો રજૂ કરવો પડશે.

પ્રકરણ-૩

સામાન્ય જોગવાઈઓ

૪. આ વિનિયમો અન્વયે તમામ કાર્યવાહી (પ્રોસિડિંગ્સ) નું સંચાલન, વખતોવખત સુધાર્યા મુજબ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય-સંચાલન વિનિયમો),૨૦૦૪ દ્વારા થશે.

૫. **લાઈસન્સ આપવા અંગે અરજીઓ.**

(એ) આંતર રાજય પ્રવાહન લાઈન આપવા માટેની અરજી આ વિનિયમોની અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ ફોર્મમાં આયોગને કરવી, અને તેની સાથે રાજય સરકારે ઠરાવ્યા મુજબની લાઈસન્સ અરજી ફી મોકલવી. આવી ફી, સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના નામે બેન્ક ડ્રાફ્ટ/પે-ઓર્ડરથી ચૂકવી શકાશે.

(બી) લાઈસન્સ આપવા અંગેની દરેક અરજી પર અરજદાર અથવા તેમના વતી અધિકૃત વ્યકિતએ સહી કરવી અને અરજી આયોગના સચિવના નામે મોકલવી. અરજી ૬ (છ)સેટમાં ભરવી અને દરેક સેટમાં નીચેની વિગતો આપવી.

INDEX

૧. ઓછામાં ઓછા ૧૦ સે.મી.થી એક કિ.મિ.ના માપના લાઈસન્સના સૂચિત વિસ્તારના નકશા અથવા આવા નકશા ઉપલબ્ધ ન હોય તો, ઉપલબ્ધ સૌથી મોટા કદના ઓર્ડિનન્સ કરતાં ઓછા માપનાં ન હોય તેવા અથવા ચોકકસ કેસમાં આયોગ મંજૂર કરે તેવા બીજા માપના નકશા.

૨. પરવાનેદારના સૂચિત પ્રવૃત્તિ વિસ્તારમાં રાજયની અંદર હાલના પ્રવાહન નેટવર્કનું વર્ણન તેમજ પ્રવાહન નેટવર્કની એકરેખી આકૃતિ તેમજ હાલની સુવિધાઓનો વહીવટી સારાંશ (સમરી) તેના વિસ્તારમાં સંખ્યા સહિત અન્ય સાધનસામગ્રી/ ઉપકરણોની વિગતો, પેટા-મથકો (સબ સ્ટેશનો)ની વિગતો વીજ ટ્રાન્સફોર્મરોની વિગતો, મીટર મિકેનિઝમનું વર્ણન તથા ઉકત સુવિધાઓની માલિકીની વિગતો સહિત સિસ્ટમની બીજી પ્રસ્તુત વિગતો

૩. અરજદારે પ્રવૃત્તિના વિસ્તારમાં (અહીં હવે પછી પરિયોજના) અરજદારે હાથ ધરવા વિચારેલ પ્રવાહન સિસ્ટમના બાંધકામ, સંચાલન અને અથવા જાળવણીને લગતો વિગતવાર પરિયોજના અહેવાલ.

૪. સૂચિત પ્રવાહન લાઈનો જયાં થઈને જવાની હોય તે લાઈસન્સના સૂચિત કોઈપણ ભાગનો વહીવટ જેમાં નિહિત હોય તેવાં તમામ સ્થાનિક તંત્રો (જેમ કે ગ્રામપંચાયત, તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત, મ્યુનિસિપલ વિસ્તારની) ની યાદી.

૫. લાયસન્સયુકત ધંધા માટે અરજદારે સંપાદિત કરવા વિચારેલ કોઈપણ જમીનનું અંદાજે વર્ણન કરતું અને આવા સંપાદનનાં સાધનોનું વર્ણન.

૬. લાઈસન્સના વિસ્તારમાં ખર્ચ કરવા વિચારેલ મૂડીનું પત્રક તથા આયોજન માટે બીજી વિગતો.

૭. પ્રવાહન વ્યવસ્થાના બાંધકામ, સંચાલન અને/ અથવા અસરકારક અને કાર્યક્ષમ રીતે જાળવણી માટેના પૂરતા પ્રમાણમાં સક્ષમ કર્મચારીની પ્રાપ્યતાને લગતી આનુસંગિક માહિતી માળખાગત સુવિધાની પ્રાપ્યતા અને પ્રોજેક્ટ ચલાવવા માટેની નાણાંકીય સધ્ધરતા

૮. વ્યકિત કોર્પોરેટ સંસ્થા હોય તો કંપનીનો ઉદ્દેશપત્ર અને તેનાં ધારાધોરણોની નકલ, અને અન્ય વેપારી પેઢીઓના કેસમાં સંસ્થાપન, નોંધણી કે સમજૂતિ જેવા લાગુ પડતા દસ્તાવેજો.

(૯) ઉપરના ખંડ (એ) અનુસાર નિર્દિષ્ટ અરજી ફીની ચુકવણીની પહોંચ.

(૧૦) અરજીમાં જાહેર કરેલી માહિતીની ખરાઈ કરવા અરજદાર દ્વારા સોગંદનામું.

(૧૧) અરજદાર કંપની હોય તો, ગુજરાત રાજયની અંદર કે બીજા કોઈ રાજયમાં વીજ તરણ પ્રવાહન કે ટ્રેડિંગના ધંધામાં રોકાયેલ કંપનીના કોઈપણ જૂથની વિગતો.

(૧૨) અરજદાર કંપની ન હોય તો અરજદારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રસ હોય તેવા બીજા કોઈ રાજયમાં કે ગુજરાત રાજયની અંદર વીજ-ઉત્પાદન, પ્રવાહન, વિતરણ કે ટ્રેડિંગના ધંધાની વિગતો.

(૧૩) અરજદાર કંપની હોય ત્યાં પ્રમોટરોનો સંક્ષિપ્ત ઈતિહાસ

(૧૪) આ અંગે આયોગને જરૂરી લાગે તેવી વિગતો કે દસ્તાવેજો આદેશ કરીને મંગાવી શકશે.

(સી) ઉપર નિર્દિષ્ટ કરેલી રીતે અરજી કરવામાં આવે ત્યાં, અરજદારે અરજીની નકલ આંયોગ સમક્ષ રજૂ કરવાની સાથોસાથ ભલામણો માટે રાજય પ્રવાહન યુટિલિટીને મોકલશે.

(ડી) આંતર-રાજય પ્રવાહન માટેનું લાઈસન્સ આપવાની અરજી તેનાં જોડાણો અને બિડાણો સાથે આયોગ અને યુટિલિટીને માહિતી સરંક્ષણ, વાયરસ તપાસ વગેરે માટે જરુરી પગલાં લીધાં પછી સીડી પર મોકલી આપશે.

(ઈ) અરજદાર, સંપૂર્ણ અરજી તેનાં જોડાણો અને બિડાણો સાથે તેની પોતાની વેબસાઈટ પર મૂકશે, અથવા આવી વેબસાઈટ ન હોય તો ઈન્ટરનેટ મારફત અરજી મોકલવાની જોગવાઈ કરવા બીજી કોઈ વેબસાઈટ પર મોકલશે.

(એફ) રાજય પ્રવાહન યુટિલિટીની ભલામણો

(૧) રાજય પ્રવાહન યુટિલિટી, અરજી મળ્યાના ત્રીસ દિવસની મુદતની અંદર તેની કોઈ ભલામણો હોય તો આયોગને મોકલી આપશે.

(૨) રાજય પ્રવાહન યુટિલિટી ત્રીસ દિવસની અંદર તેની ભલામણો મોકલે કે નહીં તેમ છતાં નીચેનાં પાસાં અંગે આયોગને અહેવાલ મોકલી આપશે.

IV-C-Ex-178-2

INDEX

(એ) જેને માટે લાઈસન્સ આપવાની અરજી કરી હોય તે અસ્કયામતો આંતર રાજય પ્રવાહન સિસ્ટમનો ભાગ બને છે કેમ

(બી) જેને માટે લાઈસન્સ આપવાની અરજી કરી હોય તે અસ્કયામતો પ્રવાહન યોજનાનો ભાગ બને છે કે કેમ.

(સી) જેને માટે લાઈસન્સ આપવાની અરજી કરવામાં આવી છે તે અસ્કયામતો માટે વિચારાયેલ સંપૂર્ણ અનુસૂચિનું વાજબીપણું.

(ડી) જેને માટે લાઈસન્સ આપવાની અરજી કરવામાં આવી છે તે અસ્કયામતોની ટેકનિકલ સધ્ધરતા.

(ઈ) અરજદારે દર્શાવેલ સંપૂર્ણ અંદાજી ખર્ચનું વાજબીપણું અથવા અન્ય બાબત.

(એફ) પ્રસ્તુત હોવાનું વિચારેલ બીજી કોઈ માહિતી.

પરંતુ રાજય પ્રવાહન યુટીલિટીએ ભલામણો કોઈ હોય તો તે, અને અહેવાલ અરજદારને મોકલી આપવો.

પરંતુ રાજય પ્રવાહન યુટીલિટીની ભલામણો અને અહેવાલ આયોગને બંધનકર્તા રહેશે નહીં.

૬. **અરજી મળવી અને તેની સ્વીકાર પહોંચ**

લાઈસન્સ આપવા માટેની અરજી મળતાં, સચિવ આ હેતુસર રાખવાના રજિસ્ટરમાં તેની વિગતો નોંધશે અને અરજીને સંદર્ભ નંબર આપશે. સચિવ, અરજદારને અરજીમાં દર્શાવેલા સરનામે, અરજી મળ્યાની તારીખ અને સંદર્ભ નંબર સાથે સ્વીકાર પહોંચ મોકલી આપશે.

૭. **અરજીની જાહેર નોટિસ**

(એ) અરજદાર, જેને માટે લાઈસન્સ માંગવામાં આવ્યું હોય તે અરજી કર્યા પછી સાત દિવસની અંદર પ્રવાહન વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં અંગ્રેજી ભાષાના દરેક દૈનિક વર્તમાનપત્રના એક ઈશ્યુમાં તથા ગુજરાતી ભાષાના બે દૈનિક વર્તમાનપત્રમાં નીચેની વિગતો સાથે જાહેર નોટિસ સાથે પ્રસિધ્ધ કરાવશે.

(૧) નોટિસના મથાળામાં અરજદારનું સ્પષ્ટ મોટા અક્ષરમાં નામ તથા અરજદાર વ્યકિત છે કે ૧૯૩૨ના ભારતીય ભાગીદારી અધિનિયમ(૧૮૩૨નો ૯મો) હેઠળ નોંધાયેલ ભાગીદારી પેઢી છે, કે ૧૯૫૬ના કંપની અધિનિયમ (૧૯૫૬નો ૧લો) હેઠળ સંસ્થાપિત પબ્લિક લિમિટેડ કંપની કે અન્ય કોઈ સંસ્થાપિત / બિન-સંસ્થાપિત સંસ્થા છે કે કેમ તે અંગેની તથા તેની કચેરીના સરનામાની અને નોંધાયેલી કચેરી હોય તો તેના સરનામા સાથેની પૂરેપુરી વિગતો આપશે.

(૨) અરજદારે વીજળી અધિનિયમની કલમ-૧૫ની પેટા-કલમ- (૧) અન્વયે આંતર-રાજય પ્રવાહન માટે લાઈસન્સ આપવા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને અરજી રજૂ કરી હોવા અંગેનું નિવેદન.

(૩) અરજદારની નાણાકીય અને ટેકનિકલ શકિત, વ્યવસ્થા રુપરેખા (પ્રોફાઈલ) અને શેર હોલ્ડિંગ ઢાંચો, જો કોઈ હોય તો.

(૪) આયોગને રજૂ કરેલ અરજીમાં દર્શાવ્યા પ્રમાણે અરજદારે જયાં વીજ-પ્રવાહન કામ હાથ ધરવાનું હોય તે ભૌગોલિક વિસ્તાર

(૫) આયોગને વખતોવખત રજૂ કરેલ અરજી અને અન્ય દસ્તાવેજો, કોઈપણ વ્યકિતના નિરીક્ષણ માટે અરજદાર પાસે ઉપલબ્ધ હોવા અંગેનું નિવેદન

(૬) જેઓ નિરીક્ષણ માટે અરજી અને બીજા દસ્તાવેજો ઉપલબ્ધ કરી શકે અથવા જેમની પાસેથી વ્યકિતગત કે ટપાલથી વધુમાં વધુ ફોટોકોપીના દરે, વાજબી ભાવથી તે ખરીદી શકાય તેવી સૂચિત, પ્રવાહન લાઈસન્સનાં મોટાં શહેરો કે નગરોમાં અરજદારે નિયુકત કરેલ વ્યકિત (ઓ) નાં નામ, સરનામાં અને બીજી જરુરી વિગતો.

(૭) અરજદારની વેબસાઈટ પર અથવા અન્ય અધિકૃત વેબસાઈટ પર પૂરેપુરી અરજી ઉપલબ્ધ અને તે વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે તે મતલબનું નિવેદન.

(૮) આયોગની કચેરીનું સરનામું, આપેલ નોટિસ પ્રસિદ્ધિ કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ વાંધા હોય તો તે સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને રજૂ કરી શકાશે એ અંગેનું નિવેદન.

INDEX

પરંતુ અરજદાર, પોતાના ધંધાના હિતો અથવા બૌદ્ધિક સંપત્તિના હકોનું રક્ષણ કરવા, યોગ્ય અને વાજબી કારણો સાથે ઉપર પૈકી કોઈ માહિતી નહી આપવા અંગેની પરવાનગી આપવા આયોગને વિનંતી કરી શકશે.

પરંતુ અરજદારે ઉપરની માહિતીનો બિન-ખાનગી સારાંશ નિર્દિષ્ટ કરેલી રીતે પ્રસિદ્ધ કરાવવાનો રહેશે.

(બી) આ ઉપરાંત આયોગ, તેને યોગ્ય લાગે તેવા કેન્દ્ર સરકાર, રાજય સરકાર, કોઈ સ્થાનિક તંત્ર કે બીજા કોઈ સત્તા તંત્રના કોઈ નામ નિર્દિષ્ટ અધિકારી, કે વ્યકિત કે સંસ્થાને અરજીની નોટિસ બજાવવાનું ફરમાવી શકે.

(સી) અરજદાર ઉપર્યુકત નોટિસ પ્રસિધ્ધ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર પ્રસિદ્ધ કરેલી નોટિસની વિગતો સાથેનું સોગંદનામું રજૂ કરશે તથા નોટિસ જેમાં પ્રસિદ્ધ કરાઈ હોય તે વર્તમાનપત્રોની પ્રસ્તુત નકલો પણ રજૂ કરશે.

૮. **અરજી અને દસ્તાવેજોનું જાહેર નિરીક્ષણ :**

(એ) ઉપરના વિનિયમ ૭ અનુસાર નોટિસ પ્રસિદ્ધિ થયાની તારીખથી, અરજદાર તેની પોતાની કચેરીમાં અને તેના એજન્ટની (કોઈ હોય તો) કચેરીઓમાં તથા આયોગ વખતોવખત નિર્દિષ્ટ કરે તે પ્રમાણે પ્રવાહના લાઈનના માર્ગ પર આવેલાં દરેક સ્થાનિક સત્તા-તંત્રોને, રજૂ કરાયેલ અરજી અને તેની સાથેના દસ્તાવેજોની નકલો ઉપલબ્ધ કરશે.

(બી) ચારજદાર, અરજી કરનાર તમામ વ્યકિતઓને આવી સામગ્રીના ફોટોકોપીના વાજબી દરે, અરજીની અને તેની સાથે જોડેલ બિડાણો સાથેની મુદ્રિત નકલો પૂરી પાડશે.

૯. **અરજીની ચકાસણી અને વધારાની માહિતી મંગાવવી.**

(એ) સચિવ, અરજીની ચકાસણી કરીને અરજદારને, અરજી મળ્યાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર, અરજીનું કામકાજ હાથ ધરવા જરુરી જણાય તેવી વધારાની માહિતી કે દસ્તાવેજો, શકય હોય તેટલા પ્રમાણમાં મોકલવા જણાવી શકશે.

(બી) સચિવને લાગે કે અરજી અને તેની સાથે જોડેલા દસ્તાવેજો બધી રીતે સંપૂર્ણ છે અને અરજદારે અરજી રજૂ કરવાની કાયદેસરતા માટે ઠરાવેલી કાર્યપદ્ધતિનું પાલન કર્યુ છે, તો સચિવ પ્રમાણિત કરશે કે, અધિનિયમો અને આ વિનિયમોમાં જોગવાઈ કરાયેલ કાર્યપદ્ધતિ અનુસાર પ્રવાહન લાઈસન્સ આપવાની વિચારણા કરવા માટે આ અરજી સંપૂર્ણ છે.

૧૦. **વાંધા અને સૂચનો**

(એ) પ્રવાહન લાઈસન્સ આપવા સામે કોઈ વ્યકિત વાંધો ઉઠાવવા માંગતી હોય તો તેને ઉપરના વિનિયમ-૭ માં દર્શાવેલ પ્રથમ જાહેરાત આપ્યાની તારીખથી એક મહિનાની અંદર વાંધા રજૂ કરવા. આ વાંધા આયોગના સચિવને નામે લખી મોકલવા.

(બી) આવા વાંધા મળ્યેથી, સચિવ, તેના પર સંબંધિત લાઈસન્સ અરજીનો સંદર્ભ નંબર લખશે અને આવા વાંધા સંબંધિત લાઈસન્સ અરજીને લગતી ફાઈલમાં મૂકશે.

(સી) સચિવ, ઉપરના વિનિયમ-૭ના ખંડ (ક)ના પેટાખંડ(૩)માં નિર્દિષ્ટ વાંધા દાખલ કરવાની છેલ્લી તારીખના એક અઠવાડિયાની અંદર અરજદાર પાસેથી મળેલ તમામ વાંધાની નકલો બજાવશે.

(ડી) સચિવ પાસેથી વાંધા મળ્યાના ત્રીસ (૩૦) દિવસની અંદર નોટિસના જવાબમાં મળેલ વાંધા કે સૂચનો પર ટીકા-ટીપ્પણ રજૂ કરી શકશે.

૧૧. **સ્થાનિક તપાસ**

(એ) આયોગને, વાંધા અને/અથવા તે અંગેની ટીકા-ટીપ્પણો જોતાં જરુરી જણાય તો પ્રવાહન લાઈસન્સ આપવાની કાર્યવાહી દરમ્યાન કોઈપણ સમયે સ્થાનિક તપાસનું આયોજન કરી શકશે, જે અંગેની નોટિસ લેખિતમાં અરજદાર અને વાંધો લેનાર બન્નેને આપવામાં આવશે.

(બી) ઉપરના ખંડ (એ) અન્વયે સ્થાનિક તપાસનો હુકમ કરવામાં અને તે હાથ ધરવામાં આવે ત્યાં, આયોગ તેના હુકમમાં સ્થાનિક તપાસ કરાવવા જણાવશે અથવા લેખિતમાં વધુ હુકમ દ્વારા જે મુદતની અંદર સ્થાનિક તપાસ પૂરી કરવાની હોય તે નિર્દિષ્ટ કરશે.

પરંતુ આયોગ લેખિતમાં નોંધાયેલા કારણોસર સ્થાનિક તપાસ માટે તેને નકકી કરેલો સમય લંબાવી શકશે.

(સી) ઉપરના ખંડ (એ) અન્વયે સ્થાનિક તપાસનો હુકમ અપાયેલ હોય અને તે હાથ ધરેલ હોય ત્યાં, સ્થાનિક તપાસનાં પરિણામનું યાદીપત્ર, અરજદાર અધિકારી અથવા તપાસ હાથ ધરવા માટે નામનિર્દિષ્ટ વ્યકિત અને આયોગ ફરમાવે તેવી બીજી કોઈ વ્યકિત તૈયાર કરશે અને તેના પર સહી કરશે.

(ડી) વિતરણ પરવાનેદારની અરજી સાંભળીને, આયોગ સ્થાનિક તપાસનાં પરિણામો વિચારશે.

૧૨. અરજીની સુનાવણી અને પ્રવાહન લાઈસન્સ આપવું.

(એ) અરજદાર દ્વારા દસ્તાવેજો રજૂ કરવાને લગતી તમામ શરતોનું પાલન કરવામાં આવે, પરવાનગી મેળવવામાં અને નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવે અને વાંધા મેળવવા માટેનો સમય સમાપ્ત થયા પછી આયોગને યોગ્ય લાગે તો નિયમસરની સુનાવણી અરજી અંગેની કાર્યવાહી શરુ કરી શકશે.

(બી) કોઈ તપાસ હોય તો તે કર્યા પછી, અને અરજીની સુનાવણી યોજવામાં આવી હોય તો તે પછી, આયોગ પ્રવાહન લાઈસન્સ આપવું કે ઈન્કાર કરવો તેનો નિર્ણય કરશે. પરંતુ આયોગ, અરજદારને લેખિતમાં જવાબ દાખલ કરવા જણાવીને અથવા મૌખિક સુનાવણી યોજીને તેને સાંભળવાની તક આપ્યા સિવાય કોઈપણ સંજોગોમાં અરજી રદ કરી શકશે નહીં.

(સી) આયોગ પ્રવાહન લાઈસન્સ આપવાનું નકકી કરે તો લાઈસન્સ આ વિનિયમોની અનુસૂચિ-૨ માં નિર્દિષ્ટ ફોર્મમાં રહેશે. પરંતુ આયોગ તેના વિવેકાધિકાર પ્રમાણે જરૂરી લાગે તો ઠરાવેલ ફોર્મમાં સુધારા-વધારા કે ફેરફાર કરી શકશે.

(ડી) આયોગ, તે સમયે અમલમાં હોય તે અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઈઓ અન્વયે આવું લાઈસન્સ આપવા માટે અરજદાર લાયક છે એવી ખાતરી થતાં આંતર-રાજય પ્રવાહન લાઈસન્સ ઈશ્યૂ કરી શકશે. આયોગ, લાઈસન્સ આપતી વખતે, રાજ્ય પ્રવાહન યુટીલિટી પાસેથી મળેલી ભલામણો પર વિચારણા કરશે, પરંતુ આવી ભલામણો આયોગ માટે બંધનકર્તા બનશે નહીં.

(ઈ) પ્રવાહન લાઈસન્સ આપતાં પહેલાં, આયોગ, પ્રવાહન લાઈસન્સ આપવાની તેની દરખાસ્તની નોટિસ, તેને યોગ્ય લાગે તેવા બે દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ કરશે, જેમાં જે પ્રવાહન પરવાનેદારને તે આપવા વિચારાયું હોય તેના નામ અને સરનામાં, તથા આયોગને યોગ્ય લાગે તેવી બીજી વિગતો આપવામાં આવશે.

(એફ) આયોગ લાઈસન્સ મંજૂર કરે ત્યારે, સચિવ અરજદારને આવી અરજીની તથા લાઈસન્સ જે ફોર્મમાં આપવા વિચારાયું હોય તે ફોર્મ અને લાઈસન્સ આપવા માટે ચૌદ (૧૪) દિવસની અંદર ચૂકવવાની ફી સહિત અરજદારે પૂરી કરવાની શરતોની જાણ કરશે.

(જી) આયોગે અરજીનો અસ્વીકાર કરવાનું નકકી કર્યું હોય ત્યાં, સચિવ અરજદારને ચૌદ (૧૪) દિવસની અંદર આવા અસ્વીકારની જાણ કરશે અને આવા અસ્વીકારના સમર્થનમાં કારણ સાથેના આયોગના પત્રની નકલ જોડશે.

(એચ) અરજદાર, સુધારા, વધારા કે ફેરફાર સાથેનું લાઈસન્સ સહી કરવા અને ઉપરના પેટા-ખંડ (બી) અન્વયે આયોગના ફરમાવ્યા મુજબની અન્ય શરતોને અધીન રહીને લાઈસન્સ સ્વીકારવા તૈયાર હોય તો, તે, આયોગની મંજૂરી મળ્યાના પંદર (૧૫) દિવસની અંદર આયોગને સ્વીકારની જાણ કરશે.

૧૩. પ્રવાહન લાઈસન્સનો પ્રારંભ

પ્રવાહન લાઈસન્સ, આયોગ નિર્દિષ્ટ કરે તે તારીખથી શરુ થશે.

૧૪. પ્રવાહન લાઈસન્સની મુદત

પ્રવાહન લાઈસન્સ, આયોગ રદ ન કરે તો, તેના પ્રારંભની તારીખથી પચ્ચીસ વર્ષની મુદત માટે કાયદેસર ગણાશે.

૧૫. નકશા મૂકવા.

પ્રવાહન લાઈસન્સ આપવામાં આવે ત્યારે, આયોગ નિર્દિષ્ટ કરે તે વિગતો સાથે અને સ્થળ સાથેના પ્રવાહન લાઈનનો માર્ગ દર્શાવતાં ચાર (૪) સેટ પર સહી કરશે અને લાઈસન્સ આપ્યાના જાહેરનામાની

INDEX

તારીખને અનુરૂપ તારીખ નાખશે. આવા નકશાનો એક સેટ આયોગ પાસે રહેશે, એક સેટ રાજય પ્રવાહન યુટિલિટી પાસે રખાશે અને બીજા બે સેટ પ્રવાહન પરવાનેદાર પાસે રખાશે.

૧૬. લાઈસન્સની નકલો રાખવી.

(એ) પ્રવાહન લાઈસન્સ આપવામાં આવે તે દરેક વ્યકિત તે આપ્યાના ત્રીસ (૩૦) દિવસની અંદર અંદર -

(૧) પૂરતી સંખ્યામાં છાપેલ પ્રવાહન લાઈસન્સની નકલો રાખશે.

(૨) પ્રવાહન લાઈસન્સમાં નિર્દિષ્ટ પ્રવાહન વિસ્તાર દર્શાવતા નકશા પૂરતી સંખ્યામાં હોવા જોઇશે.

(૩) આવા પ્રવાહન લાઇસન્સની નકલ અને નકશા લોકોના નિરીક્ષણ માટે આ અંગે આયોગ ઠરાવે તે પ્રમાણે તેની મુખ્ય કચેરી, તેની સ્થાનિક કચેરી (કોઈ હોય તો) અને તેના પુરવઠાના વિસ્તારમાં દરેક સ્થાનિક સત્તાતંત્રની કચેરીમાં કામકાજના કલાકો દરમ્યાન રાખશે.

(બી) દરેક વિતરણ પરવાનેદાર, ઉપર્યુકત ત્રીસ (૩૦) દિવસની અંદર, આયોગ, આ અંગે નિર્દિષ્ટ કરે તે પ્રમાણે દરેક સ્થાનિક સત્તાતંત્રને લાઈસન્સ અને સંબંધિત નકશાની એક નકલ વિના-મૂલ્યે મોકલી આપશે અને તેની નકલો માટે અરજી કરનાર તમામ વ્યકિતઓને પ્રવાહન લાઈસન્સની છાપેલી નકલો, વધુમાં વધુ નકલ દીઠ સામાન્ય ફોટોકોપીની કિંમતે, અથવા આયોગ નિર્દિષ્ટ કરે તે ભાવે ચુકવણી કર્યેથી, વેચાણ માટેની વ્યવસ્થા કરશે.

૧૭. લાઈસન્સના સુધારા-

(એ) પ્રવાહન પરવાનેદાર, અધિનિયમો અન્વયે લાઈસન્સ સુધારવા માટે અરજી કરે ત્યાં, આવી અરજી કર્યાના પંદર દિવસની અંદર, સુધારવાનું હોય તે પ્રવાહન લાઈસન્સ જયાં અમલમાં હોય તે વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા અંગ્રેજી ભાષાના દરેક દૈનિક વર્તમાનપત્રના એક ઈશ્યુમાં અને ગુજરાતી ભાષાના બે દૈનિક વર્તમાનપત્રોમાં નોટિસ નીચેની વિગતો સાથે પ્રસિદ્ધિ કરશે.

(૧) હાલના પ્રવાહન લાઈસન્સની સંક્ષિપ્ત વિગતો,

(૨) હાલના પ્રવાહન લાઈસન્સના સૂચિત સુધારા, અને

(૩) સુધારો કરવા માટેનાં સંક્ષિપ્ત કારણો.

(૪) જેઓ, અરજી અને આવા દસ્તાવેજ નિરીક્ષણ માટે ઉપલબ્ધ કરી શકે અથવા જેમની પાસેથી વધુમાં વધુ ફોટો કોપીના ભાવે, વાજબી ખર્ચથી રૂબરૂ કે ટપાલ દ્વારા ખરીદી શકાય તેવા, અરજદારે સૂચિત પ્રવાહન લાઈસન્સ વિસ્તારનાં મોટા શહેરો કે નગરોમાં નિયુકત કરેલ વ્યકિત(ઓ) ના નામ, સરનામાં અને બીજી જરૂરી વિગતો.

(૫) આયોગને કરેલી અરજીના સંદર્ભમાં કોઈ વ્યકિત કોઈ સૂચન કે વાંધો રજૂ કરવા માગે છે એવું નિવેદન હોય તો, નોટિસની પ્રથમ પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ(૩૦) દિવસની અંદર સચિવને લેખિત જાણ (છ નકલો) કરીને તેમ કરી શકશે.

(બી) ઉપરના ખંડ (એ) અન્વયે નોટિસ પ્રસિદ્ધિ પછી સુધારા માટેની અરજીને લગતા તમામ વાંધા, નોટિસ પ્રસિદ્ધિ થયાની તારીખના ત્રીસ (૩૦) દિવસની અંદર મળશે તો આયોગ વિચારણામાં લેશે.

(૨) આયોગ સ્વંય, પ્રવાહન પરવાનેદારને સુધારો કરવા સૂચવે ત્યાં, આયોગ સુધારો કરવાનો હોય તે પ્રવાહન લાઈસન્સ જયાં અમલમાં હોય તે વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા અંગ્રેજી ભાષાના દરેક દૈનિક વર્તમાનપત્રના એક ઈશ્યુમાં અને ગુજરાતી ભાષાના બે દૈનિક વર્તમાનપત્રોમાં નીચેની વિગતો સાથે નોટિસ પ્રસિદ્ધિ કરશે.

(એ)

(૧) પ્રવાહન પરવાનેદારનું નામ અને પુરવઠાના વિસ્તારમાં મુખ્ય કચેરીનું સરનામું,

(૨) આયોગે કરવા વિચારેલ સુધારા- વધારાનું વર્ણન.

(૩) સૂચિત સુધારા કે વધારા માટે સંક્ષિપ્ત કારણો

(૪) આયોગને કરેલી અરજીના સંદર્ભમાં કોઈ વ્યકિત કોઈ સૂચન કે વાંધો રજૂ કરવા માગતી હોય તો, તે નોટિસ પ્રથમ પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ (૩૦) દિવસની અંદર, સચિવને નામે લેખિતમાં જાણ કરીને તેમ કરી શકશે.

IV-C Ex. 178-3

INDEX

પ્રથમ નોટિસ પ્રસિદ્ધિ થયાની તારીખથી એક મહિનાની અંદર મળેલ સૂચિત સુધારાને લગતા તમામ વાંધા અંગે આયોગ, સૂચિત સુધારો સ્વીકારવો કે તેનો અસ્વીકાર કરવો તે અંગે વિચારણા કરશે.

(બી) પ્રવાહન લાઈસન્સ આપવાને લગતા આ વિનિયમોની જોગવાઈઓ વ્યવહારુ અને જરૂરી હોય તેટલા પ્રમાણમાં, પ્રવાહન લાઈસન્સના સુધારા માટેની અરજીની વિચારણા અને નિકાલ માટે લાગુ પાડવામાં આવશે.

(૧૮) ફી ની ચુકવણી

(એ) લાઈસન્સનો પ્રારંભ થયા પછી ૩૦ દિવસની અંદર અથવા આયોગ છૂટ આપે તેટલા સમયગાળાની અંદર પરવાનેદાર પ્રારંભિક લાઈસન્સ ફી ચૂકવશે.

(બી) લાઈસન્સ અમલમાં રહેશે ત્યાં સુધી તે પછીના દરેક વર્ષ માટે પરવાનેદાર, નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી વાર્ષિક લાઈસન્સ ફી ચુકવશે.

(સી) ઉપરના પેટા ખંડ (એ) કે (બી) અન્વયે નિર્દિષ્ટ તારીખ સુધીમાં બાકી નીકળતી કોઈ ફી ચૂકવવામાં પ્રવાહન પરવાનેદાર નિષ્ફળ જાય ત્યાં,

(૧) પ્રવાહન પરવાનેદાર, પ્રવર્તમાન બેંક દરે બાકી નીકળતી રકમ પર વ્યાજ ચૂકવવા જવાબદાર રહેશે; વ્યાજ, રકમ લેણી થાય તે દિવસથી શરુ કરીને ચુકવણી કરાય તે તારીખ સુધીના સમય-ગાળા માટે ચૂકવવાપાત્ર થશે.

(૨) પ્રવાહન પરવાનેદાર, ફી-વસૂલાત માટેની કાર્યવાહીને અધીન રહેશે.

(૩) આયોગ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર પ્રવાહન લાઈસન્સ રદ કરી શકશે.

પરંતુ આ ખંડમાં સમાવિષ્ટ કશુંપણ અધિનિયમો કે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાને અધીન પ્રવાહન પરવાનેદારને કોઈ જવાબદારીમાંથી છુટકારો આપતા હોવાનું ગણવામાં આવશે નહીં.

પ્રકરણ-૪

પ્રવાહન લાઈસન્સની સામાન્ય શરતો

૧૯. પાલન

(એ) પ્રવાહન લાઈસન્સ અમલમાં હોય તે કાયદાની જરૂરિયાતો તથા, ખાસ કરીને, અધિનિયમો, ગ્રિડ સંહિતા, પ્રવાહન સંચાલન ધોરણો, પ્રવાહન આયોજન અને સલામતી ધોરણો, નિયમો, વિનિયમો, હુકમો તથા આયોગ વખતોવખત બહાર પાડે તે આદેશો અમલમાં મૂકશે.

(બી) રાષ્ટ્રીય વીજભાર રવાનગી કેન્દ્ર (નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર) પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર (રિજીયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર) અને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) તથા અન્ય વૈધાનિક સત્તાતંત્રોએ પ્રવાહન પરવાનેદારના કાર્યો બજાવવા અંગે બહાર પાડેલા હુકમો અને આદેશોનું પ્રવાહન પરવાનેદાર યોગ્ય રીતે પાલન કરશે.

(સી) પ્રવાહન પરવાનેદાર, લાઈસન્સયુકત ધંધાને લગતી તમામ પ્રવૃત્તિઓ બાબતમાં, જરુરી હોય તે પ્રમાણે પ્રાદેશિક વિદ્યુત બોર્ડો અથવા પ્રાદેશિક વીજળી સમિતિઓ, પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર (રિજીયોનલ લોડ ડિસ્પેચ સેન્ટર/ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રો (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) અને કેન્દ્રિય પ્રવાહન યુટીલિટી/રાજ્ય પ્રવાહન યુટીલિટી, પરવાનેદારો અને અથવા વીજ ઉત્પાદન કંપનીઓ સાથે સંકલન કરશે.

(ડી) પ્રવાહન પરવાનેદાર, અહીં નીચે ઠરાવેલ સમય-સૂચિની અંદર તે પ્રમાણે આ વિનિયમો અન્વયે નિર્દિષ્ટ લાઈસન્સ ફી ચૂકવશે.

(ઈ) આયોગ, રાજ્ય વીજભાર કેન્દ્રને નિર્દિષ્ટ કરે તે મુજબની ફી પ્રવાહન પરવાનેદાર ચૂકવશે.

(એફ) પ્રવાહન પરવાનેદાર, સળંગ ચાર ત્રિમાસ માટે કોઈપણ પ્રવાહન પ્રવૃત્તિ હાથ ધરવામાં નિષ્ફળ જાય, ચૂકી જાય કે તેની ઉપેક્ષા કરે ત્યાં પ્રવાહન પરવાનેદાર, અધિનિયમોની જોગવાઈઓ અનુસાર રદ થવાને પાત્ર રહેશે.

(જી) પ્રવાહન પરવાનેદાર, વર્ચસ્વ ધરાવતા હોદાનો, જો કોઈ હોય તો, દુરઉપયોગ કરાય તેવી કોઈ સમજૂતિ કરશે નહીં અથવા વીજ-ઉદ્યોગની સ્પર્ધા પર વિપરિત અસર પહોચાડે કે પહોચે તેવી શકયતા હોય તેવું કોઈ જોડાણ કરશે નહીં.

(એચ) પ્રવાહન પરવાનેદાર, તેના ગ્રાહકોનો અને બીજા પક્ષકારો સાથે તેને કરેલી લેવડ-દેવડનો રેકર્ડ અધતન (અપ-ટુ-ડેટ) રાખશે અને આયોગને જરુર પડે તેમ અને ત્યારે તે આયોગને મોકલાવશે.

(આઈ) પ્રવાહન પરવાનેદાર, પ્રવાહન કામગીરી હાથ ધરતાં પહેલાં ટેલિફોન, ફેકસ, કમ્પ્યુટર અને ઈન્ટરનેટ સુવિધાઓ જેવી પર્યાપ્ત સંદેશા વ્યવહાર સુવિધાઓ ગોઠવશે.

(જે) પ્રવાહન પરવાનેદાર, પ્રવાહન પરવાનેદારની ફરજો હાથ ધરવા અંગે વિનિયમન કરવા કે મદદ કરવા આયોગ દ્વારા અધિકૃત કોઈ વ્યકિતને તમામ સહાય કરશે.

૨૦. <u>પરવાનેદારની પ્રવૃત્તિઓ</u>

(એ) પ્રવાહન પરવાનેદાર, ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૪૦ અન્વયે નિર્દિષ્ટ પ્રવાહન પરવાનેદારની ફરજો યોગ્ય રીતે બજાવશે.

(બી) પ્રવાહ લાઈનની પ્રવાહન ક્ષમતાની ઉપલબ્ધતાને અધીન રહીને અને ગ્રાહકોને વીજળી પૂરી પાડવા માટે આવી પ્રવાહન સિસ્ટમના ઉપયોગના કેસમાં, ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૪૨ ની પેટા કલમ (૨) સાથે વાંચતા કલમ-૪૦માં વિચારાયા મુજબ ક્રોસ સબસીડીની ચાલુ સપાટીને પહોંચી વળવા સરચાર્જ ચુકવણીને અધીન રહીને, તત્સમયે અમલમાં હોય તેવા કાયદા, નિયમો અને વિનિયમો અનુસાર, કેપ્ટિવ જનરેટિંગ પ્લાન્ટ અને ગ્રાહકો સહિત પરવાનેદારો અને વીજ-ઉત્પાદન કંપનીઓના ઉપયોગ માટે પ્રવાહન પરવાનેદાર સિસ્ટમમાં નિષ્પક્ષપાત ખુલ્લા પ્રવેશની જોગવાઈ કરશે.

૨૧. <u>પ્રતિબંધિત પ્રવૃત્તિઓ</u>

(એ) પ્રવાહન પરવાનેદાર, વિનિયમ-૨૦ અન્વયે આયોગની પૂર્વ-મંજૂરી વિના નીચેની કામગીરી કરશે નહીં.

(૧) બીજા કોઈ પરવાનેદારની યુટિલિટી ખરીદીથી કબજો લઈને કે અન્યથા સંપાદિત કરવી, અથવા

(૨) લાઈસન્સના વિસ્તારમાં વીજળી વેચાણ માટે કામ કરતાં વિતરણ પરવાનેદાર, ટ્રેડિંગ પરવાનેદાર, વીજ ઉત્પાદન કંપની કે વીજ ઉત્પાદન સેટની કોઈ માલિકી કે તેમાં કોઈ લાભદાયી હિત મેળવવો કે રાખવો અથવા

(૩) પોતાની યુટિલિટી, બીજા કોઈ પરવાનેદારની યુટિલિટી સાથે વિલીન કરવી.

(૪) કોઈ વ્યકિતને, વેચાણ પટાથી, વિનિયમ કે અન્યથા પોતાનું પ્રવાહન લાઈસન્સ સોંપવું કે તબદીલ કરવું.

પરંતુ, આમછતાં, પ્રવાહન પરવાનેદાર, બેંકો અને નાણાકીય સંસ્થાઓમાંથી લોનો અને ધિરાણ સહિત ધંધાના સામાન્ય ક્રમમાં લાઈસન્સવાળા ધંધા માટે નાણાં પૂરાં પાડવા કે નાણાંની વ્યવસ્થા કરવાની સુગમતા કરવાના સાધનો તરીકે પ્રવાહન લાઈસન્સનો ઉપયોગ કરવા હકદાર બનશે, પરંતુ તે નીચેની શરતોને અધીન રહેશે.

(૧) પ્રવાહન પરવાનેદાર, પ્રસ્તુત સમજૂતિની અસરકારક તારીખના ઓછામાં ઓછા ૫૫ દિવસ અગાઉથી આવી વ્યવસ્થા અંગે આયોગને જાણ કરશે.

(૨) પ્રવાહન પરવાનેદાર પ્રવાહન પરવાનાના ઉપયોગ વખતે દૂરદર્શી અને બહુ ખર્ચાળ નહિ તેવા (વાજબી) કૃત્યો કરશે.

(૩) પ્રવાહન પરવાનેદાર, પ્રવાહન સિસ્ટમમાં અસ્કયામતો પર સંચાલનાત્મક નિયંત્રણ રાખશે.

(બી) પ્રવાહન પરવાનેદાર, સીધેસીધા કે તેની પેટા શાખા મારફત વીજળી ટ્રેડિંગના ધંધામાં રોકાશે નહીં.

(સી) વિનિયમ-૨૩ માં જોગવાઈ કર્યા પ્રમાણે આયોગની પૂર્વ-મંજૂરી સિવાય, પ્રવાહન પરવાનેદાર વીજ-પ્રવાહન સિવાયના કોઈ હેતુ માટે સિસ્ટમની અસ્કયામતોનો ઉપયોગ કરશે નહીં.

INDEX

પરંતુ પ્રવાહન પરવાનેદારો આવા કોઈ ધંધામાં રોકાય તો, આયોગ નિર્દિષ્ટ કરે તે પ્રમાણે આવકના તેટલા પ્રમાણમાં , પ્રવાહન અને વ્હીલીંગનો ખર્ચ ઘટાડવા માટે ઉપયોગ કરાશે અને આવા ધંધાના પ્રવાહન મિલકત પર કોઈ રીતે બોજારુપ નથી કે લાઈસન્સના ધંધામાંથી તેને આર્થિક સહાય કરાતી નથી એ સુનિશ્ચિત કરવા અલગ હિસાબો રાખવામાં આવશે.

(ડી) આયોગની પૂર્વ-મંજૂરી જરુરી હોય ત્યાં પ્રવાહન પરવાનેદાર આયોગ સમક્ષ યોગ્ય અરજી રજૂ કરશે.

૨૨ અસ્કયામતોની તબદીલી

(એ) પ્રવાહન પરવાનેદાર, આ વિનિયમ-૨૨માં નિયત કરેલી શરતોનું પાલન કર્યા વિના એક સોદામાં કે સંબંધિત સોદાઓના સેટમાં, તેની યુટિલિટી કે તેનો કોઈ ભાગ વેચાણ પટાથી, વિનિયમ કે અન્યથા તબદીલ કરશે નહીં.

(બી) પ્રવાહન પરવાનેદાર, તેની યુટિલિટી તબદીલ કરવાના તેના ઈરાદાની લેખિત નોટિસ અગાઉથી આયોગને આપશે. અયોગ નોટિસ મળ્યાના ત્રીસ (૩૦) દિવસની અંદર સોદાના સમર્થનમાં વધુ માહિતી માંગી શકશે અને પ્રવાહન પરવાનેદાર દ્વારા આવી વધુ માહિતી ત્રીસ(૩૦) દિવસની રજૂ કરાય અને આયોગ ઉપર્યુકત આવી વધુ માહિતી ન માગે તો અરજી દાખલ કર્યાના સાઠ (૬૦) દિવસની અંદર યોગ્ય જણાય તેવી શરતો અથવા સુધારાને અધીન રહીને તબદીલીની ગોઠવણને મંજૂર કરશે અથવા કારણયુકત હુકમ દ્વારા તેનો અસ્વીકાર કરશે.

(સી) પ્રવાહન પરવાનેદાર, ખંડ (બી) અન્વયે આપેલી કોઈપણ નોટિસમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તેની યુટીલિટીની તબદીલી કરી શકશે, જો-

(૧) આયોગ જે શરતો મૂકે તેને અધીન રહીને આયોગ આવી તબદીલીને તેની સંમતિ છે એવું લેખિતમાં સમર્થન કરે, અથવા

(૨) આયોગના નિર્ણય અંગેના ખંડ (બી) હેઠળ નિર્દિષ્ટ સમયની અંદર આયોગ પ્રવાહન પરવાનેદારની નોટિસનો કોઈ જવાબ ન આપે કે, તે પ્રવાહન પરવાનેદારની અરજી હાથ ધરવાનો ઈરાદો રાખે

(ડી) પ્રવાહન પરવાનેદાર તેની યુટીલિટી તબદીલ કરી શકશે, જ્યાં

(૧) નિર્દિષ્ટ વર્ણન મુજબની લેવડ-દેવડ અને / અથવા નિર્દિષ્ટ વર્ણન મુજબની તબદીલી બાબતમાં સામાન્ય સંમતિ (શરતોને અધીન હોય કે ન હોય) આવરી લેતાં આ વિનિયમ-૨૨ના હેતુસર આદેશો બહાર પાડયા હોય, અને સંમતિને અધીન હોય તેવી કોઈ શરતો અનુસાર તબદીલી કરી હોય.

(૨) કોઈપણ ધંધાના આદેશ અનુસાર કે તે અન્વયે પ્રસ્તુત તબદીલી જરુરી હોય અથવા

(૩) પ્રવાહન પરવાનેદાર વિનિયમ-૧૪ અનુસાર જેને ચલાવવા અધિકૃતિ મળી હોય તેવા બીજા કોઈ ધંધા સંબંધમાં પ્રસ્તુત અસ્કયામત, જે સંપૂર્ણતયા કે મુખ્યત્વે સંપાદિત કરેલી અને વાપરેલી હોય અને જમીનમાં કાનૂની કે લાભદાયી હિત ઊભું ન થતું હોય અથવા અન્યથા પ્રવાહન સિસ્ટમનો ભાગ ન બનતો હોય અથવા અન્યથા અસ્કયામત લાઈસન્સ ધંધા માટે જરુરી ન હોય.

(ઈ) ઉપર ગમે તેમ કહયું હોય તેમ છતાં પ્રવાહન પરવાનેદાર, બેંકો અને નાણાકીય સંસ્થાઓમાંથી લોનો અને ધિરાણની સગવડો સહિત ધંધાના સામાન્ય ક્રમમાં લાયસન્સના ધંધા માટે નાણાં કે નાણા વ્યવસ્થાની સુવિધા કરવાનાં સાધનો તરીકે અસ્કયામતોનો ઉપયોગ કરવા, નીચેની શરતોને અધીન રહીને હકદાર બનશે.

(૧) પ્રવાહન પરવાનેદાર, પ્રસ્તુત સમજૂતીની અસરકારક તારીખના ઓછામાં ઓછા પંદર (૧૫) દિવસ અગાઉ આવી ગોઠવણો અંગેની આયોગને જાણ કરશે.

(૨) પ્રવાહન પરવાનેદાર, આવી અસ્કયામતોનો ઉપયોગ કરવામાં બુધ્ધિપૂર્વક અને વાજબી રીતે કામ કરશે.

(૩) પ્રવાહન પરવાનેદાર, પ્રવાહન સિસ્ટમની અસ્કયામતો પર સંચાલનલક્ષી નિયંત્રણ રાખશે.

INDEX

અન્ય ધંધો

પ્રવાહન પરવાનેદાર પોતાની અસ્કયામતોનો ઈષ્ટતમ ઉપયોગ માટે આયોગને અગાઉથી જાણ કરીને બીજા કોઈ ધંધામાં કામ કરી શકશે. પ્રવાહન પરવાનેદાર આવા બીજા ધંધામાં કામ કરે ત્યાં તેને સુનિશ્ચિત કરવાનું રહેશે કે----

(એ) બીજો ધંધો કરવાથી લાયસન્સવાળા ધંધાને કોઈપણ રીતે બાધક અને/અથવા વિપરીત અસર થતી નથી.

(બી) પ્રવાહન પરવાનેદારની પ્રવાહન અસ્કયામતો, બીજા ધંધાનું સમર્થન કરવા બોજારુપ બનતી નથી.

(સી) લાઈસન્સવાળો ધંધો, અન્ય ધંધાને નાણાંકીય સહાય કરતો નથી.

(ડી) અન્ય ધંધામાં કોઈ મૂડી રોકાણ સામેલ ન હોય તો, આવા ધંધાની આવક પેટે કોર્પોરેટ-કર સહિતનો વાજબી ખર્ચ મેળવ્યા પછી આ નવા ધંધામાંથી પ્રવાહન પરવાનેદારે અર્જિત કરેલા નફાની વધુમાં વધુ ૨૫ ટકા રકમ પ્રવાહન પરવાનેદાર તે ધંધામાં રાખશે અને બાકીની રકમ તેના ગ્રાહકોને પ્રવાહન અને વ્હીલીંગ માટેના તેના ખર્ચના ઘટાડા માટે વપરાશે.

(ઈ) પ્રવાહન પરવાનેદાર, અન્ય ધંધાના હેતુસર વધારાનું મૂડી-રોકાણ કરે તો, પ્રવાહન પરવાનેદાર પ્રવાહન અસ્કયામતોનો ઉપયોગ કરવામા માટે નવા ધંધા પર ફી વસૂલ કરી શકશે. આ ફી સ્વતંત્ર એજન્સી/કંપની પાસેથી તેવી અસ્કયામતો/સેવાઓ માટે ચુકવણી કરી હોય તેવા નવા ધંધાની ૭૫ ટકા ફી કરતાં ઓછી રહેશે નહીં અને આ રીતે વસૂલ કરેલી ફી તેના ગ્રાહકોને પ્રવાહન અને વ્હીલીંગ માટેના તેના ખર્ચમાં ઘટાડો કરવા માટે વાપરી શકશે.

(એફ) અલગ કંપનીએ આ પ્રવૃતિઓ હાથ ધરી હોય તે રીતે આવી પ્રવૃતિઓ સંબંધમાં અલગ હિસાબી રેકર્ડ રાખવામાં આવે છે, જેથી આવા બીજા દરેક ધંધાની અથવા વાજબીપણે તેના કારણે થયેલી આવક, ખર્ચ, અસ્કયામતો, જવાબદારીઓ અનામત રકમ અને જોગવાઈઓને લાયસન્સવાળા ધંધાની તેવી જોગવાઈથી અલગ રીતે મુકરર કરી શકાય.

(જી) અન્ય ધંધાના હેતુ માટે પ્રવાહન સિસ્ટમમાં વપરાતી અસ્કયામતો, આયોગની પૂર્વ-મંજૂરી વિના તબદીલ કરાતી નથી.

૨૪. હિસાબો અને ઓડિટ

(એ) પ્રવાહન પરવાનેદાર-

(૧) લાયસન્સવાળા ધંધા અને બીજા કોઈ ધંધા માટેના હિસાબોની માહિતી અને પત્રક અલગ રાખશે;

(૨) આયોગ નિર્દિષ્ટ કરે તેવા ફોર્મમાં અને તેવી વિગતો સમાવિષ્ટ કરતા અને આયોગ નિર્દિષ્ટ કરે તેટલા સમય પૂરતું હિસાબના પત્રક જાળવશે અને હિસાબો જ્યાં અધિનિયમ લાગુ પાડવાપાત્ર હોય ત્યાં વખતોવખત સુધાર્યા મુજબ ૧૯૫૬ના કંપની અધિનિયમ (૧૯૫૬નો ૧લો) અનુસાર રાખવામાં આવશે;

(૩) લાઈસન્સ હોય કે ન હોય પરંતુ લાઈસન્સવાળા ધંધાના હિસાબો, પ્રવાહન પરવાનેદાર દ્વારા હાથ ધરાતા બીજા કોઈ ધંધા કરતાં અલગ રાખશે.

(૪) આવા રેકર્ડ પરથી નફા અને નુકસાનના હિસાબ સરવૈયું અને નાણાં સાધનોનું પત્રક તથા નાણાંનો ઉપયોગ અને સાથોસાથ તે અંગેની નોંધોને સમાવિષ્ટ કરતા દરેક નાણાકીય વર્ષ માટે હિસાબનાં પત્રકો તેમાં કોઈપણ આવક, નાણાંકીય વર્ષ બાબતમાં જે લાગુ પડતું હોય તે આવક અને ખર્ચ, અસ્કયામત, જવાબદારી, અનામત રકમ કે જોગવાઈ જે

૧. બીજા કોઈ ધંધામાંથી કે તે ખાતે ઉધારેલ તે ઉધાર નોંધના આધારના વર્ણન સાથે,

૨. વહેંચણી કે ફાળવણીના આધારના વર્ણન સાથે વિવિધ ધંધાકીય પ્રવૃતિઓ વચ્ચે વિભાજન કે ફાળવણી દ્વારા નકકી થયેલ હોય તેના હિસાબો અલગ રીતે દર્શાવાશે.

(૫) આગલા ખંડો, અનુસાર તૈયાર કરાયેલા હિસાબના પત્રકો સબંધમાં, ઓડિટરો તેમના મતે પત્રકો યોગ્ય રીતે તૈયાર કરવામાં આવ્યા છે અને પત્રકો જેને લગતાં હોય તે ધંધાને લીધે વાજબીપણે હોય તેવા આવક, ખર્ચ, અસ્કયામતો અને જવાબદારીઓ, અનામત રકમોનું સાચું અને વાજબી ચિત્ર આપે છે એમ દર્શાવતો દરેક વર્ષનો અહેવાલ આપશે.

IV-C. Ex. 178-4

INDEX

(૬) હિસાબનાં પત્રકો અને ઓડિટરોના અહેવાલની નકલો, તે જે વર્ષને લગતા હોય તે પૂરું થયા પછીના મોડામાં મોડા છ મહિના સુધીમાં આયોગને રજૂ કરશે.

(બી) આયોગે અધિકૃત કરેલ કોઈપણ વ્યક્તિ, પ્રવાહન પરવાનેદારના હિસાબો તપાસવા અને ખરાઈ કરવા હકદાર રહેશે. અને પ્રવાહન પરવાનેદાર આવી વ્યકિતને તમામ જરૂરી સહાય પૂરી પાડશે.

(સી) પ્રવાહન પરવાનેદાર, નાણાંકીય વર્ષ સંબંધમાં હિસાબનાં પત્રકો તૈયાર કરવા બાબતમાં આગલા નાણાકીય વર્ષ બાબતમાં જે લાગુ પડતું હોય તે આવક અને ખર્ચના ચાર્જ કે વિભાજન કે ફાળવણીના આધારમાં આયોગની પૂર્વ-મંજુરી વિના ફેરફાર કરશે નહીં.

પરંતુ નાણાંકીય વર્ષ દરમ્યાન પ્રવાહન પરવાનેદાર, તરત પહેલાના નાણાંકીય વર્ષ માટે અપનાવેલ હોય તે આધાર કરતાં, પોતાનાં નાણાંકીય પત્રકોમાં ઉધાર (ચાર્જ) કે વિભાજન કે ફાળવણીના આધારમાં ફેરફાર કરે તો, આયોગ, પ્રવાહન પરવાનેદારને તેને અપનાવેલ આધાર પર હિસાબ પત્રકો તૈયાર કરવા ઉપરાંત ભૂતકાળના ધોરણે આવા હિસાબી પત્રકો તૈયાર કરવા ફરમાવી શકશે.

(ડી) પ્રવાહન પરવાનેદાર પોતાની અસ્કયામતોના ઈષ્ટતમ ઉપયોગ માટે કોઈ બીજો ધંધો હાથ ધરે તો તે આવા હિસાબી રેકર્ડ પરની સુસંગત ધોરણે નીચેની વિગતો તૈયાર કરીને આયોગને રજૂ કરશે.

(૧) બીજા ધંધા અંગેના હિસાબનાં પત્રકો.

(૨) દરેક નાણાકીય વર્ષના પ્રથમ છ મહિના બાબતમાં બીજા ધંધા અંગેના વચગાળાના નફા અને નુકસાનના હિસાબ અને રોકડ નાણાં પ્રવાહનું પત્રક તથા સરવૈયું.

(૩) ઓડિટરના મતે, આ પત્રકો યોગ્ય રીતે તૈયાર કરાયા છે અને આ પત્રકો જેને લાગતા હોય તેવા ધંધાના કે વાજબીપણે તેને લીધે હોય તે આવક, ખર્ચ, અસ્કયામતો, જવાબદારીઓ, અનામત રકમ અને જોગવાઈઓનું સાચું અને વાજબી ચિત્ર આપ્યું છે એવો દરેક નાણાંકીય વર્ષ માટેનો તેમનો અહેવાલ.

(૪) વચગાળાનો અહેવાલ જે મુદત માટે હોય તે પછીના મોડા મોડા ત્રણ મહિનામાં નફા અને નુકસાનના દરેક વચગાળાના હિસાબની નકલ તથા હિસાબના પત્રકો અને ઓડિટરોના અહેવાલ જે નાણાકીય વર્ષને લગતા હોય તે પૂરું થયા પછી મોડામાં મોડા છ મહિનામાં તે અહેવાલની નકલો.

(ઈ) પ્રવાહન પરવાનેદાર સુનિશ્ચિત કરશે કે અહીં દર્શાવેલ દરેક નાણાંકીય વર્ષ બાબતમાં હિસાબનાં પત્રકો અને દરેક નાણાકીય વર્ષ અંગે ઓડિટરોનો અહેવાલ, આયોગ ફરમાવે તેવી રીતે પ્રસિદ્ધિ કરવામાં આવ્યો છે. અને તે માગનાર કોઈપણ વ્યકિતને, વધુમાં વધુ ફોટો નકલના વાજબી ભાવથી અથવા આયોગ નિર્દિષ્ટ કરે તેવા ભાવથી આપવામાં આવશે.

૨૫. <u>માહિતીની જોગવાઈ</u>

(એ) આયોગ તેના પોતાના હેતુ માટે કે ભારત સરકાર, રાજય સરકાર કેન્દ્રિય આયોગ, કેન્દ્રિય વિદ્યુત તંત્ર, રાજય પ્રવાહન યુટીલિટી અને રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) ના હેતુ માટે વખતો વખત માગે તે પ્રમાણે પ્રવાહન પરવાનેદાર આયોગને વિના વિલંબે લાયસન્સયુકત ધંધા કે બીજા ધંધાને લગતી આવી માહિતી, દસ્તાવેજો અને વિગતો રજૂ કરશે.

(બી) ઉપરના ખંડ (એ) અન્વયે આયોગને માહિતીની જરુર હોય ત્યાં આયોગે નિર્દિષ્ટ કરેલ ફોર્મમાં તે મોકલી આપશે.

(સી) પ્રવાહન પરવાનેદાર અનુકમે જાન્યુઆરીથી માર્ચ, એપ્રિલથી જૂન, જુલાઈથી સપ્ટેમ્બર અને ઓકટોબરથી ડિસેમ્બરના ત્રિમાસ માટે એપ્રિલ, જુલાઈ, ઓકટોબર અને જાન્યુઆરીની ૧૫મી તારીખે ત્રિમાસીક ધોરણે, જરુરી હોય તેવી તમામ માહિતી વીજભાર રવાનગી કેન્દ્રને (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) મોકલશે અને તેની નકલ આયોગને રજૂ કરશે તથા માહિતિ રજૂ કરવાનો નમૂનો તમામ બાબતોમાં સંપૂર્ણ રહેશે અને કોઈપણ ખાનું ખાલી છોડવામાં આવશે નહીં.

પરંતુ રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) ને મોકલેલો અહેવાલ પ્રવાહન પરવાનેદારની વેબસાઈટ પર કે બીજી કોઈ અધિકૃત વેબસાઈટ પર મૂકવામાં આવશે.

૨૬. <u>વિવેકપૂર્ણ અહેવાલ આપવો</u>

પ્રવાહન પરવાનેદાર, બનતી ત્વરાએ આયોગને નીચેની બાબતો અંગે અહેવાલ આપશે

(એ) પોતાની જવાબદારીઓ પહોંચી વળવામાં પ્રવાહન પરવાનેદારની ક્ષમતાને અસર પહોંચે તેવા તેના સંજોગોમાં કોઈ નોંધપાત્ર ફેરફાર;

(બી) અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઈઓ, આયોગે બહાર પાડેલા આદેશો અને હુકમો, ગ્રિડ-કોડ, અથવા પ્રવાહન પરવાનેદારે બીજા પરવાનેદારો કે વીજ ઉત્પાદન કંપનીઓ સાથે કરેલી સમજૂતિઓ/ગોઠવણોની શરતોનો કોઈ મહત્વપૂર્ણ ભંગ, અને / અથવા

(સી) પ્રવાહન પરવાનેદારના શેર હોલ્ડીંગ ઢાંચા, માલિકી, મેનેજમેન્ટ નિયંત્રણમાં પાંચ (૫) ટકા કરતાં વધુ કોઈ ફેરફાર.

ઉપરના ખંડ (એ) માં દર્શાવેલ માહિતી, રાજ્ય પ્રવાહન યુટીલિટીને પણ મોકલવી.

(૨૭) મોટી ઘટના

(એ) પ્રવાહન પરવાનેદાર, જનરેટર આંતરજોડાણ સુવિધાઓ સહિત પ્રવાહન કે વિતરણ સિસ્ટમના કોઈ ભાગને અસર થાય તેવી કોઈ મોટી ઘટના બને તો આયોગને તેની જાણ કરશે અને-

(૧) ઘટના તથા તેનાં કારણોની હકીકતો અંગેની તમામ વિગતો આપતો અહેવાલ રજૂ કરશે. આયોગ, પોતાના વિવેકાધિકાર પ્રમાણે પ્રવાહન પરવાનેદારના ખર્ચે સ્વતંત્ર વ્યકિત પાસે અહેવાલ તૈયાર કરાવીને રજૂ કરવા જણાવશે અને

(૨) અહેવાલની નકલો આયોગને તથા આ મોટી ઘટનામાં સામેલ તમામ વ્યકિતઓને મોકલશે.

(બી) મોટી ઘટના કોને ગણવી તે અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(સી) વિનિયમોના ઉલ્લંઘન માટે પગલાં લેવા ઉપરાંત આયોગને, વાજબીપણે લાગે કે મોટી ઘટના બની હતી પરંતુ પ્રવાહન પરવાનેદારે તેની જાણ કરી નથી તેવી સ્થિતિમાં, આયોગ, ઉપરના ખંડ (એ) અનુસાર મોટી ઘટનાનો અહેવાલ રજૂ કરવા પ્રવાહન પરવાનેદારોને જણાવવા હકદાર રહેશે.

૨૮. ધંધાની યોજના

(એ) પ્રવાહન પરવાનેદાર, પ્રવાહન લાઈસન્સ અલમાં આવે તેના ત્રણ મહિનાની અંદર, આયોગ ફરમાવે તેટલી મુદત માટેનો, ધંધાનો નકલો રજૂ કરશે અને આવી યોજના દર વર્ષે અદ્યતન (અપડેટ) બનાવશે. ધંધાની યોજનામાં વર્ષવાર વીજભાર વધારો, વર્ષવાર પ્રવાહન, ખાધ ઘટાડવાની દરખાસ્ત અને ખાસ કાર્ય યોજનાઓ, મીટરના ઈન્ટરફેઝ પોઈન્ટ માટે મીટર ગોઠવણ યોજના, અહીં વિનિયમ-૨૯ માં વિગત આપ્યા પ્રમાણે મૂડી રોકાણ યોજના આગલી ખાધ અંગે પ્રક્રિયા, દેવાની પુનર્રચનાત્મક (રિસ્ટ્રકચરીંગ) યોજના, ખર્ચ ઘટાડા યોજના ધારણા કરેલ (પ્રોજેકટેડ) નફા-નુકસાનના હિસાબ, ધારણા કરેલ સરવૈયું, ધારણા કરેલ રોકડ નાણાંનો પ્રવાહ, પત્રકો અને ધારેલ અગત્યની નાણાકીય પારિમિતીઓનો સમાવેશ થશે.

(બી) આયોગ, પ્રવાહન પરવાનેદારને દરેક નાણાકીય વર્ષ પુરુ થતાં સુધીમાં ખરેખર અમલ અને આયોગે મંજૂર કરેલ ધંધાની યોજના વચ્ચેનો તફાવત દર્શાવીને, આગલા નાણાકીય વર્ષની ધંધાની યોજનાના અમલમાં કરેલી પ્રગતિની જાણ કરવા જણાવી શકશે.)

૨૯. મૂડી રોકાણ

(એ) પ્રવાહન પરવાનેદાર, પ્રવાહનના ધંધામાં કરવાના મૂડી રોકાણ અંગે આયોગ વખતોવખત બહાર પાડે તેવા કોઈપણ વિનિયમો, માર્ગદર્શક સૂચનાઓ, આદેશો, અને હુકમોનું યોગ્ય રીતે પાલન કરશે.

(બી) પ્રવાહન પરવાનેદાર, રાજ્યમાં કાર્યક્ષમ, સંકલિત અને કરકસરયુકત પ્રવાહન સિસ્ટમ ઊભી કરવા, જાળવવા અને સંચાલિત કરવાની ફરજથી દોરવાઈને વિવેકપૂર્ણ રીતે મૂડી રોકાણ કરશે.

(સી) પ્રવાહન પરવાનેદાર, આયોગની મંજૂરીના સંબંધિત સમયગાળા દરમ્યાન હાથ ધરવાની મૂડી રોકાણની યોજનાઓની વિગતો આપીને, ઉપરના વિનિયમ-૧૯ અન્વયે ધંધાની યોજનાના ભાગ તરીકે મૂડી રોકાણ યોજના આયોગને રજૂ કરશે.

(ડી) પ્રવાહન પરવાનેદાર, આયોગને ખાતરી થાય તે માટે દર્શાવશે કે,

(૧) મૂડી રોકાણ યોજનામાં વિચારાયા પ્રમાણે પ્રવાહન સિસ્ટમમાં આવા મૂડી રોકાણની જરૂરિયાત છે અને

(૨) પ્રવાહન પરવાનેદારે, આવી જરૂરિયાત પૂંહોચી વળવા નવી પ્રવાહન સિસ્ટમમાં મૂડીરોકાણ કરવાની કે તે સંપાદિત કરવાની દરખાસ્તના તમામ સધ્ધર વિકલ્પોનાં આર્થિક, ટેકનિકલ સિસ્ટમ અને પર્યાવરણલક્ષી પાસાં તપાસ્યાં છે.

(ઈ) પ્રવાહન પરવાનેદાર દરેક નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકના અંત સુધીમાં નીચેની જાણ કરશે.

(૧) નાણાકીય વર્ષ દરમ્યાન હાથ ધરવાની મૂડી- રોકાણ યોજનાઓ સાથેની વાર્ષિક મૂડી રોકાણ યોજના અને

(૨) ખરેખર અમલ અને આયોગે મંજૂર કરેલ મૂડીરોકાણ યોજના વચ્ચેનો તફાવત દર્શાવીને આગલા નાણાકીય વર્ષની વાર્ષિક મૂડીરોકાણ યોજના અમલમાં મૂકવા કરેલી પ્રગતિ.

(એફ) આયોગ ફરમાવે તે પ્રમાણે પ્રવાહન પરવાનેદાર પારદર્શી ટેન્ડર કાર્યપધ્ધતિ અનુસાર, મોટા મૂડીરોકાણને લગતી સાધનસામગ્રી, માલસામાન અને/અથવા સેવાઓ મેળવવા ટેન્ડરો મંગાવશે અને આખરીરુપ આપશે.

(જી) પ્રવાહન પરવાનેદાર, આયોગની સ્પષ્ટ પરવાનગી વિના મૂડીરોકાણ યોજનાની દરખાસ્ત બહારનું કોઈ મોટું મૂડીરોકાણ કરશે નહીં. વિનિયમ-૨૯ના હેતુ માટે, મોટું મૂડીરોકાણ એટલે પ્રવાહન સુવિધાઓ અંગે કે તે સપાંદિત કરવા કરેલું કોઈપણ મૂડીરોકાણ, જે સુવિધાઓ અંગેનું ખર્ચ, તેની એકંદર લેવડ-દેવડનો ભાગ બનતા સમતુલ્ય કે વધુ થાય.

(એચ) પ્રવાહન પરવાનેદાર, ઉપર(જી અન્વયે આવરી લીધેલ હોય તે સિવાયના અન્ય પ્રવાહન ધંધામાં મૂડી રોકાણ કરવા હકદાર બનશે, પરંતુ પ્રશુલ્ક(ટેરીફ) નક્કી કરતી વખતે, આવા મૂડી રોકાણની વિચારણા કરવાના હેતુ માટે, પ્રવાહન પરવાનેદાર આયોગને ખાતરી આપશે કે, લાયસન્સના ધંધા માટે મૂડી રોકાણ કરવું જરૂર હતું અને આવું મૂડી રોકાણ કાર્યક્ષમ, સંકલિત અને કસરયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

(આઈ) પ્રવાહન પરવાનેદાર, ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૬૨ અન્વયે ફાઈલ કરેલ પ્રશુલ્ક નકકી કરવાની તેની વાર્ષિક અરજીની સાથોસાથ આયોગને, આયોગે મંજૂર કરેલ યોજનાઓ સમાવિષ્ટ કરતી વાર્ષિક મૂડીરોકાણ યોજનાની વિશિષ્ટ વિગતો, આયોગને મંજૂરી માટે રજૂ કરેલી યોજનાઓ અને અગામી નાણાકીય વર્ષ માટે આયોજિત આયોગની પૂર્વ-મંજૂરી જરુરી ન હોય તેવી તમામ યોજનાઓ રજૂ કરશે અને ઉકત મૂડી રોકાણ યોજના અનુસાર ઉક્ત નાણાકીય વર્ષમાં મૂડીરોકાણ કરશે.

પરંતુ કોઈ અણધારી આકસ્મિકતામાં, વાર્ષિક મૂડી રોકાણ યોજનામાં યાદી આપેલ યોજનાઓની અંદર નાણાંની ફેર-ફાળવણી કરવી જરુરી બને તો પ્રવાહન પરવાનેદાર, વ્યકિતગત પરિયોજનાની બાબતમાં આવી ફેર-ફાળવણીનું પ્રમાણ, આયોગે સામાન્ય કે ખાસ હુકમ દ્વારા નકકી કરેલી રકમ કરતાં વધવું જોઈએ નહી પ્રવાહન પરવાનેદાર, મૂડીરોકાણ કર્યાના ૭ દિવસની અંદર આયોગને આવી ફેર-ફાળવણીની યોગ્ય જાણ કરશે.

પરંતુ પ્રવાહન પરવાનેદારને, અણધાર્યા સંજોગોને કારણે યોજનામાં મૂડી-રોકાણ કરવું પડે જેને વાર્ષિક મૂડીરાકોણ યોજનામાં સ્થાન ન મળ્યું હોય તો, પ્રવાહન પરવાનેદાર, તે મોટું મૂડીરોકાણ ન હોય તો અને ઉપરના ખંડ (એચ) માં સમાવિષ્ટ શરતોને અધીન રહીને તેમ કરી શકશે.

૩૦. <u>પરવાનેદારના હકો.</u>

(એ) પ્રવાહન પરવાનેદાર, વખતોવખત, વીજળી લાઈનો, વીજળિક પ્લાન્ટ નાખવા અને ગોઠવવાં જેવાં કામો તથા અન્ય કામો હાથ ધરી શકશે. અને તેના પ્રવાહન વિસ્તારની અંદર પ્રવાહન વીજળી માટે જરૂરી બીજાં તમામ કાર્યો કરશે.

(બી) પ્રવાહન પરવાનેદાર, યોગ્ય સરકારની પૂર્વમંજૂરી લઈને માથા પરથી જતી લાઈન ગોઠવી શકશે.

૩૧. <u>આયોગ દ્વારા કેટલીક બાબતોની તપાસ.</u>

(એ) આયોગને ખાતરી થાય કે, પ્રવાહન પરવાનેદાર પ્રવાહન લાઈસન્સની કોઈ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયો છે, અથવા અધિનિયમો કે તે હેઠળના નિયમો કે વિનિમયોની કોઈપણ જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ છે તો, તે કોઈપણ સમયે, લેખિત હુકમથી હુકમમાં નિર્દિષ્ટ કોઈપણ વ્યકિતને (તપાસ અધિકારી તરીકે ઉલ્લેખ કરેલ) પ્રવાહન લાઈસન્સના કામકાજની તપાસ કરવા અને આવા તપાસ અધિકારીએ. કરેલી કોઈપણ તપાસનો અહેવાલ આયોગને મોકલી આપવા ફરમાવી શકશે.

(બી) તપાસ અધિકારી,૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઈઓ અનુસાર તપાસ હાથ ધરશે.

(સી) તપાસ અધિકારી પાસેથી તપાસ અહેવાલ મળતાં આયોગ, ૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઈઓ અનુસાર અને આયોગને મતે વાજબી જણાતો હોય તે અહેવાલ અંગે રજૂઆત કરવા પ્રવાહન પરવાનેદારને તક આપ્યા પછી લેખિત હુકમ દ્વારા–

૧. પ્રવાહન પરવાનેદારને આયોગને યોગ્ય જણાય તે પ્રમાણે અહેવાલમાંથી ઉપસ્થિત થતી કોઈ બાબતો અંગે તેવા પગલાં લેવાં જણાવી શકશે, અથવા

૨. પ્રવાહન લાઈસન્સ રદ કરશે.

(ડી) આયોગ અધિનિયમની જોગવાઈઓ અનુસાર બીજું કોઈ પગલું પણ લઈ શકશે.

૩૨. લાઈસન્સ રદ કરવું.

(૧) આયોગ, પ્રવાહન પરવાનેદારને સાંભળવાની તક આપ્યા પછી લાગુ પડતી ૨૦૦૩ના વીજળી અધિનિયમ અને રાજ્ય અધિનિયમની જોગવાઈઓ અનુસાર, નીચેના કોઈપણ સંજોગોમાં પ્રવાહન લાઈસન્સ રદ કરી શકશે, જેમ કે :

(એ) પ્રવાહન લાઈસન્સ જેના અસ્તિત્વ અને જાળવણીને અધીન રહીને આપવામાં આપેલું હોય તે સ્થિતિનો અંત આવ્યો હોય;

(બી) આયોગના મતે, પ્રવાહન પરવાનેદારે, અધિનિયમો કે તે હેઠળના નિયમો કે વિનિયમોથી કે તે અન્વયે પરવાનેદારે જરૂરી કાંઈપણ કરવામાં જાણીબૂઝીને અને લાંબા સમય સુધી કસૂર કરી હોય;

(સી) પ્રવાહન પરવાનેદારે તેના પ્રવાહન લાઈસન્સની કોઈપણ શરતોનું ઉલ્લંઘન કર્યું હોય, જે ઉલ્લંઘનથી આવા પ્રવાહન લાઈસન્સ દ્વારા જેને સ્પષ્ટ રીતે રદ કરવાપાત્ર ઠરાવેલ હોય.

(ડી) પ્રવાહન પરવાનેદાર, તેના પ્રવાહન લાઈસન્સ દ્વારા આ અંગે નકકી કરેલી મુદતની અંદર, અથવા આયોગે તે માટે આપેલ કોઈપણ લાંબા સમયગાળાની અંદર આયોગને ખાતરી થાય તે રીતે દર્શાવવામાં નિષ્ફળ જાય કે તે તેના પ્રવાહન લાઈસન્સ દ્વારા તેને સોપવામાં આવેલી શરતો અને જવાબદારીઓ બજાવવા અથવા અનામત મુકવા કે જામીનગીરી રજૂ કરવા અથવા તેના પ્રવાહન લાઈસન્સ દ્વારા જરુરી ફી કે ખર્ચ ચુકવવા માટે તે સંપૂર્ણ અને કાર્યક્ષમ સ્થિતિમાં છે.

(ઈ) આયોગના મતે, પ્રવાહન પરવાનેદાર તેના પ્રવાહન લાઈસન્સ દ્વારા તેના પર મૂકવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ તે સંપૂર્ણપણે અને કાર્યક્ષમ રીતે બજાવી શકે તેવી તેની નાણાંકીય પરિસ્થિતિ નથી.

પરંતુ રાજય સરકારે ઠરાવેલી રીતે, અધિનિયમની કલમ-૧૪૩ અન્વયે આયોગ દ્વારા નિયુકત ન્યાય નિર્ણય અધિકારી દ્વારા તપાસ કર્યા સિવાય લાઈસન્સ રદ કરવામાં આવશે નહીં.

(૨) આયોગના મતે, લોકહિતમાં તેમ કરવું જરૂરી જણાય ત્યાં, અરજીને આધારે અથવા પ્રવાહન પરવાનેદારની સંમતિથી, તેની પ્રવૃત્તિના સમગ્ર વિસ્તાર કે કોઈ ભાગ પૂરતું તેને યોગ્ય લાગે તે શરતોએ તેનું પ્રવાહન લાઈસન્સ રદ કરી શકશે.

(૩) પેટા કલમ (૧) અન્વયે કરેલી તપાસનો અહેવાલ મળ્યેથી, પ્રવાહન પરવાનેદારને અહેવાલ સંબંધમાં રજૂઆત કરવાની તક આપ્યા પછી આયોગ પ્રવાહન લાઈસન્સ રદ કરવા સહિત યોગ્ય હુકમો આપી શકશે.

(૪) આયોગે પ્રવાહન પરવાનેદારનું પ્રવાહન લાઈસન્સ જે કારણોસર રદ કરવા વિચાર્યું હોય તે લેખિતમાં જણાવીને ઓછામાં ઓછા ત્રણ મહિનાની નોટિસ આપ્યા સિવાય અથવા સૂચિત લાઈસન્સ રદ કરવા સામે આપેલી નોટિસની મુદતની અંદર પ્રવાહન પરવાનદારે દર્શાવેલ કોઈપણ કારણ અંગે વિચારણા કર્યા સિવાય આયોગ પ્રવાહન લાઈસન્સ રદ કરી શકશે નહીં.

(૫) આયોગ, ખંડ (૧) હેઠળ પ્રવાહન લાઈસન્સ રદ કરવાને બદલે, તેને મૂકવી યોગ્ય લાગે તેવી વધુ શરતોને અધીન રહીને લાઈસન્સ ચાલુ રાખવા પરવાનગી આપી શકશે અને આવી મુકેલી કોઈપણ બીજી શરતો પ્રવાહન પરવાનેદાને બંધનકર્તા રહેશે અને તેનું પાલન કરવાનું રહેશે, તથા તે શરતો પ્રવાહન લાઈસન્સમાં સમાવિષ્ટ હોય તે રીતે અમલમાં રહેશે.

IV-C. Ex.178-5

INDEX

(૬) આયોગ આ વિનિયમ અન્વયે પ્રવાહન લાઈસન્સ રદ કરે ત્યાં, તે પ્રવાહન પરવાનેદાર પર લાઈસન્સ રદ કર્યા અંગેની નોટિસ બજાવશે અને આવી રદ થવાની બાબત જયારથી અમલી બનશે તે તારીખ નકકી કરશે.

(૭) અધિનિયમો હેઠળ પ્રવાહન પરવાનેદારને કરવામાં આવેલ કોઈપણ દંડ અથવા શરુ કરાયેલી ફોજદારી કાર્યવાહીને બાધક બન્યા સિવાય આયોગે ખંડ (૪) અન્વયે લાઈસન્સ રદ કરવાની નોટિસ આપી હોય ત્યાં, પ્રવાહન પરવાનેદાર, આયોગની પૂર્વ મંજૂરી મેળવ્યા પછી, પ્રવાહન લાઈસન્સ આપવા માટે આયોગને પાત્ર જણાય તેવી કોઈપણ વ્યકિતને પોતાની યુટિલિટી/ધંધો વેચી શકશે.

૩૨. **માની લીધેલા પરવાનેદારોને લાગુ પાડતી જોગવાઈઓ.**

આ વિનિયમોમાં નિર્દિષ્ટ પ્રવાહન લાઈસન્સની સામાન્ય શરતો, અધિનિયમની કલમના પ્રથમ, બીજા, ત્રીજા અને પાંચમા પરંતુકને (પ્રોવિઝો) અધીન રહીને માની લીધેલા પરવાનેદારોને લાગુ પડશે.

પ્રકરણ-૫

પ્રકીર્ણ

૩૪. **અપવાદો :**

(એ) ન્યાયના લક્ષ્યો હાંસલ કરવા અથવા આયોગની પ્રક્રિયાનો દુરુપયોગ નિવારવા આયોગને જરુરી જણાય તેવા હુકમો કરવાની બાબતમાં આ વિનિયમોમાંનું કશું પણ તેની સત્તાને મર્યાદિત કરતું હોવાનું કે અસર કરતું હોવાનું ગણવામાં આવશે નહીં.

(બી) આ વિનિયમોમાંનું કશું પણ, આયોગને બાબત કે બાબતોના વર્ગના ખાસ સંજોગો જોતાં અને લેખિતમાં નોધાયેલા કારણોસર, આવી બાબત કે બાબતોના વર્ગ અંગે કામકાજ હાથ ધરવા જરુરી કે આવશ્યક જણાય તો આ વિનિયમોની કોઈપણ જોગવાઈથી ભિન્ન કાર્યપધ્ધતિ અપનાવતાં આયોગને અટકાવી શકાશે નહીં.

(સી) આ વિનિયમોમાંનું કશું પણ, સ્પષ્ટ કે સૂચિત રીતે આયોગને, અધિનિયમો હેઠળની કોઈપણ બાબત હાથ ધરતાં કે કોઈપણ સત્તા વાપરતાં અટકાવશે નહીં, અને આયોગ તેને યોગ્ય લાગે તે રીતે આવી બાબતો હાથ ધરશે અને આવી સત્તાઓ અને કાર્યો અમલમાં મૂકશે.

૩૫. **મૂશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

આ વિનિયમોની કોઈપણ જોગવાઈઓને અમલી બનાવવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો, આયોગના મત પ્રમાણે મૂશ્કેલી દૂર કરવાના હેતુ માટે જરુરી અને આવશ્યક જણાય ત્યાં અધિનિયમોની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવું કશું પણ સામાન્ય કે ખાસ હુકમ દ્વારા કરી શકશે.

અમદાવાદ
તા.૩૦-૩-૨૦૦૫

પી એસ.શાહ
સચિવ

અનુસૂચિ-૧

પ્રવાંહન લાઈસન્સ આપવા માટેનું અરજી ફોર્મ

અરજદારની વિગતો :

૧. અરજદારનુંનામ :

૨. સંસ્થાપન કોઈ હોય તો તેનું ફોર્મ

૩. સરનામું:

૪. સંપર્ક કરવાની વ્યકિતનું નામ, હોદ્દો અને સરનામું :

૫. સંપર્ક ટેલિફોન નંબર :

૬. ફેકસ નં

INDEX

૭. ઈ-મેઈલ આઈડી :

૮. સંસ્થાપન/ નોંધણીનું સ્થળ :

૯. સંસ્થાપન/ નોંધણીનું વર્ષ :

૧૦. અરજદારે જે વિસ્તારમાં પ્રવાહન કામગીરી હાથ ધરવા વિચારેલ હોય તે ભૌગોલિક વિસ્તાર :

૧૧. નીચેના દસ્તાવેજો સાથે જોડવા.

(એ) નોંધણી/ સંસ્થાપનનું પ્રમાણપત્ર :

(બી) ધંધો શરુ કર્યાનું પ્રમાણપત્ર :

(સી) કંપનીનો ઉદેશપત્ર અને કંપનીનાં ધારાધોરણો :

(ડી) અરજદાર કે તેના પ્રમોટરને વચનબદ્ધ કરતું સહી કરનારનું મૂળ મુખત્યારનામું (પાવર ઓફ એટર્ની) :

(ઈ) આવક વેરા નોંધણીની વિગતો :

(એફ) મુસદ્દારુપ લાઈસન્સ :

(જી) વિનિયમોમાં જરૂરી તમામ દસ્તાવેજો

૧૨. **અરજદારની નાણાકીય માહિતી અંગેની વિગતો :-**

તરતનાં છેલ્લાં પાંચ નાણાકીય વર્ષો (લાગુ પડે તે પ્રમાણે નાણાકીય વર્ષ નિર્દિષ્ટ કરવું) માટે ચોખ્ખી મૂડી (ભારતીય રુપિયાના સમતુલ્ય-દરેક વર્ષને અંતે પ્રર્વતમાન વિનિમયના ના દરેક રૂપાંતર કરવાના ભારતીય રુપિયાની સમતુલ્ય)

દિવસ/મહિનો/વર્ષ થી દિવસ/મહિનો/વર્ષ (DD/MM/YY) (DD/MM/YY)	દેશનું ચલણ	વાપરેલ હુંડિયામણ દર	ભારતીય રુપિયામાં સમતુલ્ય

ઉપરના સમર્થનમાં વાર્ષિક અહેવાલો કે પ્રમાણિત ઓડિટ કરેલાં પરિણામોની નકલો જોડવી.

૧૩. તરતના છેલ્લાં ૫ (પાંચ) નાણાકીય વર્ષો લાગુ પડે તે પ્રમાણે નાણાંકીય વર્ષ નિર્દિષ્ટ કરવું) માટે વાર્ષિક વકરો (દરેક વર્ષના અંતે પ્રર્વતમાન વિનિમયના દરે રુપાંતર કરવાના ભારતીય રુપિયાની સમતુલ્ય)

દિવસ/મહિનો/વર્ષ થી દિવસ/મહિનો/વર્ષ (DD/MM/YY) (DD/MM/YY)	દેશનું ચલણ	વાપરેલ વિનિમય દર.	ભારતીય રુપિયાની સમતુલ્ય

ઉપરના સમર્થનમાં વાર્ષિક અહેવાલો કે પ્રમાણિત ઓડિટ પરિણામોની નકલો જોડવી.

૧૪. ક્રેડિટ રેટિંગનું-પ્રમાણપત્ર.

૧૫. 'ધોરણસરના' ઊછીનાં લીધેલ નાણાંના હિસાબનું પ્રમાણપત્ર.

૧૬. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ અરજદારને ઈરાદાપૂર્વકના કસૂરદાર તરીકે વર્ગીકૃત કરેલ નથી એમ જણાવતું પ્રમાણપત્ર.

૧૭. ઉપરના ક્રમ નં. (૧૦) અને (૧૧)ના સમર્થનમાં જોડેલા દસ્તાવેજોની નકલો.

દસ્તાવેજોનું નામ

(એ)

(બી)

(સી)

(ડી)

(૧૮) (એ) અરજદાર, સૂચિત વીજળી પ્રવાહન માટે જાતે તેના પોતાના સિલક-પત્રકને આધારે સંપૂર્ણપણે નાણાં જોગવાઈ કરે છે કે ક્રેમ

(બી) જો હા, તો અરજદાર પાસેથી સૂચિત ઈક્વિટી.

(૧) રકમ

(૨) ટકાવારી

(૧૯) અરજદાર ઈક્વિટી માટે બીજી કોઈ સંસ્થા દ્વારા જોડાણ કરવા વિચારતો હોય તેવા કેસમાં આવી એજન્સીઓનાં નામ અને સરનામાં.

(એ) બીજી એજન્સીની સંદર્ભ વ્યકિતનું નામ અને સરનામું :

(બી) ફેકસ નં :

(ડી) ઈ-મેઈલ આઈડી :

(ઈ) બીજી એજન્સી પાસેથી સૂચિત ઈક્વિટી :

(૧) રકમ

(૨) કુલ ઈક્વિટીની ટકાવારી

(૩) કયા ચલણમાં ઈક્વિટી પ્રસ્તુત કરાઈ છે.

(એફ) ઈક્વિટી ભાગીદારી માટે અરજદાર સાથે સંલગ્ન થનાર બીજી એજન્સીનો સંમતિ-પત્ર જોડવો.

(જી) અરજદાર અને બીજી સંસ્થા વચ્ચે સૂચિત જોડાણનું સ્વરુપ.

૨૦. પ્રવાહન પ્રવૃત્તિ માટે વિચારાયેલ દેવાંની વિગતો :

(૧) નાણાં ધીરનારની વિગતો :

(૨) વિવિધ નાણાં ધીરનાર પાસેથી મળનારી રકમ :

(૩) ઉપરના સમર્થનમાં નાણાં ધીરનારના પત્રો જોડવાં.

૨૧. **<u>અરજદારની સંઘટન અને વ્યવસ્થાકીય ક્ષમતા.</u>**

(અરજદારે વિવિધ વહીવટી અધિકારીઓ, સૂચિત કચેરી અને સંદેશા- વ્યવહાર સલલતો, વગેરેના સૂચિત વ્યવસ્થાપકીય માળખા અને ટૂંકા અહેવાલના રૂપમાં, આ વિનિયમોના સંદર્ભમાં તેમની સંઘટન અને વ્યવસ્થાકીય ક્ષમતાનો પુરાવો જોડવો જરૂરી છે.

૨૨. અભિગમ અને પધ્ધતિ વિજ્ઞાન

(અરજદારે તેની પ્રવાહન સિસ્ટમ ગોઠવવા તથા વીજળીના પ્રવાહન કાર્ય-સંચાલન માટે તેને વિચાર્યા મુજબના અભિગમ અને પધ્ધતિ વિજ્ઞાનનું વર્ણન કરવું જરૂરી છે.

આમાં, લાઈસન્સ આપ્યા પછીના પ્રથમ વર્ષ દરમ્યાન વીજળી પ્રવાહન ધંધાના સંચાલન અંગે અરજદારની યોજનાનું પત્રક તથા આગામી પાંચ વર્ષો દરમ્યાન ઉકત ધંધા માટેની ભાવિ યોજનાઓ સમાવિષ્ટ કરવી.)

૨૩. અરજદારના ભાવિ ધંધાને લગતી વિગતો

(૧) જે માટે અરજી કરી હોય તે વીજળીના પ્રવાહન અને વિતરણ ધંધા માટેની પંચવર્ષીય યોજના તથા જાળવણી, સંચાલન, સુધારણા અને ભાવિ વીજભાર વધારા માટેના વિસ્તરણ અંગે સૂચિત લાઈસન્સ હેઠળની તેની જવાબદારીઓ પહોંચી વળવા, નાણાંની વ્યવસ્થા.

(૨) પૂરા પાડેલ આંકડા હેઠળની ધારણાઓ દર્શાવવા સાથે ખર્ચ, વેચાણ, આવક અને પરિયોજનાની નાણા-વ્યવસ્થા અંગે પાંચ વર્ષની વાર્ષિક આગાહી.

(અરજદારની સહી)

તારીખ

અનુસૂચિ-૨

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અમદાવાદ

પ્રવાહન લાઈસન્સ

૧. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (અહી હવે પછી આયોગ તરીકે ઉલ્લેખ કરેલ), ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૧૪ અને ૨૦૦૩ના વીજ ઉદ્યોગ (પુર્નરચના અને વિનિયમન) અધિનિયમ (અહી હવે પછી અધિનિયમો તરીકે ઉલ્લેખ કરેલ) નીં કલમ-૨૦ અન્વયે સોપેલી સત્તાની રૂએ, આ લાઈસન્સ સાથે જોડેલ અનુસૂચિ -જેને આ લાઈસન્સનો ભાગ ગણવાનો રહેશે.- માં વધુ વિગતે વર્ણન કરેલ---------- - (પરિયોજનાનું નામ)નું બાંધકામ, જાળવણી અને સંચાલન કરવા મેસર્સ--------- (અહી હવે પછી પરવાનેદાર તરીકે ઉલ્લેખ કરેલ)ને આ લાઈસન્સ આપે છે, જે આ લાઈસન્સના ભાગ તરીકે વાંચવાના વૈધાનિક સુધારા, વધારા, ફેરફારો, ફરીથી ઘડેલા કાયદા સહિત અધિનિયમો, ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પ્રવાહન લાઈસન્સ આપનાર) વિનિયમો અન્વયે નિદિષ્ટ પ્રવાહન લાઈસન્સના નિયમો અને સામાન્ય શરતો તથા આયોગ નિર્દિષ્ટ કરે તે બીજા વિનિયમો (અહી હવે પછી વિનિયમો તરીકે ઉલ્લેખ કરેલ) ને અધીન રહેશે.

૨. આ લાઈસન્સ અને સમજૂતિઓમાં સમાવિષ્ટ શરતો વચ્ચે કોઈ વિસંગતિ (કાન્ટ્રાડિકશન) ઊભી થાય ત્યારે આ લાઈસન્સની, વખતોવખત સુધારો થયા મુજબની, જોગવાઈઓ લાગુ પડશે.

૩. આ લાઈસન્સ તબદીલીપાત્ર નથી.

૪. પરવાનેદાર લાઈસન્સ આપવાથી, આ લાઈસન્સ સાથે જોડેલ અનુસૂચિમાં વર્ણન કરેલ પરિયોજના સિવાયની બીજી પ્રવાહન સિસ્ટમ માટે તે જ વિસ્તારની અંદર બીજી કોઈ વ્યકિતને લાઈસન્સ આપવાના અધિકારને કોઈપણ રીતે મર્યાદિત કરશે નહીં. પરવાનેદાર કોઈપણ અબાધિત અધિકારનો દાવો કરશે નહીં

૫. લાઈસન્સ વહેલું રદ ન કરવામાં આવે તો તે, ઈશ્યુ થયાની તારીખથી ૨૫ વર્ષની મુદત માટે અમલમાં રહેશે.

સચિવ

સ્થળ :

અમદાવાદ

તારીખ

IV-C-EX.178-6

INDEX

અનુસૂચિ

૧.૦ પરિયોજનાને લગતી વિગતો :

પરિયોજનામાં (પ્રોજેકટ) આંતર- રાજય પ્રવાહન સિસ્ટમના નીચેના ઘટકોનો સમાવેશ થાય છે.

ક્રમ નં.	પ્રવાહન ઘટકનું નામ	ચાલુ કરવાની અનુસૂચિત તારીખ

સચિવ

સ્થળ : અમદાવાદ

તારીખ :

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 179 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, AUGUST 9, 2005 /SRAVANA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statury Rule and Orders (Other than those published in Part I, I-A andI-L) madeby Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Minicipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officer and other authorities, under the Election Commission.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ. તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૫

તા. ૩૦મી માર્ચ-૨૦૦૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશ નં. ૪, ૨૦૦૫ **"વીજળી વિતરણ લાયસન્સ"** ના નિયમનનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

અમદાવાદ — પી.એસ.શાહ
તા. ૩૦મી માર્ચ, ૨૦૦૫ — સચિવ.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વીજળી વિતરણ લાઇસન્સ
૨૦૦૫નું જાહેરનામું નં.૪

૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો) ની કલમો ૧૫, ૧૬ અને ૧૮ સાથે વાંચતાં, કલમ ૧૮૧ અને ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમન) અધિનિયમ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ નં. ૨૪)ની કલમ ૨૦ અને ૨૨ સાથે વાંચતા તેની કલમ ૬૫ અન્વયે મળતી સધળી સત્તાની રૂએ અને તે અંગે સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ નીચે જણાવ્યા પ્રમાણે વિનિયમો બનાવે છે.

INDEX

પ્રકરણ-૧

પ્રાસ્તાવિક

૧. ટૂંકું શીર્ષક વ્યાપ અને પ્રારંભ

(એ) આ વિનિયમો, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ પરવાનો) વિનિયમો ૨૦૦૫ કહેવાશે.
(બી) આ વિનિયમો સમગ્ર ગુજરાતને લાગુ પડશે.
(સી) આ વિનિયમો આયોગ જાહેર કરે તે તારીખથી અમલમાં આવશે.

૨(૧) વ્યાખ્યાઓ :

આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,
(એ) "અધિનિયમ" એટલે ૨૦૦૩નો (૨૦૦૩નો ૩૬મો) વીજળી અધિનિયમ,
(બી) "અરજદાર" એટલે જેણે આયોગ પાસે વિતરણ લાઈસન્સ માટે અરજી કરી હોય તે વ્યકિત,
(સી) "પ્રસારણ વિસ્તાર" એટલે પરવાનેદાર જયાં લાઈસન્સ અમલમાં મૂકે તે, લાઈસન્સમાં નિર્દિષ્ટ વિસ્તાર,
(ડી) "બોર્ડ" એટલે ગુજરાત વિદ્યુત બોર્ડ,
(ઈ) "આયોગ" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
(એફ) "વિતરણ લાઈસન્સ" એટલે લાઈસન્સનાં વિતરણ ક્ષેત્રમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવા માટે વિતરણ વ્યવસ્થાના સંચાલન અને તે ચાલુ રાખવા માટેનું લાઈસન્સ, અને વિતરણ પરવાનેદારનો અર્થ તે મુજબ થશે.
(જી) "લાઈસન્સ" એટલે જયાં લાગુ પડે ત્યાં, રાજય અધિનિયમની કલમ-૨૦ સાથે વાંચતા કલમ-૧૪ હેઠળ આપેલું લાઈસન્સ અને "પરવાનેદાર" નો અર્થ તે મુજબ થશે.
(એચ) "લાઈસન્સવાળો ધંધો" એટલે વિતરણ લાઈસન્સ હેઠળ વિતરણ પરવાનેદાર દ્વારા સંચાલિત વીજળી વિતરણનો ધંધો.
(આઇ) " અન્ય ધંધા" એટલે વિતરણ પરવાનેદારના વિતરણ લાઇસન્સ સિવાયના અન્ય ધંધા
(જે) "વિનિયમો" એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ લાઈસન્સ) વિનિમયો, ૨૦૦૫
(કે) "રાજય અધિનિયમ" એટલે ગુજરાત વીજ-ઉદ્યોગ (પુનર્રચના- અને વિનિયમન) અધિનિયમ -૨૦૦૩
(એલ) "સેક્રેટરી (સચિવ)" એટલે આયોગના સચિવ (સેક્રેટરી)
(એમ) "વર્ષ" એટલે કેલેન્ડર વર્ષની ૧લી એપ્રિલથી તે પછીના કેલેન્ડર વર્ષના ૩૧ માર્ચ સુધીનો બાર મહિનાનો ગાળો.

આ વિનિયમોમાં વપરાયેલા અને વ્યાખ્યા નહીં અપાયેલા, પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ આવા અધિનિયમમાં તેમને અપાયેલા અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમોમાં કે અધિનિયમમાં કે તે હેઠળ ઘડેલા નિયમોમાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા નહી અપાયેલ, પરંતુ સક્ષમ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ અને રાજયમાં વીજ ઉદ્યોગને લાગુ પાડવા પાત્ર કોઈપણ કાયદા અન્વયે વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દ સમૂહોના અર્થ આવા કાયદામાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલા પરંતુ વિનિયમો કે અધિનિયમમાં કે સક્ષમ વિધાનસભાએ પસાર કરાયેલા કોઈપણ કાયદામાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા નહીં અપાયેલ શબ્દો અને શબ્દ સમૂહોના અર્થ, સામાન્ય રીતે વીજ ઉદ્યોગના સંદર્ભમાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે.

૨(૨) <u>અર્થઘટન</u> :-

આ વિનિયમોના અર્થઘટનમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય-

(એ) એકવચન કે બહુવચનમાં યથાપ્રસંગ વાપરવામાં આવતા શબ્દો અનુક્રમે તે બહુવચન કે એકવચનમાં સમાવિષ્ટ થતા હોવાનું ગણવામાં આવશે.

(બી) "સમાવવું" કે "નો સમાવેશ" જેવા શબ્દો પછી "મર્યાદા વિના" કે "ની મર્યાદા સુધી" વાકય રચના લખવામાં આવી ન હોય તો પણ તે લખી હોય તેવા સંદર્ભમાં ગણવામાં આવશે.

(સી) અહીં "વિનિયમો" ના સંદર્ભોનાં અર્થ અમલમાં હોય તે લાગુ પાડવાપાત્ર કાયદા અનુસાર આયોગ દ્વારા આ વિનિયમોમાં વખતોવખત સુધારા કે ફેરફાર કરવામાં આવે તે મુજબના આ વિનિયમો અંગેના સંદર્ભો તરીકે ગણવા.

(ડી) શીર્ષકો સુગમતા માટે મુકવા છે અને આ વિનિયમોના અર્થઘટન માટે તે ધ્યાનમાં લેવાના નથી.

(ઈ) કાનૂનો વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના સંદર્ભોનાં અર્થ અહીં ઉલ્લેખ કરાયેલ આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને યથાપ્રસંગ, એકત્રિત કરતી સુધારતી કે બદલતી તમામ વૈધાનિક જોગવાઈઓ સહિત હોવાનું ગણાશે.

૨(૩) <u>સમીક્ષા</u> :-

આ વિનિયમમાં, વીજળી અધિનિયમની કલમ-૬૬ અન્વયે વિકસતાં વીજળી બજારની જરુરીયાતોને સંતોષવા માટે અને/ અથવા ખુલ્લા પ્રવેશના વિનિયમન સાથે સંવાદિત સાધવા, સાથો-સાથ, વખતોવખત સમીક્ષા કરશે.

INDEX

પ્રકરણ-૩

વિતરણ લાઈસન્સ મેળવવા માટેની કાર્યપધ્ધતિ (પ્રોસિજર)

૩. આ વિનિયમો હેઠળની તમામ કાર્યપધ્ધતિઓનું સંચાલન વખતોવખત સુધાર્યા મુજબ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આચાર સંહિતા વિનિયમો) ૨૦૦૪ દ્વારા થશે.

૪. **વિતરણ લાઈસન્સ આપવા માટેની અરજીઓ.**

(૧) વિતરણ લાઈસન્સ મેળવવા માટેની અરજી વિનિયમોની અનુસૂચિ-૧માં નકકી કરાયા મુજબનાં ફોર્મમાં કરવાની રહેશે. અને રાજય સરકારે નિયત કર્યા મુજબની ફી સાથે મોકલવાની રહેશે અને આવી ફીની રકમ સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, અમદાવાદના નામથી બેન્ક ડ્રાફટ/ પે ઓર્ડરની રીતે ચૂકવવાની રહેશે.

(૨) વિતરણ લાઈસન્સ માટેની દરેક અરજી અરજદારે કે તેની અધિકૃત વ્યકિતએ સહી કરીને આયોગના સચિવને મોકલવાની રહેશે. અરજી, નીચેના દસ્તાવેજો સાથે છ નકલમાં મોકલવાની રહેશે.

(એ) ઓછામાં ઓછા ૧૦ સે.મી. થી ૧ કિ. મી ના માપ પ્રમાણે બનાવેલ લાઈસન્સ હેઠળના સૂચિત વિસ્તારનો નકશો, અથવા આવા કોઈ નકશા ઉપલબ્ધ ન હોય તો ઉપલભ્ય સૌથી મોટા માપના નકશા કરતાં ઓછા માપના ન હોય તેવા નકશા, અથવા ખાસ કિસ્સામાં આયોગ દ્વારા માન્ય રાખવવામાં આવે તેવા બીજા માપના નકશા.

(બી) લાઈસન્સ હેઠળના વિસ્તારના કોઈપણ ભાગ માટેના વહીવટ સાથે સંકળાયેલા તમામ સ્થાનિક સત્તાધિકારીઓની યાદી.

(સી) અરજદાર, વિતરણ લાઈસન્સ માટે સંપાદિત કરવા વિચારે તેવી કોઈપણ જમીનનું અંદાજે વર્ણન કરતું પત્રક અને સંપાદન માટેના સાધનો.

(ડી) લાઈસન્સના વિસ્તારમાં લાઈસન્સનો ધંધો હાથ ધરવા માટે ખર્ચ કરવા વિચારેલ મૂડીનું પત્રક અને આયોગને જરુરી હોય તેવી બીજી કોઈપણ વિગતો;

(ઈ) અરજદાર કોર્પોરેટ બોડી/સંસ્થા હોય ત્યાં, કંપનીના યાદીપત્ર તથા ઉદેશપત્રની નકલ અને અન્ય ધંધાદારી અસ્તિત્વના કેસમાં સંસ્થાપન, નોંધણી કે કરારના તેવા લાગુ પડતા દસ્તાવેજો;

(એફ) અરજદારના આગલા ત્રણ વર્ષના વાર્ષિક હિસાબો અથવા જરુરી બને તેવા અન્ય દસ્તાવેજો;

(જી) ઉપરના ખંડ (i) અનુસાર નિર્દિષ્ટ અરજી ફીની ચુકવણીની પહોંચ;

(એચ) અરજીમાં દર્શાવેલ માહિતી સાચી હોવાનું ખાતરી કરતી અરજદારની એફિડેવીટ (સોગંદનામું);

(આઈ) અરજદાર કોર્પોરેટ બોડી હોય ત્યાં, ગુજરાત રાજયનાં કે ગુજરાત રાજયનાં બહાર વીજળીના ઉત્પાદન, વિતરણ, પ્રસારણ કે લે-વેચનાં ધંધામાં રોકાયેલ કોઈપણ જૂથની કંપની(ઓ) ની વિગતો,

(જે) અરજદાર કોર્પોરેટ બોડી ન હોય ત્યાં, ગુજરાત રાજ્યમાં કે બીજા કોઈ રાજ્યમાં, અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષ હિત ધરાવતો હોય તેવા વીજળીના ઉત્પાદન, વિતરણ, પ્રસારણ કે લે-વેચના કોઈપણ ધંધાની વિગતો;

(કે) વીજળી-ક્ષેત્રમાં અરજદારના કોઈ નાણાકીય હોલ્ડિંગની વિગતો

(એલ) અરજદાર કોર્પોરેટ બોડી (સંસ્થા) હોય ત્યાં પુરસ્કર્તાઓ (પ્રમોટરો)નો સંક્ષિપ્ત ઈતિહાસ,

(એમ) અરજદાર વિતરણ લાઈસન્સ હેઠળ પોતાની જવાબદારીઓ સફળતાપૂર્વક બજાવી શકશે કે કેમ તે નકકી કરવા અને તે વિતરણ લાઈસન્સ આપવા માટે યોગ્ય ઠર્યો હોય તેવી તેની ટેકનિકલ લાયકાત અને ભૂતકાળનો અનુભવ.

(એન) આયોગ માગે તેવા બીજા દસ્તાવેજો કે માહિતી.

(૩) અરજદાર, વિતરણ લાઈસન્સ માટેની અરજી, તેની સાથેનાં જોડાણો અને બિડાણો, આયોગને, માહિતીની સુરક્ષા, વાયરસ- શોધ વગેરે અંગે જરૂરી પગલાં લીધા બાદ સીડી (કોમ્પેકટ ડીસ્ક) પર પણ રજૂ કરશે.

(૪) અરજદાર, જોડાણો અને બિડાણો સાથેની સંપૂર્ણ અરજી તેની પોતાની વેબસાઈટ પર મોકલશે અથવા તેને આવી વેબસાઈટ ન હોય તો, ઈન્ટરનેટ દ્વારા અરજી મોકલી શકાય તેવી બીજી કોઈ વેબસાઈટ પર મોકલશે.

૪. **<u>અરજીની પહોંચ અને સ્વીકાર :-</u>**

વિતરણ લાઈસન્સ આપવા માટેની અરજી મળ્યેથી, આયોગના સચિવ (સેક્રેટરી), આ હેતુ માટે રાખવાના રજીસ્ટરમાં તેની વિગતો નોંધશે અને અરજીને પણ સંદર્ભ નંબર આપશે. સચિવ, અરજીમાં દર્શાવેલ સરનામા પર અરજદારો, અરજી મળ્યા તારીખ અને સંદર્ભ નંબર સહિત પહોંચ-પત્ર મોકલી આપશે.

૫. **<u>અરજીની જાહેર નોટિસ :-</u>**

૧. અરજદાર, આવી અરજી કર્યાના સાત દિવસની અંદર, જે વિસ્તાર માટે લાઈસન્સ મેળવ્યું હોય તે વિતરણ વિસ્તારમાં બહોળા ફેલાવો ધરાવતાં અંગ્રેજી ભાષાના દરેક વર્તમાનપત્રના એક ઈશ્યુમાં અને ગુજરાતી ભાષાના બે વર્તમાનપત્રોમાં, નીચેની વિગતો સાથે જાહેર નોટિસ પ્રસિદ્ધ કરશે.

(એ) ટોચના ભાગે સ્પષ્ટ મોટા અક્ષરોમાં અરજદારનું નામ તથા તેની કચેરીના સરનામાની પૂરેપૂરી વિગતો તેમજ કોઈ નોંધાયેલી કચેરી હોય તો તેનું સરનામું આપવાં, જેથી જાણી શકાય કે અરજદાર વ્યકિત છે, કે ૧૯૩૨ના (૧૯૩૨નો ૯મો) ભાગીદારી અધિનિયમ હેઠળ નોંધાયેલી ભાગીદારી પેઢી છે કે ૧૯૫૬ના કંપની અધિનિયમ (૧૯૫૬ ૧લો) હેઠળ સંસ્થાપિત ખાનગી લિમિટેડ કંપની કે જાહેર લિમિટેડ કંપની છે, કે બીજી કોઈ સંસ્થાપિત કે બિન સંસ્થાપિત સંસ્થા છે કે કેમ.

INDEX

(બી) રાજય અધિનિયમની કલમ ૨૦ સાથે વાંચતાં અધિનિયમની કલમ-૧૫ અન્વયે વિતરણ લાઈસન્સ આપવા અરજદારે આયોગને અરજી રજૂ કરી હોવાનું નિવેદન.

(સી) લાઈસન્સનો સૂચિત વિસ્તાર;

(ડી) અરજદારની નાણાકીય અને ટેકનિકલ ક્ષમતા, વહીવટી રુપરેખા અને શેર હોલ્ડિંગનો ઢાંચો, જો કોઈ હોય તો;

(ઈ) આયોગ સમક્ષ રજૂ કરાયેલી અરજી અને વખતોવખત રજૂ કરેલા બીજા દસ્તાવેજો, કોઈપણ વ્યકિતની તપાસ માટે અરજદાર પાસે ઉપલબ્ધ રહેશે એ અંગેનું નિવેદન.

(એફ) જેમની પાસેથી નિરીક્ષણ માટે અરજી અને બીજા દસ્તાવેજો મળી શકે અથવા જેમની પાસેથી વધુમાં વધું ફોટોકોપીના દરે વાજબી કિંમતે રુબરુ કે ટપાલથી ખરીદી શકાય તેવા સૂચિત વિતરણ લાઈસન્સના વિસ્તારનાં મોટાં શહેરો કે નગરોનાં અરજદારે નિયુકત કરેલ વ્યકિત(ઓ) નાં નામ, સરનામાં અને અન્ય જરુરી વિગતો;

(જી) સૂચિત વિતરણ લાઈસન્સની સંક્ષિપ્ત વિગતો;

(એચ) અરજદારની વેબસાઈટ પર અથવા બીજી કોઈ અધિકૃત વેબસાઈટ પર પૂરી અરજી મળી શકશે અને વિનામૂલ્યે તેને ડાઉનલોડ કરી શકાશે તે મતલબનું નિવેદન;

(આઇ) કોઈપણ વાંધા હોય તો, તે, નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ દિવસની અંદર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સચિવને આયોગની કચેરીના સરનામે મોકલી શકાશે તેવું નિવેદન

પરંતુ, અરજદાર, પોતાના ધંધાદારી હિતોના અને બૌદ્ધિક મિલકત અંગેના તેના અધિકારોને સુરક્ષિત રાખવા પૂરતા અને વાજબી કારણો દર્શાવવા સાથે, ઉપરની કોઈપણ માહિતી પ્રસિદ્ધ ન કરવા અંગે આયોગને વિનંતી કરી શકશે અને આયોગ યોગ્ય વિચારણા કરીને આવી વિનંતી સ્વીકારે કે તેનો ઈન્કાર કરી શકશે.

પરંતુ, અરજદારે ઉપરની માહિતીને બિન-ખાનગી સંક્ષિપ્ત વૃત્તાંત નિર્દિષ્ટ કરેલી પદ્ધતિએ પ્રસિદ્ધ કરવો જરુરી છે.

(૨) આ ઉપરાંત, આયોગ, તેને યોગ્ય જણાય તે પ્રમાણે તે અરજીની નોટિસ, કેન્દ્ર સરકાર, રાજય સરકારના કોઈ નામ નિર્દિષ્ટ પ્રતિનિધિ, કોઈ સ્થાનિક સત્તાધારી કે બીજા કોઈ સત્તાધિકારી કે વ્યકિત કે સંસ્થાને મોકલવા ફરમાવી શકે.

(૩) અરજદાર ઉપર્યુકત નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસની અંદર, જાહેર કરેલી નોટિસની વિગતો સાથેનું સોગંદનામું આયોગને રજૂ કરાશે, તેમજ નોટિસ છપાઈ હોય તે વર્તમાનપત્રોની પ્રસ્તુત નકલો મોકલી અપાશે.

૬. અરજી અને દસ્તાવેજોનું જાહેર નિરીક્ષણ

(૧) ઉપરના વિનિયમ -૫, અનુસાર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી, અરજદાર, અરજી અને તેની સાથે રજૂ કરેલા દસ્તાવેજોની નકલો તેની પોતાની કચેરી ખાતે તથા તેમના એજન્ટો (જો હોય તો) ની કચેરીઓ ખાતે

INDEX

અને આયોગ વખતોવખત નિર્દિષ્ટ કરે તે પ્રમાણે દરેક સ્થાનિક સત્તાતંત્ર પાસે ઉપલબ્ધ રાખશે.

(૨) અરજદાર, અરજી કરનાર તમામ વ્યકિતઓને, અરજી અને તેની સાથેના જોડાણોની મુદ્રિત નકલો, આવી સામગ્રી માટેની ફોટોનકલના વાજબી દરે પૂરી પાડશે.

૭. **અરજીની ચકાસણી અને વધારાની માહિતી મંગાવવી.**

(૧) અરજીની ચકાસણી કર્યા બાદ, સચિવ, અરજદારને શકય હોય તેટલા પ્રમાણમાં, અરજી મળ્યાની તારીખથી ત્રીસ (૩૦) દિવસની અંદર અરજીનું કામ હાથ ધરવાના હેતુ માટે જરુરી જણાય તેવી વધારાની માહિતી કે દસ્તાવેજો મોકલવા જણાવી શકશે.

(૨) સચિવને લાગે કે અરજી અને તેની સાથેના દસ્તાવેજો તમામ રીતે સંપૂર્ણ છે અને અરજદારે કાયદેસર અરજી રજૂ કરવા અંગે ઠરાવેલી કાર્યપદ્ધતિનું પાલન કરે ત્યારબાદ સચિવ, રાજય અધિનિયમ સાથે વાંચતાં આ અધિનિયમ અને આ વિનિયમોમાં જોગવાઈ કરાયેલ કાર્યપદ્ધતિ અનુસાર વિતરણ લાઈસન્સ આપવા માટે વિચારણા કરવા માટે અરજી સંપૂર્ણ છે તે બાબત પ્રમાણિત કરશે.

૮. **વાંધા અને સૂચનો :-**

(૧) કોઈ વ્યકિત, વિતરણ લાઈસન્સ આપવા સામે વાંધો ઉઠાવવા માંગતી હોય તો, તેણે, વિનિયમ-૫માં ઉલ્લેખ કરેલ પ્રથમ જાહેરાતના ઈશ્યુની તારીખથી એક મહિનાની અંદર વાંધો નોંધાવવાનો રહેશે. આ વાંધા આયોગના સચિવના નામે મોકલવાના રહેશે.

(૨) કોઈ સંબંધિત સ્થાનિક સત્તાધિકારી પાસેથી વાંધો મળે ત્યાં, આયોગને, પોતાના મત પ્રમાણે, આ વાંધો ચાલે તેવો ન લાગે તો, લેખિતમાં અભિપ્રાય નોંધીને સ્થાનિક સત્તાધિકારીને તે અંગેના કારણો સહિત તેની જાણ કરશે.

(૩) આવા વાંધા મળતાં, સચિવ, વિતરણ લાઈસન્સ આપવા માટેની પ્રસ્તુત અરજીનો સંદર્ભ નંબર તેના પર લખશે અને આવા વાંધા, સંબંધિત અરજીને લગતી ફાઈલમાં મૂકશે.

(૪) સચિવ, તેમને મળેલ તમામ વાંધાઓની નકલો, ઉપરના ખંડ (૧) માં નિર્દિષ્ટ વાંધાઓ ફાઈલ કરવા અંગેની છેલ્લી તારીખના એક અઠવાડિયાની અંદર અરજદારને મોકલશે.

(૫) અરજદાર, સચિવ પાસેથી વાંધા મળ્યાના ૩૦ દિવસની અંદર, ઉપરના વિનિયમ-૫ અન્વયે નોટિસના જવાબમાં મળેલા વાંધા કે સૂચનો અંગે ટીકા-ટીપ્પણ રજૂ કરી શકશે.

(૬) સરંક્ષણના હેતુસર કેન્દ્ર સરકારના કબજામાંના કોઈપણ કેન્ટોનમેન્ટ હવાઈ મથક, કિલ્લા, શસ્ત્રાગાર, બંદરગાહ કે કેમ્પ કે કોઈપણ મકાન કે સ્થળના સંપૂર્ણ કે કોઈ ભાગ સહિતના વિસ્તાર માટે વિતરણ લાઈસન્સ માટેની અરજીના કેસમાં, વિતરણ લાઈસન્સ આપતાં પહેલાં, આયોગ, આવું

INDEX

વિતરણ લાઈસન્સ આપવા અંગે કેન્દ્ર સરકારને પક્ષે કોઈ વાંધો નથી તેની ખાતરી કરી લેશે.

૯. **સ્થાનિક તપાસ**

(૧) આયોગનું વાંધા અને/અથવા તેના પરની ટીકા-ટીપ્પણ જોયા બાદ તેને જરુરી જણાય તો, વિતરણ લાઈસન્સ આપવા અંગેની કાર્યવાહી દરમ્યાન કોઈપણ સમયે, સ્થાનિક તપાસ યોજી શકશે, જેમાં લેખિત નોટિસ અરજદાર અને વાંધો ઉઠાવનાર બંનેને આપવામાં આવશે.

(૨) સ્થાનિક તપાસનો આદેશ આપવામાં આવે અને ઉપરના ખંડ (૧) અન્વયે તપાસ કરવામાં આવે ત્યાં, આયોગ તેવી કોઈપણ સ્થાનિક તપાસ કરાવવાના તેના આદેશમાં અથવા તે પછી લેખિત આદેશ દ્વારા, સ્થાનિક તપાસ કેટલા સમયની અંદર પૂરી કરવી તે નિર્દિષ્ટ કરશે. પરંતુ આયોગ લેખિતમાં નોંધેલા કારણોસર સ્થાનિક તપાસ માટે તેણે નક્કી કરેલો સમય લંબાવી શકશે.

(૩) સ્થાનિક તપાસનો આદેશ આપવામાં આવે અને ઉપરના ખંડ (૧) અન્વયે તે કરવામાં આવે ત્યાં, ઉકત સ્થાનિક તપાસના પરીણામોનું યાદીપત્ર તૈયાર કરાશે અને તેના પર અરજદાર, તપાસ હાથ ધરાવનાર હેતુ માટે નામનિર્દિષ્ટ અધિકારી કે વ્યકિત અને આયોગ ફરમાવે તેવી બીજી વ્યકિત સહી કરશે.

(૪) આયોગ, વિતરણ લાઈસન્સ આપવા અંગેની અરજીની સુનાવણી વખતે સ્થાનિક તપાસનાં પરિણામો અંગે વિચારણા કરશે.

૧૦. **અરજીની સુનાવણી અને વિતરણ લાઈસન્સ આપવું.**

(૧) અરજદાર, દસ્તાવેજો રજૂ કરવા, પરવાનગી મેળવવા અને નોટિસો પ્રસિદ્ધ કરવાને લગતી તમામ શરતોનું પાલન કરે અને વાંધા મેળવવાની મુદત પુરી થઈ જાય એટલે આયોગ નિયમસરની સુનાવણી માટે કાર્યવાહી કરી શકશે.

(૨) કોઈપણ તપાસ હોય તો તે કર્યા બાદ, અને હાથ ધરવામાં આવેલ અરજીની સુનાવણી પછી, આયોગ વિતરણ લાઈસન્સ આપવાનો કે ઈન્કાર કરવાનો નિર્ણય લઈ શકશે.

(૩) આયોગ વિતરણ લાઈસન્સ આપવાનું નકકી કરે તો, આ લાઈસન્સ, આ વિનિયમોની અનુસૂચિ-૨માં નિર્દિષ્ટ ફોર્મમાં આપવામાં આવશે. પરંતુ આયોગ પોતાના વિવેકાધિકાર પ્રમાણે જરુરી જણાય તો લાઈસન્સના નિર્દિષ્ટ ફોર્મમાં સુધારા કે વધારા કે ફેરફાર કરી શકશે.

(૪) વિતરણ લાઈસન્સ આપતાં પહેલાં, આયોગ, તેને યોગ્ય જરુર જણાય તેવા બે દૈનિક વર્તમાનપત્રોમાં વિતરણ લાઈસન્સ આપવાની તેવી દરખાસ્તની નોટિસ પ્રસિદ્ધ કરશે, જેમાં તેણે જેમને વિતરણ લાઈસન્સ આપવા વિચાર્યુ હોય તે વ્યકિતનાં નામ અને સરનામાં તથા આયોગને યોગ્ય લાગે તેવી બીજી વિગતો જણાવશે.

(૫) આયોગ લાઈસન્સ મંજૂર કરે ત્યારે, સચિવ, અરજદારોને મંજૂરી આપવાની તારીખથી ૧૪ (ચૌદ) દિવસની અંદર આવી મંજૂરીની તથા કયા ફોર્મમાં વિતરણ લાઈસન્સ આપવા વિચારાયું છે તે ફોર્મ અંગે અને અરજદારને

પરિપૂર્ણ કરવાની શરતો, તેમજ વિતરણ લાઈસન્સ આપવા માટે ભરવાની ફીની જાણ કરશે.

(૬) અરજદાર, કોઈ સુધારા, વધારા કે ફેરફાર હોય તો તે સાથેનું અને આયોગ ઉપરના ખંડ (૨) અન્વયે ફરમાવે તેવી બીજી શરતોને આધીન રહીને વિતરણ લાઈસન્સ સ્વીકારવા તૈયાર હોય તો, અરજદાર, આયોગ પાસેથી મંજૂરી મળ્યાના ૧૫ દિવસની અંદર આયોગને સ્વીકૃતિપત્ર મોકલી આપશે.

(૭) આયોગે વિતરણ લાઈસન્સ આપવાનો ઈન્કાર કરવાનું નક્કી કર્યું હોય ત્યાં, સચિવ, આવા ઈન્કારના ૧૪(ચૌદ) દિવસની અંદર, અરજદારને આવા ઈન્કારના સમર્થનમાં આયોગના કારણો સાથેના હુકમની નકલ જોડવા સાથે આવા ઈન્કારની જાણ કરશે.

(૮) આયોગ, શકય હોય તેટલા પ્રમાણમાં, ઉકત અરજી મળ્યાના નેવું દિવસની અંદર વિતરણ લાઈસન્સ આપશે અથવા વિતરણ લાઈસન્સ માંગનારની અરજીનો અસ્વીકાર કરશે.

૧૧. **હાલના વિતરણ પરવાનેદારોના પુરવઠા વિસ્તારમાં વિતરણ લાઈસન્સ આપવાની અરજી :-**

હાલના વિતરણ પરવાનેદારના પુરવઠા વિસ્તારમાં તેની પોતાની વિતરણ પ્રણાલી (સિસ્ટમ) મારફત વીજળી વિતરણનું લાઈસન્સ આપવા માટે અરજી કરનાર વ્યકિતએ, વિનિયમ-૪ની જોગવાઈઓ ઉપરાંત, કેન્દ્ર સરકાર ઠરાવે તે મુજબ મૂડીની પર્યાપ્તતા, શાખપાત્રતા કે આચાર સંહિતા સહિત આવી વધુ ની જરૂરીયાતોનું પાલન કરશે.

૧૨. **વિતરણ લાઈસન્સનો પ્રારંભ :-**

વિતરણ લાઈસન્સનો પ્રારંભ, આયોગ નિર્દિષ્ટ કરે તે તારીખથી શરુ થશે.

૧૩. **વિતરણ લાઈસન્સની મુદત :**
વિતરણ લાઈસન્સ, આયોગ દ્વારા યોગ્ય રીતે મોકૂફ કરવામાં કે રદ કરવામાં આવે, તે સિવાય, તેના પ્રારંભની તારીખથી પચ્ચીસ વર્ષની મુદત માટે કાયદેસર ગણાશે.

૧૪ **નકશા રજૂ કરવાં :-**
વિતરણ લાઈસન્સ મંજૂર કરવામાં આવે ત્યારે, ઉપરના વિનિયમ (૪) (૨) (ક) માં નિર્દિષ્ટ વિગતો દર્શાવતાં નકશાના ત્રણ સેટ પર, સચિવ સહી કરશે અને વિતરણ લાઈસન્સ આપ્યાના જાહેરનામાની તારીખને અનુરુપ/તારીખ નાંખશે. નકશાનો એક સેટ આયોગ પાસે રખાશે અને બીજા બે સેટ વિતરણ પરવાનેદારને આપવામાં આવશે.

૧૫. **વિતરણ લાઈસન્સની નકલો રાખવી.**

(૧) વિતરણ લાઈસન્સ જેમને આપવામાં આવ્યું હોય તે દરેક વ્યક્તિ તે મળ્યાના ત્રીસ દિવસની અંદર :

INDEX

(ક) વિતરણ લાઈસન્સની છાપેલી નકલો પૂરતી સંખ્યામાં રાખશે.
(ખ) લાઈસન્સમાં વિસ્તાર દર્શાવતા તૈયાર કરેલા નકશા પૂરતી સંખ્યામાં રાખશે.
(ગ) લાઈસન્સના વિસ્તારની અંદર તેની મુખ્ય કચેરી, તેની સ્થાનિક કચેરી (જો કોઈ હોય તો) અને દરેક સ્થાનિક સત્તાધિકારીની કચેરી ખાતે કામકાજના કલાકો દરમ્યાન જાહેર નિરીક્ષણ માટે આવા વિતરણ લાઈસન્સ અને નકશાઓની નકલ પ્રદર્શિત કરવાની વ્યવસ્થા કરશે.

(૨) દરેક વિતરણ પરવાનેદાર, ત્રીસ દિવસની ઉપર્યુકત મુદતની અંદર વિતરણ લાઈસન્સ અને પ્રસ્તુત નકશાની એક નકલ, લાઈસન્સના વિસ્તારની અંદર, આયોગ નિર્દિષ્ટ કરે તે પ્રમાણે દરેક સ્થાનિક સત્તાધિકારીને આપશે અને વિતરણ લાઈસન્સની છાપેલી નકલો, તે માટે અરજી કરનાર તમામ વ્યકિતઓને, નકલ દીઠ વધુમાં વધુ સામાન્ય અને વાજબી ફોટો નકલના દરે વેચવામાં આવશે.

૧૬. વિતરણ લાઈસન્સનો સુધારો.

(૧) આયોગના મતે જાહેર હિતમાં જરુરી જણાય તો, તે વિતરણ પરવાનેદારની કે સ્થાનિક સત્તાધિકારી કે અન્યથા અરજી મળતાં, તેને યોગ્ય લાગે તે પ્રમાણે વિતરણ લાઈસન્સની શરતોમાં, અધિનિયમના ઉદેશ અને હેતુને ધ્યાનમાં રાખીને તેવા સુધારા કરી શકશે.

પરંતુ, વિતરણ લાઈસન્સની શરતો કે આ વિનિયોમોના વિનિયમ ૧૭ (૪) સાથે વાંચતાં રાજય અધિનિયમની કલમ ૨૩ની પેટા કલમ (૫) અન્વયે નાંખેલી શરતોને રુએ કરેલા સુધારા સિવાયના બીજા કોઈ સુધારા વિતરણ પરવાનેદારની સંમતિ સિવાય કરાશે નહીં, સિવાય કે આયોગના મત પ્રમાણે આવી સંમતિ ગેરવાજબી રીતે રોકવામાં આવી હોય.

(૨) વિતરણ પરવાનેદારે તેના વિતરણ લાઈસન્સના સુધારા માટે અરજી કરી હોય ત્યાં, વિતરણ પરવાનેદાર, આવી અરજી મળ્યાના પંદર (૧૫) દિવસની અંદર, વિતરણ લાઈસન્સની કામગીરીના વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં અંગ્રેજી ભાષાના દરેક દૈનિક વર્તમાનપત્રના એક ઈશ્યુમાં અને ગુજરાતી ભાષાના બે દૈનિક વર્તમાનપત્રમાં સુધારા કરવા માગતા હોય તેની નોટિસ પ્રસિદ્ધ કરવી જેમાં નીચેની વિગતો આપવી.

(એ) હાલના વિતરણ લાઈસન્સની સંક્ષિપ્ત વિગતો,
(બી) હાલના વિતરણ લાઈસન્સના સૂચિત સુધારા,
(સી) સુધારા માટેનાં કારણો
(ડી) જેમની પાસેથી અરજી અને બીજા દસ્તાવેજો જો નિરીક્ષણ માટે મેળવી શકાય અથવા વધુમાં વધુ ફોટોકોપીના દરે વાજબી ભાવથી રૂબરૂમાં કે ટપાલથી તે ખરીદી શકાય તેવી, સૂચિત વિતરણ લાઈસન્સના વિસ્તારનાં મોટાં શહેરો કે નગરોમાં અરજદારે નિયુકત કરેલ વ્યકિતઓનાં નામ, સરનામાં અને અન્ય જરૂરી વિગતો.
(ઈ) આયોગને કરાયેલી અરજીના સંદર્ભમાં કોઈ વ્યકિત કોઈ સૂચન કે વાંધો રજૂ કરવા માંગતી હોય તો, તે નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર સચિવને નામે લેખિતમાં જાણ કરીને (૬ નકલો) તેમ કરી શકશે.

(૩) ઉપરના ખંડ (૨) અન્વયે નોટિસ પ્રસિદ્ધ થયા પછી સુધારા માટેની અરજી અંગેના તમામ વાંધા, નોટિસની પ્રથમ પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની અંદર મળશે તો આયોગ વિચારણામાં લેશે.

(૪) આયોગ સ્વય વિતરણ લાઈસન્સમાં સુધારો કરવાનું સૂચવે, ત્યાં આયોગે, સુધારો કરવાના વિતરણ લાઈસન્સની કામગીરીના વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં અંગ્રેજી ભાષાના દરેક વર્તમાનપત્રના એક ઈશ્યૂમાં અને ગુજરાતી ભાષાના બે વર્તમાનપત્રોમાં નોટિસ પ્રસિદ્ધ કરાવવી જેમાં નીચેની વિગતો દર્શાવવી.

(એ) વિતરણ પરવાનેદારનું નામ અને પુરવઠા વિસ્તારની મુખ્ય કચેરીનું સરનામું,

(બી) આયોગ દ્વારા કરવા વિચારાયેલ સુધારા-વધારાનું વર્ણન,

(સી) સૂચિત સુધારા-વધારા માટે સંક્ષિપ્ત કારણો,

(ડી) આયોગને કરાયેલી અરજીના સંદર્ભમાં કોઈ વ્યકિત કોઈ સુધારા કે વાંધા રજૂ કરવા માગની હોય તો, તે નોટિસની પ્રથમ પ્રસિદ્ધની તારીખથી ત્રીસ દિવસની અંદર સચિવને નામે લેખિત જાણ (૬ સેટ) કરીને તેમ કરી શકાશે તેવું નિવેદન.

સૂચિત સુધારા અંગેના તમામ વાંધા, નોટિસની પ્રથમ પ્રસિદ્ધિની તારીખથી એક મહિનાથી અંદર મળશે તો આયોગ સૂચિત સુધારાનો સ્વીકાર કે ઈન્કાર કરતાં પહેલાં તેના પર વિચારણા કરશે.

(૫) વિતરણ-લાઈસન્સ આપવાને લગતા આ વિનિયમોની જોગવાઈઓ, વિતરણ લાઈસન્સ માટેના સુધારા અંગેની અરજીની વિચારણા અને તેના નિકાલ બાબત, શકય અને જરુરી હોય તેટલા પ્રમાણમાં લાગુ પડશે.

(૬) કેન્દ્ર સરકારના કબજા હેઠળના સરંક્ષણના હેતુ માટેના કેન્ટોનમેન્ટ, હવાઈમથક, શસ્ત્રાગાર, બંદરગાહ કે કેમ્પ કે કોઈ મકાન કે સ્થળના સંપૂર્ણ કે કોઈ ભાગને આવરી લેતાં, લાઈસન્સના વિસ્તારમાં સુધારો સૂચવતી અરજીના કેસમાં, કેન્દ્ર સરકારની સંમતિ વિના સુધારો કરાશે નહી.

૧૭. વિતરણ લાઈસન્સ રદ કરવું :-

(૧) આયોગ, અધિનિયમ અને રાજય અધિનિયમની લાગુ પડતી જોગવાઈઓ મુજબ, નીચેના કોઈપણ સંજોગોમાં, વિતરણ લાઈસન્સ રદ કરી શકશે, જેમ કે :

(એ) આયોગના મતે, વિતરણ પરવાનેદાર, અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે અન્વયે કરેલા નિયમો કે વિનિયમો દ્વારા કે તે હેઠળ જરુરી કોઈ વસ્તુ કરવામાં જાણીબૂઝીને અને લાંબા ગાળા સુધી કસૂર કરે;

(બી) વિતરણ પરવાનેદાર, તેના વિતરણ લાઈસન્સની કોઈપણ શરતોનું ઉલ્લંઘન કરે ત્યાં, અથવા ઉલ્લંઘન માટે વિતરણ લાઈસન્સમાં સ્પષ્ટ રીતે તે માટે તે રદ કરવાપાત્ર બનતું હોવાની સ્પષ્ટ જાહેરાત કરી હોય;

(સી) વિતરણ પરવાનેદાર, તેના વિતરણ લાઈસન્સ દ્વારા આ અંગે નકકી કરેલી મુદતમાં, અથવા આયોગે મંજૂર કરેલ કોઈ લાંબી મુદતની અંદર નીચેની બાબતો કરવામાં નિષ્ફળ જાય.

(૧) વિતરણ લાઈસન્સ દ્વારા તેના પર નાંખેલી ફરજો અને જવાબદારીઓ તે સંપૂર્ણપણે અને અસરકારક રીતે બજાવવાની સ્થિતિમાં છે તેવી આયોગને ખાતરી થાય તેમ દર્શાવવું.

(૨) તેના વિતરણ લાઈસન્સ દ્વારા જરૂરી અનામત રકમ મૂકવી કે જામીનગીરી આપવી, અથવા ફી કે અન્ય ખર્ચ ચૂકવવું.

(ડી) આયોગના મત મુજબ, વિતરણ પરવાનેદારની નાણાકીય સ્થિતિ એવી હોય કે તે, તેના વિતરણ લાઈસન્સ દ્વારા તેના પર મૂકેલી ફરજો અને જવાબદારીઓ સંપૂર્ણપણે અને અસરકારક રીતે બજાવી શકે તેમ ન હોય;

(ઈ) આયોગના મત મુજબ, વિતરણ પરવાનેદારે, આયોગને આપેલ આદેશનું પાલન કરવામાં કસૂર કરી હોય.

પરંતુ અધિનિયમની કલમ-૧૪૩ અન્વયે રાજ્ય સરકારે ઠરાવેલી રીત પ્રમાણે આયોગે નિયુક્ત કરેલ ન્યાય-નિર્ણય અધિકારી દ્વારા તપાસ કરાવ્યા સિવાય લાઈસન્સ રદ કરાશે નહીં.

(૨) આયોગના મતે, અરજી અંગે જાહેર હિતમાં તેમ કરવું જરુરી જણાય, અથવા વિતરણ પરવાનેદારથી સંમતિથી, આયોગને યોગ્ય લાગે તે શરતોએ લાઈસન્સ વિસ્તારના સંપૂર્ણ કે તેના કોઈ ભાગ પૂરતું તેમનું વિતરણ લાઈસન્સ રદ કરી શકાશે.

(૩) પેટા-કલમ-(૧) હેઠળ કરેલ તપાસનો અહેવાલ મળ્યેથી વિતરણ પરવાનેદારોને અહેવાલ સંબંધમાં રજૂઆત કરવાની તક આપ્યા પછી, આયોગ વિતરણ લાઈસન્સ રદ કરવા સહિત યોગ્ય આદેશો આપી શકશે;

(૪) આયોગે કયા કારણોસર વિતરણ લાઈસન્સ રદ કરવા વિચાર્યું છે તે દર્શાવતી ઓછામાં ઓછા ત્રણ મહિનાની નોટિસ સંબંધિત વિતરણ પરવાનેદારને આપી હોય, અને સૂચિત લાઈસન્સ રદ કરવા સામેની નોટિસની મુદતની અંદર સંબંધિત વિતરણ પરવાનેદાર દર્શાવેલ કોઈ કારણ પર વિચારણા કરવામાં આવી હોય તે સિવાય,

ઉપરના ખંડ (૧) હેઠળ કોઈ વિતરણ લાઈસન્સ રદ કરાશે નહીં . આયોગ, આ વિનિમય ૧૭ અન્વયે વિતરણ લાઈસન્સ રદ કરે ત્યાં, સંબંધિત વિતરણ પરવાનેદારને રદ કરવા અંગેની નોટિસ બજાવશે અને જ્યારથી લાઈસન્સ રદ થવાનું હોય તે તારીખ નકકી કરાશે.

(૫) ઉપરના ખંડ (૧) અન્વયે વિતરણ લાઈસન્સ રદ કરવાને બદલે આયોગ તેને યોગ્ય જણાશે તેવી બીજી શરતોને અધીન રહીને, લાઈસન્સ ચાલુ રાખવાની પરવાનગી આપી શકશે અથવા આવી નાંખેલી બીજી કોઈ શરતો વિતરણ પરવાનેદારને બંધનકર્તા રહેશે અને તેણે તેનું પાલન કરવાનું રહેશે અને વિતરણ લાઈસન્સમાં તે શરતો સમાવિષ્ટ હોય તે રીતે તે અમલમાં અને અસરકર્તા રહેશે.

(૬) આ વિનિયમો અન્વયે આયોગ વિતરણ લાઈસન્સ રદ કરે ત્યાં, તે વિતરણ પરવાનેદારને લાઈસન્સ રદ કરવા અંગેની નોટિસ બજાવશે અને રદ કર્યાની બાબત જ્યારથી અમલી બનવાની હોય તે તારીખ નિયત કરશે.

(૭) ઉપરના ખંડ (૫) અન્વયે આયોગે વિતરણ લાઈસન્સ રદ કરવાની નોટિસ આપી હોય ત્યાં, અધિનિયમ અને/ અથવા રાજ્ય અધિનિયમ હેઠળ કરવામાં આવે તેવા કોઈપણ શિક્ષા અથવા શરુ કરાયેલ ફોજદારી કાર્યવાહીને બાધક બન્યા સિવાય, વિતરણ પરવાનેદાર, આયોગની

પૂર્વમંજૂરી મેળવીને, વિતરણ લાયસન્સ આપવા માટે આયોગને પાત્ર જણાય તેવી કોઈપણ વ્યકિતને પોતાની યુટિલિટી/ધંધો વેચી શકશે.

૧૮. **વિતરણ લાઈસન્સ મોકુફ રાખવું અને યુટિલિટીનું વેચાણ.**

(૧) આયોગ કોઈપણ સમયે એવો અભિપ્રાય ધરાવે કે વિતરણ પરવાનેદાર –

(એ) ગ્રાહકોને આપવાની વીજળીની ગુણવત્તા અંગેનાં ધોરણોને સુસંગત રહીને વીજળીનો અવરોધરહિત પુરવઠો જાળવી રાખવામાં નિષ્ફળ થઈ ગયેલ છે; અથવા,

(બી) અધિનિયમ કે રાજય અધિનિયમની જોગવાઈઓ દ્વારા કે તે અન્વયે નાખેલ કાર્યો કરવા કે ફરજો બજાવવાં અશકિતમાન છે;

(સી) અધિનિયમ કે રાજય અધિનિયમ અન્વયે આયોગે આપેલ કોઈપણ આદેશનું પાલન કરવામાં સતત નિષ્ફળ ગયેલ છે.

(ડી) વિતરણ લાઈસન્સની કોઈપણ શરતોનું ઉલ્લંઘન કર્યું છે અને એવા સંજોગોમાં પ્રર્વતમાન છે કે આયોગને જાહેર હિતમાં તેમ કરવું જરુરી બને તો, આયોગ, લેખિતમાં આપેલા કારણોસર, વધુમાં વધુ એક વર્ષની મુદ્દત વિતરણ પરવાનેદારનું વિતરણ લાઈસન્સની મોકૂફ રાખી શકે અને વિતરણ લાઈસન્સની શરતો અનુસાર વિતરણ લાઈસન્સનાં કાર્યો બજાવવા વહીવટકર્તા નીમી શકે.

પરંતુ આ કલમ અન્વયે, વિતરણ લાઈસન્સ મોકુફ કરતાં પહેલાં, આયોગ, વિતરણ પરવાનેદારોને આવી મોકૂફી સામે રજૂઆત કરવાની વાજબી તક આપશે અને વિતરણ પરવાનેદાર કોઈ રજૂઆત કરે તો તેના પર વિચારણા કરશે.

(૨) ઉપર મુજબ વિતરણ લાયસન્સ મોકુફ રાખવામાં આવે ત્યારે કલમ-૨૪ ની જોગવાઇઓ લાગુ પડશે.

૧૯. **લાઈસન્સ ફીની ચુકવણી**

(૧) લાઈસન્સ શરૂ થયા પછી ૩૦ દિવસની અંદર અથવા આયોગ છૂટ આપે તેવી બીજી કોઈ મુદતની અંદર પરવાનેદાર નિર્દિષ્ટ કરેલી પ્રારંભિક લાઈસન્સ ફી ભરશે.

(૨) લાઈસન્સ અમલમાં રહે તેવા તે પછીના દરેક વર્ષ માટે પરવાનેદાર નિર્દિષ્ટ કરેલી વાર્ષિક લાઈસન્સ ફી ચૂકવશે.

(૩) ઉપર્યુકત પેટાકલમ-(૧) અથવા (૨) અન્વયે લેણી કોઈપણ ફી નિયત તારીખોએ ચૂકવવામાં લાઈસન્સ પરવાનેદાર નિષ્ફળ જાય ત્યાં-

(એ) વિતરણ પરવાનેદારે પ્રર્વતમાન બેંક દરે બાકી નીકળતી રકમ પર વ્યાજ ચુકવવાનું રહેશે, રકમ લેણી થાય તે દિવસથી શરુ કરીને ચુકવણી કરવામાં આવે તે દિવસ સુધીની મુદત માટે વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

(બી) વિતરણ પરવાનેદાર, ફીની વસૂલાત માટેની કાર્યવાહીને અધીન રહેશે અને

(સી) આયોગ, અધિનિયમ અને રાજય અધિનિયમની લાગુ પડતી જોગવાઈઓઅનુસાર વિતરણ લાઈસન્સ રદ કરી શકશે.

INDEX

પરંતુ આ ખંડમાં એવું કશું સમાવિષ્ટ નથી કે જેથી અધિનિયમ અને/અથવા રાજય અધિનિયમ કે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાને અધીન વિતરણ પરવાનેદારને કોઈ જવાબદારીમાંથી છુટકારો મળતો હોવાનું ગણવામાં આવે.

પ્રકરણ-૪

વિતરણ લાઈસન્સની સામાન્ય શરતો.

૨૦. વિતરણ વ્યવસ્થાને વિકાસ અને જાળવણી

વિતરણ પરવાનેદારે, વીજળી પુરવઠાના હેતુસર લાઈસન્સના તેના વિસ્તારમાં કાર્યક્ષમ, સંકલિત અને કરકસરયુકત વિતરણ-વ્યવસ્થા વિકસાવવા અને જાળવવાની ફરજ બજાવવાની રહેશે.

૨૧. માંગણી મુજબ પુરવઠાની જવાબદારી :-

(૧) અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, લાઈસન્સના વિસ્તારમાં કોઈપણ મકાનના માલિક કે કબજેદારની અરજી મળ્યેથી, આવી અરજી મળ્યાના એક મહિનાની અંદર અથવા આવા પુરવઠા માટે વિતરણ મુખ્ય લાઈન (મેઈન્સ) અથવા નવા પેટા મથકો (સબ-સ્ટેશનો)નું વિસ્તરણ જરૂરી હોય તો આયોગ દ્વારા નિર્દષ્ટિ કરવામાં આવે તેટલી મુદતની અંદર આવાં મકાનોને વીજ-પુરવઠો આપશે.

(૨) કોઈપણ મકાનોના માલિક કે કબજેદારને ઉપરના ખંડ (૧) ની શરતો અન્વયે વીજળીની પુરવઠાની જરૂર હોય ત્યારે તેણે આયોગે ઠરાવેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે અને તે અરજીના સમર્થન માટેની કાર્યપધ્ધતિ (પ્રોસિજર) આયોગે મંજૂર કરેલી કાર્યપધ્ધતિ મુજબ રહેશે.

(૩) ઉપર ખંડ (૧) ની શરતો અનુસાર મકાનોને વીજ પુરવઠો પૂરો પાડવા, જરૂરી બને તો, કોઈપણ વીજળિક પ્લાન્ટ કે વીજળી લાઈનની જોગવાઈ કરવાની વિતરણ પરવાનેદારની ફરજ રહેશે.

પરંતુ કોઈપણ વ્યકિત અલગ પુરવઠો ધરાવનાર કોઈપણ મકાન માટે પરવાનેદાર (વિતરણ પરવાનેદાર સહિત) પાસેથી વીજ પુરવઠો માગવા ચાલુ રાખવા કે મેળવવા હકદાર ગણાશે નહીં. સિવાય કે તે પરવાનેદાર (વિતરણ પરવાનેદાર સહિત) સાથે, આયોગ નકકી કરે તેટલી કિંમત ચૂકવવા સંમત થઈ હોય.

(૪) વિતરણ પરવાનેદાર ગ્રાહકોને આપવા માટે યોગ્ય ગુણવત્તાની પર્યાપ્ત વીજળી મેળવવા હંમેશા પ્રયત્ન કરશે.

૨૨. ખર્ચ વસૂલ કરવાની સત્તા.

(૧) વિતરણ પરવાનેદાર, ઉપરના વિનિયમ (૨૧) અનુસાર વીજ પુરવઠો માગનાર વ્યકિત પાસેથી, વીજ પુરવઠો આપવાના હેતુસર વપરાતી વીજળી લાઈન કે વીજળી પ્લાન્ટની જોગવાઈ કરવા વાજબીપણે કરેલું અને આયોગ મંજૂર કરેલું કોઈપણ ખર્ચ વસૂલ કરી શકશે.

૨૩. જામીન મેળવવા સત્તા

(૧) અધિનિયમની કલમ-૪૭ની જોગવાઈઓને અધીન રહીને, વિતરણ પરવાનેદાર, ઉપરના વિનિમય-૨૧ અનુસાર વીજ પુરવઠો માંગનાર કોઈપણ વ્યકિતને, તેના નીચેની બાબતોને લાગતાં લેણાં નીકળતાં તમામ નાણાંની ચુકવણી માટે આયોગ નિર્દેષ્ટિ કરે તે પ્રમાણે જામીન આપવા જણાવી શકશે.

(એ) આવી વ્યકિતઓને પૂરી પડાતી વીજળી બાબતમાં અથવા

(બી) વ્યકિતને વીજ-પુરવઠો આપવા માટે કોઈપણ વીજળી લાઈન કે વીજળિક પ્લાન્ટ કે વીજળિક મીટરની જોગવાઈ કરવાની હોય ત્યાં, આવી લાઈન કે પ્લાન્ટ કે મીટરની જોગવાઈ બાબતમાં,

અને તે વ્યકિત આવી જામીન આપવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર, તેને યોગ્ય લાગે તો, નિષ્ફળતા ચાલુ રહે તેટલી મુદત દરમ્યાન પુરવઠો આપવાનો કે લાઈન કે પ્લાન્ટ કે મીટર પૂરું પાડવાનો ઈન્કાર કરી શકશે.

(૨) કોઈ વ્યકિતએ ઉપરના ખંડ (૧) માં દર્શાવ્યા પ્રમાણે આવી જામીન આપી ન હોય અથવા કોઈ વ્યકિતએ આપેલી જામીન ગેરકાનૂની કે અપૂરતી બની જાય ત્યાં વિતરણ પરવાનેદાર નોટિસથી તે વ્યકિતને, નોટિસ બજવણીના ૩૦ દિવસની અંદર, વીજળી-પુરવઠા અંગે તથા આવી લાઈન, પ્લાન્ટ કે મીટરની જોગવાઈ સંબંધમાં તેની લેણી નીકળતી તમામ રકમોની ચુકવણી માટે વાજબી જામીનગીરી આપવા જણાવી શકશે.

(૩) ઉપર ખંડ (૩) માં દર્શાવેલ કોઈ વ્યકિત આવી જામીનગીરી આપવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર, તેને યોગ્ય લાગે તો, આ નિષ્ફળતા ચાલુ રહેલી તેટલી મુદત માટે વીજ પુરવઠો કાપી શકશે.

(૪) વિતરણ પરવાનેદાર, ઉપરના ખંડ (૧)માં દર્શાવેલ જામીનગીરી પર આયોગ નિર્દેષ્ટિ કરે તે પ્રમાણે બેંક દરની સમતુલ્ય કે વધુ વ્યાજ ચુકવશે અને આવી જામીન આપનાર વ્યકિતની વિનંતીને આધારે આવી જામીનગીરી પરત કરશે.

INDEX

(૫) વીજ પુરવઠો માગનાર વ્યકિત, મીટરની અગાઉથી ચુકવણી કરીને પુરવઠો લેવા તૈયાર હોય તો, ઉપરના ખંડ (૧) એ અનુસાર, વિતરણ પરવાનેદાર જામીન માગવા હકદાર રહેશે નહીં.

૨૪. ખુલ્લો પ્રવેશ

અધિનિયમની કલમ-૪૨ (૨) અન્વયે ખુલ્લો પ્રવેશ આપવાના વિવિધ તબકકાને અધીન રહીને, વિતરણ પરવાનેદાર આયોગ દ્વારા બહાર પડાયેલા ખુલ્લા પ્રવેશ વિનિયમો અનુસાર કોઈપણ વ્યકિતઓને તેની વિતરણ-વ્યવસ્થામાં બિન-ભેદભાવયુકત ખુલ્લા પ્રવેશની જોગવાઈ માટે ગોઠવણ કરશે.

૨૫. સહાયકીનો પ્રતિબંધ

અધિનિયમની કલમ-૬૫ અન્વયે રાજય સરકાર દ્વારા અપાતી સહાયકી સિવાય, વિતરણ પરવાનેદાર, કોઈપણ વ્યકિત કે વિતરણ પરવાનેદારના કોઈ અન્ય ધંધાને કોઈ સહાયકી કે નાણાકીય સહાય આપશે નહીં.

૨૬. અનુચિત રીતે પસંદગી પર પ્રતિબંધ

(૧) વિતરણ પરવાનેદાર, વિતરણ લાઈસન્સ તથા લાઈસન્સયુકત ધંધાના સામાન્ય આચાર અન્વયે તેને જરૂરી સેવાઓ પૂરી પાડવામાં કોઈ વ્યકિત કે વ્યકિતઓના વર્ગ પરત્વે અનુચિત રીતે પસંદગી દર્શાવશે નહી અને કોઈપણ વ્યકિત કે વ્યકિતઓના જૂથ કે પરવાનેદાર કે વીજ ઉત્પાદન કંપની કે તેના ગ્રાહકો કે અન્ય પરવાનેદારના ગ્રાહકો સામે ગેરવાજબી ભેદભાવ દર્શાવશે નહીં.

પરંતુ અધિનિયમ કે રાજય અધિનિયમ અન્વયે રાજય સરકારના કોઈ આદેશોનું પાલન કરવાથી કે રાજય આયોગે પસાર કરેલા કોઈપણ હુકમના અમલના પરિણામે કોઈને અનુચિત પસંદગી આપવામાં આવે તો, વિતરણ પરવાનેદારે, વિતરણ લાઈસન્સ હેઠળ તેની કોઈ જવાબદારીઓનો ભંગ કયોર્ હોવાનું ગણાશે નહી.

(૨) અનુચિત પસંદગી કે ગેરવાજબી ભેદભાવના અર્થ અંગેના કોઈપણ પ્રશ્ન અંગેનો નિર્ણય આયોગ કરશે, જેમનો આ અંગેનો નિર્ણય આખરી ગણાશે.

૨૭. પૂર્વ-મંજૂરી જરૂરી હોય તેવાં કાર્યો :-

(૧) વિતરણ પરવાનેદાર, આયોગની પૂર્વ લેખિત મંજૂરી વિના નીચેનાં કાર્યો કરશે નહીં.

(એ) બીજા કોઈ પરવાનેદારની યુટિલિટી, ખરીદી દ્વારા કે કબજો સંભાળીને કે અન્યથા મેળવવા કોઈ સોદો કરવો.

(બી) પોતાની યુટિલિટી બીજા પરવાનેદારોની યુટિલિટી સાથે ભેળવી દેવી, અથવા

(સી) વેચાણ, પટો, વિનિયમ કે અન્યથા વિતરણ લાઈસન્સ બીજાને નામે કરવું કે તેની યુટિલિટી કે તેનો કોઈ ભાગ તબદીલ કરવો,

પરંતુ પેટા-ખંડ (એ) કે પેટાખંડ (બી) માં દર્શાવેલ યુટિલિટી ગુજરાત રાજ્ય સિવાયના બીજા રાજ્યમાં આવેલી હોય તો, મંજૂરીની જરૂર રહેશે નહીં.

(૨) ઉપરના ખંડ (૧) અન્વયે નિર્દેષ્ટિ કોઈપણ લેવડ-દેવડને લગતી કોઈપણ સમજૂતિ, આયોગની પૂર્વ- મંજૂરી વિના કરવામાં આવે તો તે રદબાતલ ગણાશે.

(૩) વિતરણ પરવાનેદાર, આયોગ પાસેથી ઉપર્યુકત ખંડ (૧) હેઠળ મંજૂરી મેળવતાં પહેલાં , તેના લાઈસન્સના વિસ્તારમાં વીજળીના પ્રસાહન કે વિતરણ કરનાર દરેક અન્ય પરવાનેદારને ઓછામાં ઓછા એક મહિનાની નોટિસ આપશે.

(૪) આવી પૂર્વ-મંજૂરી જરૂરી હોય ત્યાં, વિતરણ પરવાનેદાર આયોગને યોગ્ય અરજી કરશે જેમાં, તે અંગેની પ્રસ્તુત વિગતો જાહેર કરશે. આયોગ, રજૂ કરાયેલી અરજીના ત્રણ મહિનાની અંદર, યોગ્ય જણાય તેવી શરતો અને સુધારાને અધીન રહીને વ્યવસ્થા અંગે મંજૂરી આપશે અથવા લેખિતમાં નોધવાના કારણોસર તેનો ઈન્કાર કરી શકશે.

૨૮. વિતરણ પરવાનેદારનો બીજો ધંધો

(૧) વિતરણ પરવાનેદાર, આયોગને અગાઉથી જાણ કરીને આવી પ્રવૃતિથી વિતરણ વ્યવસ્થાને આવરી લેતી અસ્કયામતો પૂર્વ-જરૂરી અગવડોનો અધિકતમ ઉપયોગ થવાની શકયતા હોય ત્યાં સુધી અને નીચેની શરતોને અધીન રહીને, કોઈ બીજા ધંધામાં કામ કરી શકશે.

(એ) લાઈસન્સયુકત ધંધો અને વિતરણ પરવાનેદાર દ્વારા તે અંગેના સંચાલનને કોઈ રીતે બાધક બને અને /અથવા વિપરીત અસર ન થાય,

(બી) આવા બીજા ધંધામાંથી મળતી આવકનો અમુક ભાગ, અયોગ નિર્દેષ્ટિ કરે તે પ્રમાણે, વિતરણ પરવાનેદારના વ્હીલીંગ-ચાર્જમાં ઘટાડો કરવા વપરાશે.

(સી) વિતરણ પરવાનેદાર આવા અન્ય દરેક ધંધા માટે અલગ હિસાબ રાખશે, જેથી સુનિશ્ચિત કરી શકાય કે લાઈસન્સયુકત ધંધાની ન તો અન્ય ધંધાદારી ઉપક્રમને કોઈ રીતે આર્થિક સહાય મળી છે, ન તો આવા ધંધાની સહાય કરવા કોઈપણ રીતે વિતરણ અસ્કયામતો પર કોઈ બોજ નાંખવામાં આવ્યો છે.

(ડી) વિતરણ પરવાનેદાર, આયોગ આ અંગે નિર્દેષ્ટિ કરે તેવી માર્ગદર્શક સૂચનાઓનો હંમેશા અમલ કરશે.

(૧) વિતરણ પરવાનેદાર, લોન અંગે કોઈ કરાર કરતાં પહેલાં અથવા કોઈ વ્યકિતની કોઈ જવાબદારી કે જે ૧૯૫૬ના કંપની અધિનિયમ દ્વારા ઠરાવેલી પરવાનગીપાત્ર મર્યાદા કરતાં વધુ હોય, અથવા ૧૯૫૬ના કંપની અધિનિયમ અન્વયે અપવાદ અને અથવા મુકિત તરીકે હોવાનું ઘટાવી શકાય તેમ ન હોય તે માટે કોઈ બાંયધરી આપશે નહીં. આવી મંજૂરી મેળવવાની જરૂરીયાતોમાંથી, કર્મચારીઓને તેમની નોકરીની મુદત મુજબ મળતી લોનો

અને ધંધાના સામાન્ય ક્રમમાં પુરવઠાકારોને મળતી પેશગીઓ બાકાત કરવામાં આવી છે.

(૨) આ વિનિમય-૨૮માં સમાવિષ્ટ કશું પણ, અધિનિયમ અમલમાં આવતાં પહેલાં વીજળી વિતરણના ધંધામાં રોકાયેલ સ્થાનિક સત્તાધિકારીને લાગુ પડશે.

૨૯. ફ્રેન્ચાઈઝી

વિતરણ પરવાનેદાર તેના પુરવઠા વિસ્તારમાં નિર્દિષ્ટ વિસ્તાર માટે વીજળી વિતરણ કામગીરી સંભાળવા બીજી કોઈ વ્યકિતને અધિકૃત કરી શકશે,
પરંતુ હંમેશા :

(એ) આવી કોઈપણ વ્યકિત, વિતરણ પરવાનેદારની સંપૂર્ણ દેખરેખ અને નિયંત્રણ હેઠળ તથા વિતરણ લાઈસન્સની શરતો અનુસાર કામ કરશે અને

(બી) વિતરણ પરવાનેદારે કોઈપણ કાર્યની સોંપણી કરતાં પહેલાં, આવા પગલાંની આયોગને જાણ કરવાની રહેશે. અને તેની લેખિત મંજૂરી મેળવવાની રહેશે. અને

(સી) વિતરણ પરવાનેદાર, સોંપેલા કાર્યો સંબંધમાં આવી વ્યકિતનાં તમામ કાર્યો માટે જવાબદાર ગણાશે.

૩૦. સ્પર્ધા વિરોધી પ્રણાલિકા

વિતરણ પરવાનેદાર કોઈ સમજૂતિ (કરાર) કરે કે તેની વર્ચસ્વવાળી સ્થિતિનો દુરુપયોગ કરે અથવા એ બંનેનો સંયુકતપણે ઉપયોગ કરે, જેનાથી વીજ ઉદ્યોગમાં સ્પર્ધા પર પ્રતિકૂળ અસરો પહોચે કે પહોચાડવામાં આવે તો આયોગ તેને યોગ્ય જણાય તેવા આદેશો આપશે.

૩૧. વિનિયમો, સંહિતા (કોડ), હુકમો અને આદેશોનું પાલન

(૧) અધિનિયમ અને રાજય અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા આયોગને યોગ્ય જણાય તે મુજબ વખતોવખત તેના દ્વારા બહાર પાડવામાં આવતા વિનિયમો, સંહિતા (રાજય ગ્રિડ સંહિતા, વિતરણ સંહિતા, પુરવઠા સંહિતા અને પરવાનેદારોની કામગીરીનાં ધોરણો સહિત), હુકમો, માર્ગદર્શક સૂચનાઓ અને આદેશોનું વિતરણ પરવાનેદાર હંમેશા પાલન કરશે અને તે વિતરણ લાઈસન્સની શરતો અનુસાર કામ કરશે સિવાય કે તેણે આવા આદેશો અને શરતોથી કોઈ તફાવત ફેરફાર (deviation) માટે આયોગની મંજૂરી મેળવી હોય.

(૨) વિતરણ પરવાનેદાર, તેને પાળન કરવાનું જરૂરી હોય તે વિતરણ લાઇસન્સની શરતો તથા કોઇપણ હુકમ, સંહિતા, માર્ગદર્શક સૂચના કે વિનિયમોની પાલન -કામગીરી પર દેખરેખ રાખશે, અને વિતરણ પરવાનેદારને જાણ થાય કે તેના પક્ષે, વિતરણ લાઇસન્સ કે કોઇપણ હુકમ, સંહિતા, માર્ગદર્શક સૂચના કે વિનિયમોનું મહત્વનું ઉલ્લંઘન થયું છે, તો તે બનતી ત્વરાએ મહત્વપૂર્ણ (મિટિરીયલ બ્રીચ) ઉલ્લંઘનની આયોગને જાણ કરશે.

૩૨. કામગીરીનાં ધોરણો (સ્ટાન્ડર્ડઝ ઓફ પરફોર્મન્સ)

(૧) વિતરણ પરવાનેદાર, તેને લાગુ પાડવાપાત્ર પરવાનેદારની કામગીરીનાં ધોરણો (સ્ટાન્ડર્ડઝ ઓફ પરફોર્મન્સ ઓફ લાયન્સસીઝ) માં આયોગે નિર્દિષ્ટ કરેલ ધોરણો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જાય તો, કરવામાં આવે તેવી કોઇપણ શિક્ષાને અથવા શરૂ કરવામાં આવે તેવી ફોજદારી કાર્યવાહીને બાધક બન્યા વિના આવા વિતરણ પરવાનેદાર, આયોગ નક્કી કરે તે પ્રમાણે અસર થયેલ વ્યક્તિને આવી નુકસાની ચૂકવવા જવાબદાર બનશે.

પરંતુ, નુકસાની નક્કી કરતાં પહેલાં, સંબંધિત વિતરણ પરવાનેદારને સાંભળવાની વાજબી તક આપાવામાં આવશે.

(૨) ખંડ (૧) અન્વયે નક્કી કરેલ નુકસાની, સંબંધિત વિતરણ પરવાનેદાર, આવા નિર્ણયના (નેવું) દિવસની અંદર ચૂકવી દેશે.

(૩) વિતરણ પરવાનેદાર આયોગે નિર્દિષ્ટ કરેલ મુદ્દતની અંદર આયોગની નીચેની માહિતી મોકલી આપશે, જેમકે

(એ) ઉપરના ખંડ (૧) અન્વયે સિધ્ધ કરેલ કામગીરીની સપાટી

(બી) ઉપરના ખંડ (૨) અન્વયે જેમાં નુકસાની ચુકવાઇ હોય તેવા કેસોની સંખ્યા અને નુકસાનીની એકંદર રકમ

(૪) ઉપરના ખંડ (૩) અન્વયે આયોગને રજૂ કરાયેલી માહિતી, તેને યોગ્ય લાગે તેવા સ્વરુપમાં અને તે રીતે આયોગ ઓછામાં ઓછું વર્ષમાં એકવાર છપાવશે.

૩૩. રાજય પ્રવાહન યુટિલીટી (ટ્રાન્સમિશન યુટિલીટી) રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) અને બીજા પરવાનેદારો

(૧) વિતરણ પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) અને રાજય પ્રવાહન યુટિલીટી અને / અથવા અન્ય પરવાનેદારો અધિનિયમ અને / અથવા રાજય અધિનિયમ અન્વયે તેમનાં કાર્યો બજાવી શકે અને તેમની સત્તાઓ વાપરી શકે તે માટે વાજબીપણે જરુરી હોય તેવી માહિતી તેઓની પૂરી પાડશે.

(૨) વિતરણ પરવાનેદાર, રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) અને રાજ્ય પ્રવાહન યુટિલીટીના અધિનિયમ અને અથવા રાજ્ય અધિનિયમ અન્વયે બહાર પાડેલા આદેશોનું હંમેશા પાલન કરશે.

(૩) વિતરણ પરવાનેદાર, વીજ વ્યવસ્થાના કાર્યક્ષમ અને સંકલિત કાર્ય-સંચાલન માટે વીજ ઉત્પાદન કંપનીઓ, અન્ય પરવાનેદારો અને રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) સાથે સહકારથી કામ કરશે.

૩૪. મીટર-સ્થાપનની જવાબદારી :

(૧) કેન્દ્રિય વિદ્યુત સત્તાતંત્ર વતી આ અંગે કરાયેલા વિનિયમો અનુસાર સાચું મીટર સ્થાપિત કર્યા સિવાય કોઈ વિતરણ પરવાનેદાર, નિયત તારીખથી બે વર્ષ પૂરા થયા પછી વીજળી પૂરી પાડશે નહીં.

પરંતુ વિતરણ પરવાનેદાર ગ્રાહકને મીટરની કિંમત પેટે જામીનગીરી આપવા જણાવશે અને ગ્રાહક મીટર ખરીદવાનું પસંદ કરે તે સિવાય તેના ભાડા માટે સમજૂતિ કરશે.

પરંતુ આયોગ જાહેરનામા દ્વારા વ્યકિતઓના વર્ગો માટે અથવા તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલ હોય તેવા વિસ્તાર માટે બે વર્ષની ઉકત મુદતમાં વધારો કરી શકશે.

(૨) વીજ-ઉત્પાદન, પ્રવાહન અને વિતરણ કે લે-વેચ અંગે યોગ્ય હિસાબ-પદ્ધતિ અને ઓડિટ માટે, કેન્દ્રિય વિદ્યુત સત્તાતંત્ર (સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી) વિતરણ પરવાનેદારના વીજળીના વિતરણ અને લે વેચના તબક્કે અને તેને જરૂર જણાય તેવા વીજળીના વિતરણ કે લે-વેચના સ્થળે મીટરો સ્થાપિત કરવા આદેશ આપી શકશે.

૩૫. ચૂકવણીમાં કસૂર કેસમાં વીજપૂરવઠો કાપી નાખવાની સત્તા

(૧) વીજપૂરવઠો, પ્રવાહન(ટ્રાન્સમીશન) કે વિતરણ કે વ્હીલીંગની બાબતમાં વિતરણ પરવાનેદાર અથવા(વીજ ઉત્પાદન કંપની) ના તેની પાસેથી લેણાં નીકળતાં વીજળી માટેનો કોઈપણ ખર્ચ અથવા વીજળી ખર્ચ સિવાયની બીજી કોઈ રકમ ચૂકવવાની બેદરકારી દર્શાવે ત્યારે વિતરણ પરવાનેદાર (અથવા વીજ ઉત્પાદન કંપની) આવી વ્યકિતને લેખિતમાં ઓછામાં ઓછા પંદર (૧૫) પૂરા દિવસોની નોટિસ આપ્યા બાદ દાવા દ્વારા આવો ખર્ચ કે બીજી રકમ પાછી મેળવવાના તેના હકોને બાધક બન્યા સિવાય જે લાઈનો મારફત વીજળીનો પુરવઠો, પ્રવાહન૪ વિતરણ કે વ્હીલીંગ થતું હોય તેવી કોઈપણ વીજ-પુરવઠા લાઈન કે બીજા કામો વિતરણ પરવાનેદારની અથવા વીજ ઉત્પાદન કંપનીના માલિકીના હોઈ તેની લાઈન કાપી નાંખી શકશે કે જોડાણ છૂટુ કરી શકશે અને આવો ખર્ચ તેમજ બીજી રકમ, વીજપુરવઠાનું, જોડાણ કાપી નાંખવા અને

તેનું ફેરજોડાણ કરવા કરાયેલા કોઈપણ ખર્ચ સાથે મળીને ચૂકવવામાં નહીં આવે ત્યાં સુધી પુરવઠો બંધ રાખી શકાશે, પરંતુ તેથી વધુ લાંબો સમય તેમ કરી શકાશે નહીં.

(૨) પરંતુ આવી વ્યકિત વાંધા હેઠળ આવી નીચે મુજબ રકમ ભરે તો વીજ પુરવઠો કાપી શકાશે નહીં.

(એ) તેની પાસે માંગણી કરાતી હોય તે રકમની સમતુલ્ય રકમ અથવા

(બી) તેના અને વિતરણ પરવાનેદાર વચ્ચેની કોઈપણ તકરારનો નિકાલ બાકી રાખીને આગલા છ મહિના દરમ્યાન તેને ચૂકવેલ સરેરાશ વીજ-ખર્ચના આધારે ગણી કાઢેલ દરેક મહિના માટે તેની પાસે બાકી નીકળતું જે ઓછું હોય તે વીજળી ખર્ચ.

(૩) તત્સમય પૂરતું અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં સમાવિષ્ટ કાંઈપણ હોય તેમ છતાં, વિનિયમ ૩૪માં ઉલ્લેખ કર્યા મુજબ કોઈપણ ગ્રાહક પાસેથી કોઈપણ રકમ પૂરી પાડેલી વીજળીના ખર્ચની બાકી રકમ તરીકે વસૂલપાત્ર તરીકે સતત બતાવવામાં આવી હોય તે સિવાય આવી રકમ પ્રથમ વાર રકમ લેણી થાય તે તારીખથી બે વર્ષની મુદત પત્યા બાદ વસૂલાતપાત્ર રહેશે નહીં.

(૪) જ્યાં

(એ) તેને આપેલા વીજ-પુરવઠા બાબતમાં બોર્ડ કે પરવાનેદારને ચૂકવવાની તેની લેણીના નીકળતી વીજળીના ખર્ચ સિવાયની બીજી કોઈ રકમ કે વીજળી અંગેનું કોઈપણ ખર્ચ ચૂકવવામાં બેદરકારી દર્શાવનાર કોઈપણ વ્યકિત અને

(બી) બોર્ડ કે પરવાનેદારના આવા ખર્ચ કે અન્ય રકમ જેમની પાસેથી બાકી નીકળતાં હોય તે રાજય સરકારની માલિકીની કે નિયંત્રણ હેઠળની સરકારી કંપની કે નિગમ હોય ત્યાં બોર્ડ કે પરવાનેદારના લેણાં નીકળતાં આવા ખર્ચ અને અન્ય રકમનો અથવા આવા ખર્ચ અને અન્ય રકમની એકંદર થતી રકમ જમીન મહેસૂલ બાકી તરીકે વસૂલાતપાત્ર બનશે.

૩૬. રેલવે, ધોરીમાર્ગ, તારની લાઈનો, વગેરેનું રક્ષણ.

(૧) વિતરણ પરવાનેદાર વીજળી વિતરણ, પુરવઠા કે ઉપયોગના કામકાજ દરમ્યાન સ્થાનિક સત્તાતંત્રમાંનિહિત કે તેના દ્વારા નિયંત્રિત કોઈપણ રેલવે ધોરીમાર્ગ, હવાઈમથક, ટ્રામમાર્ગ, નહેર કે જળમાર્ગ અથવા કોઈપણ બંદર, ધક્કો કે પુસ્તાને કોઈપણ રીતે નુકસાન પહોંચાડશે નહીં કે કોઈપણ રેલવે હવાઈમાર્ગ, ટ્રામમાર્ગ, નહેર કે જળમાર્ગ પરના ટ્રાફિક અંગે અવરોધ કે દખલ કરશે નહીં.

(૨) વિતરણ પરવાનેદાર, તેની વીજળી લાઈનો, વીજળી પ્લાન્ટ અને અન્ય કામોના બાંધકામ, તે નાંખવા અને વ્યવસ્થિત ગોઠવવા તથા તેની પ્રણાલીના

INDEX

કામકાજમાં તમામ વાજબી સાવચેતી લેશે જેથી, વીજ પ્રેરણ (ઈન્ડક્ષન) દ્વારા કે અન્યથા સંદેશા વ્યવહારનું સિગ્નલિંગ કરનાર તાર, ટેલિફોન કે વીજળિક હેતુ માટે તે પ્રમાણે આવા સુધારા કે વધારા કરશે. પરંતુ ઉપરના ખંડ (૩) અને આ ખંડ(૪) માંનું કશું પણ, વીજળી લાઈન કે વીજળિક પ્લાન્ટનો માર્ગ અને તેના દ્વારા પ્રવાહિત કરતી વીજળીના પ્રમાણ અને સ્વરૂપને બદલવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ વીજળિક લાઈન કે વીજળિક પ્લાન્ટની મરામત, નવીકરણ કે સુધારાને લાગુ પડશે નહીં. માટે વપરાયેલા કોઇપણ વાયર કે લાઇનના કામકાજને અથવા આવા વાયર કે લાઇનમાં વીજપ્રવાહને હાનિકારક અસર કરશે નહીં.

(૩) ઉપરના ખંડ(૨) નો ભંગ કરીને, વિતરણ પરવનેદારે તેની વીજળિક લાઇનો, વીજળિક પ્લાન્ટ કે અન્ય કામોનું બાંધકામ, લાઇનો નાખવા કે ગોઠવવાનું કામ કર્યુ છે કે કેમ અથવા કોઇપણ વાયર, લાઇન કે વીજ પ્રવાહની કામગીરીથી નુકસાનકર્તા અસર થઇ છે કે થઇ નથી તે અંગે વિતરણ પરવાનેદાર અને ટેલિગ્રાફિક સત્તાતંત્ર (ઓથોરિટિ) વચ્ચે કોઇ મતભેદ કે તકરાર ઉભી થાય ત્યારે, આ બાબત કેન્દ્ર સરકારને પુછાણ કરાશે.

(૪) વિતરણ પરવાનેદારે આવી લાઇન, પ્લાન્ટ કે કામોનું બાંધકામ કર્યા પછી તેની વીજળિક લાઇનો, વીજળિક પ્લાન્ટ કે કામોની તદ્દન અડોઅડ ગેરવ્યાજબી રીતે વાયરો કે લાઇન નાખવામાં આવ્યા છે એવો કેન્દ્ર સરકારનો અભિપ્રાય ન થાય તો, કેન્દ્ર સરકાર વિતરણ પરવાનેદારને વિનિયમ-૩૫ ની જોગવાઇઓનું પાલન કરવ જરૂરી જણાય તે પ્રમાણે તેની સિસ્ટમમાં આવા સુધારા કે વધારા કરવા ફરમાવી શકશે.

(૫) વિતરણ પરવાનેદાર, આ કલમની આવશ્કયતાઓનું પાલન કરવામાં કસૂર કરશે તો, તેના કારણસર થયેલ કોઈપણ ખોટ કે નુકસાન માટે પૂરેપુરું વળતર ચૂકવશે અને આવા વળતરની રકમ અંગે કોઈ મતભેદ કે તકરાર ઊભી થાય તો, આ બાબત, અધિનિયમની કલમ-૧૫૮ અનુસાર આયોજિત લવાદ દ્વારા નિર્ણય કરાશે.

સ્પષ્ટીકરણ -આ વિનિયમ ૩૫ના હેતુસર, ટેલિગ્રાફિક, ટેલિફોનિક કે ઈલેકિટ્રક સિગ્નલિંગ કમ્યુનિકેશનને આવી લાઈનના સાધનો દ્વારા, ઈન્ડકશન મારફત કે અન્યથા, વીજળી લાઈન, વીજળિક પ્લાન્ટ કે અન્ય કામો દ્વારા કે તેના કરેલા કોઈપણ ઉપયોગ દ્વારા અવરોધક (Predejvciding interfered) દખલ ઊભી થાય તો ટેલિગ્રાફ લાઈનને હાનિકારક અસર થઈ હોવાનું ગણવામાં આવશે.

૩૭. મકાનોમાં પ્રવેશીને જોડાણો (ફિટિંગ્ઝ) દૂર કરવાની સત્તા

(૧) વિતરણ પરવાનેદાર વીજળી પૂરી પાડતો હોય કે પૂરી પાડી હોય તેવા કોઈપણ મકાનમાં, અથવા તેણે, નીચેના હેતુઓ માટે કાયદેસર મકાન કે જમીનની નીચે, ઉપર, સાથોસાથ, તેમાં થઈને કે તેની અંદર કે ઉપર થઈને વીજળી પુરવઠા લાઈનો કે અન્ય કામોની ગોઠવણ કરી હોય તેવાં કોઈપણ મકાનોમાં, વિતરણ પરવાનેદાર અથવા તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલ

કોઈપણ વ્યકિત, કોઈપણ ઉચિત સમયે, પોતાના ઈરાદાની કબજેદારને જાણ કરીને પ્રવેશી શકાશે.

(એ) વિતરણ પરવાનેદારની માલિકીની વીજ પુરવઠા લાઈનો, મીટરો, ફિટિંગ્ઝ, બાંધકામો અને વીજળી પુરવઠા માટેનાં ઉપકરણોના નિરીક્ષણ, પરીક્ષણ, મરામત કે ફેરફાર કરવા; અથવા

(બી) પૂરી પાડેલ વીજળીના પ્રમાણની અથવા પુરવઠામાં સમાવિષ્ટ વીજળી જથ્થાની ખાતરી કરવા;

(સી) જયાં વીજ પુરવઠાની લાંબો સમય જરૂર ન હોય અથવા જયાં વિતરણ પરવાનેદારની તેની માલિકીનાં આવા પુરવઠા કોઈપણ વીજળી પુરવઠા લાઈનો, મીટરો ફિટિંગ્સ, બાંધકામો કે ઉપકરણો ખસેડી લેવાની અને જોડાણ કાપી નાખવાની સત્તા હોય ત્યાં તે ખસેડવા;

(૨) વિતરણ પરવાનેદાર અથવા ઉપર જણાવ્યા પ્રમાણે અધિકૃત કોઈ વ્યકિત, કાર્યપાલક મેજિસ્ટ્રેટે આ અંગે કરેલ ખાસ આદેશ અનુસાર અને કબજેદારને ઓછામાં ઓછા ચોવીસ કલાકની લેખિત નોટિસ આપ્યા બાદ-

(ક) ઉપરના ખંડ (૧) માં દર્શાવેલા કોઈપણ હેતુસર તેમાં ઉલ્લેખ કરેલ કોઈપણ મકાન કે જમીનમાં પ્રવેશ કરી શકશે;

(ખ) તેણે જયાં વીજળી પૂરી પાડવાની હોય તેવા, ગ્રાહકની માલિકીનાં વીજળીના ઉપયોગ માટેના વીજળી વાયરોના ફિટીંગ, બાંધકામો અને ઉપકરણોનાં પરીક્ષણ અને કસોટીનાં હેતુસર, કોઈપણ મકાનમાં પ્રવેશ કરી શકશે.

(૩) ગ્રાહક, વિતરણ પરવાનેદાર કે ઉપર જણાવ્યા પ્રમાણે અધિકૃત કોઈપણ વ્યકિતને ઉપર્યુકત ખંડ (૧) કે (૨) ની જોગવાઈઓ અનુસાર તેના મકાન કે જમીન પર પ્રવેશવાનો ઈન્કાર કરે, અથવા આ રીતે પ્રવેશેલ આવા વિતરણ પરવાનેદાર કે વ્યકિતને, તે ખંડો દ્વારા જે કરવા તેને અધિકૃત કરેલ હોય તેવું કોઈ કામ કરવા દેવાનો ઈન્કાર કરે, અથવા આવા પ્રવેશ કે કામગીરી માટે વાજબી સગવડો આપવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર ગ્રાહકને બજાવેલી લેખિત નોટિસના ચોવીસકલાક પૂરા થયા પછી, લાંબો સમય માટે નહીં પરંતુ આવો ઈન્કાર કરે કે નિષ્ફળતા ચાલુ રહે ત્યાં સુધી, ગ્રાહકના પુરવઠાનું જોડાણ કાપી નાંખી શકશે,

૩૮. આયોગને માહિતી

(૧) વિતરણ પરવાનેદાર, આયોગને વખતોવખત જરૂર પડે તેવી, તેના પોતાના હેતુસર અથવા કેન્દ્ર સરકાર, રાજય સરકાર, કેન્દ્રિય વિદ્યુત નિયંત્રક આયોગ, કેન્દ્રિય વિદ્યુત સત્તાતંત્ર, પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર (લોડ ડિસ્પેચ સેન્ટર), રાજય વીજભાર રવાનગી કેન્દ્ર (લોડ ડિસ્પેચ સેન્ટર), કેન્દ્રિય પ્રવાહન યુટિલીટી અને રાજય પ્રવાહન યુટિલીટીના હેતુસર, વિતરણ

INDEX

પરવાનેદારની લાઈસન્સયુકત ધંધાની કે બીજા કોઈ ધંધાની કે બીજા કોઈ ધંધાની લગતી માહિતી, દસ્તાવેજો અને વિગતો વિના વિલંબે આયોગને મોકલી આપશે. આ માહિતી, આયોગ નિર્દિષ્ટ કરે તેવા સ્વરૂપે રજૂ કરવામાં આવશે.

(૨) વિતરણ પરવાનેદાર, વિતરણ સિસ્ટમના કોઈ ભાગને અસર પહોંચે તેવી કોઈ મોટી ઘટના (વિતરણ-સંહિતામાં વ્યાખ્યા કર્યા પ્રમાણે) બને ત્યારપછી મોડામાં મોડું એક અઠવાડિયાની અંદર બને તેટલી ત્વરાથી આયોગને જાણ કરશે અને આવી મોટી ઘટનાની તારીખથી એક મહિનાની અંદર,

(એ) મોટી ઘટના અને તેનાં કારણો અંગે વિતરણ પરવાનેદારની જાણમાં હોય તેવી હકીકતોની પૂરેપૂરી વિગતો આપતો અહેવાલ રજૂ કરશે. આયોગ પોતાના વિવેકાધિકાર પ્રમાણે, વિતરણ પરવાનેદારના ખર્ચે સ્વતંત્ર વ્યકિત પાસે અહેવાલ તૈયાર કરાવીને રજૂ કરવા જણાવી શકે.

(બી)આયોગને તથા આયોગ ફરમાવે તે પ્રમાણે આ મોટી ઘટનામાં સામેલ તમામ પક્ષકારોને અહેવાલની નકલો મોકલશે.

(૩) આયોગ, વિતરણ પરવાનેદારના કોઈપણ કર્મચારી કે એજન્ટને પક્ષે નાયેલા કોઈપણ કૃત્ય, ચૂક કે બેદરકારીને કારણે થયેલી આ મોટી ઘટનાથી જેઓને નોંધપાત્ર ઈજા થઈ હોય અથવા જેમના વારસદારોએ જાન ગુમાવ્યા હોય તેવી કોઈ વ્યકિતને, આયોગ નિર્દિષ્ટ કરે તે પ્રમાણે નુકસાનીની રકમ ચૂકવવા વિતરણ પરવાનેદારને હુકમ આપીને ફરમાવી શકે.

(૪) મોટી ઘટના કોને કહેવાય તે અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૫) વિતરણ પરવાનેદાર, બનતી ત્વરાએ, નીચેની વિગતો અંગે આયોગને જાણ કરશે.

(એ) સંજોગોમાં કોઈ નોંધપાત્ર ફેરફાર કે જેનાથી વિતરણ પરવાનેદારને તેની ફરજો પરિપૂર્ણ કરવાની ક્ષમતા પર અસર પહોંચે.

(બી) અધિનિયમ, રાજય અધિનિયમ, તે હેઠળ ઘડેલા નિયમો, વિનિયમો અને સંહિતા તથા આયોગે આપેલા હુકમો અને આદેશો તથા વિતરણ પરવાનેદારે, અન્ય પરવાનેદારો અથવા વીજ ઉત્પાદન કંપનીઓ કે ગ્રાહકો સાથે કરેલી સમજૂતિઓ/ગોઠવણોની શરતોની જોગવાઈઓનું કોઈ મહત્વપૂર્ણ ઉલ્લંઘન; અને/અથવા

(સી) વિતરણ પરવાનેદારના શેરહોલ્ડિંગ ઢાંચામાં કે માલિકી, નિયંત્રણ કે મેનેજમેન્ટમાં કોઈ મોટો ફેરફાર.

૩૯. વિતરણ પરવાનેદારની બીજી જવાબદારીઓ

(૧) આયોગ, વિતરણ પરવાનેદારને વધારામાં નીચેની કામગીરી કરવા જણાવી શકશે.

(એ) વિતરણ પરવાનેદાર દ્વારા સંચાલિત વીજળી લાઈનો, વીજળી પ્લાન્ટ અને સંલગ્ન ઉપકરણોનો ઉપયોગ કરતાં બીજી વ્યકિતને પરવાનગી આપવા અંગે તેવી વ્યકિત સાથે સમજૂતી કરવા;
(બી) આયોગને તેના હેતુસર જરુર પડે તેવી માહિતી અને દસ્તાવેજો મોકલવાં;
(સી) વિતરણ પરવાનેદારે હાથ ધરવા વિચારી હોય તેવી વિતરણ લાઈસન્સ દ્વારા મંજૂરી અપાયેલી કોઈપણ યોજનાની આયોગને જાણ કરવી;
(ડી) આયોગ અલગ આદેશ દ્વારા નિર્દિષ્ટ કરે તે પ્રમાણે, ૧૯૧૦ના ભારતીય વીજળી અધિનિયમ અને ૧૯૪૮ના વીજળી (પુરવઠા) અધિનિયમ અન્વયે બોર્ડનાં આંવાં કાર્યો અને જવાબદારી હાથ ધરવાં.
(ઈ) વિતરણ લાઈસન્સ હેઠળ ઊભા થયેલા કોઈપણ વિવાદના નિર્ણય માટે આયોગને અથવા આયોગે નિયુકત કરેલા લવાદને પૂછાણ કરવું;
(એફ) રાજયની અંદર અન્ય પરવાનેદાર અથવા મુકિત (exemption) ધરાવનાર અથવા મંજુરી ધરાવનારને અથવા રાજયની બહાર કોઈપણ વ્યકિતને જથ્થાબંધ વીજળી પુરી પાડવી;
(જી) આયોગ આપે તેવા બીજા કોઈપણ આદેશોનું પાલન કરવું; અને
(એચ) વિતરણ પરવાનેદારની શરતો અનુસાર કામ કરવું.

૪૦ વિતરણ પરવાનેદારના હિસાબો

(૧) વિતરણ પરવાનેદાર :
(એ) લાઈસન્સયુકત ધંધા માટે હિસાબોની અલગ માહિતી અને પત્રક રાખશે;
(બી) આયોગ નિર્દિષ્ટ કરે તેવા ફોર્મમાં અને તેવી વિગતો સમાવિષ્ટ કરતું હિસાબોનું પત્રક, આયોગ નિર્દિષ્ટ કરે તેટલા સમય પૂરતું રાખશે. વખતોવખત સુધાર્યા મુજબ, લાગુ પડે ત્યાં, ૧૯૫૬નો કંપની અધિનિયમ (૧૯૫૬નો ૧લો) અનુસાર અને બીજા તમામ કેસોમાં ધોરણસરની હિસાબપદ્ધતિ પ્રેકટિસ અનુસાર હિસાબો રાખવામાં આવશે.
(સી) આ લાઈસન્સયુકત ધંધાના હિસાબો, વિતરણ પરવાનેદાર દ્વારા કરાતા બીજા કોઈ લાઈસન્સયુકત કે અન્ય ધંધાના હિસાબોથી અલગ રાખશે;
(ડી) આવા રેકર્ડ પરથી સુસંગત ધોરણે, નફા-નુકશાનના હિસાબ, સરવૈયું તથા નાણાં સ્ત્રોતોનું પત્રક અને નાણાંનો ઉપયોગ તથા અંગેની નોંધો સમાવિષ્ટ કરતું અને
(૧) કોઈપણ મહેસૂલ, ખર્ચ, અસ્કયામત, જવાબદારી, અનામત રકમ કે જેને તે ખર્ચના આધારના વર્ણન સહિત બીજા કોઈ ધંધામાંથી ખર્ચ કરેલ કે તે ખાતે ઉધારેલ હોય અથવા.
(૨) આવી વહેંચણી કે ફાળવણીના આધારના વર્ણન સાથે વિતરણ પરવાનેદારની વિવિધ ધંધાદારી પ્રવૃતિઓ વચ્ચે વહેંચણી કે ફાળવણી માટે નકકી કરેલ હોય તે રકમો અલગ રીતે દર્શાવવા સહિત દરેક વર્ષના હિસાબનાં પત્રકો, તૈયાર કરવાં.
(ઈ) આગળના ખંડો પ્રમાણે તૈયાર કરેલા હિસાબના પત્રકો બાબતમાં, દરેક વર્ષનો ઓડિટરોનો અહેવાલ પૂરો પાડવો, જેમાં જણાવવું કે તેઓના મતે, આ પત્રકો યોગ્ય રીતે તૈયાર કરાયા છે કે કેમ અને આ પત્રકો જેને લગતાં હોય તે ધંધાને લગતી આવક, ખર્ચ, અસ્કયામતો, જવાબદારીઓ અને અનામત રકમોનું સાચું અને વાજબી ચિત્ર આપ્યું છે કે કેમ

(એફ) હિસાબનાં પત્રકો અને ઓડિટરનો અહેવાલ જે વર્ષને લગતાં હોય તે વર્ષ પુરું થયા પછી મોડામાં મોડા છ મહિનામાં તેની નકલો આયોગને રજૂ કરવી.

(૨) આયોગે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિત, વિતરણ પરવાનેદારના હિસાબોનું નિરીક્ષણ અને ખરાઈ કરશે અને વિતરણ પરવાનેદાર આવી વ્યકિતને જરુરી તમામ સહાય આપશે.

આયોગની કેટલીક સત્તાઓ

૪૧. વીજ પુરવઠો, વિતરણ, વપરાશ અને ઉપયોગનું વિનિયમન કરવું.

આયોગનો એવો અભિપ્રાય થાય કે કાર્યક્ષમ પુરવઠાની જાળવણી કરવા, વીજળીનું સમાન વિતરણ કરવા તથા સ્પર્ધાને પ્રોત્સાહન આપવા આમ કરવું જરૂરી કે આવશ્યક છે તો તે, પુરવઠો, વિતરણ, વપરાશ કે તેના ઉપયોગને વિનિયમિત કરવા હુકમથી જોગવાઈ કરી શકશે.

૪૨. તપાસ અને નિરીક્ષણ

(૧) આયોગને ખાતરી થાય કે વિતરણ પરવાનેદાર, વિતરણ લાઈસન્સની કોઈપણ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે અથવા અધિનિયમ કે રાજય નિયમ અથવા તે હેઠળ ઘડેલા નિયમો કે વિનિયમોની કોઈપણ જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે, તો આયોગ, હુકમમાં નિર્દિષ્ટ (અહીં હવે પછી આ કલમમાં 'તપાસ અધિકારી' (Investigation officer) તરીકે ઉલ્લેખ કર્યો છે.) કોઈપણ વ્યકિતને, કોઈપણ સમયે, વિતરણ પરવાનેદારના કામકાજની તપાસ કરવા અને આવા તપાસ અધિકારીએ કરેલી કોઈપણ તપાસ અંગે આયોગને અહેવાલ મોકલવા ફરમાવી શકશે.

(૨) તપાસ અધિકારી, અધિનિયમની જોગવાઈઓ અનુસાર તપાસ કરશે.

(૩) તપાસ અધિકારી પાસેથી તપાસ અહેવાલ મળતાં, આયોગ અધિનિયમની જોગવાઈઓ અનુસાર અને અહેવાલ સંબંધમાં રજૂઆત કરવાની વિતરણ પરવાનેદારને તક આપ્યા પછી, આયોગના મતે તેમ કરવું જણાય તો, લેખિતમાં હુકમ કરીને–

(એ) અહેવાલમાંથી ઊભી થતી કોઈપણ બાબત સંબંધમાં, આયોગને યોગ્ય જણાય તેવું પગલું લેવા વિતરણ પરવાનેદારને જણાવી શકશે; અથવા.

(બી) વિતરણ લાઈસન્સ રદ કરી શકશે.

કાયદાની જોગવાઇઓને આધીન રહીને આયોગ અન્ય પગલાં પણ લઇ શકશે.

(૪) આ વિનિમય ૪૨ અન્વયે તપાસ અધિકારી તેના કાર્યો સંતોષકારક રીતે બજાવી શકે તે સારુ, આયોગના મતે જરુરી જણાય તે પ્રમાણે, વિતરણ પરવાનેદાર તેના ચોપડામાં રાખવાની ઓછામાં ઓછી માહિતી, આ માહિતી જે રીતે રાખવાની હોય તે રીત, વિતરણ પરવાનેદાર આ અંગે અપનાવવાની ચકાસણી અને ખરાઈની બીજી બાબતો અને તેને લગતી બીજી તમામ પ્રાસંગિક બાબતો આયોગ નિર્દિષ્ટ કરી શકશે.

(૫) આ વિનિયમ ૪૧ ના હેતુસર, 'વિતરણ પરવાનેદાર' શબ્દ સમૂહમાં, ભારતમાં સંસ્થાપિત વિતરણ પરવાનેદાના કેસમાં નીચેનાનો સમાવેશ થશે.
(એ) સંપૂર્ણપણે ભારતની બહાર વીજળી વિતરણનો ધંધો હાથ ધરવા માટે રચવા કરાયેલ આવા વિતરણ પરવાનેદારની પેટા-શાખાઓ, અને
(બી) ભારતમાં કે ભારતની બહાર આપેલી તેની તમામ શાખાઓ.

(૬) વિનિમય-૪૨ અન્વયે કરાયેલી કોઈપણ તપાસનો અને તેને પ્રાસંગિક તમામ ખર્ચ, વિતરણ પરવાનેદાર દ્વારા ચૂકવાશે અને વિતરણ પરવાનેદાર પાસેથી બાકી બીજા દેવાં પર તેની અગ્રતા રહેશે અને તે જમીન મહેસૂલ બાકી તરીકે વસૂલ કરાશે.

(૭) વિતરણ પરવાની શરત કે અધિનિયમ કે રાજય અધિનિયમની કે તે હેઠળ ઘડેલા નિયમો કે વિનિયમોની જોગવાઈનો ભંગ થતો નિવારવાના હેતુસર, આયોગ, રાજય અધિનિયમની કલમો ૩૪, ૩૫, ૩૬, ૩૭ અને ૩૮ અનુસાર, વચગાળાનો કે આખરી હુકમ કરશે અથવા વચગાળાના હુકમને આખરી હુકમમાં ફેરવશે.

૪૩. સ્પર્ધા દાખલ કરવી.

(૧) અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, આયોગ, હાલના વિતરણ પરવાનેદારના લાઈસન્સનો જે વિસ્તાર હોય તે જ વિસ્તારમાં કોઈપણ વ્યકિત(ઓ) ને વિતરણ લાઈસન્સ આપી શકશે.

(૨) સ્પર્ધાત્મકતા દાખલ કરવા, અને લાઈસન્સના સમાન વિસ્તારમાં જુદા જુદા વિતરણ પરવાનેદારો વચ્ચે સહકાર અને સંકલન સુનિશ્ચિત કરવા, આયોગ, તેને યોગ્ય જણાય તે પ્રમાણે વિતરણ લાઈસન્સ સુધારવા કે બદલવા યોગ્ય હુકમો બહાર પાડી શકશે.

પરંતુ, આયોગ સૂચિત સુધારા કે ફેરફાર અંગે સાંભળવાની વિતરણ પરવાનેદારને વાજબી તક ન આપે ત્યાં સુધી આવો હુકમ પસાર કરશે નહીં.

૪૪. અપેક્ષિત મહેસૂલ ગણતરી અને પ્રશુલ્ક (ટેરિફ)

(૧) વિતરણ પરવાનેદાર, ખર્ચ પરથી વાર્ષિક મહેસૂલ જરુરીયાત (ARR) નું પત્રક રજૂ કરતી વખતે અને તેના કોઈપણ કે તમામ પ્રશુલ્ક (ટેરિફ) અંગે દરખાસ્ત કરતી વખતે કે તેમાં સુધારો કરતી વખતે, આયોગ, વખતોવખત પસાર કરે તે હુકમો, તથા પ્રશુલ્ક વિનિયમોમાં સમાવિષ્ટ પદ્ધતિ વિજ્ઞાન, કાર્યપદ્ધતિઓ અને આદેશોનું અનુસરણ કરશે.

(૨) વિતરણ પરવાનેદાર, કોઈપણ નાણાકીય વર્ષમાં તેના પ્રશુલ્કના સ્વરુપે જેટલી રકમ વસૂલ કરવાની પરવાનગી આપવામાં આવે તે રકમ, આયોગ દ્વારા અધિનિયમની કલમ-૬૨ અનુસાર નકકી કરાયેલી રકમ હોય છે.

૪૫. માની લીધેલા લાઈસન્સોને લાગુ પડતી જોગવાઈઓ

માની લીધેલા પરવાનેદારને, અધિનિયમની કલમ-૧૪ ના પ્રથમ, દ્વિતિય, તૃતીય અને પાંચમા પરંતુ અન્વયે, આ વિનિયમોમાં નિર્દિષ્ટ વિતરણ લાઈસન્સની સામાન્ય શરતો લાગુ પડશે.

INDEX

પ્રકરણ-૫
પ્રકીર્ણ

૪૬. અપવાદ

(એ) ન્યાયના ધ્યેયને પહોંચી વળવા અથવા આયોગની પ્રક્રિયાનો દુરુપયોગ અટકાવવા, જરુરી જણાય તેવા હુકમો કરવા અંગેની આયોગની સત્તા પર આ વિનિયમોમાંના કશાથી પણ મર્યાદા આવતી હોવાનું કે અન્યથા અસર થતી હોવાનું ગણવામાં આવશે નહીં.

(બી) આ વિનિયમોમાંનું કશું પણ, આયોગને, બાબત કે બાબતોના વર્ગના ખાસ સંજોગો જોતાં અને લેખિતમાં નોધેલાં કારણોસર તેને આવી બાબત કે બાબતોના વર્ગ અંગે કામ હાથ ધરવામાં જરુરી કે આવશ્યક જણાય તો, આ વિનિયમોની કોઈપણ જોગવાઈથી ભિન્ન કાર્યપદ્ધતિ અપનાવતાં અટકાવશે નહીં.

(સી) આ વિનિયમોમાંનું કશું પણ, સ્પષ્ટ કે સૂચક રીતે આયોગને, આ અધિનિયમ હેઠળની કોઈપણ બાબત હાથ ધરતાં કે કોઈપણ સત્તા વાપરતાં અટકાવશે નહીં અને આયોગ, તેને યોગ્ય લાગે તે રીતે આ બાબતો અંગે કામ હાથ ધરી શકશે, અને આવી સત્તાઓ અને કાર્યોનો અમલ કરી શકશે.

૪૭. મૂશ્કેલીઓ દૂર કરવાની સત્તા

આ વિ[illegible]નો કોઈપણ જોગવાઈનો અમલ કરવામાં કોઈ મૂશ્કેલી ઊભી થાય તો, આયોગ, સામાન્ય કે ખાસ હુકમ દ્વારા, અધિનિયમ કે રાજય અધિનિયમ અથવા તે હેઠળ ઘડેલા નિયમો, વિનિયમો કે સંહિતાની જોગવાઈઓ સાથે સુસંગત રહીને, મૂશ્કેલીઓ દૂર કરવા તેને જરુરી કે આવશ્યક જણાય તેવું કાંઈપણ કરી શકશે.

અમદાવાદ
૩૦ માર્ચ, ૨૦૦૫

પી. એસ.શાહ
સચિવ

અનુસૂચિ-૧

વિતરણ લાઈસન્સ આપવા માટેની અરજીનું ફોર્મ
અરજદારની વિગતો

૧. અરજદારનું નામ :
૨. કોઈ સંસ્થાપન હોય તેનું સ્વરુપ : _____
૩. સરનામું : _____
૪. સંપર્ક કરવાની વ્યકિતનું નામ, હોદ્દો અને સરનામું: _____
_____
૫. સંપર્ક ટેલિફોન નંબર : _____
૬. ફેકસ નં : _____
૭. ઈ-મેઈલ આઈડી : _____
૮. સંસ્થાપન/નોંધણીનુંસ્થળ : _____
૯. સંસ્થાપન/ નોંધણીનું વર્ષ : _____
૧૦. અરજદારે જેમાં વિતરણ કરવા વિચાર્યુ હોય તે ભૌગોલિક વિસ્તાર :
_____
૧૧. નીચેના દસ્તાવેજો સાથે જોડવા.
(એ) નોંધણી/સંસ્થાપનનં પ્રમાણપત્ર: _____
(બી) ધંધો શરુ કર્યાનં પ્રમાણપત્ર: _____
(સી) કંપનીનો ઉદેશપત્ર અને કંપનીનાં ધારાધોરણો: _____
(ડી) અરજદાર કે તેના ઉત્પાદને જવાબદાર સહી કરનારનું મૂળ મુખત્યારનામું (પાવર ઓફ એટર્ની) : _____
(ઈ) આવક વેરા નોંધણીની વિગતો : _____
(એફ) મુસદ્દારુપ લાઈસન્સ : _____
(જી) ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ લાઈસન્સ) વિનિયમોના વિનિયમ-૩(૨) માં દર્શાવેલ તમામ દસ્તાવેજો :

અરજદારની નાણાકીય માહિતી અંગેની વિગતો :-

૧૨. તરત અગાઉનાં પાંચ નાણાંકીય વર્ષો (લાગુ પડે તે પ્રમાણે નાણાંકીય વર્ષ નિર્દિષ્ટ કરવું) માટે ચોખ્ખું મૂલ્ય (ભારતીય રુપિયાના સમતુલ્ય-દર વર્ષને અંતે પ્રર્વતમાન હૂંડિયામણના દરે કરવાનું રુપાંતર)

INDEX

દિવસ/મહિનો/વર્ષ થી દિવસ/મહિનો/વર્ષ (DD/MM/YY) (DD/MM/YY)	વતનનું ચલણ	વાપરેલ વિનિમય દર.	ભારતીય રુપિયામાં - ની સમતુલ્ય

ઉપરની વિગતોના સમર્થનમાં વાર્ષિક અહેવાલો કે ઓડિટ કરેલાં પરિણામોની નકલો જોડવી.

૧૩. તરત નજદીકનાં છેલ્લાં ૫ (પાંચ) નાણાકીય વર્ષો (લાગુ પડે તે પ્રમાણે નાણાકીય વર્ષ નિર્દિષ્ટ કરવું) માટે વાર્ષિક વકરો (ટર્ન ઓવર) (સમતુલ્ય ભારતીય રુપિયામાં દર વર્ષને અંતે પ્રર્વતમાન હૂંડિયામણના દરે કરવાનું રુપાંતર)

દિવસ/મહિનો/વર્ષ થી દિવસ/મહિનો/વર્ષ (DD/MM/YY) (DD/MM/YY)	વતનનું ચલણ	વાપરેલ વિનિમય દર.	ભારતીય રુપિયામાં- ની સમતુલ્ય

ઉપરની વિગતના સમર્થનમાં વાર્ષિક અહેવાલો કે પ્રમાણિત ઓડિટ પરિણામોની નકલો જોડવી.

૧૪. ક્રેડિટ રેટિંગ પ્રમાણપત્ર

૧૫. 'ધોરણસરના' (સ્ટાન્ડર્ડ) ઊછીનાં નાણાંના હિસાબનું પ્રમાણપત્ર

૧૬. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ અરજદારની 'ઈરાદાપૂર્વકના કસૂરદાર' તરીકે વર્ગીકૃત કર્યા નથી એમ જણાવતું પ્રમાણપત્ર.

૧૭. ઉપરના ક્રમ નં. (૧૦) અને (૧૧) ના સમર્થનમાં જોડેલા દસ્તાવેજોની યાદી :

દસ્તાવેજોનું નામ :

(એ)

(બી)

(સી)

(ડી)

૧૮.
(એ) અરજદાર, તેના પોતાના સરવૈયાને આધારે સૂચિત વીજળી વિતરણની સંપૂર્ણ નાણાં વ્યવસ્થા જાતે કરે છે કે કેમ –
(બી) જો હા, તો અરજદાર પાસેથી સૂચિત ઈક્વિટી.
(૧) રકમ
(૨) ટકાવારી
૧૯. અરજદાર ઈક્વિટી માટે બીજી કોઈ સંસ્થા સાથે જોડાણ કરવાનું વિચારે તો આવી એજન્સીનું
નામ અને સરનામું :
(અ) અન્ય એજન્સીની ઉલ્લેખ કરેલ વ્યકિતનું નામ, હોદ્દો અને સરનામું
(બી) સંપર્ક ટેલિફોન નંબર : _____
(સી) ફેકસ નંબર : _____
(ડી) ઈ-મેઈલઆઈડી : _____
(ઈ) અન્ય એજન્સી પાસેથી સૂચિત ઈક્વિટી
(૧) રકમ
(૨) કુલ ઈક્વિટીની ટકાવારી
(૩) ઈક્વિટી જે ચલણમાં આપવા વિચારાયું હોય તે ચલણ
(એફ) ઈક્વિટી ભાગીદારી માટે અરજદાર સાથે જોડાવા અંગે અન્ય એજન્સિનો સંમતિ-પત્ર જોડવો.
(જી) અરજદાર અને અન્ય એજન્સી વચ્ચે કરવા વિચારાયેલ જોડાણનું સ્વરુપ

૨૦. વિતરણ પ્રવૃતિ માટે વિચારાયેલ દેવાની વિગતો

(એ) લેણદારોની
(બી) વિવિધ લેણદારો પાસેથી લીધેલી રકમ
(સી) ઉપરના સમર્થનમાં લેણદારોના પત્રો જોડવા

૨૧. અરજદારની સંઘટન અને વ્યવસ્થાપકીય ક્ષમતા :

(અરજદારે, સૂચિતા સંઘટનાત્મક માળખું અને વિવિધ વહીવટકર્તા, સૂચિત કચેરી તથા સંદેશા વ્યવહાર સગવડો, વગેરેના ટૂંકા અહેવાલના રૂપમાં ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વિતરણ લાઈસન્સ)ના સંદર્ભમાં તેની સંઘટનાત્મક અને વ્યવસ્થાકીય ક્ષમતાનો પુરાવો જોડવો જરૂરી છે.)

૨૨. અભિગમ અને પદ્ધતિ વિજ્ઞાન

અરજદારે, તેની વિતરણ સિસ્ટમ ગોઠવવા અને તેના વિચાર્યા પ્રમાણે વીજળી-વિતરણનો ધંધો ચલાવવા અભિગમ અને પદ્ધતિ વિજ્ઞાનનું વર્ણન કરવું જરુરી છે. આમાં લાઈસન્સ આપ્યા પછીના પ્રથમ વર્ષ દરમ્યાન વીજળી વિતરણનો ધંધા ચલાવવા અને આગામી પાંચ વર્ષો દરમિયાન

ઉકત ધંધા માટેની ભાવિ યોજનાઓ અંગે અરજદારની યોજનાનું પત્રક સમાવિષ્ટ કરવું.

૨૩. **અરજદારના ભાવિ ધંધાને લગતી આંકડાકીય વિગતો.**

(૧) જે માટે આ અરજી કરી છે તે વીજળી પ્રવાહન કે વિતરણ માટે પાંચ વર્ષના ધંધાની યોજના તથા જાળવણી, સંચાલન, સુધારણા અને ભાવિ વીજભાર વૃદ્ધિ માટે વિતરણ અંગેના સૂચિત લાઈસન્સ અન્વયે તેની જવાબદારીઓ પહોંચી વળવા નાણાંની વ્યવસ્થા.

(૨) ખર્ચ, વેચાણ, આવક અને પરિયોજના (પ્રોજેકટ)ની નાણાં વ્યવસ્થાનો પાંચ વર્ષનો વાર્ષિક વરતારો, જેમાં પૂરા પાડેલા આંકડા હેઠળની ધારણાઓ દર્શાવવી.

(અરજદારની સહી)

તારીખ :

અનુસૂચિ-૨

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
અમદાવાદ

વિતરણ લાઈસન્સ

૧. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (અહીં પછી 'આયોગ' તરીકે ઉલ્લેખ કરેલ) ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૧૪ અને ૨૦૦૩ના વીજળી ઉદ્યોગ (પુર્ન રચના અને વિનિયમ) અધિનિયમની (અહીં હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરેલ) સોંપાયેલી સત્તાની રૂએ, નીચે નિર્દિષ્ટ કરેલા વિતરણ વિસ્તારમાં વીજળીનું વિતરણ કરવા મેસર્સ---------- (અહીં હવે પછી 'પરવાનેદાર' તરીકે ઉલ્લેખ કરેલ છે.) આ લાઈસન્સ આપે છે, જે અધિનિયમો, નિયમો, ૨૦૦૫ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ લાઈસન્સ) વિનિયમો હેઠળ નિર્દિષ્ટ વિતરણ લાઈસન્સ અને આયોગ દ્વારા નિર્દિષ્ટ અન્ય વિનિયમો (અહીં પછી 'વિનિયમો' તરીકે ઉલ્લેખ કરેલ) તેમજ તેના વૈધાનિક સુધારા, ફેરફારો, ફરી ઘડેલા કાયદાની જોગવાઈઓને અધીન રહેશે.

૨. વિતરણનો વિસ્તાર :
વિતરણનો વિસ્તાર નીચે મુજબની હદ બાંધેલ સમગ્ર વિસ્તાર
ઉત્તરમાં-------- સુધી
પૂર્વમાં --------- સુધી
દક્ષિણમાં--------- સુધી
પશ્ચિમમાં--------- સુધી

૩. આ લાઈસન્સ, અધિનિયમો, નિયમો અને વિનિયમોની જોગવાઈ અનુસાર હોય તે સિવાય તબદીલીપાત્ર નથી.

૩. (૧) પરવાનેદાર આયોગની પૂર્વ-મંજુરી વિના-

(એ)કોઈ બીજા પરવાનેદારની યુટિલિટી ખરીદીને કે કબજો મેળવીને સંપાદિત કરવા કોઈ સોદો કરશે નહીં; અથવા

(બી)પોતાની યુટિલિટી બીજા કોઈ પરવાનેદારની યુટિલિટી સાથે વિલીન કરશે નહીં.

(૨) પરવાનેદાર, આયોગની પૂર્વ-મંજુરી વિના વેચાણ, પટેથી, વિનિમય કે અન્યથા તેનું લાઈસન્સ કયારેય બીજાને નામે કરશે નહીં, કે પોતાની યુટિલિટી કે તેનો કોઈ ભાગ તબદીલ કરશે નહીં.

(૩) આયોગની મંજુરી વિના પેટાખંડ-(૧) અને પેટાખંડ-(૨)માં દર્શાવેલ કોઈપણ લેવડ-દેવડને લગતી કોઈપણ સમજૂતિ (એગ્રીમેન્ટ) રદબાતલ ગણાશે.

INDEX

(૪) પરવાનેદારને આ લાઈસન્સ આપવાથી, વીજળી વિતરણના તે જ વિસ્તારની અંદર બીજી કોઈ વ્યકિતને લાઈસન્સ આપવાના આયોગના અધિકારને કોઈ રીતે અવરોધક બનશે નહીં કે મર્યાદિત કરશે નહીં.

(૫) લાઈસન્સ ઈશ્યુ કર્યાની તારીખથી અમલમાં આવશે અને તેને વહેલા રદ કરવામાં ન આવે તો ૨૫ વર્ષ (પચ્ચીસ) વર્ષની મુદત માટે અમલમાં રહેશે.

(૬) પરવાનેદાર, આયોગને અગાઉથી જાણ કરીને, પોતાની અસ્કયામતોનો (એસેટ) ઈષ્ટતમ ઉપયોગ કરવા અંગેના કોઈ ધંધામાં કામ કરી શકશે પરંતુ, પરવાનેદાર, વીજળી પ્રવાહનના ધંધામાં કામ કરી શકશે નહીં.

(૭) પરવાનેદાર, આયોગ નિર્દિષ્ટ કરે તે લાઈસન્સ ફી ચૂકવશે.

(૮) અધિનિયમોમાં સમાવિષ્ટ જોગવાઈઓ, લાઈસન્સ રદ કરવા અને તેની યુટિલિટી વેચવા બાબત લાગુ પડશે નહીં.

સહી/-
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 180

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, AUGUST 9, 2005/SRAVANA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION

Ashram Road, Ahmedabad.

Notification

Dated the 5th August 2005

GERC/OMBD/T-II/1268 / 2005.In excercise of the powers conferred under Sub-section (6) of Section 42 of the Electricity Act, 2003 (36 of 2003) and in pursuance of Section 3 of the Gujarat Electricity Regulatory Commission (Establishment of Ombudsman) Regulation, 2004 (Notification No. 3 of 2004), the commission hereby designate Shri P.S. Shah I.A.S., Secretary, Gujarat Electricity Regulatory Commission as the Ombudsman for the purposes of the Act and the relevant Regulations, till regular appointment of an Ombudsman is made.

By order and in the name of Gujarat Electricity Regulatory Commission,

M. B. Bhalgama,

Deputy Director (Adm. & Accts.)

GERC, Ahmedabad

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 181 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, AUGUST 17, 2005/SRAVANA 26, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returing Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર. તા. ૧૭-૮-૨૦૦૫

ક્રમાંક :રાચપ-ચટણ-સમક-નપા-ઉના-૨૦૦૫

ઉના નગર પાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

૧. રાજ્ય ચૂંટણી પંચના તા. ૮-૭-૨૦૦૫ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સમક-નપા-ઉના-૨૦૦૫ થી ઉના નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ તેમજ સરકારી રાજ્યપત્રમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને /જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫માં રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. ઉના નગરપાલિકાની ચૂંટણી માટેના ઉના શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સુચનો મંગાવવામાં આવેલ, પરંતુ બે વ્યકિતઓ તરફથી મળેલ વાંધા-સૂચનોની કાળજીપૂર્વક ચકાસણી કરતાં તે ગ્રાહય રાખવાપાત્ર જણાયા નથી.

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલ છે.

INDEX

૪. રાજ્ય ચૂંટણી પંચે રાજકીય પક્ષો સાથે યોજેલ પરામર્શ બેઠક દરમ્યાન મુસદ્દારૂપ આદેશ મુજબની વોર્ડરચના તમામ રીતે યોગ્ય હોઈ, કોઈ વાંધા-સૂચન ન હોવાનું માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ જણાવેલ. માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શના અંતે અત્રેનો તા. ૮-૭-૨૦૦૫ નો મુસદ્દારૂપ આદેશ આખરી કરવા પંચે ઠરાવ્યુ છે.

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ઃ વ-ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમઃ ૧૯૬૩ ની કલમઃ૭, પેટા કલમ-(૨)ના ખંડ-ઉના, પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉના નગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૧ માં તથા અનામત બેઠકોની ફાળવણી અનુસૂચિ નં. ૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ-૧

ઉના નગરપાલિકા, જુનાગઢ જિલ્લો

વોર્ડ નં. ૧

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન	
		સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧	૫	૧/૫/૧ થી ૧/૫/૧૦૭	તુલસીધામ સોસાયટી
	૬	૧/૬/૧ થી ૧/૬/૧૦૬	રહીમ નગર
	૭	૧/૭/૧ થી ૧/૭/૧૧૧	રહીમનગર
	૮	૧/૮/૧ થી ૧/૮/૧૧૭	ખોડીયાર નગર
	૯	૧/૯/૧ થી ૧/૯/૮૯	મારુતિનગર, સ્યુગર ફેકટરી
	૧૦	૧/૧૦/૧ થી ૧/૧૦/૧૦૫	મચ્છુન્દ્રી નદીનો પૂર્વ ભાગ

હદનું વર્ણન :–

સર્વે નં. ૨૨૫ના વાયવ્ય ખૂણાથી પૂર્વે નં. ૨૨૩, ૨૨૨ ની ઉત્તરે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૨૨૨ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ સર્વે નં. ૨૨૦, ૨૧૯, ૨૧૮ ની પૂર્વે થઇ નગરપાલિકાની હદે મચ્છુન્દ્રી નદી સુધી ત્યાંથી દક્ષિણે મચ્છુન્દ્રી નદીના પૂર્વે કાંઠે તેમજ નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૨૦૪ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૨૦૨, ૨૦૧/૧/૩ની ઉત્તરે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૨૦૧/૧/૨ના ઇશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૨૦૧/૧/૨ના દક્ષિણે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૨૦૧/૧/૨ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં.૧૯૯, ૧૯૮, ૧૯૭ ની પૂર્વે થઇ સર્વે નં. ૧૯૭ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૬૩૧/૨, ૧૯૧/૨ ની ઉત્તરે નગરપાલિકાની હદે થઈ તુલસીશ્યામ તરફ જતા રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૭૧,૧૭૪,૧૭૮ ની પૂર્વે થઈ મચ્છુન્દ્રી નદીના પૂલ સુધી ત્યાંથી ઉત્તરે મચ્છુન્દ્રી નદીના પશ્ચિમ કાંઠે થઈ સર્વે નં. ૩૪૯ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૩૪૮,૩૫૦,૩૫૪ ની દક્ષિણે થઈ ગીરગઢડા રોડ સુધી ત્યાંથી ઉત્તરે ગીરગઢડા રોડ થઈ મારૂતી નગરના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૬૩૯,૩૫૯/૪ ની દક્ષિણે થઈ રેલ્વે લાઈન સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૪૨૩/૧ થી ૭ ની પૂર્વે થઈ સર્વે નં. ૪૨૩/૮ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં.૪૨૩/૮ ની દક્ષિણે થઈ સર્વે નં. ૪૨૩/૮ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૪૧૯ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી

ઉત્તરે સર્વે નં. ૪૧૮,૪૦૬,૪૦૫ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ રેલ્વે લાઈન સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૩૯૩,૩૯૧, ૬૦૦,૩૮૭,૩૮૪ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૩૮૪ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૩૮૩ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૩૮૩ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૩૮૩ ની ઉત્તરે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૩૮૩ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૨૬૦,૨૫૭,૨૪૯,૨૨૫ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૨૨૫નાં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૨	૧	૧/૧/૧ થી ૧/૧/૮૭	શિશુભારતી સ્કૂલ પાસેનો વિસ્તાર
	૨	૧/૨/૧ થી ૧/૨/૭૨	સર્કીટ હાઉસ પાસેનો વિસ્તાર
	૩	૧/૩/૧ થી ૧/૩/૯૧	અનમોલ, જવાહર, એસ.ટી.સોસાયટી
	૪	૧/૪/૧ થી ૧/૪/૮૦	સોમનાથ સોસાયટી, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ પાસેનો વિસ્તાર
	૧૧	૧/૧૧/૧ થી ૧/૧૧/૯૫	હરીજન વાસ
	૧૨	૧/૧૨/૧ થી ૧/૧૨/૧૦૧	નદીનો પૂર્વ ભાગ
	૧૩	૧/૧૩/૧ થી ૧/૧૩/૫૦	નદીનો પૂર્વ ભાગ અને અમોદ્રા રોડ

હદનું વર્ણન :–

ગીરગઢડા રોડની પૂર્વે અનમોલ સોસાયટી, એસ.ટી.કોલોનીની ઉત્તરે થઈ મોદેશ્વર મહાદેવના મંદિર સુધી ત્યાંથી દક્ષિણે મચ્છુન્દ્રી નદીના પુલ સુધી ત્યાંથીપૂર્વે ભાવનગર રોડ થઈ રોકડીયા હનુમાનના મંદિર સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૧૬૮,૬૩૧,૧૬૯ ની પશ્ચિમે તુલસીશ્યામ રોડ થઈ સર્વે નં. ૧૭૦ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૧૭૦ ની ઉત્તરે થઈ વાવરડા તરફ જતા રસ્તા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૧૪૨ ની ઉત્તરે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૧૪૨ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૪૧ ની પૂર્વે નગરપાલિકાની હદે થઈ ભાવનગર તરફ જતા રસ્તાં સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૩૬,૬૪૬/૨ની પૂર્વે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૬૪૬/૧ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે પશ્ચિમે થઇ સર્વે નં. ૧૧૦ના નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૦૯ની પૂર્વે નગરપાલિકાની હદે થઈ અમોદ્રા રોડ સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૧૦૬, ૧૦૪, ૬૧, ૬૦ની પૂર્વે નગરપાલિકાની હદે થઈ સીમર તરફ જતા રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૫૯ની પૂર્વે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૫૮/૧ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૫૫,૫૪,૪૮,૪૬ની દક્ષિણે નગરપાલિકાની હદે થઈ મચ્છુન્દ્રી નદી સુધી ત્યાંથી ઉત્તરે મચ્છુન્દ્રી નદીના પશ્ચિમ કાંઠે ઉત્તર તરફ આગળ જતાં વાલ્મિકી હરિજન વાસ સુધી ત્યાંથી પશ્ચિમે ઉત્તરે વાલ્મિકી હરિજન વાસના પશ્ચિમે થઇ ભાવનગર રોડ સુધી ત્યાંથી પશ્ચિમે ભાવનગર રોડ થઇ ગીરી પાન સુધી ત્યાંથી ઉત્તરે સ્કુલ, સોમનાથ સોસાયટીની પશ્ચિમે થઇ સોમનાથ સોસાયટી સુધી ત્યાંથી પશ્ચિમે ગીરગઢડા રોડ થઇ સર્વે નં. ૩૫૪ના નૈઋત્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૩	૧૪	૨/૧૪/૧ થી ૨/૧૪/૧૩૦	રહીમનગર ઈદગાહ
	૧૫	૨/૧૫/૧ થી ૨/૧૫/૧૩૦	સહજાનંદ નગર, વસુંધરા પાર્ક
	૧૬	૨/૧૬/૧ થી ૨/૧૬/૧૧૧	પશ્ચિમે દયાનંદ, અંબાજી નગર
	૧૭	૨/૧૭/૧ થી ૨/૧૭/૧૦૦	ઈરીગેશન કોલોની
	૧૮	૨/૧૮/૧ થી ૨/૧૮/૯૬	પૂર્વ દયાનંદ સોસાયટી
	૨૨	૨/૨૨/૧ થી ૨/૨૨/૧૩૦	ઋષિતોયા સોસાયટી

INDEX

હદનું વર્ણન :–

ઉના રેલ્વે લાઈન થી પૂર્વે સર્વે નં. ૬૨૮, ૩૫૭ ની ઉત્તરે થઈ ગીરગઢડા રોડ સુધી ત્યાંથી દક્ષિણે ગીરગઢડા રોડ થઈ મંગલમૂર્તિ એપાર્ટમેન્ટની ઉત્તરની હદે હદે વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે મંગલમૂર્તિ એપાર્ટમેન્ટની ઉત્તરે થઈ સોમનાથ સોસાયટીના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે ઈરીગેશન કોલોની, કર્ણાવતી કોમ્પ્લેક્ષની પૂર્વે થઈ કર્ણાવતી કોમ્પ્લેક્ષ સુધી ત્યાંથી પૂર્વે દક્ષિણે થઈ ભાવનગર રોડ સુધી ત્યાંથી પશ્ચિમે ભાવનગર રોડ થઈ કોર્ટ ની દક્ષિણે થઈ ગીરગઢડા રોડ સુધી ત્યાંથી ઉત્તરે સૂર્યમૂખી હનુમાન મંદિરની પશ્ચિમે થઈ ઘનશ્યામ હોટલ સુધી ત્યાંથી પશ્ચિમે દુરસંચારની દક્ષિણે થઈ નેબરહુડ સેન્ટરના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે ઋષિતોયા સોસાયટીના પૂર્વે થઇ ઋષિતોયા સોસાયટીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે દક્ષિણે થઇ મહાદેવના મંદિર સુધી ત્યાંથી પશ્ચિમે રેલ્વે લાઈન સુધી ત્યાંથી ઉત્તરે રેલ્વે લાઈન થઇ સર્વે નં. ૪૨૫ની પશ્ચિમે થઇ સર્વે નં. ૬૨૮ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર .

વોર્ડ નં. ૪

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૪	૨૭	૩/૨૭/૧ થી ૩/૨૭/૯૦	ભોયલા વાડી ભીમપરા
	૨૮	૩/૨૮/૧ થી ૩/૨૮/૧૦૦	ભીમપરા ખાણ વિસ્તાર
	૨૯	૩/૨૯/૧ થી ૩/૨૯/૧૦૧	ગાયત્રી મંદિર પાસેનો વિસ્તાર
	૩૦	૩/૩૦/૧ થી ૩/૩૦/૯૭	શિક્ષક સોસાયટી
	૩૧	૩/૩૧/૧ થી ૩/૩૧/૧૦૭	ભીમપરો મફત પ્લોટ
	૩૨	૩/૩૨/૧ થી ૩/૩૨/૧૨૦	ભીમપરા વડાલા
	૩૩	૩/૩૩/૧ થી ૩/૩૩/૧૪૩	આંબાવાડી આનંદવાડી પાસેનો વિસ્તાર

હદનું વર્ણન :–

ઉનાના સર્વે નં. ૪૧૯ ના નૈઋત્ય ખૂણા થી પૂર્વે સર્વે નં. ૫૬૪, ૪૪૬ ની ઉત્તરે થઈ સર્વે નં. ૪૪૬ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં. ૪૨૩/૮ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૪૪૪ ની ઉત્તરે થઈ સર્વે નં. ૪૨૩/૮ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૪૨૪, ભોયલાવાડીની પશ્ચિમે થઈ રેલ્વે લાઈન સુધી ત્યાંથી દક્ષિણે રેલ્વે લાઈન થઈ ફાટક સુધી ત્યાંથી પશ્ચિમે, ઉત્તરે થઈ સર્વે નં. ૫૧૪ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૫૧૪ ની દક્ષિણે થઈ સર્વે નં. ૫૧૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે થઈ વેરાવળ તરફ જતા રસ્તા સુધી ત્યાંથી પશ્ચિમે વેરાવળ રોડે આંબાવાડી, જી.ઈ.બી. કોલોની, જલારામ નગર, સર્વે નં. ૪૬૬,૪૬૭,૪૬૮ ની દક્ષિણ હદે થઈ, ૬૦૭/૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૬૦૭/૧ ની પશ્ચિમે થઈ સર્વે નં. ૫૫૮ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૫૫૯ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૫૫૯ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે, ઉત્તરે નગરપાલિકાની હદે થઈ એલમપુરના સીમાડા સુધી ત્યાંથી પૂર્વે સર્વે નં. ૫૬૧, ૫૫૭ ની ઉત્તરે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૫૬૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૫૬૪ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૪૧૯ ના નૈઋત્ય ખૂણા સુધી માં અંદર આવતો તમામ વિત્તાર.

વોર્ડ નં. ૫

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લગાતાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૫	૧૯	૨/૧૯/૧ થી ૨/૧૯/૧૧૪	હોટલ ઘનશ્યામ પાસેનો વિસ્તાર
	૨૦	૨/૨૦/૧ થી ૨/૨૦/૧૩૦	મંત્રી સોસાયટી, ગીરીરાજ સોસાયટી
	૨૧	૨/૨૧/૧ થી ૨/૨૧/૬૭	પટેલ સોસાયટી
	૨૩	૩/૨૩/૧ થી ૩/૨૩/૬૪	માધવબાગ પાસે, તથા તપોવન સોસાયટી
	૨૪	૩/૨૪/૧ થી ૩/૨૪/૮૫	આનંદવાટિકા, જનતા સોસાયટી
	૨૫	૩/૨૫/૧ થી ૩/૨૫/૬૮	સ્ટેશન પ્લોટ, તાલુકા પંચાયત કવાર્ટર
	૨૬	૩/૨૬/૧ થી ૩/૨૬/૧૦૭	દુડકેશ્વર ખાણ વિસ્તાર

હદનું વર્ણન :–

ઉના ક્રિષ્ના ટોકીઝના વાયવ્ય ખૂણા થી અને પશ્ચિમે આવેલ રેલ્વે લાઈન થી પૂર્વે પટેલ સોસાયટી સુધી ત્યાંથી ઉત્તરે, પૂર્વે ઋષિતોયા સોસાયટીની દક્ષિણે થઈ પટેલ સોસાયટીના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે ઋષિતોયા સોસાયટીના પૂર્વે થઈ નેબરહુડ સેન્ટર સુધી ત્યાંથી પૂર્વે ગીરીરાજ સોસાયટી, ઘનશ્યામ હોટલની ઉત્તરે થઈ આગળ ઘનશ્યામ હોટલના ઈશાન ખૂણા તથા ગીરગઢડા રોડ સુધી ત્યાથી દક્ષિણે ઘનશ્યામ હોટલ ટાઉન સેન્ટરની પૂર્વે ગીરગઢડા રોડ થઈ ટાવર ચોક સુધી ત્યાથી પશ્ચિમે વેરાવળ રોડ થઈ સ્ટેડીયમ, સ્ટેશન પ્લોટની દક્ષિણે થઈ રેલ્વે ફાટક સુધી ત્યાંથી ઉત્તરે રેલ્વે લાઈન થઈ ક્રિષ્ના ટોકીઝના વાયવ્ય ખુણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન	
		સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૬	૩૪	૪/૩૪/૧ થી ૪/૩૪/૧૦૯	માણકચોક, લુહાર ચોક
	૩૫	૪/૩૫/૧ થી ૪/૩૫/૧૧૪	વણકરવાસ, બુખારી વાડો, પાંજીગરા શેરી
	૩૬	૪/૩૬/૧ થી ૪/૩૬/૭૪	કુચ કુચ ફળીયા, પોલીસ લાઈન
	૩૭	૪/૩૭/૧ થી ૪/૩૭/૧૨૨	પારેખવાડો, ભાવસાર ચોક
	૩૮	૪/૩૮/૧ થી ૪/૩૮/૧૦૬	શેઠવાડો, નાગરચોક, બ્રાહ્મણ શેરી
	૮૦	૪/૮૦/૧ થી ૪/૮૦/૧૦૨	રામજીમંદિર પાસેનો વિસ્તાર
	૪૩	૫/૪૩/૧ થી ૫/૪૩/૧૨૭	લાયબ્રેરી ચોક
	૪૪	૫/૪૪/૧ થી ૫/૪૪/૧૧૭	ખોજાખાના, કંદોઈવાડો

હદનું વર્ણન :–

જાહેર બગીચાના વાયવ્ય ખૂણા થી પૂર્વે નવા બસ સ્ટેશનની ઉત્તરે થઈ ઘાસવાડાના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે ઘાસવાડાની પશ્ચિમે થઈ ખોજાવાડ તરફ જતા રસ્તા સુધી ત્યાંથી પુર્વે કાનુગાફળીની ઉત્તરે થઈ બ્લોક નં. ૪૫ (કાનુગાફળી) ની ઉત્તરે પુર્વે થઈ બ્લોક નં. ૪૫ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે બ્લોક નં. ૪૫ ના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી પૂર્વે કાનુગાફળી બ્લોક નં. ૪૪ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે કંદોઈવાડા (બ્લોક નં. ૪૨)ની પશ્ચિમે લાયબ્રેરી તરફ જતા રસ્તે થઈ મોઢ જ્ઞાતીની વંડી સુધી ત્યાંથી પશ્ચિમે લાયબ્રેરી, વાણીયા ખડકી, લુહાર વાડની દક્ષિણે થઈ લુહાર ચોક સુધી ત્યાંથી દક્ષિણે શેઠવાડો, સ્વામીનારાયણ મંદિર, નાગર ચોકની પૂર્વે થઈ કુંભારવાડા સુધી ત્યાંથી ઉત્તરે કુંભારવાડાની પૂર્વે થઈ હર્ષદ માતાના મંદિર સુધી ત્યાંથી પશ્ચિમે હર્ષદ માતાના મંદિરની ઉત્તરે થઈ નાગરવાડા તરફ જતા રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે આત્મા નિવાસની દક્ષિણે થઈ વાયડા ખડકીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે વાયડા ખડકીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે વાયડા ખડકીની પશ્ચિમે થઈ રામજી મંદિર સુધી ત્યાંથી પશ્ચિમે દામોદરરાય મંદિર, શનિશ્વર ધર્મશાળાની દક્ષિણે થઈ શનિશ્વર ધર્મશાળાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે શનિશ્વર ધર્મશાળા, પી. ડબલ્યુ. ડી. ની ઓફીસની પશ્ચિમે થઈ પી. ડબલ્યુ.ડી ઓફિસના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે પોલીસ લાઈન, રેસ્ટહાઉસ, જાહેર બગીચાની પશ્ચિમે થઈ જાહેર બગીચાના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૭

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૭	૩૯	૫/૩૯/૧ થી ૫/૩૯/૮૬	માળીવાડા, લુહાર ચોક
	૪૦	૫/૪૦/૧ થી ૫/૪૦/૧૩૦	હાંડીવાસ, માળીવાડો, ધોબીવાડો
	૪૧	૫/૪૧/૧ થી ૫/૪૧/૧૪૯	મોચીવાડો, ખાઇબજાર, કાપડ બજાર
	૪૨	૫/૪૨/૧ થી ૫/૪૨/૧૨૮	ઘાંચી ચોક, ધોબીવાડો
	૪૫	૫/૪૫/૧ થી ૫/૪૫/૯૯	ભોયવાડો, કાનુગા ફળી
	૪૬	૫/૪૬/૧ થી ૫/૪૬/૩૯	કાનુગા ફળી
	૪૭	૬/૪૭/૧ થી ૬/૪૭/૮૧	ઓફીસ રોડ, આર બવાડો
	૫૪	૬/૫૪/૧ થી ૬/૫૪/૧૩૩	મચ્છી પીઠ, હજામવાડો

હદનું વર્ણન :–

ઉના લુહાર ચોકથી પશ્ચિમે વડલા ચોકના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે પટેલ ફળીયા, મોંઢવડીની ઉત્તરે થઇ ઘાંચી ચોક સુધી ત્યાંથી ઉત્તરે કંદોઇવાડીની પશ્ચિમે થઇ કંદોઇવાડાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે થઇ કાનુગાફળીના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ કાનુગાફળીની ઉત્તરે થઇ વાલ્મીકી હરિજન વાસ સુધી ત્યાંથી પૂર્વે મચ્છુન્દ્રી નદીના પશ્ચિમે કાંઠા સુધી ત્યાંથી દક્ષિણે મચ્છુન્દ્રીના પશ્ચિમે કાંઠે થઇ ફકીરવાડાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે ફકીરવાડાની દક્ષિણે થઇ બુઢાપીરની દરગાહ સુધી ત્યાંથી દક્ષિણે નગરપાલિકા ગેરેજ, મુસ્લીમ મદ્રેસાની પૂર્વે થઇ આરબવાડા સુધી ત્યાંથી પશ્ચિમે આરબવાડાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે મુસ્લીમ મદ્રેસાની પશ્ચિમે થઇ તાલુકા શાળા નં. ૨ ના ઇશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે તાલુકા શાળા નં. ૨ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે જુમા મસ્જિદની પૂર્વે થઇ મચ્છી પીઠના નાકા સુધી ત્યાંથી પશ્ચિમે મેમણવાડાની દક્ષિણે થઇ મેમણવાડાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે મેમણવાડાની પશ્ચિમે તથા નગરપાલિકાની પશ્ચિમે થઇ લુહાર ચોક સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૮

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૮	૪૮	૬/૪૮/૧ થી ૬/૪૮/૮૧	સંઘીવાડો, આરબવાડો
	૪૯	૬/૪૯/૧ થી ૬/૪૯/૬૮	ઢેઢી ફળીયું, મચ્છીપીઠ. તાઇવાડો
	૫૦	૬/૫૦/૧ થી ૬/૫૦/૯૨	તાઇવાડો, સંઘીવાડો
	૫૧	૬/૫૧/૧ થી ૬/૫૧/૧૦૪	કાલીકોટી, કોમ ફળીયા
	૫૨	૬/૫૨/૧ થી ૬/૫૨/૧૨૫	ખાટકીવાડો, હજામવાડો
	૫૩	૬/૫૩/૧ થી ૬/૫૩/૧૩૪	કાજીવાડો, સૈયદવાડો

હદનું વર્ણન :–

ઉના મેમણવાડાના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ પઠાણ ફળીયા સુધી ત્યાંથી ઉત્તરે, પૂર્વે તાઇવાડાની ઉત્તરે થઇ ઢેઢી ફળીયા સુધી ત્યાંથી ઉત્તરે જુમા મસ્જિદની પૂર્વે થઇ ગર્વમેન્ટ ક્વાર્ટસના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે ગર્વમેન્ટ ક્વાર્ટસની ઉત્તરે થઇ

INDEX

ગર્વમેન્ટ ક્વાર્ટસના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે મુસ્લીમ મદ્રેસાની પશ્ચિમે થઈ આરબવાડા સુધી ત્યાંથી પશ્ચિમે આરબવાડાની દક્ષિણે થઈ આરબવાડા અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે કાજીવાડાની પૂર્વે થઈ ધુળકોટીયા સુધી ત્યાંથી પશ્ચિમે સંઘીવાડાની દક્ષિણે થઈ કાજીવાડા સુધી ત્યાંથી ઉત્તરે કાજીવાડાની પશ્ચિમે થઈ સંઘીવાડા સુધી ત્યાંથી પશ્ચિમે ફકીરવાડાની દક્ષિણે થઈ ફકીરવાડાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે ફકીરવાડાની પશ્ચિમે થઈ સૈયદવાડા સુધી ત્યાંથી ઉત્તરે સૈયદવાડાની દક્ષિણે થઈ સૈયદવાડાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સૈયદવાડાની પશ્ચિમે થઈ મેમણવાડાના નૈઋત્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૯

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૯	૫૫	૭/૫૫/૧ થી ૭/૫૫/૮૮	સીંધી સોસાયટી, સૈયદવાડો, કાજીવાડો
	૫૬	૭/૫૬/૧ થી ૭/૫૬/૧૧૦	મહાકાલેશ્વર મંદિર પાસેનો વિસ્તાર
	૫૭	૭/૫૭/૧ થી ૭/૫૭/૧૧૨	અંજાર રોડ, દેલવાડા રોડ પૂર્વે ભાગ
	૫૮	૭/૫૮/૧ થી ૭/૫૮/૧૨૮	વડલાશેરી, કનકેશ્વરી મંદિર, સુતારવાડો
	૫૯	૭/૫૯/૧ થી ૭/૫૯/૧૩૯	કુંભારવાડો, હર્ષદ માતાના મંદિર
	૬૦	૭/૬૦/૧ થી ૭/૬૦/૧૩૮	કોળીવાડો
	૭૬	૯/૭૬/૧ થી ૯/૭૬/૧૧૫	ચંદ્રકિરણ, અલકાનગરી

હદનું વર્ણન :–

ઉના દેલવાડા રોડની પૂર્વે શનિશ્વર ધર્મશાળા ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણની હદે હદે રબારીવાડના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે કોળીવાડાની પશ્ચિમે થઈ રામજી મંદિર સુધી ત્યાંથી પૂર્વે કોળીવાડાના ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે કોળીવાડાની પૂર્વે થઈ વાયડા ખડકીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે સુતારવાડાની ઉત્તરે સુતારવાડાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે હર્ષદ માતાના મંદિર સુધી ત્યાંથી પૂર્વે હર્ષદ માતાના મંદિરની ઉત્તરે થઈ શેઠવાડાના રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે શેઠવાડાના રસ્તે થઈ કુંભારવાડા સુધી ત્યાંથી પૂર્વે સૈયદવાડાના સુધી ત્યાંથી પૂર્વે સૈયદવાડાના દક્ષિણે થઈ સૈયદવાડાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે કાજીવાડાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે કાજીવાડાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે, પૂર્વે કાજીવાડાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી સીંધી સોસાયટી સુધી ત્યાંથી પશ્ચિમે પંચવટી, દક્ષિણે થઈ ધુળકોટીયા સુધી ત્યાંથી પશ્ચિમે, દક્ષિણે થઈ પંચવટી સોસાયટીના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે પંચવટી સોસાયટીની ઉત્તરે થઈ હાઈસ્કુલના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે અલકાનગરી, ચંદ્રકિરણ સોસાયટી, છાત્રાલયની પશ્ચિમે થઈ હાઈસ્કુલના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે અંજાર રોડ થઈ દેલવાડા રોડ સુધી ત્યાંથી ઉત્તરે દેલવાડા રોડ થઈ વિજય ટોકીઝના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વે શનિશ્વર ધર્મશાળાના નૈઋત્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં. ૧૦

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન	
		સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૦	૬૧	૮/૬૧/૧ થી ૮/૬૧/૭૭	ઉન્નતનગર, સરકારી હોસ્પિટલ પાસેનો વિસ્તાર
	૬૨	૮/૬૨/૧ થી ૮/૬૨/૮૩	ઉન્નતનગર, બહુમાળી
	૬૩	૮/૬૩/૧ થી ૮/૬૩/૬૬	મંગળમુર્તિ, ઉન્નતનગર
	૭૦	૯/૭૦/૧ થી ૯/૭૦/૧૧૯	લક્ષ્મણવાડી, શાંતિનગર, પંચવટી
	૭૫	૯/૭૫/૧ થી ૯/૭૫/૧૦૧	દેલવાડા રોડ પૂર્વ ભાગ, અંજાર રોડ ચાર થાંભલા
	૭૭	૯/૭૭/૧ થી ૯/૭૭/૧૩૦	ગાયત્રી, નિલકમલ, પંચવટી સોસાયટી,

હદનું વર્ણન :–

ઉના સરકારી હોસ્પિટલના વાયવ્ય ખૂણા તેમજ રેલ્વે ફાટક થી પૂર્વે વેરાવળ રોડ થઇ છબીલ મીલની ઉત્તરે થઇ ટાવર ચોક સુધી ત્યાંથી દક્ષિણે દેલવાડા રોડ થઇ ચાર થાંભલા સુધી ત્યાંથી પૂર્વે હાઇસ્કુલની ઉત્તરે થઇ હાઇસ્કુલના ઇશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે હાઇસ્કુલની પૂર્વે થઇ હાઇસ્કુલના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વે પંચવટી સોસાયટીની ઉત્તરે થઇ પંચવટી સોસાયટીના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે પંચવટી સોસાયટીની પૂર્વે થઇ ગાયત્રી સોસાયટીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે કૃષ્ણનગરના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે, પશ્ચિમે લક્ષ્મણવાડીની દક્ષિણે થઇ દેલવાડા રોડ સુધી ત્યાંથી પશ્ચિમે પરિમલ સોસાયટીની દક્ષિણે થઇ રેલ્વે લાઇન સુધી ત્યાંથી ઉત્તરે, રેલ્વે લાઇન થઈ સરકારી હોસ્પિટલના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૧

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન	
		સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૧	૬૪	૮/૬૪/૧ થી ૮/૬૪/૧૬૪	એમ. કે. નગર, બેન્ક સોસાયટી, હુડકો વસાહત
	૬૫	૮/૬૫/૧ થી ૮/૬૫/૧૩૦	નવજીવન સોસાયટી, હુડકો વસાહત
	૬૬	૮/૬૬/૧ થી ૮/૬૬/૧૩૨	રામનગર ખારો
	૬૭	૮/૬૭/૧ થી ૮/૬૭/૧૨૭	રામ નગર, પોસ્ટ કોલોની
	૬૮	૮/૬૮/૧ થી ૮/૬૮/૧૩૦	રામનગર, ગણેશ મંદિર પાસેનો વિસ્તાર
	૬૯	૮/૬૯/૧ થી ૯/૬૯/૧૫૨	આંબેડકરનગર, અર્જુન નગર

હદનું વર્ણન :–

ઉનાના સર્વે નં. ૪૭૦ ના વાયવ્ય ખૂણાથી પૂર્વે વેરાવળ રોડ થઇ સર્વે નં. ૪૭૫, ૪૭૬ જય ગુરૂદેવ વાડી, વિનાયક સોસાયટી, શિવાજી પાર્કની ઉત્તરે થઇ આંબેડકર નગર સુધી ત્યાંથી ઉત્તરે આંબેડકર નગરની પશ્ચિમે થઇ સર્વે નં. ૫૧૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે આંબેડકર નગરની ઉત્તરે થઇ સર્વે નં. ૫૧૪ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે વેરાવળ રોડ સુધી ત્યાંથી પૂર્વે વેરાવળ રોડ થઇ રેલ્વે ફાટક સુધી ત્યાંથી દક્ષિણે રેલ્વે લાઇને થઇ પરિમલ સોસાયટીના ખૂણા સુધી ત્યાંથી પૂર્વે દેલવાડા તરફ જતા રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે દેલવાડા રોડે થઇ એસ. બી. એસ. સોસાયટી, હુડકો વસાહત, વિધાનગરની પૂર્વે થઇ નવજીવન સોસાયટી, નગરપાલિકાની હદ સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૫૨૩/૩ સર્વે નં. ૪૯૫ સર્વે નં. ૪૯૪ ની દક્ષિણે

નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૪૯૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી સર્વે નં. ૪૯૪ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૪૯૪ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૪૯૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૪૯૧ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૪૯૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૪૯૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૪૯૦, ૪૮૯ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૪૭૯ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૪૭૯,૪૭૨ ની દક્ષિણે નગરપાલિકાની હદે થઇ સર્વે નં. ૪૭૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં. ૪૭૨, ૪૭૦ ની પશ્ચિમે નગરપાલિકાની હદે થઇ વેરાવળ રોડ સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૨

સૂચિત નવીન વોર્ડ	સેન્સસ બ્લોક નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન સેન્સસ બ્લોક નંબરો તથા હદની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૧૨	૭૧	૯/૭૧/૧ થી ૯/૭૧/૧૩૦	પારસ સોસાયટી, કૃષ્ણનગર,મહાવીર નગર
	૭૨	૯/૭૨/૧ થી ૯/૭૨/૧૩૦	મહાવીર નગર, શાસ્ત્રીનગર, જલારામ નગર
	૭૩	૯/૭૩/૧ થી ૯/૭૩/૧૨૮	યોગેશ્વર સોસાયટી, હુડકો વસાહત
	૭૪	૯/૭૪/૧ થી ૯/૭૪/૧૨૯	હુડકો વસાહત
	૭૮	૯/૭૮/૧ થી ૯/૭૮/૧૩૦	આર્શીવાદ સોસાયટી
	૭૯	૯/૭૯/૧ થી ૯/૭૯/૧૦૦	આર્શીવાદ સોસાયટી, ઉમિયાનગર

હદનું વર્ણન :–

ઉના દેલવાડા રોડની પૂર્વે પારસ સોસાયટીના વાયવ્ય ખૂણા થી પારસ સોસાયટીની ઉત્તરે થઇ કૃષ્ણનગરના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે પારસ સોસાયટીની પૂર્વે થઇ લક્ષ્મીનગરના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વે લક્ષ્મીનગરની ઉત્તરે થઇ આર્શીવાદ સોસાયટી સુધી ત્યાંથી ઉત્તરે પંચવટી સોસાયટીના ઇશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વે મચ્છુન્દ્રી નદી સુધી ત્યાંથી મચ્છુન્દ્રી નદીના પશ્ચિમ કાંઠે થઇ શાહ બાગ તેમજ મહોબત બાગની પૂર્વે થઇ સર્વે નં. ૪૪/૧ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સર્વે નં. ૪૪/૧ , ૪૪/૨ ની દક્ષિણે નગરપાલિકાની હદે થઈ સર્વે નં. ૪૪/૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે, પશ્ચિમે નગરપાલિકાની હદે થઇ ઉના થી દેલવાડા તરફ જતા રસ્તા સુધી ત્યાંથી ઉત્તરે જલારામ નગર, મહાવીર નગર, ગીરીરાજ સોસાયટીની પશ્ચિમની હદે હદે દેલવાડા રોડ થઇ પારસ સોસાયટીના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર આવતો તમામ વિસ્તાર.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

ઉના નગરપાલિકાની કુલ વસ્તી		૫૧૨૬૧
કુલ વોર્ડની સંખ્યા		૧૨
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી	૪૨૭૨	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ-૪૬૯૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ-૩૮૪૫
કુલ બેઠકોની સંખ્યા		૩૬
સ્ત્રી બેઠકો		૧૨ ૧-બેઠક અનુસૂચિત જાતિ ૧-બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	---
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.		૧૬
સામાન્ય બેઠકો.		૨૦

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૦૩૩	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૪૫૨૧	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૩	૩	૪૩૨૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૫૬૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૪૩૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૬૬૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૫૧૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૧૨૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોક નાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૩	૧૦ ૬૫૨	૧૨૯૧ થી ૧૪૩૩	રામપાર્ક ૧–૨, મનુસ્મૃતિ સોસાયટી, કૈલાસ કોલોની
	૧૧ ૬૭૯	૧૪૩૪ થી ૧૬૧૭	ભાથુજી મહારાજનું મંદિર, સ્ટેશન રોડ, મહાવીર નગર, મીલનકુંજ, ઉષાકીરણ સોસાયટી, દરાપુરા રોડ, ઉત્તર, સુર્ય નગર સોસાયટી અને સુર્યનગર પાછળની ઝુંપડપટ્ટી
	૧૨ ૬૪૯	૧૬૧૮ થી ૧૭૫૨	સ્ટેશન દરાપુરા રોડ, હોસ્ટેલથી ત્રીકમલાલ વકીલનો બંગલો, દરાપુરા રોડ, રેલ્વે ફાટક સુધી સ્ટેશન રોડ પૂર્વ, રેલ્વે ફાટક પાસે દીપ મંગલ સોસાયટી, કોલેજ પાછળની ઝુંપડપટ્ટી
	૧૩ ૫૦૫	૧૭૫૩ થી ૧૮૭૭	બજરંગ નગર, રામનગર, રેલ્વે ફાટક રામનગર પાસેની ઝુંપડપટ્ટી
	૪૯ ૮૯૪	૧૭૨ થી ૯૭૫	ગુ.હા.બોર્ડનાં મકાનો, સત્યમ સોસાયટી, વૃંદાવન ગાર્ડન, ઓમકારપુરમ, યોગેશ્વર સોસાયટી, સર્વોદય ૧, ૨
	૬૨ ૩૮૨	૧ થી ૭૩	શ્રીજીધામ સોસાયટી, હરસિધ્ધી માતા, નીલકંઠ, યશોદ કુંજ
	૩૭૬૧		

INDEX

— : હદનું વર્ણન : —

સર્વોદય સોસાયટીનાં વાયવ્ય ખૂણેથી શરૂ કરી સર્વોદય સોસાયટીની ઉત્તરની હદેથી પૂર્વ તરફ આગળ જતાં જય યોગેશ્વર સોસાયટીનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે સર્વે નં.૧૩૩૧ની પશ્ચિમની હદ અને સર્વે નં.૧૩૩૨ ની પૂર્વ હદે સર્વે નં.૧૩૩૧ નાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સર્વેનં.૧૩૩૧, ૧૩૩૦, ૧૩૨૩/૧, ૧૩૧૫, ૧૩૧૬ની ઉત્તર ની હદે હદે પૂર્વ તરફ આગળ જઈ સર્વેનં.૧૩૧૭/૧નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી ગામ સાંગમાનાં સીમાડાની પશ્ચિમ હદે હદે આગળ જતાં સર્વેનં.૪૮ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વેનં.૫૦ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સર્વેનં.૫૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વેનં.૫૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ મોજે ગામ સોખડાખુર્દનાં સીમાડાની પશ્ચિમ હદે હદે અને નગર પાલિકાનાં સર્વે નં.૫૭, ૫૯, ૯૫, ૯૬ની પૂર્વ હદે આગળ વધી સર્વેનં.૯૭નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સર્વેનં.૧૦૦ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં.૧૦૦ ની પૂર્વ હદે હદે આગળ જતાં સર્વે નં.૧૦૦ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં.૧૦૦ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સર્વે નં.૧૦૨ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં.૧૦૬નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં.૧૦૮ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં.૧૦૮, ૧૦૯, ૧૧૩ ની દક્ષિણ હદે હદે સર્વે નં. ૧૦૯ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાં દક્ષિણ તરફ મોજે ગામ દરાપુરા સીમાડાની પશ્ચિમની હદ અને નગર પાલિકાની હદે હદે આગળ જતાં સર્વે નં.૧૨૭નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં નહેરની હદે હદે ઉત્તર તરફ આગળ જતાં જંબુસર તરફની રેલ્વે લાઈન સુધી ત્યાંથી ઉત્તરે સુર્યનગર સોસાયટીની પાછળની ઝુંપડપટ્ટીની પશ્ચિમ હદે આગળ જતાં છીપવાડ તળાવનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી છીપવાડ તળાવની પૂર્વ હદેથી ઉત્તર તરફ આગળ જતાં ઉષાકિરણ સોસાયટી સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં રામકૃષ્ણ નંબર—૨ અને રણછોડનગર સોસાયટીની પૂર્વ હદે હદે આગળ જતાં રામપાર્ક સોસાયટીનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ હિરક મહોત્સવ રોડે રોડે પાદરા હાઈસ્કૂલનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ્ટેશન રોડની હદે હદે રેલ્વે સ્ટેશન સુધી ત્યાંથી પૂર્વ તરફ સયાજીબાગ અને એમ.કે.અમીન કોલેજની દક્ષિણ હદે હદે આગળ જતાં એમ.કે.અમીન કોલેજની અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ એમ.કે.અમીન કોલેજની પૂર્વ હદ અને દિપમંગલ સોસાયટીની પશ્ચિમ હદે આગળ જતાં સર્વે નં.૭૪/૩ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૭૪/૩ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં.૭૪/૩ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં.૮૨ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સર્વે નં.૮૨નાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ હરસિધ્ધી સોસાયટીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં હરસિધ્ધી સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડનાં મકાનો અને નિલકંઠ નગરનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં નિલકંઠ નગરનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વળાંક વળી ઉત્તરે જતાં સર્વે નં.૧૯/૨ ની પૂર્વ હદે આગળ જતાં પાતળીયા હનુમાન રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી રોડની હદે હદે પૂર્વ તરફ જઈ વળાંક વળી રોડે રોડે ઉત્તર તરફ આગળ જતાં ગુ.હા.બોર્ડનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી રોડ ક્રોસ કરી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં.૨૦/૧ ની ઉત્તરની હદે હદે લક્ષ્મીનારાયણ સોસાયટીનં.૨ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં લક્ષ્મીનારાયણ સોસાયટીની પશ્ચિમ હદે હદે જમ્મીનપાર્કનાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ઈશાન ખૂણે આગળ જતાં પાતળીયા હનુમાન રોડ સુધી, રોડ ક્રોસ કરી ઉત્તર તરફ જતાં ઓમકારપૂરમ સોસાયટીની પશ્ચિમ હદે હદે આગળ જતાં ટી.પી.રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ટી.પી.રોડની હદે હદે આગળ જતાં સર્વોદય સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે આગળ જતાં સર્વોદય સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર– ૪

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોક નાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૪	૩ ૩૮૫	૩૮૩ થી ૪૮૨	વણકરવાસ,
	૪ ૫૩૧	૪૮૩ થી ૫૯૦	વણકરવાસ, શામળકુવા, ગોલવાડ
	૭ ૮૩૨	૮૧૪થી ૯૫૦	મેમાજીનું ડેલુ શારદી ચોળ, શામળકુવા
	૮ ૫૩૮	૯૫૧ થી ૧૧૫૪	વણકરવાસ, કલબ, લીબર્ટી ટોકીઝ, ગુંપડપટ્ટી, દાદાભાઈનો બંગલો
	૯ ૫૮૬	૧૧૫૫ થી ૧૨૯૦	હિરક મહોત્સવ રોડ ઉત્તરબાજુ, આઈસ ફેકટરી, વાઘેશ્વરી સોસાયટી, રામકૃષ્ણ સોસાયટી૧–૨, રણછોડનગર સોસાયટી
	૧૪ ૭૧૭	૧૮૭૮ થી ૨૧૧૦	રેલ્વે સ્ટેશનથી સયાજીબાગ થઈ, પાદરા હાઈસ્કુલથી વ્યાયામશાળા, હંસનગર સોસાયટી, શંકર પાર્ક સોસાયટી તેજશનગર સોસાયટી
	૧૫ ૬૦૦	૨૧૧૧ થી ૨૨૩૯	નરસિંહ નગર સોસાયટી, ગાયત્રી મંદિર, સહજાનંદ સોસાયટી બાલ મંદિર, જીલ્લા પંચાયત
	૪૧૮૯		

INDEX

— : હદનું વર્ણન : —

જુના એસ.ટી. ડેપો ચાર રસ્તાથી શરુ કરી ઉત્તર તરફ એસ.ટી. ડેપો રોડની પૂર્વ હદે હદે આગળ જતાં ગાયત્રી મંદીરનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી વળાંક વળી પૂર્વ તરફ ગાયત્રી મંદીર રોડની હદે હદે આગળ જતાં સહજાનંદ સોસાયટીનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સહજાનંદ સોસાયટીની પૂર્વ હદે આગળ જતાં સહજાનંદ સોસાયટીનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં શંકરપાર્ક સોસાયટી અને હંસનગર સોસાયટીની ઉત્તર હદે હદે આગળ જતાં પાતળીયા હનુમાનજી રોડ નાં મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે રોડની હદે હદે આગળ જતાં યશોદાકુંજનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વેનં.૧૯/૨ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વેનં.૧૯/૨ ની પૂર્વ હદે હદે સર્વેનં.૧૯/૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ નિલકંઠ નગરનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ગર્લ્સ હાઈસ્કૂલની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ જતાં પાદરા હાઈસ્કૂલ ત્યાંથી પૂર્વ તરફ જતાં પાદરા હાઈસ્કૂલનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ શ્રીજીધામ સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં શ્રીજીધામ સોસાયટીની ઉત્તર હદે હદે થઈ આગળ જતાં સર્વેનં.૭૪/૩ ની ઉત્તરની હદે આગળ જઈ સર્વેનં.૭૪/૩ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વેનં.૭૪/૩ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સર્વેનં.૭૪/૩ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં એમ કે અમીન કોલેજની પૂર્વ હદે થઈ આગળ જઈ દરાપુરા રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ દરાપુરા રોડની હદે હદે આગળ જતાં સયાજી સર્કલ સુધી ત્યાંથી ઉત્તર તરફ સ્ટેશન રોડની હદે હદે ઉત્તર તરફ તથા સયાજીબાગ પાદરા હાઈસ્કૂલની પશ્ચિમ દિશાએ ઉત્તર તરફ આગળ વધી કોલેજ ચાર રસ્તા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ હિરક મહોત્સવ રોડની હદે હદે આગળ જતાં રણછોડનગરનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં રણછોડનગર સોસાયટી અને રામકૃષ્ણ સોસાયટી–૨ ની પૂર્વ હદે દક્ષિણ તરફ આગળ જતાં છીપવાડ તળાવ સુધી ત્યાંથી છીપવાડ તળાવની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ જતાં તળાવનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વેનં.૩૧૨ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં સર્વેનં.૩૧૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સર્વેનં.૩૧૨ ની પશ્ચિમની હદે હદે સત્સંગ આશ્રમનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જઈ વળાંક વળી ઉત્તર તરફ આગળ જતાં છીપવાડ તળાવની પશ્ચિમની હદે રણછોડજી મંદિરના ઈશાન ખૂણેથી ત્યાંથી વાયવ્ય ખૂણે આગળ જતાં ઘાયજ રોડ ક્રોસ કરી વાયવ્ય ખૂણે આગળ જતાં વાઘેશ્વરી સોસાયટીની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ આગળ જતાં રામકૃષ્ણ સોસાયટી–૧ ની દક્ષિણની હદે હદે રામકૃષ્ણ સોસાયટીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં રામકૃષ્ણ સોસાયટીનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં છીપવાડના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં શામળભાઈની ખડકીની પૂર્વ હદે આગળ જતાં મેમાજી ડહેલાનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ શામળકુવા તરફનાં રોડની હદે હદે આગળ જતાં વળાંક વળી દક્ષિણ તરફ આગળ જઈ પૂર્વ તરફ આગળ જતાં રાણાવાસ તરફનાં રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જઈ પશ્ચિમ તરફ આગળ જઈ ઉત્તર તરફ રોડની હદે હદે આગળ જતાં હલકારા ફળીયાનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રાણાવાસની પશ્ચિમ હદે હદે આગળ જતાં રાણાવાસના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જઈ રાણાવાસના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં ઓધવભુલા ફળીયાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જઈ ઉત્તર તરફ વણકરવાસની પશ્ચિમ હદે હદે આગળ જતાં વણકરવાસનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલની દક્ષિણ હદે હદે થઈ વણકરવાસ રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ જુના એસ.ટી. ડેપોનાં ચાર રસ્તા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર– ૫

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોક નાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૫	૧ ૯૩૯	૧ થી૨૫૦	બળીયાકાકાનું ડેરું, પ્રસાદી ફળીયું, ધબડાકનું ફળીયું, ઘાંચી પોળ, સ્ટેશન રોડ, પટણી વાડ, જુની પાનસરાવાડ
	૨ ૪૭૫	૨૫૧ થી ૩૮૨	કોઠી ફળીયું પશ્ચિમ , માવજીની કુઈ, કોઠી ફળીયું પૂર્વ, ઓધવભુલાની ખડકી, બંગાળી ફળીયું
	૫ ૫૪૪	૫૯૧ થી ૬૯૮	ગોલવાડ, શામળકુવો, હલકારાનું ફળીયું, માવજીની કુઈ, ડુંગરાવાળું ફળીયું
	૬ ૪૮૭	૬૯૯ થી ૮૧૩	માવજીની કુઈ, હલકારાનું ફળીયું, શાસ્ત્રી પોળ, તલાટી સ્ટ્રીટ, મેમાજીનું ડહેલું, લુહારનો ખાંચો, શામળભાઈની ખડકી
	૨૫ ૫૩૧	૭૦૬ થી ૮૩૪	મસ્જીદ પાછળનાં ફળીયામા મદ્રેશાથી કોર્ટ વગો થઈ ઘાંચીપોળ દક્ષિણ, માળીવાડ, બળીયાકાકાનો રસ્તો, રામજી મદિર રોડ, બળીયાકાકા ખાંચો, ચુડગરની ખડકી, ઝંડાબજાર
	૨૬ ૫૦૫	૮૩૫ થી ૯૯૩	ઝંડા બજાર, માળીવાડ, મોચી બજાર, વ્હોરવાડ બજાર, બારોટ ફળીયું, ઝંડા બજાર, અંચલેશ્વર મહાદેવ, ગુંદી ફળીયું, મહેતા ટાઈપ રાઈટીંગનાં મકાન સુધી
	૩૯ ૩૬૨	૧૧૩૮ થી ૧૩૨૦	શાહીવાળા શેરી પૂર્વ, બાપુદેસાઈની ખડકી, ઉત્તરાજીયા ખડકી, ઝંડા બજારથી ગુજરાતી શાળા, અમીન ખડકી, જેઠાભાઈ અમીન ખડકી, શામળભાઈ ખડકી
	૩૮૪૩		

INDEX

— : હદનું વર્ણન : —

વશી ફળીયાની વાયવ્ય ખૂણેથી શરૂ કરી વશી ફળીયાની ઉત્તર હદેથી પૂર્વ તરફ આગળ વધી ગુંદી ફળીયા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં ઉમિયાવાડીની દક્ષિણ હદે હદે આગળ જતાં મસ્જીદ પાછળનાં ફળીયાની દક્ષિણ હદેથી આગળ જતાં વ્હોરાવાડ ચાર રસ્તા સુધી ત્યાંથી ઉત્તર તરફ વ્હોરાવાડ રોડની હદે આગળ જતાં ચકલા સુધી ત્યાંથી પૂર્વ તરફ નગર પાલિકા ક્વેરીની દક્ષિણ હદે અને મોટી ફળીની ઉત્તર હદેથી આગળ જતાં જુની પાનસરાવાડની ઉત્તર હદે અને મામલતદાર બંગલાની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતાં કોઠી ફળીયાની ઉત્તર હદે થઈ, ઓધવભુલાની ખડકીની ઉત્તર હદેથી પૂર્વ તરફ આગળ જતાં જુના એસ.ટી. ડેપોની દક્ષિણ હદેથી પૂર્વ તરફ આગળ જતાં વિષ્ણુરાઈસ એન્ડ પલ્સ મીલની ઉત્તર હદેથી વણકરવાસ ચાર રસ્તા સુધી ત્યાંથી દક્ષિણે વિષ્ણુરાઈસ એન્ડ પલ્સ મીલની પૂર્વ હદે આગળ જતાં વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં વિષ્ણુ રાઈસ એન્ડ પલ્સ મીલનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં ઓધવભુલા ફળીયાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે રાણાવાસની પૂર્વ હદે હદે રાણાવાસનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં રાણાવાસનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં કોઠી ફળીયાનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં કોઠી ફળીયાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જઈ પૂર્વ તરફ આગળ જતાં ગણેશ ચોકનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ અને રાણાવાસ ની પશ્ચિમ હદે હદે આગળ જતાં ડુંગરાના ફળીયાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં રાણાવાસનાં રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ રાણાવાસ રોડે રોડે આગળ જઈ દક્ષિણ તરફ રોડે રોડે આગળ જતાં દાલીયાની મીલની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ આગળ જતાં દાલીયાની મીલની પૂર્વ હદે થઈ દક્ષિણ તરફ આગળ જતાં શામળકુવા રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રોડે રોડે આગળ ઉત્તર તરફ જઈ વળાંક વળી પશ્ચિમ તરફ રોડે રોડે આગળ જતાં તલાટી સ્ટ્રીટનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં મેમાજીનાં ડહેલાનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં શામળભાઈની ખડકીનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં શામળભાઈની ખડકીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ આગળ જઈ પશ્ચિમ તરફ આગળ જતાં ગુજરાતી શાળાનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં ગુજરાતી શાળાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં ગુજરાતી શાળા નાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણે આગળ જતાં કાપડબજાર રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ પોસ્ટ ઓફીસ તરફનાં રોડે રોડે આગળ જતાં અચલેશ્વર મહાદેવ અને અફિણવાળાનાં ખાંચાની પૂર્વ હદે હદે અને નગર નાગરિક બેંકની પશ્ચિમ હદે હદે આગળ જતાં મહેતા ટાઈપનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જઈ ઉત્તર તરફ વશી ફળીયાનાં રોડે રોડે વશી ફળીયાનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ગુંદી ફળીયાનાં રોડે રોડે આગળ જતાં ટાવર શાળાનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં ટાવર શાળાની પૂર્વ હદ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોક નાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૬	૨૧ ૬૮૮	૧ થી ૧૭૭	રામજી મંદિર, સિવીલ કોર્ટ, નાનો વાઘરી વાસ, ચોરા પાછળનું ફળીયું
	૨૪ ૭૪૪	૫૨૦ થી ૭૦૫	વોટર વર્કસ, અંબાજી રોડ, પોસ્ટ ઓફીસ રોડ, ટાવર શાળા, કોર્ટ વગો,
	૨૭ ૬૦૨	૯૯૪ થી ૧૧૧૩	ગુંદી ફળીયું, પોસ્ટ ઓફીસ, મનુભાઈ મોરારભાઈવાળું ફળીયું, પોસ્ટ ઓફીસ રોડ અફીણવાળાનો ખાંચો, નર્મદા ભુવન શોપીંગ સેન્ટર, ચુડગર, શ્રીરામ શોપીંગ સેન્ટર, ચીકાવાડ
	૨૮ ૪૨૧	૧૧૧૪ થી ૧૪૦૧	ચીકાવાડ પૂર્વ થી અફીણવાળાનો ખાંચો, શેઠ શેરી, અચલેશ્વર મહાદેવ, ઝંડા બજાર, કાપડ બજાર, ચોકસી બજાર, કુંભારવાડો, મોટાતળાવની સામે, જુની પોલીસ લાઈન, લાયબ્રેરી પાછળ, રાજનશા પીર, ચોકસી બજાર, પ્રેસ વાળાનો ખાંચા સુધી
	૨૯ ૪૫૭	૧૪૦૨ થી ૧૫૮૨	પ્રેસવાળાનાં ખાંચાથી કાપડ બજાર, ઝંડા બજાર, નાંદેરા શેરી, સત્યનારાયણનો ખાંચો, ઝંડા બજારથી શાહીવાળાની શેરી, પશ્ચિમ સુધી
	૩૦ ૩૪૮	૧૫૮૩ થી ૧૭૧૪	ઘોરાવાળું ફળીયું, ગીતાભારતીની પોળ ઉત્તર, મકાતીની ખડકી, સાત ઘરીયાની ખડકી, નાંદેરાશેરી, જૈન દેરાસર, જૈન દેરાસરનો ખાંચો, સંતોષપુરી પોળ ઉત્તર, લાલમીયાંની ગલી ગાંધી ચોક
	૩૪ ૭૨૯	૪૪૨ થી ૫૮૩	ગીતાભારતી પોળ દક્ષિણ, ઘોરાવાળું ફળીયું, શાસ્ત્રીની ખડકી, પધરાઈ, કામદારનું ફળીયું, કારભારીની ખડકી, રણછોડજીનું ફળીયું, રબારીવાનું ફળીયું, તળજા મંગળની ખડકી, વડવાળુ ફળીયું, પધરાઈ, વિઠ્ઠલનાથજીનું ફળીયું

INDEX

— : હદનું વર્ણન : —

વોટરવર્કસનાં વાયવ્ય ખૂણાથી શરુ કરી પૂર્વ તરફ આગળ-જતાં ત્રિકમજી મદિર રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં ટાવર રોડના મધ્યબિદુ સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં ટાવર રોડ મધ્યબિંદુથી રોડે રોડે આગળ જતાં રબારીવાડનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં રબારીવાડની પૂર્વ હદ અને ચોરા પાછળનાં ફળીયાની પશ્ચિમ હદેથી આગળ જતાં જુના દવાખાનાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઈશાન ખૂણે આગળ જતાં નાના તળાવ સુધી ત્યાંથી નાના તળાવની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ વધી મુનસફ કોર્ટની ઉત્તર હદે હદે આગળ વધી તુલસીદાસ ફળીયાનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં તુલસીદાસ ફળીયાનાં પૂર્વની હદે હદે આગળ જતાં નગરપાલિકા કચેરીની પશ્ચિમ હદે થઈ ચકલા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં મસ્જીદ પાછળનાં ફળીયાની પૂર્વ હદેથી દક્ષિણ તરફ આગળ જતાં વ્હોરાવાડનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં મસ્જીદ પાછળનાં ફળીયા ની દક્ષિણ હદેથી આગળ જઈ ઉમિયાવાડીની દક્ષિણ હદેથી પશ્ચિમે આગળ જઈ ગુંદી ફળીયાનાં ઉત્તર હદે હદે થઈ વાયવ્ય ખૂણા તરફ જતાં ટાવર શાળાની પૂર્વ હદે હદે થઈ ગુંદી ફળીયાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં ગુંદી ફળીયાનાં પશ્ચિમ હદે હદે થઈ મહેતા ટાઈપ કલાસ સુધી મહેતા ટાઈપની પૂર્વ હદેથી આગળ જતાં નગર નાગરીક બેંકની પશ્ચિમ હદેથી આગળ જતાં અચલેશ્વર મહાદેવ ફળીયાની પૂર્વ હદેથી અને બારોટ ફળીયાની પશ્ચિમ હદે થઈ દક્ષિણ તરફ આગળ જતાં કાપડબજાર રોડ ક્રોસ કરી દક્ષિણે આગળ જતાં શાહીવાળાની શેરીનાં ઉત્તર ખૂણા સુધી ત્યાંથી શાહીવાળાની શેરીની પૂર્વ હદેથી આગળ જતાં ધોળાવાડા ફળીયા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં નારાયણ મુલચંદ ફળીયાની પશ્ચિમ હદેથી દક્ષિણ તરફ આગળ જતાં પધરાઈ ચોકની પૂર્વ હદે આગળ જતાં ઝવેરશાહની ખડકી ની પશ્ચિમ હદેથી આગળ જતાં વિઠ્ઠલનાથજીનાં ફળીયા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વિઠ્ઠલનાથજી ફળીયાની દક્ષિણ હદે હદે અને રામશેરીની ઉત્તર હદેથી આગળ જતાં રણવાના ફળીયાની દક્ષિણ હદે થઈ પશ્ચિમ તરફ આગળ જતાં કારભારીની ખડકીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ આગળ જતાં કારભારીની ખડકીની પશ્ચિમ હદે હદે થઈ અને પુરબાઈનાં પરાની પૂર્વ હદે હદે આગળ જતાં વૈદ્ય વગાની પૂર્વે થઈ આગળ જતાં ગીતાભારતીની પોળનાં રસ્તાનાં મધ્યબિંદુથી પૂર્વ તરફ આગળ જતાં ગીતાભારતી પોળનાં રસ્તાથી ઉત્તર હદેથી અને મકાતીની ખડકીની દક્ષિણ હદેથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં સંતોષપુરી પોળનાં રસ્તાની મધ્યબિંદુથી આગળ જતાં સંતોષપુરી પોળનાં નાકા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ આગળ જતાં ગાંધી ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં મસ્જીદ લાઈનથી પશ્ચિમ હદે હદે થઈ રાજનશાપીર સુધી ત્યાંથી રાજનશાપીરની પશ્ચિમ હદેથી આગળ જતાં મોટા તળાવની પૂર્વ હદે હદે ઉત્તર તરફ થઈ વોટર વર્કસ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર –૭

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોક નાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૭	૪૦ ૬૨૦	૧ થી ૨૭૮	ગાંધી ચોક પશ્ચિમ , ગાંધીબજાર , શાકમાર્કેટ સામે, તળાવ ઉપરની ઝુંપડપટ્ટી, દાદાવાળી, ફુલબાગ પશ્ચિમ , નવાપુરા ઉત્તર
	૪૧ ૭૯૦	૨૭૯ થી ૩૯૬	નવી પાનસરાવાળ પૂર્વ, નવી પાનસરાવાળ પશ્ચિમ , નવાપુરા, રાયણવાડી ખડકી
	૪૨ ૯૧૬	૩૯૭ થી ૬૧૮	નવાપુરા ઉત્તર , મોટો ભોઈ વાળો, ડભાસા ભાગોળ, ગુજરાત વિદ્યુત બોર્ડ, રામટેકરી, ખત્રી મહારાજ રેસ્ટ હાઉસ, પડતરીયાં, ઝુંપડપટ્ટી, બેઠક મંદિર મહાપ્રભુજી
	૪૩ ૫૪૮	૬૧૯ થી ૭૧૮	વાઘરીવાસ, નાનો ભોઈ વાડો, હરિજન વાસ, ડભાસા ભાગોળ
	૪૪ ૬૪૫	૭૧૯ થી ૮૦૩	ડભાસા ભાગોળ, નવાપુર દક્ષિણ, હનુમાનજીનું ફળીયું, નવાપુરા દક્ષિણ, ગોરીયાદવાળું ફળીયું
	૪૫ ૪૧૦	૮૦૪થી ૯૦૬	નવાપુરા દક્ષિણ, માર્કેટ પોલીસ ચોકી, સંતરામ મંદિર,વાઘરીવાસ, લતીપુરા રોડ સામે ઝુંપડપટ્ટી
	૩૯૨૯		

INDEX

— : હદનું વર્ણન : —

ગુજરાત વિદ્યુત બોર્ડના વાયવ્ય ખૂણેથી શરૂ કરી સર્વે નં.૫૯૦/૧ ની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૬૭૭/૧ ની દક્ષિણ હદેથી આગળ જતાં સંતરામ કોમ્પ્લેક્ષ રેસી કમ પ્લાઝાની ઉત્તર હદે હદે પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૫૭૨, ૫૭૧, ૫૬૯/૨ ની દક્ષિણ હદે હદે ઉત્તરે આગળ જતાં ગજાનંદ પાર્કની પશ્ચિમ હદે થઈ ઉત્તરે આગળ જતાં નર્મદા વસાહતના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ પૂર્વ તરફ આગળ જતાં સ્ટેટ હાઈવે ક્રોસ કરી વ્રીકમજીમંદીરની દક્ષિણ હદેથી અને મોટા તળાવની ઉત્તર હદેથી પૂર્વ તરફ આગળ જતાં જુના દવાખાના સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં વોટર વર્કસનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં વોટર વર્કસની ઉત્તર હદે મોટા તળાવની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ જતાં પૂર્વ તરફથી તળાવની હદે આગળ જતાં ચોકસી બજારનાં નાકા સુધી ત્યાંથી મસ્જીદ લાઈનની પશ્ચિમ હદે દક્ષિણ તરફ જતાં શાકમાર્કેટ રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં રાવળીયા વાસની ઉત્તર હદેથી આગળ જતાં શાકમાર્કેટની ઉત્તર હદેથી એકલસુરી માતાનાં મંદિરની દક્ષિણ હદેથી આગળ જતાં નવાપુરા ચાર રસ્તાનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી દક્ષિણે આગળ જતાં સંતરામ મંદિરની પૂર્વ હદેથી અને ઉચીપોળની પશ્ચિમ હદેથી દક્ષિણે આગળ જતાં વાઘરીવાડની પૂર્વ હદેથી અને કંટીયાળા તળાવ ની ઝુંપડપટ્ટી ની પશ્ચિમ હદેથી દક્ષિણે આગળ જતાં તમાકુવાળા સેન્ટરનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે આગળ જતાં સર્વે નં.૨૬૪, ૨૬૩ની ઉત્તર હદે હદે થઈ લતીપુરા રોડ ક્રોસ કરી સર્વે નં.૩૩૧, ૩૩૮ ની ઉત્તર હદે હદે પશ્ચિમે આગળ જતાં બેઠક મંદિરનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે જતાં સર્વે નં.૩૪૫, ૩૪૨, ૩૪૨/૨ની પશ્ચિમ હદે આગળ જતાં પંચવટી સોસાયટી અને સર્વે નં.૫૫૧ની પૂર્વ હદેથી આગળ જતાં રાજય ધોરી માર્ગ સુધી, રાજય ધોરી માર્ગ ક્રોસ કરી આગળ જતાં સર્વે નં.૫૯૨, ૫૯૧ની પૂર્વ હદ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર –૮

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોક નાં ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
૧	૨	૩	૪
૮	૩૧ ૮૮૬	૧ થી ૧૬૮	નવઘરી રોડ, સંતોષપુરી પોળ દક્ષિણ, ગીતાભારતીની પોળ દક્ષિણ, જુના કોઠા મહાદેવ, દેરાશેરી, જુના કોઠા મહાદેવ પાસે, નવઘરી રોડ, જુના કોઠા, લાલબાવાનો લીમડો, જૈન ધર્મશાળા પશ્ચિમ , નવઘરી રોડ, કંટાળીયા તલાવ, ઝુંપડપટ્ટી પશ્ચિમ , શ્રીરામવિજયકોલોની
	૩૨ ૬૬૧	૧૬૯ થી ૨૯૯	કંટીયાળા ઝુંપડપટ્ટી પૂર્વસાઈડ, લાલબાવાનો લીમડો, હડકાયાનું ફળીયું, ઉડું ફળીયું પશ્ચિમ , ઉડું ફળીયું
	૪૬ ૭૨૫	૯૦૭ થી ૧૦૭૦	તમાકુવાળા એસ્ટેટ સંતરામભાગોળ પૂર્વ, ફુલવાડી, વાઘરી વાસ, કંટીયાળા તળાવ, સંતરામ ભાગોળ પૂર્વ
	૪૭ ૭૭૩	૧૦૭૧ થી ૧૩૦૮	ઉચીપોળ દક્ષિણ, ઉચીપોળ, ઉત્તર, સંતરામરોડ, શાકમાર્કેટ અંદર, સંતરામ રોડ પૂર્વ, શાક માર્કેટ બહાર, મરચાં ગલી ગાંધી બજાર ગાંધીચોકથી નવઘરીનો રોડ, નવઘરી રાવળીયાવાસ, લાલકુવો, આરાધના પલ્સ મીલ સુધી
	૫૫ ૫૯૭	૧૮૭૦ થી ૨૦૩૧	નર્મદા બહારનાં કેબીનો, સંતરામની દુકાનો, જીઈબીની પાસેની ઝુંપડપટ્ટી, ખોડીયારનગર, પંચવટી, ખત્રી નગર, આવાસ યોજના
	૫૬ ૫૧૮	૨૦૩૨ થી ૨૧૫૫	ઈન્દીરા આવાસ યોજના, લતીપુરા રોડ, અંબાશંકરી, મહાકાલી માતાનું મંદિર, ધાયજ રોડ ઝુંપડપટ્ટી
	૪૧૬૦		

INDEX

— : હદનું વર્ણન : —

પાદરાનાં સર્વે નં.૬૨૦ નાં વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં સર્વે નં.૬૨૦, ૬૨૬, ૬૦૨, ૬૦૦, ની ઉત્તર હદે હદે સર્વે નં.૫૯૯ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વે નં.૫૯૯ ની પૂર્વ હદે હદે સર્વે નં.૫૮૯ ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૫૮૯, ૫૮૦, ૫૮૧ તથા ૫૮૨ ની ઉત્તર હદે હદે સર્વે નં.૫૮૨નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ જતાં સર્વે નં.૫૮૨, ૫૬૮/૧, ૫૬૯/૨, ૫૭૧ ની પૂર્વ હદે હદે સર્વે નં.૫૭૧ ની દક્ષિણ દિશા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં. ૫૭૧, ૫૭૨, ૫૭૭/૧, ૫૯૦/૧ની દક્ષિણ હદે હદે સર્વે નં.૫૯૧નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સર્વે નં.૫૯૧, ૫૯૨ની પૂર્વ હદે હદે સર્વે નં.૫૯૨નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી જંબુસર રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ આગળ જતાં સર્વે નં.૫૫૧, ૫૫૦ (પંચવટી) ૫૪૦, ૫૪૮, ૫૯૭, ૩૪૩, ૩૪૪, ૩૫૯ની પૂર્વ હદે હદે સર્વે નં.૩૫૮નાં ઉત્તર ભાગ સુધી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૩૩૮, ૩૩૧, ૨૬૩ ની ઉત્તર હદે હદે થઈ સર્વે નં.૨૬૨નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં સંતરામ મંદિરનાં રોડનાં મધ્યબિંદુથી રોડે રોડે આગળ જતાં શાકમાર્કેટની પશ્ચિમ હદે હદે થઈ શાકમાર્કેટનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ શાકમાર્કેટની ઉત્તર હદે હદે રાવળીયાવાડ થી આગળ જતાં ગાંધીચોક સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ આગળ જતાં સંતોષપુરી પોળનાં નાકા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સંતોષપુરી પોળની ઉત્તર હદે હદે થઈ ગીતાભારતીની પોળનાં રસ્તાના મધ્યબિંદુ થી રોડે રોડે આગળ જતાં ગીતાભારતી પોળનાં પૂર્વ નાકા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જઈ ગીતાભારતી પોળનાં અગ્નિ ખૂણા થઈ પશ્ચિમ તરફ ગીતાભારતી પોળની દક્ષિણ હદે હદે થઈ ગીતાભારતી પોળનાં પશ્ચિમ નાકા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં સંતોષપુરી પોળની પૂર્વ હદે હદે થઈ વૈદ્ય વગાનાં નાકા સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ આગળ જતાં જૈન દેરાસર રોડનાં નાકા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં લાલબાવાના લીમડા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં લાલબાવાનાં લીમડાની ઉત્તર હદે હદે થઈ લાલબાવાના લીમડાંનાં પશ્ચિમ નાકા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં લાલબાવાનાં લીમડાનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ આગળ જતાં પુરબાઈનાં પરાની પશ્ચિમ હદનાં ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં ઉડું ફળીયાની તથા રામવિજય કોલોની ની પૂર્વ હદે હદે થઈ અને આગળ જતાં સર્વે નં.૩૨૯, ૩૧૭, ૩૧૬/૨ની દક્ષિણ હદેથી સર્વે નં.૨૭૩ની ઉત્તર હદેથી આગળ જતાં સર્વે નં.૨૭૩નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં ઘાયજ રોડની હદે હદે થઈ સર્વે નં.૨૦૮નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં સર્વે નં.૨૦૮, ૨૧૭, ૨૧૮, ૨૨૧, ૨૨૬/૧, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮/૧ ની દક્ષિણ હદે હદે થઈ સર્વે નં.૨૩૮/૧ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં નગર પાલિકાની હદે હદે સર્વે નં.૨૩૮/૧, ૩૭૪, ૩૭૩/૧, ૩૭૨, ૩૭૧, ૩૭૦,૪૨૯, ૪૨૮, ૪૩૬, ૫૩૬, ૫૩૭, ૬૧૦/૩, ૬૧૦/૧, ૬૧૧, ૬૧૩, ૬૧૯ અને ૬૨૦ની પશ્ચિમ હદે હદે ઉત્તર તરફ આગળ વધી સર્વે નં.૬૨૦નાં વાયવ્ય ખૂણા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર –૯

સૂચિત નવીન વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન		
	સેન્સસનાં બ્લોક નંબર	સેન્સસનાં બ્લોક નાં ઘર નંબરની વિગત	બ્લોકનાં વિસ્તારની વિગત
		ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪
૯	૩૩ ૬૬૭	૩૦૦ થી ૪૪૧	લાલબાવાનો લીમડો દક્ષિણ, પુરબાઈનું પરું, કબીર મંદિર ચુંનાવાળાનું ખેતર, મહાકાળી સોસાયટી, પાર્શ્વનાથ સોસાયટી, જલારામમીલ, પુરબાઈનું પરું પૂર્વ, જુના કોઠા મહાદેવ, ગીતાભારતીની પોળ દક્ષિણ
	૩૫ ૬૭૭	૫૮૪થી ૭૨૧	રામશેરી, સેતરીયાનું ફળીયું, વ્હોરાવાળું ફળીયું, દોઢીયાનું ફળીયું, મઠ
	૩૬ ૫૫૬	૭૨૨ થી ૮૪૫	રણછોડજીનું મંદિર, નવી ગોલવાડ, ગલીયારાવાડ, રબારીવાડ, સોની ફળીયું
	૩૭ ૪૯૯	૮૪૬થી ૯૬૬	છીપવાડ પૂર્વ બાજુ, મતીયાનું ફળીયું, છીપવાડ પશ્ચિમ બાજુ, વાસદીયાની ખડકી, ઝવેરશાહ ડેલાની પાછળ બારણું
	૩૮ ૬૨૪	૯૬૭ થી ૧૧૩૭	છીપવાડ દક્ષિણ, વલ્લભધાશી બાલ મંદિર, સુંદરલાલ શાહનાં મકાન પાછળ, જવેરશાહની ખડકી, પધરાઈ પૂર્વ, મોતી માણેકનું ફળીયું, નારણ મુલચંદનું ફળીયું, દલાલ ટેકરો
	૪૮ ૭૩૫	૧ થી ૧૭૧	શાંતા કુંજ, લકુલેશ, શ્રીનાથ પાર્ક અને આસપાસની ઝુંપડપટ્ટી રોડની પૂર્વ
	૩૭૫૮		

INDEX

— : હદનું વર્ણન : —

ઝંડાબજાર રોડ ઉપર આ વોર્ડમાં સ્થિત તંબોળીની દુકાનથી શરુ કરી પૂર્વ તરફ જતાં ગુજરાતી શાળાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ બાપુ દેસાઈની ખડકીની પૂર્વ હદે ગુજરાતી શાળાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ગુજરાતી શાળાની દક્ષિણ હદે અને અમીન ખડકીની પશ્ચિમ તરફ આગળ જતા મનીષા ફળીયા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા મનિષા ફળીયાની ઉત્તર હદે છીપવાડનાકા સુધી ત્યાંથી મેમાજી ડહેલા સુધી ત્યાંથી મેમાજી ડહેલાની દક્ષિણ હદે આગળ જતા વાસદીયાની ખડકીના ઈશાન ખૂણા સુધી ત્યાંથી વળાંક વળી દક્ષિણ તરફ જતા વાંસદીયાની ખડકીની પૂર્વ હદે અને રામકૃષ્ણ–૧ ની પશ્ચિમ હદે થઈ આગળ જતા સોની ફળીયાની પૂર્વ હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતા રબારીવાડની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ આગળ જતા વાઘેશ્વરી સોસાયટીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઈશાન ખૂણા તરફ જઈ પૂર્વ તરફ વળાંક વળી આગળ જતા રણછોડરાય મંદિરની પૂર્વ દિશા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતા રણછોડરાય મંદિરની પૂર્વ હદે હદે આગળ જતા સર્વે નં.૩૧૨ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતા સત્સંગ આશ્રમનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં સત્સંગ આશ્રમની પૂર્વ હદે થઈને સર્વે નં.૩૧૪ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં સર્વે નં.૨૮૬ની ઉત્તરની હદે આગળ જઈ પૂર્વ તરફ આગળ સર્વે નં.૨૯૭, ૨૯૧ની ઉત્તર હદે હદે સર્વે નં.૨૯૧ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ઝુંપડપટ્ટીની પશ્ચિમ હદે થઈ રેલ્વે લાઈન સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ દરાપુરા ગાડા રોડની હદે હદે સર્વે નં.૧૨૯નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ દરાપુરા ગામનો સીમાડો અને પાદરા નગર પાલિકાની હદે હદે સર્વે નં.૧૨૯, ૧૫૨, ૧૫૯, ૧૬૧ ની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ વધી અને સર્વે નં.૧૬૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં સર્વે નં.૧૬૦, ૧૫૯, ૧૫૭ ૧૫૬, ૧૮૯, ૧૮૮, ૧૯૬ ની દક્ષિણ હદે અને પાદરા સીમ વિસ્તારની ઉત્તરની હદે પશ્ચિમ તરફ આગળ જતાં કરજણ રોડનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ કરજણ રોડની હદે હદે આગળ જતાં સર્વે નં. ૨૭૩ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં મહાકાળી સોસાયટી અને પાર્શ્વનાથ સોસાયટીની દક્ષિણ હદે હદે આગળ જતાં સર્વે નં.૩૨૯નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં કંટીયાળા તળાવની ઝુંપડપટ્ટીની પૂર્વ હદેથી અને પુરબાઈ પરાની પશ્ચિમ હદેથી ઉંડા ફળીયાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં ઉંડા ફળીયાની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ જતાં લાલબાવાના લીમડાની દક્ષિણ હદે થઈ ઉત્તર તરફ જતાં લાલબાવાના રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તરે રોડે રોડે આગળ જતાં જુના કોઠા મહાદેવનો પૂર્વ વિસ્તાર આવરી લઈ જુના કોઠા મહાદેવની ઉત્તર હદ સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ આગળ જતાં ગીતાભારતીની પોળનાં રસ્તાના મધ્યબિંદુથી પૂર્વ તરફ જતાં અને ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં ગીતાભારતી પોળનાં દક્ષિણ વિસ્તારને આવરી લઈ ગીતાભારતી પોળની નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ આગળ જતાં વૈદ્ય વગા તથા પુરબાઈનાં પરાની પૂર્વ હદે હદે કારભારીની ખડકીનાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં કારભારીની ખડકી, રણવાનું ફળિયું, વિઠ્ઠલનાથજીનાં ફળીયાની દક્ષિણ હદે હદે થઈ વિઠ્ઠલનાથજીનાં ફળીયાનાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં ઝવેરશાહની ખડકીની પશ્ચિમ હદે હદે થઈ પધરાઈ ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં નારાયણ મુલચંદનાં ફળીયા સુધી ત્યાંથી પશ્ચિમ હદે આગળ જતાં ઘોરાવાળા ફળીયાનાં નાકા સુધી ત્યાંથી ઘોરાવાળા ફળીયાની પૂર્વ હદેથી અને દલાલ ટેકરાનાં પશ્ચિમ હદે આગળ જતાં શાહીવાળાની શેરીની પશ્ચિમ હદે અને બાપુ દેસાઈની ખડકીની પશ્ચિમ હદે આગળ જતાં કાપડબજારનાં મધ્યબિંદુ સુધી ત્યાંથી આગળ જતાં તંબોળીની દુકાનની ઉત્તર હદેથી દક્ષિણ તરફનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી. એચ. શાહ
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

પાદરા નગરપાલિકાની કુલ વસ્તી	૩૫,૯૨૩	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૯૯૧	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૪૩૯૦ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ– ૩૫૯૨
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	— બેઠક અનુસૂચિત જાતિ — બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી — સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી — સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૩	
સામાન્ય બેઠકો.	૧૪	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૨૨૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૦૭૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૭૬૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૪૧૮૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૮૪૩	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૬	૬	૩૯૮૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૯૨૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૪૧૬૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૯	૯	૩૭૫૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૩૫૯૨૩			

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

IV-C-Ex., 191-6

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 192 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, SEPTEMBER 5, 2005/BHADRA 14, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GUJARAT STATE FINANCIAL CORPORATION

Gandhinagar

NOTICE

Notice under Regulation No. 23 of General Regulations of Corporation is hereby given that the 45th Annual General Meeting of the shareholders of the Corporation will be held on Friday, the 7th October, 2005 at 11.30 AM at Town Hall, GH-4 Road Circle, Sector 17, Gandhinagar-382017 to transact the following business :

(i) To receive, consider and adopt the Profit and Loss Account and Balance Sheet of the Corporation for the year ended on 31st March, 2005, alongwith Auditor's Report thereon and the report of the Board of Directors.

(ii) To reappoint M/s. Apaji Amin & Co : Chartered Accountants, 304, Aakansha, Opp : Vadilal House, Navrangpura, Ahmedabad-380 009 as auditors of the Corporation to hold office from the conclusion of this Annual General Meeting till the conclusion of the next Annual General Meeting, as recommended by RBI and to fix their remuneration.

Note :

1. A shareholder shall be entitled for one vote for each share held by him for the whole period of six months prior to the date of 45th Annual General Meeting.
2. **A member entitled to attend and vote at the meeting is entitled to appoint a proxy to attend and vote instead of himself and such proxy need not be a member of the Corporation.**
3. The instrument(s) appointing proxy, if any, shall be delivered at the Head Office of the Corporation not less than seven clear days before the date fixed for the meeting.
4. Pursuant to Regulation 12 of the GSFC General Regulations, the Register of Members and Share

INDEX

Transfer Books will remain closed from 5th October 2005 to 7th October 2005 (both days inclusive).

5. Shareholders desirous of having any information are requested to send their queries to the Corporation at least seven days before the date of the meeting so that the requisite information is made available at the meeting.

6. Shareholders are requested to bring their copies of Annual Report to the Annual General Meeting.

Place : Gandhinagar.
Date : 1/9/2005.

P. V. TRIVEDI,
Managing Director.

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ

ગાંધીનગર
નોટિસ

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના જનરલ રેગ્યુલેશન ક્રમાંક : ૨૩ હેઠળ આથી નોટિસ આપવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના શેર હૉલ્ડરોની **૪૫મી વાર્ષિક સામાન્ય સભા. તા. ૭/૧૦/૨૦૦૫ને શુક્રવારના રોજ ૧૧-૩૦ કલાકે** ટાઉન હોલ, ઘ-૪ સર્કલ રોડ, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ ખાતે નિમ્નલિખિત કામકાજ હાથ ધરવા સારૂ મળશે:

(૧) ૩૧મી માર્ચ, ૨૦૦૫ એ પૂરા થયેલા વર્ષ માટેના નિગમના નફા-નુકસાનના હિસાબ અને સરવૈયાની સાથે ઓડિટરનો તે અંગેનો અહેવાલ અને બોર્ડ ઓફ ડિરેકટર્સનો અહેવાલ સ્વીકારવા, વિચારવા અને મંજૂર કરવા.

(૨) આર. બી. આઈ. દ્વારા ભલામણ કર્યા મુજબ મે. આપાજી અમીન એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ૩૦૪, આકાંક્ષા, વાડીલાલ હાઉસની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯ની નિગમના ઓડિટર તરીકે આ વાર્ષિક સાધારણ સભાના અંતથી હવે પછીની વાર્ષિક સાધારણ સભાના અંત સુધી પુનઃ નિમણૂંક અને તેઓનું મહેનતાણું નક્કી કરવા બાબત.

નોંધ :-

૧. પ્રત્યેક શેર હોલ્ડર કે જેઓ ૪૫મી વાર્ષિક સામાન્ય સભાની તારીખ અગાઉ છ માસથી ઓછા નહિ તેવા સમયગાળા માટે શેર હોલ્ડર તરીકે નોંધાયેલા હશે, તેમને આવી સામાન્ય સભામાં પોતે ધારણ કરેલા પ્રત્યેક શેરદીઠ એક મત આપવાનો અધિકાર રહેશે.

૨. **સભામાં ઉપસ્થિત રહીને મત આપવાના હકકદાર સભ્યને પોતાના વતી ઉપસ્થિત રહેવા અને મત આપવા માટે પ્રોકસી નીમવાનો હક્ક છે અને આ પ્રોકસી સભ્ય હોય એ જરૂરી નથી.**

૩. સભાના નિયત દિવસથી ઓછામાં ઓછા ૭ દિવસ અગાઉ નિગમની વડી કચેરીએ પ્રોકસી ફોર્મ જમા કરાવવામાં આવશે તો જ તે અમલી ગણાશે.

૪. ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના રેગ્યુલેશન ક્રમાંક : ૧૨ અનુસાર નિગમના સભાસદોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક ૫/૧૦/૨૦૦૫ થી ૭/૧૦/૨૦૦૫ સુધી (બંને દિવસો સુધ્ધાં) બંધ રહેશે.

૫. જે શેરહોલ્ડરો હિસાબો બાબતે કોઈ માહિતી મેળવવા ઈચ્છતા હોય તેઓએ તેમના પ્રશ્નો નિગમને મિટીંગની તારીખના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં મોકલી આપવા જેથી કરીને જરૂરી માહિતી મિટીંગ વખતે ઉપલબ્ધ રાખી શકાય.

૬. શેરધારકોને વાર્ષિક અહેવાલની તેમની નકલો વાર્ષિક સાધારણ સભામાં લાવવા વિનંતી કરવામાં આવે છે.

સ્થળ : ગાંધીનગર.
તા. ૧/૯/૨૦૦૫.

પી. વી. ત્રિવેદી,
વહીવટી સંચાલક.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 193 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, SEPTEMBER 5, 2005/BHADRA 14, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૫.

વંચાણે લીધું :- (૧) રાજ્ય ચૂંટણી પંચના પરિપત્ર ક્રમાંક : ચટણ-મનપા-પીડીઈ-મતય-૧-૮૨૦૦૫-ક, તા. ૨૯-૮-૨૦૦૫.

આ દે શ :

ક્રમાંક : ચટણ-મ.ન.પા.-મતય-૭(૧)-૯૨૦૦૫-ક.–મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૮ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો-૧૯૯૪ ના નિયમ ૪ થી ૭ હેઠળ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજવા સારૂ નવેસરથી મતદારયાદીઓ તૈયાર કરવાની થાય છે તે માટે ઉપર વંચાણે લીધેલ તા. ૨૯-૮-૨૦૦૫ના પરિપત્ર પ્રમાણે તૈયાર કરેલ તમામ વોર્ડોની વોર્ડવાર વિભાગવાર તા. ૧-૧-૨૦૦૫ની સ્થિતિની મૂળ મતદારયાદીઓની પ્રસિધ્ધિ માટે રાજ્ય ચૂંટણી પંચ નીચે મુજબ પ્રસિધ્ધિ કાર્યક્રમ નક્કી કરે છે.

INDEX

અ. નં.	વિગત	કાર્યક્રમ
૧.	નિયમ-૪ અન્વયે હસ્ત લિખિત / કોમ્પ્યુટરાઇઝડ વોર્ડવાર / વિભાગવાર ૨૦૦૫ની મૂળ મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ.	૨૯-૦૯-૨૦૦૫
૨.	નિયમ-૬ અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	૨૧-૧૦-૨૦૦૫
૩.	નિયમ-૬ અન્વયે દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે આખરી નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ.	૦૭-૧૧-૨૦૦૫
૪.	હસ્તલિખિત / કોમ્પ્યુટરાઇઝડ વોર્ડવાર / વિભાગવાર ૨૦૦૫ની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની તારીખ.	૧૧-૧૧-૨૦૦૫
૫.	નિયમ-૭(૧) અન્વયે હસ્તલિખિત / કોમ્પ્યુટરાઇઝડ વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિની તારીખ.	૧૪-૧૧-૨૦૦૫

આદેશથી,

વી. એચ. શાહ,

સચિવ,

રાજ્ય ચૂંટણી પંચ,

ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 194 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, SEPTEMBER 9, 2005/BHADRA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૫.

હુકમ

ક્રમાંક. : ચટણ-નપલ-ચઅન-૮-(૪)-૮૨૦૦૫-ક.– ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬(૪) અને ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૪૩(વ) (ક) થી મળેલ સત્તાની રૂઈએ તથા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો ૧૯૯૪ના નિયમ-૪ (૧) સાથે વાંચતા રાજ્ય ચૂંટણી પંચ નગરપાલિકા/નગરપંચાયતોની આગામી સામાન્ય ચૂંટણી માટે નીચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબની વિગતે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની આથી નિયુક્તિ કરે છે.

અનુસૂચિ

અ.નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્તિ કરેલ	
				ચૂંટણી અધિકારી	મદદનીશ ચૂંટણી અધિકારી
૧	૨	૩	૪	૫	૬
૧	પાટણ	પાટણ	૧ થી ૫	પ્રાન્ત અધિકારી, પ્રાન્ત કચેરી,રાધનપુર	મામલતદાર, પાટણ
			૬ થી ૧૦	જિલ્લા પુરવઠા અધિકારી, પાટણ	તાલુકા વિકાસ અધિકારી, પાટણ
			૧૧ થી ૧૪	નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણ	સીટી સર્વે સુપ્રી, પાટણ
		સિધ્ધપુર	૧ થી ૬	પ્રાન્ત અધિકારી, પાટણ પ્રાન્ત, પાટણ	મામલતદાર, સિધ્ધપુર
			૭ થી ૧૨	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ), જિ. પં. પાટણ	તાલુકા વિકાસ અધિકારી, સિધ્ધપુર
૨	સુરત	બારડોલી	૧ થી ૬	પ્રાન્ત અધિકારી, વ્યારા પ્રાન્ત, વ્યારા	મામલતદાર મહુવા
			૭ થી ૧૨	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) જિલ્લા પંચાયત સુરત.	મામલતદાર બારડોલી

INDEX

૧	૨	૩	૪	૫	૬
	સુરત	વ્યારા	૧ થી ૫	જમીન સંપાદન અધિકારી, શાખા નં. ૪, સુરત	મામલતદાર, સોનગઢ
			૬ થી ૯	યોજના સહ તાલુકા વિકાસ અધિકારી, વ્યારા	મામલતદાર, વ્યારા
૩	ગાંધીનગર	દહેગામ	૧ થી ૫	નાયબ કલેકટર ઈવીકશન, કલેકટર કચેરી, ગાંધીનગર	મામલતદાર દહેગામ
			૬ થી ૯	ખાસ જમીન સંપાદન અધિકારી, કલેકટર કચેરી, ગાંધીનગર	મામલતદાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, કલેકટર કચેરી, ગાંધીનગર
		કલોલ	૧ થી ૫	પ્રાન્ત અધિકારી, ગાંધીનગર પ્રાન્ત, ગાંધીનગર	મામલતદાર, કલોલ
			૬ થી ૧૦	નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી, કલેકટર કચેરી, ગાંધીનગર	મામલતદાર, કૃષિપંચ, કલોલ/માણસા, મુ. કલોલ
			૧૧ થી ૧૪	નાયબ કલેકટર જ.સુ. અપીલ, કલેકટર કચેરી, ગાંધીનગર	મામલતદાર જમીન ફાળવણી, કલેકટર કચેરી, ગાંધીનગર.
૪	રાજકોટ	વાંકાનેર	૧ થી ૫	પ્રાન્ત ઓફિસર, મોરબી પ્રાન્ત, મોરબી	સીટી સર્વે સુપ્રિ, મોરબી
			૬ થી ૯	નાયબ કલેકટર, જમીન સંપાદન અને પુ.વ. (સિંચાઈ), રાજકોટ.	મામલતદાર, વાંકાનેર
		ગોંડલ	૧ થી ૬	નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી, (ગ્રામ્ય) કલેકટર કચેરી, રાજકોટ.	મામલતદાર, ગોંડલ
			૭ થી ૧૨	જમીન સુધારણા (ગણોત) અમદાવાદ	સીટી સર્વે સુપ્રિ. ગોંડલ.
૫	અમદાવાદ	વિરમગામ	૧ થી ૬	મદદનીશ કલેકટર ધોળકા પ્રાન્ત, ધોળકા	તાલુકા વિકાસ અધિકારી વિરમગામ.
			૭ થી ૧૨	નાયબ કલેકટર, જમીન સુધારણા (ગણોત) અમદાવાદ.	મામલતદાર વિરમગામ
		ધોળકા	૧ થી ૬	નાયબ કલેકટર, વિરમગામ પ્રાંત કચેરી, અમદાવાદ.	મામલતદાર, ધોળકા
			૭ થી ૧૨	નાયબ કલેકટર, મ.ભો.યો. કલેકટર કચેરી, અમદાવાદ	તાલુકા વિકાસ અધિકારી, ધોળકા
૬	દાહોદ	દાહોદ	૧ થી ૬	નાયબ કલેકટર, મ.ભો.યો. કલેકટર કચેરી, દાહોદ	મામલતદાર દાહોદ
			૭ થી ૧૨	જિલ્લા પુરવઠા અધિકારી, દાહોદ,કલેકટર કચેરી, દાહોદ	સીટી સર્વે સુપ્રી. દાહોદ, કલેકટર કચેરી, દાહોદ
૭	જુનાગઢ	વેરાવળ-પાટણ	૧ થી ૫	નાયબ કલેકટર, કલેકટર કચેરી, વેરાવળ-પાટણ	મામલતદાર વેરાવળ
			૬ થી ૧૦	નાયબ કલેકટર, જમીન સંપાદન પુનઃ વસવાટ, (સિંચાઈ), જુનાગઢ.	તાલુકા વિકાસ અધિકારી વેરાવળ
			૧૧ થી ૧૪	નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, જુનાગઢ.	મામલતદાર, સુત્રાપાડા
		કેશોદ	૧ થી ૬	નાયબ કલેકટર, મ.ભો.યો., કલેકટર કચેરી, જુનાગઢ.	મામલતદાર, કેશોદ
			૭ થી ૧૨	ખાસ જમીન સંપાદન અધિકારી, જુનાગઢ	તાલુકા વિકાસ અધિકારી, કેશોદ

INDEX

૧	૨	૩	૪	૫	૬
૮	ખેડા	નડીયાદ	૧ થી ૫	જિલ્લા પુરવઠા અધિકારી, નડીયાદ	મામલતદાર, નડીયાદ (શહેર)
			૬ થી ૧૦	નાયબ કલેકટર, મ.ભો.યો. નડીયાદ	મામલતદાર, નડીયાદ (ગ્રામ્ય)
			૧૧ થી ૧૪	નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી, નડીયાદ	મામલતદાર, મનોરંજનકર, નડીયાદ.
		કપડવંજ	૧ થી ૫	નાયબ કલેકટર જમીન સુધારણા અને અપીલ, નડીયાદ.	મામલતદાર, કપડવંજ.
			૬ થી ૯	ખાસ જમીન સંપાદન અધિકારી, નર્મદા યુનીટ-૯, નડીયાદ.	મામલતદાર અને કૃષિપંચ, નડીયાદ
૯	નર્મદા	રાજપીપળા	૧ થી ૫	નાયબ કલેકટર, મ.ભો.યો., નર્મદા કલેકટર કચેરી, નર્મદા-રાજપીપળા	મામલતદાર, નાંદોદ
			૬ થી ૯	જિલ્લા પુરવઠા અધિકારી, નર્મદા, કલેક્ટર કચેરી, નર્મદા-રાજપીપળા.	મામલતદાર ડીઝાસ્ટર, કલેકટર કચેરી, નર્મદા-રાજપીપળા.
૧૦	પંચમહાલ	ગોધરા	૧ થી ૫	નાયબ કલેકટર, કલેકટર કચેરી, ગોધરા.	મામલતદાર, ગોધરા.
			૬ થી ૧૦	નાયબ કલેકટર, મ.ભો.યો. પંચમહાલ-ગોધરા	ચીટનીશ ટુ કલેકટર, પંચમહાલ-ગોધરા.
			૧૧ થી ૧૪	જિલ્લા પુરવઠા અધિકારી, પંચમહાલ-ગોધરા	જિલ્લા પુરવઠા મામલતદાર, નાગરિક પુરવઠા નિગમ, પંચમહાલ-ગોધરા.
૧૧	કચ્છ	અંજાર	૧ થી ૬	નાયબ કલેકટર ભૂકંપ, ભચાઉ-કચ્છ	મામલતદાર, અંજાર
			૭ થી ૧૨	નાયબ કલેકટર, ભૂકંપ, અંજાર-કચ્છ	તાલુકા વિકાસ અધિકારી, અંજાર
		માંડવી	૧ થી ૫	નાયબ કલેકટર, ભૂજ, સબ ડીવીઝન, ભૂજ	મામલતદાર, માંડવી, કચ્છ.
			૬ થી ૯	નાયબ કલેકટર, નખત્રાણા સબ ડીવીઝન, નખત્રાણા-કચ્છ	તાલુકા વિકાસ અધિકારી, માંડવી, કચ્છ.
		ગાંધીધામ	૧ થી ૫	નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, કચ્છ.	મામલતદાર, ગાંધીધામ
			૬ થી ૧૦	નાયબ કલેકટર, ભૂકંપ, રાપર	મામલતદાર, ભચાઉ.
			૧૧ થી ૧૪	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) જિલ્લા પંચાયત, ભૂજ.	તાલુકા વિકાસ અધિકારી, ગાંધીધામ
		ભૂજ	૧ થી ૬	નાયબ કલેકટર, મ.ભો.યો. કચ્છ-ભૂજ	મામલતદાર, ભૂજ
			૭ થી ૧૨	જિલ્લા પુરવઠા અધિકારી કચ્છ-ભૂજ.	તાલુકા વિકાસ અધિકારી, ભૂજ
૧૨	ભરૂચ	ભરૂચ	૧ થી ૫	નાયબ કલેકટર, યુનીટ-૧૨, નર્મદા યોજના, ભરૂચ	મામલતદાર, ભરૂચ
			૬ થી ૧૦	નાયબ કલેકટર, કરજણ યોજના, ભરૂચ	જનસંપર્ક અધિકારી, કલેકટર કચેરી, ભરૂચ
			૧૧ થી ૧૪	નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, ભરૂચ.	એકસ્ટ્રા ચીટનીશ, કલેકટર કચેરી, ભરૂચ.
		અંકલેશ્વર	૧ થી ૧૨	ખાસ જમીન સંપાદન અધિકારી, ઓ. એન.જી.સી., અંકલેશ્વર.	મામલતદાર, અંકલેશ્વર.
		જંબુસર	૧ થી ૯	ખાસ જમીન સંપાદન અધિકારી, ભરૂચ.	મામલતદાર, જંબુસર

૧	૨	૩	૪	૫	૬
૧૩	અમરેલી	અમરેલી	૧ થી ૬	નિવાસી નાયબ કલેકટર, કલેકટર કચેરી, અમરેલી	મામલતદાર, અમરેલી
			૭ થી ૧૨	જિલ્લા આયોજન અધિકારી, જિલ્લા આયોજન કચેરી, અમરેલી.	સંશોધન અધિકારી, જિલ્લા આયોજન કચેરી, અમરેલી.
		બગસરા	૧ થી ૫	નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, કલેકટર કચેરી, અમરેલી.	મામલતદાર, બગસરા.
			૬ થી ૯	નાયબ જિલ્લા વિકાસ અધિકારી(મહેસુલ), જિલ્લા પંચાયત કચેરી, અમરેલી	મામલતદાર, ધારી
		સાવરકુંડલા	૧ થી ૬	નાયબ કલેકટર, સ્ટેમ્પડ્યુટી, બહુમાળી ભવન, અમરેલી.	મામલતદાર, સાવરકુંડલા
			૭ થી ૧૨	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત), જિલ્લા પંચાયત કચેરી, અમરેલી	તાલુકા વિકાસ અધિકારી સાવરકુંડલા
૧૪	નવસારી	નવસારી	૧ થી ૫	નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, નવસારી.	મામલતદાર, નવસારી (શહેર)
			૬ થી ૧૦	નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી, નવસારી	મામલતદાર, નવસારી (ગ્રામ્ય)
			૧૧ થી ૧૪	નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નવસારી.	મામલતદાર, જલાલપોર.
૧૫	બનાસકાંઠા	પાલનપુર	૧ થી ૫	જિલ્લા આયોજન અધિકારી, બનાસકાંઠા, પાલનપુર.	ડી. ઈ. લે. રે. પાલનપુર
			૬ થી ૧૦	નાયબ કલેકટર,મધ્યાહન ભોજન યોજના, બનાસકાંઠા, પાલનપુર.	મામલતદાર, પાલનપુર
			૧૧ થી ૧૪	નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી, મુલ્યાંકન તંત્ર, પાલનપુર.	મામલતદાર, વડગામ
		ડીસા	૧ થી ૬	ખાસ જમીન સંપાદન અધિકારી, નર્મદા એકમ-૮, પાલનપુર.	મામલતદાર, ડીસા
			૭ થી ૧૨	જિલ્લા પુરવઠા અધિકારી, બનાસકાંઠા-પાલનપુર.	સીટી સર્વે સુપ્રિ. ડીસા
૧૬	સાબરકાંઠા	હિંમતનગર	૧ થી ૬	નાયબ કલેકટર, ધરોઈ, વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી, હિંમતનગર.	મામલતદાર હિંમતનગર
			૭ થી ૧૨	નાયબ કલેકટર, જમીન સુધારણા, હિંમતનગર.	ચીટનીશ, કલેકટર કચેરી, સાબરકાંઠા, હિંમતનગર.
		મોડાસા	૧ થી ૬	નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, સાબરકાંઠા, હિંમતનગર.	મામલતદાર, મોડાસા
			૭ થી ૧૨	ખાસ જમીન સંપાદન અધિકારી, હિંમતનગર.	મામલતદાર, ધનસુરા
૧૭	મહેસાણા	કડી	૧ થી ૬	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) જિલ્લા પંચાયત, મહેસાણા.	મામલતદાર, કડી
			૭ થી ૧૨	જિલ્લા આયોજન અધિકારી,મહેસાણા	તાલુકા વિકાસ અધિકારી, કડી

૧	૨	૩	૪	૫	૬
		વિસનગર	૧ થી ૬	નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના, કલેક્ટર કચેરી, મહેસાણા	મામલતદાર, વિસનગર.
			૭ થી ૧૨	નાયબ કલેકટર, સ્ટેમ્પડ્યુટી, મુલ્યાંકન તંત્ર મહેસાણા.	સીટી સર્વે સુપ્રીન્ટેન્ડન્ટ, વિસનગર, સીટી સર્વે કચેરી, દરબાર રોડ, વિસનગર.
૧૮	આણંદ	આણંદ	૧ થી ૫	નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, કલેકટર કચેરી, આણંદ	મામલતદાર, આણંદ (ગ્રામ્ય)
			૬ થી ૧૦	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) જિલ્લા પંચાયત, આણંદ.	તાલુકા વિકાસ અધિકારી, આણંદ.
			૧૧ થી ૧૪	જિલ્લા પુરવઠા અધિકારી, આણંદ	મામલતદાર અને કૃષિ પંચ, આણંદ.
		પેટલાદ	૧ થી ૬	નાયબ કલેકટર અને વહીવટદાર, ખંભાત નગરપાલિકા, ખંભાત.	મામલતદાર, પેટલાદ
			૭ થી ૧૨	નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી, આણંદ	તાલુકા વિકાસ અધિકારી, પેટલાદ.
		બોરસદ	૧ થી ૬	નાયબ કલેકટર, પેટલાદ પ્રાન્ત, પેટલાદ	મામલતદાર, બોરસદ.
			૭ થી ૧૨	---"---	તાલુકા વિકાસ અધિકારી, બોરસદ.
		ઉમરેઠ	૧ થી ૫	નાયબ કલેકટર, આણંદ પ્રાન્ત, આણંદ	મામલતદાર, ઉમરેઠ
			૬ થી ૯	---"---	તાલુકા વિકાસ અધિકારી, ઉમરેઠ.
		ખંભાત	૧ થી ૬	નાયબ કલેકટર અને વહીવટદાર, ઉમરેઠ નગરપાલિકા, ઉમરેઠ.	મામલતદાર, ખંભાત
			૭ થી ૧૨	---"---	તાલુકા વિકાસ અધિકારી, ખંભાત.

આ હુકમ ઉપર અનુસૂચિના આસન નં. ૩ માં દર્શાવેલ નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી પુરતો જ અમલમાં રહેશે.

ઉક્ત હુકમોનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 195 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, SEPTEMBER 9, 2005/BHADRA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૫.

સુધારા આદેશ

ક્રમાંક : રાચપ-ચટણ-મન-મમન-અ-નિમણુંક-૨૦૦૫.– ભારતના સંવિધાનના અનુચ્છેદ- ૨૪૩(૬) તથા ૨૪૩(૫)(ક) સાથે વાંચતા મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ ૮(૨) તથા(૩) તથા મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો-૧૯૯૪ના નિયમ-૩(૨) થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ રાજ્ય ચૂંટણી પંચ તરફથી તા. ૯મી જાન્યુઆરી-૧૯૯૫ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મન-મમન-અ-નિમણુંક-૯૫ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મન-મમન-અ-નિમણુંક-૯૯ તા. ૨૧-૭-૯૯થી ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની મતદારયાદી માટે મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની નિયુક્તિ કરેલ છે. તા. ૯-૧-૯૫ના આદેશમાં ભાવનગર મહાનગરપાલિકા સામે કોલમ નં. ૪માં જણાવેલ મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની યાદીમાં અનુક્રમ (૯) પછી અનુક્રમ નં. ૧૦ સામે નીચેના અધિકારીનો ઉમેરો કરી તેઓને મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા આદેશ કરવામાં આવે છે. આ આદેશથી ભાવનગર મહાનગરપાલિકા હેઠળ અનુક્રમ(૧૦) માં કોલમ-૪માં જણાવેલ હોદો ધરાવતાં અધિકારીની મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે નિયુક્તિ થાય છે.

અ.નં.	મ્યુનિસિપલ કોર્પોરેશનનું નામ	શહેરનું નામ	મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે નિયુક્તિ કરેલ અધિકારીનો હોદ્દો.
૧	ભાવનગર	ભાવનગર	૧૦-સહાયક કમિશ્નરશ્રી નં. ૧

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ,

સચિવ,

રાજ્ય ચૂંટણી પંચ,

ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 196 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, SEPTEMBER 9, 2005/BHADRA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૫.

વંચાણે લીધું :- (૧) રાજ્ય ચૂંટણી પંચના પરિપત્ર ક્રમાંક : રાચપ-ચટણ-નપા-પીડીઈ-૫૨૦૦૫-મતય-૪-ક, તા. ૪-૫-૨૦૦૫.
(૨) પત્ર ક્રમાંક : રાચપ-ચટણ-ન.પ.-પીડીઈ-મતય-૪-ક, તા. ૬-૮-૨૦૦૫.

આ દે શ :

ક્રમાંક : ચટણ-ન.પા.-મતય-૬(૧)-૯૨૦૦૫-ક.–ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૯ તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો-૧૯૯૪ ના નિયમ ૪ થી ૭ હેઠળ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૦૫ની સ્થિતિની સંક્ષિપ્ત સુધારણાના અંતે તા. ૨૦/૧/૨૦૦૫ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદી પરથી જુનાગઢ જિલ્લાની ઉના તથા વડોદરા જિલ્લાની પાદરા નગરપાલિકાની તા. ૧/૧/૨૦૦૫ની સ્થિતિએ વોર્ડવાર/વિભાગવાર મતદારયાદીઓ સુધારવા પૂર્વ તૈયારીઓ કરવા સંબંધિત જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી તથા નગરપાલિકા/નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારીઓને રાજ્ય ચૂંટણી પંચે ઉપર વંચાણે લીધેલ પત્ર/પરિપત્રથી સૂચનાઓ આપેલી હતી. તદ્નુસાર જુનાગઢ જિલ્લાની ઉના તથા વડોદરા જિલ્લાની પાદરા નગરપાલિકાની વોર્ડવાર/વિભાગવાર તા. ૧/૧/૨૦૦૫ની સ્થિતિની મતદારયાદીઓ સુધારણા માટે રાજ્ય ચૂંટણી પંચે નીચે પ્રમાણેનો કાર્યક્રમ આથી નક્કી કરે છે.

અ. નં.	વિગત	કાર્યક્રમ
૧	૨	૩
૧.	નિયમ-૪ અન્વયે હસ્તલિખિત/કોમ્પ્યુટરાઈઝડ વોર્ડવાર/વિભાગવાર સને-૨૦૦૫ની મૂળ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ.	૧૯-૦૯-૨૦૦૫
૨.	નિયમ-૬ અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	૨૯-૦૯-૨૦૦૫
૩.	નિયમ-૬ અન્વયે દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે આખરી નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ.	૦૭-૧૦-૨૦૦૫
૪.	હસ્તલિખિત/કોમ્પ્યુટરાઈઝડ વોર્ડવાર/વિભાગવાર ૨૦૦૫ની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની તારીખ.	૧૧-૧૦-૨૦૦૫
૫.	નિયમ-૭(૧) અન્વયે હસ્તલિખિત / કોમ્પ્યુટરાઈઝડ વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિની તારીખ.	૧૫-૧૦-૨૦૦૫

૨. ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો-૧૯૯૪ના નિયમ ૪ અનુસાર મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિની તથા આખરી પ્રસિધ્ધિની જાહેર સૂચના તા. ૧૨/૧/૨૦૦૦ના સુધારા આદેશથી અનુક્રમે સુધારેલ નમુના નંબર-૪ તથા નંબર-૬ અનુસાર કરવાની છે અને તે નગર/શહેરના જાહેર સ્થળોએ પ્રસિદ્ધ કરવાનું અને નગર/શહેરના દૈનિક/સ્થાનિક બે વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થાય તેવું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે. નમુના નંબર-૪ તથા ૬ની જાહેર સૂચના માટે પ્રસિધ્ધિની તારીખ ઉપર જણાવેલ કાર્યક્રમ અનુસારની દર્શાવવા અને આ જાહેર સૂચનાઓ જે તારીખે પ્રસિધ્ધ કરવાની હોય તે તારીખના વર્તમાનપત્રોમાં જ પ્રસિધ્ધ થાય તેવું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે. પ્રસિધ્ધિની તારીખ સિવાય વર્તમાનપત્રોમાં જાહેર સૂચના પ્રસિધ્ધ થશે તેમજ જાહેર સૂચનામાં પ્રસિધ્ધિની તારીખ સિવાયની કોઇ તારીખ દર્શાવેલ હશે, તો તે માટે સંબંધકર્તા નગરપાલિકાના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીને અંગત જવાબદાર ગણી ખુલાસાની અપેક્ષા સિવાય આગળની કાર્યવાહી કરવાનું રાજ્ય ચૂંટણી પંચ વિચારશે તેની નોંધ સંબંધકર્તા નગરપાલિકા/નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ લેવાની રહેશે. નમૂના નં. ૪ તથા ૬ આ સાથે સામેલ રાખેલ છે.

૩. પ્રાથમિક પ્રસિધ્ધિનો અહેવાલ, જાહેર સૂચના નં. ૪ની નકલ, દૈનિક પેપરોના પ્રેસ કટીંગ તથા જાહેર સ્થળોની વિગત સાથે તેમજ નમુના નંબર ૧,૨ તથા 'ક'ના પત્રક સાથે પ્રસિધ્ધિની તારીખના બીજા દિવસે રાજ્ય ચૂંટણી પંચને મોકલવા અને તેવી જ રીતે આખરી પ્રસિધ્ધિનો અહેવાલ આખરી પ્રસિધ્ધિની તારીખ પછીના બીજા દિવસે તા. ૪/૫/૨૦૦૫ના પરિપત્રની આપેલ સૂચનાઓ અનુસાર જરૂરી બિડાણો સાથે મોકલવાનું અને તે સાથે સને ૨૦૦૫ની મતદારયાદીનો સેટ રાજ્ય ચૂંટણી પંચને મોકલવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

સંબંધિત જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીઓએ આ આદેશ અનુસાર કાર્યવાહી કરવા જે તે નગરપાલિકાના મતદાર નોંધણી અધિકારીશ્રી અને તાલુકા મામલતદારશ્રીઓને તથા નગરપાલિકાના મુખ્ય અધિકારીઓને જિલ્લા કક્ષાએ બેઠક બોલાવી સૂચનાઓ આપવાની રહેશે અને તેઓને આ આદેશની નકલો પણ મોકલવાની રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

નમુના નંબર : ૪
(જુઓ નિયમ-૪)

.....નગરપાલિકા/નગરપંચાયતના વિસ્તારના વોર્ડના મતદારો જોગ.

જાહેર સૂચના

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૯ તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૪૩ (ઝેડ) (એ) હેઠળ રાજ્યની નગરપાલિકાની ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી વોર્ડવાર/વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવાની તેમજ તેમાં વખતોવખત સુધારા કરવાની રાજ્ય ચૂંટણી પંચની વૈધાનિક ફરજો અનુસાર ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧/૧/૨૦૦૫ની સ્થિતિની આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પરથી રાજ્ય ચૂંટણી પંચે નગરપાલિકાની ૨૦૦૫ સાલની વોર્ડવાર/વિભાગવાર મુળ મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિધ્ધ કરવા નક્કી કરેલ હોઇ, ગુજરાત નગરપાલિકા મતદાર નોંધણી નિયમો-૧૯૯૪ના નિયમ-૪ મુજબ .....નગરપાલિકા હદ વિસ્તારના નાગરિકોને જણાવવામાં આવે છે કે .....નગરપાલિકાની ચૂંટણી માટે વોર્ડ નં. ૧ થી ..... સુધીની તા. ૧/૧/૨૦૦૫ની સ્થિતિની મુસદારૂપ મતદાર યાદી શહેર/નગરની હદમાં વસતા નાગરિકોને જોવા માટે નીચેના સ્થળોએ તા.....ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

મતદારયાદીઓ જોવા માટેના સ્થળોના નામો :

(૧)

(૨)

(૩)

(૨) ૧-૬-૨૦૦૪ ના રોજ કે તે પછી વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરેલા વીજ ઉત્પાદન મથકો.

	અધ્યતન વર્ગના યંત્રો	ઈ/ઈએ/ઈસી/ઈ૨ વર્ગ યંત્રો
ખુલ્લું આવર્તન	૨૬૮૫ k cal / kwh	૨૮૩૦ k cal / kwh
સંયુક્ત આવર્તન	૧૮૫૦ k cal / kwh	૧૯૫૦ k cal / kwh

(૩) **નાના ગેસ ટર્બાઈન વીજ ઉત્પાદન મથકો**

સાધારણ ઉષ્માદરો, આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાશે.

નોંધ - ૧

આયોગ સાધારણ ઉષ્મા દરો નકકી કરવા, સીપીએસયુ, આઈપીપી, એસઈબી વગેરે સહિત રાજય બહારની યુટિલિટીની માલિકીની તેવી જ ટેકનોલોજી / સાઈઝ મશીનોની કામગીરી તથા ભૂતકાળની કામગીરીનો અભ્યાસ કરશે.

(૪) **ગૌણ બળતણ તેલનો વપરાશ**

(ક) કોલસા આધારિત તમામ થર્મલ વીજ ઉત્પાદન મથકો

(૧) તમામ કોલસા આધારિત થર્મલ વીજઉત્પાદન મથકો

સ્થિરીકરણ મુદત દરમિયાન	પશ્યાત મુદત
૪.૫ મિ.લિ. / કિ.વો.ક.	૨.૦ મિ.લિ. / કિ.વો.ક.

(૫) લિગ્નાઈટ સંચાલિત વીજ ઉત્પાદન મથકો

સ્થિરીકરણ મુદત દરમિયાન	પશ્યાત મુદત
૫.૦મિ.લિ. / કિ.વો.ક.	૩.૦ મિ.લિ. / કિ.વો.ક.

જયાં, હાલના પીપીએ (બોર્ડ અને સંબંધિત વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચેની ફરી થયેલી વાટાઘાટો અનુસરીને પીપીએ માં કરેલા ધોરણો અને પારમિતિઓના કોઈ સુધારા હોય તો તે સહિત) માં ગૌણ બળતણ રૂપાંતરણની જુદી જુંદી પારમિતિઓ ઠરાવી હોય ત્યાં, આવી પારમિતિ કરારની મુદત પુરતું પક્ષકારોનું વિનિયમન ચાલુ રાખશે પરંતુ, તેની શરતો અનુસાર કરારના કોઈ નવીકરણ કે તેની મુદતમાં કોઈ વધારા માટે તેમ કરાશે નહીં. પીપીએની હાલની મુદત પૂરી થતાં (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપની વચ્ચેની ફરીથી થયેલી વાટાઘાટો અનુસરીને પીપીએમાં કરેલા ધોરણો અને પારમિતિઓના કોઈ સુધારા સહિત) તે સમયે અમલમાં હોય તેવા વિનિયમોની શરતો દ્વારા તેઓનું વિનિયમન કરાશે.

(૫) **સહાયક ઊર્જા વપરાશ**

(ક) કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકો

	શિતક ટાવર સાથે	શિતક ટાવર વિના
(૧) ૨૦૦ મે.વો. શ્રેણી	૯.૦ %	૮.૫%
(૨) ૫૦૦ મે.વો. શ્રેણી		
વરાળ સંચાલિત બોઈલર ફીડ પંપો	૭.૫%	૭.૦%
વીજળી સંચાલિત બોઈલર ફીડ પંપો	૯.૦%	૮.૫%

(ખ) ગેસ ટર્બાઈન / સંયુકત આવર્તન વીજ ઉત્પાદન મથકો :

(૧) સંયુકત આવર્તન	૩.૦%
(૨) ખુલ્લું આવર્તન	૧.૦%

INDEX

(ગ) લિગ્નાઈટ સંચાલિત વીજ ઉત્પાદન મથકો

સહાયક ઊર્જા વપરાશનાં ધોરણો, કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકોના ઉપર દર્શાવેલ સહાયક ઊર્જા વપરાશ ધોરણો કરતાં ૦.૫ ટકા પોઈન્ટ વધુ રહેશે.

નોંધ -:

સ્થિરીકરણ મુદત દરમિયાન, સાધારણ સહાયક વપરાશની ગણતરી, ઉપર (ક), (ખ) અને (ગ) માં દર્શાવેલ ધોરણો કરતાં ૦.૫ ટકાના પોઈન્ટથી કરવામાં આવશે.

૨૧૦ મે.વો. કરતાં નાના યુનિટો માટે સાધારણ સહાયક વપરાશ, આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાશે.

નોંધ -:

સ્થિરિકરણ મુદત દરમિયાન, સાધારણ સહાયક વપરાશની ગણતરી ઉપર (ક),(ખ) અને (ગ)માં દર્શાવેલ ધોરણો કરતાં ૦.૫ ટકાના વધુ પોઇન્ટથી કરવામાં આવશે. ૨૧૦ મે.વો કરતાં નાના યુનિટો માટે સાધારણ સહાયક વપરાશ આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાશે.

આયોગ સાધારણ દરો નકકી કરવા, સીપીએસયુ, આઈપીપી, એસઈઊ સહિત રાજય બહારની બીજી યુટિલિટીની માલિકીની સમાન ટેકનોલોજી / સાઈઝ મશીનોની કામગીરી તથા ભૂતકાળની કામગીરીનો અભ્યાસ કરશે.

વધુમાં, હાલના પીપીએમાં (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપની વચ્ચે થયેલી ફેરવાટાઘાટો અનુસરીને પીપીએમાં કરેલા, ધોરણો અને પારમિતિઓના કોઈપણ સુધારા સહિત) ગૌણ વપરાશની જુદી પારમિતિ ઠરાવવામાં આવે ત્યાં, આવી પારમિતિ, કરારની મુદત માટે પક્ષકારોનું વિનિયમન ચાલુ રાખશે, પરંતુ કરારની શરતો અનુસાર કરારના નવીકરણ કે તેની મુદતમાં કોઈ વધારા માટે તે લાગુ પડશે નહીં. હાલના પીપીએની મુદત પૂરી થતાં, (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપની વચ્ચેની ફેરવાટાઘાટો અનુસરીને પીપીએમાં કરેલા, ધોરણો અને પારમિતિઓના કોઈ સુધારા હોય તો તે સહિત) પક્ષકારોનું વિનિયમન, તે સમયે અમલમાં હોય તે વિનિયમોની શરતો દ્વારા થશે.

(૬) **સ્થિરીકરણ મુદત**

યુનિટના સંબંધમાં સ્થિરીકરણ મુદત, નીચે મુજબ, યુનિટના વાણિજ્યિક સંચાલનની તારીખથી શરૂ કરીને ગણવામાં આવશે.

(ક)કોલસા આધારિત અને લિગ્નાઈટ સંચાલિત વીજ ઉત્પાદન મથકો -૧૮૦ દિવસ

(ખ)ગેસ ટર્બાઈન / સંયુકત આવર્તન વીજ ઉત્પાદન મથકો - ૯૦ દિવસ

નોંધ - સ્થિરીકરણ મુદત દરમિયાન લાગુ પાડવાપાત્ર સ્થિરીકરણ મુદત અને છૂટછાટ આપેલ ધોરણો ૧-૪-૦૦૬ થી લાગુ પડતા બંધ થશે.

(૧૬) **મૂડી ખર્ચ** :- આયોગની બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને, પરિયોજના પૂરી કરવા અંગે કરેલું ખરેખરું ખર્ચ, આખરી પ્રશુલ્ક નકકી કરવા માટેનો આધાર બનશે. વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ સુધી ખરેખર કરેલા માન્ય મૂડી ખર્ચના આધારે આખરી પ્રશુલ્ક નકકી કરાશે અને તેમાં કટ-ઓફ તારીખના રોજ મૂળ પરિયોજના ખર્ચની ટકાવારી તરીકે નીચેના ટોચના ધોરણોને અધીન રહીને મૂડીકૃત પ્રારંભિક બચતનો (Spares) સમાવેશ થશે.

(ક) કોલસા આધારિત / લિગ્નાઈટ સંચાલિત વીજ ઉત્પાદન મથકો ૨.૫%

(ખ) ગેસ ટર્બાઈન / સંયુકત આવર્તન વીજ ઉત્પાદન મથકો ૪.૦%

પરંતુ, વીજ ઉત્પાદન કંપની અને હિતાધિકારીઓ વચ્ચે વીજ ખરીદી કરાર થયો હોય અને હિતાધિકારીઓ ખરેખરા ખર્ચની ટોચમર્યાદાની જોગવાઈ કરે ત્યાં, મૂડી ખર્ચ, પ્રશુલ્કના નિર્ધારણ માટે આવી ટોચ મર્યાદાથી વધવું જોઈએ નહીં.

પરંતુ હાલના વીજ ઉત્પાદન મથકોના કેસમાં, વિનિયમ ૧(૨) અનુસાર આયોગ દ્વારા પ્રશુલ્ક વિનિયમોની તારીખ જાહેર કરવામાં આવે તે પહેલાં આયોગે સ્વીકારેલ મૂડી-ખર્ચ પ્રશુલ્ક નિર્ધારણ માટેનો

આધાર બનશે. વધુમાં, એક જૂથ ન હોય (unbundled) તેવા વીજમથકો માટે મૂડી ખર્ચ, ખુલતા સરવૈયા મુજબ અસ્કયામત મૂલ્ય બનશે.

નોંધ -

પરિયોજના ખર્ચના અંદાજોની આયોગે કરેલી ચકાસણી, મૂડી ખર્ચ, નાણા-વ્યવસ્થા યોજના, બાંધકામ દરમિયાન વ્યાજ, કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ અને પ્રશુલ્ક નક્કી કરવા માટે આવી બીજી બાબતોના વાજબીપણા પૂરતી મર્યાદિત રહેશે.

પરિયોજના પુરસ્કર્તાના ટેકનિકલ સલાહકાર, સંપૂર્ણપણે તૈયાર કરેલા વિગતવાર પરિયોજના અહેવાલ સાથે મૂડી ખર્ચની સમીક્ષા માટેની અરજી આયોગને મોકલશે.

(૧૭) **અધિક-મૂડીકરણ** (૧) વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખ પછી અને કટ ઓફ તારીખ સુધી કામના મૂળ ક્ષેત્રમાં ખરેખર કરેલા નીચેના મૂડી ખર્ચને, આયોગ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને મંજૂરી આપશે.

(૧) વિલંબિત જવાબદારીઓ

(૨) અમલ-બજવણી માટે વિલંબિત કામો

(૩) વિનિયમ ૧૬ માં નિર્દિષ્ટ ટોચ-મર્યાદાને અધીન રહીને મૂળ-કાર્યક્ષેત્રમાં પ્રારંભિક મૂડી બચતની પ્રાપ્તિ.

(૪) લવાદના ચુકાદા અથવા અદાલતના હુકમ કે હુકમનામાના પાલનને પહોંચી વળવા અંગે જવાબદારીઓ.

(૫) કાયદામાં ફેરફારને કારણે

પરંતુ, કામચલાઉ પ્રશુલ્ક માટે ખર્ચના અંદાજોની સાથોસાથ મૂળ કાર્ય-ક્ષેત્રની માહિતી, અરજીની સાથે રજૂ કરવી.

પરંતુ વધુમાં, વીજ ઉત્પાદન મથકની વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખ પછી આખરી પ્રશુલ્ક માટેની અરજીની સાથે વિલંબિત ચુકવણીઓ અને અમલ-બજવણી માટે વિલંબિત કામોની યાદી મોકલવી.

(૨) આ વિનિયમ ખંડ (૩) ની જોગવાઈઓને અધીન રહીને, કટ-ઓફ તારીખ પછી ખરેખર કરેલા નીચેના પ્રકારના મૂડી ખર્ચને આયોગ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને મંજૂરી આપશે.

(૧) મૂળ કાર્યક્ષેત્રની અંદર કામો, સેવાઓને લગતી વિલંબિત જવાબદારીઓ.

(૨) લવાદનો ચુકાદો અથવા અદાલતના આદેશ કે હુકમનામાના પાલન માટે પહોંચી વળવાની જવાબદારીઓ,

(૩) કાયદામાં ફેરફારને કારણે

(૪) વીજ ઉત્પાદન મથકના કાર્યક્ષમ અને સફળ સંચાલન માટે જરૂરી બન્યા હોય, પરંતુ મૂળ પરિયોજના ખર્ચમાં સમાવિષ્ટ ન કરેલ હોય તેવા કોઈ વધારાનાં કામો / સેવાઓ.

(૫) મૂળ કાર્યક્ષેત્રની રાખના (એશ) તળાવ કે રાખ હેરફેર પ્રણાલીને લગતા વિલંબિત કામો

(૩) કટ-ઓફ તારીખ પછી કરેલ રાબેતા મુજબના ઓજારો અને સાધનો, અંગત કમ્પ્યુટર, ફર્નિચર, એર-કન્ડીશનરો, વોલ્ટતા સ્થિરક, પ્રશીતકો, પંખા, શીતકો, ટીવી. વોશીંગ મશીનો, ઉષ્મા કન્વેકટરો, ગાલીચા, શેતરંજીઓ વિગેરે જેવી ગૌણ વસ્તુઓ / અસ્કયામતો પરંતુ કોઈપણ ખર્ચ, વિનિયમ ૧(૨) અનુસાર આયોગે પ્રશુલ્ક વિનિયમો જાહેર કર્યાની તારીખથી પ્રશુલ્ક નિર્ધારણ માટે અધિક મૂડીકરણ તરીકે વિચારણામાં લેવામાં આવશે નહીં.

નોંધ -

વસ્તુઓની યાદી દ્રષ્ટાંતરુપ છે અને તે સંપૂર્ણ નથી.

(૪) આયોગે, કટ ઓફ તારીખ પછી પ્રશુલ્ક સુધારણા સહિત, પ્રશુલ્ક સુધારણામાં અધિક મૂડીકરણની અસર બાબત પ્રશુલ્ક મુદતમાં બે વખત વિચારણા કરી શકશે.

INDEX

નોંધ- ૧ મૂળ કાર્યક્ષેત્રની અંદરની નિર્ધારિત જવાબદારીઓ પરંતુ માન્ય કરેલું ખર્ચ અને ટેકનિકલ- આર્થિક કારણોસર વિલંબિત પરંતુ કામના મૂળ ક્ષેત્રની અંદર આવતા ખર્ચની, વિનિયમ ૧૯ માં નિર્દિષ્ટ દેવા-ઈક્વિટીની રાબેતા મુજબના ગુણોત્તરમાં વ્યવસ્થા કરાશે.

નોંધ- ૨ જૂની અસ્કયામતો બદલવા અંગેના કોઈપણ ખર્ચને, મૂળ પરિયોજના ખર્ચમાંથી મૂળ અસ્કયાતમોના એકંદર મૂલ્યની માંડવાળ કર્યા પછી વિચારણામાં લેવાશે, સિવાય કે આવી બાબતો આ વિનિયમના ખંડ (૩) માં યાદીબંધ હોય

નોંધ - ૩ મૂળ કાર્યક્ષેત્રમાં ન હોય ત્યાં નવા કામો પર, પ્રશુલ્ક નકકી કરવા, આયોગે માન્ય રાખેલ કોઈપણ ખર્ચની વ્યવસ્થા વિનિયમ ૧૯ માં નિર્દિષ્ટ રાબેતા મુજબના દેવા- ઈક્વિટીના ગુણોત્તરમાં કરાશે.

નોંધ - ૪ નવીકરણ અને આધુનિકીકરણ અને આવરદા વધારવા અંગે પ્રશુલ્ક નકકી કરવા માટે આયોગે માન્ય કરેલ કોઈપણ ખર્ચની વ્યવસ્થા , મૂળ પરિયોજનાના ખર્ચમાંથી ફેરબદલી કરેલ અસ્કયામતોની મૂળ કિંમત માંડી વાળ્યા પછી, વિનિયમ ૧૯ માં નિર્દિષ્ટ દેવા-ઈક્વિટી ગુણોત્તરમાં કરાશે.

(૧૮) અસ્થાયી (Infirm) વીજશકિતનું વેચાણ : અસ્થાયી (Infirm) વીજ શકિતના વેચાણમાંથી વીજ ઉત્પાદન કંપનીએ અર્જિત કરેલ કોઈપણ આવક (બળતણ ખર્ચની વસૂલાત સિવાયનું) મૂડી ખર્ચમાં ઘટાડા તરીકે લેવી એને તેને આવક તરીકે ગણવી નહીં.

(૧૯) દેવા-ઈકિવીટી ગુણોત્તર (૧) તમામ વીજઉત્પાદન મથકોના કેસમાં, વાણિજ્યિક સંચાલનની તારીખના રોજ દેવા-ઈક્વિટી ગુણોત્તર પ્રશુલ્કના નિર્ધારણ માટે ૭૦:૩૦ ગણવો.

પરંતુ, વીજ ઉત્પાદન કંપની, આયોગને સંતોષ થાય તે રીતે સાબિત કરી શકે કે ઇકિવટી ૩૦% કરતાં વધુ રાખવી તે સામાન્ય લોકોના હિતમાં છે. તો આયોગ, યોગ્ય કેસોમાં, પ્રશુલ્ક નિર્ધારણ માટે ૩૦% કરતાં વધુ ઇકિવટી રાખવા વિચારી શકશે.

પરંતુ વીજઉત્પાદન મથકના કેસમાં રોકેલી ખરેખરી ઇકિવટી ૩૦% કરતાં ઓછી હોય તો, ખરેખર દેવા અને ઇકિવટી પ્રશુલ્કના નિર્ધારણ માટે વિચારણામાં લેવાશે.

પરંતુ ચાલુ પરિયોજનાના કેસમાં, ખરેખર દેવા-ઈક્વિટીનો ગુણોત્તર પ્રશુલ્ક નિર્ધારણ માટે ઉપયોગમાં લેવાશે. આમ છતાં કોઈપણ વિસ્તરણ, વિનિયમ-૧૯ અનુસાર વિનિયમિત કરાશે.

(૨) ખંડ (૧) અનુસાર મેળવેલ દેવા અને ઈક્વિટીની રકમ, લોન પર વ્યાજ, ઈક્વિટી પર રિટર્ન, ઘસારા ખર્ચ સામે પેશગી અને વિદેશી હૂંડીયામણ દર તફાવત ગણવા માટે ઉપયોગમાં લેવાશે.

(૨૦) <u>ક્ષમતા (નિયત) ખર્ચની ટકાવારી</u> : (૧) ક્ષમતા ખર્ચ નીચેના ધોરણે ગણવામાં આવશે અને તેની વસૂલાત લક્ષ્યાંક પ્રાપ્યતા સાથે સંબંધિત રહેશે.

(૧) <u>લોન મૂડી પર વ્યાજ</u>

(ક) વિનિયમ-૧૯ માં દર્શાવેલી રીતે, મેળવેલી લોન પર, લોન મૂડી પરનું વ્યાજ લોન વાર ગણવામાં આવશે.

(ખ) પરંતુ હાલની પરિયોજનાઓના કેસમાં, ખરેખર દેવા-ઈક્વિટીના ગુણોત્તરનો ઉપયોગ પ્રશુલ્ક નિર્ધારણ માટે કરાશે અને લોન પરનું વ્યાજ ખરેખર ખર્ચના આંકડા પ્રમાણે ચૂકવાશે. આમ છતાં કોઈપણ વધારાનું નિયમન; વિનિયમ-૧૯ પ્રમાણે થશે.

(ગ) વીજઉત્પાદન કંપની, હિતાધિકારીઓના ચોખ્ખા લાભમાં પરિણમશે નહીં ત્યાં સુધી લોનનો વિનિયમ કરવા બનતા તમામ પ્રયત્નો કરશે. આવા લોનના વિનિમય સાથે સંકળાયેલ ખર્ચ હિતાધિકારીઓએ ભોગવવાનું રહેશે.

(ઘ) લોનની શરતોમાં ફેરફારો, આવા વિનિમય (swapping) અને હિતાધિકારીઓને મળનારા લાભમાં પ્રતિબિંબિત થશે.

(ચ) કોઈપણ તકરારના કેસમાં, પક્ષકારો યોગ્ય અરજી સાથે આયોગને સંપર્ક કરશે. આમ છતાં લોનના વિનિમયને લગતી કોઈ તકરારનો નિર્ણય બાકી હોય તે દરમિયાન, આયોગે વીજઉત્પાદન કંપનીને આપેલા આદેશ પ્રમાણે હિતાધિકારીઓને કરવાની કોઈપણ ચુકવણી રોકવામાં આવશે નહીં.

INDEX

(છ) વીજઉત્પાદન કંપનીને દેવા મોકુફીની મુદતનો લાભ મળ્યો હોય તો, દેવા- મોકુફીના વર્ષો દરમિયાન પ્રશુલ્ક માટે જોગવાઈ કરાયેલ ઘસારા ખર્ચને તે વર્ષો દરમિયાન પુનચુંકવણી તરીકે ગણવામાં આવશે અને લોન મૂડી પરનું વ્યાજ તે પ્રમાણે ગણવામાં આવશે.

(જ) વીજ ઉત્પાદન કંપની, લોનના વિનિમય અને લોન પરના વ્યાજને કારણે કોઈ નફો કરશે નહીં.

(૨) **ઘસારા ખર્ચ સામે પેશગી સહિત ઘસારા-ખર્ચ**

(ક) **ઘસારા-ખર્ચ**

પ્રશુલ્કના હેતુ માટે ઘસારા ખર્ચ નીચેની રીતે ગણવામાં આવશે.

(૧) ઘસારા-ખર્ચના હેતુ માટે મૂલ્ય-આધાર, અસ્કયામતનું ઐતિહાસિક ખર્ચ બનશે.

(૨) ઘસારા-ખર્ચ, અસ્કયામતની ઉપયોગી આવરદા પરત્વે સીધી રેખાની પધ્ધતિના આધારે અને કેન્દ્રિય આયોગે ઠરાવેલા દરે ગણવામાં આવશે.

અસ્કયામતની બાકીની આવરદા ૧૦% તરીકે ગણવામાં આવશે અને ઘસારા-ખર્ચને અસ્કયામતના ઐતિહાસિક મૂડી ખર્ચના અધિકતમ ૯૦% સુધી છૂટ અપાશે. જમીન એ ઘસારાપાત્ર અસ્કયામત નથી અને તેની કિંમત, અસ્કયામતની ઐતિહાસિક કિંમત ૯૦% ગણતી વખતે મૂડી ખર્ચમાંથી બાદ કરવામાં આવશે. અસ્કયામતના ઐતિહાસિક મૂડી ખર્ચમાં, કેન્દ્ર સરકાર / આયોગે મંજૂરી આપ્યા પ્રમાણે ૩૧-૩-૨૦૦૪ સુધી વિદેશી હૂંડિયામણ દર તફાવતને કારણે અધિક મૂડીકરણનો સમાવેશ કરાશે.

(૩) સમગ્ર લોનની રકમ ભરપાઈ થતાં, બાકીનું ઘસારા મૂલ્ય અસ્કયામતની બાકીની ઉપયોગ આવરદા પર પ્રસારિત કરાશે.

(૪) સંચાલનના પ્રથમ વર્ષથી ઘસારા ખર્ચ વસૂલાતપાત્ર છે. વર્ષના બાકીના ભાગ માટે અસ્કયામતના સંચાલનના કેસમાં ઘસારા ખર્ચ ભાગે પડતા ધોરણે વસૂલ કરાશે.

વધુમાં હાલના પીપીએ (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપની વચ્ચેની ફેરવાટાઘાટો અનુસરીને પીપીએમાં કરેલા ધોરણો અને પારમિતિઓમાં કોઈ ફેરફાર સહિત) ઘસારાખર્ચ અનુસૂચિની જુદી પારમિતિ ઠરાવશે, ત્યાં આવી પારમિતિઓ કરારની મુદત સુધી પક્ષકારોનું વિનિયમન ચાલુ રાખશે, પરંતુ કરારના કોઈ નવીકરણ કે કરારની શરતો અનુસાર કરારની મુદતમાં કોઈ વધારાને તે લાગુ પડશે નહીં. હાલના પીપીએની મુદત પૂરી થતાં (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપની વચ્ચે થયેલ ફેરવાટાઘાટોનો અનુસરીને પીપીએમાં કરેલા ધોરણો કે પારમિતિના કોઈપણ ફેરફારો સહિત), પક્ષકારોનું વિનિયમન તે સમયે અમલમાં હોય તે વિનિયમોની શરતો દ્વારા થશે.

(ખ) **ઘસારા ખર્ચ સામે પેશગી**

પરવાનગીપાત્ર ઘસારા ખર્ચ ઉપરાંત, વીજઉત્પાદન કંપનીને નીચે આપેલી રીત પ્રમાણે ગણતરી કરીને, ઘસારા ખર્ચ સામે પેશગી આપવાનો હક રહેશે.

AAD = વિનિયમ-૧૯ અનુસાર લોનની રકમના ૧/૧૦ ની ટોચ મર્યાદાને અધીન રહીને વિનિયમ ૨૦(૧) અનુસાર લોનની રકમની ભરપાઈ બાદ અનુસૂચિ પ્રમાણે ઘસારા- ખર્ચ.

પરંતુ ચોકકસ વર્ષ સુધીની એકત્રિત ચુકવણી, તે વર્ષના સુધીના એકત્રિત ઘસારા ખર્ચ કરતાં વધી જાય તો ઘસારા-ખર્ચ સામે પેશગીની છૂટ મળશે.

પરંતુ વર્ષમાં ઘસારા સામેની પેશગી, તે વર્ષ સુધીની એકત્રિત ચુકવણી અને એકત્રિત ઘસારા ખર્ચ વચ્ચેના તફાવતના પ્રમાણ જેટલી મર્યાદિત રહેશે.

દેવું ભરપાઇ કરવાની મુદત વધારવા નાણાં લઇ લેવા પર આધાર રાખવા સહિત વિવિધ તંત્ર-વ્યવસ્થા મારફત પ્રશુલ્કનું અગ્રભારણ ઘટાડવા માન્ય ઘસારા-ખર્ચના દરે લાંબા ગાળાના દેવાને સરખી હરોળમાં મૂકવા માટે સઘળા પ્રયત્નો કરાશે.

(૫) **ઈક્વિટી પર રિટર્ન**

વિનિયમ ૧૯ અનુસાર નકકી કરાયેલ ઈક્વિટી આધાર પર ઈક્વિટી પરનું રિટર્ન વાર્ષિક ૧૪% ના દરે ગણાશે.

INDEX

પરંતુ હાલની પરિયોજનાઓના કેસમાં, પ્રશુલ્ક નિર્ણય માટે ખરેખરા દેવાની ઈક્વિટીનો ઉપયોગ કરાશે. આમ છતાં, વિનિયમ-૧૯ અનુસાર કોઈપણ વિસ્તરણનું વિનિયમન થશે.

પરંતુ વિદેશી ચલણમાં રોકેલ ઇક્વિટી પર તે જ ચલણમાં ઠરાવેલ મર્યાદા સુધી રિટર્ન મળી શકશે અને આ અંગેની ચુકવણી, બિલ્ડીંગની પાકતી તારીખે પ્રવર્તમાન હૂંડિયામણના દરને આધારે ભારતીય રૂપિયામાં કરાશે.

સ્પષ્ટીકરણ

વીજઉત્પાદન કંપનીએ, પરિયોજનાની નાણાં-વ્યવસ્થા માટે તેની મુકત અનામતમાંથી ઊભા કરેલા આંતરિક સાધનોનું મૂડીકરણ અને શેર મૂડી ઈશ્યૂ કરતી વખતે ઊભુ કરેલ પ્રિમિયમ, જો કોઈ હોય તો, ઈકિવિટી પરના રિટર્નની ગણતરી કરવાના હેતુ માટે ભરપાઈ કરાયેલ મૂડી તરીકે ગણવામાં આવશે, પરંતુ આવા પ્રિમિયમની રકમ તથા આંતરિક સાધનોનો ઉપયોગ ખરેખર, વીજઉત્પાદન મથકના મૂડી ખર્ચને પહોંચી વળવા કરવામાં આવશે અને તે મંજૂર કરેલ નાણાકીય પેકેજનો ભાગ બનશે.

આમ ઇક્વિટીની વ્યાખ્યામાં, વિનિયમ-૧૯ માં સમાવેલા ૭૦:૩૦ ના દેવા ઇક્વિટી ગુણોતરની ટોચ-મર્યાદાને અધીન રહીને યુનિટની મૂડીમાં રોકેલ તમામ ચોખ્ખા મૂલ્યનો સમાવેશ થશે.

વધુમાં, હાલના પીપીએમાં (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપની વચ્ચેની ફેરવાટાઘાટો અનુસરીને, પીપીએમાં ધોરણો અને પારમિતિઓમાં કરેલા કોઈ ફેરફારો સહિત) ઈક્વિટી પરના રિટર્નની અલગ પારમિતિ ઠરાવી છે. આવી પારમિતિ કરારની મુદત માટે પક્ષકારોનું નિયમન કરવાનું ચાલુ રાખશે, પરંતુ શરતો અનુસાર, કરારના નવીકરણ માટે અથવા કરારની મુદતમાં કોઈ વધારા માટે તે લાગુ પડશે નહીં. હાલના પીપીએ ની મુદત પૂરી થતાં (બોર્ડ અને સંબંધિત વીજ ઉત્પાદન કંપની વચ્ચેની નવેસર થયેલી વાટાઘાટો અનુસરીને પીપીએમાં કરેલા ધોરણો કે પારમિતિઓમાં કોઈ ફેરફારો સહિત), પક્ષકારોનું નિયમન, તે સમયે અમલમાં હોય તેવા વિનિયમોમાંની શરતો દ્વારા થશે.

(૬) **સંચાલન અને જાળવણી ખર્ચ**

સાધારણ સંચાલન અને જાળવણી ખર્ચ નીચે પ્રમાણે રહેશે.

(ક) કોલસા આધારિત વીજ ઉત્પાદન મથકો (રૂ ા. લાખમાં / મે.વો.)

વર્ષ	૨૦૦/૨૧૦/૨૫૦ મે.વો.સેટ	૫૦૦ મે.વો. અને તેથી ઉપરના સેટ
૨૦૦૪-૦૫	૧૦.૪૦	૯.૩૬
૨૦૦૫-૦૬	૧૦.૮૨	૯.૭૩
૨૦૦૬-૦૭	૧૧.૨૫	૧૦.૧૨
૨૦૦૭-૦૮	૧૧.૭૦	૧૦.૫૨
૨૦૦૮-૦૯	૧૨.૧૭	૧૦.૯૫

નોંધ : ૨૦૦/૨૧૦/૨૫૦ મે.વો. સેટ અને ૫૦ મે.વો. અને તેથી ઉપરના સેટનું સંયોજન ધરાવતા વીજ ઉત્પાદન મથકો માટે, સંચાલન અને જાળવણી ખર્ચ માટે ભાર મૂકેલ (Weighted) સરેરાશ મૂલ્ય અપનાવવામાં આવશે.

૨૧૦ મે.વો. કરતાં નાના યુનિટો માટે સાધારણ સંચાલન અને જાળવણી ખર્ચ, આયોગ દ્વારા નિર્દિષ્ટ કરાશે.

નોંધ - ૧

આયોગ, સાધારણ દર નિર્દિષ્ટ કરવાના હેતુસર, સીપીએસયુ, આઈપીપી, એસઈબી સહિત રાજય બહારની અન્ય યુટિલિટીઓની માલિકીના સમાન ટેકનોલોજી/ સાઈઝ મશીનની કામગીરી તથા ભૂતકાળની કામગીરીનો અભ્યાસ કરશે.

INDEX

(ખ) ગેસ ટર્બાઈન / સંયુકત આવર્તન વીજ ઉત્પાદન મથકો

(રૂ. લાખ / મે.વો.માં)

વર્ષ	નાના ગેસ ટર્બાઈન સિવાયના અન્ય ગેસ ટર્બાઈન / સંયુકત આવર્તન વીજ ઉત્પાદન મથકો		નાના ગેસ ટર્બાઈન વીજ ઉત્પાદન મથકો
	૧૦ વર્ષની વોરંટીબચત સાથે	બચત વિના વોરંટી	બચત વિના વોરંટી
૨૦૦૪-૦૫	૫.૨૦	૭.૮૦	૯.૪૬
૨૦૦૫-૦૬	૫.૪૧	૮.૧૧	૯.૮૪
૨૦૦૬-૦૭	૫.૬૨	૮.૪૪	૧૦.૨૪
૨૦૦૭-૦૮	૫.૮૫	૮.૭૭	૧૦.૬૫
૨૦૦૮-૦૯	૬.૦૮	૯.૧૨	૧૧.૦૭

(ગ) લિગ્નાઈટ સંચાલિત વીજ ઉત્પાદન મથકો

(રૂા. લાખમાં / મે.વો.)

વર્ષ	૨૦૦/૨૧૦/૨૫૦ મે.વો. શ્રેણી
૨૦૦૪-૦૫	૧૦.૪૦
૨૦૦૫-૦૬	૧૦.૮૨
૨૦૦૬-૦૭	૧૧.૨૫
૨૦૦૭-૦૮	૧૧.૭૦
૨૦૦૮-૦૯	૧૨.૧૭

૨૧૦ મે.વો. કરતાં નાના યુનિટો માટે સાધારણ સંચાલન અને જાળવણી ખર્ચ આયોગ દ્વારા નિર્દિષ્ટ થશે.

નોંધ - ૧ આયોગ, સાધારણ દર નિર્દિષ્ટ કરવાના હેતુસર, સીપીએસયુ, આઈપીપી, એસઈબી, વગેરે સહિત રાજય બહારની યુટિલિટીની માલિકીની સમાન ટેકનોલોજી / સાઈઝ મશીનોની કામગીરી તથા ભૂતકાળની કામગીરીનો અભ્યાસ કરશે.

વધુમાં હાલના પીપીએમાં (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપની વચ્ચે થયેલી નવેસરની વાટાઘાટોને અનુસરીને ધોરણો અને પારમિતિમાં કરેલા કોઈ સુધારા સહિત) સંચાલન અને જાળવણી દરનો અલગ પારમિતિ નકકી કરશે, આવી પારમિતિ કરારની મુદત માટે પક્ષકારોનું નિયમન ચાલુ રાખશે, પરંતુ કરારની શરતો અનુસાર કરારની મુદતમાં કોઈ વિસ્તરણ કે કરારના કોઈ નવીકરણ માટે આ લાગુપડશે નહીં. હાલના પીપીએની મુદત પૂરી થતાં (બોર્ડ અને સંબંધિત વીજ કંપની વચ્ચે નવેસરથી થયેલી વાટાઘાટો અનુસરીને, પીપીએમાં કરેલા ધોરણે અને પારમિતિના ફેરફાર સહિત) પક્ષકારોનું નિયમન તે સમયે અમલમાં હોય તે વિનિયમનોની શરતો અનુસાર થશે.

(૬) **કાર્યકારી મૂડી પર વ્યાજ**

(ક) કાર્યકારી મૂડીમાં નીચેનાનો સમાવેશ થશે.

કોલસા આધારિત / લિગ્નાઈટ સંચાલિત વીજ ઉત્પાદન મથકો

(૧) પીટ-હેડ વીજ ઉત્પાદન મથકો માટે 1½ મહિનાનું અને પીટ-હેડ સિવાયના વીજ ઉત્પાદન મથકો માટે બે મહિનાનું, લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ રહીને, કોલસા કે લિગ્નાઈટનું ખર્ચ.

(૨) લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ રહીને બે મહિના માટે ગૌણ બળતણ તેલનું ખર્ચ.

(૩) એક મહિના માટે સંચાલન અને જાળવણી ખર્ચ

(૪) વાણિજ્યિક કામગીરીની તારીખથી વાર્ષિક ૬% ના વધેલા ઐતિહાસિક ખર્ચના ૧% ના દરે જાળવણી સ્પેર.

(૫) લક્ષ્યાંક પ્રાપ્યતાને આધારે ગણી કાઢેલ વીજળી વેચાણ માટે નિયત અને વધઘટપાત્ર ખર્ચના બે મહિના માટે મળવાપાત્ર સમતુલ્ય રકમ.

ગેસ ટર્બાઈન / સંયુકત આવર્તન વીજ ઉત્પાદન મથકો

(૧) ગેસ બળતણ અને પ્રવાહી બળતણને આધારે વીજ ઉત્પાદન મથકની સંચાલન કામગીરીની પધ્ધતિને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને લક્ષ્યાંક પ્રાપ્યતાને અનુરૂપ એક મહિના માટેનું બળતણ ખર્ચ.

(૨) ૧/૨ મહિના માટે પ્રવાહી બળતણ સ્ટોક.

(૩) એક મહિના માટે સંચાલન અને જાળવણી ખર્ચ..

INDEX

(૪) વાણિજ્યિક સંચાલનની તારીખથી વાર્ષિક ૬% વધારેલા ઐતિહાસિક ખર્ચના ૧% ના દરે જાળવણી સ્પેર.

(૫) લક્ષ્યાંક પ્રાપ્યતાને આધારે ગણેલ વીજળીના વેચાણ માટે નિયત અને વધઘટપાત્ર ખર્ચની બે મહિનાની સમતુલ્ય મળવાપાત્ર રકમ.

(ખ) કાર્યકારી મૂડી પરનું વ્યાજ સાધારણ ધોરણ મુજબ રહેશે અને જે વર્ષે વીજ ઉત્પાદન મથક કે તેનું યુનિટ વાણિજ્યિક કામગીરી હેઠળ હોવાનું જાહેર કરાય તે વર્ષની ૧-૪-૨૦૦૪ અથવા ૧ લી એપ્રિલના રોજ સ્ટેટ બેન્કના ટૂંકા ગાળાના મુખ્ય ધીરધાર દરની સમકક્ષ રહેશે. વીજ ઉત્પાદક કંપનીએ બહારની કોઈ સંસ્થા પાસેથી કાર્યકારી મૂડી લોન લીધી ન હોવા છતાં કાર્યકારી મૂડી પરનું વ્યાજ સાધારણ ધોરણ પર ચૂકવવાપાત્ર રહેશે.

વધુમાં હાલના પીપીએમાં (બોર્ડ અને સંબંધિત વીજઉત્પાદન કંપનીઓ વચ્ચે નવેસરથી કરાયેલી વાટાઘાટોને અનુસરીને પીપીએમાં કરેલા ધોરણો કે પારમિતિઓના કોઈ ફેરફારો સહિત) વ્યાજ ગણતરીની અલગ પધ્ધતિ ઠરાવી છે હોય ત્યાં આવી પધ્ધતિ, કરારની મુદત માટે પક્ષકારોનું નિયમન કરવું ચાલુ રાખશે, પરંતુ કરારની શરતો અનુસાર કરારના કોઈ નવીકરણ માટે અથવા કરારની મુદતના કોઈ વિસ્તરણ માટે લાગુ પડશે નહીં. હાલના પીપીએની મુદત પૂરી થતાં (બોર્ડ અને વીજઉત્પાદન કંપનીઓ વચ્ચેની નવેસરથી થયેલી વાટાઘાટોને અનુસરીને પીપીએમાં કરેલા ધોરણો કે પારમિતિઓના કોઈ ફેરફારો સહિત) પક્ષકારોનું વિનિયમન, તે સમયે અમલમાં હોય તે કાયદા દ્વારા થશે.

(૨) વિનિયમ-૧૫ માં નિર્દિષ્ટ લક્ષ્યાંક પ્રાપ્યતા મુજબ સંપૂર્ણ ક્ષમતા ખર્ચ વસૂલ કરાશે. લક્ષ્યાંક પ્રાપ્યતાની સપાટી કરતાં નીચેના ક્ષમતા ખર્ચની વસૂલાત ભાગે પડતા ધોરણે વસૂલ કરાશે. શૂન્ય પ્રાપ્યતાએ, કોઈ ક્ષમતા ખર્ચ વસૂલાતપાત્ર રહેશે નહીં.

(૩) ક્ષમતા ખર્ચની ચુકવણી, ફાળવેલ ક્ષમતાના પ્રમાણમાં માસિક ધોરણે કરાશે.

(૨૧) <u>ઊર્જા ખર્ચ</u>

(૧) <u>એબીટી હેઠળ આવરી લીધેલા વીજ ઉત્પાદન મથકો</u>

ઊર્જા ખર્ચમાં બળતણ ખર્ચનો સમાવેશ થશે અને તે નીચેના સૂત્ર પ્રમાણે, વીજ ઉત્પાદન મથકમાંથી બહાર મોકલવા અનુસૂચિત એકસ-બસ ઊર્જાને આધારે ગણવામાં આવશે.

ઊર્જા ખર્ચ (રૂા.) = ઊર્જા ખર્ચનો દર રૂપિયામાં / કિ.વો.ક.

અનુસૂચિત વીજઉત્પાદનને અનુરૂપ કિ.વો.ક. માં મહિના માટે અનુસૂચિત ઊર્જા (એકસ બસ)

(૨) <u>એબીટી અન્વયે આવરી લીધેલ હોય તે સિવાયના વીજ ઉત્પાદન મથકો.</u>

ઊર્જા (વધઘટપાત્ર) ખર્ચમાં બળતણ ખર્ચ આવરી લેવાશે અને નીચેના સુત્ર અનુસાર વીજઉત્પાદન કંપનીમાંથી મોકલેલ / બહાર લઈ જવાયેલ એકસ-બસ ઊર્જાના ધોરણે ગણવામાં આવશે.

ઊર્જા ખર્ચ (રૂ ।.) = ઊર્જા ખર્ચનો દર રૂપિયામાં / કિ.વો.ક.

કિ.વો.કલાકમાં મહિના માટે મોકલેલ (એકસ-બસ) ઊર્જા.

જયાં,

ઊર્જા ખર્ચના દર (REC) - એકસબસ એક કિલો વોટ કલાકની વીજળી - રૂ ।. અને કિ.વો.ક. માં મોકલવા માટે પ્રાથમિક અને ગૌણ બળતણનો સાધારણ જથ્થાના ખર્ચનો સરવાળો રહેશે. અને તેની નીચે મુજબ ગણતરી કરાશે.

$$REC = \frac{100 \{P_P \times (Q_P) n + P_S \times (Q_S) n\}}{(100 - (AUX)} \quad \text{(રૂા. કિ.વો.ક.)}$$

INDEX

જ્યાં,

P_P = પ્રાથમિક બળતણની કિંમત - જેમ કે કોલસો કે લિગ્નાઈટ કે ગેસ કે પ્રવાહી બળતણની કિંમત, યથાપ્રસંગ, રૂ ા. / કિ.ગ્રા. અથવા રૂ ા. / ઘનમીટર અથવા રૂ ા. / લિટરમાં

(Q_P) n = જનરેટર ટર્મિનલ ખાતે એક કિલોવોટ કલાક વીજળી ઉત્પાદન માટે જરૂરી પ્રાથમિક બળતણના જથ્થાના, યથા પ્રસંગે કિ.ગ્રા. કે લિટર કે ઘનમીટરમાં, અને તેની ગણતરી સાધારણ એકંદર મથકના ઉષ્મા દરને આધારે (કોલસા / લિગ્નાઈટ આધારિત વીજ ઉત્પાદન મથકો માટે ગૌણ બળતણ દ્વારા ફાળવેલ ઓછી ઉષ્મા) અને વાપર્યા પ્રમાણે કોલસો / લિગ્નાઈટ કે ગેસ કે પ્રવાહી બળતણની એકંદર કેલરીફીક મૂલ્યને આધારે કરાશે.

P_s = ગૌણ બળતણ તેલની કિંમત રૂા. માં / મિ.લિ. માં

(Q_P) n= ખંડ ૧૫(૪) અનુસાર ગૌણ બળતણ તેલનો સાધારણ જથ્થો મિ.લિ. / કિ.વો.કલાકમાં અને

AUXn = ખંડ ૧૫(૫) અનુસાર, એકંદર વીજ ઉત્પાદન ટકાવારી તરીકે સાધારણ સહાયક ઊર્જા વપરાશ.

(૩) **<u>બળતણની કિંમતમાં અથવા ઉષ્મા મૂલ્યમાં ફેરફાર થવાને કારણે ઊર્જા ખર્ચના દર સરભર કરવા.</u>**

શરૂઆતમાં, કોલસો / લિગ્નાઈટ અથવા ગેસ કે પ્રવાહી બળતણનું એકંદર કેલરીફિક મૂલ્ય, આગલા ત્રણ મહિનાના ખરેખર ખર્ચના આંકડા અનુસાર ગણવામાં આવશે. કોઈપણ તફાવતનો હિસાબમેળ, મળેલા અને બાળેલા કોલસા / લિગ્નાઈટ / ગેસ પ્રવાહી બળતણના એકંદર કેરલીફિક મૂલ્યને આધારે અને કોલસા / લિગ્નાઈટ કે ઓઈલ કે ગેસ કે પ્રવાહી બળતણ જે હોય તેની પ્રાપ્તિ માટે વીજ ઉત્પાદન કંપનીએ કરેલા ઉતરાયણ ખર્ચને આધારે મહિનાથી મહિનાને ધોરણે કરાશે. બળતણ કિંમતના હિસાબમેળ માટે આયોગને અલગ અરજી કરવાની જરૂર રહેશે નહીં. કોઈપણ તકરારના કેસમાં, ૨૦૦૪ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન) વિનિયમો, વખતો વખત તેમાં સુધારા કર્યા મુજબ અથવા તેના કોઈપણ વૈધાનિક પુનર્કાયદા અનુસાર આયોગને યોગ્ય અરજી કરવાની રહેશે.

(૩) <u>કોલસાનું ઉતરાયણ ખર્ચ</u>

કોલસાના ઉતરામણ ખર્ચમાં, લાગુ પડે તે પ્રમાણે રોયલ્ટી, કર અને શુલ્ક સહિત કોલસાના ગ્રેડ / ગુણવત્તાને અનુરૂપ કિંમતનો સમાવેશ થશે અને રેલ્વે / માર્ગ કે બીજા કોઈ સાધન દ્વારા પરિવહન ખર્ચ અને, ઊર્જા ખર્ચની ગણતરી, નીચે દર્શાવ્યા પ્રમાણે મહિના દરમિયાન કોલસા પુરવઠા કંપનીએ રવાના કરેલા કોલસાના જથ્થાની ટકાવારી તરીકે સાધારણ ટ્રાન્ઝિટ અને હેરફેર ઘટને વિચારણામાં લીધા બાદ કરવામાં આવશે.

પીડ હેડ વીજ ઉત્પાદન મથકો : ૦.૩%

નોટ પીટ હેડ વીજ ઉત્પાદન મથકો : ૦.૮ %

(૨૨) **<u>પ્રોત્સાહન</u> :**

લક્ષ્યાંક પ્લાન્ટ વીજભાર ઘટકને અનુરૂપ એકસ-બસ ઊર્જા કરતાં વધુ અનુસૂચિત ઉત્પાદનને અનુરૂપ અનુસૂચિત એકસ-બસ ઊર્જા માટે ૨૫.૦ પૈસા / કિ.વો.કલાકના ઉચક દરે પ્રોત્સાહન ચૂકવવાપાત્ર રહેશે.

(૨૩) **<u>બિન-અનુસૂચિત આંતરિક (યુઆઈ) ચાર્જ</u>**

ખરેખર વીજઉત્પાદન કે ખરેખર ઉપાડ અને અનુસૂચિત વીજ ઉત્પાદન કે ઉપાડ વચ્ચેના તફાવતને, બિનઅનુસૂચિત આંતરિક ખર્ચ (યુઆઈ) ચાર્જ મારફત હિસાબે લેવામાં આવશે. વીજ ઉત્પાદન મથક માટે અનુસૂચિત આંતરિક ખર્ચ (યુઆઈ) તેના ખરેખરા વીજ ઉત્પાદન બાદ તેના અનુસૂચિત ઉપાડની બરાબર થશે. હિતાધિકારી માટે બિનઅનુસૂચિત આંતરિક ખર્ચ, કુલ ખરેખર ઉપાડ બાદ તેના અનુસૂચિત ઉપાડની બરાબર થશે. બિનઅનુસૂચિત આંતરિક ખર્ચ, દરેક ૧૫ મિનીટના સમય-બ્લોક માટે ગણી કાઢવામાં આવશે. બિનઅનુસૂચિત આંતરિક ખર્ચની લેવડ-દેવડો માટેનું ખર્ચ, સમય-બ્લોકની સરેરાશ વારંવારતા પર આધારિત રહેશે તથા વિનિયમ ૧(૨) અનુસાર આયોગે પ્રશુલ્ક વિનિયમો જાહેર કર્યાની તારીખથી નીચેના દર લાગુ પડશે.

INDEX

સમય બ્લોકની સરેરાશ વારંવારતા		બિન અનુસૂચિત દર કિ.વો.ક. દીઠ પૈસા
નિમ્ન	નિમ્ન નહી	કિ.વો.કલાક દીઠ પૈસા
-	૫૦.૫૦	૦.૦
૫૦.૫૦	૫૦.૪૮	૬.૦
૫૦.૪૮	૫૦.૪૬	૧૨.૦
-	-	-
-	-	-
૪૯.૮૪	૪૯.૮૨	૨૦૪.૦
૪૯.૮૨	૪૯.૮૦	૨૧૦.૦
૪૯.૮૦	૪૯.૭૮	૨૦૯.૦
૪૯.૭૮	૪૯.૭૬	૨૨૮.૦
-	-	-
-	-	-
૪૯.૦૪	૪૯.૦૨	૫૬૧.૦
૪૯.૦૨	-	૫૭૦.૦

(૫૦.૫ - ૪૯.૮ Hz વારંવારતા રેન્જમાં દરેક ૦.૦૨ Hz પગલું ૬.૦ પૈસા / કિ.વો કલાકની સમતુલ્ય છે, અને ૪૯.૮ - ૪૯.૦ Hz વારંવારતા રેન્જમાં ૯.૦ પૈસા / કિ.વો કલાકની સમતુલ્ય છે.)

નોંધ

ઉપરની સરેરાશ વારંવારતા માત્ર અને બિનઅનુસૂચિત દર, આયોગ દ્વારા અલગ જાહેરનામાં દ્વારા કરાતાં ફેરફારને અધીન છે.

૨(૧) ૧૫ મિનિટના કોઈપણ સમય બ્લોકમાં જાહેર કરેલી ક્ષમતાના ૧૦૫% સુધીના કોઈપણ વીજઉત્પાદન અને દિવસ દરમિયાન જાહેર કરેલી સરેરાશ ક્ષમતાના ૧૦૧% સુધીની સરેરાશનું, ગેમિંગ (જુગાર / સટ્ટા) તરીકે અર્થઘટન કરાશે નહીં અને વીજ ઉત્પાદક અનુસૂચિત ઉત્પાદન ઉપરાંતના આવા વધારાના ઉત્પાદન માટે બિનઅનુસૂચિત ચાર્જ વસૂલ કરવા હકદાર રહેશે.

(૨) ઠરાવેલી મર્યાદા કરતાં વધારાના કોઈપણ ઉત્પાદનની, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા તપાસ થશે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે તેમાં કોઈ જુગાર નથી, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને તે જુગાર હોવાનું જણાય તો આવા વધારાના ઉત્પાદનને કારણે વીજ ઉત્પાદન મથક પાસે લેણાં નીકળતા બિનઅનુસૂચિત ચાર્જ ઘટાડીને શૂન્ય કરવામાં આવશે અને તે રકમ, વીજ ઉત્પાદન મથકમાં તેમની ક્ષમતાના હિસ્સાના ગુણોત્તરમાં, હિતાધિકારીઓના બિનઅનુસૂચિત આંતરિક ચાર્જના હિસાબ ખાતે સરભર કરવામાં આવશે.

(૨૪) રિબેટ શાખપત્ર રજૂ કર્યેથી ક્ષમતા ખર્ચ અને ઊર્જા ખર્ચના બિલોની ચુકવણી માટે ૨% નું રિબેટ મંજૂર કરવામાં આવશે. વીજઉત્પાદન કંપની દ્વારા બિલો રજૂ કર્યાના એક મહિનાની અંદર શાખપત્ર દ્વારા બીજી કોઈ રીતે ચુકવણી કરવામાં આવે તો ૧% નું રિબેટ મળશે.

(૨૫) <u>વિલંબિત ચુકવણી પર સરચાર્જ</u>

હિતાધિકારી (ઓ) ક્ષમતા ખર્ચ અને ઊર્જા ખર્ચના બિલો ચૂકવવામાં બિલની તારીખથી એક મહિના કરતાં વધુ વિલંબ કરે તો, કંપની માસિક ૧.૨૫% ના દરે વિલંબિત ચુકવણી સરચાર્જ વસૂલ કરશે.

(૨૬) <u>અનુસૂચિત કરવું</u>

ગુજરાત ગ્રિડ નિયમાવલિની જોગવાઈઓ સાથે વાંચતા, અનુસૂચિ અને ગણતરી પ્રાપ્યતાની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

(૧) વીજઉત્પાદક તેના વીજ મથકની ક્ષમતાની અગાઉથી જાહેરાત કરશે. આ જાહેરાત, ખરેખર પ્રાપ્ય ક્ષમતા માટે હશે.

વીજ ઉત્પાદન મથકની ક્ષમતા માટેની જાહેરાત, આખા દિવસ માટે એક આંકડા તરીકે આગામી દિવસ અથવા દિવસની જુદી જુદી મુદત માટે જુદા જુદા આંકડા તરીકે આખા દિવસ માટે એકસ-બસ મે.વો. પૂરી પાડવા માટે રહેશે.

(૨) ક્ષમતાની જાહેરાત કે તેમાં સુધારો કરતી વખતે, ઉત્પાદક એ બાબત સુનિશ્ચિત કરશે કે ટોચના કલાકો (Peak) દરમિયાન જાહેર કરેલી ક્ષમતા બીજા કલાકો દરમિયાન જાહેર કરેલી ક્ષમતા કરતાં ઓછી હોવી જોઈશે નહીં. આમ છતાં, યુનિટના બળપૂર્વકના નિરુપયોગી ગાળાને પરિણામે એકમોના ટ્રિપીંગ / પુનઃસમકાલીકરણના કેસમાં આ નિયમમાં અપવાદ માન્ય ગણવામાં આવશે.

(૩) વીજઉત્પાદન અનુસૂચિ, ભારતિય વીજ-ગ્રિડ નિયમાવલિમાં ઠરાવેલ સંચાલન પધ્ધતિ મુજબ કરવામાં આવશે.

(૪) વીજ ઉત્પાદકની જાહેરાતને આધારે, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર હિતાધિકારીઓને તેમના હિસ્સાની જાણ કરશે, જેમાંથી તેઓ પોતાની માગણી આપશે.

(૫) હિતાધિકારીઓએ આપેલી માગણીને આધારે અને વીજ ઉત્પાદનમાં ફેરફાર કરવા અંગેની ટેકનિકલ મર્યાદાઓ ધ્યાનમાં રાખીને અને પ્રવાહન પ્રણાલી અવરોધો, જો કોઈ હોય તો તે પણ લક્ષમાં રાખીને, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, આર્થિક રીતે ઈષ્ટતમ વીજઉત્પાદન અનુસૂચિઓ અને ઉપાડ અનુસૂચિઓ તૈયાર કરશે અને તેની વીજ ઉત્પાદક તથા હિતાધિકારીઓને જાણ કરશે.

રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, ટૂંકાગાળાની અને લાંબાગાળાની (દૈનિક અનુસૂચિ) બંને આકસ્મિકતા પહોંચી વળવા કાર્યપધ્ધતિ પણ તૈયાર કરશે.

(૬) અનુસૂચિત વીજ ઉત્પાદન અને ખરેખર-ઉત્પાદન, વીજ ઉત્પાદન મથક ખાતે એકસ-બસ રહેશે. હિતાધિકારીઓ માટેસ અનુસૂચિત અને ખરેખર ચોખ્ખો ઉપાડ, તેમના સંબંધિત સ્વીકાર પોઈન્ટો આગળ થશે.

(૭) હિતાધિકારીઓની ચોખ્ખી ઉપાડ અનુસૂચિઓની ગણતરી માટે, પ્રવાહન ઘટને તત્સમય પૂરતું તેમની ઉપાડ અનુસૂચિઓમાં વહેંચવામાં આવશે.

પરંતુ, સંબંધિત રાજય વીજભાર રવાનગી કેન્દ્રની તૈયારી પર આધાર રાખીને આયોગ ભવિષ્યમાં શુધ્ધિકરણ (રિફાઈનમેન્ટ) નિર્દિષ્ટ કરી શકે.

(૮) યુનિટના બળપૂર્વકના નિરુપયોગી સમયગાળાના કેસમાં રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, સુધારેલ જાહેર કરેલ ક્ષમતાને આધારે અનુસૂચિઓમાં સુધારણા કરશે. ઉત્પાદકે પ્રથમ જે સમયગાળામાં સુધારણા કરવાની સલાહ આપી હોય તે સમય બ્લોકથી ગણતરી કરીને ૪થા સમય બ્લોકથી, સુધારેલ જાહેર ક્ષમતા અને સુધારેલી અનુસૂચિઓ અમલમાં આવશે.

(૯) વીજ ઉત્પાદનમાં ઘટાડો જરૂરી બનાવતા આંતર-રાજય પ્રવાહન (રાજય વીજભાર રવાનગી કેન્દ્રે પ્રમાણિત કર્યા મુજબ) પ્રણાલીમાં સામેલ રાજય પ્રવાહન યુટિલિટિ કે અન્ય કોઈ પ્રવાહન પરવાનેદારની માલિકીની પ્રવાહન પ્રણાલી, સંલગ્ન સ્વિચયાર્ડ અને પેડા-મથકોમાં કોઈ અવરોધ, નિરુપયોગી કાળ, નિષ્ફળતા કે મર્યાદાને કારણે વીજ નિર્ગમનમાં જે સમય-ગાળામાં પ્રથમ અવરોધ ઊભો થયો હોય તે સમય-બ્લોકને ગણતરીમાં લઈ ૪ થા સમય બ્લોકથી અમલમાં આવશે. તેમજ આવા પ્રથમ, બીજા અને ત્રીજા સમય-બ્લોક દરમિયાન, વીજ ઉત્પાદન મથકનું અનુસૂચિત વીજ ઉત્પાદન, ખરેખરા વીજ ઉત્પાદનની સમકક્ષ સુધારેલ હોવાનું ગણવામાં આવશે, અને હિતાધિકારીઓનો અનુસૂચિત ઉપાડ, તેમના ખરેખરા ઉપાડની સમકક્ષ સુધારવામાં આવ્યો હોવાનું ગણવામાં આવશે.

(૧૦) ગ્રિડમાં કોઈ ખલેલ પડે તેવા કેસમાં, તમામ વીજ ઉત્પાદન મથકોના અનુસૂચિત ઉત્પાદન તથા તમામ હિતાધિકારીઓના અનુસૂચિત ઉત્પાદન તથા તમામ હિતાધિકારીઓના અનુસૂચિત ઉપાડમાં, ગ્રિડની ખલેલ દ્વારા અસર પામેલ તમામ સમય બ્લોક માટેના તેમના ખરેખર વીજ ઉત્પાદન/ ઉપાડની સમકક્ષ સુધારણા કરવામાં આવી હોવાનું ગણવામાં આવશે. રાજય વીજભાર રવાનગી કેન્દ્ર ગ્રિડ ખલેલનું અને તેની મુદત અંગે પ્રમાણપત્ર આપશે.

(૧૧) દિવસોની બાકીની મુદત માટે વીજ ઉત્પાદક(કો) દ્વારા જાહેર કરાયેલ ક્ષમતામાં તથા હિતાધિકારી(ઓ) ની માગમાં સુધારો કરવા અંગેની અગાઉથી આપેલી નોટિસ સાથે પરવાનગી આપવામાં આવશે. આવા કેસોમાં સુધારેલી અનુસૂચિઓ જાહેર કરેલી ક્ષમતા, રાજય વીજભાર રવાનગી કેન્દ્રમાં જે સમય બ્લોકમાં પ્રથમ વખત મળેલી સુધારણાની વિનંતી સમય-ગાળાથી ગણતાં છઠ્ઠા સમય બ્લોકથી અમલી બનશે.

INDEX

(૧૨) રાજય વીજભાર રવાનગી કેન્દ્રના સમયના કોઈપણ બિંદુએ, વધુ સારી પ્રણાલી સંચાલનના હિતમાં અનુસૂચિઓમાં સુધારો કરવાની જરૂર જણાય તો, તે પોતાની રીતે આમ કરી શકશે, અને આવા કેસોમાં, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર જે સમયે પ્રથમ વાર સુધારેલી અનુસૂચિ ઈશ્યૂ કરે તે સમય બ્લોકની ગણતરી કરતાં, ૪ થા સમય બ્લોકથી અમલી બનશે.

(૧૩) રાજય વીજભાર રવાનગી કેન્દ્રે ઈશ્યૂ કરેલા સુધારેલ વીજ ઉત્પાદન અનુસૂચિઓ અને ઉપાડ અનુસૂચિઓ, સફળતાપૂર્વક જાણ કરી હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના નિશ્ચિત સમય-બ્લોકથી અમલી બનશે.

(૧૪) કાર્યોત્તર માની લીધેલ સુધારણા સહિત, અનુસૂચિત વીજ ઉત્પાદનમાં કોઈપણ સુધારા માટે, હિતાધિકારીઓની અનુસુચિત ઉપાડની અનુરૂપ સુધારણા રહેશે.

(૧૫) સમય-ઘટકને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને અનુસૂચિઓમાં ફેરફારો અંગેની માહિતી નોંધવા માટેની કાર્યપધ્ધતિ, રાજય પ્રવાહન યુટિલિટિ, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર સાથે તેમજ અન્ય સ્ટેક હોલ્ડરો સાથે ચર્ચા વિચારણા કરીને વિકસાવવામાં આવશે. અને તે બને ત્યાં સુધી રાષ્ટ્રીય સ્તરે પ્રવર્તમાન પ્રણાલીને અનુરૂપ રહેશે.

<u>નોંધ:</u> વીજ ઉત્પાદન મથક, બે કે વધુ રાજયોને વીજ પુરવઠો પૂરો પાડવાનો કરાર કરે તેવા કેસમાં, અનુસૂચિ, મીટર વ્યવસ્થા અને ઊર્જા હિસાબો, પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા હાથ ધરાશે.

(૨૭) **<u>જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન :</u>**

(૧) રાજય વીજભાર રવાનગી કેન્દ્ર જેમ અને જયારે જણાવે તેમ અને ત્યારે વીજ ઉત્પાદન કંપની, પોતાના વીજ ઉત્પાદન મથકની જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન કરશે. જાહેર કરેલી ક્ષમતા નિદર્શિત કરવામાં વીજ ઉત્પાદન કંપની નિષ્ફળ જશે તો, ઉત્પાદક પાસે લેણાં નીકળતા ક્ષમતા ખર્ચમાં દંડના પગલા તરીકે ઘટાડો કરવામાં આવશે.

(૨) દિવસના કોઈ ગાળા / બ્લોક માટે પ્રથમ ખોટી જાહેરાત માટેના દંડનું પ્રમાણ, બે દિવસના નિયત ચાર્જને અનુરૂપ ચાર્જ રહેશે. બીજી વખતની ખોટી જાહેરાત માટે આ દંડ, ચાર દિવસના નિયત ચાર્જને અનુરૂપ રહેશે અને પછીની ખોટી જાહેરાતો માટે દંડ, ભૌમિતિક ક્રમિકતામાં ગુણવામાં આવશે.

(૩) વીજ ઉત્પાદન મથકની સંચાલન કાર્ય રોજનીશી, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને સમીક્ષા માટે મોકલવી. આ રોજનીશીમાં મશીન સંચાલન અને જાળવણીનો રેકર્ડ રાખવો.

(૨૮) **<u>મીટર વ્યવસ્થા અને હિસાબ-પધ્ધતિ</u>**

રાજય પ્રવાહન યુટિલિટિ / રાજય વીજભાર રવાનગી કેન્દ્રો, મીટર ગોઠવણ, પરીક્ષણ અને મીટરોના સંચાલન અને જાળવણી સહિતની મીટર વ્યવસ્થા અને વીજળી વિનિયમ તથા ૧૫ મિનિટના સમય બ્લોકને આધારે સરેરાશ વારંવારતાના હિસાબ માટે જરૂરી માહિતીનું એકત્રિકરણ, વહન તથા પ્રક્રિયા હિસાબે લેવા માટેની કામગીરીનું આયોજન કરશે. તમામ સંબંધિત હસ્તિઓ / વ્યકિતઓ (જેમના મકાનોમાં ખાસ વીજળી મીટરો ગોઠવ્યા હોય), રાજય પ્રવાહન યુટિલિટિ / રાજય વીજભાર કેન્દ્રને સંપૂર્ણ સહકાર આપશે અને અઠવાડિક મીટર વાંચન કરીને અને રાજય વીજભાર રવાનગી કેન્દ્રને પ્રસારિત કરીને જરૂરી સહાય કરશે.

વધુમાં રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, કેન્દ્રિય વિદ્યુત નિયંત્રક આયોગે ઘડેલા નિયમોના ધોરણ અનુસાર પ્રાદેશિક સ્તરે જરૂરી વિગતો / અનુસૂચિઓ મોકલશે. યુ.આઇની હિસાબી કાર્યપ્ધ્ધતિઓ, આયોગના આદેશો અન્વયે વિનિયમિત થશે.

<u>નોંધ</u>

એક કે વધુ રાજયોને વીજ પુરવઠો પૂરો પાડવા કરાર કરનાર વીજ ઉત્પાદ મથકના કેસમાં, અનુસૂચિ, મીટર વ્યવસ્થા અને ઊર્જાના હિસાબો અંગેની કામગીરી પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્ર હાથ ધરશે.

(૨૯) **<u>ક્ષમતા ખર્ચના બિલો અને તેની ચુકવણી</u>**

ક્ષમતા ખર્ચના બિલો અને તેની ચુકવણી, નીચેની રીતે માસિક ધોરણે કરવામાં આવશે.

(૧) દરેક હિતાધિકારી, વીજ ઉત્પાદન મથકની સ્થાપિત શકિતમાં તેના હિસ્સાની ટકાવારીના પ્રમાણમાં ક્ષમતા ખર્ચ ચૂકવશે. હિતાધિકારીઓ વિવિધ વિતરણ પરવાનેદારો કે ટ્રેડિંગ કંપનીઓ બની શકશે.

નોંધ : દિવસ-દિવસના સંચાલન દરમિયાન કોઈ ક્ષમતા માગણી વિનાની રહી હોય તો, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર પ્રદેશમાં તથા અન્ય રાજય વીજભાર રવાનગી કેન્દ્રોને સલાહ આપશે, જેથી સંબંધિત વીજ ઉત્પાદન કંપની અથવા સંબંધિત હિતાધિકારી(ઓ) પાસેથી દ્વિપક્ષીય ગોઠવણો દ્વારા, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને તેની જાણ કરીને આવી ક્ષમતા અંગે માંગણી કરશે.

વણમાગેલ ક્ષમતા અંગેની માહિતી, રાજય વીજભાર રવાનગી કેન્દ્રો તેમની સંબંધિત વેબસાઈટ દ્વારા ઉપલબ્ય કરશે.

(૪) હિતાધિકારી(ઓ) ક્ષમતા ખર્ચ દર મહિને વીજ ઉત્પાદન કંપનીને નીચેના સૂત્રો અનુસાર ચૂકવશે.

(ક) થર્મલ વીજ ઉત્પાદન કંપનીને ચૂકવવાપાત્ર કુલ ક્ષમતા ખર્ચ

૧ લો મહિનો	/=	(1 x Acc1) / 12/
૨ જો મહિનો	/=	(2 x Acc2 - 1 x Acc1) / 12/
૩ જો મહિનો	/=	(3 x Acc3 - 2 x Acc2) / 12/
૪ થો મહિનો	/=	(4 x Acc4 - 3 x Acc3) / 12/
૫ મો મહિનો	/=	(5 x Acc5 - 4 x Acc4) / 12/
૬ ઠ્ઠો મહિનો	/=	(6 x Acc6 - 5 x Acc5) / 12/
૭ મો મહિનો	/=	(7 x Acc7 - 6 x Acc6) / 12/
૮ મો મહિનો	/=	(8 x Acc8 - 7 x Acc7) / 12/
૯ મો મહિનો	/=	(9 x Acc9 - 8 x Acc8) / 12/
૧૦ મો મહિનો	/=	(10 x Acc10 - 9 x Acc9) / 12/
૧૧મો મહિનો	/=	(11 x Acc11 - 10 x Acc10) / 12/
૧૨ મો મહિનો	/=	(12 x Acc12 - 11 x Acc11) / 12/

(ખ) વીજ ઉત્પાદન કંપનીની હેસિયતમાંથી નિશ્ચિત ફાળવણી ધરાવનાર દરેક હિતાધિકારી

૧ લો મહિનો	/=	[Acc1 x WB1] / 1200
૨ જો મહિનો	/=	[2 X Acc2 x WB2 - 1 X ACC1 X WB1] / 1200
૩ જો મહિનો	/=	[3 X Acc3 x WB3 - 2 X ACC2 X WB2] / 1200
૪ થો મહિનો	/=	[4 X Acc4 x WB4 - 3 X ACC3 X WB3] / 1200
૫ મો મહિનો	/=	[5 X Acc5 x WB5 - 4 X ACC4 X WB4] / 1200
૬ ઠ્ઠો મહિનો	/=	[6 X Acc6 x WB6 - 5 X ACC5 X WB5] / 1200
૭ મો મહિનો	/=	[7 X Acc7 x WB7 - 6 X ACC6 X WB6] / 1200
૮મો મહિનો	/=	[8 X Acc8 x WB8 - 7 X ACC7 X WB7] / 1200
૯મો મહિનો	/=	[9 X Acc9 x WB9 - 8 X ACC8 X WB8] / 1200
૧૦મો મહિનો	/=	[10 X Acc10 x WB10 - 9 X ACC9 X WB9]/ 1200
૧૧ મહિનો	/=	[11 X Acc11 x WB11 - 10 X ACC10 X WB10]/ 1200
૧૨ મહિનો	/=	[12 X Acc12 x WB12 -11 X ACC11 X WB11]/ 1200

INDEX

જ્યાં /ACC1, ACC2, ACC3, ACC4, ACC5, ACC6, ACC7, ACC8, ACC9, ACC10, ACC11, ACC12 એ અનુક્રમે ૧લા, ૨જા, ૩જા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭માં, ૮માં, ૯માં, ૧૦માં, ૧૨માં મહિનાના અંત સુધીના એકત્રિત મુદત માટે પ્રાપ્યતાને અનુરૂપ વાર્ષિક ક્ષમતા ખર્ચની રકમ છે. અને WB1, WB2, WB3, WB4, WB5, WB6, WB7, WB8, WB9, WB10, WB11,૩જો, WB12 એ અનુક્રમે ૧લા, ૪થા, ૫મા, ૬ઠ્ઠા, ૭માં, ૮માં, ૧૦માં, ૧૧માં, ૧૨માં, મહિનાની એકત્રિતમુદત દરમિયાન હિતાધિકારીના ફાળવેલ ક્ષમતા હિસ્સાની ટકાવારીની મૂલ્ય (**Weighted**) સરેરાશ છે.

પ્રકરણ - ૩

જળવિદ્યુત ઉત્પાદન મથકો

(૩૦) વ્યાખ્યાઓ : આ પ્રકરણના હેતુ માટે સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય

(૧) "અધિનિયમ" એટલે ૨૦૦૩ નો વીજળી અધિનિયમ

(૨) "વધારાનું મૂડીકરણ" એટલે મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ પછી ખરેખર કરેલું અને વિનિયમ-૩૪ ની જોગવાઈઓને અધીન રહીને, બુધ્ધિપૂર્વકની ચકાસણી બાદ આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચ.

(૩) "સત્તાતંત્ર" એટલે અધિનિયમની કલમ ૭૦ માં ઉલ્લેખ કરેલ મધ્યસ્થ વિદ્યુત સત્તાતંત્ર.

(૪) **મુદતના સંદર્ભમાં સહાયક ઊર્જા વપરાશ** એટલે વીજ ઉત્પાદન મથકની સહાયક સાધન સામગ્રી દ્વારા વપરાયેલ ઊર્જાનો જથ્થો અને વીજ ઉત્પાદન મથકના તમામ એકમોના જનરેટર ટર્મિનલો ખાતે ઉત્પાદિત એકંદર ઊર્જાના સરવાળાની ટકાવારી તરીકે ઉલ્લેખ કરાશે.

(૫) "હિતાધિકારી" એટલે આવા વીજ ઉત્પાદન મથક ખાતેથી વાર્ષિક ક્ષમતા ખર્ચની ચુકવણી કરીને વીજળી ખરીદનાર વ્યકિત.

(૬) બોર્ડ એટલે ૧૯૪૮ના વીજળી (પુરવઠો) અધિનિયમની કલમ-૫ ની પેટા કલમ(૧ અન્વયે રચાયેલ ગુજરાત વિદ્યુત બોર્ડ

(૭) "ક્ષમતા-આંક" એટલે એક વર્ષ પર્યંત સરેરાશ દૈનિક ક્ષમતાનો આંક

(૮) "આયોગ" એટલે અધિનિયમની કલમ-૮૨ માં ઉલ્લેખ કરેલ ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ.

(૯) "કટ ઓફ તારીખ" એટલે વીજ ઉત્પાદન મથકનો વાણિજ્યિક સંચાલનની તારીખના એક વર્ષ બાદ.

(૧૦) "વાણિજ્યિક સંચાલન તારીખ" અથવા "COD" એકમના સંદર્ભમાં તેનો અર્થ, હિતાધિકારીઓને નોટિસ આપ્યા પછી, સફળ અજમાયશ દ્વારા અધિકતમ નિરંતર દરનિધારણ અથવા સ્થાપિત શકિત નિદર્શિત કર્યા પછી વીજ ઉત્પાદકે જાહેર કરેલી તારીખ એવો થશે, અને વીજ ઉત્પાદન મથકના સંદર્ભમાં વીજ ઉત્પાદન મથકના છેલ્લા યુનિટની વાણિજ્યિક સંચાલન તારીખ એવો અર્થ થશે.

(૧૧) "દૈનિક ક્ષમતા આંક" એટલે દિવસની અધિકતમ પ્રાપ્ય ક્ષમતાની ટકાવારી તરીકે ઉલ્લેખ કરેલ જાહેર કરેલી ક્ષમતા, જેને ગાણિતિક રીતે નીચે મુજબ દર્શાવવામાં આવશે.

$$\text{દૈનિક ક્ષમતા આંક} = \frac{\text{જાહેર કરેલી ક્ષમતા (મે.વો.)}}{\text{અધિકતમ પ્રાપ્ય ક્ષમતા (મે.વો.)}} \times 100$$

દૈનિક ક્ષમતા આંક ૧૦૦% પૂરતો મર્યાદિત રહેશે.

(૧૨) "જાહેર કરેલી ક્ષમતા" અથવા DC

(ક) તળાવ અને સંગ્રહ પ્રકારના વીજમથકો સાથેના રન-ઓફ-રિવર (નદીનો પ્રવાહ) વીજમથક માટે, જાહેર કરેલી ક્ષમતા એટલે, પાણીની પ્રાપ્યતા, પાણીનો ઈષ્ટતમ ઉપયોગ અને યંત્રોની પ્રાપ્યતા ધ્યાનમાં લઈને, ઉત્પાદકે જાહેર કર્યા મુજબ, બીજા દિવસના કામના ટોચના કલાકો દરમિયાન વીજળીમથકમાંથી મળવા સંભવિત એકસ-બસ ક્ષમતા મે.વો.માં

(ખ) કેવળ નદીના પ્રવાહ આધારિત વીજમથકોના કેસમાં, જાહેર કરેલી ક્ષમતા એટલે, પાણીની પ્રાપ્યતા, પાણીનો ઈષ્ટતમ ઉપયોગ અને યંત્રોની પ્રાપ્યતાને ધ્યાનમાં રાખીને, વીજ ઉત્પાદન મથક દ્વારા જાહેર કર્યા મુજબ, બીજા દિવસ દરમિયાન વીજ ઉત્પાદન મથકમાંથી મળવા અપેક્ષિત એકસ-બસ ક્ષમતા મે.વો.માં.

(૧૩) "માની લીધેલ વીજ ઉત્પાદન" એટલે વીજ ઉત્પાદન મથક જે વીજળી ઉત્પન્ન કરવા સક્ષમ હોય તે વીજ શકિત, પરંતુ વીજ ઉત્પાદન મથકના કાબૂ બહારની ગ્રિડ કે વીજ-વ્યવસ્થાની સ્થિતિને કારણે ઉત્પાદિત ન કરી શકે અને જેના પરિણામે પાણી છલકાઈ જાય તે.

(૧૪) "ડિઝાઈન ઊર્જા" એટલે વીજ ઉત્પાદન મથકની ૯૫% સ્થાપિત શકિત સાથે ૯૦% આધાર રાખી શકાય તેવા વર્ષમાં જેનું ઉત્પાદન કરી શકાય તે ઊર્જાનો જથ્થો.

(૧૫) "ચાલુ વીજ ઉત્પાદન મથક" એટલે ૧-૪-૨૦૦૫ પહેલાની તારીખે વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર થયેલ વીજ ઉત્પાદન મથક,

(૧૬) "અસ્થાયી વીજશકિત" એટલે વીજ ઉત્પાદન મથકના યુનિટના વાણિજ્યિક સંચાલન પૂર્વે ઉત્પાદિત વીજળી.

(૧૭) "સ્થાપિત શકિત" અથવા "આઈ.સી" એટલે વીજ ઉત્પાદન મથકોના યુનિટોની નેમ-પ્લેટ ક્ષમતાનો સરવાળો અથવા આયોગે વખતો વખત મંજૂર કર્યા મુજબ વીજ મથકની ક્ષમતા (જનરેટર ટર્મિનલ ખાતે ગણેલ)

(૧૮) **<u>અધિકતમ પ્રાપ્ય ક્ષમતા</u>** એટલે નીચે મુજબ :

(ક) તળાવ અને સંગ્રહ પ્રકારના વીજમથકો સાથે નદીના પ્રવાહ આધારિત વીજ મથકો.

બીજા દિવસના સૌથી વધુ કામકાજના ટોચના કલાકો દરમિયાન પાણીની સપાટી અને પ્રવાહની પ્રવર્તમાન સ્થિતિ હેઠળ ચાલુ તમામ યુનિટો સાથે ઉત્પન્ન કરી શકવાની અધિકતમ ક્ષમતા મે.વો. માં.

<u>સ્પષ્ટીકરણ</u>

આ હેતુ માટે સૌથી વધુ કામના ટોચના કલાકો, મુદતના ૨૪ કલાકની અંદર ૩ કલાકથી ઓછા હોવા જોઈએ નહીં.

(ખ) નદીના પ્રવાહ પર જ આધારિત વીજ મથકો :

આગામી દિવસે પાણીની સપાટી અને પ્રવાહની પ્રવર્તમાન પરિસ્થિતિ અન્વયે, તમામ ચાલુ યુનિટો સાથે ઉત્પાદિત કરી શકે તે અધિકતમ ક્ષમતા મે.વો.માં.

(૧૯) **<u>"સંચાલન અને જાળવણી ખર્ચ" અથવા O & M Expenses</u>**

માનવશકિત, મરામત, છૂટક ભાગો, વપરાશી વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા અંગેના ખર્ચ સહિત વીજ ઉત્પાદન મથકના તેના ભાગ સહિતના સંચાલન અને જાળવણી માટે કરેલું ખર્ચ,

(૨૦) "મૂળ પરિયોજના ખર્ચ" એટલે પ્રશુલ્કના નિર્ણય માટે આયોગે સ્વીકાર્યા મુજબ, છેલ્લા યુનિટની વાણિજ્યિક સંચાલનની તારીખના એક વર્ષ બાદ પૂરા થતા પ્રથમ નાણાકીય વર્ષ સુધી પરિયોજનાના મૂળ અવકાશ (scope) પ્રમાણે વીજ ઉત્પાદન કંપની દ્વારા કરાયેલું ખરેખરું ખર્ચ, સંયોજિત / સમન્વિત યુટિલિટિના ચાલુ મથકોના હેતુ માટે, તેનો અર્થ, અનુગામી હસ્તિના ખુલતા સરવૈયામાં નિર્દિષ્ટ કર્યા મુજબ અસ્કયામત મૂલ્ય એવો થશે.

(૨૧) "પ્રારંભિક ઊર્જા" એટલે વીજ ઉત્પાદન નથી વર્ષ દીઠના ધોરણે ડિઝાઈન ઊર્જા સુધી ઉત્પાદિત ઊર્જાનો જથ્થો.

(૨૨) "પરિયોજના" એટલે વીજ ઉત્પાદન મથક, જેમાં પાણી, ઉત્પાદન સામગ્રી, પાણી વહન પ્રણાલી, વીજ ઉત્પાદન મથક અને વીજ ઉત્પાદનને વહેચ્યાં મુજબ યોજનાના ઉત્પાદન યુનિટો જેવા તમામ ઘટકોને આવરી લેતી સંપૂર્ણ જળવિદ્યુત ઉત્પાદન સુવિધાનો સમાવેશ થાય છે.

(૨૩) "નદીના પ્રવાહ આધારિત વીજ મથક" એટલે જળવિદ્યુત ઉત્પાદન મથક, જયાં સામા પ્રવાહનું તળાવ નથી.

(૨૪) "તળાવ સાથેનું નદીના પ્રવાહ આધારિત વીજમથક" :

એટલે વીજળીની માગના દૈનિક તફાવતને પહોંચી વળવા પર્યાપ્ત તળાવ સાથે જળવિદ્યુત શકિત ઉત્પાદન મથક.

(૨૫) "સંગ્રહ પ્રકારના વીજ મથક" એટલે માગ અનુસાર વીજ ઉત્પાદનની વધઘટને પહોંચી વળી શકાય તે સારુ વિશાળ સંગ્રહ ક્ષમતા સાથે જોડાયેલ વિદ્યુત વીજ ઉત્પાદન મથક.

(૨૬) "વેચાણપાત્ર પ્રારંભિક ઊર્જા" વતનના રાજયમાં ૧૨ % મફત ઊર્જાની છૂટ આપ્યા પછી વેચાણ (એકસ-બસ) માટે ઉપલબ્ય પ્રારંભિક વીજળીનો જથ્થો.

INDEX

(૨૭) "ગૌણ ઊર્જા" એટલે વીજ ઉત્પાદન મથકે વાર્ષિક ધોરણે ડિઝાઈન ઊર્જા કરતાં વધુ ઉતપન્ન કરેલી ઊર્જાનો જથ્થો.

(૨૮) "વેચાણપાત્ર ગૌણ ઊર્જા" વતનના રાજયને ૧૨% મફત ઊર્જાની છૂટ આપ્યા પછી વેચાણ (એકસ-બસ) માટે ઉપલભ્ય ગૌણ ઊર્જાનો જથ્થો

(૨૯) "અનુસૂચિત ઊર્જા" એટલે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા અનુસૂચિત ૨૪ કલાકની મુદત માટે વીજઉત્પાદન મથકે ઉત્પન્ન કરવાની ઊર્જાનો જથ્થો.

(૩૦) "વર્ષ" એટલે નાણાકીય વર્ષ

(૩૧) આ વિનિયમોમાં વપરાયેલા અને અહીં વ્યાખ્યા નહીં અપાયેલ પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા આપી હોય તેવા શબ્દો અને શબ્દ સમૂહોનો અર્થ અધિનિયમ હેઠળ તેને આપેલ અર્થ પ્રમાણે રહેશે.

(૩૨) **<u>સંચાલનના ધોરણો</u>** :- સંચાલનના ધોરણો નીચે મુજબ રહેશે, જેમ કે :

(૧) <u>સંપૂર્ણ ક્ષમતા ખર્ચની વસૂલાત માટે સાધારણ ક્ષમતા આંક</u>

(ક) <u>વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનના પ્રથમ વર્ષ દરમિયાન</u>

(૧) સંપૂર્ણપણે નદી-પ્રવાહ આધારિત વીજ મથકો- ૮૫%

(૨) સંગ્રહ પ્રકારના અને નદી-પ્રવાહ આધારિત તળાવ સાથેનાં વીજ મથકો - ૮૦%

(ખ) <u>વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનના પ્રથમ વર્ષ પછી</u>

(૧) સંપૂર્ણપણે નદી પ્રવાહ આધારિત વીજ મથકો- ૯૦%

(૨) સંગ્રહ પ્રકારના અને તળાવ સાથેના નદી પ્રવાહ આધારિત વીજ મથકો - ૮૫%

<u>નોંધ:</u>

વીજ ઉત્પાદન મથક, ઠરાવેલ સાધારણ સપાટીથી નીચેનો ક્ષમતા આંક હાસલ કરે તેવા કેસમાં ક્ષમતા ખર્ચની વસૂલાત ભાગે પડતા ધોરણે કરાશે. શૂન્ય ક્ષમતા આંકે, વીજ ઉત્પાદન મથકને કોઈ ક્ષમતા ખર્ચ ચૂકવવાનો થશે નહીં.

(૨) **<u>સહાયક ઊર્જા વપરાશ</u>**

(ક) જનરેટર શાફટ પર બેસાડેલ પરિભ્રામી ઉત્તેજક સાથેના સપાટી પરના જલવિદ્યુત વીજ ઉત્પાદન મથકો.

૦.૨% ઉત્પાદિત ઊર્જા.

(ખ) સ્થિર ઉત્તેજક-પ્રણાલી સાથે સપાટી પરના જલવિદ્યુત વીજ ઉત્પાદન મથકો - ૦.૫% ઉત્પાદિત ઊર્જા.

(ગ) જનરેટર શાફટ પર બેસાડેલ પરિભ્રામી ઉત્તેજક સાથે ભૂગર્ભ જળવિદ્યુત વીજ ઉત્પાદન મથકો - ૦.૪% ઉત્પાદિત ઊર્જા.

(ઘ) સ્થિર ઉત્તેજક-પ્રણાલી સાથે સપાટી પરના જલવિદ્યુત વીજ ઉત્પાદન મથકો - ૦.૭% ઉત્પાદિત ઊર્જા.

(૩) **<u>રૂપાંતર - ઘટ</u>**

ઉત્પાદન વોલ્ટતાથી પ્રવાહન વોલ્ટતા - ઉત્પાદિત ઊર્જાના - ૦.૫%

(૩૨) **<u>મૂડી ખર્ચ</u>** : આયોગની બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને, પરિયોજના પૂરી કરવા અંગે કરેલું ખરેખરું કાર્ય, આખરી પ્રશુલ્ક નકકી કરવા માટેનો આધાર ઊભો કરશે. વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ સુધી ખરેખર કરેલા મંજૂર મૂડી ખર્ચના આધારે આખરી પ્રશુલ્ક નકકી કરવામાં આવશે અને તેમાં કટ ઓફ તારીખે મૂળ પરિયોજના ખર્ચના ૧.૫%ની ટોચ-મર્યાદાના ધોરણને અધીન રહીને પ્રારાભિક ફાજલ (સ્પેર) મૂડીના સમાપરા થશે.

INDEX

પરંતુ, વીજ ઉત્પાદક કંપની અને હિતાધિકારીઓ વચ્ચે વીજ ખરીદી કરાર કરવામાં આવે ત્યાં અને હિતાધિકારીઓ ખરેખર ખર્ચની ટોચ-મર્યાદાની જોગવાઈ કરે ત્યાં, મૂડી-ખર્ચ, પ્રશુલ્ક નિર્ધારણ માટેની આવી ટોચ-મર્યાદાથી વધવું જોઈએ નહીં.

ચાલુ વીજ ઉત્પાદન મથકોના કેસમાં, વિનયમ ૧(૨) અનુસાર આયોગ દ્વારા પ્રશુલ્ક વિનિયમો જાહેર થાય તે તારીખ પહેલા આયોગે માન્ય રાખેલ પરિયોજના ખર્ચ, પ્રશુલ્ક નિર્ધારણ માટેનો પાયો બનશે.

<u>નોંધ</u>

આયોગ, પરિયોજના ખર્ચના અંદાજોની ચકાસણી, મૂડી ખર્ચનું વાજબીપણું, નાણા વ્યવસ્થા યોજના, બાંધકામ દરમિયાન વ્યાજ, કાર્યક્ષમ ટેકનોલોજીનો ઉપયોગ તથા પ્રશુલ્ક નિર્ધારણના હેતુ માટે આવી બીજી બાબતો પૂરતી મર્યાદિત રહેશે.

(૩૩) <u>વધારાનું મૂડીકરણ</u> :-વાણિજ્યિક સંચાલની તારીખ પછી અને કટ-ઓફ તારીખ સુધી ખરેખર કરેલા કામના મૂળ-કાર્યક્ષેત્રની અંદર કરેલું નીચેનું મૂડી ખર્ચ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને આયોગ મંજૂર કરી શકશે.

(૧) વિલંબિત જવાબદારીઓ

(૨) અમલ-બજવણી માટે વિલંબિત કામો,

(૩) વિનિયમ-૩૧ માં નિર્દિષ્ટ ટોચ-મર્યાદાને અધીન રહીને, કામના મૂળ અવકાશમાં પ્રારંભિક ફાજલ મૂડીની પ્રાપ્તિ.

(૪) લવાદનો ચુકાકો કે અદાલતના આદેશ કે હુકમનામાના પાલન માટે પહોંચી વળવાની જવાબદારીઓ.

(૫) કાયદામાં ફેરફારને કારણે.

પરંતુ, ખર્ચના અંદાજોની સાથે કામોના મૂળ કાર્યક્ષેત્ર અંગેની વિગત, કામચલાઉ પ્રશુલ્ક માટેની અરજી સાથે મોકલવાના રહેશે.

પરંતુ વધુમાં, શરત એ કે, વીજ ઉત્પાદન મથકના વાણિજ્યિક સંચાલનની તારીખ પછી, આખરી પ્રશુલ્ક માટેની અરજી સાથે વિલંબિત જવાબદારીઓ, અને અમલ બજવણી માટે વિલંબિત કામોની યાદી અરજીની સાથે મોકલવાની રહેશે.

(૨) આ વિનિયમનના ખંડ(૩) ની જોગવાઈને અધીન રહીને, કટ-ઓફ તારીખ પછી ખરેખર કરેલ નીચેના પ્રકારનું મૂડી ખર્ચ, આયોગ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને મંજૂર કરી શકશે.

(૧) કામના મૂળ કાર્યક્ષેત્રની અંદર રહીને કામો / સેવાઓને લગતી વિલંબિત જવાબદારીઓ :

(૨) લવાદના ચુકાદાને પહોંચી વળવા અથવા અદાલતના આદેશ કે હુકમનામું પાલન કરવાની જવાબદારીઓ.

(૩) કાયદામાં ફેરફારને કારણે અને

(૪) પ્લાન્ટના કાર્યક્ષમ અને સફળ સંચાલન માટે જરૂરી બનેલ, પરંતુ મૂળ મૂડી ખર્ચમાં જેનો સમાવેશ ન ક્યો હોય ત્યાં કોઈ વધારાના કામો / સેવા.

(૩) ઓજારો અને સાધનો, અંગત કમ્પ્યુટરો, ફર્નિચર, એર-કન્ડીશનર, વોલ્ટતા સ્ટેબિલાઈઝર, રેફ્રિજરેટરો, શીતકો, પંખા, ટીવી, વોશિંગ મશીન, ઉષ્મા-કન્વેકટરો, શેતરંજી, ગાલીચા વગેરે અંગે કરેલું, કટ ઓફ તારીખ પછી હિસાબે લીધેલ કોઈપણ ખર્ચ, વિનિયમ ૧(૨) અનુસાર, આયોગ દ્વારા પ્રશુલ્ક વિનિયમ જાહેર કર્યાની તારીખથી પ્રશુલ્ક નિર્ધારણ માટેના વધારાના મૂડીકરણ માટે વિચારણામાં લેવાશે નહીં.

<u>નોંધ</u>: બાબતોની યાદી દ્રષ્ટાંત્મક છે અને તે સંપૂર્ણ નથી.

(૪) પ્રશુલ્ક સુધારણા અંગે વધારાના મૂડીકરણની અસર, કટ ઓફ તારીખ પછી પ્રશુલ્ક સુધારણા સહિત, પ્રશુલ્ક મુદતમાં આયોગ બે વખત વિચારશે.

INDEX

નોંધ -૧ કામના મૂળ કાર્યક્ષેત્રની અંદર નિર્ધારિત જવાબદારીઓને કારણે માન્યે કરેલું કોઈપણ ખર્ચ અને ટેકનો-આર્થિક કારણસર વિલંબિત પરંતુ કામના મૂળ કાર્યક્ષેત્રની અંદર આવતું ખર્ચ, વિનિયમ ૩૫ માં નિર્દિષ્ટ સાધારણ દેવા-ઈક્વિટી ગુણોત્તરમાં ચુકવણી વ્યવસ્થા કરાશે.

નોંધ -૨ જૂની અસ્કયામતોની ફેરબદલી પૂરતું ખર્ચ, આ વિનિયમના ખંડ(૩) માં યાદી આપ્યા મુજબની બાબતો સિવાય, મૂળ મૂડી ખર્ચમાંથી મૂળ અસ્કયામતની એકંદર માંડવાળ કર્યા પછી વિચારણામાં લેવાશે.

નોંધ -૩ કામના મૂળ કાર્યક્ષેત્રમાં ન હોય તેવાં નવા કામો પર પ્રશુલ્ક નિર્ધારણ માટે, આયોગે માન્ય કરેલું કોઈપણ ખર્ચ, વિનિયમ-૩૫ માં નિર્દિષ્ટ સાધારણ દેવા-ઈક્વિટી ગુણોત્તરમાં ચૂકવવામાં આવશે.

નોંધ - ૪ નવીકરણ અને આધુનિકીકરણ અંગે અને આવરદા વિતસ્તરણ માટે માન્ય કરાયેલ કોઈપણ ખર્ચ, મૂડી ખર્ચમાંથી બદલેલ અસ્કયામતોની મૂળ રકમ માંડવાળ કરીને, વિનિયમ-૩૫ માં નિર્દિષ્ટ સાધારણ દેવા-ઈક્વિટી ગુણોત્તરને આધારે ચુકવણી-વ્યવસ્થા કરાશે.

(૩૪) **અસ્થાયી વીજશકિતનું વેચાણ :** અસ્થાયી વીજશકિતના વેચાણથી વીજ ઉત્પાદન કંપનીએ મેળવેલી કોઈપણ આવક, મૂડી ખર્ચમાં ઘટાડા તરીકે લેવામાં આવશે અને તેને આવક તરીકે ગણવામાં આવશે નહીં. અસ્થાયી વીજ શકિતના દર, વીજ ઉત્પાદન મથકના પ્રાથમિક ઊર્જા દરની બરાબર રહેશે.

(૩૫) **દેવા-ઈક્વિટી ગુણોત્તર :** (૧) તમામ વીજ ઉત્પાદન મથકોના કેસમાં, વાણિજ્યિક સંચાલનની તારીખના રોજ દેવા-ઈક્વિટી ગુણોત્તર, પ્રશુલ્ક નિર્ધારણ માટે ૭૦:૩૦ રહેશે. કામે રોકેલ ઈક્વિટી ૩૦%કરતાં વધુ હોય ત્યાં, પ્રશુલ્ક નિર્ધારણ માટે ઈક્વિટીની રકમ ૩૦% પૂરતી મર્યાદિત રહેશે અને બાકીની રકમ, સાધારણ લોન તરીકે ગણવામાં આવશે.

પરંતુ શરત એ છે કે કામે રોકેલ ઈક્વિટી ૩૦% કરતાં ઓછી હોય તેવા કેસમાં, ખરેખર દેવું અને ઈક્વિટી, પ્રશુલ્ક નકકી કરવા વિચારણામાં લેવામાં આવશે.

પરંતુ, ચાલુ પરિયોજનાઓના કેસમાં, ખરેખર દેવા ઈક્વિટીનો ગુણોત્તર પ્રશુલ્ક નિર્ધારણ માટે ઉપયોગમાં લેવાશે. આમ છતાં કોઈપણ વિસ્તરણનું વિનિયમન વિનિમય-૩૫ અનુસાર થશે.

(૨) ખંડ(૧) અનુસાર મેળવેલ દેવા અને ઈક્વિટીની રકમો, લોન, ઈક્વિટી પર રિટર્ન, ઘસારા સામે પેશગી અને વિદેશ હૂંડિયામણ દર તફાવતની ગણતરી માટે ઉપયોગમાં લેવાશે.

(૩૬) **વાર્ષિક ખર્ચની ગણતરી :** જળવિદ્યુત વીજ ઉત્પાદન મથકમાંથી વીજળીના વેચાણ માટે બે-ભાગ પ્રશુલ્કમાં વાર્ષિક ક્ષમતા ખર્ચ અને પ્રાથમિક ઊર્જા ખર્ચની વસૂલાતનો સમાવેશ થશે.

(૧) ક્ષમતા ખર્ચ : ક્ષમતા ખર્ચ નીચેના સૂત્ર અનુસાર ગણવામાં આવશે.

ક્ષમતા ખર્ચ : (વાર્ષિક નિયત ખર્ચ - પ્રાથમિક ઊર્જા ખર્ચ)

નોંધ: પ્રાથમિક ઊર્જા ખર્ચ મારફત વસૂલાત, વાર્ષિક નિયત ખર્ચ કરતાં વધવી જોઈએ નહીં.

(૨) વાર્ષિક નિયત ખર્ચ : વાર્ષિક નિયત ખર્ચમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) લોન મૂડી પર વ્યાજ

(ખ) ઘસારા ખર્ચ સામેની પેશગી સહિત ઘસારા ખર્ચ

(ગ) ઈક્વિટી પર રિટર્ન

(ઘ) સંચાલન અને જાળવણી ખર્ચ અને

(ચ) કાર્યકારી મૂડી પર વ્યાજ

(૩૭) **વાર્ષિક નિયત ખર્ચની ગણતરી :**

વાર્ષિક નિયત ખર્ચની ગણતરી નીચેના ધોરણે કરાશે.

(૧) **લોન મૂડી પર વ્યાજ :**

(ક) લોન મૂડી પરનું વ્યાજ, વિનિયમ-૩૫ માં દર્શાવેલી રીતે મેળવેલ લોન પર લોનવાર ગણવામાં આવશે.

(ખ) પરંતુ ચાલુ પરિયોજનાઓના કેસમાં, ખરેખર દેવા : ઈક્વિટીનો ગુણોત્તર, પ્રશુલ્ક નિર્ધારણ માટે ઉપયોગમાં લેવાશે. આમ છતાં કોઈપણ વિસ્તરણનું નિયમન, વિનિયમ-૩૫ અનુસાર થશે.

INDEX

(ગ) વીજ ઉત્પાદન કંપની, લોનનું પરિણામ હિતાધિકારીઓના ચોખ્ખા લાભમાં ન આવે ત્યાં સુધી લોનનું સાટુ (swapping) કરવાના તમામ પ્રયત્ન કરશે. આવા સાટા સાથે સંકળાયેલ ખર્ચ, હિતાધિકારીઓએ ભોગવવાનું રહેશે.

(ઘ) લોનની શરતોમાં ફેરફારો, આવા સાટાની તારીખથી પ્રત્યક્ષ થશે અને લાભ હિતાધિકારીઓને મળતા થશે.

(ચ) કોઈપણ તકરારના પ્રસંગે, કોઈપણ પક્ષકાર યોગ્ય અરજી સાથે આયોગનો સંપર્ક સાધી શકશે. આમ છતાં લોનના સાટાને લગતી કોઈપણ તકરારનો નિર્ણય બાકી હોય તે દરમિયાન, આયોગના હુકમ પ્રમાણે હિતાધિકારીઓ વીજ ઉત્પાદન કંપનીને કરવાની કોઈપણ ચુકવણી રોકશે નહીં.

(છ) વીજ ઉત્પાદન કંપની દ્વારા કોઈ દેવા-મોકુફી મુદતના લાભ મળ્યો હોય, દેવા-મોકુફીનાં વર્ષો દરમિયાન પ્રશુલ્ક માટે જોગવાઈ કરાયેલ ઘસાર-ખર્ચને તે વર્ષો દરમિયાન ચુકવણી તરીકે ગણવામાં આવશે અને લોન મૂડી પરનું વ્યાજ તે પ્રમાણે ગણવામાં આવશે.

(જ) વીજ ઉત્પાદન કંપની, લોનના સાટા અને લોન પરના વ્યાજ પેટે કોઈ નફો કરશે નહીં.

(૨) <u>ઘસારા-ખર્ચ સામે પેશગી સહિત, ઘસારા ખર્ચ</u>

(ક) <u>ઘસારા ખર્ચ</u>

પ્રશુલ્કના હેતુ માટે, ઘસારા ખર્ચ નીચેની રીતે ગણવામાં આવશે.

જેમ કે,

(૧) ઘસારા ખર્ચના હેતુ માટે અસ્કયામતનું ઐતિહાસિક ખર્ચ ને મૂલ્ય આધાર બનશે.

(૨) અક્સયામતનો ઉપયોગ આવરદા પર સીધી રેખાની પધ્ધતિને આધારે વાર્ષિક ધોરણે અને મધ્યસ્થ આયોગ દ્વારા ઠરાવેલ ધોરણે ઘસારા ખર્ચ ગણવામાં આવશે.

અસ્કયામતની શેષ આવરદા ૧૦% ગણવામાં આવશે અને ઘસારા ખર્ચમાં, અસ્કયામતની ઐતિહાસિક મૂડી ખર્ચના અધધિકિતમ ૯૦% સુધી છૂટ આપવામાં આવશે. જમીન ઘસારાપાત્ર અસ્કયામત નથી અને અસ્કયામતનું ૯૦% ઐતિહાસિક ખર્ચ ગણતી વખતે, મૂડી ખર્ચમાંથી તેની કિંમત બાદ કરવામાં આવશે. અસ્કયામતના ઐતિહાસિક મૂડી ખર્ચમાં, કેન્દ્રીય આયોગે મંજૂર કરેલ, તા. ૩૧-૩-૨૦૦૪ સુધીના વિદેશી હૂંડિયામણ દર તફાવતને કારણે વધારાના મૂડીકરણનો સમાવેશ થશે.

(૩) સમગ્ર લોન ચૂકવાઈ જતાં, બાકીના ઘસારા-ખર્ચનું મૂલ્ય, અસ્કયામતની શેષ ઉપયોગી આવરદા પર ફેલાઈ જશે.

(૪) સંચાલનના પ્રથમ વર્ષથી ઘસારો વસૂલાતપાત્ર રહેશે. વર્ષના અમુક ભાગ માટે અસ્કયામતનું સંચાલન થવાના પ્રસંગે ઘસારા ખર્ચ ભાગે પડતા ધોરણે વસૂલ કરાશે.

(ખ) <u>ઘસારા ખર્ચ સામે પેશગી</u>

મળવાપાત્ર ઘસારા-ખર્ચ ઉપરાંત, વીજ ઉત્પાદન કંપની, નીચેની રીતે ગણતરી કરીને ઘસારા સામે પેશગી માટે હકદાર છે.

AAD : વિનિયમ-૩૫ અનુસાર લોનની રકમના ૧/૧૦ ટોચ મર્યાદાની રકમ બાદ અનુસૂચિ પ્રમાણે ઘસારા ખર્ચને અધીન રહીને, વિનિયમ ૩૬(૧) અનુસાર લોન ચુકવણી રકમ.

પરંતુ, ચોકકસ વર્ષ સુધીની એકત્રિત ચુકવણી તે વર્ષના એકત્રિત ઘસારા ખર્ચ કરતાં વધી જાય તો જ ઘસારા ખર્ચ સામે પેશગી આપવામાં આવશે.

પરંતુ, વર્ષના ઘસારા ખર્ચ સામેની પેશગી, તે વર્ષની એકત્રિત ચુકવણી અને એકત્રિત ઘસારા-ખર્ચ વચ્ચેના તફાવત પૂરતી મર્યાદિત રહેશે.

દેવું ભરપાઇ કરવાની મુદત વધારવા, નાણાં લેવાનો અધાર સહિત વિવિધ તંત્ર-વ્યવસ્થા મારફત પ્રશુલ્કનો અગ્ર બોજો ઘટાડવા માન્ય ઘસારા દરે લાબા ગાળાના દેવાની મુદત એક હરોળમાં મૂકવા તમામ પ્રયત્નો કરાશે. તદઅનુસાર ઘસારા સામે કોઇ પેશગીની જરૂર પડશે નહીં.

INDEX

(૨) ઈક્વિટી પર રિટર્ન

વિનિયમ ૩૫ અનુસાર નકકી કરેલ ઇક્વિટી આધારને આધારે ઈક્વિટી રિટર્ન ગણવામાં આવશે અને તે વાર્ષિક ૧૪% ના દરે રહેશે.

પરંતુ, વિદેશી હૂંડિયામણમાં રોકાણ કરેલ ઈક્વિટી પર, તે જ ચલણમાં ઠરાવેલી મર્યાદા સુધી રિટર્ન આપવામાં આવશે અને આ અંગેની ચુકવણી, બિલની પાકતી તારીખે પ્રવર્તમાન વિનિયમ દરને આધારે ભારતીય રૂપિયામાં કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ

પરિયોજનાની નાણા-વ્યવસ્થા માટે, શેર મૂડી ઈશ્યૂ કરતી વખતે અને ચાલુ વીજ ઉત્પાદન કંપનીઓના મુકત અનામતમાંથી, જો કોઈ હોય તો, ઊભા કરેલાં આંતરિક સાધનોના રોકાણ દ્વારા વીજ-ઉત્પાદન કંપનીએ ઉભા કરેલ પ્રિમીયમની ગણતરી ઈક્વિટી પરના રિટર્નના ગણતરીના હેતુસર ભરપાઈ કરેલી મૂડી તરીકે પણ કરવામાં આવશે, પરંતુ શરત એ કે આવા પ્રિમીયમની રકમ અને આંતરિક સાધનો, વીજ ઉત્પાદન કંપનીના મૂડી ખર્ચને પહોંચી વળવા વાપરવામાં આવે અને તે મંજૂર કરેલ નાણાકીય પેકેજનો ભાગ બને.

(૪) સંચાલન અને જાળવણી ખર્ચ

૨૦૦૫-૦૬ ના આધાર-વર્ષમાં ૫ વર્ષ કે તેથી વધું વર્ષથી સંચાલન ચાલુ હોય તેવી વીજ ઉત્પાદન કંપનીઓ માટે વીમા સહિત સંચાલન અને જાળવણી ખર્ચ, આયોગની બુધ્ધિપૂર્વકની ચકાસણી કર્યા પછી, અસાધારણ સંચાલન અને જાળવણી ખર્ચ, કોઈ હોય તો, તે બાદ કરીને ઓડિટ કરેલા સરવૈયાને આધારે, ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૩-૦૪ ના વર્ષો માટે ખરેખરા સંચાલન અને જાળવણી ખર્ચના આધારે મેળવવામાં આવશે.

૨૦૦૧-૦૧ વર્ષના સંચાલન અને જાળવણી ખર્ચ તરીકે ગણેલા ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૩-૦૪ ના વર્ષ માટેના, બુધ્ધિપૂર્વકની ચકાસણી પછી આવા સાધારણ સંચાલન અને જાળવણી ખર્ચની સરેરાશ, ૨૦૦૫-૦૬ ના આધાર-વર્ષ માટે સંચાલન અને જાળવણી ખર્ચ મેળવવા વાર્ષિક ૪% ના દરે વૃધ્ધિ થશે.

(ખ) પાંચ વર્ષથી અસ્તિત્વમાં ન હોય તેવા જળવિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં, સંચાલન અને જાળવણી ખર્ચ, આયોગે માન્ય રાખેલ મૂડી ખર્ચના ૧.૫% દરે નિયત કરાશે, અને ૨૦૦૩-૦૪ ના આધાર વર્ષ માટે સંચાલન અને જાળવણી ખર્ચ મેળવવા પછીના વર્ષથી વાર્ષિક ૪% ના દરે વૃધ્ધિ થશે. પ્રસ્તુત વર્ષના મંજૂરીપાત્ર સંચાલન અને જાળવણી ખર્ચ મેળવવા, આધારરૂપ સંચાલન અને જાળવણી ખર્ચમાં વાર્ષિક ૪% ના દરે વધારે વૃધ્ધિ કરાશે.

(ગ) વિનિયમ ૧(૨) અનુસાર આયોગે પ્રશુલ્ક વિનિયમો જાહેર કર્યા હોય તે તારીખે કે ત્યારપછી વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરાયેલ જળ વિદ્યુત ઉત્પાદન મથકોના કેસમાં, મથક ચાલુ કરાયાના વર્ષમાં, આયોગે સ્વીકાર્યા મુજબ ખરેખર મૂડી ખર્ચ નિયત કરાશે, અને તે પછીના વર્ષોમાં વાર્ષિક ૪% ની વૃધ્ધિને અધીન રહેશે.

(૫) કાર્યકારી મૂડી પર વ્યાજ

(ક) કાર્યકારી મૂડીમાં નીચે મુજબ સમાવેશ થશે.

(૧) એક મહિના માટે સંચાલન અને જાળવણી ખર્ચ.

(૨) વાણિજ્યિક સંચાલનની તારીખથી વાર્ષિક ૬% ના દરે વધારેલ ઐતિહાસિક ખર્ચના ૧% ના દરે જાળવણી ખર્ચ ફાજલ પાડવું

(૩) સાધારણ ક્ષમતા આંકને ધોરણે ગણી કાઢેલ વીજળી વેચાણ માટે બે મહિનાના નિયત ખર્ચની સમતુલ્ય આવક (receivable)

(ખ) કાર્યકારી મૂડી પરના વ્યાજના દર, ૧-૪-૨૦૦૪ ના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ટૂંકા ગાળાના મુખ્ય ધીરધાર દરે અથવા વીજ ઉત્પાદન એકમ / મથકને જે વર્ષો વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરવામાં આવે તે વર્ષની ૧ લી એપ્રિલ, બે માંથી જે મોડું હોય તે પ્રમાણે રહેશે. વીજ ઉત્પાદન કંપનીએ બહારની કોઈ સંસ્થા પાસેથી કાર્યકારી મૂડી લોન લીધી હોય તેમ છતાં, કાર્યકારી મૂડી પરનું વ્યાજ સાધારણ ધોરણે ચૂકવવાપાત્ર ગણશે

(૩૮) <u>પ્રાથમિક અને ગૌણ ઊર્જા ખર્ચ</u> :

(૧) પ્રાથમિક ઊર્જા ખર્ચ, વતનના રાજયને આપેલી મફત વીજળી માટે સમાયોજન કર્યા બાદ જળવિદ્યુત ઉત્પાદન મથકમાંથી મોકલવા માટે અનુસૂચિત એકસ-બસ ઊર્જાને આધારે કિ.વો.કલાકના દીઠ પૈસાના દરે ગણી કાઢવામાં આવશે.

(૨) પંપથી સંગ્રહ કરાતા વીજ ઉત્પાદન મથકો સિવાયના તમામ જળવિદ્યુત ઉત્પાદન મથકો માટે પ્રાથમિક ઊર્જાના દર, સંબંધિત પ્રદેશના મધ્યસ્થ સેકટરના થર્મલ વીજ ઉત્પાદન મથકના સૌથી ઓછા વધઘટપાત્ર ખર્ચની સમકક્ષ રહેશે. પ્રાથમિક ઊર્જા ખર્ચ, પ્રાથમિક ઊર્જા દર તથા મથકની વેચાણપાત્ર ઊર્જાને આધારે ગણવામાં આવશે.

પરંતુ, ઉપરના પ્રાથમિક ઊર્જા દર લાગુ પાડીને, વસૂલાતપાત્ર પ્રાથમિક ઊર્જા ખર્ચ, વીજ ઉત્પાદન મથકના વાર્ષિક નિયત ખર્ચ કરતાં વધી જાય તો, આવા વીજ ઉત્પાદન મથક માટે પ્રાથમિક ઊર્જાના દર નીચેના સૂત્રને આધારે ગણવામાં આવશે.

પ્રાથમિક ઊર્જા દર : $\frac{\text{વાર્ષિક નિયત ખર્ચ}}{\text{વેચાણપાત્ર પ્રાથમિક ઊર્જા}}$

(૩) પ્રાથમિક ઊર્જા ખર્ચ = વેચાણપાત્ર પ્રાથમિક ઊર્જા X પ્રાથમિક ઊર્જા દર

ગૌણ ઊર્જા દર, પ્રાથમિક ઊર્જા દરની જેટલો રહેશે.

ગૌણ ઊર્જા ખર્ચ = વેચાણપાત્ર ગૌણ ઊર્જા X ગૌણ ઊર્જા દર

(૩૯) <u>પ્રોત્સાહન</u> :

(૧) સંપૂર્ણપણે નદીના પ્રવાહ આધારિત વીજ ઉત્પાદન મથકો માટે ૯૦% અને તળાવો તથા સંગ્રહ પ્રકારના વીજ મથકો સાથેના નદીના પ્રવાહ આધારિત વીજ મથકો માટે ૮૫% કરતાં ક્ષમતા આંક વધી જાય ત્યારે, સંચાલન શરૂ કર્યાના પ્રથમ વર્ષમાં નવા વીજ-ઉત્પાદન મથકો સહિત તમામ વીજ મથકોના કેસમાં પ્રોત્સાહન ચૂકવવામાં આવશે અને આ પ્રોત્સાહન, અધિકતમ ૧૦૦% ક્ષમતા આંક સુધી વધશે.

(૨) વીજ ઉત્પાદન કંપનીઓને નીચેના સૂત્ર અનુસાર પ્રોત્સાહન ચૂકવવામાં આવશે.

પ્રોત્સાહન : ૦.૬૫ X વાર્ષિક નિયત ખર્ચ X $((CI_A - CI_N) / 100$

પ્રોત્સાહન નિષેધાત્મક હોય તો, તે શૂન્ય રહેશે.

જયાં, CI_A હાંસલ ક્ષમતા આંક છે અને CI_N સાધારણ ક્ષમતા આંક છે જેનું મૂલ્ય, સંપૂર્ણપણે નદીના પ્રવાહ પર આધારિત જળવિદ્યુત મથકો માટે ૯૦% અને તળાવ / સંગ્રહ પ્રકારના ઉત્પાદન મથકો માટે ૮૫% છે.

(૩) ક્ષમતા આંકને કારણે અને ગૌણ ઊર્જાની ચુકવણી માટે પ્રોત્સાહન માસિક ધોરણે ચૂકવવાપાત્ર રહેશે, જે, દરેક બાબત સંબંધમાં અલગ રીતે, નાણાકીય વર્ષના દરેક મહિને એકત્રિત સમાયોજનને અધીન રહેશે, અને આખરી સમાયોજન, નાણાકીય વર્ષના અંતે કરાશે.

(૪) વાર્ષિક ધોરણે ગણી કાઢેલ કુલ પ્રોત્સાહન ચુકવણી, ફાળવણી ક્ષમતાને આધારે હિતાધિકારીઓ દ્વારા વહેંચી લેવામાં આવશે.

(૫) અનુસૂચિત સમય કરતાં વહેલા જળવિદ્યુત ઉત્પાદન મથકોની કામગીરી પૂરી કરવા માટે પ્રોત્સાહન.

કેન્દ્ર સરકારની પ્રથમ મંજૂરી અથવા તંત્રની ટેકનિકલ - આર્થિક મંજૂરીમાં જે લાગુ પડે તે પ્રમાણે નિયત કરેલ સમય-સૂચિ કરતાં વહેલા જળવિદ્યુત મથક કે તેનો ભાગ શરૂ કરવાના કેસમાં, વીજ ઉત્પાદન મથકો, સમય-સૂચિ કરતાં મથક વહેલાં શરૂ કરતા, બાંધકામ દરમિયાન, ચઢેલ વ્યાજમાં ભાગે પડતા ઘટાડા જેટલી રકમ માટેનું પ્રોત્સાહન મેળવવા હકદાર રહેશે. વીજ ઉત્પાદન મથકોના સંચાલનના પ્રથમ વર્ષ દરમિયાન બાર સરખા માસિક હપ્તામા પ્રશુલ્ક દ્વારા પ્રાત્સાહન વસૂલ કરાશ. કન્દ્ર સરકારના પ્રથમ મજૂરા અથવા તત્રના ટકાનકલ-

INDEX

આર્થિક મંજૂરી લાગુ પડે તે પ્રમાણે, તેમાં નકકી કર્યા પ્રમાણે, મથક ચાલુ કરવામાં વિલંબના કેસમાં, આવો વિલંબ કુદરતી આફતો કે ભૂસ્તરશાસ્ત્રીય અકસ્માતને કારણે હોય તે સિવાય બાંધકામ દરમિયાન, વિલંબિત મુદત માટેનું વ્યાજ પ્રશુલ્ક નિર્ધારણ માટે મૂડીકૃત કરવાની પરવાનગી અપાશે નહીં.

(૪૦) **માની લીધેલું ઉત્પાદન** :

(૧) વીજ ઉત્પાદન મથકના કાબૂ બહારનાં કારણો કે બોર્ડ, પ્રવાહન પરવાનેદારની પ્રવાહન લાઈનોની અપ્રાપ્યતા કે સંબંધિત રાજય વીજભાર રવાનગી કેન્દ્રની બૅંકિંગ ડાઉન સૂચનાઓ મળવાને પરિણામે પાણી વહી જવાને કારણે વીજળી ઉત્પાદનમાં ઘટાડો થવાના કેસમાં, આવા પાણી વહી જવાના કારણે થતું ઊર્જા ખર્ચ, વીજ ઉત્પાદન કંપનીને ચૂકવવાનું રહેશે. આવા પાણી વહી જવા માટેના ઊર્જા ખર્ચનો હિસ્સો, વીજ ઉત્પાદન મથકની વેચાણપાત્ર ક્ષમતામાં હિતાધિકારીઓના હિસ્સાના પ્રમાણમાં તેમનામાં વહેંચવામાં આવશે.

(૨) વર્ષ દરમિયાન ઉત્પાદિત ઊર્જા, ડિઝાઈન ઊર્જા જેટલી અથવા તેથી વધુ હોય તો ઉપરના કારણસર ઊર્જા ખર્ચ માન્યતાપાત્ર બનશે નહીં.

(૪૧) **બિન-અનુસૂચિત ઈન્ટર ચાર્જ** :

(૧) ખરેખરા ઉત્પાદન અને ખરેખરા ઉપાડ અથવા અનુસૂચિત ઉત્પાદન કે અનુસૂચિત ઉપાડ વચ્ચેનો તફાવત, બિનઅનુસૂચિત ઈન્ટરચાર્જ ખર્ચ દ્વારા હિસાબે લેવામાં આવશે. વીજ ઉત્પાદન મથક માટે બિન અનુસૂચિત ઈન્ટરચાર્જ, તેના ખરેખરા ઉત્પાદન બાદ તેના અનુસૂચિત ઉત્પાદનની સમતુલ્ય રહેશે. બિનઅનુસૂચિત ઈન્ટર ચાર્જ, ૧૫ મિનિટના સમય-બ્લોક માટે ગણી કાઢવામાં આવશે. બિનઅનુસૂચિત ઈન્ટરચાર્જ અંગેનો તમામ ખર્ચ, સમય-બ્લોકના સરેરાશ આવર્તન પર આધારિત રહેશે, અને નીચેના દરો, વિનિયમ ૧(૨) અનુસાર આયોગ દ્વારા પ્રશુલ્ક જાહેર કરાયાની તારીખથી લાગુ પડશે.

સમય બ્લોકની સરેરાશ વારંવારતા		બિન અનુસૂચિત દર કિ.વો.ક. દીઠ પૈસા	
નિમ્ન	નિમ્ન નહી	કિ.વો.કલાક	દીઠ પૈસા
-	૫૦.૫૦	૦.૦	
૫૦.૫૦	૫૦.૪૮	૬.૦	
૫૦.૪૮	૫૦.૪૬	૧૨.૦	
-	-	-	
-	-	-	
૪૯.૮૪	૪૯.૮૨	૨૦૪.૦	
૪૯.૮૨	૪૯.૮૦	૨૧૦.૦	
૪૯.૮૦	૪૯.૭૮	૨૦૯.૦	
૪૯.૭૮	૪૯.૭૬	૨૨૮.૦	
-	-	-	
-	-	-	
૪૯.૦૪	૪૯.૦૨	૫૬૧.૦	
૪૯.૦૨	-	૫૭૦.૦	

(૫૦.૫ - ૪૯.૮ Hz વારંવારતા રેન્જમાં દરેક ૦.૦૨ Hz પગલું ૬.૦ પૈસા / કિ.વો કલાકની સમતલ્ય છે. અને ૪૯.૮ - ૪૯.૦ Hz વારંવારતા રેન્જમાં ૯.૦ પૈસા / કિ.વો કલાકની સમકક્ષ છે.)

INDEX

નોંધ

ઉપરની સરેરાશ વારંવારતા રેન્જ અને બિનઅનુસૂચિત ઈન્ટર ચાર્જના દર, આયોગ દ્વારા અલગ જાહેરનામાં દ્વારા ફેરફારને અધીન છે.

(૨) ૧૫ મિનિટના કોઈપણ સમય બ્લોકમાં જાહેર કરેલ ૧૦૫% સુધીનું કોઈપણ ઉત્પાદન અને દિવસની જાહેર કરેલી ક્ષમતાના ૧૦૧% સુધીની સરેરાશનો અર્થ, જુગાર / સટ્ટા તરીકે ગણવામાં આવશે નહીં, અને ઉત્પાદક, ઉપરના અનુસૂચિત ઉત્પાદન કરતાં વધુ ઉત્પાદન માટે બિનઅનુસૂચિત ચાર્જ માટે હકદાર રહેશે.

(૩) ઠરાવેલી મર્યાદા કરતા વધારાના કોઈપણ ઉત્પાદનની, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તપાસ કરશે, જેથી આ જુગાર છે કે કેમ તે સુનિશ્ચિત કરી શકાય, અને રાજય વીજભાર રવાનગી કેન્દ્રને આ જુગાર હોવાનું જણાય તો આવા વધારાના ઉત્પાદનને કારણે વીજઉત્પાદન મથકના લેણાં થતાં બિનઅનુસૂચિત ઈન્ટરચાર્જ ઘટાડીને શૂન્ય કરાશે અને રકમ, વીજઉત્પાદન મથકમાં હિતાધિકારીઓના ક્ષમતા હિસ્સાના પ્રમાણમાં તેમનાં બિનઅનુસૂચિત ઈન્ટરચાર્જમાં સરભર કરાશે.

(૪૨) **રિબેટ :**

શાખપત્ર રજૂ કરીને ક્ષમતા ખર્ચ અને ઊર્જા ખર્ચના બિલોની ચુકવણી માટે, ૨% નું રિબેટ આપવામાં આવશે. વીજઉત્પાદન કંપની બીલો રજૂ કરીને એક મહિનાની મુદતની અંદર શાખપત્ર સિવાયની બીજી કોઈ રીતે ચુકવણી કરે તો, ૧% નું રિબેટ મળશે.

(૪૩) **વિલંબિત ચુકવણી સરચાર્જ**

હિતાધિકારી(ઓ) ક્ષમતા ખર્ચ અને ઊર્જા ખર્ચના બિલો ચૂકવવામાં બિલની તારીખથી એક મહિના કરતાં વધું વિલંબ કરે તો, વીજ ઉત્પાદન કંપની માસિક ૧.૨૫% ના દરે વિલંબિત ચુકવણી સરચાર્જ વસૂલ કરશે.

(૪૪) **અનુસૂચિત કરવું**

ગુજરાત ગ્રિડ નિયમાવલિની જોગવાઈઓ સાથે વાંચતા, અનુસૂચિ અને ગણતરી પ્રાપ્યતાની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

(૧) વીજ ઉત્પાદક, તેના વીજમથકની ક્ષમતાની અગાઉથી જાહેરાત કરશે. આ જાહેરાત, ખરેખર પ્રાપ્ય ક્ષમતા માટે હશે. આવી જાહેરાત, તળાવ અને સંગ્રહ પ્રકારના મથકો માટે ૨૪ કલાકની મુદતમાં ઓછામાં ૩ કલાક માટે અને સંપૂર્ણપણે નદીના પ્રવાહ પર આધારિત મથકો માટે આખા દિવસની મુદત માટે ઉપલબ્ય કરી શકાય તે ક્ષમતા માટે રહેશે.

(૨) ઉત્પાદક, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને, આખા દિવસના એક આંકડા તરીકે આગામી દિવસ માટે અથવા અધિકતમ પ્રાપ્ય ક્ષમતા (મે.વો) અને કુલ ઊર્જા (મે.વો.કલાક) એકસ-બસ સાથે દિવસની જુદીજુદી મુદતો માટે જુદા જુદા આંકડા માટે જાહેર કરેલી ક્ષમતા (મે.વો.) ની જાણ કરશે.

આ જાહેરાતમાં, સિંચાઈ, પીવાનું પાણી, ઔદ્યોગિક, પર્યાવરણલક્ષી, ગણતરીઓ વગેરેને કારણે પાણીના ઉપયોગ કરના નિયંત્રણોને લીધે, ચોકકસ સમયની મુદતો દરમિયાન વીજ ઉત્પાદન અંગે કોઈ મર્યાદા હોય તો તેનો સમાવેશ કરાશે.

(૩) તેની ક્ષમતા અંગેની જાહેરાત કરતી વખતે કે તેમાં સુધારો કરતી વખતે, ઉત્પાદક એ બાબત સુનિશ્ચિત કરશે કે ટોચના કલાકો (Peak) દરમિયાન જાહેર કરેલી ક્ષમતા બીજા કલાકો દરમિયાન જાહેર કરેલી ક્ષમતા કરતા ઓછી હોય નહીં. આમ છતાં યુનિટના બળપૂર્વકના નિરૂપયોગી ગાળાને પરિણામે એકમોના ટ્રિપીંગ / પુનઃસમકાલીકરણના કેસમાં આ નિયમમાં અપવાદ માન્ય રાખવામાં આવશે.

(૪) વીજઉત્પાદન અનુસૂચિ, ભારતીય વીજ-ગ્રિડ નિયમાવલિમાં ઠરાવેલ સંચાલન પધ્ધતિ મુજબ કરવામાં આવશે.

(૫) વીજઉત્પાદનની જાહેરાતને આધારે, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર હિતાધિકારીઓને તેમના હિસ્સાની જાણ કરશે, જેમાંથી તેઓ પોતાની માગણી આપશે.

(૬) હિતાધિકારીઓએ આપેલી માગણીને આધારે અને વીજ ઉત્પાદનમાં ફેરફાર કરવા અંગેની ટેકનિકલ મર્યાદાઓ ધ્યાનમાં રાખીને અને પ્રવાહન પ્રણાલી અવરોધો, જો કોઈ હોય તો, તે પણ લક્ષમાં રાખીને, રાજય

INDEX

વીજભાર રવાનગી કેન્દ્ર, આર્થિક રીતે ઈષ્ટતમ વીજ ઉત્પાદન અનુસૂચિઓ અને ઉપાડ અનુસૂચિઓ તૈયાર કરશે અને તેની વીજ ઉત્પાદક તથા હિતાધિકારીઓને જાણ કરશે.

રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, ટૂંકાગાળાની અને લાંબાગાળાની (દૈનિક અનુસૂચિ) બંને આકસ્મિકતા પહોંચી વળવાની કાર્યપધ્ધતિ પણ તૈયાર કરશે.

(૭) અનુસૂચિત વીજઉત્પાદન અને ખરેખર ઉત્પાદન, વીજઉત્પાદન મથક ખાતે એકસ-બસ રહેશે. હિતાધિકારીઓ માટે, અનુસૂચિત અને ખરેખર ચોખ્ખો ઉપાડ, તેમના સંબંધિત સ્વીકાર પોઈન્ટો આગળ થશે.

(૮) હિતાધિકારીઓની ચોખ્ખી ઉપાડ અનુસૂચિઓની ગણતરી માટે, પ્રવાહન ઘટને તત્સમય પુરતું તેમની ઉપાડ અનુસૂચિઓમાં વહેંચવામાં આવશે.

પરંતુ, સંબંધિત રાજય વીજભાર રવાનગી કેન્દ્રની તૈયારી પર આધાર રાખીને આયોગ ભવિષ્યમાં શુધ્ધિકરણ (રિફાઈનમેન્ટ) નિર્દિષ્ટ કરી શકે.

(૯) યુનિટના બળપૂર્વકના નિરુપયોગી સમયગાળાના કેસમાં, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, સુધારેલ જાહેર કરેલ ક્ષમતાને આધારે અનુસૂચિઓમાં સુધારણા કરશે. ઉત્પાદકે પ્રથમ જે સમયગાળામાં સુધારણા કરવાની સલાહ આપી હોય તે સમય બ્લોકથી ગણતરી કરીને ૪ થા સમય બ્લોકથી, સુધારેલ જાહેર ક્ષમતા અને સુધારેલી અનુસૂચિઓ અમલમાં આવશે.

(૧૦) વીજ ઉત્પાદનમાં ઘટાડો જરૂરી બનાવતા આંતર રાજય પ્રવાહન (રાજય વીજભાર રવાનગી કેન્દ્રે પ્રમાણિત કર્યા મુજબ) પ્રણાલીમાં સામેલ રાજય પ્રવાહન યુટિલિટિ કે અન્ય કોઈ પ્રવાહન પરવાનેદારની માલિકીની પ્રવાહન પ્રણાલી, સંલગ્ન સ્વિચયાર્ડ અને પેટા મથકોમાં કોઈ અવરોધ, નિરુપયોગી કાળ, નિષ્ફળતા કે મર્યાદાને કારણે વીજ નિર્ગમનમાં કોઈ અવરોધ ઊભો થવાના પ્રસંગે, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર અનુસૂચિઓમાં સુધારણા કરશે, જે, વીજ નિર્ગગનમાં જે સમય-ગાળામાં પ્રથમ અવરોધ ઊભો થયો હોય તે સમય-બ્લોકને ગણતરીમાં લઈને ૪ થા સમય બ્લોકથી અમલમાં આવશે. તેમજ આવા પ્રથમ, બીજા અને ત્રીજા સમય બ્લોક દરમિયાન વીજ ઉત્પાદક મથકનું અનુસૂચિત વીજ ઉત્પાદન, ખરેખરા વીજ ઉત્પાદનની સમકક્ષ સુધારેલ હોવાનું ગણવામાં આવશે, અને હિતાધિકારીઓનો અનુસૂચિત ઉપાડ, તેમના ખરેખરા વીજ ઉત્પાદનની સમકક્ષ સુધારવામાં આવ્યો હોવાનું ગણવામાં આવશે.

(૧૧) ગ્રિડમાં કોઈ ખલેલ પડે તેવા કેસમાં, તમામ વીજઉત્પાદન મથકોના અનુસૂચિત ઉત્પાદન તથા તમામ હિતાધિકારીઓના અનુસૂચિત ઉપાડમાં, ગ્રિડની ખલેલ દ્વારા અસર પામેલ તમામ સમય બ્લોક માટેનાં તેમના ખરેખર વીજ ઉત્પાદન / ઉપાડની સમકક્ષ સુધારણા કરવામાં આવી હોવાનું ગણવામાં આવશે. રાજય વીજભાર કેન્દ્ર, ગ્રિડની ખલેલ અને તેની મુદત અંગે પ્રમાણપત્ર આપશે.

(૧૨) દિવસની બાકીની મુદત માટે વીજ ઉત્પાદક(કો) દ્વારા જાહેર કરાયેલ ક્ષમતામાં તથા હિતાધિકારી(ઓ) ની માગમાં સુધારો કરવા અંગેની અગાઉથી આપેલી નોટિસ સાથે પરવાનગી આપવામાં આવશે. આવા કેસમાં સુધારેલી અનુસૂચિઓ / જાહેર કરેલી ક્ષમતા, રાજય વીજભાર રવાનગી કેન્દ્રમાં સમય બ્લોકમાં પ્રથમ વખત મળેલી સુધારણાની વિનંતીની સમયગાળાથી ગણતા ડઠ્ઠા સમય બ્લોકથી અમલી બનશે.

(૧૩) રાજય વીજભાર રવાનગી કેન્દ્રના સમયના કોઈપણ બિંદુએ, વધુ સારી પ્રણાલી સંચાલનના હિતમાં અનુસૂચિઓમાં સુધારો કરવાની જરૂર જણાય તો, તે પોતાની રીતે આમ કરી શકશે, અને આવા કેસોમાં, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર જે સમયે પ્રથમ વાર સુધારેલી અનુસૂચિ ઈશ્યૂ કરે તે સમય બ્લોકની ગણતરી કરતાં, ૪ થા સમય બ્લોકથી અમલી બનશે.

(૧૪) રાજય વીજભાર રવાનગી કેન્દ્રે ઈશ્યૂ કરેલા / સુધારેલ વીજ ઉત્પાદન અનુસૂચિઓ અને ઉપાડ અનુસૂચિઓ, સફળતાપૂર્વક જાણ કરી હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના નિશ્ચિત સમય-બ્લોકથી અમલી બનશે.

(૧૫) કાર્યોત્તર માની લીધેલ સુધારણા સહિત, અનુસૂચિત વીજ ઉત્પાદનમાં કોઈપણ સુધારા માટે, હિતાધિકારીઓના અનુસૂચિત ઉપાડ અંગે અનુરૂપ ફેરફાર કરાશે.

(૧૬) સમમ ઘટકને યોગ્ય રીતે ધ્યોનમાં લઈને અનુસૂચિઓમાં ફેરફારો અંગેની માહિતી નોંધવા માટેની કાર્યપધ્ધતિ, રાજય પ્રવાહન યુટિલિટિ, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર સાથે તેમજ અન્ય સ્ટેક હોલ્ડરો સાથે ચર્ચા વિચારણા કરીને વિકસાવવામાં આવશે અને તે બને ત્યાં સુધી રાષ્ટ્રીય સ્તરે પ્રવર્તમાન પ્રણાલીને અનુરૂપ રહેશે.

INDEX

(૧૭) **સંપૂર્ણપણે નદી પ્રવાહ આધારિત વીજ મથકો**

આવા મથકોમાં વીજ ઉત્પાદનમાં પડતા તફાવતોને પરિણામે પાણી છલકાઈ જવાથી, અને મથકો અચૂક ચાલવા જોઈએ એમ ગણવામાં આવશે. અતિભાર ક્ષમતાને યોગ્ય રીતે ધ્યાનમાં રાખીને, અધિકતમ પ્રાપ્યક્ષમતા, પ્રાપ્ય પાણીનો પૂરો ઉપયોગ કરવા જરૂરી હોય તેટલી કે તેથી વધુ હોવી જોઈશે.

(૧૮) તળાવ અને સંગ્રહ પ્રકારના વીજ મથકો સાથે નદીના પ્રવાહથી સંચાલિત વીજ મથક:

પ્રણાલીની સૌથી વધુ માગને પહોંચી વળવા, સૌથી વધુ કામકાજના કલાકો દરમિયાન કામ કરવા માટે આ જલવિદ્યુત મથકોની ડિઝાઈન કરવામાં આવી છે. દિવસ માટે જાહેર કરેલ મથકની અધિકતમ પ્રાપ્યક્ષમતા, અતિભાર ક્ષમતા સહિત સ્થાપિત શકિત, બાદ જળાશય સપાટી માટે સુધારેલ સહાયક વપરાશ અને રૂપાંતરણ ઘટ ની બરાબર રહેશે. પ્રાદેશિક વીજભાર રવાનગી કેન્દ્રો એ વાત સુનિશ્ચિત કરશે કે આવા પ્રકારના મથકોની ઉત્પાદન અનુસૂચિઓ તૈયાર કરવામાં આવે અને નિર્દિષ્ટ પ્રણાલી જરૂરિયાતો / અવરોધોનો પ્રસંગ બને તે સિવાય પ્રાપ્ય જલ-ઊર્જાનો અધિકતમ ઉપયોગ કરવા માટે તે મથકોને રવાના કરવામાં આવે.

(૪૫) **<u>જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન</u>**

(૧) રાજય વીજભાર રવાનગી કેન્દ્ર જેમ અને જયારે જણાવે તેમ અને ત્યારે વીજ ઉત્પાદન કંપની, પોતાની વીજ ઉત્પાદન મથકની જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન કરશે. જાહેર કરેલી ક્ષમતાનું નિદર્શન કરવામાં વીજ ઉત્પાદન કંપની નિષ્ફળ જશે તો, ઉત્પાદક પાસે લેણાં નીકળતા ક્ષમતા ખર્ચમાં, દંડના પગલા તરીકે ઘટાડો કરવામાં આવશે.

(૨) દિવસના કોઈ ગાળા / બ્લોક માટે પ્રથમ ખોટી જાહેરાત માટેના દંડનું પ્રમાણ, બે દિવસના નિયત ચાર્જને અનુરૂપ રહેશે. બીજી વખતની ખોટી જાહેરાત માટે આ દંડ ચાર દિવસના નિયત ચાર્જને અનુરૂપ રહેશે અને પછીની ખોટી જાહેરાતો માટે દંડ, ભૌમિતિક ક્રમિકતામાં ગુણવામાં આવશે.

(૩) વીજ ઉત્પાદન મથકની સંચાલન કાર્ય રોજનીશી, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને સમીક્ષા માટે મોકલવી. આ રોજનીશીમાં મશીન સંચાલન અને જાળવણીનો રેકર્ડ રાખવો.

(૪૬) **<u>મીટર વ્યવસ્થા અને હિસાબ પધ્ધતિ</u>**

રાજય પ્રવાહન યુટિલિટિ / રાજય વીજભાર રવાનગી કેન્દ્રો, મીટર ગોઠવણ, પરીક્ષણ અને મીટરોના સંચાલન અને જાળવણી સહિતની મીટર વ્યવસ્થા અને વીજળી વિનિયમ તથા ૧૫ મિનિટના સમય બ્લોકને આધારે સરેરાશ વારંવારતાના હિસાબ માટે માહિતીનું એકત્રિકરણ, વહન તથા પ્રક્રિયા હિસાબે લેવા માટેની કામગીરીનું આયોજન કરશે. તમામ સંબંધિત હસ્તિઓ / વ્યકિતઓ (જેમના મકાનોમાં ખાસ વીજમીટરો ગોઠવ્યા હોય), રાજય પ્રવાહન યુટિલિટિ / રાજય વીજભાર રવાનગી કેન્દ્રને સંપૂર્ણ સહકાર આપશે અને અઠવાડિક મીટર-વાંચન કરીને રાજય વીજભાર રવાનગી કેન્દ્રને તે પ્રસારિત કરીને જરૂરી સહાય કરશે.

વધુમાં રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગે ઘડેલા નિયમનોના ધોરણ અનુસાર પ્રાદેશિક સ્તરે જરૂરી વિગતો / અનુસૂચિઓ મોકલશે. યુ.આઈ. હિસાબ કાર્યપધ્ધતિઓનું નિયમન આયોગના હુકમો અનુસાર થશે.

(૪૭) **<u>ક્ષમતા ખર્ચના બિલો અને તેની ચુકવણી</u>**

ક્ષમતા ખર્ચના બિલો અને તેની ચુકવણી નીચેની માસિક ધોરણે કરવામાં આવશે.

(૧) દરેક હિતાધિકારી, વીજ ઉત્પાદન મથકની સ્થાપિત શક્તિમાં તેના હિસ્સાની ટકાવારીના પ્રમાણમાં ક્ષમતા ખર્ચ ચૂકવશે. વેચાણપાત્ર ક્ષમતા એટલે કુલ ક્ષમતા બાદ કોઇ મુક્ત ક્ષમતા હોય તો તે હિતાધિકારીઓ હાલના એ.ઈ.બી. અથવા વિવિધ વિતરણ પરવાનેદારો કે ટ્રેડિંગ કંપનીઓ બની શકશે. તબદીલી યોજના અનુસાર ગુજરાત વિદ્યુત બોર્ડની અનુગામી હસ્તિ માટે, બોર્ડ હિતાધિકારી તરીકે ચાલુ રહેશે.

(૨) દિવસ દિવસના સંચાલન દરમિયાન કોઈ ક્ષમતા માગણી વિનાની રહી ગઈ હોય તો, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર પ્રદેશમાં તથા અન્ય રાજય વીજભાર રવાનગી કેન્દ્રોને સલાહ આપશે, જેથી સબંધિત વીજઉત્પાદન કંપની અથવા સંબંધિત હિતાધિકારી(ઓ) પાસેથી દ્વિપક્ષીય ગોઠવણો દ્વારા, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને તેની જાણ કરીને આવી ક્ષમતા અંગે માગણી કરશે.

INDEX

(૩) વણમાગેલ ક્ષમતા અંગેની માહિતી, રાજય વીજભાર રવાનગી કેન્દ્રો તેમની સંબંધિત વેબસાઈટ દ્વારા ઉપલબ્ય કરશે.

(૪) પ્રદેશ બહારના હિતાધિકારીઓ સહિતના હિતાધિકારી(ઓ) વીજ ઊત્પાદન કંપનીને, નીચેના સૂત્રો પ્રમાણે તથા સંબંધિત વીજઉત્પાદન મથકમાં તેમના સંબંધિત હિસ્સાના પ્રમાણમાં દર મહિને ક્ષમતા ખર્ચ ચૂકવશે.

ACC_1 =AFC - (SPE_1 + DE 2nd to 12th months) * Primery Energy Rate

ACC_2 =AFC - (SPE_2 + DE 3rd to 12th months) * Primery Energy Rate

ACC_3 =AFC - (SPE_3 + DE 4th to 12th months) * Primery Energy Rate

ACC_4 =AFC - (SPE_4 + DE 5th to 12th months) * Primery Energy Rate

ACC_5 =AFC - (SPE_5 + DE 6th to 12th months) * Primery Energy Rate

ACC_6 =AFC - (SPE_6 + DE 7th to 12th months) * Primery Energy Rate

ACC_7 =AFC - (SPE_7 + DE 8th to 12th months) * Primery Energy Rate

ACC_8 =AFC - (SPE_8 + DE 9th to 12th months) * Primery Energy Rate

ACC_9 =AFC - (SPE_9 + DE 10th to 12th months) * Primery Energy Rate

ACC_{10}=AFC - (SPE_{10} + DE 11th to 12th months) * Primery Energy Rate

ACC_{11}=AFC - (SPE_{11} + DE 12th month) * Primery Energy Rate

ACC_{12}=(AFC - SPE_{12}) * Primery Energy Rate

જ્યાં,

AFC = વાર્ષિક નિયત ખર્ચ

ACC1, ACC2, ACC3, ACC4, ACC5, ACC6, ACC7, ACC8, ACC9, ACC10, ACC11, and ACC12 અનુક્રમે 1st, 2nd, 3rd, 4th, 5th, 6th, 7th, 8th, 9th, 10th, 11th and 12th મહિનાઓના અંત સુધીની એકત્રિત મુદત માટેની વાર્ષિક ક્ષમતા ખર્ચની રકમ છે.

SPE1, SPE2, SPE3 ..... SPE12 વર્ષના અનુક્રમે 1st, 2nd, 3rd, 4th, 5th, 6th, 7th, 8th, 9th, 10th, 11th and 12th મહિનાઓના સુધીનું એકસ-બસ અનુસૂચિત પ્રાથમિક ઊર્જા મૂલ્ય છે.

$$CC1 = ACC1 \times \frac{DE1}{DE}$$

$$CC2 = ACC2 \times \frac{DE2}{DE}$$

$$CC3 = ACC3 \times \frac{DE3}{DE}$$

$$CC4 = ACC4 \times \frac{DE4}{DE}$$

$$CC5 = ACC5 \times \frac{DE5}{DE}$$

INDEX

$$CC6 = ACC6 \times \frac{DE6}{DE}$$

$$CC7 = ACC7 \times \frac{DE7}{DE}$$

$$CC8 = ACC8 \times \frac{DE8}{DE}$$

$$CC9 = ACC9 \times \frac{DE9}{DE}$$

$$CC10 = ACC10 \times \frac{DE10}{DE}$$

$$CC11 = ACC11 \times \frac{DE11}{DE}$$

$$CC12 = ACC12 \times \frac{DE12}{DE}$$

જ્યાં, CC1, CC2, CC3 ..... CC12 એ વર્ષના અનુક્રમે UPTO 1st, 2nd, 3rd ..... 12th મહિના સુધીનો માસિક ક્ષમતા ખર્ચ છે.

DE = વાર્ષિક ડિઝાઈન ઊર્જા.

DE1, DE2, DE3 ..... DE12 વર્ષના અનુક્રમે 1st, 2nd, 3rd .....12th મહિના સુધીનું એક્સ બસ ડિઝાઈન ઊર્જા મૂલ્ય છે.

વીજ ઉત્પાદકે ચૂકવવાપાત્ર કુલ ક્ષમતા ખર્ચ :

1st month = (CC1)

2nd month = (CC2 - CC1)

3rd month = (CC3 - CC2)

4th month = (CC4 - CC3)

5th month = (CC5 - CC4)

6th month = (CC6 - CC5)

7th month = (CC7 - CC6)

8th month = (CC8 - CC7)

9th month = (CC9 - CC8)

10th month = (CC10 - CC9)

11th month = (CC11 - CC10)

12th month = (CC12 - CC11)

વીજ ઉત્પાદન મથકની ક્ષમતામાં નક્કર ફાળવણી ધરાવતો દરેક હિતાધિકારી નીચે મુજબ ચૂકવણી કરશે.

1st month = [CC1 x WB1] / 100

INDEX

2nd month = [CC2 x WB2 - CC1 x WB1] / 100

3rd month = [CC3 x WB3 - CC2 x WB2] / 100

4th month = [CC4 x WB4 - CC3 x WB3] / 100

5th month = [CC5 x WB5 - CC4 x WB4] / 100

6th month = [CC6 x WB6 - CC5 x WB5] / 100

7th month = [CC7 x WB7 - CC6 x WB6] / 100

8th month = [CC8 x WB8 - CC7 x WB7] / 100

9th month = [CC9 x WB9 - CC8 x WB8] / 100

10th month = [CC10 x WB10 - CC9 x WB9] / 100

11th month = [CC11 x WB11 - CC10 x WB10] / 100

12th month = [CC12 x WB12 - CC11 x WB11] / 100

જ્યાં, WB1, WB2, WB3, WB4, WB5, WB6, WB7, WB8, WB9, WB10, WB11, WB12એ અનુક્રમે 1st, 2nd, 3rd, 4th, 5th, 6th, 7th, 8th, 9th, 10th, 11th, 12th સુધીની એકત્રિત મુદત દરમિયાન હિતાધિકારીના ફાળવેલ ક્ષમતા હિસ્સાની ટકાવારીની મહત્વપૂર્ણ સરેરાસ છે.

પ્રકરણ - ૪

આંતર-રાજય પ્રવાહન

(૪૮) **વ્યાખ્યાઓ** : આ પ્રકરણના હેતુસર સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય :

(૧) "અધિનિયમ" એટલે ૨૦૦૩ નો વીજળી અધિનિયમ

(૨) "વધારાનું મૂડીકરણ" એટલે વિનિયમ-૫૩ ને અધીન રહીને, બુધ્ધિપૂર્વકની ચકાસણી બાદ આયોગે મંજૂર કરેલ અને પ્રવાહન પ્રણાલીનું વાણિજ્યિક સંચાલન કામ શરૂ થયાની તારીખ પછી કરેલું ખરેખર મૂડી ખર્ચ.

(૩) "ફાળવેલ પ્રવાહન ક્ષમતા" : સાધારણ સંજોગો હેઠળ આંતર રાજય પ્રવાહન પ્રણાલી અંગેના લાંબા ગાળાના ગ્રાહકને મંજૂર કરેલ નિર્દિષ્ટ ઇંજેકશન (દાખલ કરવું) પોઈન્ટ(ટો) અને ઉપાડના પોઈન્ટ(ટો) વચ્ચે વીજળીની તબદીલી - મે.વો.માં અને "પ્રવાહન ક્ષમતાની ફાળવણી" સંદર્ભનો અર્થ તે પ્રમાણે કરવામાં આવશે.

લાંબા ગાળાના ગ્રાહકને ફાળવેલ પ્રવાહન ક્ષમતા એટલે વીજ ઉત્પાદન મથકેથી અને સંબંધિત પાવર, કોઈ હોય તો, તેમાંથી લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકને ફાળવેલ વીજ ઉત્પાદન ક્ષમતાનો સરવાળો.

પરંતુ, ગુજરાત વિદ્યુત બોર્ડ છૂટા પાડવાનું અને ફેર-સંરચના કરવાનું કામ કરી રહ્યું હોઈ, આ વિનિયમોની જોગવાઈઓ, અલગ પ્રવાહન કંપનીની સંચાલન તારીખથી અમલી બનશે. ગુ.વિ.બોર્ડ / અનુગામી DScoms પાસે ઔપચારિક ક્ષમતા ફાળવણી કરવામાં આવે તેટલા સમય સુધી માની લીધેલી ફાળવેલ ક્ષમતા રહેશે.

(૪) "સત્તાતંત્ર" એટલે અધિનિયમની કલમ-૭૦ માં ઉલ્લેખ કરેલ કેન્દ્રિય વીજ સત્તા તંત્ર.

(૫) "પ્રાપ્યતા" - નિશ્ચિત સમય માટે પ્રવાહન પ્રણાલીના સંદર્ભમાં તેનો અર્થ, જે મુદત દરમિયાન પોતાની નિર્ધારિત વોલ્ટતાએ વીજળીનું પ્રવાહન કરવા સક્ષમ હોય તે પ્રવાહન પ્રણાલીનો કલાકમાં સમય એવો થશે. અને તે નિશ્ચિત મુદતના કુલ કલાકોની ટકાવારીમાં દર્શાવવામાં આવશે અને તેની ગણતરી કેન્દ્રિય આયોગ દ્વારા ઠરાવેલી કાર્યપધ્ધતિ પ્રમાણે કરાશે.

INDEX

(૬) "આયોગ" એટલે અધિનિયમની કલમ-૮૨ માં ઉલ્લેખ કરેલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(૭) "કરારબધ્ધ વીજળી" એટલે જેનું વહન કરવા પ્રવાહન પરવાનેદારે સહમતિ આપી હોય તે અથવા આયાત અને નિકાસ યુટિલિટિ વચ્ચેની લાંબાગાળાની સમજૂતિ અન્વયે કે વીજઉત્પાદન મથકોમાંથી કરેલી ફાળવણી અનુસાર, પ્રવાહન પરવાનેદારે વહન કરવું જરૂરી હોય તે વીજ શક્તિ મે.વો.માં.

(૮) "કટ ઓફ તારીખ" એટલે પ્રવાહન પ્રણાલીના વાણિજ્યિક સંચાલનની તારીખના એક મહિના પછી બંધ થતાં પ્રથમ નાણાંકીય વર્ષની તારીખ

(૯) "વાણિજ્યિક સંચાલનની તારીખ અથવા COD" પરિયોજના (પ્રોજેકટ) કે તેના ભાગની નિર્ધારિત વોલ્ટતાએ ચાર્જિંગની તારીખ અથવા પ્રવાહન પરવાનેદારે ચાર્જિંગ માટે તૈયાર હોવાની જાહેરાત કર્યાની તારીખ પછીના સાત દિવસ, પરંતુ પ્રવાહન પરવાનેદાર, તેના પુરવઠાકર્તાઓ કે કોન્ટ્રાકટરો જેના માટે કારણભૂત ન હોય તેવા કારણોસર ચાર્જ કરી શકેલ ન હોય.

પરંતુ, વાણિજ્યિક સંચાલનની તારીખ, પક્ષકારો અસરપરસ સહમત ન થાય ત્યાં સુધી યથાપ્રસંગ અમલ-બજવણી સમજૂતી અથવા પ્રવાહન સેવા સમજૂતિ કે મૂડી રોકાણ મંજૂરીમાં દર્શાવેલ વાણિજ્યિક સંચાલનની નિશ્ચિત તારીખ પહેલાની તારીખ રહેશે નહીં.

(૧૦) "ચાલુ / હાલની પરિયોજના" એટલે વિનિયમ ૧(૨) અનુસાર આયોગે પ્રશુલ્ક વિનિયમો જાહેર કર્યાની તારીખ પહેલાની તારીખથી વાણિજ્યિક સંચાલન હેઠળ હોવાનું જાહેર કરેલ પરિયોજના.

(૧૧) "અમલ-બજવણી સમજૂતી" એટલે પ્રવાહન પરવાનેદાર અને લાંબાગાળાના પ્રવાહન ગ્રાહકો વચ્ચે પરિયોજનાના બાંધકામ અંગે થયેલ સમજૂતિ, કરાર કે બાંયધરી-પત્ર કે આવો કોઈપણ કરાર.

(૧૨) "વીજ ઉત્પાદન મથક" આયોગે મંજૂર / જાહેર કરેલ ગુજરાત વીજળી ગ્રિડ નિયમાવલિમાં આપેલો અર્થ.

(૧૩) "લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહક" એટલે પચ્ચીસ વર્ષ કે તેથી વધુ મુદત માટે "આંતર રાજય પ્રવાહન સિસ્ટમ" માં પ્રવેશ મેળવેલ અથવા પ્રવેશ મેળવવાનો ઈરાદો રાખતી વ્યકિત.

(૧૪) "મૂળ પરિયોજના ખર્ચ" એટલે પ્રશુલ્કના હેતુ માટે આયોગે મંજૂર કર્યા મુજબ છેલ્લા ઘટકના વાણિજ્યિક સંચાલનની તારીખના પ્રથમ વર્ષ પછી પૂરા થતાં પ્રથમ નાણાકીય વર્ષ સુધી, પરિયોજનાના મૂળ કાર્યક્ષેત્ર અનુસાર, પ્રવાહન પરવાનેદારે કરેલું ખરેખરું ખર્ચ, પરંતુ એકત્રિત / સમન્વિત યુટિલિટિના હાલના મથકો માટે, તેનો અર્થ અનુગામી હસ્તિના ખુલતા સરવૈયામાં નિર્દિષ્ટ અસ્કયામત મૂલ્ય થશે.

(૧૫) "સંચાલન અને જાળવણી ખર્ચ" અથવા "O & M Expenses" એટલે, પ્રવાહન પ્રણાલી અને તેના ભાગના સંચાલન અને જાળવણી અંગે કરેલું ખર્ચ, અને તેમાં માનવશકિત, મરામત, છૂટા ભાગો, વપરાશી વસ્તુઓ, વીમો અને સામાન્ય વ્યવસ્થા ખર્ચનો સમાવેશ થશે.

(૧૬) "પરિયોજના" માં નિર્દિષ્ટ પ્રવાહન લાઈનો, પેટા-મથકો અને સંલગ્ન સાધન સામગ્રીનો સમાવેશ કરતી પ્રવાહન-પ્રણાલીનો સમાવેશ થાય છે.

(૧૭) "નિર્ધારિત વોલ્ટતા" એટલે જે વોલ્ટતાએ પ્રવાહની પ્રણાલીનું સંચાલન કરવા આયોજન કર્યું હોય તે, ઉત્પાદકો દ્વારા આયોજિત વોલ્ટતા અથવા લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકો સાથે ચર્ચા વિચારણા કરીને, તત્પૂરતા જે નિમ્ન વોલ્ટતાએ લાઈન ચાર્જ કરવામાં આવી હોય તે.

(૧૮) "ટૂંકા ગાળાના પ્રવાહન ગ્રાહકો" એટલે લાંબા ગાળના પ્રવાહન ગ્રાહક સિવાયના અન્ય પ્રવાહન ગ્રાહક.

(૧૯) "પ્રવાહન સર્વિસ સમજૂતિ" એટલે પ્રવાહન પરવાનેદાર અને લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકો વચ્ચે પરિયોજનાના સંચાલનલક્ષી તબકકા માટે કરાયેલ સમજૂતિ, કરાર, બાંયધરી પત્ર અથવા આવો કોઈપણ કરાર.

(૨૦) "પ્રવાહન પરવાનેદાર " એટલે વીજળીના આંતર રાજય પ્રવાહન માટે જેને લાઈસન્સ આપવામાં આવ્યુ હોય તે વ્યકિત, અને તેમાં વીજળીના આંતરરાજય પ્રવાહન માટે પ્રવાહન પરવાનેદાર હોવાનું માની લીધેલ કોઈપણ વ્યકિત.

(૨૧) "પ્રવાહન પ્રણાલી" એટલે સંલગ્ન પેટા-મથકો સાથેની લાઈન અથવા સંલગ્ન પેટા-મથકો સાથે આંતર જોડાણવાળી લાઈનોનું જૂથ અને આ શબ્દમાં પ્રવાહન લાઈનો તથા આ પેટા-મથકો સાથે સંકળાયેલ સાધન સામગ્રીનો સમાવેશ થાય છે.

INDEX

(૨૨) "વર્ષ" એટલે નાણાકીય વર્ષ.

(૨૩) "બોર્ડ" એટલે ૧૯૪૮ના વીજળી (પુરવઠા) અધિનિયમની કલમ-૫ ની પેટા-કલમ-૧ અન્વયે રચવમાં આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડ

(૨૪) આ વિનિયમોમાં વાપરેલા અને અહીં વ્યાખ્યા ન અપાયેલ પરંતુ અધિનિયમમાં વ્યાખ્યા આપેલ હોય તેવા શબ્દો અને શબ્દસમૂહોનો અર્થ અધિનિયમમાં કરાયેલા તેના અર્થ મુજબ રહેશે.

(૪૯) <u>પેટા મથકમાં સહાયક ઊર્જા વપરાશ :</u>

હવા-પ્રશીતન, પ્રકાશ વ્યવસ્થા, ટેકનિકલ વપરાશ, વગેરે હેતુ માટે એ.સી. પેટા મથકમાં સહાયક ઊર્જા વપરાશ અંગેનું ખર્ચ, પ્રવાહન પરવાનેદારે, તેમના રાબેતા મુજબના સંચાલન અને જાળવણી ખર્ચના ભાગ તરીકે ભોગવવાનું રહેશે.

(૫૦) <u>સંપૂર્ણ પ્રવાહન ખર્ચની વસૂલાત માટે લક્ષ્યાંક પ્રાપ્યતા</u> :

(૧) એ સી પ્રણાલી - ૯૮%

(૨) HVDC દ્વિ-સંતભ જોડાણ અને HVDC બેક ટુ બેક મથકો : ૯૫%

<u>નોંધ - ૧</u>

લક્ષ્યાંક પ્રાપ્યતાની સપાટીથી નીચેના નિયત ખર્ચની વસૂલાત ભાગે પડતા ધોરણે કરાશે. "શૂન્ય" પ્રાપ્યતાએ કોઈ પ્રવાહન ખર્ચ ચૂકવવાપાત્ર રહેશે નહીં.

(૫૧) <u>મૂડી ખર્ચ</u> :

(૧) આયોગની બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને, પરિયોજના પૂરી કરવા અંગે કરેલું ખરેખરું ખર્ચ આખરી પ્રશુલ્ક નિર્ધારણનો પાયો બનશે. પ્રવાહન પ્રણાલીના વાણિજ્યિક સંચાલનની તારીખ સુધીમાં કરેલા માન્ય મૂડી ખર્ચને આધારે આખરી પ્રશુલ્ક નકકી કરવામાં આવશે અને તેમાં મૂળ પરિયોજના ખર્ચના ૧.૫% પ્રમાણે ટોચ-મર્યાદાના ધોરણને અધીન રહીને મૂડીકૃત પ્રારંભિક ફાજલ રકમનો સમાવેશ થશે.

પરંતુ, પ્રવાહન પરવાનેદાર અને લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકો વચ્ચે કરાયેલ અમલ-બજવણી કરાર કે પ્રવાહન સર્વિસ કરારમાં ખરેખર ખર્ચ માટે જોગવાઈ કરી હોય તો, મૂડી ખર્ચ, પ્રશુલ્ક નિર્ધારણ માટેની આવી ટોચ-મર્યાદા કરતાં વધવું જોઈએ નહીં.

(૨) હાલની પરિયોજનાઓના કેસમાં, વિનિયમ(૧૨) અનુસાર આયોગે જાહેર કરેલ પ્રશુલ્ક વિનિયમો પહેલાં, આયોગે માન્ય રાખેલ પરિયોજના ખર્ચ, પ્રશુલ્ક નિર્ધારણ માટેનો આધાર બનશે.

<u>નોંધ:</u> પરિયોજના ખર્ચના અંદાજોની આયોગે કરેલી ચકાસણી, મૂડી ખર્ચ, નાણાં વ્યવસ્થા યોજના, બાંધકામ દરમિયાન વ્યાજ, કાર્યક્ષેત્ર ટેકનોલોજીનો ઉપયોગ અને પ્રશુલ્ક નકકી કરવા આવી બીજી બાબતોના વાજબીપણા પૂરતી મર્યાદિત રહેશે.

(૫૨) <u>અધિક મૂડીકરણ :</u> (૧) વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખ પછી અને કટ ઓફ તારીખ સુધી કામના મૂળ ક્ષેત્રમાં ખરેખર કરેલા નીચેના મૂડી ખર્ચને, આયોગ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને મંજૂરી આપશે.

(૧) વિલંબિત જવાબદારીઓ

(૨) અમલ બજવણી માટે વિલંબિત કામો

(૩) વિનિયમ ૫૧ માં નિર્દિષ્ટ ટોચ-મર્યાદાને અધીન રહીને, મૂળ કાર્યક્ષેત્રમાં પ્રારંભિક મૂડી બચતની પ્રાપ્તિ,

(૪) લવાદના ચુકાદા અથવા અદાલતના કામ કે હુકમનામાના પાલનને પહોંચી વળવા અંગે જવાબદારીઓ.

(૫) કાયદામાં ફેરફારને કારણે

પરંતુ કામચલાઉ પ્રશુલ્ક માટે ખર્ચના અંદાજોની સાથોસાથ મૂળ કાર્યક્ષેત્રની માહિતી, અરજીની સાથે રજૂ કરવી.

INDEX

વધુમાં વીજઉત્પાદન મથકની વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખ પછી આખરી પ્રશુલ્ક માટેની અરજીની સાથે વિલંબિત ચુકવણીઓ અને અમલ બજવણી માટે વિલંબિત કામોની યાદી મોકલવી.

(૨) આ વિનિયમના ખંડ-૩ ની જોગવાઈઓને અધીન રહીને, કટ ઓફ તારીખ પછી ખરેખર કરેલા નીચેના પ્રકારના મૂડી ખર્ચને આયોગ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને મંજૂરી આપશે.

(૧) મૂળ કાર્ય-ક્ષેત્રની અંદર કામો / સેવાઓને લગતી વિલંબિત જવાબદારીઓ

(૨) લવાદનો ચુકાદો અથવા અદાલતના હુકમ કે હુકમનામાના પાલન માટે પહોંચી વળવાની જવાબદારીઓ.

(૩) કાયદામાં ફેરફારને કારણે

(૪) વીજઉત્પાદન મથકના કાર્યક્ષમ અને સફળ સંચાલન માટે જરૂરી બન્યા હોય,

પરંતુ મૂળ પરિયોજના ખર્ચમાં સમાવિષ્ટ ન કરેલ હોય તેવા કોઈ વધારાના કામો / સેવાઓ.

(૩) કટ-ઓફ તારીખ પછી, રાબેતા મુજબના ઓજારો અને સાધનો, અંગત કમ્પ્યુટર, ફર્નિચર, એર કન્ડીશનરો, વોલ્ટતા સ્થિરક, પ્રશીતકો, પંખા, શીતકો, ટીવી, વોશીંગ મશીનો, ઉષ્મા કન્વેકટરો, ગાલીચા, શેતરંજીઓ વગેરે જેવી ગૌણ વસ્તુઓ / અસ્કયામતો પરનું કોઈપણ ખર્ચ વિનિયમ ૧(૨)અનુસાર, પરિયોજના ખર્ચના અંદાજોની આયોગે કરેલી ચકાસણી, મૂડી ખર્ચ, નાણાં વ્યવસ્થા યોજના, બાંધકામ દરમિયાન વ્યાજ, કાર્યક્ષેત્ર ટેકનોલોજીનો ઉપયોગ અને પ્રશુલ્ક નકકી કરવા આવી બીજી બાબતોના વાજબીપણા પૂરતી મર્યાદિત રહેશે.

(૫૨) <u>અધિક મૂડીકરણ</u> : (૧) વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખ પછી અને કટ ઓફ તારીખ સુધી કામના મૂળ ક્ષેત્રમાં ખરેખર કરેલા નીચેના મૂડી ખર્ચને, આયોગ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને મંજૂરી આપશે.

(૧) વિલંબિત જવાબદારીઓ
(૨) અમલ બજવણી માટે વિલંબિત કામો
(૩) વિનિયમ ૧૬ માં નિર્દિષ્ટ ટોચ-મર્યાદાને અધીન રહીને, મૂળ કાર્યક્ષેત્રમાં પ્રારંભિક મૂડી બચતની પ્રાપ્તિ,
(૪) લવાદના ચુકાદા અથવા અદાલતના કામ કે હુકમનામાના પાલનને પહોંચી વળવા અંગે જવાબદારીઓ.
(૫) કાયદામાં ફેરફારને કારણે

પરંતુ કામચલાઉ પ્રશુલ્ક માટે ખર્ચના અંદાજોની સાથોસાથ મૂળ કાર્યક્ષેત્રની માહિતી, અરજીના સાથે રજૂ કરવી.

વધુમાં વીજઉત્પાદન મથકની વાણિજ્યિક કામગીરી શરૂ થયાની તારીખ પછી આખરી પ્રશુલ્ક માટેની અરજીની સાથે વિલંબિત ચુકવણીઓ અને અમલ બજવણી માટે વિલંબિત કામોની યાદી મોકલવી.

(૨) આ વિનિયમના ખંડ-૩ ની જોગવાઈઓને અધીન રહીને, કટ ઓફ તારીખ પછી ખરેખર કરેલા નીચેના પ્રકારના મૂડી ખર્ચને આયોગ, બુધ્ધિપૂર્વકની ચકાસણીને અધીન રહીને મંજૂરી આપશે.

(૧) મૂળ કાર્ય-ક્ષેત્રની અંદર કામો / સેવાઓને લગતી વિલંબિત જવાબદારીઓ

(૨) લવાદનો ચુકાદો અથવા અદાલતના હુકમ કે હુકમનામાના પાલન માટે પહોંચી વળવાની જવાબદારીઓ.

(૩) કાયદામાં ફેરફારને કારણે

(૪) વીજ ઉત્પાદન મથકના કાર્યક્ષમ અને સફળ સંચાલન માટે જરૂરી બન્યા હોય,

પરંતુ મૂળ પરિયોજના ખર્ચમાં સમાવિષ્ટ ન કરેલ હોય તેવા કોઈ વધારાના કામો / સેવાઓ.

(૩) કટ-ઓફ તારીખ પછી, રાબેતા મુજબનાં ઓજારો અને સાધનો, અંગત કમ્પ્યુટર, ફર્નિચર, એર કન્ડિશનરો, વોલ્ટતા સ્થિરક, પ્રશીતકો, પંખા, શીતકો, ટીવી, વોશીંગ મશીનો, ઉષ્મા કન્વેકટરો, ગાલીચા, શેતરંજીઓ વગેરે

INDEX

જેવી ગૌણ વસ્તુઓ / અસ્કયામતો પરનું કોઈપણ ખર્ચ વિનિયમ ૧(૨) અનુસાર, આયોગે, પ્રશુલ્ક વિનિયમો જાહેર કર્યાની તારીખથી પ્રશુલ્ક નિર્ધારણ માટે અધિક મૂડીકરણ તરીકે ધ્યાનમાં લેવાશે નહીં.

નોંધ

વસ્તુઓની યાદી દ્રષ્ટાંત્મક છે અને તે સંપૂર્ણ નથી.

(૪) આયોગ, કટ ઓફ તારીખ પછી પ્રશુલ્ક સુધારણા સહિત, પ્રશુલ્ક સુધારણામાં અધિક મૂડીકરણની અસર બાબત પ્રશુલ્ક મુદતમાં બે વખત વિચારણા કરી શકશે.

નોંધ -૧

મૂળ કાર્યક્ષેત્રની અંદર નિર્ધારિત જવાબદારીઓ અંગેનું માન્ય ખર્ચ તથા ટેકનિકલ - આર્થિક કારણોસર વિલંબિત, પરંતુ કામના મૂળક્ષેત્રમાં આવતા ખર્ચની, વિનિયમ-૧૯ માં નિર્દિષ્ટ દેવા-ઈક્વિટી ના રાબેતા મુજબના ગુણોત્તરમાં વ્યવસ્થા કરાશે.

નોંધ -૨ જૂની અસ્કયામતો બદલવા અંગેના કોઈપણ ખર્ચને, મૂળ પરિયોજના ખર્ચમાંથી, મૂળ અસ્કયામતના એકંદર મૂલ્યની માંડવાળ કર્યા પછી વિચારણામાં લેવાશે.

નોંધ -૩ મૂળ કાર્યક્ષેત્રમાં ન હોય તેવાં નવા કામો માટે પ્રશુલ્ક નકકી કરવા, આયોગે માન્ય રાખેલ કોઈપણ ખર્ચની વ્યવસ્થા, વિનિયમ-૫૩ માં નિર્દિષ્ટ રાબેતા મુજબના દેવા-ઈક્વિટીના ગુણોત્તરમાં કરાશે.

નોંધ : ૪ નવીકરણ અને આધુનિકીકરણ તથા આવરદા વધારવા અંગે પ્રશુલ્ક નકકી કરવા, આયોગે માન્ય કરેલ કોઈપણ ખર્ચની વ્યવસ્થા, મૂળ પરિયોજના ખર્ચમાંથી ફેરબદલી કરેલ અસ્કયામતોની મૂળ કિંમત માંડી વાળ્યા પછી, વિનિયમ-૫૩ માં નિર્દિષ્ટ દેવા-ઈક્વિટી ગુણોત્તરમાં કરાશે.

(૫૩) **દેવા-ઈક્વિટી ગુણોત્તર**

(૧) તમામ પરિયોજનાઓના કેસમાં, પ્રશુલ્ક નિર્ધારણ માટે, વાણિજ્યિક સંચાલનની તારીખના રોજ દેવા-ઈક્વિટીનો ગુણોત્તર ૭૦:૩૦ રહેશે. પરંતુ, પ્રવાહન પરવાનેદાર, ૩૦% કરતાં વધુ ઇક્વિટીનું રોકાણ સામાન્ય જનતાના હિતમાં છે એમ ઉપયોગને સંતોષ થાય તે રીતે સાબિત કરી શકે ત્યાં, આયોગ યોગ્ય કેસમાં પ્રશુલ્ક નક્કી કર્વ ૩૦% કરતાં વધુ ઇક્વિટીનું રોકાણ કરવા વિચારી શકશે.

પરંતુ, ખરેખરી ઈક્વિટી ૩૦% કરતાં ઓછી કામે લગાડી હોય તેવી પરિયોજનાના કેસમાં, ખરેખર દેવું અને ઈક્વિટી, પ્રશુલ્ક નિર્ધારણ માટે ગણતરીમાં લેવાશે.

પરંતુ, ચાલુ / હાલની પરિયોજનાઓના કેસમાં, ખરેખર દેવું : ઈક્વિટી, પ્રશુલ્ક નિર્ધારણ માટે ઉપયોગમાં લેવાશે. આમ છતાં, કોઈપણ વિસ્તરણનું નિયમન વિનિયમ-૫૩ દ્વારા થશે.

(૨) ખંડ (૧) અનુસાર મેળવેલ દેવા અને ઈક્વિટીની રકમો, લોન પર વ્યાજ, ઈક્વિટી પર રિટર્ન, ઘસારા સામે પેશગી તથા વિદેશી હૂંડિયામણ દર તફાવતની ગણતરી માટે તમામ ગણતરીઓમાં ઉપયોગમાં લેવાશે.

(૫૪) **પ્રવાહન ખર્ચ** : આંતર રાજય પ્રવાહન પ્રણાલી અંગે વીજળીના પ્રવાહન માટે, પ્રશુલ્કમાં, નીચેની બાબતો સમાવિષ્ટ કરતાં વાર્ષિક પ્રવાહન ખર્ચની વસૂલાતનો સમાવેશ થશે.

(ક) લોન મૂડી પર વ્યાજ

(ખ) ઘસારા-ખર્ચ સામે પેશગી સહિત ઘસારા ખર્ચ

(ગ) ઈક્વિટી પર રિટર્ન

(ઘ) સંચાલન અને જાળવણી ખર્ચ અને

(ચ) કાર્યકારી મૂડી પર વ્યાજ

(૫૫) **પ્રવાહન ખર્ચની ગણતરી :** વાર્ષિક પ્રવાહન ખર્ચની ગણતરી નીચેના ધોરણે કરાશે, જેમ કે,

(૧) **લોન મૂડી પર વ્યાજ** :

(ક) વિનિયમ-૫૩ માં દર્શાવેલી રીતે, મેળવેલી લોન પર, લોન મૂડી પરનું વ્યાજ લોનવાર ગણવામાં આવશે.

INDEX

(ખ) પરંતુ, હાલની પરિયોજનાઓના કેસમાં, ખરેખર દેવા : ઈક્વિટીનો ગુણોત્તર પ્રશુલ્ક નિર્ધારણ માટે કરાશે. આમ છતાં કોઈપણ વધારાનું નિયમન, વિનિયમ-૫૩ પ્રમાણે થશે.

(ગ) પ્રવાહન પરવાનેદાર, લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકોને ચોખ્ખો નફો થાય ત્યાં સુધી લોનનો વિનિયમ કરવા બનતા તમામ પ્રયત્નો કરશે. આવા વિનિયમ સાથે સંકળાયેલ તમામ ખર્ચ, લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકોએ ભોગવવાનું રહેશે.

(ઘ) લોનની શરતોમાં કરાતા ફેરફારો, આવા વિનિમયની (swap) તારીખથી પ્રતિબંબિત થશે અને લાભો હિતાધિકારીઓને આપવામાં આવશે.

(ચ) કોઈપણ તકરારના કેસમાં, પક્ષકારો યોગ્ય અરજી સાથે આયોગનો સંપર્ક કરશે. આમ છતાં લોનના વિનિમયને લગતી કોઈ તકરારનો નિર્ણય બાકી હોય તે દરમિયાન, આયોગે પ્રવાહન પરવાનેદારને આપેલા આદેશ પ્રમાણે હિતાધિકારીઓને કરવાની કોઈ ચુકવણી રોકવામાં આવશે નહીં.

(છ) પ્રવાહન પરવાનેદારને દેવા- મોકૂફીની મુદતનો લાભ મળ્યો હોય તો, દેવા-મોકૂફીના વર્ષ દરમિયાન, પ્રશુલ્ક માટે જોગવાઈ કરાયેલ ઘસારા ખર્ચને, તે વર્ષો દરમિયાન પુનર્ચુકવણી તરીકે ગણવામાં આવશે અને લોન મૂડી પરનું વ્યાજ તે પ્રમાણે ગણવામાં આવશે.

(જ) પ્રવાહન પરવાનેદાર, લોનના વિનિમય અને લોન પરના વ્યાજને કારણે કોઈ નફો કરશે નહીં.

(૨) <u>ઘસારા-ખર્ચ સામે પેશગી સહિત ઘસારા ખર્ચ</u>

(ક) <u>ઘસારા ખર્ચ</u>

પ્રશુલ્કના હેતુ માટે ઘસારા ખર્ચ નીચે મુજબ ગણવામાં આવશે, જેમકે,

(૧) ઘસારા ખર્ચના હેતુ માટે, મૂલ્ય આધાર, અસ્કયામતનું ઐતિહાસિક ખર્ચ બનશે.

(૨) ઘસારા ખર્ચ, અસ્કયામતની ઉપયોગી આવરદા પરત્વે સીધી રેખાની પધ્ધતિના આધારે અને કેન્દ્રીય આયોગે ઠરાવેલા દરે ગણવામાં આવશે, જેમકે

અસ્કયામતની બાકીની આવારદા ૧૦% તરીકે ગણવામાં આવશે અને ઘસારા-ખર્ચ, અસ્કયામતના મૂડી ખર્ચના અધિકતમ ૯૦% સુધી છૂટ અપાશે. જમીન એ ઘસારાપાત્ર અસ્કયામત નથી અને તેની કિંમત, અસ્કયામતની ઐતિહાસિક કિંમત ૯૦% ગણતી વખતે મૂડી ખર્ચમાંથી બાદ કરવી. અસ્કયામતના ઐતિહાસિક મૂડી ખર્ચમાં કેન્દ્ર ,સરકાર - આયોગે મંજૂરી આપ્યા પ્રમાણે ૩૧-૩-૨૦૦૪ સુધી વિદેશી હૂંડિયામણ દર તફાવતને કારણે અધિક મૂડીકરણનો સમાવેશ થશે.

(૩) સમગ્ર લોનની ભરપાઈ થતાં, બાકીના ઘસારા મૂલ્યનો અસ્કયામતની બાકીની ઉપયોગી આવરદા પર પ્રસાર કરાશે.

(૪) સંચાલનના પ્રથમ વર્ષથી ઘસારા-ખર્ચ વસૂલાતપાત્ર છે. વર્ષના બાકીના ભાગ માટે અસ્કયામતના સંચાલન કેસમાં, ઘસારા ખર્ચ ભાગે પડતા ધોરણે વસૂલ કરાશે.

(ખ) <u>ઘસારા ખર્ચ સામે પેશગી</u>

પરવાનગીપાત્ર ઘસારા-ખર્ચ ઉપરાંત, પ્રવાહન પરવાનેદારને નીચે આપેલી રીત પ્રમાણે ગણતરી કરીને, ઘસારા ખર્ચ સામે પેશગી આપવાનો હક રહેશે.

AAD = વિનિયમ-૫૩ અનુસાર લોનની રકમના ૧/૧૦ ની ટોચ-કિંમતને અધીન રહીને, નિયમ ૫૫(૧) અનુસાર લોનની રકમની ચુકવણી બાદ અનુસૂચિ પ્રમાણે ઘસારા ખર્ચ.

પરંતુ ચોકકસ વર્ષ સુધીની એકત્રિત ચુકવણી, તે વર્ષ સુધીના એકત્રિત ઘસારા ખર્ચ કરતાં વધી જાય તો ઘસારા ખર્ચ સામે પેશગીની છૂટ મળશે.

પરંતુ વર્ષમાં ઘસારા સામેની પેશગી, તે વર્ષ સુધીની એકત્રિત ચુકવણી અને એકત્રિત ચુકવણી અને એકત્રિત ઘસારા-ખર્ચ વચ્ચેના તફાવતના પ્રમાણમાં મર્યાદિત રહેશે.

દેવું ભરપાઇ કરવાની મુદત વધારવા, નાણાં લેવા પર આધાર રાખવા સહિત વિવિધ તંત્ર-વ્યવસ્થા મારફત પ્રશુલ્કના અગ્ર બોજને ઘટાડવા માન્ય દરે લાંબા ગાળાના દેવાની મુદત એક હરોળમાં લાવવા તમામ પ્રયત્નો કરશે.

INDEX

(૨) ઈક્વિટી પર રિટર્ન

વિનિયમ ૫૩ અનુસાર નક્કી કરાયેલ ઇક્વિટી આધાર પરનું રિટર્ન વાર્ષિક ૧૪% ના દરે ગણાશે. પરંતુ વિદેશી હૂંડિયામણમાં રોકેલી ઈક્વિટી પરનું રિટર્ન તે જ ચલણમાં ઠરાવેલી મર્યાદામાં મળશે અને આ અંગેની ચુકવણી, બિલની તારીખે પ્રવર્તમાન હૂંડિયામણના દરને આધારે ભારતીય રૂપિયામાં કરાશે.

સ્પષ્ટીકરણ

પ્રવાહન પરવાનેદારે, પરિયોજનાની નાણાં-વ્યવસ્થા માટે તેની મુકત અનામતમાંથી ઊભા કરેલા આંતરિક સાધનોનું મૂડી રોકાણ અને શેર-મૂડી ઈશ્યૂ કરતી વખતે ઊભું કરેલ પ્રિમિયમ, જો હોય તો, ઈક્વિટી પરના રિટર્નની ગણતરી કરવાના હેતુ માટે ભરપાઈ કરાયેલ મૂડી તરીકે ગણવામાં આવશે, પરંતુ આવા પ્રિમીયમની રકમ તથા આંતરિક સાધનોનો ઉપયોગ, ખરેખર, પરિયોજનાના મૂડી ખર્ચને પહોંચી વળવા કરવામાં આવશે અને મંજૂર કરેલ નાણાકીય પેકેજનો ભાગ બનશે. ઇક્વિટીની વ્યાખ્યામાં એકમની મૂડીમાં રોકેલ ચોખ્ખા મૂલ્યને આવરી લેવાશે. આમાં અનામત રકમ અને આર્થિક સહાયના કોઇ પુન:મૂલ્યાંકનનો સમાવેશ કરાશે નહીં.

(૩) **સંચાલન અને જાળવણી ખર્ચ**

(ક) સંચાલન અને જાળવણી ખર્ચ માટેના ધોરણો, ckt-km અને bay દીઠ નીચે પ્રમાણે રહેશે. જેમકે,

ckt-km દીઠ અને bay સંચાલન અને જાળવણી ખર્ચ માટેના ધોરણો

	વર્ષ ૨૦૦૪-૦૫	વર્ષ ૨૦૦૫-૦૬	વર્ષ ૨૦૦૬-૦૭	વર્ષ ૨૦૦૭-૦૮	વર્ષ ૨૦૦૮-૦૯
સંચાલન અને જાળવણી ખર્ચ માટેના ધોરણો, ckt-km દીઠ (રૂ.લાખમાં)	૦.૨૨૭	૦.૨૩૬	૦.૨૪૬	૦.૨૫૫	૦.૨૬૬
સંચાલન અને જાળવણી ખર્ચ બે દીઠ (રૂ.લાખમાં)	૨૮.૧૨	૨૯.૨૫	૩૦.૪૨	૩૧.૬૩	૩૨.૯૦

(ખ) પ્રવાહન પરવાનેદાર માટે કુલ મળવાપાત્ર વ્યવસ્થા અને જાળવણી ખર્ચની ગણતરી, બે ની સંખ્યા અને ckt-km લાઈન લંબાઈને અનુક્રમે બે દીઠ અને ckt-km દીઠ સંચાલન અને જાળવણી ખર્ચ માટેના લાગુ પડતાં ધોરણો સાથે ગુણીને કરવામાં આવશે.

(૫) કાર્યકારી મૂડી પર વ્યાજ

(૧) કાર્યકારી મૂડીમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) એક મહિના માટે સંચાલન અને જાળવણી ખર્ચ

(ખ) વાણિજ્યિક સંચાલનની તારીખથી વાર્ષિક ૬% ના વધારેલા ઐતિહાસિક ખર્ચના ૧% ના દરે જાળવણી - બચતની રકમ

(ગ) લક્ષ્યાંક પ્રાપ્યતા સપાટીએ ગણી કાઢેલ બે મહિનાના પ્રવાહન ખર્ચના જેટલી મળવાપાત્ર રકમ.

(૨) કાર્યકારી મૂડી પરના વ્યાજના દર, સાધારણ ધોરણ મુજબ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ૧-૪-૨૦૦૪ ના રોજ અથવા જે વર્ષે પરિયોજના કે તેના ભાગને વાણિજ્યિક સંચાલન હેઠળ જાહેર કરવામાં આવે

INDEX

તે વર્ષની ૧ લી એપ્રિલના રોજ, બે માંથી જે મોડું હોય તે પ્રમાણે ટૂંકા ગાળાના મુખ્ય ધીરધાર દરની બરાબર રહેશે. પ્રવાહન પરવાનેદારે કોઈ બહારની સંસ્થા પાસેથી કાર્યકારી મૂડી લોન ન લીધી હોય અથવા જુદા જુદા દર અને રકમોએ લીધી હોય તેમ છતાં કાર્યકારી મૂડી પરનું વ્યાજ સાધારણ ધોરણે ચૂકવવાપાત્ર થશે.

(૫૬) **પ્રવાહન ખર્ચની ચુકવણી** : વિનિયમ-૫૦ માં નકકી કરેલી લક્ષ્યાંકિત પ્રાપ્યતાના ધોરણે પૂરેપૂરું વાર્ષિક પ્રવાહન ખર્ચ વસૂલ કરવાનું રહેશે. લક્ષ્યાંક પ્રાપ્યતાથી નીચેના પ્રવાહન ખર્ચની ચુકવણી ભાગે પડતા ધોરણે કરાશે. પ્રવાહન ખર્ચ, માસિક ધોરણે ગણવામાં આવશે.

(૫૭) **આંતર રાજય અસ્કયામતો માટે ખર્ચનો હિસ્સો** : રાજય પ્રવાહન પ્રણાલીના લાંબા ગાળાના એક કરતાં વધુ પ્રવાહન ગ્રાહકોના કેસમાં, દરેક લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહક પાસેથી વસૂલ કરવાપાત્ર માસિક પ્રવાહન ખર્ચ, નીચેના સૂત્રને ધોરણે ગણવામાં આવશે.

પ્રવાહન પ્રણાલીના લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહક દ્વારા આંતર પ્રાદેશિક પ્રણાલી માટે દર મહિને ચૂકવવાપાત્ર પ્રવાહન ખર્ચ.

$$= \left(\sum_{i=1}^{n} \left(\frac{TCi}{12} \right) - TRSC \right) \times \frac{CL}{SCL}$$

જયાં,

TCi= વિનિયમ ૫૬ અનુસાર ગણી કાઢેલ રાજયની પરિયોજના ith માટે વાર્ષિક પ્રવાહન ખર્ચ.

n = પ્રદેશમાં પરિયોજનાની સંખ્યા

TRSC = ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજય પ્રવાહન વિનિયમો, ૨૦૦૪ માં ખુલ્લોપ્રવેશ) અનુસાર પ્રાદેશિક પ્રવાહન પ્રણાલી માટે ટૂંકા ગાળાના પ્રવાહન ગ્રાહકો પાસેથી દર મહિને પ્રવાહન ખર્ચની કુલ વસૂલાત.

CL = લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકને ફાળવેલ પ્રવાહન ક્ષમતા / શકિત

SCL= રાજય પ્રવાહન પ્રણાલીના તમામ લાંબા ગાળાના પ્રવાહન ગ્રાહકોને ફાળવેલ પ્રવાહન ક્ષમતા શકિતનો સરવાળો.

(૫૮) **પ્રોત્સાહન** : (૧) પ્રવાહન પરવાનેદાર, નીચેના સૂત્ર મુજબ, વિનિયમ ૫૧ અનુસાર લક્ષ્યાંકિત પ્રાપ્યતા કરતાં વધુ વાર્ષિક પ્રાપ્યતા અંગે વધારાના દરો ટકાવારી પોઇન્ટ માટે ઇકિવટી ૧%

પ્રોત્સાહન = ઇકિવટી X (સિધ્ધ કરેલ વાર્ષિક પ્રાપ્યતા) / ૧૦૦

(૨) લાંબા ગાળાના ગ્રાહકોને, વર્ષ માટે તેમને ફાળવેલ સરેરાશ પ્રવાહન શકિતના ગુણોત્તરમાં પ્રોત્સાહક રકમ વહેંચવામાં આવશે.

(૫૯) **રિબેટ** : શાખ-પત્ર રજૂ કર્યેથી પ્રવાહન બિલોની ચુકવણી પર ૨% રિબેટ આપવામાં આવશે. જયાં પ્રવાહન પરવાનેદાર, પાછળથી શાખપત્ર ખોલીને કે અન્યથા, પરંતુ બિલો રજૂ કર્યાના એક મહિનાની અંદર ચુકવણી કરે ત્યાં ૧% રિબેટની છૂટ અપાશે.

(૬૦) **વિલંબિત ચુકવણી સરચાર્જ** : હિતાધિકારી(ઓ) દ્વારા ક્ષમતા ખર્ચ અને વીજળી ખર્ચનાં બિલોની ચુકવણી કરવામાં, બિલની તારીખથી ૬૦ દિવસ કરતાં વધુ વિલંબ કરે તો, કંપની માસિક ૧.૨૫% ના દરે વિલંબિત ચુકવણીનો સરચાર્જ વસૂલ કરશે.

INDEX

પ્રકરણ - ૫

વિતરણ

(૬૧) **વ્યાખ્યાઓ**

"પુરવઠાનો વિસ્તાર" એટલે વિતરણ પરવાનેદાર જે વિસ્તારમાં વીજપુરવઠો પૂરો પાડવા પોતાના લાઈસન્સથી અધિકૃત હોય તે વિસ્તાર

"બોર્ડ" એટલે ૧૯૪૮ના વીજળી (પુરવઠા) અધિનિયમની કલમ-૫ ની પેટા-કલમ-૧ અન્વયે રચવામાં આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડ

"ગ્રાહક" એટલે અધિનિયમ કે તે સમયે અમલમાં હોય તેના કોઈ પણ અન્ય કાયદા અન્વયે લોકોને વીજળી પૂરી પાડવાના ધંધામાં રોકાયેલ પરવાનેદાર કે સરકાર કે બીજી કોઈ વ્યકિત દ્વારા જેને તેના પોતાનાં ઉપયોગ માટે વીજળી પૂરી પાડવામાં આવે તે વ્યકિત અને તેમાં પરવાનેદાર, સરકાર કે આવી બીજી વ્યકિત, જે હોય તેના કારખાના / કામના સ્થળ સાથે વીજળી મેળવવા માટે જેમનાં મકાનોને તત્સમય પૂરતું જોડવામાં આવે તેવી કોઈપણ વ્યકિતનો સમાવેશ થાય છે.

"વિતરણ પરવાનેદાર" એટલે પોતાના પુરવઠાના વિસ્તારમાં ગ્રાહકોને વીજળી પૂરી પાડવાની વિતરણ પ્રણાલીનું સંચાલન અને જાળવણી કરવા અધિકૃત વ્યકિત.

"ખુલ્લો પ્રવેશના ગ્રાહક" રાજ્યના આયોગે, પોતાના પુરવઠા વિસ્તારના વિતરણ પરવાનેદાર સિવાયની બીજી વ્યકિત પાસેથી વીજળી મેળવવાની છૂટ આપી હોય તેવો ગ્રાહક, અને આ શબ્દમાં ખુલ્લા પ્રવેશનો લાભ મેળવવો હોય અથવા લાભ મેળવવાનો ઇરાદો હોય તેવી વીજ ઉત્પાદન કંપની અને પરવાનેદારનો સમાવેશ થાય છે.

અહીં વાપરેલા અને કોઈપણ વિનિયમમાં વ્યાખ્યા નહીં અપાયેલા શબ્દો અને શબ્દસમૂહોના અર્થ, અધિનિયમમાં વ્યાખ્યા અપાયેલ અર્થ મુજબ થશે.

(૬૨) **અપેક્ષિત મહેસૂલ ગણવાની કાર્યપધ્ધતિ**

તમામ પરવાનેદારો તેમજ વીજ ઉત્પાદન કંપનીઓ ધરાવતા પરવાનેદારો, આયોગને, ૨૦૦૪ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય-સંચાલન) વિનિયમોના સંદર્ભમાં અન્ય માહિતી તથા વિગતો સાથેની ગણતરી અંગેની વિગતો નીચે જણાવ્યા મુજબ નિર્દિષ્ટ ફી, વગેરે સાથે મોકલશે.

આયોગ, પોતે વીજઉત્પાદન કંપની ધરાવતા પરવાનેદારો સહિતના પરવાનેદારોને પ્રશુલ્કમાં અને અન્ય ચાર્જમાં ફેરફાર અંગે આવી અરજી દાખલ કરવા જણાવી શકે અને કાર્ય સંચાલન વિનિયમો અનુસાર તેમાં દર્શાવેલી રીત પ્રમાણે અને સમયે તે અરજી ફાઈલ કરાશે.

આયોગ, ગુજરાત રાજયની અંદર, વીજ ઉત્પાદન પુરવઠો, પ્રવાહન, વીજળીના વ્હીલીંગ, જથ્થાબંધ, થોકબંધ કે છૂટક ધંધા માટે પ્રશુલ્ક નકકી કરશે. આ ઉપરાંત, આયોગ, યુટિલિટિ દ્વાર ગ્રાહકોને, જેમ કે ગ્રિડ સહાય ચાર્જ, પૂરી પડાતી સેવાઓ પેટે ચાર્જ નકકી કરશે.

અધિનિયમના ભાગ-૧૦ માં સમાવિષ્ટ કંઈપણ હોય તેમ છતાં, અધિનિયમની કલમ ૬૪(૫) માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર, ગુજરાત રાજયમાં વીજળીનું વિતરણ અને તેની ચુકવણી કરવા માગતા પરવાનેદારો બાબતમાં, બે રાજયોને આવરી લેતાં વીજળીના કોઈપણ આંતર-રાજય પુરવઠા, પ્રવાહન કે વ્હીલીંગ માટેનું પ્રશુલ્ક પણ આયોગ દ્વારા નકકી કરાશે.

પરંતુ, શરત એ કે, કલમ ૪૨ અન્વયે જે પ્રકારના ગ્રાહકોને ખુલ્લા પ્રવેશની છૂટ હોય ત્યાં, આયોગ, આવા પ્રકારના ગ્રાહકો માટે, માત્ર વ્હીલીંગ ચાર્જ અને તેના પરનો સરચાર્જ, જો હોય તો, નકકી કરશે.

વધુમાં, કલમ-૪૨ અન્વયે આયોગે કેટલાક ગ્રાહકોને ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય તો, કલમ-૬૨ ની પેટા-કલમ ૧ ના ખંડ(ઘ) માં સમાવિષ્ટ જોગવાઈઓ હોવા છતાં, આવા ગ્રાહકો, તેમને કરેલી સમજૂતિની શરતોએ, વીજળી પુરવઠા કે ખરીદી માટે કોઈપણ વ્યકિત સાથે કરાર કરી શકશે.

વધુમાં, આ વિનિયમોમાં સમાવિષ્ટ ગમે તે હોય તેમ છતાં, કેન્દ્ર સરકારે ઈશ્યૂ કરેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર બોલીની પારદર્શક પ્રક્રિયા દ્વારા આવું પ્રશુલ્ક નકકી કરવામાં આવ્યું હોય તો, આયોગ તે પ્રશુલ્ક અપનાવશે.

INDEX

(૬૩) <u>પ્રશુલ્ક નિર્ધારણ માટેની શરતો</u>

આયોગની સત્તાઓના સામાન્યપણાને બાધક બન્યા સિવાય, પરંતુ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, આયોગ પ્રશુલ્ક નકકી કરતી વખતે અધિનિયમની કલમ-૬૧ અન્વયે માર્ગદર્શન મેળવશે.

પરંતુ આયોગ નીચેની બાબતોને પણ લક્ષમાં રાખશે અને તેને લગતી આવશ્યકતાઓ દ્વારા માર્ગદર્શન મેળવશે.

પર્યાવરણલક્ષી ધોરણોનું પાલન,

સલામતી ધોરણોનું પાલન,

વિવિધ વૈધાનિક જરૂરિયાતોનું પાલન,

પ્રાપ્ય વીજળીના યોગ્ય અને કરકસરયુકત ઉપયોગને પ્રોત્સાહન આપવા અને બિનજરૂરી તથા નિરર્થક ઉપયોગને નિરુત્સાહી બનાવવા પ્રશુલ્ક તંત્ર વ્યવસ્થા મારફત ઊર્જા સંરક્ષણની આવશ્યકતાનું પાલન,

પ્રણાલીની વિશ્વસનીયતા સુધારવા અનામત શકિતની જરૂરિયાત, આવાં ધોરણોને લગતાં પ્રોત્સાહનો તથા દંડનો સમાવેશ કરવા સહિત આયોગે નિર્દિષ્ટ કરેલ કે આદેશ આપ્યા મુજબ કામગીરીના ધોરણો કે અન્ય ધોરણો,

વીજળીના લગતા બજારનો વિકાસ,

ગ્રાહકના હિતમાં અને યુટિલિટિની જરૂરિયાત પ્રમાણે સમાજના વિવિધ વર્ગોને વીજળીની તેમની જરૂરિયાત પરવડે તેવા દરે પૂરી પાડવાની ક્ષમતા.

બિનપરંપરાગત ઊર્જાનાં સાધનોની જરૂરિયાત અને તેને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા.

યુટિલિટિ અને ગ્રાહકો બંનેનું રક્ષણ કરવા ચોકકસ વર્ષ કે અમુક વર્ષોમાં અચાનક પ્રશુલ્ક આંચકા માટે ગ્રાહકોને દૂર રાખવાની જરૂરિયાત અને આવશ્યકતા.

પરંતુ આયોગે પ્રશુલ્ક નકકી કરતી વખતે, ગાહક હિસાબ, પ્રશુલ્ક અને ડિવિડન્ડ નિયંત્રણ હિસાબ અન્વયે હાલની અને ભાવિ સિલકો, વણવહેંચાયેલ રિબેટ, વિકાસલક્ષી સિલક, આકસ્મિક અનામત, વિલંબિત કર અનામત તેમજ તેની સાથે હાલના પરવાનેદારો માટે મૂડી રોકાણ અને આવકને લક્ષમાં રાખવાં.

પરંતુ વધુમાં આયોગ, નીચેના કોઈપણ પરિબળોને આધારે અથવા કેટલાક પરિબળોના કોઈપણ સંયોજનને આધારે પ્રશુલ્કમાં ભેદ પાડી શકશે, જેમ કે, ગ્રાહકનો વીજભાર ઘટક, વીજળી ઘટક, વોલ્ટતા, કોઈપણ નિર્દિષ્ટ મુદત દરમિયાન કે સમયે જરૂરી વીજ પુરવઠાનો કુલ વપરાશ, કે વિસ્તારની ભૌગોલિક સ્થિતિ, પુરવઠાનું સ્વરૂપ તથા પુરવઠો જે હેતુ માટે જરૂરી હોય તે હેતુ. આયોગ, પ્રાપ્ય પરિબળો / વિગતો / માહિતી, અથવા દરેક કેસમાં તેને યોગ્ય જણાય તેવી બીજી કોઈ માહિતીને આધારે, ઉપર દર્શાવેલ એક કે વધુ પરિબળોનો હેતુ સિધ્ધ કરવા અને ગ્રાહકો, પરવાનેદારો/ વીજઉત્પાદન કંપની અને / અથવા સંપૂર્ણ વીજળી સિસ્ટમના એકંદર હિતને લક્ષમાં રાખીને, અલગ કર નકકી કરી શકશે અથવા બીજી કોઈ પધ્ધતિ દ્વારા મૂળભૂત પ્રશુલ્ક અંગે વધારાના ફેરફાર, પ્રોત્સાહનો, દંડ વગેરે નાંખી શકશે.

(૬૪) આયોગ, વિનિયમ-૬૩ માં સમાવિષ્ટ ઉપરના સિધ્ધાંતોનું તે પોતાના સંપૂર્ણ વિવેકાધિકાર પ્રમાણે અનુસરણ કરશે, અને દરેક કેસમાં તે જરૂરી જણાય તેટલા પ્રમાણમાં લાગુ પાડશે. આયોગ, તેના પોતાના વિવેકાધિકાર પ્રમાણે, દરેક આવા કેસમાં પ્રગટ થયેલી હકીકતોને લક્ષમાં રાખીને, કોઈ એક સિધ્ધાંત, અથવા એક કરતાં વધુ સિધ્ધાંતોના સંયોજનો પર કેટલા પ્રમાણમાં ભરોસો રાખવો તે નકકી કરશે.

વિતરણ પરવાનેદારો માટે પ્રશુલ્ક નિર્ધારણની શરતોના વિનિયમ-૬૩ ને અધીન રહીને, આયોગ પોતાને યોગ્ય જણાય તેવા સુધારા વખતો વખત કરશે.

પરંતુ નાણાકીય શરતો અને કેન્દ્રીય આયોગે નિર્દિષ્ટ કરેલ રાષ્ટ્રીય વીજ-નીતિ અને પ્રશુલ્ક નીતિ અથવા સિધ્ધાંતો અને પધ્ધતિ વચ્ચે તફાવત હોય તો, આયોગ તેના દ્વારા માર્ગદર્શન મેળવશે, જો કે વિનિયમ-૬૩ ની અન્ય જોગવાઈઓને અધીન રહીને, તેને યોગ્ય રીતે ધ્યાનમાં પણ લેવામાં આવશે.

(૬૫) (ક) બળતણ અને વીજળી ખરીદીને કારણે સમાયોજન કરવા માટે હોય તે સિવાય માત્ર વર્ષમાં એક વાર સામાન્ય રીતે પ્રશુલ્કમાં સુધારો કરવામાં આવશે. આમ છતાં, સૂત્ર હેઠળ માન્ય (૧) ટેકનિકલ અને વાણિજ્યિક ઘટ અને (૨) વીજળીના સ્વ-વપરાશ ઉપરાંતના કોઈ વધારા પર, બળતણ અને વીજળી ખર્ચની કોઈ ભરપાઈ કરાશે નહીં.

INDEX

(ખ) પ્રશુલ્કમાં પાછળી તારીખથી ફેરફાર કરવાની ફરજ પાડતું કારણ હોય તે સિવાય એફપીપીપીએ (FPPPA) ના સમાયોજન માટે હોય તે સિવાય યોગ્ય નોટિસ આપીને, અપેક્ષિત તારીખથી સામાન્ય રીતે પ્રશુલ્કમાં સુધારણા કરી શકાશે, અને તે કેસમાં, આયોગે વિગતવાર વાજબીપણું લેખિતમાં જણાવવાનું રહેશે.

(ગ) આયોગે મંજૂર કરેલ મૂડી ખર્ચ કાર્યક્રમમાં ન આવતું અને એક નાણાકીય વર્ષ કે એક કરતા વધુ નાણાકીય વર્ષમાં વધી જતું, એક વ્યકિત / બાબતના એક સદર માટે રૂા.૨ કરોડ અથવા એકંદર નિયત અસ્કયામતો ૧% બે માંથી જે ઓછું હોય તે રકમનું કોઈ મૂડી ખર્ચ કરતાં પહેલા, પરવાનેદાર કે વીજ ઉત્પાદન કંપની, પ્રશુલ્કના હેતુસર તે માટેનું ખર્ચ કરતાં પહેલા, આયોગની મંજૂરી મેળવશે. આવી તમામ બિનમંજૂર મૂડી બાબતો પરનું મૂડી ખર્ચ કરવા માટેની એકંદર વાર્ષિક મર્યાદા રૂા.૧૫ કરોડ કે એકંદર નિયત અસ્કયામતની ખુલતી સિલકના ૨%, જે ઓછું હોય તેના કરતાં વધવી જોઈએ નહીં.

(ઘ) પરંતુ, અસ્કયામતો, જિંદગી, પ્રણાલી (સિસ્ટમ) કે સુગમ પુરવઠાની સલામતી પર જેની અસર પડવાને કારણે અથવા આવા બીજા કારણોને લીધે કટોકટી કે તાકીદના સંજોગોમાં, પરવાનેદાર કે વીજ ઉત્પાદન કંપની, આયોગની મંજૂરી લેતા પહેલા જરુરી ખર્ચ કરે તો, જેને કારણે પૂર્વ-મંજૂરી લેવી શકય ન હોય તે સંજોગો સાથે તે અંગેની જાણ આયોગને કરશે.

(ચ) પરંતુ આયોગ, પ્રસ્તુત તમામ દસ્તાવેજો સાથે અરજી ફાઈલ કર્યાના પંદર દિવસની અંદર આવું ખર્ચ કરવાનો ઈન્કાર ન કરે કે પોતાની સંમતિ ન આપે તો, પરવાનેદાર / વીજ ઉત્પાદન કંપની એમ માની લેશે કે પ્રશુલ્ક નકકી કરવા માટે તેનો સમાવેશ કરવામાં આયોગને કોઈ વાંધો નથી.

(છ) પરંતુ ઉપર સમાવિષ્ટ કાંઈપણ હોય તેમ છતાં, ઉપરની કાર્યપધ્ધતિ, પ્રશુલ્ક અરજીમાં સમાવિષ્ટ કર્યા પ્રમાણે, આયોગે મંજૂર કરેલ હોય તેટલા પ્રમાણમાં મૂડી ખર્ચ કાર્યક્રમને લાગુ પડશે નહીં.

(જ) આયોગ, કોઈપણ સમયે, તેના પોતાના વિવેકાધિકાર પ્રમાણે આ વિનિયમની કોઈપણ જોગવાઈમાં ફેરફાર, પરિવર્તન, સુધારો, ઉમેરો કે ફેરફાર કરી શકશે.

(ઝ) આ વિનિયમની કોઈપણ જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો, આયોગ, લેખિતમાં નોંધવાના કારણોસર, મુશ્કેલી દૂર કરવા જરૂરી જણાય તે પ્રમાણે સામાન્ય કે ખાસ હુકમ દ્વારા પરવાનેદાર કે ગ્રાહકને અધિનિયમની જોગવાઈથી સુસંગત ન હોય તેવા યોગ્ય પગલા લેવા પરવાનેદાર કે ગ્રાહકને ફરમાવી શકશે.

આ વિનિયમમાંનું કશું પણ ન્યાયના ધ્યેય પરિપૂર્ણ કરવા અથવા આયોગની પ્રક્રિયાનો દુરુપયોગ થતો અટકાવવા જરૂરી જણાય તેવા આદેશો આપવાની આયોગની નિહિત સત્તાને, મર્યાદિત કે અન્યથા કોઈ અસર થતી હોવાનું ગણાશે નહીં.

(૬૬) **<u>સિધ્ધાંતો, પ્રશુલ્ક નિર્ધારણ માટેની શરતો તેમજ વિતરણ પરવાનેદારને તે લાગુ પડવા બાબત</u>**

પ્રશુલ્ક એવી રીતે નિયત કરાશે કે, પરવાનેદાર સામાન્ય રીતે, કોઈપણ નાણીકીય વર્ષમાં પરવાનગીપાત્ર વળતર કમાઈ શકે, જેમાં અધિનિયમ / વિનિયમો અન્વયે, તે વર્ષ માટે, મૂડી ખર્ચમાં રોકેલ ૧૪% ઈકિવટી હાલના દેવા-ઇકિવટીવાળા માળખામાં વીજળીનો વેપાર કરવાના હેતુસર જથ્થાના પ્રમાણમાં વહેંચણી વત્તા પરવાનગી અપાયેલા પ્રોત્સાહનો બાદ વસૂલાતપાત્ર દંડનો હાલના દેવા-ઇકિવટીવાળા માળખામાં વીજળીનો વેપાર કરવાના હેતુસર જથ્થાના પ્રમાણમાં વહેંચણી પરવાનેદાર માટે એકંદર ટેકનિકલ અને વાણિજિયક ઘટ (AT & C) પરના સામાન્ય લક્ષ્યાંકનું પરિણામ પ્રોત્સાહનોમાં આવશે. આયોગ, બહુવર્ષીય પ્રશુલ્ક સિધ્ધાંતો અંગેના વિનિયમ અનુસાર એટી/સી લક્ષ્યાંકો નક્કી કરશે. આમાં પુન:મૂલ્યાંકન કરાયેલ અનામત રકમો અને આર્થિક સહાયનો સમાવેશ થશે નહીં. આ માટે ચુકવાયેલી ઇકિવટી મૂડી, તે વર્ષ માટેની ચૂકવાયેલી ઇકિવટી મૂડીની ખુલતી અને બંધ થતી સિલકની સરેરાશ રહેશે.

આ હેતુ માટેનો નફો એટલે પરવાનેદારના કાબૂમાં હોય તેવા કારણોને લીધે જતી કરેલી કે નહીં મેળવેલી આવક સહિત વીજળીના ધંધામાંથી આવકની કુલ રકમ તથા વીજળીના ધંધાને લગતી તેની અસ્કયામતો અને સાધનોનો વીજળીના ધંધા સિવાય બીજા માટેના ઉપયોગ સહિત અન્ય ધંધામાંથી આવકના પ્રસ્તુત ભાગ વચ્ચેનો તફાવત બાદ વીજળી કે વીજળીને લગતા ધંધા પર અથવા આવી આવકના પ્રમાણને અધીન રહીને જેને માટે આવકની ગણતરી કરાય તે અન્ય ધંધા માટે યોગ્ય રીતે કરાયેલ વાજબી અધિકૃત ખર્ચ.

INDEX

નફા અને મળવાપાત્ર રિટર્ન વચ્ચેનો તફાવત નીચે મુજબ હાથ ધરાશે. ૫૦% પરવાનેદાર પાસે રહેશે અને બાકીની ૫૦% રકમ ગ્રાહકના ખાતે જશે અને પ્રસ્તુત કે પછીના વર્ષો માટે FPPPA નકકી કરતી વખતે અથવા પછીના વર્ષો માટે પ્રશુલ્ક નકકી કરતી વખતે ધ્યાનમાં લેવાશે.

આવકમાં કોઈપણ પ્રાપ્તિસ્થાનમાંથી થયેલી તમામ આવકનો સમાવેશ થશે, પરંતુ નીચેની બાબતો પૂરતું મર્યાદિત રહેશે નહીં.

(૧) ઊર્જાનું વેચાણ - ઊર્જાના ખરેખરા વેચાણમાંથી એકંદર આવક બાદ આયોગના આદેશને આધારે આપેલ વટાવ / રિબેટ

(૨) ગ્રાહકોને ભાડે આપેલ મીટરો, પ્લાન્ટ, સાધનસામગ્રી અને અન્ય ઉપકરણોનું ભાડુ

(૩) મૂડી આવક સિવાય, મરામત કે કોઈ વેચાણ કે અન્ય સેવાની રીતે ગ્રાહકોને સર્વિસ

(૪) નિયત અને માગણા થાપણો તથા બીજી કોઈ વ્યાજની આવક સહિત મૂડી રોકાણો, બેન્ક સિલકો પર વ્યાજ

(૫) અસ્કયામતોનાં વેચાણ પર નફો.

(૬) ઊર્જાનું વ્હીલીંગ

(૭) ઊર્જાનું પ્રવાહન

(૮) અધિનિયમની કલમ ૪૨(૨) અન્વયે ક્રોસ સહાયકી સરચાર્જ

(૯) કલમ ૪૨(૪) અન્વયે વધારાનો સરચાર્જ

(૧૦) અગાઉ પ્રશુલ્કમાં ખર્ચ તરીકે માન્ય કરેલ કોઈપણ ખર્ચ અથવા સંભવિત ખર્ચ સામે અન્ય સ્ત્રોતોમાંથી થતી કોઈપણ આવક કે રિફંડ

(૧૧) વીજ પુરવઠામાંથી અથવા તેને સહાયક કે પ્રાસંગિક ધંધામાંથી થતી બીજી તમામ સામાન્ય આવક.

(૧૨) બીજા ધંધા માટેની અસ્કયામતોના ઉપયોગ સહિત અધિનિયમ / વિનિયમોના સંદર્ભમાં, ખરેખર વસૂલ કરેલી કે ન કરેલી બીજી સામાન્ય આવકો

નીચેની બાબતો પર કરવાનું વાજબી અને ખરેખર અધિકૃત યોગ્ય ખર્ચ

(૧) ઊર્જાની ખરીદી

(૨) નીચે આવરી લીધેલ, વ્યવસ્થા-મહેનતાણા સિવાયનું પગાર અને વેતન તથા કર્મચારી કલ્યાણ માટેનું ખર્ચ

(૩) નિયામકનું મહેનતાણું, ફી, સુવિધાઓ સહિત ખર્ચ

(૪) સંસ્થાપિત કચેરી / નાંધાયેલી કચેરીના પગાર અને વેતન

(૫) શિક્ષાત્મક વ્યાજ ખર્ચ સિવાયનું નાણા વ્યવસ્થા ખર્ચ

(૬) મૂડીકૃત અસ્કયામતો માટે ઉછીની લીધેલી લોન પર વ્યાજ ખર્ચ

(૭) ગ્રાહકો પાસેથી, મંજૂર વસૂલી બાકી રકમના પ્રમાણમાં હંગામી વ્યવસ્થા પર વ્યાજ

(૮) કાર્યકારી મૂડી સુવિધાઓ પર વ્યાજ - જેમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(ક) એક મહિના માટે સંચાલન અને જાળવણી ખર્ચ

(ખ) વાણિજ્યિક સંચાલનની તારીખથી ૬% ના દરે વધારેલ ઐતિહાસિક ખર્ચના ૧% ના દરે જાળવણી રકમ

(ગ) બે મહિનાના વેચાણની સમતૂલ્ય મળવાપાત્ર રકમ

(૯) સંચાલન હિસાબ પર લાગુ પાડવાપાત્ર નાણા-વ્યવસ્થા ખર્ચ

(૧૦) ગ્રાહકો પાસેથી રોકડ જામીન અનામતો પર વ્યાજ

(૧૧) ગ્રાહકો પાસેથી વેચાણ, કોઈ હોય તો, તેની સામે પેશગીની રકમ પર વ્યાજ

INDEX

(૧૨) યોગ્ય મંજૂરી લઈને અને મૂડીકૃત ન કરેલ વિદેશી-ચલણની લોનના કેસમાં વિદેશી હૂંડિયામણ દરના તફાવતની અસર

(૧૩) આયોગે મંજૂર કરેલ અને ખરેખર ઉપયોગમાં હોય તેવા મૂડી રોકાણ કાર્યક્રમ પર આધારિત મૂડીકૃત અસ્કયામતો પર ઘસારા ખર્ચ, અસ્કયામતની ઉપયોગી આવરદા અંગે સીધી રેખાની પધ્ધતિ પર આધાર રાખીને અને કેન્દ્રીય આયોગે મંજૂર કરેલા દરે વાર્ષિક રીતે ગણવામાં આવશે.

(૧૪) આવક, નફો ને ડિવિડન્ડ કરને લગતા તમામ કર સિવાયના અન્ય ભાડા, દર અને વેરા,

(૧૫) કાનૂની ખર્ચ

(૧૬) ઓડિટરનો ખર્ચ, ઓડિટરની ફી, ઓડિટરનો ખર્ચ-ઓડિટરોને તેમની બીજી કોઈ હેસિયતની રૂએ અથવા તેમની પાસે કરાવવું જરૂરી અને ઓડિટ કરાવેલ કોઈપણ કામ માટે તેમને કરવાની ચુકવણી.

(૧૭) જે કામ કચેરીમાં ન કરી શકાય અથવા કચેરીમાં કરવું કરકસરયુક્ત ન હોય અથવા ઓડિટરોને ચુકવણી સિવાયના બહારના સ્ત્રોત દ્વારા કામ કરાવવું આવશ્યક હોય તેવા કામ માટે સલાહ-ખર્ચ.

(૧૮) આયોગની મંજૂરીને અધીન ખરેખર માંડવાળ કરેલ, ઘાલખાધ,

(૩) એકંદર ૧૫ મે.વો સુધીની ક્ષમતા સાથેના વીજ ઉત્પાદન મથકોનું વિનિયમન, સટ્ટો નિવારવા કેન્દ્રિય વિદ્યુત નિયંત્રક આયોગની શરતો અનુસાર નીચે પ્રમાણે કરાશે.

(ક) ૧૫ મિનિટના કોઇપણ સમયડાટકમાં જાહેર કરેલી ૧૦૫% ની ક્ષમતા સુધીના અને દિવસ પર્યંત જાહેર કરેલી સરેરાશ ૧૦૧% એકંદર ક્ષમતા સુધીના કોઇપણ ઉત્પાદનને 'સટ્ટો થતો' હોવાનું ધરાવવામાં નહીં આવે અને નિયત જાહેર કરેલી વીજ ઉત્પાદન ક્ષમતા કરતાં વધુ ઉત્પાદન માટે વીજ ઉત્પાદન ક્ષમતા કરતા ઉત્પાદન માટે વીજ ઉત્પાદક યુ.આઇ ચાર્જ માટે હકદાર બનશે.

(ખ) ઠરાવેલી મર્યાદા ઉપરાંતના કોઇપણ વીજ ઉત્પાદન માટે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર તપાસ કરશે. જેથી ખાતરી કરી શકાય કે તેમાં કોઇ સટ્ટો નથી અને રાજય વીજભાર રવાનગી કેન્દ્રને તેમાં કોઇ સટ્ટો કરાયાનું જણાય તો, આવા વધારાના વીજ ઉત્પાદન અંગે વીજ-ઉત્પાદન મથકની લેણી નીકળતી આનુષાંગિક યુ.આઇ ચાર્જની રકમ ઘટાડીને શૂન્ય કરાશે અને વીજ ઉત્પાદન મથકના તેમની ક્ષમતાના હિસ્સાના ગુણોત્તરમાં અધિકારીઓના યુ.આઇ હિસાબમાં તે રકમ સરભર કરાશે.

૧૬. **જામીન અનામત અને અન્ય વાણિજ્યિક શરતો**

(૧) ૩ મહિના કરતાં વધુ ખુલ્લા પ્રવેશ માટેના ચાર્જ પેટે જામીનની ચૂકવણી તરીકે, સહામતિ સધાયેલ કરાર-માગ અથવા અનુસૂચિત ઉપાડને આધારે સરેરાશ ૩ મહિનાના બિલ જેટલી અનામત, રાજય પ્રવાહન યુટિલિટિ પાસે રાખવામાં આવશે.

(૨) ૩ મહિના કરતાં વધુ ખુલ્લા પ્રવેશ માટે, રાજય વીજભાર રવાનગી કેન્દ્રના ચાર્જ પેટે જામીનની ચુકવણી, રાજય વીજભાર રવાનગી કેન્દ્રના ૩ મહિનાના ચાર્જની બરાબર અનામત રકમ, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર પાસે રાખવામાં આવશે.

(૩) વ્હીલીંગ ચાર્જ, સરચાર્જ અને વધારાના સરચાર્જ પેટે ત્રણ મહિના કરતાં વધુ ખુલ્લા પ્રવેશ માટેની જામીન ચુકવણી તરીકે, આ ચાર્જના સરેરાશ બિલના ૩ મહિનાના ચાર્જ જેટલી અનામતની રકમ, પુરવઠા વિસ્તારના વિતરણ પરવાનેદાર પાસે રાખવામાં આવશે.

પરંતુ, ત્રણ મહિના સુધીના ખુલ્લા પ્રવેશ માટે, જામીન અનામતની ચુકવણી, વિનિયમ-(i), (ii), અને (iv)માં દર્શાવ્યા મુજબના ચાર્જને લગતો ખુલ્લા પ્રવેશની મુદત માટેની પેશગી ચુકવણી રહેશે.

(૪) આવી જામીન અનામત રોકડ અનામત, શાખપત્ર વગેરેના સ્વરૂપે રહેશે. આમ છતાં, ૩ મહિના સુધીના ખુલ્લા પ્રવેશ માટે આવી જામીન, રોકડ અનામતના રૂપમાં જ રહેશે.

(૫) લાંબા ગાળાના ગ્રાહકો માટે રાજય પ્રવાહન યુટિલિટિ અને ટૂંકા ગાળાના ગ્રાહકો માટે રાજય વીજભાર રવાનગી કેન્દ્ર ૬૦ દિવસની અંદર, પ્રવાહન અને વિતરણ ખર્ચ તથા અનુસૂચિ અને પ્રણાલી સંચાલન ખર્ચ અંગે, ચુકવણીની શરતો, શાખપાત્રતા, નુકશાનીની ક્ષતિપૂર્તિ, તથા કાબૂ બહારના સંજોગો જેવી અન્ય વાણિજ્યિક સ્થિતિનું ધોરણીકરણ કરશે.

૧૭. **ઊર્જા ઘટ**

૧૮. **<u>ખાસ ઊર્જા મીટરો</u>**

ખુલ્લા પ્રવેશનો ગ્રાહક, આયોગ દ્વારા નિર્દિષ્ટ કરેલ ઉપાડના પ્રમાણમાં પ્રવાહન અને/ અથવા વિતરણ પ્રણાલીમાં સરેરાશ ઊર્જા ઘટ સહન કરશે. પ્રવાહન અને/અથવા વિતરણ પ્રણાલીમાં પડતી ઘટની, ઇંજેક્ષન પોઇન્ટ(ટો) ખાતે વધારાના ઇંજેક્ષન દ્વારા ક્ષતિપૂર્તિ કરાશે.

(૧) ખુલ્લા પ્રવેશનો ગ્રાહક, રાજ્ય યુટિલિટિ / રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સક્રિય ઊર્જાના સમય તફાવતદર્શક માપો (૧૫ મિનિટ) અને પ્રતિક્રિયાત્મક ઊર્જા માટે વોલ્ટેજ તફાવતદર્શક માપ દર્શાવવા સક્ષમ મુખ્ય મીટર તરીકે એબીટી સુસંગત ખાસ ઊર્જા મીટરની જોગવાઇ કરશે, જે, કેન્દ્રિય વીજ-તંત્ર દ્વારા વોલ્ટેજ, પોઇન્ટ, પુરવઠાનો સમય-ગાળો તથા પ્રશુલ્ક પ્રકારને આધારે નિર્દિષ્ટ કરવામાં આવે તે પ્રમાણે મીટર-વ્યવસ્થા સંહિતા મુજબ રહેશે.

(૨) મુખ્ય મીટરો હંમેશા સારી સ્થિતિમાં રાખવા જોઇશે અને મધ્યવર્તી એજન્સી દ્વારા અધિકૃત કોઇપણ વ્યક્તિ દ્વારા નિરીક્ષણ માટે ખુલ્લા રહેશે.

(૩) સંબંધિત પરવાનેદાર. મુખ્ય મીટરની વિશિષ્ટ વિગતો મુજબના ચકાસણી-મીટરોની જોગવાઇ કરી શકશે.

(૪) સંબંધિત પરવાનેદાર, સાલેમ બીજા પક્ષકારની હાજરીમાં મુખ્ય અને તપાસણી મીટરોની સામયિક તપાસણી કરશે અને અંકન કરશે. બંને પક્ષકારો મુખ્ય અને ચકાસણી મીટરો પર સીલ મારશે. ખામીભર્યા મીટરને તત્કાલ બદલવામાં આવશે.

INDEX

(૫) યથાપ્રસંગ, સંબંધિત પરવાનેદારના અધિકૃત અધિકારી, વીજ ઉત્પાદક તથા ખુલ્લા પ્રવેશના ગ્રાહક કે તેના પ્રતિનિધિ, ચોક્કસ દિવસ અને સમયે મુખ્ય અને ચકાસણી મીટરોનું વાંચન લેશે. પરવાનેદાર, મીટર-વાંચનના ૧૨ કલાકની અંદર, યથાપ્રસંગ, મીટર-વાંચનની રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, ખુલ્લા પ્રવેશનો ગ્રાહક અને વીજઉત્પાદન કંપની અથવા વેપારીને (ટ્રેડર) જાણ કરશે.

(૬) મુખ્ય મીટરો ખામીભર્યા કે બંધ થયેલાં જણાય ત્યારે ચકાસણી મીટરોનું વાંચન વિચારણામાં લેવાશે. મુખ્ય અને ચકાસણી મીટરોના વાંચન વચ્ચે તફાવત સંબંધમાં મુખ્ય મીટરનું વાંચન પ્રસ્તુત ચોકસાઇ કક્ષા માટે છૂટ આપવાપાત્ર ભૂલોની ટકાવારી કરતાં બમણાથી વધુ થાયતો ચોકસાઇ માટે મુખ્ય મીટર અને ચકાસણી મીટર બંનેનું પરીક્ષણ કરાશે.

(૭) કસોટી-ચકાસણી કે અન્યથા તે દરમિયાન, મુખ્ય મીટરો અને આનુષાંગિક ચકાસણી મીટરો બંને, આઇ.એસ. વિશિષ્ટ વિગતો પ્રમાણે છૂટપાત્ર ભૂલોની મર્યાદા વટાવી ગયેલ હોવાનું જણાય તો, બંને મીટરોનું તત્કાલ અંકન કરવું અને આવી કસોટી ચકાસણીના સમય સુધી મહિનાના ગાળા માટે બિલના હેતુસર વીજળીનું સાચું ઉત્પાદન મેળવવા મુખ્ય મીટર દ્વારા નોંધાયેલ વીજ-ઉત્પાદનને કરેલી સુધારણા લાગુ પાડવી. ત્યારબાદ બીજા મહિનાના મીટર-વાંચન સુધીના ગાળાનું બિલ અંકિત મુખ્ય મીટર પ્રમાણે કરાશે.

(૮) ખુલ્લા પ્રવેશનાં ગ્રાહક, પરવાનેદાર મુખ્ય મીટર પૂરું પાડે એમ માગતો હોય તો, તેણે પરવાનેદારને જમીનગીરી આપવી પડશે અને પરવાનેદાર મીટરની જાળવણિ કરશે અને તેના ભાડાની ચુકવણી કરવી જોઇશે.

૧૯. **<u>અરજીની પ્રક્રિયા માટે સમય-સૂચિ</u>**

ખુલ્લો પ્રવેશ આપવા અંગેની અરજીની પ્રક્રિયા માટે સંબંધિત કેન્દ્રવર્તી એજન્સી, બને ત્યાં સુધી, નીચેની સમય-સૂચિને વળગી રહેશે.

૧. ટૂંકા ગાળાની સર્વિસ(સમય મર્યાદા વહેલો તે પહેલોના ધોરણે ગણાશે.)

એક અઠવાડિયા સુધી - બે દિવસ

એક અઠવાડિયાથી વધુ- ત્રણ દિવસ

૨. લાંબા ગાળાની સર્વિસ

પ્રણાલીને સંગીન કર્યા વિના પ્રવેશ-શકયતાની જાણ- ત્રીસ દિવસ ખર્ચના અંદાજો અને કામ પૂરું કરવાની અનસૂચિ ચાર્જ પ્રણાલી સંગીન કરવા માટેના અભ્યાસના પરિણામોની જાણ કરવી - ૯૦ દિવસ

૨૦ **કાપ મૂકવામાં અગ્રતા**

પ્રવાહક કે વિતરણ શકિતમાં અવરોધો ઊભા થવાની કે અન્ય કારણોસર ગ્રાહકોની સર્વિસમાં કાપ મૂકવો જરૂરી બને ત્યારે પ્રથમ ટૂંકા ગાળાના ગ્રાહકો અને ત્યારબાદ લાંબા ગાળાના ગ્રાહકોની સર્વિસમાં કાપ મૂકાશે.

પરંતુ એક વર્ગની અંદરના તમામ વપરાશકર્તાઓ માટે સમાન કાપ-અગતા આપવાની રહેશે અને ટૂંકા ગાળાના કેસમાં ફાળવેલ વીજશકિત તથા ટૂંકા ગાળાના ગ્રાહકોના આરક્ષિત વીજશકિતમાં, ભાગે પડતા ધોરણે કાપ મૂકવામાં આવશે.

૨૧. **ગ્રિડ નિયમાવલિનું પાલન**

ખુલ્લા પ્રવેશના ગ્રાહકને, ભારતીય વીજળી ગ્રિડ નિયમાવલિ, રાજય ગ્રિડ નિયમાવલિ અને રાજય પ્રવાહન યુટિલિટિ તથા રાજય વીજભાર રવાનગી કેન્દ્રે વખતોવખત આપેલી સૂચનાઓ, લાગુ પડે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

૨૨. **ચાર્જ વસૂલાત અને ચૂકવણી**

(૧) ખુલ્લા પ્રવેશના ગ્રાહકના કેસમાં, સંબંધિત વિતરણ પરવાનેદાર (અથવા ગ્રાહક તેના નેટવર્ક સાથે સીધેસીધો સંકળાયેલ હોય તો સંબંધિત પ્રવાહન પરવાનેદાર) ખુલ્લા પ્રવેશના ચાર્જ સંબંધમાં (યથા પ્રસંગ પ્રવાહન ચાર્જ, વ્હીલીંગ ચાર્જ, ક્રોસ સબસીડી સરચાર્જ, વધારાનો સરચાર્જ જોવા) આ વિનિયમન ખંડ-૧૪ માં નિયત કર્યા પ્રમાણે ગ્રાહકને વાઉચર આપી શકશે અને ખુલ્લા પ્રવેશનો ગ્રાહક, પરવાનેદાર અન્ય ગ્રાહક વચ્ચેના જથ્થાબંધ ક્ષમતા કરાર(Bulk capacity Agreement) માં ઠરાવેલ કાર્યપધ્ધતિઓ અનુસાર (વિનિયમ-૧૦) તે ચાર્જ ચૂકવશે.

પરંતુ, વિતરણ પરવાનેદાર અને પ્રવાહન પરવાનેદાર(રો), સંબંધિત પરવાનેદારોને લગતા ખુલ્લા પ્રવેશનો ચાર્જ મજૂર કરવા અંગે યોગ્ય ક્રમિક (back to back) ગોઠવણ કરવાની રહેશે.

(૨) ખુલ્લા પ્રવેશના ગ્રાહકો, ખુલ્લા પ્રવેશ અંગે અનુસૂચિત ઍને પ્રણાલી-સંચાલન ચાર્જ, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને ચૂકવશે.

(૩)બિનઅનુસૂચિત આંતર્-ફેરફાર ચાર્જની ચુકવણી અઠવાડિક ધોરણે, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર આદેશ આપે તે પ્રમાણે કરાશે.

૨૩. **ખુલ્લા પ્રવેશના તબક્કા :**

(૧) આ અધિનિયમ અને વિનિયમોમાં સમાવિષ્ટ શરતો પરિપૂર્ણ થતી હોય તો ગ્રાહકોને નીચેના તબક્કાઓમાં ખુલ્લો પ્રવેશ અપાશે.

તબક્કો	વીજભાર સપાટી	સમય-માળખું
૧	૫ મે.વો અને તેથી વધુ વીજભાર	આંતર્-રાજય એબીટીની યોગ્ય ગોઠવણ થયાપછી અથવા ૧લી જાન્યુઆરી,૨૦૦૬ બેમાંથી જે મોડું હોય ત્યારે.
૨	૧ મે.વો અને તેથી વધુ વીજભાર	ઊપર-૧ ના પ્રારંભ પછી ૨ વર્ષે

(૨) તબક્કા-૧ માં ખુલ્લા પ્રવેશની કામગીરીના અનુભવને આધારે, આયોગ, પછીના તબક્કાઓમાં ખુલ્લો પ્રવેશ આપવા અનુસૂચિમાં ફેરફાર કરી શકશે.

(૩) આયોગ, સંચાલન અવરોધો અને બીજાં પરિબળોને ધ્યાનમાં રાખતાં, તેને સુગમ જણાય તેવા સમયે, ૧ MVA કન્ટ્રાક્ટ માગણી કરતાં ઓછી માગવાળા ગ્રાહકોને ખુલ્લા પ્રવેશની છૂટ આપી શકશે.

૨૪. ગુજરાત સરકારની કેપ્ટિવ પાવર પ્લાન્ટ હેઠળ આ વિનિયમો અમલમાં આવે તે તારીખથી પ્રવાહન/વિતરણ નેટવર્કનો ઉપયોગ કરવા જેને છૂટ આપવામાં આવી હોય તે વ્યક્તિ, લાબા ગાળાના ખુલ્લા પ્રવેશના ગ્રાહકને લાગુ પડતો ચાર્જ ચૂકવશે.

૨૫. **માહિતી પ્રણાલી**

રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, તેની પોતાની વેબસાઈટ પર "ઓપન એકસેસ ઈન્ફોમેર્શન" શીર્ષકવાળા અલગ વેબ-પૃષ્ઠમાં નીચેની માહિતી રજૂ કરશે.

(૧) ટૂંકા ગાળાના ગ્રાહકો (ST_RATF) માટે દૈનિક મે.વો દીઠ રૂપિયામાં તળિયાના ભાવ.

(૨) ચાલુ ટૂંકા ગાળાના ગ્રાહકો અંગેના સ્થિતિવિષયક અહેવાલમાં નીચેની બાબતો દર્શાવવી.

(ક) ખુલ્લા પ્રવેશના ગ્રાહકનું નામ

(ખ) મંજૂર કરેલ પ્રવેશની મુદત (પ્રારંભ તારીખ અને સમાપ્તિ તારીખ)

(ગ) ઇંજેકશન (દાખલ કરવા બાબત) અંગેના પોઈન્ટ(ટો)

(ઘ) ઉપાડના પોઈન્ટ(ટો)

(ચ) વાપરેલ પ્રવાહન / વિતરણ પ્રણાલી (પ્રદેશ અને માલિકીના સંદર્ભમાં)

(છ) આરક્ષિત ક્ષમતા / શકિત અને

(જ) લાગુ પડતો દર (દૈનિક મે.વો. દીઠ રૂપિયામાં)

નોંધ :

સ્થિતિવિષયક અહેવાલ, સ્થિતિમાં દરેક ફેરફારને આધારે અદ્યતન બનાવાશે.

(૩) ભૂતકાળના ટૂંકા ગાળાના ગ્રાહકો અંગે નીચેની બાબતો દર્શાવતો મહિનાવાર અને વર્ષવાર અહેવાલ.

(ક) ખુલ્લા પ્રવેશના ગ્રાહકનું નામ

(ખ) મંજૂર કરેલ પ્રવેશની મુદત (પ્રારંભ તારીખ અને સમાપ્તિ તારીખ)

(ગ) ઇંજેકશન (દાખલ કરવા બાબત) અંગેના પોઈન્ટ(ટો)

(ઘ) ઉપાડના પોઈન્ટ(ટો)

(ચ) વાપરેલ પ્રવાહન / વિતરણ પ્રણાલી (પ્રદેશ અને માલિકીના સંદર્ભમાં)

(છ) આરક્ષિત ક્ષમતા / શકિત અને

(જ) લાગુ પડતો દર (દૈનિક મે.વો. દીઠ રૂપિયામાં) અને

(ઝ) ખરેખર વીજભાર ઘટક

નોંધ : તમામ આગલા અહેવાલો વેબ-દફતરમાં પણ ઉપલભ્ય રખાશે.

(૪) વિવિધ રાજયોના પરવાનેદારો વચ્ચે જોડાણના ઉપયોગ અંગે નીચેની વિગતો દર્શાવતી માહિતી

(ક) અદ્યતન કરવાનો સમય

(ખ) જોડાણનું નામ

(ગ) જોડાણની કુલ વીજશકિત

(ઘ) અનુસૂચિત વીજશકિત ઉપયોગ (ગ્રાહકવાર વિભાજન દર્શાવવો) અને

(ચ) વપરાશમાં હોય તે જોડાણની ચાલુ વીજશકિત

નોંધ : આ માહિતી ઓછામાં ઓછું કલાકને ધોરણે, જયાં શકય હોય ત્યાં ૧૫ મિનિટને આધારે અદ્યતન કરવી.

(૫) આગલા પર અઠવાડિયા માટે સરેરાશ વીજળી ઘટ અંગેની માહિતી

પરંતુ વેબ આધારિત માહિતી પ્રણાલી ૧૮૦ દિવસની અંદર શરૂ થશે. દરેક પ્રવાહન / વિતરણ પરવાનેદાર, રાજય વીજભાર રવાનગી કેન્દ્રને ઉપરની માહિતી ઉપલભ્ય કરશે.

તમામ પરવાનેદારો, તેમની પ્રણાલીનો ઉપયોગ કરતા લાંબા ગાળાના ચાલુ ગ્રાહકો, તેમની વિગતો સાથે (જાતે પોતાના ઉપયોગ માટે તથા અગાઉ સમન્વિત હતી તેવી છૂટી પડેલી એજન્સીઓના ઉપયોગ સહિત) તેમની પોતાની વેબસાઈટ પર અથવા સંબંધિત વીજભાર રવાનગી કેન્દ્રની વેબસાઈટ પર, ૧૮૦ દિવસની અંદર મુકશે.

નોંધ : સ્થિતિમાં ફેરફાર થાય તેમ અને ત્યારે આ યાદી અધ્યતન બનાવાશે.

૨૬. સંદેશા-વ્યવહાર સુવિધા : મધ્યવર્તી એજન્સી વખતોવખત આદેશ આપે તે પ્રમાણે ખુલ્લા રવેશનો ગ્રાહક સંદેશા-વ્યવહારની જરૂરિયાતો પરિપૂર્ણ કરશે.

૨૭. **ફરિયાદ નિવારણ તંત્ર-વ્યવસ્થા**

(૧) ખુલ્લા પ્રવશને લગતી તમામ તકરારો અને ફરિયાદો રાજય વીજભાર રવાનગી કેન્દ્રને કરવી, જે તપાસ કરીને ૩૦ દિવસની અંદર ફરિયાદ નિવારવાનો પ્રયત્ન કરશે.

(૨) રાજય વીજભાર રવાનગી કેન્દ્ર ફરિયાદનું નિવારણ કરી શકે તેમ ન હોય ત્યાં, ગ્રિડ નિયમાવલિ અન્વયે રચાયેલ રાજય વીજળી સમિતિ, ૩૦ દિવસની અંદર ફરિયાદનું નિવારણ કરવા પ્રયત્ન કરશે.

(૩) રાજય વિજળી સમિતિ, ઉપર નિર્દિષ્ટ સમય-ગાળામાં ફરિયાદનું નિવારણ ન કરી શકે ત્યાં, તે અંગે આયોગને પુછાણ કરાશે.

(૪) આ વિનિયમો અન્વયે રાજય વીજભાર રવાનગી કેન્દ્રોને કાર્યપધ્ધતિઓ, માર્ગદર્શક સૂચનાઓ અને અરજી ફોર્મ તૈયાર કરવાની સોંપેલી જવાબદારીઓનું સંકલન રાજય પ્રવાહન યુટિલિટિ દ્વારા થશે.

INDEX

૨૮. **મુશ્કેલીઓ દુર કરવાની સત્તા**

આ વિનિયમોની કોઈપણ જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો, આયોગે સામાન્ય કે ખાસ આદેશ દ્વારા, રાજય પ્રવાહન યુટિલિટિ, રાજય વીજભાર રવાનગી કેન્દ્ર, પરવાનેદારો અને ખુલ્લા પ્રવેશના ગ્રાહકોને, મુશ્કેલીઓ દૂર કરવા આયોગને જરૂરી અને આવશ્યક લાગે તેવાં પગલા લેવાં ફરમાવશે.

૨૯. **ખુલ્લા પ્રવેશનું સંચાલન** :

ખુલ્લા પ્રવેશ માટે આંતર્-રાજય પ્રાપ્યતા આધારિત પ્રશુલકનો(ABT) અમલ કરવો જરૂરી બનશે. એબીટી માન્ય મીટર-વ્યવસ્થા, ડિસ્કોમ-વાર વિસ્તાર વીજભાર રવાનગી કેન્દ્રો અને વીજળિક હિસાબ-પધ્ધિતિ અને વાણિજ્યિક પતાવટ માટે કાર્યપધ્ધતિ જરૂરી બનશે.

ખુલ્લા પ્રવેશના સંચાલન માટે રાજય પ્રવાહન યુટિલિટી અને રાજય વીજભાર રવાનગી કેન્દ્ર આ બાબતો અંગે આયોગને મોડામાં મોડા ૩૦ મી નવેમ્બર,૨૦૦૫ સુધીમાં અહેવાલ રજૂ કરશે.

(એમ.બી.ભલગામા)
ડેપ્યુટી ડાયરેકટર(એડીએમ/ એકા)

તારીખ.૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૫
સ્થળ : અમદાવાદ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 355 REGISTERED No.G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVIJ FRIDAY, OCTOBER 21, 2005/ASVINA 29, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-અમદાવાદ-૨૦૦૫

વંચાણે લીધું :- (૧) કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદનો પત્ર ક્રમાંક : ઈએલસી / તા.જિ.પં. / ચૂં.અ. / મ.ચૂં.અ. / ૨૦૦૫, તા. ૧-૧૦-૨૦૦૫.

(૨) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/પચત/ચઅન/અમદાવાદ/૨૦૦૫, તા. ૩-૧૦-૨૦૦૫.

(૩) કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદનો પત્ર નં. ઈ.એલ.સી. / તા.પં. / જિ.પં. / આર.ઓ./વ.--૨૦૦૫ તા. ૧૩-૧૦-૨૦૦૫.

સુધારા આદેશ

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪નાં નિયમ-૫ના પેટા નિયમ-(૧) અને (૨) થી મળેલ સત્તાની રૂઈએ, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર, રાજ્યના અમદાવાદ જિલ્લાની જિલ્લા-તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ નિયુકત કરવાના રહે છે. વંચાણે લીધા (૧) થી જિલ્લા-તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુકત કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધા (૨) થી ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુકત કરવા આદેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૩)થી પ્રસ્તુત આદેશમાં જરૂરી ફેરફાર કરવા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સંદર્ભમાં વંચાણે લીધા-(૨)માં સામેલ અનુસુચિ-૨ અનુસાર ફેરફાર કરવા આદેશ કરવામાં આવે છે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

INDEX

અનુસુચિ–૨

અમદાવાદ જિલ્લાના તાલુકા પંચાયતના મતદાર વિભાગો માટે નિમણુંક કરવાના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીઓની વિગત દર્શાવતુ

પત્રક

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર વિભાગની વિગત		ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરેલ અધિકારીનો હોદ્દો	મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરેલ અધિકારીનો હોદ્દો
		સામાન્ય ક્રમાંક	નામ		
૧૯		૧	અસલાલી	તાલુકા વિકાસ અધિકારી , દશક્રોઈ	શ્રી ડી.ડી. ગોહિલ, વિસ્તરણ અધિકારી આંકડા
		૨	બારેજા–૧	”	”
		૩	બારેજા–૨	”	”
		૨૨	પાલડી કાંકજ	”	”
		૪	ભાત	”	”
		૧૦	ફનેવાડી	”	”
		૧૪	કાસીન્દ્રા	”	”
		૧૯	લાંભા	”	”
		૧૭	કુહા	”	”
		૨૭	ઉન્દ્રેલ	”	”
		૨૮	વડોદ	”	”
૨૦		૧૨	હરણીયાવ	એ.પી.ઓ. વહીવટ	શ્રી આર. જી. પટેલ, વિસ્તરણ અધિકારી પંચાયત
		૧૩	જેતલપુર	જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી	”
		૨૦	નાંદેજ	જિલ્લા પંચાયત અમદાવાદ	”
		૨૯	વાંચ	”	”
		૫	ભુવાલડી	”	”
		૯	ધામતવાણ	”	”
		૧૮	કુંજાડ	”	”
		૨૪	પશુંજ	”	”
		૧૫	કઠવાડા–૧	”	”
		૧૬	કઠવાડા–૨	”	”
		૨૩	પરઢોલ	”	”

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 356

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, OCTOBER 21, 2005/ASVINA 29, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓક્ટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-નપ-જન-૬૩-૧૦૨૦૦૫-ક

આદેશ

વંચાણે લીધા : ૧. રાજ્ય ચૂંટણી પંચનો હુકમ ક્રમાંક : ચટણ-નપલ-૨૦૦૫-૮(૪)-આ-૨-૧૦૨૦૦૫-ક, તા. ૧-૧૦-૨૦૦૫.

૨. રાજ્ય ચૂંટણી પંચનો હુકમ ક્રમાંક : નપલ-૨૦૦૫-૮(૪)-આ-૩-૧૦૨૦૦૫-ક, તા. ૪-૧૦-૨૦૦૫.

૩. રાજ્ય ચૂંટણી પંચનો પરિપત્ર નં. : રાચપ-ચટણ-નપા-૧૫૫૬-૧૦૨૦૦૫-ક, તા. ૧૨-૧૦-૨૦૦૫.

હુકમ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬(૪), ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૪(૧) તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (વ.ક)થી મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચે આમુખ-૧ અને ૨ના હુકમ / સુધારા હુકમથી રાજ્યની ૪૯ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ કરેલી છે.

રાજ્યની ૪૯ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી પંચે તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર ચૂંટણીઓના તમામ વોર્ડોના મતોની ગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ અને તા. ૨૮-૧૦-૨૦૦૫ના રોજ યોજવા ચૂંટણી અધિકારીઓને સંદર્ભ-૩થી જણાવેલ છે. જે હવે મત ગણતરી માટે વધારાના ચૂંટણી અધિકારી નિયુક્ત કરતાં મત ગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ યોજવા સૂચના આપવામાં આવે છે.

INDEX

રાજયની ૪૯ નગરપાલિકાઓના વોર્ડોની ચૂંટણીની નોટીસ મુજબ નક્કી થયેલ બેઠકો માટે તા. ૨૫-૧૦-૨૦૦૫ના જ યોજનાર ચૂંટણીઓના મતોની ગણતરી એક જ દિવસે તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ સંપન્ન કરવા, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬(૪), ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૪(૧) તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (વ.ક) થી મળેલ સત્તાની રૂઈએ રાજયની ૪૯ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓના મતોની ગણતરીની કામગીરી માટે ચૂંટણી અધિકારીની મદદમાં રાજય ચૂંટણી પંચ નીચેના પત્રકના કોલમ નં. ૫માં જણાવેલ અધિકારીને મતગણતરી માટેના વધારાના ચૂંટણી અધિકારી તરીકે નિયુકિત કરે છે. નિયુકત થતાં વધારાના ચૂંટણી અધિકારીએ તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ તેમના સામે કોલમ-૪માં જણાવેલ વોર્ડોના મતોની ગણતરીની કામગીરી કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે છે. બાકીના વોર્ડોની મત ગણતરી અગાઉ નિયુકત થયેલા ચૂંટણી અધિકારીશ્રીઓએ કરવાની રહેશે. આ હુકમથી વધારાના ચૂંટણી અધિકારીશ્રીઓની ફકત મતગણતરી માટે નિયુકિત કરવામાં આવે છે.

અ.નં.	જીલ્લાનું નામ	નગરપાલિકાનું નામ નામ	વોર્ડ નંબર	મત ગણતરી માટે નિયુકત કરેલ વધારાના ચૂંટણી અધિકારીનો હોદ્દો
૧	૨	૩	૪	૫
૧	અમરેલી	અમરેલી	૨,૪,૬,૮,૧૦ અને ૧૨	જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, અમરેલી.
૨	અમરેલી	સાવરકુંડલા	૨,૪,૬,૮,૧૦ અને ૧૨	જિલ્લા આંકડા અધિકારી, જિલ્લા પંચાયત, અમરેલી.
૩	જામનગર	ખંભાળીયા	૬ થી ૯	જિલ્લા આયોજન અધિકારી, જામનગર.
૪	રાજકોટ	વાંકાનેર	૬ થી ૯	નિયામક, ગ્રામ વિકાસ એજન્સી, રાજકોટ.
૫	વડોદરા	ડભોઈ	૭ થી ૧૨	ખાસ જમીન સંપાદન અધિકારી (ઓએનજીસી) મકરપુરા રોડ, બરોડા ડેરી પાસે, વડોદરા. વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી મામલતદાર (બીનખેતી), સી-બ્લોક, ૬ઠ્ઠો માળ, વડોદરા.
૬	મહેસાણા	વિસનગર	૭ થી ૧૨	નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, મહેસાણા. વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, બ્લોક નં. ૧/૩, બહુમાળી મકાન, મહેસાણા.
૭	મહેસાણા	ઉંઝા	૭ થી ૧૨	અધિક કલેકટર, મહેસાણા વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ), બહુમાળી મકાન, બ્લોક નં. 3/૨, મહેસાણા.
૮	ભરૂચ	ભરૂચ	૮ થી ૧૪	વહીવટદાર, જંબુસર નગરપાલિકા, જંબુસર.
૯	ભરૂચ	અંકલેશ્વર	૭ થી ૧૨	નાયબ કલેકટર, યુનીટ નં. ૭, નર્મદા યોજના, ભરૂચ.
૧૦	પંચમહાલ	ગોધરા	૮ થી ૧૪	પ્રાયોજના વહીવટદાર, ટ્રાયબલ સબપ્લાન, પંચમહાલ, ગોધરા. વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી આસી. પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટર-૧, પ્રાયોજના વહીવટદાર, ટ્રાયબલ સબપ્લાનની કચેરી, પંચમહાલ, ગોધરા.
૧૧	નવસારી	નવસારી	૬ થી ૧૦	નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત, નવસારી. વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી ચીટનીશ, કલેકટર કચેરી, નવસારી.
૧૨	નવસારી	નવસારી	૧૧ થી ૧૪	નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નવસારી. વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, બહુમાળી ભવન, બીજો માળ, નવસારી.
૧૩	ભાવનગર	બોટાદ	૮ થી ૧૪	નાયબ નિયામક, વિકસતિ જાતિ, બહુમાળી ભવન, ભાવનગર.

INDEX

૨	૩	૪	૫	૫
૧૪	ભાવનગર	પાલીતાણા	૭ થી ૧૨	વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી વેચાણવેરા અધિકારી-૧, વર્ગ-૧, બહુમાળી ભવન, રૂમ નં. ૧૪, ભાવનગર. નાયબ નિયામક, પશુપાલન, ધનિષ્ઠ પશુ સુધારણા યોજના, ડી-૩, બહુમાળી ભવન, ભાવનગર.
૧૪	ભાવનગર	મહુવા	૭ થી ૧૨	વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી વેચાણવેરા અધિકારી-૬, વર્ગ-૧, બહુમાળી ભવન, રૂમ નં. ૧૪, ભાવનગર. મુખ્ય કારોબારી અધિકારી, વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર.
૧૫	ગાંધીનગર	દહેગામ	૬ થી ૯	વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી વેચાણવેરા અધિકારી-૫, વર્ગ-૧, બહુમાળી ભવન, રૂમ નં. ૧૪, ભાવનગર. નાયબ કલેકટર અને સક્ષમ અધિકારી, એસ્સાર ઓઈલ લી. પાઈપલાઈન ડીવીઝન, અમદાવાદ.
૧૬	સુરત	બારડોલી	૭ થી ૧૨	વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ, ગાંધીનગર.
૧૭	કચ્છ	ભૂજ	૭ થી ૧૨	જિલ્લા આયોજન અધિકારી, સુરત.
૧૮	કચ્છ	અંજાર	૭ થી ૧૨	વહીવટદાર, ગાંધીધામ નગરપાલિકા, ગાંધીધામ.
૧૯	કચ્છ	માંડવી	૬ થી ૯	ચીફ ઓફીસર, ગાંધીધામ નગરપાલિકા, ગાંધીધામ.
૨૦	કચ્છ	ગાંધીધામ	૫ થી ૭	જિલ્લા આયોજન અધિકારી, કચ્છ-ભૂજ.
૨૧	કચ્છ	ગાંધીધામ	૧૨ થી ૧૪	ચીફ ઓફીસર, ભૂજ નગરપાલિકા, ભૂજ.
૨૨	ખેડા	નડીયાદ	૫ થી ૭	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (ભૂકંપ), ભૂજ.
૨૩	ખેડા	નડીયાદ	૧૨ થી ૧૪	પ્રાન્ત અધિકારી, ખેડા પ્રાંત્ત, ખેડા.
૨૪	પાટણ	પાટણ	૯ થી ૧૪	જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ, જી. ખેડા.
૨૫	પાટણ	સિધ્ધપુર	૭ થી ૧૨	પ્રાન્ત અધિકારી, થરાદ પ્રાંત્ત, જી. બનાસકાંઠા.
૨૬	જુનાગઢ	વેરાવળ-પાટણ	૬ થી ૧૦	પ્રાન્ત અધિકારી, પાલનપુર પ્રાંત્ત, જી. બનાસકાંઠા.
૨૭	જુનાગઢ	વેરાવળ-પાટણ	૧૧ થી ૧૪	નાયબ કમિશ્નર, મહાનગરપાલિકા, જુનાગઢ.
૨૮	જુનાગઢ	કેશોદ	૭ થી ૧૨	જિલ્લા આયોજન અધિકારી, જિલ્લા આયોજન કચેરી, જુનાગઢ. ચીફ ઓફીસર, નગરપાલિકા વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા, મુ. વેરાવળ, જી. જુનાગઢ.

ચૂંટણી અધિકારી અને વધારાના ચૂંટણી અધિકારીઓ તા. ૨૭-૧૦-૨૦૦૫નાં રોજ સવારે ૯-૦૦ કલાકે એક સાથે જ તેમને સોંપેલ વોર્ડની મત ગણતરી હાથ ધરશે. એક વોર્ડની મત ગણતરી પુરી થયા બાદ જ તેઓના હસ્તકના અન્ય વોર્ડની મત ગણતરી શરૂ કરશે.

રાજ્યની ૪૯ નગરપાલિકાઓના ચૂંટણી અધિકારીએ મત ગણતરીની મતગણતરી સુપરવાઈઝર / મતગણતરી મદદનીશોને આપવાની તાલીમમાં હાજર રહેવા વધારાના ચૂંટણી અધિકારીને તાલીમના સમય, સ્થળની જાણ કરવાની રહેશે અને તેઓને તાલીમ વર્ગમાં હાજર રહેવાનું રહેશે.

વધારાના ચૂંટણી અધિકારીશ્રીએ મતગણતરી માટે તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ પહોંચી જવાનું રહેશે. ચૂંટણી અધિકારી અને વધારાના ચૂંટણી અધિકારીઓએ સંપૂર્ણ સંકલનમાં કામગીરી કરવાની રહેશે. મત ગણતરી માટે સ્ટ્રોંગ રૂમમાંથી મત પેટીઓ તેઓએ મેળવવાની રહેશે. એક વોર્ડની મત ગણતરી પુરી થયે પરિણામ જાહેર કરવા સક્ષમ રહેશે. તથા તે મુજબ વિહિત નમુનામાં ચૂંટાયેલા જાહેર થયેલા ઉમેદવારોને પ્રમાણપત્ર આપવાનું રહેશે. તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ મતગણતરી હાથ ધરી મત ગણતરી પુરી થયા પછી ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણીનું રેકર્ડ / સામાન સામગ્રી સુપ્રત કરવાની રહેશે.

INDEX

વધારાના ચૂંટણી અધિકારીશ્રીઓએ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબત) નિયમો-૧૯૯૪ના નિયમ-૫૫ થી ૬૦ અન્વયે ચૂંટણી અધિકારીની તમામ ફરજો બજાવવાની રહેશે.

વધારાના ચૂંટણી અધિકારીશ્રીઓએ તેમના વાહનના પેટ્રોલ/ડીઝલ તથા પ્રવાસ ભથ્થાના બીલો ચૂંટણી અધિકારીશ્રીઓને આપવાના રહેશે. તેનું ખર્ચ સંબંધિત નગરપાલિકાએ ભોગવવાનું રહેશે.

મતગણતરી સુવ્યવસ્થિત થાય તથા મતગણતરી ખંડમાં જેમ બને તેમ ઓછી અવર-જવર રહે તે માટે વોર્ડ દીઠ મતગણતરી ટેબલની સંખ્યા મર્યાદિત રખાય તે હેતુસર રહેશે. તે દ્રષ્ટિએ પ્રાથમિક તથા વિગતવાર (initial and detailed) મતગણતરી વખતે દરેક ચૂંટણી અધિકારી અને વધારાના ચૂંટણી અધિકારી વોર્ડની મતગણતરી માટે જરૂરી જણાય તેટલી સંખ્યામાં ટેબલો રાખવા/ગોઠવવા રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

ચૂંટણી અધિકારીએ મતગણતરી માટે નક્કી કરેલ તારીખ, સ્થળ તથા સમયની રાજ્ય ચૂંટણી પંચ તરફથી નકકી કરેલ નમુનામાં નં. 'ક' ની નોટીસ દ્વારા જે તે વોર્ડના તમામ હરીફ ઉમેદવારોને અગર તેમના ચૂંટણી એજન્ટોને નિયત સમયમાં એટલે કે, ગણતરી તારીખથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં જાણ કરવાની રહેશે. વધારાના ચૂંટણી અધિકારીશ્રીની આ જવાબદારી રહેશે નહી તે માટે ચૂંટણી અધિકારીઓને જીલ્લા કલેકટરશ્રીએ સૂચના આપવાની રહેશે.

મતગણતરી સ્થળે કાયદો અને વ્યવસ્થા, સલામતી માટે પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ કરવાની રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ, મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 357 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, OCTOBER 21, 2005/ASVINA 29, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓક્ટોબર, ૨૦૦૫.

વંચાણે લીધા :– (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ- રાચપ-ચટણ-પચત-ચઅન-વડોદરા-૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫ તથા તા. ૪-૧૦-૨૦૦૫નો સુધારા આદેશ.

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીની કચેરી, વડોદરાના પત્ર ક્રમાંકઃ જીલ્લા પંચાયત-ચૂંટણી-વશી-૩૧૮૨-૨૦૦૫ તા. ૧૫-૧૦-૨૦૦૫

-:આદેશઃ-

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-વડોદરા-૨૦૦૫.–ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૫ ના પેટા-નિયમ(૧) અને(૨)થી મળેલ સત્તાની રૂએ, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે વંચાણે લીધા ક્રમાંકઃ ૧ થી રાજ્યના વડોદરા જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંકઃ ૨માં જણાવેલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાની દરખાસ્ત મુજબ ક્વાંટ તાલુકામાં સમાવિષ્ટ વડોદરા જિલ્લા પંચાયતની બેઠકો ૧૭-કનલવા, ૩૩-સૌડીવાસણ, અને ૧૮-ક્વાંટની મત ગણતરી માટે ખાસ જમાન સંપાદન અધિકારી, નર્મદા એકમ-૪, છાણી જકાતનાકા, વડોદરાની વધારાના ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક કરવા આથી આદેશ કરવામાં આવે છે.

આદે

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 358 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, OCTOBER 21, 2005/ASVINA 29, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૫.

વંચાણે લીધા :– (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ- રાચપ-ચટણ-પચત-ચઅન-ભાવનગર-૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, ભાવનગરના પત્ર ક્રમાંકઃ-ઇએલસી-જિતાપ-મત ગણતરી-૦૫ તા. ૧૪-૧૦-૨૦૦૫

-:આદેશઃ-

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-ભાવનગર-૨૦૦૫.–ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૫ ના પેટા-નિયમ(૧) અને(૨)થી મળેલ સત્તાની રૂએ, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે રાજ્યના ભાવનગર જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરેલ છે.

વંચાણે લીધા ક્રમાંકઃ ૨ માં જણાવેલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, ભાવનગરની દરખાસ્ત મુજબ આ સાથે અનુસૂચિ-૧ના કોલમ નં.૪ માં દર્શાવેલ અધિકારીને, કોલમ નં.૩ માં દર્શાવેલ જિલ્લા પંચાયતના મતદાર મંડળ માટે વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે અને અનુસૂચિ-૨ નાં કોલમ નં.૪ માં જણાવેલ અધિકારીને કોલમ નં. ૨ માં દર્શાવેલ તાલુકા પંચાયતના મતદાર મંડળ માટે વધારાના ચૂંટણી અધિકારી તરીકે (મત ગણતરી માટે) નિયુક્ત કરવા આદેશ કરે છે.

INDEX

અનુસૂચિ-૧

ક્રમ	તાલુકા પંચાયત મતદાર મંડળનો નંબર અને નામ	જિલ્લા પંચાયત મતદાર મંડળનો નંબર અને નામ	જિલ્લા પંચાયતના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત આપવાની છે તેનો હોદ્દો
૧	૨	૩	૪
૧	૨-અયાવેજ પાલીતાણા	૧૩-જેસર તા. મહુવા	તાલુકા વિકાસ અધિકારી, પાલીતાણા
૨	૧૯-વરલ તા. શિહોર	૭-દીહોર તા. તળાજા	તાલુકા વિકાસ અધિકારી, તા. શિહોર
૩	૧-અમલપર તા. ઉમરાળા	૨૦-નીગાળા તા. ગઢડા	મામલતદાર, ઉમરાળા
૪	૬-પચ્છેગામ ૯-રૂપાવટી ૧૧-શિવેન્દ્રનગર તા. ગારીયાધાર	૮-ચેટી તા. પાલીતાણા	મામલતદાર, ગારીયાધાર
૫	૧૨-પાટી તા. બોટાદ	૩-ઉગામેડી તા. ગઢડા	તાલુકા વિકાસ અધિકારી, બોટાદ

અનુસૂચિ-૨

ક્રમ	તાલુકા પંચાયત મતદાર મંડળનો નંબર અને નામ	જિલ્લા પંચાયત મતદાર મંડળનો નંબર અને નામ	તાલુકા પંચાયતના ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત આપવાની છે તેનો હોદ્દો
૧	૨	૩	૪
૧	૨-અયાવેજ પાલીતાણા	૧૩-જેસર તા. મહુવા	મામલતદાર, મહુવા
૨	૧૯-વરલ તા. શિહોર	૭-દીહોર તા. તળાજા	મામલતદાર, તળાજા
૩	૧-અમલપર તા. ઉમરાળા	૨૦-નીગાળા તા. ગઢડા	તાલુકા વિકાસ અધિકારી, ગઢડા
૪	૬-પચ્છેગામ ૯-રૂપાવટી ૧૧-શિવેન્દ્રનગર તા. ગારીયાધાર	૮-ચેટી તા. પાલીતાણા	મામલતદાર, પાલીતાણા
૫	૧૨-પાટી તા. બોટાદ	૩-ઉગામેડી તા. ગઢડા	તાલુકા વિકાસ અધિકારી, ગઢડા

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 359

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, OCTOBER 21, 2005/ASVINA 29, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the-Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓક્ટોબર, ૨૦૦૫.

વંચાણે લીધા :– (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ- રાચપ-ચટણ-પચત-ચઅન-સુરત-૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, સુરતના પત્ર નંબરઃ ચૂંટણી-ટીપીડીપી વધારાના આર. ઓ. નિમણુંક-૨૦૦૫ તા. ૧૭-૧૦-૨૦૦૫ તથા તા. ૨૦-૧૦-૨૦૦૫નો ફેક્સ

-:આદેશઃ-

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-સુરત-૨૦૦૫.–ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૫ ના પેટા-નિયમ(૧) અને(૨)થી મળેલ સત્તાની રૂએ, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે રાજ્યના સુરત જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંકઃ ૨ માં જણાવેલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, સુરતની દરખાસ્ત મુજબ મત ગણતરી માટે આ સાથે નીચે મુજબના અધિકારીઓને વધારાના ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરે છે.

ક્રમ	તાલુકાનું નામ	જિલ્લા પંચાયતની બેઠકનો નંબર અને નામ	વધારાના અધિકારીશ્રીનો હોદ્દો
૧	ચોર્યાસી	૨૪-મોરા ૨-બમરોલી ૨૦-લાજપોર	નાયબ કલેક્ટરશ્રી, ચોર્યાસી, પ્રાન્ત, સુરત
૨	ઉમરપાડા	૧૨-ઝંખવાવ ૪૦-વડગામ	નાયબ કલેક્ટરશ્રી, પ્રોટોકોલ, સુરત

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,

વી. એચ. શાહ,

સચિવ,

રાજ્ય ચૂંટણી પંચ,

ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 360 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, OCTOBER 24, 2005/KARTIKA 2, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-આણંદ-૨૦૦૫.

વંચાણે લીધુ : (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-આણંદ-૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫.

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, આણંદના પત્ર ક્રમાંક : જીતાપં-સા.ચૂ.-વશી-૨૦૫૮-૨૦૦૫ તા. ૧૭-૧૦-૨૦૦૫.

સુધારા આદેશ

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૫ના પેટા નિયમ (૧) અને (૨) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે વંચાણે લીધા ક્રમાંક : ૧થી રાજ્યના આણંદ જિલ્લાની જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે વંચાણે લીધા ક્રમાંક :૧થી ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુકત કરવા આદેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક : ૨ની દરખાસ્ત ધ્યાને લઈ વંચાણે લીધા ક્રમાંક : (૧)ના આદેશમાં અનુક્રમ નંબર-૧ આણંદ તાલુકા પંચાયત મતદાર મંડળ ૧૫, ૧૬, ૧૦, ૨૨, ૧૭, ૧૮, ૯, ૧૯, ૨૦, ૧૪ અને ૨૩ માટે મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમાયેલ વિસ્તરણ અધિકારી પંચાયત, તાલુકા પંચાયત, આણંદની નિયુકિત રદ કરી તેના બદલે સીનીયર કલાર્ક, તાલુકા પંચાયત, આણંદની નિમણૂંક કરવા આથી અંશતઃ સુધારા આદેશ કરવામાં આવે છે. સદરહુ આદેશની અન્ય વિગતો યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ, મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 361 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, OCTOBER 24, 2005/KARTIKA 2, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-સુરેન્દ્રનગર-૨૦૦૫.

વંચાણે લીધુ : (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-સુરેન્દ્રનગર-૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫.

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : ચટણ-આર.ઓ.એ.આર.ઓ.-દરખાસ્ત-૦૯ તા. ૧૯-૧૦-૨૦૦૫.

આદેશ

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૫ના પેટા નિયમ (૧) અને (૨) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે વંચાણે લીધા ક્રમાંક : ૧થી રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાની જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક : ૨ માં જણાવેલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સુરેન્દ્રનગરની દરખાસ્ત મુજબ મતગણતરીની કામગીરીની સરળતા માટે (૧) સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત બેઠક-૨૨ સાયલામાં સમાવિષ્ટ તાલુકા પંચાયત મુળીની ૫-લીમલી, ૧૨-શેખપર અને ૧૪-ઉમરડા બેઠકોની મત ગણતરી માટે તાલુકા વિકાસ અધિકારી, મુળીને વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવા તથા (૨) સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત બેઠક ૨૬-વણામાં સમાવિષ્ટ વઢવાણ તાલુકા પંચાયતની ૨-ભદ્રેસી તથા ૧૨-રાજપર બેઠકોની મત ગણતરી માટે, મામલતદાર, વઢવાણને વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવા આદેશ કરે છે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 362 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, OCTOBER 24, 2005/KARTIKA 2, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-નપ-જન-૬૩-૧૦૨૦૦૫-ક

આદેશ

વંચાણે લીધા : ૧. રાજ્ય ચૂંટણી પંચનો હુકમ ક્રમાંક : ચટણ-નપલ-ચઅન-૮(૪)-આ-૨-૧૦૨૦૦૫-ક, તા. ૧-૧૦-૨૦૦૫.

૨. રાજ્ય ચૂંટણી પંચનો હુકમ ક્રમાંક : નપલ-ચઅન-૮(૪)-આ-૩-૧૦૨૦૦૫-ક, તા. ૪-૧૦-૨૦૦૫.

૩. રાજ્ય ચૂંટણી પંચનો પરિપત્ર નં. : રાચપ-ચટણ-નપા-મપગ-૧૦૨૦૦૫-ક, તા. ૧૨-૧૦-૨૦૦૫.

હુકમ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬(૪), ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૪(૧) તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (વ.ક)થી મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચે આમુખ-૧ અને ૨ના હુકમ / સુધારા હુકમથી રાજ્યની ૪૯ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ કરેલી છે.

રાજયની ૪૯ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી પંચે તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર ચૂંટણીઓના તમામ વોર્ડોના મતોની ગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ અને તા. ૨૮-૧૦-૨૦૦૫ના રોજ યોજવા ચૂંટણી અધિકારીઓને સંદર્ભ-૩થી જણાવેલ છે. જે હવે મત ગણતરી માટે વધારાના ચૂંટણી અધિકારી નિયુક્ત કરતાં મત ગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ યોજવા સૂચના આપવામાં આવે છે.

INDEX

રાજયની ૪૯ નગરપાલિકાઓના વોર્ડોની ચૂંટણીની નોટીસ મુજબ નક્કી થયેલ બેઠકો માટે તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર ચૂંટણીઓના મતોની ગણતરી એક જ દિવસે તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ સંપન્ન કરવા, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૬(૪), ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૪(૧) તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (વ.ક) થી મળેલ સત્તાની રૂઈએ રાજયની ૪૯ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓના મતોની ગણતરીની કામગીરી માટે ચૂંટણી અધિકારીની મદદમાં રાજય ચૂંટણી પંચ નીચેના પત્રકના કોલમ નં. ૫માં જણાવેલ અધિકારીને મતગણતરી માટેના વધારાના ચૂંટણી અધિકારી તરીકે નિયુકિત કરે છે. નિયુકત થતાં વધારાના ચૂંટણી અધિકારીએ તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ તેમના સામે કોલમ-૪માં જણાવેલ વોર્ડોના મતોની ગણતરીની કામગીરી કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે છે. બાકીના વોર્ડોની મત ગણતરી અગાઉ નિયુકત થયેલા ચૂંટણી અધિકારીશ્રીઓએ કરવાની રહેશે. આ હુકમથી વધારાના ચૂંટણી અધિકારીશ્રીઓની ફકત મતગણતરી માટે નિયુકિત કરવામાં આવે છે.

અ.નં.	જીલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	મત ગણતરી માટે નિયુકત કરેલ વધારાના ચૂંટણી અધિકારીનો હોદો
૧	૨	૩	૪	૫
૧	દાહોદ	દાહોદ	૭ થી ૧૨	નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દાહોદ.
૨	રાજકોટ	ગોંડલ	૫ થી ૮	નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, રાજકોટ મહાનગરપાલિકા કચેરી, રાજકોટ.
૩	સાબરકાંઠા	હિંમતનગર	૭ થી ૧૨	અધિક કલેકટર, કલેકટર કચેરી, હિંમતનગર. જિ. સાબરકાંઠા
૪	—"—	મોડાસા	૭ થી ૧૨	પ્રાયોજના વહીવટદાર, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.
૫	અમદાવાદ	વિરમગામ	૭ થી ૧૨	બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી, કલેકટર કચેરી, અમદાવાદ. <u>મદદનીશ ચૂંટણી અધિકારી</u> મામલતદાર મનોરંજન કર, કલેકટર કચેરી, અમદાવાદ.
૬	અમદાવાદ	ધોળકા	૭ થી ૧૨	જિલ્લા પુરવઠા અધિકારી, કલેકટર કચેરી, અમદાવાદ. <u>મદદનીશ ચૂંટણી અધિકારી</u> અધિક ચીટનીશ, કલેકટર કચેરી, અમદાવાદ.

ચૂંટણી અધિકારી અને વધારાના ચૂંટણી અધિકારીઓ તા. ૨૭-૧૦-૨૦૦૫નાં રોજ સવારે ૯-૦૦ કલાકે એક સાથે જ તેમને સોંપેલ વોર્ડની મત ગણતરી હાથ ધરશે. એક વોર્ડની મત ગણતરી પુરી થયા બાદ જ તેઓના હસ્તકના અન્ય વોર્ડની મત ગણતરી શરૂ કરશે.

રાજયની ૪૯ નગરપાલિકાઓના ચૂંટણી અધિકારીએ મત ગણતરીની મતગણતરી સુપરવાઈઝર / મતગણતરી મદદનીશોને આપવાની તાલીમમાં હાજર રહેવા વધારાના ચૂંટણી અધિકારીને તાલીમના સમય, સ્થળની જાણ કરવાની રહેશે. અને તેઓને તાલીમ વર્ગમાં હાજર રહેવાનું રહેશે.

વધારાના ચૂંટણી અધિકારીશ્રીએ મતગણતરી માટે તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ પહોંચી જવાનું રહેશે. ચૂંટણી અધિકારી અને વધારાના ચૂંટણી અધિકારીઓએ સંપૂર્ણ સંકલનમાં કામગીરી કરવાની રહેશે. મત ગણતરી માટે સ્ટ્રોંગ રૂમમાંથી મત પેટીઓ તેઓએ મેળવવાની રહેશે. એક વોર્ડની મત ગણતરી પુરી થયે પરિણામ જાહેર કરવા સક્ષમ રહેશે. તથા તે મુજબ વિહિત નમુનામાં ચૂંટાયેલા જાહેર થયેલા ઉમેદવારોને પ્રમાણપત્ર આપવાનું રહેશે. તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ મતગણતરી હાથ ધરી મત ગણતરી પુરી થયા પછી ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણીનું રેકર્ડ / સાધન સામગ્રી સુપ્રત કરવાની રહેશે.

વધારાના ચૂંટણી અધિકારીશ્રીઓએ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબત) નિયમો-૧૯૯૪ના નિયમ-૫૫ થી ૬૭ અન્વયે ચૂંટણી અધિકારીની તમામ ફરજો બજાવવાની રહેશે.

વધારાના ચૂંટણી અધિકારીશ્રીઓએ તેમના વાહનના પેટ્રોલ/ડીઝલ તથા પ્રવાસ ભથ્થાના બીલો ચૂંટણી અધિકારીશ્રીઓને આપવાના રહેશે. તેનું ખર્ચ સંબંધિત નગરપાલિકાએ ભોગવવાનું રહેશે.

મતગણતરી સુવ્યવસ્થિત થાય તથા મતગણતરી ખંડમાં જેમ બને તેમ ઓછી અવર-જવર રહે તે માટે વોર્ડ દીઠ મતગણતરી ટેબલની સંખ્યા મર્યાદિત રખાય તે હેતુસર રહેશે. તે દ્રષ્ટિએ પ્રાથમિક તથા વિગતવાર (initial and detailed) મતગણતરી વખતે દરેક ચૂંટણી અધિકારી અને વધારાના ચૂંટણી અધિકારી વોર્ડની મતગણતરી માટે જરૂરી જણાય તેટલી સંખ્યામાં ટેબલો રાખવા/ગોઠવવા રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

ચૂંટણી અધિકારીએ મતગણતરી માટે નક્કી કરેલ તારીખ, સ્થળ તથા સમયની રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ નમુનામાં નં. 'ક' ની નોટીસ દ્વારા જે તે વોર્ડના તમામ હરીફ ઉમેદવારોને અગર તેમના ચૂંટણી એજન્ટોને નિયત સમયમાં એટલે કે, ગણતરી તારીખથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં જાણ કરવાની રહેશે. વધારાના ચૂંટણી અધિકારીશ્રીની આ જવાબદારી રહેશે નહી તે માટે ચૂંટણી અધિકારીઓને જીલ્લા કલેકટરશ્રીએ સૂચના આપવાની રહેશે.

મતગણતરી સ્થળે કાયદો અને વ્યવસ્થા, સલામતી માટે પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ કરવાની રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ, મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 363 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, OCTOBER 24, 2005/KARTIKA 2, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી ઓક્ટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-ભાવનગર-૨૦૦૫.

વંચાણે લીધા : (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/પચત/ચઅન/ભાવનગર/૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, ભાવનગરના પત્ર ક્રમાંક : ઈએલસી/જિતાપ/મત ગણતરી--૨૦૦૫ તા. ૧૪-૧૦-૨૦૦૫

આદેશ

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૫ના પેટા નિયમ (૧) અને (૨)થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે રાજ્યના ભાવનગર જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક : ૨માં જણાવેલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, ભાવનગરની દરખાસ્ત મુજબ મત ગણતરી માટે આ સાથે નીચે મુજબના અધિકારીઓને વધારાના ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરે છે.

INDEX

ક્રમ	તાલુકાનું નામ	જિલ્લા પંચાયતની બેઠકનો નંબર અને નામ	જિલ્લા પંચાયતના વધારાના ચૂંટણી અધિકારીશ્રીનો હોદ્દો
૧	ગારીયાધાર	૨૨-પરવડી ૩૯-વેળાવદર	ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર
૨	વલ્લભીપુર	૨૩-પાટણા ૩૫-વલ્લભીપુર	નાયબ બાગાયત નિયામક, ગર્વ. ટેકનીકલ હાઈસ્કુલ; નવાપરા, ભાવનગર
૩	બોટાદ	૧૬-લાઠીદડ ૨૧-પાળીયાદ ૩૨-તુરખા	સહાયક વેચાણવેરા કમિશ્નર, ઘટક-૨, બહુમાળી ભવન, ભાવનગર

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 364 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, OCTOBER 24, 2005/KARTIKA 2, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓક્ટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-નપ-જન-૬૩-૧૦૨૦૦૫-ક

આદેશ

વંચાણે લીધા:– (૧) રાજ્ય ચૂંટણી પંચનો તા. ૧૯-૧૦-૨૦૦૫નો હુકમ ક્રમાંક : રાચપ-ચટણ-નપ-જન-૬૩-૧૦૨૦૦૫-ક,
(૨) નાયબ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, અમરેલીનો તા. ૨૧-૧૦-૨૦૦૫નો ફેક્સ પત્ર નં. નપલ-ચટણ-વશી-૧૨૧૯-૦૫

સુધારા હુકમ

અમરેલી જિલ્લાની અમરેલી તથા સાવરકુંડલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની મતગણતરી માટે રાજ્ય ચૂંટણી પંચે આમુખ-૧માં જણાવેલ હુકમથી વધારાના ચૂંટણી અધિકારી અને વધારાના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુક્તિ કરેલ છે. નાયબ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, અમરેલીના આમુખ-૨માં દર્શાવેલ પત્ર મુજબ નીચે મુજબ સુધારો કરવામાં આવેલ છે.

INDEX

અ.નં.	જીલ્લાનું નામ	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	મતગણતરી માટે નિયુક્ત કરેલ	
				વધારાના ચૂંટણી અધિકારીનો હોદો	વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદો
૧	૨	૩	૪	૫	૬
૧	અમરેલી	અમરેલી	૨,૪,૬,૮,૧૦ અને ૧૨	નાયબ વન સંરક્ષક, વિસ્તરણ વિભાગ, અમરેલી	મદદનીશ વન સંરક્ષક, અમરેલી
	- ,, -	સાવરકુંડલા	૭ થી ૧૨	—	નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત અમરેલી

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 365 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, OCTOBER 24, 2005/KARTIKA 2, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,

બ્લોક નંબર ૯, ૬ઠ્ઠો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ/ચટણ/નપ/જન/૬૩/૧૦૨૦૦૫/ક

વંચાણે લીધા :- (૧) રાજ્ય ચૂંટણી પંચનો તા. ૧-૧૦-૨૦૦૫નો ક્રમાંક : રાચપ-ચટણ-નપલ-ચઅન-૮(૪)-આ-૨-૧૦૨૦૦૫-ક

(૨) રાજ્ય ચૂંટણી પંચનો તા. ૨૧-૧૦-૨૦૦૫ના ક્રમાંક : રાચપ/ચટણ/નપ/જન/૬૩/૧૦૨૦૦૫/ક

(૩) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અમદાવાદનો તા.૧૯-૧૦-૨૦૦૫નો પત્ર નં. ઈએલસી/એડીઆરઓ/મતગણતરી/૨૦૦૫.

(૪) જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અમદાવાદનો તા. ---૧૦-૨૦૦૫નો ફેક્ષ પત્ર નં. એમયુએન/ન.પા./એઆરઓ/નિમણૂંક/સા.ચૂં./૦૫/વશી-૦૫

હુકમ :--

રાજ્ય ચૂંટણી પંચના આમુખ-૨ માં દર્શાવેલ હુકમથી અમદાવાદ જિલ્લાની વિરમગામ તથા ધોળકા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની મતગણતરીના કામગીરી માટે વધારાના ચૂંટણી અધિકારી તથા વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂંક કરવામાં આવેલ છે. કલેકટરશ્રી અમદાવાદના આમુખ-૩ તથા ૪ માં દર્શાવેલ પત્રક વંચાણે લઈ પંચના આમુખ-૧ તથા

INDEX

આમુખ-૨ માં દર્શાવેલ હુકમમાં મતગણતરી પુરતો નીચે મુજબ સુધારા હુકમ કરવામાં આવે છે.

અ.નં.	નગરપાલિકાનું નામ	વોર્ડ નંબર	મતગણતરી માટે નિયુક્ત કરેલ	
			વધારાના ચૂંટણી અધિકારીનો હોદો	વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદો
૧	૨	૩	૪	૫
૧	વિરમગામ	૧ થી ૬	---	મામલતદાર, મનોરંજન કર, કલેકટર કચેરી, અમદાવાદ.
	..	૭ થી ૧૨	બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી, કલેક્ટર કચેરી, અમદાવાદ.	મામલતદાર, દસક્રોઈ તાલુકા, જિ. અમદાવાદ.
૨	ધોળકા ,,	૧ થી ૬ ૭ થી ૧૨	-- જિલ્લા પુરવઠા અધિકારી, કલેકટર કચેરી, અમદાવાદ.	અધિક ચીટનીશ કલેકટર કચેરી, અમદાવાદ જિલ્લા પુરવઠા મામલતદાર, પુરવઠા નિગમની કચેરી, સ્ટેડિયમ, અમદાવાદ.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય, ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 366 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] MONDAY, OCTOBER 24, 2005/KARTIKA 2, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર ૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ/ચટણ/પચત/ચઅન/અમદ્યવાદ-૨૦૦૫.

વંચાણે લીધા :- (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-અમદાવાદ-૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫.

(૨) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-અમદાવાદ-૨૦૦૫ તા. ૪-૧૦-૨૦૦૫.

(૩) કલેકટરશ્રી અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદનો પત્ર નંબર : એમયુએન-ઈએલસી-તાજીપં-આર.ઓ.આર.ઓ-૦૫ તા. ૨૧-૧૦-૦૫.

આદેશ

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૫ ના પેટા નિયમ (૧) અને (૨) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે રાજ્યના અમદાવાદ જિલ્લાની જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક : ૩ માં જણાવેલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, અમદાવાદની દરખાસ્ત મુજબ મત ગણતરી માટે આ સાથે નીચે મુજબના અધિકારીઓને વધારાના ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરે છે.

INDEX

જીલ્લા પંચાયતઃ

ક્રમ	જિલ્લા પંચાયતની બેઠકનો નંબર અને નામ	વધારાના ચૂંટણી અધિકારીશ્રી.	વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી.
૧.	૩૦-કેલીયાવાસણા ૩૨-વટામણ	નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી, અમદાવાદ	ચીટનીશ ટુ કલેકટર, કલેકટર કચેરી, અમદાવાદ.
૨.	૧૪-કઠવાડા ૧૭-કુહા ૨૦-નાંદેજ	નાયબ કલેકટર, (મધ્યાહન ભોજન) અમદાવાદ કલેકટર કચેરી, અમદાવાદ.	મામલતદાર અને કૃષિ પંચ, એ.એલ.ટી. દસ્ક્રોઈ, અમદાવાદ.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 367

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, OCTOBER 25, 2005/KARTIKA 3, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,

બ્લોક નંબર ૯, ૬ઠ્ઠો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય ગાંધીનગર તા. ૨૫મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંકઃરાચપ-ચટણ-જિ.તા.પં.-રાજકોટ નવું મતદાન-૨૦૦૫

વિષય :- રાજકોટ જિલ્લાની જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૦૫. નવું મતદાન યોજવા બાબત.

સંદર્ભ :- (૧) રાજકોટ જિલ્લાનાં જિલ્લા પંચાયત મતદાર મંડળ નં. ૧૩-કોટડાસાંગાણીનાં ચૂંટણી અધિકારીશ્રી તથા તાલુકા પંચાયત મતદાર મંડળ ૯-મોટા માંડવાનાં ચૂંટણી અધિકારીશ્રીનો તા. ૨૫/૧૦/૨૦૦૫નો ફેક્સ અહેવાલ ક્રમાંક તા. પં./જિ.પં./ફેર મતદાન-૧૦-૦૫

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, રાજકોટનો તા. ૨૫/૧૦/૨૦૦૫નો ફેક્સ અહેવાલ ક્રમાંક ચટણ-તા.પં./જિ.પં.-ફેર મતદાન-૧૦-૦૫.

આદેશ :--

રાજકોટ જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતની તા. ૨૫-૧૦-૨૦૦૫ ના રોજ યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં સંદર્ભ-(૧) અને (૨) નાં મળેલ અહેવાલ ધ્યાને લેતાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, રાજકોટએ જણાવ્યા મુજબ નીચે મુજબના મતદાન મથક ઉપર મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવાની પ્રક્રિયા, ચોક્કસ જુથ દ્વારા બળજબરીથી મતદાન મથક કબજે લઈ બોગસ મતદાન કરી મતપત્રો મતપેટીમાં નાંખવામાં આવેલ હોવાનું ફલિત થતાં આ મતદાન મથકે ફરી નવેસરથી મતદાન કરાવવા અહેવાલ આપેલ છે.

પંચે ઉપર જણાવેલા અહેવાલો તથા તેને લગતા તમામ રેકર્ડનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ નીચે જણાવેલ મતદાન મથકએ તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ થયેલ મતદાન દુષિત થયું છે. તેવી પંચને ખાતરી થયેલ છે.

રાજ્ય ચૂંટણી પંચે બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કર્યું છે અને મહત્વના સંજોગો ધ્યાને લઈ તેની કાળજીપૂર્વકની વિચારણા કરી છે અને પંચને નિઃશકપણે માનવાને કારણ છે કે નીચે જણાવેલ મતદાન મથકમાં તા. ૨૫-૧૦-૨૦૦૫ નાં રોજ

INDEX

યોજાયેલ મતદાન દુષિત થયેલું છે તેથી ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૪૪ના નિયમ-૪૯ અન્વયે તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ યોજાયેલ મતદાન રદ જાહેર કરવું હેતુપુરઃસર થશે. આથી રાજ્ય ચૂંટણી પંચ નીચે મુજબના મતદાન મથક ઉપર યોજાયેલ મતદાન રદ જાહેર કરવાનું નક્કી કરે છે અને તે મતદાન મથકે નવું મતદાન લેવા માટે કાર્યક્રમ નક્કી કરવાનું ઠરાવે છે.

અ.નં.	જિલ્લા પંચાયત મતદાર મંડળ નંબર અને નામ	તાલુકા પંચાયત મતદાર મંડળ નંબર અને નામ	મતદાન મથક નંબર	મતદાર મથકનું સ્થળ
૧	૧૩-કોટડા સાંગાણી	૯-મોટા ભાંડવા	૧	કરમાળ પીપળીયા ગામ

મતદાનની તારીખ : ૨૬-૧૦-૨૦૦૫
મતદાનનો વાર : બુધવાર
મતદાનનો સમય : સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી

ચૂંટણી અધિકારીશ્રી, જિલ્લા/તાલુકા પંચાયત મંડળ તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ નવા મતદાનના સંજોગોમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશેઃ-

(૧) તા. ૨૬-૧૦-૨૦૦૫ના રોજ આ બેઠક માટે સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી મતદાન હાથ ધરવામાં આવશે. તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ થયેલ મતદાન રદ થતાં આ મતદાન મથકના તમામ મતદારો મતદાન કરી શકશે.

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીની પૂર્વ મંજૂરીથી તા. ૨૬-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર મતદાન માટે વધુ કાર્યદક્ષ અને સતર્ક એવા પ્રમુખ અધિકારી/મતદાન અધિકારીઓ અને પટાવાળાની નિયુક્તિ કરવાની રહેશે.

(૩) નવા મતદાન સબંધિત કાર્યવાહી, જેવી રીતે અસલ સુચિત મતદાનના સંબંધમાં લાગુ પડે છે તેમ નવું મતદાન લેવાના સંબંધમાં, જોઈતા ફેરફારો સાથે, લાગુ પાડવાની રહેશે.

(૪) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી રાજકોટે નવુ મતદાન યોજી શકાય તે માટે જો જરૂરી હોય તો નવેસરથી મતપત્રો સરકારી પ્રેસ, રાજકોટ ખાતે છપાવવાનાં રહેશે. ચૂંટણી અધિકારીશ્રી હસ્તકના અનામત જથ્થાના મતપત્રો પણ નવા મતદાન માટે ઉપયોગમાં લેવાના રહેશે અને આ સંખ્યાને ધ્યાનમાં લઈ પૂરતી સંખ્યાના મતપત્રો છપાવવા સારૂ આ મતદાર વિભાગોની બેઠક માટે ચૂંટણી અધિકારી માટે છપાવવામાંઆવેલાકુલ મતપત્રોના છેવટના ક્રમ પછીથી આવતા ક્રમ નંબરો આપી જરૂરિયાત મુજબના મતપત્રો સરકારી પ્રેસ રાજકોટ ખાતે છપાવવાના રહેશે.

(૫) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ નવા મતદાન માટે પંચે નક્કી કરેલી તારીખની સ્થાનિક વર્તમાન પત્રોમાં તેમજ સ્થાનિક કક્ષાએ દાંડી પીટાવીને, રીક્ષામાં માઈક દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે. આ અંગેનું રોજકામ પણ કરવાનું રહેશે, વધુમાં નવા મતદાનની જાણ તમામ હરિફ ઉમેદવારો તથા માન્ય રાજકીય પક્ષોના જિલ્લા કક્ષાના પ્રમુખોને તાત્કાલિક લેખિતમાં કરવાની રહેશે. તેમજ બંજવણી બદલની પહોંચ મેળવવાની રહેશે.

(૬) નવા મતદાન સમયે મતદારના ડાબા હાથની બીજી આંગળી ઉપર અવિલોપ્ય શાહીનું નીશાન કરવાનું રહેશે. મતદાન મથક પરની મતદાન ટૂકડીને આ અંગે જરૂરી સ્પષ્ટ સુચના આપવાની રહેશે.

(૭) જયાં નવું મતદાન યોજવાનું છે તે મતદાન મથકે મતદાન નિર્ભય અને મુક્ત રીતે યોજાય તે માટે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતા પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા જિલ્લા મેજીસ્ટ્રેટે કરવાની રહેશે.

(૮) સદરહુ મતદાર મંડળની ચૂંટણીની મત ગણતરી અગાઉ નક્કી કરેલ તારીખે-સમયે ચૂંટણી અધિકારીશ્રીઓએ મુકરર કરેલ સ્થળે હાથ ધરવાની રહેશે તેની જાણ ઉમેદવારો તથા તેમના પક્ષોની જિલ્લા યુનીટ કચેરીઓને તે મુજબ કરવાની રહેશે.

વી. એચ. શાહ
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 368 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] TUESDAY, OCTOBER 25, 2005/KARTIKA 3, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returing Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-જિ.તા.પં.-દાહોદ-નવુ મતદાન-૨૦૦૫

વિષય :- દાહોદ જિલ્લાની જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૦૫.
મતદાન મથકમાં ઘસી આવી મતપત્રો ઝુંટવી બોગસ મતદાન કરવાના કારણે નવેસરથી મતદાન કરવા બાબત.

સંદર્ભ:- (૧) દાહોદ જિલ્લાના મતદાર મંડળ નં. ૮-ધાવડીયામાં સમાવિષ્ટ ૧૬-ખરસાણા તાલુકા પંચાયતના, ફુલપુરા-૧, ફુલપુરા-૨ તેમજ ૭-ગામડી તાલુકા પંચાયતના, ચીત્રોડીયા-૧, ચીત્રોડીયા-૨ અને જાફર પુરાના ચૂંટણી અધિકારીશ્રીનો તા. ૨૫/૧૦/૨૦૦૫નો ફેકસ અહેવાલ જા. નં. જીપં-તા.પં-ચૂંટણી-વશી-(૨) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દાહોદ ફેકસ અહેવાલ/ધ્વનિસંદેશ તા. ૨૫/૧૦/૨૦૦૫નો ક્રમાંક: તા. પં.-જી.પં.-ચટણ-વશી-૨૫૮

આદેશ:-

દાહોદ જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતની તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં સંદર્ભ-(૧) અને (૨) નાં મળેલ અહેવાલ ધ્યાને લેતા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દાહોદએ નીચે મુજબના મતદાન મથકો ઉપર ચોક્કસ જુથ દ્વારા બુથમાં ઘસી આવી મતપત્રો ઝુંટવી બોગસ મતદાન કરેલ આથી આ મતદાન મથકોએ ફરી નવેસરથી મતદાન કરાવવા અહેવાલ આપેલ છે.

પંચે ઉપર જણાવેલા અહેવાલો તથા તેને લગતા તમામ રેકર્ડનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ નીચે જણાવેલ મતદાન મથકોએ તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ થયેલ મતદાન દુષિત થયું છે. તેવી પંચને ખાતરી થયેલ છે.

INDEX

રાજ્ય ચૂંટણી પંચે બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કર્યું છે અને મહત્વના સંજોગો ધ્યાને લઈ તેની કાળજીપૂર્વકની વિચારણા કરી છે અને પંચને નિઃશકપણે માનવાને કારણ છે કે નીચે જણાવેલ મતદાન મથકોમાં તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ યોજાયેલ મતદાન દુષિત થયેલું છે તેથી ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૪૯ અન્વયે તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ યોજાયેલ મતદાન રદ જાહેર કરવું હેતુપુરઃસર થશે. આથી રાજ્ય ચૂંટણી પંચ નીચે મુજબના મતદાન મથકો ઉપર યોજાયેલ મતદાન રદ જાહેર કરવાનું નક્કી કરે છે. અને ઉકત મતદાન મથકો ઉપર ફરી નવેસરથી મતદાન લેવા માટે કાર્યક્રમ નક્કી કરવાનું ઠરાવેલ છે.

અ.નં.	જિલ્લા પંચાયત મતદાન મંડળ નંબર અને નામ	તાલુકા પંચાયત મતદાર મંડળ નંબર અને નામ	મતદાન મથકનું નામ અને નંબર
૧	૨	૩	૪
૧.	૮-ધાવડીયા	૧૮-મહુડી	૧-બબેલા પ્રાથમિક શાળા
૨.	૮-ધાવડીયા	૫-ધાવડીયા	૧-મુનખોસલા પ્રાથમિક શાળા ઉત્તર બાજુ
૩.	૮-ધાવડીયા	૫-ધાવડીયા	૨-મુનખોસલા પ્રાથમિક શાળા દક્ષિણ બાજુ
૪.	૮-ધાવડીયા	૧૬-ખરસાણા	ફુલપુરા-૧, પ્રા.શાળા પુર્વ બાજુ
૫.	૮-ધાવડીયા	૧૬-ખરસાણા	ફુલપુરા-૨, પ્રા.શાળા પશ્ચિમ બાજુ
૬.	૮-ધાવડીયા	૭-ગામડી	૭-રામપુરા પ્રા. શાળા
૭.	૨૬-નિદકાપુર્વ	૧૯-વટલી	૨-વટલી-૨, પ્રા. શાળા પશ્ચિમ બાજુ

મતદાનની તારીખ :- ૨૬-૧૦-૨૦૦૫
મતદાનનો વાર :- બુધવાર
મતદાનનો સમય :- સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી

ચૂંટણી અધિકારીશ્રી, જિલ્લા/તાલુકા પંચાયત મંડળ તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ નવા મતદાનના સંજોગોમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧) તા. ૨૬-૧૦-૨૦૦૫ના રોજ આ બેઠકો માટે સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી મતદાન હાથ ધરવામાં આવશે. તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ થયેલ મતદાન રદ થતાં આ મતદાન મથકોના તમામ મતદારો મતદાન કરી શકશે.

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીની પૂર્વ મંજૂરીથી તા. ૨૬-૧૦-૨૦૦૫ના રોજ યોજનાર મતદાન માટે વધુ કાર્યદક્ષ અને સતર્ક એવા પ્રમુખ અધિકારી/મતદાન અધિકારીઓ અને પટાવાળાઓની નિયુક્તિ કરવાની રહેશે.

(૩) નવા મતદાન સબંધિત કાર્યવાહી, જેવી રીતે અસલ સુચિત મતદાનના સબંધમાં લાગુ પડે છે તેમ નવુ મતદાન લેવાના સબંધમાં, જોઈતા ફેરફારો સાથે, લાગુ પાડવાની રહેશે.

(૪) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દાહોદે નવુ મતદાન યોજી શકાય તે માટે જો જરૂરી હોય તો નવેસરથી મતપત્રો ફોટોલીથો પ્રેસ, અમદાવાદ ખાતે છપાવવાનાં રહેશે. ચૂંટણી અધિકારીશ્રી હસ્તકના અનામત જથ્થાના મતપંત્રો પણ નવા મતદાન માટે ઉપયોગમાં લેવાના રહેશે અને આ સંખ્યાને ધ્યાનમાં લઈ પૂરતી સંખ્યાના મતપત્રો છપાવવા સારૂ આ મતદાર વિભાગોની બેઠક માટે ચૂંટણી અધિકારી માટે છપાવવામાં આવેલ કુલ મતપત્રોના છેવટના ક્રમ પછીથી આવતા ક્રમ નંબરો આપી જરૂરીયાત મુજબના મતપત્રો ફોટોલીથો પ્રેસ, અમદાવાદ ખાતે છપાવવાના રહેશે.

(૫) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ નવા મતદાન માટે પંચે નક્કી કરેલી તારીખથી સ્થાનિક વર્તમાન પત્રોમાં તેમજ સ્થાનિક કક્ષાએ દાંડી પીટાવીને, રીક્ષામાં માઈક દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે. આ અંગેનું રોજકામ પણ કરવાનું રહેશે, વધુમાં નવા મતદાનની જાણ તમામ હરિફ ઉમેદવારો તથા માન્ય રાજકીય પક્ષોના જિલ્લા કક્ષાના પ્રમુખોને તાત્કાલિક લેખિતમાં કરવાની રહેશે. તેમજ બજવણી બદલની પહોંચ મેળવવાની રહેશે.

(૬) નવા મતદાન સમયે મતદારના ડાબા હાથની બીજી આંગળી ઉપર અવિલોપ્ય શાહીનું નીશાન કરવાનું રહેશે. મતદાન મથકો પરની મતદાન ટૂકડીઓને આ અંગે જરૂરી સ્પષ્ટ સુચના આપવાની રહેશે.

(૭) જ્યાં નવું મતદાન યોજાવાનું છે તે મતદાન મથકોએ મતદાન નિર્ભય અને મુકત રીતે યોજાય તે માટે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતા પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા જિલ્લા મેજીસ્ટ્રેટે કરવાની રહેશે.

(૮) સદરહુ મતદાર મંડળોની ચૂંટણીની મત ગણતરી અગાઉ નક્કી કરેલ તારીખે/સમયે ચૂંટણી અધિકારીશ્રીઓએ મુકરર કરેલ સ્થળે હાથ ધરવાની રહેશે તેની જાણ ઉમેદવારો તથા તેમના પક્ષોની જિલ્લા યુનીટ કચેરીઓને તે મુજબ કરવાની રહેશે.

આદેશથી,
વી. એચ.શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 369 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returing Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-જિ.તા.પં.-સુરત-નવુ મતદાન-૨૦૦૫.

વિષય :- સુરત જિલ્લાની જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૦૫.
૭-ડોસવાડા જિ.પં.મતદાર મંડળ તથા ૬-ડોસવાડા તા. પં. મતદાર મંડળમાં સમાવિષ્ટ મતદાન મથક ૪ (અ) દેવલપાડા મતદાન પ્રક્રિયા દુષિત થતાં ફેર મતદાન અંગે.

સંદર્ભ:- (૧) સુરત જિલ્લા ૭-ડોસવાડા જિ.પં. તથા ૬-ડોસવાડા તા. પં. મતદાર મંડળ ચૂંટણી અધિકારીશ્રીનો તા. ૨૫-૧૦-૨૦૦૫નો ફેક્સ અહેવાલ.

(૨) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, સુરત પત્ર નં. જિ.પં./૨૦૦૫ તા.૨૬/૧૦/૨૦૦૫નો ફેક્સ અહેવાલ.

આદેશ:-

સુરત જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતની તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં સંદર્ભ-(૧) અને (૨) ના મળેલ અહેવાલ ધ્યાને લેતાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સુરતએ નીચે મુજબના મતદાન મથક ઉપર માથાભારે ઈસમો બુથમાં ધસી આવી મતપત્રો ઝુંટવી બોગસ મતદાન કરેલ આથી આ મતદાન મથક ઉપર ફરી નવેસરથી મતદાન કરાવવા અહેવાલ આપેલ છે.

પંચે ઉપર જણાવેલા અહેવાલો તથા તેને લગતા તમામ રેકર્ડનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ નીચે જણાવેલ મતદાન મથકોએ તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ થયેલ મતદાન દુષિત થયું છે. તેવી પંચને ખાતરી થયેલ છે.

રાજ્ય ચૂંટણી પંચે બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કર્યું છે અને મહત્વના સંજોગો ધ્યાને લઈ તેની કાળજીપૂર્વકની વિચારણા કરી છે અને પંચને નિ:શકપણે માનવાને કારણ છે કે નીચે જણાવેલ મતદાન મથકમાં તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ યોજાયેલ મતદાન દુષિત થયેલું છે તેથી ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૪૯ અન્વયે તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન રદ જાહેર કરવું હેતુપુર:સર થશે. આથી રાજ્ય ચૂંટણી પંચ નીચે મુજબના મતદાન મથક ઉપર યોજાયેલ

INDEX

મતદાન રદ જાહેર કરવાનું નક્કી કરે છે. અને તે મતદાન મથક ઉપર ફરી નવેસરથી મતદાન લેવા માટે કાર્યક્રમ નક્કી કરવાનું ઠરાવે છે.

અ.નં.	જિલ્લા પંચાયત મતદાર મંડળ નંબર અને નામ	તાલુકા પંચાયત મતદાર મંડળ નંબર અને નામ	મતદાન મથકનું નામ અને નંબર
૧.	૭-ડોસવાડા	૬-ડોસવાડા	૪ (અ) દેવલપાડા

મતદાનની તારીખ	:- ૨૭-૧૦-૨૦૦૫
મતદાનનો વાર	:- ગુરુવારે
મતદાનનો સમય	:- સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી

ચૂંટણી અધિકારીશ્રી, જિલ્લા/તાલુકા પંચાયત મંડળ તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ નવા મતદાનના સંજોગોમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧) તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ આ બેઠકો માટે સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી મતદાન હાથ ધરવામાં આવશે. તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ થયેલ મતદાન રદ થતાં આ મતદાન મથકોના તમામ મતદારો મતદાન કરી શકશે.

(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીની પૂર્વ મંજૂરીથી તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર મતદાન માટે વધુ કાર્યદક્ષ અને સતર્ક એવા પ્રમુખ અધિકારી/મતદાન અધિકારીઓ અને પટાવાળાઓની નિયુકિત કરવાની રહેશે.

(૩) નવા મતદાન સબંધિત કાર્યવાહી, જેવી રીતે અસલ સુચિત મતદાનના સબંધમાં લાગુ પડે છે તેમ નવુ મતદાન લેવાના સંબંધમાં, જોઈતા ફેરફારો સાથે, લાગુ પાડવાની રહેશે.

(૪) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરતે નવુ મતદાન યોજી શકાય તે માટે જો જરૂરી હોય તો નવેસરથી મતપત્રો સરકારી પ્રેસ, વડોદરા ખાતે છપાવવાનાં રહેશે. ચૂંટણી અધિકારીશ્રી હસ્તકના અનામત જથ્થાના મતપત્રો પણ નવા મતદાન માટે ઉપયોગમાં લેવાના રહેશે અને આ સંખ્યાને ધ્યાનમાં લઈ પૂરતી સંખ્યાના મતપત્રો છપાવવા સારૂ આ મતદાર વિભાગોની બેઠક માટે ચૂંટણી અધિકારી માટે છપાવવામાં આવેલ કુલ મતપત્રોના છેવટના ક્રમ પછીથી આવતા ક્રમ નંબરો આપી જરૂરીયાત મુજબના મતપત્રો સરકારી પ્રેસ, વડોદરા ખાતે છપાવવાના રહેશે.

(૫) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ નવા મતદાન માટે પંચે નક્કી કરેલી તારીખની સ્થાનિક વર્તમાન પત્રોમાં તેમજ સ્થાનિક કક્ષાએ દાંડી પીટાવીને, રીક્ષામાં માઈક દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે. આ અંગેનું રોજકામ પણ કરવાનું રહેશે, વધુમાં નવા મતદાનની જાણ તમામ હરિફ ઉમેદવારો તથા માન્ય રાજકીય પક્ષોના જિલ્લા કક્ષાના પ્રમુખોને તાત્કાલિક લેખિતમાં કરવાની રહેશે. તેમજ બજવણી બદલની પહોંચ મેળવવાની રહેશે.

(૬) નવા મતદાન સમયે મતદારના ડાબા હાથની બીજી આંગળી ઉપર અવિલોપ્ય શાહીનું નીશાન કરવાનું રહેશે. મતદાન મથકો પરની મતદાન ટૂકડીઓને આ અંગે જરૂરી સ્પષ્ટ સુચના આપવાની રહેશે.

(૭) જ્યાં નવું મતદાન યોજાવાનું છે તે મતદાન મથકોએ મતદાન નિર્ભય અને મુકત રીતે યોજાય તે માટે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતા પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા જિલ્લા મેજીસ્ટ્રેટે કરવાની રહેશે.

(૮) સદરહુ મતદાર મંડળોની ચૂંટણીની મત ગણતરી અગાઉ નક્કી કરેલ તારીખે/સમયે ચૂંટણી અધિકારીશ્રીઓએ મુકરર કરેલ સ્થળે હાથ ધરવાની રહેશે તેની જાણ ઉમેદવારો તથા તેમના પક્ષોની જિલ્લા યુનીટ કચેરીઓને તે મુજબ કરવાની રહેશે.

(૯) જે મતદાન મથકે નવુ મતદાન હાથ ધરાનાર છે તે મતદાન મથકનો જે જિલ્લા/તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવેશ થાય છે તે જિલ્લા/તાલુકા મતદાર મંડળની મત ગણતરી સૌથી છેલ્લે હાથ ધરવાની રહેશે તેમજ સદરહુ મતદાન મથકનું મતદાન પૂર્ણ થયા બાદ તે મતદાન મથકની મત ગણતરી હાથ ધરવાની રહેશે ત્યારબાદ સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયત મંડળના આખરી પરિણામો જાહેર કરવાના રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 370 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

નંબર : રાચપ-ચટણ-જીતાપં-સુરેન્દ્રનગર-સામાન્ય ચૂંટણી-૨૦૦૫.

વંચાણે લીધું : (૧) જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરનો પત્ર નં. : ચટણ-તાજીપં-મતદાન-વ-૧૦-૦૫, તા. ૨૫-૧૦-૨૦૦૫.

આદેશ

જીલ્લા પંચાયત, સુરેન્દ્રનગર તથા તાલુકા પંચાયત લીંબડીની સામાન્ય ચુંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન જીલ્લા પંચાયતના ૧૯-રાણાગઢ મતદાર મંડળ તથા તાલુકા પંચાયત લીંબડીના ૧૩-રાણાગઢ મતદાર મંડળના મતદાન મથક નં. ૫-મુળબાવળા, ૧૧-૫૨નાળા મતદાર મંડળના મતદાન મથક નં. ૧ ફુલવાડી, ૩-ધલવાણા તથા ૯-નાની કઠેચી મતદાર મંડળના મતદાન મથક નં. ૫ ભગવાનપરની ચુંટણી સંબંધે જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરનો આમુખમાં જણાવેલ તા. ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસપત્ર રાજ્ય ચુંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉક્ત અહેવાલ પ્રમાણેની વિગત એવી છે કે સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતના ૧૯-રાણાગઢ મતદાર મંડળ તથા તાલુકા પંચાયત લીંબડીના ૧૩-રાણાગઢ મતદાર મંડળના મતદાન મથક નં. ૫ મુળબાવળા, ૧૧-૫૨નારાળા મતદાર મંડળના મતદાર મથક નં. ૧ ફુલવાડી, ૩- ધલવાણા તથા ૯-નાનીકઠેચી મતદાર મંડળના મતદાર મથક નં. ૫ ભગવાનપર ઉપર તા. ૨૫-૧૦-૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન ૧૬-૦૦ કલાક થી ૧૭-૧૫ કલાક દરમ્યાન ૫ થી ૬ માણસોની ટોળકીએ હથિયારો સાથે ઘુસી જઈને મતદાન મથકના સ્ટાફ પાસેથી બળજબરી પુર્વક જીલ્લા પંચાયત મતદાર વિભાગના તથા તાલુકા પંચાયત મતદાર

INDEX

વિભાગના મતપત્રો આંચકી લઈ મતપત્રો ઉપર સ્ટેમ્પીંગ કરી મતપેટીમાં નાખી ત્યાંથી જતા રહેલ છે. જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરેન્દ્રનગરના જણાવ્યા મુજબ ૧૯-રાણાગઢ જીલ્લા પંચાયતમાં સમાવિષ્ટ લીંબડી તાલુકા પંચાયતના મતદાર મંડળ નં.૧૩-રાણાગઢના મતદાર મથક નં. ૫ મુળબાવળાના મતપત્ર નં. ૦૦૨૯૩૧૧ થી ૦૦૨૯૩૫૦ સુધીના કુલ-૪૦ મતપત્રો, ૧૧-પરનાળાના મતદાન મથક નં. ૧ કુલવાડીના મતપત્ર નં.૦૦૧૨૨૬ થી ૦૦૧૨૬૦ સુધીના કુલ ૩૫ મતપત્રો, ૩ ધ્રુલવાણાના મતપત્ર નં. ૦૦૧૪૦૪૧ થી નં.૦૦૧૪૧૦૭, ૦૦૧૪૧૫૧ થી ૦૦૧૪૩૦૦ સુધીના કુલ-૨૧૭ મતપત્રો તેમજ ૯-નાની કઠેચીના મતદાન મથક નં ૫, ભગવાનપરના મતપત્ર નં. ૦૦૧૧૩૯૪ થી ૦૦૧૧૪૩૪, ૦૦૧૧૪૫૧ થી ૦૦૧૧૪૮૮; ૦૦૧૧૫૦૨ થી ૦૦૧૧૫૩૦ સુધીના કુલ ૧૦૮ મતપત્રો તેમજ લીંબડી તાલુકા પંચાયતના ૯-નાની કઠેચી મતદાર વિભાગના મતદાન મથક નં. ૫ ભગવાનપરના તાલુકા પંચાયતની ચુંટણીના મતપત્ર નં. ૦૦૨૧૬ થી ૦૦૨૫૦ કુલ-૩૫ મતપત્રો બળજબરી પૂર્વક આચકીને સ્ટેમ્પીંગ કરીને મતપેટીઓમાં નાખવામાં આવેલ છે. આ રીતે ગેરકાયદેસર સ્ટેમ્પીંગ કરીને મતપેટીઓમાં નાખવામાં આવેલ આ ચારે મતદાન મથકના મતપત્રો સહેલાઈથી અલગ તારવી શકાય તેમ છે.

રાજ્ય ચૂંટણી પંચે, ગુજરાત પંચાયત ચુંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૪૯ની જોગવાઈઓ મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે, અને બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કરેલ છે. બનાવનું મુલ્યાંકન કરતા રાજ્ય ચૂંટણી પંચને જણાવ્યું છે કે નિયમ-૪૯ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયુ જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી સાથે સાથે જે મતપત્રો પ્રમુખ અધિકારીના કબજામાંથી લઈ અનિયમિત રીતે મતપેટીઓમાં નાખી દીધેલ છે,તે મતપત્રો સ્પષ્ટ પણે અલગ તારવી શકાય તેમ છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃમતદાન માટે આદેશ કરવા રાજ્ય ચુંટણી પંચ સક્ષમ છે પરંતુ મતદાન દુષિત થયુ છે તેવું નિશંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુનઃમતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે અનઅધિકૃત મતપત્રો આ મતદાન મથકે અગર મતદાન મંડળના અન્ય મતદાન મથકે અનઅધિકૃત કોઈ વ્યક્તિ મતદારે મતપેટીમાં નાખ્યા હોઈ આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો મતદાર મંડળના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ના પામે તે સંજોગોમાં આ મતદાર મંડળના તમામ મતદાન મથકોની કોઈ મતપેટીમાંથી ઉપરોકત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચૂંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો મતદાર મંડળના કોઈપણ મતદાન મથકની પેટીમાં મળે છે કે કેમ અને જો મળી આવે તો મત ગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબંધે નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

૧. મતદાર મંડળોની મતગણતરી કરતા પહેલા મતદાર મંડળના તમામ ઉમેદવારો, ચુંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો)ને મતગણતરી શરૂ કરતા પહેલા જ મતદાન મથક પરથી કયાં થી કયા ક્રમ દરમ્યાન મળી આવશે તો નામંજુર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

૨. મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોક્ત મતપત્રો અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપેટીમાં નાખવામાં આવ્યા છે તે સિવાયના આ મતદાર મંડળના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી હાથ ધરવાની રહેશે તે વખતે ગણતરી સુપરવાઈઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથકે અનઅધિકૃત રીતે મતપત્રો મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નિકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતા દર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટી માંથી નિકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઈ થઈ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ આખુ ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતા ભીન્નતા ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરી ઈલાયદા રાખવાના રહેશે.

૩. જે મતદાન મથકે અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાતરી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતા મતપેટીમાં વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ. જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નિકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાખેલ મતપત્રોના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેટા-૨ તથા ૩ની કાર્યવાહી પ્રમાણે જો અનઅધિકૃત રીતે મતપેટીમાં નાખેલ મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઈલાયદા સીલબંધ કવરમાં મુકવાના રહેશે. અને કવર પર મતદાર મંડળ નંબર,મતગણતરી તારીખ વિગેર દર્શાવી આ પરબીડીયુ મતદાન મંડળના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બન્ને પરબીડીયા એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરી રાખવાના રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 371 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-પચત-ચઅન-અમદાવાદ-૨૦૦૫.

વંચાણે લીધા :– (૧) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ- રાચપ-ચટણ-પચત-ચઅન-અમદાવાદ-૨૦૦૫ તા. ૩-૧૦-૨૦૦૫

(૨) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ- રાચપ-ચટણ-પચત-ચઅન-અમદાવાદ-૨૦૦૫ તા. ૪-૧૦-૨૦૦૫

(૩) રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ- રાચપ-ચટણ-પચત-ચઅન-અમદાવાદ-૨૦૦૫ તા. ૨૪-૧૦-૨૦૦૫

(૪) કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદનો પત્ર નંબર : એમયુએન-ઈએલસી-તાજીપં.-એ.ડી.આર.ઓ-એ.આર.ઓ.-વશી-તા. ૨૪-૧૦-૨૦૦૫

આદેશ

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૫ના પેટા નિયમ (૧) અને (૨) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરે રાજ્યના અમદાવાદ જિલ્લાની જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા આદેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક : ૩ થી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, અમદાવાદની દરખાસ્ત મુજબ આર. ઓ.એ.આર.ઓ માં સુધારા આદેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક : ૪ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, અમદાવાદની દરખાસ્ત મુજબ તા. ૨૪-૧૦-૨૦૦૫ના રોજ કરવામાં આવેલ આદેશમાં નીચે મુજબનો અંશતઃ સુધારો કરવામાં આવે છે.

અમદાવાદ જીલ્લા પંચાયતની સીટ-૧૭ કુહાના બદલે ૫-ભુવાલડી વંચાણે લેવા સુધારા આદેશ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 372 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-જીતાપં.-આણંદ-સામાન્ય ચૂંટણી-૨૦૦૫.

વંચાણે લીધું:— (૧) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આણંદનો પત્ર નં. જીતાપં.-સા.ચૂં.-મતદાન-માહિતી-વશી-તા. ૨૫-૧૦-૨૦૦૫.

-:આદેશ:-

જીલ્લા પંચાયત આણંદ તથા તાલુકા પંચાયત પેટલાદની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન જિલ્લા પંચાયતના ૧૨-ધર્મજ મતદાર મંડળ તથા તાલુકા પંચાયત પેટલાદના ૭-ધર્મજ-૨ મતદાર મંડળના મતદાન મથક ધર્મજ-૧ તથા ધર્મજ-૨ ની ચૂંટણી સંબંધે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આણંદનો આમુખમાં જણાવેલ તા. ૨૫-૧૦-૨૦૦૫નો પત્ર રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉક્ત અહેવાલ પ્રમાણેની વિગત નીચે જણાવ્યા પ્રમાણે છે.

(૧) ધર્મજ-૧ મતદાન કેન્દ્ર ઉપર સવારના ૮-૦૦ કલાકે પ્રમુખ અધિકારીશ્રીએ જિલ્લા તથા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાન શરૂ કરાવેલ. મતદાન શરૂ થતાં સવારના ૮-૪૫ સુધી નીચે પ્રમાણે મતદારોએ મતદાન કરી આ મતદાન મથકની મતપેટી નંબર જીજે-૨૩-૦૧૪૮૫ માં મતપત્રો નાંખેલ

જિલ્લા પંચાયત માટે-મતપત્ર નંબર-૦૦૬૦૦૧ થી ૦૦૬૦૧૯=૧૯ તથા ૦૦૦૦૫૯૫૧ થી ૦૦૦૦૫૯૫૬=૬ કુલ ૨૫ તથા તાલુકા પંચાયત માટે મતપત્ર નંબર-૦૦૦૦૫૧ થી ૦૦૦૦૬૯=૧૯ તથા ૦૦૦૦૦૧ થી ૦૦૦૦૦૬=૬ મળી કુલ ૨૫ મતપત્રો નિયમસરના મતદાનથી નાંખેલ

આ મતદાન થયા બાદ ૮-૪૫ થી ૯-૦૦ ના સમયમાં છ થી સાત માણસો આ મતદાન કેન્દ્રમાં ઘુસી આવી આ મતદાન મથકના મતપત્રોનો હવાલો સંભાળતા પોલીંગ અધિકારી પાસેથી અનુક્રમે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના મતપત્રોની થોકડી ઝુંટવી લઈ મતપત્રના કાઉન્ટર ફોઈલમાંથી ફાડી મતપત્રો ઉપર એરોક્રોસથી મત આપી મતપેટીમાં નાંખી દીધેલ છે. આ મતપત્રોની વિગત નીચે પ્રમાણે છે. નિમ્ન મતપત્રોના કાઉન્ટર ફોઈલ ઉપર મતદારની સહી કે અંગુઠાનું નિશાન નથી.

INDEX

(૧) જિલ્લા પંચાયતના મતપત્રો--૦૦૬૦૨૦ થી ૦૦૬૦૫૦=૩૧

(૨) તાલુકા પંચાયતના મતપત્રો--૦૦૦૦૭૦ થી ૦૦૦૧૦૦=૩૧

ના. મામ.શ્રી મહેસુલ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, તાલુકા પંચાયત અને ત્યારબાદ ચૂંટણી અધિકારી તાલુકા પંચાયત અને મામલતદારશ્રી ગામે ગયેલ અને દુષિત થયેલ મતપેટી તથા અન્ય સાહિત્ય સીલ કરી નવી મતપેટી ઉપયોગમાં લેવા તૈયાર કરાવી, પ્રમુખ અધિકારીશ્રીઓનો એકરાર કરાવી મતદાન આગળ શરૂ કરવા કાર્યવાહી કરાવવામાં આવેલ છે. મતદાન લાંબો સમય બંધ રહેલ નથી.

આ કાર્યવાહી દરમ્યાન કેટલાક છ જેટલા મતદારો આવેલ. જઓએ યોગ્ય રીતે મતપત્રો મેળવી મતદાન કરેલ અને જેના મતપત્રો પણ શરૂઆતની મતપેટી નંબર જીજે-૨૩-૦૧૪૮૫ માં નીચેની વિગતના નાંખવામાં આવેલ.

જીલ્લા પંચાયત માટે મતપત્ર નંબર : ૦૦૫૯૫૧ થી ૦૦૫૯૫૬=૬

તાલુકા પંચાયત માટે મતપત્ર નંબર : ૦૦૦૦૦૦૧ થી ૦૦૦૦૦૬=૬

આ મતદાન મથક ઉપર શરૂઆતથી મતપેટીમાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના કુલ ૫૬-૫૬ મતપત્રો નંખાયેલા હતા. આ મતદાન મથક માટે મતદાન ચાલુ રાખવા નવી મતપેટી શરૂ કરવાથી શરૂઆતની સદરહુ મતપેટી ૧/૨ નંબર આપી સીલ કરેલ તેમજ સદરહુ મતદાન થયેલ મતપત્રના અડધિયાના કવર પણ જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયત માટે અલગ-અલગ સીલ કરી દીધેલ. દુષિત થયેલ મતપેટીને સીલ કરી નવી મતપેટી તૈયાર કરી મતદાન શરૂ થયા બાદ કોઈ બોગસ મતદાનનો પ્રસંગ બનેલ નથી તથા કોઈ લેખિત રજુઆત કલેક્ટરશ્રીને મળેલ નથી.

૨. તેજ રીતે આ જ કુમાર શાળામાં આવેલ આજ મત વિભાગના ધર્મજ-૨ મતદાન કેન્દ્રો ઉપર પણ નિયમસર સવારના ૮-૦૦ વાગે મતદાન શરૂ થયેલ. મતદાન શરૂ થતાં આ મતદાન મથક ઉપર મતદારોએ નિયમસર આવી નીચેની વિગતના મતપત્રો મતદાન કરી આ મતપેટી નંબર: જીજે-૨૩-૦૧૧૪૯ માં નાખેલ.

જિલ્લા પંચાયત માટે મતપત્ર નંબર: ૦૦૬૯૫૧ થી ૦૦૬૯૫૪=૪
તથા ૦૦૬૯૨૧ થી ૦૦૬૯૨૨=૨
કુલ– ૬

તાલુકા પંચાયત માટે મતપત્ર નંબર: ૦૦૧૦૦૧ થી ૦૦૧૦૦૩=૩
તથા ૦૦૦૯૭૧ થી ૦૦૦૯૭૨=૨
કુલ– ૫

આમ, કુલ ૬ તથા ૫ મતપત્રો મતપેટીમાં નાખેલ હતા. તથા આ મતપત્રોના અડધિયા ઉપર મતદાર યાદીનો ભાગ નંબર, મતદારનો ક્રમ નંબર તથા મતદારની સહી લેવામાં આવેલ.

ત્યારબાદ આશરે ૮-૪૫ થી ૯-૦૦નાં અરસામાં ૬ થી ૭ માણસો આ મતદાન કેન્દ્રમાં આવી આ મતદાન મથકના મતપત્રોનો હવાલો સંભાળતા પોલીંગ અધિકારીશ્રી પાસેથી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના મતપત્રોની થોકડી આંચકી લઈ મતપત્રોના કાઉન્ટર ફાઈલમાંથી ફાડી, ફાડેલા મતપત્રો ઉપર એરોક્રોસથી સિક્કા મારી નીચે જણાવેલ મતપત્રો આ મતદાન કેન્દ્રની મતપેટી નંબર: જીજે-૨૩-૦૧૧૪૯માં નાખી દીધેલ.

જિલ્લા પંચાયત મતપત્ર નંબર: ૦૦૬૯૫૫ થી ૦૦૭૦૦૦ = ૪૬

તાલુકા પંચાયત મતપત્ર નંબર: ૦૦૧૦૩૧,૦૦૧૦૩૫,૦૦૧૦૩૬,૦૦૧૦૪૦,૦૦૧૦૪૧,૦૦૧૦૪૬=૬

ઉક્ત મતપત્રોના કાઉન્ટર ફોઈલ પર મતદારની સહી કે અંગુઠાનું નિશાન નથી.

ઉપરોક્ત મતપત્રો મતપેટીમાં નાખી દીધેલ. આ ઉપરાંત તાલુકા પંચાયત મતદાર વિભાગની ચૂંટણીના ૪૧ મતપત્રો ગેરકાયદેસર ટોળાએ ઝૂંટવી લઈ તેના ઉપર ગેરકાયદેસર રીતે એરોક્રોસ માર્ક બળજબરીથી મારેલ. પરંતુ આ મતપત્રો પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીએ મતપેટીમાં નાખવા દીધેલ નહી. પરંતુ પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીએ તેમના કબજામાં રાખેલ. જે મતદારની રીતના ભંગ બદલ રદ કરી અલગ કવરમાં રાખવામાં આવેલ. આ મતદાન મથક ઉપર ઉમેદવારો, એજન્ટશ્રીઓની હાજરીમાં નવી મતપેટી ઉપયોગમાં લઈ મતદાન આગળ શરૂ કરવા કાર્યવાહી કરવા આ મતદાન મથક ઉપર નવેસરથી બીજી મતપેટી નંબર: જીજે-૨૩-૦૦૬૧૧૧ની મતપેટી સીલબંધ કરી નિયમિત મતદાન કરી શકાય તે માટે પેપર સીલ નંબર: બી-૪૧૫૮૦ પેટીમાં સીલ કરી એજન્ટશ્રીઓની સહીઓ લઈ મતદાન ચાલુ રખાવતાં મતદાન લાંબો સમય બંધ રહેલ નહી.મતદાન મથકોની કલેક્ટરશ્રી/ ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ મુલાકાત લીધેલ છે અને મતદાનનો સમય પૂરો થતાં સુધી મતદાન ચાલુ રહેલ અને તે દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બનેલ ન હતો. ઉક્ત હકિકત અને સંજોગોને ધ્યાનમાં લઈ નીચેની બાબતો સ્પષ્ટ બને છે.

(૧) મતદાન લાંબો સમય બંધ રહેલ નથી.

(૨) મતદાન તરત જ બીજી મતપેટી ઉપયોગમાં લઇ શરૂ કરાવેલ છે. જે શાંતિપુર્ણ રીતે પુર્ણ થયેલ છે.

(૩) બંને મતદાન મથકોને પુનઃ મતદાન કરવા માટે કોઇ લેખિતમાં માંગણી કલેક્ટરશ્રીને મળેલ નથી. આ બંને મતદાન મથકોએ પુનઃ મતદાન કરવા માટે કોઈ વ્યાજબી કે કાયદાકીય કારણો જણાતા નથી. તેવો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીએ સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

કલેક્ટરશ્રીના ઉપરોક્ત અહેવાલ અન્વયે રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૪૯ની જોગવાઇઓ મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે. અને બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કરેલ છે. બનાવનું મુલ્યાંકન કરતા રાજ્ય ચૂંટણી પંચને જણાયું છે કે, નિયમ-૪૯ના પ્રબંધો મુજબ મતદાન દૂષિત થયું જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી, સાથે સાથે મતપત્રો પ્રમુખ અધિકારીશ્રીના કબજામાંથી બળજબરીથી ઝૂંટવાયેલ છે તેની ફરિયાદ પણ નોંધાવી છે.

મતદાન દૂષિત થયું હોવાને કારણે પુનઃ મતદાન માટે આદેશ કરવા રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ છે. પરંતુ મતદાન દૂષિત થયું છે તેવું નિઃશંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં મતદાન દૂષિત થયું છે તેવો નિર્ણય લઇ પુનઃ મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે ઝૂંટવાયેલા મતપત્રો આ મતદાન મથકોએ અગર મતદાન મંડળના અન્ય મતદાન મથકે અનધિકૃત કોઇ વ્યક્તિ મતદારો મતપેટીમાં નાખ્યા હોઇ આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો મતદાર મંડળના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ના પામે તે સંજોગોમાં આ મતદાર મંડળના તમામ મતદાન મથકોની કોઇ મતપેટીમાંથી ઉપરોક્ત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજૂર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચૂંટણી અધિકરીશ્રીએ આવા મતપત્રો મતદાર મંડળના કોઇપણ મતદાન મથકની પેટીમાં મળે છે કે કેમ? અને જો મળી આવે તો મતગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબંધે નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

૧. મતદાર મંડળોની મતગણતરી કરતાં પહેલાં ચૂંટણી અધિકારી અગર વધારાના ચૂંટણી અધિકારી જેઓ હસ્તક આ મતદાર મંડળોની ગણતરી હાથ ધરવા પંચે આદેશ કર્યા છે. તે મતદાર મંડળના તમામ ઉમેદવારો, ચૂંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો) ને મતગણતરી શરૂ કરતા પહેલાં મતદાન મથક પરથી ક્યાંથી કયા ક્રમ નંબરના મતપત્રો ગુમ થયા છે તેની અને આવા મતપત્રો જો ગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજૂર કરવામાં આવશે. તેવી જાણ કરવાની રહેશે.

૨. મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોક્ત મતપત્રો ગુમ થયા છે તે સિવાયના આ મતદાર મંડળના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રથમિક ગણતરી હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઇઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતા દર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહી વાળા મતપત્રો હોય તો)ભિન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નીકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઇ થઇ શકશે. અર્થાત પ્રાથમિક મત ગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતાં ભિન્નતા ધરાવતા મતપત્રો મતપત્રો મળી આવે તો તે નામંજૂર કરી ઇલાયદા રાખવાના રહેશે.

જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાતરી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતાં મતપેટીમાં વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ? જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવાં અને ગુમ થયેલા મતપત્રોના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજૂર કરવાનું રહેશે.

પેરા-૧ તથા ૨ની કાર્યવાહી પ્રમાણે જો ગુમ થયેલા મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજૂર કરી ઇલાયદા સીલબંધ કવરમાં મુકવાનાં રહેશે. અને કવર પર મતદાર મંડળ નંબર, મતગણતરી તારીખ વિગેરે દર્શાવી આ પરબીડીયું મતદાર મંડળના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજૂર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બંને પરબીડીયાં એક બીજા મોટા પરબીડીયાંમાં મુકી સીલ કરી રાખવાના રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 373 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-જી.પં.-ભરૂચ-૨૦૦૫

વિષય :–જીલ્લા પંચાયત/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૦૫

૮-દીવા ભરૂચ જીલ્લા પંચાયત મતદાર મંડળ મતદાન મથક નં. ૨/૭

જુના સક્કરપોર-૨ના મતપત્રો ગુમ થવા બાબત

આદેશ :-

ભરૂચ જિલ્લા પંચાયત મતદારમંડળ ૮-દિવાની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન ૮-દિવા મતદાન મથક નં. ૨/૭ પરથી મતપત્ર ક્રમાંક ૦૦૧૧૩૧૩, ૦૦૧૧૩૨૩, ૦૦૧૧૩૨૭ થી ૦૦૧૧૩૩૦ તથા ૦૦૧૦૮૨૨ એમ કુલ નંગ-૦૭ મતપત્રો ગુમ થયા છે. જે અંગે ચૂંટણી અધિકારી ભરૂચ જિલ્લા પંચાયત અને નાયબ કલેકટરશ્રી અંકલેશ્વરે તેમના પત્ર ક્રમાંક-જી.પં.-ચૂંટણી-વશી-૨૦૦૫ તા. ૨૫-૧૦-૦૫ ના પત્ર ફેકસથી અત્રે મોકલી આપેલ છે. તથા તેની નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ભરૂચને મોકલી આપેલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ભરૂચે તેમના તા. ૨૬-૧૦-૦૫ના પત્ર ક્રમાંક-તા/જિ.પં.-સા.ચૂં.-વશી-૦૫ થી ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટરશ્રી અંકલેશ્વરને જવાબ પાઠવેલ છે. વધુમાં કલેકટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ભરૂચે તેમના તા. ૨૬-૧૦-૦૫ના ફેક્સ પત્ર ક્રમાંક તા/જિ.પં.-સા.ચૂં.-વશી થી સદરહું ગુમ થયેલા મતપત્રો રદ કરવા ચૂંટણી અધિકારીને સૂચના આપેલ છે તથા તેની નકલ અત્રે મોકલી મતપત્રો રદ કરવા રાજ્ય ચૂંટણી પંચના આદેશો થઈ આવવા વિનંતી કરેલ છે. સદરહું તમામ વિગતો રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉપરોક્ત અહેવાલ પ્રમાણે ટુંકમાં વિગત એવી છે કે ભરૂચ જીલ્લા પંચાયતની ૮-દિવા બેઠકના મતદાન મથક નં. ૨/૭ જુના સક્કરપોર-૨ના મતપત્ર નં. ૦૦૧૦૭૬૧ થી ૦૦૧૧૬૦ કુલ-૯૦૦ મતપત્રો પ્રમુખ અધિકારીને મતદાન પ્રક્રિયા માટે તા. ૨૪-૧૦-૨૦૦૫નાં રોજ ફાળવવામાં આવેલ. જે સંદર્ભે પ્રિસાઈંગ ઓફીસરશ્રીએ તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ મતદાન પ્રક્રિયા પુરી થયા બાદ ૨૧-૧૫ કલાકે તેઓનો રીપાર્ટ આપી નીચે મુજબના બેલેટ પેપરો ગુમ થયા અંગેની રજૂઆત કરેલ. જેમાં બેલેટ પેપર નં. ૦૦૧૧૩૧૩, ૦૦૧૧૩૨૩, ૦૦૧૧૩૨૭ થી ૦૦૧૧૩૩૦ અને ૦૦૧૦૮૨૨ મળી કુલ-૭ મતપત્રો ગુમ થયાની રજૂઆત કરેલ. પ્રમુખ અધિકારીશ્રીએ પોલીસ સ્ટેશનમાં પણ ફરીયાદ નોંધાવેલ છે. જેનો જા. નં. ૭૮/૦૫ છે. આ અંગેની જાણ ચૂંટણી અધિકારી ભરૂચ જિલ્લા પંચાયત અને નાયબ કલેકટરશ્રી અંકલેશ્વરએ અત્રે ફેકસથી જાણ કરેલ તથા તેની નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ભરૂચને પણ મોકલી આપેલ.

INDEX

ઉપરોક્ત ચૂંટણી અધિકારીશ્રીની રજુઆત અન્વયે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ભરૂચ એ ચૂંટણી અધિકારી ભરૂચ જિલ્લા પંચાયત અને નાયબ કલેકટરશ્રી અંકલેશ્વરને તા. ૨૬-૧૦-૨૦૦૫ના પત્ર ક્રમાંક : તા/જિ.પં.-સા.ચૂં.-વશી-૦૫ થી સદરહું બાબતે મતગણતરી દરમ્યાન ગુમ થયેલ મતપત્રો મળી આવે તો તે મતપત્રો ગણતરીમાં લેવાપાત્ર થતાં નથી આ બાબતે મતગણતરી દરમ્યાન જરૂરી તકેદારી રાખવા સુચના આપેલ છે.

રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૪૯ જોગવાઈઓ મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે અને બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કરેલ છે. બનાવનું મુલ્યાંકન કરતાં રાજ્ય ચૂંટણી પંચને જણાયું છે કે નિયમ-૪૯ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયું જ છે. તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી પ્રમુખ અધિકારીના કબજામાંથી અકસ્માત કે અન્યથા ગુમ થયા છે અને તે અંગેની તેઓએ પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુન : મતદાન માટે આદેશ કરવા રાજ્ય ચૂંટણી પંચ સક્ષમ છે. પરંતુ તે માટે મતદાન દુષિત થયું છે તેવું નિઃશંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં તેથી મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુન : મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે ગુમ થયેલ મતપત્રો આ મતદાન મથકે અગર વોર્ડના અન્ય મતદાન મથકે અનઅધિકૃત રીતે કોઈ વ્યક્તિ મતદારે મતપેટીમાં નાંખ્યા હોય આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો વોર્ડના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ના પામે તે સંજોગોમાં આ વોર્ડના મતદાન મતદાન મથકોની કોઈ મતપેટીમાંથી ઉપરોક્ત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજૂર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચુંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો વોર્ડના કોઈપણ મતદાન મથકની મતપેટીમાંથી મળે છે કે કેમ અને જો મળી આવે તો મતગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબંધે નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

(૧) વોર્ડની મતગણતરી શરૂ કરતાં પહેલાં ચુંટણી અધિકારી અગર વધારાના ચુંટણી અધિકારી જેઓ હસ્તક આ વોર્ડની ગણતરી હાથ ધરવા પંચે આદેશ કર્યો છે. તે વોર્ડના તમામ ઉમેદવારો, ચુંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો) ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જ મતદાન મથક પરથી ક્યાંથી કયા ક્રમનાં મતપત્રો ગુમ થયાં છે તેની અને આવાં મતપત્રો જો મતગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજુર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

(૨) મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોક્ત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ વોર્ડના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting) હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઈઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકનો ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતાદર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નીકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઈ થઈ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ મતપત્ર આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતાં ભીન્નતા ધરાવતાં મતપત્રો મળી આવે તો નામંજુર કરી ઈલાયદાં રાખવાનાં રહેશે.

(૩) જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટી પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાત્રી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતાં મતપેટીમાંથી વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને ગુમ થયેલા મતપત્રોના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪) ની કાર્યવાહી પ્રમાણે જો ગુમ થયેલા મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઈલાયદા સીલબંધ કવરમાં મુકવાનાં રહેશે અને કવર પર વોર્ડ નંબર મતગણતરીની તારીખ વિગતે દર્શાવી આ પરબીડીયું વોર્ડના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બન્ને પરબીડીયાં એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરી રાખવાનાં રહેશે.

આદેશથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 374 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

ક્રમાંક-રાચપ-ચટણ-નપા-નવસારી-૨૦૦૫.

વિષય : નવસારી નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૦૫

વોર્ડ નંબર-૨ના મતદાન મથક નંબર-૭ પરના મતપત્રો ગુમ થવા બાબત.

આદેશ :–

નવસારી જિલ્લાની નવસારી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન વોર્ડ નંબર-૨ના મતદાન મથક નંબર-૭ પરથી મતપત્ર ક્રમાંક ૦૦૬૯૦૧ થી ૦૦૬૯૫૦ કુલ નંગ-૫૦ મતપત્રો ગુમ થયા છે. તે અંગેનો જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી નવસારીના ફેકસ પત્ર ક્રમાંક-એસીબી-ન. પા.-નવસારી-ચૂંટણી ગુનો-૨૦૦૫ તા. ૨૬-૧૦-૨૦૦૫ રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉપરોક્ત અહેવાલ પ્રમાણે ટુંકમાં વિગત એવી છે કે નવસારી નગરપાલિકાના વોર્ડ નંબર-૨ના મતદાન મથક નં.-૭ ભક્તાશ્રમ હાઈસ્કુલ વર્ગ-૧૦ માણેકલાલ રોડ ખાતે મતદાન લેવા સારૂ મતપત્રો અનુક્રમ નં. ૦૦૬૫૦૧ થી ૦૦૭૯૭૦ સુધી પ્રમુખ અધિકારીને આપવામાં આવેલ હતાં. તે પૈકી અનુક્રમ નં. ૦૦૬૯૦૧ થી ૦૦૬૯૫૦ એમ કુલ પચાસ નંગ મતપત્રો ગુમ થયેલ હોવાનું પ્રમુખ અધિકારીશ્રીએ પોલીસ ફરીયાદમાં જણાવેલ છે. તેમ્જ સદરહુ મતપત્રો ઉપર પ્રમુખ અધિકારીશ્રીએ સહી ન કરેલ હોવાનું જણાવેલ છે. જે અંગે પ્રમુખ અધિકારીશ્રીએ જલાલપોર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં એન્ટ્રી નં. ૧૫૩૦૫ તથા સ્ટેશન ડાયરી એ. નંબર-૧૨૦૫ થી પોલિસ ફરીયાદમાં નોંધાવવામાં આવેલ છે.

વોર્ડ નંબર-૨ના મતદાન મથક નં.-૭ ભક્તાશ્રમ હાઈસ્કુલ નવસારી ખાતે તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ મતદાન સંપન્ન કરવામાં આવેલ છે. મતગણતરી સમયે મતપેટીમાંથી જો ગુમ થયેલા મતપત્રો પૈકી કોઇ એક કે તમામ મતપત્રો નીકળશે તો તે ક્રમ નંબરોના કારણે ઓળખી શકાય તેમ હોઇ રદ કરવામાં આવશે. તેવું જણાવી ચૂંટણી અધિકારી નવસારી નગરપાલિકા અને જિલ્લા પુરવઠા અધિકારી, નવસારીએ સદરહું મતદાન મથકે પુનઃમતદાન કરવાની જરૂરીયાત નથી તેવું જણાવેલ છે.

INDEX

રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૫૦ના પેટા નિયમ (૨) મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે અને બનાવનું સ્વતંત્ર મુલ્યાંકન કર્યું છે. બનાવનું મુલ્યાંકન કરતાં રાજય ચૂંટણી પંચને જણાયું છે કે નિયમ ૫૦ (૧)ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયું જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી સાથે સાથે મતપત્રો પ્રમુખ અધિકારીના કબજામાંથી અકસ્માત કે અન્યથા ગુમ થયા છે અને તે અંગેની તેઓએ પાલીસ ફરીયાદ પણ નોંધાવી છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃ મતદાન માટે આદેશ કરવા રાજય ચૂંટણી પંચ સક્ષમ છે. પરંતુ તે માટે મતદાન દુષિત થયું છે તેવું નિઃશંક રીતે પ્રસ્થાપિત થવું જોઇએ. પ્રસ્તુત કિસ્સામાં તેથી મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુનઃ મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે ગુમ થયેલા મતપત્રો આ મતદાન મથકે અગર વોર્ડના અન્ય મતદાન મથકે અનઅધિકૃત રીતે કોઇ વ્યકિત મતદારે મતપેટીમાં નાંખ્યા હોય આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો વોર્ડના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ના પામે તે સંજોગોમાં આ વોર્ડના મતદાન મથકોની કોઇ મતપેટીમાંથી ઉપરોકત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચૂંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો વોર્ડના કોઇપણ મતદાન મથકની મતપેટીમાંથી મળે છે કે કેમ અને જો મળી આવે તો મતગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સબંધે નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

(૧) વોર્ડની મતગણતરી શરૂ કરતાં પહેલાં ચૂંટણી અધિકારી અગર વધારાના અધિકારી જેઓ હસ્તક આ વોર્ડની ગણતરી હાથ ધરવા પંચે આદેશ કર્યો છે તે વોર્ડના તમામ ઉમેદવારો, ચૂંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો) ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જ મતદાન મથક પરથી ક્યાંથી ક્યા ક્રમનાં મતપત્રો ગુમ થયાં છે તેની અને આવાં મતપત્રો જો મતપત્રો જો મતગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજુર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

(૨) મતગણતરી વખતે મતદાન મથક પરથી ઉપરોકત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ વોર્ડના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting) હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઇઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતાદર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નીકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઇ થઇ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ મતપત્ર આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતાં ભીન્નતા ધરાવતાં મતપત્રો મળી આવે તો નામંજુર કરી ઇલાયદાં રાખવાનાં રહેશે.

(૩) જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાત્રી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતાં મતપેટીમાંથી વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યાં છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને ગુમ થયેલા મતપત્રોના ક્રમાંક ધરાવતું કોઇ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪)ની કાર્યવાહી પ્રમાણે જો ગુમ થયેલાં મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઇલાયદા સીલબંધ કવરમાં મુકવાનાં રહેશે અને કવર પર વોર્ડ નંબર મતગણતરીની તારીખ વિગતે દર્શાવી આ પરબીડીયું વોર્ડના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બન્ને પરબીડીયાં એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરી રાખવાનાં રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 375 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-જીતાપં-રાજકોટ-સા.ચૂં-૨૦૦૫

વંચાણે લીધું :

(૧) જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી રાજકોટના પત્ર નં. ચટણ-જીતાપં-બનાવ-૨૦૦૫ તા. ૨૫-૧૦-૨૦૦૫

આદેશ

જીલ્લા પંચાયત રાજકોટ તથા તાલુકા પંચાયત રાજકોટની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન જીલ્લા પંચાયતના ૧૪-કોઠારીયા મતદાર મંડળ તથા તાલુકા પંચાયત રાજકોટના ૧૯-સરધાર મતદાર મંડળના મતદાન મથક નં. ૧-ચિત્રાવાવ ખાતે ચૂંટણી સંબંધે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરેન્દ્રનગરનો આમુખમાં જણાવેલ તા. ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસ પત્ર રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉકત અહેવાલ પ્રમાણેની વિગત એવી છે કે રાજકોટ જીલ્લા પંચાયતના ૧૪-કોઠારીયા મતદાર મંડળ તથા તાલુકા પંચાયત રાજકોટ ૧૯-સરધાર મતદાર મંડળના મતદાન મથક નં. ૧ ખાતે ચાલુ મતદાન દરમ્યાન બપોરે ૨-૧૫ કલાકે આ બેઠકના તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી રસિકભાઈ વસરામભાઈ સાઈજાએ આ બેઠકના ઉમેદવાર હોઈ મતદાન મથકમાં પ્રવેશ કરી અને તેઓએ અચાનક જિલ્લા તથા તાલુકા પંચાયતના મતપત્રનો હવાલો ધરાવતા મતદાન અધિકારી પાસેથી છીનવી લઈ તે સમયે વપરાશમાં હોય એવા જિલ્લા / તાલુકા પંચાયત બેઠકોના મતપત્રોની થોકડી ફાડી નાખીને મતદાનની પ્રક્રિયામાં ખલેલ ઉભી કરેલ હતી. આ બેઠક ઉપરના તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી રસિક વસરામ સાયંજાએ ચિત્રાવાવા-૧ ખાતે પ્રિસાઈડીંગ ઓફીસરને આપવામાં આવેલા નીચે મુજબના નંબરોવાળા મતપત્રો ફાડી નાંખેલ છે.

અ.નં.	જીલ્લા પંચાયતના મતપત્રો નંબર તથા નંગ	તાલુકા પંચાયતના મતપત્રો નંબર તથા નંગ
૧	૦૦૩૫૬૫૧ થી ૦૦૩૫૭૦૦ કુલ -૫૦ નંગ	૦૦૦૫૦૧ થી ૦૦૦૫૫૦ કુલ-૫૦ નંગ

ઉપરના સમગ્ર બનાવમાં કોઈપણ મતપત્ર ગેરકાયદેસર રીતે પેટીમાં નાંખવામાં આવેલ નથી.

INDEX

ચૂંટણી અધિકારીશ્રીના અહેવાલ મુજબ ઘટના સમયે આ મતદાન મથકના કુલ મતદારો ૭૦૭ પૈકી ૪૮૯ મતદારો મતદાન કરી ચૂકેલા હતા અને જે થોકડીઓ ફાડી નાખવામાં આવી તે સિવાય જિલ્લા/તાલુકા પંચાયતની બેઠકના વણવપરાયેલ મતપત્રો સલામત અવસ્થામાં ઉપલબ્ધ હતા. આ ખલેલના કારણે બપોરના ૨-૧૫ કલાકથી ૩-૪૫ કલાક આશરે દોઢ કલાક મતદાન સ્થગિત રહેવા પામેલ.

જિલ્લા પંચાયત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને તાલુકા પંચાયત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી સ્થળ પર પહોંચ્યા તે સમયે બપોરના ૩-૫૦ કલાકે મતદાન પૂર્વ વત ચાલુ થઈ ગયેલ અને પુરતા પોલીસ બંદોબસ્તની ઉપસ્થિતિમાં આ મતદાન મથકે મામલતદારશ્રી, મતદાન પુરૂ થવાના સમય સુધી હાજર રહેલ અને પુનઃ મતદાન ચાલુ થયા બાદ આ મતદાન મથકે સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા/તાલુકાનું મતદાન અનુક્રમે ૮૬ તથા ૭૮ મતોનું થયેલ.

ઉપરના સમગ્ર બનાવમાં કોઈપણ મતપત્ર ગેરકાયદેસર રીતે પેટીમાં નાખવામાં આવેલ નહી તેમજ મતદાન સ્થગિત થયા બાદ પૂર્વવત શાંતિપૂર્ણ થતા પુનઃ ચાલુ થઈ ગયેલ અને બનાવ પહેલાં ૬૯.૧૬ ટકા તથા બનાવ બાદ જિલ્લા પંચાયત માટે ૮૧.૩૩ ટકા અને તાલુકા પંચાયત માટે ૮૦.૧૯ ટકા મતદાન થયેલ છે. હાજર રહેલ તમામ મતદારો સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં મતદાન કરી શકેલ અને મતદાનથી વંચિત રહેલ નથી. આ બનાવમાં કોઈપણ મતપત્રો ગેરકાયદેસર રીતે મતપેટીમાં નાખવામાં આવેલ ન હોઈ ચૂંટણી અધિકારીશ્રી તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી રાજકોટના અભિપ્રાય અનુસાર ફેર મતદાનની દરખાસ્ત જરૂરી જણાતી નથી મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃ મતદાન માટે આદેશ કરવા રાજ્ય ચૂંટણી પંચ સક્ષમ છે. પરંતુ મતદાન દુષિત થયું છે તેવું નિશંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુનઃ મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

સાથે સાથે ચૂંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો મતદાર મંડળના કોઈપણ મતદાન મથકની મતપેટીમાંથી મળે છે કે કેમ અને જો મળી આવે તો મતગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબંધે નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

(૧) મતદાર મંડળની મતગણતરી શરૂ કરતાં મતદાર મંડળના તમામ ઉમેદવારો, ચૂંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો) ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જ મતદાન મથક પરથી કયાંથી કયા ક્રમના મતપત્રો ગુમ થયાં છે તેની અને આવા મતપત્રો જો મતગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજૂર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

(૨) મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોકત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ મતદાર મંડળના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting)હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઈઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતા દર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નીકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઈ થઈ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ મતપત્ર આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતાં ભિન્નતા ધરાવતા મતપત્રો મળી આવે તો નામંજુર કરી ઈલાયદાં રાખવાનાં રહેશે.

(૩) જે આ મતદાન મથકે અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાત્રી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતાં મતપેટીમાંથી વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાંખેલ મતપત્રના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪)ની કાર્યવાહી પ્રમાણે જો અનઅધિકૃત રીતે મતપેટીમાં નાખેલ મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઈલાયદાં સીલબંધ કવરમાં મુકવાનાં રહેશે અને કવર પર મતદાર મંડળ નંબર, મતગણતરીની તારીખ વિગેરે દર્શાવી આ પરબીડીયું મતદાર મંડળના બીજા તબકકાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બન્ને પરબીડીયા એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરી રાખવાનાં રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 376 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-નપા-સિધ્ધપુર-સા.ચૂં-૨૦૦૫

વિષય : સિધ્ધપુર નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૦૫.
વોર્ડ નંબર ૮ના મતદાન મથક નંબર ૧ પરના મતપત્રો ગુમ થવા તેમજ મળી આવવા બાબત.

આદેશ

પાટણ જિલ્લાની સિધ્ધપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન વોર્ડ નંબર ૮ના મતદાન મથક નં. ૧ પરથી મતપત્ર ક્રમાંક : ૦૦૦૨૦૧ થી ૦૦૦૩૦૦ નંગ - ૧૦૦ ની થોકડી નંબર : ૫ અને ૬ ગુમ થયા હોવા બાબતનું ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટરશ્રી પ્રાન્ત પાટણના ફેકસ પત્ર ક્રમાંક : નગપ-સિધ્ધપુર-સા.ચૂ-૨૦૦૫ તા. ૨૫-૧૦-૨૦૦૫ તથા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પાટણના ફેકસ પત્ર ક્રમાંક - નગપ-ચટણ-વશી-૨૦૦૫ તા. ૨૫-૧૦-૨૦૦૫ રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધાં છે.

ઉપરોકત અહેવાલ પ્રમાણે ટુંકમાં વિગત એવી છે કે સિધ્ધપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૮ના મતદાન મથક નંબર ૧ પર મતદાન લેવા સારૂ મતપત્રો પ્રમુખ અધિકારીને આપવામાં આવેલ હતાં. જેનો હવાલો પ્રમુખ અધિકારી પાસે હતો. સવારે ૮-૦૦ કલાકે મતદાન ચાલુ કરવામાં આવેલ તે દરમ્યાન મતદારોના ધસારા સમયે પ્રમુખ અધિકારી પાસેના હવાલામાંથી મતપત્રો ક્રમાંક : ૦૦૦૨૦૧ થી ૦૦૦૩૦૦ કુલ ૧૦૦ મતપત્રો (થોકડી નંબર ૫ અને ૬) ગુમ થતા પ્રમુખ અધિકારીએ પોલીસ ફરીયાદ દાખલ કરેલ છે. પ્રમુખ અધિકારી જણાવે છે કે આશરે ત્રણેક કલાક બાદ ૧૦-૪૫ કલાકે પ્રમુખ અધિકારીશ્રી તેમના ટેબલ ઉપર ચૂંટણીલક્ષી કામગીરીમાં વ્યસ્ત હતા તે દરમ્યાન કોઈ ઈસમે આ ગુમ થયેલ બે બુકો પ્રમુખ અધિકારીશ્રીની બેઠક પાછળની બારીમાંથી રૂમની અંદર ફેંકી હતી જે બાબતે પ્રમુખ અધિકારીશ્રીએ ખાત્રી કરતા ગુમ થયેલ બુક નં.-૫ના કુલ ૫૦ મતપત્રોમાંથી (૧) અનુક્રમ નં. ૦૦૦૨૦૧ (૨) અ.નં. ૦૦૦૨૨૦ (૩) અ.નં. ૦૦૦૨૨૧ અને (૪) અ.નં. ૦૦૦૨૨૨ કુલ ૪ મતપત્રો ગુમ થયેલ છે/ફાડી નાંખેલ ફકત સ્થળપ્રત જ બુકની અંદર રાખેલાનું માલુમ પડેલ છે જે મતપત્રોની સ્થળપ્રત બુકમાં છે અને અન્ય ભાગ ફાડી નાંખેલ છે. જ્યારે બાકીના ૪૬ મતપત્રો સહી સલામત રીતે મળી આવેલ છે. તેમજ અન્ય બુકના અ.નં. ૦૦૦૨૫૧ થી ૦૦૦૩૦૦ એમ કુલ ૫૦ મતપત્રો સહી સલામત છે તેમજ એકપણ મતપત્ર ઓછા થયેલ નથી. ગુમ થયેલ મતપત્રો સદરહુ મતદાન મથકે મતપેટીમાં નાંખવામાં આવ્યા નથી અને મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે ચાલેલ હતી.

INDEX

વોર્ડ નંબર ૮ના મતદાન મથક નંબર ૧ એડનવાલા હાઈસ્કુલ સિધ્ધપુર ખાતે તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ મતદાન સંપન્ન કરવામાં આવેલ છે. મતગણતરી સમયે મતપેટીમાંથી જો ગુમ થયેલા મતપત્રો પૈકી કોઈ કે તમામ મતપત્રો પૈકી નીકળશે તો તે ક્રમ નંબરોના કારણે ઓળખી શકાય તેમ હોઈ રદ કરવામાં આવશે, તેવું જણાવી ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પાટણે સદરહું મતદાન મથકે પુનઃ મતદાન કરવાની જરૂરિયાત નથી તેવું જણાવેલ છે.

રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ-૫૦ના પેટા નિયમ (૨) મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે અને બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કર્યું છે. બનવાનું મૂલ્યાંકન કરતાં રાજ્ય ચૂંટણી પંચને જણાયું છે કે નિયમ ૫૦(૧)ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયું જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી સાથે સાથે મતપત્રો પ્રમુખ અધિકારીના કબજામાંથી અકસ્માત કે અન્યથા ગુમ થયા છે અને તે અંગેની તેઓએ પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃ મતદાન માટે આદેશ કરવા રાજ્ય ચૂંટણી પંચ સક્ષમ છે, પરંતુ તે માટે મતદાન દુષિત થયું છે તેવું નિઃશંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં તેથી મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુનઃ મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે ગુમ થયેલ મતપત્રો આ મતદાન મથકે અગર વોર્ડના અન્ય મતદાન મથકે અનઅધિકૃત રીતે કોઈ વ્યકિત મતદારે મતપેટીમાં નાખ્યાં હોય આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો વોર્ડના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ના પામે તે સંજોગોમાં આ વોર્ડના મતદાન મથકોની કોઈ મતપેટીમાંથી ઉપરોકત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચુંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો વોર્ડના કોઈપણ મતદાન મથકની મતપેટીમાંથી મળે છે કે કેમ અને જો મળી આવે તો મત ગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબંધે નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

(૧) વોર્ડની મતગણતરી શરૂ કરતાં પહેલાં ચૂંટણી અધિકારી અગર વધારાના ચૂંટણી અધિકારી જેઓ હસ્તક આ વોર્ડની ગણતરી હાથ ધરવા પંચે આદેશ કર્યો છે તે વોર્ડના તમામ ઉમેદવારો, ચુંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો) ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જ મતદાન મથક પરથી કયાંથી કયા ક્રમના મતપત્રો ગુમ થયાં છે તેની અને આવા મતપત્રો જો મતગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજૂર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

(૨) મતગણતરી વખતે જે મતદાન મશક પરથી ઉપરોકત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ વોર્ડના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting) હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઈઝર તથા મતગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતા દર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નીકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઈ થઈ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતેજ મતપત્ર આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતાં ભિન્નતા ધરાવતા મતપત્રો મળી આવે તો નામંજુર કરી ઈલાયદાં રાખવાનાં રહેશે.

(૩) જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મત ગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાત્રી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતાં મતપેટીમાંથી વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને ગુમ થયેલા મતપત્રોના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪)ની કાર્યવાહી પ્રમાણે જો ગુમ થયેલા મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઈલાયદાં સીલબંધ કવરમાં મુકવાનાં રહેશે અને કવર પર વોર્ડ નંબર, મતગણતરીની તારીખ વિગતે દર્શાવી આ પરબીડીયું વોર્ડના બીજા તબકકાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બન્ને પરબીડીયા એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરી રાખવાનાં રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 377 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય,

બ્લોક નંબર ૯, ૬ઠ્ઠો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ/ચટણ/જીતાપં/દાહોદ/સાચુ/૨૦૦૫

વંચાણમાં લીધું :- (૧) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, દાહોદના તા.૨૬-૧૦-૨૦૦૫નો ફેક્સ પત્ર નંબર : તા.પં.જી.પં. ચૂંટણી-વશી-૨૬૫

(૨) ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ જીલ્લા વિકાસ અધિકારી દાહોદ ના તા. ૨૬-૧૦-૨૦૦૫ ના ફેક્સ પત્ર ક્રમાંક : તાપં-જીપં-ચૂંટણી-વશી

આદેશ

જિલ્લા પંચાયત, દાહોદ તથા તાલુકા પંચાયત, ઝાલોદની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન જિલ્લા પંચાયતના ૮-ધાવડીયા, ૫-ચાકલીયા મતદાર મંડળ તથા તાલુકા પંચાયત ઝાલોદના ૫-ધાવડીયા, ૧૯-મલવાસી મતદાર મંડળના મતદાન મથક નંબર : ૧-ધાવડીયા, ૨-ધાવડીયા, ૫-રળીયાતી ગુર્જરની ચૂંટણી સંબંધે સંદર્ભ-૧ અને ૨ ના આમુખમાં જણાવેલ ફેક્સ પત્રો રાજય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉક્ત અહેવાલ પ્રમાણેની વિગત એવી છે કે, ઝાલોદ તાલુકામાં સમાવિષ્ટ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત મતદાર મંડળના મતદાન મથકોએ મોટા હિંસક ટોળા દ્વારા મારક હથિયારો સાથે મતદાન મથકમાં ઘુસી જઈ ભયનું વાતાવરણ ઉભુ કરી, મતદાન મથકના સ્ટાફને બાનમાં લઈ મતપત્રોની થોકડીઓ કબ્જે કરી, સિક્કા મારી, મતપેટીમાં બોગસ મતદાન ધાક-ધમકી આપી એકજુથમાં મતપત્રો આંચકીને સિક્કા મારી મતપેટીમાં મતપત્રો નાખવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

INDEX

અ. નં.	જિલ્લા પંચાયત મતદાર મંડળનું નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ તથા નંબર	મતદાન મથક નંબર અને નામ	મતપત્રની વિગત		કુલ
				તા.પં.	જી.પં.	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૮-ધાવડીયા	૫-ધાવડીયા	૧-ધાવડીયા પ્રા.શાળા પૂર્વ બાજુ	૦૦૦૪૫૧ થી ૦૦૦૫૦૦	૦૦૦૪૫૧ થી ૦૦૦૫૦૦	૫૦-૫૦
૨	૮-ધાવડીયા	૫-ધાવડીયા	૨-ધાવડીયા પ્રા.શાળા પશ્ચિમ બાજુ	૧૫૯૧ થી ૧૬૦૦	૧૫૯૧ થી ૧૬૦૦	૧૦-૧૦
૩	૫-ચાકલીયા	૧૯-મલવાસી	૫-રબીયાતી ગુર્જર પ્રા.શાળા	૦૦૦૪૪૦૫ થી ૦૦૦૪૫૦૦	૦૦૦૪૪૦૫ થી ૦૦૦૪૫૦૦	૯૬-૯૬

ચૂંટણી અધિકારીશ્રી તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના અભિપ્રાય અનુસાર સદર મતદાન મથકોએ નાખવામાં આવેલ મતપત્રો ક્યાંથી કયા નંબરના છે તેની ઓળખાણ થાય છે. વધુમાં પ્રિસાઈડીંગ ઓફિસરશ્રીએ તેમના અહેવાલમાં સ્પષ્ટતા કરેલ છે કે, આવા મતપત્રોની મત ગણતરી વખતે અલગ તારવણી કરી તેમ છે. વધુમાં, આ બનાવ સિવાય મતદાન નિર્ધારીત સમયે પુર્ણ થયેલ છે. મતદાન પુર્ણ થયે મતપેટીઓ સીલબંધ કરી સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી રેકર્ડ સાથે સુપરત કરેલ છે.

સદર થયેલ બોગસ મતદાનની ઓળખ થતી હોય અને મતપત્રો જુદા તારવી રદ કરવામાં આવે તો ચૂંટણીના પરિણામ તથા ચૂંટણી પ્રક્રિયાને અસર થતી નથી. તેથી ઉક્ત મતદાન મથકના નક્કી થતાં નંબરોવાળા મતપત્રો પ્રથમ અલગ તારવી રદ કરવાની મંજૂરી આપવા રાજ્ય ચૂંટણી પંચને વિનંતી કરેલ છે. વધુમાં, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દાહોદના અભિપ્રાય અનુસાર ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ ની કલમ-૪૯(ક)(૩) ધ્યાને લેતાં ચૂંટણી પ્રક્રિયા સંપુર્ણ દુષિત થતી ન હોઈ મતદાન મથકનું પરિણામ નક્કી કરી શકાય તેમ હોઈ, ઉપર મુજબના મતપત્રો મત ગણતરી વખતે ઈલાયદા તારવી રદ કરાવી અલગ સીલબંધ પેક કરાવી, અલગ રાખી શકાય તેમ હોઈ, આના પરિણામે ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણીના પરિણામને કોઈ અસર થતી ન હોઈ મત ગણતરી નિયમાનુસાર કરવા મંજુરી આપવા વિનંતી કરેલ છે.

રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૪૯ ની જોગવાઈઓ મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે અને બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કર્યુ છે. બનાવનું મુલ્યાંકન કરતાં રાજ્ય ચુંટણી પંચને જણાયું છે કે નિયમ ૪૯ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયું જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી સાથે સાથે મતપત્રો પ્રમુખ અધિકારીના કબજામાંથી લઈ અનિયમિત રીતે મતપેટીમાં નાખી દીધેલ છે. તે મતપત્રો સ્પષ્ટપણે અલગ તારવી શકાય તેમ છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃ મતદાન માટે આદેશ કરવા રાજ્ય ચૂંટણી પંચ સક્ષમ છે. પરંતુ તે માટે મતદાન દુષિત થયું છે તેવું નિઃશંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં તેથી મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુનઃ મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે, ગુમ થયેલા મતપત્રો આ મતદાન મથકે અગર વોર્ડના અન્ય મતદાન મથકે અનઅધિકૃત રીતે કોઈ વ્યક્તિ મતદારે મતપેટીમાં નાંખ્યા હોય આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો વોર્ડના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબંબિત થવા ના પામે તે સંજોગોમાં આ વોર્ડના મતદાન, મતદાન મથકોની કોઈ મતપેટીમાંથી ઉપરોક્ત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચૂંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો મતદાર મંડળના કોઈપણ મતદાન મથકની મતપેટીમાંથી મળે છે કે કેમ અને જો મળી આવે તો મતગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબંધે નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

(૧) મતદાર મંડળની મતગણતરી શરૂ કરતાં મતદાર મંડળના તમામ ઉમેદવારો, ચૂંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો) ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જ મતદાન મથક પરથી ક્યાંથી કયા ક્રમનાં મતપત્રો ગુમ થયાં છે તેની અને આવાં મતપત્રો જો મત ગણતરી દરમ્યાન મળી આવશે તો ના મંજુર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

(૨) મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોક્ત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ મતદાર મંડળના બાકીના મતદાન મથકોના મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting) હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઈઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક

પરથી મતપત્રો અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતાદર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નીકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઈ થઈ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ મતપત્ર આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતાં ભીન્નતા ધરાવતાં મતપત્રો મળી આવે તો નામંજૂર કરી ઈલાયદાં રાખવાનાં રહેશે.

(૩) જે મતદાન મથકે અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાત્રી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતાં મતપેટીમાંથી વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાંખેલ મતપત્રના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪)ની કાર્યવાહી પ્રમાણે જો અનઅધિકૃત રીતે મતપેટીમાં નાખેલ મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઈલાયદા સીલબંધ કવરમાં મુકવાનાં રહેશે અને કવર પર મતદાર મંડળ નંબર, મતગણતરીની તારીખ વિગેરે દર્શાવી આ પરબીડીયું મતદાર મંડળના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બંન્ને પરબીડીયાં એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરી રાખવાનાં રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 378 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : રાચપ-ચટણ-જીતાપં-ગોધરા-સા.ચૂં-૨૦૦૫.

વંચાણે લીધા : (૧) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પંચમહાલના ફેકસ પત્ર નંબર : ચટણ-જિતાપં-વશી-૧૦-૦૫ તા. ૨૫-૧૦-૨૦૦૫.

(૨) ચૂંટણી અધિકારીશ્રી ૩-બાકરોલ જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ કલેકટર મ.ભો.યો. ગોધરાનો તા. ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસ.

આદેશ

જિલ્લા પંચાયત પંચમહાલ તથા તાલુકા પંચાયત કાલોલની સામાન્ય ચૂંટણી તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન જિલ્લા પંચાયતના ૩-બાકરોલ મતદાર મંડળ તથા તાલુકા પંચાયત કાલોલના ૮-એરાલ મતદાર મંડળના મતદાન મથક નં. ૩ એરાલ તથા મતદાન મથક નં. ૪-એરાલની ચૂંટણી સંબંધે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પંચમહાલનો આમુખમાં જણાવેલ તા. ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસ પત્ર રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉકત અહેવાલ પ્રમાણેની વિગત એવી છે કે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ૩-બાકરોલ જિલ્લા પંચાયત મતદાર મંડળ તથા તાલુકા પંચાયતના ૮-એરાલ મતદાર મંડળના મતદાન મથક નં. ૩ એરાલના બુથ ઉપર ૧૫ અજાણ્યા શખ્શો ધ્વારા જિલ્લા પંચાયત મતદાર મંડળના મતપત્ર નંબર ૦૦૧૩૫૧ થી ૦૦૧૩૨૦૦ કુલ ૫૦ તથા તાલુકા પંચાયત મતદાર મંડળના મતપત્ર નંબર. ૦૦૦૧૬૫૧ થી ૦૦૦૧૭૦૦ કુલ ૫૦ મતપત્રો ઉપર સ્ટેમ્પીંગ કરવામાં આવેલ હતું તથા મતદાન મથક નંબર ૪ એરાલના બુથ ઉપર જિલ્લા પંચાયતના મતપત્ર નંબર ૦૦૧૪૧૦૧ થી ૦૦૧૪૧૫૦ કુલ ૫૦ મતપત્રો તથા તાલુકા પંચાયત મતદાર મંડળના મતપત્ર નંબર ૦૦૦૨૬૫૧ થી ૦૦૦૨૭૦૦ કુલ ૫૦ મતપત્રોમાં સ્ટેમ્પીંગ કરવામાં આવેલ આમ આ બન્ને બુથોમાં ૧૦૦ + ૧૦૦

INDEX

મળી કુલ ૨૦૦ મતપત્રોમાં સ્ટેમ્પીંગ કરવામાં આવેલ હતું પરંતુ મતદાન મથકના પ્રમુખ અધિકારીશ્રી ધ્વારા ઉપર જણાવ્યા મુજબના નંબરોવાળા સ્ટેમ્પીંગ કરેલ મતપત્રો મતપેટીમાં નાંખવા દીધેલ નહી અને આ સ્ટેમ્પીંગ કરેલા મતપત્રો મતપેટીમાં નાંખવા નહી દીધેલ હોવાથી ''મતદાન દુષિત થયેલું નથી.'' અને આ મતપત્રો રદ કરવા પાત્ર થાય છે. તેવો સ્પષ્ટ અભિપ્રાય ચૂંટણી અધિકારી ઉ-બાકરોલ જિલ્લા પંચાયત મતદાર મંડળ અને નાયબ કલેકટરશ્રી મ.ભો.યો. તથા ચૂંટણી અધિકારી ૮-એરાલ તાલુકા પંચાયત મતદાર મંડળ અને મામલતદારશ્રી કાલોલ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પંચમહાલ, ગોધરાએ આપેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

ઉકત વિગતે જિલ્લા પંચાયત મતદાર મંડળના ૫૦ + ૫૦ મળી કુલ ૧૦૦ મતપત્રો તથા તાલુકા પંચાયત મતદાર મંડળના ૫૦ + ૫૦ મળી કુલ ૧૦૦ મતપત્રો કે જેમાં સ્ટેમ્પીંગ કરવામાં આવેલ છે પરંતુ આવા મતપત્રો પ્રિસાઈડીંગ ઓફીસર ધ્વારા મતપેટીમાં નાંખવા દીધેલ નથી તે મતપત્રો રદ ગણી તેને સીલબંધ પરબિડીયામાં અલગ રાખવાનાં રહેશે અને આવા મતપત્રોને રદ કરેલ મતપત્રો ગણવાના રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 379 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 6, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી ઓકટોબર, ૨૦૦૫.

વંચાણમાં લીધું :- (૧) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, પંચમહાલના તા. ૨૬-૧૦-૨૦૦૫નો ફેક્સ પત્ર નંબર : તા.પં.-જીપં. નપા-વશી-૧૦-૦૫

(૨) ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને અધિક ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરાના તા. ૨૬-૧૦-૨૦૦૫ના ફેક્સ પત્ર ક્રમાંક : તાપં-જિપં.- ચૂંટણી-વશી.

આ દે શ :

ક્રમાંક : રાચપ/ચટણ/જિતાપં/પંચમહાલ/સાચુ/૨૦૦૫.– જિલ્લા પંચાયત, પંચમહાલ તથા તાલુકા પંચાયત, ગોધરાની સામાન્ચ ચૂંટણીના તા. ૨૫/૧૦/૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન જિલ્લા પંચાયતના ૧૩-ગોઠડા મતદાર મંડળ તથા તાલુકા પંચાયત ગોધરાના ૧૯-રામપુર (જો) મતદાર મંડળના મતદાન મથક નંબર : ૭ ભાટપુરાની ચૂંટણી સંબંધે સંદર્ભ-૧ અને ૨ના આમુખમાં જણાવેલ ફેક્સ પત્રો રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉકત અહેવાલ પ્રમાણેની વિગત એવી છે કે, ૧૩-ગોઠડા જિલ્લા પંચાયત અને ૧૯-રામપુર (જો) તાલુકા પંચાયત મતદાર વિભાગના મતદાન મથક નંબર-૭, ભાટપુર પ્રા. શાળામાં સવારે ૮-૦૦ કલાકે શરૂ થયા બાદ બપોરના ૧૨-૩૦ કલાકે ૧૫ થી ૨૦ માણસોનું ટોળું મતદાન મથકમાં ઘુસી આવી ટેબલ ઉપર રાખેલ જિલ્લા અને તાલુકા પંચાયતના મતપત્રોમાંથી જિલ્લા પંચાયત બેઠકના કુલ ૪૭ મતપત્રો (નંબર :૦૦૨૬૧૫૪ થી ૦૦૨૬૨૦૦) તથા તાલુકા પંચાયતની બેઠકના કુલ-૨૭ મતપત્રો (નંબર : ૦૦૫૩૭૪ થી ૦૦૫૪૦૦) અનઅધિકૃત રીતે સિક્કા મારી મતપેટીમાં નાંખી દીધેલ હતા.

આ બનાવ બન્યો તે અગાઉ મતદાન મથકમાં ૧૯૩નું મતદાન થયેલ હતું. અને ૨૮૧ મતદારો મતદાન કરવાના બાકી હતા. અને જે મતપત્રો મત પેટીમાં અનઅધિકૃત રીતે નાંખેલ છે તે ઉપરના સીરીઝ નંબર પ્રમાણે આઈડેન્ટીફાઇ થયેલ છે. પ્રિસાઇડીગ ઓફિસરના રિપોર્ટ મુજબ આ બનાવ બન્યો ત્યારે સ્થાનિક ઉમેદવાર ગુલાબસિંહ મોહનસિંહ પરમાર પ્રિસાઇડીગ ઓફિસર પાસેથી કલેક્ટરશ્રીને ઉદ્દેશીને મતદાન બંધ કરવામાં આવે છે તેવું લખાણ લઇ બળજબરીપૂર્વક સહી લઇ જઇ રહ્યા હતા.

INDEX

તથા ઝોનલ અધિકારીશ્રીએ પણ મતદાન મથક ઉપર કોઇ ધાંધલ-ધમાલ અને તોફાની બનાવથી મતદાન અટકાવી શકાય તેવી કાર્યવાહી થયેલ નથી તેમ જણાવેલ છે. અને પ્રિસાઇડીંગ ઓફિસરે પણ તેઓને કોઇ જાણ કરેલ નથી. આ બનાવ બન્યા પછી કોઇ મતદારો મતદાન કરવા આવેલ નથી અને મતદાનની પ્રક્રિયા સાંજના ૫-૦૦ કલાક સુધી ચાલુ રાખવામાં આવેલ હતી. ૧૯-રામપુર (જો) તાલુકા પંચાયત બેઠકના કુલ મતદારો ૬૫૮૩ છે. તે સામે આજરોજ કુલ ૪૩૩૮ મતદાન થતાં ૬૫.૯૦ ટકા મતદાન થયેલ છે.

૧૩-ગોઠડા જિલ્લા પંચાયતની બેઠકમાં કુલ મતદારો ૨૭૨૭૪ છે. જે સામે આજરોજ કુલ મતદાન ૧૫૬૯૫ થતાં ૫૭.૫૫ ટકા મતદાન થયેલ છે. આમ, સમગ્ર મતદાર મંડળમાં મતદાનની ટકાવારી જોતાં ૧૯-રામપુર (જો) તાલુકા પંચાયત સદર મતદાન મથકમાં જે અનઅધિકૃત ૨૭ મતપત્રોનું મતદાન થયેલ છે તેમાં ૦.૪૧ ટકા તફાવત રહે છે અને ૧૩-ગોઠડા જિલ્લા પંચાયત મતદાર મંડળમાં જે અન અધિકૃત ૪૭ મતપત્રોનું મતદાન થયેલ છે તેમાં ૦.૧૭ ટકાનો તફાવત રહે છે. જે જોતા હકિકતે તફાવત માર્જીનલ હોઇ તથા મતદાનની પ્રક્રિયા સળંગ નિર્ધારિત સમય સુધી ચાલુ રહેલ હોઇ, ચૂંટણી અધિકારીશ્રીએ શ્રી ગુલાબસિંહ એમ. પરમાર રહે. ભાટપુરા તા. ગોધરાની ફેર મતદાનની માંગણી ગ્રાહ્ય રાખવાપાત્ર નથી એવો અભિપ્રાય આપેલ છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, પંચમહાલ, ગોધરાએ પણ તમામ હકિકત ધ્યાને લઇ થયેલ બોગસ મતદાનની સમગ્ર મતદાન પર અસર થાય તેમ નથી. તફાવત તદ્દન નજીવો છે અને બળજબરીપૂર્વક નખાયેલ મતો ઓળખાય તેમ છે તેથી તે તમામ મતપત્રો રદ કરી મત ગણતરીમાં રદ કરવા પાત્ર છે અને આવા મતપત્રો મત ગણતરીમાં લેવાના રહે નહી તેમજ આ મતપત્રોના દુરપયોગથી જે તે બેઠકની ચૂંટણીના પરિણામ પર કોઇ અસર પડે તેમ ન હોઇ ફેર મતદાનનો પ્રશ્ન રહેતો નથી તેવો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૪૯ની જોગવાઇઓ મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે અને બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કર્યું છે. બનાવનું મુલ્યાંકન કરતાં રાજ્ય ચૂંટણી પંચને જણાયું છે કે નિયમ-૪૯ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયું જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી સાથે સાથે મતપત્રો પ્રમુખ અધિકારીના કબજામાંથી લઇ અનિયમિત રીતે મતપેટીમાં નાંખી દીધેલ છે. તે મતપત્રો સ્પષ્ટ પણે અલગ તારવી શકાય તેમ છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃમતદાન આદેશ કરવા રાજ્ય ચૂંટણી પંચ સક્ષમ છે. પરંતુ તે માટે મતદાન દુષિત થયું છે તેવું નિઃશક રીતે પ્રસ્થાપિત થવું જોઇએ. પ્રસ્તુત કિસ્સામાં તેથી મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઇ પુનઃમતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે, ગુમ થયેલા મતપત્રો આ મતદાન મથકે અગર વોર્ડના અન્ય મતદાન મથકે અનઅધિકૃત રીતે કોઇ વ્યક્તિ મતદારે મતપેટીમાં નાંખ્યા હોય આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વિકારવામાં આવે તો વોર્ડના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ન પામે તેસંજોગોમાં આ મતદાન મતદાન મથકોની કોઇ મતપેટીમાંથી ઉપરોકત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચૂંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો મતદાર મંડળના કોઇપણ મતદાન મથકની મતપેટીમાંથી મળે છે કે કેમ અને જો મળી આવે તો મતગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબંધે નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

(૧) મતદાર મંડળની મતગણતરી શરૂ કરતાં મતદાર મંડળના તમામ ઉમેદવારો, ચૂંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો) ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જે મતદાન મથક પરથી ક્યાંથી ક્યા ક્રમનાં મતપત્રો ગુમ થયાં છે તેની અને આવાં મતપત્રો જો મતગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજુર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

(૨) મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોકત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ મતદાર મંડળના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting) હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઇઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતાદર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નીકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઇ થઇ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ મતપત્રનું આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતાં ભીન્નતા ધરાવતાં મતપત્રો મળી આવે તો નામંજુર કરી ઇલાયદાં રાખવાનાં રહેશે.

(૩) જે મતદાન મથકે અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાખેલ છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાત્રી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે

વપરાયેલ મતપત્રોની સંખ્યા કરતાં મતપેટીમાંથી વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો પેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને અનઅધિકૃત રીતે સિક્કા કરી મતપત્રો મતપેટીમાં નાંખેલ મતપત્રના ક્રમાંક ધરાવતું કોઇ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪) ની કાર્યવાહી પ્રમાણે જો અનઅધિકૃત રીતે મતપેટીમાં નાખેલ મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઇલાયદા સીલબંધ કવરમાં મુકવાનાં રહેશે અને કવર પર મતદાન મંડળ નંબર, મતગણતરીની તારીખ વિગેરે દર્શાવી આ પરબીડીયું મતદાર મંડળના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બંન્ને પરબીડીયાં એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરવાના રહેશે.

આદેશથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 380

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

નંબર : રાચપ-ચટણ-ન.પા.-ગોધરા-૨૦૦૫.

વંચાણમાં લીધું : (૧) જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટર પંચમહાલ મું. ગોધરાના તારીખ ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસ પત્ર નં. : ચટણ-ન.પા.-વશી-૧૦-૨૦૦૫.

(૨) ચૂંટણી અધિકારી ગોધરા નગરપાલિકા અને નાયબ કલેક્ટર, ગોધરા પ્રાંત ગોધરાના પત્ર નંબર : નપલ-ચૂંટણી-વશી-૨૫૦૫-૦૫, તા. ૨૫-૧૦-૨૦૦૫.

આદેશ

નગરપાલિકા ગોધરા જિ. પંચમહાલની સામાન્ય ચૂંટણી તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન નગરપાલિકા ગોધરાના વોર્ડ નં. ૧૩ના ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, ગોધરા પ્રાંત ગોધરા તથા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, પંચમહાલનો આમુખમાં જણાવેલ તા. ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસપત્ર રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉક્ત અહેવાલ પ્રમાણેની વિગત એવી છે કે, પંચમહાલ જિલ્લાની ગોધરા નગરપાલિકાના વોર્ડ નં. ૧૩ના મતદાન મથક નંબર : ૩, ઈકબાલ પ્રા. શાળાના રૂમ નં. ૧ ગોધરામાંથી બપોરના આશરે ૧૨-૩૦ કલાકે મતદાન કેન્દ્રની બહારથી આશરે ૨૫ થી ૩૦ માણસોનું ટોળું મતદાન મથકમાં ઘુસીને ધાંધલ ધમાલ કરી અંદરોઅંદર ખેંચા-ખેંચા કરી પ્રિસાઈડીંગ

INDEX

અધિકારીની બાજુમાં પાટલી પર મુકેલ મતપત્રો પૈકી બુક નંબર-૯ મતપત્રો ક્રમાંક : ૦૦૨૦૦૧ થી ૦૦૨૦૫૦ કુલ-૫૦ની એક થોકડી પ્રિસાઈડીંગ ઓફિસરની સહીવાળી તેમજ એરોકોસ માર્ક નંગ-૧ ચોરી ગયેલ છે. બાકી મતપત્રો સહી સલામત છે. આ સિવાય મતદાન મથકે અન્ય કોઇ નુકશાન પહોંચાડવામાં આવેલ નથી. જેથી મતદાનની પ્રક્રિયાને આડ અસર પહોંચેલ ન હોઈ મતદાન ચાલુ રાખવામાં આવેલ. બનેલ બનાવ અન્વયે એફ.આઇ.આર. દાખલ કરવા સંબંધિત પ્રિસાઈડીંગ ઓફિસરને સુચના આપવામાં આવેલ છે. સદર કિસ્સામાં મતદાન દુષિત થયેલ નથી કે મતદાનની પ્રક્રિયાને કોઇ અસર થયેલ નથી. પરંતુ મતદાન મથકો ઉપર ઈસ્યુ કરેલ મતપત્રો પૈકી ઉકત નંબરવાળા કુલ-પત્ર મતપત્રો ચોરાઈ ગયેલાનું ધ્યાન ઉપર આવેલ છે.

રાજ્ય ચુંટણી પંચે, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૫૦ના પેટા નિયમ (૨) મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે અને બનાવનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કર્યુ છે. બનાવનું મુલ્યાંકન કરતાં રાજ્ય ચૂંટણી પંચને જણાયુ છે કે નિયમ-૫૦(૧)ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયું જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી સાથે સાથે મતપત્રો પ્રમુખ અધિકારીના કબજામાંથી અકસ્માત કે અન્યથા ગુમ થયા છે અને તે અંગેની તેઓએ પોલીસ દાખલ કરવા સુચના આપવામાં આવેલ છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃમતદાન માટે આદેશ કરવા રાજ્ય ચુંટણી પંચ સક્ષમ છે પરંતુ તે માટે મતદાન દુષિત થયું છે તેવું નિઃ શંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં તેથી મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુન :મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે ગુમ થયેલા મતપત્રો આ મતદાન મથકે અગર વોર્ડના અન્ય મતદાન મથકે અનઅધિકૃત રીતે કોઈ વ્યક્તિ મતદારે મતપેટીમાં નાખ્યા હોય આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો વોર્ડના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ના પામે તે સંજોગોમાં આ વોર્ડના મતદાન મતદાન મથકોની કોઈ મતપેટીમાંથી ઉપરોકત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચૂંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો વોર્ડના કોઈપણ મતદાન મથકની મતપેટીમાંથી મળે છે કે કેમ અને જો મળી આવે તો મત ગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબધે નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

૧. વોર્ડની મતગણતરી શરૂ કરતા પહેલાં ચૂંટણી અધિકારી અગર વધારાના ચૂંટણી અધિકારી જેઓ હસ્તક આ વોર્ડની ગણતરી હાથ ધરવા પંચે આદેશ કર્યો છે તે વોર્ડના તમામ ઉમેદવારો, ચુંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો)ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જ મતદાન મથક પરથી કયાંથી ક્યા ક્રમના મતપત્રો ગુમ થયાં છે તેની અને આવાં મતપત્રો જો મત ગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજુર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

૨. મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોક્ત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ વોર્ડના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting) હાથ ધરવાની રહેશે. તે વખતે ગણતરી સુપરવાઈઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતાદર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નિકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઈ થઈ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ મતપત્ર આખું ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતા ભીન્નતા ધરાવતા મતપત્રો મળી આવે તો નામંજુર કરી ઈલાયદા રાખવાના રહેશે.

૩. જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ

INDEX

ખાતરી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતા મતપેટીમાં વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં મતપત્રો મતપેટીમાંથી નિકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને ગુમ થયેલા મતપત્રોના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪) ની કાર્યવાહી પ્રમાણે જો ગુમ થયેલા મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઈલાયદા સીલબંધ કવરમાં મુકવાના રહેશે. અને કવર પર વોર્ડ નંબર, મતગણતરીની તારીખ વિગતે દર્શાવી આ પરબીડીયું વોર્ડના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બન્ને પરબીડીયાં એક બીજા મોટા પરબીડીયામાં મૂકી સીલ કરી રાખવાનાં રહેશે.

આદેશથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 381 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

નંબર : રાચપ-ચટણ-ન.પા.-રાજપીપળા-૨૦૦૫.

વંચાણમાં લીધું : (૧) જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટર, નર્મદા મુ. રાજપીપળાના તારીખ ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસ પત્ર નં. : ચૂંટણી-ન.પા.-વશી-૨૦૦૫.

(૨) ચૂંટણી અધિકારી રાજપીપળા નગરપાલિકા અને પ્રાયોજના વહીવટદાર, રાજપીપળાના પત્ર નંબર : રાનપ-ચૂંટણી-૦૫-વશી-૨૦૦૫, તા. ૨૫-૧૦-૨૦૦૫.

આદેશ

નગરપાલિકા રાજપીપળા જી. નર્મદાની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાયેલ મતદાન દરમ્યાન નગરપાલિકા રાજપીપળાના વોર્ડ નં. ૭ના ચૂંટણી અધિકારી અને પ્રાયોજના વહીવટદાર, રાજપીપળા તથા જીલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, નર્મદાનો આમુખમાં જણાવેલ તા. ૨૫-૧૦-૨૦૦૫નો ફેકસપત્ર રાજ્ય ચૂંટણી પંચે અવલોકનમાં લીધેલ છે.

ઉક્ત અહેવાલ પ્રમાણેની વિગત એવી છે કે, નર્મદા જીલ્લાની રાજપીપળા નગરપાલિકાના વોર્ડ નં. ૭ના મતદાન મથક નંબર : ૧, કન્યા શાળા નંબર-૧, રાજપીપળામાંથી બપોરના આશરે ૧૨-૩૦ કલાકે મતદારોનો ઘસારો થતાં બુક નંબર-૧૦ મતપત્રો ક્રમાંક ૦૦૦૪૫૧ થી ૦૦૦૫૦૦ મળી કુલ-૫૦ની એક થોકડી પ્રિસાઈડીંગ ઓફિસરની સહીવાળી ગુમ થયેલ છે.

INDEX

બાકી મતપત્રો સહી સલામત છે. આ સિવાય મતદાન મથકે અન્ય કોઈ નુકશાન પહોંચાડવામાં આવેલ નથી. જેથી મતદાનની પ્રક્રિયાને આડ અસર પહોંચેલ ન હોઈ મતદાન ચાલુ રાખવામાં આવેલ. સદર કિસ્સામાં મતદાન દુષિત થયેલ નથી કે મતદાનની પ્રક્રિયાને કોઈ અસર થયેલ નથી. તેમજ પ્રમુખ અધિકારીના નિવેદન મુજબ ગુમ થયેલ મતપત્રો મતપેટીમાં નાખવામાં આવેલ નથી. પરંતુ મતદાન મથકો ઉપર ઈસ્યુ કરેલ મતપત્રો પૈકી ઉકત નંબરવાળા કુલ-૫૦ મતપત્રો ગુમ થયેલાનું ધ્યાન ઉપર આવેલ છે.

રાજ્ય ચુંટણી પંચે, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૫૦ના પેટા નિયમ (૨) મુજબ મહત્વના સંજોગો ધ્યાને લીધા છે અને બનાવનું સ્વતંત્રરીતે મુલ્યાંકન કર્યુ છે. બનાવનું મુલ્યાંકન કરતા રાજ્ય ચુંટણી પંચને જણાયું છે કે નિયમ-૫૦(૧)ના પ્રબંધો મુજબ મતદાન દુષિત થયું જ છે તેવા નિષ્કર્ષ પર આવી શકાય તેમ નથી સાથે સાથે મતપત્રો પ્રમુખ અધિકારીના કબજામાંથી અકસ્માત કે અન્યથા ગુમ થયા છે.

મતદાન દુષિત થયું હોવાના કારણે પુનઃમતદાન માટે આદેશ કરવા રાજ્ય ચુંટણી પંચ સક્ષમ છે પરંતુ તે માટે મતદાન દુષિત થયું છે તેવું નિઃ શંક રીતે પ્રસ્થાપિત થવું જોઈએ. પ્રસ્તુત કિસ્સામાં મતદાન દુષિત થયું છે તેવો નિર્ણય લઈ પુન :મતદાન માટે આદેશ કરવા પુરતા કારણો જણાયા નથી.

પંચ એ બાબતે પણ સભાન છે કે ગુમ થયેલા મતપત્રો આ મતદાન મથકે અગર વોર્ડના અન્ય મતદાન મથકે અનઅધિકૃત રીતે કોઈ વ્યક્તિ મતદારે મતપેટીમાં નાખ્યા હોય આવા મતપત્રો માન્ય મતપત્રો તરીકે સ્વીકારવામાં આવે તો વોર્ડના મતદારોનો ચુકાદો યોગ્ય રીતે પ્રતિબિંબિત થવા ના પામે તે સંજોગોમાં આ વોર્ડના મતદાન મતદાન મથકોની કોઈ મતપેટીમાંથી ઉપરોકત ક્રમાંક ધરાવતા મતપત્રો મળી આવે તો તે નામંજુર કરવા આદેશ કરવામાં આવે છે.

સાથે સાથે ચૂંટણી અધિકારીશ્રીએ આવા મતપત્રો વોર્ડના કોઈપણ મતદાન મથકની મતપેટીમાંથી મળેલ છે કે કેમ અને જો મળી આવે તો મત ગણતરી વખતે શી કાર્યવાહી કરવી તે સંબધે નીચે પ્રમાણે સુચના આપવામાં આવે છે.

૧. વોર્ડની મતગણતરી શરૂ કરતા પહેલાં ચૂંટણી અધિકારી અગર વધારાના ચૂંટણી અધિકારી જેઓ હસ્તક આ વોર્ડની ગણતરી હાથ ધરવા પંચે આદેશ કર્યો છે તે વોર્ડના તમામ ઉમેદવારો, ચુંટણી એજન્ટ તથા મતગણતરી એજન્ટ (જો હોય તો)ને મતગણતરી શરૂ કરતાં પહેલાં જ મતદાન મથક પરથી ક્યાંથી ક્યા ક્રમના મતપત્રો ગુમ થયાં છે તેની અને આવાં મતપત્રો જો મત ગણતરી દરમ્યાન મળી આવશે તો નામંજુર કરવામાં આવશે તેવી જાણ કરવાની રહેશે.

૨. મતગણતરી વખતે જે મતદાન મથક પરથી ઉપરોક્ત મતપત્રો ગુમ થયાં છે તે સિવાયના આ વોર્ડના બાકીના મતદાન મથકોની મતપેટીઓના મતોની પ્રાથમિક મતગણતરી (Initial Counting) હાથ ધરવાની રહેશે તે વખતે ગણતરી સુપરવાઈઝર તથા ગણતરી મદદનીશોએ મતદાન મથકનો ક્રમાંક અને જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયાં છે તે મતદાન મથકના ક્રમાંક દર્શાવતા વિશિષ્ટતા દર્શક સિક્કા ચકાસવા અને વિશિષ્ટતા દર્શક સિક્કામાં વિસંગતતા જોવા મળે સાથે સાથે જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીની સહી ધરાવતું મતપત્ર નીકળે છે કે કેમ તે પરિબળ અવશ્ય લક્ષમાં લેવાનું રહેશે. આમ વિશિષ્ટતાદર્શક સિક્કા અને પ્રમુખ અધિકારીની સહીમાં (જો સહીવાળા મતપત્રો હોય તો) ભીન્નતા છે કે કેમ તેની પ્રથમ ચકાસણી કરવાની રહેશે.

આ પ્રકારની ચકાસણી માટે મતપેટીમાંથી નિકળતા મતપત્રની ઉભી ગડી પરથી જ આ ખરાઈ થઈ શકશે. અર્થાત પ્રાથમિક મતગણતરી જે રીતે કરવામાં આવે છે તે રીતે જ મતપત્ર આખુ ખોલ્યા સિવાય આ ચકાસણી કરવાની રહેશે.

જો આ પ્રકારે ચકાસણી કરતા ભીન્નતા ધરાવતા મતપત્રો મળી આવે તો નામંજુર કરી ઈલાયદા રાખવાના રહેશે.

૩. જે મતદાન મથક પરથી મતપત્રો ગુમ થયા છે તે મતદાન મથક પર વપરાયેલી મતપેટીની પ્રાથમિક મતગણતરી અન્ય મતદાન મથક પરના મતપત્રોની પ્રાથમિક મતગણતરી બાદ હાથ ધરવાની રહેશે. આ પ્રકારે મતગણતરી વખતે પ્રથમ એ ખાતરી કરવાની રહેશે કે પ્રમુખ અધિકારીએ તૈયાર કરેલ મતપત્રોના હિસાબ મુજબ મતદાન મથકે વપરાયેલા મતપત્રોની સંખ્યા કરતા મતપેટીમાંથી વધુ સંખ્યામાં મતપત્રો મળી આવ્યા છે કે કેમ જો મતપત્રોના હિસાબ મુજબની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં

મતપત્રો મતપેટીમાંથી નીકળે તો મતપત્રોના ક્રમાંક ચકાસવા અને ગુમ થયેલા મતપત્રોના ક્રમાંક ધરાવતું કોઈ મતપત્ર મળી આવે તો તે નામંજુર કરવાનું રહેશે.

પેરા (૩) તથા (૪) ની કાર્યવાહી પ્રમાણે જો ગુમ થયેલા મતપત્રો મળે તો તે મતગણતરીમાં નામંજુર કરી ઈલાયદા સીલબંધ કવરમાં મુકવાના રહેશે. અને કવર પર વોર્ડ નંબર, મતગણતરીની તારીખ વિગેરે દર્શાવી આ પરબીડીયું વોર્ડના બીજા તબક્કાની ગણતરી દરમ્યાન નામંજુર થયેલ મતપત્રોના પરબીડીયા સાથે મુકી બન્ને પરબીડીયા એક બીજા મોટા પરબીડીયામાં મુકી સીલ કરી રાખવાનાં રહેશે.

આદેશથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 382 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005 /KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Minicipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election , Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

THE BAR COUNCIL OF GUJARAT, AHMEDABAD

NOTIFICATION

Ref. No. BCG/ 8048/2005.- It is hereby notified for general information that Mr. Shyam Gaurishankar Khambe, Advocate residing at 13/A, V.I.P. Line, Nildhara Society, Jivrajpark, Ahmedabad-51, enrolled with the Bar Council of Gujarat on 20-04-1979 vide State Roll No. G/222/1979, has been **REMOVED** as an Advocate from the State Roll of Advocates under section 35 (3) (d) of the Advocates Act. 1961, vide order dated 15-10-2005 passed by the Disciplinary Committee No. VI of the Bar Council of Gujarat, in D. C. Case No. 23/2004.

(SUO MOTU Bar Council of Gujarat V/s. Mr. Shyam Gaurishankar Khambe)

Dt.: 18th October, 2005.

J. M. CHAUHAN,
Registrar,
Disciplinary Committee
Bar Council of Gujarat.

IV-C-Ex-382-1 382-1

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 383

REGISTERED No. G/GNR/

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, OCTOBER 26, 2005/KARTIKA 4, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૫.

નંબર : રાચપ-ચટણ-નપ-જન-૬૩-૧૦૨૦૦૫-ક.

વંચાણે લીધા : (૧) રાજ્ય ચુંટણી પંચનો તા. ૧૯-૧૦-૨૦૦૫નો હુકમ ક્રમાંક-રાચપ-ચટણ-નપ-જન-૬૩-૧૦૨૦૦૫-ક.
(૨) જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાનો તા. ૨૫-૧૦-૨૦૦૫નો પત્ર નંબર-નપા-ચટણ-વશી-૪૫-૦૫.

સુધારા હુકમ

રાજ્ય ચુંટણી પંચના આમુખ (૧)માં દર્શાવેલ તા. ૧૯-૧૦-૨૦૦૫ના હુકમથી વડોદરા જિલ્લાની ડભોઈ નગરપાલિકાના વોર્ડ નં. ૭ થી ૧૨ની મતગણતરી માટે નિયુકત કરેલ વધારાના ચૂંટણી અધિકારી ''ખાસ જમીન સંપાદન અધિકારી (ઓ.એન.જી.સી.)'' ને બદલે ''નાયબ કલેકટર અને સક્ષમ અધિકારી (ઓ.એન.જી.સી.)'' વાંચવું.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 384 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, OCTOBER 27, 2005/KARTIKA 5, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯. ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક:રાચપ-ચટણ-જીતાપં-સુરેન્દ્રનગર-સા.ચૂં.-૨૦૦૫

વંચાણે લીધું :-

(૧) આ કચેરીના આદેશ નં. રાચપ-ચટણ-જીતાપં-સુરેન્દ્રનગર-સામાન્ય ચૂંટણી-૨૦૦૫ તા. ૨૬-૧૦-૨૦૦૫

(૨) જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરેન્દ્રનગરના પત્ર નં. ચટણ-તાજીપં-મતદાન-વ-૧૦-૨૦૦૫ તા. ૨૬-૧૦-૨૦૦૫

સુધારા આદેશ :-

જિલ્લા પંચાયત સુરેન્દ્રનગર તથા તાલુકા પંચાયત લીંબડીની સામાન્ય ચૂંટણીના તા. ૨૫-૧૦-૨૦૦૫ નાં રોજ યોજાયેલ મતદાનના દિવસે જે મતદાર મંડળોના મતદાન મથકો પર અનિયમિત રીતે મતો નાખવામાં આવેલ હતા. તે બાબતે આમુખ-૧માં જમાવ્યાનુસારના અત્રેથી આદેશ કરવામાં આવેલ હતો.

વંચાણ-૨માં જણાવેલ પત્રથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સુરેન્દ્રનગર દ્વારા પ્રસ્તુત બાબતે તાલુકા પંચાયત લીંબડીના મતદાર મંડળ તેમજ મતદાન મથકના નામ લખવામાં તેઓ દ્વારા શરતચૂકથી ભૂલ થયેલ હોય સુધારા આદેશ કરવા વિનંતી કરેલ છે.

INDEX

ઉપરોકત હકીકતે વંચાણ-૧માં દર્શાવેલ અત્રેના આદેશના ફકરા નં. ૨ની ૧૪મી લીટીમાં '૯-નાની કઠેચી'ની જગ્યાએ '૧૧-૫૨નાળા' તેમજ '૫-ભગવાનપર'ની જગ્યાએ '૧-કુલવાડી' એ પ્રમાણે વાંચવા આથી સુધારા આદેશ કરવામાં આવે છે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 385

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, OCTOBER 27, 2005/KARTIKA 5, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returing Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક:રાચપ-ચટણ-જિ.તા.પં.-દાહોદ-સાચુ-સુ. આદેશ-૨૦૦૫

વંચાણમાં લીધું :

(૧) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, દાહોદના તા. ૨૬-૧૦-૨૦૦૫નો ફેકસ પત્ર નંબર : તા.પં.જી.પં -ચૂંટણી-વશી-૨૬૫

(૨) ચૂંટણી અધિકારી, જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી દાહોદના તા. ૨૬-૧૦-૨૦૦૫ના ફેકસ પત્ર નંબર : તા.પં.જી.પં -ચૂંટણી-વશી

(૩) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-જિ.તા.ન.પં.-દાહોદ-સાચુ-૨૦૦૫ તા. ૨૬-૧૦-૨૦૦૫

(૪) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, દાહોદના તથા ચૂંટણી અધિકારી જિલ્લા પંચાયત મતદાર મંડળ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, દાહોદના તા. ૨૭-૧૦-૨૦૦૫નો ફેકસ પત્રો.

સુધારા આદેશ

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દાહોદે આમુખ-૧ના પત્રથી ૫-ચાકલીયા જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ૧૯-મલવાસી તાલુકા પંચાયત મતદાર મંડળના મતદાન મથક નં. ૫-રળીયાતી ગુર્જર પ્રા. શાળાના જિલ્લા પંચાયતના મતપત્ર નંબર-૦૦૦૪૪૦૫ થી ૦૦૦૪૫૦૦ના મતપત્રો બોગસ મતદાન થયેલ તેવો અહેવાલ આપેલ. તે મુજબ અત્રેથી આમુખ-૩માં જણાવ્યા મુજબ સદરહું મતપત્રો રદ કરવા આદેશ કરવામાં આવેલ.

INDEX

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દાહોદ અને ચૂંટણી અધિકારી જિલ્લા પંચાયત મતદાર મંડળ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદ આમુખ-૪માં જણાવેલ પત્રો વંચાણે લેતા ૫-ચાકલીયા જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ૧૯-મલવાસી તાલુકા પંચાયત મતદાર મંડળના મતદાન મથક નં. ૫-રળીયાતી ગુર્જર પ્રા. શાળાના જિલ્લા પંચાયત મતદાન મથકના ૦૦૦૪૪૦૫ થી ૦૦૦૪૫૦૦નું બોગસ મતદાન થયેલ તેવુ જણાવેલ, પરંતુ ખરેખર મતપત્ર નંબર-૦૦૨૩૬૦૫થી ૦૦૨૩૬૫૦ અને ૦૦૨૩૭૦૧ થી ૦૦૨૩૭૫૦ મળી કુલ ૯૬ મતપત્રો બોગસ મતદાન થયેલ. તે મુજબ આદેશમાં સુધારો થઈ આવવા વિનંતી કરેલ.

ઉપર મુજબની વિગતો જોતાં નીચે મુજબનો સુધારો કરવા સુધારા આદેશ કરવામાં આવે છે.

અ.નં.	જિલ્લા પંચાયત મતદાર મંડળનું નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ તથા નંબર	મતદાન મથક નંબર અને નામ	મતપત્રની વિગત		કુલ
				તા.પ.	જી.પ.	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૫-ચાકલીયા	૧૯-મલવાસી	૫-રળીયાતી ગુર્જર પ્રા. શાળા	૦૦૦૪૪૦૫ થી ૦૦૦૪૫૦૦	૦૦૨૩૬૦૫ થી ૦૦૨૩૬૫૦ અને ૦૦૨૩૭૦૧ થી ૦૦૨૩૭૫૦	૯૬-૯૬

આમ, અત્રેથી તા. ૨૬-૧૦-૨૦૦૫ ના આદેશમાં અનુક્રમ નંબર-૩માં કોલમ નંબર-૬માં જણાવેલ નંબરોના જિલ્લા પંચાયતના મતપત્રો રદ કરવા આદેશ કરવામાં આવેલ તેના બદલે ઉપર જણાવેલ કોલમ નં. ૬માં જણાવ્યા મુજબના નંબરોના મતપત્રો રદ કરવા અંગેનો આથી સુધારા આદેશ કરવામાં આવે છે. આ સિવાય બાકીની તમામ વિગતો યથાવત રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.
PC-8 --D : /Gazette/2005/Extraordinary/Part IV-C-385 Dr. (Dt.28-10-2005)-- 2

Extra No. 386 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] THURSDAY, OCTOBER 27, 2005 /KARTIKA 5, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities under the Election Commission.

The Gujarat Government Gazette

Extraordinary

Part – IV-C

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭મી ઓકટોબર, ૨૦૦૫.

ક્રમાંક : ચટણ-નપલ-ચઅન-૮(૫)-આર.ઓ.-૧૦૨૦૦૫-ક.

હુકમ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૬(૪) અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(વ)(ક)થી મળેલ સત્તાની રૂઈએ તથા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો ૧૯૯૪ના નિયમ-૪(૧)સાથે વાંચતાં રાજ્ય ચૂંટણી પંચ નીચેની નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે નીચે અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના અધિકારીઓની ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે આથી નિયુક્તિ કરે છે.

IV-C. Ex. 386-1 386-1

અનુસૂચિ

અ.નં.	જિલ્લાનું નામ	નગર પાલિકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ	
				ચૂંટણી અધિકારીનો હોદ્દો-કચેરી	મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો-કચેરી
૧	૨	૩	૪	૫	૬
૧	રાજકોટ	મોરબી	૧ થી ૫	નાયબ કલેકટર, મોરબી પ્રાંત્ત કચેરી, સામા કાંઠે, મોરબી, જિ. રાજકોટ.	સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ, જેલ રોડ, મોરબી.
	,,	,,	૬ થી ૧૦	નાયબ જિલ્લા વિકાસ અધિકારી, (મહેસુલ), વલ્લભભાઈ પટેલ ભવન, જિલ્લા પંચાયત કચેરી, રાજકોટ.	મામલતદાર, મામલતદાર કચેરી, મોરબી, જિ.રાજકોટ.
	,,	,,	૧૧ થી ૧૪	નાયબ જિલ્લા વિકાસ અધિકારી, (પંચાયત), વલ્લભભાઈ પટેલ ભવન, જિલ્લા પંચાયત કચેરી, રાજકોટ.	તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત, મોરબી.
૨	મહેસાણા	મહેસાણા	૧ થી ૫	નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, કલેકટર કચેરી, મહેસાણા.	મામલતદાર, મામલતદાર કચેરી, મહેસાણા.
	,,	,,	૬ થી ૧૦	નાયબ કલેકટર, જમીન સુધારણા, કલેકટર કચેરી, મહેસાણા.	જિલ્લા ઈન્સ્પેકટર, જમીન દફ્તર, બ્લોક નં. ૪, પ્રથમ માળ, બહુમાળી મકાન, મહેસાણા.
	,,	,,	૧૧ થી ૧૪	પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, પાલા વાસણા ચાર રસ્તા, મહેસાણા	સીટી સર્વે સુપ્રીટેન્ડેન્ટ, સીટી સર્વે કચેરી, વિસનગર, જિ. મહેસાણા.
૩	જુનાગઢ	ઉના	૧ થી ૬	મદદનીશ કલેકટર, પ્રાન્ત કચેરી, વેરાવળ, જિ. જુનાગઢ.	મામલતદાર, મામલતદાર કચેરી, ઉના, જિ. જુનાગઢ.
			૭ થી ૧૨	ખાસ જમીન સંપાદન અધિકારી, કલેકટર કચેરી, રંગમહેલ, જુનાગઢ.	તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત કચેરી, ઉના, જિ. જુનાગઢ.

૪	વડોદરા	પાદરા	૧ થી ૯	નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી, ઓ.એન.જી.સી., મકરપુરા રોડ, વડોદરા.	મામલતદાર, મામલતદાર કચેરી, પાદરા, જિ. વડોદરા.

આ હુકમ ઉપર અનુસૂચિના આસન નં. ૩માં દર્શાવેલ નગર પાલિકાની આગામી સામાન્ય ચૂંટણી પૂરતો જ અમલમાં રહેશે.

ઉક્ત હુકમોનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી.

વી. એચ. શાહ,

સચિવ,

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 387 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] SATURDAY, OCTOBER 29, 2005/KARTIKA 7, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલોલ નગરપાલિકા સામાન્ય ચુંટણી ૨૦૦૫

ચૂંટણી અધિકારી ધ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચુંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ–૬૮ અન્વયે ચુંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત.

ક્રમાંક :–પીઓ/ચટણ ન.પા.કલોલ/૦૫

ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકા નીચે જણાવેલ અ.નં. ૭ સામે જણાવેલ વોર્ડ ની સામે જણાવેલ બેઠક માટે કોલમ નં. ૪ માં જણાવેલ ઉમેદવારને ગુજરાત નગરપાલિકા (ની ચુંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ–૧૩ અન્વયે બિનહરીફ ચુંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

કલોલ નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડોની સામાન્ય ચુંટણી તા. ૨૫/૧૦/૦૫ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરીણામ ગુજરાત નગરપાલિકા (ની ચુંટણી કરવા) બાબતના નિયમો–૧૯૯૪ ના નિયમ–૬૧ અન્વયે નમુના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ–૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નં.૪ માં જણાવેલ ઉમેદવારોને ચુંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

નગરપાલિકા (ની ચુંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ૧૩, ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને નિયમ–૬૮ અન્વયે કલોલ નગરપાલિકાના ચુટાયેલા કાઉન્સિલરો તરીકે જાહેર કરી તેઓનાં નામો પ્રસિધ્ધ કરવામાં આવે છે

INDEX

ક્રમાંક	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચુંટાયેલ ઉમેદવારનું		પક્ષ સાથેનું જોડાણ
			નામ	સરનામું	
1	૧	અનુસુચિત જાતિ સ્ત્રી	સુશીલાબેન ગણપતભાઈ ભંગી	ગાયનો ટેકરો, મ્યુ.કવાર્ટસ ૩૨ કલોલ	–
2	૧	સામાન્ય	શૈલેષભાઈ અમરતભાઈ પટેલ	૨૦, કર્મભુમી કોમ્પલેક્ષ, કલોલ	ભારતીય જનતા પક્ષ
3	૧	સામાન્ય	પ્રહલાદભાઈ કચરદાસ પટેલ	૧૭, ઈલોરા સોસાયટી, કલોલ	ભારતીય જનતા પક્ષ
4	૨	સામાન્ય સ્ત્રી	રૂકસાના હમદ રફીકભાઈ મલેક (એડવોકેટ)	સરકારી દવાખાના સામે, ખડકીમાં મલેકવાસ, કલોલ	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
5	૨	પછાત વર્ગ	નસરુદીન અબ્દુલરહેમાન મલેક	બ્લોક નં. ૩૮, ગુલીસ્તા પાર્ક સોસા. કલોલ	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
6	૨	સામાન્ય	ઈકબાલભાઈ જાલમભાઈ ચૌહાણ	સી,૫ આયોજન નગર સોસા., કલોલ	–
7	૩	સામાન્ય સ્ત્રી	અરુણાબેન શિવાભાઈ પારેખ	જુના ચોરા, નાગરમીઠાનો વાસ, કલોલ	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
Vol. XLVI] FRIDAY, DECEMBER 9, 2005/AGRAHAYANA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૮–૧૨–૨૦૦૫

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–સોજીત્રા–૨૦૦૫

સોજીત્રા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૩૬૪–૨૦૦૫– એનપીએમ–૧૩૨૦૦૫/૫૩૪૮/ (૧૧) આર, તા.૨૩–૯–૨૦૦૫થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, સોજીત્રા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે સોજીત્રા નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી સરેરાશ વસ્તીથી ૧૦ % વધ કે ઘટની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૬૦૩૯ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૨૯૧ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોડીનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પૈકીવોર્ડ નં ૧ સિવાય કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ / ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૭ વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ૩ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે એક બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૬	૨૨૩૮	૭૩૨	૩૨.૭૧
૨	૫	૨૩૫૩	૧૪૯	૬.૩૩
૩	૪	૨૨૩૮	૪૮	૨.૧૪
૪	૩	૨૪૫૯	૩૬	૧.૪૬
૫	૧	૨૦૨૪	૨૦	૦.૯૯
૬	૭	૨૨૬૭	૧૧	૦.૪૯
૭	૨	૨૪૬૦	૦૫	૦.૨૦
કુલ		૧૬૦૩૯	૧૦૦૧	-

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૬ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૬ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની ફાળવણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

INDEX

વોર્ડ નંબર	બેઠક.
૬	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે અનુસુચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારીત થયેલ ન હોઈ ફાળવવાની રહેતી નથી.

૧૬. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના આધારે [illegible] પાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા કિસ્સામાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

સોજીત્રા નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૨	૨૪૬૦	૧૯૫૬	૭૯.૫૧
૫	૨૩૫૩	૧૪૧૨	૬૦.૦૦
૭	૨૨૬૭	૧૩૧૫	૫૮.૦૦
૬	૨૨૩૮	૧૧૮૬	૫૨.૯૯
૧	૨૦૨૪	૧૦૪૨	૫૧.૪૮
૩	૨૪૫૯	૧૨૦૫	૪૯.૦૦
૪	૨૨૩૮	૫૬૦	૨૫.૦૨

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૨ અને ૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે વોર્ડ નં.૫ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	પછાતવર્ગ
૫	પછાતવર્ગ સ્ત્રી

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને સોજીત્રા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ સોજીત્રા નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસુચિ–૧

સોજીત્રા નગર પાલીકા **આણંદ** જિલ્લો

સુચીત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘરનંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૪૨	૦	૦	૭૪૮	૧ થી ૧૬૮	દેવાતજ,લીબાલી,ડભોઉ મલાતજ ત્રંબોવાડનો સીમાડો
	૧૨૩	૦	૦	૩૬૦	૧ થી ૧૨૧	શુભુપુરા,મોદીયાવાડ,નાગરશેરી,શ્રી સતકૈવલ મંદીર,ભાટવાળો,શ્રી રામજીમંદીર
	૧૨૧	૫	૦	૩૪૩	૧ થી ૧૨૮	શ્રીજે.એસ.પટેલ હાઈસ્કુલ ફોર ગર્લ્સ,શ્રી કૈલાસપતી સો મીલ,કુનિબા મહીલા પુસ્તકાલય,રાવપુરા નાની અંબામાતા સામે, સુતરીયાપોળ, એસ.ટી.દરજી , ગીરીશભાઈ વૈદ્ય, ભરતભાઈ સ્ટેમ્પ વેન્ડરના ખાંચા
	૧૧૪	૧૫	૨૪	૫૭૩	૧ થી ૧૫૨	એમ.એમ.હાઈસ્કુલ પછીનો ભાગ પશુ દવાખાના,શ્રી વૈજનાથ મહાદેવ,મામલતદાર કચેરી,રેફરલ હોસ્પીટલ એમ.એમ. હાઈસ્કુલ ,શ્રી મ.પ્ર.શાહ બાલમંદિર , ચાંપા બાઈ નીપોળ,તાલુકા પ્રા.કુ.શાળા શ્રી માસીમાતા, બહેરામુંગાશાળા,શ્રી જબરેશ્વર મહાદેવ,સોનીવાડ
		૨૦	૨૪	૨૦૨૪		

હદનું વર્ણન :–

સોજીત્રા સીમના રે.સ.નં.૫૬ ના વાયવ્ય (ઉત્તર પશ્ચિમ) ખુણાથી શરૂ કરી ઈશાન (ઉત્તર પુર્વ) ખુણા તરફ જતા સોજીત્રા નગરપાલીકાની હદે સોજીત્રાના રે.સ.નં.૧૨૬,૧૧૮,૧૨૨/૧,૮૬૬,૮૭૦/૩,૮૭૫/૧,૭૮૬, ૭૬૦ ની ઉત્તરે થઈ સોજીત્રા ગામના સ.નં. ૭૯૨ સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા સોજીત્રા રે.સ.નં.૭૮૩/૧,૭૭૯,૭૧૦,૬૦૯,૧૦૬૪,૨૨૨/૧,ની પુર્વમા થઈ રે.સ.નં.૧૨૦૭ સુધી ત્યાંથી સોજીત્રા રે.સ.નં.૧૨૦૭ ને આવરી લઈ રે.સ.નં.૬૫૦ ની પશ્ચિમે થઈ ઉત્તર તરફ જતા નવા વાઘરી વાસ,ટેકરાવાળો વાઘરીવાસ,ની પુર્વની હદે હદે રેલ્વે લાઈન વિસ્તાર સુધી ત્યાંથી રેલ્વે લાઈન વિસ્તારની ઉત્તરની હદે હદે સોજીત્રા પોલીસ સ્ટેશન વિસ્તારના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા સ્ટેશન રોડ ની હદે હદે શ્રીજબરશેક્ષ્વર મહાદેવના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પુર્વમાં શ્રી જબરેશ્વર મહાદેવ વિસ્તાર આવરી લઈ દક્ષિણ તરફ પાંચ હાટડી,ના ઈશાન ખુણા સુધી ત્યાંથી પાંચ હાટડી વિસ્તાર આવરી લઈ પશ્ચિમ તરફ રાવપુરા વિસ્તારની દક્ષિણે થઈ મોલીયાવાડ,રામજીમંદીરની પુર્વમાં થઈ શંભુપુરા વિસ્તારની દક્ષિણની હદે હદે શભુંપુરા વિસ્તારના નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં દેવાતજના સીમાડે સોજીત્રા ગામના રે.સ.નં.૨૦૪૯ ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી સોજીત્રાના સીમાડે આવેલ રે.સ.નં. ૨૦૪૯ આવરી લઈ ઉત્તર

INDEX

સોજીત્રા નગર પાલીકા આણંદ જિલ્લો						
સુચીત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,વત્તાવાર વિસ્તાર,ઘરનંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબર થી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૧૫	૦	૦	૪૮૬	૧ થી ૧૫૪	સોનીવાડ,કરમસદવાળાની ખડકી,કેદાર પટેલની ખડકી , ભોઈવાડા,શ્રી પ્રણામી મંદિર ,પોલીસ સ્ટેશન,ઘજાશેરી,
	૧૨૫	૦	૧	૫૪૧	૧ થી ૧૬૩	ખારાકુવા,ખોડીયારમાતા,રેલ્વે સ્ટેશન,સીમાડો
	૧૨૪	૦	૦	૨૨૯	૧ થી ૯૫	ઘજાશેરી,ભુદરજીનીપોળ, ખારાકુવા
	૧૧૬	૫	૦	૩૭૨	૧ થી ૧૩૨	તલાટીની ખડકી,ઈશ્વર પટેલની ખડકી,ભોઈવાડા , રબારીવાસ,ઘજાશેરી,
	૧૮૩	૦	૦	૫૦૬	૧૧૭ થી ૨૨૧	ટેકરાવાળો વાઘરીવાસ,નવો વાઘરીવાસ,
	૧૨૬	૦	૨૯	૩૨૬	૧ થી ૧૧૩	ચારકુવાભાગોળ,સુથારાવાડા,શુકલવાડા, વંદેવાલ તલાવ ઉપર ,માધવાસ્વરૂપ આશ્રમ,ચુનારાવાસ,વાઘરીવાસ,
		૫	૩૦	૨૪૬૦		

હદનું વર્ણન :–

સોજત્રા પોલીસ સ્ટેશન વિસ્તારના વાયવ્ય ખુણાથી (ઉત્તર પશ્ચિમ) શરૂ કરી પુર્વ તરફ જતા સોજીત્રા પોલીસ સ્ટેશનની ઉત્તર ની હદે હદે રેલ્વે સ્ટેશન રોડની હદે હદે રેલ્વે લાઈન વિસ્તારના પુર્વ તરફના ભાગ સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં ટેકરા પરના વાઘરીવાસ, તથા નવા વાઘરીવાસની પુર્વ ની હદે હદે નવા વાઘરીવાસના અગ્નિ ખુણા (પુર્વ દક્ષિણ) સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા નવા વાઘરી વાસ,પાણીની ટાંકી ,ચારકુવા વિસ્તાર ની દક્ષિણે થઈ બળીયા કાકા વિસ્તારના નૈઋત્ય ખુણા (પશ્ચિમ દક્ષિણ) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં વંદેવાળ તળાવની પશ્ચિમની હદે હદે ઘજાશેરીના અગ્નિ ખુણા સુધી ત્યાંથી ઘજાશેરીના દક્ષિણ તથા પશ્ચિમ ની હદે હદે થઈ રબારીવાડો,સોનીવાળી ખડકીની દક્ષિણની હદે હદે સોનીવાળી ખડકીના નૈઋત્ય (પશ્ચિમ દક્ષિણ) ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા સોનીવાળી ખડકીની પશ્ચિમની હદે હદે થઈ ભોઈવાડાની હદ સુધી ત્યાંથી ભોઈવાડાની દક્ષિણ તથા પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતા સોજીત્રા પોલીસ સ્ટેશન વિસ્તાર ના વાયવ્ય ખુણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

INDEX

સોજીત્રા નગર પાલીકા આણંદ જિલ્લો

સુચીત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબર થી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૧૭	૦૧	૦	૩૬૬	૧ થી ૧૩૭	સટાકચકલા, બ્રહમપોળ,મુકતેશ્વર મહાદેવ, ગાંધીનો દરવાજો
	૧૧૮	૨	૦	૫૧૩	૧ થી ૧૫૮	શ્રી શાશનદેવીમાતા,મેવાતવાડા,શેઠવાળાની ખડકી,વી.સી.વાળો ખાંચો,અમરજીભટ્ટનોખાંચો, ચબુતરી પવીતના ભાગેથી લીમડીપોળ, પરીએજ વાળી પોળ, ગાંધીનો દરવાજો પટેલ દિનેશભાળ રાવજીભાઈ બીડીવાળાનો ખાંચો
	૧૨૦	૯	૦	૪૭૯	૧ થી ૧૪૮	સરદારપોળ,અપાસરાના દેરાં,સમડીચકલા શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ,રાણાચોક,રાણાભરતભાઈ કાળીદાસના ખાંચા સુધી ચબુતરીથી રાણા ચતુરભાઈના ઘર સુધી
	૧૨૨	૨૨	૦	૪૪૪	૧ થી ૧૩૪	રાવપુરા,ભાટવાળો,શ્રી અ.પુ.સ્વા.મંદીર, વાળંદવાડો, દાસ મહોલ્લો,લીમબચ ચોક,સુથારવાડા,નહેરૂ સ્ટ્રીટ, સરદારપોળ,
	૧૧૯	૩	૦	૬૫૭	૧ થી ૧૫૦	જુની ખડકી,કણજરીવાલાચોક,નવાચોક,હરજીની ધર્મશાળા,રાણાની ધર્મશાળા,
		૩૬	૦	૨૪૫૯		

હદનું વર્ણન :–

સોજીત્રા ગામના ભાટવાડા વિસ્તારના વાયવ્ય ખુણાથી (ઉત્તર પશ્ચિમ) થી શરૂ કરી પુર્વ તરફ જતા ભાટવાડા વિસ્તારની ઉત્તરની હદે હદે બ્રહમપોળ સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં બ્રહમપોળ વિસ્તરની ઉત્તરની હદે હદે ઈશાન ખુણા (ઉત્તર પુર્વ) સુધી ત્યાંથી પુર્વ તરફ જતા સટાક ચકલા વિસ્તરની ઉત્તરની હદે હદે સટાકમ ચકલાના ઈશાન ખુણા (ઉત્તર પુર્વ) સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા સટાકચકલા, મેવાતવાડો તથા શાશનદેવી રોડની પુર્વ દિશાની હદે હદે શાશનદેવછી રોડ વિસ્તારના અગ્નિ (પુર્વ દક્ષિણ)ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા પરીએજ વાળી પોળના નૈઋત્ય ખુણા(દક્ષિણ પશ્ચિમ) સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા જુની ખડકી વિસ્તારના પુર્વની હદે હદે જુની ખડકીના અગ્નિ ખુણા (પુર્વ દક્ષિણ) સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા ગોલવાડ,સમડી ચકલા તથા લક્ષ્મીનારાયણ મંદીરની દક્ષિણ ની હદે હદે આગળ પશ્ચિમ તરફ જતા અપાસરના દેરાની દક્ષિણની હદ્દે હદે થઈ સત્યનારાયણ મંદીરના નૈઋત્ય ખુણા (દક્ષિણ પશ્ચિમ) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા સત્ય નારાયણ મંદિર,દાસનો મહોલ્લો તથા ભાટવાડા ની પશ્ચિમની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં ભાટવાડા વિસ્તારના વાયવ્ય ખુણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

સોજીત્રા નગર પાલીકા આણંદ જિલ્લો

સુચીત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૩૨	૦	૦	૩૦૮	૧ થી ૧૩૧	સંમડીચકલા, પારેખવાડો,કંસારાપોળ,ઢેલ્લીવાળું ફળીયું,
	૧૩૩	૪	૦	૨૫૯	૧ થી ૧૧૯	મુખાતવાડો,ગોલ્ડન સ્ટ્રીટ,જુની હવેલી,વહાલાબારી,ગોસાઈ ફળીયું
	૧૩૪	૯	૦	૩૨૬	૧ થી ૧૩૨	રામજીમંદીર,મુખાતવાડો,વહેરાઈમાતા,મોદીયાકુઈ, મહાદેવ ફળીયા,એ–વન સ્ટીટ ,પીપળ ફળીયા
	૧૩૫	૧૧	૦	૪૯૩	૧ થી ૧૭૪	જીવનવાડી
	૧૩૬	૫	૦	૨૨૩	૧ થી ૧૦૭	ભુદરપોળ,મોટા બજાર, ફતેહપોળ
	૧૩૭	૧૩	૦	૨૭૦	૧ થી ૧૧૮	શાંતિપોળ,સોનાટેકરી,પીપળ ફળીયા
	૧૩૮	૬	૦	૩૫૯	૧ થી ૧૪૧	શાંતિપોળ,ખારીકુઈ,હરખજીભાઈની ખડકી, ઉંડા ફળીયા,,મહાદેવ ફળીયા,પ્રાગદાસભાઈની ખડકી
		૪૮	૦	૨૨૩૮		

હદનું વર્ણન :–

સોજીત્રા ગામના મહાદેવ ફળીયાના વાયવ્ય ખુણાથી (ઉત્તર પશ્ચિમ) શરૂ કરી પુર્વ તરફ જતા મુખાતવાડાની ઉત્તરની હદ્દે હદે થઈ પુર્વ તરફ જતા મુખાતવાડાના ઈશાન (ઉત્તર પુર્વ) સુધી ત્યાંથી અગ્નિ (પુર્વ દક્ષિણ) જતાં ભાઈકાકાભવન મધરોલાનો ખાંચો,ની પુર્વની હદે હદે પારેખવાડા વિસ્તાર ના અગ્નિ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા કંસારાવાડ,યુનીયન બેક ઓફ ઈન્ડીયા,છીપવાડની પુર્વની હદે હદે થઈ મ્યુનીસીપલ ઓફીસના અગ્નિ ખુણા (પુર્વ દક્ષિણ) સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા મ્યુનીસીપલ ઓફીસની સામેની લાઈન તથા ફતેહપોળની દક્ષિણની હદે હદે થઈ ટાવર સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા હરખજીભાઈની ખડકી ની દક્ષિણ ની હદે હદે થઈ પ્રિન્સ સ્ટ્રીટના નૈઋત્ય ખુણા (દક્ષિણ પશ્ચિમ) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા પ્રિન્સ સ્ટ્રીટ,ઉડું ફળીયું ની પશ્ચિમની હદે હદે થઈ ઉડું ફળીયુંના વાયવ્ય ખુણા (પશ્ચિમ ઉત્તર) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા મહાદેવ ફળીયાની પશ્ચિમની હદે હદે થઈ ઉત્તર તરફ જતા મહાદેવ ફળીયાના વાયવ્ય ખુણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

સોજીત્રા નગર પાલીકા આણંદ જિલ્લો

સુચીત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘરનંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબર થી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૧૨૭	૦	૦	૫૯૪	૧ થી ૧૫૦	ચારકુવાભાગોળ,વહાલાભુવાનીશેરી,શ્રી હરીકૃષ્ણમંદીર રબારીવાડા,શ્રી કબીર મંદીર,સીમાડો,વાઘરીવાસ, પાંજરાપોળ
	૧૨૯	૧૩૬	૦	૫૪૦	૧ થી ૧૪૭	વ્હાલા ભુવાનીશેરી, કડીયાવાડ,શ્રીમાળીની પોળ, હરીજનવાસ,
	૧૩૦	૦	૦	૪૧૯	૧ થી ૮૩	નવોચોક સામેની લાઈન વ્હોર વાડ,
	૧૩૧	૧૩	૦	૮૦૦	૧ થી ૧૬૨	વ્હોરવાડ,ઝારોલાવાળાનો ખાંચો ,મેમણની ખડકી, કા.પટેલની ખડકી,
		૧૪૯	૦	૨૩૫૩		

હદનું વર્ણન :–

સોજીત્રા ગામના ઝારોલાના ખાંચાના વાયવ્ય ખુણાથી (ઉત્તર પશ્ચિમ) થી શરૂ કરી દક્ષિણ તરફ જતા ઝારોલાના ખાંચાના અગ્નિ ખુણા (પુર્વ દક્ષિણ) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા શ્રીમાળીપોળની પશ્ચિમની હદે હદે થઈ શ્રીમાળીપોળના વાયવ્ય ખુણા (પશ્ચિમ ઉત્તર) સુધી ત્યાંથી પુર્વ તરફ જતા કડીયાવાડ,વહાલાભુવાની શેરી,તથા પાંજરાપોળ વિસ્તારની ઉત્તરની હદે હદે થઈ પાંજરાપોળ વિસ્તારના ઈશાન ખુણા (ઉત્તર પુર્વ) સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા પાંજરાપોઈળ વિસ્તારની હદે હદે થઈ પાંજરાપોળ વિસ્તારના અગ્નિ ખુણા (પુર્વ દક્ષિણ) સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં પાંજરાપોળ વિસ્તાર,કુંભારવાડો વિસ્તારના દક્ષિણની હદે હદે આગળ જતાં કુંભારવાડાના નૈઋત્ય ખુણા (દક્ષિણ પશ્ચિમ)સુધી ત્યાંથી ઉત્તર તરફના વાયવ્ય ખુણા (ઉત્તર પશ્ચિમ)ના હરીજન વાસના નાકાથી થઈ પશ્ચિમ તરફ જતા હરીજનવાસ,વ્હોરવાડ તથા પીરવાળા મહોલ્લાની દક્ષિણની હદે હદે થઈ પીરવાળા મહોલ્લા ના નૈઋત્ય ખુણા (દક્ષિણ પક્ષિમ) સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા પીરવાળો મહોલ્લો શાક માર્કેટ,બેન્ક ઓફ ઈન્ડીયાની લાઈન ની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતા ઝારોલાના ખાંચાના વાયવ્ય ખુણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

સોજીત્રા નગર પાલીકા આણંદ જિલ્લો

સુચીત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘરનંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબર થી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૧૨૮	૦	૦	૫૬૨	૧ થી ૧૧૬	જુનો વાઘરીવાસ,નવો વાઘરીવાસ,રાવળવાસ,
	૧૪૧	૪૮૫	૫	૫૩૯	૧ થી ૧૪૯	બચુ લુહાર થી વણકરવાસ,
	૧૮૫	૧૬૦	૦	૪૮૯	૧૫૦ થી ૨૭૧	વણકરવાસ,ઈન્દીરા નગરી, સશન કોલોની
	૧૮૪	૮૭	૦	૬૦૮	૮૪ થી ૨૦૩	વ્હોરવાડ,રોહિતવાસ, રબારીવાસ, વણકરવાસ, ખાટકીવાસ,
		૭૩૨	૫	૨૨૩૮		

હદનું વર્ણન :—

સોજીત્રા ગામના જુના દવાખાના વિસ્તારના વાયવ્ય ખુણાથી શરૂ કરી પુર્વ દિશા તરફ જુનુ દવાખાનું વણકરવાસ ની ઉત્તર દીશાની વણકરવાસ વિસ્તારના ઈશાન ખુણા (ઉત્તર પુર્વ) સુધી ત્યાંથી પુવૃ તરફ જતાં રાવળવાસ વિસ્તારની ઉત્તરની હદે હદે રાવળવાસ ના ઈશાન ખુણા (ઉત્તર પુર્વ) સુધી ત્યાંથી ઉત્તર પુર્વ તથા દક્ષિણ તરફ જુના વાઘરીવાસ વિસ્તારને આવરી લઈ જુના વાઘરીવાસના અગ્નિ ખુણા (પુર્વ દક્ષિણ) સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સોજીત્રા રે.સ.નં.૧૬૨૫૬૧૩૧૨,તથા ૧૧૮૪ ની પુર્વ ની હદે હદે રે.સ: નં.૧૨૧૦/૧ ના અગ્નિ ખુણા (દક્ષિણ પુર્વ) સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા સોજીત્રા ગામના રે.સ.નં.૧૨૧૦/૧,૧૨૨૭,૧૩૬૯, તથા ૧૩૩૨ ની દક્ષિણની હદે હદે રે.સ.નં.૧૩૩૨ના નૈઋત્ય ખુણા (દક્ષિણ પશ્ચિમ) સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા વાદી,લુહાર તથા ગુજરાતી શાળાના વિસ્તારની દક્ષિણની હદે હદે આ વિસ્તારના વાયવ્ય ખુણા(ઉત્તર પશ્ચિમ) સુધી ત્યાંથી પુર્વ તરફ ગુજરાતી શાળાની ઉત્તરની હદે થઈ જુના દવાખાનાની પશ્ચિમની હદે હદે થઈ જુના દવાખાનાના વાયવ્ય ખુણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

સોજીત્રા નગર પાલીકા આણંદ જિલ્લો

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘરનંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૩૯	૭	૦	૪૧૨	૧ થી ૧૪૪	જવાહરસ્ટ્રીટ, વલ્લભસ્ટ્રીટ, નવાઘરા શેરીનં. ૧,૨,૩, ખોજાઈ મંદીર તરફ
	૧૪૦	૪	૦	૪૬૦	૧ થી ૧૫૫	નવાઘરાં શેરી નં. ૪,૫,૬,૭,શ્રી સંતરામ ઉદ્યાન,ભુતીયા બંગલા,ખોજાઈ માતા,સ્મશાનગૃહ, મોગરાયત તલાવ, બેન્ક ઓફ બરોડા ,શ્રી માધવાનંદ આશ્રમ,
	૧૮૬	૦	૫૨	૫૯૧	૨૩૩ થી ૩૮૦	વિરોલ,ડાલી,દેવાતજના સીમાડા
	૧૪૩	૦	૦	૮૦૪	૧ થી ૨૩૨	કૈલાસ સિનેમા,નવાં એસ.ટી.સ્ટેનડ, ચુનારાવાસ, મહીસિંચાઈ વસાહત, આદશનગર ,રબારીવાસ, વાઘરી વાસ, જી.આઈ.ડી.સી., હામી સોસાયટી,સી.સી.પટેલ સાર્વ.હોસ્પીટલ,
		૧૧	૫૨	૨૨૬૭		

હદનું વર્ણન :–

નવાઘરા ઉત્તર પશ્ચિમના (વાયવ્ય) ખુણેથી શરૂ કરી પુર્વ તરફ જતાં નવાઘરા ના ઉત્તર તરફની હદે હદે આગળ જતાં નવાઘરાના ઈશાન ખુણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે જવાહર સ્ટ્રીટ,વલ્લભસ્ટ્રીટ,ની પશ્ચિમે ની હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં નવાઘરા સોસાયટીની ઉત્તરની હદે પુર્વ તરફ આગળ ચાલતાં જવાહર સ્ટ્રીટના દક્ષિણથી ઉત્તર તરફ આગળ જતાં જવાહર સ્ટ્રીટ,વલ્લભસ્ટ્રીટની પશ્ચિમ દિશાની હદે હદે ઉત્તર તરફ જતાં વલ્લભ સ્ટ્રીટના વાયવ્ય ખુણાની સુધી ત્યાંથી વલ્લભ સ્ટ્રીટની ઉત્તરેની હદે પુર્વ તરફ આગળ જતાં વલ્લભ સ્ટ્રીટના ઈશાન ખુણા સુધી ત્યાંથી વલ્લભ સ્ટ્રીટની પુર્વની હદે દક્ષિણ તરફ આગળ જતા વલ્લભ સ્ટ્રીટ થઈ જવાહર સ્ટ્રીટની અગ્નિ ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં નવાઘરાની પુર્વ હદ થઈ દક્ષિણ તરફ જતાં શ્રી સંતરામ ડેરી સુધી ત્યા પુર્વ તરફ આગળ ચાલતા મોગલાઈ તલાવની ઉત્તર હદે થઈ જુના બસસ્ટેન્ડના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પુર્વ સોજીત્રા ગામના રે.સ.નં. ૧૬૧૫ ની પુર્વની હદે હદે સોજીત્રા ગામના રેસ.નં. ૧૬૦૬,૧૫૬૧ ની ઉત્તરની હદે થઈ ૧૫૬૧,૧૭૨૬ ની પુર્વ ની હદે દક્ષિણ તરફ જતાં તારાપુર આણંદ રોડના ક્રોસ કરી ત્યાથી દક્ષિણ તરફ આગળ ચાલતાં સોજીત્રા ગામના રે.સ.ને.૧૨૧૯ ના અગ્નિ ખૂણા સુધી ત્યાથી પશ્ચિમ તરફ જતા સોજીત્રા ગામના રે.સ.નં..–૧૨૧૯,૧૪૦૨,૧૭૮૯,૧૮૧૦ની દક્ષિણ હદ તથા કોઠાવી ગામની ઉત્તરની હદે ચાલતા સોજીત્રા ગામના રે.સ.નં.૧૮૧૭ સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા સોજીત્રા ગામના રેવન્યુ સ.નં.૧૮૩૪,૧૯૩૧,૧૯૬૪ની પશ્ચિમની હદ તથા ડાલી ગામની પૂર્વની હદે આગળ જતા સોજીત્રા ગામના રે.સ.નં.૧૯૭૬/૨ સુધી ત્યાંથી ૧૯૭૬/૨ની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ વધી સોજીત્રા ગામના રે.સ.નં.૧૯૭૯/૨,સુધી ત્યાંથી ૧૯૭૯/૨ની પશ્ચિમની હદે ઉત્તર તરફ આગળ જઈ નવા ઘરાના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડનો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય

સચિવાલય, ગાંધીનગર

સોજીત્રા નગરપાલિકાની કુલ વસ્તી	૧૬૦૩૯	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૨૨૯૧	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૨૫૨૦ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૨૦૬૨
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	– બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી –સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	–	તે પૈકી –સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૯	
સામાન્ય બેઠકો.	૧૨	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૦૨૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૪૬૦	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૨૪૫૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૨૩૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૨૫૩	પછાતવર્ગ સ્ત્રી	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૨૩૮	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૨૨૬૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૧૬૦૩૯			

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 518 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, DECEMBER 9, 2005/AGRAHAYANA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૧-૧૨-૨૦૦૫

ક્રમાંક:રાચપ–ચટણ–સમક–નપા–બાકરોલ–૨૦૦૫

બાકરોલ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૩૬૩–૨૦૦૫– એનપીએમ–૧૩૨૦૦૫/૫૩૪૮/ (૧૦) આર, તા.૨૩–૯–૨૦૦૫થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, બાકરોલ શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે બાકરોલ નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી સરેરાશ વસ્તીના ૧૦ % વધ કે ઘટની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૨,૭૮૨ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩,૨૫૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોડીનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પૈકી કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

INDEX

૮. શહેરના ૭ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે બાકરોલ નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૫	૩૩૫૦	૪૫૪	૧૩.૫૫
૨	૧	૩૦૮૬	૧૭૫	૦૫.૬૭
૩	૬	૩૨૭૪	૧૦૪	૦૩.૧૮
૪	૩	૩૪૬૩	૧૦૮	૦૩.૧૨
૫	૪	૩૧૩૦	૦૬૭	૦૨.૧૪
૬	૭	૩૦૪૪	૦૪૭	૦૧.૫૪
૭	૨	૩૪૩૫	-	--
કુલ		૨૨૭૮૨	૯૫૫	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૫માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૫	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે બાકરોલ નગરપાલીકા માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

INDEX

પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી.	અનુ.આદિજાતિ ની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૧	૩૦૮૬	૩૫૧	૧૧.૩૭
૨	૬	૩૨૭૪	૧૪૬	૪.૪૬
૩	૨	૩૪૩૫	૧૨૬	૩.૭૩
૪	૩	૩૪૬૩	૮૬	૨.૪૮
૫	૭	૩૦૪૪	૩૬	૧.૧૮
૬	૫	૩૩૫૦	૧૩	૦.૩૯
૭	૪	૩૧૩૦	૮	૦.૨૬
૮	કુલ	૨૨૭૮૨	૭૬૮	

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં.૧ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬:અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૧ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

વોર્ડ નંબર	બેઠક.
૧	અનુસૂચિત આદિજાતિ

૧૬. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

બાકરોલ નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૫	૩૩૫૦	૨૧૭૭	૬૪.૯૮
૧	૩૦૮૬	૧૬૬૭	૫૪.૦૨
૭	૩૦૪૪	૧૨૬૧	૪૧.૪૩

W.S. bakrol-2005

INDEX

૪	૩૧૩૦	૦૭૯૩	૨૫.૩૪
૨	૩૪૩૫	૦૫૪૯	૧૫.૯૮
૩	૩૪૬૩	૦૪૭૩	૧૩.૬૬
૬	૩૨૭૪	૦૩૧૬	૦૯.૬૫
કુલ	૨૨૭૮૨	૭૨૩૬	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં.૫ અને ૧ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે વોર્ડ નં.૧ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૫ અને ૧ માં અનુક્રમે અનુચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે બેઠક ફાળવેલ હોઈ વોર્ડ નં.૫ માં પછાતવર્ગ માટે સ્ત્રી બેઠક ફાળવવાની થાય અને આગળના ક્રમે આવતા વોર્ડ નંબર.૭માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય.

આમ પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ સૂચિત વોર્ડોમાં નીચે પ્રમાણે કરાવવાનું ઠરાવવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૫	પછાતવર્ગ સ્ત્રી
૭	પછાતવર્ગ

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને બાકરોલ નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ બાકરોલ નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

W.S. bakrol-2005

INDEX

અનુસૂચિ – ૧

બાકરોલ નગરપાલિકા આણંદ જીલ્લો

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૨૭	—	—	૭૪૩	૫૨૭૧ થી ૫૪૭૦	રામપુરા
	૧૨૮	૦૨૭	૦૭૪	૭૩૬	૫૫૧૪ થી ૫૬૭૬	પ્રગતિ નગર
	૧૨૯	૧૨૦	—	૮૮૯	૫૬૭૭ થી ૫૮૮૦	ભાઈકાકા નગર
	૧૩૦	૦૨૮	૨૩૮	૬૪૯	૫૮૮૧ થી ૬૦૪૨	પાનવાળો કૂવો, સરદાર આવાસ, ઈન્દિરા નગરી, હુડકો આવાસ, બસ સ્ટેન્ડ પાસેના છાપરાં
	૧૩૧	—	૦૩૯	૦૬૯	૬૦૪૩ થી ૬૦૯૦	વડતાલ રોડ પાસેના ઘરો, પાર્થ ટાઉનશીપ સીમ વિસ્તાર
		૧૭૫	૬૫૧	૩૦૮૬		

: હદનું વર્ણન :

બાકરોલના સં.નં. ૧૦૫૭ના વાયવ્ય (ઉત્તર – પશ્ચિમ) ખુણાથી શરૂ કરી પૂર્વ તરફ જતાં બાકરોલની ઉત્તર હદે હદે સં.નં. ૧૨૧૨, ૧૨૨૦ ની ઉત્તરે થઈ સ.નં. ૧૩૦૧ના ઈશાન (ઉત્તર – પૂર્વ) ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રામપુરા રોડની હદે હદે આણંદ વડતાલ રોડ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ આણંદ વડતાલ રોડની હદે હદે ગોયા તળાવના વાયવ્ય ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ કબ્રસ્તાનની પૂર્વની હદે હદે સ.નં. ૯૩૨ના અગ્નિ ખૂણા દક્ષિણ–પૂર્વ સુધી ત્યાંથી પશ્ચીમ તરફ જતાં ગંદા પાણીના નિકાલ અંગેના કાંસની હદે હદે સં.નં. ૮૨૫ને આવરી લઈ ઉત્તર તરફ બાકરોલના સીમાડાની હદે હદે બાકરોલના સ.નં. ૯૬૭/૧ની પશ્ચિમે થઈ સ.નં. ૧૦૫૭ ના વાયવ્ય ખુણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૨૬	—	૦૦૯	૮૫૬	૫૦૨૦ થી ૫૨૭૦	બેચરપુરા, કરચીયા વિસ્તાર, લક્ષ ટાઉનશીપ,અક્ષરપુરૂષોત્તમ સોસા., શ્રીકૃપા, સ્વામીનારાયણ મંદિરનો પાછળનો વિસ્તાર
	૧૨૫	—	૦૩૫	૬૯૪	૪૮૭૫ થી ૫૦૧૯	
	૧૧૪	—	૦૮૦	૬૦૮	૩૦૩૪ થી ૩૨૯૮	
	૧૧૫	—	૦૦૪	૭૭૧	૩૩૧૩ થી ૩૫૦૬	માધવતીર્થ, સિંહા તલાવડી, ધોળાકુવા, સીમ વિસ્તાર
	૧૧૬	—	—	૫૦૬	૩૫૦૮ થી ૩૬૩૫	સંતરામ સોસા., ક્રિષ્ના ટાઉનશીપ, રામદેવ કૃપા સોસા., ત્રિલોક પાર્ક, આશ્વલેષા, બંસરી પેલેસ
					૭૫૯૭ થી ૭૬૮૭	દર્શન સોસા., ઉત્તર ભાગ, સોહમ નગર, નારાયણ પાર્ક, ચાંદની પાર્ક, રાધીકા નગર, આશીયાના બંગલોઝ, ઓમ વિહાર, યમુના ટવીન્સ, શ્રી વિહાર
						વિનુકાકા માર્ગ, પોલીટેકનીક પરીવાર, સોહમ નગર, શ્રીજી નગર, વંદેમાતરમ, સુર્ય વિલા, અંકુરબંગલોઝ,નેવી એવન્યું જલારવામી, હેપી હોમ
		—	૧૨૮	૩૪૩૫		

: હદનું વર્ણન :

કણજરી નગરપાલિકાની હદની દક્ષિણમાં બાકરોલના સર્વે નં.૧૩૪૬ ની વાયવ્ય ખૂણાથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં રેવન્યુ સર્વે નં. ૧૩૮૭ થી ૧૩૯૪ ની હદે હદે બોરીઆવીના સીમાડાની બાજુમાં થઈને સર્વે નં. ૧૪૧૬ ની ઉત્તર તરફની હદે હદે સર્વે નં. ૧૯૩૪ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી શરૂ કરી દક્ષિણ તરફ સર્વે નં.૧૯૬૦ ના પૂર્વ તરફની હદે હદે સર્વે નં.૧૯૮૩ માધવતીર્થ થઈને દક્ષિણ તરફ આણંદ નડીયાદ તરફ જતાં રોડની પશ્ચિમ તરફની હદે હદે સર્વે નં ૨૦૩૦ / ૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી શરૂ કરીને આણંદ–બાકરોલ રોડની ઉત્તર તરફના રોડની હદે હદે સિધ્ધાર્થ કુટીર, આશ્લેષા, શ્રી વિહાર ની દક્ષિણે થઈ પશ્ચિમ તરફ પોલીટેકનીક પરિવારના પશ્ચિમ દિશાએ નૈરૂત્ય દક્ષિણ–પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ વિનુકાકા માર્ગની પશ્ચિમ દિશાની હદે હદે સૂર્યવિલાની પશ્ચિમ ભાગે થઈને ઉત્તર તરફ બાકરોલ પુરૂષોત્તમ નગર રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ રેવન્યુ સર્વે નં. ૨૨૫૯ / ૩ ઉત્તર દિશાએ દશામાના મંદિરના પાછળના ભાગેથી સર્વે નં. ૨૪૫૬ ઈશાન ખૂણા સુધી ત્યાંથી શરૂ કરીને પશ્ચિમ તરફ સવિતાનગર, ઉત્તર તરફના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રાજાનગરના પૂર્વ તરફના ભાગે થઈ સાંઈ પાર્ક સોસા. ની ઉત્તર તરફના સર્વે નં.૧૬૫૧ ના પૂર્વ તરફના ભાગે થઈ ગંદકીના કાંસની પશ્ચિમ તરફની હદે હદે ગોયા તળાવની પૂર્વે સર્વે નં.૨૫૬૯ ના પશ્ચિમ તરફના નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સર્વે નં. ૨૫૬૮ ની પશ્ચિમ દિશાની હદે હદે બેચબપુરા તરફ કણજરી ગામની હદે રેવન્યુ સર્વે નં. ૧૩૪૬ ની હદ સુધીનો વોર્ડ નં. ૨ માં સમાવિષ્ટ થયેલ વિસ્તાર

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૨૧ ૧૨૦ ૧૧૯ ૧૧૮ ૧૧૭ ૧૨૨	૩૮ ૫૧ — ૦૫ ૦૨ ૧૨	૨૩ ૩૦ — ૧૦ ૦૩ ૨૦	૫૨૯ ૬૮૬ ૨૭૭ ૬૭૯ ૬૫૮ ૬૩૪	૪૩૧૧ થી ૪૪૨૫ ૪૧૫૧ થી ૪૩૧૦ ૪૦૪૩ થી ૪૧૫૦ ૩૮૫૮ થી ૪૦૪૨ ૩૬૩૬ થી ૩૮૫૭, ૬૭૮૯ થી ૬૭૯૭ ૪૪૨૬ થી ૪૬૩૩ ૭૦૪૪ થી ૭૦૯૮ ૭૬૯૬ થી ૭૭૨૧	રાજાનગર, પંજાબીની વાડી, સુર્યનગરી પુરૂષોત્તમ નગર, સવિતા નગર ભગવતી પાર્ક ૧ / ૨, શક્તિકૃપા, કૈલાસનગર શતદલ સોસા., આનંદ પાર્ક, સહજાનંદ પાર્ક, વૈશાલીનગર ગાયત્રી સોસા., કલિકુંડ નગર એ / બી / સી ગોર્વધન પાર્ક એલીકોન સોસા., સંસ્કૃતિ એપાર્ટમેન્ટ તુલસી આંગન અલકાપુરી
		૧૦૮	૮૬	૩૪૬૩		

: હદનું વર્ણન :

પંજાબીની વાડીના વાયવ્ય ખૂણાથી શરૂ થઈ પૂર્વ તરફ રાજાનગરના પૂર્વ તરફના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રાજાનગરના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સર્વે નં.૨૪૫૬ ની પૂર્વ દશામાંના મંદિરના પશ્ચિમ તરફના ભાગ સુધી ત્યાંથી દક્ષિણ ભાગે બાકરોલ–પુરૂસોતનગર રોડ થઈ દક્ષિણ દિશા તરફ ઓમ બંગલોઝની પૂર્વ તરફની હદે પૂર્વ તરફના ભાગે થઈ બંસરી પાર્કના પૂર્વ ભાગે થઈ વૈકુઠ બંગલોઝના દક્ષિણ દિશા આણંદ–બાકરોલ રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આણંદ–બાકરોલ રોડના વૈભવ સીનેમા ની દક્ષિણે આગળ થઈ સંસ્કૃતિ એપાર્ટમેન્ટના પશ્ચિમ તરફના ખૂણા સુધી ત્યાથી ઉત્તર તરફ તુલસી આંગનનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાથી પૂર્વ તરફ ઈશાન ખૂણા સુધી ત્યાથી ઉત્તર તરફ સૂર્યનગરીના પશ્ચિમ તરફના ભાગે થઈ ઉત્તર તરફ પંજાબીની વાડીના પશ્ચિમ તરફના ખૂણા સુધી વોર્ડ નં. ૩ માં સમાવિષ્ટ થયેલ વિસ્તાર.

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૦૦	૫૭	—	૪૭૯	૧૫૫ થી ૧૭૫	ગોયા ભાગોળ
					૧૭૬ થી ૧૮૭	હરીજન વાસ
૪					૧૮૮ થી ૨૭૦	ગોયા ભાગોળ, ડેરી પાછળ
					૨૭૧ થી ૨૮૯	રબારીવાડ
					૨૯૦ થી ૨૯૫	જોગીવાડો
	૯૯	૧૦	૦૪	૪૯૯	૧ થી ૧૦૦	મોટી ખડકી
					૧૦૧ થી ૨૦૯	માળી ફળીયુ
					૧૧૧ થી ૧૩૩	વ્હોરવાડ
					૧૩૪ થી ૧૫૪	ડેરી સામે
	૧૦૬	—	—	૪૯૮	૯૦૯ થી ૯૭૦	બુરેજવાડો
					૯૭૧ થી ૧૦૦૮	વાણિયાવાડ
					૧૦૦૯ થી ૧૦૪૫	બ્રાહમણવગો
	૧૦૭	—	—	૬૮૭	૧૦૪૬ થી ૧૦૬૧	વૈષ્ણવ મંદિર પાસે
					૧૦૬૨ થી ૧૧૦૬	કૃષ્ણ ચોક
					૧૧૦૭ થી ૧૧૩૮	મહેબુબવાડો
					૧૧૩૯ થી ૧૧૪૧	દરબાર ખડકી
					૧૧૪૨ થી ૧૧૬૦	પ્રજાપતિવાસ
					૧૧૬૧ થી ૧૨૦૪	મલેકવાડી
	૧૦૮	—	—	૫૭૮	૧૨૦૫ થી ૧૨૩૬	શવજી ફળીયુ
					૧૨૩૭ થી ૧૨૬૫	બારૈયા વગો
					૧૨૬૬ થી ૧૩૧૮	પરમાર વગો
					૧૩૧૯ થી ૧૩૯૩	વાઘરીવાસ
	૧૧૦	—	૦૪	૩૮૯	૧૫૪૦ થી ૧૫૪૯	અંબાભૂવન
					૧૫૫૦ થી ૧૫૭૫	વાળંદવગો
					૧૫૭૬ થી ૧૬૩૧	બાભઈની ખડકી
					૧૬૩૨ થી ૧૬૪૩	ટેકરી ફળીયુ
					૧૬૪૪ થી ૧૬૭૯	ભાઈલાલજીની ખડકી
		૬૭	૦૮	૩૧૩૦		

: હદનું વર્ણન :

ગોયા તળાવના વાયવ્ય ખૂણાથી ત્યાંથી શરૂ કરીને બાકરોલ વડતાલ રોડની પૂર્વ તરફની હદે હદે ગોયા તળાવના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફની હદે હદે હરીજન વાસ ની પૂર્વમાં થઈ મોટી ખડકીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વિકાસ મંડળીના ઈશાન ખૂણાની હદથી પૂર્વ તરફની હદે હદે સ્વામીનારાયણ મંદિરની સામે ખુલ્લા ચોકની ઉત્તર તરફની હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ નથુજીની ખડકીના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફની હદે હદે ભાઈલાલજીની ખડકીના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ પોસ્ટ ઓફીસના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફની હદે હદે વાળંદ ખડકી ની દક્ષિણે થઈ કૃષ્ણ ચોકના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફની હદે હદે વ્હોરવાડના ખક્ષિણ દિશાએ અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફની હદે હદે મોટા ફળીયા થઈને ખોખર વિસ્તારનાં સર્વે નં.૩૯૮ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફની હદે હદે સર્વે નં.૪૦૪ નાં નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે સવજી ફળીયાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે કુંભારવાડા થઈને કાળીયા પટેલના મકાનોની પશ્ચિમ તરફની હદે હદે વાણીયાવાડના નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફની હદે હદે બ્રાહમણ વગાના નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે પંચાયત ઓફીસની પશ્ચિમ દિશા તરફની હદે હદે વ્હોરવાડ થઈને રબારવાસના નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે વાઘરીવાસ ની પશ્ચીમે થઈને ગોયા તળાવની પશ્ચિમ તરફની હદ સુધીનો વોર્ડ નં.૪ માં સમાવિષ્ટ કરેલ વિસ્તાર

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૧૩૨	—	—	૪૪૪	૬૨૦૦ થી ૬૨૬૩	ભક્તિ નગર, વલાસણ રોડ, સીમ વિસ્તાર
	૧૦૧	—	—	૩૮૭	૨૯૬ થી ૩૪૩	ડેરી પાછળ
					૩૪૪ થી ૩૮૩	વડવાળુ ફળીયુ
					૩૮૪ થી ૪૦૭	હનુમાનજી મંદિર પાછળ
	૧૦૨	—	—	૪૨૮	૪૦૮ થી ૪૪૪	કાજીવાડો
					૪૪૫ થી ૪૬૭	મસ્જીદ સામે વ્હોરવાડ
					૪૬૮ થી ૪૭૭	બરેલી ખડકી
					૪૭૮ થી ૫૦૧	સૈયદ વાડો
	૧૦૩	૪૫૪	—	૫૮૧	૫૦૨ થી ૫૧૨	હરીજન વાસ
					૫૧૩ થી ૫૫૨	રોહિતવાસ
					૫૫૩ થી ૬૫૪	વણકર વાસ
	૧૦૪	—	૧૩	૬૨૮	૬૫૫ થી ૬૭૧	નાના પઠાણવાડા
					૬૭૨ થી ૭૦૦	સામરખા મહોલ્લો
					૭૦૧ થી ૭૩૪	કુરેશીવાડો
					૭૩૫ થી ૭૬૬	ટેકરી ફળીયુ
	૧૦૫	—	—	૮૮૨	૭૬૭ થી ૭૮૭	ડુંગરી ટેકરા
					૭૮૮ થી ૮૬૩	મલેકવાડો
					૮૬૪ થી ૮૭૫	ગેટ આગળ
					૮૭૬ થી ૯૦૮	જાનખાવાડો
		૪૫૪	૧૩	૩૩૫૮		

: હદનું વર્ણન :

મોટા તળાવના ઉત્તર પશ્ચિમ દિશા વાયવ્ય ખૂણાથી શરૂ કરીને સર્વે નં.૭૫૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે ભાઈકાકાનગર તરફ જવાના રોડની પૂર્વ દિશાની હદે હદે વણકરવાસના સ્મશાનનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સ્મશાનનાં ઈશાન ખૂણાની હદ સુધી ત્યાંથી યોગા તળાવની પશ્ચિમ તરફની હદે હદે દૂધ મંડળીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ હનુમાનજી મંદિરની દક્ષિણ પૂર્વની હદે અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફની હદે હદે મસ્જીદ સામે વ્હોરવાડના અગ્નિ ખૂણાની હદ સુધી ત્યાંથી મસ્જીદનાં ઈશાન ખૂણાથી પૂર્વ તરફ જામખાવાડાનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી બુરજવાડાની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ મલેકવાડસ થઈને સર્વે નં.૪૦૭ ની દક્ષિણ તરફની હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં.૪૪૦ ની દક્ષિણ થઈને સર્વે નં.૬૭૨ ની પશ્ચિમ તરફની હદ સુધી ત્યાંથી વલારાણના સીમાડાની પૂર્વ તરફની હદે ઉત્તર તરફ બાકરોલના સર્વે નં.૮૦૬ ની પશ્ચિમ તરફની હદે હદે સર્વે નં.૮૨૫ ની દક્ષિણ તરફની હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ મોટા તળાવની હદ સુધી વોર્ડ નં. ૫ માં સમાવિષ્ટ કરેલ વિસ્તાર

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૧૧	—	૨૪	૪૮૯	૧૬૮૦ થી ૧૬૯૪	મારૂવાસ,
					૧૬૯૫ થી ૧૭૮૧	નવાઘરા
૬	૧૧૨	—	૩૭	૩૦૩	૧૮૫૨ થી ૧૮૯૯	હવેલી
					૧૯૦૦ થી ૧૯૧૫	વાડી વિસ્તાર
					૧૯૧૬ થી ૧૯૩૯	ભમશેરીયુ ફળીયુ
					૧૯૪૦ થી ૧૯૭૩	બસસ્ટેન્ડ કુમારશાળા
	૧૧૩	૧૦૨	૧૪	૮૦૬	૧૯૭૪ થી ૨૦૦૭	સોહમ પાર્ક
					૨૦૦૮ થી ૨૦૨૧	વૈભવ સોસાયટી
					૨૦૨૨ થી ૨૦૭૪	રઘુવીર ૧ / ૨
					૨૦૭૫ થી ૨૦૮૬	આકૃતિ બંગલોઝ
					૨૦૮૭ થી ૨૦૯૮	ગંગોત્રી પાર્ક
					૨૦૯૯ થી ૨૧૫૬	દિવ્ય કમલ
					૬૫૦૭ થી ૬૫૫૭	ભૂમિ પાર્ક
					૬૬૫૬ થી ૬૬૭૫	કર્મ બંગલોઝ
					૬૮૭૪ થી ૬૯૦૩	તીરથ ૧
					૬૯૧૭ થી ૬૯૭૮	તીરથ ૨
					૭૦૬૧ થી ૭૦૭૩	રામબાગ
					૭૨૨૬ થી ૭૨૫૯	જલાવાટીકા
					૭૨૯૪ થી ૭૩૪૪	રાજ ટાઉનશીપ
					૭૩૬૨ થી ૭૪૩૨	તીરથ ૩
	૧૨૩	૦૨	૦૭	૪૪૪	૪૬૩૪ થી ૪૬૬૦	બંસરી બંગલોઝ
					૪૬૬૧ થી ૪૭૭૬	શાંતિકુંજ સોસાયટી
					૭૯૧૨ થી ૭૯૨૪	પ્રરણા ટેનામેન્ટ
	૧૨૪	—	૩૨	૪૨૨	૪૭૭૭ થી ૪૮૧૦	પ્રમુખ ટાઉનશીપ
					૪૮૧૧ થી ૪૮૩૫	પટેલ પાર્ક, વડતાલ રોડ
	૧૦૯	—	૩૨	૮૧૦	૧૩૯૪ થી ૧૪૨૧	ભોઈવાસ
					૧૪૨૨ થી ૧૪૫૬	વાઘરીવાસ
					૧૪૫૭ થી ૧૪૮૪	મણીનગર
					૧૪૮૫ થી ૧૫૨૫	ગાંધીચોક
					૧૫૨૬ થી ૧૫૩૯	વાઘરીવાસ
		૧૦૪	૧૪૬	૩૨૭૪		

: હદનું વર્ણન :

ભમશેરીયા ફળીયાની પશ્ચિમ ઉત્તર તરફના વાયવ્ય ખૂણાથી શરૂ કરીને ગંદકીના કાંસની પૂર્વ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં સર્વે નં.૧૬૫૧ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સાંઈ પાર્કના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ પ્રમુખ ટાઉનશીપના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી રાજા નગરની ઉત્તર તરફની હદે હદે પંજાબીની વાડીના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફની હદે હદે સુર્ય નગરીના નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફની હદે હદે તુલસી આંગનનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વડતાલ રોડની પૂર્વની હદે હદે સંસ્કૃતિ એપાર્ટમેન્ટનાં નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી આણંદ બાકરોલ રોડની હદે હદે પશ્ચિમ તરફ એસ. ડી. દેસાઈ હાઈસ્કુલના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ દક્ષિણામૂર્તિ હાઈસ્કુલની પૂર્વ તરફની હદે અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફની હદે હદે રામબાગ સોસા. ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફની હદે હદે સર્વે નં.૧૬૩ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફની હદે સર્વે નં.૧૭૨ થઈને સર્વે નં.૩૩૦ ની હદે હદે ખોખર વિસ્તારનાં સર્વે નં.૩૯૮ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે મોટા ફળીયાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ દરબારનાં ઘરાંની પશ્ચિમ તરફ નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે સ્વામીનારાયણ મંદિરના દક્ષિણે થઈ નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફની હદે હદે ગાંધીચોક થઈને એકતા હોલના નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફની હદે હદે ભાઈલાલજીની ખડકીનાં ઉત્તર તરફ ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફની હદે હદે નથુજીની ખડકી ની ઉત્તરે થઈ નૈરૂત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમની હદે હદે દરવાજાની ખડકીની પશ્ચિમ તરફની હદે હદે વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી કાકાની ખડકીના પશ્ચિમ તરફની હદે હદે બાકરોલ રોડ તરફ જતાં રોડની હદે હદે ભમશેરીયા ફળીયાની ઉત્તર પશ્ચિમ તરફની હદ સુધીના વોર્ડ નં. ૬ માં સમાવિષ્ટ કરવામાં આવેલ તમામ વિસ્તાર

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૨૭૮	—	—	૪૪૭	૨૧૫૭ થી ૨૩૩૦	સરદારનગર, ડાહયાકાકાની ચાલી, લક્ષ્મીનગર, મોતીકાકીની ચાલી,
૭	૨૭૯	૧૮	૦૮	૫૭૪	૨૩૩૧ થી ૨૪૯૯	ત્રિવેણી કોમ્પ્લેક્ષ
					૬૫૫૮ થી ૬૫૬૧	જૈનમહાવીર છાત્રાલય, પ્રભુદાસ પાર્ક, સર્વમંગલ, આકાશદીપ ટેનામેન્ટ,
	૨૮૦	—	—	૫૬૦	૨૫૦૦ થી ૨૬૫૫	સર્મપણ સોસા., અવધૂત,
	૨૮૧	૦૯	૧૦	૩૫૪	૨૬૫૬ થી ૨૭૯૯	ગાયત્રી
						જલારામ, રણછોડ નગર
	૨૮૨	૨૦	૦૯	૬૦૪	૨૮૦૦ થી ૨૯૬૮	ગુણાતીત નગર, સર્જન સોસા.,
					૬૨૭૨ થી ૬૩૦૨	અરીહંત સોસા.,
	૨૮૩	—	૦૯	૫૦૫	૨૯૬૯ થી ૩૧૩૨	માનસરોવર, યમુના પાર્ક, નિલકંઠ બંગલોઝ
					૭૪૩૫ થી ૭૪૫૦	દરબારનો ટેકરો, શાંતિનગર, રઘુવંશ, ચૈતન્ય હરી સોસા., શાંતિદીપ, અવની ટેનામેન્ટ દર્શન સોસા., વૈષ્ણવ ટાઉનશીપ, નવયુગ પરીવાર, રાજ ટાઉનશીપ વૈજયન્ત ગીરીરાજ પાર્ક
		૪૭	૩૬	૩૦૪૪		

: હદનું વર્ણન :

ભાગ ૧ :–

બાકરોલ નગરપાલિકાના સર્વે નં.૨૧૪૫ ના વાયવ્ય (ઉત્તર પશ્ચિમ) ખૂણાથી આણંદ બાકરોલ રોડની હદે હદે હદે રાજ ટાઉનશીપના ઉત્તર તરફના ભાગે થઈ આણંદ નગરપાલિકા સીમાડે સર્વે નં.૨૦૩૬ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફના બાકરોલના સીમાડાની હદે હદે સંનં. ૨૦૬૯ની પૂર્વમાં થઈ સર્મપણ સોસાયટીના દક્ષિણે સ.નં. ૨૦૮૪ સુધી ત્યાંથી પશ્ચિમ તરફના થઈ મહાવીર જૈન વિદ્યાલયના દક્ષિણ તરફના ભાગે થઈ ઉત્તર તરફ અલકનંદા ફલેટના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફના શાંતિદીપ સોસાયટીના પશ્ચિમ તરફના ભાગે થઈ ગિરીરાજ સોસાયટીના વાયવ્ય ખૂણા થઈ સંનં. ૨૧૪૫ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ કરેલ તમામ વિસ્તાર.

ભાગ ૨:–

બાકરોલના સંનં. ૭૬/૨ ત્રીવેણી કોમ્પલેક્ષના વાયવ્ય ખૂણાથી પૂર્વે તરફ આણંદ ટાઉન હોલ રોડની હદે હદે સર્વે નં.૭૧ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે મોતીકાકાની ચાલીના પૂર્વે ભાગેથી ડાહયાકાકાની ચાલી અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે સંનં. ૭૫ની દક્ષિણે થઈ વિદ્યાનગરની હદ સુધી ત્યાંથી ઉત્તરે સરદાર નગરની પશ્ચિમે થઈ સ.નં. ૭૬/૨ના વાયવ્ય ખૂણા સુધી ની હદ માં સમાવિષ્ટ થયેલ તમામ વિસ્તાર.

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય

સચિવાલય, ગાંધીનગર

બાકરોલ નગર પાલિકાની કુલ વસ્તી	૨૨૭૮૨	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૨૫૫	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૩૫૮૦ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ– ૨૯૨૯
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	— બેઠક અનુસૂચિત જાતિ — બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી — સ્ત્રી. .....
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી — સ્ત્રી .....
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી. .....
કુલ અનામત બેઠકો.	૧૦	
સામાન્ય બેઠકો.	૧૧	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૦૮૬	સામાન્ય	અનુ. આદિ. જાતિ.	સામાન્ય
૨	૨	૩૪૩૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૪૬૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૧૩૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૩૫૦	પછાત વર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૨૭૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૦૪૪	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
કુલ.		૨૨૭૮૨			

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 519

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, DECEMBER 9, 2005/AGRAHAYANA 18, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India , the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returnig Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડીસેમ્બર, ૨૦૦૫.

બોખીરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

ક્રમાંક : રાચપ-ચટણ-સમક-નપા-બોખીરા-૨૦૦૫ :-૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગર પાલિકા અધિનિયમ-૧૯૬૩માં કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ-૬ની પેટા કલમ ૪ થી "નગર પાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઇ થયેલી છે અને કલમ-૬ની, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઇઓને આધિન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ની પેટા કલમ ૨ તથા કલમ-૬ની પેટા કલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૩૯૮-૨૦૦૫-એનપીએમ-૧૩૨૦૦૫-૫૩૪૮(૪૫) આર તા. ૨૩-૯-૨૦૦૫ થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, બોખીરા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તી ગણત્રીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે બોખીરા નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નક્કી કરેલ છે. તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સામાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી:૪૯:૧૯૯૪ એન. પી એલ.૪૫૯૩:૩૬૫૫: એમ. તા. ૧૬-૩-૯૪ થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

INDEX

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ--૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૩૭૮–૨૦૦૫–એનપીએલ–૧૩૨૦૦૫/૫૩૪૮/(૨૫) R, તા.૨૩–૯–૨૦૦૫થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, વસ્ત્રાપુર શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે વસ્ત્રાપુર નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૪૬૫૬ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૫૨૨ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તેમાં કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વધ / ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

INDEX

૮. શહેરના ૭ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. જયારે અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૧	૩૪૧૪	૩૬૭	૧૦.૭૪
૨	૨	૩૬૧૧	૧૬૧	૪.૪૬
૩	૭	૩૫૮૫	૨૭	૦.૭૫
૪	૬	૩૫૦૪	૨૦	૦.૫૭
૫	૩	૩૭૪૨	૧૬	૦.૪૩
૬	૪	૩૪૦૩	૧૧	૦.૩૨
૭	૫	૩૩૯૭	૪	૦.૧૨
કુલ		૨૪૬૫૬	૬૦૬	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૧	અનુસૂચિત જાતિ

જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

INDEX

૧૫. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૬. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

વસ્ત્રાપુર નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૩	૩૭૪૨	૧૭૬૮	૪૭.૨૫
૨	૨	૩૬૧૧	૭૫૪	૨૦.૮૮
૩	૭	૩૫૮૫	૪૦૮	૧૧.૩૮
૪	૧	૩૪૧૪	૩૭૨	૧૦.૯૦
૫	૬	૩૫૦૪	૨૩૪	૬.૬૮
૬	૪	૩૪૦૩	૧૯૭	૫.૭૯
૭	૫	૩૩૯૭	૧૪૩	૪.૨૧
કુલ		૨૪૬૫૬	૩૮૭૬	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૩ અને ૨ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે વોર્ડ નં.૨ પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી

૧૭. આ પ્રમાણે,અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૮. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને વસ્ત્રાપુર નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

INDEX

૧૯. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૦. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદ્દત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ વસ્ત્રાપુર નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

IV-C EX-528-2

અનુસૂચિ–૧

વસ્ત્રાપુર નગરપાલિકા અમદાવાદ જિલ્લો

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘરનંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસનાં બ્લોક નંબરની વિગત			સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જાતિ વસ્તી	અ.જ.જાતિ વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૬૨	૦	૦	૪૯૮	૧ થી ૧૫૫	શ્રીજી ટાવર્સ, ડી–વીરકૃપા બંગલોઝ, એજયુકેશનનાં છાપરાં, રમણ મહર્ષિ કેન્દ્ર, ગુરૂકુળ, સીડપ ફાર્મ, અભીનવ કોલોની.
	૬૩	૪૪	૧૭	૩૧૯	૧ થી ૧૫૦	વસ્ત્રાપુર સરકારી વસાહત
	૬૪	૭૮	૮૩	૫૩૯	૧ થી ૧૬૩	વસ્ત્રાપુર સરકારી વસાહત
	૬૫	૩૨	૨૨	૨૭૮	૧ થી ૧૫૪	વસ્ત્રાપુર સરકારી વસાહત
	૬૬	૬૭	૫૬	૩૯૧	૧ થી ૧૬૮	વસ્ત્રાપુર સરકારી વસાહત
	૬૭	૧૪૩	૪૭	૨૮૯	૧ થી ૧૭૪	વસ્ત્રાપુર સરકારી વસાહત
	૬૮	૦	૦	૨૬૧	૧ થી ૧૪૦	શબરી બંગલોઝ, શાંખાર્ય ટાવર્સ, નંદદીપ ટેનામેન્ટ, દેવી પાર્ક સોસાયટી, ક્રીષ્ના એપા.
	૬૯	૩	૦	૫૫૦	૧ થી ૧૫૭	ક્રીષ્ના એપા., સોમનાથ એપા., પનઘટ એપા., ગોકુલ એપા., ન્યુ લેદકવ્યુ એપા.
	૭૦	૦	૦	૨૮૯	૧ થી ૧૦૫	ન્યુ લેદકવ્ય એપાર્ટમેન્ટ
		૩૬૭	૨૨૫	૩૪૧૪		

વોર્ડ નં–૧ હદનું વર્ણન.

ફા. પ્લોટ નં.૨૫૫ની વાયવ્ય ખૂણો અને ૩૦ મીટર ડ્રાઈવઈન રોડથી શરૂ કરી પુર્વ તરફ જતાં ૩૦ મીટર ડ્રાઈવઈન રોડની દક્ષિણની હદે હદે અને ફા. પ્લોટ નં.૨૬૨, ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૨૬૭ ની ઉત્તરની હદે હદે પુર્વ તરફ જતાં અભિનવ કોલોનીની પૂર્વની હદે દક્ષિણ તરફ જતાં અ. મ્યુ. કો. માં સમાવિષ્ટ સ.નં.૧૯૬ની પશ્ચિમની હદે હદે અને અભિનવ કોલોનીની પુર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં અગ્નિ ખુણાની હદેથી સ.નં. ૧૯૯ની ઉત્તરની હદે હદે અને ફા. પ્લો. નં. ૨૬૬, ૨૬૭ની દક્ષિણની હદે હદે વસ્ત્રાપુર સ.વ.ફા.પ્લો.નં. ૨૬૮ના પૂર્વની હદેથી દક્ષિણ તરફ તથા સ.નં. ૧૮૬ની પશ્ચિમની હદે હદે અને વસ્ત્રાપુર સ. વસાહતની પુર્વની હદે હદે વસ્ત્રાપુર સરકારી વસાહતના અગ્નિ ખુણા સુધી તેમજ સ.નં.૧૮૭ની ઉત્તરની હદે હદે અને સરકારી વસાહતની દક્ષિણની હદે હદે થઈ દક્ષિણ તરફ અ.મ્યુ.કોર્પો.ની હદના સ.નં.૧૮૮, ૧૮૯, ૧૪૭, ૧૪૬ની પશ્ચિમની હદે હદે અને સંસ્કૃતી બંગલો, શબરી બંગલો, સત્યમ બંગલો, સાંસરીય ટાવર, નંદદીપ ટેનામેન્ટની પુર્વની હદે હદે દક્ષિણ તરફ દેવીપાર્ક સોસાયટીના પુર્વ તરફની હદથી પશ્ચિમ તરફ થઈ ન્યુ લેકવ્યુ એપાર્ટમેન્ટની પુર્વ તરફની હદે હદે અને જીએમડીસીની ખુલ્લી જમીનની હદે હદે થઈ પશ્ચિમ તરફ હદે હદે થઈ દક્ષિણ તરફ થઈ ન્યુ લેકવ્યુ એપાર્ટમેન્ટના અગ્નિ ખુણેથી પશ્ચિમ તરફ જી.એન.ડી.સી.ની ખુલ્લી જગ્યાની ઉત્તરન હદે હદે અને ન્યુ લેકવ્યુ એપાર્ટમેન્ટની દક્ષિણની હદે હદે થઈ પશ્ચિમ તરફ એજયુકેશન વિકર સેકસનની દક્ષિણની હદે હદે અને વસ્ત્રાપુર ગામતળની ઉત્તરની હદે હદે થઈ ઉત્તર તરફ જઈ કોમ્યુનીટી હોલ વસ્ત્રાપુર તળાવ અને અમદાવાદ એજયુકેશન ફા.પ્લો.નં.૨૧૫ની પુર્વ તરફની હદે હદે અને એજયુકેશન વિકર સેકશન ન્યુ લેકવ્યુ એપાર્ટમેન્ટ, ફા.પ્લો.નં.૨૮૪ અને ફા.પ્લો.૨૧૬ ઔડાની ખુલ્લી જમીનના વાયવ્ય ખુણાથી પુર્વ તરફ થઈ સુશીલપાર્ક સોસાયટીની દક્ષિણ તરફની હદે હદે અને ઔડાની ખુલ્લી જમીનની ઉત્તરની હદે હદે પુર્વ તરફ થઈ ઔડાની ખુલ્લી જમીનના ઈશાન ખુણેથી ઉત્તર તરફ જતાં સુશીલપાર્ક સોસાયટી, અમદાવાદ એજયુકેશન સોસાયટીની ખુલ્લી જમીન ઈન્દ્રપ્રસ્થ ટાવર તથા ઉદયપાર્કની પુર્વની હદે હદે અને આકાશ એપાર્ટમેન્ટ, શબરી બંગલોઝ, સંસ્કૃતી બંગલોઝની પશ્ચિમની હદે હદે થી ઉત્તર તરફ જઈ ચંદ્રપુરી એપાર્ટમેન્ટ, ગોપીનાથ સોસાયટીની પુર્વની હદે હદે અને વસ્ત્રાપુર સરકારી વસાહતની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જઈ વિરકૃપા બંગલાની દક્ષિણની હદેથી પશ્ચિમ તરફ જતાં ફા.પ્લો. નં.૨૪૮, ૨૪૯ સ.નં.૨૫૧ની ઉત્તરની હદે હદે અને ફા.પ્લો.૨૫૩, ૨૫૪ની દક્ષિણની હદે હદે અને બોડકદેવ સીમાડાની પુર્વની હદે હદે ઉત્તર તરફ જતાં ફા.પ્લોટ નં.૨૫૫ની વાયવ્ય ખુણા સુધીનો આ વોર્ડ માં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વાયવ્ય : ઉત્તર–પશ્ચિમ

ઈશાન : ઉત્તર–પૂર્વ

અગ્નિ : દક્ષિણ–પૂર્વ

નૈઋત્ય : દક્ષિણ–પશ્ચિમ

INDEX

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક ,લતાવાર વિસ્તાર,ઘરનંબરો,તથા હદનું વર્ણન					
		સેન્સસનાં બ્લોક નંબરની વિગત			સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જાતિ વસ્તી	અ.જ.જાતિ વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૫૪	૧૦૫	૧	૪૨૫	૧ થી ૧૫૦	વસ્ત્રાપુર તળાવની પાળ
	૫૫	૩૨	૩૧	૪૬૭	૧ થી ૧૫૦	વસ્ત્રાપુર તળાવની પાળ
	૫૬	૦	૦	૪૪૩	૧ થી ૧૫૨	વસ્ત્રાપુર તળાવની પાળ
	૫૭	૦	૦	૫૪૯	૧ થી ૧૫૭	ઉદયપાર્ક, સુશીલપાર્ક, પ્રકાશ, વન વિભાગ ચેતના કેન્દ્ર, સંગદુન સોસાયટી, ગોપીનાથ સોસાયટી
	૫૮	૦	૦	૩૯૭	૧ થી ૧૪૦	ઈન્દ્રપ્રસ્થ ટાવર્સ.
	૫૯	૦	૦	૪૮૯	૧ થી ૧૪૮	ચદ્રપુરી એપાર્ટમેન્ટ
	૬૦	૨૪	૫	૪૬૫	૧ થી ૧૩૬	ચન્દ્રપુરી એપા., તુલસીશ્યામ, પ્રાચી એપા., રાજ, રાજતિલક, સમન્વિય, મણીયાર બંગલો.
	૬૧	૦	૦	૩૭૬	૧ થી ૧૬૭	શ્રીજી ટાવર્સ એ–બી–સી
		૧૬૧	૩૭	૩૬૧૧		

વોર્ડ નં–૨ હદનું વર્ણન.

ફા.પ્લો.નં.૨૫૦ ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર ફા.પ્લો.નં.૨૫૦ ના વાયવ્ય ખુણેથી પુર્વ તરફ જતાં હદે હદે ફા.પ્લો. નં.૨૪૮ અને ૨૪૯ની ઉત્તરની હદે હદે અને ફા.પ્લો.નં. ૨૫૨, ૨૫૩, ૨૫૪ની દક્ષિણની હદે હદે થઈ ફા.પ્લો.નં.૨૫૧ની ઉત્તરની હદે અને વીરકૃપા બંગલાની દક્ષિણની હદે પુર્વ તરફ જઈ ગોપીનાથ સોસાયટીના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં હદે હદે વસ્ત્રાપુર સરકારી વસાહતની પશ્ચિમ તરફની હદે અને ગોપીનાથ સોસા., ચંદ્રપુરી એપાર્ટ. ની પુર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં સંસ્કૃતી બંગલોઝ અને શબરી બંગલોઝની પશ્ચિમની હદે હદે અને ઉદયપાર્ક, ઈન્દ્રપ્રસ્થ ટાવર, અમદાવાદ એજયુકેશન સોસાયટીની ખુલ્લી જમીનની પુર્વ તરફની હદેથી દક્ષિણ તરફ હદે હદે જઈ ફા.પ્લો.નં.૨૧૭ની અગ્નિ ખુણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સુશીલપાર્ક સોસા.ની દક્ષિણની હદે હદે અને ઔડાની ખુલ્લી જમીનની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જઈ ફા.પ્લો.૨૨૭ના નૈઋત્ય ખુણેથી દક્ષિણ તરફ ઔડાની ખુલ્લી જમીનના પશ્ચિમ તરફની હદે હદે અને અમદાવાદ એજયુકેશનની ખુલ્લી જમીનની પુર્વની હદે હદે દક્ષિણ તરફ જઈ ફા.પ્લો.૨૮૪ અને ન્યુ લેકવ્યુ એપાર્ટ. ની પશ્ચિમની હદે હદે અને કોમ્યુનીટી હોલની પુર્વની હદે હદે દક્ષિણ તરફ જઈ ઈકોનોમીકલ વિકર સેકશનની પશ્ચિમ તરફ જતાં કોમ્યુનીટી હોલ અને વસ્ત્રાપુર તળાવની દક્ષિણની હદે હદે અને ૩૦ મીટર રોડની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જઈ કુંદલીની કોમ્પલેક્ષના ઈશાન ખુણેથી ઉત્તર તરફ જતાં વસ્ત્રાપુર તળાવની પશ્ચિમની હદે હદે અને ૩૦ મીટર રોડના મધ્યબિંદુથી પુર્વની પુર્વની હદે હદે ઉત્તર તરફ જતાં સંજીવની હોસ્પીટલ ન્યુ ઉદયપાર્ક, વંદચેતના કેન્દ્ર અને ફા.પ્લો.૨૨૯ની ખુલ્લી જમીનની પશ્ચિમની હદે હદે અને બોડકદેવ ના.પા.ના સીમાડાની પુર્વ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં ફા.પ્લો. ૨૩૦ પ્રકાશ સોસાયટીની વાયવ્ય ખુણા અને બોડકદેવ ન.પા.ના. સિમાડાની પુર્વ તરફની હદેથી શરૂ કરી ઉત્તર તરફ જતા હદે હદે સંગઠન સોસા., ગોપીનાથ સોસા., માર્કેટ ફા.પ્લો.નં.૨૪૦ની પશ્ચિમ તરફની હદે હદે અને બોડકદેવ ન.પા.ના સિમાડાની હદે હદે ઉત્તર તરફ જતાં સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

INDEX

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘરનંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસનાં બ્લોક નંબરની વિગત			સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જાતિ વસ્તી	અ.જ.જાતિ વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧	૭	૩	૪૨૩	૧ થી ૧૫૯	વિરલ ફલેટ, અલકા ફલેટ, મોટો ઠાકોરવાસ, ઉન્નતિ એપા., કૈલાસ એપા., વિષ્ણુ કોમ્પલેક્ષ, શીવ કોમ્પલેક્ષ
	૨	૦	૯	૩૮૦	૧ થી ૧૫૦	મોટો ઠાકોરવાસ, નાનો ઠાકોરવાસ, મેઈન બજાર, સી.જે. એપાર્ટમેન્ટ
	૩	૦	૧૩	૪૦૫	૧ થી ૧૧૨	આયુષ ફલેટ, અંબિકા ભુવન, નાનો ઠાકોરવાસ, ગોવાજીની ચાલી
	૪	૦	૦	૩૯૩	૧ થી ૧૩૩	અનુપમ ફલેટ, નાનો ઠાકોરવાસ, પ્રજાપતિવાસ, ગુલમહંમદની ચાલી
	૫	૦	૦	૫૫૨	૧ થી ૧૬૭	ભરવાડવાસ, ગુલ મહંમદની ચાલી
	૬	૦	૦	૩૦૦	૧ થી ૧૫૦	ભરવાડવાસ
	૭	૪	૦	૨૪૦	૧ થી ૧૩૩	રાહુલ ફલેટ એ બ્લોક, કુંભારવાસ વિ-૨ (ગુલમહંમદની ચાલી, પગીવાસ)
	૮	૫	૦	૨૨૮	૧ થી ૧૫૧	રાહુલ ફલેટ બી/ડી, રંગીનપાર્ક, ભરવાડવાસ, પગીવાસ
	૯	૦	૦	૪૦૭	૧ થી ૧૫૪	પગીવાસ, પુષ્પાવિહાર ફલેટ
	૧૦	૦	૦	૪૧૪	૧ થી ૧૬૦	પગીવાસ, દુર્ગા ફલેટ, ધનલક્ષ્મી, શુભલક્ષ્મી, અક્ષય ફલેટ
		૧૬	૨૫	૩૭૪૨		

વોર્ડ નં–૩ હદનું વર્ણન.

ભરવાડવાસના વાયવ્ય ખુણાથી શરૂ કરી નાના ઠાકોરવાસની ઉત્તરે તથા ઈકોનોમીકલ વિકર સેકશનની દક્ષિણથી પૂર્વ તરફ આગળ જતાં નાનો ઠાકોરવાસના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણે ઠાકોરવાસની ઉત્તરની હદે આગળ વધતાં નાના ઠાકોરવાસના ઈશાન ખુણેથી દક્ષિણ તરફ જતી હદે હદે મોટા ઠાકોરવાસની ઈશાન ખુણાની હદે હદે અને શીવ કોમ્પલેક્ષના નૈરૂત્ય ખુણાની હદે હદે અગ્નિ ખુણાની તરફ જતાં ઉન્નતિ ફલેટના પુર્વ તરફની હદેથી શરૂ કરી નૈરૂત્ય ખુણા તરફ જતાં તા.પંચાયત કવાર્ટસ શ્રીહરિ ફલેટન વાયવ્ય ખુણાની હદે હદે અને પંચાયત ઓફિસ, સોમનાથ મહાદેવ મંદિરની અગ્નિ ખુણાની હદે હદે થઈ વરૂણ ફલેટના પુર્વ તરફની હદેથી દક્ષિણ તરફ જતાં ઉપાધ્યાયના બંગલાની પુર્વ તરફની હદે હદે અને અક્ષય ફલેટની પશ્ચિમ તરફની હદે હદે જઈ અનિક એપાર્ટ., ના ઉત્તર તરફની હદે પશ્ચિમ તરફ જતાં ઉપાધ્યાયનો બંગલો અને શુભલક્ષ્મી ફલેટની દક્ષિણ તરફની હદે હદે અને અનિક એપાર્ટ.,ની ઉત્તર તરફની હદે હદે પશ્ચિમ તરફ જઈ ૧૮ મીટર રોડની ઉત્તર તરફની હદેથી ઉત્તર તરફ જતાં રાહુલ ફલેટ, અનુપમ ફલેટની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં ભરવાડવાસના વાયવ્ય ખુણા સુધીની હદનો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોડ નં–૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘરનંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસનાં બ્લોક નંબરની વિગત			સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જાતિ વસ્તી	અ.જ.જાતિ વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩૧	૦	૦	૩૨૯	૧ થી ૧૪૯	સકન ટવીન્સ, ૪૪ થી ૭૪, કોર્ણાક ટાવર, એ,બી,સી.
	૩૨	૦	૦	૨૩૭	૧ થી ૧૫૨	કોર્ણાક ટાવર્સ, ડી, સુર્યવંશી ટાવર, કોર્ણાક કરીશ્મા.
	૩૩	૦	૦	૧૩૧	૧ થી ૧૬૭	સુર્યવંશી ટાવર, કોર્ણાક ટાવર, દુકાનો, નીલગગન ટાવર્સ.
	૩૪	૦	૦	૧૫૨	૧ થી ૧૫૦	રેજન્સી ટાવર્સ, એ,બી,સી.
	૩૫	૦	૦	૩૧૩	૧ થી ૧૫૪	રેજન્સી ટાવર્સ, મેનેજમેન્ટ એન્કલેવ, એચ બ્લોક, એ-૨ ટાવર્સ, સી,ડી.
	૩૬	૦	૦	૩૨૭	૧ થી ૧૫૨	મેનેજમેન્ટ એન્કલેવ, શબરી ટાવર્સ.
	૩૭	૦	૦	૨૬૨	૧ થી ૧૪૪	શબરી ટાવર્સ, વસંત વસ્ત્રાપુર, રવી રેસીડન્સ.
	૩૮	૨	૧૨	૩૨૭	૧ થી ૧૫૦	નહેરૂપાર્ક વિસ્તાર :- કીસ્મત ફલેટ, શોભના ફલેટ, અક્ષર એપાર્ટમેન્ટ, નીતી એપાર્ટમેન્ટ, બોમ્કાવીલા, સ્વતંત્ર બંગલાઓ.
	૩૯	૦	૦	૨૩૧	૧ થી ૧૫૮	બાલાજી કોમ્પ., સુહાગન કોમ્પ., કલસ એપા., હીરાપન્ના ફલેટ, હોસ્ટેલ, શતપાલનો બંગલો, વિજયભાઈનો બંગલો.
	૪૦	૦	૦	૨૮૪	૧ થી ૧૫૯	સુરમ્ય ફલેટ, સુમિત્રા, પંચદીપ, આકૃત્તિ, સમીપ, સુપલ, અપુર્વ, પંચતીર્થ, હીરક સેન્ટર, સ્વતંત્ર બંગલો.
	૪૧	૦	૦	૪૩૯	૧ થી ૧૬૧	શુકન ફલેટ, સુરૂચી, રૂદ્રાક્ષ, નીલદીપ કોમ્પ., સ્વતંત્ર બંગલો, શીખર, શીલ, સ્વતંત્ર બંગલો.
	૪૨	૯	૦	૩૭૧	૧ થી ૧૪૪	દેવાંગ, શાનીધ્ય, વિરાટ, કલ્પતરૂ, આવાસ, શ્રીહરી, પ્રેરક, પરમહંસ.
		૧૧	૧૨	૩૪૦૩		

વોર્ડ નં–૪ હદનું વર્ણન.

ફા.પ્લોટનં. ૧૦૭ની વાયવ્ય ખુણાની અને ૧૨૦ ફુટના રોડની દક્ષિણની હદેથી શરૂ કરી પુર્વ તરઉ જતાં ફા.પ્લો.નં. ૯૫,૯૩,૮૬,૮૫ ની ઉત્તરની હદે હદે પુર્વ તરફ જતાં અક્ષર એપાર્ટમેન્ટના વાયવ્ય ખુણાએ થઈ ઉત્તર તરફ જતાં ૨૧૫૦ ફુટના રોડની પુર્વની હદે હદે ઉત્તર તરફ જતાં ૩૦ મીટરના રોડની મધ્યબિંદુ થઈ પુર્વ તરફ જતાં સરદાર સેન્ટર, શોપીંગ સેન્ટર, હિમાલય ઓર્કડની ઉત્તરની હદે હદે પુર્વ તરફ જઈ હિમાલય ઓર્કડની પુર્વની હદે હદે અને ૧૨૦ મીટર રોડની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં રવિ રેસીડન્સી વસંત વસ્ત્રાપુર શબરી ટાવર્સની પુર્વની હદે હદે દક્ષિણ તરફ જઈ શબરી ટાવર્સના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ જતાં શબરી ટાવર્સ, બોસ્કો બીલા, શક્તિ ટાવર્સ ની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતા રેજન્સી ટાવરની પુર્વની હદે હદે અને ૩૦ મીટર રોડની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં ઈન્દ્રપ્રસ્થ બંગલોઝની વાયવ્ય ખુણાની હદે હદે દક્ષિણ તરફ જઈ વાયવ્ય ખુણા તરફ જતાં નીલગગન મેનેજમેન્ટની પશ્ચિમની હદે હદે અને ચિત્રકુટની પુર્વની હદે ઉત્તર તરફ જઈ પશ્ચિમ

IV-C EX. 528-3

INDEX

તરફ જતાં ૧૨૦ મીટર રોડની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જઈ દક્ષિણ તરફ જતાં ઈકોનોમીકલ વીકર સેકશનની પુર્વની હદે હદે દક્ષિણ તરફ જઈ વાયવ્ય ખુણા તરફ જતાં સનરાઈઝ કોમ્યુનીટ સેન્ટરની પૂર્વની હદે જતાં ૧૨૦ મીટર રોડની મધ્યબિંદુ સુધી જઈ ઈશાન તરફ જતા કોણાર્ક કરીશ્માની ઉત્તરની હદે હદે અને ૧૨૦ મીટર રોડની દક્ષિણની હદે હદે થઈ રોડ પસાર કરી ઉત્તર તરફ જતાં સંસ્કાર દીપની પુર્વની હદે હદે અને ૧૨૦ મીટર રસ્તાની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં ફા.પ્લો.નં. ૧૦૭ની વાયવ્ય ખુણા સુધીની આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં–૫

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘરનંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસનાં બ્લોક નંબરની વિગત			સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જાતિ વસ્તી	અ.જ. જાતિ વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૪૩	૦	૦	૩૬૯	૧ થી ૧૭૨	ગંગોત્રી એપા., સંસ્કારદીપ એપાર્ટમેન્ટ.
	૪૪	૦	૦	૨૯૪	૧ થી ૧૫૩	આલેખ એપા., હીરામણી એપા., શેલરાજ ટાવર્સ.
	૪૫	૪	૪	૪૭૨	૧ થી ૧૬૩	આત્મવિહાર, ધરણીધર, અતિત, કપીધ્વજ, જશ, પ્રીત, સંસ્કૃતિ, અવિનાશી.
	૪૬	૦	૦	૨૯૫	૧ થી ૧૪૧	માધવઆશીષ, દયાણી, અભીલક્ષ્મી, કુશલ, રૂચી, હેત
	૪૭	૦	૦	૩૦૪	૧ થી ૧૪૫	ગૌરવી, ગાર્ગી, ઉર્વી, હીલ્લોલ, બાલાજી એપા., સુભમ.
	૪૮	૦	૦	૩૫૪	૧ થી ૧૫૦	અતિલક્ષ્મી, અમીલક્ષ્મી, કૃત્તિ, સનરોક, હેમલ, બસેરા, ગોરીસ, સીરમ, બાલાજીપાર્ક.
	૪૯	૦	૦	૩૭૩	૧ થી ૧૬૧	સૃજન, વત્સલ, દિવ્યવિહાર, ભાવી, સાલીભ, અંજલી, યોગી, કેશલ.
	૫૦	૦	૦	૩૩૧	૧ થી ૧૬૨	વૃન્દાવન, ઉપાસના, હિન્ડોલા, સુરીલ, હેમ, સત્યમ.
	૫૧	૦	૦	૨૨૪	૧ થી ૧૭૭	હીમાની, આદીત્ય, સપન, કમલ વિહાર, આંગન, ડીપ્લેક્ષ, હીરણ્ય, હીમાલય, શિલાલેખ.
	૫૨	૦	૦	૨૪૮	૧ થી ૧૬૦	વૈભવ એપા., વિહાર એપા., વર્ષા એપા., શીવકાંચી, નીલકંઠ, સોના કોમ્પ., ઈન્દ્રનીલ, દ્વાર, સુરભી.
	૫૩	૦	૦	૧૩૩	૧ થી ૧૦૨	હીમગીરી, સમૃધ્ધી, ધરણીધર, વિરલકૃપા, સોના કોમ્પ., કુંદલીની કોમ્પ.,
		૪	૪	૩૩૯૭		

વોર્ડ નં–૫ હદનું વર્ણન.

ફા.પ્લોટનં. ૧૪૩ હેમલ ફલેટની વાયવ્ય ખુણા અને બોડકદેવ ન.પા. સીમાડાના અગ્નિખુણાની હદેથી શરૂ કરી ઈશાન ખુણા તરફ જતાં ત્રિદેવ ફલેટ, કૃત્તિ ફલેટ, દિવ્યવિહાર અને વત્સલ ફલેટની ઉત્તરની હદે હદે અને બોડકદેવ ન.પા.ના અગ્નિ ખુણાની હદે હદે ઈશાન ખુણા તરફ જતાં જતાં સુજન ફલેટ અને સત્યમ ફલેટની પુર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં સત્યમ ફલેટની પુર્વ તરફની હદેથી પુર્વ તરફ જતાં બોડકદેવ ન.પા.ના સીમાડાના દક્ષિણ તરફની હદે હદે અને ફા.પ્લો. ૧૯૧ વૈભવ ફલેટ, ૧૯૩,૧૯૬,૧૯૭,૨૦૦ હિતગીરી ફલેટ, ધરણીધર, વિરલકૃપા, સોના ઉત્તર તરફની હદે હદે પુર્વ તરફ જતાં કુંદલીની કોમ્પ.ની ઉત્તરની હદેથી દક્ષિણ તરફ જતાં તરફની હદે હદે અને ૩૦ મીટર રોડના મધ્યબિંદુથી પશ્ચિમ તરફ હદે હદે દક્ષિણ તરફ જઈ હિમાલય કોમ્પલેક્ષની અગ્નિ ખુણાની હદેથી પશ્ચિમ તરફ જતાં ૧૨ મીટર રોડના મધ્યબિંદુથી હિરણ્ય, ત્રિલોક, ઓંગન, કમલવિહાર, આદિત્ય ફલેટની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં આદિત્ય ફલેટની દક્ષિણ હદેથી દક્ષિણ તરફ જતાં

INDEX

શ્રીહરિ, સંસ્કારદીપ, ગંગોત્રીની પુર્વની હદે હદે અને ૧૨ મીટર રોડના મધ્યબિંદુ સુધી ઇકોનોમીકલ વિકટ સેકશનના અગ્નિ ખુણાની હદેથી પશ્ચિમ તરફ જતાં ઇકોનોમીકલ વિકર સેકશન અને હારમીનની દક્ષિણ તરફની હદે હદે અને કોણાર્ક કરિશ્માની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં અતીત ફલેટના નૈઋત્ય ખુણાની હદેથી ઉત્તર તરફ જતાં અતીત ફલેટ, પ્રિત એપાર્ટ. ની પશ્ચિમની હદે હદે અને ગોપલપાર્ક રો હાઉસની પુર્વની હદે હદે ઉત્તર તરફ જતાં સંસ્કૃતી ફલેટના પશ્ચિમની હદેથી પશ્ચિમ તરફ જતાં ગોપલપાર્ક રો હાઉસની ઉત્તરની હદે હદે અને દેવાણી, અતીલક્ષ્મી, ઋચી, ભૈરવી, ગાર્ગી ની દક્ષિણ તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં ઉર્વી ફલેટના નૈઋત્ય ખુણાથી ઉત્તર તરફ જતાં બોડકદેવ ન.પા.ના સીમાડાની પુર્વ તરફની હદે હદે અને શ્રીનીવાસ ફલેટ, બાલાજીપાર્કની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં શ્રીનીવાસ ફલેટ, બાલાજીપાર્કની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં ફા.પ્લો.નં. ૧૪૦ના ખુલ્લા પ્લોટના વાયવ્ય ખુણા હદેથી ઇશાન તરફ જતાં સરમ અને બસેરા ફલેટની વાયવ્ય ખુણાની હદે હદે અને બોડકદેવ ન.પા.ના સીમાડાના અગ્નિ ખુણાની હદે હદે ઇશાન ખુણા તરફ જતા ફા.પ્લો.નં. ૧૪૩ હેતલ ફલેટની વાયવ્ય ખુણાના હદ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં–૬

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘ.નં.થી ઘ.નં.સુધી	
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૬.	૨૧	૮	૪	૩૧૧	૧ થી ૧૬૦	શ્રી સેટેલાઈટ સેન્ટર, એ–બી–સી–ડી
	૨૨	૦	૦	૧૬૬	૧ થી ૧૫૦	શ્રી સેટેલાઈટ સેન્ટર ઈ, એફ બ્લોક, માનસી કોમ્પલેક્ષ, માનસી ટાવર્સ એ.
	૨૩	૦	૦	૨૦૯	૧ થી ૧૬૨	બાલાજી એવન્યુ, સી–ડી–ઈ–એફ–જી–એચ–આઈ બ્લોક, માનસી ટાવર્સ બી.
	૨૪	૦	૦	૩૦૮	૧ થી ૧૫૦	બાલાજી એવન્યુ એ–બી–સી–જે–કે બ્લોક, બાલાજી એવન્યુ, દુકાનો, પાયલ ફલેટ, એ–બી–સી બ્લોક
	૨૫	૫	૦	૪૯૫	૧ થી ૧૫૬	પાયલ ફલેટ, ડી,ઈ,એફ,જી,એચ,આઈ,જે,કે, એલ,એમ,એન,ઓ,પી, બ્લોક સુધી
	૨૬	૦	૦	૪૦૪	૧ થી ૧૫૪	મલબારહીલ એપા. મલબારહીલ રો હાઉસ, રૂષભ રો હાઉસ, રૂષભ કોમ્પ., આનંદ વિદ્યાલય
	૨૭	૭	૧	૨૧૦	૧ થી ૧૫૦	ગોયલ પ્લાઝા એ થી કે, ગોયલ પ્લાઝા દુકાનો
	૨૮	૦	૦	૫૩૯	૧ થી ૧૬૪	ગોયલ પ્લાઝા, કાળાજીના છાપરાં, ગોયલપાર્ક રો હાઉસ
	૨૯	૦	૦	૫૧૦	૧ થી ૧૬૧	ગોયલપાર્ક રો હાઉસ, ગોયલપાર્ક એપા., સગુન પ્લાઝા, એ,બી,સી,ડી,ઈ બ્લોક.
	૩૦	૦	૦	૩૫૨	૧ થી ૧૫૦	ચીન્મય કોમ્પ., ચીન્મય ફલેટ, મહેશ્વરી કોમ્પ., સુમિત કોમ્પ., રેણુકા હોલ, ચિત્રકુટ, સકન ટવીન્સ.
		૨૦	૫	૩૫૦૪		

વોર્ડ નં–૬ હદનું વર્ણન.

ફા. પ્લોટ નં. ગોયલપાર્ક રો હાઉસના વાયવ્ય ખુણા અને બોડકદેવ ન.પા. સીમાડાના અગ્નિ ખુણાની હદેથી શરૂ કરી ઉત્તર તરફ જતાં ઉર્વિ ફલેટના નૈઋત્ય ખુણાથી પુર્વ તરફ જતાં ગોયલપાર્ક રો હાઉસની ઉત્તરની હદે હદે અને ઉર્વિ, ગાર્ગી, ગૌરવી, હેત, અભિલક્ષ્મીની દક્ષિણની હદે હદે પુર્વ તરફ જતાં દેવાણી ફલેટના અગ્નિ ખુણાથી દક્ષિણ તરફ જતાં ગોયલપાર્ક રો હાઉસની પુર્વની હદે હદે અને સંસ્કૃતિ, પ્રિત, જશ અને અતીત ફલેટની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં શકિત પેલેસની ઉત્તરની હદેથી પુર્વ તરફ જતાં શકિત પેલેસની ઉત્તરની હદે હદે અને અતીત ફલેટની દક્ષિણની હદે હદે પુર્વ તરફ જતાં શકિત પેલેસના ઈશાન ખુણેથી નૈઋત્ય ખુણા તરફ જતાં શકિત પેલેસની અગ્નિ ખુણાની હદે હદે અને ૧૨ મીટર રોડની વાયવ્ય ખુણાની હદે હદે નૈઋત્ય તરફ જઈ શકિત પેલેસની અગ્નિ ખુણાની હદેથી આગળ જતાં કોણાર્ક કરીશ્મા, સુર્યવંશીની નૈઋત્ય ખુણાની હદે હદે અને ફા.પ્લો.નં. ૩૦ ની ખુલ્લી જમીન, સનરાઈજ કોમ્પલેક્ષની પૂર્વની હદે હદે સ્વામિનારાયણ મંદિરથી ઉત્તર તરફ જતાં સૂર્યવંશીની પુર્વ તરફની હદે હદે અને ચિત્રકુટની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જઈ ૧૨ મીટર રોડની પૂર્વ તરફ જતાં ચિત્રકુટની ઉતરની હદે હદે અને ૧૨ મીટર રોડની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જઈ રેજન્સી ટાવરના વાયવ્ય ખુણાથી દક્ષિણ તરફ જતાં ચિત્રકુટની પુર્વની હદે હદે અને રેજન્સી ટાવર, મેનેજમેન્ટ એન્કલેવની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જઈ નિલગગનના પશ્ચિમની હદેથી અગ્નિ ખુણા તરફ જતાં ૩૦ મીટર રોડ સેટેલાઈટ સેન્ટરના ઈશાન ખુણાની હદે હદે અને નિલગગન, ૩૦ મીટર રોડ તથા ઈન્દ્રપ્રસ્થ બંગલોઝની નૈઋત્ય ખુણાની હદે હદે અગ્નિ ખુણા તરફ જઈ ઈન્દ્રપ્રસ્થ બંગલોઝની દક્ષિણની હદે થી નૈઋત્ય ખુણા તરફ જતાં વસુમા હોલ, પુષ્પધન્ય બંગલોઝ અને સેટેલાઈટ પ્લાઝાની પશ્ચિમની હદે હદે અને સેટેલાઈટ સેન્ટર અને માનસી કોમ્પલેક્ષની પૂર્વની હદે હદે જઈ સેટેલાઈટ પ્લાઝાના વાયવ્ય ખુણાથી જતાં માનસી કોમ્પલેક્ષ અને ૩૦ મીટર રોડની દક્ષિણની હદે હદે અને બીજા ૩૦ મીટર રોડની ઉત્તરની હદે હદે વાયવ્ય ખુણા તરફ જઈ મિલેનીયમ પ્લાઝાના અગ્નિ ખુણાથી ૩૦ મીટર રોડની હદે હદે અને પેટ્રોલપંપની અગ્નિ ખુણાની હદેથી આગળ જતાં જોધપુર

IV-C EX-528-4

INDEX

ન.પા.ના સીમાડાની ઉત્તરની હદે હદે અને પેટ્રોલપંપ, બાલાજી એવન્યુ પાયલ ફ્લેટ, રૂષભ રો હાઉસની દક્ષિણની હદે હદે જઈ ઋષભ રો હાઉસથી ઉત્તર તરફ જતાં બોડકદેવના સીમાડાની પુર્વની હદે હદે અને મલબાર હીલ, ગોયલ પ્લાઝા અને યોગલપાર્ક રો હાઉસ પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં ફા.પ્લોટ નં. ૩૯ ગોયલપાર્ક રો હાઉસનાવાયવ્ય ખુણા સુધી નો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં ૭

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘ.નં.થી ઘ.નં.સુધી	
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૭.	૧૧	૦	૦	૨૯૯	૧ થી ૧૫૮	નવરંગ ફ્લેટ, શબરી ફ્લેટ, વરૂણ એપાર્ટમેન્ટ, શ્રીહરી એપાર્ટમેન્ટ, પ્રાથમીક શાળા, પંચાયત સ્ટાફ કવાર્ટસ
	૧૨	૨૦	૦	૫૫૪	૧ થી ૧૫૯	અનિક એપાર્ટમેન્ટ, ન્યુ આંગન એપાર્ટમેન્ટ
	૧૩	૦	૦	૩૮૦	૧ થી ૧૭૪	આંગન એપા. શ્રીઆંગન એપા., સંકલ્પ–૧, સંકલ્પ–૨, સંકલ્પ–૩, શ્રીનાથ એપા., જુગલ એપા., મહાવીરનગર મ.નં. ૧ થી ૨૪
	૧૪	૦	૦	૫૬૩	૧ થી ૧૭૪	મહાવીરનગર સોસાયટી, શ્રી રંગવીલા રો હાઉસ, સુંદરવન સાસાયટી, પલક ફ્લેટ
	૧૫	૦	૦	૩૫૬	૧ થી ૧૬૧	સાંકેત બંગ્લોઝ, તક્ષશીલા ટાવર્સ, એ–બી–સી
	૧૬	૦	૦	૩૧૪	૧ થી ૧૬૮	તક્ષશીલા ટાવર્સ, ડી–ઈ–એફ–જી બ્લોક
	૧૭	૭	૦	૧૮૯	૧ થી ૧૫૯	તક્ષશીલા એચ બ્લોક, સુદર્શન બંગ્લોઝ, શ્રીમામેટરનીટી, સુદર્શન ફ્લેટ, સુદર્શન કોમ્પ., નાલંદા કોમ્પ.,
	૧૮	૦	૦	૧૮૪	૧ થી ૧૮૩	નાલંદા કોમ્પલેક્ષ, કોર્ણાકટ ટાવર, એ અને બી બ્લોક
	૧૯	૦	૦	૪૨૩	૧ થી ૧૪૧	સેટેલાઈટ પ્લાઝા, પુષ્પધન્વા બંગ્લોઝ, વસુમા બંગ્લોઝ.
	૨૦	૦	૦	૩૨૩	૧ થી ૧૪૧	ઈન્દ્રપ્રસ્થ બંગ્લોઝ, સેટેલાઈટ શોપીંગ સેન્ટર, ફ્લેટ, પંચદીપ પ્લાઝા, શ્રીરાજ એપા. ઓમસાગર, દીપક ફ્લેટ, તીર્થભુમિ, ઈન્દ્રજીતભાઈનો બંગલો
		૨૭	૦	૩૫૮૫		

વોર્ડ નં–૭ હદનું વર્ણન.

ફા. પ્લોટ નં.૨૯ ઈન્દ્રપ્રસ્થ બંગલોના વાયવ્ય ખુણા અને ૩૦ મીટર રોડના અગ્નિ ખુણાની હદેથી શરૂ કરી પુર્વ તરફ જતાં ૧૨ મીટર રોડની દક્ષિણની હદે હદે અને ઈન્દ્રપ્રસ્થ બંગલોઝ અને ઔડાની ખુલ્લી જમીનની ઉત્તરની હદે હદે પુર્વ તરફ જતાંશબરી ટાવરના અગ્નિ ખુણાએ જઈ ઉત્તર તરફ જતાં શબરી ટાવરની પુર્વની હદે હદે અને અનીક એપા.ની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં વસંત વસ્ત્રાપુર ઉત્તર તરફ જતાં વસંત વસ્ત્રાપુરની પુર્વની હદેથી અગ્નિ ખુણો તરફ જતાં ૧૮ મીટર રોડની ઈશાન ખુણાની હદે હદે અને શુભલક્ષ્મી–એ–ફ્લેટની નૈઋત્યની હદે હદે અગ્નિ ખુણા તરફ જતાં અનિક એપાર્ટમેન્ટના ઉત્તરની હદેથી પુર્વ તરફ જતાં અનિક એપાર્ટ.ની ઉત્તરની હદે શુભલક્ષ્મી–બી ફ્લેટની દક્ષિણની હદે હદે પુર્વ તરફ જતાં અનિક એપાર્ટ. ના ઈશાન ખુણેથી ઉત્તર તરફ જતાં અક્ષય ફ્લેટની પશ્ચિમની હદે હદે ઉપાધ્યાયનું મકાન, વરૂણ, શબરી ફ્લેટની પુર્વની હદે હદે ઉત્તર તરફ જતાં અક્ષય ફ્લેટની વાયવ્ય ખુણાની હદેથી ઈશાન ખુણા તરફ જતાં અ.મ્યુ.કોર્પો. વિસ્તાર ખુણાની હદે હદે અને પ્રાથમિક શાળા તથા સ્ટાફ કવાર્ટસની વાયવ્ય ખુણાની ઈશાન તરફ જતાં અ.મ્યુ.કોર્પો. વિસ્તારના અગ્નિ ખુણેથી અગ્નિ ખુણા તરફ જતાં પ્રા. શાળાની ઈશાન ખુણાની હદે હદે અને ૩૦ મીટર રોડની નૈઋત્ય ખુણાની હદે હદે અગ્નિ ખુણા તરફ જતાં સ્ટાફ કવાર્ટસના અગ્નિ ખુણાની હદેથી નૈઋત્ય ખુણા તરફ જતાં શ્રીહરી, નવરંગ ફ્લેટની અગ્નિ ખુણાની હદે હદે અને અમ. મ્યુ. કોર્પો. ની હદની વાયવ્ય ખુણાની હદે હદે નૈઋત્ય ખુણા તરફ જતાં નવરંગ ફ્લેટના અગ્નિ ખુણાથી અગ્નિ ખુણાથી અગ્નિ ખુણા તરફ જતાં અનિક એપાર્ટ. ની ઈશાન ખુણાની હદે હદે અને મ્યુ. કોર્પો.ની નૈઋત્યની હદે હદે અગ્નિ ખુણા તરફ જઈ અનિક એપાર્ટ. ની પુર્વની હદથી નૈઋત્ય ખુણા તરફ જતાં અનિક એપા. જુગલ, એલ. જે. કોલેજ, રંગવીલા રો

INDEX

હાઉસ, સુંદરવન સોસાયટી, સાંકેત રો હાઉસ, તક્ષશીલા ટાર્વસ અને સુદર્શન બંગલોઝની અગ્નિ ખુણાની હદે હદે અને અમ. મ્યુ. કોર્પો. વિસ્તાર અને સ.નં. ૧૦૮, ૧૦૭ અને ૧૦૬ની વાયવ્યં ખુણાની હદે હદે નૈઋત્ય ખુણા તરફ જઈ સુર્યદીપ હાઉસના અગ્નિ ખુણાથી વાયવ્ય ખુણા તરફ જતાં સુર્યદીપ રો હાઉસ અને ૩૦ મીટર રોડની નૈઋત્યની હદે હદે અને જોધપુર નગરપાલિકા વિસ્તારની ઈશાનની હદે હદે વાયવ્ય ખુણો તરફ જઈ સેટેલાઈટ પ્લાઝાના નૈઋત્ય ખુણાથી ઈશાન ખુણા તરફ જતાં માનસી કોમ્પ્લેક્ષ અને સેટેલાઈટ સેન્ટરની અગ્નિ ખુણાની હદે હદે અને સેટેલાઈટ પ્લાઝા, પુષ્પધન્યા બંગલોઝ, ઈન્દ્રપ્રસ્થ બંગલોઝની વાયવ્ય ખુણાની હદે હદે ઈશાન ખુણા તરફ જતાં ૩૦ મીટર રોડની પશ્ચિમની હદે ઉત્તર તરફ જતાં ૩૦ મીટર રોડની પૂર્વની હદે અને ઈન્દ્રપ્રસ્થ બંગલોઝની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં ફા.પ્લો.નં. ૨૯ ઈન્દ્રપ્રસ્થ બંગલોઝની વાયવ્ય ખુણા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

(વી.એચ.શાહ)
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

2882
150

Extra No. 529

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] SATURDAY, DECEMBER 10, 2005/AGRAHAYANA 19, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૯-૧૨-૨૦૦૫

ક્રમાંક : ચટણ-મતય-૩(૧)-જીતાપં-૧૨૨૦૦૫-ક

વિષય : ૨૩ જીલ્લા પંચાયતો તથા તેની ૨૦૯ તાલુકા પંચાયતોની સને ૨૦૦૨ની મતદારયાદીઓનું તા.૧-૧-૨૦૦૫ની સ્થિતિએ પુનઃ નિરીક્ષણ કરવા બાબત.

આદેશ

૧. રાજ્યની જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતોની તથા સરપંચની ચૂંટણી માટે મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિદ્ધ કરવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪માં જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

૨. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૭, ૧૮ તથા ૨૦ (૧) અન્વયે ગુજરાત રાજયની તમામ જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદાર વિભાગવાર તૈયાર કરેલ મતદારયાદીઓ રાખવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કલમ ૨૦ (૨) તથા ૨૦ (૭) અન્વયે રાજય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

૩. ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૮ તથા ૨૦ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય / પેટા / મધ્યસત્ર ચૂંટણી માટે જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદી ઉપરથી જિલ્લા / તાલુકા પંચાયતોની વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા માટે રાજય ચૂંટણી પંચ તરફથી આદેશ ક્રમાંક : રાચપ–ચટણ– જીતાપંચાયત–મનઅ–૯૫, તા.૨–૩–૯૫ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–જિતાપં– મનઅ–૯૫, તા.૨૪–૩–૯૫ થી સંબંધકર્તા વિસ્તારો માટે નિર્દિષ્ટ સત્તાધિકારી તરીકે સંબંધકર્તા તાલુકા મામલતદારને નિયુકત કરવામાં આવેલ છે.

૪. જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોના મતદાર મંડળોની મતદાર મંડળવાર તા. ૧–૧–૨૦૦૨ ની સ્થિતિએ સને ૨૦૦૨ ની સાલની મૂળ મતદારયાદીઓ જિલ્લા / તાલુકા પંચાયતની મતદારયાદીના નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૧૮ તથા ૨૦ ની જોગવાઈ અનુસાર રાજય ચૂંટણી પંચના નીચે જણાવેલ આદેશો/પરિપત્રો મુજબ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ પરથી તૈયાર કરી તા.૯–૧૨–૨૦૦૨ ના રોજ આખરી પ્રસિદ્ધ કરી છે, ત્યારબાદ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ સંક્ષિપ્ત રીતે સુધાર્યા પ્રમાણે જિલ્લા/તાલુકાની મતદારયાદીઓ તા. ૧–૧–૨૦૦૪ની સ્થિતિએ સુધારી છે અને તે અમલમાં છે.

૧. આદેશ ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૯૫, તા.૩૦–૩–૯૫.
૨. પરિપત્ર ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૯૫, તા.૫–૪–૯૫.
૩. આદેશ ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૯૫, તા.૬–૪–૯૫.
૪. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–૯૫, તા.૨૪–૭–૯૫.
૫. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૯૬, તા.૭–૨–૯૬.
૬. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–૯૮, તા.૧૨–૩–૯૮.
૭. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૯૯, તા.૨૧–૩–૯૮.
૮. સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૯૮, તા.૧–૪–૯૮.
૯. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૨૦૦૦, તા.૩૧–૫–૨૦૦૦.
૧૦. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૨૦૦૦, તા.૨૩–૬–૨૦૦૦.
૧૧. સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–૨૦૦૨, તા.૨૬–૯–૨૦૦૨.

રાજયની જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના સને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે હાથ ધરવામાં આવેલ છે. પરંતુ રાજયની ૨૩ જિલ્લા પંચાયત તથા ૨૦૯– તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી ઓકટોબર–૨૦૦૫માં યોજાયેલ હોઈ આ સંસ્થાઓમાં ખાલી પડનાર બેઠકોની પેટા ચૂંટણીઓ યોજવાના હેતુ માટે આ સંસ્થાઓની મતદારયાદીઓ સુધારવી જરૂરી છે. આથી રાજય ચૂંટણી પંચ આ સાથેની યાદી પ્રમાણેની ૨૩– જીલ્લા પંચાયતો તથા ૨૦૯–તાલુકા પંચાયતની મતદારયાદી સુધારવા નીચે પ્રમાણે કાર્યક્રમ આપવા નકકી કરેલ છે.

૫. ગુજરાત વિધાનસભાના તમામ મતદાર વિભાગોની તા. ૧–૧–૨૦૦૫ ની સ્થિતિએ આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદીઓ ઉપરથી પેરા–૪ માં જણાવેલ વિગતે આ જિલ્લા/ તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર સને ૨૦૦૨ ની સાલમાં આખરી પ્રસિદ્ધ કરેલ મૂળ મતદારયાદીઓમાં સુધારા વધારા કરી તા. ૧–૧–૨૦૦૫ ની સ્થિતિએ સને ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની રહે છે.

૬. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૨૦(૨) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૩ થી મળેલ સત્તાની રૂઈએ રાજય ચૂંટણી પંચ, ઉપર જણાવ્યા પ્રમાણેની ૨૩ જિલ્લા પંચાયત તેની ૨૦૯–તાલુકા પંચાયતના મતદાર વિભાગોની ૨૦૦૨ની સાલની મતદાર વિભાગવાર મૂળ મતદારયાદીઓ નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓ પાસે તા. ૧–૧–૨૦૦૫ ની સ્થિતિએ સુધારા–વધારા કરી પુનઃ નિરીક્ષણ કરાવવા નકકી કરે છે.

૭. રાજય ચૂંટણી પંચના ઉપર પેરા–૪ માં જણાવેલ આદેશો તથા પરિપત્રોમાં આપેલ સૂચના અનુસાર તથા તા. ૧૨–૩–૯૮ ના આદેશથી નકકી કરેલ નમૂના નંબર ૫(૧) તથા ૫(૨) તથા તા. ૨૬–૯–૨૦૦૨ના આદેશથી નકકી કરેલ નમુના નં.૭(૧) તથા ૭(૨) મુજબ સને ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે છે. આ મતદારયાદીઓ તૈયાર કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાના રહેશે.

(૧) મતદાર વિભાગના વિભાગવાર નમૂના નંબર ૫(૧) તથા ૫(૨) મુજબની પુરવણી મતદારયાદીના મથાળામાં ''૨૦૦૫'' એ મુજબ દર્શાવવાનું રહેશે.

(૨) નમૂના નંબર ૫(૧) તથા ૫ (૨) મુજબ ૨૦૦૫ ની સાલની પુરવણી યાદી તૈયાર કરવા માટે કોલમ નંબર ૭ માં '' તા. ૧–૧–૨૦૦૫ ના રોજની ઉંમર'' દર્શાવવાની રહેશે.

(૩) વિધાનસભાની ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદી મુજબ વધારાના નામોની યાદી ૫૨થી પુરવણી નંબર–૧ મતદાર વિભાગના વિભાગવાર તૈયાર કરવાની રહેશે.

(૪) વિધાનસભાની ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદી મુજબ સુધારા નામોની યાદી તૈયાર કરવાની રહેશે. સુધારા નામોની યાદી ગુજરાત વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીની પુરવણીયાદીના નમૂના મુજબ કોલમ ૧ થી ૮ મુજબ તૈયાર કરી શકાશે.

(૫) વિધાનસભાની ૨૦૦૫ ની પુરવણી મતદારયાદીના ક્રમી મતદારોના નામો મુજબ ક્રમી મતદારોની યાદી તૈયાર કરવાની રહેશે.

(૬) વિધાનસભાની ૨૦૦૫ ની પુરવણી મતદારયાદી મુજબના નવીન મતદારોના નામો જે તે જિલ્લા/ તાલુકા પંચાયત મતદાર વિભાગોની યાદી માટે ગામની જે તે વિભાગની યાદીમાં સમાવેશ કરવાનો રહેશે અને તેના અનુક્રમ નંબર ૨૦૦૨ ની મૂળ મતદારયાદીની પુરવણી મતદારયાદીમાં આપેલ અનુક્રમ નંબરો પછીના ક્રમાનુસાર નંબરો આપવાના રહેશે. આ પુરવણી મતદારયાદીને સને ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદી નંબર ૧ એ મુજબ મથાળું આપવાનું રહેશે.

(૭) આ મતદારયાદીઓ તા. ૧–૧–૨૦૦૫ ના રોજની સ્થિતિએ તૈયાર કરવાની છે જેથી ૨૦૦૫ ની સાલની વિધાનસભાની પુરવણી મતદારયાદીમાં જણાવેલ ઉમરમાં કોઈ ફેરફાર કર્યા સિવાય ૨૦૦૫ની પુરવણી મતદારયાદીમાં દર્શાવેલ ઉંમર દર્શાવવાની રહેશે.

INDEX

(૮) નીચે પેરા ૮ માં દર્શાવેલ કાર્યક્રમ મુજબ મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધ થયા પછી નામ દાખલ કરવા આવેલ દાવા અરજીઓ નિયત સમય મર્યાદામાં નિકાલ કરી હસ્તલિખિત પુરવણી મતદારયાદી મતદાર વિભાગવાર તૈયાર કરવાની રહેશે જેને ૨૦૦૫ની સાલની પુરવણી મતદારયાદી નંબર–૨ એ મુજબ મથાળું આપવાનું રહેશે.

(૯) ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની આખરી પ્રસિદ્ધિ થયેલ સને ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદી સાથે સર્વીસ મતદારોની યાદી પણ પ્રસિદ્ધ થયેલ હશે તો સર્વીસ મતદારોની યાદીમાં જણાવેલ સર્વીસ મતદારોના નામો જે તે જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદારયાદીમાં સમાવિષ્ટ કરવા માટે જે તે મતદાર વિભાગમાં સમાવેશ કરવાના રહેશે એ તે માટે સર્વીસ મતદારોની હસ્તલિખિત પુરવણી મતદારયાદી મતદાર વિભાગવાર તૈયાર કરી ૨૦૦૨ની મૂળ મતદારયાદી ૨૦૦૫ ની પુરવણી મતદારયાદી સાથે રાખી તેની પ્રાથમિક પ્રસિદ્ધિ પણ કરવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

(૧૦) જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ જિલ્લા / તાલુકા પંચાયતના ગામોની ગુજરાત વિધાનસભાની ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદી નહી હશે, તો પણ તે ગામોની સને ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે અને તેવી જ રીતે ગુજરાત વિધાનસભાની ૨૦૦૫ની સાલની સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદી નહી હશે તો પણ તે ગામોની સર્વીસ મતદારોની ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદી પણ તૈયાર કરવાની રહેશે. ત્રણ પ્રકારના નામોની યાદી ન હોય તો પણ નીચે મુજબની વિગત જે તે મથાળા નીચે દર્શાવીને પુરવણી મતદારયાદી દરેક ગામોની અલગ અલગ તૈયાર કરી પ્રસિદ્ધિ કરવાની રહેશે.

(૧) વધારાના નામોની યાદી નથી.

(૨) સુધારા નામોની યાદી નથી.

(૩) કમી નામોની યાદી નથી.

(૧૧) રાજ્ય ચૂંટણી પંચ તરફથી જિલ્લા/ તાલુકા પંચાયતોના મતદાર વિભાગની વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા પેરા--૪ માં જણાવેલ તા. ૧૨–૩–૯૮ ના આદેશથી નક્કી કરેલ નમૂના નંબર ૫(૧) તથા ૫(૨) ઉપરાંત સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદી માટે તા. ૨૬–૯–૨૦૦૨ના આદેશથી નક્કી કરેલ નમૂના નંબર ૭(૧) તથા ૭(૨) નક્કી કરવામાં આવેલ છે તે મુજબ ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની રહેશે. ૨૦૦૫ ની પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે નમૂનારૂપ નમૂના નંબર ૫(૧) તથા ૫(૨) ના મુસદ્દા આ સાથે સામેલ રાખેલ છે.

૮. ઉપર પેરા –૭ માં આપેલ સૂચનાઓ અનુસાર પેરા–૬ માં જણાવેલ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર મતદારયાદીઓની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કરવા માટે નીચે પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચ કાર્યક્રમ નક્કી કરે છે.

૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદીઓની પ્રાથમિક તેમજ આખરી પ્રસિદ્ધિ કરવામાં આવે ત્યારે તેની સાથે નીચે મુજબની મતદારયાદી તથા પુરવણી મતદારયાદી રાખવાની રહેશે.

૨૦૦૨ ની સાલની મતદાર વિભાગની વિભાગવાર મૂળ મતદારયાદીઓ તથા

૨૦૦૨ ની સાલની મતદાર વિભાગની વિભાગવાર પુરવણી મતદારયાદીઓ

સને ૨૦૦૩ની મતદાર વિભાગની વિભાગવાર પુરવણી મતદારયાદીઓ

સને ૨૦૦૪ની મતદાર વિભાગની વિભાગવાર પુરવણી મતદારયાદીઓ

INDEX

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા. ૧–૧–૨૦૦૫ની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ ગુજરાત વિધાનસભાની ૨૦૦૫ની સાલની પુરવણી મતદારયાદી પરથી જિલ્લા / તાલુકા પંચાયતોનાં મતદાર મંડળોની વિભાગવાર સને ૨૦૦૫ની સાલની હસ્તલિખિત પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી પુર્ણ કરવાની સમયમર્યાદા. (આ પુરવણી મતદારયાદીને પુરવણી મતદારયાદી નંબર ૧ આપવાનો રહેશે.)	૩૦ દિવસ
૨.	મતદાર મંડળોની વિભાગવાર હસ્તલિખિત મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ (૨૦૦૨ની મૂળ મતદારયાદી, ૨૦૦૨, ૨૦૦૩ તથા ૨૦૦૪ની પુરવણી મતદારયાદીઓ તથા ૨૦૦૫ની પુરવણી મતદારયાદી નંબર ૧ સહિત)	૦૨–૦૧–૨૦૦૬
૩.	નિયમ–૩(ક) તથા ૩(ખ) હેઠળ નમૂના નંબર ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ.	૧૨–૦૧–૨૦૦૬
૪.	રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ–૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૨૧–૦૧–૨૦૦૬
૫.	મતદાર મંડળોની વિભાગવાર ૨૦૦૫ની હસ્તલિખિત પુરવણી મતદારયાદી નંબર–૨ તૈયાર કરવાની તારીખ	૨૭–૦૧–૨૦૦૬
૬.	મતદાર મંડળોની વિભાગવાર હસ્તલિખિત મતદારયાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ (૨૦૦૨ની મૂળ મતદારયાદી, ૨૦૦૨,૨૦૦૩ તથા ૨૦૦૪ની પુરવણી મતદારયાદીઓ તથા ૨૦૦૫ની પુરવણી મતદારયાદી નંબર ૧ તથા ૨ સહિત)	૦૧–૦૨–૨૦૦૬

૯. ઉપરોકત જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર હસ્તલિખિત ૨૦૦૫ ની સાલની પુરવણી મતદારયાદીઓ ઉપરથી હાલ પુરતી જરૂરિયાત મુજબની નકલો પંચના પરિપત્ર ક્રમાંકઃરાચય–જીતાપ–મતય– મતય–૩–પાર્ટ–૧–૨૦૦૩ તા. ૫–૧૧–૨૦૦૩ પ્રમાણે ટાઈપ / સાઈકલોસ્ટાઈલ / ઝેરોક્ષ કઢાવી કે કોમ્પ્યુટરાઈઝ્ડ કરાવી આ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી સમયે જરૂરી મતદાર મંડળની વધુ નકલો કરાવી ઉપયોગમાં લેવાનું રાજય ચૂંટણી પંચ નકકી કરે છે.

૧૦. રાજય ચૂંટણી પંચના પેરા–૪ માં જણાવેલ તા.૨૪–૭–૯૫ ના આદેશ અનુસાર ઉપરોકત જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરાવવામાં આવે તેની ૧૦૦ ટકા ચકાસણી કરાવવા નીચેનું ધોરણ રાજય ચૂંટણી પંચ નકકી કરેલ છે તે અનુસાર મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓની ચકાસણી કરાવવાની વ્યવસ્થા સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ કરાવવાનું નકકી કરે છે. આ ચકાસણી માટે અધિકારીઓ / કર્મચારીઓ વચ્ચે જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોની ફાળવણી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ કરવાની રહેશે. આ માટે મહેસુલ ખાતાના સર્કલ ઈન્સ્પેકટર/ પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર કે તેની ઉપરની કક્ષાના કર્મચારીઓ / અધિકારીઓને જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોની તાલુકાના ધોરણે ફાળવણી કરી ચકાસણી કરાવવાની રહેશે. તેઓએ તલાટી–કમ–મંત્રીએ અગર અન્ય કર્મચારીઓએ તૈયાર કરેલી મતદારયાદીની જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગના નિર્દિષ્ટ સત્તાધિકારીઅને તાલુકા મામલતદારો / તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા ઉપર જણાવેલ કક્ષાના કર્મચારીઓ વચ્ચે વહેંચણી કરવાની રહેશે. આ મુજબ જિલ્લા / તાલુકા

INDEX

પંચાયતના મતદાર વિભાગોની મતદારયાદીઓની ચકાસણી કરેલ હોય તેની વિગતો સંબંધકર્તા અધિકારીશ્રી / કર્મચારીઓ પાસેથી સંબંધીત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મેળવવાની રહેશે અને તેની વિગતો રાજય ચૂંટણી પંચને મોકલવાની રહેશે.

અધિકારી / કર્મચારીનો હોદ્દો	જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીમાં દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની ટકાવારી
૧. મામલતદાર	૧૦
૨. તાલુકા વિકાસ અધિકારી	૧૦
૩. નાયબ મામલતદાર / નાયબ / મદદનીશ તાલુકા વિકાસ અધિકારી / નાયબ ચીટનીશ અને તેની સમકક્ષ કર્મચારીઓ	૨૦
૪. સર્કલ ઈન્સ્પેકટર / સીનીયર કલાર્ક કક્ષાના કલેકટરના તાબાના જિલ્લા / તાલુકા પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર/ સીનીયર કલાર્ક	૩૦
૫. કારકુન કક્ષાના કલેકટર કચેરીના તાબાના, જિલ્લા / તાલુકા પંચાયતના તાબાના કર્મચારીઓ	૩૦

૧૧. ઉપર પેરા–૮ મુજબ ઉપરોકત જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગવાર આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૨૦ (૬) અનુસાર રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંકઃરાચપ–ચટણ–પચત–મતય–૯૫, તા. ૩–૫–૯૫ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારી શકાશે અને નામો કમી કરી શકાશે અને તે માટે પુરવણી મતદારયાદી નંબર ૩ ઉપરોકત નમૂના નંબર ૫(૧) તથા ૫ (૨) મુજબ જરૂરી ફેરફાર સાથે તૈયાર કરવાની રહેશે.

૧૨. રાજય ચૂંટણી પંચ તરફથી તા. ૧૨–૩–૯૮ ના આદેશ સાથે નક્કી કરેલ નમૂના નંબર 'ક' તથા 'ખ' ના પત્રકમાં ઉપરોકત જિલ્લા / તાલુકા પંચાયતોની મતદાર વિભાગવાર અને મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોની મતદારયાદીના પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ અનુસાર મતદારોની સંખ્યાની વિગત દર્શાવી પત્રકમાં છેવટે દરેક મતદાર વિભાગવાર અને આખા તાલુકાના મતદારોની સંખ્યાના સરવાળા કરવાના રહેશે અને તેનો તાળામેળ મેળવીને પત્રકમાં દર્શાવેલ મતદારોની સંખ્યાની ચકાસણી કરીને પત્રક બે પ્રતોમાં રાજય ચૂંટણી પંચને નીચે જણાવેલ તારીખ સુધીમાં મોકલવાની વ્યવસ્થા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે છે.

	પત્રક મોકલવાની તારીખ
૧. પ્રાથમિક પ્રસિદ્ધિ અનુસાર મોકલવાનું પત્રક – 'ક'	પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખથી ૭ (સાત) દિવસમાં
૨. આખરી પ્રસિદ્ધિ અનુસાર મોકલવાનું પત્રક – 'ખ'	આખરી પ્રસિદ્ધિની તારીખથી ૭ (સાત) દિવસમાં

આ આદેશ અનુસાર ઉપરોકત જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરી ઉપરોકત કાર્યક્રમ અનુસાર પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કરવા તથા આદેશ અનુસાર અમલ કરવા માટે સંબંધિત જિલ્લાના તમામ નિર્દિષ્ટ અધિકારી વ તમામ મામલતદારશ્રીઓને સૂચના આપવા તેમજ તેઓને આ આદેશની નકલો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મોકલવાની રહેશે.

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર

K-VOTER-0157

નમૂના નંબર : ૫ (૧)

..... જિલ્લા પંચાયત તથા ..... તાલુકા પંચાયતની સને ૨૦૦૨ની સાલની મતદારયાદીની સને ૨૦૦૫ની પુરવણી મતદારયાદી નંબર ૧

.....જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ..... તથા તેમાં સમાવિષ્ટ ..... તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ.....

તાલુકાનું નામ ..... ગામનું નામ ..... વિભાગ નંબર .....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી ૨૦૦૫ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

સુધારાના નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભૂલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદી-નો	મતદારનું પુરૂં નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

નિર્દિષ્ટ સત્તાધિકારી
..... જિલ્લા ..... તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકો

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી

સ્થળ :

તારીખ:

નિર્દિષ્ટ સત્તાધિકારી
..... જિલ્લા .....તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકો

K-VOTER-0157

INDEX

નમૂના નંબર : ૫ (૨)

..... જિલ્લા પંચાયત તથા ..... તાલુકા પંચાયતની સને ૨૦૦૨ની સાલની મતદારયાદીની સને ૨૦૦૫ની પુરવણી મતદારયાદી નંબર : ૨

.....જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ..... તથા તેમાં સમાવિષ્ટ ..... તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ.....

તાલુકાનું નામ ..... ગામનું નામ ..... વિભાગ નંબર .....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી ૨૦૦૫ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

સુધારાના નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભૂલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

નિર્દિષ્ટ સત્તાધિકારી
..... જિલ્લા ..... તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકો

આખરી પ્રસિદ્ધિ કરી

સ્થળ :

નિર્દિષ્ટ સત્તાધિકારી
તારીખ: ..... જિલ્લા .....તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકો

K-VOTER-0157

INDEX

રાજ્ય ચૂંટણી પંચના તા. –૧૧–૨૦૦૫ના ના આદેશ ક્રમાંકઃ ચટણ–મનપ–૩(૧)–જીતાપં–૧૧૨૦૦૫–ક માં દર્શાવેલ ૨૩ જીલ્લા પંચાયતો તથા તેમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતોની યાદી

અ.નં.	જીલ્લો.	જીલ્લા પંચાયતનું નામ	સમાવિષ્ટ તાલુકા પંચાયત
૧	કચ્છ	કચ્છ	જીલ્લાની તમામ ૧૦ તાલુકા પંચાયતો
૨	સુરેન્દ્રનગર	સુરેન્દ્રનગર	જીલ્લાની તમામ ૧૦ તાલુકા પંચાયતો
૩	રાજકોટ	રાજકોટ	જીલ્લાની તમામ ૧૪ તાલુકા પંચાયતો
૪	જામનગર	જામનગર	જીલ્લાની તમામ ૧૦ તાલુકા પંચાયતો
૫	જુનાગઢ	જુનાગઢ	જીલ્લાની તમામ ૧૪ તાલુકા પંચાયતો
૬	અમરેલી	અમરેલી	જીલ્લાની તમામ ૧૧ તાલુકા પંચાયતો
૭	ભાવનગર	ભાવનગર	જીલ્લાની તમામ ૧૧ તાલુકા પંચાયતો
૮	અમદાવાદ	અમદાવાદ	જીલ્લાની તમામ ૧૧ તાલુકા પંચાયતો
૯	ગાંધીનગર	ગાંધીનગર	ગાંધીનગર તાલુકા પંચાયત સિવાયની ૩ તાલુકા પંચાયત
૧૦	મહેસાણા	મહેસાણા	જીલ્લાની તમામ ૯ તાલુકા પંચાયતો
૧૧	સાબરકાંઠા	સાબરકાંઠા	જીલ્લાની તમામ ૧૩ તાલુકા પંચાયતો
૧૨	પંચમહાલ	પંચમહાલ	જીલ્લાની તમામ ૧૧ તાલુકા પંચાયતો
૧૩	વડોદરા	વડોદરા	જીલ્લાની તમામ ૧૨ તાલુકા પંચાયતો
૧૪	ભરૂચ	ભરૂચ	જીલ્લાની તમામ ૮ તાલુકા પંચાયતો
૧૫	સુરત	સુરત	જીલ્લાની તમામ ૧૪ તાલુકા પંચાયતો
૧૬	વલસાડ	વલસાડ	જીલ્લાની તમામ ૫ તાલુકા પંચાયતો
૧૭	આણંદ	આણંદ	જીલ્લાની તમામ ૮ તાલુકા પંચાયતો
૧૮	દાહોદ	દાહોદ	જીલ્લાની તમામ ૭ તાલુકા પંચાયતો
૧૯	નર્મદા	નર્મદા	જીલ્લાની તમામ ૪ તાલુકા પંચાયતો
૨૦	નવસારી	નવસારી	જીલ્લાની તમામ ૫ તાલુકા પંચાયતો
૨૧	પાટણ	પાટણ	જીલ્લાની તમામ ૭ તાલુકા પંચાયતો
૨૨	પોરબંદર	પોરબંદર	જીલ્લાની તમામ ૩ તાલુકા પંચાયતો
૨૩	ડાંગ	ડાંગ	જીલ્લાની તમામ ૧ તાલુકા પંચાયતો
૨૪	ખેડા	—	કઠલાલ તથા કપડવંજ તાલુકા પંચાયત સિવાયની ૮ તાલુકા પંચાયતો

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 530

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] SATURDAY, DECEMBER 10, 2005/AGRAHAYANA 19, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૧૦ – ૧૨–૨૦૦૫

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–માંડવી–૨૦૦૫

માંડવી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૧૦–૨૦૦૫–એનપીએમ–૧૩૨૦૦૫/૫૩૪૮/(૫૭) આર, તા.૨૩–૯–૨૦૦૫થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, માંડવીશહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે માંડવી નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી સરેરાશ વસ્તીથી ૧૦ % વધ કે ઘટની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૭,૪૫૩ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૪૯૩ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં. ૧, ૭ સિવાય કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૭ વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

